# સ્ત્રીબોધ.

કહે નપોલ્યન દેશને, કરવા આબાદાન; સુરસ રીતછે એજકે, દો માતાને માન.

## પુસ્તક ૧૧ મું.

### જાનેવારીથી ડીસેમબર સને ૧૮૬૭ સુધી.



મુંબઈના
દફતર આશકારા છાપખાનામાં છાપીઉં છે
સને ૧૮૬૭.

# સાંકલીઉં સ્ત્રી બોધના પુસતક ૧૧ માનું.


## આંક ૧ લો—જાનેવારી શને ૧૮૬૭.

| | સફે. |
|---|---|
| પતીવરતા બાયડીનો વેહમી ભરતાર | ૧ |
| ઓરતોની મીજલસ | ૬ |
| સીખાંમણ વીશે સીખાંમણ | ૭ |
| અકબર બાદશાહ. | ૮ |
| સાબુત રેહવા વીશે | ૧૦ |
| ચીન દેશનું ચંડુલખાંનું—(ચીતર સાથે) | ૧૧ |
| એક સાંજની સેહેલ | ૧૨ |
| ફુલોની જુદી જુદી રૂત—માતબર અને ગરીબ | ૧૩ |
| સીંગાપોરનું ટાપુ | ૧૪ |
| માડમ ડી. મેનટીનન | ૧૫ |
| સમયસુચકતાનો વખાણવાજોગ દાખલો | ૧૬ |
| સેરને માથે સવાસેર, એક ગુલામની વાત | ૧૭ |
| દરીયામાં ટેલીગરાફ | ૧૮ |
| હીલચાલ | ૨૦ |
| પરચુટણ તથા કવીતા | ૨૧—૨૨ |

## આંક ૨ જો—ફેબરવારી શને ૧૮૬૭.

| | |
|---|---|
| પતીવરતા બાયડીનો વેહમી ભરતાર | ૨૩ |
| ઓરતોની મીજલસ | ૨૭ |
| પુખત વીચાર—સાધારણ ઠગાઈ | ૨૮ |
| બરથોલડ નામનું એક બટકબોલુ આદમી | ૨૯ |
| કરાકેટ નામનો ખેલાડી—(ચીતર સાથે) | ૩૨ |
| થંડા પગ | ૩૩ |
| મારાં માસી. | ૩૪ |
| સ્ત્રીઓને સુચના | ૩૫ |
| લાકડું—તેનો તરેહવાર ઉપીયોગ | ૩૬ |
| બીલાડીની જાત—(ચીતર સાથે) | ૩૮ |
| ફેરફાર | ૩૯ |
| ગાડીની શોધ | ૪૦ |
| બે પીંડારાઓ | ૪૧ |
| પરચુટણ | ૪૨ |
| મીસ મેરી કારપેંટર વીશે કવીતા | ૪૪ |

## આંક ૩ જો—મારચ શને ૧૮૬૭.

| | |
|---|---|
| સેનાહ શેહેરનો કીલલો | ૪૫ |
| ઓરતોની મીજલસ | ૪૯ |
| ઉદીયોગ—કોતરકામનો હોનર | ૫૦ |
| પારધી અને તેહેનો વફાદાર કુતરો—એક વારતા | ૫૨ |
| મધરાજનો માજી ગવરનર સર ચારલસ તરીવેલીઅન—(ચીતર સાથે) | ૫૪ |
| મોહટે ઘરનાં મેહરબાંઈ | ૫૫ |
| સુખડ તથા તેની ઉતપતી | ૫૭ |
| નેપલસ તથા હીંદુસતાનનાં ગરક ગયલાં શેહેરો—(ચીતર સાથે) | ૫૯ |
| છોકરીઓને કશરતની જરૂર | ૬૩ |
| પરચુટણ તથા ભવીશ વીશે કવીતા | ૬૫—૬૬ |

## આંક ૪ થો—એપરેલ શને ૧૮૬૭.

| | |
|---|---|
| સેનાહ શેહેરનો કીલલો | ૬૭ |
| ઓરતોની મીજલસ | ૭૦ |
| સાધારણ ઠગાઈ | ૭૧ |
| લાએકીવાલી ઓરત—"મારથા બીલ્ડ" | ૭૨ |
| દક્ષીણ માહાસાગરમાં બરફના તરતા ડુંગરો વચે મન વાર હીમાલાયા—(ચીતર સાથે) | ૭૫ |
| કાનેરીના ગોફાઓ | ૭૬ |
| શીરીનબાઈની કરકસર | ૭૭ |
| લાકડું—તેનો ઉપીયોગ | ૭૯ |
| ગેસર નામના ઝરા—(ચીતર સાથે) | ૮૨ |
| નમરતા તથા જીવવાનો શોખ | ૮૩ |
| સુંનું | ૮૫ |
| રોશની તથા રીંછનું ડાહાપણ | ૮૬ |
| પરચુટણ તથા ભોલા માણસ વીસે—(કવીતા) | ૮૭—૮૮ |

## આંક ૫ મો—મેએ શને ૧૮૬૭.

| | |
|---|---|
| સેનાહ શેહેરનો કીલલો. | ૮૯ |
| ઓરતોની મીજલસ | ૯૩ |
| ઈરશા—બરોબરી. | ૯૫ |
| મારમન લોકોનો ફીરકો | ૯૫ |
| તાજીમતવાળો, ઈમાને ઘરસથપણાના કાયદા | ૯૮ |
| તરણ મીજની ઈછા | ૯૯ |
| ભુલુ પહેલું ભુલકું—(ચીતર સાથે) | ૧૦૦ |
| તલેસમાતી વીટી—જોડી કાહાડેલી વારતા | ૧૦૧ |
| છોકરીઓને કસરત કેવી કરાવવી જોઈએ ? | ૧૦૩ |
| ઈસકરાફીયુલા નામનો રોગ અને તેને લગતો વેહેમ. | ૧૦૪ |
| બે ખુંનીઓ | ૧૦૫ |
| પારીસનું સંઘરહસથાન | ૧૦૭ |
| પરચુટણ તથા લુંડો ભયો—(કવીતા) | ૧૦૮—૧૧૦ |

## આંક ૬ ઠો—જુન શને ૧૮૬૭.

| | |
|---|---|
| સેનાહ શેહેરનો કીલલો | ૧૧૧ |
| ઓરતોની મીજલસ | ૧૧૪ |
| લાએકીવાળી ઓરત, ડાકટર મેરી વાકર | ૧૧૫ |
| તલેસમાતી વીટી—જોડી કાહાડેલી વારતા | ૧૧૭ |
| પાહાદશાહોની આપખુદી | ૧૧૯ |
| મસાલાદાર વનસપતી | ૧૨૨ |
| ઈજીપતનાં વાઈસરાએને માટે નાઈલ નદીમાં બાંધેલું હમામખાનું—(ચીતર સાથે) | ૧૨૩ |
| ખુશ મીજાજ | ૧૨૪ |
| અકલનો નમુનો—એક કાંહાણી | ૧૨૬ |
| નાજીમ તવાલો | ૧૨૬ |

સુનાબાઈ તે નામદાર શેઠ રૂશતમજી જમશેદજી જીજી-
ભાઈનાં ધણીઆંણીનું મરતીઉક—કવીતા .. .. ૧૩૧

## આંક ૭ મો—જુલાઈ શને ૧૮૬૭.

સેનાહ શેહેરનો કીલલો .. .. ૧૩૩
ઓરતોની મીજલસ .. .. ૧૩૭
હીમત .. .. ૧૩૭
ઘરનું કામ તે બાયડીજ કરે .. .. ૧૩૮
સુરજની સતુતી .. .. ૧૩૯
આશા .. .. ૧૪૦
બેરન ટરેનક—એક ઉંમરાવની મુશીબત .. .. ૧૪૧
માણસ ખાનારા જંગલીઓ .. .. ૧૪૪
તલેસમાતી વીટી—એક જોડી કાહાડેલી વારતા .. ૧૪૪
લનડન શેહેરનો જમીનની અંદરનો રેલવે-(ચીતર સાથે) ૧૪૭
ખુશ મીઝાજ .. .. ૧૪૮
ગુજરાત તરફની મુસાફરીનો હેવાલ .. .. ૧૫૦
પરચુટણ .. .. ૧૫૨
કવીતા .. .. ૧૫૪

## આંક ૮ મો—આગસટ શને ૧૮૬૭.

સેનાહ શેહેરનો કીલલો .. .. ૧૫૫
ઓરતોની મીજલસ .. .. ૧૫૮
ડાહાપણ .. .. ૧૫૯
તલેસમાતી વીટી—એક જોડી કાહાડેલી વારતા .. .. ૧૬૦
મારમન લોકોનો ફીરકો .. .. ૧૬૧
મી૦ જેફરસન દેવીસ—અમેરીકાનાં દક્ષીણ સંસથા-
નોનો પરેસીડનટ—(ચીતર સાથે) .. .. ૧૬૩
એક બીન તકસીરવાર કેમ ફાંસી ગયો ? .. .. ૧૬૫
પતેતીની રાત અને નોરોજ—એક વારતા .. .. ૧૬૮
ગુજરાત તરફની મુસાફરીનો હેવાલ .. .. ૧૭૨
પરચુટણ .. .. ૧૭૪
મોરની ગરબી .. .. ૧૭૫

## આંક ૯ મો—સપટેમબર શને ૧૮૬૭.

સેનાહ શેહેરનો કીલલો. .. .. ૧૭૭
રાણી કેરોલાઇન .. .. ૧૮૦
ડેહોમી લોક અને તેમની ઘાટકી રશમ .. .. ૧૮૧
એક દુરવેશી કીસસો .. .. ૧૮૩
છતરી. .. .. ૧૮૪
રૂકમઆલમ નામનું શેહેર—(ચીતર સાથે) .. .. ૧૮૫
હાથ .. .. ૧૮૬
તલેસમાતી વીટી—જોડી કાહાડેલી વારતા .. .. ૧૮૭
કરકસર .. .. ૧૮૯
ઓરતોની મીજલસ .. .. ૧૯૦
અંદાજો .. .. ૧૯૧
થંડી રૂત .. .. ૧૯૨
આંધલાં કેમ જુવે ! એક વારતા ? .. .. ૧૯૩
જમતી વખતની બંદગી વીશે .. .. ૧૯૪
પારશી બાંનુઓ અને સુધારો .. .. ૧૯૫
પરચુટણ .. .. ૧૯૬

## આંક ૧૦ મો—અકટોબર શને ૧૮૬૭.

સેનાહ શેહેરનો કીલલો .. .. ૧૯૯
ખોરાક .. .. ૨૦૧
ઈસમાયલ પાશા, મીસર દેશનો વાઈસરાય .. .. ૨૦૨
હવા ખાલી કરવાનું યંત્ર—"એર પંપ." .. .. ૨૦૩
પીંડારા .. .. ૨૦૪
વેહેમ વીશે .. .. ૨૦૬
ઘોડાઓની વારતા .. .. ૨૦૮
તાપતી નદી ઉપરનો પુલ—(ચીતર સાથે) .. .. ૨૦૯
ગુજરાત તરફની મુસાફરીનો હેવાલ .. .. ૨૧૧
ઈંગલંડ દેશની મોહોટાઈનું કારણ .. .. ૨૧૩
તલેસમાતી વીટી—જોડી કાહાડેલી વારતા .. .. ૨૧૫
ખાવાની વસતુ—લોકોનો સવાદ .. .. ૨૧૭
નામીચા માણસોની નામીચી ખોડ .. .. ૨૧૮
પરચુટણ તથા કવીતા .. .. ૨૧૯—૨૨૦

## આંક ૧૧ મો—નવેમબર શને ૧૮૬૭.

સેનાહ શેહેરનો કીલલો. .. .. ૨૨૧
આશા અને ભય .. .. ૨૨૪
ઓરતોની મીજલસ—ચાહ, કાફી. .. .. ૨૨૫
માણસની ઉંઘ ઉપર ટેવની અસર .. .. ૨૨૬
ઈંગલંડ દેશના ભીખારીઓ. .. .. ૨૨૭
રામશનીના દીવસો, તેહેવારોની રચના .. .. ૨૨૮
એક સંપીલું સુખી કુટુંબ—(ચીતર સાથે) .. .. ૨૩૦
રેતીનાં રણમાં એક મુસાફરની હાલત .. .. ૨૩૧
એક દુખીઆરૂં કુટુંબ .. .. ૨૩૨
પાપનો બદલો—આરબો .. .. ૨૩૪
ફારીનેલી અને તેનો દરજી .. .. ૨૩૬
ગુજરાત તરફની મુસાફરીનો હેવાલ .. .. ૨૩૭
શીંધ—કરાંચી .. .. ૨૩૯
પરચુટણ તથા કવીતા .. .. ૨૪૧—૨૪૨

## આંક ૧૨ મો—ડીસેમબર શને ૧૮૬૭.

સેનાહ શેહેરનો કીલલો .. .. ૨૪૩
ગોરીલા વાંદરા .. .. ૨૪૫
કાગડા .. .. ૨૪૬
સર જેમસ ઈયંગ સીમપસન બારોનેટ .. .. ૨૪૮
જીભની લગામ .. .. ૨૫૦
ઈંગલંડનો રાજા આઠમો હેનરી અને તેની ૭ રાંણીઓ ૨૫૧
ઈતેફાકી ગુવાહીનો અચરત ભરેલો દાખલો .. .. ૨૫૩
લગણ—ડાકણને કોણ પરણે ? .. .. ૨૫૪
વીલાયતના ઉતરતી પદવીનાં ધંધાદારી (ચીતર સાથે) ૨૫૫
એક પાદશાહની સાલેસાઈ .. .. ૨૫૬
તનની કેળવણી—કસરતશાળા (ચીતરો સાથે) .. ૨૫૮
ખુશી અને દીલગીરી .. .. ૨૬૧
ઓરતોની મીજલસ—પરચુટણ .. .. ૨૬૨
કવીતા .. .. ૨૬૪

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. જાનેવારી ૧૮૬૭ આંક ૧ લો.


## પતીવ્રરતા બાયડીનો વેહમી ભરતાર.

ભાગ ૩ જો.

પ્રકરણ ૧ લું.

### ગુલમોહરની તપાસ.

બાદશાહ જોરાવરના દીલમાં સેતાન એવોતો ખલવે કરી રહેઓ હતો, કે તે જેમ બને તેમ જલદી રાણીની તપાશ કરાવી તેણીનો છેહો લાવવાને ખંતી થયો. તપાસનો દાહડો ઉતાવલેથી આવીઓ. બાદશાહની દરબારમાં અમીર, ઉમરાવ અને રઈઅતની ઠઠ મલી રહી. સરવેના ચેહરાપર ગમગીનીની નીસાની દેખાતી હતી. કોઈ પોતાનું વાહલું અને નજદીકનું સગું. તેની જીંદગીના જોખમે તપાસ આપતું હોય, તેવી આતુરતાથી દરએક જણ દેખાવા લાગો. સરવે લોક ભેકઠા મળીઆ પછી અને બાદસાહ જોરાવર હાજર થયા પછી, તે બોલીઓ—

"અમે મોટી દલગીરી સાથે જાહેર કરીએછે, કે આ દરબારથી અમારાં દીલને મોટો ધાહ લાગેછે, કારણ જેની તપાસને સર એ દરબાર મળીછે, તે એક બાદશાહની બેટી, અમારી બાયડી અને અમારી દીલદાર થાય—આવી રીતે ખુલલી તપાસ ચલાવીછે, તેથી કોઇ પણ અમને જુલમગાર કહી શકસે નહી, અને ઇનસાફની રાહે સચાઈ અથવા ગુનેહગારી બાહેર પડશે. દીવાનને હીઆં બોલાવો "—

દરબારેનો માણસ પોકારીને બોલીઓ—"બુલંદ બાદશાહની એવી મરજીછે કે રાણી સાહેબે પોતે દરબારમાં હાજર થવું—ચુપ !"

ગુલમોહર દરબારમાં દાખલ થઈ, તેણીને દરબારની વચોવચ એક ઉંચી જગોપર ઉભી રાખવામા આવી, તેણીની આસપાસ તેણીની સહીઓ અને ઉમરાવજાદીઓ ઉભી થઈ, અને તારપછી બાદશાહે દરબારના માણસને તેણીના અનીયાય શું હતા તે વાંચી સંભલાવવાને હોકમ કીધો.

દરબારના અમલદારે તે આએ પરમાંણે વાંચી સંભલાવીઉં. "[illegible] બાદશાહ જોરાવરની [illegible] આવીઓછે; કારણ તેં દીલાવર દેશના બાદશાહા હાતમ સાથ, દારી કીધી, તથા જાનબખશની સાથે સંપ કરી, આપણા જનાબેઆલી બાદશાહ અને તારા શાહજાદા ખાવીંદની જીંદગી લેવાની ગોઠવણ કીધી, કે જે ગોઠવણની ચુનોચરા થયાથી, ગુલમોહર, તેં, એક સાચી રઈએતની ઇમાનદારી અને ધરમના કાનુનથી ઉલટી રીતે, બંને હાતમને તથા જાનબખસને, તેઓની સલામતીને વાસતે, રાતોરાત નાહસી જવાને, સલાહ તથા મદદ આપી. "

ગુલમોહર—જારે, મારે જે કંઇ બોલવુંછે, તે મારી ઉપર મેલેલાં તોહમતની સામનેછે, અને તેની પુરવારીમાં મારી તરફની શાખસી મારી પોતાનીજછે, તારે હું ગુનેહગાર નથી એમ જો કહું, તો તેમાં ફાયદો કઈ નથી, મારી એકીનદારીને જુઠી ગણવા પછી, હું જે કંઈ જાહેર કરૂં તે પણ જુઠું ગણાશે, પણ સાંભલો—આપણ આદમી જાતના કરમ ખોદા જો જોતો હોય (અને તે ખરેખર જોયછે) તો મારી ખાતરીછે, કે આખરે નીરદોશીપણું જુઠાં તોહમતને લજવાવશે અને સબુરી જુલમને ધ્રુજાવશે. તમે, મારા ખાવીંદ, સારીપેઠે જાણોછો (જોકે તમે તેમ દેખાડતા નથી) કે જેવી હું હાલ દુખીઆરીછું, તેવીજ મારી ગયેલી જીંદગી પાક દામનની, નેક ખસલતની, સાચી અને એકીનદાર થઇ ગઇછે, તે છતાં તમાશાગીરોને સમજાવવાને માટે તવારીખમાં જેનો દાખલો ન મળી આવે, તેવુ દુખ મારી ઉપર ગુજારવામાં આવેછે. કારણ જુઓ, હું બાદશાહની ધણીઆંણી, તખતનો અરધો ભાગ ધરાવનારી, એક મોટા શાહની બેટી, એક ઉમેદવાર શાહજાદાની માતા, હું આ જગા પર ઉભી રહી મારી હોરમત અને જીંદગીને વાસતે બંચાવ કરૂંછું; કે જે કોઇ પણ શખ્સ પછી તે ગમે તેવો રંજી પેંજી હોય, તે છતાં જો તેની મરજી થઈ, તો હીંઆ આવી તે સાંભળે જીંદગીનીતો હું દરકાર થોડીજ કરૂંછું; પણ હોરમત જે મારીથી મારાં બચા પર ઉતરે છે, તેને અને તેટલાનેજ વાસતે હું જવાબ દેવાને તઇઆરછું. શાહેબ, હું તમને અને તમારાં અંત કરણનેજ અરજ કરૂંછું કે હાતમ હીંઆં આવીઓ તેની આગલ હું તમારી નજરમાં કેવી દેખાતી હતી અને તે શા કારણ માટે તે જણાવો તેના આવીઆ પછી, મેં એવી તે શું ચાલ ચલાવી કે જેથી મને આજે ગુનેહગાર દાખલ તમારી સાંમને ઉભું રેહવું પડેછે. જો હોરમતની કટારથી એક રતીભાર પણ હું

બાહેર ગઈ હોઉં, અથવા દીલમાં અથવા ચાલમાં જરાબી એવી આડી નજર કીધી હોય, તો મારા સાંભળનારના દીલ કઠણ પથર જેવાં થજો, કે જેથી તેઓ મારી ઉપર કંઈબી દયા ન લાવે, અને મારાં નજદીકના સગાં મારી ઉપર ફીટકાર નાખજો ! મારી ગોર પર થુકજો !

જોરાવર—મેં હજુર એવુ સાંભળીઉં નથી કે જે વધારે ગુનાહ કરેછે તે પોતે ખરો ઠરવાને ઓછી બેશરમી દેખાડેછે.

ગુલમોહર—તમે બોલોછો તે ખરૂંછે, પણ એ વાંણી મને લાગુ પડતી નથી.

જોરાવર—તમેતો કબુલ શું કરવા કરો !

ગુલમોહર—મારો કંઈબી જો વાંક થયો હોયતો તે અણજાણ રીતે ચુકથી થયો હશે, તે શીવાએ મેં બીજો કંઈ પણ ગુનાહ કીધોછે એવું મારીથી કબુલ થાય નહી. કારણ. હું એટલું કબુલ કરૂંછું, કે મેં હાતમ પર પરીતી રાખી હતી, પણ તે કેવી જાતની હતી ! જે પરમાણે મારા જેવી સ્ત્રી બીજા પર પરીતી રાખે અને રાખંવી જોઈએ તેવી તે હતી—ટુકમાં તેને ઘટે તેવી તે હતી. મારો તેના ઉપર ચાહ તમારા ફરમાન મુજબ હતો; અને તેથી જરા પણ વધારે નહી હતો. જો હું તેમ નહી કરતે, તો તમારી તરફ અને તમારા દોસતદારની તરફ બેપરવાઈ તથા બેવફાઈ મેં દેખાડી એવુ મને લાગતે. કારણ જેને તમારો દોસતદાર કરી ગણતા હતા. તેનો અને તમારો પીઆર બચપણથી એકસરખો ઉપરતો હતો. હવે મારી ઉપર જે સંપ કરવાનો અનીઆય મેલવામાં આવીઓ છે; તેનાં જવાબમાં હું એટલુંજ કેહવા માંગુંછું, કે તે કેવો હોય તેની પણ મને ખબર નથી, તોએ મને આટલુ ખબર છે કે જાનબખસ એક પરમાણીક શખસ હતો; પણ તેણે શા માટે તમારી દરબાર છોડી તેની ખબર મને મુતલગ છેજ નહી.

જોરાવર—જે પરમાંણે તમે લાજ છોડી દીધી છે, તેજ પરમાણે સચાઈને પણ તજીછે. તમારા કરમ મારી નજરે પડીઆંછે; અને ઈનસાફની રાહે મોહત શીવાએ બીજી રીતે તમારા ગુનાહનો છુટકારો નથી.

ગુલમોહર—સાહેબ, તમારી ધમકીની કંઈ જરૂર નથી, જે ધાસતીથી તમે મને બીહવાડો છો, તે હું પોતે સોધું છું. મને જીંદગીની દરકાર શા માટે હોય ! તમારી મેહરબાની, જે મારી જીંદગીનુ ખરૂં સુખ, તે મારી પાસથી ગયુંછે. પણ તે કેમ ગયું તે મને સમજ પડતી નથી. મારૂ બીજું સુખ, જે મારા વડા છોકરાનુ હતું, તેથી પણ મને દુર કરવામાં આવીછે. મારૂં તીજુ સુખ, જે મારા હાવના જનમેલાં કમનસીબ બચાંમાં હતું, તેને પણ પોતાની માતાના દુધથી દુર કરી તેનુ ખુન કરવાના કારણ સર બાહુર મોકલી દેવામાં આવીઉંછે. ગામમાં અને જગેજગ મારી ફજેતી કરવામાં આવીછે. છેલું, મારી દુરેલી તંદરોસતીની દરકાર ન કરવે મને હીઆં ખુલી હવામાં ઉભી કરવામાં આવીછે. હવે સાહેબ, તમેજ મને કેહો કે મારૂ જીવતર આ દુનીઆમાં શું કામનુ છે, કે જેથી હું મરવાને બીહું ! વાસતે, આગળ વધો. પણ આટલું ધીઆનમાં રાખજો, એ વીધે ભુલ કરતાના, જો કે જીંદગીની હું દરકાર કરતી નથી, તોપણ મારી હોરમતની દરકાર કરૂંછું, અને મને જો માતર શક અને વેહમને માટે ગુનેહગાર થેડવવામાં આવી તો તે જુલમ કેહેવાશે, ઈનસાફ નહી. દરબારના સાહેબો, મારો ઈનસાફ હું અપાલોના પેગામ ઉપર સોકુંછું. તેના પેગામને તાબે થવાને હું તઈઆરછું.

સરવે અમીરો અને ઉમરાવોએ રાણી ગુલમોહરનો પાછલો બંચાવ ખુશીથી કબુલ રાખીઓ, અને તરતજ જે ઉમરાવો અપાલોનો પેગામ લઈ આવીઆ હતા, તેઓને દરબારમાં બોલાવી સોગન આપી પુછીઉં કે આએ પેગામ જે તમે લાવીઆછો તે ડેલફાસમાંથીજ કે નહી; અને જારથી એ તમારા સવાધીનમાં થયો તારથી તમેં કદીબી ઉઘાડી જોયોછે કે નહી.

તેઓએ સમ ખાઈ જવાબ દીધો કે—આએ પેગામ અપાલોના મોટા પાદરીએ આપીઓછે અને એમાં શું લખીઉંછે તેની અમને કસીબી ખબર નથી.

તારપછી તે પેગામ ઉઘાડી વાંચવાનો દરબારનાં અમલદારને હોકમ કરવામાં આવીઓ; અને તેણે આએ પરમાંણે તે વાચીઓ. "ગુલમોહર પાક દામાનની છે; હાતમ નીરદોશ છે; જાનબખશ એક એકીનદાર રઈએત છે; જોરાવર એક વેહમી જુલમગાર છે, તેનું નીરદોશ બચું તેનાજ બુનનું છે, અને જે ખોવાઈ ગયુંછે તે જો પાછું નમળશે, તો બાદશાહ વારસ વગરનો જીવશે."

આ પેગામ વાંચીઆ પછી બધા ઉમરાવો એક અવાજે ખોદાની વખાણ કરવા લાગા.

વેહમી જોરાવરને એ કંઈ મનપતીજ લાગીઉં નહી; અને જાણે પેલા અમલદારે ખોટું વાંચીઉં હોય, તેમ પોતે તપાશી જોયું; જારે વધારે શક જેવું ન રહેયું, તારે તે બોલી ઉઠીઓ કે,—

"આ પેગામમાં કંઈ સચાઈ નથી; તપાશ આગલ મલાવવી જોઈશે; આએતો બધી તકલીદી છે."

એમ જોરાવર બોલી ન રહયો, તેટલામાં એક માણસે આવી જણાવીઉં કે તેનો શાહજાદો શોહોરાબ પોતાની માની થતી ફજેતી વીશે સાંભલી મરણ પામીઓ હતો. જોરાવર કાંપવા લાગો અને બોલીઓ કે ખરેખર મારી ગેરઈનસાફીને લીધે ખોદા ગુસસે થયો છે; અને તેથી મારી ઉપર આવી શજા આવી પડીછે. એટલા વારમાં ગુલમોહર પોતાનાં પેઆરા અને ચંચલ છોકરાનાં મરણ વીશે સાંભળી બેસુધ થઈ દરબારમાં પડી ગઈ. તેણી તરતજ તેની સહી મેહરબાનું પોતાને ઘેર લઈ ગઈ.

બાદશાહ જોરાવર આવીરે આફત જોઈ ગભરાયો, અને વેહમે જે તેની આંખોપર પરદો નાખીઓ હતો, તે જાણે ટુટી પડીઓ હોય તેમ પોતાનાં કામો ખરેખરી રોશનીથી જોવા લાગો. તેના પશતાવાનો કંઈ પાર રહેઓજ ન હતો. તે ગુલમોહરની તનદરોસતી વીશે ઘણી આતુરતા દેખાડવા લાગો, પણ થોડા વારમાં મેહરબાનુજ દરબારમાં આવી અને મોટા પોકાર અને શોકથી તેણીએ જણાવીઉં કે ગુલમોહર પણ મરણ પાંમી હતી. બાદશાહ જોરાવરનો પશચાતાપ, તેની ગમગીની, અને તેના દુઃખનું બયાન કરવું મુશકેલછે. તેણે જોયું કે તેના પેયારા બેટા અને નેક બાયડીનું

ખુન કરનાર તેજ હતો. તેણે હમેશનો શોક કરવાને સોગન લીધા અને તેણે બને મરનારની ઘોર પર પોતાના ગેર ઈનસાફી ભરેલા જુલમનો લેખ કોતરાવી પોતાની શરમીંદગી જણાવવાને ઠેરાવ કીધો.

---

### પ્રકરણ ૨ જું.

### નીરદોશ બાળક પર ખોદા મેહેરબાન.

હવે રૂસતમ જે પેલાં નીરદોશ બાળકને લઈ પોતાનો ભયંકાર પેગામ બજાવવાને નીકળીઓ હતો, તેનું વાંહાણ દીલાવર દેશના એક વેરાન કાંઠા આગલ આવી પોંહચીઉં. એ વખતે જાણે ખોદા તેની સાથે તથા તેના સાથીઓ સાથે રૂઠીઓ હોય એવું જણાવા લાગું, કારણ આસમાન પર વાદલનું લશકર એક પર એક દોડતું આવી એકઠું થવા લાગું, અને ગગડાટ અને વીજલીના બાણની વરી દર પલે રાખવામાં આવતી હતી. રૂસતમ બીચારો નાહીમતવાન થઈ શોક કરવા લાગીઓ, કે આવાં ગુનાહ ભરેલાં કરમનો કરનાર તેને કેમ થવું પડીઉં. તે કીનારે ઉતરી, પેલાં બાળકને લઈ, એક ટેકરીની કોરે બીછાનું કરી, સુવાડવાની તજવીજ કરેછે, તેવામાં તેના મનમાં તરેવાર વીચાર ઉતપન થતા હતા, અને આખેર પોતાના વીચાર રદન કરતો હોય, તે માફક પેલાં બાળક જેમાં ન વાચા કે ન સાન હતું તેને કેહવા લાગો.

રૂસતમ—આલ ગરીબ બાળક:—મરણ પાંમેલાં આદમીઓનું રૂહ દુનીઆંમાં કોઈ વખતે ફરેછે એમ મેં સાંભળીઉંછે, પણ તે ખરૂં કોઈ દીને માનીઉં નથી, પણ જો એ વાત ખરીજ હોય, તો ગઈ રાસે તારી મા મારી નજરે પડી હતી અને જાણે હું સપનામા નહી પણ ખરેખર જાગરૂત હોઉં એમ મને દેખાવા લાગી હતી. દલગીરીથી ભરેલો, તોય ગંભીર, તેણીનું શીર એક બાજુથી બીજી બાજુ પર વલેલું, સફેદ ફુલ જેવા પોશાક સાથે, જીઆ હું સુતો હતો, તીઆં આવી, મને તરણ વખંત સલામ કીધી, અને બોલવાની શરૂઆત કરતાં તેણીની આંખમાંથી આંસુની ધાર વેહવા લાગી. જારે તેણીનો જોસસો નરમ પડીઓ, તારે તે બોલી; "નેક રૂસતમ, તારા ભલા ગુણની સાંમને જારે નસીબ થયુંછે, કે જેથી તું મારા ગરીબ બાળકનો જાન લેનાર થયોછે, તો તારા સોગન પરમાણે, તેને દીલાવર દેશ, જેમાં ઘણીએક વેરાન જગાઓછે, તેમાં લઈ જઈ, આંખમાંથી આંસુ આણી, રડતું મેલજે, અને જારે એ બચાંની આશા નથી, તારે ખોદા એની નવાજેસ કરે, માટે એનું નામ નવાજબાનું આપજે, એવી મારી તને અરજછે. આ હેવાનીઅત ભરેલાં કામને લીધે, કે જે કામ મારા ખાવીંદે તારા ઉપર નાંખીઉંછે, તેને લીધે તું તારી નેક મેહરબાનુને પાછી કદી જોઈ શકનાર નથી." એમ કહી હવામા તે ગુમ થઈ ગઈ. હું અતીશ ભયથી ધ્રુજવા લાગો, અને જાગરૂત થયા પછી હીંમત ધરી વીચાર કરવા લાગો. સપના રમકડાંની બરોબર છે, તોય આ સપનાથી મારામા વેહમ ભરાયોછે અને મને લાગેછે કે જેમ સપનામા કેહવાયુંછે તેમ થશે. મને લાગેછે કે ગુલમોહર મરણ પામીછે. અહીંઆં બચાં, તું સુઈ રેહ-અને ખોદાની મેહરબાની થઈતો હજુ પણ બનચશે.

એવું કહી પેલાં બાળકને નીચે મુકી, તેનુ નામ શું હતું, તે લખી તેની પાસે મુકીઉં, તથા એક કપડાંની ગાંસડી તથા ઝવેરાત કરી પાસે મેળીઉં કે જેથી જો કોઈના હાથમાં આવેતો તેનુ પોશણ તે કરી શકે.

રૂસતમ મુકીને જરા આગળ વધેછે એવામા આશમાનપરના લશકરે ધુમ મચાવી દીધી, અને એ તોફાનમાથી નાહસવાની તજવીજ કરેછે, તેવામાં પછવાડેથી શેકાર અને શેકારીઓના પગલાં સાંભળીઆથી, ફરીને જુએછે તેવામાં એક વરૂએ આવીને તેના ઉપર તરાપ મારી તેનો શેકાર કીધો. આવી રીતે રૂસતમનો અંત આવીઓ. જે વાહણમા તે આવીઓ હતો, તે વાહણ તથા તેમાના ખલાસીઓ ભયંકાર તોફાનને લીધે દરીઆમા તરતજ ડુબી ગયા. આવી રીતે બદ ફરમાન બજા લાવતાં તે લાવનારાઓનો નહી ધારેલો છેડો આવીઓ.

હવે પેલાં નીરદોશ બાળકનું શું થયું ! એક બુટો ભરવાડ અને તેનો છોકરો એજ વખતે તોફાનને લીધે નાહસી ગયલાં તથા વરૂની ધાસતીને લીધે ભરાઈ બેઠેલાં પોતાના બકરાંને શોધવાને નીકળીઆ હતા, તે વખતે પેલા બુઢા ભરવાડની નજરે પેલું બાલક પડીઉં, જેને તરતજ ઉંચકી પોતાના છોકરાને બોલાવી પોતાના સારાં ભાયગની વાત કહી. બચાંની પાસે જે ઝવેરાત તથા નીસાન મુકી હતી તે ઉંચકી સાથે લીધી, અને એકાએક આટલી દોલત મળવાથી બકરાંની દરકાર ન કરવે પોતાનો ઘેર તરફ રસતો લીધો, તથા તે બચાં બાબદ તથા મળેલી દોલત બાબદ એકે સખુન બાહેર નહી કાહડવાનો ઠેરાવ કીધો.

---

## ભાગ ૪ થો.

### પ્રકરણ ૧ લું.

### વખતની પાંખ.

વખંત જે થોડાકને ખુશી કરેછે, પણ જે બધાંઓ પર પોતાનું જોર દેખાડેછે,—કોઈ વખતે સુખની મજાહથી તો કોઈ વખતે દુ:ખની દલગીરીથી—જે ભુલમાં નાખેછે અને જે પાછી તેને સુધારે છે—તે વખતે ઉપર લખેલી બીનાં પછી સોલ વરસ સુધી પોતાની પાંખ કેવી રીતે વાપરી તેનું બયાન આમ્મે તવારીખમાં જણાવવાની જરૂર નથી. સોલ વરસ વહી ગયાં. જોરાવર પોતાની નેક રાંણી ગુલમોહરનું મરણ સાંભળીઆ પછી રાત અને દીવસ દલગીરી, ગમગીની અને વીલાપમાં કાહાડવા લાગો. તે પોતાનાં છોકરાની તથા પોતાની ભલી સ્રીની ઘોર આગલ જઈ દર દીવસે આંસુની ધારથી કડવી વનસપતીને જીવ આપતો હતો. ગુલસતાન દેશમાં વખતની અશર એવી હતી.

પણ દીલાવર દેસમાં તેણેં પોતાનો રસતો કેમ કાપીઓ હતો. હાતમ અને જાનબખશની મીતરાચારીમાં વધારો થયો હતો; જાનબખશે હાતેમની રાજ્ય નીતીમાં ઘણો એક સુધારો તથા વધારો કીધો હતો; તેથી બાદસાહ તથા વજીર, લોકોના ચાહમાં ગરકાવ થયા હતા. વળી વાંચના

રને ઇઆદ હશે કે હાતમને તીઆં પણ એક છોકરો હતો. એ છોકરો હવે જુવાનીનાં પુખત બાહરમાં આવીઓ હતો. એનું નામ નરીમાન હતું. એજ વખતે નવાજબાનુને પેલા બુટા ભરવાડે પોતાની છોકરી તરીકે ઉધારી મોટી કીધી હતી. એ છોકરી પણ પોતાનાં બાહરમાં એક ગુલાબનાં ફુલની માફક આવી હતી.

---

### પરકરણ ૨ જું.

### મોહબત.

જોકે નવાજબાનું એક ભરવાડને તીઆં ઉછરી હતી; તોપણ તેણીનો ચેહરો, તેણીની ચાલ ચલગત, તેણીના મીજાજ, તે ઉંચા તોખમની છે, એવું દેખાડી આપતાં હતાં. તેણીને ઘર લઈ ગયા પછી, પેલો ભરવાડ માતબર થયો હતો, અને પોતાનાં વરગનાં લોકોમાં પેહલો વગ ધરાવતો હતો. એ ભરવાડને તીઆં બાદસાહ હાતમનો છોકરો, નરીમાન, આવજાવ કરવા લાગીઓ. તે નવાજબાનુના તેજથી એ ગરીબ ઝુંપડી તરફ દરરોજ ફેરી મારતો હતો. તેનો પીઆર નવાજબાનુ પર વધવા લાગીઓ, અને પોતા વચે તથા પોતાની દીલદાર વચે તોખમનો મોટો ફરક હોવાથી બાદશાહને તેની ચાલ નાપસંદ પડશે એવી ધાસતીથી તે ઘણી છુપી રીતે મેલાપ કરતો હતો. હવે બકરાનાં ઉન કાપવાનો એક દીવસ આવીઓ તે વખતે પેલા ભરવાડે ગામનાં બીજા લોકોને તેડી મોજ જોકથી રમુજ આપી ખાણું આપવાની સરવે તંઇઆરી કીધી. નવાજબાનુને રાણીનાં જેવો પોશાક પેહરાવી તરેવાર ફુલોનાં હાર નાખીઆ, અને મેજબાનીનું પજમાનીઅતપણું તેણીને કરવાને સોપવામાં આવીઉં. એ વખત મોજનો હતો, માટે નરીમાન એક ગામડીઆનો વેસ લઈ તીઆં નવાજબાનુની સાથે રમુજમાં દીવસ ગુમાવવાને આવીઓ હતો. એવે દીવસે પણ તેઓ ખુણે ભરાઈ પોતાનો ચાહ તથા ધાસતી વીશે મનસુબો કરવાને અને એક બીજાને હીમત દેવાને આતુર હતાં.

નરીમાન—આજના તમારા પોશાકથી તમારો દરએક ભાગ પરકાશી નીકળેછે; કંઇ પણ રીતે ભરવાડનતો કદી કોઈ કહેજ નહી, પણ ફુલોના બાગમાની રાણી તમો દેખાઓછો અહા! આ ઉન કાપવાનો દીવસ જાણે એક મોજીલા શખસોનો મેલાવડો હોય, અને તેઓમાં તમે જાણે રાજ કરતા હોવ એવું લાગેછે!

નવાજબાનુ—ઓ મેહરબાન સાહેબ, તમારા આવી રીતના વેખાણથી મને ખેદ લાગેછે, પણ હું માફ માગુંછું, અને કંઇબી બોલવુ લાજમ નથી—તમે આએ દેશના ધણી થઈ, એક ગામડીઆનો વેસ લઈ ફરોછો, અને હું એક ગરીબ ભરવાડની છોકરી આવો પાદસાહી લેબાસ પેહરી ફરૂં એથી મને શરમ લાગેછે. પણ આવી મોજ મજાના દીવસમાં તરેવાર રીતની બેવકુફી ચાલેછે.

નરીમાન—મેં જે દીવસે તમારા બાપની જગાપર પગ મેલીઓ તે દીવસનો હું ઘણોજ ઉપકારી થયોછું.

નવાજબાનુ—સાહેબ, તમારી મોટાઈને લીધે તમને ધાસતી નથી, પણ હું અતીશય ચીંતાતુર થઈ છું. કંઇ પણ અકશમાત બનાવથી જો તમારા બાપનાં પગલાં આ જગા તરફ જો પડીઆંતો પછી શું થાય? પોતાના ઉંચા લોહીના શાહજાદાને આવી રીતના હલકાં માણસોની સાથે તે લાયલો જોઈને શું કેહ? તેના બાદશાહી દમામ આગલ આ મારા બાહુતી દેખાવ સુધાં હું કેમ ટકી શકું?

નરીમાન—છત! ભય રાખવાની જરૂર નથી. મોજ મજાહ શીવાય બીજું કંઇ વીચારવું ન જોઈએ. પોતાની મોહબતને લીધે મારાથી ઉંચી જાતના આદમીઓએ તરેવાર પોશાક લીધાછે, તો હું તે શી બીસાદમાં છું?

નવાજબાનુ—બાદશાહની સતાની સામને થઇ તમે મારી ઉપર પરીત રાખો એ બનવું ઘણું મુશકેલછે. એમાથી એક ચીજ બનવી જોઈએ, અગરતો તમારે મારે વીશેનો વીચાર ફેરવવો, નહીતો મારી જીંદગીનો અંત લાવવો પડશે.

નરીમાન—પેઆરી નવાજબાનુ, આએ વખતે એવી રીતના ગમગીન વીચારને બાહેર લાવવાની જરૂર નથી. હું તમારી પરારથના કરૂંછું કે આએ મોજના વખતમાં હરકત ના નાખો. મારી વાહલી, હું તારોજ થઇશ, નહીતો મારા બાપનો પણ નહી. કારણ હું જો તારો નહી થઇશ, તો કોઈનોબી નહી,—કે નહી, હું મારો પોતાનો. એ વીચાર મારો પકો છે અને ગમે તેવું નશીબ મારી સામે થાય, તોપણ તેને હું વળગી રહીશ. ખુશી થા, નેક બાનુ! આવા વીચારને એકદમ દાટી નાંખ. જો બીજા મેજબાનો આવેછે, તેઓને તારો હસતો મુખડો દેખાડ અને જાણે આપણે સોગન લીધેલાં લગનનો આજેજ દીવસ હોય તેવી ખુશી બતાવ.

નવાજબાનુ—ઓ ખોદા! તારી મદદની મને જરૂરછે.

નરીમાન—જુઓ તમારા મેજબાનો આગળ આવે છે, તેઓની મુલાખાત લીઓ.

---

### પરકરણ ૩ જું.

### ખાનદાનની અડચણ.

આટલો બધો વખત દીલાવર દેશમાં ગુજારીઆ પછે, જાનબખશની મરજી થઈ કે પોતાને દેશ પાછું જવું; કારણ જોરાવર પશચાતાપ પાંમી, માફી માંગી, તેને પાછો બોલાવતો હતો. જો કે જોરાવર અને હાતમ વચે પાછી સલાહ થઈ હતી, તોએ હાતમે જાનબખશને પોતાનો દેસ છોડી જવા દેવા ના પાડી. તેણે સમજાવીઉં કે તેના રાજકારભારમાં તેની ગેરહાજરીથી ખલલ પડશે. હાતમે તરેવાર કાલાવાલા કરી જાનબખસને રેહવાને ફરમાવીઉં, અને તેને ત્યારે બોલવા દીધો નહી, પણ પોતાના છોકરા નરીમાનની વાત કાહાડી.

નરીમાન વીશે બાદશાહને તથા જાનબખશને ખબર પડી હતી કે તે મેહલમાંથી ઘણોખરો ગેરહાજર રહેછે, અને એક ભરવાડને તીઆં જઇ બેસેછે, અને પોતાનો વખત તેની છોકરીની સાથે રમુજમાં કાહાડેછે. એથી બાદશાહ હાતમ મનમાં કચવાવા લાગો કે એક ગરીબ ભરવાડની છોકરી સાથે પોતાનો શાહજાદો વખત ગુમાવે. એના અંદ

શાની વાત જાનબખશ આગલ કાહાડી. પછી બંને જણે મનસુબો કરી પેલા ભરવાડને તીઆ મેજબાનીને દીવશે જુદો વેશ લઈ જવા નીકલીઆ.

છેલાં પ્રકરણને છેડે જે મેજબાંનો આવતા નરીમાને નવાજબાનુને દેખાડીઆ હતા, તેમાં હાતમ અને જાનબખશ પણ હતા, પણ તેઓના બીજા વેશને લીધે ઓલખી શકાયા નહી.

તેઓ તે ભરવાડની મેજબાંનીમા અનજાણા હતા, મારે ભરવાડે તેઓની આગત સવાગત પહરોણા દાખલ કીધી, અને પોતાની છોકરી નવાજબાંનુની સાથે મેળવી આપીઆ. નવાજબાંનુના ચેહરા પરથી તથા તેણીની વાણી પરથી તેઓ બંને મોહીત પડીઆ. તેઓએ નરીમાનને તેના ભરવાડના લેબાશમાં ઓળખીઓ ખરો, પણ તે વીશે કંઇ બોલીઆ નહી, અને તે વખતની રમુજમાં બીજાઓની સાથે ભાગ લેતા હોય તેમ દેખાવા લાગા. નરીમાન અને નવાજ વચેના પીઆર વીશે પેલા ભરવાડ પાસથી સરવે સાંભળી લીધું. તેજ વખતે બાદશાહની ખાતરી થઈ કે તે ભરવાડ તેનાં શાહજાદાને ઓળખતો ન હતો, પણ તે કોઈ ખેડુતનો છોકરો હોય એમ સમજતો હતો, અને તેજ કારણસર તેની તથા પોતાની છોકરીની મોહબત વચે પડતો ન હતો.

ઘણોએક વખત રમુજમાં ગયા પછી, બાદશાહ તથા જાનબખશ જાણે પાછા જવા નીકલીઆ હોય તેમ વાત છેડી; તેથી સરવે તેઓની આસપાસ એકઠા થયા. તેમા નવાજબાનુ તથા નરીમાન પણ હતા. હાતમે પેહલી વાત છેડી.

તે બોલીઓ—કેમ જુવાન મરદ, તમારી સાથની નાજુક નારને તમે ઘણી ચાહતા ન હોય એવું લાગેછે; કારણ જારે બીજા સરવે દીલદારો પોતાની બાનુંઓને ભેટ કરેછે, તારે તમે તો ચુપચુપ બંને જણાં દુરનાં દુર એખલાં ફરેઆ કરોછો.

**નરીમાન**—બુઢા સાહેબ, મને સારીપેઠે ખબરછે કે મારી દીલદાર એવી હલકી ચીજોની દરકાર કરતી નથી. મારી તરફથી જે તે ભેટની આશા રાખેછે, તે ભેટતો મારાં હંઇડામાં બંધ કરી રાખીછે. ઓ નેકબાનું, જે મારાં દીલમાં છે તે આ નેક મરદ આગલ ખુલું કરવા દે; કારણ એણે પણ પોતાની જુવાનીનાં વખતમાં મોહબત ચાખીછે એવું મને લાગેછે. હું તારો હાથ ધરી, આએ બંધે પહરોણા, આએ સરવે મરદો અને ઓરતો, ઉપરનાં આસમાન અને નીચેની જમીન, તરફ ફરી તેઓને હાજર નાજર જાણી, હું કબુલાત આપુંછું કે જો સરવે બાદશાહમાનો બાદશાહ હું થાઉં; જો દુનીઆંમાં સઉથી સરસ ખુબસુરત જુવાન હું હોઉં, સરવે માણસોનાં કરતાં જો મારામાં વધારે શકતી તથા ગ્નાન હોય, તો તે સરવે અને તારા પીઆર વગર ફોકટ છે. તારેજ વાસતે તેઓનો હું ઉપીઓગ કરીશ.

**હાતમ**—(બીજા વેશમાંજ) તમારી કબુલાત ઘણીજ વાજબી છે.

**ભરવાડ**—નવાજબાંનુ, તું શું જવાબ દે છે, મારી છોકરી ? તું એ શખસને ચાહેછે કે નહી ?

**નવાજબાનુ**—મારામાં બોલવાની શકતી નથી. હું એથી વધારે સરસ બોલવાની શકતી ધરાવતી નથી. તેનો વીચાર જાણે.મારા દીલમાંથી નીકળતા હોય તેમછે.

**ભરવાડ**—લેઓ છોકરાંઓ એક બીજાના હાથ ધરો ! અને તમે પહરોણા સાહેબો, તમે આએ નેકાના શાખસી થજો; મારી છોકરી, હું આ શખસને આપુંછું અને તેની સાથે જેટલો વારસો એ શખસ લાવે તેટલીજ દોલત પદમાં આપીશ.

**નરીમાન**—તમારી છોકરીની નેકી એજ તેની દોલત ગને બશછે. એક શખસના મરણ પછી, મારી પાસે એટલી દોલત થશે કે જે તમારા સપનામાં પણ નહી હશે. પણ બસ હાલ વધારે બોલવાને હું માહતો નથી. ચાલો, લગનની કબુલાત આ ભલા શાખસીઓની હજુર કરવા દો.

**હાતમ**—(છુપા વેશમાં) સાહેબ, તમારો બાપ જીવતોછે ? અને તેને આ વાતની ખબર છે ?

**નરીમાન**—હા, સાહેબ, તે જીવતો છે, પણ આ ઠરાર વીશે તે કંઇ જાણતો નથી અને જાણશે પણ નહી.

**હાતમ**—(છુપા વેશમાં) હું ધારૂંચ કે આવી બાબદમાં બાપની ખુશી જોઈએ; ખરેખર તેની ખુશીથી છોકરાના લગનમાં શુભ ચલેછે. મેહરબાન સાહેબ, હું અરજ કરૂં છું કે તમે તેને જણાવો. શું તે વગર અકલનો બુઢોછે; શું તેનામાં વીચાર શકતી ગુમ થઈ ગઇછે ? શું તે બોલી અથવા સાંભલી શકેછે કે નહી ?

**નરીમાન**—નેક સાહેબ, તેની તનદરોસતી તથા મનશકતી તેની ઉમરના ઘણાએકના કરતાં વધારે સરસ છે.

**હાતમ**—(બીજા વેશમાંજ) તારે તો ખરેખર તમે તમારા બાપને માઠું લગાડોછો અને એક પુતરને ન છાજે એમ ચાલોછો. મારો છોકરો પોતાની મેલે પોતાની બાયડી પસંદ કરે એ વાજબી છે; પણ તેમજ મને એવાં કાંમમાં તેને સલાહ આપવી, કારણ કે મારા બચાંના બચાં બરાબર કુલવંત નીકલે, એ પણ વાજબી દીસેછે.

**નરીમાન**—એ બધું હું કબુલ કરૂંછુ; પણ કેટલાંક કારણને લીધે, કે જે તમને જણાવવાની જરૂર નથી, મારા બાપને હુ જણાવી શકતો નથી.

**હાતમ**—(છુપા વેશમાં) કંઇબી કરીને તેને જણાવવું જોઈએ.

**નરીમાન**—તેતો બનનારજ નથી.

**હાતમ**—(છુપા વેશમાં) હું અરજ કરૂંછું કે તેમ તેને જણાવો તો ઠીક.

**ભરવાડ**—બચા, તારા બાપને જણાવ. તેં કોણને પસંદ કરીછે તે જો તે જાણશે તો દલગીરતો થનારજ નથી.

**નરીમાન**—બસ, બસ, એવું તો બનનાર નથી. અમારી કબુલાત સાંભલો.

એવું સાંભલતાંને વાર હાતમે પોતાનો છુપો વેશ ફેંકી દીધો અને પોતાના બાદશાહી દમામમાં પોતાના છોકરાની સાંમે ઉભો થયો. બાદશાહને જોઈને સરવે એકસરખાં ગભરાયાં તથા ફીકાં પડી ગયાં. બાદશાહે પેલા ભરવાડને ઠપકો આપીઓ, તેમજ તેની છોકરીને પણ બદલામ કીધી, અને પોતાના છોકરાને કહીઉં કે તે ઘણો નીચ ખસલતનો આદમી હોવો જોઈએ, કારણ પોતાના બાપ તરફનો પીઆર કેટલો હતો તે તેની વાત ઉપરથી જણાઈ આવીઓ હતો. તોપણ તેને તે માફી બખશવાને તઇઆર હ

તો જો તે ફરીથી કોઈ પણ વખતે પેલી છોકરી સાથ પર ણવાનો વીચાર કરે નહી તો.

બાદશાહ એ રીતે સરવેને ઘટતા સખુનો કહી મન માં ખેદ પાંમી ચાલતો થયો.

---

# ઓરતોની મીજલસ.

---

## ભાશાણ ૧૫ મું.

---

### બચાંની માવજત.

#### જાનવરોના દુધ શીવાએ બીજા ખોરાક વીશે.

આગલા ભાશાણોમાં જણાવીયું હતું, કે જો માએ પોતે બચાને ધવાડી શકે નહી, તો એક ધવાડનારી રાખવી અને જો ધવાડનારી રાખવાને બની શકે નહીતો પછી બચાંને જાનવરોના દુધ ઉપર ઉછારવું; પણ જો બચું જાનવરોના દુધથી બરાબર ઉછરી શકે નહી, યા તરત વેળા દુધ મળી શકે નહી, તો બીજો માફક પડતો ખોરાક બનાવીને આપવાની જરૂર પડેછે. એ ખોરાક તરેહવાર ચીજનો અને તરેહવાર રીતે બનાવીને આપવામાં આવેછે.

**૧. સાબુચોખાની કાંજી બનાવીને તે કામમાં લાવવી.**

સાબુચોખા જે બજારમા મલેછે તે તાજા મલતા નથી, તે ઘણા વરસના પડી રહેળા હોયેછે, તેથી તેનું કુવત જતું રહેલું હોયેછે. તાજા સારા ચોખામાં પેટ લાવવાના ગુણછે કે જે જુનામા નથી. જુના ચોખા પેટમાં ચોંહોંટી બેસેછે, ખટાસ પેદા કરેછે અને પેટ કબજ કરેછે.

એક દેઝરટ સપુન (અરધો મોહોટો ચમચો) સાબુચોખાને અરધી પીંટ (પાસેર) પાંણીમાં ઘણીજ ધીમી આચે બે કલાક લગી હીલવીયા કરવું અને પછી પા કલાક લગી ખુબ હીલવીને ઉકાળવું. તેને ઉતારીને ચાલણીથી ગાલવું અને પછી તેમાં દુધ, નીમક અને સાકર નાખવી.

**૨. આરારૂટની કાંજી પણ બનાવીને કામમાં લાવવી.**

આરારૂટ જે બજારમાં મલેછે, તે જુનો મલેછે, વારેઘડીએ એમાં ચોખાના આટાનો ભેગ હોયેછે, તેથી જેટલો જોઈયે તેટલો કુવતમંદ મલી શકતો નથી. આરારૂટ અમેરીકાખંડથી આવેછે. બરમુડા નામનો ઘણો સરસ ગણાયેછે.

આરારૂટ પેટને બંધ કરેછે અને તેથી વારેઘડીએ બચાંને જોલાબ આપવાની જરૂર પડેછે.

એક ડેઝરટસપુન, થોડા થંડાં પાંણીમાં ભીજવવો. તેમાં અરધી પંટ ઉકલતું પાંણી રેડવું અને ખુબ હીલવવું, પછી પાંચ મીનીટ લગી ઉકાલવું, પછી ઉતારીને દુધ, સાકર, અને નીમક નાખવું.

**૩. તાપીઓકાની કાંજી બનાવીને કામમાં લાવવી.**

એ આરારૂટના જેવાંજ ગુણ ધરાવેછે.

તાપીઓકા સારી જાતનો મલવો જોઈયે. એની બનાવટ કરતી વખતે જો સંભાલ લીધી નહી હોયેતો તેમાં જેરી વસતુ આવેછે, તેથી તાપીઓકા વાપડવો સારો નથી.

**૪. ઘઉંનો આટો તરેહવાર રીતે બનાવીને વાપડવામાં આવેછે.**

ઘઉંનો આટો હમેશ સારો આવતો નથી; તેમાં ઘણી ભેલ થાયેછે. સારો આટો હમેશ સફેદ હોયેછે અને તેની બનાવેલી રોટી પણ સફેદ હોયેછે. બીજો આટો ભોરા રંગનો આવેછે અને તેમાં થુલાંનો ભાગ હોયેછે. ઘઉના આટાનું પાંઉ અને બીસકીટ બનેછે.

પાંઉ બે જાતના આવેછે. સફેદ અને બરાઉન (ભોરા રંગનુ). સફેદ પાંઉ હમેશ સારા આટાના બનાવેછે, પણ સફેદ રોટી હમેશાં સારી બનેલી નહી હોતી. રોટી બનાવનારા ખરાબ આટામાં ફટકી ભેલેછે, કે તેથી પાંઉ વધારે સફેદ અને ભારી બને; તેથી સફેદ રોટી પસંદ કરવા જોગ નથી. બરાઉન રોટી પણ કુવતદાર હોયેછે. બીસકીત પણ એ બેઉ જાતના આટાનો બનેછે.

પાંઉની તરેહવાર રીતે કેળવણી કરીને બચાંને ખોરાક માફક આપવામાં આવેછે. પાંઉને હમેશાં ખુબ ભુજીને કામમાં લાવવું જોઈયે. પાંઉને સાત રીતે કેળવણી આપવામાં આવેછે તેનું બેયાન આ નીચે જણાવીયા પરમાણેછે.

૧. પાંઉનો નરમ ભાવો કાહાડી પાંણીમાં બે કલાક સુધી ઉકારવો અને સંભાલ રાખવી કે તે બલે નહી. તેમાં મીઠાસને માટે થોડી સાકર નાખવી.

૨. પાંઉની પતલી કાતરી કરવી. તેને એક વાસનમાં મુકી એ કાતરીઓ ઢંકાયે તાંહાંવેર થંડું પાંણી નાખવું અને બે કલાક લગી ભઠીમાં ભુજવા મુકવું. પછી કાહાડીને કાંટાએ ભાંજી અને તેમાં થોડી ખાંડ નાખવી.

૩. એક રતલ ઘઉંનો આટો એક જાડાં કપડામાં મજબુતથી બાંધવો અને એક પેતીમાં પાંણી ભરીને તેમાં મુકીને ચાર પાંચ કલાક સુધી ઉકાલવું. પછી બાહેર કાહાડીને આટાની બાહેરનો નરમ ભાગ કાહાડી નાખવો અને પછી અંદર સુકો ભાગ માલમ પડશે, તેને છરી વતી ઓખવીને એ ભુકો કામમાં લાવવો.

૪. ઘઉંના આટાને થોડી આંચની ભઠીમાં જાંહાં સુધી તે હલકા પીલા રંગનો થાયે, તાંહાંસુધી ભુજવો અને પછી તે વાપડવો.

૫. પાંઉના જીના કટકા કરવા અને સુકવા આગલ જરા દુરથી સુકવવા મુકવા, પછી ખલમાં ઘુટીને બારીક ભુકો કરવો, પછી તેને ભઠીમાં ભુજવા મુકવો. એ આટામાં અરધો ભાગ ઓટનો આટો મેલવીને વાપડવો. એ માંહેથી એક ટેબલ સપુન લેઈને પા પીંટ દુધ મેળવીને ઉકાલવું અને પછી ખાંડ નાખવી.

૬. રસકના કટકા (પાંઉની કાતરી બનાવીને પા અથવા અરધો કલાક સુધી ભઠીમાં ભુજીયાથી રસકના કટકા બનેછે) ને પાંણીમાં એક કલાક સુધી ઉકાલવું, પછી કાંટાવરે ભાંજીને થોડી ખાંડ નાખવી.

૭. પાંઉની ઉપરની પોપરી એક કલાક સુધી પાંણીમાં ઉકાલવી અને પછી તેમાં થોડી ખાંડ નાખવી.

એજ પરમાણે વળી બીસકીટની પણ કાંજી બનાવાને વાપડેછે.

"રાબ" ની બનાવેલી બીસકીટ ઘણી સારી રીતે બનાવવામાં આવેછે. તે બચાને જલદીથી હજમ થઈ શકેછે અને વળી ઘણી સવાદદારછે. "ટાપસ એંડ બાટમજ" નામની બીસકીટ રાબની બીસકીટની માફક કામ લાગેછે. ઉકલતાં પાંણીમાં દશ મીનીટ લગી બે બીસકીટ બોરવી. તેમા ચોખું દુધ નામવું, પછી ગાલીને તેમાં જરાનીમક નાખવું. અથવા જેટલું પાણી જોઇયે તેટલું ચુલા ઉપર ઉકાલવું અને તેમાં બે બીસકીટ નાખી પાંચ છ મીનીટ લગી ઉકાલીયા કરવી. જારે જેલીના જેવું થાયે તારે તેમાં ગાએનું દુધ અને નીમક નાખવું. એ બીસકીટમા જરા પેટ લાવવાની ખુબીછે.

૫. ચોખાની કાંજી કરીને પણ વાપડવી.

જુના ચોખા સારા હોયેછે, તે સારી રીતે ચરી શકેછે તેથી તે વાપડવા. ઘણા સારા ચોખા એક કલાક સુધી ઘંડાં પાંણીમાં ભીજવી રાખવા, પછી ગાલીને તાજું પાણી ચોખામાં નામવું; તેને ધીમી આંચથી ઉકાલવું, પછી ચાલણી વતે ગાલવું અને છુછો કાહાડી નાખવો. તેમાં જરા ખાંડ નાખીને ફરીથી પા કલાક સુધી ઉકાલવું અને પછી દુધ નાખવું.

૬ અરડનો આટો પણ વાપડવામાં આવેછે.

"દુબારી" નો બનાવેલો "રેવેલેનટા આરાબીકા ફુડ" અથવા "લેનટીલ પાઉડર" કાંઈ નથી પણ અરડનો આટો છે. એ આટો બચાને ઘણો ફાયદેમંદછે. તે દુધને વધારે મલતો આવેછે. જેમ આરારૂટની કાંજી બનાવેછે તેમજ એ આટાની કાંજી બનાવવી, એમાં પેટ લાવવાનો ગુણછે.

૭. જવના આટાનું પાંણી કરીને પણ વાપડવામાં આવેછે.

જવનું પાંણી બનાવેલું ઘણું કુવતમંદછે. એને બનાવવામાં દુધની કાંઈ પણ ગરજ પડતી નથી, તેથી બચાંની હોજરીમાં ખટાસ થવાની ધાસતી રેહેતી નથી.

એને બનાવવામાં ઘણી ચોકસી જોઇયેછે, કાંયેકે તે નાહાના બચાંમાં જરવાને મુશકેળ પડેછે અને મોહોટા માણસમાં પણ, જો બરાબર બનાવીયો નહી હોયેતો જરવાને ઘણો મુશકેલછે.

બજાર માહેથી તાજા જવ લાવી છુનાવવા અને વીશ વખત અથવા જાંહાંસુધી નીતરૂં પાંણી નીકલે તાંહાંસુધી ધોવા, પછી તેને સુકવીને આટો બનાવવો. એ આટો બે ચમચા ભરીને બે પૈંટ પાંણીમાં ઉકાલવો અને અરધો પૈંટ રાખવો. ખાંડને બદલે જરા નીમકજ નાખવું. સવાદને માટેજ જરૂર પડેતો ખાંડ નાખવી.

૮. સાલેપમીસરી પણ કામમાં આવેછે.

સાલેપમીસરી તાજો મલી શકતો નથી; જુનો મલેછે તે વાપડવો સારો નથી; તાંજો ઘણો કુવતમંદ હોયેછે.

સાલેપમીસરીમાં બીજો ગુણ એછે કે તે ખટાસને મારેછે તેટલા માટે ગાએનું દુધ જે જલદીથી ખટાસ મારી જાયેછે તેમાં એ નાખીયાથી તેને ખટાસ મારી જવા દેતું નથી.

૯. ચનાનો આટો વાપડવામાં આવછે,

ચનાનો આટો ઘણો કુવતદારછે પણ, તેથી પેટ ફુગી આવેછે તેટલા માટે વાપડવો સારો નથી.

૧૦. નાહાના બચાંને મટન અથવા મુરગીનો શેરવો તથા બેદાં આપવાં નહી જોઈયે.

તેઓ હોજરીમાં ખટાસ મારી આવેછે તેથી પેટ ફુલી આવેછે અને ઓકારી થાયેછે. પેટમાં હોરમાવીને પેટ લાવેછે.

ખરીયાનો સુપ અને જેલી પણ દુધને બદલે કામમાં લાવેછે, પણ નાહાના બચાંને તે કદી પણ નહી આપવો. જો બચું ઘણુંજ નાતવાન હોયેતો તેનૈ શેરવો આપવો, પણ તપાસ રાખવી કે જો તેથી અવગુણ થાયેતો છોડી દેવો

બચાંને હરેક જાતની ફરૂટ યા તરકારી પણ આપવી નહી.

---

## સીખાંમણ વીશે સીખાંમણ.

સીખાંમણ તો સઘી કોઈ દેવા નીકલેછે. પણ સીખાંમણ દેવામાં મોટી સંભાલની જરૂરછે. દુખીઆરાં દીલને જખમ કરવા તે કેવું કરૂરછે ? આપણે સીખાંમણ કોણને દેઇએછે ? એકતો જે કોઈ આડે મારગે આવી પડેલું હોએછે તેને; અને બીજુતો જેને વીસે આડે મારગે આવી પડવાની ધાસતી રાખતાં હોઈએ તેને. અવે જો વીચાર કરશોતો ખાતરી થાશે કે, ઘણુ કરીને તો આડે મારગે આવી પડેલું ઇનસાન પોતે દુખી હોએછે. તમો ખાતરીથી માનજો કે, તેવાં આદમીનો દેખાવ તથા બાહેરનો ભપકો જુદો હશે, તોપણ તેનુ ભીતર પાકી ગએલુ સમજવું અને પછે તેવાં દરદીને અણીઆરા કાંટા ભોકોતો તે નાથી તે કેમ ખમાએ ?

બીજી તરફથી જે માનસ વીસે આપણને ધાસતી હોએ કે, તે આએ મારગે ફસી પડશે તેને પણ જો ગેરસંભાલથી સીખાંમણ દીધીતો, તે બીચકીને ઓરબી વધારે ઊંડા ખાડામાં પડવાનો.

જોવો પીઆરાંઓ આએ એક દાખલો ધીઆનપર લેવો, કે એક ખુશનમાં ફુલને તોડીને પાણીના વાસન આગલ મુકી રાખશોતો, પાણીની ધીમી અને છુપી વરાલથી તે તાજુ અને ખીલેલુ રેહેશે અને ઘણો એક વાર સુધી ખુશબો આપશે; પણ તેજ ફુલને એકેદમ પાંણીમાં નાખશો તો કોહીને બદસુરત તથા બદબો ભરેલું થાશે.

તેવોજ—ખરેખર તેવોજ હાલ ઘણાંએક પુરૂશ સીઓનો થાએઓછે. જેટલો સુધારો નરમ

અને સવભાવીક રાતે સંભળાવીઆથી થાએઓછે તેરસો, કોઇ ટાલેબી જણુન અને ટુંડાઈથી થાએઓ નથી, બલકે નેવી ચાલથી એક બીજા વચ્ચે આરબી મીનાટ્ટેસો વધી પડીએંછે અને ઘણુ માઠું સેવટ આવીઊંછે. માટે હરકોઈનેબી શીખાંમણ દેવામાં જેટલી સંભાલ રાખશો તેટલી થોડીછે.

---

## અકબંર બાદશાહ.

આ બાદશાહનું નામ એટલુંતો જાંણીતુંછે કે વગર ભણેલી સીઓ પણ એ નામથી અણજાંના નથી. એ ઘણો મુસલમાંન ધરમનો હતો અને તેણે હીંદુસતાન ઉપર ઘણુંજ દાહાપણથી રાજ ચલાવીઉં હતું.

તેર વરસની ઉમરે તેના બાપ હુમાયુનની ગાદી ઉપર ઈ સ. ૧૫૫૬ માં તે બેઠો હતો. હુમાયુન ભળો અને નરમ રાજા હતો તેથી અકબરના જનમ વખતે તેના બે લોભી ભાઈએ તેના હાથમાંથી રાજ છીનવી લીધું હતું. આ ભાઈઓના ઝઘડામાં શેહરખાંન નામનો એક પઠાંન હીંદુસતાનનું રાજ જહડકી લેવાને આવીઓ હતો. હુમાયુન પોતાના થોડાએક ઈમાનદાર માણસોને સાથે લેઈ જંગલ તરફ ભટકતો નીકલીઓ. આ વખતે તેની તથા તેના માણસોની ઉપર નહી કહી શકાએ એવી જફા પડી હતી. તેઓ રેતીના જંગલમાંથી નાહાશી પસાર થતા હતા, તાંહાં પાંણી એકદંમ નહી મળવાથી કેટલાકો ઘેલા થઈ ગયા અને કેટલાકો તરસ નહી છીપાવાથી જમીનદોસત થઈ મરી ગયા હતા. બાકી જેઓ છવીઆ તેઓ મુશકેલીઅતે અમરકોટ જઈ પુગા, જાંહાં હુમાયુનની બઈરીએ આ નામીચા બાદશાહ અકબરને ઈ. સ. ૧૫૪૨ મા જનમ આપીઓ હતો. તાર બાદ હુમાયુને ઈરાનમા આસરો માંગીઓ, જાંહાં શાહ તેહમાસપે તેને ઘણી ખાતરદારીથી ઉતારો આપી રાખીઓ હતો.

બાર વરસ દેશનીકાલ ભોગવવા પછે આખેર દીલીની ગાદી તેને સવાધીન થઈ હતી, અને આ બનાવ પછે એક વરસની અંદર મેહલના દાદર ઉપરથી પડી જવાથી તેનું મરણ નીપજીઉં હતું.

અકબર પોતાના બાપની ખાલી પડેલી ગાદી ઉપર તેર વરસની ઉમરે બેઠો તે વખતે, તેની વય પરમાણે તે ઘણીજ સરસ બુધી ધરાવતો, તે છતાં રાજકારભાર ચલાવાને માટે તે અસકત હતો. એથી એણે પોતાના બાપના એક વીશવાશું ઉમરાવ બેહરાંમને પોતાવતી રાજકારભાર સોંપીઓ. આ વખતે આખાં હીંદુસતાનનું રાજ કચડાયલી હાલતમાં હતું તેથી સમાધાંની ઘર લાવવાને બેહરાંમને વધારે મેહનત પડી. બેહરાંમ રાજકારભાર ચલાવા કરતાં સીપાહગીરીમાં હુશીઆર હતો, તેથી તેણે થોડાંક વરસમાં બંદ તથા ફીતુરો બેસાડી દીધાં અને રાજમાં થોડીક સમાધાંની કીધી હતી. બેહરાંમ જબરદસતીથી ફીતુર તથા બંદ બેસાડી દેવામાં આબાદચાંન હતો, પણ સમાધાંનીના વખતમાં તેની જબરદસતી લોકોથી ખમી શકાઈ નહી તેથી તેઓ ફરીઆદ કરવા લાગાં.

બેહરાંમે રાજ કારભાર એવીતો રીતે હાતમાં લીધો હતો કે અકબરથી તેને છોડી દેવા એકાએક કહી શકાયું નહી, તેથી તરત તેણે એક યુકતી સોધી અને આગરાથી દીલી પોતાની માંને મલવા એકાએક નીકલી ગયો, અને વાતમાં જઈ એક જાહેર નામુ કાહાડીઉં, તેમાં લોકોને સાફ જણાવીઉ કે તેની પોતાની તરફથી મોહરબંદ જે જાહેરનાંમાં નીકલે તે શીવાએ બધાં ગલત સમજવાં અને તે ઉપર અમલ કરવો નહી. આ પરમાંણે પેલા મગરૂબ બેહરામે પોતાની સતાનો અંત આવેલો જોયો, તેથી માલવા ખાતે પોતાનુ જુદુંજ રાજ સથાપવાની પેરવી કરવા મંડીઓ. બે વરસ સુધી બંદ અને તોફાંન કરી અંતે પાયમાલ થઈ અકબર આગલ આવી તેનાં પગપર માથું નાખીઉં. અકબરે પોતાના બાપના વખતથી બેહરાંમે ચલાવેલી ઈમાંનદાર ચાલને માટે તરત માંફી બખશી, અને દરબારમાં મોટો ઓધો બખશવાની ખાહેશ જણાવી. બેહરાંમે કાંઈબી ઓધો લેવાની ના પાડી અને તેનો ઉપકાર માની, મકે હજ કરવા જવા ખરચ માંગીઓ. બાદશાહે પચાસ હજાર રૂપીઆનો તેને બેઠો મુસારો આપતો કરી વેદીઆ કીધો.

પરથમમાં અકબરે પોતાના સરદારોની ઉપર હકુમત લીધી અને જે રાજો જતાં રહેઆં હતાં તે પાછાં મેલવવા લાગો. જારે તે ગાદીપર આવીઓ તારે તેનાં હાથમાં ફકત દીલી, આગરા, અને પંજાબ હતાં; પણ તેના રાજ કારભારના ચાલીસમાં વરસે હીંદુકુશથી તે દખણ સુધી, અને બરેહમ પુતરથી તે છેક કંદહાર સુધીનાં રાજ તેનાં હાથમાં આવીઆં હતાં.

દરએક મુલકની ઉપર એક એક સુબો નેમીઓ અને તે મુલકમાં તેઓ રાજ ચલાવે અને લોકોને ઘટતો ઈનસાફ આપે એવી ગોઠવણ કીધી હતી. દરએક રાજવાડા ઉપર તે ફરતી નેગેહદારી રાખતો અને વાજબી ઈનસાફનો પસારો કરવાને માટે તે અતીઅંત મેહેનત લેતો. સારવેથી સરસ એના વખતમાં દરએક જાતના ધરમવાલાઓને પુરતી છુટ આપી હતી અને તેઓની વચે રાજ અધીકારી પડે નહી અને નાત જાત વાલાઓનો ફરક રાખે નહી એવી સંભાલ રાખી હતી.

અબુલ ફજલનાં લખાંણ ઉપરથી માલમ પડેછે કે બધી ગનેઆતના ધરમ સંબંધી ફરમાંનો અને વીચારો જાંણવાને તે ઘણોજ ખંતી હતો, તેથી બીજા રાજવાડાઓમાં કાગલો લખી તાંહાંનાં ધરમગુરૂ ઓલમાઓને પોતાની દરબારમાં બોલાવતો અને તેઓના ફરમાનોનો ફારશીમાં તરજુમો કરાવતો.

ભાષા અને વીદીઆનો વધારો કરવામાં તે બનતી મદદ આપતો અને ગાંમેગાંમ નીશાલો સથાપતો, જાંહાં હીંદુ તથા મુસલમાંનો સાથે કેલવણીનો લાભ મેલવતા. સંસકરત અને બીજી ભાષામાંથી વીદીઆ, હોનર, હીસાબ તથા ભુમીતી અને રમુજી વારતા તથા નીતી વચનોનો તે ફારશીમાં તરજુમો કરાવતો અને એ પરમાણે પોતાની ભાષાનો ફેલાવો કરતો. એ બાબદમાં અબુલફજલ અને ફયે

જી એના મોટા મદદનીશ હતા અને તેઓ પોતાની કાબેલીઅતને આ રીતે પુર કાંમમાં લાવતા હતા.

હીંદુઓની સંખીઆ અકબરના મુલકમાં મોટી હતી અને તેઓ રાજપાટ ખોહી દીધાથી હારમારીમાં આવી પડેલા છતાં, તેઓ તરફની એની રાજનીતીને લીધે આજ દંન સુધી એની કીરતી અને વાખવાખી ગવાયછે. આ ગરીબ જાતની ઉપર તેઓનું રાજપાટ ગયા પછે મુસલમાન રાજ ચલાવનારાઓએ દરએક હીંદુ દીઠ વેરો અથવા કર નાખીઓ હતો, તે જુલમાત ભરેલો વેરો આ શીઆના બાદશાહે નાબુદ કરાવીઓ. જાતરા તથા૰ હજ જનારા લોકો પર પણ પેહલાં વેરો હતો તે પણ એણે કહડાવી નાખીઓ હતો એટલું છતાં અકબર બાદશાહ હીંદુઓના વેહેમની બુરી રસમોને નાબુદ કરવામાં આગેવાન હતો. ખરાં ખોટાના ઈનસાફને માટે હાથમાં અગની પકડાવતા તથા ભોગ આપવાને માટે હીંદુઓ જાનવરો કપાવતા તેનો એને અટકાવ કીધો, અને હીંદુઓના ધારાથી ઉલટું છતાં હીંદુ વીધવાઓને પુનરવીહવા અથવા ફરીથી પરણવાને ઉઘાડી છુટ આપી હતી. એ ઉપરાત હીંદુ વીધવાઓ જે પોતાના ભરથારની પાછળ સતી થઈ આગમા બલી મરતી હતી તેનો એને પુરતો અટકાવ કીધો હતો, તે ઉપરાંત એવી છુટ આપી હતી કે જે સતી થનાર બાઈ પોતાની રાજી ખુશીથી બળી મરવા માંગે તેમાં વચે પડવું નહી, તોએપણ એવી જોગવાઈએ તે બાઈની મરજીછે એવું સાબેત કરવાને તે પોતાના અમલદારોને મોકલતો હતો.

એવું કેહેછે કે એકવાર જોધપુરનો રાજા પોતાના છોકરાની બાએડીને તેની પાછલ આગની ચેહમાં બળી મરી, સતી થવાને જુલમ કરેછે, એવું સાંભળી, અકબર પોતે તેને બચાવા ઘોડેસ્વાર થઈ આ મકાંન તરફ જઈ પુગો હતો. જે બાબદમાં ધરમને બાંહાને હાંની થતી તે બાબદમાં અકબર લોકોનાં બુમાટાની દરકાર વગર વચે પડતો હતો. અકબરની એ રીતને માટે વેહેમી લોકોને જરા લાગતું હતું, પણ તેનાં મરણ પછે શો વરશે જારે જુલમી અઉરંગજીબ રાજ ચલાવતો હતો તારે જોધપુરનાં એજ રાજાનાં વંસવાલાઓએ તેની રાજનીતી અને અકબરની રાજનીતીનો મુકાબલો કરી એક કાગજ લખીઓ હતો, તેમાં આ પરમાણે પણ હતું. "તમારા વડાવામાંનો એક જે અકબર, જેનું તખત હાલ બેહસતમાછે, તેણે આ મોટું રાજ પચાસ વરસ સુધી સરખાં તોલથી અને રૈજા ઉપયોગી રીતે ચલાવીઉ હતું. તેણે કોઈબી દીવસે નીઆત જાતનો ફરક રાખી કામ કીધું નથી, અને સરવે કોમને તે એકસરખી રીતે ચાહતો હતો. હીંદુ, મુસલમાન, ખરીસટી સરવેને વાજબી રીતે તેનો આસરો હતો તે એટલા સુધી કે તેની સરવે પરજા તેને "માંણસજાતનો સંભાલનાર અને બચાવનાર" કરી બોલતા હતા."

અકબરે પોતાનાં રાજનાં મેહસુલખાતાં ઉપર પણ ખુબ ચોકશી રાખી હતી. તેણે એકસરખાં તોલ તથા માંપનું ગાંમમાં ચલણ કીધું હતું, અને મુલકે મુલકની જગા ભરાવી તેની ઉપજ પરમાંણે તે ઉપર કર ઉપજાવતો હતો. મેહસુલ વસુલ કરનારાઓને ગાંમના વડા તથા પટેલ પાસેથી ગાંમનુ મેહસુલ જમા કરાવવાની મનાઈ કીધી હતી, અને તેઓએ પોતે દરએક માંણસ પાસેથી વસુલ કરવું એવી રીત રાખી હતી, જેથી ગાંમનો પટેલ લોકોપર જુલમ કરે નહી.

રઈઅતને ઈનસાફ આપવાને માટે ગાંમેગાંમ અદાલતો સથાપી હતી, તેમા બે નેઆએ કરનારા બેસતા અને તે બંનેનો અખતીઆર જુદો જુદો હતો. એક સરવે મુકદમાની તજવીજ કરે, અને તે બાબદના કાયદાઓ શું છે તેનું બયાન કરે, અને બીજો તે ઉપરથી ચુકાદો કરી આપે. આ નેઆએ કરનારાઓને ફાંસીની તથા બીજી મોટી સજા કરવાનો હક આપેલો નહી હતો, પણ એવી સજાને લાયક જે વો થડે તે બાદશાહને જાહેર કરે, અને તે ઉપર બાદશાહની મનજુરીઅત માગે બંદ અથવા ફેસાદના વખતમાં એવી સજા કરવાનો અખતીઆર તેઓને આપેલો હતો કેમકે તરત વખત ઉપર બાદશાહની મનજુરીઅત મળે તેની આગમચ રાજનો ખરાબો થાવે.

વેપારનાં વધારાથી દેશની આબાદાંનીનો વધારોછે એવું તે સમજતો હતો, અને તેથી મુલકે મુલકના રસતાઓ સમરાવી સાફ રખાવતો, અને સારૂં પોલીસખાતું રાખી જાંમની તથા વેપારની નેગેહબાની રાખતો. વેપારની કેટલીએક જીનસ ઉપર જે જે નકામો કર અને જકાત હતો અને જેથી સરકારી તોજોરીને જાહાજો ફાયદો નહી અને વેપારમાં હરકત, તેવા કર નાંબુદ કરી નાંખીઆ હતા.

અકબરની બધી કોશેશમાં તેની એક કોશેશ નીશફલ થઈ હતી તેણે નવોજ ધરમ (પોતાના ધરમને નજદીક મલતો) ઉભો કીધો હતો, જે જાહાજા દીવસ ચાલીઓ નહી અને લોકોએ બીલકુલ કબુલ પણ નહી રાખીઓ હતો.

એને તરણ છોકરા હતા, અને તેઓની લુંડી ચાલથી તેને છેલા દાહાડામા દુખ થયું હતું. બે છોકરા લુંડી રીતમા ભટકીને જુવાંનીમાંજ મરણ પામીઆ હતા; પણ સીલીમ નામનો હયાત છોકરો જે પાછલથી જેહાંગીરને નામે ઓલખાતો હતો તે વારેઘડીએ બાપની સામે બંદ ઉઠાડતો અને તેને દુખી કરતો હતો.

ચોસટ વરસની ઉમરે, અરધી સદી સુધી આબાદાની સાથે અને સુધી રીતથી રાજ ચલાવી અકબર ઈ૦ સ૦ ૧૬૦૫ માં મરણ પામીઓ હતો. એનો જાતી બાંધો મજબુત અને ચેહરો ખુશનમાં અને દીલપસંદ હતો. ખાવે પીવે તે અંદાજાસર હતો, પણ તે ઘણીજ થોડી ઉંઘ લેતો હતો. આખી રાત ઓલમાંઓ તથા ફીલસુફો સાથે ઈશવર ગનેઆન સંબંધી જીકરી કરવામાં ગુજારતો. બચપણથી, તે હીંમતવાંન અને લડાયક દીસતો હતો. પોતે ગાદી પર આવવા પછે લશકર તથા સીપાઈઓને કેળવવામા વખત રોકતો, અને વલી પોતાનું રાજપાટ તથા રઈઅત ઉપર પણ તે પુર ધેઆંન આપતો. આ બાદશાહ હીંદુસતાંનનો એક નામવર બાદશાહ થઈ ગયોછે, જેની ઈઆદ જમાના દર જમાના સુધી તવારીખનાં સફા ઉપરથી ઉતરશે.

## સાબુત રેહવા વીશે.

કેટલાક માણસો પોતાના વીચાર ઊપર સાબુત રહી સકતા નથી. એકવાર તેઓ વીચાર કરેછે કે ફલાણું કાંમ હાર પાડવું અથવા નીતે આવાં કાંમ ઊપર થોડો વખત રોકવો, અને તે વીશે માહીતગાર થવું; પણ થોડાક દીવસમાં તેઓ પોતાના ઠેડાવને એક કોરે નાખેછે. એવાં માણસો વીશે જેટલું બોલીશું એટલું થોડુંછે.

સાબુત માણસો એકવાર એક ચીજ મન ઊપર લીધી એટલે તેની પછવાડે લાગી તેને હાર પાડેછે અને તાંહાંસુધી આરામએશ લેતા નથી. એકવાર એવું માલમ પડીઊં કે ફલાંણો ધણી સાબુત વીચારનોછે તો પછે લોકો તેના વીચારને માન આપેછે અને તેણે કાંઈબી કાંમ માંથે લીધું તે પારજ ઊતારશે એવો ખેઆલ સરવે કોઈ રાખેછે. એવા મનના માણસોની પાસે "નહી બની શકે" એવી વાત છેજ નહી. તેઓએ જે કાંઈ માંથે લીધું તે બની શકવુંજ જોઈએ.

સીખેલા અને કેળવાએલા માણસો કરતાંબી સાબુત વીચારના માણસો દુનીઆમાં વધારે ફાવેછે. ફરાંનસના નેપોલીઅન બોનાપારટ તરફ જુવો—કે તે પોતાના લશકર ઊપર તેમજ એલમાઓ ઊપર સાબુત વીચારથી એકસરખીજ ફતે મેલવતો હતો. તેની ઈછા તે સરવેની ઈછા કરી શકતો. આખાં યુરોપખંડને એ શકતીથી તેણે ધ્રુજાવીઊં હતું. એકવાર તેને એવું જણાવવામાં આવીઊં કે આલપસ પરવત તેના સીપાઈઓના રસતાની વચે આવીઆથી તેઓથી આગળ વધી શકાશે નહી. તેના ઊતરમાં તરત તે બોલીઓ કે "જાવો અને આલપસ તેઓની વચે કદીબી આવનાર નથી, તરત રસતો બનાવો." આ બનાવથી તરત એક મોટો રસતો બનાવવામાં આવીઓ અને ઇટાલી તરફ જવાને સેહલ થઈ પડીઊં.

વારન હેસટીંગસ જે એકવાર કંપની સરકારના રાજ વખતે હીંદુસતાનમાં એકવાર એક હલકા અને તારબાદ ગવરનર જેનરલના ઓધા ઊપર આવીઓ હતો, તેને વાસતે એવું કહેછે કે તે જારે નાહાનો હતો તારે ડરેલસફરડના ખેતરો જે એક વાર તેના વડવાઓના હાથમાં હતાં, તાંહાં ફરતાં ફરતાં એવો ઠરાવ કીધો કે કાંઇબી કરી આ ખેતરો ફરી મારે હાથ લેવાં. આ બાળપણનો ઠરાવ, તે જારે મોટપણે હીંદુસતાનથી પાછો ઇંગલંડ ગયો તારે તેણે અમલમાં આણીઓ હતો.

એ કરતાં કીમતી અને અતી નાંમીચો ઠરાવ મી૦ કલારકસને કીધો હતો. આ ધણી કે જેનું નાંમ તવારીખનાં અમર સફાઓ ઊપર ગોલાંમગીરીને નાબુદ કરનાર તરીકે નોધાઇ ચુંકુંછે, અને આજ દન અને આવતી ઓલાદોની ઓલાદો સુધી કીરતી ભરેલી રીતે બોલાતું રેહશે, તે ફકત તેનાં એક વખતનાં સાબુત ઠેરાવને લીધે બનીઊંછે. એ ધણી એક વખતે કેમબરીજથી લંનડન જતાં વાતમાં રસતાની બાજુએ બેઠો હતો, જે જગા આજે પણ દીઠામાં આવેછે, તાંહાં બેસી તેણે એવો ઠેરાવ કીધો કે ગોલાંમગીરીને નાબુદ કરવામાં તેણે પોતાની જીંદગી રોકવી. આ ઠેરાવ તેણે છેક સુધી પકડી રાખીઓ, અને એ વીશે ઘણી જગાએ લખીઊં, ભાશંનો કીધાં, અને એ સુભ કાંમ હાંસલ કીધું તાંહાંસુધી પોતે નીરાંત પામીઓ નહી હતો.

જીઆરજ સટીફનસન નામનાં એક શખસે આ ચાલુ સદીમાં વલી એવી બાબદમાં સઊથી એક મોતેબર દાખલો આપીઓછે. એ ધણીએ એકવાર એવું જણાવીઊં કે લોહોડાંના પાટા ઊપરથી આગ ગાડી ચલાવી મુસાફરોને એક કલાકમાં દસથી વધારે માઇલ લેઇ જવાની તેણે એક યુકતી શોધી કાહાડીછે. એ વખતે નામીચા અને ભણેલા શખસોએ તેને હસી કાહાડીઓ હતો અને જાહેર લખનારાઓએ તેને દીવાનાઓની ઈસપીટાલમાં જવા લાયક ઠેરવીઓ હતો. એટલું છતાં સટીફનસને પોતાનો ઠરાવ છોડી દીધો નહી; પણ કોશેશ ચાલુ રાખી. એ ધણીએ પાછલથી પોતા ઊપર પડેલી કાંહાંની કહીછે, તેમાં તે બોલીઓ હતો કે "આ મારો વીચાર લોકોના મન ઊપર કેમ ઠસાવવો તેની મને તે વખતે સમજણ પડે નહી; જો મારી જગાએ કોઈ નબલા કરાતવાલો માણસ હતે તો હારી ખાઈ જતે અને દુનીઆને આ શોધનો લાભ થતે નહી. મારી ખાતરી હતી કે આગ ગાડી કલાકનાં દસ માઇલ કરતાંબી વધારે જશે, તોએ તેમ કેહવાની મેં હીમત નહી કીધી કે તેથી લોકો તદન ગલત સમજી જરાબી ધીઆંન ઊપર લે નહી. એ બાબદનાં તપાસ કરવા



ચીન દેશનું ચંડુખાનું.

પારલામેંટની એક કમીટીની સાંબે મને ઊભો રાખી ઓ હતો, તેઓમાંથી એક બોલીઓ કે આ ધણી કોઈ પારકા દેશનો હશે—બીજો બોલીઓ કે બીચારો દેવાંનાઓની મંડલીને લાએકછે, અને એ પરમાણે મારી ઊપર મોટાં માંણસો ટીકા અને ઠેકરી કરવા લાગા. એટલું છતાં હું હટીઓ નહી પણ મારા અસલ ઠેરાવ ને વલગી રહેઓ."

આખરે આ ધણી પાર પડીઓ અને આજે લોકો સારી રવેસે જાંણેછે કે આગ ગારીમાં એક કલાકમાં દસ કરતાં વધારે માઈલ જઈ શકાએછે, એટલુંજ નહી પણ ખાસ "ટરેન" ઈંગલંડમાં કલાકના પચાસ માઈલ જાએછે. સટીફ્નસન આ જમાંનાનો એક નામીચો ઈજનેર થઈ ગયોછે, અને એ ધણીના સાબુત વીચારોને માટે આ પાછલો જમાનો તેને યાદ કરેછે.

કેટલાક માણસોએ ગરીબી હાલતમાં છતાં સાબુત ઠેરાવ અને વીચારથી મોટાં મોટાં કાંમો કીધાંછે જાંન પાઊનડસ નામના મોચીએ ચીકરેહાલ અને રખડતાં બચાંઓની નીશાળ સથાપી હતી; રેકસ નામના દીબાં ગોઠવનારે વળી એવીજ ધરમની કેળવણીની નીશાળ સથાપી હતી; અને ટાંમસ રાઇટ નામના એક કારખાંનામાં કાંમ કરનાર ધણીએ ગુનેહગાર અને અપરાધીઓને પાછા સત મારગ ઊપર લાવવાને પુખત કોશેશ કરી ફતેમંદ થયો હતો.

આ ઊપરથી માલમ પડેછે કે ગમે એવી આપણી ગરીબી હાલત છતાં જો પકો ઠેરાવ રાખી નેક તથા પરજા ઊપયોગી કાંમો કરવામાં આપણે કંમર બાંધી હોયતો તે પાર પાડી શકીએ.

આ દેશની બાંનુઓના નામ આ તથા પાછલા જમાનામાં એવાં નેક કાંમો કરવામાં ફતેમંદ થએલાં ગણાય એવી હમો આરજુ રાખીએ છઇએ.

## ચીન દેશનુ ચંડુલખાંનું.

આ પાસેનું ચીતર ચીન દેશનુ એક ચંડુલખાંનુ દેખાડેછે. જેમ આપણા શેહેરમાં રસને રસતે દારૂને માટે પીઠાછે, તેમ ચીન દેશમાં અફીણીઓને માટે ચંડુલખાંના હોયછે. હીંદુસતાન તથા બીજા જે દેશોમાં અફીમનો પાક થાયછે તે ઘણુ કરીને સઘલો ચીન દેશ રવાંને કરેઆમાં આવેછે. અફીમ જોકે તંબાકુ તથા દારૂ કરતાં વધારે જેહેરી તથા કફીછે તો પણ કોઈબી કોમ ચીનાઓ કરતાં આ વેઅસનને વધારે તાબે નથી. અફીમનો વેપાર ઘણોજ ધમધુકાર ચાલેછે, અને એ રીતે ગરીબ ચીનાઓને જેહેર વેચી તેઓની જીંદગી ટુકી કરવામાં આવેછે.

થોડાંક વરસની વાત ઊપર એક ચીનના દયાલુ શાહનશાહે આ જેહેરી વસતુ પોતાના દેશમાં લાવવાની સખત બંધી કરી હતી, અને કેટલીએક અફીમની પેટીઓનો તેણે નાશ કરાવીયો હતો; પણ કેટલાક નીચ મતલબના ઈંગરેજ વેપારીઓને લીધે ઈંગરેજ સરકારે આ શેહેનશાહ સાથે લડાઈ કરી પાછો અફીમનો રોજગાર ચીન દેશ સાથે ઊંઘડાવયો હતો. ઈંગરેજ સરખી દયાલુ સરકાર જે પુરૂથવી પરથી ગુલામગીરી નાબુદ કરવાને પોતાની બનતી કોશેશ કરે, તે દયાલુ સરકાર પોતાના વેપારીઓને આગળ રહીને નીરદોશ ચીનાઓને જેહેર મુકવાને ઊલટ આપે, એ વાત તેના નામને મુતલગ જેબ આપતી નથી.

આ પાસેના ચીતરમાં બે ચીનાઓ ચંડુલની ધુંઈ લઈ કેફમાં પડેલા દીસેછે; એક ચીની હાથમાં પંખો લઈ પાસે બેઠેલીછે. બેહુ ચીનાઓ બાજટ પર પડેલાછે અને તેઓના માથાં બે લાકડાંના ઢીમરાં પર મુકેલાંછે. દાબા હાથ પરનો ચીનો અધમુઓ થઈ પડેલોછે, તોય પણ હાથમાંથી તે હુકાની નલી છોડતો નથી. લખવાના બરાંની એક ગોળ નલી એઓ હુંકા દાખલ કામ લગાડેછે. એ નલીનું નાકું ટાંચણીના માથા કરતાં વધારે મોટું હોતું નથી. અફીમ સાથે કાંઇ સુગંધી ચીજની મેળવણી કરી તેને એક ગોળ વાટકીમાં નાખેછે, અને તેની અંદર પેલી નલી બોડી અફીણી પોતાના મોહાડાંમાં લીએછે. એક નલીમાંથી એક બેવાર ગુરગુરા લીધા કે તે રદ થઇ પડેછે. જે ચંદુલ પીવાની શરૂઆત કરતો હોય તેને એક બે નલીમાં કેફ ચહડી જાયછે, પણ જે રોજનું ઘરાક હોય તે કલાકના કલાક શુધી હુકકો ખેંચયા કરેછે. દરેક બાજટની ઊપર એક દીવો ટાંગવામાં આવેછે કારણ કે પીતી વખતે અફીમને આતસની ગરમી આપવી જોઇએ, અને નલીને ભરવા તથા સલગાવવા માટે એક જુદોજ શખસ આગળ ઊભો રેહેછે. જ્યારે આ અફીણીઓ અનીતી કરેછે તીયારે થોડા દાહાડામાં તેઓની શીકલ બદલાતી જાયછે. અફીણીઓના ચેહેરા હંમેશાં બ

દશીકલ, બેહામના અને ફીકા હોયછે. તેઓનાં આં ખના રોપાં હંમેશ વીચાયલાં અને તેઓનુ બદન મા તર હાડકાંનુ પાંજરૂં હોયછે. ચંદુલખાનાઓમાં રાત ના નવ કલાકના સમા સુધી બેઅકલી ચીનાઓ પો તાની જીંદગીનો નાશ કરતા બેસેછે. અરધા દેવા ના આદમીની માફક કેટલાએક પોતાની રોજની ત બે પુરી પાડવા આનીગમથી પેલીગમ પછાડા મારે છે. કેટલાએક અફીમની જુહમમાં હસાહસી અને ખકખકારો ચલાવેછે અને કેટલાએક પોતાના બીછા નાપર બેશુંમ પડેલા હોયછે. થોડાંક વરસમાં પીલ તન સરખાં માણસો મોહોતને તાબે થઇ પડેછે, અને હજારો ચીનના જવાંનો જુવાંનીનાં ખીલતા બાહા રમાં જેહેર ફાકી હસને મોહોડે ઘોર તરફ પોતાનો રસતો લીએછે. ઈશ્વર કરેને આ કંગાલ લોક પો તાની સુધીમાં આવે.

## એક સાંજની સેહેલ.

**દીકરી**—મા આજ હમારી નીશાલે બે માસટ રો તપાસવા આવીઆ હતા, તેઓએ હમોને સાધરણ ગનેઆનના ઘણાક સવાલો પુછીઆ, અને ઘણી નવી બાબદો સમજાવી, તેથી મનેતો આજ ઘણો આનંદ થયોછે.

**મા**—દીકરી તારી મરજી હોયતો હું પણ તને એવી બાબદો સમજાવીશ. ચાલો આપણે દરીએ કીના રે જઇ ફરતાં ફરતાં વાતો કરીએ.

**દીકરી**—હા માજી વળી વાતમાંને વાતમાં ગ નેઆંન મલે તેતો મને બહુજ પસંદ પડેછે, પણ તમે મને પેલા માસટરોની પેઠે સમજાવી શકશો ?

**મા**—હા દીકરી તારો બાપ કાંહાં ઓછું ગને આન ધરાવેછે. તારા બાપ જોડેથી જેટલુ હું શીખીછું અને પાછલથી મેં ચોપડીઓ વાંચી અભીઆસ ચાલુ રાખીઓછે તેટલું હું સારીપેઠે સમજાવી શકસ, બાકી જે કાંઈ મને નહી ખબર હશે તે વીશે આપણે ઘર જઈ તારા બાપ જોડેથી ખોલાશો મેલવીશું.

આજે રોજનાં કરતાં તાહાડ વધારેછે દીકરી એ વામાં આ તારાં રૂના કપડાંનો શો આશરો ?

**દીકરી**—ચાલો મા મને એ રૂ વીશે સમજાવો એટલે મારી તાહાડ પણ મટી જશે. રૂ એ શું ચીજછે?

**મા**—એ એક રૂવાંદાર નરમ ચીજછે જે જાહા ડ અને બીજમાંથી ઊગેછે, અને જેમ શીંગનો દાણો તેની છાલમાં ઘંકાએલો રેહેછે તેમ એ પણ બંધ રેહે છે, અને જારે તે પાક ઊપર આવેછે તારે આ છોલતુ ફાટેછે, અને તેમાંથી સફેદ અથવા જરા પીલાસપર જે નરમ ચીજ નીકલેછે તેને રૂ કહીએ છઈએ.

**દીકરી**—એ કાંહાં ઊગેછે માં ?

**મા**—અમેરીકાખંડ અને હીંદુસતાંન ખાતે એ પુશકલ મલી આવેછે—એનાં બી વાવીઆથી જાહાડ પેદા થાયછે.

**દીકરી**—તારે માં બી વાવીઆ આગમચ એ નુ પેહલું જાહાડ કેમ થયું હશે ?

**મા**—દીકરી આ તારા સવાલનો હું તેમજ કો ઇબી જવાબ આપી શકનાર નથી કે બી પેહલુ કે જા હાડ અથવા ઈંડું પેહલું કે મરઘી; કેમકે એ સવાલનો જવાબ ફીલસુફો વટીકંમનમાનતો આપી શકીઆ નથી.

**દીકરી**—આ રોપામાંથી શું શું ઊપયોગી જી નશ બનેછે તે હું તમોને કહું માં ?

**મા**—હા દીકરી જે તું જાંણતી હોય તે તું પો તેજ કેહેતો ઠીક.

**દીકરી**—ફાળીકો, મલમલીન, દીમેટી અને પેહર વાના બીજાં તરેહવાર કપરાંઓ બનેછે.

**મા**—મસલીન પેહવાંસકોથી સરસ કાંહાં બન તી હતી ?

**દીકરી**—હીંદુસતાંનમાં ધાકા ખાને અને તે એ વીતો બનાવામાં આવતી કે જો તેના દસ પડ આપણાં ખોલાં બદનપર કીધાં હોય તોએ આપણુ આંગ તેમાં થી દીશે. હમણાં એવીજ મસલીન ઈંગલંડમાં ગ લાસગો ખાતે બનેછે. માં ફેમલીટ શાની બનેછે વારૂ?

**મા**—ઘણુંકરીને તે બકરાના બાલની બનેછે.

**દીકરી**—તારે ઊંચી કાશમીરી શાલ શામાંથી બનેછે વારૂ.

**મા**—કાશમીર, ટીબેટ, તારતારી અને હીમાલ ય પરવતની બાજુમાં એક જાતના બકરાં મલી આવે છે તેનાં નરમ ઊનની બનાવેછે. એ શાલો આગલ ઘણીજ મોટી કીમતે વેચાતી હતી, અને ઘણીવાર એ ક ઊંચી શાલ બનાવતાં આંખુ એક વરસ લાગતું. યુ રોપખડમાં એ શાલ પેહેરા વેહલાં, નેપોલીઅન બોના

પારટની પેહલી ખાએડીથી દાખલ થઇ હતી એવું કહેછે.

**દીકરી**—જારે બકરાં તથા ગેંઢાંના બાલ આ પણા કાંમમાં આવેછે, તારે ઘોડાનાં બાલ કાંઈ કાંમમાં આવતા નથી ?

**મા**—નાં દીકરી એમ નથી. ઘોડાના બાલ પણ કાંમમાં આવેછે. તેની ચાલના બાલ, ગોદરી તથા ગોદરાં, ખુરશીની બેઠક, ઘોડાપર બેસવાનાં જીન અને ઘોડાની હાંસરીમાં અંદર ભરવા કાંમ આવેછે, અને તેની પુછડીના બાલનુ એક જાતનુ કપરૂં બનાવેછે તે ગોદરાંની તથા ખુરશીની બેઠકનુ ધાંકણ બનાવામાં કાંમે આવેછે; તેની ચાલણી અથવા ચાંણણી બનાવેછે અને વજનતર વગાડવામાં એ બાલને કાંમે લગાડેછે. આ રીતે સુધરેલા જમાનામાં કાંઈબી ચીજને ફેકટ જવા દેતા નથી.

**દીકરા**—મા હવે ઘર ચાલો ગરમ કપરાં ન થી તેથી મારાં આંગમાં હુંફ રેહેતી નથી અને આંગ ઠંડું પરતું જાએછે.

**મા**—ચાલ દીકરી આપણે જરા જહડપથી ચાલીએ કે તેથી તાહાડ મરે અને આંગમાં ગરમી આવે.

## ફુલોની જુદી જુદી રૂત.

ઈશવરે માંનવીમાં તેમજ જાહાડ પાંનમાં પણ પોતાના નીઅમ બતલાવીઆછે. જાહાડનાં પાતરાંનું ફુટવું, તેની ઊપર, કલીઓનું થવું, ફુલોનું આવવું અને તારબાદ કરમાઇને મરી જવું. એવી જુદી જુદી હાલત બખશીછે. તેમજ માંનવીનું ફરજંદ જનમેછે, ઊછરી જુવાંનીમાં આવેછે, મોટો થઈ સંસારમાં પડેછે અને પછે તે કીરતારને પાછો પોતાનો જાંન સવાધીન કરવાને તઈઆર થાયછે.

આ બધું થવાને જુદા જુદા તબકા માલમ પડેછે—સરવે એકજ વખતે બનતું નથી. માણસોબી કાંઇ એકદંમ બધા તબકા કુદી જતું નથી, પણ એક એક પછે ઠેડવેલા તબકામાં જાયેછે. સંધા જાહાડો કાંઈ એકદંમ અને એકજ મોસમમાં ફુલ તથા ફળ આપતાં નથી, પણ રફતે રફતે અને જુદી જુદી મોસમમાં આપેછે. જો એકજ મોસમમાં સંધા ફુલ ફળ પેદા થતાં હતેતો બાકીનાં મહીનામાં દુનીઆં એક જંગલ બની રેહતે, અને આપણી આંખો શુકાં લાકડાં શવાએ બીજુ કાંઇજ જોતે નહી. કરમાયલાં જાહાડો આપણાં દંમમાંની ખરાબ હવા ચુસતે નહી, અને રોગ અને મરકી ચોતરફ નજર આવતે.

પણ નહી તે કાંમેલ કીરતારની ખુબી નેહારીછે, તેની ગોઠવણ અને નીઅમો ચોકસછે, તેથી આ શુરૂશટી ચાલેછે. આપણે એક મોસમમાં ચંપેલી, તો બીજી વખતે મોઘરાં, તો તરીજી વખતે ગુલે ગોલાબ, અને ગુલછરી જોઈએ છે. સરવે મોસમો પોતાની મરીયાદાની બારીક સારી પેહડી પોતાનુ બદન ફુલ ફલ તથા મેવાથી ધાંકી આવી ઊભી રેહેછે. એક મોસમ બીજીને વીસરાવેછે, અને બીજી તરીજીને વીસરાવેછે.

જેમ ફુલ તથા ફલ એક પછી એક આવેછે અને પોતાની એક ખુનામાં જગીઆ લેઈ પોતાનુ કાંમ કરી જાયછે. તેમજ માણસની ઓલાદ પેદરપે ઊતરેછે; આ ફાંની દુનીઆમાં થોડોવાર મથક કરી પોતાનુ કારજ પુરૂ કરી રસતો મરેછે, અને નવા આવનારની જગા કરી આપેછે.

વાંચનાર વીચાર કર—તારૂ કારજ પુરૂ કરવાની જલદીથી કોશેશ કર; અને નવાં લોકોની જગા કરવાને તઈઆર થા.

## માતબર અને ગરીબ.

### એક અસલી બરાહમણે દીધેલી સીખાંમણ.

"ખોદાએ જેને દોલત બક્ષીછે અને તે દોલતને સારે રસતે વાપડવાને અકલ આપીછે, તે શખસ ઊપર ખસુસ ખોદાની મેહેરબાનીછે, અને તે દુનીયામાં ઊંચી પદવીએ પંકાયેલો રેહેછે.

"તે પોતાની દોલત ઊપર મઘનથી જુવેછે, કાંયેકે તે દોલતથી તેને સારાં કાંમ કરવાને બની આવેછે.

"દુખીયારા ગરીબને તે પાલેછે, તે જોરાવરને નબલા ઊપર જુલમ કરવા દેતો નથી.

"રેહેમ લાયક માણસોને તે સોધી કાહાડેછે, તેઓની ગરજીઆત શામાંછે તેની તે પુછપરછ કરેછે, તે દાહાપણથી અને ભબકા વગર તેઓને મદદ કરેછે.

"તે લાયકી વાલા શખસને મદદ કરેછે, અને બક્ષીસ આપેછે. તે હીકમતી લોકોને ઊતેજન આપેછે, અને દરએક અગતજોગ કામને ઊદાર હાથે વધારેછે.

"તે મોહોટાં સુભ કામ માથે લેછે, તેનું દેશ આબાદ થાયેછે અને તેથી ગરીબ કારીગરને ધંધો મલેછે; તે નવી યુકતીઓ ઘડેછે અને તેથી એલમમાં સુધારો થાયેછે.

"પોતાની ટેબલ ઊપરની ફાલતુ ચીજ પોતાની પડોશનાં ગરીબ લોકનાછે એમ ગણેછે, અને તેમાં તેઓને ફસાવતો નથી.

"તેની પરોપકાર બુધીને તેના ચહડતા નસીબથી અટકાવ થતો નથી. તેટલા માટે તે દોલતમાં ખુશાલ રેહેછે, અને તેનો હરખ ઠપકા લાયક નથી.

"પણ જે શખસ પુશકળ દોલત એકઠી કરેછે, અને માતરે પોતાની પાસે કબજાણમાં રાખીને ખુશ થાયેછે તે ઊપર અફસોસ હોજો.

"જે, ગરીબ ઊપર જુલમ ગુજારેછે, અને તેઓનાં ખરા પસીંદાની મેહેનત ઊપર વીચાર નથી કરતો.

"તે દયા લાવીયા વગર જુલમ કરીને શવી જાયેછે; પોતાનાં ભાઈની પાયમાલીથી તેનું દીલ કચવાતું નથી.

"ખીન વાલી બચાંનાં આંશુ તે દુધની મીસાલે પીએછે; રાંડીરાંડનો શોર તેના કાનમાં ગાયન વાગેછે.

"દોલત ઊપર પેયાર રાખીયાથી તેનું દીલ કઠીણ થઈ ગયલુંછે, તે દીલ ઊપર ગમ અને દુખ કાંઈ પણ અસર કરી શકતું નથી.

"પણ એ બેઈનસાફીની કદુવા તેની પછવાડે લાગુ રેહેછે; તે હમેશાં ધાસતીમાં રેહેછે; તેનાં મનની બેકરારી અને તેનાં જીવની લુટાલુટ, ખાહેશ, બીજાઓ ઊપર ગજબ ગુજારીયો તેનું વેર તેનો ઊપર લેછે

"અરે, ગરીબ લોકની દલદરી હાલત, આએ ખરાબ માણસનાં દીલનાં દુખ આગલ શુંછે!

"ગરીબ માણસને પોતાનાં જીવને દીલાસો આપવો જોઈયે, એટલુંજ નહી પણ ખુશી થવું જોઇયે; કાંયેકે તેમ થવાને ઘણા કારણોછે.

"તે સલાહ સંપજમાં પોતાનાં ખાનાં ઊપર બેસેછે, તેની ટેબલ ખુશામદખોરો અને ચાટનારાઓથી ભરાની નથી.

"આશરાથી પલી જનારાઓનાં ટોલાંથી તેને ઘબરાવું પડતું નથી, અને અરજદારોનાં કલકલાટથી તેને ચીરડાવું પડતું નથી.

"માતબરની લેહેજતોથી તે જેમ કમનસીબછે, તેમ તેઓનાં દરદોથી તે વેગલો રેહેછે.

"શું, જે રોટી તે ખાયેછે તે સવાદમાં મીઠી નથી? જે પાંણી તે પીએછે તે શું તેની તરસને ખુશ લાગતું નથી? હા, મોજી.લોકનો સઊથી ઊંચો દારૂ અને શરબત કરતાં વધારે સવાદદારછે.

"તે મેહેનત કરેછે તેથી તેની તનદરોસતી જલવાયેછે; તેને ખુશ ઊંઘ આપેછે, કે જેથી નરમ બીછાનાં ઊપરનો આલસુ તદન અંજાણોછે.

"તે નમરતાથી પોતાની ખાહેશ હદમાં રાખેછે, અને દોલત અને મોહોટાઈ મેલવીયાનાં કરતાં તેના જીવને સંતોશની ધીરજ વધારે મીઠીછે.

"તેટલા માટે માતબરે પોતાની દોલત ઊપર મગરૂર નહી રેહેવું, ઈયા ગરીબે પોતાની ગરીબાઈ જોઇને હારી નહી ખાવું; કાંયેકે ખોદા બેઊને સુખ બખશેછે."

## સીંગાપોરનું ટાપુ.

આ ટાપુ મલાકાની દક્ષીણ દસાએ અને ચીનના દરીઆમાં દાખલ થતાંજ આવેલુંછે. પુરવથી પશ્ચીમ શુધી તેની લંબાઈ પચીસ માઈલ અને પોહોલાઈમાં પંદર માઈલ ગણાયછે. એ ટાપુની સપાટી જરા અહીં તહીં ઊંચી નીચીછે, અને દરીઆની સપાટીથી સો ફીટથી વધારે ઊંચી જગા દીઠામાં આવતી નથી. બુકીતટીમા નામની ઊંચામાં ઊંચી ટેકડી બસો ફીટ ગણાયછે.–એ ટાપુનો કીનારો ઘણુંકરીને નીચો આવેલોછે અને તેની આસપાસ જંગલી જાહાડ અને રોપા ઊગેલા દીસેછે. એ ટાપુમાં કાચુ લોહોડું બહું મલી આવેછે, પણ કલઈ જે તેની પાસેના ટાપુમાંથી પુશકળ મળેછે તે અહીઆં બીલકુલ દીઠામાં આવતી નથી.

સીંગાપોરની હવા ગરમ કેહેવાયછે, પણ એક સરખી રૂત તાંહાં રેહેછે, અને તેમાં સેહજ ફેરફાર થાયછે. આખું વરસ હવા થંબ અને સફીર હોયછે. ચીનના દરીઆમાં અને બંગાળાના અખાતમાં તોફાન થવાથી એ ટાપુનો દરીઓ જરા ગરમ થાયછે. વરસાત કાંઈ મોસમસર પુશકળ આવતો નથી, પણ વારેઘડીએ

અવાર નવાર રૂતમાંબી વરસાતનું જાહાપતું થાયછે તેથી હવા બધી મોસમમાં ખુશ માલમ પડેછે અને સરવે વખતે લીલોતરી દીઠામાં આવેછે.

ચીના લોકોએ શેહેરની આગળની જમીનનો મોટો ભાગ ફળ તથા તરેહવાર જાતનો મેવો તથા તરકારી ઊગી નીકળવા લાયક બનાવીઓછે. તાંહાં તેઓ મેવો, તરકારી, ચોખા, કાફી, તથા રૂ અને ઘણુંકરીને મરી ઊગાડેછે. ઘણુંકરીને ઊંચી ટેકડીઓ ઊપરજ જાહાડપાંન થતું નથી, પણ તેઓની વચેની ખીનોની જમીન ઘણીવાર ફલવંત નીકળેછે. એ જગામાં માંગોસતીન, અનેનાસ, નારીઅલ, આરનજ, અને ફેરી ઘણીજ સારી થાયછે. યુરોપખંડની તરકારી એ જગામાં જાહાજી ઊગી શકતી નથી. સુમાતરા અને જાવાથી પુશકળ ચોખા લોકોના ખપને બરના આવેછે.

ઈ. સ. ૧૮૧૯ માંજારે ઈંગરેજ સરકારે એ ટાપુ સવાધીનમાં લીધું, તે વખતે તાંહાંના રેહવાશીઓની ગણતરી ૧૫૦ માણસની કીધામાં આવી હતી. ઘણુંકરીને તેઓ માછીમાર અને લુટારા લોક હતા. એઓમાંથી ૩૦ ચીના અને બાકીના મલાઈ લોક હતા. ૧૮૨૪ માં જારે વસતીની ગણતરી કરવામાં આવી, તારે ૧૦૬૮૩ અને ૧૮૫૨ માં એ વધીને ૫૯૦૪૩ થયાં હતાં.

સીંગાપોર ટાપુનું એજ નામનું શેહેર એ ટાપુના દક્ષીણ કીનારા ભણી આવેલુંછે. વેપારી લોકોએ પસચીમ તરફનું નાકું રોકીઊંછે. તેની અને ઊગમણ દશાની વચે એક નદી આવીછે, જે એક લાકડાંના પુલથી જોડી નાખીછે. એ ઊગમણ દીશા તરફ યુરોપીઅન લોકોના ઘર, સરકારી આફીસો, અને ફોજની છાવની આવેલીછે. એજ તરફ એક ટેકડી ઊપર સરકારી ઘર બંધવા બંગલો આવેલોછે.

શેહરના ઘરો ઈંતરડી અને ચુનાના બાંધેલાંછે, પણ શેહેરની બાહેરના દુરના ઘરો લાકડાંના હોયછે, તોબી તેની ઊપર નલીઆના છાપરાં રાખેછે. આ શેહરની પેદાશ, ખેરસાળ, મરી, કાફી અને જાયફળ અને એ વગેરે બીજી કેટલીક જીનસોછે.

સીંગાપોરનાં બંદરમાં કાંઈબી માલ ઊપર જગાત નથી અને વાંહાંણવાળાઓને કાંઈબી બંદરની "ફી" ભરવી પડતી નથી, તેથી ગાંમેગાંમનો માલ તાંહાં રેહલાઈથી આવેછે, અને તેના બદલામાં તાંહાંની રશાળ જમીન જે પેદા કરી આપેછે તે લેઈ જાયછે. એ શેહરનો વેપાર, ચીન, જાવા, સીઆંમ' મનીલા, મુંબઈ, મધરાજ, કલકતા, સીલાંન અને આરબસતાન અને ઈંગલંડ સાથે ચાલેછે.

---

## માડમ ડી. મેનટીનન.

આ ફરેંચ સ્ત્રી જારે નાંની હતી તારે પોતાનાં સગાંઓ ઊપર બોજ થઈ પડવાનાં સબબથી તેને એક બુધા સકારન નામનાં પાદરી સાથે પરણાવામાં આવી હતી. આ ધણી સાથે તેણીએ ઘણાં વરસ સારી રીતે કાહાડીઆં હતાં; પણ ૧૬૬૦ માં આ બુધાનાં ગુજરી જવાથી ને પાછી કંગાલ હાલતમાં આવી પડી હતી.

આ સ્ત્રીનાં દોસતોએ આ વખતે ફરાંનશના રાજા ચઊદમાં લુઈને તેની તરફથી અરજી કરી મોકલી અને તેમાં તેના બુધા વરને જે કાંઈ સરકારી બેઠો લવાજમ મલતો હતો તે માંગીઓ હતો. આ અરજીની કાંઈ દાદ નહી લાગાથી દંમપરદંમ બીજી અરજીઓ કરી રાજાને મોકલવામાં આવી હતી ને એટલા સુધી કે રાજા દરરોજ તેની નવી નવી અરજીઓ વાંચતાં કંટાલી ગયો. પાછલથી કોઈએક મોટે વાંધેની સ્ત્રીનો વગ લાગાથી રાજાએ તેનાં વરને જે લવાજમ મલતો હતો તેમાં કેટલોક વધારો કરી આ સ્ત્રીને કંગાલીઅતમાંથી મોકલી કીધી હતી; અને આટલું સુધી તેની દાદ નહી લીધી તે વીશે પોતાની દલગીરી જણાવી હતી.

થોડુંએક પછે નાધલા ડીયુક આફ મેનની ઊપર સીખવાની બાબદમાં તપાસ કરવાને રાજાએ આ સ્ત્રીને રાખી, અને તે વખતે તેણીએ રાજાને એક પતર લખીઓ હતો તે જોઈ તે અતી મગન થઇ ગયો હતો. આ બાબદથી રાજાની દરબારમાં તેણીનું આગલ વધતું થયું હતું, અને પાછલથી તેણીની કમાલીઅત તથા લાયકીથી તે ઘણી વધી હતી.

લુઈએ થોડુંકમાં મેનટીનન ખાતેની નામીચી મીલકત ખરીદી તેણીને આપી હતી. અને તારબાદ જાહેરમાં તે નામથી તે ઓલખાવા લાગી હતી. પાછલથી ખરી પવીતરાઈથી રાજાનો પીઆર તેણીએ મેલવીઓ, અને ૧૬૮૫ માં આ સ્ત્રીને રાજા પરણીઓ હતો.

આ રાંણીએ લુઇને સમજાવીને સેંટસીરમાં તરણસો મોટાં કુળની અને કેલવાએલી સ્રીઓને ધરમનું ગનેઆંન આપવાને માટે એક વરગ સથાપાવીઓ હતો, જાંહાં તે પોતે હમેશ જતી હતી.

લુઇનાં મરણ પછે આ રાંણીએ પોતાનો બધો વખત સેંટસીર ખાતે ધરમનાં કામોમાં રોકીઓ હતો.

## સમયસુચકતાનો વખાંણવાજોગ દાખલો.

જારે ભય અથવા આફ્તત એકાએક આપણા ઊપર આવી પડે તારે વગર ઘભરાટ કરવે ધેઆન ઠેકાંણે રાખી તે ભય અથવા આફ્તતમાંથી આપણે મોકળા થઈયે તેને સમયસુચકતા કેહેછે; યાને આપણને બરાબર સમે સુચના થઈ એવું કેહવાય.

આપણી જીંદેગીના અયામમાં કેટલીકવાર ભય જરૂર આવી પડેછે તે વખતે આપણે ધીરજ ખોઇ દેઇ અધીરા થઈએછે અને ઘભરાટમાં આરો રસતો પકડીએ છીએ. એવી વખતે જેવો ધીરજ રાખી સાવચેત રેહી ઊપાય સોધેછે તેવોને તરત કાંઇને કાંઈ સુચના થાયછે, અને ઘણીવાર તેથી આફ્તત ટળેછે. એવી રીતે ટળેલી આફ્તોના દાખલા બેસુમાર આપણા દીઠામાં આવેછે; પણ એવે સમે કેટલાંએક લોકો એટલીતો અતીઅંત ધીરજ રાખેછે કે જે આપણને અચરતીમાં નાખીઆ વગર રેહતી નથી. એવી ધીરજનો એક દાખલો નીચે ટાંકીએ છીએ.

લારડ કામેલફોરડના બાપના વખતથી તેના ઘરમાં એક વીસવાસુ કારભારી હતો. એ કારભારી તેના બાપના મરણ પછે તેની સરવે મીલકત અને વછુફાની આએપત અને બાડું જમા કરી લાવતો, અને તેનો પોતાના ધણીને હસાબ આપતો. હસાબ કરતાં છેક સાંજ પડે તેથી ભાડાં તથા આએપતની મોટી રકમ પેલો લારડ પોતાના ઘરમાંજ રાખતો અને બીજે દીવસે પેલા કારભારી હસતક બેંકમાં ભરતો.

આ રકમ બીજે દીવસે બેંકમાં ભરવા જતાં કેટલીકવાર કમતી થયેલી માલમ પડી; પણ હસાબમાં ભુળ પડેલી એવાં ધેઆનથી પેલા લારડે કાંઈ દરકાર કીધી નહી. આવી રીતે કેટલુંએક સુધી ચાલીઆબાદ પેલા લારડની નજર થઇ કે દર વખત આ રકમો ઘટવાનો સો સબબ હોવો જોઇએ તે મારે તપાસવું. એક વખત રાબેતા મુજબ હસાબ ચોકસ કરી પોતાની આએપત તથા બાડું પેટીમાં બંધ કીધું, અને બીજે દીવસે બેંકમાં ભરવાની પોતાના કારભારી સાથે ગોઠવણ કીધી.

આ પેટી એક બંધીઆર ઓરડામાં તે રાખતો હતો જે ઓરડો રાબેતા પરમાણે બંધ કરવાને એક રાતરે ઘરની ચાકરડી ગેઈ, અને બીજે દીને સવારમાં ઊઠી તે ઓરડો જાહડવાનો હતો તેથી બતી બુજાવી નાખી તાંહાંજ એક કોચ ઊપર સુઇ ગઈ.

થોડીક રાત ગયા પછે ઓરડાનું બારણું ઊંઘાડી કોઈનાં આવતાં પગલાં પેલીએ સાંભલીઆં. તરત તેણીએ ધારીયું કે ચોર હશે તેથી ઘાંટ વજાડવાનો વીચાર કીધો; પણ એટલામાં બારણું ઊઘાડી કોઈ અંદર પેઠું તેથી તે દંમ મારી ગઇ.

આ અંદર આવનાર ધાણી પેલો ઘરનો કારભારી હતો, અને તે સારી રીતે જાણતો હતો કે તે ઓરડામાં કોઇ સુતું નહી હતું તેથી બેપરવા ચાલી જઈ પેલી પઈસાની પેટી ઊંઘાડી અંદરથી કાંઇક કાહાડીઊ. એટલા વખતમાં પેલી દાસીએ બીહની બીહની આંખો ઊંઘાડી જોઇ લીધું કે આ કરપીણ તે ઘરનો કારભારીજ હતો.

જેવો પેલો કારભારી પેટી બંધ કરી આ કરપીણ રીતે મેલવેલા પઈસા લેઇ ચાલતી પકડેછે તેવીજ તેની નજર દાસીનાં કપડાં ઊપર પડી અને તે ચોંકી ઊભો રહેયો.

દાસીએ જોયું કે આફ્તત નજદીક આવીછે તેથી પોતે ભર ઊંગમાં હોય એવી રીતે ઊંગાઇ રહી. તોયે પેલાની ખાતરી થઇ નહી તેથી તરત ખીસાં માંહેથી ચલકતી છરી કાહાડી—આગલ ગીઓ, અને તપાસવા માંગીઊ કે જો જાગતી હશેતો ઘભરાઇને ઊઠસે.

આ વખતે દાસીએ સમયસુચકતા વાપડીને ઊંગાઇ હોય તેમ પડીજ રેહી. પેલાએ છરી છેક તેણીનાં ગલાં નજદીક ધરી અને તેની ધાર ગલાંને લગાડી તોયે પેલી જેમની તેમ પડી રેહી, જે ઊપરથી પેલા ચોરની ખાતરી થઇ કે તેને આ પાપમાં ફસેલો પેલીએ દીઠો નથી, તેથી તરત છરી બંધ કરી પોતાનાં ઘર ભણી ગયો. આ ઘર પણ લારડ કામેલફોરડનાંજ ચોકમાં હતું.

જેવો કારભારીએ રસતો લીધો તેવીજ પેલી દાસી ઊઠી જઈ પોતાંનાં ધણીને ઊઠાડી ખરવે કફીઅત

કહી, અને છેલે તેનાં ગલાં ઊપર છરી ધરી હતી તે કે હતાં બેસુધ થઈ પડી.

પેલો લારડ આ દાસીને પોતાની ધરીઆંણીને સોંપી કેટલાક ચાકરોને સાથે લેઈ પેલા કારભારીનાં મકાંન તરફ ગયો; પણ આ વાત તેનાં માંનવામાં હજુર સુધી આવતી નહી હતી.

એક ચાકર તરત પેલા કારભારીની ભીત ઊપર થઈ એક બારી ઊંઘાડી હતી તાંહાંથી જોયેછે તો તે પોતાનાં પાપનો બોજ (પેલા પઈસા) ખાંનામાં મુકતો હતો. તરત તેણે અંદર જઈ તેને પકડીઓ અને બારણાં ઊંઘાડી સરવેને દાખલ કીધા.

લારડની ખાતરી થવાથી તેને તરત પોલીસને હવાલે કીધો, અને બંદીખાનામાંજ પેલા કારભારીને જોગવાઈ મલવાથી પોતાને હાથે છરી વતે આપઘાત કીધો.

પેલીગંમ જરાવારે પેલી દાસી હુશીઆર થઈ પણ આ છરીની તેને એટલીતો અભત પેઠી હતી કે તે દીવસથી તે બેઘેઆંન થઈ ગઇ.

---

## સેરને માથે સવાસેર—એક ગુલામની વાત.

અમેરીકાના વરજીનીઆ.નામના શેહેરમાં થોડાંક વરસની વાતપર **મેથીઊ હોબસન** નામે એક ગુલામી હબસીઓનો વેપારી રેહેતો હતો. તે પોતે કાલી ચામડીનો હતો પણ તેણે **સેમ** નામનો સફેદ ચામડીનો એક હબસી વેચાતો લીધો હતો. **સેમ** લખી વાંચી જાણતો હતો અને બીજા ગુલામો કરતાં તે વધારે હુશીઆર તથા ચંચલ હતો. **સેમ** ને ચોરી કરવાની તથા જુઠું બોલવાની તથા દારૂ પીવાની ઘણી ખરાબ ટેવ પડેલી હતી તેથી **મેથીઊ હોબસન** તેને રોજ ખુબ પલાવ જમાડતો હતો. **સેમ** આ મારથી એટલોતો કંટાલીઓ કે તેણે પોતાના સેઠપર પોતાનો ખાર લેવાને મજબુત ઠેરાવ કીધો. **સેમ** સુધરીઓ એટલે તેનો સેઠ તેને નીયુ આરલીઅનસમાં કેટલાક ગુલામો સાથે વેચવા માટે લઇ આવીઓ. **સેમ**ને ખુબ ભપકાદાર પોશાકમાં તેનો સેઠ શેહેરમાં ફેરવતો હતો કે કોઈબી પુરૂશ એની ઊપર લોભાઈને એને મોટે દામે ખરીદ કરે. **સેમ** રસ્તામાં ફરતો હતો તેવામાં તેને એક ગરહસથ મલીઓ, જેણે એક ગુલામ ખરીદવાને પોતાની ખાંહેશ દેખાડી. **સેમ** બોલીઓ કે "સાહેબ માહારી પાસે એક ગુલામછે કે જે કદાચ તહમુંને પસંદ પડશે." પેલો વેપારી બોલીઓ કે "તીઆરે તો સાહેબ તહમારી મોટી મેહેરબાની, આજ કેટલાંએક દાહાડા થયા હું એક ગુલામને માટે ધુંધુંછુ, પણ મંહને કોઈ મલી શકતો નથી. સેઠ એની નકી કીમત મહને મેહેરબાની કરી કેહેશો?"

**સામ** બોલીયો "સાહેબ નકકી તહમુંને એના ૯૦૦ ડાલર ઈઆને ૨૨૫૦ રૂપીઆ પડશે. માલ પરમાંણે તો સાહેબ મુલ છેજ નહી. તે હાથનો ચોખો, બોલનો ખરો, અને નજરનો પાકછે. આલસ તો તેનામાં છેજ નહી. તમારી તે દાહાડી બોરી શકશે, માથુ હોરશે, તથા બુટ સાફ કરશે. હુંતો સાહેબ એના મોહોમાથી બોલ કાહાડતાં ૧૫૦૦ ડાલર ચોકાવતે, પણ અભાગીઆમાં એક ખામી મુઈચ."

પેલો વેપારી બોલીઓ "સાહેબ તેનામા શું ખોટછે?"

**સેમ** બોલીઓ "અરે સાહેબ બોલતાંબી હસવું આવેચ. તેના મનમા એવોજ વીચાર પેશી ગયલોછે કે તે સફેદ ચામડીનો માણસછે અને તે ગોલામ નથી."

પેલો વેપારી બોલીઓ "એટલુંજ કે સેઠ. એની કાંઇ ફકર નહી. સાહેબ કેહેવતછે કે માર આગલ ભુતબી નાહાસે."

**સેમ** બોલીઓ "હારે મેહેરબાન તહમેતો ગુલામોના વઇદજ છેઓ; તેની નાડ હાથમાં લાવતાં સાહેબને વીલમ કેટલો." પેલો વેપારી જે ઘણોજ ભોલો હતો તેણે **સેમ** સાહેબે જે કહયું હતું તે શઘલું માનયું. તે બોલીઓ કે "ઠીકછે સાહેબ આપણું સારૂં ઠેકો, પણ તે ગુલામ કયાંછે?"

**સેમ** બોલીયો "સાહેબ બારાંમાં આપણું વાહણછે. તીઆં માહારા બીજા ગુલામો સાથે તે રહેલોછે પેલો વેપારી બોલીયો "કાંઇ ચીંતા નહી મેહેરબાન. આ ૯૦૦ ડાલર ગણી લેઓ અને એની પોંચ મહને લખી આપો."

**સેમે** તરત પોંચ લખી આપી, **સેમીઊએલ હોપકીનસ** એવી સહી કીધી, અને પેલા વેપારીને કહયું જે તહમે વાંહાંણપર જાઓ અને કપતાંન સાહેબને માહારી સલામ કેહેજો, અને પુછજો જે **મેથીઊ હોબસન (સેમ**નો સેઠ) નામનો ગુલામ કયાંહછે. પેલો વેપારી વાંહાંણપર ગયો અને કપતાનને પુછીયું કે

ેથીઊ હોબસન નામનો ગુલામ કયાંછે. ેથીઊ હોબસન તુતકપર બેસી બીડી પીતો હતો તેની પાસે ્પતાંને પેલા વેપારીને મોકલીઓ. પેલો ભોલો વેપારી હોબસનને જોઈ બોલીઓ કે "પોરીઆ તાહરૂં નામ હોબસન કે ?"

હોબસન બોલીઓ કે "કેમ શું કામછે, મીજાજમાંને મીજાજમાંજ બેઠલોછો ?"

પેલા વેપારી બોલીઓ "પોરીઆ ઠીક થયું તું મહને ઘણોજ કામ લાગશે."

હોબસન ચીરડાઈને બોલીયો કે "કાકા તપાસીને બોલો. તહમે ચુકાછો ?"

પેલા વેપારી બોલીયો કે "લે અમથી છકર માકર; ૯૦૦ ડાલર આપી મેં તુંને તારા સેઠ સેમીઊએલ 'હોપકીનસ પાસેથી વેચાતો લીધોછે. પૈસાના પૈસા આપીઆ ને વલી તું સામો પતરાજી કરેછે. ઊઠ હવેતો હું તાહારો સેઠ થયોછું, સેમીઊએલ સાહેબબી હમણા આવતા હશે.

હોબસનનો મીજાજ એકદમ ગયો. ખુબ જોસાથી ને બોલીઓ કે "કાકા તહમારી શુધ બુધ ઠેકાણે છે કે નહી, શું તહમારી આંખ નથી કે હું સફેદ ચામડીનો માણસ છું ?"

. પેલા વેપારી બોલીઓ કે "ચપાડ હરામખોર તાહારી જબાં; તાહારા માથામાનો શઘલો પવન એક દજન સપાટાથી હું તરત કાહાડી નાખશ. તાહારા સેઠે જે વાત કહી તે ખરીછે કે હબસી હોવા છતાં તું ગોરા આદમીમાં પેસવાનો દાવો કરેછે. સેમીઊએલ સાહેબનો હાથ જો ઊપડને તો તાહારી સુધ ઠેકાણે કોએ દાહાડેની આવી હોને, પણ તે ગરીબ સેઠનુ રાજ ગયું અને હવે તું માહારો ગુલામ થયોછે." હવામાં હોબસને પેલા વેપારીને એક જોરથી મુકી મારી, અને પેલા વેપારીએ જોરથી હોબસનનો તોટો પકડીયો. પોલીસ વચમાં પડી અને હોબસનને જાંહાંસુધી તે યુનાઇટેડ સટેટસનો ગોરો આદમીછે એવું પુરવાર થાય તાંહાંસુધી નેઆધીસે બંદીખાને કેદ કરવાનો હોકમ દીધો. સેમ એટલામાં એક વાંહાંણમાં બેસી કોઈ નામન બંદર તરફ વરેણાં વાવી ગયો, અને નશામાં ,બસને પોતાનો ગુલામ ખોયો, અને બંદીખાનુ બોજવીપુ, અને પેલા વેપારીએ પોતાના ૯૦૦ ડાલરપર સોસ મુકો.

( .

## દરીયામાં ટેલીગરાફ.

ઈલિકટરીક (વીજલીના) ટેલીગરાફની મદદથી એક દેશ માહેથી બીજા દેશમાં સંદેશા મોકલવામાં આવેછે. વીજલી પેદા કરવાને અને સંદેશા મોકલવાને માટે તરણ ચીજ અગતનીછે. ધાતુ અને તેજાબ યા લોહચુંબની મદદથી વીજલી પેદા થાયેછે; સંદેશા લેઈ જવાને માટે ધાતુના તાર ગોઠવવામાં આવેછે અને સંદેશા વાંચવાને માટે કેટલીએક જાતના હથીયારો વાપડવામાં આવેછે

જમીન ઊપર ખુટા મારીને તે ઊપર તારં ગોઠવવામાં આવેછે, પણ જારે બે દેસની વચે મોટો દરીઓ આવેછે તારે તાર ગોઠવવામાં ઘણી સંભાલ લેવી પડેછે. દરીયામાં તાર ગોઠવતાં ઘણી અડચણો નડેછે. કેટલાએક હજાર માઈલનો એકજ તાર દરીયામાં ગોઠવી જયો અને તાર તુટી નહો જાયે, યા ખરાબ નહી થઈ જાયે એવો બનાવવો કાંઈ સેહેલ કાંમ નથી.

ઈ. સ. ૧૮૫૮ માં પેહેલવેહેલાં ઇંગલંડ અને અમેરીકાખંડ વચે તાર મુકવામાં આવીયો હતો; તે એટલોતો ખામી ભરેલો હતો કે વારેઘડીગે તુટી જતો હતો, અને કોહોને ચવાઈ જતો હતો. ગયાં બે વરસ થયાં એટલે ઈ. સ. ૧૮૬૫ માં ફેરીથી નવોં તાર ગોઠવવામાં આવીયો હતો. તે પેહેલાં કરતાં બનાવટમાં ઘણી રીતે સરસ હતો.

દરીયામાં ગોઠવવાને માટે તાર બનાવવામાં તરણ ચીજ ધેયાનમાં રાખવી જોઈયેછ. પેહેલાં દરીયાનું તલીયું કેવી તરેહનુંછે, સપાટ ઈયા ઊચું નીચુંછે. બીજું દરીયાનુ પાંણી તાર ઊપર શું ખરાબ અસર કરેછે, અને તરીજું દરીયાના જાંનવરોથી શું નુકસાની થાયેછે. એ બાબદ ઊપર થોડુંએક વીસતારીને જણાવવાની જરૂરછે.

પેહેલાં; જો દરીયાનું તલીયું એક ગમથી ઘણું જ ઊંડું હોયે અને આગલ જતાં મોહોટો પાહાડ ઊઠી આવીયો હોયેતો તાર વધારે ખપેછે. ઇંગલંડ અને અમેરીકા વચે, નજદીક ૨,૦૦૦ માઇલની વેગલાઈમાં, ૬૨૦ માઈલ લાંબો તારં વધારે ખપીયો હતો, માતરે દરીયાના તલીયાની ઊંચાઇ નીચાઈથી તાર વધારે ખપતો નથી, પણ વાંહાંણ આરૂંતીહું જયાથી તાર પણ આરો તીરો મુકાયેછે અને તેથી વધારે ખપેછે.

તાર ગોઠવવામાં ઊંચાઈ નીચાઈ નડેછે; એટલું

જ નહી પણ દરીયાનુ તલીયું ઘણુંજ ઊંડુ હોવાથી તારના વજનને લીધે બીજી અડચણો પડેછે. ઈંગ લંડ અને અમેરીકા વચેના આટલાનટીક માહાસાગર કેટલીએક જગા ઊપર નજદીક હડી માઈલ ઊંડોછે. હવે તારને એટલો જોરેમંદ બનાવેલોછે કે તે દર મા ઈલે ૭ાા ટનનું જોર વગર તુટવે ખમી શકેછે; અને તારનું વજન પાંણીમાં દર માઇલે માતરે ૧૪ હંડરવે ટ થાયેછે, તારે ઘણામાં ઘણું જોર બે ટનનું થાયેછે તે સેહેલથી ખમી શકેછે.

વલી એ સીવાએ બીજી અડચણો પડેછે. ઘ ણી વેલા તાર કામ કરી શકતો નથી. તેનું કારણ એમ માલમ પડીયુંછે કે જમીન મારે લોહોચુંબકનું જો ર ચાલે છે, અને જારે તે જોર વધેછે તારે તે તારમાં ૫ રી વલીને વીજલીનું જોર તોડેછે. હાલ સુધી એવો ઊ પાયે માલમ પડીયો નથી કે લોહોચુંબકનું જોર તારમાં જતું અટકવાઇ શકાયે. કાચ, ગટાપરચા અને એવી જ બીજી ચીજોનું પર વીજલીને બાહેરથી આવતાં અટકાવેછે, પણ એ ચીજો લોહોચુંબકના જોરને તોડી શકતાં નથી. ગયા વરસના સપટેમબર મહીનામાં લં ડન શેહેરમાં તોફાંણ થયું હતું, અને તરણ દીવસ લ ગી તારમાં સંદેશા ચાલતા અટકી પડીયા હતા, એ તોફાંણમાં લોહોચુંબકનું જોર વધુ હતું.

દરીયામાં તાર ગોઠવતા બીજી અડચણ એ પડે છે કે ખારૂં પાણી તારને બીગાડેછે. એનો અટકાવ કરવાને મારે તરાંબાના તારની આસપાસ લોહોડાંના તાર વીટાલેલાછે, પણ લોહોડાંનાં તારથી કાંઈ પણ અ ડચણ તલતી નથી એટલા માટે તેની ઊપર જસતનું એક પર આપેછે અથવા તે ઊપર ડાંમરમાં બોલેલો કાઠો વીટાલેછે.

પણ એ સીવાએ બીજી અડચણ એછે કે દ રીયાની તલીયે પાંણીનાં મોજા ચાલી જાયેછે અને તે થી તાર ખડક સાથે અકડાઇને ઘસાઈ જાયેછે.

વલી તાર ઊપર પાંણી એખલુંજ અસર કર તું નથી. દરીયામાં કાંઈ લખોખંદ જાંનવરો તારની ઊપર વલગી પડેછે, અને કાઠાને કરડીને તાર ઊંઘાડા પાડેછે, અને પછી પાંણી તે ઊપર જલદીથી અસર કરેછે. વલી જાંહાંથી તાર જુલનો હોયેછે તાંહાં કાં ઈ લખોખંદ કાલુ અને બીજાં નાંહાંનાં જાનવરો વલ ગેછે, અને તેનું જોર એટલુંતો થાયેછે કે તાર ખમી શ કતો નથી અને વારેઘડીએ તુટી જાયેછે. કેટલાં જાં નવરો એવાં આવેછે કે ગમે તેવી કઠણ ચીજ હોય છે તેમાં ભોક પાડેછે, તારે તેવોનાં દંખ આગલ તાર નો શું ગુજાકોછે ?

વળી તારના છેડા ગોઠવવાને મારે કેવી જાત નો કીનારો પસંદ કરવો જોઇયે તે અગતનુંછે. જે જમીન આગલ ખાડી અથવા ઊપસાગરનો કીનારો આવેલો હોયે તે જગા પસંદ કરવા લાયેકછે; કાંયેકે તાંહાં પાંણીનું જોર ઘણું હોતું નહી અને તાંહાંનાં પાં ણી પણ કોઈ વખતે ઊડાં હોયેછે; પણ એવી જગા ઊપર વાહાણ લંગરવામાં આવેછે અને તારના દોર ડાં સાથે ભેરવાઇને નુકસાની કરેછે, તેટલા માટે એવું બંદર પસંદ કરવું, કે જાંહાં વેપાર થોડો હોયે અને તાંહાં વાહાણ આવવાનું કારણ નહી પડે. દરીયામાં ગયેલી ઊંચી ટેંકવાલી જમીન પસંદ કરવી નહી. જો કે કીનારેથી જરા દુર પાંણી ઘણા ઊડાં હોયેછે અ ને વાહાણ લંગરવાની ધાસતી પણ રેહેતી નથી તોય પણ એવી જગા પસંદ કરવા લાયેક નથી, કાંયેકે તાં હાં મોજાઓનું જોર ઘણું હોયેછે અને તેથી ખચીતથી તારને વારેઘડીએ નુકસાની કરેયા વગર રેહેજ નહી.

આયરલાંડની દક્ષીણ તરફ વાલેનસીયા નામ નુ ટાપુ આવેલુંછે, તેની પસચીમ બાજુએ ફાઇલ હોમે રમ નામનો ઊપસાગરછે, તાંહાં હાલના તારનો એક છેડો આવેલોછે. બીજો છેડો અમેરીકામાં નીયુફાઊન ડ લાંનડના કીનારા આગલ તરીનીટી નામનો ઊપ સાગર આવેલોછે, તાંહાં મુકવામાં આવેયોછે. નજદી ક ૧૧૫૦ માઇલ પસાર થયા પછી દરીયો વધારે ઊં ડો માલમ પડીયો હતો.

હાલના તારની બનાવટ આગલના કરતાં કેટ લીએક રીતે જુદીછે. બેઊમાં તરાંબાંના સાત તાર મુકેલા હતા, પણ હાલનો તાર નજદીક તરણઘણો વ જનમાં ભારીછે. એક માઈલનો તાર ૩૦૦ રતલ વજનમાં થાયેછે. આગલા તારને ગટાપરચાના તર ણ પરમાં વીટાલેલો હતો, અને દર માઈલે વજનમાં ૨૬૧ રતલ હતો. હાલનાં તારમાં ચાર પરછે અ ને વજનમાં ૪૦૦ રતલછે. એ ગુચલાનો વેયાસ ન જદીક અરધી ઈંચ થાયેછે. એ તારના જથાને સ લામત રાખવાને મારે આગલ તેને ડામરમાં બોરેલા કાઠાએ વીટાલીને તેની ઊપર અધાર લોહોડાના

## સ્ત્રીઓએ ભણવા વિશે.

અન્તર બાહ્ય લાપિક.—દોહોરા.

સ્ત્રીઓ ભણે જો ભાવથી, કહું કષ્ટક સૌ જાય;
બોધ લઈ સૌ બાળકો, હુંસ્યાર હરખે થાય.
ધરે ગુણ સ્ત્રી સરસ્વતી, જ્ઞાન વંત કેવાય;
જો ભણી ગણી પુરિ બને, ન કોઈપિ છેતરાય.
હો ભુત ભમાડા વેમની, માંને નહી તે વાત;
ઈરિક હાઠ અને માટથી, વળી રહે દુર તે સાત.
નામ ન લે કંકાસનું, ધારે ધણીનું સુખ;
રહે સંસારી વાતમાં, રોજ દિન હસતે મુખ.
વાંચિ સીબોધ બોધથી, થાજો સદ્ગુણિ નાર;
ચેતવણી કાજ છે લખ્યા, સૌને શબ્દો આ હાર.

લા૦ દારા.

---

## ઈશ્વર પ્રાર્થના.

ભુજંગી છંદ.

પ્રભુજી તમારી શું ગાઈએ વખાણો;
તમોતો સઉમાં અધીકે પ્રમાણો;
નથી મુજમાં જ્ઞાન બુધ્ધિ અધીકે,
ગીતો ગુન વિસ્તર ગાવા અનેકે; ૧
બહુ સાધું સંતો દસ્તુરો દરેકે,
સહુ ગાઈ થાક્યા પંડીતો વટીકે;
કરી કાગળો લો પૃથ્વી જો ભરીને,
કરો સ્પાઈ ભેગી સમુદ્ર ભરીને; ૨
કરો લેખણો ડાળી કાપિ દરેકે,
નહી થાએ સંપુર્ણ સ્તુતી અદીકે,
ખુબીવંત હેવો ખરો ઈશ તેને,
ભજો ભાઈ ભાવે સહેતે કરીને; ૩
મળે જેથી પાપો તની મુક્તિ સારી,
પછીને ભજો બ્રહ્મ આનંદકારી;
ખરૂ સુખતોછે નકી તેજ ભાઈ,
કરી બંદગી જાવું સ્વર્ગ નિમાઈ; ૪

લા૦ દારા.

---

ચુક—ડીસેમબર માસનાં રમુજે ફુરસતનાં તરીજાં ઉખીઆનામાં "મારા નામના પેહલા અને બીજા અક્ષરથી મારા પીતરાઈનું નાંમ બનેછે," તેને ઠેકાંણે મારા નામનાં પેહલા અને તરીજા અક્ષરથી, કરી વાંચવું.

---

## પોંહોંચ.

નોંપદાર ગવરનર સર જારજ તથા લેડી અને મીસ હરીસ તથા ગવરનરના કારભારીઓ સુધાંનો એક નાટર "ફોટોગરાફ" ડીભરાઠ તોબાની અને વારનની તારફી હમોને ભેટ મળીઓ તેની ફોહોંચ ખાન સાથે કબુલ રાખીએ છઈએ. આ છબી નોંપદાર ગવરનર તથા લેડી હરીસને દેખાવ ઓળખાવે છે તો આ ચુન બનીઆઇ છે કે જેઓએ એક વારની આ જેડાને દીઠું હો તેઓને આ છબી જોતાંવેત તરત માલમ પડી આવે.

આ નમુના ઉપરથી હમો ખાતરીથી કહી શકીએ છઈએ કે આ છબી પાડનાર ઈંગરેજો પોતાના હોનરની ઘણીજ આછી મા હીતી ધરાવેછે.

**તંનદરોસતી ચોપાંનીઆના** તરણ આંક હમોને મળીઆછે. આ ચોપાંનીઉં દર મહીને નીકળશે અને એનો લખનાર વઈદક ખાતાંની કેળવણી લેઈ પસાર થએલો એક પારશી ગરાડયુએટ છે.

તંનદરોસતી જાળવવાને માટે કુદરતના કાયદા બરાબર સમજવાની સરવેને અગતછે પણ માઠા ભાગ્યે આપણાં દેશીઓમાં એ બાબદની એટલીતો થોડી માહીતીછે કે જેથી વારંવાર નજીવી બાબદમાંથી ડાકટરોને મેહનત આપેછે અને ઘણીવાર એવી સાધારણ સમજ નહી ધરાવવાથી નુકસાન દુખો પોતાની ઉપર લાવી મેલેછે. એવી બાબદની સાધારણ સમજણ અને બીજી દરએક માણસને જાણવા જોગ વઈદક શાસતરની અને તંનદરોસતીને લગતી બાબદો આ ચોપાંનીઆમાં લખાવા માંડીછે જે બાબદો સરવે મરદો તેમજ ઓરતો અને ઉધરતા જુવાનોને જાણવાની ઘણીજ અગતછે.

આ ચોપાંનીઆનો બોહોળો ફેલાવો થાય અને આપણ દેશીઓમાં આવી સાધારણ સમજણની ખોટ અને ખામીછે તે જલદીથી પુરાએ એટલા માટે આ ચોપાંનીઆની ઘણીજ જુજ કીમત રાખીછે, અને આ લખનારે એક દોકડાની હાંસલ વગર પરજાની એક અગતની બાબદમા સેવા બજાવવાને માથે લીધુછે તે માટે હમો તેનો પરજા તરફથી ઉપકાર માંનીએ છઈએ અને આ સુન કાંમ ચાલુ રાખી દેશીઓને ફાએદો કરેઓ જાએ એવી હમો આરજુ રાખીએ છઈએ.

પેહલા આંકમાં આ ચોપાંનીઆની અગત તથા તંનદરોસતી કેમ જાળવવી તે ઉપર કેટલુંક લખવામાં આવીઉંછે. વળી એજ આંકમાં મુંબઈમાં ચાલુ રોગ—તાપ, કસેળું, અને બલીસ ટર એ બાબદો વાંચીઆથી કેટલોક આલાજો માલમ પડછે જેથી દેશીઓનો મોટો ભાગ અણજાંણ છે.

બીજા આંકમાં મુંબઈ શેહરની આબોહવા, 'માણસનો ખોરાક, અને લગન, એ બાબદો ઘણીજ રસીલી તેમજ ઉપયોગી રીતે રચીછે. એ વગેરે બીજી બાબદો પણ જાણવા જોગ છેછે. આ બધી બાબદમાં લગનની બાબદ ઉપર હમો હમારા દેશીઓને ધ્યાંન આપવા કહીએ છઈએ અને આશા રાખીએછ કે તે વાંચવા બાદ તેઓ પોતાના આગળા વીચારો ફેરવશે.

**જરતોસતી અભીઆસનો** પાંચમો આંક કૃપાની રાહે મળીઓછે. એ આંકમાં અવસતાદાનની બાબદ કેટલાંક નવી બાબદો ઉપર અજવાળું નાખેછે.

ફરદીસને બનાવેલી ઇમારત બંધીની તવારીખની બાબદ વાંચીઆથી દેશીઓને કાંઈબી ખ્યાલ આવશે કે અસલી જમાનામાં સધું દુખી ગયું તેને યુરોપીઅન વીદીઆરથીઓ તવારીખ વગરતો ખરૂંજ પણ તે વીશે એક બાળબી જણાએલો નહી તે છતાં તે દુખી ગયણાને વીદીઆ બળથી તેરવી કાઢાછે અને આપણી નજર સાંમે આબેહુબ તે વખતની ઇમારત ધરેછે. આ બાબદ ખરેજ વાંચવા જોગછે.

**દેશી મીતર** નાંમનાં ચોપાંનીઆનો એક આંક તેના બનાવનાર તરફથી હમોને મળીઓછે. એ ચોપાનીઉં દર મહીને નીકળશે અને તેની કીમત ઘણીજ હલકી રાખવામાં આવીછે.

આ ચોપાંનીઆમાં "જરતોસતી મજહબ તથા ફરીસતની" વીશે એક બાબદ આવીછે તે ઉપરથી માલમ પડેછે કે આ લખનારનો એતેકાદ ખરીસતી મજહબ ઉપરછે. જોકે આ ચોપાંનીઉં ધરમ સંબંધી બાબદમાં નહી તોપણ બીજી બાબદમાં દેશીઓને ઉપયોગી થઈ પડશે એવી હમો આશા રાખીએ છઈએ.

# સ્ત્રીબોધ

પુસ્તક ૧૧ મું. ફેબરવારી ૧૮૯૭ આંક ૨ જો.

## પતીવરતા બાયડીનો વેહમી ભરતાર.

ભાગ ૪ થો.

પ્રકરણ ૧ લું.

### જુવાનીનો જોસરો—ડાહાપણની સલાહ.

પાદશાહ હાતમે પોતાના બેટા નરીમાનને જે સખત ઠપકો આપેઓ હતો તેથી તે શાહજાદો ઘણો બેચેન થઈ ગયો. પોતાની મોહોરદાર નવાજબાનુને પાહાદશાહે જે ધીકારની નજરથી જોઈ તે ઉપરથી શાહજાદા નરીમાનનાં દીલમાં કરોધનો આતસ વરસવા લાગો. નવાજબાનુ જે આટલું શુધી ચુપ હતી તે હીંમતથી બોલી કે "પાહાદશાહ હાતમની હું ઘણી દરકાર કરતી નથી. હું તેહેને કેહેવાને તઈયાર હતી કે જે સુરય તેહેના નાદર મેહેલને ચકચકીટ કરેછે, તેજ સુરય માહારી ગરીબ ઝુપડીપર તેના સુંદર કીરણો ફેંકેછે. માહારા જીગરના હાર નરીમાન આ ગરીબ ઝુપડીમાંથી તાહારાં પગલાં પાછાં ફેરવ નહીંતર તાહારા બાપનો કોપ તાહારી ઉપર ઉતરશે. તાહારી પોતાની હાલતપર માહારા દીલદાર તું નેગાહ કર. જે સપનામાં તુએ મહને ગરકાવ કીધી હતી તે સપનું હવે વહી ગયુંછે અને તાહારા બાપની નારાજી છતાં દીલાવર દેશની રાણી થવી તે કરતાં શુખ અને આરામમાં માહારાં મેંટાં બકરાંની રાણી થવા હું વધારે બેહેતર ગણુંછું; દોડ નરીમાન તાહારા મેહેલ તરફ દોડ. માહારાં આંસુની નદી આ પહોશના મેદાનમાં દોહે તોયપણ તાહારી મોહોબતની ઈયાદ નરીમાન માહારા દીલમાંથી નાબુદ થનાર નથી."

પણ નરીમાન કાંઈ હીચકારો ન હતો કે પોતાની ખરી મોહોબત એક ખુબશુરત કાબેલ તથા દાનાવ સ્ત્રી સાથે બાંધેલી પોતાના બાપની ધમકીથી છોડી દે. તેના બાપની દોલત તથા તેના રાજપાટનો વારેશ તે હતો, પણ તેની દરકાર કરવે પોતાની મોહોબત આગલ પોતાના બાપનું કાંઈ પણ ચાલવા દેવાને તે ખુશી ન હતો.

જાનબખશ જે પાહાદશાહની પછવાડે રહયો હતો તેની ખાતરી થઈ કે નરીમાનને નવાજબાનુથી જુદી પાડવી એ બાવલના ઝાડપરથી આંબા તોડયા સરખુંછે. ભરદરીઓ ઓલંગી આવેલી એક કીસતી નદી કાઠે હુબે તેહેવો હાલ આ જોડાંનો જોઈ ભલા જાનબખશના દીલમાં રેહેમદીલી આવવા લાગી. નરીમાનની મોહોબતમાં ખલલ કરવી એ જાનબખશને મલલીનો માલો ચુંથવા શરીખું લાગું. બુઢા જાનબખશે નરીમાનનો હાથ પકડીને કહયું કે "બેટા હીંમત ધર. તાહારા બાપનાં સવભાવથી તું સારીપેઠે વાકેફછે અને હાલ તેહેની સાથે તકરાર કરવી એ પવન સાથે લડયા બરાબરછે, તેથી હાલ બાહાદશાહ આગલ જવાનું તું મોકુફ રાખ."

નરીમાન—પીયારા જાનબખશ એવોજ માહારો વીચારછે કે દીલાવરને છેલલી સલામ કરવા હું ધારૂંછું. માહારા કરૂર પીતાના પંજામાંથી છટકવું હું સાંપની ફેણુથી છટકયા બરાબર ગણુંછું. માહાસાગર જો પોતાનો છુપો ખજાનો માહારા પગ તલે મેલે; આખી પુરૂથવી જો પોતાનાં પેટારખાનાનો દરવીઅ મહને નવાજેશ કરે તોબી જાનબખશ હું માહારો કોલ પાછો ફેરવનાર નથી. મેહેલે અને મંદીરે આરામ કરી મોહોબતની અગનીમાં સારાં હાડને પજલાવવું તે કરતાં સનેઆસીની ઝુપડીમાં ઘાસપર બીછાનું કરી નવાજની મોહોબત ભોગવવી હું કરોડઘણું સરસ ગણુંછું. જયારે માહારા પીતાની નજર આગલથી હું ગુમ થવશ તીઆરે પયારા જાનબખશ તાહારી ઉતમ સલાહ તેને આપજે. હું અને માહારૂં નસીબ સાથે છઈયે. એક જાહાજ હાલ તઈયારછે જે પર સવાર થઇ હુમો જલદી આ દેશથી રૂખશત લઈશું. કયાં હુમો જવા ધારીએ છઈએ તે જાણવાની તુંને અગત નથી."

જાનબખશે વીચાર કીધો કે આજ કેટલાં વરસ થયાં હું ગુલસતાનથી તરીપારછું તેથી પાછું માહારૂં વતન જોવાને અને માહારા આગલા ધણી પાદશાહ જોરાવરને મલવાને બીજી વધારે સારી ટક મલનોર નથી, તેથી જો કાંઈ પણ કરીને નરીમાન તથા નવાજબાનુંને હું ગુલસતાન શેહેર મોકલુંતો એઓની પુઠે મહને જવાને બની આવે, તથા માહારી તથા એઓની બેહુની મતલબ સમવાઈ શકાએ. એવા વીચારથી તે બોલયો કે "બેટા નરીમાન હું તાહારા પીતાનો મોહોટો દોસતછું, તાહારૂં કાંઈ પણ રીતે સારૂં થાય

એમાં હું મઘનછું અને તેથી કરી મજ સરખા એક કસાયલા બુટાની શીખામણ તથા સલાહપર જો તું અમલ કરે તો તુંહને અપરમપાર ફાયદો તથા લાભ મલશે હું તુંહને એવી જગાએ મોકલું કે જયાંહ તુંહને તાહારી આબરૂ પરમાંણે માન તથા આદરભાવ મલશે, અને જયાંહ તાહારી મોહોરદાર સાથે તું વગર હરકતે નેકા કરી શકશે.

નરીમાન—હેં હેં જાનબખશ એમ શું બની શકે! ખરેખર એતો એક મોજેજો કેહેવાય.

જાનબખશ—તું કેઇ જગાએ જવા ધારેછે?

નરીમાન—હજુરે શુધી મેં મુતલગ વીચાર કીધો નથી પણ સરવે ચીજ કીસમત પર રાખેલીછે.

જાનબખશ—તીયારે ધીયાન ધરીને સાંભલ. જો તું આ દેશમાંથી જવાનજ ધારતો હોયતો ગુલસતાન દેશ જવાની હું તુંહને મજબુત ભલામન કરૂંછું. જોરાવર બાહાદશાહ તાહારી બનતી મદારત કરશે અને તાહારા બાપને જે અપમાન આપયુંચ તેને માટે તાહારી પાસે દરગુજરી માંગશે.

નરીમાન—પણ હું જોરાવર પાસે શા બાહાનાથી જાઉં?

જાનબખશ—એમ કેહેજે કે માહારા બાપ હાતમે મહને તુંને દીલાશો દેવા મોકલેલોછે.

નરીમાન—પણ બુદા જાનબખશ પાહાદશાહ હાતમના બેટા સરખો ઠાઠ રાખવાને હમારી પાસે કાંઈપણ નગદ નથી.

જાનબખશ—દરનાં; બેટા ગુલેસતાનની શઘલી માહારી જાગીર તાહારેજ માટેછે.

જાનબખશની આવી મમતા ભરેલી ચાલથી શાહજાદા નરીમાનને ઘણોજ હરખ પેદા થયો. તેણે બુદા જાનબખશની દરેક સલાહ પરમાણે ચાલવાનો મજબુત ઠેરાવ કીધો. જાનબખશના કહવાથી તેણે પોતાનો પોશાક ઉતારી એક ખરવાદનો પોશાક લીધો, અને બુદા જાનબખશના આશીરવાદ લઈ નરીમાન અને નવાજબાનુ હસતે મોહોડે દીલાવર દેશ છોડી ગુલેસતાન તરફ જવાને વાહાણમાં સવાર થઈ હંકારી ગયાં.

---

## પ્રકરણ ૧ જું.

## કરતુક તેવાં પરીણામ—મોહોબતનું સંકટ.

"કર તેવું જો" તે પરમાણે બાહાદશાહ જોરાવર પોતાનાં કરતુકોનાં પરીનામ ચાખતો હતો. પોતાની રાણી ગુલમોહોર તથા પોતાના બેટા સોહોરાબના મોહોતને માટે જોરાવર હરદમ રૂદન કરતો હતો. જે નીરદોશ બાલકને તેણે રૂસતમ ગેડે હાર કરાવવા મોકલીઉં હતું તેનો ગમ પણ પાદશાહ જોરાવર પોતાના દીલથી ભુલીયો ન હતો. મેહેરબાનું હરદમ પાહાદશાહની ભેટ લેતી હતી અને એ બલી ઉમરાવજાદી પોતાની ચકતી જુનમ મીઠા શબરોથી પાદશાહના થાહ રૂજાવતી હતી. જોરાવર બોલીયો કે "એો કમબખત, કમબખત, ખરેજ હું કમબખત! ગુલમોહોર તાહારી ઘેરમાથી એક શબદ પણ બોલ અને દુખીઆરા તાહારા બાપારના જીવને નીરાશીના અંધારમાંથી તારવી કાહાડ. જયારે તાહારી નેકીના વીચાર કરી માહારા જીવને સંતાકુચ, તીયારે માહારા કરતુકોની ઈયાદ માહારાં દીલને તીરની માફક વીંધેચ. ધનમાલ, સુખપાલ, સાહેબી કરતી માહારી ગુલમોહોર, ગુલલાલા સમ ફુલતી કાં ઘેરમાં આજ સુતી? નીરદોશ તજના બાલક બે, ગુલાબની ખીલતી મોહોર જાલમી હાથે કીધાં જબે, માતા બાલકનો એકજ ઘેરં.

મેહેરબાનુ—નામવર પાદશાહા ગુલમોહોર સંરખી રાણી સારી પરૂથવી જો તું ધુનેતો તુને મલનાર નથી. તે રાણીને માતર અદેખાઈને લીધે તુંએ ઠાર કીધીછે.

જોરાવર—મેં ઠાર કીધી! અરે મેહેરબાનું ફરીથી એ શબદ બોલતી ના.

નોદર (એક ઉમરાવ)—બાનું નહીં નહીં તાહારા મોહોમાંથી બીજા વચનો નીકલતે તો પાદશાહને એટલો ખેદ થતો અટકતે.

મેહેરબાનુ—તહમારો શું એવો વીચારછે કે બાહાદશાહ બીજી રાણી કરે?

નોદર—જો એમ નહીં થાયતો રાજને મોહોટી હાણી પોહોચે

મેહેરબાનુ—ગુલમોહોર સરખી રાણી ફરીથી મલનાર નથી. અને બીજું દેવોના હોકમની સામે આપણથી થવાઈ શકાય નહી, કારણ કે જયાંહ શુરી પાહાદશાહની ખોવાઈ ગએલી બેટી પાછી નહી મલે તીયાંસુધી પાદશાહ જોરાવરને તીયાં ફરજંદની વરધી થનાર નથી એવી અગમચેતી ઓપાલોને મોહોડેથી અગાઉ થઈ ચુકોછે, અને પાહાદશાહની બેટી પાછી આવી મલે અને માહરો ધણી રૂસતમ પોતાની ઘેરમાંથી પાછો દેખાવ દીએ એ માનવું અકલથી સરીઆમ ઉલટું છે.

જોરાવર—મેહેરબાનુ હું કંસમ ખાઉંછું કે તાહારા હોકમ વગર ફરી હું કોઈ સાથ નેકા કરનાર નથી.

એટલામાં પાહાદશાહ જોરાવરને ખબર મલી કે દીલાવર દેશનો શાહજાદો નરીમાન અને તેની નામવર બાનું નવાજ તેને મલવા માટે મેહેલ ભણી આવેછે. પાહાદશાહ તેઓને મલવાને બાહાર નીકલેઓ અને આ નીચે રાંકેલી તેઓ વચે ગોફતેગો થઈ.

જોરાવર—આવ બેટા નરીમાન આવ. તુંહને જોયાથી માહારી છાતીમાં હરખ સમાનો નથી. તાહારા અને તાહારા પીતાનાં ચેહેરામા હું કયો ફરક જોતો નથી અને આજ માહરે તાંહાં પાદશાહ હાતમ પોતે આવયો હોય એવું હું ગણુંછું. બેટી તું પણ હીઆં આવી તેથી હું તારો મોટો આભારી થયો છું. અરે ઓ ઈશવર માહારી પણ બેટી જો હોત તો આજ તાહારા શરખી દેખાત. ઈશવરનો કોપ માહારી ઉપર ઉતરયો અને બરગસને દાહાડે હાતમ સરખા પાહાદશાહની મેં દોસતી ખોઈ.

નરીમાન—બાહાદશાહ જોરાવર હું માહારા પીતા હાતમનાં હોકમથી ગુલેસતાન આવયોછું, અને મહને કેહેવા ફરમાવયુંછે કે હજુર સુધી ગુલેસતાનનાં બાહાદશાહ અને દીલાવરનાં બાદશાહ ભાઈઓછે. જે દોસતી માહારા પીતાએ તહમો નામવર સાથે નાનપણથી રાખી હતી તે હજી કાએમ છે અને કુલ પરૂથવીનું લશકર સામું ફરે તોપણ દીલાવર ગુલેસતાંન સંગાથે વેર બાંધનાર નથી.

જોરાવર—એ નેક પીતાનાં નેક પુત્ર ! તાહારા બોલો ગમે એવા મધુર પણ મહને જેહેર સરીખા લાગેછે. તાહારા પીતા સામે જે મેં નાહેક વેર વસાવ્યું હતું તે માટે હું દીલોજાનથી પશચાતાપ કરૂંછું, અને માહારી બદીમાટે મહને નેક બદલો મલે તે માટે હું ઘણો પશેમાન થાઉંછું.

નોદર—(તરત આવેછે) પાદશાહ સલામત દીલાવરનો નામવર સરદાર હાતમ હમણા મુલાકાતને માટે આવે છે, અને મહને ફરમાવયુંછે કે શાહજાદો નરીમાન જે ગુપચુપ દીલાવરથી એક ભરવાડની બેટી સાથે નીકલી આવયોછે તેને નાહાસવાની તક આંપવી નહી.

જોરાવર—હાતમ કયાંહ છે ! બોલ.

નોદર—હમણાં માહારી પુઠે આવેછે. જાનબખશ પણ સાથેછે. વાટમાં આ બાનું (નવાજ) નો પીતા અને ભાઈ પાહાદશાહ હાતમને ભેટયા કે જેઓને સુલીએ ચહડાવવાને પાદશાહે ધમકી આપીછે.

નવાજબાનું—અરે માહારા ગરીબડા બાપ તાહારા શા હાલ થશે. દીલદાર નરીમાન ઈશવર આપણા નેકામાં રાજી નથી.

નરીમાન—જાનબખશ, તાહારો દોજખમાં ઠાર થજો. તુંએ હમારૂં સતયાનાશ વાલયુંછે.

જોરાવર—બેટા નરીમાન શું નવાજ રાજાની દીકરીછે ?

નરીમાન—હા હા જયારે માહારી સાથે એ પરણીચ તયારે એ રાજાનીજ બેટીછે.

જોરાવર—બેટા હું ઘણોજ દીલગીર છું કે તુંને તાહારા બાપ સાથે અનબનાવ થયોછે. જેવી તાહારી માસુક ખુબસુરતછે તેવીજ જો ઉતમ તોખમની હોતતો આટલી બધી પીડા તુંને વલગત નહી.

નરીમાન—નામવર પાહાદશાહ, ગમે એવો હમારી પર ગજબ પડે તોયપણ હમારી મોહોબત એક તણખાં બાર પણ કમતર થનાર નથી. હે મુરબી ખાવંદ એક તહમારી પાસ માહારી અરજછે અને તે હું ઘણીજ કાકલુદીથી તહમારી આગલ ગુજારૂંચ, તે એકે માહારા પીતાને તહમે સહમજાવવા માથે લેઓ અને માહારી પુર ખાતરીછે કે માહારો પીતા તહમારૂં બોલેલું નાકબુલ રાખશે નહી. એક મોહોબતથી બંધાયલાં જોડાંની તરસ મટાડવી એમાં પુનછે.

જોરાવર—ચાલ બેટા, નરીમાન હું તાહારા પીતા પાસ જાઉંછું અને ઈશવર કરશેતો તહમો ફતેહ પામશો.

---

## પ્રકરણ ૩ જું.

## આસમાનનું ચકકર.

આદમપર દુખ તેમજ સુખ હરદમ રેહેતું નથી. આસમાનનું ચકકર હંમેશ ફરતુંછે. જે પુરૂસ આજે સુખી તે કાલે દુખી, અને જે, આજે દુખી તે કાલે સુખીછે. પાદશાહ જોરાવરની આંખોમાંથી દુખનાં આંસુઓ શુકાઈ જાઈ હરખનાં આંસુઓની ધારા ચાલવા લાગી. નીરાશ થઈ બેઠેલો જંગલનો સાધુ આશ ભરેલો થઈ પાછો દુનીઆદાર થઈ ગયો. જે બુદા ભરવાડે રેહેમદીલી આણી અઘોર જંગલમાંથી નવાજને પોતાનાં આશરામાં લીધી હતી તે નવાજ પાદશાહ જોરાવરની બેટી હતી, જેને જોરાવરે પોતાનાં ઉમરાવ રૂસતમ સોડે ઠાર કરાવવા મોકલી હતી. પાહાદશાહ જોરાવર ભરવાડને મોહોડેથી આ વાત શાંભલી ઘણોજ મધન થઈ ગયો. તે નાચવા અને કુદવા લાગો, અને પેલા બુટાં ભરવાડને આશીરવાદોથી અને નજરાનાથી ભરપુર કરી નાખેઓ. ખોએલું રતન મલવું કઠણ પણ ઈશવરની પનાહથી પાદશાહ જોરાવરને પોતાનું ખોએલું રતન પાછું મલયું. મેહેરબાનુંનો ભરથાર રૂસતમ જે પોતાના કરૂર સેઠનો જાલમી હોકમ બજા લાવવા ગયો હતો તેને પોતાનું ચંડાલ કરમ કરી પાછો ફરતાં એક રીછે ઠાર કીધો હતો. ઈશવરની લાકડીને અવાજ નથી, અને જાલમીઓ ઘણુંકરી પોતાના કરતુકો હીંયાંજ ભોગવેછે. રૂસતમનું વાહાણ અને તેના ખલાસીઓ પણ એક ખડક સાથે અફડી ફના થઈ ગયા હતા અને એ પરમાંણે જેઓ એક નીરદોશ બાલકને મારી નાખવાને ગયા હતા, તેઓ પોતેજ ક મોહોતના મરણની ફેજે પોહોંતા. જુલમી થાય જબે !

---

## પ્રકરણ ૪ થું.

## જુની આંખે નવાં કોટક—જાદુઈ તલેસમ.

નવાજબાનું બીચારી હાતમના તાણમાથી મોકલી થઈ. એક ગરીબ ભરવાડની બેટી નહી પણ નવાજબાનું ગુલેસતાનના બાહાદશાહ જોરાવરની એકપુરી બેટી હતી. નવાજબાનું પોતાના પીતાને મલવાથી ઘણોજ આનંદ પાંમી, પણ તેની માના ઘણાજ ખરાબ રીતે મરણના સમાચાર શાંભલી તે પાછી દલગીર થઈ. મેહેરબાનું નવાજને ઘણાજ હરખથી પેટમાં ચાંપતી કારણકે ગુલમોહોરે પોતાનું ફરજંદ મેહેરબાનુંને સોપયું હતું. પણ નવાજબાનુંને એક દીલાસો મલયો તે એકે મેહેરબાનું પાસે તેની મરનાર માતા રાણી ગુલમોહોરનું એક બાવલુ હતું જેને માટે મેહેરબાનું ઘણીજ તારીફ કરતી હતી. મેહેરબાનુંના બોલયાપરથી એવું માલમ પડતું હતું કે તે બાવલું કોઈ કેકાઉસ નામના કીસબીએ બનાવયું હતું, અને જેઓએ જોયું હતું તેઓ એવું મત આપવા લાગા કે એ પુતલાંમાં કોઈ જીવ મુકેતો તે જીવતી રાણી ગુલમોહોર બની રેહે. આવું એક નામીચું પુતલું જોવા માટે સરવે જણે પોતાની ખાએશ દેખાડી, અને તેથી પાદશાહ જોરાવર તથા નવાજબાનું તથા બીજા ઉમરાવો મેંહેરબાનુંના મેહેલ તરફ ચાલયા. પાદશાહ જોરાવર બોલયો કે "નેક મેહેરબાનું આ મેહેલમાં હમોએ તરેહવાર બાવલાં જોઈ હમારા જીવ ખુશ કીધાછે, પણ મેહેરબાંની કરી માહારી નવાજને તેણીની નેક માતાનું બાવલું દેખાડવાની તજદી લેવી. "મેહેરબાનુએ એક પરદો ઉંઘાડીઓ અને રાણી ગુલમોહોરનું સુંદર બાવલું શઘલાંની નજરે પડયું. રાજા તથા એના મંતરીઓ મુગા મંતર થઈ ઉભા. જોરાવર અંતે બોલીઓકે "હા", કેકાઉશ ધન તાહારી માતાને; શું આબેહુબ ! શું ચેહેરો ! તેહેવીજ ઉભી રેહેવાની ઘપ ? અરે ઓ ગુલમોહોર ! શું બરગસત માહારો સેતારો ? પણ મેહેરબાનુ ગુલમોહોરના મોહોડાંપર એટલી કરચલી ન હતી."

મેહેરબાનુ—નાંમવર પાદશાહ એમાજ કેકાઉશની મો

હોટી ખુબીછે. ગુલમોહોરને સવરગવાસી થયાને આજ સોલ વરસ થયાંછે, અને આજે જે ગુલમોહોરનો રંગ તથા ઘપ છપ હોવી જોઈએ તે આ બાવલામાં દેખાડવાની મકસદ રાખીછે.

જોરાવર—હા ખરેખર ખરેખર ! માહારી રાણી આજ આવી હોવી જોઈએ. નવાજ તાહારી નેક માતા તાહારી સનમુખ ઉભીછે. ઓ ગુલમોહોર બોલ આ તાહારી નવાજને ખાતર બોલ. ઓ ખોદાખાતર કોઈ એપર પાછો પદદો નાખતાના.

મેહેરબાનુ—નામવર જોરાવર હવે બસ કરો નહીંતર તહમને એવું લાગશે કે એ બાવલું હીલેચ અને ઉલટો તહમુને ખેદ થશે.

જોરાવર—કાંઈ ફ્કર નહી કાંઈ નહી. મહને લાગેચ કે એ દમ લેચ ! હા આંખનાં પલકારા ! જાણે માહરી જીવતી ગુલમોહોર.

મેહેરબાનુ—નામવર બાહાદશાહ હવે મહને પદદો ખેંચવા દેઓ, તહમુને જુઠો વેહેમ લાગેચ કે એ જીવતુંછે.

જોરાવર—ફકર નહી મેહેરબાનું. વીશ વરસ શુધી જોતાં જો હું દેવાનો બની જાંઉ તોયપણ હું ખાતરીથી કહુંચ કે હું હટું નહી.

મેહેરબાનુ—હું નીશચય દીલગીરછું નામવર જોરાવર કે તહમારા ઘાહ હું પાછા તાજા કરૂંછું, પણ એ કરતાં વધારે ખેદ તહમુને કરવામાં માહારામાં શકનીછે.

જોરાવર—હા ગુલમોહોર, માહારી બાનુ માહારી રાણી ! હું ખચીદછું કે તું દમ લેચ. હા ગુલમોહોર તાહારા ગાલને એક બોસો દઉં.

મેહેરબાનુ—ખુદાવંદ નહી નહી હજુર રંગ તાજોછે અને તહમે બાવલાંને ખરાબ કરશો. હવે મેહેરબાંન મહને પદદો નાખવા દેઓ.

જેરાવર—નહીં હજુર વીસ વરસ શુધીતો નહી.

નવાજબાનું—માતા માહારી તુંજની પુતરીપર નેગાહ કર. વરસનાં વરસ લગી જો નીરખું હું તાહારૂં રૂપ તોયપણ માહારા હઈયાની હાય બંધ પડે નહી

મેહેરબાનું—પાહાદશાહ સલામત જો ઝીસકીન સેવકને હોકમ ફરમાવો તો હજુર વધારે ઓચંબામાં તહમુને નાખું. પણ તહમો નામવર માહારી ઉપર કફા થાઓ કે માહારા દઈત અને ડાકણો મદદનીશોછે. માહારા હોકમથી આ બાવલું હીલી, ચાલી તથા બોલી શકશે.

જોરાવર—નેક બાનું જેટલું તું કરશે એટલું ધીરજથી હું જોવગ. કારણ દુખની છાતીને દાહાસ દેવાની અગતછે.

મેહેરબાનું—ગાઓ માહાગ ગવઈઆ અને આપણી રાણી ગુલમોહોર બાનુને નીંદમાંથી સજાગરૂ કરો. (ગવઈઆ ગાએછે) એટલામાં પેલું બાવલું નીચે જમીનપર ઉતરયું, અને ધીનીગમથી પેગીગમ એક સજીવન માણસની પેઠે ફરવા લાગું. તેણે આવીને પાદશાહનાં ગલામાં પોતાનો નાજુક હાથ નાખેઓ, અને પાદશાહ જોરાવર અરધો બાહોશ બની ગએ. મેહેરબાનું બોલી કે, "પાહાદશાહ જોરાવર જે ગુલમોહોરને તુંએ તાહારા બીછાનાપરથી ફેંકી જખને હવાલે કરી હતી તે સવરગનાં બારણા ફોડી તાહારી દુખીઆરી છાતીને દીલાસો આપવા આવીછે. સુંદર નવાજ તાહારી સનમુખ તાહારી માતા ઉભીછે જેના પરતાપથીજ તું સીંહના પંજામાંથી એજગબી બચીછે. માંગ તાહારી માંના આશીરવાદ અને પાએ પડી ઈશવરનાં શુકર ગુજાર કે તાહારી ખરી માતાના દરશન કરવાને તુંને ઈશવરે ઈપારી આપીછે. (નવાજબાનું પોતાની માને પગે પડેછે.)

ગુલમોહોર—"આકાશી ફરેસતાઓ સવરગની બારીઓ ખોલી માહારી બેટીનાં શીરપર તહમારા આશીરવાદ રેડો. હે દાદગર દાતાર, સરવોતમ, સરવગ્નાન, માહાબલ, માહાબુધીમાન, સંરક્ષીત આજ તાહારે પાએ પડી તાહારી જનાબમાં કરોડો શુકર ગુજારૂંછું. દુખનાં દરીઆ ઓલંગાવી સુખનાં સાગરમાં આજ તુંએ મહને મેલીછે. જીવનદાતા પરમ કુરૂપાલુ અગાધ તાહારી કુરૂપાથી આનંદકારી, જેજેકારી આ નગરીમાં વસીછે. બેહદ તાહારી ખુદરતથી ભયંકર રાણમાં પડેલાં રડતાં બાલકનું રૂદન ચપાડવા તુંએ રેહેમથી એક ભરવાડનું દીલ રોશન કીધું, અને ફુલે ગુલેસતાનનાં ખોએલાં રતનની તુંએજ જતન કરી અમર સુખ હમને પરાપત કીધું, જેથી ઓરત, ભરથાર, ને બેટી તરણે જણ તાહારે પાએ પડી એક અવાજે અને એક દીલે તાહારી સતુતી કરીએ છઈયે." આવી રીતે ઈશવરની સતુતી કરેઆ બાદ ગુલમોહોરે પોતાનો શઘલો હેવાલ જાહેર કીધો જે ઉપરથી એવું માલમ પડયું કે એ પાલીની અગમચેતી સાંભલેઆથી પોતાની બેટીને એકવાર ફરીથી જોવાની ઉમેદથી તેણીએ પોતાના જાનપર જાસતી ચલાવવાને મોકુફ કીધું હતું, અને મેહેરબાનુની મદદથી તે પાહાદશાહનો પીયાર જોવા માટે એક પુતલાંના આકારમાં ઠરીઠામ ઉભી હતી. પાદશાહ જોરાવરની ખુશીનો પાર ન હતો અને તેણે મેહેરબાનુની મરજીથી તેણીના જાનબખશ સાથે નેકા કરી અપાવીયા. પોતાની પતીવરતા જીપર જે જુઠો વેહેમ પાહાદશાહ જોરાવરે ધરેઓ હતો તેને માટે તે જનમ શુધી પશચાતાપ કરવા લાગો, અને ઘણા વરશ શુધી જોરાવર અને મેહેરબાનુએ ઘણાજ આનંદમાં ગુલસતાન દેશની પાહાદશાહત ભોગવી. બાહાદુર નરીમાન અને સુંદર નવાજના અંતે નેકા થયા જેથી તેઓએ અમન ચમનમા પોતાની જીંદગી ગુજારી.

જે વેહેમી ભરથાર પોતાની પતીવરતા સ્ત્રીની દામન પર શકની નજરે જોયછે તે મુરખ પાદશાહા જોરાવરની માફક પોતાના જનમ શુધી પશચાતાપ કરતો રેહેછે. નેક ઓરતો પોતાના ભરથારની હેમકાઈને લીધે કેટલું દુખ ખેંચી શકેછે તેહેનો વધારે સરસ દાખલો ગુલમોહોરબાનું કરતાં કેયે મલનાર નથી કુવો, તલાવ પુરેઆથી પોતાના દુખનો અંત આવતો નથી, પણ ધીરજ, મનેખતા અને ગમખીરાઈથી દુખના દરીઆ ચેહેલથી ઓલંગાઈ શકાયછે.

બાહાદુર નરીમાન સરખા સપુતો દુનીઆમાં નીકલવા કઠણઃ એક ખરી મોહોબતને ખાતર પાહાદશાહી તાજ પણ ગુલની અંદર ફેંકી દેવું એ ખુદરતી પીયારનો સઉથી ઉતમ નમુનોછે.

મનમારવાનો વળી સઉથી-આલો દાખલો સુંદર નવાજબાનુમાં દીઠામા આવેછે. એક ગરીબ જુપડીમાં ઉછરેલી નાજની પાહાદશાહી ગાદીએ બેસેઆ કરતાં પોતાના દીલદાર ભરથારને પોતાપરથી મોહોબત ઉઠાવવા સલાહ આપે એ જેમ અચરતી ભરેલું તેમજ વખાણવા જોગછે.

# ઓરતોની મીજલસ.

## ભાશાંણ ૧૬ મું.

### હાથનો બનાવેલો ખોરાક કેવી હાલતમાં આપવો.

ગયા ભાશાણમાં દુધ શીવાએ બીજો કીયો ખોરાક અપાઈ શકાયેછે અને તે કેવી રીતે બનાવવો જોઇયે તે સમજાવવામાં આવીયું હતું. આ ભાશાણમાં હાથનો બનાવેલો ખોરાક કેવી હાલતમાં આપવો જોઇયે તે વીશે થોડાએક સખુન કેહેવા માગુંછું.

**૧. હાથનો બનાવેલો ખોરાક એક વખત માફક આવીયો તો તે બદલવાની તથા તરેહવાર અવાર નવાર આપવાની જરૂર નથી.**

જે ખોરાક એક વખત માફક આવીયો અને તેથી બચ્ચું સારીપેઠે ઉછરીયું એટલે તે બદલવો નહી જોઇયે. બદલીવાની અગાઉ ખુબ વીચાર કરવો કે શા માટે એમ કરવાની જરૂર પડીછે.

**૨. હાથનો બનાવેલો ખોરાક અછી રીતે બનાવવો જોઈયે.**

તપાસ કરવી કે ખોરાકનાં ગાંગરા વલી ગયલા અથવા બલી ગયલો નહી હોયે. તે મલાઈ જેવો નરમ સાફ બનવો જોઇયે.

જે વાસનમાં બનાવવામાં આવે તે ઘણાંજ સોજાં જોઇયે, અને તે બનાવવામાં માએને પોતાનેજ ચોકસી કરવી જરૂરછે.

**૩. હાથનો બનાવેલો ખોરાક વારેઘડીએ તાજો બનાવવો જોઇયે.**

**૪. તે શેહેજ ગરમ બનાવીને આપવો જોઈયે.**

જેટલી માએનાં દુધમાં ગરમીછે તેટલી તેમાં પણ જોઇયે

**૫. એ ખોરાકમાં ખાંડ અથવા સાકર થોડીજ નાખવી જોઈયે.**

વધારે ખાંડ નાખીયાથી ખોરાકનું પચન જલદીથી થતું નથી. તે ખટાસ થઈ જાયેછે અને પેટમાં પવન પેદા કરેછે.

**૬. ખોરાકની સાથે નીમક નાખવાની જરૂરછે.**

તેથી ખોરાકનું પચન જલદીથી થાયેછે અને વલી બચાંને કરમ થતા અટકાવેછે.

હવે એક બીજી અગતની બાબદ ઉપર તમારૂં ધેયાન પોંહોંચાડવા માગુંછું.

### દુધ અથવા બીજો ખોરાક શી રીતે બચાંને આપવો.

એ બાબદ ઘણી અગતનીછે, અને તે વીશે લોકોમાં બરાબર સમજ નથી તેથી ઘણી વેલા એક અગતની ચીજ ધુળ જેવી થઈ જાયેછે. દુધ હાથ વતે પાવામાં કેટલી ચોકસીની જરૂરછે તે બાબદ જાણીયાથી માલમ પડશે.

**૧. દુધ કાચની બાટલી અને ગટાપરચાની બોતરી વતે આપવું.**

બાટલી કાચનીજ હોવી જોઇયે; કાંયેકે તે હમેશાં બરાબર સાફ થઈ શકેછે અને તેમાં ખોરાક કેટલોછે તે માલમ પડેછે. વલી બચાંએ દુધ કેટલું પીધું તે પણ જલદીથી માલમ પડેછે. જો બાટલી ખાલી હોયે, પણ બાટલી અપાર દરશક હોવાથી આપણને માલમ નહી પડે કે તે ખાલીછે ઈયા ભરેલી તો તે ખાલી બાટલી ધાવીયાથી બચાંને અવગુણ થાયેછે. બચું આશાઅંદ થઈને દુધ પીવા જાયેછે અને હોજરીમાં તેથી રસ તઈયાર થાયેછે, પણ જારે કાઈ પણ ખોરાક નીકલતો નથી તારે તે રસ ખાલી હોજરી ઉપર અવગુણ કરેછે. તેમજ વધારે દુધ પીધાથી પણ અવગુણ થાયેછે. તેટલા માટે બચાંએ કેટલું દુધ પીધું તે જાણવાની જરૂરછે અને તેટલા માટે કાચની બાટલીની જરૂરછે. પેહેલે મહીને બચું છથી તે આઠ ચમચા દુધ લેઈ શકેછે; તેથી વધારે આપીયાથી અવગુણ થાયેછે. બચું પેહેલે મહીને દુધ પીધું એટલે હુંઘાઈ જાયેછે, તે વલી ભુખ લાગેછે તારે ઉઠેછે. બચું જો આસુદેથી હુંઘાયું તો તેને ઉઠાડીને વારેઘડીએ દુધ પાયા નહી કરવું. બચું આસતે આસતે વધારે દુધ લેઈ શકેછે તે એટલે સુધી કે એક વખતમાં છથી તે આઠ ઉંસ લગી લેઈ શકેછે.

બાટલી બે રાખવાની જરૂરછે, કે એકને બરાબર ધોવા અને સાફ કરવાને વખત મલે અને તેટલાં બીજી વપડાયે.

બોતરી ગટાપરચાની લેવી તે તરત બનેલી મલી શકેછે. બોતરી નરમ હોવી જોઇયે કે જેથી બચું બરાબર ધાવી શકે. કડણ હોવાથી બચું ધાવી શકતું નથી, અને પછી આપણે વીચારીયેછ કે બચાને ધાવતાં આવડતું નથી, પણ તે વીશેની સંભાલ રાખવી જોઇયે. બોતરી ઘણી લાંબી નહી હોવી જોઇયે; ધાવતી વખતે લાંબી બોતરી ઉપરથી ચપત થાયેછે અને તેથી દુધ આવી શકતું નથી. બોતરીનું આંધરૂં ઝીણું હોવું જોઇયે. મોહોટાં આંધરાં માંહેથી દુધ જલદીથી વેહેછે અને તેથી મોહોડું દુધથી ભરાઈ જાયેછે. બોતરી પણ બે રાખવાની જરૂરછે કે તે અવાર નવાર વપડાઈ શકાયે. ઘણી વેળા ગટાપરચાની બોતરીઓ બીગડી જાયેછે અને દર રોજ ધોયા છતાં પણ સાફ રેહેતી નથી. એ વખતે ગટાપરચાની બોતરીને બદલે શેમાઈશના ચાંમડાંને અથવા મલમલ અથવા સતનું કપડું બેવરૂં તેવરૂં કરીને તે બાટલીના મોહોડાંને બોતરીની માફકજ કરીને બાંધવું. તેમાં બે તરણ ઝીણાં આંધરાં પાડવાં અને અંદરથી એક નાહાના વાદલાંનો કટકો મુકવો એવી બનાવેલી બોતરીનો ફાયેદો એછે કે તે દર રોજ નવી બનાવીને મુકાઈ શકાયેછે, અને સાફ કરવાની કાંઈ પણ જરૂર પડતી નથી.

**૨. બાટલી અને ગટાપરચાની બોતરી ધવાડીયા પછી દર રોજ સાફ કરવાની જરૂરછે.**

જેવું બચું ધાવી રહીયું, એટલે બાટલી ખાલી કરીને ઉકલતાં પાણીમાં મુકવી. ગરમ પાંણીમાં સાફ થઈ એટલે તેને થંડાં પાંણીમાં જરા સોડાખાર નાખીને તેમાં મુકી રાખવી. વાપડવાની અગાઉ થંડાં પાંણીથી સાફ કરવી.

દુધ લેઈ રહેયા પછી બોતરી કાહાડી નાખવી. પછી ધોઇને થંડાં પાંણીમાં થોડોવાર રેહેવા દેવી. ગરમ પાંણી વાપડવું નહી. કાંયેકે તેથી બોતરી બીગડી જાયેછે.

બાટલી તથા બોતરી ધોવા ઉપર વધારે ધેયાન આપવાની જરૂરછે, કાંપેકે જો તેમ નહી કીધું તો દુધની કરચ અંદર રહેવાથી બીગડેછે અને તે ખરાબ ભાગ બીજા તાંજાં દુધ સાથે મલીને તેને પણ બીગાડેછે અને તે હોજરીમાં જવાથી બચાંની તનદરોસતીનો બીગાડો કરેછે.

૩. બાટલી અને બોતરી વતે દુધ આપેવાથી ઘણા ફાએદાછે. ચમચા વતે કદી પણ દુધ અથવા બીજો ખોરાક આપવો નહી.

બાટલી અને બોતરીથી આપેવાથી બચું જાણે કે પોતાની માએનાજ થાનથીં ધાવેછે. મી૦ કુપરની બનાવેલી બાટલી વાપડવી કાંપેકે તે થાનની જગા ઉપર બંધાઈ શકાયેછે અને તેથી બેવરો ફાયદો થાયેછે. એ પરમાંણે ધાવતી વખતે બચું સમજેછે કે તે માએને ધાવેછે, એટલુંજ નહી પણ માએના પાસાંમાં રહેવાથી તેને પુરતી ગરમી મલેછે. આગલ જણાવીયું હતું કે બચાને ધાવતી વખતે ગરમ રેહેવાની કેટલી જરૂરછે. ચમચા વતી આપીવાથી બચું ધાવવાનું વીસરી જાયેછે અને ફરીથી કદાચજ ધાવી શકેછે. જે વખતે ધાવનું આપવાની જરૂર પડેછે તે વખતે મોહોટી પીડા આવી પડેછે.

દુધ બાટલી વતે આપીવાથી બીજો ફાયેદો એછે જે ખોરાક લબ (થુક) ની સાથે બરાબર ભેલાઈને હોજરીમાં જાયેછે. ધાવતી વખતે ગાલ અંદર દબાયેછે તેથી લબ વધારે નીકલેછે. ચમચા વતે લેતાં તેવું કાંઇ પણ થતું નથી, અને દુધ લબની સાથે મલેયા વગર જાયેછે. જે ખોરાક લબની સાથે ભેલાઈને જાયેછે તે જલદીથી પચી શકેછે તેટલા માટે ચમચાથી દુધ પાવામાં અવગુણ ભરેલુંછે.

ચમચા વતે દુધ આપેવાથી બચું એકાએક ધરાઈ શકતું નથી અથવા ખોરાક પણ અછી રીતે લેઈ શકતું નથી. વલી ચમચાથી પાતાં બચાંની છાતી હમેશાં ભીજાયેછે. જારે ચમચાથી દુધ પાયેછે તારે બચાંને સુવાડીને પાવું પડેછે તેથી વારેઘડીએ અતરસ જાયેછે. વલી દુધ કેટલી વખત વધારે ગરમ હોયેછે તારે મોહોડું દાઝેછે અને જારે તે ગરમ હોયેછે તેને ફુક મારીને આપવું પડેછે, એ નઠસ રીતછે.

૪. બચાંને સુવાડીને બાટલી વતે ખોરાક આપવો નહી.

બચાંને જરા ઉભું અને આરૂં રાખવાની જરૂરછે. વલી સુઈને બાટલી વતે ખોરાક બચું લેતું નથી. જે બચાંને માએના હાથમાં થોડું લગી ઉભું અને આરૂં રહીને દુધ ધાવવાની ટેવ હોયેછે તે સુઈને એકદમ ખોરાક કેમ લેઈ શકે?

૫. બચાંને બાટલી વતે ખોરાક આપતી વખતે ગરમ કપડાંમાં રાખવાની જરૂર છે.

૬. બાટલી માટે ખોરાક ગરમ આપવાની જરૂરછે.

બેહેતર એછેજે બાટલીમાં દુધ અથવા ખોરાક ભરીને બીછાનામાંજ રાખવું. બીછાનાની ગરમીથી દુધ ગરમ રેહેછે અને ખાટું થઈ જતું નથી, અને વારેઘડીએ ગરમ કરવાને બતી અને બીજાં વાસનની જરૂર પડતી નથી. થંડો ખોરાક નાપત થઈ શકતો નથી.

---

# પુખ્ત વીચાર.

## એક અસલી બરાહમણે દીધેલી શીખામણ.

"પોતાના દીલ સાથે, ઓ માનવી, તું અંદેશો કર અને વીચાર કે શા માટે તુંને પેદા કીધોછે.

"તારી શકતી, તારી ગરજ અને તારા સંબંધ ઉપર ધેયાનથી વીચાર કર; કે જેથી તુંને જીંદગીની ફરજીયાત શુંછે તે માલમ પડશે અને તેથી તારા સઘળા કામનો રસતો નજરે પડશે.

"તારા સઘળા બોલ તોલીયા આગમજ અને જે દરએક પગલું તું ભરેછે તેની વલણ તપાસીયા આગમજ તું કાંઈ પણ બોલવા અથવા કાંમ કરવા જતો ના; કે જેથી તારી આગલથી ફજેતી દુર થશે અને તારા ઘરમાં સરમીંદગી તું જાણશે નહી; પસતાવો તુંને મુલાકાત લેશે નહી યા તારા ગાલ ઉપર દીલગીરી રેહેશે નહી.

"અવીચારી માણસ પોતાની જીભને લગામ કરતો નથી; તે ગમેતેમ નીમ રાખીયા વગર બોલેછે અને પોતાના બેવકુફી ભરેલા બોલોની જાલમાં ફસી પડેછે.

"જેમ કોઈ ઊતાવલથી દોડેછે અને એક વાડ ઊપરથી કુદકો મારેછે અને તે બીજી બાજુ ઊપર એક ખાડો કે જે તેની નજરે નથી પડતો તેમાં પડેછે, તેમ જે માણસ એકદમ એક કામમાં માંથું ઘાલેછે અને તેનો શું પરીણામ નીપજશે તેનો વીચાર કરતો નથી તેવી હાલત તેનીછે.

"તેટલા માટે, સાંભલ, પુખત વીચારના અવાજને, તેના બોલ દાહાપણના સંમદછે અને તેના રસતા તુંને સહીસલામત અને સચાઈમાં લેઈ જશે."

## સાધારણ ઠગાઈ.

આગલા આંકોમાં જણાવવામાં આવીયું હતું કે, આપણી નજર સુરજ ઊગતી અને અસત પામતી વખતે અને બે જાતના રંગની અસરથી કેની રીતે ઠગાયેછે. એજ પરમાણે આપણી નજર બીજી બાબદમાં પણ ઠગાયેછે. જો આપણે એક રાતરે જારે આસમાન ઊપર એક પણ વાદલું નહી હોયે તારે તે તરફ નજર કરશું, તો માલમ પડશે, કે કાંઈ કરોડોજંદ તારા

આપણી નજરે પડેછે, પણ એ દેખાવ તદન ઠગાઈ ભરેલોછે. જોકે તારાઓની કાંઇ પણ ગણતી થઈ શકતી નથી, તોય પણ દેખઈતા તારા જેટલા દેખાયેછે તેટલા નથી. જો સાધારણ દુરબીનથી યા એક લાંબી નલી વાટે આસમાન તરફ નજર કરશું તો એ ઠગાઈ ભરેલો દેખાવ જલદીથી માલમ પડી આવશે, તે વખતે જારે આસમાનનો થોડોજ ભાગ નજરે આવેછે, તારે તારા આપણ સેહલથી ગણી શકીયેછે; તેટલીજ જગા ઊપર ખોલી નજરે આપણને બેશુમાર તારા માલમ પડશે. આખા આસમાનના ગોલા ઊપર પેહેલા કદના તારા વીસથી વધારે નથી અને એકજ વખતે છ યા આઠથી વધારે દેખાતા નથી. બીજા કદના તારા પચાસથી વધારે નથી અને વીસથી વધારે એકજ વખતમાં માલમ પડતા નથી. તરીજા કદના તારા નજદીક બસેંછે અને તે માહેના અરધા પણ એકજ વખતે દીસતા નથી. નાહાના તારા બેસુમારછે પણ તે ઘણીજ મુશકેલથી નજર પડેછે, અને જેટલી આપણા મન ઊપર તેઓની સંખીયાની અસર થાયેછે તે તેઓથી થતી નથી. એવા ઠગાઈ ભરેલા દેખાવનું કારણ હજુ બરાબર સમજ પડી શકતું નથી; પણ એ વાતતો ખરીછે કે જેટલા તારા આપણે જોઈયેછે તેટલા ખરેખર નજરે પડતા નથી.

જો એક બલતી લાકડી ઘુંમાવી હોયેતો રોશનીનું એક ગોલ ચકર માલમ પડશે. જો એક દોરીને છેડે એક પથર બાંધીને ઘુમાવીયો હોયેતો પથરનું એક ગોલ પઈડું હોય એવું દેખાયેછે. તેનું કારણ એછે કે આપણી આંખ ઊપર રોસની પડેછે, તેની અસર એક ઘડીના દસમાં ભાગ એટલા વખત લગી સેહેજ રેહેછે, હવે જો એટલા વખતમાં એક ચીજ ફરીને પાછી પોતાને જગે આવેતો તે ચીજથી પેહેલી થયેલી અસર નીકલી જતા નથી, અને તે અસર ચાલુજ રહેવાથી તે ચીજ જે રસતો પકડેછે તે રસતા ઊપર એકજ વખતે નજરે પડેછે અને તેથી તે એક આખી ચીજ હોયે એવું આપણી નજરે માલમ પડેછે. નજરની અને રોશનીની એવી ખુબીને લીધે કેટલાંએક ચમતકારીક રમકડાં બનાવવામાં આવેછે. જો એક ગોલ જાડાં કાગજ ઊપર એક બાજુએ ગાડી પાડેલી હોયે અને બીજીગમ ગાડી હાંકનાર પાડીયો હોયે અને પછી જડપથી કારડને ફેરવીયે હોયેતો એવું માલમ પડશે, કે જાણે ગાડી હાંકનાર ગાડીમાં બેસીને ચાલીયો જાયેછે. જો એક ગોલ કારડ ઊપર ફેર આગલથી માણસની સબીઓ તરેહવાર આકારમાં ઊભો રેહેલો થોડે થોડે અંતરે પાડે અને પછી તે કારડને જોરથી ફેરવે અને તે વખતે એક ઝીણાં સુરાખ માહેથી જુવેતો એવું માલમ પડશે કે જાણે એક માણસ ચાલી જતું હોય એવું લાગશે.

## બરયેલડ નામનુ એક બટકબોલુ આદમી.

ખોડ અથવા ખાંપનવાલાં આદમીઓમા કુદરતે કેટઈ એવા સારા ગુણો મુકેલા હોયેછે કે તે ગુણોથી ઘણીવાર તેમની ખોડ ખાંપણ ઢંકાઈ જાયેછે. તેવી કીસમનો પુરૂશ બરયેલડ હતો. બરયેલડની જીંદગીના હેવાલ ટુક પણ ગમત ઉપજાવે એવોછે.

વેરોના સેહેરની પડોસના એક ગાંમડાંમાં તે જનમ્યો હતો. તેનો બાપ એવીતો ગરીબીમા હતો કે પોતાના છોકરાને કેલવણી આપવાની તેમા સકતી હતી નહી. છોકરો પોતેભી બદસુરત અને દરામના દેખાવનો હતો, અને તેનું માથું મોહું હતું તેથી ગાંમડાંના લોકો તેનુ નામ લેઈને જેમ આપણે મબડાને નામે છોકરાંઓને બીવાડીએછે તેમ બીવાડતા હતા. તોપણ તે તીખપણુ બુધીનો તથા એવોતો બટકબોલુ હતો કે એક હાથ ઉપરથી નાખલાં બાલકો જેટલાં તેનીથી બીહીતાં હતાં તેટલાં મોટાં આદમીઓ તેની રમુજી વાત ઉપર મોહી પડતાં હતાં; અને તે એટલા સુધી કે તે ગામડાંના પટેલ તથા વડા ધરમગુરૂ સીવાએ બરયેલડ કરતા વધારે પરખીઆત પુરૂશ તીઆં હતોજ નહી.

ઉપર કહેલાં ગાંમડાંમા રહેવાથી બાયેલડનું પુરૂં થાયુ નહી તેથી તે વેરોના સેહેરમાં રોજગાર સોધવા ગયેઓ. એક દાહાડે વેરોનાના પાહાદસાહ આલબોઈનના મેહેલમા તે લોગ જોગે જાઈ લાગો. મેહેલની નકસી તથા દબદબો જોઈને હેરત પાંમતો હતો તેવાંમા મેહેલની બાહેર બે સ્ત્રીઓ એક બીજા સંગાથે મારામારી તથા ગાલાગાલી કરતી હતી તેઓપર તેની નજર પડી. પાહાદસાએ તેઓને લડતાં જોઈને પોતાના એક સરદાર સોડે કેવડાવીઉં કે તેઓએ પોત પોતામા જગડો કરવો નહી પણ જે કાંઈ ફરીઆદ હોએ તે પાહાદસાહની હજુરમાં આવીને કરવી. તે સાંભલીને પેલી વડકણી સ્ત્રીઓ છુટી પડી, અને વહાવટ કરતાં કપડાં ફાટી તુટી ગએઆં હતાં તેથી લજવાઈને તે કપડાં સમા કરીઆ વગર પાહાદસાહની હજુરમા જાવું મોકુફ રાખીઉં.

પણ આ બનાવ ઉપરથી બરયેલડને હીમત આવી. તે પાંમી ગોઓ કે પાહાદસાહ દાદનો આપનારછે ખરો, અને જોકે તે પોતે બદસીકલ તથા બેદોલછે તોપણ ઈનસાન તરીકે બીજા આદમીઓના જેટલાજ હકો ધરાવેછે એવું સમજીને આલબોઈનની મુલાકાત લેવા ગોઓ. આજનાં વખતમાં પાહાદસાહ આગલ જાતાં સીપાઈ સફરા અને

નાધેલા મોટા અમલદારોની જેમ ખુસાંમત કરવી પડેછે તે
મ તે વખતે હતું નહી; પણ અદના કે આલા પોત પોતાની
ફરીઆદ તખતની નજદીક જાઇનિ કહી સંભલાવતાં હતાં.

અવે બરથોલડતો લાગલો પાહાદસાહની ગાદી આગ
વ જાઈ લાગો, અને ગાદીની પહોસમા આબરૂને ખાતર એ
ક ખુરસી ખાલી હતી તે ઉપર માથાં ઉપરથી તોપીબી ઉતા
રીઆ વગર બેસી ગીઓ. તેનો દેખાવ; તેનો મેલો પે
લો પોસાગ, તથા તેની આવી અપટ ચાલ જોઇનિ દરબાનો
પોત પોતામા અજાએબી પામીઆ. પાહાદસાહબી સમજી
ગીઓ કે દરબાર જોવાને તે તીઆં આવીઓછે, અને વલી
તે જાણતો હતો કે બોડ ખાપણવાલાં આદમીઓ ઘણું કરીને
પકાં તથા ચાલાક હોએછે તેથી પાહાદસાહી દરજાની દર
કાર કરીઆ વગેરે એકેદમ તેની સાથે ખોલાસાથી વાતો
કરવાનો ઠેરાવ પણ કીધો.

પરથમ પાહાદસાહ બોલીઓ—"તમો કોણ છો ! દુની
આંમા તમે કેમ આવીઆછો ! તમારૂ વતન કયુંછે ?"

બરથોલડ બોલીઓ—"હું ઇનસાન છું; અને પરવરદે
ગારિ જે રવેશે મોકલીઓછે તેમ હું દુનીઆંમાં આવીઓ
છું; અને મારૂ વતન દુનીઆછે."

તેને આવો હાજર જવાબી જોઇને પાહાદસાએ બી
જા ઘણાએક એકએકથી તદન જુદા સવાલો પુછીઆ કે જે
ઓમાના થોડાએક નીચે મુજબના હતા—

પાહાદસાહ—"સરવેથી સરસ જલદે ઉડનારી ચીજ
કેઈ ?"

બરથોલડ—"વીચાર."

પાહાદસાહ—"તે ખાઇ કહી કે જે કબી પુરાતી નથી ?"

બરથોલડ—"બખીલનો લોભ."

પાહાદસાહ—"જવાંનીઆઓની કેઈ ચાલ ઘણીજ
ધીકાર ભરેલીછે ?"

બરથોલડ—"પોતા વીસેનું અભીમાન—કારણકે તે
ચીજ તેઓ બે લગાંમ થાએછે."

પાહાદસાહ—"બુધાએાેમા ઘણીજ હસી કાહાડવા જે
વી એબ કેઇછે ?"

બરથોલડ—"ઇશક."

પાહાદસાહ—"ઘણાજ સીપલા કોણ હોએછે ?"

બરથોલડ—"તેઓ કે જેઓ આપણને ઠગવા ધારે
છે, તથા જેઓ આપણને ઠગીબી ચુકાછે."

પાહાદસાહ—"આપણા ઘર મધે સરવેથી ભએઅંકા
ર ચીજ કેઇછે ?"

બરથોલડ—"બદકાર બાએડી, તથા ચાકરની છાજલી."

પાહાદસાહ—"ભરધારનુ કીયુ દરદ કબી સારૂં થા
તું નથી ?"

બરથોલડ—"તેની બાએડીની બેઈમાની."

પાહાદસાહ—"ધારણીએ કરીને પાણી કાહાડવું હો
એતો કેમ કાહાડવું ?"

બરથોલડ—"તેમાનુ પાંણી બંધાઇ જાએ તાંહાં લગ
ણ પોખવું."

પાહાદસાહ—"રોટીઆ વગર સસલું કેમ પકડવું ?"

બરથોલડ—"સીક ઉપર ભુંજાઇને તે તઇઆર થાએ
તીઆં તલક બેસીને રાહ જેવી."

આવા વચણો સાંભલીને પાહાદસાહ ઘણો ખુશી થા
યો અને પોતાની મેહેરબાંનગી દેખાડવા સારૂં કયું કે
"માંગો—તમો જે માંગો તે આપું." બરથોલડ બોલીઓ
કે "તમોથી તે નહી અપાશે."

પાહાદસાહ બોલીઓ કે "તેવારે સું તમારો મારાં બો
લવા ઉપર ઇતબાર નથી ?"

બરથોલડે જવાબ દીધો કે "તેમ નહી—પણ મને
જે જોઇએછે તે તમો પાસે નથી અને તેથીજ તે તમો મને
આપી સકનારબી નથી."

પાહાદસાહ—"તે કીમંતી ચીજ તે કેઇછે કે જે મારી
સોડે નથી ?"

બરથોલડે ઉતર વાલીઓ કે "તે ચીજ સુખછે કે તે થી
જ જેટલી બીજાં માનવીઓમાં જોવામાં આવેછે તેટલી પા
હાદસાઓમાં હોતી નથી."

પાહાદસાએ પુછીઉં કે "આવી ઉંચી ગાદી ઉપર
હું બેહેલોછું અને મને સુખી નહી કેહેશો ?"

બરથોલડે જણાવીઉં કે "અગરજો ઇનસાનનો ઉંચો
ઓધો તેનું સુખ ગણાતું હોએતો તમેબી સુખીછો."

પાહાદસાહ બોલીઓ કે "બરથોલડ—તમે તમારી
આસપાસ આ અમીર ઉમરાવોને જોવોછો તેઓ જો મને
મોટો ગણતા ન હતેતો મારા હોકમની તાએબેદારી કરતે ?"

બરથોલડ બોલીઓ "રે પાહાદસાહ—તમો સું જાણ
તા નથી કે એક મુરડાં ઉપર કેટલા કાગડા ભમીઆ કરેછે;
અને વલી તેઓને તે મુરદુ જોએ નહી તેટલા માટે તેની
આંખો કાહાડી લેવાની પેહેલી કોસેસ કરેછે ?"

પાંહાદસાએ જવાબ આપીઓ કે "તમો બોલીઆ
તે ખરૂંછે, પણ જેમ ઘણાએક સેતારાઓમાં સુરજ પરકાસ
આપેછે તેમ આ અમીર ઉમરાવોમાં હું પરકાસુછું."

બરથોલડ મસકેરીમાં બોલીઓ કે "ખરૂછે—પરકાસ
તા સુરજ—વારૂં તમો વરસમાં કેટલાં ઘરણથી ઘેરાવોછો !

પાહાદસાએ પુછીઉં કે "એવો સવાલ સા માટે ક
રોછો ?"

બરથોલડ બોલીઓ કે "એટલાજ માટે કે આ તમા
રા અમીર ઉમરાવોની વારેઘડીની ખુસાંમતથી તમારી અક
લ ઉપર અંધારાનો પરદો ફરવાનો."

પાહાદસાહ બોલીઓ કે "જો એમછેતો તમેતો કબી
દરબાન થાઈ સકોજ નહી ?"

બરથોલડે કહેઉં કે હું ગમે તેવો કંગાલણું તોબી તેવો (દર
બાનોના જેવો ) ગોલામ થાઇશ નહી; તે ઉપરાંત મારામાં ઠગ
વીદીઆં, દગાબોરી, અથવા જુઠાઇછે નહી, અને તે ઉપરથી
આએ ઓધો મેલવવા લાએક ગુણોની મારાંમાં કોતાઇછે."

પાહાદસાહને પુછવાની ફરજ પડી કે "તેવારે તમે
કેઈ ચીજ હાસલ કરવા પકી મારી દરબારે આવીઆછો ?"

બરથોલડ બોલીઓ કે "હું જે ચીજ લેવા આવીઓ
છું તે તમારી દરબારે મલી નથી કારણ કે મારો વીચા
રતો એવો હતો કે સાધારણ ઘેરોના કરતાં દેવલના મનારા
જેટલા ઉંચા હોએછે તેટલી ઉંચાઇ પાહાદસાહની ખાસી
એત વચે અને સાધારણ આદમીઓની ખામીએત વચે હ
શે. પણ મને જલદીથી માલમ પડી આવીઉંછે કે પાહાદસા
ઓને જેટલું માન ઘટે તેથી મેં જાદા આપીઉંછે."

ખરૂં છે કે ખુસાંમતની વાત સાંભલનારાઓને ખોલાં દીલની વાત પસંદ પડતી નથી;- તેમાં અગત કરીને રાજા પાહાદસાઓનેતો તેવી વાત ઝેહેર જેવી કડવી લાગે છે. અલબોઇન પાહાદસાનેબી બારથોલડની આવી રોકડી વાત ઉપરથી ઝેહેર ચડીઉં, અને તેને હોકમ કીધો કે જો તે તુરત બાહેર જાશે નહીતો ધક્કા મરાવીને કાહાડવો પડશે. દરબારમાથી જતાં જતાં બરથોલડ બોલીઓ કે "હું જાઇશતો ખરો, પણ ઇઆદ રાખજો કે મને બાહેર કાહાડવાની તમો જેમ જેમ વધારે તજવીજ કરશો તેમ તેમ માખીની મુવાફેક હું વધારે પાછો અંદર આવીશ."

પાહાદસાહ બોલીઓ કે "તમે જો માખીને સાથે લેતા આવશોતો હું આવવા દેઇશ, પણ એકલા આવશો તો ગરદન મરાવીશ." બરથોલડે જવાબ દીધો કે "ઠીકછે— એક દગલુ ભરીને ગામડાંમા જઇને હું પાછો આવુછું."

એટલું કહીને તે એક તબેલામા પેઠો અને એક બુઢ્ઢુ ગધેડું કે જેના સરીરના કેટલાએક ભાગ ઉપરનુ ચામડુ પણ ઘસાઇ ગએલુ હતું, અને જેપર સેંકડો માંખ બંબણંતી હતી, તે ઉપર અસવાર થાઇને છેક તખત તુલીક આવી ઉભો. તેને આવી હીમ્મતથી પોતાનો વચણ પાલેલો જોઇને આલબોઇન ખુશી થાએઓ કે ઠીકછે એવુ આદમી બી રાજને લગતો ગુંચવાડો ખોલો કરવામાં કોઇ વખતે કાંમનુંછે, અને તેવાર પછેથી તેને દરબારમાં આવ જાવ કરવાની પરવાનગી આપી.

તેવાર પછે એક અગતનો બનાવ બનીઓ કે જે વખતે પાહાદસાને તેની મદદ લેવાની ખરીજ જરૂર પડી તે રાજના અમીર ઉમરાવો તથા બીજા સરદારોની બાએડીઓએ રાણીની મારફતે પાહાદસાહને એક એવી અરજી આપી કે રાજ પાટને લગતાં કાંમકાજમા જે મીસાલે મરદો ભાગ લીએછે તે મીસાલે ઓરતોને પણ કાંઇક ભાગ આપવો. અરજી વાંચીને પાહાદસાહ વીચારમાં પડીઓ કે તેનો જવાબ શું આપવો. બરથોલડ બાવાની મસલત લેવાની જરૂર પડી. પાહાદસાહની ભોલાઇ જોઇને બરથોલડ હસી પડીઓ. પાહાદસાએ તેને સમજાવીને કેહ્યું કે "પેલી સ્ત્રીઓનો તેને ડર એટલા માટે લાગેછે કે તેઓની માગણી નાકબુલ રેહેશે તો તેઓ પોતાના ભરથારોને ઉસકેરીને રાજમાં બલવો ઉભો કરશે; માટે રે મારા પીઆરા અને ઇમાનદાર દોશ તમો અવે મને એવી સહલા આપો કે જેથી તેઓબી રાજી રેહે ને રાજને હાનીબી પુગે નહી; હું જાણુછુ કે તેવી સહલા તમો આપી સકશો." બરથોલડે પાહાદસાહને દીલાસો દીધો. એક પલવારમા તેને એક ઇઉકતી સુજ પડી અને બજારમાં જાઇને એક પખશી ખરીદ કરી લાવીઓ. પાહાદસાહની હજુરમાં તે પખશીને એક પેટીમાં બંધ કીધું અને તે પેટી પાહાદસાહને આપીને કેહ્યુકે "પાહાદસાહ આએ પેટી જે અમીરની બાએડીએ પેલી અરજી આપી હતી તેને તમારી રાણીને હાથો હાથ અપાવજો, અને ફરમાવજો કે તેનુ ઢાંકણું મુદલ ઉગાડે નહી, અને જો ઉગાડશે તો પાહાદસાહ તેની ઉપર ઘણો કફા થાશે તથ એમ પણ કેહેવાડજો કે સ્ત્રીઓની તરફથી જે અરજી પાહાદસાહની જનાબમા મોકલવામાં આવીછે તેનો જવાબ આપવા સારૂ આવતી કાલે પાહાદસાએ સ્ત્રીઓની એક ખાશ સભા બોલાવીછે તે વખતે સરવે સ્ત્રીઓએ હાજર રેહેવું તથા પેલી પેટી પણ સાથે લેઇને આવવું."

રાણી સોડે પાહાદસાએ આવો સંધેસો કેવડાવીઓ તથા પેલી પેટી પણ મોકલાવી. આ વાત ઉપરથી અરજદાર બાઇઓ મનમા મગન થાવા લાગી કે ઘણુ કરીને તેઓએ માગેલા હક તેમને આપવામાં આવશે. હરખમાને હરખમા તેઓ આખી રાત સુતી પણ નહી, અને બીજે દાહાડે સવારે ઉઠતાનેવાર પેલી પેટીમા સરવેનું ધક ભરાયુ. બારવણે જેટલા કલાકે તેઓની સભા બોલાવી હતી તેની પોણો કલાક આગમજથી સઘલી બાઇઓ આતુરતાથી દીવાનખાનામાં ભેગી થાઇ, અને કાંઇજ નહી પણ પેલી પેટી વીસે વાતચીત કરવા લાગી. કેટલીએક બાઇઓએ ભલામણ કીધી કે તે પેટીને ઉગાડવામા કાંઇ અડચણ જેવુ નથી. તે ઉપરથી બીજી સરવે સ્ત્રીઓ એકમત થાઇ કે તેને ઉગાડી જોવી, અને પાહાદસાએ જે જરૂરીઆત તાકીદ કરીને ઉગાડવાની મનાઇ કીધી હતી તે છતાંબી એકે પેટી હુંગાડી, તેવુંજ પેલું પખશી એકાએક ઉડીને બારી વાટે નાહાસી ગયું. આ બનાવથી તેઓના નાજુક ચેહેરા જરદ થાઇ ગયા, તથા આંખોમાં આમુ ભરાઇ આવીઆં. મોટી સરમમાં પડીઆં કે અવે તેઓ કેવે મોહોડે પાહાદસાહ આગલ ઉભાં રેહે ! ઉડી ગએલું પંખી કેઇ જાતનું હતું તેબી તેઓએ જો બરોબર જોયું હતેતો એકાત બીજું પખસી પેટીમા મુકવાનીબી કોસેસ કરતે. પણ અવેતો ખરાંજ બેઇલાજ થાએઆં, અને પોતાની બેફ્રમાનીનો પશતાવો કરવા લાગીઆં.

જેમ સભાનું કાંમ ચાલવાનો વખત નજદીક આવતો ગએઓ, તેમ ઘભરાટમાં પડીને તેઓ ક્યાકય કરવા લાગીઆં—કોઇ બોલી કે સઘલી બાઇઓએ સરમાઇને પાછાં પોત પોતાને ઘેરે જતાં રેહેવું, અને એકે દરખાસ્ત કીધી કે સઘલી જણીઓએ રાણીબાઇ આગલ જઇને પગે લાગીને ખરેખરો હેવાલ તેને વાકેફ કરીને પછે પાહાદસાહ તરફથી રાણીની મારફતે માફી માગવી. આ છેલી ભલામણ એક મતથી બાહાલ રહી.

જેવી પેલી સ્ત્રીઓ રાણી આગલ ગઇ તેવાંમાજ તેઓની વાત સાંભલીઆ આગમજ રાણીએ પેલી પેટી પોતાના હાથમાં લેઇને પોતેબી આતુર થાઇને તેનું ઢાંકણું ઉંગાડીઉં અને તે બીલકુલ ખાલી હતી તે જોઇને બોલવા લાગી કે તેના ભરથારે તેની તથા તેની સહીઓની ઠેકડી કરવાનો આવો આડો મારગ પકડીઓ હતો તેથી તે ઘણીજ ગમગીનછે. પણ પેલી સ્ત્રીઓએ તુરત ખોલાસો કીધો કે તેઓ સંધાં પાહાદસાહના ગુનેગારછે, કારણકે પેટી ઉંગાડવા વીસે જે મનાઇ કરી હતી તે તોડીને તેનું ઢાંકણું એક સ્ત્રી ઉગાડવા ગઇ તેવુંજ તેંઅંધેથી એક પખશી હતું તે નાહાસી ગયું, માટે રાણીએ વચ્ચે પડીને પાહાદસાહને સમજાવીને તેઓને માફી બખશાવવી. રાણીએ આ વાત માથે લીધી.

છેલે અંતે પાહાદસાએ સરવેને પોતાની હજુરમા બોલાવીઆં. તેઓનો કરમાઇ ગએલો ચેહેરો તથા અધથી જાદા નમનતાઇ જોઇને બરથોલડ ચેતીજ ગીઓ કે પાં

કેહુ કામતો થાયું. રાણીને પોતાની પડોસમા બેસારી તથા બીજી બાઇઓને જગા કરી આપીઆ પછે, પાહાદસાએ પુછીઉં કે અવે અરજ શું છે ? રાંણી બોલી કે ગઇ કાલે જે અરજી તમોને આપવામા આવી હતી તેના ઉતરની આરજુમા તેની સહીઓ બોટીછે. પાહાદસાહ બોલાઓ કે તેનો ઉત્તર આ પેટીમાછે, અને સભાની નજદીક જેવો તે પેટીનું ધાંકણુ ઉગાડવા જાએછે તેવાંમાજ રાણી બોલી કે "ઉગાડવાનાં તસદી લેશોમા—પખગોલો ઉડી ગયું—આ બાઇઓ અધીરી પડી તેથી પેટી હુંધાડીને જોવા ગઇ તેવામા આવો અકસંમાત બનીઓ, માટે અવે તેઓ ગુડણુ મરડીને તમારી પાસે માફ માગેછે."


બાહાદશાહ ઘણોજ રીસે ચડીઓ ને બોલીઓ કે "તમે આવી તાએબેદારી આપોછો ! ગમે એટલી તાકીદ કીધા છતાબી પંખેરાને તમોએ અ તે નસાડીઉં; અને વલી તે છતાબી રાજદુવારી કામો તથા મસલતોમા તમે કેવે મોહોડે સાંમેલ થાવા માગોછો ! રાજને લગતી ભરંમની વાતો કે જે ઘણોજ અગતની તથા જેપર રાજનો પાએઓ હોએછે તેઓને તમે છુપી તે કેમ રાખશો ! આવી તાકીદ કીધા છતાંબી થોડાએક કલાક તુલીકબી મારો હોકમ ટોડીઆ વગર તમોથી રેવાયું નથી, તો અવે પછે તમારીથી રાજ કારોબાર જાહેર પાડીઆ વગર કેમ રેવાશે ! જાવો—તમો બેવકુફ ।—અને તમોને મોટી સજા થાવી જોઇએછે પણ રાણીનો સખુન રાખીને તમુને માફ કરંછું—પણ અવે પછે કબીબી એવી અરજી કરતાના તથા એવી ચાલબી ચલાવતાંના."

અવે આવી ઇઉકતી બરપોલડે વાપડી હતી તેથી પાહાદસાહુએ ખુશીમા આવીને તેન કેહું કે "આ મારી વીંટી લો, અને મારા ખજાનચીને તે દેખાડીને તે તમુને મોટું દરવીઅ આપે તે લેઇને સુખી થાવો" બરપોલડ બોલીઓ કે "મને દરવીઅ જોઇતું નથી—હું ખોલે મોહોડે બોલુંછું તેટલા ઉપરથી આ દરબારમા ઘણાઓએ મારી સાથે દુસમની રાખીછે; પણ હું તેઓની બીલકુલ દરકાર કરતો નથી. કેમકે જેને કસમાની આસા નથી, તથા જેની પાસે કાંઇ માલ મતાબી નથી તેને ફીકર અને ચીનતા સેની હોએ ! ખોદાએ મને ઓસીઆલો રાખીઓ નથી, અને હું કોઇનો ઓસીઆલો રેહેનારબી નથી; પણ જો હું ભેટ તથા સોગાત લેઉંતો કેહેવતછે તેમ જેને બીજાનું લીધું તે બીજાને વેચાએઓ." પાહાદસાંહ બોલીઓ કે "એમજ હોએતો પછે હું મારો ઉપકાર તે કેમ જણાઉં" ? બરપોલડે જવાબ દીધો કે "પાહાદસાહની મેહેરબાનગી મેલવીને તે મેહેરબાનગીનો બોજો માંધા ઉપર નહી લેવો તે કામ નાલાએક રીતે મેહેરબાનગી લીધાના કરતાં વધારે માન ભરેલુંછે."

ઉપર કહેલી બીબીઓની અરજી નામંજુર થાઇ તે ઉપરથી રાણી બરપોલડ ઉપર ઘણીજ ક્રફા થાઇ, અને રાણીની ઉસકેરનીથી આંધરો થાઇને એક વખતે પાહાદસાએબી બરપોલડને ફાંસી દેવાનો હોકમ પણ કીધો. પાહાદસાઓ આવા બેપડા હોએછે. બરપોલડે પાહાદસાહને આરજ ગુજારી કે મરણનાં આગમન બે બાબદની તે આરજુ રાખેછે તે એકે. તેના મરણ પછે તેના કુટુંબ પરીવારની પાહાદસાએ બારદાસ કરવી, તથા જે જાહાડ તે પસંદ કરે તે જાહાડ ઉપર તેને ફાંસી દેવી. અલમોઇને આ બને માગણી કબુલ રાખીને જલાદોને ફરમાવીઉં કે બરપોલડને પોતાને મનગમતાં જાહાડપર ફાંસી દેવો. બરપોલડને એક પુછે બીજું એમ ઘણાએક જાહાડો દેખાડતાં દેખાડતાં પેલા જલાદો કોઇ જંગલમાં નીકલી ગએઆ, અને છેલ્લે અંતે થાકીને તેને પડતો મુકીને પાછા પેરે આવીઆ. પાછા આવીને જોએછે તો પાહાદસાહ પોતે પોતાના આ એકીનદાર નોકરના મરણ વીસે ઘણોજ ઉદાસ થાઇને બેઠેલોછે. જલાદોને મોહોડેથી એવું સાંભલીઉં કે બરપોલડ હજુર જીવતોછે તેથી તે ઘણોજ ખપસું થાએઓ—તેને સોધવાને તે પોતે ગએઓ; અને સોધી કાહાડીને ઘણીએક આનજીથી પાછો પોતાની દરબારમા લાવીઓ. દરબારમા રાણી સંગાથે સહલા કરાવીને તેને વડા વજીરનો હોદ્દો બખશીઓ અને તેના પરધાનપણામા તે રાજની રઇએત ઘણીજ આબાદ રહી.

## કરાકેટ નામનો ખેલાડી અને તેના પાલેલો સીંહ.

ઈશવરે આદમ જાતને બુધી અને મનશકતીની બખશીશ કીધીછે, અને તેથી આ પ્રુરૂથવીની ઊપર આપણ હેવાંનોપર રાજ ભોગવીએ છઈએ. ગાહાસાગરના શિછાછલા તથા દરામના મોજાઓને ટકર મારી તોફાની પવનની ટકેર કરી આપણ એક દેશથી બીજે દેશ સહીસલામત જઈ શકીએ છઈએ. વીજલી તથા બાફને આપણા તાબેદાર નોકરો કીધાછે જે ઓ શાહનામાના સફેદ તથા કાલા દેવો સરીખી જહડપથી આપણું કામ વગર ખડખડયે સરનજામ પોહોચાડેછે. પાહાડોની પોલાદની છાતી આપણા બલ આગલ મોમ સરખી પોચી થાયછે, અને બલુનમાં બેસી પરનદાંની માફક આપણ હવામાં સેહેલ કરીએ છઈએ. આફતાબ ઈયા માહાતાબ, ગરહો ઈયા સેતારાઓની ચાલ આપણથી ગુંપત નથી, અને આકાશના વીસતીરન રણમાં બનતા ખુદરની બનાવોનો માલપીની આગાહી કરતાં આપણ બેહેતર વરતી શકીએ છઈએ. મન એ મોહોટી ઈશવરની આપણાપર નવાજેશછે અને જે હરદમ નવી નવી ચીજો આપણને માલમ પડે છે તે ઊપરથી આપણે હેવું પોકારી ઊઠીએ છઈએ કે બીલકુના મનની શોશી કરામત ? આ પાસે ગુફ્તાં દરામના ચીતરથી આપણા મનમાં એવોજ બેઆલ ઊતપન થશે. એક ઈંગરેજ ઊસતાદ પોતાના ચોપગા ચેલા સાથે ખેલ કરનો ઊભોછે. "જે લોહીનો પેઆસો અને માસનો ભુખો, ધરેલો ધરાય નહી, અને પ



ક્રાઉટ નામનો ખેલાડી અને તેનો પાળેલો સીંહ.

કડેવો પકડાય નહી, જે જાનવરનો સરદાર ને જંગલ
નો માલેક તે પોતાનું કરૂરપણું મુકી દઇ, મેંઢાં સ
રીખી નમનતાઇ અને ગરીબી પકડી બીહનો અને ધ્રુ
જતો એક મુરદાલ માણસ આગલ તાબેદારી કરતો
ઊભો રેહે, એ વાત ઓગણીસમી સદીના એક મોજેજા
ઓમાંનો મોટો મોજેજોછે. આપણા વડાવાઓના
વખતમાં એવો એક હેવાનીઅત ભરેલો ચાલ હતો કે
લુચછા ગુલાઓને સીંહના પંજાથી ફાડી નખાવવા. તે
વેલાએ લખો લોક એ જાનવરોનું કરૂરપણું જોવા મા
ટે મોટી ઠઠ મલી ભેગા થતા હતા, અને પોતાના ભાઇ
બંધોપર પડતો નાહક જુલમ હોંસ તથા ખુશીથી જો
તા હતા; પણ તે જાલમી વખત વહી ગયોછે અને
અસલ બનતા બનાવોથી તમામ ઊલટા બનાવો હા
લ આપણી નજરે પડેછે. આજ નવ વરસની વાત
પર વીલાયતની એક નાટકશાલામાં એક અજાએ
બ દેખાવ બનેઓ હતો. હજારો લોકોની ઠઠ તે ત
માસો જોવા ભેગી મલી હતી, અને પાસેના ચોતાર પ
રમાણે એક ઇંગરેજ ખેલાડી તાંહાં પોતાના પાલેલા
સીંહ સાથે રમતો હતો. એ ખેલાડીનું નામ મીસટ
ર કરાકેટ કરી હતું, અને મેંઢાં સરીખા એક ગરીબ
સીંહને જોઇ લોકો ભારે ઓચંબામાં પડેઆં હતાં. એ
સીંહ પોતાના ધણીના હોકમને જેમ કહે તેમ તાબે થ
તો હતો, અને ચોપગાંઓનો પાદશાહ પોતાનુ રાજ
પાટ મેલી એક બે પગાં આદમીની ગોલામગીરી કરતો
હતો. આ ખેલાડી પેહલાં એક ગવઈઆનો ધંધો ક
રતો હતો, પણ તેહના સેઠ મીસટર એનગર નામના
પુરૂસે પાંચ સીંહો ખરીદ કરેઆથી તેઓને પાલી તા
બેદાર કરવા માટે આ ખેલાડીનુ ધેઆન લાગેલું.
ધીરજ અને સબુરીથી તેણે સીંહ સરખા એક જાન
વરને પોતાની તાબેદારીમાં લીધું, અને પોતાની બેહદ
મેહનતનો તેને પુરતો બદલો મલેઓ. આ ખેલાડી
ને કેટલી જેહમત ખેંચવી પડી હશે તેનો આપણથી
સેહેલથી વીચાર થઇ શકતો નથી. આદમજાત બી
જુ શું નહી કરી શકે?

## થંડા પગ.

આ દુનીઆમાં મોહતને અંદર આલવાને મા
ટે ઘણાએક રસતા અને દરવાજા હોયછે, તેમાં થંડા
પગ એબી એક મોહતનો દરવાજોછે, અને એથી હજા
રો બલકે લખો જીવડાનો નાસ થાયછે. થંડા પ
ગ વાલા સખશોનાં દીલમાં લોહીનું બરાબર ફરવું અ
થવા સરીરનાં બાંધામાં જોઇતું બળ હોતું નથી. જે
નાં પગ ઘણુંકરીને થંડા રેહેછે, તેની તબીયત દુરૂસત
રેહતી નથી.

જારે લોહી સરીરનાં દરએક ભાગમાં તેનાં પ
રમાંણ પરમાંણે ફરતું રેહેછે ત્યારે માણસ તંદરોસત
હાલતમાંછે એવું કેહેવાયછે; પણ જો કોઈબી ભાગમાં
જોઈએ તે કરતાં ઓછું લોહી ફરતું હોયનો તાંહાં સ
રદી માલમ પડવાની, અને જાંહાં વધુ લોહીનો જમા
વ થયો તાંહાં તાવ અને અતીશય ગરમી માલમ પડશે.

પગ થંડા થાયછે એટલે તાંહાંનું લોહી સરી
રનાં બીજા નબલા ભાગમાં જમાવ થાયછે, અને તે
ભાગ નબલો હોવાથી પેહલાં વધુ લોહીને અંદર આં
વતાં અટકાવી શકતો નથી. એ પરમાંણે જારે આપ
ણા ફેફસાં નબલાં હોયછે, તારે વધુ લોહી તાંહાં આવી
ને એકઠું થાયછે; અને તેથી ઘણીવાર સરદી થઇ આ
વેછે અથવા મોહ વાટે લોહી પડેછે. જાહેર બોલના
રા અથવા મોહડેથી વાંચનારા જારે બીનકાયદે પો
તાનાં સરીરને હવામાં કેટલીક વાર ખોલું રાખેછે, તા
રે તેઓનું ગળુ નબલું થાયછે; અને થંડા પગથી આ
ભાગ ઊપર લોહીનો જમાવ થઈ ઘણીવાર ગળાંની અં
દરની બાજુ સુજી આવેછે; આવાજ ખોખરો થાયછે
અને અંદર બલતું હોય એવું લાગેછે. એજ પરમાં
ણે જુદા જુદા ખવાસનાં માણસોનાં સરીરનાં જુદા જુ
દા ભાગ બીનકાયદે રહેયાથી નબલા પડેછે, અને થંડા
પગથી પછે તરેહવાર તેઓને રોગ અને હલાકી થાયછે.

જેવોનાં પગ હમેશાં થંડા થઇ જતા હોય, તેવો
એ સવારનાં બીછાનાં ઊપરથી ઊઠનાંને વાર થંડા
પાંણીના એક વાસણમાં ઘુંટી સુધી પગ બોળવા, અને
સારીપેઠે ચોળવા. એવી રીતે બે મીનીટથી વધારે,
પાંણીમાં પગ રાખવા નહી અને તરત તેને ટુવાલથી
બરાબર લુછી ભીનાસ નહી રેહે એવી રીતે કોરા ક
રવા અને તરત ઈસટાકીન પેહરી લેવાં.

રાતનાં સુતી વખતે એવા ધણીએ આતરા આ
ગલ પગ સેકવા, અને પછે તરત બીછાનાં ઊપર જ
વું. સવારનાં ઊઠી ઊંઘાડે પગે ખોલી જમીન ઊપર
ફરવું નહી, એથી કરી ઘણીવાર દરદો ઊતપન થાય

છે, અને તે લાંબા દાહાડા સુધી સારાં થતાં નથી. પગ ગરમ રાખવાને માટે ઊનનાં, સુતરાઊ અથવા બીજી કાઈબી જાતનાં મ્રેહાયે અને માફક આવે તેવાં ઈસટાકીન પેહરવાં. એ બાબદમાં બીજાનાં અનુભવ પરમાંણે ચાલવા જવું નહી, પણ પોતાને માફક આવે તે કરેઆ જવું.

## માંરાં માસી.

માએનાં બેહન જે માસી કેહવાયછે, તેઓ પોતાની નાહાની વયમાં બાપનાં ગરમાં હલી મલીને રેહેછે, તારબાદ પરણી જઈ સાસરેનાં રેહવાસી થાયછે, અને સંસારમાં આવીઆ પછે આગલ કરતાં તેઓની ઘણીજ કમતર મુલાકાત થાયછે. કેટલીએક બેહનોનો હજારો માંઈલને છેટે પડી જાયછે, અને કેટલાંએક એકજ ગાંમમાં હોવા છતાં ભાએગે વરસમાં તેઓની બે તરણ પણ મુલાકાત થાયછે. વલી બીજાંઓની પરીત એવી રેહેછે કે બાપનાં ઘરમાં જે તેઓ સંપ અને સુલેહ ભોગવતાં, તેના કરતાં સંસારમાં આવી જુદાં પડવા પછે તેઓનો સંપ અને સુલેહ વધેછે, અને એક મેકને સર અવસરે કાંમ આવેછે.

મારાં માસીને બાપને ઘેરથી છુટાં પડવા પછે એક સારૂં સાસરૂં હાથ લાગુ હતું, તેમજ મારાં માપણ એક શકતાં અને સારાં સાસરામાં આવી પડીઆં હતાં. મારા બાવા પાંચ પઇસે સુખી અને ખાનાર પીનાર હતા, તેથી આખાં કુટંબને સારી હાલતમાં રાખતા, અને આખરૂ દરકારથી પોતાનો ધંધો ચલાવતા. પાસે થોડી દોલત હોવાથી ગાંમથી જરા દુર એકાંત અને હવા વાલી જગામાં એક બંગલો ખરીદીઓ, અને તાંહાં અવાર નવાર કુટંબીઓ તથા દોસતો સાથ તેહવારનાં તથા ફરસુદને દાહાડે જઈ રેહતા.

નાનપણમાં મેં પણ મારા બાપનો સારો વખત દીઠો હતો, અને આજે તે સંધો દેખાવ ગોએઆ મારી નજરની આગલજ હોય એવી રીતે મને ઇઆદછે. હમારી વાડીની મોજ, જાહાડપાંન, તથા ખેતર અને લીલોતરોમાં ભટકવાનાં દીવસો, ઠંડીનાં દીવસોમાં બામદાદમાં ફરવાનું, અને આસપાસની નાની ટેકડીઓ ઊપર સવારમાં જઈ ગાંમનો દેખાવ જોવો; એ સંધુ જારે મને ઈઆદ આવેછે તારે મારી આંખોમાંથી ખુશીનાં તેમજ દલગીરીનાં આંસુ ખરી પડેછે.

મારા બાવાનાં શકતા વખતમાં મારાં માસી પણ હમારાં જેટલાં નહી તોપણ સારી હાલતમાં તથા બે પઇસે સુખી હતાં. મહીનામાં પંદર વીસ દાહાડા હમારે તાંહાં આવી તથા બે તરણ દીવસ રેહી હમો બુલકાંઓને રમાડવા વગર એવનને ચાલે નહી. અને જારે આવે તારે હમારે સારૂં કાંઇ ને કાંઇ ઊકમાઇ ભરેલી ચીજ લેતાંજ આવે. માં કરતાં માસીનો પરોસ હમને વધારે હતો. મારાં માસી ભોલાં; તથા તેવનનું દીલ ઊદાર અને સખી, જેથી કોઈબી નાચાર તેવનની દઆ તથા કાંઈબી નાંણું મેલવવા વગર ખાલી જાએ નહી.

હમારા આ વખતમાં બીજાં શકતાં અને દોલતમંદ શગાંઓ હતાં, તેઓબી હમારે તાંહાં દરરોજ આવે તથા હમારા બાપને માંન તથા ઈજત આપે, અને સર અવસરે હમોને તેડવાને ચુકે નહી.

વેપાર ધંધાનું ચક્કર એવુંછે કે તે સંધો વખત એકસરખું ફરતું નથી, પણ કોઇવાર દબાણમાં તો કોઇવાર છેક આસમાંને લાગે એવું ઊંચું ફરેછે. એવા દબાંણ તથા ઊછાલામાં કોઇનું પરવું અને કોઇનું ચહડવું થાયછે. એવા દબાંહણમાં એકવાર મારા બાવા આવી પડીઆ, પણ પાસે નાંણાં હતાં તેથી છેક હારી ખાવા જેવો વખત હતો નહી; અને ધંધો રોજગાર ચાલી શકે એવો હીગાંમ હતો. એટલામાં એક દોસતની તરફથી આગલ મારા બાવાએ નાંણાં ખત ઊપર શહી આપી હતી, તે દોસતે વખતસર નાંણાં નહી આપીઆં અને નાદારી દેખાડી, તેથી મારા બાવાને શકના જોઈ તથા શહી મુકેલી તેથી પકડીઆ. એકનો ધંધાનાં દબાણમાં નાંણું ઘસડાઇ ગએલું, અને બીજુંનો દોસતની ઓહકાનમાં નાંણાંની મોટી રકમ ભરવી પડી; તેથી પાસે કાંઈ રહેણ નહી અને બંગલો તથા સર સાંમાન માંગનારા વેચાવી લઇ ગઆ.

મારા બાવાની ઊપર એકાએક આવો વખત આવી પડીઓ, તેથી હમારા કુટંબનું ગુજરાંન કેમ ચલાવવુ તથા બાકીની રકમ કાંહાંથી ભરવી, તે અંદેશામાં હમારૂં કુટંબ ગીરફતાર હતું. આવા વખતમાં મારા બાવા તથા માંએને દીલાસો દેનાર એકજ સી હતી—તે સી મારાં ભોલાં અને ઊદાર માસી હતાં. તેવને આ સમો જાલવવાને માટે પોતાની પાસે જે કાં

ઈ હતું તે સંધું ભેગું કરી મારા બાવાને હવાલે કીધું. મારા બાવાની આવી હાલત જોઈ મને દીલમાં ભારે સંતાપ લાગતો. મારાં માસીએ મારાં માએ પાસે જે કાંઈ હતું તે કહડાવીઊં, તે જોઈ મારી પાસે ચાલીસ રૂપીઆની એક રકમ ચોપડીઓ ખરીદવાને એકઠી કીધેલી તે તરત મેં મારાં માશીને વગર પુછવે કાહાડી આપી. મારા બાવાનાં નૂાંણાં એ રીતે અદા કીધાં.

થોડુંક પછે મારા બાવા ગુજરી ગયા, પણ સારાં ભાએગે હમોને કેળવણીનું મીઠું ફલ ચખાડીઊં હતું તેથી એક ઊતમ ધંધો હાથ કીધો; અને મારા બરીબડાં કરમાઇ ગયલાં કુટંબને હમોએ તાજું કીધું. ઈશવર મેરબાંનીથી હમો સરવે આજે સુખી છઇએ અને પાછલા દાહડા ઊપર જે ઢંકો મેલવીઓછે તે આજે ખુશી શાથે ઇઆદ કરીએ છઈએ. મારાં માંસી પેલા ચાલીસ રૂપીઆની વાત હજુર મને ઇઆદ આપેછે. હમુને એકવાર ફરીથી સુખી જોઈ હમારા માંસી જે વનનાં ઊપકારમાં હમો ગરકાવ છઇએ તેવણ ખુશાલછે, અને જે દાખલો તેવને હમારી નજર આગલ ધરીઓ તે દાખલા પરમાંણે ચાલવાને હમારા સરવે કુટંબીઓ કોશેશ કરેછે.

વલી મારાં માંસી એક નાંધલી સરખી દરબાર ચલાવેછે, અને લોકોનાં ઘર સંસારી સાસુ વહુના, વર બઇએરનાં તથા બીજા કજીઆની સમજુતી કરાવી આપેછે, તેમાં મેં એવું જોયુંછે કે બંધે બાજુ વાલાને રાજી કરી શકેછે.

દુનીઆમાં કેટલી બેહનોછે—તેઓમાંની કેટલી માંસી થઈછે અને થનારછે, તેઓની સાંમને આ મારાં નીતીમાંન તથા ઊદાર-દીલનાં માંસીનો દાખલો ધરીઓછે કે સરવે માંસી, કાકી, માંમી, ઈતીઆદી સગાં અરસપરંસ એક મેકની ગરજ સારી આ દુનીઆનો ખજાંનો નહી; પણ પેલી દુનીઆનો આકેબતનો ખજાંનો અને તીજોરી ભરે.

## સ્ત્રીઓને સુચના.

### ફલાનલનાં કપડાંને ધોવાની રીત.

ફલાંનલનાં કપડાંને વાસતે વેલાતી સફેદ સાબુનાં લાંબા કટકા આવેછે તે વગર બીજો કોઈ જાતનો સાબુ વાપડવો નહી. આ જાતનો સાબુ હોરાઓને તાંહાંથી સસતી કીમતે મલી આવેછે. જો બીજી જાતનો સાબુ વાપરીઓ હોએતો કપડું નરમ થવાને બદલે કઠણ થાએછે, અને સફાઈ બરાબર નીકલતી નથી.

એ કપડાં ધોવાને પાંણી ગરમ લેવું જોઈએ પણ કકરા આવતું પાંણી કદી પણ વાપરવું નહી, એથી કપડું સોસાઇ જાયેછે અને સફાઈ પકડતું નથી. થંડું પાંણી પણ બીલકુલ વાપરવું નહી.

ફલાંનલનાં કપડાંની સાથે બીજાં કસાં કપડાં ધોવાં નહી. એ કપડાંને સાફ સોજાં ગરમ પાંણીમાં સફેદ સાબુનું ફીણ કાહાડી બોળવાં, પણ એની ઊપર સાબુ બીલકુલ ચોળવો નહી કેમકે તેથી કપડું ઓર જાડું અને કઠણ થઈ જાયછે. એકવાર એમ સારી પેઠે બોળીઆ પછે ફરી બીજાં વાસણમાં એજ પરમાંણે બોળવાં, અને તારબાદ તરીજાં વાસણમાં સેહજ ફીણ કરી જરા કાલીગુલી નાંખી ડુબાવવાં. આ પરમાણે ડુબાવવા પછે તેને સારીપેઠે નીચવવાં અને હવામાં ખંખેરી ઓરણ ઊપર ઊગાતાં કરવાં. જારે સુકતાં હોય તારે પાંચ સાતવાર તેને હીલવવાં અને બરાબર સરખાં કરી બધી બાજુએથી તાંણવાં, અને અવાર નવાર પર ફેરવવાં. આ કપડાંને જલદીથી સુકવી નાંખવાની કોશેશ કરવી નહી; પણ ધીમેથી સુકવા દેવાં.

આ પરમાંણે ધોએલી ફલાનલ સફેદ અને નરમ રેહશે, અને હમેસ નવી જેવી માલમ પડશે; પણ જો એકવાર તેને ઊકલતાં, કકરા આવતાં પાંણીમાં બોળી અથવા થંડું પાંણી વાપરીઊં અથવા સાબુ ચોળીઓ અથવા બીજી જાતનો સાબુ વાપરીઓતો પછે તે કદી સમરનાર નથી.

જે ફલાંનલનો રંગ પીલાસપર થયો હોય તેને સુધારવાને નીચલી રીત કાંમે લગાડવી.

ચાર ચમચા ભરીને ઘઊંનો સોજો આટો લેઇ તેમાં તરણ બાટલી પાંણી નાંખી તેને સારીપેઠે હીલવતા જઇ ઊકાલવું. ઊકાલવા પછે એક તપેલીમાં ફલાંનલ મુકી તેમાં આ કકરા આવતું પાંણીનો અરધો ભાગ ઊંચેથી રેડવો. અને એ પાંણી થંડું પરે તાંહાંસુધી ફલાંનલ તેમાં રેહવા દેવી અને અવાર નવાર તેને ચોળવી, અને બીજા સોજાં ગરમ પાંણીનાં વાસણમાં તરણ ચાર વખત બોળવી, પણ સાબુ બીલ

ફુલ વાપરવો નહી. આ પાંણી થંડું થઓ પછે પેલું કકરા આવતું ઊકાલેલું બાકીનું પાંણી જે ચુલા ઊપર રાખી ગરમ રાખીઊ હોય તે ફરી ફલાંનલને બીજાં વાસણમાં નાંખી તેની ઊપર રેડવું, અને તે પાંણી થંડું થવા આવે એટલે બીજાં સોજાં ગરમ પાંણીમાં તરણ ચાર વાર બોળવી અને તારબાદ નીચવવા વગર સુકાવા નાંખવી.

## લાકડું—તેનો તરેહવાર ઊપીયોગ.

લાકડાંની કુદરતી બનાવટ બે જાતની હોયેછે' બટ અને પોકલ લાકડું. પોકલ લાકડામાં બાંમણું, અને પાંમની જાત, જેમકે તાડ, માહાડ અને ખજુરી આવેછે. જે દેશમાં બાંમણુ અને પાંમની જાતના ઝાડો પુશકલ હોયેછે, તાંહાંના લોકો તેનો તરેહવાર ઊપીયોગ કરેછે. ઝાડ પોકલ હોવાનાં સબબથી તેને ખેતરોમાં પાંણી લઈ જવાને માટે નલાની માફક કામમાં લાવેછે અને મોહોટા કટકાઓને પેટીયાં બનાવીને વાપરેછે. કેટલીએક મોહોટી પાંમની જાતમાં લોહોડાંના તારની મીસાલે લાંબા સાકા આવેછે, અને તે શરસના જેવી ચીકટ વસતુમાં મલી ગયેલા હોયેછે. આસટરેલીયા તરફના દેશી લોકો એવા સાકા કાહાડીને ખીલાની મીસાલે કાંમમાં લાવેછે. કેટલાએક ખીલા સીસમના લાકડાંના જેવા કઠણ હોયેછે. થોડાએક નાહાના પાંમના ઝાડ માહેથી ફરવાની લાકડીઓ બનાવેછે. પીનાંગ કેનને નામે જે લાકડીયો હીંયાં લાવેછે, તે એવા પાંમ માહેથી બનાવેલી હોયેછે. પાંમ ઝાડની ૪૦૦ થીતે ૫૦૦ લગી જાત આવેછે. એનું લાકડું કોઇજ વખતે દાબડી ઇઆ ખુરશી અને એવીજ જુજ ચીજ બનાવવામાં કાંમમાં લાવેછે. ખજુરીના પાતરાંના વચલા દાંડાની વલ દીધેલી ફરવાની લાકડીઓ બનાવેછે. જારે દાંડો લીલો હોયેછે તારે તેને વલ આપેછે, અને ભારી વજનો ચુકીને લાંબી ખેંચેછે, અને સુકાયે તાંહાંસુધી એમજ રેહેવા દેછે. કેટલાંએક પાંમનાં ઝાડના ફલને હુનરાતમાં કાંમ લગાડેછે. સોપારીના કંઠમાલા, લાકડીઓનાં મુંડાં ઇતીયાદી બનાવેછે. નાલીએરના કાચલાનો તરેહવાર ઊપીયોગ કરેછે. નાલીએરના કોચલાના પેયાલાં, વાસણ, ખુરશીં ઇતીયાદી બનાવેછે. નાલીએરના કોપરાને ખાયેછે તથા તે માહેથી તેલ કાહાડેછે. પાતરાંની ટોપલીઓ અને સાદડીઓ બનાવેછે. એ સીવાએ ખાંડ, દારૂ, ઊરાક ઇતીયાદી બનાવેછે.

પણ પોકલ લાકડાં કરતાં બટ લાકડું તરેહવાર કાંમ અને હુનરમાં કાંમ લાગેછે. બટ લાકડાં, કઠણ તથા નરમ આવેછે. લાકડાંના સાકા ઘણા પાસે પાસે હોવાથી ઈઆ જરા જરા દુર હોવાથી લાકડુ કઠણ તથા નરમ બનેછે. સીસમ અને દેવદારીનું લાકડું કઠણ તથા નરમ લાકડાંના દાખલાછે. લાકડાંના સીધા સાકાઓમાં હમેશાં આડા સાકા આવેછે. જો આડા સાકા જુજ હોયેછે ઈઆ કાંઇ પણ ગાંઠ આવતા નથી તો લાકડું વલી શકેછે અને જલદીથી ચીરાઈ જાયેછે. જો આડા સાકા પુશકલ અને નજદીક નજદીક ઠીસેલ હોયેછે તો લાકડું વલી શકતું નથી, અને વધારે સખત અને ચીવટ હોયેછે. "આશ" નું લાકડું, અને માહાગની તથા "ઓક" નું લાકડું એ બે જુદી જાતના દાખલાછે. લાકડાંની એવી જુદી જુદી ખુબી હોવાના સબબથી તેને તરેહવાર રીતે કાંમમાં લાવેછે. કેટલીએક જાતના લાકડાં બાંધકાંમમાં, જેમકે વાંહાંણ તથા ઘર બાંધવાના કાંમમાં આવેછે. બીજી જાતના લાકડાં, સાંચા,. ચકર, તથા દાંતા સાથના પઈડાં બનાવવામાં કાંમ લાગેછે. તરીજી જાતનું લાકડું કંતારીના ખપમાં આવેછે. ચોથી જાતનું લાકડું ઘરનો સામન, જેમકે કોચ, ખુરસી, તેબલ, ઈતીઆદી બનાવવામાં કામ લાગેછે. પાંચમી જાતના લાકડાં માહેથી તરેહવાર સોભઈતાં રમકડાં બનાવવામાં આવેછે. છઠી જાતનું લાકડું રંગ બનાવવામાં કાંમ લાગેછે. આ છ મુખીય કાંમ સીવાએ કાંઈ બીજી હજારો રીતે લાકડાંને વાપડવામાં આવેછે.

લાકડાંનો ખવાસ હમેશાં એકજ તરેહનો રેહેતો નથી. જેવી જગા, જેવી જમીન, જેવું પાંણી તે પરમાણે લાકડાંનો ખવાસ બદલાયેછે. લાકડું છાલ આગલથી અને છેક વચમાંહથી બાકીના ભાગ કરતાં નબલું હોયેછે. મુલીયાં આગલથી લાકડું, ડાંખલી આગલના ભાગ કરતાં ઘણું મજબુત હોયેછે. જે ઝાડ સુકી જગા ઊપર ઊગીયું હોયે તેનું લાકડું, ભીની જગા ઊપર ઊગનાં ઝાડના લાકડાં કરતાં વધારે કઠણ, ભારી, મજબુત અને પીલા રંગનું નીકલેછે. થોડાંએક લાકડાં સુકવીયાથી સેહેજ વજનમાં કમની યા

થેછે. થોડાંએક સુકાઈને ભારી બનેછે, પણ ઘણું ખરૂં લાકડું સુકાતાં હલકું થાયેછે. જારે લાકડું શુકાઈને ચીમડાયેછે, તારે માતરે પોહોલાઈમાંજ નાહાનું થાયેછે. તેની લંબાઈ કમતી થતી નથી.

લાકડું વારેઘડીએ સડી જાયેછે, અને અસલના વખતથી તેને ચોખું રાખવાને માટે તરેહવાર ઊપાયો કામમાં લગાડવામાં આવીયાછે. **લાકડું સડી ઈયા કોહી જાયેછે તેની સમજ શું છે?** સઘલાં ઝાડોના ઝીણાં સુરાખોમાં અલબીયુમેન (ઈડાંની સફેદીના જેવી) જાતની વસતુ આવેછે; તે ઝાડનું રક્ષણ કરેછે. પણ જારે ઝાડને કાપીને તેના થડ અને દાંખલીના લાકડાં બનાવેછે, તારે એ અલબીયુમેન કાંઈ પણ ગુણ કરેયાને બદલે એક નુકસાનકારક વસતુ થઇ પડેછે. લાકડું સુકાયેછે તેની આગમજ અલબીયુમેન ભીનું હોયેછે અને સુકાતી વખતે તેનું ખમીર થઇને તે ઊભાવા માંડેછે. એવી હાલતમાં ઝીણાં જાનવરો, લાકડાંમાં નહી માલમ પડે એવા સુરાખ પાડીને અંદર ખોરાકને માટે પેવસ થાયેછે. એવા બારીક સુરાખોમાં પછી હવા અને પાંણી પણ પેવસ થાયેછે. હવા અને પાંણી પેવસ થયાથી લાકડાંનો રસ ફુગાઈ આવેછે; એટલે તે માહે બારીક વનસપતી ઊગેછે. એ વનસપતી વધીને, લાકડાંની માંહેથી આંધરાં પાડીને બાહેર રસતો કરેછે, અને લાકડાંની સપાટી ઊપર વેહરની મીસાલે માલમ પડેછે આસતે આસતે એ સુરાખો મોહોટાં થતાં જાયેછે, કે છેલે લાકડાંને માતર એક ખાલી ખોખું બનાવી દેછે. ઘરના વાંસા અને પેઢીયાં માહેથી સડો પડીને વેહેર નીકલેછે તે ઊપર જણાવેલા કારણોથી બનેછે.

લાકડાંને સડો પડવાંથી બંચાવવાને માટે અસલથી લોકોનું ધેયાન લાગેલુંછે. આજ એક સદી થઈ લોકો તે ઊપર ખુબ મંડીયાછે; જો એક ઊપાયે નકાંમો લાગો તો બીજો શોધી કાહાડવામાં ખંતીજ રહેલાછે, અને જારે તેવોંને બરાબર સમજ પડી કે સડો કેમ લાગેછે, તારે લાગુ પડે એવા ઊપાયો શોધી કાહાડીયાછે. ડાકટર હેલે મોરથુથુ વાપડવાને ભલામણ કીધી હતી. ડાકટર ફરડીસે મોરથુથુને બદલે હીરાકસી વાપડી હતી અને તેનો ગુણ વધારે સારો માલમ પડીયો હતો. ૧૭૮૪ ના સાલમાં કરનલ કાનગરીવે લાકડાંને તાર લગાડવાનો વીચાર જણાવીયો હતો. ઓગણીસમી સદીની શીરૂઆતમાં પેહેલ વેહેલાં સર સામીયુલ બેનકામે લાકડાંના સુરાખો માંહેથી હવા કાહાડી નાખીને, ખાલી થયેલાં સુરાખોમાં દવાઓ નાખવાનું બતલાવીયું. જોકે તેના હાથમાં એ રીત બરાબર લાગુ નહી પડી, તોપણ તે ઊપરથી બીજા લોકોને એશારો મલીઆથી નવી યુકતીઓ શોધી કાહાડીછે. એ પછી તરેહવાર ચીજો વાપડવા લાગા, જેમકે મગરનું તેલ, કલીચુનો ઈતીઆદી. કેટલાએક જણ લાકડાંને ગરમ રેતીમાં થોડોવાર લગી દાટતા હતા; થોડાએક જણ એક ઓરડામાં હવાને ગરમી આપીને તેમાંહે લાકડું મેલી રાખતા હતા. થોડાએક લોકો ગરમ પાણીનો બાફ આપતા હતા, અને કેટલાએક લોકો તરેહવાર વસતુ ઊપર ચોપડતા હતા. એ ઊપાયોથી જારે કાંઈ ઘણું વલીયું નહી તારે તેવોનું ધેયાન બીજી તરફ દોડીયું. તેવોને વીચાર આવીયો કે જો અલબીયુમેનને દુર કરે ઈઆ તેને બીજો આકાર આપેતો એ બલા દુર થાયે. પણ વલી વીચાર કીધો કે અલબીયુમેન કાંઈ બાહેર નીકલી શકે નહી. અને જો ગરમી લગાડીને સુકવીયું હોયેતો પાછું હવા માહેથી પાંણી ચુસીને ખમીર થવા માંડેછે. એ ઊપરથી ફરીથી વીચાર આવીયો, કે જો અલબીયુમેનને બીજી દવાઓ આપીને પાણીમાં પીગલી નહી જાયે એવું કીધું હોયેતો તે પછી પાણીને ખેંચી શકેજ નહી. અને તેથી તેનું ખમીર પણ થાયે નહી. એ ઊપરથી સવાલ ઊઠીયો, જે કેઈ દવા એવીછે કે જેથી અલબીયુમેન પાણીમાં પીગલે નહી એવું થાયે? સર હમફરી દેવીએ "કોરોઝીવ સબલીમેટ" (રસકપુર) વાપડવાનો વીચાર આપીયો. મી૦ બેદેલ કરીએસોટ નામનું તેલ વાપડવાનું વધારે પસંદ કરતો હતો. મી૦ પેન હીરાકસી અને સલફેટ આફ બરાઈતીસ વાપડતો હતો અને સર વીલીઅમ બરનેટ "કલોરાઇડ આફ ઝીનક" પસંદ કરેછે. પણ એ દવાઓ અંદર કેમ દાખલ કરવી તે તેવોને સુજ પડીયું નહી. જાંહાંસુધી હવા બાહેર નહી કાહાડે તાંહાંસુધી દવાઓ અંદર પેવસ થવાને મુશકેલ પડેછે. હાલ જે યુકતી કાંમમાં લાવેછે તે ઘણીજ પસંદ કરવા જોગછે. લાકડાંને એક ઘણા મજબુત લોહોડાંના નલામાં મુકેછે, એ નલા માહે હવા ખેંચી લેવાનો એક સાંચો (એરપમપ) અને દવા અંદર મારવાનો એક પમપ સાથેજ આવેછે. એવો

ની મદદથી પેહેલાં હવા બાહેર નીકળેછે અને પછી તેમાં દવા પેવસ થાયેછે.

દેવીસન અને સીર્મીંગટન એ બે ગરસથો લાકડાંને સુકવવાનો એક જુદી તરેહનો ઊપાય કામમાં લગાડીયોછે. ગરમ હવા લાકડાંની ઊપર ફુકવાથી સઘલાં સુરાખો તદન સુકાઈ જાયેછે. જો લાકડાંને ધમ ગરમ હવામાં મુકીચું હોયતો તે ભુજાઈ રેહેશે; પણ જો ગરમ હવા જોરથી ફુકવા દીધી હોયતો પાંણી ઊડી જઇને લાકડું તદન શુકાઇ જશે. એ યુકતીથી વલી લાકડાંમાં તદન નવા ગુણો પેદા થાયેછે. એવાં લાકડાં વજનતરો બનાવવામાં ઘણાજ ઊપીયોગી થઈ પડેછે.


બુશેરી નામના એક ફરેંચ ડાકટરે એક અજાએબ યુકતી શોધી કાહાડીછે. તે જીવતાં ઝાડમાંજ દવાઓ પેવસ કરેછે; અને જોકે તેથી ઝાડ મરી જાયેછે, તોપણ લાકડું પછી સડતું નથી.

હાલના વખતમાં મોહોટા દબાનના બાફથી કરીને લાકડાંનો કોલસો બનાવવાની યુકતી શોધી કાહાડીછે. કોઈ પણ સવાલ કરે કે બાફ શી તરેહથી લાકડાંનો કોલસો બનાવે ? બાફમાંતો પાંણી આવેછે અને તે ઊલટું લાકડાંને ભીંજવે પણ બાલે નહી ? ખરી વાતછે કે સાધારણ બાફની ગરમી, ઊકલતાં પાંણીની ગરમી ૨૧૨ દીગરીથી વધારે નથી, અને એવી હાલતમાં લાકડાંને બાલીયાના કરતાં માતરે પાંણીથી ભાજવેછે. પણ જારે બાફને મોહોટા દબાનમાં લાવેછે તારે તેની ગરમી પુશકલ વધી પડેછે; તેની ગરમી ૪૦૦ થીતે ૭૦૦ દીગરી લગી જાયેછે અને ઘણી વખતે તેથી પણ ઊપર આવેછે. જારે આવી દબાનમાં આવેલા બાફથી જો લાકડાંને ગરમી આપી હોયે તારે તેનો કોલસો બનેછે અને એ કોલસો બંદુકનો દારૂ અને એવીજ બીજી ચીજો બનાવવામાં કામ લાગી શકેછે. બરાબર મન માફક ગરમી આપીયાથી જુદી જુદી જાતનો જેવો ગમે તેવો કોલસો બની શકેછે.

જેમ ધાતુઓને પરેસમાં દાબીને તેના પાટલા તાવ બનાવેછે, તેમજ હાલ લાકડાંને પરેસમાં દાબીને તેને વધારે કઠણ અને મજબુત કરેછે અને પછી તેને પુશકલ રીતે વાપરેછે.

( એતું સાધણછે.)

## બીલાડીની જાત.



બીલાડીની જાતના જાનવરો ચોપગાં અને માસ ફાડી ખાનારાં હોયેછે. તેમાં સહીં, વાઘ, ચીતો, સીયાંહગોશ, બીલાડી ઇતીઆદી જાનવરો આવેછે. એ જાનવરો બીજી જાતના જાનવરો માહેથી આ નીચે જણાવેલી ખુબીથી જલદીથી માલમ પડી આવેછે.

સઘલાના પગનાં નખ જોરાવર, વેહેતાં, અને ગમે તારે પંજામાહેથી બાહેર આવે અથવા અંદર પાછાં જઇ શકે એવાંછે; અને એવાં નખથી તેઓ પોતાનો શેકાર સેહેલથી કરી શકેછે.

તેઓનાં દાંત અનીદાર અને વેહેતાછે, તેથી તેઓ માંસને જલદીથી ફાડીને ખાઈ જાયેછે. તેઓ માંસ શીવાએ બીજું કાંઇ પણ ખાતાં નથી; ભાજી પાલાના ખોરાકને તેઓ અડકતાં પણ નથી. બીજી ખુબી એછે કે જંગલી હાલતમાં પોતાને હાથે મારેલાં જાનવરોના માસ શીવાએ બીજું માસ ખાતાં નથી. જારે પીંજરાંમાં બંદીવાન હોયેછે અથવા જારે તેઓને પાલવામાં આવેછે, તારે ભુખને મારીયાં આપેળું માસ ખાયેછે.

તેઓ જાતે ઘણાં જોરાવર હોયેછે અને એવોના જેવાં જડબા અને જાંગ પુખત જોરાવર કોઈ બીજાં ચોપગાં જાનવરોમાં જોવામાં નથી આવતું. તેઓનો આખો બાંધો ઘણો મજબુત તેમ ચપલ હોયેછે અને તેઓની દરએક હીલચાલ સેહેલ, ચાકલી અને છટાદાર હોયેછે.

એ જાનવરો જેવાં કુદવામાં અને ઊછલવામાં બીજાં કોઈ પણ નથી. અને જોકે બીજાં જાનવરો

દોડવામાં તેઓથી ઘણી જલ્દ રાખેછે તોયપણ તેઓના કુદકાશ આગલ તેઓ સેહેલથી શેકાર થઈ પડેછે.

તેઓ શેકાર કરતી વખતે ચાલવામાં ઘણાજ ખબરદાર રેહેછે. તેઓ હલવેથી અને છુપાવીને ચાલેછે. કુદરતે તેઓના પંજાના તલીયાં નરમ અને ચરબીદાર જાડાં કીધાંછે, તેથી, તેઓ ચાલેછે તારે કાંઈ પણ આવાજ થતો નથી. અને જારે શેકાર નજદીક આવેછે, એટલે એકદમ કુદકો મારીને, પંજો એવા જોરથી નાખેછે કે ઘણી વેલા શેકારને તરત મારી નાખેછે.

જોકે તેઓમાં કુતરાના જેવી સુંઘવાની ખુબી નથી, તોયપણ તેને બદલે તેઓની નજર ઘણીજ ચાલાક હોયેછે. તેઓ દીવસમાં તેમજ રાતનાં અછી રીતે જોઇ શકેછે, તેથી તેઓ શેકાર ઘણોખરો રાતરે કરેછે.

તેઓ અછી રીતે સાંભલી શકેછે, તેથી જરા પણ ગોઘાટ થયાથી તેઓ ઊંઘ માહેથી જાગી ઊઠેછે.

સઘલાંના મોહોડાં ઊપર લાંબા બાલ હોયેછે અને તે ઘણી વેલા તેઓને અંધારામાં અગતનાં થઈ પડેછે.

તેઓની જીભ ઘણી ખબરાયલી હોયેછે અને તે વરે શેકારના હાડકાં માહેથી માસ સોહોરીને ખાઇ જાયેછે.

જોકે સઘલાનો આકાર ઘણોખરો મલતો આવેછે તોયપણ તેઓ કદમાં ઘણો ફરક રાખેછે; તે શીવાએ બીજી ખાશીયતોમાં તેઓ ફરક રાખેછે. તેનું બેયાન હવે પછી કરવામાં આવશે.

મથાલે આપેલું ચીતર બીલાડીની જાતના સઊથી ભયંકર જાનવરો બતલાવેછે. સંહી પોતાના ખરા ભભકામાં ગોસામાં અને જોસમાં આવીને ખોલા મેદાનમાં ઊભેલોછે. હેસલ, વાઘ અને તેનું બચું ખેતરમાં ભરાઇને પડેલાંછે

## ફેરફાર.

દરરોજ નવી નવી અને જુદી જુદી ચીજો જોવા તથા મેલવવાની હોંસ કયા માણસમાં દીઠામાં આવતી નથી. એતો એક આદમ જાતનો ખવાસજ છે કે કાંઇને કાંઈ પણ ફેરફાર કરવો. માંણસ પોતાની બચગીથી તે ઘોરમાં જવા લાયક થાયછે તાંહાંસુધી તેનામાં આ ગુણ દીઠામાં આવેછે.

બાલપણમાં એ ગુણ વધારે દીસેછે અને જેમ જેમ વય વધતી જાયછે તેમ તેમ એ ગુણ કમતર થાયછે. એક બાલક જે તનદરોસત હસે તેને તમે કદી પણ એકજ રીતે પડી રહેલું જોશો નહી; પણ તે અહીથી તહી પછાડા મારતું માલમ પડશે.

છોકરા અથવા છોકરીઓની નીશાલમાં એકાદ વખત તમો જઈ ઊભાં રેહસો તો તમને શું માલમ પડશે વારૂ? એક દરીઆવ કે જેની અંદર ચટપટીયાં બાલકોનાં ઊભાતા મોજા દેખાશે; જે એવું દેખાડેછે કે નીશાલની એકસરખી રીતભાત પરમાણે ચાલતાં જે તેઓને કંટાલો આવેછે તેમાં આવી ચાલથી ગોઓઆ આરામ મેલવેછે.

અનુભવ ઊપરથી એવું જણાયછે કે મરદ કરતાં ઓરતોમાં ફેરફારી ગુણ વધારે દીશેછે. તેઓની સંસારી રીત, પોશાક, ઘરેણું તથા રાહ રશમ તપાસતાં જોઇએછે કે જરાજરામાં તેઓને ફેરફાર કરવાનો શોક રેહેછે, અને જાંહાંસુધી તેમ કરતાં નથી તાંહાંસુધી તેઓનો જીવ હલકો પડતો નથી.

વાંચનાર બાઈ બોલો કે તમોએ કેટલાં ઘર ખાલી કીધાંછે, કેટલા ચાકરો તમારી ચાકરીમાં બદલાઈ ગયાછે; કેટલા બતાશા, પાંશી, ઈંડાં ઈતીઆદી ઊકરાવાલા બદલી નાંખીઆછે? કેટલી જાતની સારી તથા તેની કોર, ઈજાર, ચોલી, કાંચરી તથા પોશાક ઊપર એકવાર મોહી પડી તમારા ભરથારને કંટાલો આપી ખરીદ કરાવી થોડાજ વખતમાં તે પોશાકને હલકો ગણી બીજાજ પોશાક ખરીદવા નીકલી પડીયાં છો? કેટલીવાર સુનાનાં વારા, ચીતલને મેલવી નખાવી તેની બાંગરી બનાવાનો ઈરાદો રાખીઓ અને તેમ થયા પછે તે વેચાવી એક મોતીની બાંગરી અથવા હાર ઊપર તરાપ મારીછે? એ વગેરે તમારી બીજા કયા ફેરફારમાં પેહલ નથી?

એ ગુણને મારે હમો કોઈને ઠપકો લાગુ પાડવા માંગતા નથી; પણ જેઓમાં એ ગુણ બેઅંદાજે હોય છે તેઓ ફાએદાને બદલે ગેરફાએદો જુવેછે એટલુંજ કેહવા માંગીએ છીએ.

## ગાડીની શોધ.

ઘણીક વસતુઓ તથા બનાવો, જોકે જાતે ઘણીજ ઊપયોગી હોયા છતાં, અને તે રાત અને દીવસ માણસ જાતનાં કામમાં આવનારી હોવા છતાં, તેઓ ઘણા લાંબા વખતથી હસતીમાં હોવાથી, અને તેઓ દર જગાએ વાપરવામાં અથવા જોવામાં આવવાથી તેઓ આપણી નજરમાં એટલી તો સાધારણ થઇ ગયલીઓછે કે તેઓને કોણે શોધી કાહાડી, કીઆ વખતમાં તેમને શોધવામાં આવી, અથવા કીઆ દેશમાંથી તેમનો જનમ થયો, એ સઘલું જાણવાને આપણે કવચીતજ આતુરમંદ થઈએછે. રેલવે, ટેલાગરાફ, વગેરે યંતરો કીઆરે, કીઆં અને કોણે શોધી કાહાડીઆં, એ જાણવાની આજે ઘણાઓને ઈછા હોયછે; પણ બેસવાની ગાડી, દલવાની ઘંટી, દોરડાં ઘસડવાની કપી, એમને કીઆ વખતે, કીઆ દેશે અને કીઆ માણસે જનમ આપીઓ તે જાણવાને થોડાઓનેજ ઇછા હોયછે. એનું મુખીઅ કારણ ઊપર જણાવવા પરમાંણે તેમનું સાધારણપણુંછે. અલબતે આટલી વાત ખરીછે કે, એવી ઊપયોગી સાધારણ બનાવટો મધેની કેટલીકે તો એવા વખતથી હસતીમાં આવેલીઓછે, કે તેમની ઊતપંતી વીશે કશો પતો મલતો નથી. એવીઓને પાછલ મેલતાં જેમને માટે જે કાંઈ જણાયલુંછે, તે જો જાણવામાં આવેતો તે કોઇબી રીતે નીરઊપયોગી થઈ પડે નહી. એટલા માટે ગાડી સરખી સાધારણ પણ મહા ઊપયોગી વસતુની કેમ શોધ થઈ અને તે કોણે કીધી તે બાબદ હાલ વાંચનારની આગલ મેલીએ છીએ.

તવારીખ ઊપરથી એવું માલમ પડેછે કે, ગાડી સરખું યંતર એરીકથોનસ નામના એક આથીનીઅન રાજાએ ઈસવી સનની અગાઊ ૧૪૮૯ વરસ ઊપર, એટલે આજે ૩૩૫૬ વરસની વાતપર શોધી કાહાડી હતી. એ રાજાનાં પગને કાંઈ દરદ થવાથી તે ચાલવાને અશક્ત થઈ પડીઓ હતો, જેથી બાહાર આવવા જવાને અને તે આપે પોતાની ખોડને છુપાવવાને એવી યુકતી કરવી પડી હતી. ઘણા પરાચીન કાલનો ડાઓડોરસ સીકલસ નામનો એક તવારીખ લખનાર જણાવી ગયોછે કે સીસોતરીસ રાજા એવી એક ગાડીમાં ફરતો હતો; અને જીઆરે તે તેમાં બેસીને શેહેરમાં આવતાં અથવા ભોગ આપવાને જતો તીઆરે, તેને, તે પોતાનાં ચાર રાજા બંધવાંઓને જોડતો! પણ એ ગાડીને માટે એવું ધારવામાં આવેછે કે, તે લડાઈનો રથ હશે. કારણ કે, તવારીખ ઊપરથી, તેમાં એગત કરીને નાંમીચા કવી હોમરનાં લખાણ ઊપરથી માલમ પડેછે કે, ગરીક અને તરોજન લોકો પણ લડાઈની વેલાએ રથ વાપરતા હતા. એ ગમે તે હોય તોપણ ગાડીની શોધ તરણ હજાર વરસ ઊપરનીછે એટલી વાતતો નેકીજછે. એ પરમાણે એ યંતર હસતીમાં આવીઆ પછે, ઊતર તરફનાં રાજાઓએ રોમનાં રાજને લઇ લીધું અને તેના નાહાનાં ભાગો કરી જુદાં જુદા સરદારોનાં હવાલામાં આપીઆં, તીઆંસુધી યુરોપનાં કેટલાક ભાગમાં વપરાવા પછે રોમ અને તેને તાબેનાં મુલકોમાં તે વપરાતી ઘણોખરી બંધ પડી, અને ઘોડા, ખચર અથવા ગધેડાં ઊપર સવારી કરવાનો ચાલ નીકલીઓ અને તે ઘણા ફેલાઈ ગયો. તે એટલે સુધી કે રાજાઓ, અમીરો, ધરમગુરૂઓ અને એ વીગરે સઘલા પુરૂષો તથા સ્ત્રીઓ સવારીજ કરવા લાગાં. એ પરમાણે સવારીનો ચાલ લાંબો વખતવેર ચાલવા પછે સોલમી સદીની સરૂઆતમાં પાછી ગાડીઓ દાખલ થવા માંડી. ૧૫૪૫ નાં વરસમાં એક મોહટા અમીરની સ્ત્રીએ બંધ ગાડીમાં બેસીને હમામખાનામાં જવાને માટે મોહટી મુશકેલીથી પોતાનાં ધણીની રજા મેલવી. તેમ થયાથી ઢાંકેલી ગાડીઓમાં મોહટે વાંધેની સ્ત્રીઓને બેસવાનો ચાલ નીકલીઓ. પણ દરએક પદવીનાં પુરૂષો ગાડીમાં બેસવાનું બાએલાંપણું ગણતા અને તેમ કરવામાં ભારે શરમ ભરેલું સમજતા. આખરે ૧૫૫૪ નાં વરસમાં કાઊનટ ઊલફ નામનો એક ઊમરાવ પેહેલો ગાડીમાં બેઠો. તેને સેકસનીનાં રાજાએ બોલાવા મોકલવાથી, તેણે પોતાનાં શરીરની અસુખાકારીનાં સબબ બતાવી, ગાડીમાં બેસીને આવવાની પરવાંનગી માંગી, જે તેને મલવાથી તે ચાર ઘોડા જોડી એક મોહટી ગાડીમાં બેસીને આવીઓ. પણ કેટલાક લખનારાઓ ઊપરથી માલમ પડેછે કે, છેક ૧૪ મી સદીની આખેરીથી એવી ગાડીઓ, રાજાઓ, અમીરો અને એવાંજ મોહટાં માણસો મુસાફરીમાં તેમજ વાર.તેહવારે ફરવામાં વાપરવા લાગા હતા. એ ગમે તેમ હોય, પણ

જોન સટોવના લખવા ઊપરથી 'જણાયછે કે ઇંગલંડની અંદર ગાડીઓ છેક ૧૫૮૦ નાં વરસમાં દાખલ થઈ.' તે લખેછે કે, આરનડેલનો ઊમરાવ પેહેલ વેહેલી ગાડી જરમનીથી ઈંગલંડમાં લાવીઓ. પણ એનડરસંન નામનો લખનાર ઊપલી મુદતમાં વધારો કરી તેને ૧૬૦૫ ની ઠડાવેછે. ૧૬૧૯ નાં વરસમાં બકીંગહામનો અમીર છ ઘોડાની ગાડીમાં બેસીને ફરીઓ જે જોઈ લોકોને "ઘણું નવાઇ જેવું અને હસવા સરખું લાગીઊં હતું. એની મશકરી કરવાને નારથંબરલાંડનો અમીર આઠ ઘોડા જોડીને ફરીઓ હતો. તીઆર પછે ૧૬૨૫ નાં વરસમાં લનડન મધે ભાડુતી ગાડીઓ ફરતી થઇ. એ ભાડુતી ગાડીઓની તે વેલાએ આખાં શેહેરમાં માતરે વીશની સંખીઓ હતી (જે આજવેરમાં વધી હજારોની થઇછે.)

એ પરમાંણે ગાડીઓ યુરોપખંડમાં તથા ઈંગલંડમાં જનમ પામી, અને વપરાતી થઈ. શરૂઆતમાં તેને રાજા, અમીરો જેવાજ માણસો વાપરતા હતા, પણ આજે તો એવા મોહટા રાજાથી તે એક ગરીબમાં ગરીબ માણસ પણ તેમાં બેસી શકેછે. જેમ જેમ વખત જતો ગયો, અને જેમ જેમ તેનો ઊપયોગ વધતો ગયો, તેમ તેમ તેઓમાં સુધારો થતો ગયો, અને તેમની જાતોમાં વધારો થયો. આજે આપણે તરેહવાર જાતની અને શોભાની, ગાડીઓ વાપરીએ તથા જોઇએ છઇએ તેવી આગલ ન હતી. તોપણ આગલા વખતમાં પણ, વખત અને પસંદગી પરમાંણે તેઓ પોતાનાં ચોકસ ભપકા વગરની ખાલીઓ ન હતી.

યુરોપમાં કેમ ગાડીઓ દાખલ થઈ તેની તવારીખ આપણને આ પરમાણે મલેછે, પણ એશીઆખંડમાં અને હીંદુસતાનમાં તે કેમ, કીઆરે અને કોણથી દાખલ થઇ તે બરાબર મોલમે પડતું નથી. હીંદુઓની કથાઓ ઊપરથી તેમનાં પણ ઘણા પુરાણા વખતથી રથો વપરાતી માલમ પડેછે. પણ તેઓ તેમને ફકત લડાઇમાંજ વાપરતા કે ફરવા હરવાને માટે પણ વાપરતા તે બરાબર જણાતું નથી. એ પરમાંણે ગાડી સરખું એક યંતર, જે આજે આપણને ઘણુંજ સાધારણ લાગેછે; તે આવી ધામધુમ અને નવાઈથી અમલમાં આવીઊં હતું.

---

## બે પીંડારાઓ.

એક દીવસે સીકંદર બાદશાહ પોતાનો તંબુમાં બેઠેલો હતો જાંહાં તેહેનાં સીપાઇઓ એક વાટપાડાને હાથે બેડી ઘાકી લઇ આવેઆ. સાનેશાહ અને તેહેના ખંદીવાન વચે આ નીચે લખેલી રમુજી ગોફતેગો થઈ.

**સીકંદર**—આબાસ માહરા ચુનંદા સીપાઇઓ; ઠીક પકડેઓ. કેમ એ પાખંડી ચોર શેહેરમાં માથે સીંગડાં લેઇ ફરેછે તે તુંજ કે?

**પીંડારો**—સીકંદર હું ચોર નહી પણ સીપાહી છું.

**સીકંદર**—તું સીપાઇછે ? લુચો, ચોર, પીંડારા, ખુની, તાહારી હીમતને ધનેઅછે પણ તાહારા કાલાં કરતુકોનો સવાદ હું તુંને સેહેજવારમાં ચખાડીશ.

**પીંડારો**—મેં સું એવું કીધું કે સીકંદર તેહેની ફરીયાદ કરે ?

**સીકંદર**—શું તું માહારા હોકમની વીરૂધ ગયો નથી ! લોકોની સુલેહમાં તુંએ ખલલ કીધીછે, અને માહારી રઈયતનાં જાંન માલ તુંએ ધાસતીમાં નાખેઆછે.

**પીંડારો**—સીકંદર હું તાહારો બંદીવાનછું. તું જે કેહેશે તે હું સાંભલીશ, અને મહને સજા કરશે તે હું ખમીશ; પણ માહારા જીવનો ધણી આ દુનીયામાં કોઈ નથી. સીકંદર તાહારા નાલાએક સવાલોનો જવાબ આપવાને હું ડરનાર નથી.

**સીકંદર**—છુટથી બોલ. તાહારે મંનગમતું બોલ.

**પીંડારો**—હું તાહારા સવાલનો જવાબ આપું જો તું માહારાં સવાલનો જવાબ આપે. સીકંદર તાહારી જીંદગી તુંએ કઈ રીતે ગુજારીછે ?

**સીકંદર**—એક પેહેલવાનની માફક. પુરૂથવીની ચોખંડ બાજુએથી માહારી વખાણનાં શબદો નીકલેછે. શુરાઓમાં હું સઊથી સુરો; શાહાનશાહોનો હું સરદાર, અને પુરૂથવીનો હું માલેક.

**પીંડારો**—અને શું માહારી વાખેવાખી ગામમાં ગવાતી નથી ? શું દુનીયાની અંદર હમારા સરખાં વાટપાડાઓની ટોલી વીશે તેં સાંભલીયુંચ ? અને મંજ સરખાં એક પણ સરદારે દુનીયામાં હસતી લીધીચ ? બોલ એવો કોઇ પણછે ? હેકારના બંદો ખાં

ખછે, અને તેથી હું ગરવ કરવાને માહારા દીલોજાન થી ધીકારૂંચ. સીકંદર તું સારીપેઠે જાણેચ કે મહને તાબે કરવાને તુંને થોડી જેહમત પડી નથી.

**સીકંદર**—પણ તોબી તું કોણ એક ચોર—એક નીચ વટેમારગુ.

**પીંડારો**—અને પેહલવાન એટલે શું? શું પુરૂથવીનો ચોપાગ્ર દઈતની માફક હું ફરી નથી વલેઓ. જાંહાં તાહારા કદમ્ તાંહાં સઘલું સતેઆનાશ વલી ગયુંછે. હજારો બાઈ બાવરાંઓ તાહારા નામપર સોસ મુકેછે, અને મારામારી, કાપાકાપી, લુટાલુટ વગેરે તું બીજું સમજેઓ નથી. જો સો સાગરીદો સાથે મેં એક ગામડાંને લુટયું હોયતો લખો સાગરીદો સાથે તુંએ રાજાનાં રાજ પાએમાલ કરેઆંછે. જો મેં રાહદારીઓને લુટયા હોયતો તુંએ પાદશાહોને ફકીર કીધાછે. જો મેં થોડાંક ઝુંપડાંઓ બારેઆં હોયતો તુંએ લીલાં લેહેર સરખાં ગંજાવર દેશો અગનીની અંદર ભશંમ કરેઆંછે. બોલ તાહારે માહરી અને તાહારી વચે શું ફરક? ફરક માતર એટલોજ કે તું મેહેલમાં અને હું ગરીબ ઝુંપડીમાં જનમેઆથી માહારા કરતાં તું વધારે મોટો વાટપાડો થયો.

**સીકંદર**—પણ મેં જો બાદશાહ દાખલ લીધું હોયતો એક બાહાદશાહ દાખલ આપેલીંછે. જો રાજાને મેં જમીનદોસત કીધાં હોય તો તે કરતાં વધારે મોટાં રાજો મેં સથાપેઆંછે. હુંનર, વેપાર, અને શીલસુશી માહારા હાથ તલે બાગનાં ફુલ માફક ખીલેછે.

**પીંડારો**—દોલતમંદોનાં ખીસાં કાતરી મેં પણ ગરીબની આંતરડીના દુવા લીધીછે. વાઘ સરખાં જાલમીઓને ઘેટાં સરખાં ગરીબ મેં બનાવેઆંછે; અને ગરીબની ગરદનપર જાલમીઓની જુસરી મેં કાહાડી નાખીછે. તાહારી શીલસુશીની મહને પણ થોડીક ખબરછે, પણ ઇયાદ રાખજે સીકંદર કે તજ સરખા પાહાદશાહી લુટારાથી ઈયા મજ સરખા ફકીરી વાટપાડાથી દુનીયાને કીધેલી ખરાબીનો અવેજ વાલી શકાશે નહી.

**સીકંદર**—સીપાહીઓ એની બેડી કાહાડી નાખો, અને એની બરાબર બરદાસત કરો; (પીંડારો જાયછે)—શું તાહારે તાહારામાં અને માહારામાં કોઇજ ફરક નહી? શું સીકંદરશાહ પણ એક પીંડારો!—જોઇએ વીચારતો કરૂં.

## પરચુટણ.

**વખતસર દવા**—દવાનો પેહલો ભાગ પીધો હોય તેની અસર પુરી થઈ જવા દેવી નહી; પણ તરત બીજો ભાગ લેવો જેથી એકવાર જે અસર થવા માંડે તે ચાલુ રેહે. એટલાજ માટે ડાકટરો દવા લેવાના વખતનો અંતર બાંધી આપેછે અને તેજ પરમાંણે વખતસર દવા લેવી જોઇએ.

---

શેખશાદી કેહેછે કે જીહાં જઘડો ઉઠેલો તું જુએ તીહાં ધીરજ અને નરમાઈ પકડ કે નરમાઇ અને નમનતાઇ જઘડાનાં દરવાજાને બંદ કરેછે. જે જગોએ કે તું ટંનટો જુએ તાંહાં નરમાઈ કર કાંએકે રેશમ નરમાસ રાખેછે તેથી તેને તલવાર કાપી શકતી નથી. મીઠી જુબાનથી તથા નરમાઈ અને ખુશીથી એક હાથીને તું એક બાલવતે બાંધીને ખેંચી શકે.

---

નીંદા અને બદગોઈ એ એક જાતનો ખોટો સીકો છે; જે એને બનાવેછે અને જે તેને લોકોમાં ચલાવેછે તે બંધો એકજસરખા ગુનેહગારછે. તેઓ અને ખોટા સીકા પારનારાઓનાં ગુનાહમાં કસો તફાવત નથી.

---

બાબીનેટ નાંમનો એક ફરેંચ વીદીઆરથી એવું કેહેછે કે લુંજેલી કાફીને બારીક કરીને તેની એક અરધી બાટલી ભરી હોય અને તેમાં બુચને તલીએ લાગે એટલું થંડુ પાંણી ભરી તરત બુચ મારીઓ હોયતો તેમાંની ગાસને લીધે મોટો આવાજ થશે અને બુચને ઉડારી નાંખશે અથવાતો બાટલી ભાગીને કટકા થઈ જશે.

---

કાંન વીંધાવીઆ વગર એરીંગ (ઇઅર રીંગ) પેહેરવાની એક નવાઈ સરખી યુકતી મી૦ સીરલ નાંમનાં એક જહવેરીએ સોધી કાહાડીછે. એ એરીંગ એવું બનાવામાં આવેછે કે તે કાંનનાં આપરાને જરા પણ અડચણ કરીઆ વગર પકડી રાખેછે.

---

મી૦ પીબડીની એકંદર સખાવત હાલમાં સાહા ૬ લાખ રૂપીઆની ગણાયછે.

---

હાલમાં આખી દુનીઆમાં તંબાકુની પેદાસ નીચે મુજબ ગણાએછે. એસીઆ ખંડમાં ૩૦૯૦૦૦૦૦, રતલ; યુરપમા ૨૮૧૮૪૪૫૦૦, રતલ; અમેરીકામાં, ૨૪૮૨૮૦૫૦૦, રતલ; આફરીકામાં ૨૪૩૦૦૦૦૦, રતલ અને આસટરેલીઅમાં, ૭૧૪૦૦૦, રતલ.

---

આજ પંદર વરસ થયાં આસટરેલીઆ ખાતેથી જેટલું સોનું નીકસેઉછે તેનો બરાબર અડસટો રેખાડવાને માટે તેટલાંજ વજન અને ઉંચાઇનો કોઇ એક ધાતુનો એક મીનારો બનાવી પારીસ એકઝીબીસન ખાતે મોકલનાર છે. તેની ઉંચાઈ ૫૯ ફીટ અને ૧૦ ઈંચ અને તેનુ વજન ૧૦૭૧ ટંનનું કેહવામાં આવેછે.

જેમ વટોલીઆમાં ધુલ, પીંછ અને બીજી હલકી ચીજો એકદંમ ઉંચે ચહડેછે તેમ આ દુનીઆમાં કેટલા કો એકેદંમ વધી જાયછે અને લોકો તરત તેઓની બડાઇ અને ચંચલાઇ વીશે બોલવા મંડી જાયછે; પણ એટલામાં વટોલીઓ નરમ પડી જાયછે અને તેની શાથે તેવો પણ નીચે આવેછે.

## ચેતવણી.

વાંચનારી બાઇઓને માટે હમોએ આ ચોપાનીઆમાં એક નવો વરગ ઉઘાડીઓછે. તેની મતલબ એવીછે કે જે બાઇઓને લખવાનો શોખ હોય તેઓની હોંશ પુરી પડે; લખવાનો માહવેરો થાય અને વીચાર શકતીમાં ઉમેરો થાય.

એ વરગને માટે દર વખતે હમો એક બોલ આપીશું અને તે બોલ તરેહવાર વાકીઆમા જુદી જુદી રીતે વાપડી દેખાડવો અથવા તેની ઉપર ટુક પણ બધી મતલબ સમવાએ એવો એક ફકરો લખવો. એ બોલો લેઇ તે ઉપર કેવી રીતે લખવું તેને માટે આં વખતે "સબુરી" બોલ લેઇ હમોએ નીચે કેટલીએક જુદી જુદી રીતે તેનો ઉપયોગ કરી દેખાડીઓછે જેથી લખનારને બરાબર સમજ પડશે. દાખલા તરીકે જે રીતો હમોએ આપીછે તેજ રીતને વલગી નહી રેહવું પણ બીજી કોઇબી રીત કામે લગાડવી.

દરએક લખી મોકલનાર બાઇએ પોતાની કાંઇબી ખુન અથવા નીશાંન પોતાનાં લખાંનની નીચે જેમ હમોએ આ વખતે દરએક જુદી જુદી રીતની નીચે જુદા જુદા નાંમની નીશાંન મુકીછે તેમ મુકવી અને એક છુટાં કાગજ પર પોતાનું ખરૂં નાંમ લખી મોકલવું.

આવી લખી મોકલેલી બાબદમાંથી જે બાઇનું લખાંણ પસંદ કરવામાં આવશે તેને દર વખતે આપવા લખેલું ઈનાંમ આપવામાં આવશે.

આવતી વખતને માટે હમો "પતીવરતા" બોલ આપીએ છઇએ અને સઉથી સરસ લખનારને ભરત ભરવાનું એક છાપેલું રંગત કાગજ આપવામાં આવશે.

કોઇબી બાઇનું નામ તેની ઈછા વગર જાહેરમા આવશે નહી તે વીશે બેફીકર રેહવું.

### સંતોશ, સબુરી અથવા ધીરજ.

૧. તે ચીજ કે જે આપણને ખમવાને શકતી આપેછે અને મજબુત કરેછે.
જરબાંનુ.

૨. પવીતરાઇનો જમો.
જરતોસતી.

૩. નમનતાઇનો સીખાડનાર.
દીનબાઈ.

૪. નેકી કે જે આપણને ઉદમ કરી તેનાં ફલને સારૂ બેઠી રેહવા કેહેછે.
શુનુ.

૫. મનની બાહાદુરી; એક જહવેરાત જે દુખનાં અંધારા દરીઆમાં ગેબેમા નુર થઈ પડેછે અને પરકાશેછે.
દીવાલીબાઈ.

૬. એક વીશવાશુ હથીઆર, જે મુશકેલીઅનની ટેકડી ઉપર ચહડવાને મદદ કરેછે અને છેલે ફતેમંદી ભરેલી ઉંચાઇએ પુગાડેછે.
ગુલાબની કલી.

૭. આજારીનાં ઓરડામાં રંગ બેરંગીન ખુશનમાં ફુલો.
ચશમ.

૮. દુનીઆમાં આપણી ઉપર જેટલી આફતો આવી પડે તે મુગે મોહડે ખમવાની શકતી.
નાની હીરાં.

૯. સારી બાયડી અને સારી મા દેખાડનારો એક નાંદર ગુણ.
સદગુણી બાઈ.

૧૦. જેમ એક રબરનાં કટકાને આસતે આસતે તાંણી લાંબો કરીઆ જઇએ તેમ સબુરી એક એવો ગુણ છે કે તેનુ ફલ મલે તાહાંસુધી આપણે તેને લંબાવી શકીએ છઇએ.
વીથીતર.

૧૧. કરાલીઓ કે જે પોતાનુ દર વખત તુટી જતું જાળુ પાછું સાંધેછે.
જગત.

૧૨. આકાશી તેલ; જે દરીઆનાં ઉછલતા મોજાનાં જોસથી પણ નીચે જતું નથી પણ ઉપરજ તરેછે.
ઉદમ.

૧૩. ઉખીઆનાં પારખનારોનો એક મુખીઅ ગુણ.
નેકી.

## રમુજે ફુરસત.

૧ લું—હું એશીઆ અને અમેરીકાનો રેહવાસી છું. તમો મને તંબુ, બાગ, અને કુવામાં જોઇ શકશો. મારામાં અનેક ગુણોછે તેથી સરવે વાયેનાં લોકની પાસ ઘણું કરી હું રહુછું. તેઓને હું કાંમનો છું, પણ જુઓ મારી ઉપર કેટલી જફા તેઓ પાડેછે—કોઇ મને કાપી, વાહાડી તમારા વચલા આંગલા જેવા કટકા કરેછે અને પછી મને દજાડેછે—કોઇ મારો ખીમો અખની કરી ચાવી જાય છે—કોઇ મને કટકા કરી અગનીમાં નાખી મારો ધુંએધુંઓ કાહાડી નાખેછે—પણ વલી કોઇતો મને કુટીકાટી ધુલ બરોબર કરી નાખેછે.

૨ જું—હું એક નાંની વસતુ છું—એટલી નાંની કે મારૂં નામ નાંની ચીજ બનાવનારી કેહવત થઈ પડીછે. મારા પેટમાંથી હું જે ઉપયોગી ચીજને જનમ આપુછું તેનાં અને મારા નાંમ વચે એકમાતર (ˇ) નો ફેરછે. જુઓ મારામાં ખુબી એવીછે કે હું ઘણોજ નાંનો અને ન જીવાણું—અને એખલાને જો લેવોતો એક બાલ જેટલાંમાં

ભારી ન લાગશ, તોબી મારા જેવા બે લેઓતો બરોબર ૨ તલ થાય.

૩ જું—ગુજરાત મધે કયું ગામ મોચીઓનું કે હવાયછે.

૪ થું—આંબે કેરી લટક રહી, ભેંસ ભરાકા ખાએ,
તિરીયા મુખ મરડી રહી, કહો બેનો કેમ થાએ.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—નિત ફેરવે નહિ પાણુને, ખચિત સરી તે જાય,
ઘોડો પણ ફેરવીઆ વિના, બેશક અરિ જાય.
વિદ્યા શિખી ભણે ન ફરી, તે પણ એમજ થાય,
રોટી પણ ફેરવીઆ વિના, બલી ખાખ થઇ જાય.
તેમજ તન મન પણ વલી, ફરીઆ વ્રન જડ થાય,
દાસ કહે જાણે સજન, ઉતર, ફેરવવું થાય.

૨ જું—ઠંમર કાકરી.

૩ જું—પુરૂશીઆ.

---

## મીસ મેરી કારપેંટર.

(તોટક છંદ.)

પરમારથની સબલી દીકરી,
સુસખ્યાવતની વડી બેન ખરી;
જગમાં વગમાં કીરતીથી ગળી;
રૂડી નાર તુંરે મિસ મેરી ભળી.

પર દુખની ભંજન, પ્યારી ઘણી;
હરીને; મનરંજન ન્યારી મણી;
ગુલ કંઇએકમાં તુંજ એક કળી,
રૂડી નાર તુંરે મિસ મેરી ભળી.

(ભુજંગી છંદ.)

કરી દેશની સેવના દીલ ધારી;
તને ને મને કષ્ટ વેઠીજ ભારી;
ગુજારી બહુ જીંદગી સર્વ વેરી,
ખરે માત તું દીનની મિસ મેરી.

વિરેશે હવે આવી તું આજ કાળ;
કરે હિંદનાં સુખની ઉંચી પાળ;
કુચીખો કહાડી સુચીખો ઉમેરી;
ખરી માત તું સર્વની મિસ મેરી.

(નારાચ છંદ.)

ખરીજ રૂડી નાર ગુણકાર બુધ્ધિ વાળી તું;
ઘણુ ઘણુ જીવી સુકૃત છોડ તુંજ પાલ તું.
અજ્ઞાન આગ ને વ્હેમ કાપ રૂઅવી કરી,
સ્વદેશ મિસ મેરી તું સીધાર આવિશે ભરી.

વિનંતી એજ છે અમારી કૂમળી કન્યાતણી,
ઉમેદથી ભરી સહુ સુવર્ણ સાચની ઘણી;
હરી કૃપાથી પાંમી જીત માન નામથી ભરી;
સ્વદેશ મિસ મેરી તું સીધાર આવિશે ભરી.

નાનાભાઈ.

---

## ધણીની માનેલી સ્ત્રી વીશે. પદ.

"સજ્જન સઘળાએ કેફીનો સંગ ન કરવો"
એ રાગતુંછે.

ધણિની માનેલી, ધારેલો અરથ સુધારે;
ઘીના ગાડ઼ ઘરમાં ફોડે, કોઇ નપૂછે કયારેરે, ધણિની૦ ટેક.

લોકો સરવે ધણિયાતીનો, પક્ષ કરીને બોલે;
જેને માથે ધણી નહી તે, નારી તરણા તોલેરે, ધણિની૦

જે નારીને ધણિએ માની, લોકો તેને માને;
એજ ગણાએ ડહાપણ વાળી, એજ વડી ગુણવાનેરે, ધણિ૦

ઘરમાં બહુ બીગાડ કરેકે, ખવરાવીદે બેન;
તોપણ તેને કોઇ ન કહેજો, હોય ધણીનૂ હેતરે, ધણિની૦

પીયરિયાંને પધરાવે કે, છત દઈદે કંઈ છાની:
તોપણ તેને કોઇ ન પૂછે, મરદે જેને માનીરે, ધણિની૦

આળસ આવેતો ધન આપી, કરાવે ઘરનૂ કામ;
ધણીતણી-ધણિયાણીને તો, સ્વતંત્ર રૂડું રાજરે, ધણિની૦

પૈસાને ઠેકાણે જો તે, ખરો રૂપૈયો ખરચે;
તોપણ વળિ તે તકમાં તેની, ચરચા કોઇ ન ચરચેરે, ધણિ૦

પ્રથમ પતીનાં વચનો પાળી, વિનય કરી વશ કીધો;
પછિતો જાણે તેણે પતિને, વેચાતો કરિ લીધોરે, ધણિની૦

ધણિનો માલ મતાની પોતે, માલેક થઇને બેસે,
ધણિ વશ તેને ઘરનૂ બીજું, કોણ ટુંકારો કહેશેરે, ધણિની૦

રૂપ નહી કે રંગ નહી વળિ, વિશેષ નહિ ગુણ વાળી;
પણ જે પામી માન પતીનૂ, એજ રૂડી રૂપાળીરે, ધણિની૦

ધણિ જેનો ધિક્કાર કરે તો, સઉ લોકો ધિક્કારે,
વારે ઘારે જાતાં એના, અવગુણ સઉ ઉચારેરે, ધણિની૦

નિર્ધન હોય પણ પતિની પ્રીતે, દિસે સુહાગણ દેવી;
પતિની પ્રીત વિના રાણી પણ, ભમે ભિખારણ જેવીરે, ધ૦

ધન્ય જનમતો ધરણી ઉપર. પતિવાળીજ પ્રિયાનો;
કહે દલપત જે પતી વિના, ધિક જનમ એવી અબળાનોરે,
ધણિની માનેલી ધારેલો અરથ સુધારે.

---

## પોંહોંચ.

"રતન પંચ શતી" તેના બનાવનાર ભાઇ રતનજી શામજી ની તરફથી મળીછે તે ઊપકાર સાથે કબુલ રાખીએં છઈએ.

# સ્ત્રીબોધ

પુસ્તક ૧૧ મું. | મારચ ૧૮૬૭ | આંક ૨ જો

## સેનાહ શેહેરનો કીલલો.*

### પ્રકરણ ૧ લું.

સેનાહ શેહેરના નામવર બાદશાહ જુવાકને તીયાંહ ઇશવરની બખશેશથી બે ફરજંદોની વરધી થઈ હતી. તેની જોબનવંતી મેહેરબાંનુ નામની કનયા અહાર વરશના ખીલતા બાહારમાં તેને અનગમતી થઈ પડી હતી અને તેનો શઘલો પેયાર તેના બેહરાંમ નામના એક બદશુરત અને દમીએલ બેટાપર લાગેલો હતો. જરનદાબ શેહરનાં જાંગીરશાહ નામના એક નાદેર ઉમરાવની રૂપાલી બેટી પરીચેહેર સાથે બેહરાંમનું કારજ થયું હતું અને બેહરાંમની માહગી પુરી થાય કે તરત તેઓના નીકા કરી આપવાનો જુવાકનો પુખત વીચાર હતો. પોતાના બેટાની શેહાદી નકી કરવાને માટે જુવાક એટલીતો અધીરાઈ દેખાડતો હુતો કે શઘલાં શેહેરમાં તે વીશેની ચરચા ચાલવા લાગી પણ કોઈથી પોતાના શાહાનશાહની સાંમે તુકારો નીકલી શકયો નહી. માહાબાંનુ નામની જુવાકની રાણીને પોતાના એક પુરા બેટાની માહગીને લીધે એટલોતો ખેદ થતો હુતો કે તે ભલી પાહાદશાહજાદી પોતાના માથા ફરેલ ભરતાંરને બેહરાંમને બાલપણમાં લગન થવાથી થતા ગેરફાયદા વીશે વારેઘડીયે સમજાવાને હીમત ભીડતી હતી પણ પોતાની ભલી પતીવરતા માહાબાંનુનો ઈનકાર કરી રાજા તેણીને ધીકારની નજરથી જોતો હતો. કેટલાંક લોકો એવું અનુમાન કરવા લાગા કે અસલ જે અગમચેતી થઈ હતી કે "અરે માલેક એરવે જુવાકનું તાજ જો સેનારાઓ ફેરવે પોતાનું રાજ" તેની કદાચ ધાસતીથી જુવાકે આવી અધીરાઈ પકડી હોય. પણ આ અગમચેતીની મતલબ સાંધવી સેહેલ ન હતી.

બેહરાંમની વરશગાંઠને દાહાડે તેના પરીચેહેર સાથે વીવાહ થનાર હતા. મંદીરની અંદર રાજકુંવરની શેહાદી જોવા માટે હજારો લોકોની ભારે ઠઠ મલી હતી. સઘલી રીતે તઈયારી હતી પણ રાજપુતર પોતે મંદીરમાં હાજર ન હતો. જુવાકે બેહરાંમને બોલાવવા માટે તરત એક ખીદમતગારને હોકમ કીધો પણ થોડા વારમાં તે નોકર બુમ બરાડા પાડતો મંદીરની અંદર દોડતો ધસયો. 'ચોક, ચોક' એવા તેના મોહોડામાંથી પડતા શબદોથી આખી સમાજનાં દીલમાં ધાસતી પેઠી. માહાબાનુ જમીનપર બેફામ પડી અને જુવાક ઘણુંજ રોબથી પોકારી ઉઠયો કે "બોલ એ ચશમચોર શું બીનાછે" ? "ચોક, ચોક, લઢાઈની ટોપી, લઢાઈની ટોપી, ચોક" એવાજ શબદો તે ખીદમતગારને મોહોડેથી પાહાદશાહે સાંભલીયા. એટલા વારમાં કેટલાક લોકો ચોક તરફ દોડી ગયાં અને "ગજબ, ગજબ, અફસોસ, ગજબ" એવા ભયંકર અવાજો એક પછી એક કાને પડવા લાગા. જુવાક ચોક તરફ દોડયો અને પોતાનાં નોકરોને કાંઈ ઉચકતા જોયા. કરોધ અને ગુસસાથી પાહાદશાહ બોલયો.

"કહાંપછે માહારો બેહરાંમ ! કયાંહ ગયો માહારો સુત ! કયાંહ ગયો માહારો લાડકવાયો સપુત !"

"બોલવા અમીર દીલમાં ઉઠે આગ,
પાદશાહ જુવાકનો ગુમ થયો ચેરાગ.
સોકોનો હમોએ શાંભરયો શોહોર,
આવી જોઈ, બેહરાંમ કુવરની ઘોર."

---

* વાચનારી બાઈઓ દર વેલાએ તહમારી સેવામા હમોએ જે નારકરૂપી ભેલો મેલીઆછે તેની મુલ મતલબ એજ કે ગમત સાથે તહમને નીતી તથા ગ્નાન મલે એ શઘલા ભેલો તહમોએ ધિઆન દઈ વાચીઆ હશે એવી હમારી આશાછે અને આ નીચે લખેલી વાત ધિઆનથી વાચવાની હમો તહમને એલતેમાશ કરીએ છઈએ. એ વાત એક અસલ ગરંથકારે લખીછે પણ તેની અંદર આવેલી કેટલીએક બીનાઓનો ખુલાસો કરવાની હમો અગત જોઈએ છઈએ. અસલી લોકો ભુત, પલીત તથા ડાકણોની હસતી વીશે ઇતબાર લાવતા હતા પણ દીનપર દીન ગ્નાન તથા સુધારો વધીઆને લીધે આપણે આપણાં વડાવાઓની મુરખાઈ ઉપર હસીએ છઈએ. ભુત તથા ડાકણો દુનીઆમાં છેજ નહી એવુ હાલ દાખલા દલીલોથી સીધ થયુછે. જો હમણા કોઈ કેતાબમાં ભુત ડાકણોની વાત આવેતો આપણ તેના લખનારને ગમાડમાં ખપાવવાને ચુકીએ નહી પણ અસલી લોકો એવા વેહેમને તાબે હોવાને લીધે તેઓ પોતાની કેતાબો ભુત તથા ડાકણોની પુષકલ વાતોથી ભરતા હતા અને તેથી આ નીચે ટાંકેલી વાત એક અસલી ગરંથકારે લખેલી હોવાનાં સબબથી એમાં આવેલી ભુત ડાકણની વાત દાનેશમંદ બાઈઓએ ખરી માનવી નહી. ભુત ડાકણની વાતોથી મનને ગમત પરાપત થશે પણ આ વાતોની મતલબ માતર વાંચનારાઓને નીતીના ધડા શીખવવાનીછે. એટલી ચેતવણી હમારી શેખાણી વાંચનારી બાઈઓને ખચછે.

આ બોલો શાંભલી જુવાક ઘુવડ સરખો બની ગયો. એક મોટી લડાઈની ટોપી જે કોઈ દઈતનાં માહાંપરથી ક દાચ ટલતી પેસે તેની તલે રાજપુતર બેહરાંમ ચંપાઈ માર યો ગયો એ વાત સઘલાઓને સપનાં સરખી લાગી. જે ટોપીએ રાજકુંવરને બેજાંન કીધો તે ટોપીની ઉપર અગણીત મોટાં કાલાં પીછાંઓ ખોસેલાં હતાં. જમીનપર ચટોપાટ પડેલો કમનસીબ જુવાક થોડોવાર પછી પાછો પગપર ખરો થયો અને ઘણીજ ચોકાશીથી તેણે પેલી ટોપી તપાશી. પોતાનાં મરનાર બેટા બેહરાંમપર જુવાકે ફરી વીલાપ કીધો નહી તેથી લોકોનાં અચંબાનો પાર રહ્યો નહી. બેહરાંમની બેજાન લાસને મેહેલ તરફ રવાંને કરવાનો હોકમ થયો. જુવાક પોતાની માહાબાનુ ઈઆ પોતાની બેટી મેહરબાનું ઈયા પોતાનાં પરીપ બેટા બેહરાંમને માટે એક હરફ પણ ઓચરયો નહી, પણ તેના મોહોમાંથી જે પેહેલા શબદો નીકલયા તે એ હતા કે "માહારી પરીચેહેર માહારા બેહરાંમની બાનુંપર નેગાહ રાખજો."

સઘળાઓ આ હુકમ શાંભલી અચરતોથી ઉભા, પણ અંતે તેઓ બાહાદશાહના હુકમની વીરૂધ તરત તેઓની રાણી માહાબાનુ તરફ દોડી ગયા. ગરીબ બીચારી માહાબાનુ તેણીના દુઃખનું વરણન કોણ કરી શકશે ? જે ઘડીયે તે બેહરાંમના લગન જોવાની આશાથી ભરપુર હતી તેજ ઘડીયે તેણીએ પોતાના એક પુરા બેટાના કમબખતના મોહોતના સમાચાર સાંભલવા હતા. જે મંદીરમાં રામશણીની ધુમધામ ચાલતી હતી તેજ મંદીરમાં દુખ દરદના પોકારો ચાલવા લાગા. સુરીય ઉગતે જે ચેહેર ખુશાલીમા ખુશ હતું તે સુરીય આઠમને ગમગીનીમાં ગરક ગયું જે દીવસે પરીચેહેર ભરથાર સુખ પામનાર હતી તેજ દીવસે તણીએ ભરથાર શુખ તજયું હતું. જે દીને કનીયા બલાયો જલયો તેજ દીને પરીચેહેરને રંડાપો મલયો. મધ સરખું મીઠું તે લીમ સરખું કડવું થઈ ગયું. મેહેરબાંનુ પોતાના ભાઈની ગમગીની દુર કરી પોતાની આવતરનું દુખ હઈડે લેવા લાગી. પરીચેહેર જુવાકને ધીકારથી જોતી હતી અને પોતાના રોગીષ્ટ ભરતાર બેહરામના અચબુચાં મરણથી જેટલો ખેદ તેણીને લાગયો જેઈએ તેટલો તેણીએ દેખાડયો ન હતો. પરીચેહેર માહાબાનુને પોતાની મા બરાબર ગણતી હતી કારણ કે તેના બાપની ગેરહાજરીમાં માહાબાંનુથી તેણીની ઘણીજ બરદાસત થતી હતી. મેહેરબાંનુ અને પરીચેહેર વચે બેહેન બરોબર મીતરાચારીનો ગાઢ હતો અને એજ કારણસર પરીચેહેર જુવાકને ધીકારતી હતી કારણ કે મેહેરબાનુંપર જુવાક હંમેશ કડા હતો.

જુવાક હજુર ચોકમાં ઉભો રહી ઘણીજ આતુરતાથી પેલી તોપી જોતો હતો તરેહવાર વીચારો તેને સુજ પડતા અને તરેહવાર પુછપરછ તે કરતો. સરવે જણા પોતપોતાનું મત આપતા હતા એટલામાં એક ગરીબ ખેડુત જે તાજુબીનો મારયો તીયાંહાં આવેલો હતો તે બોલી ઉઠયો કે "નામવર પાદશાહ જુવાક બેઅદબી માફ છે. હું હું એક ગરીબ ખેડુત પણ માહારા અનુભવથી કહુંછું કે આ અજતકારીક તોપી જંગયેલી ચોકમાં આપણા આગલા પાદશાહ કેકાઉસના સંગેમરમરના પુતલાપર જે ટોપીછે તેને મલતી આવેછે."

શીહ મારયો જહડપથી ભાહાલયો તેનો હાથ,
રાજા ને કુણબીએ બીડી સરખી બાથ.
રાંક એક રઈયતપર રાજા અસવાર,
ગગન મંડલ ગગડાત સરખો નીકલે પોકાર.
"હેક ઓ બદજાત બદકાર બદી ચકચુર,
ચંડાલ! ચોર! કુતરા પાપોથી ભરપુર.
શીરૂરી બંડખોર રાજા મોહપર બોલે કુડ,
દોજખ નજીક દોડે, સુકું ન તાહારી ધુડ."

એટલા વારમાં કેટલાંક લોકો એવી ખબર લાવીયાં કે કેકાઉસના પુતલાંના માથાપરની ટોપ એજગબોથી ગુમ થઈ ગઈછે. જેવી આ ખબર પાદશાહને મલી કે પેલા ગરીબ ખેડુતપર તે વધારે બખારવા લાગો અને તેને ગરદનમાંથી મજબુત પકડીને બોલયો કે,

"તુંજ જાદુથી જાય ફના મુજનું રાજ,
તુંજ કુકરમીથી થાય મુજની પેહેડી તારાજ,
તુજ કાંમીગરથી થયો મુજ બેટા જમે,
બેહરાંમની કતલનો દીનથી હાથ ન મરે.
પચું મુજ પુતરનો લીધો બેમુલો જાન,
દગાબ હેક કુરાગ લઉં તાહારો પરાંણ.
તુંજ લોહોની નદીમા ગરકાઉ આ ગેહેરે,
જહનાંઉં હાડ અગનીમાં આણું ન મેહેર."

પેલો ગરીબ કુણબી જે માઠી હાલતમાં આવી પડેલો હતો તેહેની ઉપર સઘલાં લોકો દયાથી જોવા લાગાં. કેકાઉસના પુતલાંનરની ગંજાવર ટોપી જે પચાસ આદમીઓ પણ કદાચ મુશકેલીઅનથી ઉઠાવી શકે તે ટોપી એક વીસ વરસનો કુમલો જવાન ઉંચકી પોતાના રાજકુવરને તેહેની તલે ચાંપી ઠાર કરે એ વાત ખપીન લોકોને ઘણી શક ભરેલી લાગી. અને વલી કેકાઉસની સંગેમરમરની ટોપી ચોકમા એજગમીથી લોખંડની થઈ જાય એ લોકોના માનવામાં મુતલગ આવીયું નહી. આ ઉપરથી સરવે જણા બીચારા ગરીબ ખેડુતને બીનતકશીરવાર ધારવા લાગા અને બાહાદશાહ જુવાક પણ પોતાની સેવકુશાઈપર પાછળથી વીચાર કરતો ઉભો, પણ તે પાછો પોતાનો પીતો ગરમ કરીને બોલયો કે "હું ખરું કહુંછું કે આ કુણબી જાદુગરછે અને જયાહ સુધી અપરાં ફરમોપદેશકો એ વાતને ગલત નહી ઠેરવે તાંહાસુધી હું હોકમ કરૂંછું કે આ દઈતને આજ ટોપીની તલે મુએ અને તરચો કેદ કરો અને માહારી પુરા આગાહે કે એ પોતાની જાદુઈથી પોતાનું રખશણ કરી શકશે".

પેલો રાંક ખેડુત પોતાના રાજા સામે માહ ફેરીને જુવો પણ તેની કાકલુદીપર મુતલગ તેણે લક્ષ દીધું નહી. રાજાનાં દોસતોએ આ ગરીબ કુણબીને માટે ઘણીક આજીજી કરી પણ હેવાનીઅત ખસલતના જુવાકે તેના મનજુર રાખી. ઘણાએક શખશો વલી પાદશાહના હુકમપર ખુશી દેખાડવા લાગા કારણ કે એક વીર મંતરીને તેના દેશ પોહોચેલો જોવાને તેઓને દલગીરી લાગી નહી. રખે ને ગમરૂ જુવાન નાહક જુએ મારયો જય એવી તેઓના દીલમાં ચીંતના ઉતપન થઈ નહી કારણ કે તેઓની ખાતરી હતી કે એ જાદુગર પોતાના ઈલમના જોરે પોતાની જુખ અને તરશ મટાડી શકશે.

આવી સખત શીકશા પેલા ખેડુતને આપીને બાહાદશાહ જુવાક પોતાના મેહેલના દરવાજા ભણી ચાલીયો અને શઘલા નોકરો અને દોસતોને રખશુદ આપી તેણે શઘલાં બારણા મજબુત બંધ કીધાં મેહેલની અંદર પાહાદશાહી કુંટંબ સીવાય બીજુ કોઈ ન હતું.

રાણી માહાબાંનુ જે બેશુધ પડેલી હતી તે પાછી પોતાની શુધીમાં આવી અને તે નેક બાંનુએ પોતાની બેટી મેહેરબાંનુને તેના બાપને જઈ દીલાસો આપવાને હોકમ કીધો. મેહેરબાંનુ જે પોતાના બાપના તહરાસથી હંમેશ દરતી હતી તે ઘણીજ દીલગીરીથી પોતાની ભોજાઈપરી ચેહેરને પોતાની માં આગલ બેસાડી જુવાકના ઓરડા ભણી ચાલી. મેહેરબાંનુ પોતાના પીતાના ઓરડાના બારણા તરફ ઠંભ થઈ ઉભી અને અંદર કેઈ પરકારે જાઉં તેનાં વીચારમાં હતી એટલામાં જુવાકે બારણું ઉઘાડયું. સાંજ પડવા આવી હતી તેથી જુવાકે મેહેરબાનુંને ઓલખી નહી, પણ બારણા આગલ કોઈને ઉભેલું જોઈ તુછકારીથી પુછયું કે "કોણ છે!" ગરીબ બીચારી મેહેરબાનું ધુજતે અવાજે ઠરઠર કાંપતી કાંપતી બોલી કે "માહારા પરીય પીતા એતો હું છું તહમારી બેટી મેહેર". જુવાક ઉતાવલથી બે ડગલાં પાછલ હટયો અને બારણું જોસથી બંધ કરી બોલયો કે "નીકલ મેહેર, મેહેર હીયાથી નીકલ; હું માહારી બેટીને માંગતો નથી." મેહેરબાનુંની આંખોમાથી સોહોનાં આંશુઓની ધારા ચાલવા લાગી, પણ તે ઓને તરત લુછી નાખીને તે પોતાની મા માહાબાનું પાસે ગઈ અને પોતાનાં બાપની ખુશ ખબર કહી, કારણ કે ભલી મેહેરબાનુંએ પોતાની માને બીજોં જખમ કરવાને દરસત ધારયું નહી. રાંણી બોલી "પણ માહારી શું તે મુલાકાત નહી લેશે! શું માહારા અને માહારા ભરતારનાં આંશુઓ ભેગાં થઈ માહરા કમોહોને મુએલા પુતરની ઘોરપર નહી પડશે! મેહેર રખેને તું મહને ઠગતી હોય! હું સારીપઠે જાણુંચ કે તારો બાપ પોતાના બેટાપર કેવો ખુરબાન હતો! અરે માહારા ભરતારપર કેવો ગજબ! મેહેર શું તાહરો પીતા દેવાનો નથી બની ગયો! બોલ મેહેર! બેટીઓ મહને ઉંચકો. હું માહારા ખાવંદ પાસે જયાવણા રેહેનાર નથી. મેહેર તાંહારા બાપ પાસે મહને તરત લઈ જા. સઘળાં માહારાં બચાં કરતાં માહારો ખાવંદ, માહારો ભરથાર મેહને વાહાલોછે. કયાહરે માહારા જીગરના હારને જઈ હું મલું. કયાહરે હું જઈ તેની દુખતી છાતીને દીલાસો આપું. ઓ મેહેર મહને તાહારા બાપ પાસ લઈ જા. ઓ જુવાક મહને આવી મલ." પાદશાહજાદીઓએ માહાબાંનુને ઉઠતાં અટકાવી. એટલામા એક ખીદમતગાર એવો હુકમ લાવીયો કે જુવાક પરીચેહેરને તેડેછે. પરીચેહેર આશચરીય પામી બોલી કે "પાદશાહ મહને બોલાવેછે! શું મહને! શું તેઅન માહારી સાથે વાત કરવા માગેછે!" માહાબાંનુ બોલી ઉઠી "જા પીયારી પરીચેહેર જા. જુવાકથી પોતાનાં કુટંબને જોવાઈ શકાતું હોશે નહી. માહારા ખુશીવંતા ખાવંદને માહારે માટે પરીચેહેર દીલાસો આપજે. જા જા જલદી ઉઠ."

પેલો ખીદમતગાર એક મસાલ લઈ આગલ ચાલયો અને તેની પાછલ પરીચેહેર ધુજતે પગે ચાલવા લાગી જુવાકના ઓરડામાં તે પુગી એટલે ખીદમતગાર બતી લઈ પાછો ગયો અને જુવાકે જોરથી પોતાનો દરવાજો બંધ કરી ધો. તેણે પરીચેહેરને પોતા પાસે એક કોચ ઉપર બેસાડી અને ઘણીજ ગંભીરાઈથી નીચે પરમાણે કહેઉં,

"પરીચેહેર એક ઘણીજ અગતીયની બાબદ ઉપર હું તાહારી સાથે વાત કરવા માંગુંછું. લુછ તાહારાં આંશુ પરીચેહેર—તાહારો ભરથાર બેહરાંમ ઈશવરની દરઘાહામાં પોતોછે. અરે ઓ માહારાં અભાગીયાં નસીબ! એકનો એક માહારો પુતર ફુલની માફક એકુ ઘડીમાં કરમાંઈ ગયો અને સેનાહ શેહેરના રાજ તાજની ધુલધાણી થઈ ગઈ! પણ તું જ સરખી પરી સાથે એક કાગ સરખા કાળાના લગન થનાર હતાં—"

"અરે ઓ પીતા" પરીચેહેર બોલી "શું બેહરાંમના મોહોતના કારી જખમ મુજના કુમલાં કાલજામાં ગોપાયા નથી?"

જુવાક બોલયો "તે વાસતે વધારે વીચાર કરતી ના. માહું થાયછે તે સારાંનેજ કાજે બેહરામ દમીએલ હતો, અને ઈશવરે બેહેતર કીધું કે તેને લઈ લીધો નહીતર કે માહારાં રાજની લગામ હું એક મુરદાલ અને એબલીશના હાથમાં સોપી આ પરૂથવી પરથી કુચ કરતે. થોડાં વરસમાં માહારી આશાછે કે હું બેહરાંમના મોહોતને ખુશી સાથે યાદ કરશ."

પરીચેહેરની અચરતીનો પાર નહી તેણીના ઓચંબાનો સુમાર નહી રહયો. પેહેલે તે સમજી કે જુવાકની આગરી ખસી ગઈછે. બીજે ઉમલે વીચાર કીધો કે કદાચ જુવાક તેણીનો બેહરાંમ તરફ પેયાર જોવા માટે આવું ફાટું ફાટું બોલતો હોય. એ ઉપરથી તે બોલી કે "બેહરાંમનો જખમ માહારા દીલમાં ખુબ જોસથી લાગોછે અને જાંહાંસુધી એક લોહીનું ટીપું માહારા બદનમાં રેહેશે તાહાંસુધી માહારા મરનાર ખાવંદની યાદગારી માહારા મનમાથી નીકલશે નહી, અને તહમુને માહારા પીતા અને માહાબાનુંને માહારી માતા દાખલ ગણું છું." જુવાક ગુસાથી બોલી ઉઠયો "જાંહનમમાં નાખ તાહારી માહાબાંનુંને ફરીથી તેણીનું દોજખી નામ માહારી આગલ લેતી ના." પરીચેહેર તાહારો જે ભરથાર મરણ પામયો તે તાહારા હાથને મુતલગ છાજતો ન હતો. એક બાવલનાં કાંટાને બદલે તુંને એક ગુલાબની ખીલતી કલી મલશે. તાહારી ખુબસુરતીની ખુબી એક નવો ભરથાર પીછાની શકશે અને ફરજંદોની વરશીથી તાહરૂં દીલ અમનચમનમાં રેહેશે. પરીચેહેર ગંભીરાઈથી બોલી "અરે ઓ નામવર બાહાદશાહ! હજુર હું માહારો ગમ ભુલી નથી તેટલામાં ફરીથી લગણને માટે કેમ વીચાર કરૂં. પણ માહારો પીતા પાછો ફરે તાંહાંસુધી તહમારા મેહેલનાં એક ખુનામાં મહને એકાંત રેહેવા દેયો કે માહારો વખત હું બંદગીમાં અને મેહેરબાનું તથા માહાબાનુંની ચાકરીમ રોકું."

જુવાક ગરમ થઈ બોલયો કે "પરીચેહેર ફરીથી માહારી આગલ તેણીનું નામ દેતી ના. આજ પછી તે માહારી રાણી નહી, પણ પરીચેહેર પીયારી પરીચેહેર આજ પછી મેં તુંને માહારી રાણી કીધીછે. આજ પછી તુંને

માહારો હાથ બખશું છુ. બેહરાંમ અને બેહરાંમનો પીતા બેહુ એકજછે."

જોરથી જમીનપર ઉભી થઇ પરીચેહેર બોલી કે "એ ઇશ્વર શું અવાજો માહરે કાને પડયા ? બેહરાંમનો પીતા ! માહાબાંનુનો ખાવંદ ! માહરી સાથે ? પરીચેહેર સાથે ? ધીક્ક માહારા જીવ !"

જુવાક બોલયો "પરીચેહેર માહારા રાજની આબાદીનો માહાબાંનુપર આધાર હતો પણ તે કંગાલ ઓરતે મહને એક પણ વારેસ આપયો નથી. હા, પરીચેહેર, હા આજ પછી તુંજ સેનાહ શેહેરની રાણી." એટલા બોલો બોલી જુવાકે પરીચેહેરનાં હીમ સરીખા થંડા હાથ પકડયા. પરીચેહેરે ચીચીઆડી પાડી અને જોરથી હાથ જુતાવી તે બારણા તરફ દોડી. જુવાક તેની પુઠપર દોડયો પણ તરત તે ચોકયો કારણ કે બારી વાટેથી ચંદરમાહની રોશનીએ કરી પેલી લડાઇની ટોપી ઉપરનાં પીછો તેને હીલતાં દેખાયાં; અને તેની અંદરથી એક ભયંકર અવાજ આવતો હોય એવું તેણે સાંભલયું. પરીચેહેર અંતે ઉભી રહી બોલી કે—

"ધીક્ક તાહારી જીંદગી, જુવાક તુંજપર ધીક્કાર,
સાંભળ ઇશ્વરની દરઘાહથી નીકલેચ પોકાર.
મુજ નાજુક કનયાપર ગુજારે સેતમ,
પલવારમા કરૂં ગુમ માહારો દમ.
મધ રાતે અજમાવે મુજ અબલાપર જોર,
કસાઇ કામ કરે ઓ ખુની કઠોર.
પીતા પુત્રી હાથ માગે હેવાનથી અધીક,
સ્ત્રી લંપટ તું પુરો તુજના રાજપર પણ ધીક.
જાન જાશે જલદી દોડી આવી જમ,
દોજખદાર ખુલશે બેહેસ્ત બંધ હરદમ.

જુવાક પોતાનાં હાથની ધમકી દેખાડીને બોલયો કે "સબર પરીચેહેર સબર. દોજખથી હું ડરતો નથી અને બેહેસત માટે હું બીહીતો નથી. મધ રાતનો વખતછે તેથી સંભાલ. હજુરખી સહુમન અને માહારી માંગણી કબુલ કર. માહાબાનું આજથી માહારી રાણી નહી. સત માનજે પરીચેહેર કે એક હરફ તું માહારી સામે બોલ અને તેનું ફલ તું ચેહેજ વારમાં ચાખશે."

જુવાકે આ વખતે પોતાનાં ઓરડામાં જે તેનાં બપાવાની તસવીર ટાંગેલી હતી તે હીલતી જોઇ અને તેમાંથી તેનો બપાવો હાથ મારતો હોય એવો તેણે અવાજ સાંભલયો. પરીચેહેર જે તસવીરને પીઠ ગંડી ઉભી હતી તે ચમકીને બોલી કે "બાપરે એ કોણ બોલેય" અને તે જીવ લેતી નાઠી. જુવાક તેની પુઠે દોડે કે, પેલી તસવીરને જોય. તેનો બપાવો જાણે ગંભીરાઇથી જમીનપર ઉતરતો હોય એવું જુવાકે જોયું. તે પોકારી ઉઠયો કે "બાપરે તું કોણ ?

શીહા અંધ રાતે, કાં ફાડે કફન,
ધ્રુજાવે મુજના હાડકાં મારે ગરદન."

પેલા ભુતે પાછી હાથ મારી. જુવાક બોલીયો "બોલ માહારા બાપ ! બોલ માહારા પીતા ! બેહેસત મુકામ છોડી પાછો ધરતી કેમ ધરે ? માહારી કંગાલ હાલતપર તાહારી નજર કર. શું માહારાં કરતુક એટલાં કરૂર કે તાહારે માટે પણ દોજખના દરવાજ ખુલીયા ? અરે બાપ માહારા માહારી હાલતપર જો. દેવોના કરતુકથી હું મોહોતની જાલમાં સપડાયો, પણ તું તું માહારા પીતાનો પીતા તું પણ તાહારા એક નબીરાપર આતસનો વરસાદ વરસાવે ? આ શું ગજબ ! આ સેનાહ શેહેરના પાહાદશાહનો મેહેલ નહી પણ જુવાકના દોજખની ખાઇછે. મોતનુ તેડું આવીયું. અફસોસ માહારા જીવ સત હજારો અફસોસ."

આ વખતે પેલા ભુતે જુવાકને પોતાની પછવાડે આવવાની એસારત કીધી અને તે મુગે મોહોડે તેની પાછલ ચાલીયો. પેલો ભુત તેને એક શીહા અંધારા ઓરડામાં લઇ ગયો અને એક પલ વારમાં તેનું બારણું તલેસમથી ખુબ જોરમાં ચપટાઇ ગયું. જુવાકની શુધ ઠેકાણે રહી નહી. પોતાના પુર બલે કરી તેણે બારણું ઉઘાડવાની કોશેશ કરી પણ તે શઘલી ફોકટ ગઇ. તે હારીખાઇને બોલયો કે,

કલ્પ લગી થાય જો દોજખમાં ઠાર,
પણ દીનથી ન દમે પરીચેહેરનો પથાર.

બાનુ પરીચેહેર દાદરપર જીવ નાખી ઉતરી. થોડા વારમાં તે ઉભી રહી પણ શું કરવું તેની ભાન તેને રહી નહી. મેહેલમાંથી છટકવું કાંઇ સેહેલું ન હતું કારણ કે દરેક દરવાજે પોહોરાગીરોની હાર લાગેલી હતી. જો માહાબાનું પાસે જઇને તે ફરીયાદ ગુજારેતો જુવાક તાંહાંપણ આવી તેનો કુંબાલો પકડે તેથી તે વીચાર પણ તેને ઠીક લાગો નહી. હવે મેહેલના કયાં ખુના ખંતોલામાં રાતનું મકાન કરવું તેના ઉંડા વીચારમાં આ રૂપાલી નાજની ગરક થઇ ગઇ. પણ તરત તેહેને ફામ આવી કે મેહેલનાં એક ભોંએરાનાં છુપા દરવાજા મારગે જમશેદી ચોકની નજદીક જોગનોનાં દેહેરામાં જવાઇ શકાયછે. જો આ મંદીરમાં તે સહી સલામત પોંહોંતીતો જુવાકમાં આવી એક પાક જગાપર જબરદસતી ચલાવવાની તાકાદ રેહે નહી; અને જો તેના ઘાટકીપણામાંથી છટકી જવાને બીજો કોઇપણ ઉપાય ચાલે નહીતો મંદીરમાં જોગનનો વેશ લઇ પોતાનો જનમ કાહાડવાનો ગરીબ પરીચેહેરે પુખ્ત ઠેરાવ કીધો. આવા વીચારથી તેણીએ એક ફાનુસ હાથમાં ધરીયું અને ભોંએરાં તરફ પોતાનો રસતો લીધો. તેની છાતી બીહીકથી ધકધકતી હતી. છુપાં બારણાનો ભેદ તેણીને જલદીથી મલી શકેઓ નહી. આવાં એક ગંજાવર ભોંએરાંની અંદર મધરાતને સમે કંગાલ પરીચેહેર ઓતાં ખાતી હતી. પવનના સપાતાથી સઘળાં બારણા કાંપતાં હતાં તે સીવાય બીજો અવાજ સાંભલેઆમાં આવતો ન હતો. પોતાનાજ અવાજથી તે પોતેજ બીહીતી હતી. તેના મનની અંદર કરોડો કલપનાઓની રમત થતી અને બાપડી પરીચેહેર જમીનપર બેશુધ પડવા પર તઇયાર હતી. જુવાકનો અવાજ તેના કાનમાં હરદમ પડતો હોય એવું તેને લાગતું અને એવા ખોટા વીચારથી તેનું લોહી સઘળું પાંણી થઇ જતું. તે જમીનપર દમ ખેંચી ચાલતી અને થોડે થોહેવારે પાછી જુવાક પુઠે આવેછે એવા બેઆલથી ચમકી ઉભી રેહેતી. એવામાં તેણીએ કોઇનો અવાજ સાંભલેઓ. તેની શુધ ઉડી ગઇ. તેનું કાલજુ કપાઇ જવા લાગું તેના હાથ હીમ સરખા થંડા થઇ ગયા. તેના માથામાં ઘુમરો આવવા લાગી અને

તેની આંખોપર અંધારાના પરદા ફરી વળીઆ. પરીચેહેર પોતાની હસતીને હજારો ઠફુવા દેવા લાગી. જો જુવાક તેની પુઠે આવેઓ હોયતો તેની બુમ બરાડા કોઈ શાંભલી શકનાર નથી, એવાં ખેઆલથી બીચારી પરીચેહેર ફોકેફોક રડવા લાગી. એવામાં એક બારણું ઉઘડયું અને તે પોતાનો દીવો ઉંચકે એટલામાં એક શખસને તેણીએ નાહાસતાં જોયો. જે શખસ નાહો તે જુવાક હોય નહી એવા વીચારથી તેનીએ આગલ કદમ ધરેઆં, પણ જરાક આગલ જતાં પવનનાં સપાટાથી તેનીનો દીવો ગુલ થઈ ગયો, અને પેલાં શીહા અંધકાર ભોએરામાં શાહાજાદી પરીચેહેર રડતી અને તતરતી વાએજાન એકલી ઉભી થઇ રહી.

# ઓરતોની મીજલસ.

## ભાશાણ ૧૭ મું.

### બચાંને કેયારે થાંનથી છોરવવું ?

આગલા ભાશાણોમાં, માએ બચાંને કેમ અને કેયારે ધવાડવું તે વીશે મુખ્તેસર સમજાવીયામાં આવીયું હતું. આજના ભાશાણમાં માએ બચાંને કાંહાં લગી થાનથી ધવાડવું અથવા કેયારે થાનથી છોરવવું એ વીશે થોડું સમજાવવા માંગુછું.

૧. જો માએ તનદરોસત હોયે અને દુધ પુશકલ હોયેતો બચાંને આગલા દાંત આવે તાંહાંસુધી કદી પણ છોરવવું નહી.

માએનું દુધ પુશકલ હોયે અને બચાંને ૮—૯ મહીનાં થયા તોયપણ દાંત ફુટા નહી હોયેતો, જાંહાંસુધી દાંત આવે તાંહાંસુધી ધવાડીયા કરવું જોઈયે. જો બચાંને જલદીથી દાંત ફુટે, પણ નબલું હોયે અને માએનું દુધ પુશકલ હોયે, તો માએ બચાંને એક અથવા બલકે દોહોડ વરસનું થાયે તાંહાંસુધી સુખેથી ધવાડીયા કરવું. ખહી વાલા માબાપનાં બચાંને, ધવાડનારીએ બે વરસ લગી ધવાડવાની જરૂરછે, કાંયેકે તેથી બચું વધારે તનદરોસત અને જોરાવર થાયેછે.

૨. જો માએ ઘણી નબલી હોયે અને દુધ ઘણું કમતી હોયેતો બચાંને છઠે મહીનેથી છોરવતા જવું.

માએ જલદીથી ધાવનું આપવું કમતી કરવું અને બીજે દુધનો ખોરાક આસતે આસતે આપતા જવું.

૩. જો માએને કાંઈ જોરમાં દરદ થઇ આવે અથવા જોરાવર તાપ હોયેતો તે વખતે ધાવનું આપવાનું બંધ કરવું.

૪. જો થાન સુજી આવે અને તેમાં પરૂ બધાયે તો બચાંને તરત છોરવી દેવું.

૫. જો માએનું દુધ જલદી કમતી થતું જાયે અને વલી તે બચાંને સદે પણ નહી, તો બચાંને છોરવી દેવું.

૬. જો માએને હમેલ રેહે અને દુધમાં ઘટાડો થાંયે અથવા દુધ ધાવીયાથી બચું હેરાન થાયે તોજ બચાંને છોરવવું; નહીતો ધવાડીયા કરવું.

૭. બચું દોહોડ વરસનું થયા પછી માએ ધવાડવુંજ નહી.

કાંયેકે એ વખત પછી માએનું દુધ બચાંને ગુણ કરેયાને બદલે અવગુણ કરેછે, બચાંને પુરતો ખોરાક મલી શકતો નથી, અને વલી માએની પોતાની તનદરોસતીમાં બીગાડો થાયેછે, અને કેટલી વખતે ખહીનો મરજ પેદા કરેછે.

ઘણી વેલા આપણા લોકો ખોટી પરીત રાખીને બચાંને લાંબી મુદત લગી ધવાડીયા કરેછે. વલી કેટલાએક લોકો બીજા હમેલ નહી રેહે એવી મતલબથી ધવાડીયા કરેછે; પણ તે છેલે માએને તેમ બચાંને બેઉને અવગુણ ભરેલું છે.

૮. ઘણી થંડી અથવા ગરમ રૂતુમાં બચાંને છોડવવું નહી.

જારે મોસમ સારી હોયે, ઘણી ગરમી અથવા ઘણી થંડી પડતી નહી હોયે તારેજ બચાને છોરવવું. નહીતો બચાંની ઉપર, એ વખતે ખોરાક બદલીયાથી, દરદની જલદીથી અસર થાયેછે.

૯. જે વખતે બચાંના દરદનો ફેલાવો થતો હોયે, જેમકે સહીયડ, ગોવરૂ ઈતીયાદી, તે વખતે છોરવવું નહી.

૧૦. બચાંને દાંત ફુટના હોય અથવા આજારી હોયેતો કદી પણ છોરવવું નહી.

૧૧. જો બચું થાનથી ધાવવાનો શોક મુકી નહી દેતો થાનની ભોતરીને કાંઈક કવડી વસતુ લગાડવી. એલીયો અથવા જેનશીઅન લગાડવો.

### બચાંને થાનથી છોરવતી વખતે શી શંભાલ રાખવી.

૧. બચાંને એકદમ થાનનાં દુધથી છોરવી નહી દેવું જોઈયે.

આસતે આસતે થાનનું દુધ કમતી કરવું, પેહેલા દાહાડામાં એક બે વખતજ ધવાડવું. રાતનું ધવાડવું એકદમ છોડી દેવું. એકદમ દુધથી છોરવી દીધાથી, માએને તેમ બચાંને બેઉને અવગુણ થાયેછે. માએનાં થાન સુજી આવેછે, અને બચાને બીજી જાતનો ખોરાક એકદમ જરી શકતો નથી, તેથી બેઉ હેરાન થાયેછે.

૨. છોરવતી વખતે શંભાલ રાખવી કે માએનાં થાનને કાંઈ પણ નુકસાંની નહી થાયે.

આસતે આસતે છોરવીયાથી થાનમાં દુધ પોતાની મેલે કમતી થતું જાયેછે.

એ વખતે જેમ બને તેમ માએ થોડું પાંણી પીવું; પાંણીનો ખોરાક થોડોજ લેવો. ઉચી જાતનો ખોરાક પણ કમતી કરવો.

જો જરા થાન સુજવા માંડેતો જોલાબ લેવો, ફરવા હરવાનું માંડી વાલવું અને થંડક દવાઓ લેવી.

થાનને જરા મીઠાં તેલ અથવા કપુરનાં તેલ અથવા માખનથી ચોલવું અને ગરમ પાંણીએ સેક કરવો.

જેમ બને તાંહાસુધી થાન ભરેલાંજ રેહેવા દેવાં અને

જારે ઘણો અંકરસી આવે, તારે દુધ જરા જરા ખેંચી કાહાડવુ.

કેટલી વખતે દુધને થાનમાં સુકવી દેવાની જરૂર પડે છે. જો માઆ ઘણી નબલી હોયે અને ધવાડવાનું દરૂસત નહી લાગે અથવા બચું મરી ગયું હોયે, તારે દુધને સુકાવવાની જરૂરછે. એ વખતે ખોરાક કમતી લેવો. પાંણી થોડું પીવું.

થાનને સાબુનું તેલ ગરમ કરીને ફલાનેલ ઉપર થોડું રેડીને લગાડવું, અને ૪—૫ કલાકે બદામનું તેલ ૫—૧૦ મીનીટ લગી આસતેથી મસલવું. જો ઘણું દરદ કરેતો તેલમાં થોડું અફીમ અને કપુર નાખવો.

---

## ઉદીયોગ.

### એક એશકી બરાહમણે દીધેલી સીખામણ.

"ઓ, માનવી, જે દાહાડા પસાર થઈ ગયા તે હમેશાં સુધી ગુજરી ગયા, અને જે દાહાડા આવવાના છે તે કદાચ તારી આગળ નહી આવે, એટલા માટે, તુંને લાયેકછે, કે ગુજરી ગયલા વખતનો પસતાવો કરીયા વગર અથવા ભવીશ વખત ઊપર ઘણો ભરૂસો રાખીયા વગર, હાલના વખતને તું કામે લગાડ.

"આએ પલ તારીછે, બીજી પલ ભવીશના પેટમાંછે અને તુંને ખબર નથી કે તે શું ખોલું કરશે.

"જે કાંઈ તું કરવાને ઠેરાવ કરેછે, તે તું જલદી કર; જે કામ સહવારનાં બની શકે તે સાંજ ઊપર રાખતો ના.

"આલસાઈ, તંગી અને દુખની માતાછે; પણ નેકીને ઊદીયોગ સુખનો જનમ આપેછે.

"મેહેનતુ હાથ તંગદસતીને દુર કરેછે, ઊદીયોગી આદમી આગળ આબાદાની અને સ્નેહ હાજર રેહેછે.

"જેણે જાને દોલત મેલવી, જે મોહોટે અખતીઆરે ચહડીયો, જેને આબરૂ અને પદવીનો પોશાક પેહેરીયો, જે શેહેરમાં વખાનથી બોલાયો અને બાદશાહ આગલ પરધાન દાખલ ઊભો રેહેછે, એ શખસ કોણછે? તે એ શખસછે કે જેણે પોતાના ઘર માહેથી આલસાઈને હંકાલી નાખીછે, અને એમ બોલીયોછે કે, એ આલસ, તું મારો દુશમનછે.

"તે સહવારના સબારે ઊઠેછે અને છેક અવારે સુવા જાયેછે; ને પોતાના મનને વીચારથી અને બદનને કામકાજથી કસરત આપેછે, અને તેથી બેઊનો તંનદરોસતી જાલવેછે.

"આલસુ માણસ પોતાનેજ એક ભાર થઈ પડેછે, તેનો વખત તેના માથા ઊપર ભારી તંગાયલો રેહેછે; તે આસપાસ ભટકેછે અને જાણતો નથી કે તે શું કરે.

"તેના દાહાડા એક વાદલના છાંયાની મીસાલે પંસાર થઈ જાયેછે, અને પોતાની પછવાડે કાંઈ પણ યાદદાસત દાખલ નીશાની મુકી જતો નથી.'

"તેનું બદન વગર કસરતે દરદી થાયેછે; તે ચાહેછે કે કામકાજમાં વલગે, પણ તેને હીલવાની ગતી નથી; તેનું મન અંધારામાં ગોતાં ખાયેછે, તેના વીચાર ઘેરાયલા રેહેછે, તે ગ્નાન મેળવવાને ચાહેછે, પણ તેને ઊલટ નથી. તે બદામ ખાવાને પસંદ કરેછે, પણ કોટલું ભાંજવાની મેહેનતને ધીકારેછે.

"તેનું ઘર વગર તરતીબનુંછે, તેના ચાકર બીગાડો કરનાર અને કજીયાખોરછે, અને તેથી તેની પાયમાલી થાયેછે. તે સઘલું પોતાની આંખોથી જુએછે, કાંનોથી સાંભલેછે, તેમાંથું હીલવેછે અને કાંઈ કરવા ચાહેછે પણ હીમત નથી; તે એટલે સુધી કે છેલે પાયમાલી તેની ઊપર વંટેલીયાની મીસાલે આવી પડેછે અને તે શરમ અને પસતાવા સાથે ઘોરમાં જાયેછે."

---

## કોતરકામનો હોનર.

જેમ એક કવેસર પોતાની મનસકતી વાપડીને તરેહ તરેહની આકરતીઓમાં કુદરતની રચનાંનુ બેઆંન કરેછે, તેમ એક ચીતારો અથવા કોતરકામ કરનાર કારીગર ભાત ભાતની કુદરતી ચીજોને ચીતારી અથવા કોતરીને પોતાની કારીગરીનો નમુનો દેખાડેછે. કવેસરને કલમ, ચીતારાને પીછી, અને કોતરકામ કરનારને ટાંકનુ પોતાની ચતુરાઇ દેખાડવાનુ હથીઆરછે. તેને તે જેવી રીતે વાપડવા માંગેછે તેવી રીતે વપડાએ છે. એ તરણ હોનરોમાંનાં પેહેલા હોનરવાલાને જેમ ખેઆલ કરવો પડેછે તેમજ બીજા તથા તીજાને પણ કરવો પડેછે, અને તે ખીઆલની જેવી વલાણ તેઓ તેઓના હોનરનો નમુનો નીકલેછે. એ તરનેડ ઊચે કેવા ઇશવરી હોનરોછે! કવીની દાવીએ

રૂપમાં અવાચક પદારથો વાચા પામીને બોલેછે; ચીતારાના પીછી ખુદરતના ખુશનમાં દેખાવો તથા જીવજંતોના છાંએઆ કે જેઓ કાઇબી ઈઊકતીથી પકડી સકાતા નથી તેમને પકડીને આપણા ગ્નાન તથા ગમ તમે કીને કાએમ કરી રાખેછે; તથા કોતરકામ કરનાર પોતાની ચતુરાઇ વાપડીને જનાવરોના તથા જનાવરોના સરદાર ઈનસાનના એકએકા એવાંતો પુતલાં ઊભાં કરેછે કે તેઓને જોતાંજ એકાએક આપણે મોહેથી બોલાઈ જાએછે કે "જીવ મુકવાનીજ ખોટીછે."

આ બાબદ કોતરકામ વીશેછે માટે અવે તે ઊપરજ ધેઆંન આપીએ. કોતરકામનો હોનર આજ સેંકડો નહી પણ હજારો વરસો થાએઆં ચાલતો આવીઓછે; એટલુજ નહી પણ એ હોનર આગલા વખતમા જેવી સંપુરણ હાલતમાં હતો તેવી હાલતમાં આજ નથી. બીજા હોનરોની મુઆફેક આએ હોનરબી રશ્તે રશ્તે સુધરીને એક વખતે પુરણ હાલતમાં આવી લાગો હતો. ઘણાજ પુરાતમ વખતમા લખવાનો હોનર માલમ પડેલો હનો નહી તેથી હરેક અગતના બનાવ વીશેની તવારીખ તેવા બનાવનુ કોતરકામ કરીને રાખતા હતા, અને તેરલા માટે આગળા જમાનામાં કોતરકાંમનો હોનર વધી ગએઓ હનો. પરથમતો પુતલાં અને તેવીજ બીજી સોભાએમાન વસતુઓ બનાવાનાં કામોમાં મટોરી, લાકડુ, અથવા ચુનો વપડાતો હેતો, પણ પાછલથી પથર અને ધાતુને તે કાંમમાં વાપડવામાં લીધેલી દીસછે. ઊપર કહેલી ચીજોથી બનાવેલાં આગલા વખતના કોઈ કોઈ પુતલાં આજબી તમો મોટાં સંઘરસથાનોમાં જોશો. વળી રૂમીઓના સેહેનસાહ આગસટસનું પુતલુ કેરબાનું બનાવેલું હતું.

કોતરકામની તવારીખ જેમ પુરાંણીછે તેમજ તે હોનરનો ફેલાવો પુરાણા વખતથીજ ઓહોલો થાએલો માલમ પડીઓછે. પોતાની આસપાસના દેશોના મુરતી પુજનારા ટોલાના લોકોને આજેજ કરીને ઈરાણીઓએ જેઓ ઊપર પોતાનું રાજ ચલાવીઊં હતું, તે ટોલાના લોકોમાં કોતરકામનો હોનર સારી રીતે ચાલુ હનો, પણ તેઓને ફતે કરનાર ઈરાંનીઓ પોતાની ખાસીએત મુજબ મુરતીઓ બનાવીઆને બદલે ઓરબી દુસમેનનાં દેવ દેહડાં ભાંજફોડ કરતા હતા. આએજ સબબથી કોતરકામનાં હોનરમાં ઈરાંનીઓએ કાંઇ જાહાજો વધારો અથવા સુધારો કીધો હોએ એવું તવારીખપરથી માલમ પડીઊં નથી. તોપણ એક હાથ ઊપરથી પુતલાં બનાવવામાં તેઓ પછાત હતા તેમ બીજા હાથ ઊપરથી મોટી ઇમારતોને સોભા આપે તેવાં કોતરકાંમોમાં ઘણી હુસીઆરી ધરાવતા હતા. એવું કદાચ આપણે તેઓની આજ ભાગી ટુટી હાલતમાં આવી પડેલી ઈમારતો જોએઆ ઊપર થીબી કહી સકશું.

ઈઊનાન ઊપર ઈરાંનીઓએ ચડાઈઓ કીધી હતી તે વખતે જે નામીચું કોતરકામ તીહાં હતું તેને ધરમની જહનુનમાં આવીને તારાજ કરવાને ઈરાંણના લોકો ચુકીઆ નહી. પણ ઈરાંણીઓના તારાજ કીધા છતાંબી આએ હોનરે તે દેશમાં જેટલી અને જેવી જાહોજલાલી ભોગવીછે તેટલી પુરથવીના કોઈબી મુલુકમાં ભોગવી નથી. ઈઊનાની કોતરકામના જે દેહાડ નમુના આપણ જોઇએછે તેઓ એવાનો ઓતમછે કે તેમની બરોબરી હાલ જમાનેનો કોઇજ કારીગર કરી સકેછે.

અસલના વખતમાં મીસર દેસમાં પણ કોતરકામનો હોનર અગતનો દરજ્જો ધરાવતો હનો. મીસરી લોકોના કોતરકામની વલાણ ઈઊનાનીઓની વલાણને મલતી આવતી હતી નહી. એવું લાગેછે કે ઈરાંણીઓ તથા તેઓના પડોસીઓ ઈઊનાનીઓની કોતરકામની વલાણ વચે કાંઈક સંબંધ હનો ખરો. મીસર દેશ મધે જે પુરાતમ મનારા, પાહાદસાહી ઈમારતો, અને દેહડાંઓ જોવામાં આવેછે તેઓ ઊપરથી આ હોનર તીઆં કેવાદ બદબાથી ચાલુ હતો તેનો ખીઆલ મુસાફરના મનમાં તુરત ઊતરશે. તોપણ મીસર દેશનું કોતરકામ ઈઊનાનના કોતરકામથી ઊતરતું હતું, અને તેનુ કારણ એવું છે કે જેમ હાલ હીંદુસથાનમાં તેમ આગલા વખતમાં મીસરમાં નીઆત જાતનો ફરક એવોનો મજબુત ચાલુ હતો કે કોઈબી રીતનો સુધારો અથવા ફેરફાર કરવાની મના ઇ હતી; અને વલી હીંદુઓની માફક લોકોમાં એવી સમજુતી હતી કે જેમ બાપદાદા કરતા આવીઆ હોએ તેમજ બેટાએબી કરવું.

જેવો મીસરદેશનો કોતરકાઓનો હાલ હનો તેવો હીંદુસથાનેનો હતો. ભરતખંડ કોતરકામના નમુનાથો કાંઇ ખાલી નથી. હીંદુસથાનમાં મુસાફરી કરનારને ઘણીએક જગાએ ગોફાઓ, દેહડાંઓ તથા નાધલાં મોટાં બાવલાં, પુતલાં, અને મુરતીઓ મલશે. પણ હીઓની મુ[illegible]ઓ તે ગોએઆ ખરીજ મુરતીઓછે, ઈઆને તેઓનો

દેખાવ નીરજીવ અને કેટલીએક જગાએતો ખરેખર બેદોલ તથા ભઅઅંકારછે. હીંદુસથાનના કોઈક ગોખ્ર તારીપ્ર લાએક કોતરનીથી કોતરેલાછે, પણ તેઓમાં જે મુરતી જોઈએછે તેઓ હોનરના નમુના નથી. મોટમોટા પાહાડોને કોતરી કાહાડવા પછવાડે મેહેનતતો ભારે લીધેલીછે, પણ તે સાકાપ્રની ? એક દેવને બીજા દેવ સંગાથે લડનો કોતરેલો જોઇએછે તો લડાઈના જોસા તથા દમામ તેમના ચીત્રમાં હોવા જોઇએ તેતો ઘણે એક દરજ્જે ગેરહાજર હોએછે કે જેથી જોનારના મનમાં લડાઇનો ખીઆલ આવતોજ નથી. કોતરકાંમની ખરી ખુબી સામાંછે ? ખરી ખુબી દરેક ભાગની ગોઠવણ તથા કદને ખુદરતની બરોબરે લેવામાં, તથા તેંઓને ખુદરતી ગતી તથા જોસાઓ સમેત નજરે પાડવામાં. તેવી ખરી ખુબીનુ કોતરકામ જોશોતો ઈગ્રીનાનમાં મલશે. ઈગ્રીનાનીઓ કોતરકામના સોભાએમાન હોનર ઊપર ફીદા હના, અને તે હોનર તેઓ ઊપર ફીદા થાઈને એવીતો હાલતમાં આવીઓ હતો કે તેવી હાલતમાં તે આજ નથી. ઈગ્રીનાની પુતલાં તથા બાવલાંને. જેમ જેમ વધારે બારીકીથી જોશો તેમ તેમ તેઓ વધારે અદા તથા ખુબસુરતી ભરેલાં લાગશે. ઇગ્રીનાનના પડી ભાગા પછે રોમની ચડતી કલા થાઈ ખરી, પણ તેની ચડતી કલાની સાથે આ હોનરનીબી ચડતી કલા થાઇ હોશે એવું તવારીખ ઊપરથી અથવા તે વખતના નમુના ઊપરથી દીસતું નથી.

ઇગ્રીનાનમાં કોતરકાંમમાં એટલા અને એવાતો ફેરફારો થાએલાછે કે તીઆંનાં કોતરકાંમની તવારીખ તે ઘણુંએક દરજ્જે ઇગ્રીનાનની પોતાંનીજ તવારીખછે. હવે સવાલ ઊઠેછે કે આ હોનરમાં ઇગ્રીનાનીઓ એટલા બધા પંકાએલા હતા તેનાં કારણો કએઆં હતાં? એવું લાગેછે કે જે કોમ પોતે ખુબસુરત છે તે ખુબસુરતીને બદસુરતી વચેનો ફરક પણ વધારે બારીકીથી સમજેછે. ઈગ્રીનાનીઓ પોતે જે ખુબસુરતી ધરાવતા હતા તેને હોનરના બલ અને ખીઆલની કેફથી ઊંચકેઇને પોતાના નમુનાઓમા કાએમ કરીઆ જાતા હતા. કોતરકામમાં તેઓની ચંચલાઈનુ આ એક કારણ થાયું. બીજું કારણ એ હતું કે તેઓમાં જાહેર કસરતશાળા, તમાશા, તથા હમામખાનાઓ જાહાં હતાં, અને તેવી જાહેર જગાએ આદમીનું સરીર જુદી જુદી કસરતમાં કેવા કેવા આકારો પકડેછે, રગો કેઈ કેઇ રીતે ખેંચાએછે, ચેહરાનો દેખાવ કેવી તરેહથી બદલાએછે, તે સંધું ઊસતાદો પોતાની નજરે જોઈ લેઇને પોતાના નમુનાં બનાવતી વખતે તે વીસેનુ ગ્નાન કામે લગાડવાને ચુકતાં હતા નહી.

ઇઊનાન મધે એક પછે એક. નામીચા કોતરકામ કરનારાઓની સંખીઆ એટલીતો થાઈ હતી કે તેમના નામો તથા કાંમોનો વીગતવારે હેવાલ લખતાં આ બાબદ ઘણી લાંબી થાઈ જાએછે.

કેટલીએક સદીઓ સુધી ઈઊનાને જાહોજલાલી ભોગવી અને તેવાર પછે રોમન લોકોનો જુંઊ એવા તો જોરમાં ઊડવા લાગો કે તેની સાંબે ઇઊનાન તકી સકીયું નહી. રૂમી લોકોએ ઈગ્રીનાનનાં કારીગરોને કાંઈક ઊતેજન આપી તેથી આ હોનર રોમ મધે પણ પાછો તાજો થએઓ. છેલે અંતે રોમ જેવાં મોટાઈ ભોગવનારાં રાજનોબી જમાનાના દોરે અંત આણીઓ, અને તેવાર પછે ઈગ્રીરોપના જુદાં જુદાં મુલુકોમાં સ્વતંતર રાજો ચાલુ થાએઆં. આવા અગતના ફેરફારો થાએઆથી તીઆંના મુલુકોમાં સુધારાની વધારે અને તેથીબી વધારે ફતે થાતી ગઈ, પણ માઠાં નસીબે આ ઓતમ હોનરરો તેની કદરના પએછાનનારા ઈગ્રીનાનીઓ સંગાથેજ અપ્રમુચો થાઇને પડીઓ.

આજના વખતમાંબી ઈગ્રીરોપ મધે ઘણાએક હોનરો તથા ઓલમો પોતાની ભર જવાંનીના જોબનથી તપેછે તે વખતે કોતરકાંમનો હોનર કાંઇ એકદમ પછાત પડીઓ નથી. તોપણ તેનું મરોર આગલા દાહાડાના જેવું દીસતું નથી. આ વખતમાનો સોભાના કરતાં ઊપીઓગી પણા ઊપર વધારે ધીઆન આપવામાં આંવેછે. હાથની મેહેનતને બદલે સાંચાઓનો ઊપીઓગ વધી પડીઓછે. બાવલાં, પુતલાં, તથા મનારાની જગા તવારીખના અમર સફાએ છીનવી લીધીછે. એવી આ હકીકત શુંદર હોનરનીછે.

---

## પારધી અને તેહેનો વફાદાર કુતરો—એક વારતા.

ખરીબામદાદનો વખત હતો. માહાતાબ અને સેતારાઓ પ્રુથવીને નમસ્કાર કરી પોતપોતાને ઠામે પધારેઆ હતા. શુંદર કીરણો સુંનેરી સાહેઆ પેહેડી પીગમણ તરફથી ફુટી નીકલી શીઆ વાદલાંઓને ખસેરી નાખી આફતાબની સવારી માટે રસતો ચોકો

કરવાની વેતરણ કરતાં હતાં. બુલબુલ પોતાનો માલો છોડી ઈશવરની મધુર અવાજે તારીફ ગાતું પાહાડની શીખર પર જઈ સુરીયને મુબારકબાદી આપવા પોતાની પાંખો ફફડાવી હવા પર સેહેલ કરતું જતું હતું. ઝાડો પોતાની ભરનીંદમાંથી ફારેગ થઈને પોતાના શીરો પોતાના પેદા કરનારની ઈયાદમાં નમાવતાં હતાં, અને તેઓના મોહોમાંથી નીકલતી ખુશનુમાં લપત જાણે ઈશવરની બંદગીના અવાજ હતા. નદી અને નાલાનાં મનોરંજક અવાજથી શઘલું મેદાન ગાજી રહ્યું હતું, અને પસચમ તરફની સુંદર લેહેકી મોઘરાં અને ગુલાબની લપટ સાથ લપટાયલી ઈનસાનનાં જીવને આનંદમાં તર કરતી હતી. આવી એક દીલપસંદ બામદાદને વખતે એક પારધીએ શેકારગાહ પર જવાને મેદાનમાં પોતાનું રણસીંગડું ફુકયું, અને આણીગમ ને પેલીગમ જમની અને દાબી બાજુએ ઘણાએક કુતરાં અને ઘણીએક કુતરીઓ નાચતાં ને કુદતાં, દોડતાં ને તલપતાં, ઘુરતાં ને પોકારતાં પોતાના ધણીને પાએ હરખથી, ખુશીથી અને ઊલટથી પડવા લાગાં. પણ પારધીનાં સીકંદર નામે સરદાર કુતરાએ તે દીને પોતાની હાજરી આપી ન હતી. સરદાર વીનાનું લશકર દુશમેનનો દુંબાલો પકડી શકતું નથી, પણ હરીફની સામે હાર ખાઈ પડેછે. રાજા વગર રઈયત ગુચવાગામાં પડેછે, અને ધણી વગરનાં ઢોર સુંના હોએછે, એ વાતોથી પારધી પુર માહેતગાર હતો તેથી સીકંદર વગર સીકાર કરવો એ બચાંઓની પલટણથી દુસમનનાં લડાએક સીપાઈઓ જીતવા એવું તેને લાગું. હમણા દોડતો હશે, આ ઘડી આવશે, એ દેખાએછે, એવા એવાં વીચારોમાં પા ઘડી ગુજરી ગઈ પણ સેકંદરને પારધીએ દીઠો નહી. બેચેની અને ફીકરે તેનાં દીલપર ગલબો કીધો, અને પોતાનાં વશાદાર સગની શોધમાં પારધી પાછો પોતાનાં કુતરાનાં રસાલા સમેત પોતાના બાગ તરફ વટયો. 'સીકંદર, સીકંદર' એવા અવાજો બોલતાં બોલતાં તે દમેઓ, પણ સીકંદરનાં શમાચાર સાંભલેઆમાં આવેઆ નહી. ચાકરો સઘલા ચંમકી સીકંદરની શોધે નીકલે પણ એ વશાદાર કુતરાની ગંધ નસલ માલમ પડે નહી. ઊતર ખોલે, દક્ષીણ ખોલે, ખોલે પુરવ ને પશચીમ પણ સીકંદર જડે નહી; પારધીની આખમાં ફુટેલી જોઈ ધાર, ચપલટાથી નોકરો મારે પોકાર, પણ સીકંદરથી જવાબ મલે નહી. સેકારના સરદારપર પડે ધુમ, પણ સીકંદર કેઠે થઇ ગયો ગુમ. વાઘના પંજામાં પડેઓ સેકાર, ઈંથા સાપના ચટકાએ કીધો ઠાર, એવા એવા વીચાર સીકંદરના સેઠને પડે. અંતે દીલશે ભીડી હામ, મુકેઓ પોતાનો ઠામ, ને પારધી બાહાર પડે. સામે દીઠો સીકંદર સરદાર, મોહોથી ફુટતી લોહોની ધાર, પગ મારતો ચાર જીવ નાખી દોડે.' પારધી દોડે, પારધી કુડે, પારધી નાચે હરખ ન ટલે, પણ સીકંદરના દીલ પર રૂધીરના રેલા જોઈ· વીજલીના ચમકાટ મુજબ પારધીના મનમાં એક વીચાર દોડે. તેનો જાનબખશ નામનો પાંચ વરસનો એકપુરો બેટો તેને નજરે પડેઓ નહી, તેની શોધમાં તે પાછો પોતાના ઘર તરફ દોડેઓ. આગલ પોતે, કુતરો પુઠે, એમ બેહ ધસેઆ, પોતાની મરણ પામેલી ઓરતનો જાનબખસ એકપુરો બેટો હતો તેથી પારધીની શઘલી અસફેઆમત તે નાના પુતરમાં હતી. નોકરોને થયા સવાલ, પણ જાનબખસનો ખેઆલ કોઇએ કીધેલો નહી. રડાકુટથી પાછું ગાજવા લાગું ઘર, પણ ન મલી જાનબખશની ખબર. ઘડી ગુજરી એક, પણ પારધીની આગ હોલવાઈ શકાય નહી. દુખના સાગરમાં પારધી ડચકાં ખાય; આણીમેરે તરફડે, પેલીમેરે તરફડે, પણ જુકાં ગલોતીઆં મરાય. દેવાના માફક દોડે, ધુલમાં આલોટે, પણ બેટો જાનબખશ નજરે પડે નહી એટલામાં પારધીનો સીકંદર પર ખેઆલ ગયો. એજ કમબખત કુતરાએ જાનબખસને કીધો બેજાન, એવું પારધીએ ધરેઊં ગુમાન, ધેઆનથી થઇ બેધેઆન, જહડપથી પકડી મેઆન, ખેંચી પલવારમાં પોતાની સમશેહેર. "દોજખી કુતરા, સેતાનીઅતથી ચકચુર, સીકંદર સરખો જાલમ તુંજ નીમક હરામ, હરામખોર, હરામજાદ, લેઆનતીએ મુજના બેટાનો પરાણ લીધો. ચંડાલ તારાં કરતુકો જો." એમ કહી પારધીએ સીકંદર સરખા સગના સમશેહેરે બે તુકડા કરી નાખેઆ; અરાડતો અને તરફડતો સીકંદર ઢલતો ઢલતો એક ઢોચ આગલ જઈ પડેઓ, અને તેની ચીચીઆરીના જોરથી જાનબખશ ઢોચ તલેથી આંખો ચોલતો ઊભો થયો. તેની ગોદમાં એક મોટાં વરૂની કટકે કટકા થએલી લાસ પડેલી હતી, જે જોતાંજ પારધીનો હરખ નાબુદ થઈ તે પાછો ગમગીનીના સમુદરમાં પછાડા મારવા લાગો. જે સીકંદરે વરૂને ફાડી નાખી જાન

ખખશનો જાન ખચાવેઓ હતો, તેજ વફાદાર સીકંદર
ને તેના બાપે નગુનો થઈ જાનથી બરબાદ કીધો; એ
ખેઆલથી પારધી દેવાંનો બની ગયો. પારધી કપાલ
કુટે. છાતી તોડે, હાથો મારે, પણ જમને જંજીરે
જાય તે કેમ પાછો ફરે? પારધીની આંખો આં
સુથી તરબોર થઇ, અને પોતાનો બેટો મારેઓ
ગયો હોય એવો *વેલાપ તે કુતરાંની લાસપર ક
રવા લાગો. સીકંદરને દફનાવેઆ બાદ પારધી
એ તે જગાપર એક સુંદર મીનારો ઊઠાવેઓ, જાં
હાં રોજ જઇ તે હજારો આંસુ નાખતો હતો, જે
થી જમીનપર શઘલી લીલોતરી ફરી વલી હતી. ગુ
સો અને પીતાનો ઊછાછલો દબાનમાં ન રાખતાં જે
ઓ તેઓને વશ થઇ પડેછે, તેઓ પારધીની માફક
શીકંદર સારૂં કેઆમત લગી પોતાનું કપાલ કુટતા રેહે
છે ધીરાં કામ સાહબનાં, એ કેહેવતપર જો લોકો અમ
લ કરેતો પુરથવીનાં અરધાં અરધ પાપો ધોવાઇ જાય.

## મધરાજનો માજી ગવરનર સર ચારલસ તરીવેલીઅન.

હીંદુસથાન ઊપર હકુમત ચલાવવા માટે ઈંગલં
ડે જે માહાપુરૂષો મોકલેઆછે, તેઓમાનું એક જહલક
તું ગવાહેર મધરાજનો માજી ગવરનર સર ચારલસ
તરીવેલીઅનછે, જેનું ચીતર પાસેના સફાપર જોવામાં
આવસે. જે સેક પોતાના હાથ હેઠલના નોકરોને હેત
તથા પરીતથી જુવેછે, તે સેકની ઈયાદગારી નોકરો
ના જીગરમાં હરદમ વસેછે. જે હાકમ પોતાની રઈ
યતનું ભલું ચાહેછે, તે હાકેમના રઇયત હરદમ ગુણ ગા
યછે, અને તેજ પરમાણે આજ આપણે સર ચારલસ ત
રીવેલીઅનના ગુણ ગાવા પાછલ રેહેના નથી. એ
માહાપુરૂષની જીદગીનો હેવાલ જાણવા જોગછે. સ
ર ચારલસ તરીવેલીઅન ઈસવી સન ૧૮૦૭ ના એ
પરીલ માસની ૨ જી તારીખે જનમ પામેઓ હતો.
એનો બાપ ટાનટન સેહેરનો વડો પાદરી હતો, અને
એનો બપાવો સર જાન ટરીવેલીઅન બારોનેટ હતો;
જે સમરસેટ શાહેરના નેટલકમબ નામના એક પર
ગણાનો રેહેવાસી હતો. સર ચારલસ હેલીબરી નામ
ની પાઠશાલામાં સીખીઓ હતો. ૧૮૨૬ ના સાલ
માં ૧૯ વરસની કુમલી વએ તે કલકતા સેહેરમાં આ
વેઓ, જાંહાં તેહેને દીલહીના રેસીડંટ ઈચાને વડા
કારભારીના મદદનીશની ચાકરી મલી. તાહાર ૫
છી તેહેને ભરતપોરના નાહાના રાજાનો વાલી ઠેરવે
આમાં આવેઓ; જે ઓધો તેણે એટલોતો મનપતીજ
રીને ચલાવેઓ કે સરકારે તેનો ઊપકાર માનેઓ. કલ
કતાની અંદર કેટલાએક દુશટ ઈંગરેજો નીરદય થઈ
ને કાલા આદમીઓપર બહુ જાસતી ગુજારતા હતા, તે
ઓની નીરલાજરી ચાલ તેણે બેધડક ઊંઘાડી પાડી,
અને દીલહીને લગતાં દેશોમાં માલપર ભારે જગાત
હતી જેથી વેપારને ઘણી હાણી પોચતી હતી, તે જગા
ત એણે ઈંગરેજ સરકારને અરજ કરી નાબુદ કીધી;
તાહારબાદ તરીવેલીઅનની કલકતામાં નેમણુક થઇ
જાંહ ૪ વરસ સુધી એણે સરકારના છુપા તથા રાજ
દુવારી દપીયુટી સેકરેટરીનો માન ભરેલો ઓધો ઘ
ણી બાહાદુરીથી બજાવેઓ. ૧૮૩૪ માં તેણે લાર
ડ મકાલે નામના માહ પુરવીન ગરંથકારની એક બેહે
ન સંગાથે નેકા કીધા, અને પોતાની બાનું સાથે
૧૮૩૮ માં રજા લઈ પોતાને વતન શીધારેઓ; પણ
ઈંગલંડમાં તરીવેલીઅનને સરકારી તીજોરીનો સેકરે
ટરી ઠેરવવામાં આવેઓ, જે જોખમ ભરેલો ઓધો
૧૯ વરસ લગી એણે ઘણી મનપતીજ રીતે બજાવે
ઓ. ૧૮૪૫ ના વરસમાં આએરલાંડ દેશમાં ભા
રે ભુખમરો પડેઓ, પણ ટરીવેલીઅનની ચંચલા
ઈથી લોકોની પરતીદશા ઘણી ફેરવાઇ ગઈ. એ
ણે જે ઊપાય લીધા તે ઘણા ઘટતા અને વાજબી હ
તા, અને આએરલાંડપર પડની આફત થોડીઘણી દુર
કરવાને લીધે નામવર માહ રાણી વીકટોરીઆએ ટરી
વેલીઅનને નાઈટ કમાનંડર આવ ધી બાથનો મરત
બા ભરેવો ખેતાબ બખશેઓ. હીંદુસથાનના અંદ
રના પરાંતોમાં જેઓ ઇનસાફની અદાલતમાં બેસેછે, ત
થા કલેકટર અને એ વગેરે આમદાની ખાતાના મોહો
ટા ઓધાઓ ધરાવેછે તેઓને 'સીવીલ સરવંટ' કરી
કેહેછે. એ શખશો ઘણા કાબેલ હોયછે, અને ઘણીજ બી
કટ પરીખશા એઓને પસાર કરવી પડેછે, પણ ટરી
વેલીઅનના વખતમાં અમીર ઊમરાવોના સગાં વાહ
લાંઓ તથા લાગવગના શખશો ભલતાજ હીંદુસથાન
માં 'સીવીલ સરવંટ' દાખલ આવતા હતા; તેથી એવી
અનઘટતી ચાલની સામે સર ચારલસ ટરીવેલીઅન ત
થા હસના હીંદુસથાનના ઇંગ્રેજ સેકરેટરી સર ઈસટાફ



મદ્રાસના માજી ગવરનર સર ચાર્લસ ટ્રીવેલીઅન.

૨૬ નારક્કોરે ભારી બલતવારીથી લખીઊં. અમીર ઊમરાવો ટરીવેલીઅનપર ઘણા ગુસે થયા, પણ સ્રીવે લીઅનના લખાણથી ચંચલાઈ તથા બુધીવાલાજ શખ શોને સીવીલ સરવીસમાં દાખલ થવાની છુટ મલી. હાલ હીંદુસથાનનાં ૨૧ વરસની અંદરના દરેક રેહેવા શીને એ પરીખ્શામાં હાજર થવાની છુટછે. ૧૮૫૭ તથા ૫૮ના શાલમાં લંડન ટાઈમસમાં 'ઈનડો ફાઈલ સ' ની સહી કરી કેટલાંક પતરો ટરીવેલીઅને લખે આં હતાં, જેની અંદર હીંદુસથાનની બાબદોપર તેણે પુશકલ ઊમદા વીચારો આપેઆ હતા. ૧૮૫૯ માં એની મધરાજનાં ગવરનર દાખલ નેમનુક થઇ. આ માહ પુરૂષનાં પગલાં પડવાથી મધરાજીઓની દશા ફે રવાઈ ગઈ. મધરાજની અંદર તેણે ઘણાજ અગત ના ફેરફારો કીધા, અને થોડા માસમાં તેણે મધરાજી ઓનો પેયાર ખેંચી લીધો; પણ થોડા વરસમાં મી૦ વીલસને હીંદુસતાનપર આવકનો કર નાખેઓ, અને સર ચારલસ ટરીવેલીઅને એ કરની વીરૂધ બલતવારી થી લખેઊં. એ ઊપરથી તેને મધરાજના ગવરનર નો ઓધો છોડવાની ફરજ પડી, અને તે પોતાને વત ન પધારેઓ; પણ હીંદુસથાનના સારાં ભાએગે તે થોડા જ વરસમાં પાછો હીંદુસતાનની તીજોરીપર મી૦ વી લસનની જગાએ આવેઓ, અને જે આવકના કરની સામે તે બોલીઓ હતો તે અણગમતો કર કાહાડી ના ખી પાછો પોતાને વતન સીધારેઓ. એ નામીચો ગવરનર હાલ પોતાના વતનમાં હઇયાતછે, અને ઇશવ ર કરેને હજુર એ નામીચો હાકમ હીંદુસથાનના મા થાપર કાએમ રેહે. ગયાં સાલમાં એની બાનું ઈટ લી દેશમાં શેહેલગાહ કરતાં મરણ પામીછે, અને એનો બેટો મી૦ જી. ટરીવેલીઅન જે પણ સીવીલ સરવં ટ્છે તે ગુલી પકવનારા જાલમી ઇંગરેજોનો કટટો વે રી થઈ પડેઓછે. પોતાના હમજાતીઓનાં વેરી થઈ એક પારકી કોમનું ભલું ચાહાવું એવો ઊતમ ગુણ થો ડાજ ભલા ઇંગરેજો ધરાવેછે, અને સર ચારલસ ટરી વેલીઅન સરખા ઈંગલાંડના નબીરાઓ હીંદુસતાન ની હકુમતપર આવે એવું હમો ઈછીએ છઇએ.

---

## મોહટે ઘરનાં મેહરબાઈ.

નાંનીબાઈનાં ગરીબ ઘરમાંથી એક સ્રી તરત નીચે ઊતરી પોતાની બે ઘોડાની ગારીમાં અસવાર થઈ ચાલતી થઈ. એટલામાં નાંનીબાઈ પોતાની શુ હી દીનબાઈને કેહેછે, બેહન મોહટાં માંણસોને બો લવાનું ઘણુંજ શેહલછે કે સબુરી રાખો, ધીરજ ધરો, ખોદા સારૂ કરશે; પણ જો મ્હરા જેવી હાલહવાલ હાલતમાં પાંચ છોકરાંને તેઓનાં બાપ વગર પાલ વાં પરતાં હોયતો કવચીતબી એમ બોલે નહી. પો તે શુખવાસી ગાડી ઘોડે ફરનારાં, બાગબગીચામાં રે હનારાં, કોઈ રીતે દુખી નહી તે દુખીઆરાંની વાત કાંહાંથી જાંણે !

દુખથી નખાઈ ગયેલી નાનીબાઈનાં આવા વી ચાર સાંભલી તેની શહી દીનબાઈ બોલી, બેહન, મેહુ રબાઇ જે હમણાંજ તમુને મલી પોતાની ગારીમાં બે સીને ગયાં તેવનને વાસતે તમે બોલોછ તે મને ઠીક લાગતું નથી. શું મોટાં કે નાનાં, તવંગર કે ગરીબ, એ સરવેને પોત પોતાની કાંઇને કાંઇ પીડા અને દુ ખ હોયછે. આપણ ગરીબ સમજીએછે કે સંધા પી ડા આપણનેજછે, પણ તેમ નથી.

બેહન દીન હવે તમે મુંગા બેસી રેહો—તેઓ ને પીડા શાની ? મોટી મોટી હવેલીમાં રેહવું, ગારી ઘોડે ફરવું, નીરમલ હવામાં ખુશ રેહવું, આપણાં જેવી તરણ ચાર દાસી આસપાસ બાઈનો પડતો બો લ જીલી લેવાને ફરતીઓ ફરે, ઘરેણાં અને પોશાક નો કાંઈ દાગજ નહી, એવી રીતે રેહવાને જો પીડા કરી કેહવા માગતાં હોવતો સુખે કેહેવો કેમકે એવી પીડા સઊને થઈ પડેનો સારૂં.

નાનીબેહન તમારી બતંગ હાલતથી તમે એ કદંમ નાશીપાસ થઈ ગયાંછો. તમે પોતે કાંહા મોટે ઘર ચાકરી નથી કીધી, કે આવો વીચાર ધરાવોછો ? તે કરતાં હું આજ દસ વરસ થયાં એવેજ ઘર ચાક રી કરૂંછું તેમાં જે મેં અનુભવ મેલવોઓછે ને તમા રેથી ઊલટોજછે. દુખ, દલગીરી, પાપ, એ જેમ આપણી જુંપડીમાં ધસેછે, તેમજ મોટાંઓનાં મેહલમાં બી જઈ નાસ કરેછે.

પણ બાઈ કાંહાં "ગાંગાશાહ ને કાંહાં ગાંગા ને લી." તેઓની પાસે પઈસોછે તેથી "જર ને ચાહે શો કર." તેઓ કાંઈ આપણી પેઠે દુખ આવેથી હા

થ જોડી બેસી રેહનારછે? તેઓતો હજારો ખરચી
દુખનું નીવારન કરે; બેહન એતો દીલને દીલાસોછે કે
ગરીબા વાલી ખોદા. મારો ખાવંદ જીવતો હતેતો
બેહન મને એટલું નહી લાગતે. લેવો મોટાં ઘરનાં
મેહરબાઈ આવેઆં હતાં તેવન એક નાંનો કંડીઓ ભેટ
કરી ગયાં. ચાલો આપણું દલદર તલીઊં.

ખરૂંછે નાંનીબેહન તમારૂં દુખ કાંઈ ઓછું નથી.
તમે ગુજરી ગયલા ખાવંદનો વીલાપ કરોછો, અને હું મા
રા હયાત ખાવંદને માટે બલી ભશમ થાઊંછું. તેનાં છા
કટપણાથી હું લાચાર થઇ ગઈછ, પણ તેબી નીભાવી ચા
લુંછ. સારા સવભાવનાંનેતો સઊ કોઇ નીભાવે, પણ
એવાઓને નીભાવવામાં ખરેખર મોટાં દીલની જરૂર
છે, અને મોટું દીલ કરવાને માટે બંદેગીની મોટી જ
રૂરીઆતછે, એવું હું બેશક માંનુંછ. બેહન નાંની તને
મારી કાંઈબી મદદ જોઈતી હોયતો બેલાશક ફરમાવ,
આપણ એક મેકને શહાય થવાની ભારે અગતછે. છો
કરાંઓ મેલાં દીશેછે અને તારી તંનદરોસતી સારી
નથી, તેથી લાવ બેહન એક ઘડીમાં આંગ સાફ કરી
કપડાં પેહડાંઊ. એમ કહી દીનબાઈ પેલાં છોકરાં
ઓને લેઈ જઈ કુવામાંથી તાજું પાંણી કાહાડી (છો
કરાંઓને થંડા પાંણીથી નાહાવાની આદત રાખી હ
તી, કેમકે ગરમ પાંણી વાપરતાં લાકડાંનો ભારે ખર
ચ બેશે) આંગ સાફ કરી એક પછે એકને નહવાડી ક
પડાં પેહરાવીઆં.

એટલામાં ઓખલી પડેલી નાંનીબાઇ પેલો નાં
નો કંડીઓ જે મેહરબાઈ ભેટ કરી ગયાં હતાં તે જો
વાને ગઇ. ઊંગાડી જોતાંજ તે લજવાઈ ગઈ અને
તરત તેમાંથી શાકર, સાબુચોખા, અને ચાહેનાં પરી
કાં કાહાડીઆં, અને તેની નીચેથી ફલાંનીલનાં છોક
રાંઓનાં બંદીઆન થાએ એટલો એક મોટો કટકો, અ
ને ઓઢવાને માટે વપરાએલી પણ ગરમ શાલ કાહા
ડી, અને એક કાગજનાં પડીકામાંથી રોકડા દસ રૂ
પીઆ મલી આવીઆ.

નાંશીપાસ થએલી નાનીબાઈ આ મેહરબાઈની
સખાવત જોઈ દીલમાં લજવાઈ ગઈ. અને પોતાનાં મ
ન સાથે બોલી કે, અરે ખોદા આવી ભલી સીને મેં
કેવા અણઘટતા સખુન ઓચરીઆ. એવા વીચારમાં
બેઠીછે, એટલામાં દીનબાઈ છોકરાંઓને નહવાડી સાફ
કપડાં પેહરાવી આવીને નાંનીબાઈની પાસે બેઠી.

નાંનીબાઈ બોલી બેહન દીન, મેહરબાઇ અવા
ર નવાર મારાં ગરીબ કુટંબની ભેટ લેએછે, અને આ
જે આ કંડીઓ જે હું પેહલે ખાલી સમજી હતી તે
આ પુર બખશેશથી ભરેલો નીકલીઓ. હું કેવી
ભુંડી કે આવી નેક ઓરતને વાસતે મેં છેકજ હલકો
વીચાર રાખીઓ, અરે! હું કેવી પાપી ઠડી? હું શું
કરૂં, મારી નાચાર હાલતથી હું કંતારી જાઊછું, અને
પછે બેસબર થઈ જે ભમતા વીચારો આવેછે તે બકુંછું.

કાંઈ નહી નાંનીબેહન મોડે ઈઆ વેહલે પો
તાની ભુલ જોવી એ ઇનસાનીઅતપણુંછે. હવે તા
રી નજરમાં મેહરબાઈ એક ખરીજ મેહેરવાલી સ્ત્રી
થડી, તે જોઇ હું ખુશીછું. સંધા તવંગરો એકસર
ખાં હોતાં નથી, તેઓમાંથી ઘણાંએક એવાંબી મલી
આવશે કે જેવો દુખી અને ગરીબોનાં ખરાં પરવર
શી કરનારાંછે.

આવી વાત થાયછે એટલામાં મેહરબાઇને ઘર
નાં મીઠાં દોશાં એક બે પેહરવા લાયક જુની સપાટો
લેઈને આયાં. નાંનીબાઇને છાતીનું દરદ થયેલું
અને તેમાં ઊંઘાડે પગે પાંની છાંનીમાં ફરતાં જોઈ
મેહરબાઇને મેહેર આવવાથી ઘર જઇને આ સપાટો
મોકલી આપી હતી.

મીઠાં દોસાં બોલીઆં, માંએ મારી શેઠાંણી બી
ચારી મોહરે ઘરનાં મેહરબાઈને નાંમે ઓલખાએછે,
પણ જે સુખ ગરીબોની જુપડીમાં રેહેછે તે સુખ હમા
રા શેઠનાં બગીચામાં નથી મલતું. કોણ એમ કેહે કે
આટલી દોલત અને જાહોજલાલી સાથે મેહરબાઈ સુ
ખી નથી? પણ બેહન તેમજછે. એ બીચારીને સારી
ભુખ નથી, અને રાતનાં બરાબર નીંદ નથી.

હમારા શેઠ પેહલ વેહલી હારણે મેહરબાઈ ઊ
પર ફુલ ગુંદતા અને જોઇતી ચીજો હાજર કરતા.
પછવાડેથી એવનનાં દીલમાં એવો વીચાર આવેઓ
કે મારી આવી મોટી દોલત સાથે મને એક ફરજંદ
નહી અને દોલતનો કોઇ વારેસ નહી, તેથી મેહર ઊ
પરથી દીલ ઊઠતું ગયું, અને રાત દીન તેને તાંણાં
મારવા લાગા, અને એકવાર એવો વીચાર જાણાવી
ઓ કે મને કોઈ વારેસ નહી હશેતો મારૂં સંધું મા
રા———નાં સગાનાં હાથમાં આપી જતસ. આ સ
આનો કેટલાંક સંસારી કારણોથી મેહેર ઊપર એવો
તો કરોધછે કે જો મેહરને તેને આધારે રેહવું પડેતો

ખાવાના પણ વાખા પડે, તેથી બીચારી તેવા અંદેશામાં તવાતી જાયછે, અને સંધી એશ આરાંમને તરક કરી બેઠીછે. જાતી સવભાવ ઘણો સારો અને કોઈ બીબીજાયાનું ફરજંનછે, તેથી હમારા શેઠ જેવા ઘરમાં આવીઆ કે પોતાનું સરવે વીસારી મુકી તેવનની ખીદમત એવીતો બજાવેછે, કે સતર ચાકરો એવી સંભાલથી શેઠને ખુશી કરી સકે નહી. વલી શેઠ ઊપર મારાં બાઈ એટલાંતો ફીદાછે કે તેવનને જરા બેચેની હોયતો ધુંજવા પડી જાય, અને જાંહાંસુધી આરાંમ થાય તાંહાંસુધી ભુખ ને ઊગ ઊડારી મુકી જાથુક તેવનની જોડે બેસી રેહી ગાહવજત કરે.

ગરીબ અને કંગાલ તથા દુખીઓનીતો તે ખરી માતાજછે. કોઇબી ગરીબ તથા લાચાર કુટંબની આપણે વાત કીધી હોયતો શેઠ ઘરમાં નહી હોય તેવી વખતે તેને બોલાવી મંગાવીં વાતચીતમાં પોતાની ખાતરી કરી લેએ, અને બીજાંઓથી બાહારોબાહર તેની હાલત વીશે તલાસ કરાવે, અને પોતાની ખાતરી કરી, જોઈતી કરતી મદદ કરવાને જરાએ ચુકે નહી. સવારનાં હમેશાં બરી બાંમદાદે ઊઠી, નાહીધોઈ, પોતાનો એક જુદો ઓરડોછે તે બંધ કરી નીતરોજ બંદેગી કીધા વગર બાહેર નીકલે નહી. આવી ભગતીવાલી નેક અને દોલતવન બાઇનેબી દુખછે, તેથી બેહન આપણં ગરીબોને દીલાશો મલેછે કે આપણેજ એખલાં દુખી નથી.

દીનબાઈ બોલી જો નાનીબાઇ, મારૂં કેહવું ખરૂં પડીઊં; કે મેહરબાઈ તવંગર છતાં તેબી સુખી નથી, અને ખોદાની પીરોજગરીથી તારી પાસે જે પાંચ જહવેરછે, તેવું એક જહવેર તેની પાસે નથી, અને રાત દીન તેની અફશોશમાંછે. હુંતો એટલુંજ સમજુચ કે જેબી હાલતમાં હોઇએ તેમાં સબુરી રાખી રેહવું, અને જે બખશેશનો કરનાર શાહેબછે તેની નીતરોજ ઇઆદ કરવી.

નાંનીબાઈ બોલી, ખરેખર બેહન દીન તારો સંધો એતેકાદ દીન ઊપરછે તેથીજ તું આવી શબુરીવાલી થઈ હશે, અમે મેહરબાઇનાં દીલમાં ગરીબોને વાસતે જે મેહરછે તેનો બદલો આકેબત તેને મલશેજ.

આ વાતને કેટલાંક વરસ વહી ગયાં, મેહરબાઈને તાંહાંએક બેટાનો જનમ થયો, તેની ઊમેદ બર આવી, તેનાં ધણીનો પેઆર આગલ મુવાફેક વધતો ગયો, અને આ ખુશાલીમાં ગરીબ તથા દુખીઓ વીશેની મેહર, મેહરનાં દીલમાંથી ઓછી થઈ નહી હતી. દીનબાઇનો વર આખેરે છાકટપણાંમાંથી આ ભલી સ્ત્રીની કોશેશથી નીકલેઓ, અને આબરૂ દરકારથી પોતાનો ધંધો કરી આજ પોતાનાં ગરીબ કુટંબનુ પોશણ કરેછે. નાનીબાઇએ સબુરી રાખી પોતાનાં ગરીબ કુટંબનું બની શકીઊં તેવી રીતે મેહનત કરી કાંમ ચલાવીઊં, અને આજે તેનો વડો છોકરો એક સારા હોનરમાં માહીતગારી ધરાવવાથી રૂપીઆ સોથી દોડસો કમાએછે, અને પોતાની માતા તથા ભાઈબેનોને સારી હાલતમાં રાખેછે.

## સુખડ તથા તેની ઊતપંતી.

બાઇઓ હરદમ તહમારા આતસના કેબલાપર તહમે સુખડ મેલોછો તેનો કોઇ દીને તહમે વીચાર કીધોછે? સુખડના ઝાડ ઊગેછે ઈયા તે જમીનમાંથી મલે છે તે વીશે તહમે કોઇને પુછીયુંછે? સુખડ માતર પુરૂથવીની એકજ નહી પણ તરેહવાર કોમો કાંઈક પુરાતમ જમાનાથી પોતાની ધરમની કીરીયાઓમાં વાપડેછે. હીંદુઓ તથા બુધ ધરમ પાલનારાઓ તથા ચીનાઓ તથા પારસીઓમાં સુખડ બાલવાનો રેવાજ મુખીઅ કરીને ચાલુછે. સુખડમાં જે ખુશનુમાં લપટ લેલાયલીછે તેથી કરીને એ લાંકડાને ધરમનાં કામમાં વાપડેઆમાં આવતું હશે એવું અનુંમાન આપણથી કરાઇ શકાયછે.

સુખડના ઝાડ વરના ઝાડ સરીખાં મોટાં આવેછે. તેના પાંતરાં લીમરાનાં પાતરાં સરીખાં હોયછે પણ તેમાં લીલાસ કરતાં સપેદાઇ વધારે દીઠામાં આવે છે. તેની ઊપર એક જાતના જાંબુડીયા રંગનાં ફલ થાયછે જે રાતાં કરમડાંને મલતાં આવેછે. સુખડનાં પાતરામાં ઈયા તેના ફલમાં મુતલગ ખુશબો હોતી નથી. જે સુખડ આપણે વાપડીએ છઇયે તે માતર એ ઝાડનું ઠર છે, એ ઠરની આસપાસનું લાકડું ઘણું ખુશબોદાર હોતું નથી. જેમ ઝાડ ઘરડું થાયછે તેમ તેનું ઠર દલદાર અને ખુશબોદાર હોયછે, અને તેથી કરી સુખડનાં કુમલાં ઝાડ કાપેઆમાં આવતાં નથી. એ ઝાડનાં પુરૂથવીમાં ઘણેક ઠેકાને મોટાં મોટાં જંગલો હોયછે અને અગણીત સુખડના ઝાડો કુદરતે આપણે માટે રોપેઆંછે.

પાહાડી જગાઓમાં સુખડ વધારે સારૂં નીકલી શકેછે, અને ભીણી જગેઆઓમાં સુખડની લપટ બરાબર ખીલી શકતી નથી.


નીઉજીલાંડ તથા સેનડવીચના ટાપુઓમાં તથા હીંદુસતાનની પશ્ચમ તરફનાં મુલકોમાં સરવેથી ઊતમ સુખડ ઊતપન થાયછે. બીજી હલકી જાતનું સુખડ માઈસોર તથા કનેરાનતથા મલબાર તરફ પુશકલ મલી આવેછે. સુખડના જંગલો સરકાર લોકોને વેચેછે જેમાંથી તેઓને મનભાવતું સુખડ કાહાડવાની રજા હોયછે. કેટલાએક એશીઆખંડના રેહેવાશીઓ એવો વીચાર ધરાવેછે કે પુનમ પછી સુખડનું ઝાડ કાપવું નહી. સુખડનું ઠર કાપેઆ બાદ તેને બે માશ શુધી સુકી જમીનમાં ડાતી મેલેછે. એથી કરી સફેદ કીડીઓ આસપાસનું લાકડું ખાઈ વચમાનો માવો મેલી જાયછે. જેમ એ માવાનો રંગ રાતો અને જહલેદાર તેમ તેની લપટ વધારે હોયછે; સઊથી સરસ સુખડનો ખપ ચીન દેશમાં વધારેછે. મલબારના લોકો સુખડને ચંદન કોયા કરી કેહેછે. છેલલી સદીની અધવચમાં સઘલું સુખડ ઇસ્ટ ઈંડીસથી મલતું હતું, પણ કપતાન કુકની શોધથી ઘણાએક હીંમતવાન વેપારીઓ એ ઝાડની શોધમાં પસીફીક માહાસાગરમાં આવેલાં ટાપુઓમાં ગયા. પણ તે તરફના જંગલી લોકો સાથે એમને ભારે જઘડો થયો, પણ અંતે એ હીંમતવાન વેપારીઓ ફતેહ પામેઆ. ૧૮૧૬ ના શાલમાં ચીન દેશ ખાતે એટલુ તો સુખડ ચહડવા લાગું કે યુરપ દેશમાં તેની ઘણી અછત થઈ ગઈ. ૧૮૧૦ માં હવાઈ નામનાં દેશમાં સુખડના વેપારથી એક વરસમાં ૪ લાખ ડાલર ઇયાને ૧૦ લાખ રૂપીઆનો નફો થયો હતો. એ ઊપરથી તે દેશના રાજાએ ચીન દેશ તરફ પોતાને ખરચે એક મોટું વાહાણ સુખડ ભરી મોકલીયું, પણ વાંહાણના આદમીઓની લુચાઇને લીધે સામબી રાજાને ખોટ ભરવી પડી હતી. ૧૮૨૦ માં એજ જગોએથી ૮૦ હજાર ડાલર જોગ સુખડ ચીન ખાતે મોકલેઆમાં આવેઊં હતું. સુખડનો એ રીતે બોહોલો ખપ હોવાથી તેની પુશકલ તાણ પડવા લાગી, અને એક બીજું ઝાડ શોધી કાહાડેઆમાં આવેઊં, પણ તેની ખુશબો ઘણીજ ઊતરતી માલમ પડી.

૧૮૨૯ ના નવેમબર માસમાં એક વાંહાણ એવી ખબર લાવીઉં કે દક્ષીણ પસીફીક માહાસાગરના એક ટાપુમાં સુખડના પુશકલ ઝાડોછે. આ ઊપરથી 'ઓઆહુ' દેશના 'બોકી' નામના ગવરનરે એ લુમકો લુટવાની પેરવી કીધી. તેણે બે મનવારો સુખડની શોધમાં મોકલી, સઊ પોતાનું નસીબ અજમાવવા મનવારપર ચહડેઆ, અને સુખડના વેપારથી ગજાં તાજાં કરવાનો સરવેને લોભ લાગો. બેહુ મનવારો વાટમાં એક એકથી છુટી પડી ગઇ, અને એક જાહરે 'ઈરોમેનગો' નામનાં ટાપુનું બંદર કીધું તાહારે બીજી મનવારની મુતલગ ગત નસલ માલમ પડી નહી. 'ઈરોમેનગો' નાં રેહેવાસીઓ સાથે લડાઈ કીધા બાદ જાહરે કાંઈ વલીયું નહીં તાહારે મનવારે પાછી પીક ફેરવી, પણ રસતામાં ખોરાક અને પાંણી ઘટી જવાથી મનવારમાં મરકી ફેલાવા લાગી, અને ૨૨૯ પુરૂશોમાંથી માતર ૨૯ જણા પોતાને વતન સહી સલામત પુગાં. આવી રીતે સુખડની શોધમાં જાન માલની પાએમાલી થઈ આ બનાવ બનેઆ છતાં કેટલાએક યુરોપીઅનોએ 'ઈરોમેનગો' પર ધસારો કીધો હતો, પણ જાલમ જંગલીઓની આગલ તેઓએ માર ખાઇ પીઠ ફેરવી હતી. પણ અંતે કોશેશ જારી રાખેઆથી તેઓ ફતેહ પામેઆ હતા. આ નીરદય યુરોપીઅનોએ 'ઈરોમેનગોના' જંગલી લોકોના ઝુપડાં સલગાવી તેઓને આતશની ચેહમાં બાલી નાખી સુખડ મેલવવાનો પોતાનો હવસ પુરો પાડેઓ હતો. જલજો તેઓના પઇસા ! હજુ પણ સુખડના વેપારીઓ જંગલીઓને ઠાર કરી પોતાનો પઈસો પેદા કરેછે. એક વેપારીએ સુખડ ચીન દેશ ખાતે ચહડાવેઊં હતું તેને એકજ સપાટામાં ૧૧૮૨૦ રૂપીયા મલેઆ હતા.

સુખડનો તરેહવાર ઊપીયોગ કરવામાં આવેછે. આગલી રાતના કરતુક પાછલી રાતે માફ કરાવવા માટે ઘણીએક કોમો વેહેમ ભરેલી રીતે સુખડ બાલી ઈશવરને સંતોકછે, સુખડપર ચીતરો કોતરી તે ઊપરથી કાગલપર લેવામાં આવેછે. એવું કેહેછે કે એક સુખડના સંગીન કકડાપરથી ૨૦૦૦૦ તસવીરો સેહેલથી લેવાઈ શકાયછે. એ વતરોગે સુખડની લાકડીઓ તથા પેટીઓ તથા વરકીંગ બાકસો તથા બીજા તરેહવાર મનોરંજક સામન બનાવેઆમાં આવેછે. સુખડને ઘસી હીંદુ લોકો માથે ચાનલો કરેછે, તથા આપણા બચાંઓના હાથમાં તેના આંગલીઆં આપવામાં આવે

છે જે ઘણા ફાયદાકારક ગણાયછે. સુખડમાંથી વલી એક જાતનું સુગંધી તેલ કાહાડવામાં આવેછે જે આ પણ કેટલાંએક દરદોપર ફાયદાથી વાપરી શકીએ છઈએ. સુખડના ઝાડપરથી એક કવેસર આપણને નશીઅત કરેછે કે "હે આદમ સુખડના માથાંપર જેમ કોહાડી પડેછે તેમ તે પોતાનું માથું નમાવી પોતાના મારનારને ઊલટું ખુશબોદાર લપટથી ખુશ કરેછે, તેમ તું પણ તાહારા દુશમનને માફ કર—જેઓ તાહારૂં બુરૂં કરે તેઓને તું સારો બદલો આપ; જેઓ તુંને દુખ દીએ તેઓને તું સુખ કર, અને જે હાથ તુંને જખે કરવા ઊંચકઓ હોય તે હાથને તું બોસાથી ભર."

## નેપલસ તથા હીંદુસતાંનનાં ગરક ગયલાં શેહરો.



વખત, ભાંતભાંતનાં ધંધા ચલાવેછે: તે બાંધનાર તેમજ તોડી પાડી તારાજ કરનારછે; તે સફાઈ આપનાર તેમજ કાટ ખવાડી ખાઈ નાંખનારછે; તે નવી કબર અને ઘોરો બાંધેછે અને જુની કબરોને આપણી નજર સામે ખોલી કરી મુકેછે. વખત, બેશક મોટો ધંધાદારીછે; તેની એક દાહાડાની ઊથલ પાથલ તપાસવા જઈએતો કાંઈ જમાનાં ગુજરી જાએ.

ઈજીપટ, બાબીલન, નીનેવેહ, એથનસ, હરકીઊલેનીઅમ, અને પામપીઆઈ એ શેહરોની મલી આવેલી ચીજોનું હલનું સંગરસથાંન આપણને હજારો કેફીઅતથી વાકેફ કરેછે. તેમાં આ છેલાં બે શેહરો, હરકીઊલેનીઅમ અને પાંમપીઆઈ જે એકવાર દુનીઆની સપાતી ઊપરથી તદન ગરક ગીઆં હતાં, અને જે આજે ખણી કાહાડી ગોએઆ હજારો વરસની ઢાંકી રાખેલી તવારીખ આપણી નજર સાંબે ધરીછે તે ઊપરથી અસલી રોમન લોક કેહવા હતા અને તેવોની રીત ભાંત કેવી હતી તે શેહલાઈથી કહી શકાએછે. જો એ શેહરો ગરક જવાને બદલે ઊભાં હતે અને તારાજ થએલાં આપણી નજરે પડતેતો આજે તેને વીશે જેટલું અટકલી શકીએ છઈએ તેટલું પણ માલમ પડતે નહી. આજે વીજલી માતાનાં પુનથી પુરવ તરફનાં લોક પશચીમ વાલાઓ સાથે વાત કરેછે, પણ ધરતીકપ માતાનાં પુનથી પુરાતમ જમાંનો આ જમાનાને સરવે ગુજરી ગએલી સાબેતી આપેછે.

ઈટાલીમાં નેપલસનું રાજછે તેનેથી પાંમપીઆઈ તેર માઈલની વેગલાઈએ હતું, અને વીસુવીઅસ નાંમનાં બળતા પાહાડની બરાબર તલીએ આવીઊં હતું. ઈસવી સનના ૬૩ માં વરસે ધરતીકપથી આ શેહરને ભારે નુકશાંન થયું, અને તારપછે પંદર વરસે બળતો વીસુવીઅસ પરવત ફાટાથી એ શેહર તથા હરકીઊલેનીઅમ તદંન ગરક ગયાં હતાં વરસો વહી ગયાં, લોકો આ ગરક ગયલાં શેહરોને ભુલી ગયાં. જાંહાં એકવાર નામીચી ઈમારતો ઊભી હતી તાંહાં સપાત જમીન થઈ ગઈ, અને તેની ઊપર ગાંસ ઊગવા લાગું. હજારો ઈનસાંનો આ મેદાંન ઊપરથી ચાલી જતાં, પણ તેઓને કદી પણ આવો વીચાર આવીઓ નહી કે એક વખત આ જગા મોટી જાહોજલાલીનું મથક હતું, પણ ને આજે નીચે ડટાઈ ગએલુંછે. સોલ્લેશો વરસ પછેં કાંઈએક અકસમાતથી કુવો ખોડતાં આ ગરક ગયલાં શેહરની પેહેલી ઈધાંની મલી. વીદવાંનો તથા બીજાઓએ તપાસ ચાલુ રાખી અને જમીન ખોડતા ગયા. જેમ જેમ તેઓ ખોડતા તેમ તેમ એક એકથી સરસ ઈમારતો, કીલ્લાની ભીતો, હમાંમખાના, ઈનસાફની અદાલત, બંદીખાનાં, ભક્તી કરવાનાં દેહરાં ઈતીઆદી તેઓની નજરે પડવા લાગાં.

આજે શુધરેલાં દેશો પોતાનાં રસતા નવી રીતે બાંધેછે અને તેને આ જમાંનાની શોધ કેહેછે, તે પાંમપીઆઈમાં દીઠામાં આવેછે. વલી કેટલીએક ચીજો જે આ જમાંનાંની શોધ કેહવાયછે, તે આબેહુબ અને જુદા આકારમાં આ અઢારસો વરસની વા–

રક ગયલાં શેહેરમાં દીઠામાં આવેછે. કાચ જે હાલની શોધ ગણાયછે, કાચ બનાવાનાં નવાં ઈઅનતરો, લોખંડનાં તરાજુ, મોહડું જોવાનાં આએનાં, હસાબ ગણવાનાં ઈઅંતરો, એ સંધાં, આ અઢારસો વરસ આગલનાં જમાંનામાં વપરાતાં હતાં એવું સાબેત થાયછે. નાટકશાલા, રમત તથા ગમત કરવાનાં ચોક, બાગ બગીચા તથા જાહેર તથા ખાંનગી ખાણાંને માંટે સીનગારેલી ઈમારતો આજે દીઠામાં આવેછે.

જેવારે એ શેહર એકદમ ગરક ગયું તેવારે હજારો માંણસોનો નાસ થયલો લાગેછે. કોઈ, ઘરમાંથી બાહેર નાહસતાંજ પડી મરણ પાંમેલો, કોઇ પોતાની દુકાંનમાંજ બેઠેલો, અને બીજાઓ તરેહવાર રીતે મરાણ પાંમેલા. તે આજની ઘડી સુધી ખાખ થઈ પડેલાં માલમ પડીઆછે. એવી આફતોથી કેટલાંક બીજાં શેહરો દુબી ગયાં હશે અને તેની જગા ઊપર બીજાં કેટલાં નીકલી આવીઆ હશે તેનો આપણને કાંઈજ વીચાર આવતો નથી.

હીંદુસતાંનમાં શીંધ તરફ એક ગાંમ ગરક ગયેલું માલમ પડીઊંછે, અને તે ખોદતાં કેટલાક શીકા મલી આવેઆછે, જે ઊપરથી માલમ પડેછે કે એ શેહર આઠમી સદીમાં આરબોએ શીંધ લીધું તારપછે થોડુંએકેજ ગરક ગયુ હશે અને બરામણાંબાદ કરી નાંમથી ઓલખેછે. અને એ દુબી ગયલાં શેહરને શોધી કાહડવાનું માંન હેદરાબાદના કલેક્ટર મીસ્ટર બેલાશીશને ઘટેછે એ શખસે પોતાને ખરચે કેટલોક ભાગ ખોદી કહાવીઓ, અને તેમાંથી જે અસલી ચીજો મલી આવી તે કરનલ શાઈકસ ઊપર ઈંગલંડ મોકલાવી, જે ઈંડીઆ હાઊસમાં નવાઈ તરીકે રાખેલીછે. કરનલ શાઈકસ કેહેછે કે એ શેહર ધરતીકપથી એકેદમ ગરક ગયું હશે, કેમકે ઘણાંખરાં માંણસનાં હાડકાંનાં પાજરાં, ઘરનાં ઊંબર આગલ મલી આવેછે, તેથી એવું વીચારવાને બનેછે કે તેઓ આ સપાટામાંથી નાસવા જતાં તરત સપડાઈ ગયાં હતાં. કેટલાંક ઘરનાં ખુણામાં ભરાઈ બેઠેલાં માલુમ પડેછે.

જે ઘરો ખોલાં કરાં જાયછે તેમાંથી ઘરસંસારી તેમજ ધંધાને લગતો સામન મલી આવેછે. અકીકનાં રમકડાં તથા તેનાં કકડા, લોખંડની ઊપજાતુ વગેરે તરેહવાર ચીજો મલી આવીછે. એ ઊપરથી તાંહાં લોકોની આવક હતી, અને એ શેહર શીંધુ નદીની એક શાખા ઊપર હતું, અને તે ગરક ગયાના સબબથી તે શાખા શુકાઈ ગયેલી એવું વીચારેછે.

કરનલ શાઈકશ કેહેછે કે એ માઠા બનાવની અસર ફકત શીંધ તરફજ થઈ હોય એટલુંજ નથી, પણ એવું ધારવામાં આવેછે કે ગુજરાત તરફ પણ એટલાજ અરસામાં ધરતીકંપે ખરાબી કીધેલી લાગેછે. સાતમી સદીમાં એક વખાણાંએલો ચીનો આ ગુજરાત પરાંતતરફ મુસાફરી કરી ગીઓછે, અને કેટલાંક શેહરોને વાસતે બોલી ગયોછે તે આબાદ શેહરો વીશે તવારીખમાં એક બોલખી આજે માલમ પડતો નથી, અને તે શેહરો પણ ગુજરાતમાં દીઠામાં આવતાં નથી. કાઠીયાવાડ અને કછની વચે જે રંણ નાંમનું રેતીનું જંગલ લાગેલુછે તે પણ એજ ધરતીકપથી પેદા થએલું હશે એવુ ધારેછે.

એ શેહરમાંથી જુદાં જુદાં રંગના તથા તે ઊપર તરેહ પાડેલા કાચ તથા કાચનાં વાસણો હાથ લાગાંછે. એ ઊપરથી વીચારી શકાએછે કે આજે કાચકામને વાસતે આપણે ઈંગલંડ ઊપર આધાર રાખીએ છઇએ તે તે વખતમાં આપણાં દેશમાં અથવા તેની નજદીકમાં બનાવવામાં આવતું હશે. એ વગરે એ શેહરમાંથી અકીક, શંગેમરમર તથા હાથીદાંતની ચીજો તેમાં શેતરંજ રમવાનાં મોહરાં વટીક મલી આવેઆંછે.

બળતો વીસુવીઅસ પરંવત જે ઈટાલીમાંછે અને જેનાં એક ભાગનું ચીતર મથાલે આપીઊંછે તેની ઊંચાઈ સરવે જગાએથી એકસરખી નથી પણ ઘણીજ ઓછી વધતીછે, અને જે વખતે તે ફાટેછે તે વખતે વલી તેનું રૂપ તેમજ ઊંચાઈ બદલાઈ જાયછે. ઈ૦ સ૦ ૧૮૨૨ માં એ પાહાડ ફાટો હતો તેથી તેની ઊંચાઇમાં ૮૦૦ ફુટનો ફેર પડી ગયો હતો. ઈ૦ સ૦ ૧૮૫૫ માં એ પાહાડ ઘણાંજ જોરથી ફાટો હતો અને તેની અંદરથી બલતો રસ જે નીકલતો તેથી ગોએ આ આસપાસ નજદીક દસ માઈલ સુધી એક રેલ ચાલુ થઈ હતી. અને છેક દરીઆને જઈ મલી હતી. એ પરમાંણે તરણ અઠવાડીઆં લાગનાગ ચાલીઆ કીધું અને આસપાસનાં ગામ, ખેતરો, ઘર, પુલ ઈતીઆદીનો નાસ કરી નાખીઓ હતો.

જેવારે આ પરવતનાં ફાટાથી પાંમપીઆઈ ગરક ગયું તેવારે એનાં મોહાડાંમાથી નજદીક ૮૧ રતલનાં પથરો ઊડી નીકલેઆ હતા એવું હાલ સાબેત થા

ચછે. એટલા ખલકે એનાં કોઈબી હીસાનાં પથરોનો જાંહાં વરસાદ ચોતરફ વરસી રેહ તાંહાં કીયું શેહર સલામત રેહી શકે?

---

## એક ઠગ સરદારની ઠગાબાજી.

હીંદુસતાનમાં ઈંગરેજોનો કાબુ ચાલુ થયો તે વખતમાં ગરીબ રઈયતપર પીંડારા તથા વટેમારગુઓનો ઘણોજ જબરદસત દોર ચાલતો હતો. ઠગ નામના પીંડારાઓ ગરીબ રાહાદારીઓને તરેહવાર ફરેબથી તેઓના ગલાંમાં ફાંસી દઇ મારી નાખતા હતા. ઈંગરેજ સરકારે આ ફાંસીગરોને જડમેખથી કાહાડી નાખવાના હેતુથી બહુ પઇસો ખરચેઓછે તથા હજારો સીપાઈઓના જાન બરબાદ કરાવેઆછે કલકતાનો એક લશકરી અમલદાર ઠગો વીશે નીચે પરમાણે પોતાની હકીકત આપેછે.

"૧૮ વરસની કુંમલી વએ હું ઈંગલાંડથી હીંદુસતાનની લશકરી ચાકરીમાં આવેઓ હતો. હીંદુસતાનમાં હું ૫૫) વરસની ઊમરે પોહોચેઓ તાંહાંશુધી રહયો અને તેથી કરી હીંદુસતાનના દેશીઓની ભાષા તથા રેવાજથી હું પુર વાકેફગાર હતો. સરકારના હોકમથી હું ઠગ લોકોનો દસત નરમ પાડવા માટે ગંગા નદીના કીનારાં આગલ ગયો જાંહાં ઠગ લોકોનો પુશકલ પગદંડો હતો. માહારા લશકરની મદદથી હજારો ઠગોને મેં તેઓને કરતુકે પોંહોચાડેઆ; તેઓના ઘરબાર મેં જમીનદોસત કરી મેલીઆં, અને તેઓની કાલી નામની દેવીના મેં સેંકડો કટકા કરી નાખેઆ. એ ઊપરથી ઠગ લોકોનો રનજીટ નામે સરદારનો માહારી ઊપર ખુબ દાંત હતો. પણ હું રનજીટના ઈંયા રનજીટ માહારા સપાટામાં કોઈ દાહાડે આવેઓ ન હતો. એક દીવસે બપોરના હું માહારા તંબુમાં બેઠો હતો, તેવામાં માહારા ખીદમતગારે મહને કહેઊં કે કોઈ મુસલમીન માહારી સાથે વાતચીત કરવા માંગેછે. હું બાહાર આવેઓ અને મેં એક કદાવર મુસલમાનને માહારી હજુરમાં ઊભેલો દીઠો. મહને નમીને સલામ કરીને તે મુસલમાન બોલીઓ કે "સાહેબ એક ફરમાસછે તે જો કબુલ કરોતો નોકરપર ભારે હેશાન થશે. ઠગ લોકોએ માહારાં આખાં કુટબની પાએમાલી કરી નાખીછે, અને તેઓની શધલી વાતોથી હું માહેતગાર છું, તેથી મહને જો તહમારા જાસુસ દાખલ રાખોતો હું હજારો ઠગોને તહમારી જાલમાં સપડાવી આપસ, અને તેથી કરી માહારાં દીલનો પણ દાઘ મટશે.' આ માણસપર મહને મુતલગ ઈતબાર આવેઓ નહી, પણ પાછું માહારૂં મન ધચુપચુ થયું અને મેં તેને બીજે દીને જવાબ આપવાને કબુલ કીધું. જતી વખતે તે મુછમાં હસેઓ પણ મેં તેની મુતલક દરકાર કીધી નહી. બીજે દીવસે તે પાછો માહારી પાસે આવેઓ, અને "જે આપસે આગે તે આને દેઓ" એવા વીચારથી મેં તેને માહારી ચાકરીમાં રાખેઓ. એ મુસલમાનનું નામ અલી હતું. અલી ઊપર હું ઘણીજ ચોકસાઈ રાખતો હતો કારણ કે મહને તેની ઊપર ઘણોજ શખ હતો પણ માહારા બધા જાસુસો કરતાં અલી ઘણુંજ પાંકેઊં તથા મંનપતીજ કામ કરતો હતો. એક દીને જંગલમાં ઠગોનો દુંબાલો પકડવા મહને જવું પડેઊં. બપોરના સખત તાપથી માહારા ઘોડાને છોડી હું એક ઝાડના છાયા તલે વીસામો લેવા ઊતરેઓ. માહારા જાસુસો જંગલમાં ચોમેર બાજુએ ફરતા હતા થોડેવાર નહી થયો એટલામાં ઝાડનાં પાતરાંના ખખરાટથી હું ચોંકેઓ. ઊપર જોઊંછુંતો એક ઠગ રૂમાલનો ફાંસો માહારાં ગલામાં ફેંકવાની તજવીજ કરતો હતો.

"પણ હું કાંઈપણ ઊપાય લઊં તેની અગાઊ એક બંદુકની ગોલીએ પેલા ઠગનું બદન વીધીયું, અને તે મરઘાંની માફક તરફડતો માહારા પગ આગલ પડેઓ. કોણ ફરેસતાએ માહારો બચાવ કીધો તે હું પાછું ફરીને જોઊછું તો માહારો બાહાદુર અલી હાથમાં બંદુક લઈ માહારી આગલ દોડતો આવેઓ. અલીએ ટાંકીને ગોલી ફેંકી હતી તેથીજ હું ઠગના સપાટામાથી બચેઓ હતો. મેં અલીનો ઘણોજ આભાર માનેઓ, અને તે દાહાડેથી માહરો તેની ઊપર પુર વીસવાસ બેસી ગયો અને હું પસતાવા લાગો કે આવા એક નીમખહલાલી નોકરની ઇમાનદારીપર મેં પેહેલીવાર સખુન નાખેઓ હતો. અલી માહારૂં શધલું છુપું કામ કરતો હતો, અને તેની ચબરાકી ઊપર હું ઘણોજ મઘન હતો. થોડાએક દાહાડા વીતેયા બાદ એક દીવસે ખરે બપોરે ઘણીજ ગરમી પડવાનાં સબબથી મને બેચેની પેદા થઈ, તેથી થોડો વેહાતી તંબાકુ ચાવતો ચાવતો હું માહારાં તંબુમાં ઊંઘમાં પડે

ઓ. અલી સીવાય માહારા શઘલા નોકરો પોતાને કામે ગયા હતા. અલીપર માહારો પુર ઈતબાર હતો તેથી હું વગર ધાસતીએ તંબુમાં એખલો સુતો. એક ઘડી જયા બાદ હું તરત ચોંકીઓ કારણ કે માહારાં ગલાંમાં કોઈએ મજબુત રૂમાલ વડે ફાંસો નાખેઓ હતો. જોકે હું માહારાં લશકરનાં પેહેલવાનમાં ખપતો હતો, તોયપણ માહારીથી માહારો બચાવ થઈ શકેઓ નહી. ફાંસો માહારાં ગલામાં તંગ અને તંગ બેસવા લાગો અને હું મોહોતના પછાડા મારવા લાગો. ડોલા ઊપાડી જોઊંચતો માહારા વીસવાસુ જાસુસ અલીને મેં આ જબુન કામ કરતાં જોઓ. તરત એક વીજલીની માફક માહારા મનમાં ખેઆલ દોડેઓ કે અલી પણ મોરો ઠગ હતો, અને જે ઠગને તેણે બેજાન કીધો હતો તે માતર માહારો તેની ઊપર વધારે વીસવાસ બેસાડવાને માટે હતો. માહારૂં ગલું વધારે અને વધારે ચીપલાવા લાગું, પણ મહને કશો ઊપાય સુજ પડેઓ નહી. ઈશવરનું નામ ધરી ટાંકી ટાંકીને મેં માહારાં પુર જોરે માહારા મોહોમાની તંબાકુની પીચકારી અલીની આંખોમાં મારી, જેના ચચડાટથી અલીએ હાથ છોડી દીધા અને તે પોતાની આંખોને દાબી જમીનપર બુમ બરાડા મારવા લાગો. તરત માહારી પીસતોલે કરી અલીના પેટમાં મેં ગોલી મારી, અને એક થોડા વખતના આરસામાં અલી મુરદું થઈ પડેઓ. પીસતોલના અવાજથી માહારા બીજા નોકરો દોડતા આવેઆ, અને માહારો તલેસમતી છુટકારો થએલો જોઈ તેઓ માહારી ઊપર ઘણું પરીત કરવા લાગા. ખબર કાહાડતાં માલમ પડેઊં કે અલી તે ઠગ લોકોનો સરદાર રનજીત પોતે હતો, જે પોતાને હાથે માહારો જાન લેવા માંટે માહારી સાથે તરેહવાર ફરેબ રમેઓ હતો. રનજીતના મરવા પછી ઠગ લોકોનો મુખીઅ ભાગ નાબુદ થઈ ગયો હતો, અને જાંહાં લગી હું જીવીશ તાંહાંસુધી ઠગ લોકોની દગબાજી ભુલનાર નથી." આવી રીતે આ ઈંગરેજ સીપાહી પોતાની તવારીખ આપેછે. સંકટની વખતે મન ઈસથીર રાખવું એના સરખો બીજો અછો ગુણ એક નથી.

---

## પરણવાને માટે મરદે ઓરત કેમ અને કેવી પસંદ કરવી.

પરણવાનું કામ હમેસાં સેહેલ લાગેછે અને તે ઊપર જુવાન મરદો કાંઈ પણ વીચાર કરતા નથી; પણ ઓરત કેવી પસંદ કરવી તે બાબદ જેવી બીજી કોઈ પણ બાબદ અગતની નહી હશે. અજબ જેવું છે કે જે બાબદ ઊપર ઘણોજ ઘંભીર અને આતુર વીચાર કરવો જોઇયે, તે બાબદ હસવા અને મોજ મજાહ જેવી થઈ પડેછે.

જે મા બાપો બેવકુફીથી પોતાનાં બચાંને નાહાનપણથી પરણાવેછે, તેને માટે ઓરત કેવી પસંદ કરવી, એ બાબદ તદન ફોકટનીછે. બાલકપણામાં તે બચાંના મા બાપે તેને ખાંધે જુસરી જોડીછે, પછી તેનો ભાર ઊચકવાને સેહેલ પડે ઈયા મુશકેલ પડે તેની વાત તે મોહોટો થઇને શમજે; અને એવી વગર પસંદની જુસરીથી જે પાપ ઈયા સવાબ થાયે, તે મા બાપને સરછે.

પણ જે મરદ ભર જુવાનીમાં આવીયો હોયે તેને પરણવા આગલ સમજવુ જોઇયે; કે તેણે ઓરત કેવી પસંદ કરવી; અને જે પોતાની પસંદગીની જુસરીથી સુખ ઈયા દુઃખ થાયે તે પોતાને સરછે.

પરણવાનો વીચાર કરેઆ આગમચ દરએક જણે આ નીચે જણાવેલી તરણ બાબદ ઊપર ખુબ ધેયાન રાખવું જોઇયે અને તે નકી કરવું જોઇયે.

**૧. તમે ખચીતથી જાણોછો કે વફાદારીથી અને સુખ ચેનથી ગુજરાન ચલાવવાને તમે શકતીવાનછો?** એ સવાલ દરએક જણે પોતાને પુછવો જરૂરછે. આ દુનીયામાં માણસની ફરજછે કે તે પોતાની રોજીંદી રોટલી પેદા કરે; અને તે ફરજમાંથી કોઈ પણ વેગલો નથી. પછી ભીખારી લેવો, કે ભણેલો પંડીત, કીસબી ઈયા કારીગર, મુસાફર કે વેપારી, ઈયા સાહાજાદો પોતે, સઘલાને લગનનો ગાંઠ બાંધીયા આગમજ જાણવું જરૂરછે કે તેઓ ગુજરાન ચલાવી શકશે કે નહી. જાંહાં એ ફરજ ભુલવામાં આવેછે, જાંહાં ગુજરાન કરવાની પાસે શકતી નહી હોયે, તેની અગાઊ લગન કરવામાં આવેછે, તાંહાં તંગી, ગરીબાઈ, કંગાલીયત આવી પડેછે, અને આખરે છેલ્લી શીક્ષા એ મલેછે કે જુદાઇ કરવી પડેછે. જે શખસ એક [illegible] જીને તેનાં સુખનાં ઘર માહેથી કાહાડીને દુખ

અને કંગાલીયતનાં ઘરમાં લાવીને નાખેછે તે ખરેખર ઘાટકી ગણાયે, તેને પેઆરનો બોલ છાજેજ નહી. તે કાંઈ નથી પણ જુવાનીનું ઝનુન અને જોસનું ઊભાવવુંછે.

જો તમે પરણો, તો ખચીતછો કે ગુજરાન ચલાવી શકશો? તમારી ઓરતનું પાલણ કરી શકશો? તેને કંગાલીયત માહેથી બચાવ કરશો? તેને વાખા માહેથી છોડવશો? તેને માટે દરએક અગત જોગ અને વાજબી સુખ મેલવી શકશો? એવા સવાલો દરએક જણે પોતાનાં હઈયામાં પુછવા જોઈયે, અને જાંહાંસુધી તાંહાંથી હાનો જવાબ નહી આવે, તાંહાંસુધી જો તમે પરણવાને માટે એક પણ પગલું આગલ ભરો તો તમે પાપમાં ગીરફતાર થાવોછો, અને ખોદાનાં આશીરવાદ તમારા જોડાં ઊપર કદી પણ ઠરશે નહી.

૨. બીજું પરણવા આગમજ તમુને જાણવું જોઈયે કે દુનીયામાં તમારી પદવી અને અવસથા કેવી રેહેશે? અલબત તમુને ખબર નથી કે તમારા હાલ કેવા થશે. આ દુનીયામાં તરેહવાર ફેરફાર થાયેછે. એક હલકો ઊંચી પદવીએ ચહડેછે, અને ઊંચી પદવીવાલાનાં હાલ ઘણા બુરા થાયેછે. ગરીબ માતબર અને માતબરં ગરીબ થાયેછે. તોયપણ તમે જાણી શકશો, કે તમે, તમારે માટે દુનીયામાં કેવો રસતો કાપી કાહાડોછો, અને એટલા કારણ માટે તમે કદી પણ જલદીથી પરણવાનો વીચાર કરતાનાં; કાંયેકે એ ભુલ કીધાથી ઘણી વખતે લગનનો ગાંઠ બેહોરમતથી છુટો કરવો પડીયેછે. જો તમે તમારી પદવી અને અવસથા પરમાંણે લગન કરો, તો પછી જો નસીબ બખતાવર થયુ તો તમારી ઓરત પણ તે અવસથા પરમાંણે ચાલી શકશે, અથવા જો કમનસીબે કંગાલીયત આવી પડી તો તમુને કોઈ ઠપકો નહી આપશે કે તમે તમારી બાયડીને ચાકરડીનાં વહીતરામાં અને દુખમાં પાડી.

૩ જું. પરણવા આગમજ તમુને વીચાર કરવો કે તમુને ખરેખર પરણવાની ગરજછે? પરણવાનો ગાંઠ વાજબી અને મજબુત કારણ શીવાએ કદી પણ બાંધતાના. તમારા મનમાં આ સવાલો પુછવા જોઈયે. શું પરણીયાથી તમારો દુનીયામાં લાભ વધશે? શું તે તમારા ઘરબારનાં સુખમાં વધારો કરશે? શું પરણીયાથી તમારૂં સુખ વધશે, અને તમારી હાલત વધારે સારી થશે? શું તમુને એવું લાગેછે કે તમુને મદદ કરવાને કોઈ દીલનો સાથી નથી તેથી તમે દુખી રહોછો અથવા ઘબરાયા કરોછો! શું પારકા ઘર છોડીને તમુને પોતાનું ઘર માંડવા વધારે પસંદ પડેછે? પરણવાની તમારી મુલ મતલબ શુંછે? એ મતલબ એવીછે કે તે ખોદા પસંદ કરશે? જો એવા સવાલોનો જવાબ તમારા દીલને ખાતરીથી પાછો વાલો તોજ તમે **પરણવાનો ઈરાદો કરજો.**

## છોકરીઓને કશરતની જરૂર.

ઊપલું મથાલું વાંચતાંજ કેટલીક બાઈઓને અજાએબી લાગશે કે છોકરીઓને તે કશરત કરાવવાની શું જરૂર હોય! તેમાં વલી કેટલીક ફુઈઓતો પોતાના રાખેતા પરમાણે બોલશે કે "વરી મુઆ લખતા લખતા ચરો ગીઆ." પણ અમો ધારીએછે કે જે બાઈઓ સમજુ છે તેઓ એવો વીચાર નહી કરશે. કસરત કરવાની જરૂર દરેક માણસને હોયછે, પછે તે સ્ત્રી હોય કે પુરૂશ, બચ્ચું હોય કે જવાન. છોકરાંઓને કશરત કરાવવાની જરૂર દેશીઓની નજરમાં અથવા પારસીઓની નજરમાં હમણાજ બરોબર આવીછે. પણ છોકરીઓનેબી તેમ કરાવવાને તેમના વીચારમાં કશું નથી. એવું સમજવામાં આવેછે કે, છોકરીઓ અથવા સ્ત્રીઓ જાતે નાજુક હોયછે, માંટે તેમનાથી કશરત થઈ શકે નહી એવો પણ વીચારછે કે સ્ત્રીઓને અથવા છોકરીઓને કશરત કરાવવાની કસીબી જરૂર નથી. તેણીઓ લડાઈ કરવા જવાનીઓ નથી, કે કુસતી રમવા ઊતરવાનીઓ નથી. એ ખરૂંછે, કે હાલની સ્ત્રીઓ લડાઈ કરવા જવાની નથી, કે તેણીઓ કુસતી રમવાનીઓ નથી, પણ કશરતની મતલબ એજ નથી કે તેથી માણસ લડાઈ કરવાને, કુસતી રમવાને શકતીવાન થાય. કશરતથી બીજા ઘણા ફાયદા થાયછે. એ ફાયદા સમજાવવાની હાલમાં જાજી જરૂર નથી, કારણ કે તે બાબે છોકરાઓને માટે ભલામણ કરતી વેલાએ, અતરે ઘણું ખોલવામાં આવેલુંછે. તોપણ ટુંકમાં વાંચનારી બાઈઓએ એટલું જાણવું જોઇએછે કે, છોકરીઓને કસરત કરાવવાથી તેમના હકમાં ઘણા મોહટા ફાયદા થાયછે. તેમનાં શરીરનો બાંધો મજબુત થાયછે, અને તેથી તેમનો દેખાવ શોભીતો

થાયછે. તંદોરસતી ઘણીજ સુધરેછે, ખોરાક બરાબર પચેછે, ઊંગ સારી આવેછે, મન મોકલું અને ખુશી ભરેલું રહેછે, અને ઘણાંખરાં દુખ દરદોથી મોકલાં રહેછે. વલી તે સાથે બીજો મહાભારત ફાયદો એ થાયછે, કે તેવી તંદોરસત અને મજબુત બાંધાની સ્ત્રીને જણતી વખતે દુખ ઘણું કમતી થાયછે, અગવડ થોડી નડેછે, અને માઠાં પરીણામનો ભય ઘણોજ થોડો રહેછે. એ સીવાયે વલી બીજો ફાયદો એ થાયછે કે તેણીને પેટથી અવતરેલું બચું પણ બાંધાએ મજબુત નીકલેછે, અને તેણીને છાતીમાં દુધ પુરતું અને પુશટીકારક આવેછે, જેથી તે બચાંનાં મજબુતપણામાં ઘણો વધારો થાયછે. એવાં બચાંનો બાપ બી જો કશરતવાલો અને મજબુત બાંધાનો હોયતો બેશક તે બચું "તરાંબાની દેહ" નું નીવડે. બચપણમાં કે મોતપણે દુખ તે શું તે, તે કદાચજ જાણે, અને વઈદનું મોહું તે કોઈજવાર જોય. વલી તેનાં બચાંબી તેવાંજ નીવડે; અને એ પરમાણે આખું કુટુંબ, અને કુટુંબોથી આખો ટોલો તેવો નીવડે.

કશરત કરવાથી સ્ત્રીઓને આવા મહાભારત ફાયદા થાયછે. એજ જાતનાં ફાયદા અથવા સુખોને આજ ચહડતે વાંધેની સ્ત્રીઓ ભારે ઈનતેજારીથી શોધેછે, પણ તે તેમનાં મોહોડાં આગલ પડેલા તેમને દેખાતા નથી. હવે તેમનાં જોવામાં આવશે કે એવાં એવાં મહાભારત સુખો દશામાં નહી પણ કશરતમાં ભરેલાંછે, જે તેમને ઘણીજ ઓછી મેહનતે અને ઓછે ખરચે મલી શકે એવાંછે. મોહટે વાંધેની સ્ત્રીઓ, ઊતરતે વાંધેની સ્ત્રીઓની મજબુતાઈ, ચંચલાઈ અને સુખાકારી જોઈ તેમની અદેખાઈ કરેછે, અને અચરતીથી પુછેછે કે, એઓ આવું ગરીબડુ ખાયછે, ભોયપર કે એવીજ જગામાં સુએછે, વરસાદમાં ભીનાયછે, તાહાડમાં થપરેછે, અને તે છતાં તેઓ એવી સારી સુખાકારી કેમ ભોગવેછે? એમાં તેવી બાઈઓને અજબ થવાનું કારણ એટલુંજ છે, કે તેઓ પોતાનાં ઊંચા ઊંચા અને સવાદદાર ખોરાકપર, તરેહવાર અને ચોરાબંધ કપડાંપર, અને ગ્રેબીતાં તથા નરમ બીછાનાંપર મુસતાક રહેછે, અને સઘલી સુખાકારીનું મુલ તેઓને સમજેછે. પણ એજ તેમની મોહટી ભુલછે. ઘણો ઊંચો ખોરાક, ઘણા નરમ બીછાનાં, અને આંગપર ઘણા ઘણા કપડાં એ કોઈ રીતે તંદોરસતીને વધારી સુખાકારી આપતાં નથી, પણ તંદોરસતી ઘટાડી તરેહવાર દુખો લાવેછે. વાસતે તેવી બાઈઓએ એવી એવી વાતોને બરૂસે રેહવું ન જોઇએ. તેઓએ જાણવું જોઇએ, કે જે તેમની બેનપણીઓને જોઇને તેઓ અદેખાઈ કરેછે, અને અજબ થાયછે, તેણીઓ જાતે ગરીબ હોવાથી સાદો ખોરાક ખાયછે, કઠણ બીછાનાંપર સુએછે, અને ખુલી હવામાં પોતાની મેહનત અથવા મજુરી કરેછે. એ મેહનત અથવા મજુરી તેજ તેમની કશરતછે, અને તેથી તેણીઓ એવી સુખાકારી હાલત ભોગવેછે. એવી જાતની કોઈ પણ સ્ત્રીને જો એક આખું વરસ મેહનત વગર આલશુ રાખી હોય, અને ઘણા ઊંચા ઊંચા ખોરાક ખવાડી નરમ ખુરશી કે કોચપર સારો દાહાડો બેસાડી મેલી હોય, કે આલોટીઆં મરાવીઆં હોય, તો વરશ પુરૂં નહી થાય તેટલામાં તેનો બાંધો નબલો પડી જવાનો, ખુબસુરતી હશે તો ઝાંખી પડવાની અને ઘણીક વાતે દરદી અથવા રોગી થઇ પડવાની.

એટલા માટે દેશી સ્ત્રીઓએ, તેમાં અગત કરી પારસી સ્ત્રીઓએ ખચીત જાણવું કે તેમની છોકરીઓને કશરત કરાવવાની ભારી જરૂરછે. જે બાપડાંઓને નીત કશરત કરવાને કુદરતેજ પેદા કીધાંછે, એટલે મેહનત કરવાનેજ પેદા કીધાંછે, તેમને એવી ભલાંમણ કરાતી નથી, પણ જેમની ઊપર કુદરતે મેહર કરી છે, અને જેઓને એવી મેહનત કરવાની અગત નથી તેઓને એમ કરવું ઘટેછે. પારસીઓનાં મોહટાં ઘેરો આગલ નીત રોજ ડાકટરની ગાડી કે પાલકી, અને જાયુક ટેબલપર દવાની સીસીઓ નજરે પડવાની. ઘરમાંની ઓરતો અરધી માંદી અને અરધી સાહાજી હમેશ દેખાવાની. તેણીઓ સાહાજી દેખાતી હોય, તો પણ તેણીઓ એમ નહી કહેશે કે તેમને ડાકટરની જરૂર નથી; અથવા તેમને જોઈ ડાકટર એમ નહી કેહશે કે તેમને દવાની જરૂર નથી. એવી હાલતમાં સદા તેઓ દાહાડા કાહાડેછે. સદા દુખી થાયછે, અને સદા પઇસા વેરેછે. આ સઘલી આપદા જો છોકરીઓને તેમને લાયકની કશરત કરાવવામાં આવેતો બેશક, પતી જયા વગર રહે નહી. આગલ લખીઓં છે કે ભારી ખોરાક વગેરે સાધનો પણ તંદોરસતી બીગાડનારાંછે, પણ તેથી જો ઘરની કશરત સાધનો કોઈ રીતે નુકશાન કરતાં નથી. તેટલા માટે તેવી બાઈઓ

ને તેવા ખોરાકથી પણ દુર રેહવાની અનગમતી ભલા મણ અમો કરતા નથી, પણ એટલુંજ કહીએછે કે તેવા ખોરાક સાથે તેવી કશરત રાખવી.

આ વાત અથવા આ જરૂર જીઆરે વાંચનારી બાઇઓનાં ધીઆનમાં ઊતરશે, તીઆરે તેમનાં મનમાં સઊથી પેહેલો સવાલ એ ઊતપન થશે કે છોકરીઓને કેવી રીતે અથવા કેવી જાતની કશરત કરાવવી? એ સવાલ સવભાવીક તેમજ વાજબીછે, કારણ કે જેવી કશરતો મરદો કરેછે તેવી સઘલી કશરતો ઓરતોને માંટે નથી. તેમને માટે કેટલીક તેવી અને કેટલીક જુદી કશરતોછે, જે અહરે લખાણ થયાના સબબથી લખી શકાતી નથી. માંટે છોકરીઓને કેમ અને કેવી કશરતો કરાવવી તે વીશે બીજી વખત હમો ખુલાશો કરીશું.

## પરચુટણ.

**અદેખાઈ**—અદેખાઈ એ નાંધલાં મનની નીશાંનીછે; એક ખરેખરો બુનીઆદ અને ઉદાર માણસ પોતાની બરાબરી અને સરસાઈ કરનારની જરાએ અદેખાઈ કરતો નથી. એક રાજાને વાસતે એવું કેહેછે કે તેનો મેહેલ એક કારીગરે એવોતો સરસ બાંધીઓ કે પરમુલકનાં જોવા આવનારાં વટીક તેની બેહદ તારીફ ગાવા લાગાં. જારે તે મેહેલ બંધાઈને પુરો થઓ તારે રાજાએ પેલા કારીગરને તે મેહેલનાં ઉંચામે ઉંચા ભાગ ઉપર લેઈ જઈ તાંહાંથી નાખી દેવાનો હોકમ કીધો કેમકે તેને એવો વીચાર રાખીઓ કે જો તે જીવતો રેહશે તો વલી એવોજ નહીતર એથી સરસ મેહેલ બીજા કોઈ રાજાને માંટે બાંધશે.

---

**"શેર" નું ફલતું**—કાલીફોરનીઆ ખાતે એક ધોબણનાં કોઈએક ગરહસથ ઉપર કપરાંની ધોલાઈનાં નાંણાં માંગતા નીકલતાં હતાં તે તેનાથી અપાઈ નહી શકાયાં તેથી પોતાની પાસે એક કંપનીનો "શેર" હતો તે તેને આપીઓ. એ "શેર" તેજ શેહરમાં કીમતી ખાંણ કાહડવાને માંટે એક કંપનીએ કેટલીક જગા લીધી હતી તેનો હતો જેની તેને એક દોકડાનીબી પેદાસ થઈ નહી હતી. પાછલથી એવો બનાવ બનીઓ કે કેટલીક જગામાંથી કીમતી ધાતુની ખાંણ નીકલવા લાગી અને આજે પેલી ધોબણને વરસ દાહાડે દસ હજાર ડાલરની તે "શેર" માથી પેદાસ થઈછે.

---

**જાતી ખુબસુરતી**, એ ખુદરતનાં હાથનો લખો આપેલો ભલાંમણ પતરછે; પણ તેનો ખરો ઉપઓગ ઘણાંજ થોડા કરેછે અને તેથી તે ભલાંમણ પતર આપનારની નજરમાં તેઓ હલકા પરેછે.

**ડાકટરની સલાહ**—એક ગરહસથે એક ડાકટરને કહેઉં કે "ડાકટર આજે સવારનાં મારી છોકરીને એવોતો જોશો થઈ આવીઓ કે એક આખો કલાક સુધી તે અકલ અને હોશ વગર પડી રહી." ડાકટર બોલીઓ "તેની કાંઈ ચીંનતા નહી કેમકે ઘણાએક લોકતો પોતાની આખી જીંદગી અકલ અને હોસ વગર ગુજારેછે."

---

એક સ્ત્રીએ ડાકટરને પુછીઉં કે "તપકીર મગજ અથવા ભેજાંને શું નુકશાંનકારકછે"? તેણે જવાબ આપીઓ કે બીલકુલ નહીં, કેમકે જેવોને ભેજુંછે તેઓ તપકીર લેતાંજ નથી."

---

**દાઓજીનીસ** એક વખત પલેટોને મલવા ગયો તારે તેના ઘરની જમીન ઉપર રંગ બેરંગીન અને કીમતી ગાલીચા અને સીતરંનજી જોઈને પોતાનો પગ ધીક્કાર ભરેલી રીતે તેની ઉપર ઠોકી બોલીઓ કે "આ પરમાંણે પલેટોની મગરૂરીને કચડીને હું ચાલી જાઉંછું." પલેટો અંદરથી નરમ આવાજે બોલીઓ "હા,—તમારી વધારે મગરૂરી જાહેર કરીઆ વગર નથી ચાલીઆ."

---

**આથેનસ** ખાતેનાં એક જોતીશ સાશતરીને ચંદરમાંહની અંદર ગઆ નવેમબર માસમાં બલતો પાહાડ નજર આવીઓછે.

---

**શેખશાદીની નસીઅત**—"અરે ઓ તાહારૂં દેલ પહરેજગારીથી ખાલીછે અને બાહેર મકરનો જાંમો પેહેરેલો રાખેછ, ઇઆને બાહેરથી પોતાને પહરેજગાર બનાવીને દેખાડેછ પચરંગી પરદો દરવાજા ઉપરથી ઉડાવી દે કાંએ કે તું પોતાના ઘરની અંદરતો શાદડી રાખેછે."

---

"પહરેજગાર અને ખોદાના લાલ, લોકો ખુશે બેસી બંદગી કરવા થકી ધરમ ખાતાંની રોટી લીએ, નહીકે રોટી લેવા થકી બંદગીને બાહાને ખુણાંમો બેશે."

---

પસચીમ કનેડાનાં એક કોબરગ નાંમનાં શેહરમા એક નવી જાતની ગાસની રોશની કરવામાં આવેછે. આપણી ગાસ જે કોએલામાંથી બનાવવામાં આવેછે તેનાં કરતાં એ ગાસ સસતી અને વધારે ભભુકદાર માલમ પડીછે. એ ગાસ સનોબરનાં લાકડાં, હાડકાં, સરી ગએલી તરકારી તથા વનસપતી તથા જાનવરનાં સરેલાં માસમાંથી બનાવેછે. હવે વખત એવો આવતો જાએછે કે લોકો સરેલાં તથા મુએલાં જાનવરો વતીકને ઉપઓગમાં લાવતાં જાએછે.

## રમુજે ફુરસત.

૧ લું—ઘર સંસારની એક સાધારણ જીનસ એવી કેઈછે કે જેના વગર ચાલે નહી અને જેની ખરી ખાશીઅત અને ખવાસ જાંણતાં છતાં તેનું નાંમ ઉલટુંજ આપીએ છઈએ?

૨ જું—૪૫ ની રકમનાં એવા ચાર ભાગ કરો કે જો પેહલા ભાગમાં બે મેલવીએ, બીજા માંહેથી બે બાદ કરીએ, તરીજાને બેએ ગુણીએ અને ચોથાને બેએ ભાંગીએ તો એકજ રકમ થાએ.

૩ જું—તરણ અખશરનાં નાંમનો હું એક નરછું. અગનાંન લોકો મને જાંનવરી પેદાએસ સમજેછે, પણ મારી પેદાએશ ઝાડ પાણમાથી થાયછે. રંગમાં હું સામલો છું પણ તેથી મને ધીક્કારસો નાં; મારા ઉપયોગ તરેવાર અને અમુલછે. હું સદા ખુશી ખુશાલીથી કુદતો, નાંચતો ચપલ રહુંછું. મતલબસર કાંમને માંટે તમો મને તાંણી તોડીને બનાવી કાંને લગાડોછો, પણ વધારે જાસતી કરોછો તેઆરે અંતે (તમારેથી) હું ભાગી જાઉંછુ. મરદોની રમત ગમતમાં હું સામેલ થાઉછું, તેમજ ઓરતોના પણ પેહરવાસમાં મદદ કરૂંછું. હું નોશાલે જાઉંછું પણ આફીસો તથા છાપખાંનામાં મારી વધારે જરૂરછે જેહાં ભારે રગરમાં મને કાંમે લગાડેછે. રસાયણ સાસતરી અને ડાક્ટરોને પણ મારી જરૂરછે.

---

## ફુરસતે મનોરંજન ઈઆને ફુરસતની વખતે ગમતને ગમત.

આવતી વખતને માંટે "સારી બાયડી" એ બોલો ઉપર વાંચનારી બાઈઓએ અભીઆસ કરી સારી સારી મોસાલો લખી મોકલવી. એની રીત આગલા આંકોમા સમજાવીછે તેથી ફરી લખવાની જરૂર નથી. એ બાબદ જે બાઈ સઉથી સરસ લખી મોકલશે તેને એક નાનાં ઉપયોગી પુસતકનું ઈનાંમ મલશે.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—તંબાકુ.

૨ જું—તલ.

૩ જું—થમાર ગાંમ.

૪ થું—લાકડી વન લેવાએ નહી, આંબ લટકતો હોય,
ભેંસ પણ લાકડી વીના, બેથી ભરાકા ખાય.
નારી કહ્યું નર માને નહી, લાકડીથી મનાય,
દાસ કહે લાકડી પકી, ભુત પણ નાસી જાય.

---

## બત્રીશ વીશે.

### છંદ ભુજંગીની ચાલ

ઘણા પૂન્યના ભાવથી દેહ પામ્યા,
હસંતાં રમંતાં સુખે દીન વામ્યા;
ગયા નાથનું નામ તો સવ મૂકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૧

ભણ્યા શાસ્ત્ર સિદ્ધાંતની સર્વ વાત,
નથી ઓળખ્યા શ્રી તમે પ્રાણનાથ;
વિવેકી થઈ કાં કરો બુદ્ધિ ટુંકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૨

પરસ્ત્રી પારદ્રવનો ત્યાગ આણી,
રૂદેમાં ધરોને તમો ચક્ર પાણી;
એતો દુષ્ટ માયા તણી સર્વ ભૂકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૩

મદે અંધ દષ્ટી થયાથી ન દીઠું,
કુસંસારનું સૂખ લાગેછે મીઠું;
જરા આવશે આ થશે દેહ શુકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૪

ઘણા જત્નથી દેહને સૂખ દીધું,
ઘણા ભેદથી સર્વનું દ્રવ્ય લીધું;
જવૂં એકલાં સર્વ સંપતિ મૂકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૫

ગણા રમ્ય વૈભોગથી દેહ પોખ્યો,
કરી તિર્થ જાત્રા કદાપી નસોખ્યો;
મળી મિત્ર ટોળે દેશે સર્વ ફૂંકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૬

જદા આવિને જીવને મૃત્યુ ચોંપે,
તદા સર્વ સંબંધિ જોઈ રહેશે;
નરમા કરે વૈદ કે કવાથ ભૂકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૭

કદે વ્યાધિયે કંઠનો રોગ થાશે,
રૂદેમાં થકી ગ્યાન તો સર્વ જાશે;
તદા જીવ જીભ્હા થશે સવ ટૂંકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૮

નથી જાણતા ધર્મની રીત ઠીક,
નથી રાખતા મર્ણની મન બીક;
ગુમાને ભર્યા ચાલ ચાલોછો ચૂકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૯

જમકીંકરા મારશે દુષ્ટ મારે,
તદા નાથ પાખે નહીં કોય વહારે;
જુવો મૃત્યુ માથે રહે નિત્ય ટૂકી,
ભજો રામને કામને દૂર મૂકી. ૧૦

સદા રૈકવજ્ઞાતી મહા-રંક કહાવે,
કથા રામની તો જેને મન ભાવે,
રચી ભૂખણે તે શુણો ગ્યાન કુંચી,
ભજો રામને કામને દૂર મૂકી. ૧૧

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. એપ્રેલ ૧૮૯૭ આંક ૪ થો.

## સેનાહ શેહેરનો કીલલો.

### ભાગ ૨ જો.

એક જુવાન શાહજાદી જેણીએ દુનીયાંનું તડકું સીરૂં મુતલગ જોયલું નહી તે એક શીહા અંધારી રાતે મેહેલના એકાંત ભોંયરાંમાં બતી વગર કોઈના આશરા સીવાય રડતી ઉભી રેહે એ ઘણોજ દીલગીરી ભરેલો બનાવ હતો. દરેક પલે પરીચેહેર ઇશવરનું સમરણ કરતી અને દરેક ફરેસતાની તે બાંહેધરી માગતી, અંતે તેણે મન મજબુત કરી જાંહાંથી તેને અવાજ સંભલાયો હતો તે જગા પર જવાની હીંમત ધરી. દેવાલની અંદરના એક છીદરમાંથી માહાતાબના એક રૂપેરી કીરણે પગપેસારો કીધો હતો, તેના ઝલકાટથી પરીચેહેરે એક પુરૂશને દેવાલને અઘેલીને ઉભોં રહેલો જોયો. પરીચેહેરે ચીચીઆરી પાડી. તરતજ તે ખુંણામાંથી જવાબ નીકલેઓ કે "હે બાઈ તું ચીંતા મા કર, તાહારા એક બાલને હું અલવલ આવવા દેનાર નથી" પરીચેહેરની સુધ પાછી ઠેકાણે આવી. તેણીના લોહીનો ઉકલાટ નરમ પડેઓ. તે હાંફતી હાંફતી બોલી કે "હે રેહેમદીલી પુરૂશ એક લાચાર શાહજાદી પર તું રેહેમથી જોજે,

મુજ સોહોનો તરસો એક પારધી જાલમ,
સેકાર મારૂં શોધેચ મુજના કદમ.
જેહેથી તેના બાણથી લઇ નાઠી પરાણ,
નસીબ કમજોર મકટમાંજ બંધાણ.
ટાડે જો આ જાલની જાલમી ચુંગાલ,
જુગ જુગ જીવજે તું તાહારાં, બાલ ગોપાલ."

પેલો બેગાનો પુરૂશ બોલીઓ કે "હે બાનુ બોલ હું તાહારે માટે શું કરૂં ! તાહારા બચાવ માટે માહારો જાન કુરબાન કરવા હું તઇયાર છું" પરીચેહેર બોલી કે "આ ભોંએરાંમાં એક છુપું ફાલકું છે તે જો તું શોધી કાહાડેતો માહારો જાન બચે. હે બેગાના ધરસથ જો જુવાક એટલામાં આવી પોંચેતો તાહારૂં માથું સલામત રેહેનાર નથી." પેલો બેગાનો શખસ બોલીઓ કે "જાન જો માહારો બરબાદ થાયતો તે માટે હું ચીંતાતુર નથી. ગરીબ પેરીને વરૂની ચુંગાલમાંથી છટકાવવું એજ પુંનીયથી માહારે માટે બેહેસતના દવાર ખુલશે." પરીચેહેર બોલી કે "એ જગ બાહાદુર તાહારો કેટલો આભાર" એટલામાં ઇશવરની બખ્શીશથી જે ફાલકું તેઓ શોધતાં હતાં તેજ ફાલકાં ઉપર આબેહુબ અંદરમાહની રોશની પડી. પરીચેહેર અતીઅંત મોહ પામી પોકારી ઉઠી કે "ફતેહ ! ફતેહ ! ફતેહ !" પેલા પારકા પુરૂસે તે ફાલકું ઉંઘાડીયું પણ તેની અંદર એક બીજું બારણું હતું તે ઉંઘાડવાની પરીચેહેરે તેને એલને માશ કીધી. આ બારણું પણ ઉંઘડીયું અને પથરની સેહેડી પરીચેહેરની નજરે પડી. પરીચેહેરે સેહેડીપર પગ મુકેઓ અને પેલા બેગાના શખસને કહેઉં કે "એ ભલા પુરૂસ માહારી પુઠે આવ. આ રસતે હું તુંને સહી સલામત જમશેદી ચોકમાં લઈ જઈ સકસ. પણ જો મેહેલમાં તાહારૂં કામ હોયતો બેલાશક માહારી રૂખસુત લે કારણકે હવે જુવાકી દોર માહારી ઉપર ચાલી શકનાર નથી. હે નેક પુરૂસ અડાગ તાહારી મેહેરબાની અને અઠાગ તાહારી રેહેમદીલી તુંએ મુજપર વરસાવીછે. મેહેરબાની કરી મહને તાહારૂં નામ કેહે કે હરદમ તાહારા હકમાં માહારા પેદા કરનાર પાસે દુવા માંગેઆ કરૂં. ગરીબની મુશકેલી આશાન કરવાને હમેશ તાહારી બાજુ કસજે અને તાહારી ગરીબ શાહજાદીની દુવા તુંને હરદમ આમીન હોજો" પેલો બેગાનો ધરસથ બોલેઓ કે "હે પરીજાદ તું માહારી હદથી જીઆદે તારીફ ગાયછે. જાંહશુધી તું સહી સલામત ઠામ પડે તાંહશુધી હું તાહારી કેડેથી ખસનાર નથી." એટલામા પરીચેહેરને કાને આ નીચલા સબદો પડેઆ. "મલઉીઆઓ, હરામખોરો, હરામજાદો, બોલો એ કહાં ગુમ થઈ ગઈ ! તહમારાં કુટુંબને હું જડમેખથી ઉખેડી નાખીશ, તહમારાં બાલકોની કતલથી આ મેહેલને હું ધ્રુજાવીશ, નહીતર બોલો કયા ગુફામાં એ ગેપ થઈ ગઈ. જાદુગરોનો માતર ફરેબછે. આ મેહેલમાંજ તે હોવી જોઈયે. સેતાનના હાથમાંથી પણ હું તેને છોડવી લાવવા વીના રેહેનાર નથી." આવા ભયંકર બોલો સાંભલી પરીચેહેર બોલી કે "ઓ ઇશવર જુવાક પાછો પુઠે નીકલેછે." એમ કહી તે જીવ નાખી ફલંગ મારી દાદર ઓલંગી ગઈ. પેલો બેગાનો પુરૂસ પણ ઉતરવા જતો હતો એટલામાં કાંઈ હોનારતને લીધે તેના હાથમાંથી બારણું છટકી ગયું અને તેના ધસારાથી કરી પેલું છુપું ફાલકું મોટા અવાજથી બંધ થઈ ગયું. તે ફાલકું પાછું ઉંઘાડી પરીચેહેરની પુઠે દોડવા તેને ઘણા પણ ફાંફાં મારેઆં પણ તેના નસીબે તેને ઈ

પારી બખશી નહી. ફાલકાંના અવાજપર જુવાક તે તરફ ધસતો આવેઓ પણ પરીચેહેરને જોવાને બદલે જાહરે તેણે પેલી લઢાઈની તોપી તલે કેદ પડેલા ખેડુતને જોયો તાહારે તેના અચંબાનો સુમાર રહેઓ નહી. જુવાક બોલીઓ કે "હે બંડખોર ! તું આ જગાએ કેમ ? હું ધારતો હતો કે તું હજુર કેદછે." પેલો ગભરૂ ખેડુત હીમતથી બોલીઓ કે "મોહ સંભાલીને બોલ હું બંડખોર નથી."

જુવાક—શું આની દેવ, મુજ ગુસાથી ન ડરે ? બોલ એ બંડખોર તું મોહોતની જાલમાંથી કેમ છટકેઓ ? પેહેરાગીરોને લાલચ આપી તું છુટકારો કરે પણ એ ફીતુરી રાખસ તાહારા આવરદાની ડોરી ઢીલી થઈછે અને એક પલવારમા તેના બે ટુકડા કરતાં મહને વાર નથી.

ખેડુત—એક કંગાલની કોઠલીનું શું દામ કે તેથી તાહારા પોહોરાગીરો માહારો છુટકો કરે ?

જુવાક—એ કંગાલ ખેડુત શું તાહારા પાહાદશાહનો કોપ તાહારી ખાતરમાં નથી ? બોલ તાહારા મલતીઆ કોણ ?

ખેડુત—માહારો સાથી આ ઉપરનું છાપરૂં.

જુવાક—ઉપરનું છાપરૂં ચંડાલ ! છાપરૂં તાહારો સાથી ?

જુવાકે છાપરાં તરફ મસાલ દેખાડવાનો હોકમ કીધો. જે તોપી તલે ખેડુતને કેદ કરવામાં આવેઓ હતો તે તોપી ભોંએરાંના બરાબર મથાલાં પર આવેલી હતી. આ તોપી નોકરોએ ઘણાજ જોસથી ખેડુત ઉપર ઢાંકી હતી તેથી તલેના પાટીઆં જોખમાયાં હતા. એથી પેલા ખેડુતને ભોંએરાંમાં ઉતરી પડવાનો સેહેલ રસતો પાયો હતો.

જુવાક—શું તાહારે તું આએ રસતે ઉતરપો ?

ખેડુત—અલબત એમ.

જુવાક—પણ મેં જે ગોંધાટ સાભલીઓ તે શાનો ?

ખેડુત—તે બારણાનો જોસથી ચપરાવવાનો સાધ હતો.

જુવાક—કયું બારણું ?

ખેડુત—હું કાઈ આ મેહેલથી વાકેફ નથી અને આજેજ હું પેહેલો આએ ભોંએરાંમાં દાખલ થયોછું અને એ સીવાય મેહેલના બીજા ભાગોમાં હું ફટકેઓ નથી.

જુવાક—પણ અવાજ કેયે અટાલામાંથીજ નીકલેઓ. સતોપ બોલ છોકરા નહીતો તુંને ભારી પડશે.

ખેડુત—માહારી જીંદગી કરતાં સતીપતા મહને વધારે વાહાલીછે.

જુવાક—ખરેખર ફીલસુફતો ખરો ! એ કમજાત જમ મારે ડરી સચાઈ એખતીઆર કર.

ખેડુત—જો હું જુઠું બોલુંતો માહારો જાન કબજ કર.

જુવાક (અધીરો થઈને)—જારે તું સાચાનો સાથી જાછે તાહારે બોલ કે એ શું ફાલકાંનો અવાજ નહી હતો ?

ખેડુત—હા, હતો.

જુવાક—તુંને શું માલમ કે હીંયાં ફાલકુંજછે ?

ખેડુત—મંદરમાહની રોશનીથી મેં એક પીતલનું કરૂં જોયું.

જુવાક—પણ એ કરૂં તુંને ઉંઘાડતાં કેમ આવડીયું ?

ખેડુત—જે ઈશ્વરે મહને પેલી ટોપીમાંથી છટકવાની ઈપારી આપી તેજ ઈશ્વરે વલી મહને આ કરૂં એમ વાનું જ્ઞાન બખશીઉં.

જુવાક—જારે તુંએ ફાલકુંજ ઉંઘાડીયું તાહારેતો તુંને તેમાથી નાહાસવું હતું ?

ખેડુત—હું એક સદનતર બેગાનો; મહને શું ખબર કે એ ફાલકું બેહેસતની કે દોજખની બારીછે ? અને મહને તાહારા હાથમાંથી છટકવાની ગરજ પણ ન હતી. આજ મરવું ઈયા કાલ મરવું એમાં હું કશો ફરક જોતો નથી.

જુવાક—હે કસરેવતી દેવ તાહારાં વરસ કરતાં તાહારાં મકર વધારે પુરછે. ભત માનજે કે હું તાહારો એક હરફ પણ માણતો નથી. ખરૂં બોલ નહીતો તાહારો જાન જોખમમાંછે.

એ કરૂં તેં કેમ ઉંઘાડીયું તે મહને દેખાડ.

ખેડુત—હા આજ ઘડી.

એમ કહી પેલો ખેડુત એક મોટો પથર લઈ પેલા કરાંને તપેરવા મંડી ગયો, પણ તેની મુલ મતલબ એજકે જેમ વીલમ જાય તેમ શાહાજાદીને બચવાની પુરતી તક મલે. આ બાહાદુર કુણબીનું નીરદોશપણું જોઈ જુવાકના મનમાં પણ રેહેમ આવી, જુવાક બીજા પાહાદશાહોની માફક ખાલી રમતને ખાતર ઘાટકીપણું ખેલવાને ખુશી ન હતો. તેનો પીદર જાહારે પોતાની હદમાં રેહેતો હતો તાહારે તેનાં જેવો દયાલુ બાહાદશાહ બીજો એકે ન હતો. પણ તેની હમણાની હાલત તદન ફેરવાઈ ગયલી હતી અને બેહેરામના મોહોત પછી તે કરૂર તથા કડકણો બની ગયો હતો. પાહાદશાહ વીચારમાં હતો કે ખેડુતનું શું કરવું તે ટલામાં તેણે પોતાના ચાકરોનો ગભરાટ ભરેલો ઘોંઘાટ સાંભલેઓ. કોઈ પોકારતો કે "નામવર જુવાક કાંહાંછે," કોઈ બોલતો કે "બાહાદશાહ હઈયેથી હીંમત ન હારીએ" કોઈ બબરતું કે "ઘસો તરવાર મેહેરબાન" અને એવા એવા અવાજથી ચોંકી જુવાકે પોતાના ખીદમતગારોને પોતાની હજુર તેડયા.

જુવાક—કેમ બરજોર (ચાકર) શું છે ? એટલો ઘોંઘાટ સાનો ? પરીચેહેરની શું ખબર ?

બરજોર—હે મેહેરબાન પુરા હમે તાલેવાન કે આપની હજુરમા છઈએ.

જુવાક—ડફાંસ તાહારી છોડીદે. બોલ પરીચેહેર કાંહાંછે ?

બરજોર—હમે જાણેઆમાં જોઈ પણ—

જુવાક—(ચીરડાઈને)—પણ શું ? નપોદ તાહારૂં બરજોર બોલ શું પરીચેહેર નથી ?

બરજોર—હું ને દીનીઆર—

દીનીઆર—હા ખુદાવંદ હું ને તેહેમુર—

જુવાક—મંડાલો એક પછી એક બોલો. શું પરીચેહેરની તહમને ખબર મલી નહી ?

બરજોર તથા બીજાઓ સાથે—હમને ખબર નથી. પણ એક ચીજથી હમે એટલા બીધા છઈએ કે હજુને બોલવાની શુધ રહી નથી.

જુવાક—એટલી બધી આફત શું છે ?

દીનીઆર—નામવર પાદશાહ તેહેમુરે નજરે તન ર જોયું કે કે—

જુવાક (મીજાજ ખોહીને)—અરધું ભાગ્યું ના બોલ, જો દીનીઆર તાહારો જાન—

દીનીઆર—હે રોશન શેતારેના બાહાદશાહ—

જુવાક—તાહારી બટાઈ છોડી દે.

દીનીઆર—હું અને તેહેમુર—

તેહેમુર—હા ખુદાવંદ હું અને દીનીઆર—

જુવાક—હું કહુંછું કે એક પછી એક બોલો. બર જોર તું મહને શઘલી વાત કેહે કારણકે આ મુરખોની આગરી ઠેકાણે નથી.

બરજોર—હે આલમના બાદશાહ! ખુદાવંદના હો કમને તાબે થઈ હમો પરીચેહેરની શોધે નીકલેઆ. પણ હમો મનમાં ડરેઆ કે રખેને તહમો મેહેરબાનના નબીરા બેહેરામનો (ખોદા તેને હજારો હજાર બેહેસત બખશજો) રૂહ હજુર મેહેલમાં દમકતો હોય કારણકે તેપર બરાબર કીરીઆ મારગ થઈ નથી.

જુવાક—(મીજાજ ખોહીને)—છાકટ, શું તાહારે તું ભુતથીજ બીહીશે કે?

દીનીઆર—અરે તે કરતાં બતેતર. હે મેહેરબાન એવા હજાર ભુત જોયા હોતેતો હું દરકાર કરતે નહી.

જુવાક—કાલું કરો હીયાંથી પાખંડી ચોરો. બોલ તેહેમુર સાચેસાચી વાત માહારી આગલ બોલ.

તેહેમુર—કસમ ખાઈ માબાપ, પાદશાહ કહુંછું કે મરનાર શાહાજાદા બેહેરામનાં (ઈશવર તેને સારૂં મકાન બખશજો) મરણ પછી તહમારા નોકરો જોકે તહમારા પાંઉ ની ખાખછે તોયપણ—

જુવાક—બડાઈનું બાંકું તાહારી પાસેજ રાખ. તેહેમુર ખોદાખાતર જલદી મહને બોલાશો કર.

તેહેમુર—હમો નામવર બેહેરામનાં મરણ પછી કોઈ પણ દાહાડે એખલા મેહેલમાં ફરતા ન હતા. ખુદાવંદનાં હોકમ મુજબ હમો પરીચેહેરને મેહેલની અગાસીપર શોધવા ગયા. પણ બાપરે દીનીઆરની છાતી બેસી ગઈ. હું નહીં ધારતો કે તે કાલે જીવતો રેહે.

જુવાક—છાકટા તેહેમુર હાલ તાહારી શુધ ઠેકાણે નથી. ચાલ માહારી પુઠે ચંડાલ અને હું પોતે પરીચેહેરને અગાસીપર શોધવા જાઉંછું.

તેહેમુર—નામવર બાદશાહ ખોદા ખાતર અગાસીપર જાશોના. કારણ કે સેતાન તાંહાં પોતે પોતાનું તખત માંડી બેઠોછે." જુવાક જે પોતાનાં ચાકરોને હસી નાખતો હતો તે તેહેમુરનાં બોલવા ઉપરથી હવે ચોંકિઓ. તેના બાપાવાની તસવીર તેને ઈયાદ આવી અને તેનાં હોથ સફેદ વાખ સરખા ફીકા થઈ ગયા. જુવાકે પુછીયું કે "તેહેમુર તાંહાં શુંછે?" તેહેમુર બોલીઓ કે "માહારા સરદાર જાહરે હું અને દીનીઆર અગાસીપર ગયા તાહારે દીનીઆરમાં માહારા કરતાં વધારે હીમત હતી. હમે અગાસીપર આવેઆ તાહારે હમુને કોઈ પણ નજરે પડીયું નહી. બાજટ શું કે ઉસતુલ શું, ખુંણું શું કે ખંટોલું શું શઘલું હમે જોયું પણ હમુને કોઈ પણ નેટયું નહી." જુવાક બોલીઓ કે "બધી તસવીરો તેહેમુર પોત પોતાને ઠેકાંણે હતી વારૂં?" તેહેમુર બોલીઓ કે "હા ખુદાવંદ પણ તેઓની પછવાડે હમે કાંઈ શોધ કીધી નહી; જાહરે હમે અગાસીની પાસેના મોટા ઓરડામાં આવેઆ તો હારે હમે તેને બંધ કીધેલો જોયો." જુવાક બોલીઓ કે "અને તહમારીથી શું તે ઉંઘડી શકાયો નહી?" તેહેમુર બોલીઓ કે "અરે ઓ ખોદા! તે ઓરડો હમે નહી ઉંઘાડીયો હોતતો હમારીપર આટલી આફત પડત નહી. હું તો ધુજરો તેથી મેંતો હીમત ચલાવી નહીં પણ મુરખ દીનીઆરે હુલરાઈ કરી તે બારણું ઉઘાડીયું અને તરતજ બાંગ મારી પાછલે પગે નાઠો. હું પણ પાછો દોડીઓ અને ભુત ભુત એમ બુમ મારવા લાગો. પણ દીનીઆર અરધ મરેતોલ થઈ બોલીઓ કે "તેહેમુર શું મુરખની કાંની બુમ મારેછે. હું ભુતથી નહી પણ દઈતથી નાઠો. મેં એક ગંજાવર દેવ જોયો. તેના બદનપર મોટું બખતર છે અને તેના પગ નીચે પડેલી લહાઈની ટોપી જેટલાં મોટાછે!" પછી મેં માહારે પોતાને કાણે પેલા દઈતને ઓરડામાં ચાલતો સાંભલેઓ. તે દઈતે પોતાને હાથે જોરથી બારણું બંધ કીધું અને તેનો અવાજ તોપના ગગડાત કરતાં દસ હીસે સરસ હતો. હે ખુદાવંદે ખલક કોઈ સાધુને તેડી આ મેહેલની પલીતી દુર કરાવો નહીતો કાહારૂનનો ખજાનો હમારા ગજવાંમાં પડે તોપણ હમો તહમો નામદારની ચાકરીમાં રેહેનાર નથી.

પેલો ગરીબ ખેડુત જે સઘલો તમાસો બેસીને જોયા કરતો હતો તે બોલીઓ કે "નામવર જુવાક! માહારી જીંદગીની આ પુરથવી પર જરૂર નથી. સેતાનથી હું ડરતો નથી અને કોઈ ફરેસતા સાથ હું લડયો નથી. જો તાહારો હોકમ હોયતો આ દઈત સાથ હાથ મસલાવવાનું બીડું હું જડકુંછું." જુવાક અચરત થઈને બોલીઓ કે "ધનેઅ તાહારી જાત, ધનેઅ તાહારી બાહાદુરી. ચાલ બેટા માહારી સાથ, હું તાહારો ઉપકાર કદી ભુલનાર નથી."

જુવાક પેલા ખેડુતને મલીઓ તેની અગાઉ પરીચેહેરની શોધમાં પોતાની રાણી માહાબાનુંના ઓરડામાં ગયો હતો. માહાબાનું જેણીએ પોતાના ભરતારને બેહેરામના મરણ પછી જોયો ન હતો તે ઘણાજ હેતથી તેની આગલ દોડી, પણ ચંડાલ જુવાકે તેણીને જોસથી હડસેલો મારી પોતા આગલથી દુર કીધી અને ઘણાજ ધીકાર ભરેલા અવાજથી પુછીયું કે પરીચેહેર કાંહાંછે? ગરીબ માહાબાનું બોલી કે "પરીચેહેર માહારા ખાવંદ?" જુવાક પગ અફાડી બોલીઓ કે "હા, પરીચેહેર, પરીચેહેર, પરીચેહેરને હું પુછુંછું. બોલ પરીચેહેર કાંહાંછે?" મેહેરબાનુએ પોતાની માની કદર ખાઈ જવાબ આપેઓ કે "પેઆરા પીતા જાહારથી પરીચેહેર તહમારી આગલ આવી તાહારથી હીયાં પાછી ફરી નથી" કંગાલ જુવાક બોલીઓ કે "ચપ બેઅદબ હું તુંને પુછતો નથી. બોલ મહને કેહે (માહાબાનુને) પરીચેહેરનું શું થયું. તું સારીપેઠે જાણેછે."

માહાબાનુ—જીગરના હાર તહમારી બેરી કેહેછે તે ખરૂંછે. પરીચેહેર બામદાદમાં તહમારી ખીદમતમાં ઉભી રેહેશે.

જુવાક—તાહારે તું સારીપેઠે જાણેચ કે પરીચેહેર કાંહાંછે.

માહાબાનુ—હું માતર ધારૂંચ કે મધરાતનો સમો હોવાથી પરીચેહેર પોતાના ઓરડામાં સુતી હશે. પેઆરા ભરથાર શું પરીચેહેરથી કાંઈ તકસીર થઈચ ?

જુવાક—મને ફરીથી તું સવાલ નાખતી ના. બોલ એ કમજાત ઓરત માહારી પરીચેહેર કાંહ ગઈ ?

માહાબાનુ—પેયારા ખાવંદ ધીરજ ધરો. માહારી આ દુખી હાલતપર જરા નેગાહ કરો. આપણી મેહેર પરીચેહેરને તેડી લાવે તેટલાં હીયાં આરામ કરો.

જુવાક—લેઆનત હોજો તાહારી ઉપર કંગાલ ઓરત. આટલા વારમાં તાહારી આંખોમાં પરીચેહેર માટે વેર વસીયું કે હમારી છુપી વાત તું થાંભલવા માંગેછે ?

માહાબાનુ—હે પરીય ભરથાર મુજપર કેમ રૂઠે ? ગાલોનું વાદલ મુજપર કેમ વરસે ? મુજની રાણીપર રાખી રેહેમ, કમતર કર કરોધ; હઈડે ન હારી હામ, માન માહારો બોધ.

જુવાક—"થોડા વારમાં તાહારો બોધ હું અવલો કાહાડું છું. આપણા જુદા પંથકીને માહારી પાસે મોકલજે" એટલું કહી જુવાક પોતાની રાણીને રડતી મુકી જતો રહયો. નેક માહાબાનું પોતાનાં ભરતારની હાલતપર અફસોસ કરતી હતી, પણ ઈશવરની મરજીમાં આદમનો ચારો નથી.

જુવાક હવે પોતાનાં ખીદમતગારો તથા પેલા જુવાન ખેડુત સંગાથે ભોંએરામાંથી પાછો ફરતો હતો. તે એક ટગરે દાદરપર ચહડયો અને અગાસીપર તેની રાણી તથા તેના જુદા પંથકીનો તેણે મેલાપ કીધો. જારે દીનીઆર નોકરને પાહાદશાહ જુવાકે છાકટામાં ખપાવી ભોંયરામાંથી રૂખસત કીધો તાહારે તે રાણી આગલ જઈ પોતે દીઠેલા દઈતનો કુધલો રડયો હતો.

રાણી માહાબાનું જોકે દીનીઆરની વાતથી મનમાં હેબતી હતી, તોયપણ તેણીએ તેને મુરખ ગણી ચટકારી કાહાડીઓ. ગમે એવા દુખના સોસવાટા જુવાકપર ફુકે તોયપણ પોતે વચમાં પડી પોતાના ભરતારને ટાલ કરી આપવી એવો આ પતીવરતા બાનુંએ નીશચય કરેઓ. પોતાના ભરતારને માટે પોતાનો જાન ફના કરવો "એવું આ સદગુણી રાણીએ મનથી ધારણ કરયું. પોતાની બેટી મેહેરબાનુંને તેની આજીજી ઉપરાંત પોતાના ઓરડામાં મેલી માહાબાનું પોતાના ખાવંદના હોકમ મુજબ જુદા પંથકીને લઈ અગાસી ભણી ચાલી. થોડાવારમા જુવાક તાંહાં આવી લાગો અને ભલી માહાબાનુંએ પોતાના બેકરાર માટીને દીલાસો આપીઓ કે દીનીઆરનો દઈત માતર દીનીઆરના જ મગજમાં વસેછે.

જુવાકની આગરી પાછી ઠેકાણાસર આવી. તેનું મન પાછું ઈસથીર હાલતમાં આવીયું. જે પતીવરતા રાણીને તે પોતાની ગોદમાંથી હાંકી કાહાડવાપર લગભગ હતો; જે વફાદાર ઓરતપર તે હર પલે ફીતકાર નાખનો હતો, જે પતીવરતા ધણીઆનીપર તે ધીકારથી જોતો હતો તે બાનું જાહરે તેની ઉપર અપમાનને બદલે ઉપકાર કરતી હતી, ધીકારને બદલે પેયારની નજરથી જોતી હતી, અને તીયાગને બદલે હરદમ તેની સોડ સાંધતી હતી, એવું, જાહરે કંગાલ જુવાકે જોયું તાહારે લજજાથી તેહેના આંખના પાપણ વીચાઈ જવા લાગાં અને તે જમીનપર નીચું મસતક કરી પોતાની જાલમી જુવાકીપર પસતાવો કરતો ઉભો. ખરી મોહોબતનાં ફુંવારા તેના આંખમાં ફુટવા લાગા અને પશેમાનીનાં ગારમાં તે ગરક થઈ ગયો. પણ સેતાન પાછો પોતાનો ફરેબ રમવા લાગો. બેહેસતની સડક ભુલી જુવાક પાછો દોજખને વાટે પડયો. ફરેસતાઓની ફરમાસ છોડી સેતાન સાથ સંપીલો તે થયો. બદીનાં મોજા તેહેનાં રૂહદયમાં જોસથી ઉછાછલો મારવા લાગા. ફરેસતાખસલતની માહાબાનુંને નરમ જોઈ પેટાંની ગરદનપર કસાઈની છુડી મેલવા તે તઈયાર થયો. માહાબાનુને તલાક આપી પરીચેહેર સાથે નેકા કરવા એવા દોજખી વીચારો જુવાકનાં મનમાં ભમવા લાગા. માહાબાનું માહારા હોકમને તાબે થશે એમાં કશો સંધે નહી એમ જાલમી જુવાક મનમાં મલકાવા લાગો. પણ પાછો રંગમાં ભંગ થયો અને ગમતમાં ખલલ પડી. તેની શુધ ઠેકાંણે આવી કે પરીચેહેર કેથે જડતી નથી. મેહેલનાં દરેક નાકાંપર તેણે પોહોરાગીરોની હાર લંબાવી અને કોઈને પણ અંદર ઈયા બાહાર જવા માટે સખત બંધી કીધી. પેલા જુવાન ખેડુતને અગાસીની પાસેનાં એક ઓરડામાં બંધ કરી સવારે તાહારી ખબર લઈશ એમ કહી ગજવામાં કુંચી મેલી જુવાક ચાલતો થયો. તેણે પોતાનાં નોકરોને રૂખસત આપી અને માહાબાનુંને માતર ડોકું હીલાવી નમીને જાલમી જુવાક પોતાનાં સેતાનીઅતી વીચારોમાં મસગુલ થવા પોતાનાં ઓરડામાં એખસો ગયો.

---

## ઓરતોની મીજલસ.

### ભાશાણ ૧૮ મું.

### બચાંને છોરવીયા પછી શું ખોરાક આપવો ?

ગયા ભાશાણમાં બચાંને કેયારે છોરવવું અને છોરવતી વખતે શું સંભાલ રાખવી તે વીશે કહી સંભલાવીયું હતું. આજ દીને બચાને છોરવીયા પછી શું ખોરાક આપવો જોઈયે તે વીશે થોડુંએક જણાવવા માંગુંછું.

**૧. બચાંને છોરવીયા પછી હાથનો બનાવેલો ખોરાક દુધની સાથે મેલવની કરીને આપવો.**

પેહેલાં ખોરાક પતલો આપવો, પછી આસતે આસતે ઘટ આપતા જવું.

**૨. ઈંડાં પણ હવે કાંમમાં લાવવાં.**

ઈડાંને બે મીનીટ ઉકલતાં પાંણીમાં મુકીને કાહાડવું; પછી અરધી કાચી અને અરધી બંધાયલી સફેદી દારને મારવું; પછી તેમાં પાંણી અને થોડી ખાંડ નાખવી અને તે દુધને બદલે વાપરવું.

૩. એ વખતે તરકારી પણ વાપરવા માંડવી.

બચ્ચાંને માટે પતેતા ઘણા સારાછે. પતેતાને છોલીયા વગર ભઠીમાં ભુનવો, તેથી તે સઘલો આટા જેવો બસમ થઈ જશે. પછી છોલીને તેમાં માંખન, દુધ, મલાઇ, ગરેવી, અને જરા નીમક નાખવું અને બચ્ચાંને ચમચા વતી ખવાડવું. જો પતેતા બરાબર બનાવવામાં આવેતો સઉથી નાહાના બચ્ચાંને પણ વગર અડચણે અપાઈ શકાયેછે. પતેતાને ઉપલી રીત પરમાણે ભુજ્યાથી આરારૂટની મીસાલેજ ભુકો થઈ જાયેછે. એ આટાને દુધમાં અથવા સુપમાં મેલવીને પણ અપાઈ શકાયેછે.

ગાજર એક ઔંસ સારીપેઠે છોલવાં, તેમાં બે કપ ઠંડું પાંણી નાખવું અને બાર કલાક સુધી એમ રાખી મેલવું; પછી પાંણી કાહાડી નાખવું અને બાકીનું ગાજર માહેથી નીચવીને કાહાડવું. એ પાંણીમાં બીસકીટનો ભુકો અથવા આરારૂટ નાખવો અને ચુલા ઉપર થોડી આચે ગરમ કરવું; ઉકાલવું નહી; પછી તેમાં થોડી સાકર નાખવી. એથી ઘણો કુવતમંદ ખોરાક બનેછે. જો એથી પેટ આવેતો આપવું નહી.

૪. બચ્ચાંને પછેવાડેની દાહાડ આવે નહી તાંહાંશુધી મતનનું ખાનું આપવું નહી.

જારે પાછલા દાંત આવવા માંડે, તારે ચીકન, મતન અથવા કીડ (હલવાન) નો શેરવો બનાવીને આપવા માંડવું.

એક રતલ કીડ લેવું, તે માહેથી ચરબી કાહાડી નાખવી અને હાડકાં પણ કાહાડી નાખવાં. તેનો ખીમો કરવો. તેની ઉપર એક પેંટ પાંણી નાખવું અને બે તરણ કલાક લગી રેહેવા દેવું; પછી આસતે આસતે ઉકાલવું, પછી એક બે મીનીટ ખુબ ઉકલીયું એટલે કપડાએ ગાલવું અને તેમાં પુરતું નીમક નાખવું. એ પરમાણે હમેશા શેરવો બનાવવો જોઇયે.

પેહેલેથીજ ઉપર ગરમ પાંણી નાખીયાથી અથવા પેહેલેથીજ ઉકાલીયાથી માસ જડ થઈ જાયેછે અને પછી જેટલો જોઇયે તેટલો કુવતદાર શેરવો મલતો નથી. ઠંડું પાણી મતનનો જે કસ છે તે સઘલો કાહાડેછે, કે જે ગરમ પાંણીથી બનતું નથી. મતનનો શેરવો બચ્ચાંને દાહાડામાં એક બે વખતજ આપવો; વધારે વખત આપીયાથી નુકસાની થાયેછે.

આસતે આસતે શેરવો ઘટ બનાવીને આપવો. જો શેરવો માફક નહી આવેતો મતનની સઘલી ચરબી કાહાડીને તેનો ખીમો બનાવીને રોસત કરવું અને તે જરા જરા આપવું.

ભુજેલો અને આખો માશનો ખોરાક બચ્ચાંને કદી પણ આવો નહી.

૫. એ પછી આસતે આસતે પાંઉનું પુડીંગ, તેમાં ઈંડાં નાખો બનાવીને આપવું.

૬. એ વખતે માખન રોટી સાથે આપવાની જરૂરછે. માખન ઘણું સોજુ હોવું જોઇએ.

૭. ચાવલ દાલ પણ આપવા.

ચાવલ સારીપેઠે ચરવા જોઇયે.

કરી, મસાલો, લસન, કાંદો, એવું આપવું નહી.

# સાધારણ ઠગાઈ.

## સવાદ અને ખુશબો.

સુંઘવાની અને ચાખવાની ઇંદરી, એટલે નાક અને જીભ, વારેઘડીએ ઠગાયેછે. નાક અને જીભની વચ્ચે ઘણો સંબંધ હોયેછે. જો સરકમથી અથવા બીજા કારણોથી નાક બંધ થઈ ગયું હોયેછે, તો સવાદમાં મોહોટો ફરક પડી જાયેછે; સઘલી જાતના ફરૂટોનો સવાદ એક જાતના ઈતર ઊપર આધાર રાખેછે, અને જો નાક બંધ થઈ ગયું હોયેછે, તો ફરૂટોનો ખરો સવાદ લાગતો નથી; જાણે કે ફરૂટનો ઈતર પેહેલાં નાંક ઊપર અસર કરેછે અને તે અસર પછી જીભ ઊપર લાગેછે. એક બીજી અજમાયશ કરીયે. જો નાકને હાથે ચાંપીને દાબીએ અને પછી તજને ચાવીએ, તો તજનો સવાદ મુદલ લાગશેજ નહી, પણ જાણે લાંકડાંનો કટકો ચાવતા હોઇયે એવું લાગશે. વલી વારેઘડીએ જોયું હશે, કે બચ્ચાંને દવા પાનાં મા બાપ તેનું નાક બંધ કરેછે તે એવી મતલબથી કે બચ્ચાંને દવાનો વાસ નહી આવે અને બચું દવા જલદીથી ગલી જાયે. આપણે પણ દવા પીતી વખતે તરત નાકને બંધ કરીયેછ; કાંયેકે જો દવાનો વાસ પેહેલાં નાકમાં જાયેછે તો દવા પીવાને મુશકિલ પડેછે; પણ જો નાક પેહેલાં બંધ કીધું હોય અને પછી દવા પીધી હોયતો વગર સવાદ લાગવે જલદીથી પીવાઈ જાયેછે.

વલી જો તરેહવાર અને એક એકથી જુદા સવાદની ચીજો એક એક પછી વગર ઢીલ ચાખી હોયે, તો થોડાવારમાં સમજ નહી પડશે કે કઈ ચીજનો સવાદ લેવામાં આવેછે. જો આંખ મીચીને દુધ અને પોરટ વાઇન એક એક પછી તરત ચાખીયે હોયતો થોડા વખતમાં દુધ અને પોરટ વાઇનનો સવાદ ભેલાઈ જશે અને સમજણ નહી પડશે કે તે દુધ કે પોરટ વાઇન ચાખેછે. થોડીએક મુદતની વાત ઊપર મુંબઇમાં એક પરોફેસર જુગ્લ નામનો શખસ મેસમેરીજમનાં ઠગાઇ ભરેલા ખેલ બતલાવતો હતો. તે એવું કેહેતો હતો, કે મેસમેરીજમથી તે માણસની જીભને એવી કરી મેલે, કે તે પારખી નહી શકે, કે તે દુધ પીએછે કે પોરટ વાઇન. અલબત થોડા વખતમાં પીનારને દુધ અને પોરટ વાઇનમાં સમજ પડી શકતી નહી હતી, અને તેથી લોકોનાં મનમાં મેસમેરીજમનાં ખરા

પણા વીશે કાંઈ શંક રેહેતો ન હતો. પણ જે અખતચે મેસમેરીજમને બાહાને તે કરતો હતો, તે કાંઈજ નહી પણ જીભની પોતાની ખુબીથીજ થતો હતો.

જીભની એવી ખુબીને લીધે આપણા ખાનાં ઊપર કઈ ચીજો એક એક પછી સવાદીશટ લાગે એવી રીતે ખાવી જોઈયે, તે જાણવાની જરૂરછે. આપણું ખાનું પકાવતાં કેવી ચીજો સાથે મેલવવી જોઈયે કે જેથી ખાનું શવાદદાર બને તે પણ જાણવું જોઈયે. એ વીશેનો હુનર જેવો ઈંગરેજ અને ફરેંચ લોકોમાં હાલ વધી ગયેછે અને પુરાપણામાં આવેલોછે તેવો કોઈ પણ દેશમાં જોવામાં આવતો નથી; અને એ બાબદમાં તેઓ આપણા દેશીઓ ઊપર ખરેખર સરદારી ભોગવેછે. હીંદુ લોકોમાં એ વીશેનું કાંઈ પણ સાન નથી. પારસી લોકો ઈંગરેજને નકલ કરીને રાહા ઊપર આવતા જાયેછે તે જોઈને ખરેખર હરખ ઊપજેછે. ખાનું કેવી રીતે પકાવવું અને કેવી રીતે ખાવું એ એક કોમની મોહોટાઈ અને સુધારાપણું દેખાડેછે.

વલી નાક ઊપર જારે પુશકલ વાસની અસર થાયેછે તારે તે સુમ થઈને તે વાસને પીછાની શકતું નથી જે લોકો અતર અને બીજી ખુશબો લેઈને ફરેછે તેની લેહેજત તેઓ પોતે ભોગવી શકતા નથી, પણ તેની અસર બીજા લોકોને માલમ પડેછે. ગુલાબનાં બાગમાં માલીને તેની ખુશબો માલમ પડતી નથી. ખુશબોની લેહેજત કોઈ કદાચ અને થોડાજ વખતમાં અને દુરથીજ લેવાનીછે.

## લાઐફીવાલી ઓરત—"બેહેન મારથા બીજેટ."

ફરાસ દેશના બેસાનશન નામના શેહેર આગલ પોરાએસ નામનુ એક ગામડુ છે તાહા આ નીચે લખેલી હકીકત બની હતી.

"જો હમારા ચહડેલા ૧૦૦ ફરાંઉન કાલ સાંજમાં તહુમે હમારા સરાફને નહી ભરી જયોતો તહમારો હાલનું જનાવરસતોથી બાહાર ફેકી નાખીશ." એવી ધમકી એક દીને એક ઉઘરાનો કરનાર પોતાના સેઠ તરફથી એક ડોસીને આપતો હતો. પેલી ડોસી બે હાથ જોડી તેની આગલ આજીજી ગુજારતી હતી કે "હે સેઠ હમારીપર દયા કરો. આજ ચયાર માસ થયા માહારો ધણી ખાતરે પડેલછે તેના હાલ શા થશે!" પેલો ઉઘરાની કરનાર નરમાસ પકડી બોલીઓ કે "મેડેમ બીજેટ એ વાત માહારા હાથમાં નથી. માહારા સેઠનો કાગે હીંયાં આવવાની વખતે અને મહને શપતો હસાબ તેનો આગલ રજુ કરવો જોઈયે. તહમારે ખાતર શું હું માહારી નોકરી ગુમાંઉં? હું પણ તહમારા સરખો મુફલેસ છું." બીજેટ આકાશ તરફ આંખો ફેંકી બોલી કે "એ પરવરદેગાર ગરીબે વાલી તું હમારી મુશકેલ આશાન કરજે, માહારા દરદી ભરથારનું તથા માહારાં નાના બાલકોનું કાલે શું થશે!" એમ કહી તે પોતાની ઝુંપડીમાં દાખલ થઈ અને કબાટ ઉઘાડી એક પાંઉનો ટુકડો પોતાની દસ વરસની મારથા નામની છોકરીને ફેંક્યો: "લે મારથા આજે તાહારે માટે દુધભી નથી ઈયા માખણ પણ નથી. આ પાંઉના ટટકાપરજ ગુજરાના કર" એમ બોલતાં માડમ બીજેટની આંખોમાંથી આંસુની ધાર ચાલવા લાગી; મારથા બોલી કે "મા દુધ ઈયા માખણ નથી તેની શું પરવા છે? પણ મા તહમે આજે દીલગીર કેમ"? મા બોલી કે "દીકરી મહને પુછ ના. બલી માહારી જીંદગી. તાહારી કાકીએ એક કેક મોકલાવીયુંછ તે તાહારી બેહેનો તથા ભઈયોને નીશાલે જઈ વેહેંચી આવ." મારથા પોતાનો હીસો ખાધા વગર હાથમાં જમીન થઈ, કુદતી કુદતી પોતાની માની રજા લઈ નીશાલ ભણી ચાલી. મારથાને વાટમાં એક લશકરની ટુંકડી મલી જે કેટલાએક બંધવાઓને બેડી ચોકી લઈ જતી હતી. એટલામાં એક બંધવો જમીનપર થાકથી પડી ગયો અને મારથા તરત તેની તરફ દોડી જઈ બોલી કે "એ ભલા માણસ તુંને શું છે!" તે બેપુપ સીપાઈએ જવાબ દીધો નહી પણ તેનો એક સાથી જે થોડી ફરેંચ ભાશા જાણતો હતો તે બોલીઓ કે "એ નાની છોકરી એ ભુખથી મરતતોલ પડેઓછે અને હમારા પણ સેકેજમાં એવાજ હવાલ થશે." મારથા પોતાની ટોપલી ઉઘાડવા જતી હતી, પણ તરત તેણીને વીચાર આવેઓ કે શધનું કેક કાંઈ માહારૂં નથી. પણ તણીએ એક કટકો ભાંગીને પોતાનો જે ભાગ હતો તે પેલા સીપાઈને સવાધીન કીધો. એટલામાં બીજા શધલા બંધવાઓએ પોતાના હાથ લંબાવીઆ. બચી મરથાના દીલમાં દયાનો આતસ સલગેઓ. તે વીચારવા લાગી કે ઓ ઈશવર આ વખતે માહારાં ભાઈઓ અને બેહેનો હોત તો આ લોકોની ભુખ કેવી મટે! માય કદાચ માહારી ઉપર દીલગીર થાય, પણ જે થાએ તે ખરૂ એમ કહી મારથાએ શધનું કેક પેલા બંધવાઓને વેહેંચી આપીયું. તે અંતે બોલી કે "મેં પોતે આજે સવારનું કાંઈ ખધું નથી અને હવે માહારી પાસે તમુને આપવાનું બીજું કાંઈ રહ્યું નથી, નહીંતો કે હું મોટી ખુશીથી તમુને તે પણ આપતે." આ બોલો શાંભલી તે લશકરનો ફરેંચ સરદાર મારથા પાસે આવેઓ અને હસતા ખાતર દમ ભરાવીને બોલીઓ કે "ઠીક છોકરી ઠીક આપણા દુશમનોની સામે આવી રીતે લડીએ કે!" મારથા ગભરાઈને બોલી કે "શું સાહેબ એઓ આપણા દુશમનછે! એઓતો ધણાજ ભુખાછે."

"હા પણ એઓ ઈંગરેજ લોકછે, અને ઈંગરેજો આપણા વેરીછે."

"જાહરે સાહેબ મેં એઓને કેક આપીયું તાહારે એઓ દોસતછે કે દુશમનછે તે વાસને મેં મુતલગ વીચારખો કીધો નહી હતો."

પેલા સરદારે મારથાનો હાથ ઝાલેઓ અને કહયું કે "છોકરી આજે તેં નાસતો કીધોતો કે ?"

"નહી સાહેબ."

"તાહારેતો તું ઘણીજ ભુખી હોશે ?"

"મહને સાહેબ ભુખે રેહેવાની તએજછે."

"તાહારે શું તાહારી માએ તુંને ભુખી રાખેચ ?"

"નહી સાહેબ માહારાં માએ એવા દયાલુછે કે પેહેલાં હમુને ખાવાનું આપેછે અને કટકો કોર વધેતો પોતે ખાએછે."

એટલામાં પેલો સરદાર કોઈ સાથે વાતે પડયો અને મારથા ખાલી ટોપલી લઈને નીશાલે જયાને બદલે પાછી ઘર તરફ ચાલી. મારથાને રસતામાં તરેહવાર વીચાર આવવા લાગા. રખેને તેની મા તેની ઉપર કફા થાય તેનો અંદેશો કરતી કરતી તે પોતાની જુપડીમાં આવી લાગી. પણ તેની માની જુપડીમાં ભારે ઘોંગાટ ચાલતો હતો. તેનો મરતોલ બાપ ખુરસીપર બેસી ડચકાં ખાતો હતો, અને તેની મા થોડાક પઈસા ગણવામાં મસગુલ હતી અને તેની આંખોમાંથી આંસુ દવની માફક ટપકતાં હતાં.

"અરે માએ શું બીનાછે", એમ કહી મારથાએ પોતાનાં નાતવાન હાથ તેની માની ગરદનપર નાખેઆ. તેની મા બોલી કે "બેટી આપણી ધુલધાની થઈ ગઈછે અને હવે પછી આપણને રસતામાં પડા ભીખ માગવી પડશે."

મારથા બોલી કે "અરે માઈજી નહી તહમારે સારૂં હું કામકાજ કરશ. બોલો માએ એમ કાંએ ?"

માડમ બીન્ઝેટ બોલી કે "બેટી આપણા ઘરધણી લારડ વેરેનનું આપણી ઉપર ૧૦૦ કરાઉનનું ભાડાંનું લેહેણું નીકલેછે અને તેથી આપણા હાંલ્લાં કાલે રસતામાં કાહાડી નાખશે."

મારથાનો બાપ ચીરડાઈને બોલીઓ કે "કેથેરાઈન આ છોકરી આગલ એવી એવી વાતો કરેછે તે કરતાં રાંધનીમાં જઈ રાંધેતો વધારે સારૂં."

માડમ બીન્ઝેટ બોલી કે "પેયારા ભરથાર રાંધણીમાં હવે કશું કામ રહયું નથી. તહમે સેરવો પીધો કેની ?"

"મેંતો પીધો પણ તાહારૂં અને છોકરાંઓનું કાંઈ કીધું ?"

"માહારી બેને આજે એક કેક મોકલીયું હતું તે છોકરાંઓએ ખધુંછે, અને મનેતો આજે ખાવાની મુનલગ રૂચી નથી." મારથા કેકનું નામ શાંભલી સફેદ દુધ સરખો થઈ ગઈ, અને તેનાં નાના હાથ થરથર કાંપવા લાગા. એ ઉપરથી મારથાનો બાપ બોલીઓ કે "જો આજે મારથાએ પોતાનું ખાવાનું કોઈને બખશીશ કીધું નહી હોયતો હું કેહે તે કરી આપું."

મારથા રડી પડીને બોલી કે "બાવા—માએજી—મને મારશોના. રસતામાં મહને કેટલાએક ભુખથી મરણ થાંહે આવી પહેલા બંધવાઓ મલીઆ અને તહમે વારેઘડીએ મહને કેહેતાં હતાં કે ભુખીયાની ભુખ ભાંગીએ અને તરસીયાની તરસ મટાડીએ તેથી શઘલું કેક મેં તેઓને હવાલે કીધું હતું."

માડમ બીન્ઝેટ વીચાર કરવા લાગી કે આજે માહારાં બીજાં છોકરાં શું ખાશે તેથી તે ચીરડાઈને બોલી કે "ચેરી છોકરી તેં શઘલુંજ કેમ આપી દીધું ? આપણે આપણોબી વીચાર રાખવો જોઈએ."

મારથા બોલી કે "માઈજી ચલીઆંઓનેબી તેઓનો ચારો મલેછે તો શું આપણનેજ ઈશવર મદદ કરશે નહી ?" મડમ બીન્ઝેટ પોતાની ભલી છોકરીની દયાપર હરખાવા લાગી. તેણીએ તેને પેટમાં ચાંપી અને તરતજ તેને એક સેરવાનું કપ પીવા માટે આપીયું. બાકીનો સેરવો બીજાં છોકરાંઓ માટે વાટકામાં ઢાંકીઓ, પણ માડમ બીન્ઝેટે પોતે એક ટીપું પણ મોહપર મેલીયું નહી; તેથી મારથા બોલી કે "મા તહમે શું ખાશો ?"

બીન્ઝેટ બોલી "દીકરી મહને ખાવાની ભુખ નથી."

મારથા બોલી "મા તહમારી રજા હોયતો બે કલાકમાં હું પાછી ફરસ."

"મારથા તું કાંહાં જાયચ ?"

"મા હું આવું નહી તાંહાંશુધી મને મેહેરબાની કરી પુછશોના."

મોનશીઓર બીન્ઝેટ બોલીઓ કે "કેથેરાઈન એને જવા દે. હું ખરૂં કહુંછું એ કોઈ આજારી માણસોની માવજત કરવા જાયછે. જા મારથા જા બેટી ખોદા તાહારૂં ભલું કરશે."

મારથા એક બીજી ઝુપડીમાં ગઈ અને એક બુઢી ડોસીને નમીને સલામ કરી બોલી કે "શી ખબર માડમ સાઈમોની ?"

માડમ સાઈમોની બોલી કે "આવ મારથા બીન્ઝેટ આવ શી ખબર ! કેમ હમણા કાહાં નીકલીચ ?"

"કોલસા તરફ માડમ."

"હ હ: આજે લારડ વારેન હમારો સેક આવેઓ તેથી આતસબાજી થવાનીછે તે જોવા જવા તું નીકલી હોશે ?"

"નહી માડમ હું તેની મુલાકાતે જાઉંછું."

"ગાંડી છોકરી શું આજને આજ તાહારી સાથેજ તે વાત કરશે ?"

મારથા દીલગીર થઈને બોલી કે "તાહારે બીજો શું ઉપાય?"

"શું લોરડ વારેન સાથે તુંને કાંઈ કામછે ?"

હા માડમ ઘણુંજ એક અગતનું કામછે. પણ એ ખોદા આ શું સામા ખુબસુરત બે છોકરાઓ આવેછે ! એ ઓનો પોશાક શું સરસછે ?"

"હા હા, મારથા એજ લોરડ વારેનના છોકરાં એ ઓનેજ મેં દુધ ખોલાવી મોટાં કીધાં છે" તરતજ એક છોકરો અને એક છોકરી 'સાઈમોની સાઈમોની' એમ બુમ પાડતાં આવી લાગાં. છોકરો સાઈમોનીને ગલે વલગીને બોલીઓ કે "હમારૂ કેક કાહાંછે ?" છોકરી હરખથી પોતાનો જબ્બો દેખાડીને બોલી કે "સાઈમોની બાવા કહેછે કે આ જબ્બાના ૧૦૦ કરાઉન બેઠાં". મારથા મનમાં વીચારવા લાગી કે "ઓ ઈશવર માહારી પાસે આવો એક જબ્બો હોયતો હાલ હમારી કેટલી મુશીબત ટલે!" પેલી છોકરી મારથાને જોઈને બોલી કે "સાઈમોની આ છોકરી કોણ અને એ રડેછે શા માટે!" સાઈમોની બોલી કે "બેટી

ઓને ગીરદેશીમાંથી મોકલા કરવા મારથાએ પોતાની સઘલી અશકેઆમત ઓહી દીધી હતી. દરરોજ તે ૨૦૦૦ પુરૂશોને સેરવો પાતી. આવી ભલી રીતે પોતાની નેક જીંદગી ગુજારી બેહેસતના અંમરત ચાખવાને માટે બેહેન મારથા ૨૯ મી મારચ ૧૮૨૪ ને દીને ૭૬ વરસની લાંબી ઉમરે મરણ પામી.

એક ગરીબ જુંપડીમાં ઉઘરેલી છોકરી જેની પાસે ખાવાને પણ સુકો ટુકરો જડયો મુશકેલ તે હાતમં સરખાં દીલથી ગરીબોને નુવાજેશ કરે એ અતીઘણું વખાણવા લાયકછે. ગરીબોની પરવરશી કરવા માડમ બીજેટ સરખી પાંચ બાઈ હોયતો લખો ગરીબોની હાય નરમ પડે. એખ્ખલપેટાપણું કરી આપણાજ જીવને સંતોશ આપવો એમાં મોટાઈ નથી પણ આપણો અરથ તોડી પારકાઓનું ભલું કરવું તથા તેઓની મુશકેલીઆત પાર પાડવી એમાજ ખરી મોટાઈ, એમાજ ખરી નેકીછે. પુશકલ દોલત સંગરી તેને પેટીમાં જોયા કરવી તે કરતાં ગરીબોની હાય મટાડવી ઓર બેહેતરછે. સેવડા બરાહમણોને આપવા કરતાં તથા દેવદેવીઓને અરપણ કરવા કરતાં ભુખીયાની ભુખ ભાંજવી તથા તરસીયાઓની તરસ મટાડવી એમાં વધારે ઉદારતા, વધારે સખાવત અને વધારે પુનીયછે. બંગાલમાં જે દુકાલ ચાલેછે તેની કેટલાં વાચનારાઓને કદરછે ! જો મારથા બીજેટ સરખી ઉદાર સીઓ હીંદુસતાનમાં હોયતો આ ગરીબ બંગાલીઓનું કેટલું દરદ મટે !

મારથા બીજેટ કેવી આશ આરામથી પોતાની ઘોરમાં સુતી હશે ! તેના જીવને નહી હશે અફસોસ કે નહી હશે હાય, પણ બેહેસતની અંદર તે પોતાનો મુકામ કરી પોતાના રૂડાં કરમના રૂડાં ફલ ચાખતી હશે.

બાઈઓ મારથા બીજેટ પરથી તહમે રૂડો ધરો લઓ. એખ્ખલપેટાપણું દીલમાંથી તરફ કરી સખાવતનો હાથ હંમેશ ગરીબોપર લાંબો કરો, કે તેથીજ કરી તહમુને કેઆમતનું સુખ મલે.

## દક્ષીણ મોહાસાગરમાં બરફના તરતા ડુંગરો વચે માહારાણી વીકટોરીઆની મનવાર હીમાલાયા.

બરફથી સરવે કોઈ વાકેફ હશે. હીમથી કરી જે પાણી પથર સરખું જમી જાયછે તેને બરફ કેહેછે. મોટા મોટા સરોવરો ચોકસ વખતે દુનીયાનાં ચોકસ ભાગોમાં બંધાઈ જાયછે અને તેઓની ઊપરથી લશકરના લશકર ગેદલ પેદલ સાથે પસાર થઈ ગયાં છે એવું આપણે સાંભલીયુંછે. હાલ વેલાયત દેશમાં એક સરોવર બંધાઈ ગયો હતો તેની ઊપર સેંકડો પુરૂશો "ઈસકેટીગ" ઈઆને લોહાડાંના જોડા પેહેરી સરી જેવાની કસરત કરતાં હતાં; તેવામાં અકસમાત રીતે બરફ પીગલી ગયું અને ઘણાંએક મરદો તથા ઓરતો તથા બાલકો પાણીમાં દુબી મરણ પામેઆં, પણ જેમ શરોવર બંધાઈ જઇ બરફના ખેતરો થાએછે તેમ બરફના ડુંગરો વીશે શાંભલી વાંચનાર અચરત થશે. મોટા મોટા પાહાડોના શીખર હંમેશ બરફથી ઢંકાઈ ગયલા રેહેછે. ઇટલીના આલપસ પરવતો તથા ઊતરદરૂ તરફ બરફ એટલું તો જમાવ થઇ જાયછે કે પાહાડોની ઊપર બરફના પાહાડો દીઠામાં આવેછે. એ બરફના પાહાડોને 'એવેલાંચીસ' કરી કેહેછે. જે મુસાફરોએ 'એવેલાંચીસ' જોયાછે તેઓ કેહેછે કે વારેઘડીયે પવનના સપાટાથી એ 'એવેલાંચીસ' પાહાડની ઊપરથી ગગડતા ગગડતા નીચે આવેછે. એ વેલાનો દેખાવ જેઓએ જોયો નહી હોય તેઓના ખેઆલમાં ઊતરી શકેજ નહી. કોઇ કોઈ વખતે એ બરફના પાહાડો એકપર એક પુશકલ તુટી પડેછે અને તેના અવાજોથી મકમ મુસાફરોબી બીહીકથી અધમુવા થઈ જાયછે. ગાય ઘોરો ઈઆ આદમીઓ જો એ પાહાડોના સપાટામાં આવી જાએછે તો તેઓનો ચુરેચુરો થઇ જાયછે. 'આવેલાંચીસ' વારે ઘડીયે પાહાડને મથાલેથી ઢલતા ઢલતા આવી દરીયાની અંદર જોસથી પડેછે એથી કરીને દરીયાની અંદર સફેદ તરતા પાહાડો વારેઘડીયે વાહાણવાલાઓની નજરે પડેછે જેનું આબેહુબ ચીતર આ પાસેના સફાપર જોવામાં આવશે. જે દરીયો દેખાયછે તે દક્ષીણ પાસીફીક માહાસાગરછે, અને જે સફેદ તરતા ડુંગરો દેખાયછે તે પાહાડના શીખરપરથી ગગડેલા બરફના 'આવેલાનચીસ' છે, વચોવચમાં એક ઇસટીમર નજરે પડેછે તે માહારાણી વીકટોરીઆની મનવાર 'હીમાલાયા' છે. કોઇ વખતે દરીયાનો જોર ઘણોજ જબરદસત હોયછે તથા તોફાની પવન બહુ જોરથી ફુંકેછે તાહારે વાહાંણવાલાઓ બે ડુંગરોની વચે પોતે ભરાઈ જાયછે અને બંદર હોય તે માફક સહી સલામત પડી રેહેછે. પણ કોઈ વખતે એ બંદરો સતીયાનાશ વાલેછે. પવનના જોરથી અથવા પાણીનાં વેહેથી બે બરફના ડુંગરો એકમેક સાથે જોસથી અકડેછે અને જે વાંહાંણ કમનસીબે વચમાં આવી જાયછે તેઓના કટકે ભુકા કરી નાખેછે. બરફના ડુંગરો જોવાની કોઇ બાઈ હીંમત કરશે ?

## કાનેરીના ગોફાઓ.

જો કોઈ મુસાફર મુંબઇ તરફ આવીને પુછે કે અતરે જોવા લાએક જગાઓ કઈ કઈછે, તો બીજી જગાઓના નામ દેતાં તમો કાનેરીના ગોફાઓનુ નામ આપવાને ભુલનાર નથી. મુંબઈની ઊતર દસાએ મુંબઈ કરતાં મોટું છાસટીનુ ટાપુ આવેલુંછે, અને તે ટાપુના ઊતર ભાગ પર વીઆરની ખીન તથા થાનાની વચે જે ઊંચી ટેકડીઓ આવેલીછે તેઓને કાનેરીની ટેકડીઓ કરીને કેહેછે. તેઓની હેટવાઈએ તુલસી નામનુ એક નાધલુ ગામડુછે તે સીવાએ તીઆં બીજી વસતી જોવામાં આવતી નથી. ટેકડીઓના મથાલાં સકત પથરાના બનેલાંછે, અને તે પથરામાં આગલા જમાનાનાં ઘણાએક ગોફાઓ તથા પાણીની કુંડીઓ કોતરી કાહાડેલી જોવામાં આવેછે.

આ ગોફાઓનુ બએઆન કરીઆની આગમજ તેઓ તરફ જાવાના રસતા વીસે બે બોલ બોલીએ. એપરેલ મહીનાની છુટીના દાહડા છાસટી તરફ ગુજારવાના ઠરાવ મુજબ હું અને મારા બીજા તરણ મીતરો કીરોલ તરફ ગએઆ હતા. કીરોલ મધે મરહુમ સેઠ ધનજીભાઈ કાંમાજીના સુંદર મકાનમાં એક દીવસ રહેઆ પછે બીજે દાહડે બરી બાંમદાદને વખતે હમો ભાંડુપ ગએઆ, અને તીઆંથી ગાડામા બેસીને આસરે એક માઈલ સડકનો રસતો કાપીને પછે દધેરને રસને કાનેરી તરફ ચડવા માડીયું. ભાંડુપથી કાનેરી જવાનો રસનો કશેડોછે, પાછલથી જાનવામાં આવીયુ કે ભાંડુપને બદલે મલારથી જવું વધારે સેહેલ છે, અને આએ વાત જો હમોને ખબર હતે તો જરૂર મલાર તરફથી જાતે. જાહેર સડક છોડીઆ પછે થોડાંએક ખેતરો ઓરંગીને એક નાધલો ટેકરો ચડીઆ કે આપણે વીઆરની ખીન આગલ જાઈ પોંચીએછે. વીઆરનું સોવાંમનુ સરોવર પાછલ મુકીઆ પછે ટેકડીઓ ઊપર ચડતાં જેઓ ગાડાંમા બેઠેલા હોએછે તેઓને એવાનો આચકો ખમવા પડેછે કે તેના કરતાંતો ચાલવું ભલું. આવી પાહડી જમીન ઊપર ચડવાનાં કામમા આડાં કરતાં ટટુ હોએતો વધારે સારાં.

આએ મીસાલે લગભગ ચાર કલાક ઊપરની સકત મંજલ કાપીઆ પછે કાનેરીના ગોફા દીસવા લાગા. અવેથી રસનો એવોતો સાંકડો તથા ચહરાંનનો મલીઓ, અને તે સાથે આસપાસ કરંમદાં, વાંસ તથા બીજી જાહાડીઓની એટલીતો અડચણ નડવા લાગી કે તીઆંથી ગાડાં વધારે આગલ ચાલી સકીઆં નહી, તેથી તેમને નીચે રાખીને હમો ઊપર ચડીઆ.

કાનેરીના ગોફા ઘણાએક મુસાફરો જોઈ આવીઆછે એટલુજ નહી, પણ ફોટોગરાફીના હોનરની મારફતે તેઓના સુંદર ચીતર લેવાએલાંછે તથા તેઓ વીસે તુલોતવીલ બએઆન પણ થાઈ ચુકુંછે માટે તે બાબદ ઊપર અતરે લંબાનથી લખવું મોકુફ કરીએછે. માતર સાધારન નજરે જોતાં એ ગોફાઓ કેવા દીસેછે તેનુ વરણન અતરે આપીએછે. પેહેલો ગોફો કે જે ઊપરના બીજા સરવે ગોફાઓથી મોટો તથા સારોછે તે એક મોટુ દીવાંનખાનુછે. ખંડાલા અથવા લાંનોલીની પડોસમા કારલાના ગોફાછે તે ગોફાનું દીવાંનખાંનું અને કાનેરીનું દીવાંનખાંનું ઘણેએક દરજજે એક બીજાને મલતું આવેછે. ગોફાની બાહેરની બાજુએ પાંણીના ટાંકાંછે કે જેઓમાંના કેટલાંએકો મધે મીઠું તથા સફાઈદાર થંડું પાંણી એકઠું થાઈ રહેલું હતું. ટાંકાં છોડીને અંદર જાતાં એક ઊઘાડો ચોક દીસેછે અને તે ચોકની પરોસમાંજ એક ઓટલોછે કે જેની બે બાજુએ રાખસી કદના બે પુતલાં દેવાલમાં કોતરી કાહાડેલાછે, તથા તેઓની આસપાસ સંધી બાજુએ સેંકડો નાધલાં મોટાં પુતલાં તેઓનીજ મીસાલે દેવાલમાં કોતરેલાં દીસેછે. આ પુતલાંઓની કારીગીરી કાંઈ તારીફ લાએક નથી. તેઓનો દેખાવ એકજ સરીખો અને નીરજીવછે. આગલ જાતાં આપણે દીવાનખાંનામાં પેસીએછે. આ દીવાનખાંનું આપણી ટાંઉનહાલના મોટાં દીવાનખાંના જેટલુંછે, અને તેની આસપાસ પથરના ફરતા ઊંચા થાંભા આપેલાછે. દીવાનખાંનાને પેશ્ નાકે જમીન ઊપરથી એક ગોલ ગુંબજ બાંધેલો જોઈએછે અને તે સીવાએ તે મધે બીજું કાંઈજ નથી. આએજ દીવાનખાંનાની પરોસમાં બીજો એકનાધલો ઓરડોછે, અને તેની દેવાલ ઊપર કેટલીએક મુરતીઓ કોતરેલીછે. આ ઓરડામાંથી પેહેલાં દીવાનખાંનામા હતો તેવો એક નાધલો ગુંમજ જોઇએછે. ઊપર કહેલાં પેહેલાં અને સરવેથી મોટાં દીવાનખાંના મધે સાફ હવાનો આવજાવ જાહેજો નથી, તથા તે મધે વનવાગલાં ઊભાઈ જાએછે તેઓના છેર અને બીજી નજીસાઈથી એવીતો બદબો નીકલેછે કે તીઆં જાહાજોવાર ઊભુ રેહવાઈ સકાતું નથી. આદમીની અને આદમીના કાંમોની મોટાઈ,કી

આં રહી ? અગરજો કેટલાએકોનું મતછે તેમ આ ગોશ્રુઓ કોઈ આગલા હીંદુ રાજાઓએ પોતાની ઈઆદગારી દાખલ કોતરાવેલાજ હોએતો જોકે તેઓને સકત પથરમા કોતરી કાહાડેલાછે તોપણ જમાનાની વેંતી કરવતીએ તે પથરનેબી મટી જેવો પોચો કરી નાખીઓછે કે જેથી સું આએ જગા પરના કે સું બીજી જગાપરના ગોશ્રુઓ ભાગી ટુટી અવસથામાં આવી પડેલાછે. આવા ઊંચા પરવતને મથાલે પોલાદને પોકલ કરીને જે મકાંનો ઊઠાવીઆંછે તેઓમાં એકબી આદમજાત હાલ વસતું નથી—જંગલી વાંનરા તથા આંધલાં વનવાધલાં તેમના આજ સવતંતર માલેક થાઇને બેઠાંછે. જે લોકો પથરને સકત તથા ટકાઊ સમજીને તેને પોતાની ઈઆદગારી સોંપેછે તે લોકોએ પોતાની ભુલ કાનેરી, ધારાપોરી, તથા બીજા ગોશ્રુઓ ઊપરથી સમજી લેવી.

અવે આ ગોશ્રુઓને ઈઆને કાનેરીના પેહેલા તબકકાને નીચે મુકીને એક નાધલી તથા સાંકડી પગથીપર ચડીએછે તો બીજા તબકાપર જાઈ પોંચીએછે. હીઆંબી ઠેકાણે ઠેકાણે એકએકા ઓરડા, અને તે ઓરડાની દેવાલો ઊપર કોતરાએલી કેટલીએક મુરતીઓ તથા બાહેરના ઓટલાની બે બાજુએ તાજાં પાણીની બબે કુડીઓ જોવામા આવેછે. એ પરમાણે તબકે તબકે ઘણું કરીને એકજ ધપના ઓરડા ઓરડીઓ, એકજ જાતના આકારોની મુરતીઓ, અને પાણીના ટાંકાંઓ છેક તે ટેકડીના મથાલાં સુધી જોવામાં આવેછે, અને તેઓમાનાં કોઈ કોઈ ઓરડાની ભીત ઊપર એકાત તખતી પણ દીસેછે. મથાલેના ગોશ્રુઓની તખતીઓ વીસેનું બએઆન જરથોસતી અબીઆસ નામના ચોપાનીઆંમાં થાએલુંછે.

જોકે છાસટી મુંબઈ જેવી ગીચ વસતીથી જાહાજી દુર નથી તોપણ કાનેરીના ગોશ્રુઓ એવીતો એકાંત જગા ઊપરછે કે તીઆં કોઈબી આદમીની વસતી દેખાતી નથી. થોહુએકની વાતપર એક ભુખો જોગી અથવા બાવો તેમની રખેવાલી કરવા સારૂ મથારેના એકાત ગોશ્રમાં પડી રેહેતો હતો તેબી હવે દીસતો નથી. ઊપરથી પાછા નીચે ઊતરતાં હમોને વાનરાઓની એક મોટી ફેજ મલી તે ફેજ કદાચ આ પુરાતન ગોશ્રુઓને પોતાનો કીલો કરીને. પડી રહી હશે—ઊજર ગામમાં એરકે પરધાંન.

# શીરીનબાઈની કરકસર.

## એક ઘરબારનું ચીતર.

શાવકશા પોતાની હાફીસને લગતું સઘલું કાંમકાજ કરીને થાકીને સાંજરે પોતાનાં મકાનનાં સુવાનાં ઓરડામાં એક કોચ ઊપર લેટેલાછે. થાક લાગાથી આંખોમાં ખુશ કેફ લાગેછે, તેવામાં તેની બાયડી શીરીનબાઈ ખુશ ચેહેરાથી ઓરડામાં આવી અને બોલી—

શીo—પેયારા શાવકશા !

શાo—કેમ શીરીન ! શુંછે ? (એમ કહીને પોતાની પાસે બેસાડી અને તેનાં બાલ સાથે રમવા લાગો.)

શીo—આજ વીસ રૂપીયાની ગરજ પડીછે ને આપશો ?

શાo—કાંયે નહી; કેમ શા માટે જોઈયેછ ? (એમ કહીને પોતાની કોઠલી માહેથી રૂપીયા કાહાડી આપીયા.)

શીo—કાપડીઆનાં પઈસા રહયાછે તે કાલે સહવારે લેવા આવવાનોછે. મારા પેયારા, હું તારો ઊપકાર માનુંછું (એમ કહીને મુગી બેઠી.)

શાo—(થોડો વાર રહીને) કેમ પેયારી શું વીચારમાં પડીછે.

શીo—(હસતું મોહોડું કરીને) પેયારા સાવકસા, ખરી વાત પુછોતો એછે કે હું તમારી પાસે વારેઘડીએ ખરચને મારે પઈસા લેવા આવીયા કરૂં, તેને બદલે તમે એકદમ મને દર મહીને કાંઇ આપી મુકો, કે તે માહેથી હું ખરચ કરીયા કરૂં.

શાo—તમુને એકદમ આપી મુકું, વાહા ! એ વીચાર વરી કેવો.

શીo—હું જાણતી હતી કે તમે મને એમ હસી કાહાડશો, પણ ખરેખર એમ કરવા મને ઘણું ગમેછે.

શાo—મેહેરબાની કરીને કેહો, કે કાંયે ? શું હું તમુને જે માંગોછો તે આપતો નથી ?

શીo—મારા પેયારા, હું જાણુછું કે તમે મને સઘલું આપોછો, તોયપણ જો મારી પાસે એકદમ આપી મુકોતો જાણે કે હું વધારે દોલતમંદ હોઊં અથવા વધારે મુખતીયારછું એવું લાગેછે.

શાo—વારૂં, કંજુસ ! તમુને કેટલા રૂપીયા ખરચ પડશે.

શી૦—હું ધારૂંછું કે દર મહીને ૫૦ રૂપીયા ખસ પડશે.

શી૦—તમુને ખબરછે, હું આએ મહીને એના કરતાં વધારે રૂપીયા આપી ચુકો અને હજુરતો મહીનાનાં થોડા દીવસ બાકીછે. હું ધારૂંછું કે આએ તમારી નવી રીતથી તમે કાંઈ ફતેહ પામો એવું મને લાગતું નથી.

શી૦—પણ મારો વીચારછે કે એમજ થવું જોઇયે. એથી હું ખરાબર હીસાબ ગણવા શીખસ અને કરકસર વધારે કરી શકશ.

શા૦—ટુકામાં, તમે એમ કરીને તપાશી જુવો છો કે કરકસરથી કેટલો ખરચ થઈ શકશે.

શી૦—(પતાવીને) તમો કહોછો તેમજ કરવા ચાહુંછું.

શા૦—મારી પેયારી, એ સઘલું વગર સમજણુંછે, તમે ખચીતથી જાણજો કે તમારા કરતાં હું પઈસાની વધારે સંભાલ લઈ સકશ.

શી૦—તારે તમે મને ના પાડોછો, હે! (એ સબદો એવીતો કગલીને બોલી કે શાવકશાએ તેના દલગીર ભરેલા ચેહેરા તરફ નજર કીધી).

શા૦—(હસીને) મારી પેયારી, મેં આજ સુધી તમે જે માંગીયુંછે તે કદી ના નથી પાડીયું અને આજે પણ હું તમુને દલગીર નથી કરતો. તમે દર મહીને ૫૦ રૂપીયા લેવો, ગમેતો વધારે લેવો; પણ જો હું ભુલતો નહી હોવુંતો અરધો મહીનો પુરો થશે નહી, તેવામાં તમે વલી થોડા વધારે પઈસા લેવા આવશો.

શી૦—(ખુશી થઇને) વારૂ તમેજ જોશો. આ એ તમારી સાલેસ ચાલને માટે હું તમારી શી સેવા બજાઊં.

શા૦—એક ચુમી આપો અને જાઓ. તમારે કામે વલગો અને મને જરા સુવા દેવો.

એ વાતને એક વરસ વીતી ગયું. એ વખતના અરસામાં કેટલીએક વખતે શાવકશાએ શીરીનને તેની કર કસર વીશે મશકેરી કરતો હતો, તેને કહેતો કે હવે કોતલી ખાલી થવા આવી હશે અને જો તે કબુલ કરે કે "હવે તમારો વીચાર ખરો અને મારો ખોટોછે" તો તેને ગમે તેટલા પઈસા માંગે તે આપું. એમ કહીને એટલું સુધી તેને ખીજવતો હતો, કે શીરીન બીચારીએ એક વખત પોતાનો વીચાર નીરાસથી મુકી દેવાનો વીચાર કીધો; પણ નહી તે એવીતો બાહાદુરીથી પોતાનું કર કસરનું કામ ચલાવીયા કીધું, કે આ ખરે શાવકશા બોલતો હતો, કે તેણે વીચાર કીધો તેના કરતાંબી વધારે ઓછે ખરચે ઘરબાર ચલાવી શકે.

શા૦—પણ શીરીન; તમે તમારા શોખની ચીજોથી દુર રેહોછો. માતરે તમે એક બોલ કહો અને હું ૫૦ રૂપીયાના ૧૦૦ રૂપીયા કરી આપું.

શી૦—(હીમતથી) પણ નહી. મેં તમુંને કહીયું હતું કે નહી, કે રૂપીયા ૫૦ બસ થશે અને તે પરમાણેજછે.

નજદીક પાંચ વરસ એમ પસાર થઈ ગયાં. એક રાતરે શીરીન પોતાનું કામ લેઇને બેઠીછે; તેનું બચું પાસે ઝોરીમાં સુવુંછે, અને હલવે સાધે ગીત ગાયેછે. બાહેર પવન ઘણો ફુંકેછે અને તોફાન જેવું માલમ પડેછે. શાવકશા હજુર ઘરે આવીયા નથી. શીરીન પોતાના મનમાં બોલેછે, કે હજુર શાવકશા કેમ નથી આવીયા; એટલું મોડું કોઈ દાહાડે પણ થતું હતું નહી; કોણ જાણે થોડા દાહાડા થયા ઊદાસ જેવા માલમ પડેછે; રખેને કાંઈ વેપાર સંબંધી ફકર હોયે; એમ બોલેછે, તેવામાંજ શાવકશા ઓરડામાં આવીયા, પણ પોતાની બાયડી સાથ રોજની માફક ખુશીથી વાત નહી કીધી—શાવકશા કાંઈ બોલીયો નહી.

શી૦—શાવકશા પેયારા, શુંછે, કાંઈ તમુંને ગમતું નથી કે?

શાવકશા કાંઇ બોલીયો નહી—શીરીન બીચારી તેની નજદીક આવી અને ફરીથી પુછી જોઇયું.

શા૦—શીરીન તું મને કાંઈ ના પુછ. તું જલદીથી ખરાબ સમાચાર સાંભલશે.

શી૦—મારા પેયારા ધણી, તું મને કહે કે, શું તારાં સુખ અને દુખમાં હું બાગીયો નથી. ખચીતથી આપણે એકજ છઇયે.

શા૦—આજસુધી મારૂં દુખ તમુંને કહીને તમારો જીવ દુખમાં નાખવાને મેં ચાહીયું નહી; પણ હવે છુપાવી રાખવાનો વખત નથી. મારી આશા હતી કે આએ વખતે આપણા સરીખી મોહોટા વેપારીઓને જોખમ લાગોછે તે માહેથી હું પાર પડશ. કાલે સહવારે મને એક મોહોટી રકમ આપવી પડેછે. મારા દેવાદારો પાસેથી લેઇને એ રકમ ચુકવી આપવાની વકી હતી, પણ આજ દીવશેજ મારો મો-

હારો દેવાદારની પેહેડી ભાગવાની ખબર સાંભલીછે.

શીo—પણ એ રકમ બીજી રીતે ઉભી કરવાની કાંઈપણ વકી નથી ?

શાo—ઈહાં તીહાંથી ઉછી પાછીનું લેઇને અને જેટલું મારી પાસે હતું તે પણ લેતાં છતાં એક હજાર રૂપીયા ઘટેછે. પણ એક હજાર ઘટો કે એક લાખ ઘટો પણ તે એકજછે. સઘલી રકમ ભરાએ નહી તો મારૂં નામ જાહેરમાં આવશે; અને હું પાયમાલ થવશ. જારે હું વીચારૂંછું કે એક હજાર રૂપીયાને માટે મારી આખી જીંદગી બરબાદ થશે, તારે મને ઘણું લાગી આવેછે.

શીo—અને આએ રકમમાં માતરે એટલાજ રૂપીયા ઘટેછે ?

શાo—બસ એટલુંજ, પણ એ બાબદસર શા વાસતે બોલીયે, અને મારૂં દુખ તમુને પણ લાગેછે તે હું સમજુછું; પણ એ સઘલું ફોકટછે.

એમ કહીને કોચ ઉપર પોતાની આંખ વીચીને હાથ માથે મુકીને પડીયો પાંચ છ મીનીટ લગી એ પરમાંણે પડી રહેયો. તેવામાં શીરીન ઓરડો છોડીને બાહેર ગઈ હતી તે પાછી આવી અને પોતાનો હાથ તેનાં કપાલ ઉપર મુકીઓ.

શીo—પેયારા, જરા થોડો વાર મારી તરફ જો. તુંને ખબરછે, કે નાહાનપણમાં આપણ વાત સાંભલતાં હતાં કે એક મોહાટા વાઘને એક નાહાનાં ઉંદરે તેની જાલ માહેથી છોડવીયો.

શાo—(શીરીનની અક્કલ આએ બેનસીબથી જરા ગુમ થઇછે એમ સમજીને ઘબરાઈને બોલીયો) તેનું શું ?

શીo—વારૂં, તારે હું તે નાહાનો ઉંદર છું અને તું વાઘછે. તુંને જે પઈસા જોઇયેછ તે અહીં આંછે. એ લેવો અને તે તમારી ગરજની વખતે તમુને કામ લાગશે.

શાવકશા અચરત થઇને શીરીન તરફ અને નોટનાં ચોરા ઉપર નજર કરવા લાગો.

શાo—પણ શીરીન, એ રકમ—કાંહાંથી ?

શીo—પેયારા શાવકશા, મારા પગાર માહેથી મેં તે બચાવીયાછે. મેં વીચારીયું હતું કે વખતસર એવો દાહાડો આવે કે એની ગરજ પડે. મારા પેયારા તું ખરેખર માનજે કે એ પઈસા નકામા અને જે ચીજો નહી જોઈતી હોયે તે ઉપર ખરચીઆને બદલે તારા હાથમાં આપવામાં મને દશ હજાર ઘણી ખુશી ઉપજેછે.

શાo—મારી પેયારી બાયડી. તેં મને તારાજ માહેથી બચાવીયોછે આએ વખત વહી ગયો તો પછી કમનસીબને હું લાત મારી શકશ.

આ વખતે શાવકશાની નજરમાં શીરીન એક દુખમાંથી તાલનાર ફરેસતો માલમ પડીયો. બીજે દાહાડે સાંજરે જારે પાછાં બેઉ જણ વાતમાં ગુંતેલાંછે, તેવામાં શીરીને જરા મશકેરીથી પુછીયું કે—"શાવકશા કેમ, કોણ ખરૂં પડીયું, તમે કે હું" ?

શાo—અરે મારી પેયારી, આજ લગી હું એમ નહી સમજતો હતો, કે કરકસર વાલી ઓરતમાં, શું ખોદાનો આશીરવાદછે ?

## લાકડું—તેનો ઉપીયોગ.

ગયાં આંકથી સાધણ

આજ દીને લાકડાં વેહેરનાર કરાઈ બાફનો સાંચો થઈ પડીયોછે, લંડનમાં અને તેની આસપાસ ઓછામાં ઓછાં ૭૦ એવાં કારખાનાઓછે. મુંબઈમાં માતર એકજ જોવામાં આવેછે. કરાઈઓ ચાર જાતના હોયેછે, એકતો ઘરના બાંધકામને માટે લાકડાં વેહેરનાર; એ કરાઈનું કાંમ હાલ બાફનાં સાંચાએ લઈ મુકીયુંછે. બીજો ઘરના સામનને માટે લાકડું વેહેરનાર; અને વેહેરવામાં વધારે સમજ અને હોશીયારી જોઇયેછે. તરીજો કોપર (પીપ ઘડનાર), તે પીપને માટે લાકડાં વેહેરેછે. એનુ કાંમ પણ બાફના સાંચાએ લેઈ મુકીયુંછે; અને ચોથો વાહાણને માટે લાકડું વેહેરનાર; તે લાકડાંને અજાયેબ જેવા વલ આપીને વેહેરેછે અને તેને માટે ઘણી સંભાલ લેછે. પેહેલ વેહેલાં વેહેરવામાં ઘોડાઓને કામમાં લાવતા હતા, પણ એથી કાંઈપણ ફાયદો ન થયાથી બીજી યુકતી શોધવી પડી અને હાલ બાફની મદદ લીધામાં આવેછે. જે લોકો લાકડાં હાથે વેહેરેછે, તેમાં બે માણસ એક ઉપર અને એક નીચે કામે લાગેછે, અને તેઓ દરરોજ કેટલું કુવત વાપરેછે તેનો અડસટો એક જણે આ નીચે પરમાણે જણાવીયોછે. પેહેલાં કરાઇની કરવત તોલમાં ૬૦ થીતે ૭૦

કોતરવાનો અને નકસી કરવાનો શોખ લોકોમાં પોતાની મેલેજ ઊતપન થાયેછે. એક દરબાન વીસે વાત કહીછે, કે એક સીયાલાના દીવસ ઊપર પોતાની લાકડીના મથાલાં ઊપર પોતાના કુતરાનું મોહોહું કોતરવાનો તેને વીચાર થયો, તે કુતરાને જોતો ગયો અને આસને આસતે તેના કાન, આંખ, નાંખ મોહોહું ઈતીઆદી કોતરતો ગયો, તેમાં તે ફતેહ પામીયો. તેણે પોતાનો શોખ ચાલું રાખીયો અને થોડી મુદત પછી તેની હોશીયારી અને કારીગરીને માટે તેને એક સંઘરસથાનનો ઊપરી ઠેરવીયો હતો, અને પોતાના હાથના બનાવેલા નમુના તે સંઘરસથાનમાં મુકવામાં આવીયા હતા.


હાલ કોતરકામમાં પણ બાફના સાંચાની મદદ લીધામાં આવેછે. તે માંહેથી એકજ જાતની કોતરનીની પુશકલ સંખીઆં નીકલેછે. મી૦ જારડને હાલ એક સાંચો ઊભો કીધોછે નેમાં કેટલીએક જાતના હથીયારો બેસાડેલાંછે. પેહેલાં કારીગર એક નમુનો તઈયાર કરેછે અને તે પરમાંણે બરાબર સાંચો ૪—૫ તેવાજ નમુના બનાવી આપેછે. તે પાછ. કારીગર પાસે જાયેછે અને છેલી સફાઈ તે કરેછો સાંચાથી સફાઈ થઈ શકતી નથી.

. (ઉનકાડ.

---

## ગેસર નામના ઝરા.

ઊતર દક્ તરફ આ ઈસલંડ નામનું ટાપુ આવેલુંછે, તેમાં ઘણા અજાયબ જેવા ગરમ પાંણીના ઝરાછે. બે માઈલના ઘેરાવાની અંદર નજદીક ૧૦૦ ઝરા ફુટેછે. તાંહાંથી ૩૦ માઇલને છેટે હેકલા પાહાડનું જવાલામુખ માલમ પડેછે. જાંહાંથી ઝરા ફુટેછે તાંહાંની જમીન ઊપર તે પાહડ



માહેથી લાવા નામની પીગલેલી ચીજનું પર ફરી વલોયું છે. એ ઝરા માહેનો એક ઘણોજ મોટો ઝરોછે. તેનો દેખાવ એક મોટી ટેકરી જેવોછે. તેને મથાલે એક ઘણીજ મોહોટી હોજછે, તે બરાબર ગોલ નથી પણ એક તરફથી ૫૬ ફોટ અને બીજી તરફથી ૪૬ ફીટ આર પારછે અને ૪ ફીટ ઊંડાઈમાછે. તેની વચે એક ખાડો અથવા કુવો આવેલોછે, તે છેક ૭૮ ફીટ ઊંડોછે અને ૮ અથવા ૧૦ ફીટ આરપારછે; અને ઊપરથી વધારે પોહોલો થતો જાયેછે ઘણીખરી તે હોજ ગરમ પાંણીથી ભરેલી હોયેછે, અને જેમ એક કીતલીમાં પાંણી ઊકલે તેમ તે ઊકલેછે. જારે હોજ ઘણી ભરાઇ જાયેછે તારે પાંણી બાજુએથી નીકલી જાયેછે. વચમેઆરે તે હોજ તદન ખાલી થઈ જાયેછે. એ વચલા કુવા માહેથી વારેઘડીએ પાંણી ઘણા જોસથી ઘણી ઊંચાઈએ ઊડેછે. જારે એ ગેસર જોસમાં આવેછે તારે જમીનની હેઠે જોસથી પાણી વેહેતું હોયે એવો આવાજ સંભલાયેછે, કાંયેક જમીનની હેઠલ નદી અને નાલાં પુશકલ વેહેછે. જારે પાંણી બાહેર ઊડવાનો વખત આવેછે તારે દુરથી તોપના મોટા આવાજાની મીસાલે સંભલાયેછે અને તેવા આવાજા એક એક ઊપર આવેછે. તે પછી કુવામાહે પાંણી ઊપર નીચે વારેઘડીએ ચહડેછે અને ઊતરેછે, અને પછી એકદમ જોસથી પાંણીનો જથો, જાણે કે હેઠેના પાંણીથી જોસથી તુટીને, દશ બાર ફીટ ઊંચે ઊડેછે અને તેની સાથે પુશકલ બાફ પણ નીકલેછે. એ પછી બીજો જથો ૧૫ ફીટ ઊડેછે અને તેની પછવાડે પાંચ મીનીટની અંદર આસરે ૧૮ ઝરા એક એક પછી ફુટેછે, તે છેક ૫૦ ફીટ ઊંચા જાયેછે. છેલો ઝરો ઘણા જોસથી ફુટેછે અને તે પછી હોજમાહેલું સઘલું પાંણી કુવાને રસ્તે એકાએક નીકલી જાયેછે. કુવામાં ૧૦ ફીટ હેઠલ લઈને પાછું ઊપર ચહડવા માંડેછે. એ પરમાણે ગેસર અવાર 'ન

વાર ફુટેછે અને પાછું દબી જાયેછે. અને એક વખતમાં પાંચ મીનીટથી વધારેવાર ફુટવાનું ટકી નથી રેહેતું; અને પાછુ સહરૂ થવાને કદાચ ઘણા કલાક નીકલી જાયેછે. એ પાંણી કેટલીએક વખતે શોથી તે બશે ફીટની ઊંચાઈએ ઊડેછે અને જારે પાંણી કુવામાં દબી જાયેછે, તારે પુશકલ બાફ નીકલેછે. એ ફુવારા સાથે ઘણી વખતે મોહોટા પથરા ઊડેછે. કોઈ વખતે મુસાફરો અંદર પથરા નાખેછે, તે પાછા પાંણીની સાથે ઊપર ઊડી આવેછે અને હવામાં ૪—૫ મીનીટ લગી પાણી સાથે ઊડીયા કરેછે. એ ગેસર જોસમાં આવવાને ઘણો વખત કાહાડી નાખેછે અને મુસાફરોને એક બે દાહાડા લગી ખોટી રેહેવું પડેછે. હેનડરસન નામનો મુસાફર લખી જાયેછે, કે તેણે એવી યુકતી કીધી કે તે પોતાની મરજી માફક પાંણીને ઊરાડી શકે, તે કુવામાં મોહોટા પથરા નાખીયાથી પાછું, પાંણી જાંણે કે પથર નાખીયાથી તે ગુસામાં આવતું હોયે, તેમ જોસમાં ઊડેછે.

પાંણીના કુવા શીવાએ આસપાસ પુશકળ કુવાછે કે જે માહેથી માતરે બાફ નીકલેછે. તે એટલા સુધી કે સઘલું આસમાન ઢાંકી નાખેછે.

માડમ ફઈફરે એ જગા ઊપર મુસાફરી કીધી હતી અને એ ગેસરોનું બેઆન સારી રીતે દીધેલુંછે.

---

## નમરતા.

### એક અસલી બરાહમણે દીધેલી સીખામણ.

"ઓ માનવી, તું એવો કોણછે, કે પોતાનાજ દાહાપણ ઊપર ગુમાન રાખેછે ? અથવા પોતાના મેલવેલા ગ્નાન ઊપર તું શાની બડાઇ કરેછે ?

"દાહાપણ મેલવવાનું પેહેલું કદમ એછે કે તુને સમજવું કે તું કેટલો નાદાનછે; અને જો તું બીજાઓની નજરમાં બેવકુફમાં ખપવા નહી માંગતો હોયે, તો તારા પોતાનાજ ગુમાનમાં દાહાયો ગણાવાની મુરખાઈ દુર કર.

"જેમ એક સાદો પોશાક એક ખુબસુરત ઓરતને સઊથી સરસ શોભા આપેછે, તેમ એક નમર ચાલ દાહાપણનો સઊથી મોહોટો સણગારછે.

"એક નમર માણસની બોલી સચાઇને જેબ આપેછે અને પોતાના બોલો સંયોક રાખીને બોલવાથી તે સઘલી ચુક માહેથી મોકલો થાયેછે.

"તે પોતાના દાહાપણ ઊપર ભરૂશો રાખતો નથી; તે એક દોસતદારની સલાહનું વજન કરેછે, અને પછી તેનો ફાયદો લેછે.

"પોતાની તારીફ થતી હોયે તાંહાંથી પોતાના કાન ફેરવેછે અને તેને તે માનતો નથી. પોતાની પુર કાબેલીયત સોધી કાહાડવાને, તે છેલો શખસછે.

"તોયપણ, જેમ એક બુરખો ખુબસુરતીને વધારેછે, તેમ તેની નેકી તેની નમરતાના છાયા પડવાથી ખીલી નીકલેછે.

"પણ, પેલા બડાઈખોરને જો અને પેલા અહંકારીની તરફ નજર કર, તે ઊંચો કીમતી પોશાક પેહેરેછે, તે જાહેર રસતાઓમાં ફરેછે, તે આસપાસ પોતાની આંખો ફેરવેછે અને લોકો તેને જુવે એવું માંગેછે.

"તે પોતાનું માથું છલકાવેછે અને ગરીબ લોકો તરફ નજર નથી કરતો, તે પોતાથી હલકે વાધેના તરફ બેઅદબથી જુવેછે, અને તેના બદલામાં તેનથી ચહડતા વાધેના તેની ગરૂરી અને મુરખાઈ ઊપર હસીથી જુવેછે.

"તે બીજાઓના વીચારોને ધીકારેછે, પોતાના વીચાર ઊપર ભરૂશો રાખેછે અને પછી ઘબરાટમાં પડેછે.

"પોતાના ખેયાલની બડાઇથી તે ફુગી જાયેછે; ને સારો દાહાડો પોતાને વીશેજ બોલવાને અને સાંભલવાને ખુશીછે

"તે પોતાની તારીફ ઘણા લોભથી ખાયેછે અને તેના બદલામાં તેના ખુશામતીઆ તેને ખાઈ જાયેછે."

---

### જીવવાનો શોખ.

પુરવ તરફનો એક ફીલસુફ આ નીચે જણાવેલી વાત નશીયત દાખલ લખી ગયોછે તે સાંભલો.

અસલના વખતમાં આએ દુનીયાના કીરતારે અજલ ફરેસતાને ફરમાવીયુ, કે પુરૂથવીના વસનારાઓની જીંદગીમાં એક લાખ વરસનો ઊમેરો કરે અજલ ફરેસતાએ એ હુકમ પરમાણે પોતાનું રંસીંગડું ફુકીને દુનીયાની ચોતરફ ઢંઢેરો ફેરવીયો. ચોતરફથી પુશકલ લોકો એનો લાભ લેવાને માટે ભેગાં

થયાં; પણ અજાયબ જેવું એ હતું કે જે લોકો અરજ કરવા આવેલાં હતાં તે સઘલાં બુઢાં માણસો હતાં. બચાં છોકરાં ને ઢંઢેરાને કાંઈ પણ ધેયાન આપેયા વગર તરેહવાર રમત ખેલ કરતાં હતાં જુવાન મરદો અને ઓરતો પેયાર અને સુખ ચેનમાં મશગુલ હતાં, અને મધીયમ ઊમરના મરદો અને ઓરતો દુનીયાની જંજાલી અને ઊદીયોગમાં એટલાંતો રોકાયાં હતાં કે મોહોતનો કોઈને કાંઇ પણ વીચાર હતો નહી.

જેણે પેહેલે પોતાની અરજી બતલાવી, તે એક હંસો વરસથી ઊપરનો એક બુઢો મરદ હતો. ફરેસતાએ તેને પુછીયું, કે "તું તારા બચાંને ખાતર અને તારી જુવાનીના સોબતીઓ ખાતર થોડાં વરસ વધારે જીવવા માંગતો હશે?"

• બુધાએ જવાબ દીધો, "અરે અફશોસ! તેતો સઘલાં મરણ પાંમીયાંછે.

ફરેસતાએ ફરીથી પુછીયુંકે "તારી પાસે દોલત અને ઈજત ઘણી હશે?"

જવાબ દીધો જે "અરે અફસોસ, નહી! મારૂં ઈજતવાલું નામ ગુમ થયુંછે અને હું દલદરી ગરીબ હાલતમાંછું, તોયપણ હું શો વરસનો થાઊં તાંહાંસુધી મને જીવવા ગમેછે."

ફરેસતાએ, તેણે જે માંગીયું ને બખશીયું, અને તે મનમાં મઘન થનો અને ધુજતો આગલ ચાલીયો.

બીજો અરજદાર એક નબલો બુઢો માણસ કરકટીમાં બેસીને આવીયો. તેને ફરેસતાએ પુછીયું. "હું ધારૂછું કે તું દુનાયા, દરીયા અને આશમાનની ખુબસુરતીને ઘણો ચાહેછે, અને તે બીજાં થોડાં વધારે વરસ જોવા ચાહાતો હશે?"

જવાબ દીધો, "અરે, આ દશ વરસ થયાનો હું આંધલો થયોછું."

ફરેસતાએ ફરીને પુછીયું, "તું પક્ષીનું ગાયૂ અને દરીયાનો ઘોંઘાટ સાંભલીને મઘણ થનો હા અને તે વધારે વરસ લગી સાંભલવા ચાહાતો હશે?"

જવાબ દીધો, "હું બેહરોછું અને તારા રંસીાડાનો આવાજ મારે કાને સેહેજ સંભલાઓ હતો."

ફરીથી પુછીયું, "તું ખોરાક પકવાનનો ઘણો શોખીલો હશે!"

જવાબ દીધો, "અફસોસ! મારી તનદરોસતી એવીતો ખરાબ હાલતમાંછે કે એવું મારેથી ભોગવાઈ શકાતું નથી. આજ સાત વરસ થયાં દુધ અને રોટી ઊપરજ ગુજરાના કરૂંછું. હું ગરીબ અને દરદીછું."

"અને હજુર તુંને દલદરીમાં વધારે જીવવા ગમેછે; આએ જીંદગીમાં તુંને શું મોજછે?"

જવાબ દીધો, "વધારે લગી જીવું એટલોજ મને શોખછે." ફરેસતાએ તેને બક્ષીસ કરીને આગલ ચાલીયો.

તરીજી એક બુધો લુલી લંગડી ઓરત હતી; તેનાં દાંત પડી ગયેલા હતા. આંખો અંદર ગરી ગયેલી, ગાલ બેસી ગયલા, અને તેને એવોતો • ખરાબ દાંસો થયલો હતો, કે તેનેથી અરજી પણ બોલાઈ શકાઈ નહી. તે બોલી,

"હું તારી પાસે વીસ વરસ વધારે જીવવાને માંગવા આવીછું, કે જે મેં મારા ભરતાર, મારાં છોકરાં, મારાં છોકરાંના છોકરાં અને બીજા બાકીના મારાં સઘલાં સગાં વાહાલાંઓની ઘોરો ઊપર જે સરોવરના ઝાડો રોપીયાંછે, તે હું મરૂં તેની અગાઊ મોહોટાં થયેલાં જોઊં. મારા નજદીકના અને વાહાલાં સઘલાં મરી ગયાંછે. હું દુનીયામાં એખલીછું અને મારે માટે કોઇ બીજું અરજી કરનારૂં પણ નથી. હું તુંને કાલાવાલા • કરીને કહુંછું કે મારી અરજી તું બક્ષીસ કર."

ફરેસતો બોલીઓ; "જોકે હું તુંને લાંબી જીંદગી બખશુછું, પણ તારૂં દલદર મીટાડી શકતો નથી. તારી ઊપર તે ઓછું થયાને બદલે તે વધશે."

બુઢીએ જવાબ દીધો, "જારે હું જાંણુંછું કે મારી દલદરી અને દુખથી મારા વખત શીવાએ હું મરનાર નથી, તારે હું તેની કાંઇ પણ દરકાર કરતી નથી."

ફરેસતો હસીને બોલીઓ, "તારી અરજ બક્ષીછે. જા અને સુખી રેહ."

એક વીદવાન જે પોતાના એલમનું પુશતક પુરૂં કરવાને માટે થોડાં વધારે વરસ માંગવા આવીઓ હતો, તે આએ અરજીઓ સાંભલીને ધીકારથી બોલીઓ, જે "અજાએબ જેવુંછે, કે આએ પુરૂષવીને ઘણાજ બાલાતર અને દલદરી લોકો જેને જીંદગીમાં કાંઇ પણ સુખ નથી, તેને વધારે લોભથી ચાહેછે."

ફરેસતો બોલીઓ, "ચુપ રેહ, એ નાદાન માન

વી. તારે લાયકછે કે તે કીરતારની ખુબીને માન આપ, કે જેણે એવું ઠેરવેલુંછે, કે માણસ બુઢો થાયે તાંહાંસુધી જીવે; તે સાથે જોકે જીવવાનું સુખ કાંઇ પણ નથી, તોયપણ જીવવાનો શોખ આપેલોછે. જા તારી ઇછા તું લે અને તારા એલમનું પુશતક પુરૂં કર"

## સુનું.

"દુનીયાની સપાટી ઊપર આસપાસ નજર કરતાં માલમ પડશે કે, "પીલું ચલકતું કીમતી સુનું" માણસનો નાસ કરનારછે, તોયપણ તમારી નજર ફેરવતાના, કાંએક નાસનો ઊપાય પણ તેજછે. સુનું આશીરવાદ તેમ કદ્રવાછે. સુખ અને દુખ, આરામ અને બેચેની, બેડીમાં ઘાલનાર અને છોડાવનાર, બંદીખાનામાં નાખનાર અને છુટો કરનાર, બરે લોકનું કુવત અને ગરીબની નબલાઇછે. એક જણ કુવતમંદછે, કાંએક તેની પાસે સુનુંછે; બીજો નબલોછે, કાંએ કે તેને સુનું જોઇએછ. એકને દોસતદારો હોએછે, કાંએક તેઓને ગમત આપી શકેછે; બીજાનાં દોસતદાર નથી, કાંયકે તેને આપવાનું કાંઈ નથી; એકનું બીછાનું ગોલાબનું, બીજાનું એક ખડક; એકના માથા ઊપર મેહેલછે, બીજાને આકાશનું ખોલું છાપરૂંછે. એકનો પોશાક ઊંચો અને જાંબુરોછે અને તે ઊમદા ખાના ઊપર બેસેછે; બીજો ચીંથરીઓ અને ટુકરા ઊપર જીવેછે; એક મગરૂર અને તીખા મીજાજનો, બીજો નરમાશ અને તાબેદાર; એક હોકમ ચલાવનાર, બીજો આજેજ, એક માથું ઊંચું રાખી ચાલનાર, બીજો જમીન ઊપર વાંકો; એકને લાગેછે, કે દુનીયા તેને વાસતેજ બનીછે; બીજો જાણેછે કે તેનું દુનીયામાં કાંઈ કામ નથી. સુનામાં મોહોટાઈ, કુવત, ભરૂશો, મગરૂરી, હેકરાઈ, બેઅદબી, હકુમત, અધીકાર અને અખતીયાર બધો બરેલોછે; તે સાથે ઈનસાનને ફુલાવનારો, નેકીને ઊંધી વાલનાર, અને ધરમને બીગાડનારછે. સુનાનું જોર સઘલી જગા ઊપર અને સઘલે વખતે માલમ પડેછે. મોહોટા ચકલા ઊપર, અથવા ગલી ગુચીમાં, શેહેર અને ગાંમડામાં, એખલાસમાં અથવા ભર મીજલસમાં; જમીન અને સરોવર ઊપર, જંગલી અને સુધરેલા દેશમાં; માણસનાં બનાવેલા કામમાં જેમકે હાકેમનો મેહેલ અને ખેડુતની જુંપડી; ધરમનું દેવલ અને બદીના ખાંચા; દોડતો તેજદાર ઘોડો, અને ગાડીનો ખખરાટ, મોહોટા મીનારા અને સુંદર બાવલું, ફતેહનો જુંદો અને મુવેલાંની કબર.

બચાંથી તે બુઢા લોકો તેનાં તરસીયાછે. બચાં તેને ચાહેછે, કાંએકે તે ચલકતુંછે. બુઢા ચાહેછે કાંએ કે તે હાકમી ચલાવેછે. દુનીયાનાં જનમથી તે માણસનાં દીલમાં તે બેસી રહેલુંછે અને તાંહાં એક જુલમી રાજ ચલાવેછે.

તેને મેલવવાને માટે સખતો અને તંગી ભોગવેછે, દોસતદારોને છોડી દેછે, ઘરબાર તજેછે, દેશ છોડેછે. સુનાંને માટે દરેક સંકટની સાંમણે થાએછે. થંડાં દેશમાં કે જાંહાં લાંબી ઊંઘ મોહોત બરાબરછે; પાહાડો ઊપર કે જાંહાં બેસુમાર જોખમોછે, તેની ખીન અને ઢેરાવ કે જાંહાં દર પગલું ભરતાં જાન ઘાસતીમાં આવી પડેછે, અને એક ચુક ભરેલું પગલું તેને કેઈ ઊંડાઈમાં નાખી દેછે; દરીઆ, તેનાં જોખમ, તોફાન અને ડુબવું, ભુખમરો; જંગલ કે જાંહાં ખુસકી, ભયંકાર તોફાન ઈતીયાદી, તાંહાં જવાને તે બીહીતો નથી.

સઘલા દરદનો દારૂ! અસલનાં શીલસુફો તુંને સોધતા આવેલાછે કે તું સઘલાનો પીગલાવનારછે. તારો અખતીઆર તેઓ સારી રીતે સમજતા હતા, નહીતો તેઓ એટલી જેહાંમત ખેંચતે નહી.

તું જીંદગીનો દારૂછે! કાંએકે સઘલા તુંને સોધવામાંછે; સીખેલા અને ગાંમડીઆ, દાહેયા અને બેવકુફ, જોરાવર અને નબલા, નેક અને બદ, સઘલાં તારી આવવાની રાહા જુવેછે. સઘલાં તારી જવાની વકીને અટકાવવા ચાહેછે. તેઓ તારા શીવાએ સઘલી ચીજોને જવા દેછે.

તું સઘલા ધાહ અને ખરાબીનો લેપછે! આગલનાં વઈદો તુંને કેટલાંએક દરદમાં અંદર ઓશડની મીસાલે કામ લગાડતા હતા. હાલનાં વઈદો અથવા નહી વઈદો વગર અડચણે બાહેર લગાડેછે; પછી થોડું ઈયા વધારે, તે જેવો શખસ જોઇને વાત. સુનું સુના તરફ ખેંચાએછે."

### રોશની.

૧. જોરમંદ રોશની કદી આંખે જોવીજ નહી.

૨. બતીની રોશની આંખની ઊપર પડવી નહી જોઇએ.

૩. સઘલી તરેહના રંગ જોવા જોઇએ. એક રંગ જોયા કીધા પછી બીજો રંગ જોયો કે આંખને આશાયસ મલે.

૪. ધ્રુજતી બતી લખતાં અને વાંચતાં નુકસાન કરેછે.

૫. કાલી ચીજો જોવાને બતીની રોશનીથી આંખોને નુકસાન થાયેછે, કાંએકે પુરતી રોશની પડતી નથી.

૬. એક કાચ ઊપરથી પાછી નાખેલી (reflected) રોશની જોયાથી આંખને નુકસાની થાયેછે કાંએકે રોશનીનું જોર વધુછે.

૭. ઊજાસને સઘલી તરેહનું ઢાંકણ નુકસાન કારકછે, કાંએકે તેથી રોશનીની સફાઈ કમતી થાએછે એટલા માટે ગરાંઊડ ગલાસના (ખરબચડા કાચના) શેડ વાપરવાં નહી.

૮. રેલવેમાં અથવા ગાડીમાં જતાં વાંચવું નહી કાંએકે આંચકા આવેઆથી નજર થરતી નથી.

૯. ઘણી જોરથી ગાડી જતી હોએ, તારે બાહેરની રચના જોવી આંખને નુકસાન કરેછે.

૧૦. ખરી બપોરના બલુ અથવા લીલા કાચના ચસમાં વાપડવા, પણ જારે રોશની ઘણી નહી હોએ તારે વાપડવાને સારૂં નથી.

૧૧. અંધારામાંથી એકદમ ઘણાજ ઊજાસમાં જયાથી અંધાપો આવેછે.

---

### રીંછનું ડાહાપણ.

નીચે લખેલી બીના ઈરોપ ખંડની ઊતર દશા તરફ ફરનાર એડવરડ વીલસન લેનડરની મુસાફરીની તવારીખમાંથી ઊતારી લીધીછે. એ ઊપરથી હેવાનની સમજ માણસજાતની સમજ સાથ કેટલી મળતી આવેછે તે આપણને માલમ પડેછે.

સવીડન દેશમાં એક માણસ રાની મરઘાનો શીકાર કરવા નીકલીઓ હતો. એ મરઘો જાતે ઘણો બીહીકણો રેહેછે; વાસતે માણસના હાથમાં કદાચજ આવી શકેછે. એક રૂતુમાં એ નારી જાતને મળવાને ઘણોખરો બાહર ફરેછે તારે શીકારીઓ તક લઈ એનો શીકાર કરેછે. એવી રૂતુમાં એ મરઘો પરોઢીઆમાં પોતાનું ગાએણ શરૂ કરેછે, અને ગાતાં ગાતાં પોતે ગીતમાં એવોતો ગીરફતાર થઈ જાએછે કે પોતાની પાંખો જમીનપર ઝુલતી નાખી "કલક ! કલક ! કલક!" બોલતો દોડતો ફરેછે, અને આસપાસની ચીજો ઊપર મુતલક ધીઆન આપતો નથી. એવીજ વખતે શીકારી તેને પકડી શકેછે. એ પખશી એવી રીતે થોડીજ પળ સુધી રેહેછે તેટલાંમાં જો નહી ધરાઈગેં તો પછી પાછો એવો વખત આવે તાંહાંસુધી શીકારીને ખોટી રેહેવું પડેછે.

હવે ઊપર કહેલો માણસ એ પખશીને ધરવાને સવારના પોહોરમાં નીકલીઓ હતો, તે વખતે ધુમસ એટલું પડતું હતું કે પોતાની સાંમે થોડાં પગળાં દુર સુંછે તે જોઇ ન શકતો હતો, અને પેલાં પખશીનો "કલક કલક" કરતો અવાજ જે તરફથી આવતો શંભળાતો હતો તે તરફ પોતાના પગળાં મેલતો હતો. એજ વખતે એવું બનીગેં કે એક રીંછ પણ એ મરઘાનો શીકાર કરવાને પેલા માણસની માફક આગળ વધતું હતું. પેલો માણસ ધુમસના સબબથી કાળાં ધાબાં શીવાએ બીજું કંઈ જોઈ શકીઓ નહી, પણ એટલું જોતો હતો કે જે રીતે તે આગળ વધતો હતો તેજ રીતે તે પણ આગળ ચાલતું હતું. જો પેલાં પખશીનો અવાજ બંધ થતો તો પેલા માણસની માફક પોતે પણ ઊભું રેહતું. એ વખતે પેલો શીકારી મરઘો ધરવાને એવોતો ખંતી હતો કે પેલાં કાળાં ધાબાંની કંઈ તપાસ કરીઆ વગર આગળ વધીઓ, અને જેવો પેલાં પખશીને ધરવાને કુદેછે તેવામાંજ પેલું રીંછ પણ કુદવા જતું હતું તેથી તેઓ બંનેની નજર એક થઈ એક બીજાને એમ જોવાથી તેઓ પાછાં હઠીઆં. પેલા માણસે જોઈગેં કે હાથમાંથી શીકાર જવાનો એટલુંજ નહી પણ જો રીંછને એમનું એમ શીકાર લઈ જવા દીધુંતો હું નામરદમાં ખપીશ. એવો તે વીચાર કરે તેટલામાંજ પેલું રીંછ ઘુરકતું અને જમીન પરનું ઘાસ તોડતું તોડતું તેની સાં

મે થઈઊં. પેલા માણસ પાસે બંદુકમાં એકજ ગોળી હતી તોપણ તે રીંછ તરફ ફેડી અને જીવ લઈને નાહસી ગયો. ઘર જઈ પોતાના હથીઆર લઈ એજ જગા પર તે પાછો આવીઓ અને જોએચતો પેલું રીંછ સુવેલું પડેલું હતું.

આ વાત ઊપરથી માળમ પડેછે કે હેવાનમાં જે ખુદરતી સમજ હોએછે તે માણસ જાતની અકલને એવી રીતે મળતી આવેછે કે ખોદાના દાહાપણની વખાણ કરીઆ વગર આપણથી રેહવાએજ નહી. માણસ કે જે બધી ઊતપંતીનો સાહેબ કેહેવાએછે, તે જે ચીજ પોતાની અકલના દોરથી તથા અનુભવથી મેળવી શકેછે તેજ ચીજ મેળવવાને ખુદરતે હેવાનમાં આગળથીજ સમજ મેળી હોએછે.

## પરચુંટણ.

**બરફના ગુફા**—ફરાનસ અને સવીટઝરલાડ દેશમા હાલ મોહોટા બરફના ગુફા માલમ પડીયાછે. તાહા ખુદરતથીજ બરફ બનેછે અને હમેશા તેનો ભંડાર થઈને રેહેછે. પાહાડની ઉપર કેટલાએક હજાર ફીટ ચહડીયા પછી એકાએક એક ભોક માલમ પડેછે અને અંદર પેવસ થતા એક મોહોટો ગુફો નજરે આવેછે. ગુફામાં અજાયબ જેવો દેખાવ જેવામા આવેછે, બરફની દીવાલ, થાંબા, પતરા, અને બીજા હજારો તરેહવાર આકાર નજરે પડેછે. એ ગુફા એવી જગા ઉપર આવેલાછે કે તાંહાં સુરજનું તડકું તે ઉપર પડતું નથી, અને ઉનાલાના દીવસ ઉપર ગરમ પવન પણ ફુકતો નથી. થંડીના દીવસ ઉપર આસપાસની જમીન માહેથી પાંણી ગલેછે અને તાહા બંધાયેછે.

**જારે** પઈસાવાલાની દોલત ગુમ થાયેછે તારે લોકોની નજરમાં તેનો ચેહેરો ઓલખાતો નથી. વલી જારે દોલત પાછી આવેછે, તારે તેનો ચેહેરો આગલના જેવો દેખાયેછે અને લોકોને માલમ પડેછે કે તેતો તેઓનો જાંની દોસત થાયે (!)

**હાથીદાંત**, સીંગડાં, હાડકાં ઈતીયાદી ખુદરતી ચીજો હુનરાતમાં ઘણાં કામ લાગેછે, પણ એ ચીજોને મળતી અને તેઓને બદલે ચાલી શકે એવી એક ચીજ હાલ બનાવવામાં આવેછે. ગટા પરચાના નાહાનાં કટકા કરીને કલોરોફારમમાં પીગલાવવા. સઘલા પીગલી રેહે પછી તેમાં કલોરીન નામની ગેયાસ પસાર કરવી, તેથી તેનો સઘલો પીલો રંગ થઈ જશે, તે પછી સઘલાને આલકાહોલ (જલદ ઈસપીરીટ આફ વાઈન) થી ધોઈ નાખવો. એ પછી તેમાં જરા પાછો કલોરોફારમ નાખીને હીલવવું અને તેની સાથે ચોક, સંગેમરમર, સરેદો, ઈતીયાદી ચીજ ઝીણી બારીક લુકો કરી મેલવીને ગુંદવું અને તેને ખુબ દબાનમાં રાખીને તેના ચોસલાં બનાવવાં અને તેને પછી કામમાં લગાડવું. એના બુટાંઉ, છરીના હાથા બનાવેછે અને હાથીદાતની મીસાલે તેની સફાઈ આવેછે.

**જરમની દેશના** હીલડેલબરો નામના શેહેરમા એક મોહોટુ પીપછે. તે ૧૧૨ પાટીઆનું બનાવેલુંછે, પાટીયા ૨૭ ફીટ લાંબાંછે. પીપંનો વેયાસ ૩૬ ફીટનોછે, તે ૧૬૬૧ ના સાલમાં બનાવવામાં આવીયું હતું. તેમાં ૮૦૦ હાગજેડ (એટલે ૫૦૪૦૦ ગેયાલન) ભરીને દારૂ સમાયેછે. એટલો દારૂનો જથો એક સમે ૮ દીવસમા લોકો પીઈ ગયા હતા!

**સઘલા દેશમાં** ભાડુતી ગાડીવાલાઓનો જુલમ ઘણો છે અને વારેઘડીએ ભાડા વીશે ભાજગડ પડેછે. ગાડીવાલાઓ ગલે પડીને વધારે ભાડું માંગેછે એટલુંજ નહી પણ પોતાના ધણીને ઠગેછે, અને જેટલી કમાઈ કરી લાવેછે તેટલું આપતા નથી. હાલ પારીસ શેહેરમાં એવી યુકતી સોધી કાહાડીછે કે તેથી એવા વાધા જલદીથી દુર થશે. ગાડી સાથે એવી કરામત જોડવામા આવેછે, કે જેથી જેટલા માઈલનો ટપો લીધો હોવે તે સેહેલથી દેખાડી આપેછે, એટલુંજ નહી પણ એટલો ટપો લેતા કેટલો વખત લાગો, કેટલી વખત ઉભો રહેયો, અને દર વખત ઉભો રહેયો તે કેટલો વાર લગી, તે સઘલુ દેખાડેછે. એથી ધણીને જલદીથી માલમ પડેછે કે આખા દાહાડામાં કેટલી મુસાફરી કીધી અને દર મુસાફરીએ કેટલો વખત લાગો અને કેટલો ટપો લીધો.

**માગનીસીયમ** નામની ધાતુનો તાર હાલ હુનરાતમા ઘણો કામમાં આવેછે, એ તારને બાલીયેછ તારે ઘણી ઝલઝલીત રોશની નીકલેછે, એ રોશની સુરજની રોશનીને મલતી આવેછે અને એટલા માટે એને ફોટોગરાફીમાં રાતની વખતે સબી લેવાને કામમા લગાડેછે. એ તાર વેયાસમાં એક ઈંચનો એક હજારમો ભાગછે અને એટલો પાતલો તાર ૭૪ મીનબતી (એક રતલની પાંચ) ના જેટલી રોશની આપેછે, એક મીનીટમાં નજદીક તરણ ફીટ તાર બલી જાયેછે, અને એક કલાકમાં પા ઉંસ બલેછે, અને તેની કીંમત સવા રૂપીઓ થવા જાયેછે. એ તારને બાલીયાથી પુશકલ માગનીસીયાનો બારીક ભુકો ધુમાડાના નીકલેછે અને તે હવાને બીગાડેછે, એટલા માટે જારે એને બાલવામાં અવે તારે ધુમાડો સેહેલથી બાહેર નીકલી જાયે એવી કરામત કરવી જોઈયે. સુરજની રોશની કરતા એની રોશની પરપ ઘણી કમતીછે.

**આગરા શેહેરમાં** ઈગરેજોના હાથમા એક તોપ મલી હતી તે ૧૪ ફીટ લાબી હતી અને તેનો ભોક ૨૨ ઈંચનો હતો. તેનુ વજન ૧૦૩૯૩૨ રતલ હતું અને તેના લોહોડાના ગોલાનું વજન ૧૪૯૪ રતલ હતું.

**જરમની દેશનાં** અલમ નામના શેહેરમાં એક મોહોટી "આરગન" (વજનતર) છે, તે દુનીયામાં સઉથી મોહોટીછે, તે ઉંચાઈમાં ૯૩ ફીટછે, પોહોલાઈમાં ૨૮ ફીટછે,

તે માંહે ૧૬ પંમણુ ફુકેછે અને સઉથી મોહોટી નલી ૧૩ ફીટ વેયાસ્નીછે.

---

**યુનાની ફીલસુફોની કેહેવતો**—જે કમબખતી ખમો નહી જાણે તે ખરેખર અભાગીયોછે. જે ચીજ મલી નહી શકે તે ઉપર હાંફો કરવો અને લોકોના દુખની દરકાર નહી કરવી એ બેઉ રોગીશ મન બતલાવેછે. આશા હમેશાં મીઠીછે. દોસતદારોની ભાંજગડની વચે પડીયાના કરતાં દુશમનોની ભાંજગડમાં વચે પડવું વધારે સારૂંછે; કાંયેકે દોસત માહેથી એક દુશમન થશે, અને દુશમન માહેથી એક દોસત થશે. ઘણાખરા માણસો ખરાબ હોયેછે, ઈમાનદારીથી ચાલજો.

બાઈઅસ.

---

## રમુજે ફુરસત.

૧ લું—એક વસતુ વેલાતી નહી ચીનાઈ,
જણાય પમરતી જાણે મીઠાઈ,
જાય બમાંથી જલદી કરડાઈ.
પાંણીની સાથે પેહલાં પસરાઇ,
આપે સુગંધ સાથ સારી સફાઈ.

ગંધ, ગલીચી, ડાગ મેલાઈ,
કાહાડે ચીકણાઇ કરે સુગડાઇ.
આ વસતુછે કીમતી દવાઈ,
અંગ રોગ જાયછે રૂઝાઈ.
ઘર ઘુમડાંને કીર અરાઈ,
સરવ જાયછે સેહેલ સુકાઇ.

૨ જું—ખુશનમા ખવાસનો અને રંગીન એક મેવો સદા બેરંગીન નામ રાખેછે તે શું?

૩ જું—બાઇઓ.
તમ સાત સાધો સતર તોરો,
ભાંજો નહી તો ખોખરાં કરો.
પણ હું કોણછું પતલી કાંણીબાઈ,
ફાટાં તુટાં જોડુ પતાવી વાહી.

૪ થું—જો ૩ ફીટ લાંબા એક લાકડાંના કટકાથી પાચ ફીટનો છાએઓ પડેછે તો એક મીનારો જેનો છાએઓ ૧૯૦ ફીટનો પડેછે તેની ઉંચાઇ કેટલી હોવી જોઇએ!

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—મીઠું.
૨ જું—૮—૧૨—૫—૨૦
૩ જું—રબર.

## ભોળા માણસ વિષે.—૫૯.

"પ્રભુ તને પ્રરાંન તે કેમ થાશે"—એ રાગનુંછે.

ભાઈ, જન ભોળા જે ભૂતળમં;
સમજે નહિ સવળ અવળમાં, ભાઈ જન૦ ટેક.

જ્યાં જેવી સોબત ત્યાં જઈને, તરત ગરક તે થાય,
જેમ ગંગાજળથી, મદિરાથી, માટી પલળી જાય, ભાઈ૦

સત્ય અસત્યનિ સમજણુ નહિ, સમજે નહિ સાર અસાર;
છાતિએ ગાઠ પડી નવ છૂટે, હિકમત કરો હજાર, ભાઈ૦

હસે, રૂએ, કે હઠ પકડે, વણુ કારણુ કરે લડાઈ;
વણુ સમજ્યા વીવાદ કરે, તે ભોળા કહિએ ભાઈ, ભાઈ૦

ભૂત પ્રેતની ભ્રમણા રાખે, મંત્ર જંત્રને માને;
સઘળી વાતો સાચી માને, કથન પડયાં જે કાને, ભાઈ૦

રૂપું આપી સોનું કરાવે, કોઈ કિમિયાગર પાસે;
સોનું બનત તો તે શિદ રખડત, ભોળાને નવ ભાસે, ભાઈ૦

વગર વિચાર ઉચાર કરે પણુ, જોગ્ય અજોગ્ય ન જાણે;
શુભ રીતે શીખામણુ દેતાં, ઉલટો અવગુણુ આણે, ભાઈ૦

મનસૂબા બહુ મોટા રાખે, જોગ બને નહિ જેનો;
પોતામાં જે ગુણુ નહિ પૂરો, ધરે ગરવ ઉર એનો, ભાઈ૦

ભોળા ભૂપતિની ભમીમાં, પ્રજા અધિક પીડાય,
ચોરિ કરીને ચોર જતો રહે, જોગી મારયો જાય, ભાઈ૦

અજ્ઞાની અજ્ઞાન પણાથી, વચન ઉચારતાં ચૂકે;
ભોળા જન ભીતરમાં ખીજે, મહા જુલમ કરી મૂકે, ભાઈ૦

ભવિષ્ય કારણથી ભોળપણું, એતો સઉમાં આવે;
ડાહ્યા પણુ બનિ જાય દિવાના, ભવિષ્ય જે ભૂલાવે, ભાઈ૦

ભોળા થઇને સ્વારથ સાધે, તે કહિએ ઠગ, ભોળા;
ગાગરને સાટે લઈ જઈને, ગરક કરી દે ગોળા, ભાઈ૦

કામ કરી પસ્તાવું પડે પછિ, કરેજ એવાં કામ;
ભોળાને ભીતરમાં બુદ્ધિ, દિસે ન દલપતરામ, ભાઈ૦

---

## પોંહોંચ.

"પતીવરતા" બોલ ઊપર કેટલીએક બાઇઓનાં પતરો લખાઇ આવેઆછે તે ઊપર આવતા આંકમાં ધીઆન આપેઆમાં આવશે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. મેએ ૧૮૬૭ આંક ૫ મો.


## સેનાહ શેહેરનો કીલલો.

### ભાગ ૩ જો.

મેહેરબાનુ પોતાની માની ગેરહાજરીમાં ઘણીજ પેચેને થઈ ગઈ. પોતાના ભાઈના દુખદાયક મરણથી તેણીની કુંઅળી છાતી તીરની માફક વીંધાઈ ગઈ હતી. પરીચેહેરને વાસતે તે ઘણીજ આરજુમંદ હતી, અને તેના બાપે તેની માને જે બરમ ભરેલા શખુનો કહયા હતા તેથી તેનું મંન ચીંતાતુર હતું. આવી હાલતમાં તે બેઠી હતી, એવામાં દીલબર નામની તેની એક જુવાન દાસી ખબર લાવી કે પરીચેહેર પર શોધાશોધ પડેછે, અને તેનું કસું માલમ પડતું નથી. ચાકરોને મોહોડેથી સાંભલેલો પેલા બેકુત્નો હેવાલ પણ મેહેરબાંનુએ શાંભલયો, અને દીનીઆરના દઈતની વાત પણ દીલબર પોતાની સેઠાણીને કેહેવાને ભુલી નહી. દઈતની વાતથી મેહેરબાંનું એટલીતો હેલતી કે પોતાની મા આવે તાંહાં શુધી સુવા ન જવાનો તેણીએ ઠેરાવ કીધો, અને પોતાની દાસી સાથે વાત કરવાનું જારી કીધું. મેહેરબાનુ બોલી કે "દીલબર માહારૂં મન આજ ઠેકાણે નથી. આજ ભુદા પંથકીની માહારા બાપને શું ગરજ પડી તે હું સમજી શકતી નથી." બોલી દીલબર બોલી કે "હા સેઠાણી એનું કારણ હું સમજી; તહમારા બાપની ગાદી તહમારે હસતક થશે તેથી પાદશાહ તહમારાં કારજની ધામધુમમા હોશે. હા સેઠાણી હવે તહમે કોઈ પાહાદશાહને પેર જશો, અને પછી ગરીબ દીલબર પર વાખા પડશે."

મેહેરબાંનુ—દીલબર તાહારા વીચાર અમસથકા ભમેછે. માહારા બાપનો વળી માહારી ઉપર એટલો બધો શું પેપાર કે હાલની હાલ માહારી શેહાદીની ગરબર કરે! ઈશવર માહારો મેહેરબાનછે. માહારો બાપ મહને તીરસકારથી જોયછ, પણ માહારી હેતવંતી મા મહને દીલોજાનથી ચાહેછે. દીલબર, જુવાક માહારી ઉપર ગમે એવી જફા ગુજારે તોય પણ માહારૂં પેટ સઘળું ઓગલવાને ઘણું મોટું છે, પણ જારે માહારી નેક માતા પર જુવાક જાસતી કરેચ અને તે જારે દમ રૂદી શધણું સોસેચ તારે માહારીથી ખમાઈ શકાતું નથી.

દીલબર—ખાઈ દુનીયાંનો એવોજ સરેસતોછે. ભર

તારો પોતાની મોહોરદારોથી કંટાલે એટલે તેઓને રૂખશત આપવા તેઓ વીચારેછે. જુના જોડા પણ બદલવાને વીલમ લાગેછે, પણ ઓરતો બદલવાનો વીલમ લાગતો નથી.

મેહેરબાંનુ—તારે મહને પણ એવો ભરતાર મલે તેથી દીલબર પરણવુંજ નહી એ કેહેવું બેહેતર!

દીલબર—પણ સેઠાંણી "નહી મામાના કોણું મામા" એ કેહેવતછે. બુરખો નાખી જોગણનો વેશ ધરવો તે કરતાં જાલમી ભરતાર સાથે સંસારમાં પડવું ડાહાપણ ભરેલું છે—પણ બાપરે સેઠાંણી આએ અવાજ શાંભલેઓ!

મેહેરબાંનુ—એતો પવનનો શોસવાટોછે; કાંઈ હજાર વખત હું સાંભલું છું—પણ દીલબર તું જાણેછેતો ખરી કે કેટલી સારા સારા પાહાદશાહોની માગણી જુવાકે રદ કીધીછે?

દીલબર—પણ સેઠાણી જો કાલે પાદશાહ તહમુને ભરકચેરીમાં બોલાવે અને આપણી અગાસીપર કેકાઉસ પાહાદશાહની તસવીરછે તેનેજ મલતો એક જુવાન ખુબસુરત શાહાજાદો તહમુને દેખાડે જેના દુધના દાંતતો ખરેલા નહી, જેની આંખતો જાણે કાલી ભમર, જેના હોથતો જાણે રાતા પરવાળાં, જેનું નાકતો જાણે સરોવરનું ઝાડ, અને કેહે કે આ તહમારો ભરતાર તો ગરીબ દીલબરને શું સરપાવ આપો?

મેહેરબાંનુ—દીલબર આજ પછી કેકાઉશનુ એવી બાબદોમા નામ લેતીના. હું તે માહાપુરૂશની અરાધના હર પલે કરૂંછું. માહારી માતાએ જે એ નેકબખત અને રોશન તાલેના પાહાદશાહ વીશે હકીકતો કહીછે તેથી હું દર બામદાદે માહારી ભકતી તેની સનમુખ ઉભી રહી ગુજારૂંછું; અને દર સાંજે તેની ઘોર ઉપર હું ફુલની જાલી ગુંહુંછું.

દીલબર—પણ સેઠાણી કેકાઉશ બાહાદશાહ સાથે તહમુને મુતલગ સગપણતો જોવામાં આવતું નથી. અને તે કાંઈ સાધુ ન હતો કે માહરાણી માહાબાનું પોતાની બેટીને તેની ઘોરપર રોજ ફુલ ગુંઠવાની તાકીદ કરે! હુંતો હંમેશ પાહાદશાહ જમશેદનું નામ દઈ વીનંતી ગુજારૂંછું કે ચંદરોજમાં મહને પણ ભરથાર સુખ મલે.

મેહેરબાંનુ—એનો બરમ કોઈ પણ દીને માહારી માતાએ માહારી આગલ ખુલીઓ નથી. પણ મેહેરામના ભ

લાપામાં માહારાં માએ રૂદન કરતાં હતાં તાહારે તેવણના

મોહોનાથી અછડતા શબદો નીકલી પડયા જયી થોડો ઘણો ભેદ મેહુને મલીઓછે.

દીલબર—માઈ તે ભેદ મહને કેહેશો ?

મેહેરબાંનુ—નહી દીલબર નહી, આપણા મા બાપની ભુલનો આપણને લાભ લેવો ઘટે નહી. છોકરાઓની ફરજછે કે પોતાના મા બાપની આગ્નામાં રેહેવુ અને જે તેઓ આપણને જણાવવા માગતાં નથી તે જો અકસમાતથી આપણને જણાય તો ફરજ આપણી કે આં કાણે શાંભલી બીજે કાણે તે કાહાડી નાખવું.

દીલબર—માહારી ખાતરીછે સેઠાણી કે તહમારા આવા સરભાવથી રાણી દાખલ રાજ કરેઆને બદલે તહમો જોગનોના મથમાં વેહેલા ભોગવશો. પરીચેહેર માહારી આગલ શઘલી વાત દીલ ખુલી કરેછે. સઉમાં ભેનાયલાં રેહે તેનુ ખોદા સારૂં કરે. છુપી વાતતો મનને પજલાવીયા કરે ને કલેજું શઘલું બાલી જાલી ખાખ કરે. એક ખુબસુરત સીપાઈ એક દાહાડે મેહેલમાં આવેઓ તાહારે પરીચેહેર મહને કાણે લાગીને કેહેચ "દીલબર બેહેરામબીએના જેવો રૂપાલો હોયતો કેવું સારૂ !"

મેહેરબાંનુ—દીલબર ખબરદાર ફરીથી માહારી આગલ તેં કાઈની ગીમત કીધીતો. પરીચેહેર મીજાજે રમુજીછે, પણ ઈયાદ રાખજે કે તેનું અંદરનું ભીતર ઘણુંજ સાફુદછે. તાહારો પટપટતો ખવાસ જાણીને પરીચેહેરે રમુજ ખાતર માતર તાહારી ઠેકરી કીધી હશે.

દીલબર—(ચોકીને)——પરવરદેગાર ! બાઈ આએ અવાજ શાભલીયો ?

મેહેરબાંનુ—હા મેંબી સાંભલીયો, પણ હું ધારૂંચ કે અમથી એ આપણી કલપણાછે દીલબર તું મહનેબી ગભરાવી નાહીંમતવાન કરેછે. દીલબર વારૂ નીચે કોઈ સુવેછે ?

દીલબર—નહી સેઠાણી. તહમારા મરનાર ભાઈનો મુનશી જારથો ડુબી મુવો તાહારથી એ જગાએ સુવાને કોઈએ હીંમત ચલાવી નથી બાઈ ખચીતથી ઈયાદ રાખજો કે બેહેરામ તથા તેનો મુનશી ભુત થઈને આ નીચેનો ઓરડો જગાવેછે ખોદાખાતર માઈ ચાલો આપણે તહમારી મા પાસે દોડીએ.

મેહેરબાનુ—દીલબર હું તુંને સોગંદ આપી ફરમાઉંચ કે હાંવાથી જરાબી હીલતોના. જો તેઓ દુખીઆરા હોશેતો તેઓને સવાલ કરી આપણે તેઓનું દુખ મટાડશું. તેઓ આપણા એક બાપને પણ ઈજા દેનાર નથી કારણ કે આપણે કોઈ દાને તઓને ઈજા દીધી નથી. એ વાચા બેહુ જણાંએ એ પોતાની નાચેના ઓરડાનું બારણું ધણુંકરાથી ઉઘડતું સાંભલીયું. અને થોડાવારમાં કોઈના સુંદર ગાવાના ગગેદો કાને પડયા મેહેરબાનું બોલી કે "આનું મીઠું ગાણું કદીબી કોઈ જુવાનના મોહોથી નીકલે નહી તે દીલબર તું સાંત કરી જાશુજે. આ બારી ઉઘાડ કે એ સુંદર ગાયકથી માહારૂં ચેયેન દીલ ખઘન કરૂં" દીલબરે બારી ઉઘાડવા ના પાડેઆથી મેહેરબાનુએ પોતાને જ હાથે બારી ખોલી. પણ ગીતના અવાજ તદન બંધ પડેઆ તેથી મેહેરબાંનુએ ખંખાર નાખીને મોટે અવાજે પુછીયું કે "એ નીચે કોણછે ? બોલ મહને જવાબ દે." એક સખસે જવાબ દીધો કે "મેહેલનો અંદર રેહેનાર હું એક બેગાનો પુરૂશ છું." મેહેરબાનુએ ફરી પુછીયું કે "તાહારૂં નામ શું અને આ મધ રાતે મેહેલના દરવાજા શઘલા બંધ છે તાહારે તુંએ અંદર આવવાની કેમ તાકાદ ધરી ?" પેલા બેગાના પુરૂષે જવાબ વાલીયો કે "આ જગા ઉપર હું માહારી ખુશીથી ભટકતો નથી. હું નીશચય દીલગીરછું કે માહારાં રૂદનના ગીતથી તહમારી ઉંઘમાં ખલલ થઈછે, મહને કોઈ શાંભલશે એવી સુરતા રહી નહી. ઉંચે આ જ કેટલાક દીવસ થયા માહારી સંગાથે વેર ધરીયુંછે તેથી માહારૂં ચેયેન બીછાણું છોડી બરી બામદાદ માટે રાહ જોતો હું ઉભો છું કે યુરોપનો અમલ થાયતો માહારા બંદીખાનાની બેડીઓ તુટે." મેહેરબાંનું બોલી કે "હે બંદીવાન ખરેખર તાહારી હલીત દુઃખ ઉપજાવનારછે. જો જરની તુંને કમી હોયતો માહારી કોઠલી તાહારે માટે તઈયારછે." પેલો બેગાનો પુરૂશ બોલીઓ કે "હું જર શુંછે તે મુતલગ જાણતો નથી અને ઈશવરની મરજીની સામે થવા હું માગતો નથી. જો તે અજીમ ખાવંદની એવીજ મરજી હોય કે આ બંદીખાનામાં હું માહારો જનમારો પુરો કરૂં તો તેની મરજીપર માહારે શુકરછે. હું હજુર જુવાનછું અને માહારૂ પોશાન કરવાને માહારી બાજુ ઓસતવારછે. માહારે હઈડે ગમ ચોંટેઓછે પણ તે માહારે માટે નહી પણ બીજાઓને માટે." દીલબર ખુબખની માફક બોલી કે "હાહા સેઠાણી હવે મહને સહમજ પડી. આ બેગાનો પુરૂશ કોઈ નહી પણ પેલો જુવાન ખેડુતછે અને તે કોઈ નાજની સાથે મોહોબતમાં ગીરફતારછે તેથીજ કરી એમ બોલેછે કે માહારે હઈડે ગમ ચોંટેઓછે. સેઠાણી ચાલો આપણે એને આવા અવલા સવાલો નાખીએ કે જયી એના અંદરના ભીતરની વાત આપોઆપ બાહાર નીકલે. તહમુને તે શાહાજાદી દાખલ ઓલખતો નથી પણ માહાબાનુંની એક દાસી દાખલ જાણેછે." મેહેરબાનું બોલી કે "દીલબર તાહારી જીભલી ચપાડ. આપણે ઘર આવેલા પરોનાનો ભેદ પુછી લઈ તેને હંકારી કાહાડવો એ બારી દોનખી કરતુકછે.

"હે બેગાના ઘરસથ જો તાહેક તાહારા પગમા બેડી હો કાઈ હોય અને તાહારો છુટકારો જો રાણી માહાબાનુંના હાથમા હોયતો દીલથી ધીરજ ધરજે કે તાહારી દાદ લાગે આ વના રેહેનાર નથી. બરી બામદાદમાં જગગોદી એક ત રફ તાહારો રમનો ઘર, અને પાહાદશાહ કેકાઉસના મંદીરના ગુમતાસર નામે એક જઈફ દસતુર રેહેછે તેના પગઆર તાહારૂં માથું નેવી કાકતુદી કર, કે રાણીને કાણે તે દાવર તાહારી ફરીયાદ પોંહોંચાડે હું તાહારી રૂખસત લઉંછું કારણ કે આવી મધરાતે એક બેગાના અખસ સાથે ગોફતેગોમાં ગુંથાવરૂં હું ના દરૂસત ધારૂંછું." પેલો બેગાનો પુરૂગ તે ગીતો કે "હે નામવર બાનું એક પલવાર થોભો માહારા સવાલનો જવાબ કરીતો મુજ ગીગકીનાર ગોઠડી રેહેમદીલી થાય."

મેહેરબાનુ બોલી કે "સેનાબીથી બોલ હુંમ શુ પોકાર કારદો." પેલો બેગાનો પુરૂશ બોલીઓ કે "હે સુંદર નાજની

ગુસતાસપ—એઇ જુવાન બેહુત !
જુવાક—હઃ હુઃ એ મંડાલ ગુસતાસપ તુંજ તુંજ તે
એના કામ મરીતરમાં સામેલછે.
ગુસતાસપ—નામવર પાહાદશાહ આ તહમારૂં તે
હોમત તમામ ગલતછે. કેઆમતને દીને દોજખમાં થાય
ઠાર જો આ વાતથી હું વાકેફ હોઉં. હું આજુજી કરી વી
નંતી કરૂંછું કે પરીચેહેરને માંહારાજ મંદીરમાં રેહેવા
દેઓ કે પુરૂથવીની લાલચ હરદમ તજી ઇશાવરની બંદગી
માં હરદમ મશગુલ રહી બેહેસતના બારણા પોતા માટે ખુ
લલાં કરે.
જુવાક—બુદા તાહારી ધચપચ એક કોરે મેલી પરી
ચેહેરને હીંયાં મેલીજા નહીતર ઇયાદ રાખજે કે જુવાકની
પાંથરેલી જાલમાં કોઇ સપડાયા વગર ખાલી નથી.
ગુસતાસપ—માહારી ફરજ છે કે પરીચેહેરને મેહે
લમાં આવતાં અટકાવવી. આ બાલને એબ લાગે જો ખુદા
ના ઘહરમાંથી કોઇને હાંકી કાહાડું; બીન વાલીઓનો હું
વાલી છું, અને પરી ચેહેરને હું તેણીના બાપને સવાધીન
કરીશ.
જુવાક—હું તેણીનો બાપ અને વાલીછું અને હું
પરીચેહેરને માંગુછું.
ગુસતાસપ—ઇશાવરની મરજી નહીન કે પાદશાહ
જુવાક પરીચેહેરનો વાલી થાય, તેથીજ બેહેરામ અચણુચ
મારેઓ ગયો. જાહરે ઇશાવરનીજ મરજી નહી તાહારે મજ
સરખા ઇશાવરના એક નોકરની મરજી કેમ!
જુવાક—જબાંદરાજ ! જીભલીને લગામ કર નહીતર
આજ ઘડીયે હીયાં તું જુમીદા થશે..
વાદલ ઘણુંજ ઘેરાતું ગયું તેથી ડાહાપણ કરી માહા
બાંનુએ ઓરડામાંથી રખશુદ લીધી.
જુવાક પાછો ઠંડો થઇ બોલીઓ કે "ગુસતાસપ મ
હને લાગેછે કે પરીચેહેરે સઘળી બીનાથી તુંને વાકેફ કી
ધોછે. હવે મહને શાંહભલ અને તાહારા પાદશાહને તા
બે થા. માહારાં રાજની સલાંમતીને માટે, માહારાં પોતા
ના નામને માટે, અને માહારી પરજાના કલેઆણને માટે
મહને એક પુતરતો જોઇએ એતો બોલલુંછે. માહાબાંનુ
ને પેટે પુતરની આશા રાખવી એ પાણી વગોલીને માખ
ણની આશા રાખેઆ બરાબરછે, તેથી મેં માહારૂં હેત પરી
ચેહેર પર બાંધીઉંછે. તું બોદા ખાતર તેણીને હીયાં લઇ
આવ, પણ એટલુંજ નહી હજુર ઘણું કરવાનું બાકીછે.
માહાબાંનુ તાહારાજ હાથમાંછે જેમ તું રમાડશે તેમ તે ર
મશે. કાંઇબી કરી તેણીને તાહારા મંદીરમાં લઇજા અને
ધુતમધાતમ સમજાવી હમારો લગણનો ગાંઠ છુટો પાડ.
એટલું કર, અને બુદા ગુસતાસપ, તાહારી તીજોરીમાં આએ
નહી એટલું દરવીય તુંને સપુરદ કરવા હું તઇયારછું. પ
છી માહારો પરધાનબી તુંજ, દોસતબી તુંજ, અને ભાઇ
બી તુંજ. માહારી તીજોરીની કુંચી તાહારા હાથમાં સોંપીશ,
અને માહારાં રાજની લગામ પણ તુંને આપવા ચુકનાર નથી.
ગુસતાસપ—સેતાનીઅતી જુવાક, માહારી જીંદગી
માટે હું ડરતો નથી. હેફ એ કંગાલ રાજા, દઇતાનો ૯
ઇત, નહી આદમ, હેફ તાહારી જીંદગી પર. ગુનરને તુંજ
પર હરદમ સેતમ. માહાબાંનુ પર ઇશાવરની આહાછે તો
તજ સરખા મગતરાંથી કુચ થઇ શકતુંજ નથી. તાહારી
વફાદાર નેક અને અસીલ બાંનું છોડી હેવાનની મીથાલ તું
તાહારી બેટીપર તરાપ મારે, પણ તતકાલ જમ તાહારીપર
તરાપ મારી એક પલવારમાં તુંને હોશ વગરનો હીયાં મે
લી દેશે. હું હું પરીચેહેરને તાહારી જાલમાંથી મોકલી
કરીશ અને ઇશાવરનો હાથ તે રાંક છોડીપર હરદમ લંબા
વેલોછે. માહાબાંનુંને તજી તું સુખની આશા કદી રાખ
તો રખે. ગઇ સહવારે તું ફુલીપો ફુલીપો ફરતો હતો, પ
ણ આજ તાહારો બેહેરામ કેહાંછે ? ઇશાવરની લાકડીને અ
વાજ નથી અને તાહારાં ધારેલાં કરતુકોનો સવાદ ચખાડ
વા ઇશાવરે તાહારા લાડકવાયા બેટાનો જાન અચણુચ ક
બજ કીધોછે. માહાબાનું તથા પરીચેહેરની હાએ કેઆં
મતને દાહાડે તુંને બેહેસતના દરવાજા આગલ રોકવશે.
'માણસનુ ધારવું ને ઇશાવરને કરવું.' જે તાજ કેકાઉસનું
તું આજ પેહેરેછે તે તાજ જો તાહારાં માથાં પરથી ઉડા
વી દેવાની ઇશાવરની મરજી હોયતો શઘલી તાહારી જો
વણ કારગત લાગનાર નથી. ઇશાવરના અખુટ ડાહાપણ
આગલ તાહારી ચતુરાઇ ચાલનાર નથી. "દોડ પાહાદશા
હ દોડ તાહરી રાણીને પાછી તાહારી ગોદમાં લે અને ઇ
શવરનો ડર રાખી તાહારાં હેવાનીઅતી હવસોને તાહારા
પગતલે દાબ." જુવાક થરથર કાંપતો ઉભો. ગુસતાસપ બા
વાની શીખામણ સામે તેનીથી એક હરફ નીકલી શકેઓ
નહી. પણ સેતાન પાસે સો કારણ. તેમ જુવાકને વલી
એક બીજી તાલ સુજી. તે બોલીઓ કે "ગુસતાસપ માહારાં
ભીતરની વાતની તુંને શું ખબર ? માહાબાંનું સાથે મા
હારા હકવાનબી નેકા થયા નથી. તેહેનું પેહેલાં એક
બીજા પાદશાહ સાથે કારજ થયું હતું; પણ તેઓમાં કાંઇ મી
નાકેશો ઉભો થયાથી તે કારજ રદ ગયું હતું. બેહેરાંમના મો
હોતનું એજ કારણ કે ઇશાવર હમારા ગેરવાજબી નેકાથી ખફા
થયોછે. જાહારે હું એ બાબદનો વીચાર કરૂંછું તાહારે મા
હારી છાતીના બંધ તુટી જાયછે અને માહારી આંખે તીમ
ર આવેછે. જાહારે હમારા લગન હરામજછે તાહારે હમુને
છુટાં પાડી ઇશાવરને રાજી કરવો એમાં બુદા દાવર તું
ને અડચણ શી?
બુદા ગુસતાસપને જુવાકની બેહાઇથી તથા હરામ ઇ
લતથી ભારે ખેદ થયો. આ નેક દસતુરે વીચાર કીધો કે
જાંહાં શુધી પરીચેહેર દેખાઇતી રેહેશે તાંહાંશુધી માહાબાનુને
તજીઆ વગર જુવાક રેહેનાર નથી, તેથી કાંઇ ફુરતાજ લ
ગાવી પરીચેહેરને દુર કરવાનો તેણે મજબુત ઠેરાવ કીધો.
એવા વીચારથી બેહેલો થઇને ગુસતાસપ જુવાકના મતને
મલતો થયો અને જે તે કેહે તે હાજીહા કરવા લાગો. જુ
વાકે જોયું કે બુદો ગુસતાસપ માહારી તરફ થઇ ગયોછે તે
થી શઘલો પોતાનો ભેદ તેને કેહેવાને તે ચુકતો નહી.
જુવાક બોલીઓ કે "જાંહરે હવે આપણી વચે મીના
કેશો દુર થયોછે તાહારે માહારે તુંને એક વાત પુછી નકી
કરવીછે. જે જુવાન બેહુતને મેં તે દીને લોંયરામાંથી પક
ડેઓ તે વીશે તુંને કાંઇ ખબરછે! મહને લાગેછે કે તે પરી
ચેહેરનો આશકછે."

ગુસતાસપ જે શધલું હાજીહા કરતો હતો તે આ બાબદમાં પણ જુવાકને મલતો થયો અને તેણે બલતોજ ઓરંગો મારેઓ કે હા હું પણ ધારૂંછું કે તે પરીચેહેરનો આશકછે. જુવાકની છાતીમાં જે અદેખાંઇનો આતસ પજલતો હતો તે ગુસતાસપે પંખો કરેઆથી પુખ્ત રોશંન થયો. તે ગુસાથી પગ અફાડવા લાગો, પોતાનું કપાલ કુટવા લાગો અને પોતાના નસીબને હજારો સખુન કેહેવા લાગો. તેણે જોસથી પોકાર મારી પેલા જુવાન ખેડુતને પોતાની આગલ લાવવા પોતાના ફરમાબરદારોને હોકમ કીધો. ખેડુતને જોઇને જુવાક બોલીઓ કે "કંમબખ્ત કંગાલ, મોહોતની ચુંગાલથી હવે ન છુટે. બોલ બેશરમ લેઆનતી છોકરા તું કોણછે અને કેટલું થયું તું પરીચેહેરને ઓલખેછે? કટકા ખુકલા કરી તાહારી હસતીનો અંત આણું જો સતીપ મુજ આગલ ન બોલે. બોલ તહને ફાલકું કેમ જડીયું નહીતર આજ ઘડી તાહારો પરાણ તું છોડશે."

ખેડુતે જોયું કે સાચું બોલીયાથી હવે પરીચેહેરને નુકસાન જનાર નથી તેથી ખરેખરી હકીકત હીંમતથી જણાવી તે બોલીઓ કે "હું એક પાસેના ગામડાંનો રાંક ખેડુતછું અને માહારૂં નામ અશફંદીઆરછે. ગઈ રાતરેજ માતર અકશમાતથી માહારો પાહાદશાહજાદી સાથે મેલાપ થયો અને તાંહાંશુધી હું તેણીને કોઇ દીને ભેટયો ન હતો. એક જાલમી પારધીના બાણથી વીંધાઈ ગયલાં હરણને જારે મેં તેજ શેકારીની જાલમાં સપડાયલું જોયું તાહારે તેનો છુટકારો કરવા મેં મુનાશેબ ધારેઉં. હું પુરૂથવીમાં કોઈનો નહી પણ ઈશવરનો દર કરૂંછું અને તજ સરખા એક જાલમી પાહાદશાહના દરનો ઈનકાર કરી મેં પોતે પાદશાહજાદીને તેણીના દુખના વખતમા મદદ કીધીછે. માહારૂ શરીર તાહારે તાબેછે, પણ માહારો પરાણ તાહારે તાબે નથી."

પાદશાહજાદી મેહેરબાનુ પોતાની દાસી દીલબર સાથે આ વેલાએ ઓરડા તરફથી પસાર થઈ. પણ અસફંદીઆરનો જાણીતો અવાજ તેણીને કાણે પહોઆથી તે થોડેક દુર કજીઆનું સેવટ સાંભલવાને ઉભી રહી. અશફંદીઆરની બોલવાની ઢપ તથા તેનો કદાવર તથા રૂપાલો બાહારજોઈ મેહેરબાનુ તે ઉપર ફીદા થવા લાગી. આ જુવાન ખેડુત કેકાઉશ પાહાદશાહની તસવીરને આબેહુબ મલતો આવતો, તેથી તેની ઉપર તેણીનો વધારે ચાહા થવા લાગો

અંતે જુવાક બોલીઓ કે "તાહારી દલેરીનો હમણાં હું આંકો લાવુંછું. તાહારા પાદશાહ સામે જે ધીકાર તું એ ફેંકેઓય તેનો પલવારમાં તું સવાદ ચાખશે. પોહોરેગીરો એને પકડો, એને બાંધો, એને બેડી ઘોકો, એને મોહોડે દુધા મારો. તાહારી માસુકને તાહારાં મોહોતની હમણા ખબર મલશે અને તાહારો જાદુઈ દોર ખતમ થયાથી પરીચેહેર તાહારાં નજુમી વેરથી મોકલી થશે."

અસફંદીઆર બોલીઓ કે "ધીક હોજો તાહારી જીંદગીપર, ફીતકાર હોજો તાહારી પાહાદશાહાતપર. તાહારા જાલમી દોરમાંથી પાહાદશાહજાદી છટકી આનંદની વાડીમાં આથાએશ લીએછે. એક લાચાર શાહજાદીને તાહારા જાલમી દસતથી મોકલી કરતાં જોકે માહારી ગરદનના બે ટુકડા થાયછે તોયપણ, મહને તેહેનો મુજાબો નથી કારણ કે થોડીક ઘડીમાં હું માહારા પેદા કરનારની હજુર ખાલેશ દીલથી દેખાવ દઈશ અને બેહેસતનું અમરત પેયાલુ ચાખવાને મહને પરવાનગી મલશે. ઓ પરીચેહેર ઈશવર તાંહારો વાલી હોજો, અને જાલમી જુવાકની પાહાદશાહીનો અંત આવજો."

જુવાક બોલીઓ કે "હે જબાંદરાજ છોકરા હજુરબીસેમજ અને ઉછાછલો થઈ જમનાં હાથમાં નાહેક સપડાવાથી ડર; બોલ તાહારી તોખમ કોણ નહીતર નીચવી નીચવી તાહારાં બદનમાથી લોહી ટીપકાવીશ."

અસફંદીઆર પાછો હીંમત ઝાલી બોલીઓ કે "મે સાચી વાત તાહારી આગલ કહીછે, નહી કે તાહારી ધમકીથી, કારણ કે હું જુઠાંનો વેરી છું.

જુવાક—શું તારે તાહારી વાત સાચીછે ?

અસફંદીઆર—અલબત.

જુવાક—હું માંનતો નથી.

અસફંદીઆર—હું તાહારી દરકાર કરતો નથી.

જુવાક—પોહોરાગીરો એને પકડો અને જે જગોએ એણે બેહેરામનુ ખુન કીધું તે જગોએ એને ઘસડો. આ ઘડીએ છોકરા તાહારી ગરદનના બે તુકડા થશે.

મેહેરબાનુ આ બોલો શાભલી બેહોશ થઈ ગઈ. દીલબરના રડવાના પોકારથી જુવાક તે તરફ દોડેઓ, પણ જાલમી જુવાક પોતાની બેટીને એવી હાલતમા જોઈ કાંઈ પણ દયા વગર પાછો ચોક તરફ ધમેઓ. અસફંદીઆરના કપડાં તેના બદનપરથી જલલાદોએ કાહાડી નાખેઆં અને ચોકની અંદર પુશકલ માણસોની ઠડમાં કંગાલ અસફંદીઆરે ઠીમરાંપર પોતાનું માથું મેલીયું અને જલલાદો પોતાનુ કસાઈ કામ કરવા માટે જુવાકના હોકમથી પોતાની સમશેહેરની ધાર ચહડાવવા લાગા.

## ઓરતોની મીજલસ.

ભાશાણ ૧૯ મું.

### બાલકને ખોલી હવામાં ફેરવવા તથા કસરત આપવા વીશે.

ગયા ભાશાણમાં બચાંના ખોરાક વીશેની બાબદ પુરી થઈ; અને તમુને માલમ પડીયું હશે કે એ બાબદ કેટલી અગતની તેમ બીકટછે અને દરેક માએને તે વીશેના ગ્નાનની જરૂરછે.

જેમ મોહોટા માણસને કસરત કરવાની જરૂરછે, તેમજ નાહાના બાલકને પણ કસરતની જરૂરછે. જોકે પેહેલાં એ બાબદ વીશે તમારા મનમાં શક આવશે કે બચાંને કસરત કેમ અપાઈ શકાએ, પણ જો ધેયાનથી તપાસ કરશોતો માલમ પડશે, કે જેટલું બચું એક દાહાડામાં કસરત કરેછે, તેટલું તમે પોતે કરતાં ન હશો કુદરતેજ બચાંને કસરતની અગત જોઈછે. તેથી બચું પોતાના હાથપગ, ડોકી ઉછાલીયા

કરેછે, અને બચાંને એ જેવી કસરત બીજી કેઈ હશે! જે બચું હાથ પગ ઉછાલતું નથી, તે, સુસત અને નાકુવત રેહેછે. જે બચું હાથ પગ ઉછાલેછે, તે ઘણી સારી રીતે ઉધરેછે અને તેને કસરત કરતાં જોઈને દરેક માએને કેવો હરખ ઉપજેછે. પણ બચાંને એ કસરત સાથે ખોલી હવામાં લેઈને ફરવાની ઘણી અગતછે. જેટલી ખોલી હવાની અગત બચાંનેછે તેટલી મોહોટાં માણસને નથી હોતી. અને જે બચાંને ખોલી હવામાં ફેરવીને કસરત કરાવેછે તે બચું ઘણું સારી રીતે ઉપરેછે.

**૧. બચું જનમીયા પછી ૮—૧૦ દાહાડા લગી તેને ઘરમાંજ લેઈને ફરવું.**

દાહાડામાં બે તરણ વખત પાલણા માહેથી કાહાડીને ઘરમાંજ ફેરવવું. હાથમાં રાખીયાથી બચાંનાં ભાગો ઉપર દબાન થવાની ધાસતી રેહેછે, એટલા માટે, એક હલકી નાહાની લાબી તોપલી બનાવવી અને બચાંને તેમાં સુવાડીને પછી હાથમાં લેઈને ફરવું.

તરીજે દાહાડેથી જરા ઘરના ઓટલા તરફ દાહાડામાં બે તરણ વખત એક બે મીનીટ લગી લેઈ જઈને પાછું લાવવું.

આપણા લોકોમા એવાં કુમલાં બચાને જરા પણ બાહેર હવામા ફેરવવાને ધાસતી ભરેલું ગણેછે, એ ખોટું છે.

**૨. ૧૦—૧૫ મે દાહાડેથી ઘેર માહેથી બાહેર ખોલી હવામા ફેરવવા લેઇ જવું જોઈયે.**

આપણા લોકોનું બચુ ભાયેગે ૪૦ દાહાડા પછી પણ ખોલી હવા અથવા રોશનીનો ફાયેદો લેતું હોયે. બચાને માએની સાથે વગર હવાની અને અંધારી કોઠરીમાં ટંકાઈ રેહેવું પડેછે એ રીતે બચું રાખેલુ કદી પણ બરાબર ઉપરે નહી

ગરમીના દીવસ ઉપર ૧૦ દાહાડામાં બાહેર લેઈ જવાની જરૂરછે

વરસાદ અથવા તાહાડના દાહાડા ઉપર, બચું એક મહીનાનું થાયે તાહાંસુધી બાહેર લેઈ જવુંજ નહી, પણ એથી એમ નહી સમજવું કે વગર હવાની કોથરીમાં તેને ઢાંકી મુકવું. ઓરડામાં ખોલી હવા આવવી જોઈયે. પરડો રાખવાની બેવકુફી વીશે વધારે બોલવું જરૂર નથી.

પેહેલે મહીને ૪—૫ દાહાડે એક વખત બાહેર લેઈને ફરવું.

બીજે મહીનેથી ૨—૩ દાહાડે દીવસમાં ૨—૩ વખત લેઈને ફરવું.

તરીજે મહીનેથી દરરોજ દાહાડામાં ૨—૩ વખત લેઈ જવું. પેહેલાં ૧૫—૨૦ મીનીટ લગી ફેરવવું, અને આસતે આસતે જેમ તેવ પડે તેમ વખત વધારતા જવું. જો દાહાડો ખુશ હોયેતો ૧—૨ કલાક લગી ફરવું.

સહવારના પોહોરમાં પેહેલાં લેઈ જવું. છેલુ સાંજના ૪—૫ કલાકે લેઈ જવું.

બચાંને ધવાડીયા પછી તરત ફેરવવું નહી અને ફરી આવીયા પછી પણ તરત ધવાડવું નહી.

ખોલી હવામાં લેઈ જવાથી બચું કુવતમંદ અને તનદોરોસત થાયેછે અને જલદીથી ઉપરેછે. જો બચાંને ખોલી હવામાં નહી ફેરવીયું હોયેતો, તે દુબલું થઈને તેનો ફીકો એહેરો થાયેછે. બચુ કાંઈ બોલી શકતું નથી પણ જારે તેને ખોલી હવામાં કસરત મલતી નથી તારે તે બેકરાર અને ચતપત રેહેછે અને રડીયા કરેછે—તેને બાહેર ખોલી હવામાં લઈ જવાથી તે મુંગું રેહેછે અને ખુશી બતલાવેછે.

**૩. બચું ૬—૭ મહીનાનું થાયે તાંહાંસુધી હાથમાં આડું સુવાડીને લેઈને ફરવું.**

સંભાલ રાખવી, કે માથું અને બદનને બરાબર ટેકો છેકે નહી, ઉંચકવાને બેઉ હાથ કામે લગાડવા અને છાતીનો ટેકો આપવો.

સંભાલ રાખવી કે તેના હાથ પગની ઉપર દબાન થાયે નહી.

બચાંને એકજ બાજુ તરફ રાખીને ફેરવીયા કરવું નહી. બેઉ બાજુ બદલવાની જરૂરછે; નહીતો બચાંનું બદન એક બાજુ ઉપર વાંકું થાયેછે અને નજર એકજ ગમ કીધાથી આખ બારી થાયેછે.

**૪. બચાંને બાહેર લેઈ જતી વખતે અછી રીતે કપડાં પેહેરાવવાં, પણ મોહોડાં લગી ઢાંકવાની જરૂર નથી.**

કપડા અછી રીતે પેહેરાવવાની જરૂરછે. જો એમ નહી કીધું તો બચું હેરાંન થાયેછે.

મોહોડા લગી ઢાંકીને બાહેર લેઈ જવામાં કાંઈ પણ ફાયદો નથી, તેના કરતાં બેહેતર એજકે તેને ઘરમાંજ ઢાંકી રાખે. આપણા લોકોમાં બચાંને માથાં લગી ઢાંકીને લેઈ જવાની ટેવ હોયેછે. તેઓ એમ સમજેછે કે મોહોડાં ઉપર પવન લાગાથી બચું હેરાન થાયેછે, પણ એ વીચાર ભુલ ભરેલોછે. વલી બચાંને કોઈની નજર નહી લાગે એટલા માટે પણ મોહોડું ઢાંકીને લેઇ જાયેછે, પણ જોકે બીજા લોકોની નજર નથી લાગતી તોયપણ બચુ વગર હવાને લીધે ગુંગરાયેછે અને વારેઘડીએ હેરાન થાયેછે.

**૫. જો બચું સુતેલું નહી હોયે અને બાહેર લઈ જવાનો વખત નહી હોયેતો ઘરમાં જમીન ઉપર એક ગોદડી પાંથરીને તેની ઉપર બચુ સુવાડીને રમતું મુકવું.**

બે ચોરસવાર નરમ ગોદડી લેવી. તે તરેહવાર રંગના કટકાની સીવીને બનાવવી. તે ઉપર બચું ઘણું ખુશીથી હવામાં લાત મુકી ફેંકેછે, અને તરેહવાર રંગ જોઈને ખુશી થાયેછે. એવી ગોદડી ઉપર કાંઈ પણ હરકત પોહોંચાડ્યા વગર બચું રમીયા કરેછે.

બચાંને આખો દાહાડો માએ પોતાના ખોલામાં અથવા હાથમાં લેઈને ફરવું નહી. માએના બદનની ગરમી પોહોંચીયાથી બચાને કદી પણ ખુશ લાગતું નથી. તેને ગોડરી ઉપર છુટું મુકો અને પછી જુવો કે તે કેવી ખુશી બતલાવેછે.

એવી હાલતમાં બચાંને કંઈ પણ વીસરફામમાં અથવા એખલું રાખવુંજ નહી. બચાંની આગલ એક બે બોલ વારેઘડીએ બોલવા, જરા હસવું, જરા ગીતગાવું, તેથી બચાંને એખલું લાગતું નથી અને ખુશીથી રમીયા કરેછે.

સંભાલ રાખવી, કે બચાંને કદી પણ ઠંડી જમીન ઉપર સુવા નહી દેવું.

૬. નાહાંના બચાંને ઘણીવાર લગી રમારીયાજ કરવું નહી.

તેથી ઉલટું તે કંટાલી જાયેછે, તેને થાક પોંહોંચેછે. બચું જેવું અનમનીયું માલમ પડીયું એટલે ગોદરી ઉપરથી ઉચકીને સુવારવું.

બચાને ઘણો વખત લગી રમારીયા કીધાથી તેને થાક લેવાનો વખત નથી મલતો. નાહાના બચાંને થાક લેવાની ઘણીજ જરૂરછે.

બચું ઉઘાયલું હોયે તારે રમારવાને ખાતર કદી પણ ઉઠારવું નહી.

આવતા ભાશાણમાં એજ બાબદ વીશે વધારે સમજાવશું.

---

## ઈરશા—બરોબરી.

### એક અસલી બરાહમણે દીધેલી સીખામણ.

"જો તારો જીવ આબરૂ મેલવવા પછવાડે તરસીયો હોય, જો તારા કાનને તારીફનો આવાજ ખુશ લાગતો હોયે, તો જે મતીનો તું બનેયોછે તે માહેથી પગલું ઊઠાવ અને તારો નેમ તારીફ લાયેક કામો કરવાને બુલંદ કર.

"વરનું ઝાડ જેની ડાલીઓ આસમાન તરફ હાલ પંથરાયલીછે, તે એક વખત જમીનના પતાલમાં એક પીલો હતો.

"તારો ધંધો ગમે તેવો હોયે, તેમાં પેહલો રેહવાને કોશેશ કરજે. ભલું કામ કરવામાં તારી આગળ બીજા કોઇને જવા દેનોના; તોય પણ કોઇ બીજાની ખુબીથી અદેખો ના પડતો, પણ તારી પોતાની ખુબી, અકલ સુધારજે.

"વળી તારા બરોબરીઆને કાંઈ પણ ખદદી આનત અને નાલાયેક ઊપાયોથી તોડી પાડવાને ધીકારજે; માતરે તેનેથી સરસ થઇને તેની ઊપરવાળો થવાને કોશેશ કરજે, કે ઊપરવાળો થવાની તારી ઝફાઝફી જોકે ફતેહ નહી પામશે, તોય પણ આબરૂથી ગવાશે.

"નેક ઈરશાથી માણસનો રૂહ બુલંદ થાયેછે; તે કીરતી પછવાડે હાંફેછે અને એક સરનના ઘોડાની મીસાલે સરત દોરવામાં ખુશી થાયેછે.

"જુલમાતની દરકાર કરીયા વગર તે નરીયેરીના ઝાડની મીસાલે ઊંચો ઊગી નીકલેછે; અને ગરૂડ પક્ષાની મીસાલે તે આસમાન ઊપર ઊંચે ઊડેછે અને સુરજના પરતાપ તરફ પોતાની નજર ફેરવેછે.

"પરખીયાત માણસોના દાખલા રાતરે તેના સપનામાં આવેછે અને તે દાખલા પરમાણે સારો દાહાડો ચાલવાને તેનો હરખછે.

"તે મોટા વીચારો બાંધેછે, તેને બજાવવામાં ખુશી લેછે અને તેનું નામ દુનીયાને છેડે લગી પરસીધ થાયેછે.

"પણ એક અદેખા માણસના દીલમાં કપટ અને કડવાસછે; તેની જીભ માહેથી ઝેર વેહેછે; પડોશીની ફતેહ જોઈને તે બેઆરામ રેહેછે.

"તે પોતાની કોટરીમાં દુખીયારો થઇને બેસેછે; અને બીજાને જે સારૂં થાયેછે તે પોતાને નરસું થયું એમ સમજેછે.

"ધીકાર અને અદેખાઈ તેના દીલને ચાવેછે અને તેથી તેને આરામ મલતો નથી

"તેની છાતીમાં નેકીનો ચાહ લાગતો નથી અને તેથી વીચારેછે કે તેનો પડોશી પણ તેની તરફ તેવોજ હશે.

"જે લોકો તેનેથી સરસ નીકલેછે, તેને હલકુ લગાડવાને કોશેશ કરેછે, અને તેના સઘળા કામની ઊપર એક ખરાબ સમજણ ગોઠવી દેછે

"તે તપાસનો રેહેછે અને નુકસાની કરવાનો ખેયાલ કરેછે; પણ માણસનો ધીકાર તેની પછવાડે લાગેછે અને કરાડીઆની મીસાલે પોતાનીજ જાલમાં ચંપાઈ મરેછે"

---

### મારમન લોકોનો ફીરકો.

જારે ઓગણીસમી સદી બેડી, તારે ફીલસુફો અને અકલમંદ શખસોનો વીચાર હતો, કે હવે આ દુનીયામા પેગંમબરો આવવાનો વખત વહી ગયોછે, અને મોજેજાના દાહાડા ગયાછે, અને માણસ ખોદા સાથે વાત કરે એ સપના સરીખુંછે. જોકે એ વીચારો ખરાછે તોપણ હવે કોઈ શખસ પેગમબરનું ડોલ ઘાલીને આવશે એવું કદી પણ તેવોના ખેયાલમાં આવીયું ન હતું. આજ માતર ૩૭ વરસ થયાં અમેરીકાખંડમાં એક નવો ફીરકો ઉભો થયોછે; તેવોનો ધરમ ખરીસતી ધરમ ઉપર આધાર રાખેછે; પણ તેવો કેહેછે કે, અસલી ખરીસતી ધરમ ઘણો અધુરોછે, અને તે ખુટ પુરી પાડવાને માટે ખોદાએ નવો પેગમબર આએ દુનીયામાં મોકલીયોછે. એ પેગમબરે પોતાના ફીરકામાં ઘણાજ કઢંગા વીચારો નખાવીયાછે; અને એ ફી

રકા ઉપર કેટલી મુસીબતો ગુજરીછે તેનો હેવાલ જાણવા જોગછે.

ઈ૦ સ૦ ૧૮૨૫ માં અમેરીકાના યુનાઈટેડ સટેટસ માહેલા એક નાહાના ગાંમડામાં એક જુવાન, બેમાલુમ, વગર ભણેલો શીખેલો, બેચાર, અને જેવી તેવી આબરૂનો શખસ રેહેતો હતો. એ શખસના મનમાં પાંચ વરસ લગી એક નવો ધરમ ઉભો કરવાનો ખેયાલ રમીયા કરતો હતો. ઈ૦ સ૦ ૧૮૩૦ માં જારે તે માતરે ૨૫ વરસનો હતો, તારે પોતાની મતલબ ચલાવવા માંડી. એક વરસમાં તેણે પોતાની તરફ પાંચ શખસોને લીધા, તેમાં તેનો બાપ, તરણ ભાઈ, અને એક બીજો દોસતદાર હતો. બે તરણ મહીનામાં તેની તરફ નજદીક તીશ શખસો થયા, અને હાલ એ ફીરકામાં નજદીક તરણ લાખ શખસો ઉપર ગણવામાં આવેછે. તેવોએ પોતાની બાઈબલ (ધરમ પુસતક) બનાવીછે, અને ચુસત પાદરીઓ જુદે જુદે દેશમાં જાંહાં ખીરીસટી ધરમ પલાયેછે તાંહાં ફરી વલીયાછે. એ પાદરીઓની ઉસકેરનીથી, અને લીવરપુલ શેહેરમાં એક પરવાસ આડત સથાપીયાથી, અને તેની સાખાઓ ગરેટ બરીટન અને આયરલાડમાં જગે જગે રાખીયાથી, સઘલી કસબના લોકો જથાબંદ તે ફીરકામા જોડાવાને માટે દેશ છોડી, ઘરબાર ઉંચકી નાખી, અમેરીકા ભણી જાંહાં મારમન લોકો વસેછે તાંહાં ચાલીયાં જાયેછે. ઈ૦ સ૦ ૧૮૪૯ માં નજદીક હદી હજાર લોક, ખેડુતો અને ઉંચે વાયેના કારીગરો, ગરેટ બરીટન છોડીને કાલીફોરનીયામાં ચાલતા થયા હતા. અને ૧૮૪૦ થીતે ૧૮૫૧ ના વરસ લગી નજદીક ૧૩ થી ૧૪ હજાર લોકોએ પરવાસ કીધો હતો. એ ફીરકાએ હાલ એક ફલવંત અને ખુબસુરત ઈંગલંડના જેવો મોહોટો દેશ વસાવેલોછે, અને અમેરીકાના પરજાસતાક રાજ્ય પાસે બરોબરીયે હક માગીને તેવો સાથે દાખલ થવા માંગેછે. એ લોકોના દેશનું નામ યુતાહ અથવા દેજેરેટ કરીનેછે એ મારમન ટોલો, ઘણાજ ધાટકી જુલમ છતાં વધી ગયેછે, તેવો વેરી દુશમનો ઉપર ફાવી નીકલી પાછે; તેવોનો રાજકારભાર અછી રીતે રાખેલોછે, અને તેવો આજ મોહોટી દોલત અને અખતીઆર ધરાવેછે આજ બાવીશ વરસની અંદર તેવોએ એટલોતો વધારો કરી નાખીયોછે, કે કોઈ પણ ધરમ એટલો જલદી વધી ગયો નહી હશે

એ ફીરકાના પેગમબરનું નામ **જોસફ સમીથ** કરીને હતું તે ૨૩ મી ડીસેમબર ઈ૦ સ૦ ૧૮૦૫ માં વરમાનટ દેશમાં શારાન નામના ગામડામાં જનમીયો હતો; અને જારે તે દશ વરસનો હતો તારે તેના માબાપો નીયુ યારકમાં પાલમાઈરા નામનું શેહેરછે, તાંહાં જઈને વસીયા. તે ખેડુતનો પંધો કરતો હતો, અને તેને કાંઈ પણ જાતની કેલવણી મલી ન હતી. તે સેહેજ વાંચી લખી જાણતો હતો. એ ફીરકાવાલા એને વીશે આ નીચે જણાવીયા પરમાણે લખી જાયેછે; જારે તે પંદર વરસનો થયો તારે તેના મનમાં પેહેલ વેહેલાં ખરીસટી ધરમ વીશે ખતરો પેદા થયો, કે એ ધરમ લોકો કેટલી જુદી જુદી રીત માનેછે, તારે કોણ ખરો અને કોણ ખોટોછે, તેની સમજ તેને પડી નહી. પરેસબીટેરીયન લોકો બાપટીસટ અને મેથોડીસટ ટોલાની ભુલ દેખાડેછે અને દાખલા દલીલ બતલાવીને તેવોને ખોટા પાડેછે. વલી એથી ઉલટું છેલો ટોલો પેહેલા ટોલાની ભુલ દેખાડી આપેછે. એવા જુદા જુદા વીચારોમાં તેણે શું કરવું તે તેને સુજ પડીયું નહી. છેલે તેને ઈયાદ આવીયું, કે ધરમ પુસતકમાં એમ લખેલુંછે, કે "જે સખસને કાંઈ ગ્યાન હોયે નહી તે જો ખોદાની પાસે માગેતો ઉદાર દીલથી તેને આપવામાં આવશે." એ ઉપરથી તેણે ઠરાવ કીધો કે જંગલમાં જઈને ખોદાની બંદગી કરવી અને એ વીશેનો ખોલાસો પુછવો. સમીથ પોતે લખી જાયેછે કે, જેવારે તે બંદગીમાં ગુતેલો હતો, તેવારે તેની નજર આગલ સઘલું અંધારૂં થઈ ગયું અને મોહોટી આફત આવી પડી હોયે એવું લાગ્યું; તોયપણ તેણે હીમત પકડીને ખોદા પાસે એવી આફત માહેથી છુટકારો માહેયો. થોડાવારમાં તેની નજર આગલ સઘલું અજવાલું થઈ ગયું અને તે આગલી દેહેશતમાંહેથી છુટો. એ અજવાલામાં તેની નજરે બે ફરેસતાની રૂપના શખસો માલમ પડીયા. તેવો માહેથી એક જણ બોલીયો કે, "આ મારો પેયારો છોકરોછે. તે કેહે તે સાંભલ" એ ઉપરથી સમીથે પોતાનો ખોલાસો માગીયો. તેને જવાબ મલીયો, જે "એ ધરમવાલા સઘલા ખોટી રીતે ચાલેછે. કોઈની સાથે પણ તું જોડાતોના, તેવોના સઘલા વીચાર મારી નજરમાં ધીકારવા લાગેછે, અને હવે પછી જે ખરો ધરમછે તે તુંને જણાવવામાં આવશે."

એ પછી સમીથ પાછો દુનીયાની લોભ લાલચમાં પડીયો; ફરીથી પસતાવો કરીને એક બીજી વખત આગલની મીસાલે ખોદાની બંદગી કીધી. એ વખતે તેની નજર આગલ એક ફરેસતો આવી ઉભો. તેણે સમીથને કહી સંભલાવીયું કે, ખોદાએ તેની બંદગી કબુલ કીધીછે અને તેનુ પાપ માફ કીધુંછે, અને તે એક ખુશખબર લાવીયોછે; તે એછે, જે કોલ કરાર ખોદાએ અસલી ઈઝરાયલ સાથે આવતી ઓલાદ વીસે કીધો હતો તે બજાવવાનો દાહાડો નજદીક આવીયોછે; કે આખે દુનીયામાં મેસાઈહા (ઈસુ ખરીસત) બીજી વખત પાછો આવશે અને ખરો ધરમ આખી દુનીયામાં ફેલાવીને એક હજાર વરસ લગી પોતાના રૂશીઓ સાથે રાજ કરશે, અને આ માહાભારત કામ ઉઠાવવામાં ખોદાએ તેને (સમીથને) પસંદ કીધોછે. વલી તે ફરેસતાએ સમીથને એ સમજ આપી કે; હાલના જે અમેરીકન ઈંડીયન લોકોછે તે અસલી ઈઝરાયલ લોકોનો બાકી રહેલો ટોલોછે. કે જારે તેવોએ પેહેલાં અમેરીકામાં પરવાસ કીધો તારે તેવો ગ્યાની હતા અને ખરા ખોદાને પીછાનતા હતા, અને તે વખતના પેગમબરોએ તે વખતના બનાવો, તથા ધરમના કાનુનો, અને દુનીયાની આખેરીમાં શું મોહોટા બનાવો બનશે, તેની અગમચેતી લખી ગયા હતા. પણ તે પછી લોકો ઘણું પાપી થયું અને તેવોએ કેટલીએક સારી લખેલી બાબરો તારાજ કરી નાંખી, અને બાકીનો ભાગ પાપી લોકોથી તારાજ નહી થાયે તેટલા માટે ખોદાના હુકમથી તેને એક સલામત જગા ઉપર મુકવામાં આવીયો હતો. એ લેખો આગળીને દુનીયામાં જાહેર લાવવાને માટે ખોદાએ તેને (સમીથને) મોકલીયોછે

એટલી બાબદ જણાવીને તે ગેબ થઈ ગયો. એવોજ દેખાવ સમીથને તેજ રાતે બે વખત માલમ પડીયો. સહવારે પાછો ફરેસતો નજરે પડીયો અને લેખ જાંહાં સાંતેલા હતા તે જગા ઉપર જવાને મારે કહીયું.

તારીખ ૨૨ મી સપટેમબર ૧૮૨૩ ને દીને સમીથ એક ટેકરીની બાજુએ આપેલી નીશાણ બરાબર ગયો અને તેણે જમીનની સપાટી ઉપર એક મોહોટો પથર દીઠો. આસપાસથી ખોદીને તે પથર ઉંચકીયો અને પથર નીજ બનાવેલી એક પેટી તેને માલમ પડી. તે પેટીમાં સુનાનાં પતરાં મુકેલાં હતાં અંને તેની ઉપર લેખ કોતરેલા હતા. એવામાં જે ફરેસતો આગલ તેની નજરે પડીયો હતો તે હમણા તેની સામણે આવી ઉભો અને કહીયું, કે "તારી આસપાસ નજર કરીને જો." આસપાસ નજર કરતાં તેણે સેતાનને તેના સાથીઓ સાથે ઉભેલો જોયો. એ ઉપરથી ફરેસતો બોલીયો, "તારી નજર આગલ સારૂં અને નરસું, પાક અને નાપાક, ખોદાની કીરતી અને સેતાનનું જોર એટલા માંટે બતલાવીયુંછે, કે તું હવેથી જાણે કે આ દુનીયામાં બે એકએકથી ઉલટાં જોરછે, .અને તું કદી પણ નાપાક સેતાનના જોરના હાથ તલે આવી નહી જાયે. હાલ તુંને આ લેખ-મલશે નહીં, કાયેકે ખોદાનો સખત હોકમછે, કે એ લેખો બંદગી અને ઈતબાર વગર મલી શકે નહી." એ લોકો એમ કેહેછે, કે એ લેખો કાંઇક ચઉદસો વરસ થયાં દાટી મેલીયા હતા, અને પેહેલા તે ઘણા ઉંડા દાટીયા હશે, પણ કાંઈક જમાંનાં નીકલી ગયાથી ઉપરની જમીન ધોવાઈ જઈને તે જમીનની સપાટી ઉપર માલમ પડીયાછે.

બરાબર ચાર વરસ પછી, એટલે ૨૨ મી સપંટેમબર ૧૮૨૭ માં તે ફરેસતાએ એ લેખો સમીથના હાથમાં લાવી આપીયા.

તે લોકો એમ કેહેછે, કે એ લેખો સુનાની તખતીઓ ઉપર ચીતારેલા હતા. એક તખતી ૮ ઈંચ લંબાઈમા અને ૭ ઈંચ પોહોલાઈમાં હતી, અને જાડાઈમાં સાધારણ પતરાંના જેટલી હતી. બેઉ બાજુ મીસર દેશના લેખોથી બરેલી હતી. એ તખતીઓ ચોપડીની મીસાલે બાંધેલી હતી. આખી ચોપડીની જાડાઇ નજદીક ૭ ઈંચ હતી. લેખના અક્ષરો ઘણા બારીક અને ખુબશુરત હતા, અને તે માહેલી થોડી તખતીઓ મોહોરબંદ હતી. એ લેખો સાથે એક અજાયેબ જેવું હથીયાર પણ મુકેલું હતું. એ હથીયાર કમાનના આકારનું હતું, અને તેમા બે નીરમલ કાચ જડેલા હતા. એમ કેહેછે, કે એવું હથીયાર અસલના લોકો વાપડતા હતા અને તે માહેથી જોયાથી તેવોને ગુપ્ત અને ભવીશ વખતના બનાવો દેખાતા હતા.

એ લેખોનો તરજુમો કરવાનું સમીયે સહરૂ કીધું. જોકે તે પોતે લેખોથી તદન અંજાણ્યો હતો, તોપણ પેલા કાચના હથીયારની મદદથી અને ખોદાની બખશેશથી તે તરજુમો કરવા લાગો. પોતે બરાબર લખી નહી જાણતો હતો, તેથી તેણે એક લખનારને રાખીયો અને જે બોલો સમીથના મોહોમાહેથી નીકલતા ગયા તે લખતો ગયો. સમીથને જેમ વખત બનતો ગયો તેમ તરજુમો કરતો ગયો, અને છેલે વગર મોહોરબંદ તખતીઓનો તરજુમો પુરો કરીને, તેનું નામ "મારમન લોકોનું (ધરમ) પુસતક" કરીને આપીયું. .

એ તરજુમાની પછવાડે તરણ શાહેદીઓની સહી સુધાનો એક પતર જોડેલોછે, તેમાં તેવો જણાવેછે કે તેવોએ એ લેખો પોતાની નજરે જોયાછે અને ખોદાએ તેવોને ફરમાવીયું છે, કે તેવોએ જાહેર કરવું કે મી૦ સમીથે તખતીઓનો તરજુમો બરાબર કીધોછે. વલી તે સાથે બીજા આઠ જણાની શાહેદીછે, કે તેવોને મી૦ સમીથે એ લેખો દેખાડીયાછે અને તે તખતીઓ તેવોએ હાથ લગાડીને તપાસી જોઈછે.

અકલમંદ વાંચનારા એ લોકોના એવા બેયાન ઉપરથી જોઈ લેશે, કે મી૦ સમીથ ઈઆતો લુચો અથવા ઘેલો હોયે, ઈયા મોહોટો ઠગારો ઈયા નબલા મગજનો એક અજુની હોયે, કે તે એમ સમજે કે તેણે ફરેસતા સાથે વાત કીધીછે તથા સેતાનને જોયોછે. કેટલા લોકોએ એ સમીથને "અમેરીકાનો મહમદ" કરીને નામ આપીયુંછે; કાંયેકે તેના કેટલાએક વીચાર મહમદના જેવા હતા.

જારે સમીથ અને આલીવર કૌડેરી નામનો બીજો એક સખસ એ લેખોનો તરજુમો કરતા હતા, તે વખતે ખોદા તરફથી એક ફરેસતો તેવો ઉપર પેગામ લેઈ આવીયો અને કહીયું, કે "આરાનના પાદરીનો હોદો હું તમુને આપુંછું અને તમો એક મેકને બાપટાઈજ (પાણી છાંટીને ધરમમાં લેવાની કીરીયા) કરો." એ ઉપરથી પેહેલાં કૌડેરીએ સમીથને બાપટાઈજ કીધો અને પછી સમીયે કૌડેરીને કીધો. એ ફરેસતાએ પોતાનું નામ જાહાન કરીને આપીયું. તે નવા ટેસટેમેનટમાં જાંહાંન ધી બાપટીસટ કરીને લખી ગયાછે, તેજ સખસ ફરેસતાની રૂપમાં હતો.

એ પરમાંણે જારે લોકોમાં જાહેર થયું કે એકથી વધારે શખસે ખોદા પાસેથી આવેલા ફરેસતાઓ દીઠા, અને સમીડને પોતાની નજરે વારેઘડીયે માલમ પડીયા અને વાતો થઈ અને સમીથને સુનાની તખતી ઉપર ચીતારેલા લેખો મલીયા અને ખોદાની મેહેરબાંનીથી તેનો તરજુમો કીધો અને એવાજ બીજા ઘેલા અને ઠગાઈ બરેલા વીચારો બાહેર પડીયા, તારે અંજાણ્યા લોકો આકીન લાવીને તેવોની સંગમાં ગયા, પણ જે સમજુ હતા તે લોકો તેવો ઉપર ઘણો શક લાવવા લાગા અને એ વીગેની પુગફ્લ જોસતેજો કીધો, તરેહવાર રીતે તપાસ કરતાં તેવોની ખાતરી થઈ, કે સમીથ અને તેના સાથીઓ માહા લુચા અને ઠગારા હતા એ તપાસ આ તરેહની હતી—

કોઈ મારટીન હારીસ નામનો લોચો ખેડુત સમીથના બોલો ઉપર આકીન લાવીયો અને તેણે સુનાની તખતીઓ જોવા માંગી. એ તખતીઓ સમીથે તેને દેખાડી નહી અને એમ સમજાવીયું, કે એ તખતીઓ ઘણા પાક આદમી સીવાયે બીજા કોઈને દેખાડાયે નહી એવો ખોદાનો હોકમછે. પણ સમીથે એ લેખોના થોડા ભાગની નકલ કરીને આપી અને કોઈ પણ શીખેલા આદમીને દેખાડવાને કહીયું. એ ઉપરથી એ ખેડુત એ નકલ તે વખતના પરોફેસર આનથાન નામના એક ભણેલા શખસ પાસે તપાસ

વા લઈ ગયો. તેણે એકુતને સાફ કહીયું, કે કોઈ લુચા લોકોએ તેને ઠગીયોછે અને એ નકલના લેખ અસલના મીસર લેખોને કોઈબી રીતે મલતા આવતા નથી.

વલી મારમાન લોકોની સામણે વાલાઓ એ લોકોએ ચોપડી કેમ બનાવી તેનું ખરૂં કારણ દેખાડી જાયેછે. તેઓ કેહેછે, કે ઈ૦ સ૦ ૧૮૦૯ માં એક સોલોમન સપાલડીનગ નામના પાદરીએ વાતના આકારમાં એક ચોપડી બનાવી અને તે પાટરસન નામના એક છાપનારને દેખાડી. એ વાત લખવાનું તેને એ ઉપરથી સુઝુંજ પડીયું, કે તે વખતે લોકોમાં એવો વીચાર આવીયો હતો, કે ઉતર અમેરીકાનાં ઈંડીયનો અસલ ઈઝરાયલના ઓલાદનાછે. વલી એ વાતમા મારમન અને તેનો છોકરો મોરોની એવાં બે મુખીય નામો આવેલાંછે, જે નામો મારમન લોકોની ચોપડીમાં પણ જોવામાં આવેછે. એ ચોપડી છાપનાર પાસે હતી, તેવામાં સાલોમન મરણ પાંમીયો. એ ચોપડીનો છાપનારે પણ કાંઇ દરકાર કીધી નહી અને તેની ચાકરીમાં એક કંમપાઝીટર સીડની રીગડંન નામનો હતો, તેને વાંચવા આપી. એવામાં છાપનાર પણ મરી ગયો અને ચોપડી કંમપાઝીટર પાસે રહી ગઈ. એજ કમપાઝીટર સમીથનો સાથીયો હતો અને અમીથના મરણ પછી તે મારમન લોકોનો આગેવાન થયો હતો. સાલોમને ચોપડી બનાવીને છાપનારને આપી તેનો આગમજ તે રમુજ દાખલ પોતાના પહોસીઓ આગલ વાચતો હતો. એ ઉપરથી તેની બાયડી, ભાઈ, દોસતદારો અને પહોશીઓ ખાતરીથી જણાવેછે, કે મારમન લોકોની ચોપડીમાં જે મુખીય બાગો આવેલાછે તે બરાબર સલોમનની વાતની ચોપડીને મલતા આવેછે. એ ઉપરથા સાફ રાતે માલમ પડેછે, કે જોસેફ સમીથ અને સીડની રીગડન બેઉ સાથે મલીને સાલોમનની ચોપડી ઉપરથી મુખીય બાબદો ચોરી કરીને તેમાં કેટલીએક ધરમની બાબદો ઘુમાડીને ભોલા લોકોને એમ સમજાવીયુંછે, કે તેવો એ અસલી મીસર લેખોનો તરજુમો કીધોછે.

(એનું સાંધનછે) ઈ૦ લાઇબરરી.

---

## તાજીમતવાજો, ઈઆને ઘરસથપણાના કાયદા.

### ખાંણાંની ટેબલ ઉપર સલુકાઈ.

સલુકાઈ માણસની નીતી ચાલચલણ, કેળવણી અને વીચાર દેખાડી આપેછે. દરએક શખસને લાજમછે, કે સલુકાઈના ધારાથી જાણીતાં થાયે અને તે પરમાણે પોતાના ભાઈબંધુ તથા મંડલીનાં સરવે માણસો સાથે ચાલે. પણ એવું નહી વીચારવું, કે સલુકાઇ જારે ગરજ પડે તારેજ વાપડવી અને બાકીના વખત ઊપર તેની દરકાર નહી કરવી. વલી સલુકાઇ કુદરતથીજ દેખાવવી જોઇયે. નહી કે ગરજ પડે તારે તે પરમાણે ચાલવાનો કોશેશ કરે. જેઓ આ દુનીયામાં પોતાનું સુખ વધારવાને ચાહાતા હોયે તેઓએ સલુકાઈ પકડવી જોઈયે; કેમકે જાતી સલુકાઇ ઊપર હમેશાં ઘર બારનું સુખ આધાર રાખેછે.

પેહેલાં ખાંણાંની ટેબલ ઊપર કેવી સલુકાઈ રાખવી, તથા જમન કેવી રીત અને કીશમનાં કરવાં તે વીશે થોડાક કાયેદા નીચે આપીએ છઈયે.

પારસી લોકોમાં જમણ બે તરેહના થાયેછે, એક ખુશાલીનું અને બીજું ધરમને લગતું. કેટલોક ધરમને લગતાં ખાંણાંની વખતે જે રીતે નોતરાં કરવામાં આવેછે તે રીત ઘણીજ હલકીછે. એક શખસ ઘરનાં દરવાજામાં આવી, આગલ કોઈ હોય ઈઆ નહી હોયે તે છતાં બુમ પાડી ચાલતી પકડે, એને કોઇ ઘરહસથપણાંનાં તેડાં કેહે નહી; એવી બેઢંગી રીત જરૂર નીકલી જવી જોઇએછે. એ રીત મેહુમાંનોને તેમજ મેજબાંનોને પણ એકસરખીજ રીતે હીનું લગાડનારીછે, અને ગમે તેવી હલકી પદવીનું માણસ હોય, તે પણ એવાં તેડાંને માંન આપનાર નથી; પણ એ રેવાજ ચાલતો આવીઓછે તેથી કેટલાએકોને એ અપમાંન વીશે કાંઈ ખેઆલજ નથી.

વલી જે રીતે બઈરાં તથા માટીડાંનાં ટેડાં જમનવારો ઊપર થાયછે તે પણ પસંદ કરવા જોગ નથી. આપણી બાયડીઓ ઘેરેઘેર રખડી રજડી તેડાં કરેછે અને વલી ને એક તેડું થોડું પડેછે અને બીજાં તેડાંની લોકો વાત જુએછે એ રસમ સદાબરી નીકલી જવી જોઇએ, તેમજ માટીડાઓને ખેપીઓ મોકલી તેડાં કરવાનું પણ બંધ થવું જોઈએછે અને તેને બદલે છાપેલી અથવા હાથની લખેલી ચીઠીઓ દાખેલ કરવી અને તેવાં એક પણ માંન ભરેલાં તેડાંને સરવે કોઈએ બાહાલ રાખવું. અને બીજાં તેડાંની કવચીત પણ આશા રાખવી નહી. જેમ એક ખેપીયો આવી ઘરમાં બુમ પાડી તેડું કરી જાયે તે જેટલું હલકું છે તેટલુંજ બલકે તેથી વધારે બે તરણ તેડાં આવે એવી વાર જોવી એ પણ હલકુંછે.

તેડાંની ચીઠીમાં ખાંણાંનો દીવસ, જગા તથા બરાબર હાજર થવાનો વખત અને તે ખાંણાંનું કારણ જણાવવું. એવી ચીઠી. તેરણ દીવસ આગમચથી મોકલવી જેથી સાંમાં ધણીને જવાબ વાલવાને તથા ઘર ધણીને તે પરમાણે બંદોબસ્ત કરવાને બની આવે. માટીડા તેમજ બઈરાંઓએ ખાંણાં ઊપ

૨ જવાને બનશે ઈઆ નહી તેનો જવાબ ચીટી મલે તેજ દીવસે નહીતર બીજે દીને ખચીતથી મોકલવો અને એ બાબદમાં કોઈ વખત પણ ખાંમી દેખાડવી નહી. ખાંણાં ઊપર હાજર થવા લખવા બાદ તેમ કરવાને ઓચીંતી અડચણ આવી પડેતો છેલી ઘડી સુધીબી તેમ લખી જણાવવું.

મોટાં જમણો કરી ખાંણાંની જગામાં લોકોની ટુટાટુટ પડે અને મેલાં પાંથરણાં તથા લોકોનાં ખાઈ ઊઠવાથી ગલીચ થએલી જગામાં બીજાઓને બેસાડવાં પડે અને તેઓની ઘટતી બરદાસત થાએ નહી તેનાં કરતાં થોડાં અને પોતાના અતલગનાઓનેજ બોલાવી ટેબલ ખુરશી વાપડી આવનારાઓની ઘટટી માવજત કીધી હોયતો મેહમાંન તથા મેજબાંન એ બેઊને આબરૂછે, બાકી હાલની રીતમાં કશી આબરૂ નથી. પાંથરનાંની ચાલ હાલ રસ્તે રસ્તે નીકલતી જાયછે તે ટીકછે, પણ હવે એ ચાલ સદાબરી નીકલી જવી જોઇએછે કેમકે એ રસમ ઘર ધણીને તેમજ આવનારને હલકું લગાડનારી તેમજ ગલીચછે. ખાંણાં ઊપર હાજર થનારાઓએ ચીઠીમાં લખેલે બરાબર વખતેજ હાજર થવું. આપણાં લોકોમાં એ ચાલ નથી તેથી બીચારા ઘર ધણીને ઘણીક આપડા ખમવી પડેછે. કેટલાંકો બરાબર વખતની આગલથીજ આવી પડેછે, અને કેટલાંકો તપાવી તપાવીને આવેછે. એ ચાલ ચલાવંનારા બંધો સુધરેલી મંડલીને લાયકનાં નથી કેમકે એક આગમચથી આવી ઘર ધણીની ગોઠવણોમાં ખલલ કરેછે, અને બીજો મોડેથી આવી તેને તથા બીજા સરવે આવનારાઓને તપાવેછે જે એક અપમાંન ભરેલી રીતછે. બરાબર વખતસર હાજર થવામાં આવનારને માંનેછે તેમજ ઘર ધણીની ગોઠવણમાં કાંઇબી ખલલ થતી નથી.

ખાંણાં ઊપર આવનાર ગરીબ તથા તવંગરની એકજસરખી મદારત કરવી અને ખાંણાંમાં કાંઈ ફરક રાખવો નહી. કેટલીકવાર ખાંણામાં તવંગર તથા ગરીબોની ચેનીજમાં ફરક રાખવામાં આવેછે એ જેવી બેહુંદી ચાલ બીજી કોઈજ નથી, એવા સુફરા ઊપર ગરીબોને તેડી અપમાંન આપવું તેનાં કરતાં બેહતર તેવોને નોતરવાંજ નહી. તેમજ ખાણાંનાં એક સુફરા ઊપર તવંગરોને માટે ભાંત ભાંતની ચીજો તથા નીઆમતો મુકવી અને ગરીબોનાં સુફરા ઊપર તેના અખાડા કરવા—મોટાઓને વાસતે જાત જાતના દારૂ ઊખેડવા અને વચલે વાંઘેના તથા ગરીબોને લેચલાઊ બજારૂ દારૂ પાઈ તેવોનો સુફરો જલદીથી ખલાસ કરવાની તજવીજ કરવી એનાં જેવી શરમ ભરેલી ચાલ બીજી એકે નથી અને એવાં જમન કરનારે ખરેખર શરમાવું જોઈએછે. માઠાં ભાએગે એવી રીત આપણાંમાં હજુરછે પણ તે આસને આસતે નાબુદ થતી જાયછે અને લોકો પોતાની ભુલ જુવેછે, એ ખુશી થવા જોગછે.

---

## તરણ ચીજની ઈછા.

એક દાહેયા પાદશાહને માટે એવું કહી ગયાછે, કે તેણે એવો ધારો બાંધેલો હતો, કે પોતાની દરબારમાં જે પરાણો આવે તેને એક તરેલી માછલી પરીસવી. ચાકરોને એવું ફરમાવેલું કે તેઓએ તપાસવું, કે પરાણો માછલીની એક બાજુ સઘળી કાંટા લગી ખાઈને બીજી બાજુ ફેરવેછે કે નહી; જો ફેરવી તો તરત તેને પકડીને બંદીખાને નાખવો અને તરીજે દીવસે ફાંસી દેવો, પણ વળી મેરબાનીની રાહે એવું ફરમાવેલું, કે તેને મારી નાખીયાની અગાઊ દર દીવસે જાનની બક્ષીશ શીવાએ જે માંગે તે બાદશાહે આપવું. એવા હોકમને લીધે બીચારા ઘણા જણ એ પરમાણે નાહક મારીયા ગયા. એક દીવસે દરબારમાં એક સોબો પોતાના નાહાના છોકરા સાથે આવીયો. રાબેતાની મીસાલે માછલી ખાંણાં ઊપર પરીસી. સોબો માછલીની એક બાજુ ખાઈ રહીને બીજી બાજુ ફેરવવા જાયેછે, તેવો તેને એકદમ બાંધીને બંદીખાંનામાં કેદ કીધો, અને તેની સરજત જાહેર કીધી. સોબાનો છોકરો ઘણોજ દલગીર થઇને બાદશાહને અરજ કીધી, કે બાપને બદલે તેને પોતાને બંદીખાનામાં નાખે; તે બાદશાહે કબુલ કીધું. જેવો બાપને બદલે પોતાને બંદીખાંનામાં નાખીયો, તેવોજ જેલરને કહીયું, જે "તમુંને ખબરછે, કે હું મરૂં તેની આગમજ હું તરણ ચીજ બાદશાહ પાસેથી માંગું; તેથી જાઓ અને બાદશાહને કેહો, કે તારી છોકરીને મને લગનમાં આપ અને હમુંને પરણાવવાને માટે તરત એક કાજીને મોકલ."

બાદશાહને એ માગણી પસંદ પડી નહી, પણ

કરેશું; પોતાના બોલથી બંધાયલો તેથી છોકરીને લગનમાં આપવી પડી.

બીજે દીવસે તેણે બાદશાહ પાસે તેની સઘળી દોલત માંગી. આ પણ પેહેલી માગણીની મીસાલે ઘણીજ કઠણ હતી, પણ બાદશાહને પોતાનો બોલ પાલવાની જરૂર પડી. દોલત મળીયાથી તેણે તે માહેથી દરબારના માણસોને પુશકલ વેંહેંચી આપી અને તેથી પોતાની તરફ સઘળાને દોસતદાર કીધા.

બાદશાહ સારી રાત ઘણો શીકરમંદ રહેયો અને સહવાર પડી તેવોજ તરત પોતે ગયો અને પુછીયું કે તરીજી મોરાદ શું જોઈયેછે; કે તે તુંને આપવામાં આવે અને તુંને તરત મારી નાખીયે.

છોકરાએ જવાબ દીધો; "બાદશાહ હવે મારી છેલી માગણી એછે, કે જે લોકોએ મારા બાપને ખાતી વખતે માછલી ફેરવતાં જોઈ હોયે તેની આંખ ફોડી નાખવી."

બાદશાહ બોલીયો, "ઠીકછે; તારી માગણી વાજબીછે;" એમ કહીને ચોકીબાનને ફરમાવીયું, જે તરત દીવાનને પકડી લાવે.

દીવાન બોલીયો જે, "બાદશાહ મેહેરબાન, મેં કાંઈ જોયું નથી, એનો કારભારીએ જોયુંછે"

બાદશાહ બોલીયો "તારે કારભારીને પકડી લાવે." કારભારો આવીને આંખમાં આંશું લાવીને બોલીયો જે, તેણે કાંઈ પણ જોયું નથી, તેનો બટલરે જોયુંછે. બટલર બોલીયો, જે મેં કાંઈ જોયું નથી, કોઈ ચાકરે જોયું હશે. ચાકરો બોલી ઊઠીયા, જે સોબાનો વાંક શુછે તેથી તેઓ તદન અંજાણાછે. ટુકામાં એવું માલમ પડીયું, જે સોબાને માછલી ફેરવતાં કોણે જોઈ તે શખસ કોઈ પણ નથી.

બાદશાહની છોકરીએ એવો મામલો જોઇને બાપને અરજ કીધી, જે "જારે કોઈએ ગુનાહ કરતાં જોયો નથી, તારે સોબો ગુનેહગાર હોયે નહી અને મારો વર બેગુનાહછે."

બાદશાહ ચીરડાયો, તેથી દરબારના માણસો ખરબડવા લાગાં. એ પછી બાદશાહ હસીઓ. તેથી સઘળાના ચેહેરા હસતાં થયા.

બાદશાહ બોલીયો "જોકે એનો વાંક ઘણોછે અને ફાંસી દેવાને બદલે મારી છોકરી સાથે તે પરણીયોછે તેથી એને છોડી દેઓ."

## ભુલુ પડેલુ ભુલકું.

બચાંને લગતી હર કોઈ બાબદ લોકો મોટા હરખથી વાંચેછે. આપણે પોતેબી એકવાર બાલક હતાં; અને વલી જો જીંદગીએ ઇઆરી આપીતો મરણ આગમજ પાછાં બીજીવાર બાલક થાઇશું—બુધાપો ગોએઆ બીજીવારની બચગીજછે.

* અતરે પાસના પાનાપર આપેલાં ચીત્ર મધે તમો એક બાલકને જોશો. તે બાલક પોતાના જેવાંજ નાધલાં એક બલાડીના બચાંને લેઇને રમતું રમતું દુરના એક ખેતર તરફ નીકલી ગએલુ માલમ પડેછે. પોતાના કુવત ઊપરાંતની મંજલ (કદાચ પોતાની નાધલી જીંદગીમા પેહેલીજવાર) કરીને તે ફસડાઇને ભોંએ ઊપર બેસી ગએલુંછે. તેના ચેહેરા ઊપરથી દીઠબી કેહેશો કે જે જગોએ તે ભોગ જોગે આવી પડીઊંછે તીઆંનો, તથા તેની આસપાસનો દેખાવ તેને બીલકુલ અજાણીઓ લાગેછે, અને તેથી તે મોટી અજાએબી તથા ભએમાં પડીને જોએછે. એકાએક કીઆંથી કીઆં આવી પડીઊં! બીચારૂં તે હવે કીઆં જાશે! તોપણ જોવો કે પોતાની હાવી હાલતમાબી તેને પોતાના સોબતી (પેલાં બલાડીના કુરકુરીઆંને) હાથમાં કેવું જાહલી રાખીઊછે!—તેને તે કેવુ પેટમા દાબેછે!—બચાંના સાફ દીલની દોસતી તે કેવી ખરી અને નીરમલ દોસતીછે!

અવે તે એવી હાલતમાં બેઠેલુંછે તેવાંમા કોઇએક ભલો આદમી અને તેની ભલમનસાઈ ભરેલી પુતરી તે તરફથી થાઇને પોતાને ઘેરે જાએછે તેઓની તેના ઊપર અછડતી નજર પડી તેઓ સું જોએછે! એક નવરી અને એકાંત જાહારીમા કોઈ બાલક છોકરી હાથમાં બલાડીનું બચું પકડીને બેઠેલીછે! આ બાળકને એવી હાલતમાં જોએઆ પછે પોતાની સાથે લીધા વગર તેઓથી એક કદમબી આગલ ચલાએ? આપણે જોઈએછે કે તે બાઈ પેલાં બચાંની નજદીક જાઇને પોતાનો સાદો પણ કીમતી પોસાગ ખરાએઆની દરકાર કરીઆ વગર બેસી ગઇછે. સ્ત્રી માતરનું હઈડું પોચું હોવું જોઈએ, પણ આ બાઈના ખુબસુરત મોઢાં ઊપરથી તમો કહેશો કે તેનું દીલનો મામના થાનેથી વાધારે નરમછે. વગર માએ અને વગર બાપના ભુલાં પડેલાં ભુલકાંની તે માએ હોએ તેવાં હેતથી આ બચાંને સવાલો કરી



પ્રેમ પ્રકટ્યું.



જુઘ પડીઉં ઝભકું.

ને પુછેછે કે આવી દુર જગાએ તે કેમ આવી પહોંચી ? વાંચનાર તે બાઈની આ તસવીર જોએઆથી સું તમારા કાંણે તે સવાલો પડતા નથી ? વળી જોવો કે તેનો લગભગ બુધાપામાં આવેલો પીતા કેવી આતુરતાથી આવાં મુસીબતમાં આવેલાં બચ્ચાં તરફ જોએછે ! કેહેવતછે કે ભલાં આદમીઓનો દેખાવબી ભલોજ હોએછે તે આ બાપ દીકરીના મોડાં ઉપરથી જોશો.

જમના હાંથ તરફના ચીત્રમાં તેજ બાઈ પેલાં ભુલકાંને પોતાને ઘેરે લેઈ ગઈ અને તેની મા તેને સોધતી સોધતી લેવા આવી તેવુંજ તેને સવાધીન કરીઉં, તે દેખાવ આબેહુબ દેખડાવીઓછે. આપણી જીંદગીમાં એવા દેખાવોસો સાધારણછે, પણ તેઓને ખરી ખુબી સાથે ચીતારનારની ચતુરાઈ કાંઈ સાધારણ ચીજ નથી. જેમ જેમ આએ દેખાવ જોઈએછે, તેમ તેમ તેને લગતી નાધલી મોટી સરવે બીનાઓમાં ગોએઆ આપણે પોતેબી સાંમેલ હોઈએ તેવી સોચણા આપણામાં ઉતપણ થાએ એવા ચીતારાઓની આ દેશમાં મોટી ખુટછે.

---

## તલેસમાતી વીટી—એક જોડી કાહાડેલી વારતા

ગંગા નદીનાં મુખ આગલ એક જુંફડીની અંદર એક બુધો સાધુ રેહતો હતો: જંગલનાં સઘલાં પંખી અને પશુઓ ઉપર તે એટલીતો માયા રાખતો હતો કે ફાડી ખાનારાં જાનવરો વટીક તેની સાથે હલી મલી જતાં હતાં અને તેને જરાએ ઈજા કરતાં નહી હતાં.

એક દીવસે તે નદી કીનારે બેહો હતો તેવામા બે કાગડા ગમત કરતા નદીને મથાલેથી ઉડી જતા હતા. ગમતમાં એક કાગડો નદીમાં પડીઓ અને પાંણીની તાણ સાથે ખેંચાવા લાગો અને તેનેથી બાહેર નીકલી શકાયું નહી તરત પેલો બુધો સાધુ નદીમાં ઉતરી પોતાની લાકડી વતે પેલા ઘસડાઈ જતા કાગડાને અટકાવી ઉંચકી લીધો અને તેને સુરજનાં તડકાંમાં સુકવા મુકીઓ. જેવું તે કાગડાનું અંગ સુકું થયું કે તે પોતાના જેડીઆની સાથે એક ઉંચા પાહડ તરફ ઉડી એક ગોફામાં જઈ તરત પાછા આવતા પેલા સાધુને જનાયા, અને તેઓએ આવીને પેલા સાધુની નજદીક એક વીટી મુકી.

પેલા સાધુએ તે વીટી ઉંચકી લેઈ પોતાને આગલે પેહરી અને જેયછેલો પેલા કાગડાઓને બોલતાં સાંભલેઆ. તેઓ બોલીઆ, "ભલા સાધુ સરવે પશુ અને પંખીઓ તરફની તમારી અતીઅંત મમતા, અને મારી જીંદગી બચાવી તેનાં બદલામાં આ વીટી કબુલ રાખો, એ એક જાદુઈ વીટીછે અને જે કોઈ એ વીટી પેહરસે તે સરવે પંખીઓની વાતચીત શમજશે અને એ વીટી દેખાડી જે કાંઈબી કાંમ કોઈબી પક્ષીને શોંપશે તે તરત બજા લાવશે." હવે તમારી ખીદમત બજાવાને હમારાં સરખું કાંઈબી કામ હોય તે સુખે ફરમાવો.

પેલો સાધુ બોલીઓ મારૂં એક કાંમછે. હું પેહલાં કાશમીરનો રાજા હતો અને મારા જમાઈએ દગો કરી મને તખત ઉપરથી ઉઠાડા મુકીઓ તે દીનથી આવા લેબાસમાં જંગલવાસી થઈને રહેલોછું. હવે મારા મરણ આગમંચ મારી છોકરી જે તાંહાની રાંણીછે તેની તથા કાશમીરનાં રાજની ખબર લેઈ આવોતો મારી ઉપર ભારે ઉપકાર થાએ.

આ સંધેસો લેવા પેલાં પક્ષીઓ તરત ઉડી ગયાં અને કેટલાક દાહાડા સુધી તેઓની કાંઈજ નીશાંન જનાઈ નહી. એક દીવસે આ બુધો સાધુ નદી કીનારે બેહોછે તેવામાં આકાશમાં બે કાલા ધાબાં જનાયાં અને જરાક વારમાં માલમ પડીઉં કે તેઓ પેલા બે કાગડા હતા. તેઓ નીચે આવી સર નમાવી બોલીઆ, ભલા સાધુ જલાલત હમો તારે વાસતે દલગીરી ઉપજાવનારી ખબર લાવીઆ છઈએ. તારી છોકરી ગુજરી ગઈછે અને તેને પેટની એક છોકરી હયાતછે. તારા જમાઈએ બીજી બાયડી કીધીછે અને તારી છોકરીનો એક પાલેલો પોપટછે તેનેથી હમો વાકેફ થયા છઈએ કે આ સાવકી માં ઘણીજ જાલમછે અને આ નાની છોકરી ઉપર ઘણુંજ દુખ પાડેછે. વલી હમોએ એમબી સાંભલીઉંછે કે રાજા શેકારગાહમા જનારછે તે વખતે તારી નાંની છોકરીનો કોઈબી રીતે આ મતરાઈ મા રમતો લાવવા માંગેછે."

બુધો સાધુ આ વાત સાંભલી ઘણોજ ખેદ પાંમીઓ અને આખી રાત રડીને બેચેનીમા ગુજારી. સહુવારનાં પોહોરમા નદી કીનારે જઈ બેહો અને પેલા કાગડાઓ તાહાં ઉડતા હતા તેઓને વીટી દેખાડી આગલ બોલાવીઆ અને ફરમાવીઉં કે મારી છોકરીની છોકરીને "જઈને આ વીટી આપો અને કેહજો કે આ તલેસમાતની વીટીછે તેથી જેબી પક્ષીને બોલાવસો તે તરત હાજર થશે અને જોઈતી કરતી શલાહ તેમજ કામબી કરી આપશે. આ શીવાએ બીજી કાંઈબી મદદ હું આપી શકતો નથી

કાગડાઓ તઈઆર થયા અને બોલીઆ કે હમો તારો હોકમ બજા લાવીશું અને હમો તાંહાંજ રહીશું અને જેમ બનસે તેમ એ છોકરીને આ તરફ લેઈ આવવાની કોશેશ કરીશું," એટલું કેહી નમસકાર કરી રખશુદ લીધી

જંગલ તથા મેદાંન કુદાવી કાશમીર તરફ તેઓ જઈ લાગા અને પાદશાહનાં મેહલમાં જઈ જાંહાં પેલી છોકરી પોતાના પોપટની સાથે ગમત કરતી હતી તાહા તલેસમાતની વીટી તેની આગલ ધરી જે તેણીએ પોતાનાં સુંદર આંગલાંમા પેહરી અને તેવીજ તે પંખેરાની વાત સમજવા લાગી.

પેલા કાગડાઓએ બુધા સાધુની કહેલી સરવે હકીકત આ નાજનીને સંભલાવી અને પોપટે, તેનાં બપાવાએ જારે રાજ ખોએઉં તારે જે કાંઈ બનીઉં હતું તેની સરવે કેફીઅત જાહેર કીધી, તે ઉપરથી આ નાહાની શાહજાદીનું દીલ ભરાઈ આવીઉં, અને આંખમાંથી મોતીનાં ટીપાં તપકાવા લાગી અને બોલી કે તેનાં બપાવા પાસે જઈ રેહવાને હવે

તેને બારે ઈનતેજારી થઈછે; કેમકે હાલની રાંણી (સાવકી માએ) તેની ઉપર ખુબ જફા પાડેછે અને તેના બાપ પાસે જવાને એક જોગવાઈ પણ આપતી નથી કે એક દીવસ આગલ જઈ સરવે ખોલાસો કરી દીલ ખાલી કરે. આ મેહલની અંદર તેના પોપટ સવાએ તેને કોઈ ચાહ કરતું નથી અને તેની કોઈ કદર બુજતું નથી. જેવો એકવાર આં સાહજાદીનો ચોરો જોઈ તેની તારીફ અને સીફત ગાતાં—જેવો તેના બાલક હસવા ઉપર મોહી પડતાં, ટુકમાં જેવો-તેની બરદાસત કરવાને તેની દાસીઓની અદેખાઈ અને અંટસ કરતાં તેઓ આજે પીઠ ફેરવી નવી આવેલી રાંણીને ખાતર આ નાજુક અને કુમલા જીવ ઉપર જફા પાડવાને જરાએ માણુસનો તેમજ ઈશવરનો ડર નહી કરતાં.

પોપટે સાહજાદીને આંસુ તપકાવતાં જોઈ પોતાની લાકડી ઉપરથી નીચે ઉતરીઓ; ગોઓઆ તેને એક ચુંમી લેઈ દીલાસો આપવાને આવીઓ હોએ; અને બોલીઓ "મારાં પીઆરાં બઆં આ મેહલમાં મેં તુંને જનમતાં જોએલી છે અને તે વખતે તારી ઉપર કેવાં ફુલ ગુડાતા અને તારી માએની ચસમની સરમને લીધે શું તવંગરો કે ગરીબો એ સરવે તારી માવજત કરવાને કેવા તઈઆર થતાં, અને તારો બાપ તુંને દીઠા વગર રાતના પોતાના બીછાના ઉપર જઈ નહી શકતો—તે સરવે આજે ફેરવાઈ ગએઉંછે. દીકરી તારી માએ જારથી આખ મીંચી અને આ જાંહાંનથી કુચ કીધી તારથી તારી ઉપર જફા પડવા માડીછે, પણ ખેર એ સઘળું વહી જશે, કેહની રહી જશે, અને રોજે કેઆંમત ને દાહાડે ઈશવરની અને તારી માએની હજુર આ સરવે ચંડાલો પોતાનું મોહડું છુપાવસે. હવે આ કાગડાઓ તુંને તારા મપાવા પાસે લેઈ જવા માગેછે તે મને ઠીક લાગે છે અને તેમ કરતાં કદાચ તું ફસો પડસે એવી હું ધાસતી રાખુંછ, પણ હવે તારો બાપ શેકારગાહને મારે લાબા દીવસ બાહેર જનારછે તેથી વળી મને બીજી ચીંતા લાગેછે કે રાણી તુંને તેની ગેરહાજરીમા તકવા દેનાર નથી, તેથી હમો એવી ગોઠવણ કરીએ છઈએ કે બંવે કાગડા ભાઈઓ બાગમાજ ફરતા રેહશે અને આસપાસની ખબર રાખશે અને હું મેહલમા, રાંણી અને બીજાં માણસોને તપાસતો રેહીશ અને તેઓની દરએક નીચ ઈઉકતી જોઈ કાહાડી તેના ઉપાઓ સાવધ રીતે લેઈશ.

રાજાએ શેકારગાહને મારે પોતાનો સરવે અસબાબ ઉઠાવીઓ અને ચાલવા માંડીઉં. એને બીજેજ દીવસે પેલા બે કાગડાઓ પોપટ પાસે ખબર લાવીઆ કે મેહલમાની એક દાસી જે જાહાડના પાતરાં તોડેછે તે જેહરી જાહાડછે તેથી સંભાલ રાખવી. પોપટ પેલી દાસીની પછવાડે જે ઓરડામાં રાંણી હતી તાંહા દાખલ થઓ અને જોએછેતો રાણીએ પેલાં પાતરાંનો રસ કાહડી આટો અને શાકર લેઈ તેમાં તે રસ ભેલી એક "કેક" બનાવી ભુંજવા મુકીઉં. તરતજ પોપટ બેમાલમ રીતે ઉડી નાહાની શાહજાદીના ઓરડામાં આવી પેલા કાગડાઓની હજુર સરવે હકીકત જાહેર કીધી. આ વખતે શાહજાદીને નસાડવાને તેઓ શુકતી કરવા માંગતા હતા, પણ તેના ઓરડાના બારણા બાહેરથી બધ અને તાંહાંજ નજદીકમાં એક પોહરેગીરનો પોહરો હતો તેથી લાઈલાજ થઈ બેઠાં. એટલામાં ઓરડો ઉંઘાડી રાંણી અંદર દાખલ થઈ અને તરતજ પેલા કાગડાઓ બારીમાંથી બાહેર ઉડી ગયા. રાંણી એક રકેબીમાં કેક લાવી હતી તે તેની આગલ મુકીઉં અને બોલી કે આ મારે હાથનું બનાવેલુંછે તે ખાજે, એટલું બોલી બાહેર ગઈ. તે દાહાડે શાહજાદીને વાસતે કાંઈબી ખાંણું આવીઉં નહી તેથી તે બીચારી ભુખી રેહી, પણ પેલા કાગડાઓ બાગમાંથી કેટલાંક અંજીર તોડી લાવીઆ જેમાંથી આ તરણુંડે પસી તથા શાહજાદીએ પોતાનો ગુજારો ચલાવીઓ; અને પેલું કેક કાગડાઓ ઉંચકી લેઈ જઈ તલાવમાં નાખી આવીઆ.

બીજે દીવસે સવારના રાણી ખબર લેવાને વાસતે શાહજાદીના ઓરડામાં તેને મુએલી જોવાને દાખેલ થઈ પણ તેને હઈઆત જોઈ તેની છાતી ફાટી ગઈ અને ચીરડાઈ આ નાજુક શાહજાદીનો ટોટો પીસવા માંડીઓ. પેલા પોપટે જોઈઉં કે આજે આ છોકરીનો અંત આવીઓછે તેવોજ ઉડી જઈ રાંણીનો છોકરો જાંહાં પારણામાં સુતો હતો તે ઓરડામાં ચુલામાંથી બલતી લાકડાંની સલી લેઈ જઈ, બારીનો એક પરદો સલગાવી મુકીઓ અને "આગ આગ" એવી બુમો પાડતો નીકલીઓ. તેવામાં મેહલના સરવે માણુસો "આગ આગ" બુમ પાડવા લાગાં તે ઘભરાટ સાંભલી રાંણી તરત પેલી છોકરીને જમીન પર નાખી દોડતી પોતાના બાળકને લેવા આવી.

પેલીગમ એવો બનાવ બનેછે એવું જોઈ પોપટે તરત ઉડી આવી શાહજાદીને સાવધ કરી જલદીથી નાહસવા કહેઉં. બાગનો એક દરવાજો ઉંઘાડી મેહલની બાહેર નીકલી પડી અને સાંમે તલાવ હતો તેમાં સારાં ભાએગે બે હાસ તરતાં હતાં તેઓને પેલી વીટી દેખાડવાને પોપટે કહેઉં. વીટી જોતાંવારજ તેઓ તલાવને કીનારે તરી આવીઆં અને સર નમાવી હોકમ પુછીઓ.

પોપટ બોલીઓ આ શાહજાદીને તમો બંધે મલી પેલે પાર તેરવી લેઈ જાઓ. તરતજ તે બેઉ હાસે શાહજાદીને પોતાની વચે લીધી અને પીઠ ઉપર હાથ મુકાવી તેને તેરવી લેઈ જઈ બીજે પાર ઉતારી. પોપટ અને કાગડાઓ પણ તેની પછવાડે ઉડી ચાલીઆ.

પાહાડની એક કટણે આવી સાહાજાદીએ પોતાનો પોશાક ઉતારી શુકવા મુકીઓ અને તરત એક કાગડાને હોકમ કીધો કે મેહેલ તરફ જઈ-આગથી કાંઈ નુકશાન થએઉંછે કે નહી-તેની ચોકશ ખબર લેઈ આવે બીજો એક કાગડો ઉંચે ઉડી આસપાસની ખબર રાખવા-લાગો.

કપડાં શુકાયા એટલામાં મેહલ તરફની ખબર લેઈ પેલો કાગડો આવી પોંહોચીઓ અને બોલીઓ કે આગથી કાંઈ નુકશાન થએઉં નથી, નાહાનો છોકરો સલાંમતછે અને આગ જલદીથી બુજવી નાખીછે અને શાહજાદીની શોધાશોધ થાએછે અને જે કોઈ તેનો પટો લાવી આપે તેને શુનાના પચાસ સીકાનું ઈનામ આપવાનું જાહેર કીધુંછે.

આ વાત શાંભલી જોકે શાહજાદી થાકી ગઈ હતી તોબી આગલ ચાલવાની પોપટે તાકીદ કીધી. શાહજાદીને થાક લાગાથી પાંણીની બારે તરસ લાગી જેથી એક કાગડાએ ઉંચે ઉડી થોડેક દુર પાંણીનો એક જહરો વેહતો હતો તે

ચોથી કોહાડીઓ અને સરવે તે તરફ ચાલીઆં. પાંણી પીધા પછે શાંજ પડવા આવી હતી તેથી તેઓએ પોતાનો ઉતારો તે રાતના એજ જગાએ લેવાનો ઠેરાવ કીધો અને તરત કાગડાઓએ ઉડી જઈ જંગલમાંથી થોડાંક અંજીર તથા દરાખ લાવી આપેઆં જેની ઉપર આ સરવે સાથીઓએ તે રાતના પોતાનો ગુજારો કીધો અને રાતના તેજ જગાએ ઘાંસ પાંથરીને તે ઉપર આરાંમ કીધો. આ છોકરીને એટલી તો થાક ચહડી હતી કે જેવો તેણે જમીન ઉપર પોતાનો બરડો ટેકવીઓ તેવોજ ઉંધે તેની ઉપર ગલબો કીધો અને તેના વીશવાશુ નોકરો (કાગડાઓ) આખી રાત વારાફરતી તેનાં ચોકીબાંન થયા હતા.

(એવું સાંધણુછે.)

## છોકરીઓને કસરત કેવી કરાવવી જોઈએ ?

જેમ છોકરાઓને કસરતની જરૂરછે, તેમજ છોકરીઓને પણ તેની જરૂર છે, તે વીશે ગયા આંકમાં હમોએ કેટલેક ખુલાશો કરીઓ હતો. છોકરીઓને કસરત કરાવવાથી કેવા મહાભારત ફાયદા થાયછે, તે ખુલા કરી તેમાં બતાવીઆ હતા. જે જાતનાં સુખો આપણી ઘણીખરી સ્ત્રીઓ માંગેછે, તે સુખો એ કસરતમાં ભરેલાંછે એવું તેમને દેખાડીયું હતું. તે ઊપરથી વાંચનારી બાઈઓની ખાતરી થઈ હશે, કે તેમની છોકરીઓને કસરત કરાવવાની જરૂર છે, અને તેમનાં મનમાં આ સવાલ ઊતપન થઈ રહીઓ હશે, કે તેમને કેવી કસરત કરાવવી; માટે તેનો ખુલાસો અમો અતરે કરીએછેઃ—

આટલી વાત ખરી છે, કે જેટલી જાતની કસરતો મરદો કરી શકે તેટલી જાતની ઓરતોથી થઈ શકતી નથી. "કસરતો ઘણી જાતની આવેછે, જેના મુખીઅ તરણ ભાગ કરી શકાયછે એક હલકી અને આયાસી ભરેલી કસરત, બીજી કઠણ અને મેહનત ભરેલી કસરત, અને તરીજી સંકટની વેલાએ શરીરનો બચાવ કરવાની કસરત. પેહેલી જાતની કસરતમાં ચાલવું, દોડવું, કુદવું, નાચવું અને ઘોડાપર સવારી કરવી. બીજી જાતની કશરતમાં હાથ, પગને તરેહવાર રીતે મડવા, શરીરને તરેહવાર આકરતીમાં વાલવું, જોર કાહાડવા, જોરી ફેરવવી, કુસતી રમવી, મલકમ કુદવી, આડી ટાંગેલી અથવા જડેલી લાકડીપર તરેહવાર રીતે ફરવું અને દોરડાં ઊપર તરેહવાર જાતની—અંગબંસની—કસરત કરવી. તરીજી જાતમાં લાકડી, પટો, બનાતી, ધુપ અને એ વગેરેની કસરત. હવે તરણ જાતની કસરતમાંથી કહી જાતની અને તેમાંની કહી ભાતની કશરત છોકરીઓને લાયકની અને જરૂરની છે, તે જોવી જોઈએ. પેહેલી જાતની જે કસરતો ઊપર કહી, તેનો સઘલીજ છોકરીઓને લાયકની અને જરૂરની છે. એ સઘલી કસરતો, યુરોપીઅન સ્ત્રીઓ તો, આસમાન વગર કસરત કરવે જ, નીત કરેછે. તેઓ સાંજને વખતે બાહાર ફરવા નીકલી ખુબ ચાલેછે, ઘોડાપર સવારી કરેછે અને ઘરતે અવસરે નાચેછે. છોકરીઓ પણ એજ પરમાંણે રોજ ચાલેછે. દોડેછે, કુદછે અને નાચેછે. પણ દેશી સ્ત્રીઓમાં કે છોકરીઓમાં, માઠાં બાયગે, એવો કશો ચાલ ન હોવાથી, આવી કસરતો નીત કરવાને તેમને તક મલતી નથી. દેશી સ્ત્રીઓમાં નીત ફરવા જવાનો, ઘોડે બેસવાનો, કે નાચવાનો ચાલ ન હોવાથી તેમનાથી એવી કસરત બનતી નથી. છોકરીઓને પણ ચાલવાની, દોડવાની કે કુદવાની તક મલતી નથી, કારણ કે તેમ તેમને કોઈ કરવા દેતું નથી. તેથી તેઓ પણ બાપડીઓ આવી પોતાની મેલે થતી કસરતોથી બેનસીબ રેહેછે.

બીજી જાતની કસરતમાંની સઘલી કસરતો ઓરતોને લાયકની તથા જરૂરની નથી. તે માહેલી માતરે બેજ કામ આવે એવી છે, જે હાથ તરેહવાર રીતે વાલવાની અને જોરી ફેરવવાનીછે. હાથ વાલવાથી અને જોરી ફેરવવાથી છાતી અને ગરદનના ભાગ કસાયછે, અને ખીલેછે. એ બે ભાગ કસાઇને ખીલવાથી શરીરના દેખાવની ખુબસુરતીમાં ઘણો વધારો થાયછે, એટલુંજ નહી પણ, છાતીના ભાગના ખીલવાથી ખહી, દમ વગેરે છાતીનાં નાશકારક દરદો લાગુ પડતાં નથી. એટલા માટે એ કસરત પણ છોકરીઓને અથવા સ્ત્રીઓને ઘણી અગતની, અને કશાં પણ નુકશાન વગરની છે. તરીજા વરગની સઘલી કસરતો ઓરતોને લાયકની છે, પણ તે તેમને હાલ જરૂરની નથી. જો એવી કસરતોથી દેશી સ્ત્રીઓ માહીતગાર થાય તો તે એક મહાભારત ફાયદો કરનારી વાત થઈ પડે, પણ જીઆરે દેશી પુરૂષો એવા કસરત વગરના પડેલા છે, તો પછે સ્ત્રીઓને માટે તે શું બલાંમણ કરવી !

એ પરમાણે જોતાં હાલ દેશી છોકરીઓને આપ

વા જોગ અને જરૂર જોગ આટલી કસરતો માલમ પડે છે: ઘણું ચાલવું, દોડવું, કુદવું, નાચવું, ઘોડાપર સવારી કરવી, હાથને તરેહવાર રીતે આગલ, પાછલ, ઊપર નીચે વાલવા, અને જોરી ફેરવવી. હાથને તરેહવાર રીતે વાલવાની વળી તરણ રીત આવેછે. એક, અમથા ખાલી હાથ વાલવા; બીજી, હાથમાં મુઠ જેવા લોહાંના વજન લઈ વાલવા, અને તરીજી હાથમાં બે ફુટ ઊપરની લાકડી લઈ વાલવા. એ તરણે રીતો પણ છોકરીઓને લાયકની અને જરૂરનીછે. આ સઘલી કસરતો છોકરીઓને દરેક માબાપોએ કરાવવી જોઈએછે. એવી જાતની કસરતો છોકરીઓ કરી શકે એવી ગોઠવણ અતરેની સઘલી છોકરીઓની નીશાલોમાં કરવી જોઈએછે. અતરેની છોકરીઓની નીશાલોમાં એ બાબદની ખામી એટલેવેર તો છે, કે રજાની વખતે પણ ઘણીવાર તેમને થામલાની માફક એક જગાએ બેસાડી રાખવામાં આવેછે. એવો ચાલ ઘણોજ નરસો અને છોકરીઓની તંદોરસતીને ઘણો નુકશાન કરનારોછે. એવો ચાલ અને કસરતની છીત અથવા અજાણપણું હવે નીકલી જવું જોઈએછે. માબાપો સમજી પોતાની છોકરીઓને કસરત કરાવવા શીખે, તેની આગમચ એ વાતની આગેવાની છોકરીઓની નીશાલોના આગેવાનો અને કારોબારીઓએ ઊઠાવી લેવી જોઈએછે

## ઈસકરાફીયુલા નામનો રોગ અને તેને લગતો વેહેમ.

યુરોપીઅન લોકોમાં ઈસકરાફીયુલા નામનો મરજ ઘણો ફેલાયલો હોયછે. તે બચાંને જનમથીજ હોયછે. તે પેહેડી દર પેહેડી ઊતરતો આવેછે. એ ખહીનાં રોગની પેહેલી નીશાનીછે એ રોગની ઘટતી માવજત તથા દવા કીધાને બદલે ઈંગલંડ તથા ફરાંનસ દેશોમાં આજ થોડાંક વરસની અગાઊ કાંઈક પુરાતમ જમાનાથી એક હસવા સરીખી રસમ ચાલતી આવી હતી. જે બાલક ઈયા ઓરત ઈયા પુરૂષને એ રોગ થતો તેઓને પાદશાહ પાસ લઈ જવામાં આવતાં હતાં અને પાદશાહ પોતાનો હાથ તેઓને લગાડતો તેથી તેઓનું દુખ દફે થતું હતું એવો સઘલા લોકોમાં વીચાર હતો. ઈંગલંડનાં લોકો કેહેતા કે હમારા પાદશાહ એડવરડ ધી કનફેસર જે આજ સેંકડો વરસ આગલ થઇ ગયોછે તેના પરતાપથી એ દરદો પેહેલાં દફે થવા લાગાં અને ફરાંનસના લોકો કેહે કે હમારા રાજા કલોવીસનાં પરતાપથી એ દરદનો પેહેલો નાશ થયો. એ રીતે બેહુ દેશોમાં એ બાબદપર લાંબી લાંબી તકરાર ચાલતી. ઈસટુઅરટ ખાનદાનનાં પાદશાહો જાંહરે ઈંગલંડમાં રાજ કરતા તાહારે પરબાંનોની કચેરીમાં ચોકસ દાહાડો ઠેરવી દરેક પાદરીને દરેક ગામડાંમાં ખબર કરવામાં આવતી કે ફલાને દાહાડે પાદશાહ ભર કચેરીમાં ઈસકરાફીયુલા વાલાં દરદીઓપર પોતાનો હાથ ફેરવશે. આ ખબર સાંભલતાંજ હજારો દરદીઓ પાદશાહના મેહેલના બારણા આગલ ભેગાં મલતાં. ઠેરવેલે દાહાડે પાદશાહ પોતાના તખતપર બીરાજતો અને ઘણાએક મોટા મોટા ધરમગુરૂઓ પોતાનાં લાંબા જભા ઓલવી ભપકાસર તખતની આગલ હારોબંધ ઊભા રેહેતા. પછી પાદશાહનો ખાશ વઈદ એક દરદીને હાથથી પકડી પાદશાહી તખત આગલ હાજર કરતો. આ વેલાએ એક પાદરી મોટે સાથે 'બાઇબલ' ઇયાને ઈંગરેજી ધરમ પુસતકમાંથી એક વાકીય વાંચતો અને પાદશાહ દરદીના ગાંલોપર પોતાનો હાથ ફેરવતો અને તાહારબાદ તેના ગલાંમાં એક સુનાનો સીકો સુફેદ ફીતે બાંધીને રખશદ કરતો. આ પરમાણે એક પછી એક શઘલા દરદીઓને કરવામાં આવતું હતું. ઈસટુઅરટ ખાનદાનના બીજા રાજા ચારલસે બધા મલીને ૯૦૭૯૮ દરદીઓપર હાથ ફેરવીયો હતો. તે વખતના મોટા મોટા કાબેલ પાદરીઓ એવું કેહેતા હતા કે એ દરદ સાફ કરવાની શકતી ઇશવરે ઈંગલંડના પાદશાહોનાજ હાથમાં મેલીછે, અને બડે બડે વઈદરાજો એવું માણતા હતા કે પાદશાહનાં હાથથી દરદીઓનું દુઃખ મટતું હતું. જો કુદરતી કારણોને લીધે કોઈ દરદીને ફેર પડતો હતો તો લોકો પાદશાહની શકતી વીગે નહી બોલાય તેટલી તારીફ કરતા હતા, અને માઠાં ભાએગે જો કોઈ દરદીને ફેર નહી પડતો તો તેઓ એવું બોલતા કે એણે પાદશાહપર પુર એતેકાદ ધરેઓ નહી. જ્યારે વઈદો અને બીજા કાબેલ પુરૂષો એવું મત આપવા લાગા તારે અનઘડ લોકોનો એમાં કશો વાંક દીસતો નથી. ૧૬૮૪ નાં શાલમાં

પાદશાહનાં મેહેલ આગલ એટલીનો ઠઠ મલી હતી કે છ સાત દરદીઓ ચંપાઇને તેજ જગોએ મરી ગયાં હતા. ઈસટુઅરટ ખાંનદાનનાં છેલ્લા પાદશાહ બીજા જેમસને જારે જબરદસતીથી ગાદીપરથી હાંકી કાહાડે આ તારે તેની બેટી મેરી અને તેનો ખાવંદ તરીકે વીલીઅમ ઈંગલંડની હકુમતે આવેઆં. પાદશાહ વીલીઅમને જારે દરદીઓપર પોતાનો હાથ ફેરવવાની દરખાસત થાઈ તારે તે આ હસવા સરીખી રસમને ધીકારી નાખી તેની સામે થયો. તેણે કહયું કે આ દરદને દુરે કરવા માટે ઘરતા ઈલાજો છોડી પાદશાહ પાસે ખાલી ઢોંગ કરાવવો મહને પસંદ નથી અને તેથી કરી એ રસમ હું ચાલવા દેનાર નથી. આવું મત જાહેર પડેઆથી હજારો દરદીઓ પાદશાહ વીલીઅમની સામે બેઅદબીથી પોકાર મારવા લાગા. કોઈ કેહેતું કે પાદશાહ ઠગારોછે, કોઈ કેહેતું કે પાદશાહ ધરમપર ચુસત નથી અને કોઈ કેહેતું કે પાદશાહમાં દરદીઓને આરામ કરવાની શકતી નથી કારણકે તે પોતાના સસરાનુ તખત છીણવી બેઠોછે. પણ પાદશાહ વીલીઅમે એવાં બોલવાની મુતલગ દરકાર કીધી નહી અને તે પોતાના મરણ શુધી પોતાના ઠેરાવને મજબુત વલગી રહયો. વીલીઅમના મરણ પછી તેની સાલી રાણી એન તખતે બેઠી અને તેણીએ પાછી આગલી રસમ જારી કીધી. વરસ દાહાડે આ વેહેમી કીરીઆઓ પર ૧ લાખ કરતાં વધારે ખરચ થતો હતો. કેટલાએક લોકો હમને પણ દરદછે એવો ઢોંગ કરી સુંનાનો સીકકો પાદશાહને હાથે પોતાના ગલાંમાં ઓલવાવી જતા હતા પણ પાછલથી પાદશાહના વઇદોએ દરેક દરદીને તપાસી અંદર મોકલવાનું જારી કીધું. રાણી એનના મરણ બાદ એ રસમ ઈંગલંડ દેશમાંથી સદાખરી નીકલી ગઈ. ડાકટર જાનસન નામના એક માહા પુરવીન ફીલસુફને એન રાણીએ જે ગલામાં સીકકો ઓલવીઓ હતો તે આજ શુધી બરીટીશ મીયુઝીઅમમાં જોવામાં આવેછે.

---

## બે ખુંનીઓ.

હાએટી નામના ટાપુમાં આજ થોડાંએક વરસની વાત ઊપર ઈરીગ નામનાં એક હબસીને તથા દોડરીજા નામના એક ફીરંગીને ખુનના જુદા જુદા અનેઆએ માટે તાંહાંના વડા નેઆધીસે ફાંસીની ટેપ આપી હતી. ઈરીગ ઘણોજ જબરદસત પુરૂશ હતો તેથી તેને બંદીખાંનાની એક અંધારી કોટલીમાં હાથે પગે બેડી ઠોકી નાખેઓ હતો. પવન આવવા જવા માટે એક નાહાના છીદર શીવાય તેનું બંદીખાનું બધી બાજુએથી ચપટ બંધ હતું. પાંચ દાહાડામાં બંધે બંદીવાનોને ફાંસી દેવામાં આવનાર હતા તેથી તેઓની કોટલીમાં તેટલા દીવસ સારૂં ખોરાક એકદમ મેલીઆમાં આવેઓ હતો. દોડરીજા જે જાતે ફીરંગી હતો તેની વગ ઘણીજ નાહાની હતી અને તે જરાક દુબલો હોવાથી તેને વધારે સારા ઓરડામાં કેદ કરેઓ હતો. તેના ઓરડામાં એક બારી હતી જેને મજબુત ગરાર જડેલી હતી. આ ગરાર વાટે તેહેને શેહેરની થોડીક રચના દેખાતી હતી જેથી ને પોતાના છેલ્લા દાહાડા પેલા હબસી બંદીવાન કરતાં વધારે સારી રીતે ગુજારતો હતો. આ બેહુ બંધવાઓના ઓરડા પાસે પાસે હતા, પણ ભીત એટલીતો દલદાર હતી કે તેઓથી એકમેકનો સાથ વટીક પરખાઈ શકાતો ન હતો. દોડરીજાના બંદીખાંનામાં તેના સગાં વાહાલાંઓને આવવાની છુટ હતી. દોડરીજાના એક ખેશીએ તેને છુપી રીતે એક કાણસ ભેટ કીધી જે વટે દોડરીજા પોતાના જેલરનો વખત ચુકાવી પોતાની બારીની ગરાર ઘસવા મંડી જતો, પણ તેહેના હાથ તથા પગને બેડી ઠેકેલી તેથી કંગાલ દોડરીજાથી કાંઈ પણ વળી શકીયું નહી. તે નીરાશ પાંમી જમીન પર પડતો અને પોતાના પાપી કરતુકનો દર પલે ખરો પશચાતાપ કરતો જે ઘડી જાયછે તે મારા આયુશીયમાંથી કમતર થતી જાયછે, તેના ખેઆલથી કંગાલ દોડરીજા બહુ કાયર હતો. તેના દીલના છુપા જખમો તેની ગરદનને ફાંસીની દોરી કરતાં વધારે ચીપલાવતા હતા.

હવે આપણે પેલા હબસી ઈરીગની ખબર લેઉએ. આ બધવાને નહી રાત કે નહી દીવસ માલમ પડતો હતો. તે પોતાના જબુન પાપનો પશચાતાપ કરેઆને બદલે બંદીખાંનામાંથી છટકી જવાના વીચારમાં પુર મશગુલ હતો. તે એટલોતો કદાવર હતો કે સેજ વારમાં તેણે પોતાના પુર બળે કરી પોતાના હાથની બેડીઓના બે ટુકડા કરી નાખેઆ. જેવા તેના હાથો

છુગ્ર પડેઆ કે પોતાની બેડીના ટુકડા વટે તે ભીત ખોદવા પર મશગુલ રહેઓ. રાત અને દાહાડો વગર ડરવે અને વગર કાએર રેહેવે તેણે કામ બજાવેરૂં અને અંતે તેણે એક માહ મસ ફતર ગગડાવી નાખેઓ, પણ કમનસીબે તેહેની મેહેનત ફોકટ ગઈ. જેવું તેણે બગારાંમાં મોહોડું ઘાલીયું કે તેની નજરે દોડરીજા જમીન પર ચતોપાટ પડેલો પડયો. તેણે દોડરીજાને ઊઠાડીયો અને બેહુ જણા છુપે અવાજે મસલત કરવા લાગા. દોડરીજાની કાણસ વડે ઈરીગે પેલી લોહોડાંની ગરાર એક આદમી પસાર થાય એટલી ઘસી નાખી, અને પછી દોડરીજાના હાથને બેડીઓથી ત્રોકલા દીધા; પણ દોડરીજાએ એવામાં ઈરીગને કહ્યું કે આ રાત આપણી છેલ્લીછે અને બરોબામદાદ હાસ થવા આવીછે તેથી બે તરણ કલાકના અરસાનો વખેત આપણા હાથમાંછે કારણ કે આઠ કલાકે આપણ બેહુને ફાંસી દેવાનો હોકમ થએલોછે. આ દીલગીરી ભરેલી ખબરથી બેહુ બંધવાઓ વચે મીનાકેશા શીરૂ થયો ઈરીગ કેહેકે કાણસ વડે હું પેહેલાં માહારા પગની બેડી ઘસી કાહાડું, અને દોડરાજા કેહેકે કાણસ માહારીછે તેથી પેહેલાં હું માહારા પગની બેડી કાહાડી નાખું. ઈરીગ ઘણોજ ચપરખંદ હતો તેથી તેણે દોડરીજાના હાથમાંથી કાણસની તરાપ મારી પણ દોડરીજાએ કાણસ બારી વાટે ફેંકવાની પેરવી કરી. ઈરીગ દોડરીજાને ઘસડતો ઘસડતો બારીથી દુર લઈ ગયો તેથી દોડરીજાથી કાણસ બારીવાટે ફેંકી શકાઈ નહી. અંતે દોડરીજાએ કાણસ મોહોમાં મારી ગલી જવાની ઈયુક્તી કીધી, પણ કાણસ તેને ગલામાં ખુતી. ઈરીગે દોડરીજાનું માથું ભીત સાથે અફાળી છુંદી નાખીયુ અને જેવું ચેકાર સારૂં તેણે મોહોડું ખોલીયું તેવુજ ઈરીગે જોસથી હાથ ઘાલી પેલી કાણસ લોહોથી ગગડતી બાહાર કાહાડી. દોડરીજા થોડીક મીનીટમાં એક બોલ બોલીઆ વગર મરણ પામેઓ, અને ઈરીગે કાણસવટે પોતાની બેડી કાહાડી નાખી. હવે બારીવાટે ૬૦ ફીટની ઊચાઈએથી ઊતરવું સેહેલ ન હતું. ઈરીગે દોડરીજાના કપડાની ચીંધો કરી તેનેં ગાંઠ મારીઆ અને તેઓને એક ગરાર સાથે બાંધી એકદમ બારીવાટે લોંટાવીયું. પણ જેવો તે ભીનપર પગ મુકતો હતો તેવોજ એક મોટો કુતરો પોકાર મારતો તેના આંગપર ધશેઓ, પણ ઈરીગે બે હાથે તેનું ગલું એટલુંતો ચીપલાવીયું કે તે તતકાલ મરણ પામેઓ. પણ કુતરાએ મરતાં મરતાં બી ઈરીગને જખમી કીધો, અને તેના જમણા હાથનો અંગુઠો છુટો થઈ તેની પાસે જમીનપર પડેઓ. લોહો લુવાન થતા હાથે ઈરીગ બંદીખાના આગલથી નાઠો.

સાત વાગતાનો અમલ થવાથી જેલર તથા બીજા અમલદારોએ બંદીખાના ખોળીઆં, પણ અંદરથી ઈરીગ નાઠેલો અને દોડરીજા મુરદું થઈ પડેલો મલેઓ. બધીગમ ખોલ થઇ અને પેલા મુએલા કુતરા આગલ એક માણસનો અંગુઠો તથા લોહીના ટીપાં પડેલાં જોઈ એવું અનુમાન થયું કે ઈરીગનો હાથ જખમી થયો હોશે. એ નીસાંની આપી સઘલે શેહેરે ઢંઢેરો પીટાએઆ અને ઈરીગને પકડી આપવા સરકારે મોટું દામ આપવા જાહેર કીધું.

ઈરીગ નાઠો તે એક પાસેના ગામડાંમાં જઈ લાગો, તાંહાં એક હબસનના ઝુંપડાંમાં તે આસરો માગવા ગયો અને હબસને તેના હાલ પર દયા કરી તેની અરજ કબુલ રાખી. બીજે દીને તે હબસનનો ફેરો નામનો એકપુરો છોકરો ખબર લાવેઓ કે ઈરીગ નામનો એક હબસી બંધવો જેનો જમણો હાથ ઘાહેલ થયોછે તે બંદીખાંનું ફોડી છટકી ગયોછે અને તેને પકડી આપવા સરકારે મોટું ઈનામં જાહેર કરેલૂંછે. આ બોલો શાંભલતાં ઈરીગે પોતાનો ઘાયલ થએયો હાથ પોતાના ગજવામાં સાંતેઓ, પણ ફેરાની નજર તે ઊપર પડી. તરતજ તે ચ■લ છોકરાએ તેનું ખભાં તરફથી પકડેઓ અને સીપાઈ સીપાઈ એમ પોકાર મારવા લાગો. ઈરીગે આગલ એક ફીચાડો હતો તે પકડેઓ અને જોરથી ફેરાના માથા પર ફીંચકેઓ. ફેરાની મા તરત વચમાં પડવા આવી અને તે ગરીબ હબસનના માથાનો પેલા ફીચાડા વટે છુંડો થઇ ગયો. ફેરાની છાતી ભરાઈ આવેઆથી તેણે પોતાની લાકડી પોતાના પુર બળથી ઈરીગના માથામાં મારી અને કુતરાંની માફક તલતો ઈરીગ જમીન પર એશામ પડી ગયો. અંતે ઈરીગને પાછો બંદીખાંને ફેરેઓ અને તરણ આદમજાતને ઠાર કરવાના માહા જબુન કરતુકને માટે તેને શુલીએ લટકાવી ઠાર કરેઆમાં આવેઓ. પાપી જોય પોતાના કરતુક!

## પારીસનું સંઘરહસથાન.

પારીસ જે ફરાંનસનું પાએતખત કેહવાએછે તાંહાં આ સાલ એક મોહટું સંઘરહસથાંન ઊઘાડીઊં છે. એ જગામાં વીદીઆ તથા હુંનર તથા તરેહ વાર કારીગીરીનાં નમુનાં દુનીઆનાં સરવે ભાગો ઊપરથી આવી પડીઆછે. આખી દુનીઆનાં હુંનર તથા વીદીઆનાં ભાંતભાંતનાં નમુનાં સમાવવાને માટે પેહલાંતો એક મોહટું ઘર જોઇએ જે ફરેંનચ લોકોએ ઊભું કીધુંછે અને તેને માટે એકસો એકરની ચોગાંન જગો રોકીછે. એ ઇમારતેજ ફકત તેમાંથી પાંતરીસ એકરની જગા રોકીછે અને વલી આસપાસની જગામાં બીજાં નાંહનાં નાંહાંનાં સંઘરહસથાંન ઊભાં કીધાંછે તે જુદાં.

આ મોટી ઇમારત અથવા મેહલ વગર મજલાનોછે અને તેનો બેદાંનાં જેવો આકારછે. તેની પોહલાઈ ૧૨૪૫ ફીટ અને લંબાઈ ૧૫૦૦ ફીટછે, અને સરવે સાંમન સમાવવાને માટે એક બેદાંની અંદર બીજું બેદું અને તેમાં વલી તરીજું મુકીએ એવા આકારનાં છ સાત ઘેરાવા અંદર લીધાછે, અને એથી કરી એ ઇમારતની વચોવચનો જે ઘેરાવો ખાલી પડેછે તેમાં બાગ બનાંવીઆછે અને ઊંચી કીસમનાં જાહાડો રોપીઆંછે, અને તાંહાં કેટલાક પાંણીનાં ફુંવારા ઊડતા મુકીઆછે જેથી જોવા આવનાર ઘણી જે બધે તબકક ફરતાં અને જોતાં મન અને તંનથી થાકી ગીઆ હોએ તેનાં દીલને છેરે તાજગી મલે.

આ મેહલમાં દાખલ થવાનો રસતો એવી રીતનોછે કે સીન નદી ઊપર થઇને જેનાં નાંમનો પુલ જાયછે તેની ઊપરથી લોકો પસાર થઇ મેહલની સાંમે આવી પ્હુગેછે. અંદર દાખલ થતાં જે પેહલો તબકકો અને ઘેરાવોછે તે સરવેથી મોટોછે કેમકે તેમાં સરવે જાતનાં અને સરવે મુલકનાં મોટા નેમજ નાહાના સાંચાઓ ચાલુ રાખેલાછે. એ ઘેરાવો લેઈ રેહવા બાદ જોનાર બીજા ઘેરાવામાં આવેછે જાંહાં મુલકે મુલકની ભાંતભાંતની પેદાયસ દીઠામાં આવેછે જેમાં માંણસનો હુંનર અને કારીગરીની બીલકુલ નીશાંન દીસતી નથી. એમાંથી નીકલી મુસાફર તરીજા અને તારબાદ ચોથા ઘેરાવામાં આવેછે જાંહાં કારીગોરીથી અને હાથથી બનાવેલો દુનીઆમાંનો સરવે અચરત સરીખો સાંમાંન નજરે પડેછે. આ બાદ જોનાર પાંચમાં ઘેરાવામાં આવેછે જાંહાં સારા હુંનરોની ખરી ખુબી દીઠામાં આવેછે, અને તેમાંથી નીકલેલા છઠા ઇઆને બાગનાં ઘેરાવામાં આવેછે અને આશાએશ મેલવેછે, અને થાકી ગએલી નજરને ખુદરતના લીલા રંગથી તુરૂપત અને આશાંન કરેછે.

આ મેહલ સવાએ આસપાસની જગામાં બીજાં કેટલાંક નાંહાંનાં સંઘરહશથાંન કીધાંછે અને જુદાં જુદાં દેશની નાંમાચી ઈમારનો તેના આબેહુબ આકારમાં દીઠામાં આવેછે; જેથી ગોએઆ પારીસની અંદર પરથવીના જુદા જુદા ભાગમાં ફરતા હોઈએ એવો દેખાવ નજરે પડેછે. આ સંઘરહસથાંન જોવાને દેશો દેશ અને મુલકે મુલકથી લોકો પારીસ ખાતે ગયાંછે, અને તેઓ પાસેથી અંદર દાખલ થવાને જે લવાજમ લેતા કીધા છે, જે એક ગરીબમાં ગરીબ પણ આપી શકે, તેમાંથી આ સંઘરહસથાંન બનાવવાનો ખરચ નીકલશે એવી આશાછે.

હવે આ સંઘરહસથાંનમાં શું શું છે તેમાંથી હમારા વાંચનારને જાણવાજોગ જે કાંઈ હશે તેનો અવાર નવાર સાર આપતા જઇશું.

એક જગામાં તુરકસથાંનની એક મસીદ, કદમાં અસલ કરતાં ઘણી નાંહાંની પણ આબેહુબ નકલ કરી બનાવીછે. મસીદની બાંધણી સુંદરછે અને તેની પસચીમ દસાએ એક મીનારો આવેલોછે. આ ગલથી દાખલ થતાં સીરીની બેઊ બાજુએ બે ગોલ આકારનાં મીનારા કીધાછે તેમાં એક માંણસ રેહેછે તે સરવે મુસલમાંનોને ધાતુના ચકચકીત વાસનમાં પાંણી પાએછે. અંદર દાખલ થવાની આગમચ એક જગાછે જાંહાં સરવે મુસલમાંનો પોતાના જોરા કાહાડેછે અને તાહાંથી અંદર જતાં જે ગુંબજ સરખી એક જગા દીશેછે તાંહાં તેઓ જઈ બંદગી કરેછે. એ જગામાં કાઈબી ચીતાર અથવા પુતલાં રાખતા નથી કેમકે એઓ એવું માણેછે કે રોજે કેઆમતને દાહાડે સરવે ચીતાર તથા પુતલાં તેનાં બનાવનાર પાસે પોતાની અંદર જીવ મુકાવવા આવશે અને એવી રીતે તે બનાવનારને દુખી કરશે. એ જગામાં સુનેરી હરફે કોરાંનમાંની અછી શીખાંમનોનાં ફકરા ભીત ઊપર વાંચવામાં આવેછે જે સરવે બંદગી કરનારને હરઘડી નજરે પડી ગોએઆ ચાંનક આપતા હોએ

એવું લાગેછે. આ મસીદની પડોસમાં તુરકસથાંનનાં બાગો તાંહાંની રીત પરમાંણે બનાવીઆછે જે જો તોંજ તાંહાંનાં દેશીને પોતાનાં મુલકનો નમુનો જોઈ હરખ ઊપજીઆ વગર રેહે નહી.

આ મસીદની પશચીમે ઈજીપટનાં વીસેરાએનો મેહેલ બનાવીઓછે તે દીઠામાં આવેછે. એ વીસેરા એ ઊનાલામાં જારે પારીસ ખાતે સંઘરંહસથાંન જોવા જનારછે તારે એજ ખાસ મેહેલમાં તે રેહેનારછે અને એટલા માંટેજ તેણે પોતાની ઈછાથી આ નાંહાંનો મેહેલ બનાંવવાનો હોકમ મોકલીઓ હતો. આ મેહેલની અંદરની તેમજ બાહેરની તથા તેનાં દરવાજાની રચણાં પુર આરબી ધપ અને તેવોની રીતની આબેહુબ નકલછે. અંદર દાખલ થતાં કોરાનનો એક ફકરો આ પરમાંણે કોતરેલોછે કે "ઓ, દરવાજાનાં ઊંઘાડનાર શાહેબ, હમારે માટે નેકીનો દરવાજો ઊંઘાડ"—આરબ લોકો આ પરમાંણે ચીતાર તથા માણસનો આકાર પાડતા નથી તેથી ચીતારનાં હોનરમાં તેવો પછાત હશે એવો વીચાર તરતજ કોઈનાં બી ધેઆંનમાં આવશે, પણ તેમ નથી. એવો કોરાંનનાં ફકરા તથા દેહેવત ચીતારતી વખત એવીતો જુદી જુદી રીતથી ચીતારેછે અને તેને જાહેલરો તથા મરોર આપેછે કે તેમાંજ ગેઓઆ ચીતારાની સઘલી ખુબી આવી રેહી એમ દેહાઓ. આ મેહેલની અંદર એક મુખીઅ ઓરડોછે જાંહાં ઈજીપટનાં હાલનાં વીસરાએનો જનમ થયો હતો. આ ઓરડો તથા બીજા ઓરડાઓ જોતાંજ દુરદરાજ વસનારો અને પારકી કોમવાલો તરતજ પુરવ તરફના રેવાજ તથા ચાલની તરફ બાંધી શકેછે અને ગોઓઆ જે ઇમારત તે જુવેછે ને તેનાં અસલ વતનમાંજ જુવેછે એવું તે વીચારેછે. આવા મેહેલ, મસીદ તથા બીજી બાંધણીઓ તેનાં અસલ મુલકનાં રેવાજ મુજબજ રંગેલી બાહેરથી પણ દીશેછે એથી પારીસની અંદર હાલ લોકો તુરકસથાંન, હીંદુસથાંન, રૂશીઆ તથા દુનીઆંનાં બીજાં સરવે દેશો તેનાં પુર રેવાજો સાથે જોતાં હોય એવું થએશેછે. એકજ શેહેરમાં દુનીઆના સરવે મુલક જોવાએ અને તાંહાંનાં રેવાજ, રીતભાંત તથા પેહેરવસ દીઠામાં આવે એ જેવી જોગવાઇ બીજી કહી સરસ કેહવાએ!

વલી થોડેએક દુરે એક ચોખંડ ઈમારત બાંધીછે જે ઈજીપટનાં રાજાના માણસો તથા ઊંટવાલાઓને રેહેવાનાં મકાંનની આબેહુબ નકલછે અને તેમાં તેવો કેમ રેહેછે તે પણ દીઠામાં આવેછે.

ઈંગલંડ દેશનાં જાંહાં જહવેરાત ગોઠવેલાંછે તાંહાં લોકોની જોવાને ઠઠની ઠઠ મલેછે. એ ઠેકાંણે મી૦ હેનરી ઈમાંનીઉએલે બનાવેલું રૂપેરી રાજ હંસછે. એક કાચનાં કેશની અંદર રાજ હંસનાં કદનું એક રૂપેરી હંસછે જેને રૂપેરી પીંછ તથા કલગીરછે અને જેવી કુંચી આપી તેવુજ તે પાંણીની ઊપર તરતું હાય તેમજ રૂપેરી પાંણીનાં નાંધલા મોજા આવેછે તેમાં તરેછે. પેહેલાં તેનું માંથુ બે પાંખોની વચે કીધેલુ હોયછે, પણ તરતંજ તે આસતેથી અને છબદાર રીતે પોતાનુ માંથુ ઊંચુ કરેછે અને ગરદનને મરોરથી મરડેછે અને જાંણે તેની સાંમે કાંઇ બારીક માછલી તરતી નજરે પડી હોય તેમ ટીકીઆ કરેછે અને તેને જડપથી ઊંચકી લેઈ જરાવાર ચાંચમાં રાખી પછે ગલી જાયછે. આ રાજહંસ બીજા જીઆરજનાં વખતમાં ઈંગલંડમાં બનાવીઊં હતું અને હાલ તેમાં કાંઇક સુધારો કરી આ વખતે પારીસ ખાતે લાવીઆછે. હાલ એટલું જાંણી વાંચનાર બીજો હેવાલ વાંચવાની ઈનતેજારી કરશે એટલામાં વલી કાંઇક થોડોક હેવાલ બીજા અંકોમાં તેની નજરે પડશે.

## પરચુરણ.

સાનસી હીરો—આ નાંમનો હીરો મુંબઇથી ઈરોપ ખાતે ગીઓછે અને એક ફરેનચ શીએ જહવેરાત ઊપર એક ચોપડી રચીછે તેમાં જોતાં માલમ પડેછે કે એ હીરાને વાસતે જે એવું કેહવાએછે કે તરીજા હેનરી રાજને જારે પઈસાનો ખપ પડીઓ તારે એ વેચીઓ હતો તે ખોટી બીનાંછે. એ ફરાંનસનાં તાજનાં જહવેરાતમાંનો એક હીરોછે એવું તે શી લખેછે, અને સને ૧૮૩૬ માં પારીસ ખાતે એ હીરાનુ જારે વજન કીધું હતું તારે તે ૫૫ કારેટ થયો હતો, પણ હાલ બેમાલમ રીતે એ ઘટીને ૫૩ા કારેટ થયોછે. એનો આકાર પેરનાં જેવોછે અને તે આસતેથી સરસ પાંણીદાર જહવેરાત ગણાયછે. એની કીમત બેથી તરણ લાખની ગણતીમાં આવેછે.

લાંબી વય—ઈંગલંડમાં જોસેફ રેનોડ નાંમનો એક મોચી ૧૧૪ વરસની ઉમરનો મરણ પાંમીઓછે. એ ધણીને વાસતે એવું કેહેછે કે આખો દાહાડો તેનાં મોઢાંમાં મીરૂર દીઠામાં આવતી હતી.

**મી૰ પીબડી**—આ નામીચા સખશને ફરાંનસની શાહનસાજાદી ઈઉજીનીએ પોતાના હાથથી એક કાગજ લખી મોકલીઓછે અને તેમાં તેની બોહોલી સખાવતને માટે માંન આપેછે અને માણસજાતનું ભલું કરનારનો એ લકાબ તેને લાગુ પાડીઓછે.

---

**ગીચ રેહવાથી નીપજેલા મરણ**—લીવરપુલ ખાતે કરોનરની સાથે બે બાલકનાં મરણની તલાસ ચાલી હતી, તે ઉપરથી એવું માલમ પડીઉં કે એક બાલક તેનાં માંબાપ તથા બીજાં ચાર છોકરાંની સાથે એક નાંધલા ઓરડામાં એકજ બીછાનાં ઉપર સુતેલું હતું, અને ગીચ થવાને લીધે તેને ખોલલી હવા મલી શકી નહી તેથી તે મરણ પાંમીઉં હતું. બીજું બાલક જે ઓરડામાં સુતેલું હતું તેજ ઓરડામાં બીજાં અગીઆર માંણસો સુતેલાં હતાં તેથી ખરાબ હવામા ગુંગરાઈ આ બીજું બાલક મરણ પાંમીઉં હતું. એ ઉપરથી ગીચ રીતે અને ઘેરાએલી હવામાં રેહવાના ગેરફાએદા આપણા લોકોને સમજવા જોઈએ.

---

**એક પુરાતમ ઝાડ**—ઈટલીના લામબરડી નામનાં શેહેરમાં હાલ એક ઝાડછે જેની આજ સુધી લોકો માનતા કરેછે. એ ઝાડ એવું કેહેવાએછે કે જુલીઅસ સીઝર જે ઈસુ ખરીસતની ૪૨ વરસ અગાઉ થઈ ગયોછે તેના વખતમાં રોપાયું હતું. એ ઝાડ ૧૨૩ ફીટ ઉંચુંછે તથા તેનો ઘેરાવો ૨૩ ફીટછે.

---

## રમુજે ફુરસત.

૧ લું—બાઈઓ તમે મને ઓલખોછો? હું મોતીબાઈ કાંણીનો માએ લાગું. એટલા ઉપરથી જો તમો મને ન ઓલખોતો મારી વધારે ઓલખાંણ આપું—હું તમારા જેવી નારીછું અને બીલોરી મેહલમાં રહુંછું. હું સવરૂપે રૂપાલી, ચલકતી, અને ખુબસુરત છું. મારી છોકરી તમારી સાથ રેહેછે. તે ઘણી ખુબસુરતછે અને તેની ઉપર એક વઘણ પડેઆથી તે ભારે કીમતી ગણાએછે. માટે હવે કહો કે મારૂં નાંમ સું?

૨ જું—ગરમ દેશની છોકરી, માંથે રાખે ટોપલી, પેટમાં રાખે છોકરો, કીમત તેની પા દોકરો.

૩ જું—જોકે હું દમ સવાસ લેતો નથી તોબી આદમજાત મારેથી બહુ બીહેછે, અને વધારે અચરત સરીખું એછે કે બીજાઓનાં તદન પડી ભાગવા અથવા ઉડી જવાથી મારૂં આવવું થાએછે. ગરીબ, તવંગર, અને રાજવંસીનાં ઘરમાં પણ હું વગર નોતરવે ધાઈખરાની પેઠે જઈ ઉભો રેહેવુંછું અને ઘણીવાર તેઓને ભર મોજમાંથી એકે દંમ ઉડાડુંછું. એટલું છતાં હમેશાં ખાંણાંનાં સુફરા ઉપર સલામતીઓ લેવાએછે તેમાં એક રીતે મને તેઓ આમેજ કરેછે, જોકે આખી દુનીઆનાં લોક મને બુરૂં બોલેછે તોબી હું નહી હતેતો દુનીઆનાં શા હાલ થતે તે તમેજ વીચારી લેવો. બોલો હું કોણ છું.

### ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—સાબુ.
૨ જું—નારંગી.
૩ જું—શોએ.
૪ થું—૧૧૪ ફીટ ઉંચાઈ.

---

## ફુરસતે મંનોરંજન "પતીવૈરતા" બોલ ઊપર લખી મોકલેલી મીસાલો.

ધારવા કરતા આ બોલ ઊપર લખવામાં ઘણીએક બાઈઓએ ભાગ લીધોછે તેથી હમોને શરૂઆતમાં ખુશી થવાનું કારણ મલીઊ છે જોકે સરવેના કાગજો હમો પરગટ કરી શકતા નથી તોબી તેમાંથી જે મીસાલો હમુને ઊતમ લાગીછે તે નીચે આપીએ છઈએ.

"કાબરૂ ફુલ"—તમારી કવીતા રૂપી મીસાલ હમોને સરવેથી ઊતમ લાગીછે પણ કેટલાંક કારણસર હમો તમુને ઈનામ આપી શકતા નથી.

"જરખાંનુ"—તમારૂ લખાંણ હમારી પતીજ ખરેઊ નીવડે ઊછે અને તે તમારીજ કલમથી લખાયુ છે એવી હમારી ખાતરી થવાથી હમોએ તમુને ઈનામ આપવાનુ ઠેરવીઊછે, પણ એક "જરતોશતી" ની ચહીનુ બીજી બાઈનુ લખાણ જોકે તમારેથી સરસ નથી તોબી નજદીક તમારી બરોબરનુંછે તેથી ઊતેજન આપવા માટે હમોએ આપવા કહેલુ ભરતનુ કામ તે બાઈને હમોએ આપવાનુ ઠેરવીઊછે અને તેને બદલે ઈનામ દાખલ તમુને એક મી૰ કરસનદાસ મુળજીના ઇંગલંડના પ્રવાસની ફુલ ગીલટની ચોપડી જેની બીજી આવરતી થોડાક દાહાડામા બાહેર પડશે તે મોકલી આપીશુ તે તમોએ કબુલ રાખવી તમારૂં લખાંણ જોઈ હમો તમુને ભલામણ કરીએ છઈએ કે આ સ્ત્રી બોધ ચોપાંનીઆને માટે શ સારી બાબતો, ઊખીઆંના, તથા બીજી ઊપયોગી બાબદ ઊપર તમોએ જરૂર લખતાં રેહેવુ.

"જરતોશતી"—ઊપર જણાવેલા કારણોને લીધે અને તમારૂ લખાંણ ઈનામને લાયક હોવાને લીધે હમોએ આ રંગીત ભરતનુ કામ તમોને ઈનામ તરીકે મોકલી આપીઊ છે તે કબુલ રાખવુ. તમારા દસતખત ખરેજ તારીફ લાયકછે અને એક સ્ત્રી તરીકે તે તમુને એક જેમ આપનારી વાતછે. તમોને પણ હમો ભલામણ કરીએ છઈએ કે આ ચોપાનીઆના લખાણમા ભાગ લેવો જેથી આગળ ચાલતાં તમોને ભારે ફાયદો પરાપત થશે.

"એક સ્ત્રી", "નેકી"; "જુઠ"; "ટેમીના", "આંબા"; "પી. બે. મ", "સબુરી" તમારા કાગજો મલીઆછે, તમો સરવેને હમારી ભલામણછે કે લખવાનો તેમજ વાંચવાનો માહવરો રાખો અને દર જોગવાઈએ તજવીજ કરવાને ચુકવુ નહી. તમારૂં લખાણ જલદીથી સુધરી શકે એવુ છે ફકત માહવરાની વધારે જરૂરછે. બીજા બે ચાર કાગજો મલીઆછે તે જણાવા જોગ નથી.

હમો નીચે "કાબરૂ ફુલ", "જરખાનુ" તથા "જરતોશતી" નુ લખાણ વાંચનારી આલમને માટે પરગટ કરીએ છઈએ.

### પતીવરતા વીશે.

૧ સદગુનોની બેન, ને નેકીની બેટી,
રાખે જે એ નાર, રહે બારથારસેજ બેટી.

૨. એ પતીવરતા ગુનછે નારીઓનો નેક,
બતાવેછ ઓરતોનો ચઢતો વીવેક

૩ એ નારીઓનો ગુનછે એક કીમતી હીરો,
એ રાખી સતી નાર કરે ધણીને ધીરો.
૪ એ હીરો જે નારી રાખે હઈએ ધરી,
સ્વરગે જતાં રહે આંનદ ભરી.
૫ સઊ લોભ ને લાલચ સઊ મોજ ને મજા,
તે રાખનારીને મનછે એ પાપી સજા
૬. વળી જોર ને જુલમ ભારી આફતનો માર,
એ હીરો રાખની નાર નહી કરે દરકાર.
૭ માટે બાઈઓ તમે કરો એનોજ સગાર,
ખુશી રેહેશે હમેસ તમારો ભરથાર

લી૦ કાબરૂં ફુલ

---

## પતીવરતા વીશે.

૧ શું—ઓરતની ખરી ખુબસુરતી
૨ શુ—ફરેશી જાતથી મોકલુ થવાનુ કીમતી હથીઆર.
૩ શું—સ્વરગનુ સુખ
૪ શુ—સ્ત્રીની દલેરીનો આધાર
૫ શુ—ઓરતની નેકીનુ એમુલુ જવહેરાત
૬ શુ—ચંદર કે જે કાલાં વાદળામાંથી ચળકતો બાહેર નીકળેછે.
૭ શુ—અંતકરણનો શીનગાર.
૮ શુ—હોરમત જાળવવાની મુખીઅ દોલત
૯ શુ લોહોડાનુ બખતર કે જેને તરવારના જખમની ધાશતી નથી.
૧૦ શુ—ગેનુ કે જેની ઊપર કીટ ચડતી નથી

લી૦ જરણાંનું.

---

## પતીવરતા વીશે.

૧ શુ—લાલચ અને બદીથી દુર રેહેવાનો ઊતમ ગુણ
૨ શુ—બદકારીનો શતરૂ
૩ શું—ઈશ્વરના ફરમાંનોમાનુ એક મોતેબર ફરમાન.
૪ શુ—એક વગર દાગનો શફેદ જલો.
૫ શુ—ઓરતની મોહોટાઈનો શીણગાર
૬ શુ—બરધારની હઇઆતીના સુખનુ મુળ.
૭ શુ—ચશારનુ ખરૂ સુખ જાળવવાનો પાયો
૮ શુ—દીવાદાંડી કે જે વાંહાણોને ખરાબા ઊપરથી ભાગતા અટકાવેચ.
૯ શુ—અમુલીઅ રતન
૧૦ શુ—નીરમળ પાણીની નેહેર

લી૦ જરતોસતી.

---

## જુંડો ભયો.

જુંડે ભયે ભવ બળયોરે બેનરી
ભાગે આ કપાથી કર્મે દળયોરે બેનરી
સગે વ્હાલે દીધો દગોરે બેનરી
માંએ ને બાપે દીધો ઠાગોરે બેનરી
પૈસા જોઈ સહુ મોયાંરે બેનરી
વાડી ને ગાડી ઘર જોયાંરે બેનરી
ધારયું સુખી ધીર[1] થશેરે બેનરી
બળની પીડા ટળી જશેરે બેનરી
જાણ્યું નહીં બળી થશેરે બેનરી
રાખ ને ખાખ થઈ રહેશેરે બેનરી
જાણ્યું નહીં ગળી થશેરે બેનરી
ગુહો, ન માંસ કંઈ રહેશેરે બેનરી
જાણ્યું નહીં રડી રડીરે બેનરી
દિવસ ને રાત ઘડી ઘડી રે બેનરી
જાણ્યું નહીં ખમી ખમીરે બેનરી
ખૂણે પડી જશે નમીરે બેનરી
જુંડાની સાથ ભવ જશેરે બેનરી
કેમ કરીને, કેમ થશેરે બેનરી
તેનો વિચાર ન કીધોરે બેનરી
ક્યાંથી લાવી કણે[2] દીધોરે બેનરી
હીણો, અપઢ ને અભાગ્યો રે બેનરી
એવો તે વર કોણે માગ્યો રે બેનરી
અક્કલ વિનાનો મુર્ખ મોટોરે બેનરી
પડયો તો શું એવાનો ટોટોરે બેનરી
જળતો બળતો ને નિત રોતોરે બેનરી
લુખો, સુકો સડયો સોટોરે બેનરી
અટક્યું હતું શું એવા વિનારે બેનરી
ભર્યું સૌ સુખ એવા હીણારે બેનરી
બોલે તો બળે ચાર ગામરે આ બેનરી
હસે તો પડે હરતાલરે આ બેનરી
એવો વરી[3] કોણ હસેરે બેનરી
કપાળ કુટી કોણ ઘસે રે બેનરી
સુખે સુએ દુખે ઉઠે રે બેનરી
સૌના ઉપર નિત રૂઠે રે બેનરી
એવાને કોણ નિત વેઠેરે બેનરી
કૂટ કરમની હોય કેથે તે બેનરી
વેશ ન મેહરે કો દી સારૂંરે બેનરી
ઘસી ન ધોય કો દી મારૂં[4] રે બેનરી
ખાતાં ખુટે ન એવું ધનરે આ બેનરી
કાણા મારે લાખો જનરે આ બેનરી
તોય ન સુને જેવો બેહરોરે બેનરી
ગમે સદા કાળો ચેહરોરે બેનરી
સુઓરે વર એવો સુઓરે બેનરી
પુરૂં કે પુરાઉ મોટો કુઓરે બેનરી
એવો હીણો તે કેમ સહેવાયરે બેનરી
એવા સંગે તે કેમ રહેવાયરે બેનરી
કોને જઈને દુખ કહુંરે બેનરી
મુગે મોંહે કપાલગ સહુંરે બેનરી
ક્યાં જઈ કરમને કૂટુંરે બેનરી
મારૂંજ સાને એવું ફૂટુંરે બેનરી
જેને કહો તે કહે એટલુંરે બેનરી
"જુઓ લખેલું[5] હોય જેટલુંરે બેનરી
"કપાળે કાન એ તો જડવારે બેનરી
"કાપી નખાય કેમ" ? નડયારે બેનરી
કેમ ખમું ને ક્યાં મરૂંરે બેનરી
નાનાબાઈ હવે કહો શું કરૂંરે બેનરી

---

૧ ઠેકરી. ૨ પાસે ૩ પાણી. ૪ મોઢું. ૫ નસીબમાં લખેલુ

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. જુન ૧૮૯૭ આંક ૬ ઠો.

## સેનાહ શેહેરનો કીલલો.

ભાગ ૪ થો.

બાહાધુર અસફંદીઆરની હાલતપર દરેક જણ દીલગીર થવા લાગા. આવો એક હીંમતી જુવાન એક પલવારમાં બેજાન થઈ પડશે તેના ખેઆલથી સરવે અંદરથી કાંપવા લાગા. પણ જાલમી જુવાકના દીલમા મુતલગ અસર થઇ નહી. તે ઓર ખુશી થવા લાગો કે હવે અસફંદીઆરના મરણથી પરીચેહરપર હું વધારે સારી રીતે ફાવી શકીશ. અસફંદીઆરે જુવાક પાસે પોતાની મરતી વખતની છેલલી અરજ એ ગુજારી કે હું માહારા પેદા કરનારની હજુર ઉભો રહું તેની અગાઉ માહારાં જે કાંઇ પાપો હોય તે કોઈ દસતુર ઈયા દાવર આગલ કબુલ કરવાને મહને પરવાનગી આપવી. જુવાકને આ અરજ ઘણીજ મનગમતી થઈ પડી, કારણ કે અસફંદીઆર પોતાની શઘલી છુપી વાત પોતાના દસતુર આગલ ખોલી દેશે અને તે દસતુર મહને શઘલી વાતથી વાકેફ કરશે એવા ખુશનમાં વીચાર તેના કસરેવતી ભેજાંમાં ભમવા લાગેઆ. જુવાકે ગુસતાસપને પેલા જવાનનો ભેદ શાંભલવાને હોકમ કીધો કારણ કે તેની પુર ખાતરી હતી કે ગુસતાસંપ તેની તરફેણમાછે. ભલો ગુસતાસપ અતીઅંત દીલગીરીમાં ગીરફતાર થઈ ગયો કારણ કે તેને એવું લાગેઉં કે માહારીજ મુરખાઈથી મે આ બાહાધુર છોકરાની સામે જુવાકને ટકા ચહડાવી આપેઆ અને તેથીજ તે આજ મોતની બંધાનમાં ફસેઓછે. ગુસતાસપ પોતાને ઘુંટણ મંડીએ પહેઓ અને પાદશાહના પગપર માથું ફેકીને બોલીઓ કે "એ મેહેરબાન પાદશાહ આ જુવાન નાહેક મારેઓ જાયછે. ઈશવરનો દર કરી આ કરપીન કામથી હાથ ઉઠાવ. આ બાહાદુર છોકરો તદન નીરદોશછે અને એક નીરઅપરાધીની ગરદન તોડવી એમાં પરમેશવર કોઈ કાલે પણ રાજી નહી." જુવાકે ગુસાથી ગુસતાસપને તુછકારી કાહાડેઓ અને હોકમ કીધો કે પાંચ મીનીટ પછી અસફંદીઆરને જબે કરવો. આ શુરા છોકરાએ જવાબ દીધો કે "પાદશાહ હું તાહારી પાસેથી હવે વધારે વીલમ માગતો નથી, તજ સરખાં પાપ માહરાં હૈડોમાં હોતતો વરસના વરસ લગી જો આયુશીય મોટા થાય તોયપણ ઈશવરની જનાબમાં ઉભો રેહેવાની હીંમત થાત નહી. પણ માહારૂં હૈયું ચાંદી શરખું સાફછે અને આ ઘડીયે માહારા પેદા કરનારની સનમુખ ઉભો રેહેવા મહને મુતલગ દર લાગતો નથી તજ સરખા જાલમી અને અધમ પાપીઓની માહા દુસટ સોહોબતથી છુટો થઇ બેહેસતના મુકાંમમાં ફરેસતાઓની સાથે હું સોહોબત માડીશ. એ બુઢા ગુસતાસપ, કા તાહારી આખોમાંથી વંરસાદ વરસે! આ દુનીઆ નીચ, પાપી, ફીતુરી, અને લોભીછે, અને એવા એક ઠામમાંથી નીકલી મીનોઈ જાહાનનું હરદમ સુખ ભોગવવું તેમા મહને ગેરફાયદો શું તે હુ સમજી શકતો નથી." ગુસતાસપ બોલીઓ કે "હે જાંહમરદી બેટા હું પોતે તાહારો ખુનીછું. જો માહારી જીભને મેં કાયદામાં રાખી હોતતો આજ હું તુંહને આ મુસીબતમા જોત નહી." અસફંદીઆર બોલીઓ કે "એ બુજરગ મરદ હું તુને માહારાં દીલોજાનથી માફી બખશુંછું. ઓ ઈશવર ! હું માહારા દરેક શતરૂને માફી બખશુંછું અને તું માહારા રૂહ પર રેહેમ નજર કરી મહને માહારા પાપથી મુકતી આપજે." ગુસતાસપ બોલીઓ કે "એ કરૂર પાદશાહ હજુરબી સમજ અને આ માહ ચંડાલ કરતુકથી હાથ ઉઠાવ." જુવાક બોલીઓ કે "એ મુજી બુદ્દા, તુંએજ મહને આ સેતાનીઅતી છોકરા સામે ઉશકેરીઓ અને તુંજ હવે એને માટે જીવતદાન માગેછે ! કયાં ગયું હવે તારૂં ધરમીકપણું ! કયાં ગઈ હવે તારી સચાઈ ? આ જાદુગરની કતલનું પાપ તારે સરછે." ગુસતાસપ ફોકેફોક રડતો બોલીઓ કે "અલબત, અલબત, આ બાહાદુર છોકરાનું ખુંન માહેરેજ સરછે. જાણ ઓ જાલમી જુવાક કે તું અને હું સવરગનું બારણું જોનાર નથી" જુવાક બોલીઓ કે "ચાલ એ છોકરા ઉતાવલ કર. તારૂં મુરદું ન જોઉં તાંહાંશુધી મેં અન પાંણી લેવાને સોગન ખાધાછે. આ તારી ઘડી છેલલીછે. હવે તારે જોઈએતો સવરગે અને તારે જોઈએતો દોજખે પડ" શઘલા તમાસગીરોનું લોહી આ શબદો શાભલી બલી ભશમ થવા લાગું. સરવેના મોહોડાં પર દીલગીરી દેખાતી હતી તે જોઈ અસફંદીઆરના દીલમાં બહુ ખેદ ઉતપન થયો તેણે લોહીનો ગોટ ગલી પાછું પોતાનું માથું ટીમરાં પર મેલીપુ અને જલલાદોને પોતાનો હોકમ બજાલાવવા માટે એશારત કીધી, પણ આ વેલાએ એક તલેસમતી બનાવ બનેઓ. અસ

ફંદીઆરની જમની બાજુ પર એક ઘાહ હતો તે ઉપર ખુટા દાવર ગુસતાસપની નજર પડી. તરતજ તે દોડતો આવી અસફંદીઆરને કોટીઓ કરવા લાગો અને તેના ગાલ ચુંમીઓથી ભરી નાખી અરધા રડતા, અરધા હસતા ચેહેરાથી પોકારવા લાગો કે "ઓ માહારા બેટા, માહારા લોહોના ફરજંદ અસફંદીઆર ! ઓ શુકર ઈશવર તાહારા ! ઓ અસફંદીઆર, માહારા બેટા, મારૂં લોહ, માહારા ફરજંદ !" આ શીવાય બીજા બોલો ગુસતાસપની ગુંગરાએલી છાતીમાંથી નીકલી શકીઆ નહી. જલલાદો પોતાને ઠેકાંણે ઉભા રહી ગયા અને શઘલા તમાસગીરો ઘણા ઓચંબાથી આ દેખાવ જોવા લાગા.

જુવાકની પથર સરખી છાતી પણ આ દેખાવથી પગલી. તે પોતાનો ગુસો ભુલી ગયો. તોય પણ તેનું ગુમાન ગયું નહી. તે બાહારથી મકમ દેખાવા લાગો. તેના મનમા વલી એવો પણ ભરમ આવવા લાગો કે રખેને આ ગુંસતાસપની ખાલી તાલમેલ હોય. તે બોલીઓ કે "એ બુઢા ગુસતાસપ શું ઢોંગ લગાવેછે ! આ જાદુગર તારો છોકરો હોય કેમ ! ગુસતાસપ આંખમાં ફરી આસુ લાવી બોલીઓ કે "હે જુવાક મહને માહારા ઈશવરને આખરને દાહાડે જવાબ આપવોછે. આ માહારો હકવાજબી, માહારાં ખરાં લોહીનો પુતરછે. મુક માહારી છાતીપર હાથ અને અંદર જે હરખના પરગમ વાગેછે તે જો ઓ પાદશાહ આ તાહારા ધોરમાં જવા તુલક દસતુરને ઠાર કરવાથી હાથ ખેંચ અને આ માહારા બેટાને જીવતદાન બખશ." શઘલા તમાસગીરો એક અવાજે પોકારી ઉઠીયા કે "પાદશાહ રેહેમ, પાદશાહ રેહેમ" જુવાક પગ અફાડી બોલીઓ કે "ચુપકીદી પકડો શઘલા, મહને એ બાબદસર વચારે બોલ કરવી જોઈએ. એક સાધુનો હરામ ઈલતનો છોકરોબી કાંઈ સાધુ હોય નહી." અસફંદીઆર પીતો ઉછલાવીને બોલીઓ કે "મંડાલ, પાપી, કોણપર આ તોહોમત મેલે ! જાન એ સેતાની અતી દેવ કે———" ગુસતાસપે અસફંદીઆરને મોહોડે પોનોનો હાથ દાબીઓ અને તેને ચુપકીદો રાખીને કહયું કે "હા પાદશાહ આ તાહારૂં તોહોમત તમામ નાપાએદારછે. એ માહારો હકવાજબી બેટોછે અને એની તોખમ કાંઈ નીચી નથી. સારાં સમનગાન શેહેરમાં ઉમરાવ કોબાદના કરતા વધારે પુરાતમ કુટંબ કોઈ રેહેતું નથી. પણ પાદશાહ, તોખમ અને અમીરી એ શઘલી શી ચીજ છે ? આપણ શઘલા પાપી જીવડાઓ છઈએ. મટીમાથી પેદા થઈ મટી સાથેજ આપણ મલનાર છઈએ. ધન, માલ, અને ખજાંના, કુટંબ કબીલા અને સાહેબી કોઈ સાથે ખેંચી જતું નથી. પાછલ મુકેલો પઈસો, પાછલ મુકેલું દરવીય થોડા વારમાં ફના થઈ જાયછે. પણ પાછલ મુકેલી નેકી ભરેલી કીરતી અમર નામ રાખી હંમેશ આપણી પીઠ પાછલ પખરતી રેહેછે." જુવાક બોલીઓ કે "બુઢા તાહારી વાએઠનું આ ઠેકાણું નથી. હવે તું દસતુર ગુસતાસપ નહી પણ સમનગાનનો નામવર ઉમરાવ કોબાદછે. હાલ મહને તાહારી શઘલી તવારીખ કેહે અને તાહારી ધરમની કસંસ આ મંડાલ ગુનેગાર આગલ હાંકજે કે તાહારી વાતના ધેઆનમાં એને તરવારનો ઘાહ લાગે નહી." ગુસતાસપ ફીકકો થઈ બોલીઓ કે "હે પરવરદેગાર શું જુવાકના દીલમાં એટલી રેહેમ નહી કે માહારા એકપુરા બેટાનો જાન બચાવેં અને ઘણે વરસની જુદાઈનો ઘાહ પાછો તાજો કરી હરદમનો મહને નીરાશી કરે ? હે નામવર પાદશાહ મુજનુ સફેદ તાલક તાહારી જુતીની ખાખમાં મેલી બે હાથ અદબથી જોડી તાહારી આગલ વીનંતી કરૂંછું કે મહને તાહારા પગ તલે ચાંપી મારી નાખ, મહને અગનીમાં પજલાવી ઠાર કર, માહારા બદનના માંસડાં કાહાડી નાખ, માહારો પોતાનો જીવ લે, પણ માહારા એકપુરા બેટા અશફંદીઆરને જીવતદાન બખશ." જુવાક દાંત કકડાવી બોલીઓ કે "હે હારેમંદ દેવ હવે તાહારી ઉંઘ ઉડી ગઈ. માહારો એકપુરો બેટો જાહરે મારેઓ ગયો તાહારે તું મહને ઈશવર પર એતેકાદ રાખવાને સમજાવતો હતો, અને જાહરે હવે તાહરો બેટો દોખમાંની પાલપર સુતોછે તાહારે તું આવી માહારી આગલ કાકલુદી ગુજારેછે ! સેનાહ શેહેરનું નબોદ વલે તેની તુંહને ફકર નહી પણ કોબાદ ઉમરાવની પેહેડી તારાજ થાય તેને માટે તું આવી સમજુતી કરવા માગેછે ?" ગુસતાસપ બોલીઓ કે "પાદશાહ સલામત, માહરી તકસીર ક્ષમા કરો. એક મરણ કાંઠે બેહેલા બુઢાને દુખ પર દામ ના દેઓ. હું માહારી પેહેડી તારાજ થાય તે માતર મુતલગ આરજુમંદ નથી. આ માહારૂં ભીતરનું લોહી આ બેટા માટે ઉછલેછે. આ બેટાની માની ઈયાદગારી ખાતર હું આટલી કાકલુદી કરૂંછું. માહારી મરનાર ઓરત[1] બેહેસતમા તાહારૂં કામ હોજો. તાહારા આ છેલલી ઈયાદગારી જો માહારી પાસથી ગુમ થાયતો તાહારા કંગાલ ભરતારના કેવા બુરા હાલ થાય. ઓ નામવર જુવાક ખોદા ખાતર માહારા પણ છોકરાને ક્ષમા કર." જુવાક બોલીઓ કે "જા ગુસતાસપ જા તાહારા મંદીરમાં જા અને પરીચેહેરને માહારે સવાધીન કર જે મેં તુંને વાત કહીછે તે બજાવી આય અને *પછી તાહારા* બેટાને માફી બખશવાને હું માહારો પાહાદશાહી કોલ આપુંછું." ગુસતાસપ બોલીઓ કે "ઓ દરાવર ! શું માહારા બેટાની જીંદગી માટે માહારો ધરમનો આચાર વેચું !" શુરો અશફંદીઆર બોલી ઉઠીયો કે "શું માહારે વાસતે ! હે પરીય પીતા તારે હૈયે પાપનો દાઘ ચોંટે તે કરતાં હજાર એવે મોહોતે હું મરૂં તે વધારે બેહેતર. આ જાલમ દેવ શું તાહારી પાસે માગેછે ! જો શાહાજાદી હજુર એના હાથમાં ગઈ ન હોયતો હે પરીય બાપ મુજના લોહીના સમ તમને આપી કહુંછું કે તેની રખેવાલી તમે કરજો. અને આ સેતાનની જાલમાંથી તે પશુ બાનુંને મોકલી કરજો. હે જુવાક હું આ ઘડીયે મરવાને તઈયાર છું." ગુસતાસપે અસફંદીઆરને અટકાવવા ઘણું પણ કીધું પણ તે બાહાદુર છોકરો અટકેઓ નહી. જુવાક જવાબ દીએ તેની અગાઉ દુરથી ઘોડાઓના પગલાં સંભલાયાં અને મેહેલના બાહાર એક પીતલનું રણસીંગડું ઓરવેલું હતું તેનો એકાએક અવાજ કાણે પડયો. એજ સમયે પેલી લડાઈની ટોપી જે તલે બેહેરાંમ કચડાઈ મરણ પામેઓ હતો તેની ઉપરના પીછાં કોઈ અંદરથી હીલવતું હોય તેમ જોસથી તરણ વખત હીલીયાં.

રણસીંગડાંના અવાજથી તથા પીછોના હીલવાથી જુવાકના મનમાં દેહેશત ઉતપન થઈ. જુવાક થંડો થઈને બોલીઓ કે "બાવા ગુસતાસપ આ શઘલાંનો ભેદ મહને સમજ પડી શકતો નથી. અરે હું કંગાલ!—ઓ ગુસતાસપ મેહેરબાંની કરી હીયાં બંદગી કર કે ઈશવર સાથે માહારૂ દીલ જોડાઈ જાય." ગુસતાસપ બોલીઓ કે "નામવર પાદશાહ ખરેખર તાહારીપર આકાશ રૂઠીયુંછે. ,ધરમપર તાહારૂ ધેઆન લગાડ અને તાહારા પાપની પશેમાની કર. આ નીરસોશં જુવાનને બેડીમાંથી મોકલો કર અને જે ધરમનો બોધ હું તુંહને કરૂં તેપર અખતેઆર કર." ફરીથી રણસીંગડાનો અવાજ આવેઓ અને ફરીથી તરણ વખત પીછાંઓ હીલીયાં. જુવાક બોલીઓ કે "બુઢા ગુસતાસપ મેહેરબાની કરી દરવાજા આગલ જઈ મહને ખબર કર કે કોણ રણસીંગડું ફુંકેછે." ગુસતાસપ બોલીઓ કે "માહારા બેટાને જીવતદાન છે?" જુવાક બોલીઓ કે "હા હું બખશુંછું પણ મેહેરબાની કરી માહારી ચીંતા દુર કર અને મહને સેતાબીથી કેહે કે બાહાર કોણછે." ગુસતાસપે બાહાર જઈ પોકારી પુછીયું કે "કોણછે."

જવાબ મલીઓ કે "હુ એક સવાર છું!"

"તું કાંહાંથી આવેઓ અને કોણને પુછેછે?"

"હું સરદાર બાહાદુર મીનોચેહેરનો ખાશ સવારછું અને જે ચંડાલ રાજા સેનાહ શેહેરના તખતપર ગેરવાજબી બેઠોછે તેને હું પુંછુંછું."

ગુસતાસપે જે બોલો શાંભલેઆ તે આબાદ પાદશાહને કહયા. પોતાને ગેરવાજબી ગાદી પર બેહેલો શાંભલી જુવાકના બદનમાં તાણ છુટી. તે બોલીઓ કે. "કોણ બંદખોર મુજ સાથ બાથ ભીડે! સીપાઈ બચો ખરો જે મુજ સાથ લડે? સમુલો નાશ કરૂં જે મુજ તોખમ સામું બોલે. જા ગુસતાસપ હીંયાંથી, લડાઈના રૂણમાં દસતુરોનું કામ નહી. એ ચંડાલને હું ખુદ પોતે ભેટું તોજ હું રાજા ખરો જુવાક બીન શેહેરીઆર. જા ગુસતાસપ જા તારે મંદીરે જા અને પરીચેહેરને લાવી માહારા આસરામાં મેલ. માહારો બોલ જો વીયરથ ગયોતો અસફંદીઆરની ગરદન માહારા હાથમાંજછે." ગુસતાસપ ઘભરાઈને બોલીઓ કે "ઓ આકાશી ફરેસતાઓ આ કેઈ પેરેનો પાદશાહછે. હે જુવાક સુધ ઠેકાંણે રાખી બોલ. ઈશવરના કોપથી લગાર દર. હમણાજ તુંએ માહારા બેટાને માફી બખશી અને હમણાજ પાછો તું તેને નબે કરવા તઈયાર થયો છે? જુવાક બોલીઓ કે "બુઢા ગુસતાસપ હું જે બોલીયો તથો કદી ફરનાર નથી. પરીચેહેરને માહારા તાબામાં મેલ નહીતર તાહારા અસફંદીઆરનો જાન સલામત રેહેનાર નથી. ગુસતાસપની પાછી કાકલુદીથી કાંઈ પણ વલીયું નહી. જુવાકે હોકમ કીધો કે અસફંદીઆરને પાછો કેદ કરે અને બુઢા ગુસતાસપને મેહેલમાંથી બાહાર જવાને હોકમ કીધો. પછી જુવાક પોતાના ભપકાદાર પોશાકમાં તખત પર જઈ બેઠો અને પેલા સવારને અંદર આવવાને માટે ફરમાવીયું. જુવાક બોલીઓ કે "હે બેઅદબ બુબખ તારૂં શું કામ છે?" પેલો સવાર બોલીઓ કે "નામવર સરદાર બાહાદુર મીનોચેહેરના હોકમથી હું તારી પાસે આવેઓછું, અને તે નામવરે મહને તુંને સેતાબીથી કેહેવા ફરમાવીયુંછે કે, હમારા મુરબી ઉમરાવ જરનદાબવાલા જાંહાંગીરશાહની બેટી શાહજાદી પરીચેહેરને તુંએ દગા અને ઠાગાથી તારા હાથમાં લીધીછે તેણીને તરત હમારે સવાધીન કર; અને સેનાહ શેહેરની ગાદી જે ગુરતમાન પાદશાહ કેકાઉશની તરફથી હમારા મુરબી નામવર જાંહાગીરશાહને ઘટેછે અને જે ગાદી તુંએ બીન કાયદે અને ગેરવાજબી રીતે છીણવી લીધીછે તે વગર વીલને અને વગર ટીલે હમારે સવાધીન અને હમારે હસતક કર, અને જો હમારો હોકમ બજાલાવવા તું જરા આનાકાની કરશેતો સરદાર બાહાદુર સાહેબ તારી સાથે એ ખલા હાથ મસલાવવાને તઈયારછે." જુવાક જે આ બોલો શાંભલીને ઠસ થઈ ગયો હતો તે પાછી હીંમત ધરી બોલીઓ કે "અને તારો પતરાજીખોરો સરદાર કાંહાંછે?"

"તે નામવર એક ગાઉને છેટે દુર ઉભોછે અને તારા જવાબની રાહા જુવેછે."

જુવાકે જોયુંકે આ કાસર સમજુતીથી પતાવવી એમાંજે ડાહાપણછે. તે સારી પેઠે જાણતો હતો કે પાદશાહ કેકાઉશ તરફથી તેની તોખમ ઉતરી નથી. જુવાક તથા તેનો બાપ એ બેહુને સેનાહ શેહેરના આગલા પાદશાહ કેકાઉશ સાથે મુતલગ સંબંધ ન હતો. તોયપણ લોકોને એ બાબદની દરકાર ન હતી. જરનદાબ શેહેરનો નાદર ઉમરાવ જાંહાંગીર શાહ એ ખરો પાદશાહ હતો અને તે કેકાઉશનીજ પેહેડીનો હતો. પણ એ પાદશાહના બાપને એકકોરે મેલી જુવાકનો બાપ ગાદીએ બેઠો હતો, અને જુવાક જાહરે ગાદીએ આવેઓ તાહારે એટલોતો તેનો કાબુ હતો કે જાંહાંગીર શાહનું કાંઈ વલી શકીયું નહી. જાંહાગીરશાહની રાણી, પરીચેહેરને નાહાની મેલી સુવાવડમાં મરણ પાંમી હતી. એમને તેણીના મરણનો તથા પોતાના બાપદાદાનુ રાજ બારેવાટ થયું તેનો દાધ ધરી તે દેશની બાહાર નીકલી ગયો હતો. ઘણા વરસ સુધી જાંહાંગીરશાહની ખબર મલી નહી તેથી શઘલાં લોક એવું અનુમાન કરવા લાગેઆં કે એ કેથે ઠાર થયો હોશે. જુવાકને જાહરે એના મરણની ખબર થઈ તાહારે તેણે પરીચેહેરના વાલીઓને લાંચ આપી તેણીનું પોતાના મરનાર બેટા બેહેરામ સાથે કારજ કીધું, તે એવી મતલબથી કે જાંહાંગીરશાહ જો મરી ગયો એ વાત ખરી હોયતો પછી તેની પેહેડીને રાજ કરવાને પરીચેહેર તરફથી કશી હરકત થાય નહીં. બેહેરામના મરણ પછી એજ મતલબથી તે પરીચેહેરને પરણવા માગતો હતો, અને હવે તેના મનમા એવો ખેઆલ આવેઓ કે પરીચેહેરના પીતા જાંહાંગીરશાહ પાસેથીજ પરીચેહેરને પોતા સાથે પરણાવવાની રજા મલેતો કેમ? એથી કરી તેની પેહેડી પણ સલામત રેહે અને હમણા જે સવાર માગણી કરેછે તેનો પણ સમજુતીથી નીકાલ આવે. વલી તેને બીજે મરતબે એવો વીચાર આવેઓ કે જે સરદાર એક ગાઉ છેટે તેના જવાબની રાહ જોતો ઉભોછે તેને પણ મેહેલમાં બા આદરમા નથી તેડવો, કારણકે જો પરીચેહેરના ગુમ થઈ જવાની તેહેને ખબર પડેતો તેની ગોઠવણમાં ખલેલ થઈ પડે અને કદાચ પરીચેહેરનો પીતા તેની માગણી રદ કરે. અંતે એજ ઠેરાવ કરીને જુવાકે કહયું કે "હે સવાર તાહારા સર

દારને માહારી સલામ કેહે, અને કેહે કે આપણુ તરવારથી આપણો વાંધો પતાવીએ તેની અગાઉ, માહરે તહમારી સાથે કાંઈ વાત કરવીછે માટે સુખેથી વગર ધાસતીએ અને ફીકરે આ મેહેલમાં પધારવું, અને તહમારી લાયકી મુજબ તહમને સનમાન કરવાને કશી કશુર રાખેઆમાં આવશે નહીં." સવાર તરણુ વખત નમેઓ અને જુવાકનો પેગામ પોતાના સેઠ પાસ લઈ ચાલેઓ.

હવે બુઢા ગુસતાસપની હાલત ઘણીજ દીલગીરી ભરેલી હતી. તરેહવાર વીચારો તેને સુજ પડતા અને શું કરવું અને શું નહી તે માટે તે ઘણોજ ફીકરમંદ હતો. પરીચેહેરને જબરદસતીથી જુવાકના તાબામાં મોકલવી અને માહાબાનુંને જુઠું સમજાવી છુટા છેડા કરાવવા એ અજીમ ગુનાહ પોતાને સર ખેંચવા ગુસતાસપ માગતો ન હતો. પણ જો જુવાકની મરજી નહી પાર પડીતો અસફંદીઆરની ગરદન ઉડી જવાંને વીલમ ન હતો. પોતાનો ધરમ મુકવો કે છોકરો મુકવો એ બે વીચારોથી બુઢો ગુસતાસપ અરધ મરેંતાલ થઈ ગયો હતો. તે પોતાના મંદીરમાં ધ્રુજતે પગે ગયો. વાટમાં તેને એક ફરેદુન નામનો દમતુર મલીયો, જે ગુસતાસપના દીલગીર ચેહેરાથી બોલી ઉઠીયો કે "ઓવાખશે પરેમાન. વાતતો તાંહારે ખરી કે માહારાણી મેહેરબાનુ આજ દીને ગુજરી ગયાં." ગુસતાસપ બોલીઓ કે "ભાઈ ફરેદુન તું સપનો જોઈ ઉઠીયો હશે. હમણાજ હું મેહેલમાંથી ચાલીઓ આવુંછું અને મેં માહારાંણીને અછી તનદરોસતીમાં જોયાં. કાઈબી રીતે કોઈની સમજણમાં ફેર હશે. વારૂ ફરેદુન પરીચેહેર કાંહાંછે?" ફરેદુન બોલીઓ કે "બાવા મહને તેની ખબર નથી, પણ મેં શાહજાદીને દીવાનખાનામાં માહાબાનુંના મરણ માટે રડતી ઉભી જોઈ." ગુસતાસપ દોડતો કે પરીચેહેરના ઓરડામાં ગયો પણ તે ઓરડામા પરીચેહેર હતી નહી ચાકરોને ખબર પુછી પણ સરવે જણા કાણે હાય લગાડવા લાગા આસપાસ ખેતરોમાં ગુસતાસપે જાતી શોધ કીધી પણ શાહજાદીને કોઈએ દીઠેલી નહી. બુઢો ગુસતાસપ ફીકરથી દેવાંનો બની ગયો રખેને શાહજાદીએ નાદાનીએત કરીને જીવપર જાસતી કીધી હોય તેના ખેઆલથી ગુસતાસપ ઘણોજ હલાક થવા લાગો. પોતાના ઘરડપણના વખતમાં પોતાના એકપુરા હીમતી બેટાંને નેહાએક કતલ થવા દેવો, ઈયા પોતાની આખેરીના સમયમાં એક ફરેસતા ખસલતી શાહાજાદીને એક દેવાંનના દબાનમા મેલી પોતાના ધરમના કાનુંનો ઉંધા મારવાં, એ બે સવાલો ગુસતાસપની નબલી છાતીને અંદરથી ખોદી નાખતા હતા. અંતે બુઢા ગુસતાસપે એવું નક્કી કીધું કે પોતાના હાથ નીચેના દાવરોને લઈ જુવાક પાસે જવું અને તાંહાં તેઓ પાસે પોતા માટે એવી ગોવાહી પુરાવવી કે પરીચેહેરના નાસવામાં તેની મુતલગ સામેલગીરી હતી નહી, તથા ગયલાઓ પાસે આજીજી કરાવી જેમ તેમ અસફંદીઆરનો છુટકો કરાવવો.

હને જુવાકે જઈને પોતાના લશકરને એકદમ તઈયાર રેહેવાને ફરમાવીયું અને મેહેલના દરવાજા ખોલતા મેલવાને હોકમ કીધો. થોડા વારમાં સરદાર બાહાદુર મીનોચેહેર પોતાના લશકર તથા રસાલા અમેત આવી લાગો.

# ઓરતોની મીજલસ.

---

## ભાશાણ ૨૦ મું.

### બચાંને બેસારવા ચલાવવા વીશે.

ગયા ભાશાણમાં બચાંને બાહેર ખોલી હવામાં ફેરવતી વખતે કેવી માવજત રાખવી તે વીશે જણાવીયું હતું. આજદીને બચાંને બેસારવા અથવા ચલાવવા સીખવતી વખતે શું સંભાલ રાખવી તે વીશે કહી સંભલાવુંછું.—

૧. બચાંને તેના હાથ પકડીને ઉચકવું નહી; ઉચકતી વખતે હમેશાં બગલમાં હાથ નાખીને ઉચકવું.

નાહાના બચાંના સાંધા ઘણા ઢીલા હોયેછે, તેથી હાડકું પોતાની જગોથી જલદીથી ખીસી જાયેછે, એવા બનાવ વારે ઘડીએ જેવામાં આવેછે.

૨. બચું ૧—૭ મહીનાનું થાયે, અથવા પોતાની મેલે પોતાનું માથું અથવા બરડો ટેકવી શકે નાહી, તાંહાં સુધી તેને જમીન ઉપર બેસારવાની તજવીજ કરવી નહી. અથવા હાથ ઉપર ઉભું બેસારીને ફેરવવું નહી.

નાહાના બચાંના હાડકાં અને માસ ઘણા નરમ અને નબલાં હોયેછે, તેનાથી માથું ઉચકાઈ શકાતું નથી અથવા તે બદન હીલવી શકતું નથી.

જો તેને બેસારવાની કોશેશ કીધીતો તેનું માથું તેની ગરડનમાં જોર નહી હોવાથી પછવાડે અથવા બાજુએ પડી જાયેછે. તેનું બદન પણ બરડામાં જોર ન હોવાથી મંડાઈ જાયેછે; બરડાંનો કાંધો પણ મંડાઈ જાયેછે અને બદનને બેદોલ કરી નાંખેછે. બચું ૬—૭ મહીનાનું થાયેછે તારે તેના હાડકાં અને માસ વધારે કુવતમંદ અને કઠીણ થાયેછે, એ વખતે બચાંને બેસવાંની શક્તી રેહેછે.

એ વીચાર નહી રાખ્યાથી કોઈ કોઈ વેલા આપણા લોકો બચાંને નુકસાન કરેછે.

૩. બચાંને હાથમાં ઉચકી લેઈ જતી વખતે સંભાલ રાખવાની જરૂરછે.

બચાંને ઉચકી લેઈ જવાની સમજણ હોવી જોઈયે; ઘણા લોકોને બચાંને કેમ ઉચકવું તે આવડતું નથી. તેવાને બચું કદી પણ સોંપવું નહી.

ઘણા લોકો બીહેછે, કે રખેને બચું પડી જાયે, તેટલા માટે તેને જોરથી પકડેછે, પણ તેથી ઉલટા બચાંના કુમળાં હાડકાં મંડાઈ જાયેછે.

બચાંને એકજ હાથ ઉપર બેસાડીને લેઈજયાં નહી કરવું. તેથી એક બાજુ ઉપર વાંક થાયેછે.

બચાંનો એક હાથ ઉચકનારે પોતાની ગરદન ઉપર નાખવા નહી દેવો, તેથી એક ખભું બાહેર નીકળી આવેછે.

૪. બચું ૯—૧૦ મહીનાનુ થાએ અથવા પગ બરાબર પોતાની મેળેજ ફેરવી શકે તાંહાંસુધી તેને ઉભુ રાખવાની અને ચલાવવાની કોશેશ નહી કરવી.

બચાંને ચલાવતાં સીખવીયાની આગમજ તેને જેમ

ગમે તેમ પોતાનીમેલેજ રમતું મુકવું. એટલી સંભાલ રાખવી કે બચાંને હરકત થાએ એવી ચીજ વચમાં રાખવી નહી.

પેહેલાં બચું પોતાની શકતી પરમાણે જમીન ઉપર ફસલીયાં મારશે અને ગુઠણ ઉપર ઉભું રેહેવાની તજવીજ કરશે. બચું તેથી મેલું થશે એવો વીચાર કરીને તેને ફસરીયાં મારતું કદી પણ અટકાવવું નહી જોઈએ. જે બચું પેહેલે ફસરીયાં મારીને પછી ચાલવા સીખેછે તે, બીજું બચું કે જે પેહેલેથીજ ચાલવા સીખેછે, તેના કરતાં વધારે કુવત મંદ થાએછે. બચાંને છુટું મુકીયું, એટલે તેને તુટી પડવાની આપણને કાંઈ પણ ધાસતી રાખવી નહી જોઈએ; તુટી નહી પડે તેની કોશેશ બચું પોતેજ કરેછે. કદી પણ વચમાં ઉચકવો અથવા ટેકો આપવા નહી જવું.

એ પછી બચું જમીન ઉપરથી ઉઠવાની તજવીજ કરશે અને પેહેલાં તેમાં તે વારેઘડીએ નીશફલ થશે, તોપણ તે પોતે વધારે તજવીજ કરીને કાંઈ પણ ચીજ, માણસ અથવા ખુરસી, ઇતીયાદી પકડીને ઉભું રેહેવા જશે. એવી કોશેશમાં આપણે કાંઈ પણ રીતે મદદ કરવી નહી. બચું પોતાની મેલેજ કોશેશ કરીયાંથી વધારે બરાબર રીતે કામ કરી શકેછે. તે ૨—૩ વખત પડી જાએછે ખરૂં, પણ તે ફરીથી પડે નહી એવી તે પોતે સંભાલ લેશે; એ રીતે છુટું મુકીયાથી તેને હીમત છુટેછે. જો બચાંને આપણે પકડીને ઉભું રાખવા અથવા ચલાવવા માંડીયું, તો તે બરાબર રીતે બની શકતું નથી. બચું જરા જરામાં બીહેછે અને એવું બચું આગલ જાતાં હીમકારૂં બનેછે.

એ પછી બચું વગર આધારે ઉભું રેહેવાની તજવીજ કરેછે અને આપણને દેખાડેછે, કે તે કેવું એખલું વગર આધારે ઉભું રહી શકેછે.

એ રીતે, બચું પોતાની મેલેજ જારે પોતાનો બોજો પોતે ઉચકી શકેછે, તારેજ ઉભું રેહેછે. તેનેથી ઉભું નહી રેહેવાએ તોબી જુલમથી ઉભું રાખવું, એ ખરાબ રીતછે. બચું ઉભું નથી રેહેતું તેનું કારણ એજછે, જે તેના પગ તેના બદનનું બોજ ખમી શકતા નથી. જારે પગમાં જોર આવેછે તારે તે પોતાની મેલેજ ઉભું થવા માંડેછે. જો બચાંને ઉતાવલેથી ઉભું રાખવાની કોશેશ કીધીતો તેના પગ મંડાએછે અને તે સાથે બરડાનો કાંઠો પણ વાંકો થાએછે. કેટલાં બચાંઓને આપણે, એ વીશેના અજ્ઞાનને લીધે, વાંકા પગનાં જોઈએછ.

એ પછી બચું એક ખુરસીથી બીજી ખુરસી પકડીને પગ એકએકની આગલ કરીને ચાલશે, અને છેલે પકડીયા વગર, વગર આધારે ચાલવા માંડશે. એ વખતે બચાંની માએ અથવા બીજા શખસે બચાંને ચલાવતાં સીખવવાની મતલબ રાખવીજ નહી. બચું ચાલેછે તે પોતાની કોશેશથીજ ચાલેછે. તેને કોઈની સીખવવાની ગરજ નથી.

બચું પંદરમે મહીને બરાબર ચાલી શકેછે. નબલાં બચાંને વધારે વાર લાગેછે.

જો બચાંને ચલાવવાની આપણને મરજી હોએતો તેની બગલની હેઠેથી એવી રીતે બેઉ હાથ મુકવા કે તેથી બચાંને કાંઈ પણ ટેકા જેવું લાગે નહી અને એ રીતે બચાંને ચાલવા દેવું. જો ગરજ પડે તોજ બચાંને પકડી લેવું.

બચાંને ઉભું રાખવા અને ચલાવવાને માટે આપણા લોકો નાહાની પઈડાં સાથની ગાડીઓ વાપરેછે, પણ તે ઉપર જણાવેલા કારણ પરમાણે તદન નકાંમીછે. એનો ઉપીયોગ કદી પણ કરવો નહી જોઈએ.

**૫. બચાંનો એક અથવા બેઉ હાથ પકડીને કદી પણ ચલાવવું નહી જોઈયે.**

જો એક હાથ પકડીને ચલાવેછે તો બચું બરાબર ઉભું રહી નહી શકીયાના સબબથી વારેઘડીએ ફરી જાએછે અને જે હાથથી પકડેલું હોએછે તેમાં આંચકો આવેછે. બેઉ હાથ પકડીને ચલાવતાં બચું બરાબર ચાલી શકતું નથી. તેને ઘણુંજ કઠંગું લાગેછે.

**૬. જો પગમાં અથવા બરડાંમાં ખોડ નજર પડીતો બેસારવાનું તથા ચલાવવાનું તરત બંધ કરવું..**

ખોડ મટાડવાની જરૂરછે. જો બચું ઉઠવાની કોશેશ કરીયા કરેતો તેના બેઉ પગ એક મોટા ઇસટાકીનમાં ઘાલવા તેથી ઉઠાઈ અથવા ચલાઈ શકાશે નહી. વલી બચાંને કુવત આવે એવા ઉપાયો લેવા થંડાં પાંણીમાં બેસાડવું, તથા દરીયાનું થંડું પાંણી વાદલાંથી લગાડવું. થોડા મહીના એ પરમાણે કીધાથી પગ અથવા બરડાનો કાંઠો બરાબર આવશે.

આવતા ભાશાણમાં એ બાબદસર વધારે કહી સમજાવશ.

## લાએકીવાલી ઓરત, ડાકટર મેરી વાકર.

દરેક કોમની અંદર તબીબનો મરતબો પેહેલો ગણાયછે, કારણકે તબીબના હાથમાં આપણો જાન સોંપવો પડેછે તરેવાર દરદોનો વગર દેહેશને વીચાર કરવો, અને મરણના બીછાંનાપર સુતેલા દરદીને તેના અને તેના ખેશાવંદોના વીલાપ અને શોરમાં એકાગરચીત રાખી આરામ કરવાની તજવીજ કરવી, એ ઓતેબર ગુણો ઘણુંકરી મરદમાંજ દીઠામાં આવેછે. જો દરદીની તાસ્રવીશથી અને તેના ખેશાવંદોના કકલાટથી વઇદના હાથ કંપેનો, તે વઇદ પોતાના ધંધાને લાયક નથી. પણ તે ઊપરથી એમ સીધ થતું નથી કે વઇદની છાતીમાં દયા નથી. વઇદના સરખો દયાલુ ધંધો પુરૂથવીમાં બીજો એકે નથી. દરદોની તબીઓને શઘલી રીતે વાકેફગારી હોવાથી તેઓ દરદીઓની બીજાઓ કરતાં વધારે કદર બુજી શકેછે, અને વઇદોના જે આપણ હેવાલો વાંચીએ છઇએ તે ઊપરથી આપણી ખાતરી થાયછે કે વઇદોના જી

ગરમાં બહુ દયા હોયછે: પણ એ માહ ઊતમ ધંધો મરદોનેજ હાથ પડેઆથી એક સવાલ એ ઊઠેછે કે ઓરતો એ ધંધાને લાયકછે કે નહી ? આ સવાલનો જવાબ અમેરીકા દેશની તરણ પુરવીન ઓરતોએ ખાતરી ભરેલી રીતે આપેઓછે. હકીમાની સરવેથી પેહેલી તાલીમ અમેરીકા દેશના બોસતન નામના શેહેરની એક સ્ત્રી નામે હેરીએત હંતે લીધીછે. ડાકટર હેરીએત હંત પોતાના ધંધામાં એટલીતો માહેર હતી કે યુનાઈટેડ ઇસટેટસના પુરવીન તબીબોએ આ ઓરતને મારે પોતાનું ઊચુ મત આપીયું. ડાકટર હેરીએત હંતના કદમ, પાછલથી અમેરીકા દેશનીજ બે સ્ત્રીઓએ શોધીઆંછે. એકનું નામ મીસ ઇલીજાબેથ બલાકવેલ અને બીજીનુ નામ મીસ મેરી વાકરછે. અને એ બેહુ સ્ત્રીઓ થોડાંજ વરસ થયાં તબીબપણામાં પસાર થયાંછે. ઈલીજાબેથ ઊમરે ઘણી મોટીછે પણ મેરી વાકરની ઊમર ઘણીજ જુજછે. મીસ મેરી વાકર જારે ઘણીજ નાની હતી તાહારે એક અમેરીકાના પાદરીએ હીંદુસતાનથી લખેલો હેવાલ તેણીના વાંચેઆમાં આવેઓ, જેમાં એવું લખેલું હતું કે હીંદુસતાનની ઓરતોને પોતાના ઘરના તબીબ શીવાય બીજા પારકા મરદ સાથે વાત કરવાને છુટ નથી તેથી જો અમેરીકાથી કોઈ સ્ત્રી તબીબપણાની માહેતગારી મેલવી હીંદુસતાનમાં આવેતો હીંદુ ઓરતોને સેહેલથી તેઓ ઇસુખરીસતના ધરમની ખુબીથી વાકેફ કરી શકે. એ ઊપરથી મીસ મેરીએ હકીમું હાંસેલ કરવાની દીલસે હામ ધરી. જે જે હકીમાંની ચોપડી તેણીને મલી શકી તે તે ચોપડી તેણીએ ખુબ ધેયાનથી વાંચી, પછી તે એક મદરેસામાં દાખલ થઇ જાંહાં મરદો અને ઓરતોને બેહુને શીખાડવાનો કાયદો હતો. ડાકટર વાકરને દરેક જણ હસવા લાગા અને તેણીને એ કામથી હાથ ઊઠાવવાને શઘલેથી એલતેમાશ થઇ. પણ અંતે જાહરે તે પોતાના હુનરમાં દીનપર દીન કૌશલ થતી ગઈ તાહારે તેણીના દોસતો તેને ઊતેજન આપવા લાગા. પણ કેટલાએક અદેખા તબીબોએ ડાકટર વાકર સારૂં ઘણીજ ઝકર લીધી અને અંતે તેણીને ઇસપીતાલમાં આવતી બંધ કીધી. પણ આ બાહાદુર સ્ત્રીએ મુનલગ હારી ખાધી નહી. 'નીયુઈયારક' ની મોટી પાદશાલાએ એવો હોકમ કાહાડેઓ હતો કે મરદ અને ઓરતોને બેહુને ઇસપીતાલમાં હકીમાની તાલીમ આપવી. એ ઊપરથી ડાકટર વાકર તે પાઠશાલામાં દાખલ થઇ, અને ૧૮૫૫ ના શાલમાં તેણીને 'એમ. ડી.' નો મોતેબર ખેતાબ મલેઓ; જેહાર પછી તેણીએ તબીબનો ધંધો કરવાને શરૂ કીધું. અમેરીકા દેશની છેલ્લી ભયંકર લડાઈમાં ઊતરવાલાઓના લશકરની ડાકટર મેરી વાકર તબીબ હતી. લશકર સાથે તરેહવાર હાદેશાઓ તેણીએ ખમેઆ અને કમનશીબે તે દક્ષીણવાલાઓના હાથમાં કેદ પકડાઈ, જેઓએ આ ભલી ઓરતને ઘણા મહીના શુધી બંદીખાંને નાખી.

'એલેકજાનડરીઆ' ની ઇસપીતાલમાં જાહારે તે એક દીને ખબર લેવા ગઇ તાહારે તેણીએ એક જુવાન શીપાઇને ખહીના બુરા મરજથી મરણના બીછાણાપર સુતેલો જોયો. આ ગરીબ સીપાઈ હરદમ પોતાને વતન જવાને મારે બુમ મારતો હતો, પણ ધારા પરમાણે તેના સરદારના હોકમ વગર તેનીથી તેને વતન જઈ શકાતું ન હતું; અને તેના સરદારની રજા મેલવવાનું કડાકુટનું કામ હતું, કારણ કે તે સરદાર દક્ષીણવાલાઓની સામે લડતો હતો. ડાકટર વાકરે આ સીપાઇની દયા ખાઈ તેનો ઘણી જેહેમત ખેંચી છુટકો કીધો, પણ આ દરદી સીપાઈ એખલો પોતાને વતન શીધારવાને સમરથવાન ન હોવાથી ડાકટર વાકર તે સીપાઈની સાથે 'રોહોડ' ના ટાપુ તુલીક ગઇ, જાંહાં તેણીએ તે સીપાઇને તેના બુઢા બાપને સપુરદ કીધો. ડાકટર મેરી વાકરનું બેહુ બાપ દીકરાઓએ ઘણુંજ હેશાન માનેઊં, અને આ પરોપકારપણાથી તેણીની ચોતરફ તારીફ થવા લાગી. દક્ષીણવાલાઓ ડાકટર વાકરપર ઘણીજ જશ પાડતા હતા, પણ દેવ જોગે ડાકટર વાકર દક્ષીણવાલાઓના હાથમાંથી છુટી અને તે પાછી પોતાના દેશમાં આવી લાગી. જે મુશીબતો તેણીને બંદીખાનામાં ભોગવવી પડી હતી તેથી કરી આજશુધી ડાકટર વાકરની તંદરોસતીમાં ખલલ થઈછે.

ડાકટર વાકરનો પોશાક વલી ઓર તરેહનોછે. તેનો એક કાલો જભો ઘુંટણ શુધી આવે એવોછે અને મહમદીઅન ઓરતોની એક કાસી લેંઘી તે પેહેછે. આ પોશાકને મારે ડાકટર વાકર એવું મત આપેછે કે એ તંદરોસતીને માફક આવે અને ઘણોજ સગવડ ભરેલોછે. એ પોશાક ડાકટર વાકર હજુર શુધી પેહ

ડેછે અને ઈંગલાંડના લોકો એ પોશાક જોઈને એ ચંચલ બાનુની ઠેટરી કરેછે.

અમેરીકાના હાલના પરેસીડંટ જાનસને ડાકટર વાકરને તેણીની નોકરીને માટે એક માન પતર અને એક ચાન ભેટ કીધોછે. ડાકટર વાકરે એવીતો સરસ રીતે શીપાઈઓની સેવા બજાવીછે કે કોઇ મરદ તબીબથી પણ તેટલું થઈ શકતે નહી, તે છતાં અમેરીકાના પરેસીડંટે એક ચાન આપી શઘલી કાસર પતાવીછે. જો કાંઈ પણ રીને પઇસાની મદદ થાનતો ડાકટર વાકરને હજુર પોતાની ભલી નેમમાં પાર પડવાને પુરતું જોર મલત. ડાકટર વાકર હાલ ઈંગલાંડમાંછે અને કેટલાંક પતરોપરથી માલમ પડેછે કે તેનો હીંદુસતાન આવવાનો વીચારછે. જો મુંબઇમાં એનું પગલું પડેનો આ પુરવીન બાંનુના દીદાર જોવાને વાંચનારી બાઈઓને એક સરસ તક મલશે.

## તલેશમાતી વીટી—એક જોડી કાહાડેલી વારતા.

(ગયા આકથી શાવણ)*

બીજે દીવસે સવારના તેઓ ઉઠીઆ અને અંજીર તથા દરાખનો નાંસતો કરી પેલો પોપટ, બે કાગડા, અને શાહજાદી જંગલમાં આગલ ચાલી મંજલ કાપવા લાગાં. વાટમાં આગલ ચાલતાં એક કાગડાને સામેથી એક માણસ આવતો નજરે પડીઓ અમે તરત તેણે પેલા પોપટને બુમ પાડી શાવધ કીધો કે શાહજાદીને જલદીથી ચેતવણી આપે.

આ કાગડા તથા પોપટની બુમ શાહજાદી કાઈજ સમજી શકી નહી પણ તેઓ ઘભરાટમાંછે એટલું ચેતી લેઈ પાસેની એક ઝાડીમાં ભરાઈ બેઠી. એટલામાં એક માણસ તેને દીઠા વગર આગલ ચાલી ગયો. થોડાક વારમાં શાહાજાદી બાહેર આવી અને વીચારમાં પડી કે આજે પંખેરાં શું બોલેછે તે કાંઈ શમજે કેમ નથી પડતી. એટલામાં વીટીનો વીચાર આવીઓ તે તપાસવા જતાં માલમ પડીઉં કે તેણે આ કીમતી વીટી ગુંમાવીછે. તરતજ તેણીએ ઈસારતથી પેલાં પંખેરાંને જણાવીઉં અને તેઓ સરવે અતીઅંત દલગીર થઈ સોગમાં પડીઆં હોએ એવું દેલ દેખાવા લાગું. પોપટે બુમ પાડી જે રસતેથી આવેઆં તે રસતે ફરી વીટીની શોધમાં જવાને ઈસારત કીધી અને તેઓ સરવે શોધ કરતાં પાછાં ચાલીઆં. એમ કરતાં પાછી રાત પડી અને આ પંખીઓ અંજીર, દરાખ, ઈતીઆદી જે કાંઈ લાયાં તે ઉપર સરવેએ શુકરગુજારી કરી નીંદ લેવા માંડી. શાહજાદીને બધી આફતમાં આ વધારે ભારે લાગી કેમકે તે હાલ પંખીઓની વાત સમજવાને અશક્ત થઈ હતી. જેમ તેમ રાત ગુજારી. તેઓ બાંમદાદમાં ઉઠી પાછી વીટીની શોધમાં પડીઆં, એટલામાં એક શીપાઈને જોઈ કાગડાઓએ બુમ પાડી કે શાહજાદીને ચેતવો. પેલો શીપાઈ "શાહજાદી" બોલ શાંભલતાંજ ચોંકીઓ અને બોલીઓ કે એ કોણછે. પેલા કાગડાઓએ આ શીપાઈને આંગલે પેલી ચલકતી જાદુઈ વીટી જોઈ અને તરત તેઓ ઉપર તે જાદુ લાગુ થએઆથી આગલ જઈ બોલીઆ કે શાહેબ હમો બે કમનશીબ ચાકરો તારી સેવામા હાજર છઈએ. પેલો શીપાઈ અચરત થઈ બોલીઓ કે તમો પંખીઓ આવી વાત કેમ કરી શકોચ. એક કાગડાએ ઉત્તર વાલીઓ કે શાહેબ તમારે હાથે જાદુઈ વીટીછે તેથી તમો પંખેરાને વાત કરતા શમજી શકોચ અને એથી તમો જે કાંઈ ફરમાવો અને કેહો તે કરીઆ વગર હમારો છુટક નથી.

તારે તને મને કહો કે "શાહજાદી" કરી તમો શું બોલીઆ. પેલા કાગડાઓ આ વાત બોલવાને એટલાતો નાખુશ હતા પણ જાદુઈના જોર આગલ તેઓનું કાંઈજ ચાલીઉં નહી તેથી અંતે ખરેખરો જવાબ દીધો. તરતજ પેલા શીપાઈએ ઉઠી શાહજાદીને શોધી કાહાડી બોલીઓ કે, એને પકડી લાવે તેને શુનેરી પચાસ સીકાનું ઈનામ રાણીએ જાહેર કીધુંછે તેથી હું એને છોડનાર નથી. આ છોકરીએ લાચાર થઈ શીપાઈને ઘણાબી કાલાવાલા કીધા અને ઝાર ઝાર રડી પણ પેલાએ તેને છોડો નહી અને તેને લેઈ આગલ ચાલતો થયો પેલા પંખેરાં પણ તેઓની પુઠે ગયાં. છેક તલાવની નજદીક આવી એક નાધલી બોટમાં બેસી તેઓ પેલેપાર રાણીના મેહેલની સાથે ઉતરીઆં, અને શીપાઈએ દરવાજે ઠોકીઓ. એ દરવાજે રાણીના એક ખાસ મસલતદાર બાસુફ નામના શખસે ઉઘાડીઓ અને શાહજાદીને જોઈને મોટા દોલા કાહાડી દાત પીસવા લાગો.

રાંણીએ શાહજાદીને પકડીને પોતાના ઓરડામા કેદ કરાવી અને તેની ઉપર બેઉ દરવાજે ચોકીબાન મુકીઆ અને પછે પેલા શીપાઈને પચાસ શુનેરી સીકા ઈનામ આપી સરવે હકીકત પુછી, તે શાભલતાજ રાણીએ બીજા પચાસ સીકા આપી પેલી વીટી તેની પાસેથી લેઈ મુકી.

રાણીએ આગલ એ વીટી વીશે શાંભલેઉં હતું કે મુજફર નામનો જાદુગર એ વીટીથી પંખીઓ પર સરદારી કરતો હતો પણ તેના મરણ પછે પંખીઓએ એકસંપ થઈને આ વીટી એક ગોફામા સંતાડી મુકી હતી. મેહેલમાં જાંહાં બારીએ રાણી ઉભી હતી તાંહાથી બે કાગડાઓને સાંમેના ઝાડ ઉપર ગંમખાર જેવા બેઠેલા જોયા. તેણીએ પેલી વીટી દેખાડી તેઓને આગલ બોલાવીઆ અને હોકમ કીધો કે તલાવની પાસે જે મોટું જંગલ લાગુંછે તે કુડાવી તેની બાજુમાં એક ભયંકાર ટેકડી દીશેછે તેની હેડવાનમાં દાળમનું એક ઝાડછે જેના ઠરમાં એક ડેડકો વસેછે, તે ઝાડ ઉપરથી મારે વાસતે એક દાળમ ટોડી લાવજો, અને તમો પણ બીજાં દાળમમાંથી બબે દાંણા ખાજો કેમકે તે ખાધાથી કોઈબી જાતનું ઝેર આપણી ઉપર અસર કરી શકતું નથી. જો તમો એ દાળમના દાંણા ખાયો નહીતો એ ટેકડીને મથાલે એક ઝેરી ઝાડછે અને તેમાંથી જે ઝેરી ગુંદર નીકલેછે તે મને જોઈએછે તે તમારેથી કવચીનબી લ

* ગયા આકમાં જાંહાં શાહજાદીનો બપારો કરી લખેલોછે તાંહાં ભમાવો કરી વાંચવું.

વાશે નહી, તેથી જેમ મેં આ હોકમ ફરમાવીઓછે તેમ આ કાંમ સરનજાંમ ઉતારી જલદીથી આવો.

પેલા કાગડાઓ રખસુત લેઈ જંગલમાં ટેકડીની નજદીક જઈ લાગા, અને તાંહાં એક દાળમનું ઝાડ દીઠું તેના ઉપર જઈ ચાંચ મારી અને તેમાંથી એક હેડકાનો આવાજ સંભલાયો. તેઓએ આ રીતે પોતાની ખાતરી કરી તે દાળમના દાંણા ખાધા, અને રાંણીએ પોતાને વાસતે એક મંગવીઉં હતું તેને ઠેકાંણે એવોએ બે લીધાં, અને જલદીથી ટેકડીને મથાલે ગયા. તાંહાં જોયછે તો જાંનવર તથા માણસના હાડકાં પહેલાં અને વનસપતી નાંમે તાંહાં દીઠામાં આવી નહી, કેમકે એ જગાઉપર ઝેરી પવન ફુંકતો, અને તેથી જે કોઈ તાંહાં જતું તે તતકાલ મરણ પાંમતું. થોડેક દુર તેઓએ એક નાધલું ઝાડ દીઠું તાંહાં જઈ તેની ઉપરથી રેલા બંધાઈ એક જાતનો કાલો ગુંદર નીકલતો તે લેઈ પોતાને મુકાંમે પાછા ફરીઆ.

મેહેલમાં આવતાંજ એક દાળમ તેઓએ ખામુખા ઝાડોની વચે નાખીઉં અને પછે રાંણી પાસે જઈ પેહેલાં પેલું દાળમ આપીઉં જેમાંથી રાણી અને તેના ખાસ ખીદમતગાર બાબુકે થોડાક દાંણા ખાધા, અને તારબાદ પેલું ઝેર હાથમાં લીધું અને તરત તેને શુનેરી એક દાબડીમાં બંધ કીધું.

જેવા આ કાગડા રાંણી આગલથી પાછા ફરીઆ તેવાજ જાંહા શાહજાદી કેદ હતી તાંહાં જઈ પોપટને સંધી હકીકત જાહેર કીધી અને જલદીથી ઉડી જઈ બાગમાંથી પેલું દાળમ લાવી આપીઉં. પોપટે તેમાંથી બે દાંણા ખાઈને શાહજાદીને તે ખાવાની ઈસારતથી અતીસય બોંહોશ કીધી. શાહજાદી એનો ભેદ કાંઈ સમજી શકી નહી અને તે દાળમનો રંગ હેડકાની આમરીને મલતો હોવાથી ખાવાને ભારે સુગ લાગી, પણ જારે પોપટને ઘણોજ ઈંનતેજાર જોયો તારે તેણીએ તેમાથી બે તરણ દાંણા ખાધા એટલામાં કોઈ બારણું ઉંઘાડવા આવીઉં તેથી પોપટ તે દાળમ સુધાં બીછાનામાં ભરાઈ બેઠો.

બાબુકે આવી, દરવાજો ઉંઘાડી ઝેરની બનાવેલી રોટલી તથા પાણીનો કુંજો મુકી ચાલતી પકડી. શાહજાદી ભુખી અને તરશી હતી પણ તેનો ખાવા પીવા પર જીવ ચાલે નહી કેમકે રાણી તેનો જીવ લેવા કદાચ ઝેર ભેલી મોકલે પેલા પોપટને ખબર હતી કે તે દાળમ ખાધા પછે કોઈબી ઝેર અસર કરી શકતું નથી તેથી ઈસારતથી તે ખાવાને ભલામણ કીધી, અને તેનો શક કાહાડવા પેહલા પોતે તેમાંથી ખાધું અને પાંણી પીધું. શાહજાદીએ ભુખને મારે આ લુખું ભોજન ખાધું, અને એટલામાં પેલા બે કાગડાઓ માંચમાં પેલી વીટી લેઈ આવીઆ અને શાહજાદીને આપી અને બોલીઆ કે આજે રાંણી પોતાના પુતરને લેઈ બારી આગલ બેસી રમાડતી હતી અને તેના પુતરે તેને આંગલેથી આ વીટી કાહાડી ગગરાવા માંડી એટલામાં અકસમાતથી વીટી બારીએથી ગગડી બાગમાં પડી, અને જેવી રાંણી ઉઠી માણસને તે વીંટી લાવવા હોકમ કરવા ગેઈ તેવામાં હમોએ ઉડી જઈ ઉંચકી લીધી અને હજુર તેઓ બાગમાં તેની ખોલ કરેછે.

બીજી સવારનાં બાબુક શાહજાદીને મુએલી જોવાને તેનાં ઓરડામાં ગયો અને જોયછેતો તે એક ખુનાંમાં બેઠેલીછે. એવો હીંગામ જોઈ તે ખબર કરવાને રાંણી તરફ દોડીઓ, તેવોજ પોપટે એક કાગડાને તેઓની મશલહત શાંભલવાને મોકલીઓ. રાંણીએ આ અચરત સરીખાં ઝેરની અસર તેની ઉપર નહી પએલી સાંભલીને કહેઉં કે એ છોકરી પાસે કાંઈબી ચમતકારછે તેથી બેહતર એજછે કે આજ રાતનાં તેનાં ગલામાં એક પથર બાંધી આપણી અગાસી ઉપરથી બાહેરનાં ઉંડા તલાવમાં નાંખવી કે જેથી કવચીતબી તે બચનાર નથી, અને સવારનાં પોહરમાં આપણ ઘોંગ કરી તે મરી ગેઈછે એવું કહી તેની લાસ કાહાડીશું, અને તે લાસ બંધીઆર દફનાવી આવીશું, જેથી ગાંમને તે વીશે કાંઈ માલમ પડશેજ નહી.

પેલો કાગડો આ વાત સાંભલી લેઈ, આવીને પોપટ તથા બીજા કાગડા સાથે તે વીશે સરવે મસલહત કરીઆ બાદ તે વાત શાહજાદીને જાહેર કીધી અને તેઓએ જે રીત શોધી કાહાડીછે તે પરમાણે ચાલીઆથી તેનો બંચાવ થશે એવું કહી પેલી વીંટી તેની પાસેથી લેઇ, પોપટ ઉડી જઈ તલાવની પાસે એક બુધો મછીમાર રેહેતો હતો તેને વીંટી આપી અને બધી કેફીઅત જણાવી. આ બુધો મછીમાર અસલથી નાની શાહજાદી ઉપર હેત રાખતો હતો અને જારે આ નાની શાહજાદી બાહેર ફરવા નીકલતી તારે બુધા મછીમારની માછલી લેઈ તેને સારૂં ઈનાંમ આપતી, તે ઉપરથી આ વખતે શાહજાદીને બચાવાનુ તેણે માંથે લીધું.

પોપટ અને કાગડાઓની પાસે તેણે બુચનાં પુશકલ ટુકડા મોકલીઆ અને તે દોરી સાથે બાંધી શાહજાદીનાં આંગની આસપાસ વીંટાલવા કહેઉં જેથી કપરાં શુધાં તરી શકે, અને તેની શાથે એક નાંની પણ ચાલતી છરી આપી મોકલી તે એટલા માટે કે જેવોં ગલાં સાથે પથર બાંધીને નાંખે તેજ વખતે શાહવચેતીથી તે કાપી નાખવા કાંમ લાગે, અને તે ઉપરાંત તેણે તલાવની અંદર જાલ એવી રીતે પાંથરવા કેહી કે જેથી પથર ડુબી જાયે અને શાહજાદી તેમાં બંચે. આટલી ગોઠવણ કરી તે શાહજાદીને જાહેર કીધી અને તે પરમાંણે તેણે શાવચેતી રાખી હતી.

મધરાતને વખતે બાબુકે આવી શાહજાદીને ઉઠાડી આગલ ચાલવા કહેઉં અને તેનાં મોહોડાંપર હાથ રાખી તેને લેઈ ચાલેઓ. ઉપરથી અગાસી ઉપર લેઈ જઈ એક રૂમાલ સાથે મોટો પથર બાંધી ઈબ્રાહોમ તલાવમાં તેને હોમાવી. જેવી તે પડી તેવોજ છરી વડે જડપથી રૂમાલ કાપી નાખીઓ અને તેથી પથર પુર જોશથી અંદર પડીઓ. આ આવાજ શાંભલી બાબુકની ખાતરી થઈ કે શાહજાદી એકદંમ ડુબી ગેઈ તેથી તરત તેણે તાંહાંથી ચાલતી પકડી અને મેહેલમાં જઈ રાંણીને આ ખબર જણાવી તેથી તે ભારે ખુશી થઈ.

આણીગંમ પેલો બુધો મછીમાર અગાસીની બરાબર નીચે એક હોરકું લેઇ ભરાઈ બેઠો હતો તેણે જેવી શાહજાદી પડી તેવીજ પોતાની જાલ ઉપર ખેંચવા માંડી અને બુચની મદદથી તે તરતી હતી તેવામાં તેને ઉંચકી હોરકાંમાં લેઇ પોતાના ઝુપડાં તરફ લેઈ ગયો. અને ઘરમાં જઈ તેને

સુકાં કપરાં આપી એક બીછાંનું તેને મારે તઈઆર કીધું હતું તાહાં તેણીએ પોતાના પંખીઓની મુલાકાત લીધા બાદ ખોવાબ કીધો.

બીજે દીને સવાર પડી—પેલો બુધો મછીમાર પોતાના ધંધા ઉપર જવા નીકલીઓ અને પેલા કાગડાઓ મેહેલ તરફ ખબર લેવાને ગયા.

મેહેલમાં શાહજાદીની એક લાસ બનાવવામાં આવી હતી અને તેની ઉપર મોટી મોટી ચાદરો નાખી હતી અને સરવે કોઈ ગંમગીનીમાં હોય એવો દેખાવ રાણીએ કરી મુકીઓ હતો.

પેલા કાગડાઓ મેહેલની આવી ખબર લાવીઆ ઉપરથી પોપટે શાહજાદીને દીલાશો દીધો કે હવે એકવાર રાંણીના દીલમાં એવું આવીઉંછે કે શાહજાદી મરી ગેઈ એટલે આપણ સુખેથી મંજલ કાપી તારા મબાવાને જઈ મલીશું. બીજીગંમથી બુધો મછીમાર પોતાની માછલી વેચી તેના પઈશા કરી તેમાંથી કપર વેચાતું લેઈ ઘર આવીઓ, અને કેટલીક ફરમાસુ માછલીની તે દીને જીયાફત કીધી. જે કપર વેચાતું લાવીઓ તે શાહજાદીને પોતાનો પોશાક કરવાને આપીઉં, અને આ રાજવંશી છોકરીએ પોતાની માંને હાથે જે જુજબી તાલીમ શીવવા શાંધવાની લીધી હતી તે આ વખતે કાંમે લગાડી પોતાને વાસતે જોઈતાં વસતર બનાવતી ગઈ. ફુરસતને વખતે બુધા માછીમારની જાલ સમારતી અને પોતાના પોપટ તથા કાગડાઓ સાથે વખત કાહાડતી, અને ઘરની પછવાડે નાહાની વાડી હતી તેમાં તે ફરતી.

એમ કરતે કેટલાક દીવસ ગુજરી ગયા અને મછીમારને કાંઈ માછલી કેટલાક દીવસ મલી નહી તેથી તેનું ગુજરાંન અટકી પડીઉં, અને એક દીવસે ફુંગ ચહડેલી બે દારાની રોટલી ખાવી પડી. એવા નાસતા ઉપરથી આ રાજવંશીએ શુકર કીધી, એટલીમાં બેઉ કાગડા પોતાની ચાંચમા શુનેરી બે શીકા લેઈ આવેઆ, અને બોલાશા ઉપરથી માલમ પડીઉં કે તેઓ રાંણીના મેહેલમાંથી તે પઈસા ઉંચકી લાવીઆં હતા.

પેલા બુધાએ પઈસા લેવાને દરૂસત નહી ધારીઉં, પણ વીચાર કરો જોયું કે આ પઈસા શાહજાદીના બાપના કેહવાય અને જો રાશતીથી જોઈએતો પોતાની છોકરીની આવી હાલત તે શાંભલેતો એકથી હજાર સીકા તે મોકલી આપે, તેથી આ પઈસા એ શાહજાદીનાજ કેહવાય, એવો વીચાર કરી એ પઈસા લેઈ બજારમાંથી અગતીઅની ચીજો લેઈ આવીઓ. એવી રીતે વલી કેટલાક દીવસ ગુજરી ગયા, અને એક દીને મછીમાર તથા પેલાં વીસવાસુ પંખીઓ બાહેર ગયલાં, અને શાહજાદી પછવાડેની વારીમાં ફરતી હતી જાંહાંની ભીંટ એટલી નીચી હતી કે, શાહજાદી, આ તરફ આવેલી ગલીમાંથી જે કોઈ રાહદારી ભીંટની બાજુએથી જાયે તેને જોઈ શકે. થોડાક વારમાં એક વરણના ભીખ માગનારાં લોકો જેવાં ડાકણું કેહવાયછે અને જેવો છોકરાંઓને ઉંચકી જઈ ગોલાંમી મુલકમાં વેચેછે તે જાતની એક ડાકણની નજર આ શાહજાદી સાથે એક થઈ, અને ભીંટ આગલ આવી કલવાઈને બોલી "બાઈ આંજ બે દીયપાં મોહોડામાં એક બુક નાખીઓ નથી, તેથી ખોદા વાસતે એક કટકો રોટલી આલ." શાહાજાદીને દયા આવી અને તરત અંદર દોડી જઈ એક રોટલી લેઈ ભીંટ આગલ આવી તેણીને આપવા જાયછે તેવામાં પેલી ડાકણે એક મોટો જભો શાહજાદીના આંગ ઉપર નાખી શીકરી લેઈ ઉંચકી લીધી, અને તેને ધાસતી આપી કે તે જો જરાબી બુમ પાડસેતો તરત તેને વેહતી છરી વરે કાપી નાખશે. પછે આ જુલલું પછવાડે ખાધ ઉપર મારી ઉજડ જગામાંથી ચાલવા માંડીઉં.

(એનું સાંધણછે)

---

## પાહાદશાહોની આપખુદી અને તેઓનું ઘાતકીપણું.

પુરાતમ તથા હાલનાં કેટલાએક પાહાદશાહોની આપખુદી અને તેઓનાં નીરદયપણાનાં જાહેરે આપણે હેવાલો વાંચીએ છઇએ તારે આપણુથી તેઓ ઊપર ફીટકાર નાખેઆ વગર ચાલતું નથી. આગલ જે પાહાદશાહો કુલ પુરૂથવીપર થઈ ગયાછે, તેઓમાનાં કેટલાએકીનાં મનમાં એવુંજ ગુમાન હતું કે ઈશવર કરતાં એકજ પાહેરી તેઓનો દરજો ઊતરતો હતો. એવા ગુમાનમાને ગુમાનમાં તેઓ પોતાની પરજા ઊપર જે કમકમાટ ભરેલો જુલમ ગુજારતા હતા તે વાંચી હાલ આપણને ધ્રુજરી છુટેછે. એકવાર જો તેઓ મોહોમાંથી શબદો કાહાડતા તો તેઓ પાલેઆ વગર રેહેતા નહી પછી તેની અંદરથી ગમે એવી ખરાબી નીપજે. પાંહાદશાહે પોતાની ભુલ જોઇ પોતાનો બોલ ફેરવવો એ તેઓમાં મોહોટું શરમીંદગી ભરેલું હતું.

ઈરાન દેશનાં અસલી પાહાદશાહોમાં શેકારનો ભારે શોખ હતો. એક દીવસે તાંહાંના સેનશાહ **શાહસપ્રી**ને વાંહાં તારતરી, મસકોવી, અને હીંદુસતાનથી કામસર એલચીઓ આવેઆ. **શાહસપ્રી** સઘલાઓને શેકારપર લઇ ગયો. ઘણા ઘણા મોટાં જાનવરોનો પાહાદશાહે શેકાર કીધો, અને હોકમ કીધો કે તેજ દીને શઘલાંઓને પકાવીને સુફરા ઊપર લાવવાં; અને એક નામીચા કારીગરને હોકમ કીધો કે તેજ દીને શેહેરમાં આ શેકારમાં મુવેલાં પરાણીઓનાં માથાંનોજ એક મીનારો ઊભો કરવો. પાહાદશાહ જાહરે એલચીઓ સાથે મેજપર નેઆમત કરતો હતો, તારે પેલા કારીગરે આવી ખુશ ખબર કહી કે "પાહાદશાહ સલામત મીનારો મીશકીન સેવકે તઈયાર કીધોછે, પણ ઊપર મીનારાની ટોંચ કાહાડવાને માટે જો

કોઈ મોટા જાનવરનું માથું હોયતો મીનારો આજનો આજ પુરો થાય." પાહાદશાહ જે દારૂથી ચકચુર હતો તેણે પેલા એલચીઓનાં દેખતાં પોતાનો કાબુ જણાવવાનાં હેતુથી એવું કહ્યું કે "ખરેખર તું કેહેછે તે વાજબીછે, અને તાહારી મેહેનતને માટે તુંને સાબાસી ઘટેછે. પણ તાહારાં માથાં શીવાય બીજા કોણનું માથું તુંને આપું? માટે હે ખીદમતગારો જલલાદને કહો કે આ કારીગરની ગરદનનાં બે તુકડા કરે અને એના માથાંની મીનારાપર ટોંચ બનાવો." બીચારો ગરીબ કારીગર કાકલુદી કરી મુવો પણ તેનું વળીયું નહી. અંતે તેહેને મારી નાખેઆમાં આવેઓ.

**નોમાન ચાલ અશીઆર** નામનો એક આરબ પાદશાહ જે હીરાહ નામના મુલકમાં રાજ કરતો હતો તેને માટે **સેનામર** નામના એક ઉસતાદ કારીગરે એક ઘણોજ નાદેર મેહેલ બાંધીઓ હતો. એ મેહેલની તારીફ દેશે દેશ થતી હતી, અને લખો લોકો એ મેહેલ જોવા માટે દુરદરાજથી હીરાહ ખાતે આવતા હતા. **નોમાને** આ કારીગરને દોલતથી ભરપુર કીધો, પણ પછવાડેથી તેને એવો ખેઆલ ગયો કે રખેને આ મેહેલ કરતાં વધારે સરસ, **સેનામર** કોઈ બીજા રાજાને માટે બાંધે, તેથી તેને તરત એક મોટા મીનારાપરથી ઊંધે મસતકે જમીનપર નખાવી મારી નાખેઓ.

તુરક લોકોને માટે એવું કેહેછે કે, એવો જાનવરોપર ઘણીજ દયા કરેછે. જોકે એઓ કુતરાને અપવીતર ગણેછે તોયપણ તેને મારી નાખવામાં ગુનાહ શમજેછે. માંકર ઈયા ચાંચર સરખા જીવજંતને પણ એઓ મારતાં અચકાએછે. ખુદી બીલાડીઓને માટે કેરો શેહેરમાં એક રેહેઠાણછે જાંહાં તેઓની બરદાસત કરેઆમાં આવેછે. પણ તુરક લોકોને આદમોનો જાન વાહાલો નથી. એક આદમીનું ખુન કરવું એની તેઓમાં ઘણી છીટ નથી. એવું કેહેવાએછે કે ઈજીપટનો આગલો વાઈસરાય **આબાસ** જાહારે નાનો હતો તાહારે તેણે પોતાના બબરચીને લાકડી વડે જાંહાંશુધી તે મુવો તાંહાંશુધી મારીઓ. આ વાત જાહારે તેના બપાવા **મહમદ અલીને** ખબર પડી તાહારે તેણે પોતાના નબીરાને એટલુંજ કહયું કે "દીકરા વગર કારણે કોઈનો જાન લીજીએ નહી." જો કોઈ હાલ ઈંગરેજના છોકરાએ એક પતંગીઆંનો જાન વગર કારણે લીધો હોતતો, આ કરતાં વધારે કઠણ બોલોમાં તેના બાપે તેને શીખામણ દીધી હોત.

**નીરો** નામનો રોમ શેહેરમાં આગલા જમાનામાં એક માહા ચંડાલ પાદશાહ થઈ ગયોછે. તેની ખુનરેજી અને કતલનો શુમાર નહીં હતો. જો કોઈ લાંબો પુરૂપ રસતે ચાલતો જાયતો તેને પકડાવી તેના પગ કપાવી નાખે કે તે ટુકો થાય. જો કોઈ ઠીંગણો માણસ તેની નજરે પડેતો પોતાના ખીદમતગારો પાસે તેને લાંબો કરવા તેના પગ જાંહાંશુધી તે મરે તાંહાંશુધી ખેંચાવે. એક દીવસે એક મેજબાનીને વખતે તેણે પોતાના બંધવાઓને શણસોના ઠાંમલા સાથે બંધાવીઆ હતા, અને તેઓને આંગે ચરબી ચોપડી તમણે મસાલોની માફક આગમાં બલવા દીધા હતા, અને તેથી જે રોશની થઈ હતી તેથી પોતે ઘણો મઘન થયો હતો. વલી એક દીવસે તેનો એવો શોખ થયો કે આગમાં લોકો તે કેમ બલી મરતા હોશે અને ઘરોના શા હાલ થતા હોશે તે જોવું, તેથી તેણે એવો હોકમ કીધો કે રોમ શેહેરને એક નાકથી સલગાવવું. જાહરે ઘરો બલવા લાગાં અને લોકો ચીચાડી પાડી ખાખાવરખાં બાહાર નીકલતાં તાહારે આ ચંડાલ રાજો પોતાની મેહેલની અગાસીપર બેસી ગીંતો ગાતો હતો, અને ઘણોજ મઘન થતો હતો. કોણ જાણે આ ચંડાલનો કંઈ દોજખની ખારમાં ઠાર થયો હોશે.

**સુરાજા દઊલા** નામના નવાબે જાહરે કલકતામાં ઈંગરેજોપર ચહડાઇ કીધી અને તેઓને પરાજગ કીધા, તાહારે તેણે પોતાના ૧૪૬ ઈંગરેજી બંધવાઓને એક નાની ઓરડો કે જેમાં પંદર ઇગા ૨૦ જણા મુશકેલીથી દમ લઈ શકે તેમાં કેદ કીધા. આ ઈંગરેજોપર જે મુશીબત ગુજરીછે તેની કાહાણી હજુ શુધી ઈંગરેજો વીસરેઆ નથી. આ નાની ઓરડીને માતર બે બારીઓ હતી જેને મજબુત ગરારો જડી લીધેલી હતી. હવા નહીં આવવાને લીધે શઘલા ગુંગરાઈ જવા લાગા. દરેક જણ બારી આગલ જવા માંગે અને એક એકના ધકારાથી ઘણા ઈંગરેજો ચંપાઇને મરી ગયા. કેટલાક પોરાગીઓને ગવરનર હોલવેલે ઘણીજ આજીજી કીધી, અને તેઓને મોટાં દામની લાલચ આપી તેથી તેઓએ એક

નાની પખાલ ઓરડીમાં પેવસ કીધી. પણ સઘલાઓએ એટલીતો તરાપ મારી કે પાણી કોઇના પીધામાં આવેણું નહીં અને દબાનથી કેટલાએક બીજા મારેઆ ગયા. અંતે આ કમનશીબ બંધવાઓએ પોરેગીરોને એટલેવેર કહ્યું કે ગોલી ભરી હમુને મારી નાખો, પણ તેઓએ એટલોજ જવાબ વાલીઓ કે નવાબ સાહેબ ઊંઘમાંછે તેથી તેમને ખલલ થઇ શકે નહી. ૧૪૬ બંધવાઓ જોઇ એતો ગુંગરાઈને ઠાર થાય પણ નવાબ સાહેબની ઊંઘમાં ખલલ થાય નહી. જારે નવાબ સાહેબ ઊંઘમાંથી શરેગ થયા તાહારે દરવાજો ખોલવાનો હોકમ થયો અને ૧૪૬ બંધવાઓમાંથી ૨૩ જણ જીવતા નીકલીયા.

ઇંગલંડનાં રાજા ચોથા **એડવરડે** પોતાનાં ભાઈ **ડીયુક આવ કલારનસને** દારૂનાં પીપમાં દુબાવી મારી નાખેઓ હતો, અને પેહેલા રાજા **એનરીએ** પોતાનો વડો ભાઈ રોબરટ રખેને તખતપર આવે તેથી તેના બેહુ ડોલા કાહાડી નાખી તેને આંખે અપંગ કરેઓ હતો. આઠમાં રાજા **એનરીએ** એક પછી એક છ ઓરતો કીધી હતી જેમાંની બે જણીઓને તેણે આપખુદ રીતે ગરદન મરાવી હતી. ઇંગલંડની રાણી **મેરીએ** જેઓ પરાતેસટંટ ધરમ પાલતા હતા તે ઓપર અતીઘણો જુલમ ચલાવવા માંડીઓ, અને મોટા મોટા પાદરીઓને તેણે આતસની ચેહમાં બાલી મારી નાખેઆ. વલી ઇંગલંડનાં આગલા પાહાદશાહોમાં એક એવો જંગલી ચાલ હતો કે પાદશાહનાં જંગલમાં જો કોઇએ હરણનો શેકાર કીધો તો તેને મારી નાખેઆમાં આવતો હતો.

ચીન દેશની અંદર પાદશાહ જે રંગનો પોશાક પેહેરે તે કોઈથી પેહેરાઈ શકાય નહી. ચીન દેશમાં વલી બંધવાઓને સજા કરેઆમાં આવેછે તે પણ ઘણીજ ઘાટકીછે. રીબાવી રીબાવીને મારવાનો તેઓનો ચાલછે; જેમકે બંધવાને ઊંઘાવા નહી દેવો, તથા આજે તેના આંખના પાંપણ, કાલે તેના જીવતાં નખ, પરમ દાહાડે તેનું નાખ, તેનાં કાન એમ કાપવાં.

વલી આગલા વેખતમાં યુરપનાં રાજાઓની મરજી પડવે બંધવાઓનાં 'રેક' નામના એક સંચાપર હાડકાં બાંજવામાં આવતાં હતાં, અને જાંહાંસુધી તે તકસીર કબુલ નહી કરે તાંહાંસુધી તેને રીબાવીઆમાં આવતો હતો. એ શીક્ષાને લીધે નીરદોષ લોકો પણ નાહેક ગુનાહ કબુલ કરતા હતા, અને એક વાર ગુનાહ કબુલ થયો કે પછી તેઓને મોતની શીક્ષા આપવાને એ જાલમી પાદશાહો ચુકતા ન હતા.

રૂશીઆનાં રાજમાં બંધવાઓને સાઈબીરીઆ નામના મુલકમાં દેશનીકાલ કરવામાં આવેછે, જાંહાં અનેક તરેહની વીપતી તેઓપર ગુજારવાને કસુર કરવામાં આવતી નથી. જો કોઇ અમીરપર પાદશાહ રૂઠયો તો તેહેને છુપો હોકમ આવેછે કે તહમુને સાઈબીરીઆમાં દેશનીકાલ કીધાછે, અને ગમે તેવા અમીર ઊમરાવને પઈસા ટકા અને કુટંબ પરીવાર મેલી વગર અનેઆએ એક પાદશાહનાં શંટાને લીધે સાઈબીરીઆ સરખા દેશમાં જવું પડેછે.

હાલ વરોડરા શેહેરમાં એક થોડા માસની વાત ઊપર એક કમકમાટ ભરેલો દાખલો બનીઓ હતો. તાંહાંના ગાએકવાડ રાજાએ એક મુસલમીનને હાથીનાં પગ તલે ચંપાવી મારી નખાવેઓ હતો.આ પુરૂષની ગમે એવી તકસીર હોય પણ તેને જે સજા કરેઆમાં આવી હતી તે ઘણીજ ખુની હતી. અજબછે કે આવા જમાનામાં હજુર હીંદુસતાનનાં ટુક બંડોલી રાજાઓ આપખુદ સતા લઈ હેવાનીઅત ભરેલાં કરતુકો કરેછે.

આજ ઇંગલંડ દેશની મોહોટાઈનું એક કારણ તાંહાંના વરતમાન પતરોનુ છુટાપણુંછે. પાદશાહની ઈચ્છા તેનાં પરધાનોની ભુલ ચુકની સાંમે વરતમાન પતરો બેસતવારીથી લખેછે, અને આ આંકસ તેઓને ગાંધે હોવાથી કોઈ પણ ઓધેદારથી આડું જવાઇ શકાતું નથી. ફરાંસ અને ઈયુરપના કેટલાંક દેશોમાં વરતમાન પતરોને પુરતું છુટાપણું નથી. વરતમાન પતરની બીના પેહેલાં એક સરકારી ઓધેદાર વાંચેછે અને તેની રજા વગર કોઇ પણ અધીપતી કાંઈ પણ સરકારી બીના છાપી શકે નહીં. એથી કરી સરકારની આપખુદ ચાલપર ઢાંકપીછોડો થઇ શકેછે. જો કોઈ પતર વરોદરામાં ગાએકવાડની અથવા તેના પરધાનની સાંમે લખેતો બીજે દીને તેનું મસતક છુંડાયા વીના રેહે નહીં. પણ જો કોઇ ઇંગરેજી પતર ઇંગલંડની રાણીની ઈચ્છા તેના પરધાનોની સાંમે વાજબીની રાહે અને તકરાર સર લખેતો તેની કોઈ પણ રીતની બંધી નથી. બાઇઓ આ ઊપર ટાંકેલા દાખલા વાં

ચી કોણ ઈંગરેજ સરખી દયાલુ અને મયાલુ સરકારની સાંમે બોલી શકશે ? ઈંગરેજના રાજની અંદર આપણે જેટલું સ્વતંતરપણું ભોગવીએછે તેના પા હીસેબી કોઈ પારકાં રાજમાં ભોગવવાની આશા રાખવી નહીં. જંગલી અને હેવાનીઅતી રાજાઓના જુલમાત વીશે જાહારે આપણે સાંભલીએ છઈએ તાહારે, આપણે ઈશવર પાસે એટલીજ દુવા માંગીએ છઇએ કે ઈંગરેજનું રાજ આપણીપર હરદમ કાએમ રેહે, અને જે ભલાં દીલની બાનું ઈંગલંડની ગાદીપર બેઠીછે તેના આયુશીય હજુર લાંબા થાય. જો કોઇ કોલાઇ ફુઈને કોઈ ડોસા કાકા કેહે કે ઈંગરેજ સરકારે વલી એક બીજો વેરો નાખેઓછે તો કોલાઇ ફુઈ અગ્નાનપણાને લીધે રાણીને ગાલ દેવા મંડી જાયછે. આપણી પર જે વેરો નાખેછે તે રાણી પોતે નહીં પણ તેના પરધાનો, અને પરધાનોને નાખવાની ગરજ હોયછે તોજ નાખેછે. જે રાજમાં આટલું શુખ ભોગવીએ તે રાજને નાણાની મદદ કરવી દરેક જણની ફરજ છે. કેટલીએક વેલા જે કર નાખવામાં આવેછે તે ઘણાજ અણઘટતા હોયછે, પણ પરધાનો જો પોતાની ભુલ જોયછેતો તરત તે શુધારેછે. ઈંગલંડની માહારાણી વીકટોરીઆના દયાલુ દીલનો એક એતેબર દાખલો હમો નીચે ટાંકીએ છેઇએ.

એક વેલા માહારાણી વીકટોરીઆ બે ઘોડાની ગાડીમાં કાંઈ પણ દમામ વગર એક સાધારણ સ્રીની માફક પોતાના મેહેલ તરફ જતાં હતાં. વાટમાં તેવણને એક ઘરડો મજુર મલીયો જે પોતાની પીઠ પર મોટો બોજો હોવાને લીધે ચાલી શકતો ન હતો. માહારાણીજીએ તરત પોતાની ગાડી ઘોભાવી અને પેલા મજુરને કહયું કે 'એ ભલા માણસ તહમારો બોજો આ ગાડી પછવાડે ભેરવો અને શુખેથી માહારા કોચબાકસપર ચહડી બેસો.' પેલો મજુર જે જાણતો ન હતો કે આ દયાલુ બાનું ઈંગલંડ અને હીંદુસતાનની બખતાવર રાણી વીકટોરીઆ હતાં, તે કોચબાકસપર ચહડી બેઠો અને એક મઈલ જયાબાદ પોતાનું ઠેકાણું આવેઆથી ગાડી ઘોભાવી ઊતરી પડયો. ઊતરતી વખતે તેણે માહારાણી સાથે 'શેકહાંડ' કીધી અને કહયું કે 'માડમ માફ કરજો.' એટલું બોલી તે મજુર પોતાનુ પોતલું લઈ ચાલતો થયો અને માહારાણી વીકટોરીઆ પોતાના મેહેલમાં પધારીઆં.


## મસાલાદાર વનસપતી.

મસાલેદાર ચીજો જેવી કે લવેંગ, મરી, જાયફલ ઈતીઆદી વઘાર આપણા લોકો પોતાનાં ખોરાકની સાથે વાપરેછે તે, સરવે વનસપતીમાંથી મલી આવેછે, અને તેનો આપણી પાચન શકતી ઊપર અચરત સરીખો અમલછે. એમાં હમેશાં થોડો ઇઆ વધારે વાસ અથવા ખુશબો હોયછે. એ વાસ અને ખુશબોનું મુખીઅ કારણ તે મધે જે પમરતું તેલ ખુદરતે મુકીઊંછે તેથીછે. એ તેલ સરવે પમરતી મસાલેદાર વનસપતીમાં થોડું ઈઆ વધારે હોયછે; પણ એ કાંઈ સરવે વનસપતીનાં ચોકસ ભાગમાં હોતું નથી. તે કોઈ ફલમાં, તો વલી કોઈમાં જાહાડનાં પાતરાં, ડાંખલી, છાલ, થડ, બીજ, ફુલની પાંખડી, ઈતીઆદીમાં હોયછે.

મસાલેદાર વનસપતી તેનાં વાસ ઊપરથી છેક વેગલેથી પરખાઈ આવેછે. કેહેછે કે સીલાનમાં પેસતાં તરણ માઇલની વેગલાઈથી તાંહાંની ભાણી અને પાંણીવાલી જગામાં એક જાતનો જંગલી રોપો ઊગેછે તેનો વાસ એટલેનો આવેછે કે ઘણીવાર એ રસતેથી જનાર મુસાફર, તથા શેકારીની એથી તબીઅત બીગડી આવેછે—માંથું દુખવા માંડેછે અને જેવો એ જગાની નજદીક વસેછે તેઓ તાવ અને સંધીવાથી હેરાંન થાયછે.

હલંડ દેશની અંદર એક જાતનો રોપ ઊગાડેછે, તેને જો એકાદ ઓરડામાં લાવી મુકીઆ હોયતો, તેનો વાસ બરદાસત થઇ શકતો નથી. જે દેશની હવા સરદ અને ભીની તેહાં એવો વાસ જલદીથી અને વધારે પસરેછે, એટલાજ કારણસર બામદાદ અને સાંજનાં અને ઘણીવાર વરસાતનું ઝાપતું આવેઆ પછે ફુલ ફલનો વાસ વધારે પંથરાએલો લાગેછે.

ઘણીવાર બીન મસાલાનો ખોરાક આપણી ઓજરી કબુલ નથી રાખતી, અને પાછો બાહેર કાહાડી આપેછે, તેવા ખોરાકને મસાલા સાથે પકાવેલો આપણી ઓજરી અંદર લેછે, અને પાચન થવા દેછે. એ મસાલાનો વઘાર અંદર જઈ આપણી ઓજરી અને આંતરડાંને ખોરાક પચાવવામાં મદદ આપેછે. વલી એવી વનસપતીના મસાલાની ખપ કરતાં ગરમ દેશો અને રૂતમાં વધારે જરૂર જણાયછે, અને એટ



ઉદેપુરના મહારાજાએ મોટે નામન નદીમાં બાંધેલું મકાનનું.

લાજ માટે તે પરમેકુરપાલુ બાપે ગરમ દેશોને એવી વનસપતીથી મબલગ ભરેલાંછે.

ગરમ દેશ અને રૂતમાં માણસની ઓજરીની પાચન શકતી કેટલીકવાર કમતર થાએછે અને તેને બરાબર હાલતમાં લાવવાને માટે ખોરાકમાં મસાલા નો વધાર નાંખવાની ફરજ પડેછે. એ શકતીને વધારવાને માટે હીંદુસતાંનમાં આપણાં કેટલાક ગાંમઠી લોકો પાંન, સોપારી તથા ચુનો વાપરેછે. દક્ષીણ અમેરીકાનાં થોડાંક લોક આનડીસ પરવતની ઊંચાઈએ જતાં લાંબી અને કંટાલા ભરેલી મુસાફરી કરેછે તે વખતે ઓજરીની નરમ પડી ગએલી પાચન શકતીને વધારવા એક જાતનાં પાંન સાથે કોકા નાંમની ચીજ અને ચુનો ખાયછે. એજ કારણસર ગરમ દેશમાં આવી વસનારા ઈરોપીઅનો "કરી" અને એવોજ બીજો કેટલોક ખોરાક ખાયછે. એટલું છતાં દુનીઆનાં સરવે ભાગમાં, બરાબર અને જલદીથી પાચન નહી થઈ શકે એવા ખોરાક સાથે મરી મસાલો હમેશાં વાપરેછે.

ગરમ દેશમાં માણસોને જારે તાવ આવેછે તારે ઘણીએક વખત એવું બનેછે કે તેઓની પાચન શકતી એટલીતો નબલી પડી ગયલી હોયછે કે તાવ દુર કરવાને માટે જે ઓશડ આપવામાં આવેછે તેનો કશ વગીક તેનેથી નીકલી શકતો નથી, એવી વખતે તે ઓશડની સાથે મસાલાદાર દવા આપવાની ફરજ થઈ પડેછે. વલી બીજા હાથ ઊપર કેટલીએક દરદી હાલતમાં એ ચીજો પાચન શકતીને વધારવાનાં વીચારથી લીધી હોયતો તે અતીશય અવગુનકારક થઈ પડેછે, તેથી દરદી હાલતમાં અનજાણીઓ ખોરાક લેવા કરતાં ડાકટરની સલાહથી હમેશાં લેવો બેહતરછે.

## ઈજીપટના વાઈસરાએને માટે નાઈલ નદીમાં બાંધેલું હમામખાંનું.

ઈજીપ્ટ ઈયાને મીસર દેશમાં પુરાતમ જમાનામાં બાંધકામનો હુંનર પુખત હાલતમાં હતો એ તાંહાંની ગંજાવર 'પીરેમીડો' ગુહવાઈ પુરેછે. અને હાલના જમાનામાં મીસરની અંદર નાઈલ નદીમાં એક યુરોપીઅન ધપપર જે અતી સુંદર ઇમારત ઊભાછે અને જેનું ચીતર.પાસેના સફાપર જોવામાં આવેછે તેને માટે તાંહાંનાં વાઈસરાએને માન ઘટેછે જેણે જહુનુન અને અપટ વીચારો છોડી બીજા કેટલાક પાદશાહોથી શુધારામાં આગલ વધેઓછે અને જેના વખતમાં એ ઈમારત વગેરે બે તરણ અછી કારીગરીના રેલવેના પુલો બાંધવામાં આવેઆછે. આ પાસે જે સુંદર ઈમારત દીઠામાં આવેછે તે મીસરના વાઇશરાએને માટે નાઈલ નદીમાં બાંધેલું હમામખાંનું ઇયાને નહાણીછે. એ ઈમારતનું શઘલું કામ લંડન શેહેરમાં બનાવીયું હતું. આ ઇમારતની નીચે બરાબર જોયાથી નાઈલ નદીનું પાણી માલમ પડશે. જમના હાથ ઊપર એક કીસતી માલમ પડેછે જેની શામે દુરથી કેટલીએક શેહેરની ઈમારતો દીઠાંમાં આવેછે. એ હમામખાનાની જગેઆએ વધારેમાં વધારે ૬૦ ફીટ અને ઓછામાં ઓછાં ૩૦ ફીટ પાણી રેહેછે. જે પરમાણે વસાઈના અને નરમદાના પુલો ભુંગરાં મુકી બાંધેઆમાં આવેઆછે તે પરમાણે આ ઇમારતનો પણ પાયો ભુંગરાંથી બાંધી લીધોછે ભુંગરાંની ઊપર જે સપાટી કરી લીધીછે અને જે ઊપર એ ઈમારત ઊભીછે તેનો ઘેરાવો ગોલછે અને તેનો વેયાસ ૧૨૦ ફીટછે. ઇમારત આ ગોલ સપાટીની વચોવચ આવીછે અને આસપાસની છુટી ચાલપર એક સુંદર છાપરૂં બાંધી લીધુંછે. ચાલની આસપાસ ફરતા સુંદર જાલીના કટેરા કરી લીધાછે અને આ કટેરાઓને ગાલે ગાલે લાંબા રોણકદાર સલીઆઓ દીઠામાં આવેછે જે ઊપર છાપરાંને ટેકાવીયુંછે. ઇમારતને કરૂસના આકારમાં બાંધીછે અને કરૂસના ખાલી ગાલાઓમાં એકકું ગુંબજ પુરેઆમાં આવેણંછે. જેવાં બે ગુંબજો આપણને દેખાએછે તેવાં બે ગુંબજો પાછલબી જાણવાં વચોવચમાં એક મોટું ગુંબજ આવેલુંછે જે ઊપર અરધા ચાંદની તસવીર પાડેલીછે જે મુસલમાંનોનાં ધરમની નીશાણીછે. ઈમારતની અંદરની મધમ જગામાંથી એક ચોરસ જગા નાહાણીને માટે રોકીછે. મોટા ગુંબજની વચોવચમાંથી એક રોણકદાર સાંકલ પસાર થાયછે જે સાથે નાહાણીને લટકતી રાખીછે. આ સાંકલને, પાસે એક સંચા સાથે લાગુ કીધીછે જેથી નાહાણી પાણીમાં જેટલી જોઇએ તેટલી ઊતરી અથવા ચહડી શકેછે. આ ઇમારત ઘણું કરીને લોહોડાં તથા કાચની બનાવેલીછે પણ અંદરના કેટલાએક ઓરડાઓમાં ચુનો, મરેડું ત

થા પલાસટર વાપરેલુંછે. અંદરનો એક ઓરડો દ રબારની માફક સંગારેલોછે. શઘલા ઓરડાઓમાં પાલીસ કીધેલી ઇંટો જડી લીધોછે અને ગુંબજમાં અ ને બારણાઓમાં વીચીતર રંગના કાચના તખતાઓ જડેલાછે. કેટલાએક ઓરડાઓ દરબાર ભરવા રા ખેઆછે. કેટલાએક સુવાને માટે, એક કાશી બનાવ નારાઓને માટે, એક નાહાણીને માટે, એક તેના સં ચાને માટે, એકહુકકા વાલાઓને માટે, એક બબરચી ખાનાને માટે અને એક સીપાઈઓને માટેછે. એ મે હેલમાં વાઇસરાએ ગરમીના દાહાડા ઘણું કરીને જા યછે અને તાંહાં મુલાકાતે જનારાઓને માટે કશી કશુ ર રાખેઆમાં આવતી નથી. ડાબા હાથ તરફ જે પુલ દેખાયછે તે કીનારા શુધી લાગુ કીધેલોછે. જાહા રે આ મેહેલમાં રાતને સમયે રોશની કરવામાં આવે છે તાંહારે ઘણોજ રમણીય દેખાવ નજરે પડેછે. ગું બજો અને બારણાઓના કાચો તરેહવાર રંગથી દીપે છે અને નાઈલના પાણીપર કીરણો પડેઆથી એક બી લોરી નદીમાં કોઈ પરીએ સુંનેરી મેહેલ ઊઠાવેઓ હો ય એવું લાગેછે.

## ખુશ મીઝાજ.*

વખતને જો હવે બદલેછ નસીબ,
  થા ધીરો વહાલા જરા શાંતી તું ધર;
આફતનો બોજો જે તુંપર પડીઓછ,
  દબાય તેની તલે તું વાંકો ના વર.

તેમજ, જીઆરે દહાડા મારાનો સુરજ,
  મ ડીઓછ ઉગવા, ચહડેછ બરતી બરપુર;
તેવામાં, તાગ હરખથી અથાગ,
  મનની અધીરતાને એકદમ ના સુર.

હું હમેશ મોજીલા મીઝાજ કરતાં ખુશ મીઝાજને વધારે પસંદ કરૂંછું. રંગીલા બનવાને મનની કાંઈ ગોઠ વણ કરવી પડેછે, પણ ખુશ મીઝાજ મનની ખાશીએતપર આધાર રાખેછે. મોજીલો મીઝાજ ટુંકો તથા થોડી વખત ટકે તેવોછે, ખુશ મીઝાજ હમેશગીનો અને મજબુત ટક નારછે. જેઓ દુખનાં વીલાપથી ઘણા જલદી દબાઈ જાએ છે, તેઓજ મોજનાં જોસસામાં પણ એકદમ ઉપસી જાએ છે—તેથી ઉલટું જોકે ખુશ મીઝાજથી આપણા મનને રં ગીલી ખુશી મલતી નથી, તોપણ તેથીજ આપણે દલગીરી નાં દરીઆવમાં ડુબતા અટકીએછે. મોજીલો મીઝાજ એક વીજલીનાં ઝલકાટ બરાબરછે; કે જે ડરામનાં વાદલોનાં અંધારામાંથી દોડી નીકલેછે અને એક પલ ભર ચમકેછે. ખુશ મીઝાજ સુરીઅની રોશની મીસાલે મનમાં વસેછે; અને તેને એકસરખી હમેસની નરમાશ ભરેલી ખુસાલી થી ભરી નાખેછે.

સાધુઓ મોજીલા અથવા રંગીલા મીઝાજને આ ફા ની દુનીઆની મુસાફરીમાં લંપટ તથા બદમસત ગણી ન લાયક ઠેડવેછે, અને જાણે તે મીઝાજથી જીંદગી જેને દર પલનો ભરોશો નથી, તેપર દીલ એક જાતની ફતેહ મેલવી તેનો તીરસકાર કરેછે એવું તેઓ ગણેછે! આવી રીતનાં લખનારાઓ પોતાની સાહદતમાં જણાવેછે કે જે સરવથી બુલંદ શખસ થઈ ગયેછે તે કોઈ દીવસે મોહડેથી હસતાં માલમ ન પડીઓ હતો.

ખુશ મીઝાજ સાંમે એવી કંઈ તકરાર થઈ શકતી નથી. તે ગંભીર અને શાંત ખાશીએતનોછે, આદમી જાતની હાલની હાલતને લાયક તે મનની સથીતીને ગોઠવે છે અને જેઓ ધરમાતુ તથા ફીલસુફોમાં ખપેછે તેઓની કીરતીમાં તે પણ ઝલકેછે.

જો ખુશ મીઝાજને આપણે તરણ બાબદોમા તપા શી જોઇએ—એક આપણું પોતાને લગતી, બીજી, જેઓ સાથે આપણે વેહવાર રાખીએ તેઓને લગતી; અને તરી જી, આપણી હસતીનાં પેદા કરનાર મોટા સાહેબને લગ તી—તો આપણને એ દરએક બાબદસર તે વખાણવા જોગ થઈ પડશે. જે માણસ એ મીઝાજનાં આશીરવાદ તલે વશેછે, તે પોતાના વીચારોમાં ખુશ અને સાંત રેહેછે એટ લુંજ વહી; પણ પોતાનાં રૂહની સકતી અને કાબેલીઅત પર પોતાનો કાબુ રાખી શકેછે. તેની કલપનાં શકતી હ મેશ સાફ અને નીરરોશ રેહેછે અને દરએક બાબદનું તો લ કરવાનાં મીઝાજમાં કંઈ હરકત નડતી નથી. તેનો સ વભાવ ગમે તેવા કામમાં તથા એકાંતમાં એકસરખો અને સથીર રેહેછે. કુદરતે જે તેને વાસતે સારી સારી ચીજો બનાવીછે, તેઓ તરફ ખુશીથી તે જોયછે, તેની આસપાસ જે ઉતપંતી પંથરાયલીછે, તેની મોજનો સવાદ લેછે અને ચાલતી જીંદગીમાં જે દુખો પડેછે તેઓનો બોજો સેહેલથી ઉંચકેછે.

જેઓની સાથે તે વેહવાર રાખેછે, તેઓના બાબમાં જો આપણે વીચાર કરીએતો, આપણને માલમ પડશે કે તેના ખુશ મીઝાજથી તેઓનો પીઆર તથા મેહરબાની તે મેળવેછે. એક ખુશ મીઝાજ વાળો શખસ સભીઅતા ભરેલો તથા એહેસાનમંદ પોતે રેહેછે, એટલુંજ નહી પણ જેઓ તેના સંબંધમાં આવેછે, તેઓમાં પણ તેવાજ નેક જુસસા ઉતપંન કરેછે. એક માણસ પોતાના સોબતીના ખુશ મીઝાજથી પોતે ખુશ રેહેછે—જોકે તેનું કારણ તેને સ મજ પડતું નથી. વાદળાના ઘેરાયલા આશમાનમાંથી એકા એક સુરીઅનું કીરણ પરકાશેછે અને તે જેવી મનમાં છુપી ખુશાલી પેદા કરેછે અને તેનું કારણ માલમ પડતું નથી, તે મજ ખુશ મીઝાજથી ઉપલા જુસસા બીજાના મનમાં પેદા થાએછે. તેનું દીલ પોતાની મેજેજ ખુશીમાં આવેછે અને જે શખસ તેની ઉપર આપાપું રીતે અસર કરેછે તેની ત રફ દીલદારીનો અને સખાવતનો કુવો ઉભરાએછે.

* આડીસન પરથી.

હવે તરીજી બાબદમાં ખુશ મીઝાજનો વીચાર કરીએ. એથી મને એવુંજ માલમ પડેછે, કે ખુદરતના બનાવનાર સાહેબની મેહરબાનીની હંમેશની ઇઆદગારી અને ઉપકાર આપણે કબુલ રાખીએ છઈએ. અંદરખાનેના ખુશ મીઝાજથી પાક પરવરદેગારનાં બધાં કાંમોની વખાણ તથા જેજેકાર થાએછે. આપણી હાલની હાલત આપણને કબુલછે અને દાદગર દાદાર જે આપણે વાસતે કરેછે તે આપણને પસંદછે એવું, ખુશ મીઝાજ આપણને દેખાડેછે.

મારા વીચાર પરમાણે માતર બે ચીજોજ એવીછે કે જેથી ખુશ મીઝાજના આશીરવાદથી આપણે બેનશીબ રહીએ. એમાની પેહલી ચીજ બદ દીઆનતનું શાન છે. જે માણસ બદીમાં વશેછે અને પશચાતાપ કરતો નથી, તે માણસનું મન સથીર તથા સાંત રેહે કે જેથી જીવની સુખાકારી ઉપજે, તેવું બનવું મુશકેલછે, કારણ મનની સથીરતા તથા શાંતી, નેકી અને નીરદોશપણામાંથી પેદા થાએછે. બદ માણસમાં ખુશ મીઝાજને, આપણી ભાશામાં જે કંઈ કઠણ નામ હોય તેના કરતાં વધારે કઠણ નામ ઘટેછે અને જેને આપણે બેવકુફાઈ તથા ઘેલાપણું ગણીએછે તેના કરતાં વધારે તેને ગણવો જોઈએ.

નાસતીક એટલે જે ખુદાનો ઈનકાર કરનાર અને તે પરથી આવતી અથવા બીજી દુનીઆનો પણ ઈનકાર કરનાર, શખસ, બીજા ગમે તેવા નામથી ઓલખાવા ચાહે તોએ તે શખસને ખુશ મીઝાજનો આશીરવાદ વાજબી રીતે ન મલે. આપણા મરણ પછી, આપણો આતમા જીવતો નથી, એવું માનવાથી આપણા મનને એટલો તો કમકમાટ તથા અંદેશો છુટેછે કે, હું બીજા કેટલાક દાનાવ લખનારાઓની સાથે અજાએબ થાઉછું કે, એવું મત ધરાવનાર દુનીઆમાં પોતાનાં દીવસ શી રીતે ગુજારી શકતો હશે. હું, મારા પોતાને વાસતે તો, એમજ વીચારૂછું કે, ખુદાની હસતી વીશે શક લાવવાને એટલા સુધી કારણ મલતું નથી કે જેથી તેની સચાઈ વીશે આપણી ખાતરી થાયછે, કે જે સચાઈ આપણે દરએક ચીજમાં, દરએક બનાવમાં તથા દરએક વીચારમા જોઈએછે, તે મીશાલનીછે. જેઓ નાસતીક હોયછે, તેઓની ચાલચલણની જો આપણે પુછપરછ કરીશું, તો માલમ પડશે કે, તેમાં ધુમરાઈ, ગુસસો તથા અદેખાઈથી તેઓ ભરપુરછે. એવા શખસો જેઓ પોતાનાં દુશમન થાએછે, તેઓ પારકાનાં પણ થાએ, એમાં અજાએબ જેવું કાંઈજ નથી, અને જે શખસ એવું જોએ કે, તે દર પલે પોતાની જીંદગાંની ગુમાવી, અંધારી ગારમાં ગુમ થાવાનો, તે શખસ પોતે બેચેન અને પોતાનો દુશમન ન રેહે એમાં નવાઈ શી?

વાસતે એક બદ માણસ તથા નાસતીક ખુશ મીઝાજ પર કંઈ પણ દાવો રાખી શકતો નથી, અને જો તે રાખવા જાએ તો ગેરવાજબી રીતે ચાલીઆ વગર રેહેનાર નથી. કારણ, જે ધણી દર ઘડીએ ધાસતી રાખે, કે હવે પછીની જીંદગીમાં દુઃખ અને વીપતી શીવાએ બીજું કાંઈ મલનાર નથી; અથવા તેની જીંદગી છેજ નહી તો તે શખસને પોતાનો મીઝાજ ખુશ રાખવાને બનેજ નહી.

એવી રીતનાં ઉપલાં બે કારણો જણાવીઆ પછી, બીજું હું કંઈબી ચીજ એવી જોતો નથી કે જેથી એક નેક મનનો શખસ સુખાકારી ભરેલા ખુશ મીઝાજથી બેનશીબ રેહે. દુઃખ અને પીડાને, શરમ અને ઠપકાને, ગરીબાઈ અને બુઢાપણાને, એટલુંજ નહી પણ મોહતને પણ બદીનું નામ ઘટતું નથી, કારણ તેઓ ઘણીવાર ટકતાં નથી, એટલુંજ નહી, પણ તેઓમાથી વારેઘડીએ આપણે કંઈને કંઈ ફાયદો મેલવીએછે. એક નેક આદમી એ બધું હીમતથી, નીરભયપણે, તથા પોતાનાં ખુશી ભરેલાં દીલ સાથે સહન કરેછે. તોફાની મોજાઓના દરાંમણા દેખાવથી તે હારી ખાતો નથી, તે જોએછે કે તેઓજ સહી સલાંમત બારામાં મને પોહોંચાડશે.

જે માણસ નેકીના તથા અકલના ફરમાન મુજબ ચાલવાની બનતી કોશેસ કરેછે તેને ખુશ મીઝાજનો આશીરવાદ હમેશ ચાખવાને બે મુખીઅ કારણો મલેછે, એકતો પોતાની ખાશીઅત અને બીજું તો તેના પેદા કરનાર જેની ઉપર તે બધો પોતાનો આધાર રાખેછે. જો તે પોતાની ખાશીઅત વાસતે તપાશી જોશે, તો તેથી તેને ખુશી થવાનું કારણ મળશે, કે પોતાના હુનરો જે હમણાજ તેને બખસવામાં આવીછે તે હમણા જારીછે, એટલુંજ નહી પણ કરોડો વરસ પછી પણ નવીજ અને જારીજ રેહશે અને જાણે પોતાની શરૂઆતમાજછે, એવી દેખાશે. જે ઘણી કરોડો અને કરોડો, નહી તેથીબી જીઆદા, વખતનો છેડો નહી આવે તીઆં સુધી, હમેશગીમાં પોતાની જીંદગાની કાહાડવાના વીચારમાં તથા જે મનની શકતીઓ દરરોજ વધતી જાએચ અને વધતી જશે તે એટલા સુધી કે સુખના અપાર દરીઆમાં લાવી પોહચાડશે, તેના વીચારમાં પોતાનું દીલ અને મન ગોઠવે, તે શખસને તેટલાથીજ કેટલું બધું સુખ અને ખુશી ઉતપન થશે! એવી હઈઆતીના વીચારથી એક નેક માણસના રૂહ પર સદાની ખુશી પંથરાઈ રેહેછે અને દર પળે પોતે વીચારી ન શકે તેવી સુખાકારીમાં વધારે અને વધારે ગરકાવ થતો જાયછે.

નેક માણસના ખુશ મીઝાજનું બીજું કારણ તેના પરવરદેગારના વીચારમાથી મળેછે, કે જેની ઉપર તે બધો આધાર રાખેછે અને જેમાં મોટાઈ. કીરતી, અને માયા જોઈએછે; તો જોકે આપણી હાલની હાલત એટલી અધુરીછે, કે જેથી તેનો પુરતો વીચાર આપણાથી થઈ શકતો નથી. દરએક બાબદમા આપણને માલમ પડેછે, કે તે સાહેબ પોતાની નેકીથી આપણને ટકાવી રાખેછે, અને પોતાની મોહબત અને મેહરબાનીથી આપણને ઘેરી રાખેછે. ટુંકામાં કહીએતો, આપણે જે સાહેબ પર આધાર રાખીએછે તેની શકતી એવીછે, કે જેથી તે અતીઅંત [illegible] આપણને સુખી કરી શકેછે, તેની નેકી અને સચાઈ એવીછે, કે જેથી જેઓ તેની પાસથી માહતા હોય તેઓને સુખી કરવાને બંધાએછે, અને તેની એકસરખી ખાશીઅત એવીછે કે જેથી તેવી રીતનું સુખ હમેશગી સુધી ટકી શકેછે.

દરએક શખસે ઉપલી રીતનાં વીચાર કરવા જોઈએ; કે જેથી વગર વીચારનાં માણસો, ખરેખરી વીપતી ન ભોગવતા છતાં, ગમગીની ભોગવેછે, તે દુર કરી શકે, કે જેથી લોકો એક ખરેખરા દુઃખ તલે દબાઈ વીલાપ અને સંતાપમાં પડેછે, તે દુર કરી શકે; કે જેથી કેટલીક વખતે કેટલાક રંગીલા મીઝાજમાં આવી, બેવકુફીથી નેકીનો ટેકાવ

કરવાને બદલે ઓર ખેવફાઇ દેખાડવાને લાયક થઇ પડેછે, તે એ તે દુર કરી શકે; અને જેથી આપણામાં સદાનો એક સરખો અને ખુશ મીઝાજ પેદા થાએ, કે જે ખુશ મીઝાજથી આપણે આપણી પોતાની સાથે ખુશી થઈએછે, જેઓની સાથે વેહવાર રાખીએછે તેઓને ખુશી કરીએછે, અને જે પાક પરવરદેગારને ખુશી કરવાને આપણને બનાવવામાં આવીઆછે તેને ખુશી કરીએછે.

## અકલનો નમુનો—એક કાહાણી.

એક ગામડાંના લોકોને એક ઘંટી બનાવવી હતી તેથી તેઓ કેટલીક મેહનતે એક મોટો પથરો શઘલી રીતે તઈઆર કરીને પાહાડપરથી નીચે લઈ આવેઆ. જારે તેઓ છેક નીચે આવેઆ તાહારે એક જણને સુજ પડીયું કે પથર ઊપરથી ગબડાવીયો હોતનો ઘણુંજ સુગમ પડત અને આટલી બધી ઊંચકવાની અશારેકુર થાત નહીં, તેથી શઘલા ગમારોએ એવો ઠેરાવ કીધો કે પથરને પાછો શીખર ઊપર લઇ જવો અને તાંહાંથી તેને ગબડાવવો. જાહારે તેઓ પથરને પાછો ઊપર લઈ ગયા તાહારે એક જણને વલી એવું શુજીયું કે પથર ગબડાવીએતો ખરા પણ પથર કાંહાં ચાલીઓ જશે તેની ખબર મલશે કોણને? આ શવાલથી તેઓ પાછા ગુંચવણમાં પડેઆ, પણ એક ઓલમાએ ખોલાશો એ કીધો કે આ પથરમાં જે ણુરાખ પાડેલોછે તેમાં હાથ પોઈ જો કોઈ સખસ પથરની સાથે જાયતો પછી આપણો કીમતી ખજાનો ખોવાઈ જાય નહી. શઘલાઓએ વલી ખુશાલીના પોકાર મારેઆ અને તેઓની ગુંચવણ દફે થઈ. એક સખસે પથરમાં હાથ પોવાની હીમત કીધી અને શઘલાઓએ પછી પથરને ગબડાવેઓ. પથર ગબડતો ગબડતો એક તલાવમાં જઈ પડેઓ અને તેની સાથે તેનો રખેવાલખી ખોખરો દેદરો થઈને પાણીમાં ડચકાં મારવા લાગો. ગમારો નીચે આવીને જુવેછે તો પથરખી નહીં ને માણસખી નહીં, તેથી તેઓએ મનથી એવું નીશચય કીધું કે તેઓનો દોસત તેઓ સાથે દગો રમીયો અને વીશવાસઘાત કરી પથરનો લુમડો લઈ પોબારા કરી ગયો; તેથી તેઓએ શઘલે ગામે ખબર મોકલી કે એક માણસ હમારૂં ઘંટીનું પડીયું લઇને નાઠોછે માટે તેને પકડી આપવાને શઘલાઓએ બનતી મદદ કરવી!!!

# તાજીમ તવાજો.

### ખાના ઉપર સભીયતા.

જારે પરોણાઓને આવવાનો વખત થાયે તે વખતે ઘેર ધણીએ બેઠકનાં હાલ (ઓરડા) માં હાજર રેહેવું જોઇયે અને દરએક જણને આદરમાનથી ભેટ લેવી જોઈયે. આપણા લોકોમાં એ વીશેની ખાંમી વારેઘડીયે જોવામાં આવેછે, પણ તે બેદરકારપણું કદી પણ માફ નહી થઈ શકે એવુંછે, અને એવી વખતે આવનારને કેવું નખોજું લાગશે, એનો વીચાર રાખવો જોઇયે.

જારે ટેબલ ઉપર જવાનો વખત આવે, તારે ઘેર ધણી પોતાનું સર નમાવીને સઘલાને સાથે જમવાનાં ઓરડામાં આવવાને માટે અરજ કરવી. પેહેલાં પોતે આગલ જવું અને તેની પછવાડે સઘલાઓએ પોતાનાં દરજા પરમાંણે જવું, અને ટેબલ ઉપર પણ દરજા પરમાંણેજ બેસવું. ઘર ધણીએ ટેબલને મથાલે બેસવું અને સાંમણી બાજુએ ઘેર ધણીનાં અતલગનાં સગાં અથવા દોસતદારે બેસવું. ટેબલને મથાલે બેસવામાં કાંઈ મોહોટાઈ નથી, પણ બેસનાર શખસ પોતાની આસપાસ વાલાઓની મેનીજ કરી શકેછે.

મેજબાને પોતે દરએક જણને ખુરશી બતલાવવી, કે જેથી કાંઈ પણ ગરબડ થાયેજ નહી. આપણા લોકોમાં એવી રીત દાખલ કરવાની જરૂરછે, કાંયેકે ઘણી વખતે એવું બનેછે કે કોઈ મોહોબાવાળો શખસ કઢંગી અવસથામાં આવી પડેછે અને તેના મનમાં હીણું લાગેછે. તેજ પરમાણે દરએક શખસને પોતાના મરતબા પરમાણે જગા લેવીને શીખવું જોઇયે.

આપણા લોકોમાં જે રીતે હાલ ટેબલ પાંથરવામાં આવેછે, તેમા ઘણોએક સુધારો કરવાની જરૂરછે. ટેબલકલાડ ધોળું સફેત ફુળ જેવું પાંથરવું ટેબલને શોભા આપેછે. ટેબલ ઉપર સાફ રકાબીઓ ઊંધી વાળીને બરાબર અંતરે મુકી રાખવી. તેની જમણી બાજુએ છરી, ડાબી બાજુએ કાંટો અને સાંમણે ચમચો મુકવો જોઇયે. ડાબી બાજુએ વાઇન વાટર અને વાઇન ગલાસ મુકવું; દરએક રકાબીની સાથે એક ધોતો ટુવાળ મુકવો. ટેબલની વચમાં બરાબર અંતરે કરૂએટ સતાનડ (સાહાસ, સરકો, નીમક, મરી ઈતી આદી ભરેલી સીસીઓ) મુકવો. તરેહવાર અચારની સીસીઓ પણ મુકવી. એ સીવાયે બીજું કાંઈ પણ મુકવું નહી. આપણા લોકોમાં સુકો મેવો અને તાજી ફરૂત એક કલાક આગળથી તઈયાર કરીને મુકવામાં આવેછે અને એથી ટેબલનો વચલો ભાગ સઘળો ભરી નાખેછે; પછી જમણના વખતે જેટલી વાનીની રકાબીઓ હોયેછે તે સઘળી લાવીને મુકેછે અને સઘળું ગીચ કરી નાખેછે. એવી ગીચ કીધાથી ઘણી વખતે કેટલાએકોને મનગમતી વાંનીઓ મળતી નથી, અને જે નહી પસંદ પડે તે આગળ હોવાથી શરમના મારીયા અરધી ભુખે ઉઠેછે. એવી રીત નીકળી જવી જોઇયે અને તેને બદલે દરએક વાંની એક એક પછી મંગાવી જોઇયે. એથી ખાવામાં સફાઈ રેહેછે એટલુંજ ન

હી પણ ખોરાક ઘણો બગડતો નથી. દરએક જણ પોતાને જોઈતું લેછે.

ટેબલ ઉપર બેઠા પછી તુવાલ પોતાના ખોળામાં પાથરવો અને ધેયાનમાં રાખવું કે છરી, કાંટા, ચમચાથીજ ખાવું, હાથ જરૂર સીવાયે લગાડવોજ નહી. હાથ વડે ખાવાનું આપણા લોકો માહેથી નીકલી જવું જોઈયે. તે ગલીચી જેવું લાગેછે. ચમચા, છરી, કાંટાથી ખાવાનું સુધરાઈની એક નીશાંનીછે. જેટલાં માણસો હોયે તે પરમાણે એક વાંનીની રકાબીઓ એકથી વધારે આવવી જોઈયે, તે સાથે હમેશાં જુદો છરી, કાંટો, ચમચો આવવો જોઈયે. એ કાંટા, છરી વતી તે વાંનીની રકાબી માહેથી જોઈતો ખોરાક લેવો અને તે રકાબી આગલ ચલાવવી. પોતાની રકાબીને લગતા છરી, કાંટા કદી પણ એ કામમાં લાવવા નહી.

ખોરાક લેતી વખતે વીચાર કરવો, કે એકદમ સઘળો સારો ભાગ અને પુશકલ પોતાની રકાબીમાં લઈ નહી મુકવું, તે હેમકની નીશાનીછે. વલી દેખાડવાને માટે જરા લેવું એ પણ ખરાબ રીતછે.

એક વખત એક વાની લઈ રહા પછી ફરીથી તેજ વાંની મંગાવવી નહી. એથી બીજી રકાબી આવવાને વખત લાગેછે અને ટેબલ ઉપરનાં બીજા માણસોને ખોટી રેહેવું પડેછે.

કદી પણ તમારે હાથે બીજાની રકાબીમા તેના માગીયા વગર ખોરાક મુકતા નાં, તે કઢંગુ લાગેછે અને કદી પણ પુછતાનાં કે આ વાંની જોઈશે કે નહી હમેશાં ગરજ પડેતો માંગવા પછી રકાબી આગલ લાવીને મુકવી અને તે શખસ પોતે તે માહેથી જોઈતો ખોરાક કાહાડી લેશે.

જેવો ખોરાક પોતાની રકાબીમાં લીધો તેવું ખાવા માંડવું. બીજાઓને માટે ખોટી નહી રેહેવું, અને આસપાસ મોહોડાં જોયા નહી કરવાં.

છરી કદી પણ મોહોડામાં લઈ જવી નહી. હમેશા કાંટા અને ચમચા વતી ખાવું અને છરી કાપવામાંજ કામમાં લગાડવી. પુડીંગ, ટારત ઈતીઆદી ચમચા વતી ખાવું. ખાતી વખતે કાઈ પણ જાતનો આવાજ કાહાડવો નહી. દાંત અથડાવીને કચર કચર ખાવું ગાંમડીયા જેવું લાગેછે. ચમચા વતી સુપ પીતાં પણ આવાજ કાહાડવો નહી. હમેશાં ચમચાની બાજુએથી પીવું કે સાધ નીકલે નહી.

જો સાસ લેવો હોયેતો મતન ઉપર નહી નાખવો, પણ રકાબીની બાજુએ રેડવો.

વાંની શું છે તે જાણીયા વગર કદી પણ રકાબીમાં લેવી નહી. લેઈને પછી નહી પસંદ પડે તેથી રકાબીમાં રેહેવા દેવું ઘરસલુકાઈનું કામછે.

શુપ ઈયા પુડીંગ થંડો પડે તાંહાંસુધી કદી પણ મોહોમાં ઘાલવું નહી; જો સંભાલ નહી લીધીતો ગરમને ગરમ ગલી જવાની ફરજ પડે અને તેથી નુકસાંની થાયે, ઈયાતો રકાબીમો પાછું થુકી નાખવાની ગરજ પડે જે કદી પણ માફ નહી થઈ શકે.

જારે મોહોડામાં કાંઈ પણ ચીજ હોયે તે વખતે બોલવું કઢંગુ લાગેછે.

જમીન ઉપર થુકવું ઈયા હાડકાં ઈતીઆદી નાખવાં ગલીચી ભરેલુંછે.

પેહેલી રકાબી ખાઈ રહા પછી દારૂ લેવો જોઈયે. સલામતી ઈયા તનદરૂસતીમાં સઘલા જણે સામેલ થવું જોઈયે. હાલ જે રીતે આપણા લોકોમાં સલામતીઓ લેવાયેછે તે ઘણી ખાંમી ભરેલી અને વારેઘડીએ દીલ દુખવે એવી હોયેછે. વારેઘડીએ સલાંમતી એવા શખસની લેવામાં આવેછે કે જે સઘલા લોકો એકદીલથી લઈ શકતા નથી. મારે સલાંમતી ચાહાતી વખતે વીચાર કરવો કે તે સઘલાને પસંદ પડશે કે નહી. બેહેતર ચાલ એછે કે પેહેલાં એકમેકમાં સલાંમતીઓ લેવાવી જોઈયે; અને ખાણું ખાઈ રહા પછી ફલ મેવો ખાતી વખતે સાધારણ સલાંમતી સઘલાને પસંદ પડતી ચાહાવી.

ચાકર પાસે દારૂ ફેરવીયાના કરતા પોત પોતામાજ ફેરવેતો ઘણું સારૂ લાગેછે.

જો સાંમણેનો ધણી તનદરૂસતી ચાહીને દારૂ લેવાની અરજ કરેતો તેને ના પાડવું ઘણુંજ ઘરસલુકાઈનું કાંમછે. જો તમો તદનજ દારૂ પીતા નહી હોવો તોજ સમજાવીને ના પાડજો. જારે સલાંમતી કબુલ કરો તારે ગલાસમાં જરા દારૂ નામીને સાંમણા ધણી તરફ જોઈને જરા સર નમાવવું અને જરા દારૂ પીવો. એ વખતે સઘલું ગલાસ ખાલી કરવું ઘેરસલુકાઈ ભરેલુંછે

જે શખસ દારૂ પીવાને નાખુશ હોયે તેને કદી પણ જોર કરવો નહી. આપણા લોકોમાં જોરથી દારૂ પાવાની તેવ ઘણીછે અને એટલા માટેજ ઘણા શખસો આગલથી દારૂથી ગલાસ ભરી રાખેછે કે પછી કોઈ કંટાલો આપે નહી.

જારે સાધારણ સલામતી લેવાયે તારે ખુશી પરમાંણેનો દારૂ લેવો અને સઘલું ગલાસ ખાલી કરવું એમાં કાંઈ પણ ઘેરસલુકાઈ નથી. એ સલામતી લેતી વખતે સઘલા જણે "હીપ, હીપ, હુરેહ" નાં ખુશ આવાજ કાહાડવામાં સામેલ થવું જોઈયે. પણ સંભાલ રાખવી કે રકાબી, ગલાસ ભાગી નહી જાયે અને બીજી ચીજો ઉંધી નહી વલે અને બીજા શખસના કપડાં ખરાબ નહી થાયે. એવી ચાલ ખરેખર ઘેરસલુકાઈ ભરેલીછે

ખાંણું ખાઈ રહા પછી રકાબી ઉચકી લેવી જોઈયે અને બીજી સોજી રકાબીઓ ફરૂટને માટે મુકવી, અને દાબી બાજુ ઉપર ફીનગર ગલાસ (હાથ ઈઆ આંગલાં ધોવાને માટે ગલાસ) માં સેહેજ ગરમ પાંણી ભરીને મુકવું. બીજો સોજો ચમચો, છરી, કાંટો મુકવો. પછી ફરૂટ મુકી જવી

ફરૂટ કાપતાં જેમ બને તેમ છરી કાંટાથી કામ કરવું. હાથ લગાડવો નહી. ફરૂટનાં ઠડીઆ કદી પણ મોહોડા માંહેથી રકાબીમાં થુકવા નહી. ચમચામાં થુકીને પછી રકાબીમા નાંખવા. જમીન ઉપર ગલીચી કરવીજ નહી. ફીનગર ગલાસનાં પાંણીથી હાથ સાફ કરવા

ફરૂટ આવીયાને પા કલાક થાયે એટલામાં કાફીની તઈયારી કરવી. ફરૂટની રકાબી ઉચકી નાખીને કાફી કપસાસરમાં પરીસવી. કાફીને થંડી પડવા દેવી અને કપ માહેથીજ પીવી.

આપણા લોકો જેમ હાથ ધુવેછે તેમ છરી, કાંટા ચમચા વાપડીયાથી ધોવા પડતા નથી. આપણા લોકો ટેબલ ઉપરજ મોહોડાનાં કોગલા કરેછે અને દાંત માહેથી સાકા ખેંચી કાહાડેછે તે રસમ નીકલી જવી જોઈયે.

ટેબલ ઉપર છાકટા થઈને મસતી તોફાન કરવું એ ઘરહસથને જેબ આપતું નથી.

આ ઉપર જણાવેલા ખાણાને લગતા કાયેદાઓ પરમાંણે દોસતદારોની મીજલસમાં ચાલવું એટલું બસ નથી પણ એ કાયદા દરએક માણસે પોતાનાં ઘરમાં દાખલ કરવાની ઘણી અગતછે.

## મશકેરી અને તેનાં કડવાં ફલ.

એક હોટલમાં પાંચ સાત જુવાંનીઆઓ રાતને સમયે ખાંણું ખાતા હતા. દારૂ ઘણો ફરમાસુ ન હોવાથી એક જુવાને એવી ખાએશ બતાવી કે માહારૂં ઘર નજદીક છે તેથી હું થોડાવારમાં દારૂની બે અચછી બાટલીઓ લઈ આવુંછું આવા ઈરાદાથી તે ગયો, પણ તેના ગયા બાદ એક છોકરાએ એવું કહ્યું કે રાતનો વખતછે તેથી જેવો આપણો દોસત રસતામાં આવે તેવો એને કાંઈક રીતે બીહીવાડવો. સઘળાઓએ આ દરખાસત બાહાલ રાખી, અને પેંલો છોકરો એક બલદનું સીંગડાં સાથનું ચામડું ઓલવી હોટલથી થોડેએક દુર એક ઝાડીમાં ભરાઈ ઊભો રહયો. સઘળાઓ આ રમત જોવા આશા બધ ઊભા, પણ થોડાવારમાં તેઓનો દોસતનો દોડનો દોડનો દારૂની બાટલી લઈ હોટલમાં દાખલ થયો. સઘળાઓ અચરત પાંમેઆ અને તેને પુછીયું કે તહમુને રસતામાં કાંઈ અડચણ નડી ? પેલા જુવાને કહ્યું કે હા, વાટમાં માહારી ઊપર એક લુચ્ચાએ બલદનું વેશધારણ કરી ગલબો કીધો પણ મેં તેહને અચછો સવાદ દેખાડયો. મેં માહારી તરવાર તેના બદનમાં એવીતો રીતે ચલાવી કે તે 'અઃ કે ઊં' કરેઆ વગર માહારા પગ આગળ લાસ થઈ પડેઓ. સઘળાઓ આંગલાં કરડતા બાહેર દોડીયા, જાંહાં તેઓનો દોસત લોહી લુહવાન થઇને પડેલો હતો. 'હસીયાનું ખસીયું' એ કેહવત આપણામાં મોતેબરછે. જેઓ બેવકુફ હોયછે તેઓજ આવી મશકરી કરેછે; ખુશ મશકરી અને આ ઊપર કહેલી મશકરીમાં આસમાન જમીનનો ફરકછે. એવી મશકરી કરનાર સામાં માણસનો ઈયા પોતાનો જાન જોખમમાં નાખેછે. એવી મસકરી નીરદય આદમીઓનેજ છાજેછે. ઊપલા દાખલાથી સરવેએ એક ધડો લેવો જોઈએછે.

## લાવેટર અને તેની બાયડી.

મોહડું જોઈને માણસના મનની ખાસીઅત પોછાંનનાર નામીચો લાવેટર જોકે દીલે માયાલુ હતો તોબી તે સવભાવે આકલો અને ઝનુની હતો; અને તેની બાયડી એક ખરીજ ભલી સ્ત્રી હતી.

એક દીવસે બપોરનું ખાંનું ખાઈ રહેઆબાદ ઘરની ચાકરડીએ લાવેટરને પુછીઊં કે "સાહેબ તમારો ઊપરનો ઓરડો ઝાહડું ?" એ વખતે તેનો મીજાજ ગયલો હતો તેથી તોરમાંજ હા કહી અને બોલીઓ કે "સંભાલજે મારાં કાગજ અને ચોપડીઓને હાથ લગાડતીના."

થોડેકવારે તેણે પોતાની બાયડીને કહેઊં કે મને ધાસતી લાગેછ કે ઊપર પેલી કાંઈ ઓરનું દોર કરી આવશે આ ભલી સ્ત્રી એટલું સાંભલી મનમાં સમજી કે પોતાનો ધણી એકતો આકલો થયલોછે અને વળી એવામાં ચાકરડીને હાથે કાંઈબી બનસેતો તે બાંહાંને વધારે આકલો થઈ ગેસસામાં આવી જસે, તેથી તે તરત હલુસેથી ઊપર ગઈ અને ચાકરડીને ખબરદાર કીધી કે શેઠ ગોસસેછે તેથી સંભાલી કાંમ કરજે અને સરવે ચીજ બરાબર ગોઠવજે. આટલું કહી તે દાદર ઊપરથી નીચે ઊતરેછ એટલામાં છેલી પગથીએ લાવેટર સાંમો મળીઓ અને ચીરડાઈને બોલીઓ કે શું મારો ઓરડો હજુર સાફ નથી થઈ રહેઓ ? અને ધસીઓ ઊપર ચહડી ગયો. જેવો તે અંદર પેઠો તેવોજ ચાકરડીને હાથે સાહીનો ખરીઓ ઊંધો વળીઓ અને તે બીચારી થરથર કાંપવા લાગી. લાવેટર બુમ પાડી બોલીઓ કે ઓ જંગલી ઘોર, મેં તુને કહેઊં નહી હતું કે મારાં કાગળોઆં ચોકસ સંભાલજે ?

આ પછે શું બનીઊં તે હમો લાવેટરના બોલમાંજ ટાંકીએ છીએ.

"આ બનાવ સાંભલતાંજ મારો બાયડી બીહની બીહની તરત ઊપર ચહડી આવી અને હું સરમાઈ જવાને બદલે ઊલટો ગુસસામાં ચહડીઓ. મેં તેની કાંઈજ દરકાર નહી કીધી અને જોકે શીહાઈનો માતર એક કોરાં કાગજ ઊપર પડી હતી તોબી જાંણે મારાં બધાં લખેલાં કાગળોઆં ખરાબ થઆં હોએ એવું દીલ ઘાલી હું પોકાર અને ગોહર કરતો ટેબલ આગલ ગયો. પેલી ચાકરડી બાહેર નીકલી જવાની તક જો

વા લાગતી હતી. મારી બાયડી ધીમે પગલે પણ નરમાસથી આગલ આવી, અને "મારા પીઆરા ભરથાર" કરી બોલી, એટલામાં મેં તેની ઊપર દોલા કકરાવીઆ; તે મહને વલગી પડી અને હુ જોસ કરી તેની ગોદમાંથી નીકલી જવા માંગતો હતો તેવામાં તેણીના જીતી લેનારાં નેણે મારી ઊપર ગલઓ કીધો અને છેલે નરમાસથી તે બોલી, "મારા વાહલા તમો તમારી તંનદરોસતીને નુકસાંન કરશો."

એટલું સાંભલી હું પરેમાન થયો અને મારી આંખમાં આંસુ લાવી નીસાસ મુકી બોલીઓ કે "હું મારા કશોડ ગુસસાનો કેવો ગોલાંમ થઈ જાઊછુ !" મારી બાયડીએ મને નરમ્ પાડવા દીલાસો આપીઓ અને તે બોલી કે "વાહાલા-કેટલા દાહાડા બલકે અઠવાડીઆં તમો ગોસસામાં આવીઆ વગર પસાર થાયછે, તેથી કોઇવાર એવું બની જાએ તેને માટે એટલા પરેમાન ના થાવો." હું તરજ તેની બાજુએ ગુડણ મંડીએ બેઠો અને આવી દીલદાર અને ભલી બાયડીએ હું આ વખતે ખરો પરેમાન થએઓ માટે ઈસવરનો ભારે ઊપકાર માંનીઓ.

વાંચનારી કેટલી પીરોજબાઈ, બચુબાઈ, આવાંબાઇ તથા બીજી સરવે બાઇઓ પોતાના ધણીનો મીજાજ લાવેટરની ભલી બાયડીની માફક તપાસેછે અને તેને જીતી લીએછે ? જો તમારાંમાં આ ગુણ હશે તો ખચીત ઈઆદ રાખજો કે તમો જાલમમાં જાલમ વરને હાથમાં લેઈ શકશો.

---

## પરચુટણ.

**નાહેક ફસીયો**—ફરાંસનો પાદશાહ અગીઆરમો લુઈસ જાહરે નાહનો હતો તાહરે વારેઘડીએ એક ખેડુતના બાગમાં જતો હતો જાંહાં શુંદર ફલ ફલાલી થતી હતી. જાહરે તે તખતે આવેઓ તાહરે પેલો ખેડુત પાદશાહ આગલ પોતાના બાગમાના એક ઘણાજ મોટા અને તારીફ લાએક સલગમનું નજરાનું લઈ ઉભો. પાદશાહે હશીને પેલા ખેડુતની ભેટ લીધી અને તેને ૧૦૦૦ કરાઉન ઈયાને ૨૫૦૦ રૂપીયા આપવાનો હોકમ કીવો. પેલા ખેડુતના ગામના "પટેલે" વીચાર કીવો કે ખેડુતને એક સલગમના પાદશાહે ૧૦૦૦ કરાઉન આપીયા તો હું પાદશાહને એક સરસ ઘોડો ભેટ કરૂં તો માહરી દલદરી ટલી જાય. એવા વીચારથી તે પાદશાહ આંગલ ઘોડો લઇને ઉભો. પાદશાહે તે ઘોડો ઘણાજ હેશાનથી કબુલ કીધો અને પરધાનને હોકમ કીવો કે માહરો ૧૦૦૦ કરાઉનનો સલગમ આ સેકને આપે. સેક ઘોડાના બદલામાં સલગમ લઈ પાદશાહને ગાલ દેતા ઠેકાણે આવેઆ.

---

**લુચા વીદીઆરથીઓ અને એક ગધેડો**—ઓકસફરડની મોટી પાઠશાળાના ૪ વીદીઆરથીઓ એક દીને ફરતા હતા તેવામાં તેઓની નજરે એક કુંભાર પડેઓ જે પોતાના હાથમાંજ ગધેડાની લગામ લઈ રસતાપર પડી ઉંઘ ખેંચતો હતો. એક જણ બોલીઓ કે "ભાઈઓ આપણુને ફુલુસના સાંસાછે વાસતે જો જરાક સેવકને મદદ કરો તો હમણા બધાનાં ગજવાં તાજાં થાય." બધાઓએ હા કહી, તેથી પેલાએ કહયું કે તહમો આ ગધેડો કાલે જાતરા છે તાંહાં વેચી નાખજો અને આ ગધેડાની બોગીર તથા તેની લગામ સઉ માહારા બદનપર નાખો અને પછી હું છઉં અને કુંભારછે. ગધેડાંને લઈ તરણ જણા ચાલતા થયા અને પેલો લટખટ વીદીઆરથી ગધેડાંનો અસબાબ ઓલવી કુંભારની આગલ પડી રહયો. પેલો કુંભાર સજાગરૂ થયો એટલે પેલો વીદીઆરથી બોલીઓ કે "ખોદાને ખાતર માહારા મોહોમાથી લગામ કાહાડો અને મહને છુટો મેલો" પેલો કુંભાર ગભરાઈને બોલીઓ કે "કેમરે તું કોણછે ?" પેલો ચપરખંધો છોકરો બોલીઓ કે "માહારો બાપ જે એક જાદુગરછે તેની સામે મારીથી બોલાઇ ગયું તેથી તણે મહને ગધેડો બનાવી નાખેઓ હતો, પણ હમણાં તેને દયા આવેઆથી મહને પાછો માહારો અવતાર આપેઓછે માટે તહમારો હું મોટો ઉપકારી થઇશ જો મહને માહારે ઘર જવા દેઓ" પેલો ભોલો કુંભાર બોલીઓ કે "જા બા જા, તું તાહારે મારગે જા જાદુની સામે આપણાથી કાંઇ થઇ શકે નહી." જેવો આ સેતાની અતી છોકરો છુટો તેવો પોતાના દોસતો આગલ મોહો મલકાવતો ગયો, જેઓ ગધેડાને વેચી તેના પઈસાથી હરામ મોજ કરતા હતા. પેલો કુંભાર એક બીજું ગધેડું લેવા જાતરામાં ગયો અને તાંહાં તેણે પોતાનુજ ગધેડું જોયું કુંભાર બોલીઓ કે "કેમ એ મુરખ તાહારી ચાલ સીધી નથી ? વલી કાં પાછો તાહારા જાદુગર બાપ સાથે લડયો ? હવે હું તહને કોઈ પણ દામે લઉં નહી."

---

**એક મુરખ**—એક ફાટા મીજાજનો શખસ એક પોતાના કાહેલી દોસતની ભેટે ગયો. આ બીચારો દોસત પોતાના દુખમા એટલોતો ગીરફતાર થયલો કે તેનીથી બરબર જવાબ અપાઈ શકાયો નહી. એ ઉપરથી પેલો ફાટા મીજાજનો શખસ બોલીઓ કે "હુંબીતો ખરો કે હમણા ઘર જાઈને કાહેલી પડું અને પછી તું માહારી ખબર પુછે કે મુંગો મંતર થઈ જાઉં."

---

**કંજુસની કાંહાંણી**—એક કંજુસના ગજવામાંથી એક કોઠલી જેમાં ૧૦૦ પાંઉડ ઈયાને હજાર રૂપીયાની નોટ હતી તે પડી ગઈ, તેથી તણે જે કોઇ તેની કોડલી લાવી આપે તેને ૧૦ પાંઉડ ઈયાને ૧૦૦ રૂપીયા આપવાનું ઈનામ જાહેર કીધું. એક ઘરડા માણસને આ સુમની કોઠલી નોટ સુધાં મલી તેથી ઈનામની લાલચે તેને સપુરદ કરવા ગયો. પણ પેલા કંજુસે વાંધો લીધો કે તુને ઈનામ ઘટે નહી,

કારણ કે માહરી કોહલીમાં ૧૧૦ પાંઉડ હતા તેને બદલે સો છે. પેલા ઘરડા માણસે ઈનાંમના ૧૦ પાંઉડની કંજુસપર અદાલતમાં ફરીઆદી માંડી. ન્યાધીસે કંજુસને પુછીયું કે "તહમારી કોહલીનું સીલ સઉ બરાબર હતું?" કંજુસે જવાબ દીધો કે "હા મેહેરબાન કોહલીને કાંઇ અલવલ હતી નહી અને જેવી હાલતમાં મેં ખોઈ હતી તેવીજ હાલતમાં મહને મલી, પણ અંદરના કોણ જાણે કેઈ રીતે ૧૦ પાંઉંડ ઉભાપત થયા." ન્યાધીસે કહયું કે "તાહારે આ કોહલી તહમારી નહી કારણ કે એમાં માતર ૧૦૦ પાંઉડજછે તેથી હું હોકમ કરૂંછું કે આ કોહલી આ ઘરડાં આદમીએ જાંહાંસુધી કોઈ ખરો માલેક મલે તાંહાંસુધી પોતાના અસતકમાં રાખવી." કંજુસ કપાલ કુટી બાહાર પહેઓ.

---

જે તાહારી બડાઈ કરે તેથી દુર રેહેજે કારણકે તે હસતે મોહોડેનો સરપછે.

---

મનભાવતાં ફુલોની લપટનાં સોખી હોવોતો બાગબાનનુ કાંમ કરવામાં હલકાઈ ગણતાંના.

કુતરાંનો શોખ—એક સીં પાસે કુતરો હતો જેણે એક શખ્સનો પગ કરડી ખાધો. જાહરે તે બીચારો દુખથી બરાડા મારતો હતો તાહારે પેલી સેઠાણી કુતરાંને પસવારીને કેવા લાગી કે "ઠીક ઠીક રખે તાહારા દાંતને નુકસાન થયું હોય!"

એક કંજુસનું કારણ—એક કોઈ મોટો કંજુસ હતો તે એક દીને દેવલમા ભકતી સારૂં ગયો જાંહાં તેણે સખાવત કરવા વીશે પાદરીને મોહોડેથી એક અસરકારક વાએજી સાંભલી, તે બાહાર આવીને કેહેવા લાગો કે ખચીત પાદરીજીએતો આજે સીધજ કીધું કે લોકોએ ગરીબોને ખેરાત આપવી જોઈએ લોકો જો આ બોધ પાલેતો માહારો પણ વીચારછે કે કાલથી ભીક્ષા માંગવાનું શીરૂ કરવું

જેનાબી મોડાંમાથી દુરગંદ સબરો નીકલતા સાંભલો તેને હલકો ગણજો બદ સખુનો તે ગંદાઆ આજારી મનમાંથી નીકલતી બદબોછે—તેવી બદબોથી સદા વેગલાં રેહેજો, નહીનર તમો પણ આંદગી ભોગવશો.

---

જેતુબી તમારૂ મન કોઈની ખોડ ખાંપણ અથવા ખાંમી કાહાડવા પછવાડે લલચાએ તેવીજ તમે દીલ સાથે વીચાર કરજો કે જેટલી બારીકીથી તમો પોતાને ઓલખો છો તેટલાં કોઈબી બીજાને ઓલખતાં નથી; આરે બીજાની ખાંમી કાહાડીઆના કરતાં અગર પોતાની કાહાડવા બેસોતો એટલીતો નીકલશે કે પછે બીજાની કાહાડવાની તમને મુદલ ફુરસદબી નહી રેહેશે.

---

મનની આંખો તથા તનની આંખો વચ્ચે એટલો ફેર છે કે જેવારે ઉંઘમાં તનની આંખો મીચાએલી હોએછે તેવારેબી મનની આંખો પોતાનુ કાંમ ચલાવેછે; બીજુ એકે મનની આંખોથી આંધલાઓબી જોઈ સકેછે.

---

ઈનસાન બીજાનું તો ભલું કરવું રહેઉં, પણ જો તે પોતે પોતાનેજ બરોબર ચાહાતું હતેતો આ દુનીઆમાં જેટલી બદી જોવામાં આવેછે તેટલી દીસતે નહી—જેમકે દાખલો—જો તે પોતાનું રૂડું ઈછતુંજ હતેતો તે છાકટ અથવા લંપટ બનતે નહી; અને આએ વાતથી અણજાંનું કોણછે કે અતરેની બદીનો મોટો ભાગ છાકટપણાના, લંપટાઈ, અને બીજાં બુરાં વીઅસનોના ફલોછે.

---

નખોદનું નગારૂં—બ૦—કેમ બેટા કેમછે; કાંહાંથી આવેઓ? બેસતો ખરો ને કાંઇ માહરે ઘેરનીતો ખબર કેહે. આપણે પરદેશમાં તે શું ખબર મલે?

સ૦—શું ખબર કેહું? તહમારી બીચારી મેણાતો મરી ગઈ.

બ૦—અરર તોબા; બીચારી સાથી મરી ગઈ.

સ૦—સાહેબ મેણાએ પુશકળ ખાધું અને તેની કોઈએ તકેદારી કીધી નહીં.

બ૦—એટલું બધું તે શું ખાધું?

સ૦—સાહેબ તેના ખાધામાં ઘોડાનું માસ આવેઉં.

બ૦—ઘોડાનું માસ કાંહાંથી?

સ૦—સાહેબ તહમારા બાવાના ઘોડા.

બ૦—તે શું એકાદ મરી ગયો કે?

સ૦—હારે સાહેબ; ગયાં અઠવાડીયાંમાં પાંચ ઘોડા ઘણીજ રખડ પડી તેથી મરી ગયા.

બ૦—સાંની રખડ?

સ૦—સાહેબ આગ લાગીતી તે બુજાવવા બીચારાઓનો પાણી લાવતાં જાંન ગયો.

બ૦—આગ! આગ શાની!

સ૦—સાહેબના ઘેરમાં જે ઘોડા દાહાડાપર આગ લાગી હતી અને જેથી તહમારૂં ઘર શઘલું બળશળ થઈ ગયું.

બ૦—ઓ ઇશવર! માહારાં ઘેરમાં આગ લાગી અને મહને ખબરબી નહી! બોલ બેટા આગ કેમ લાગી?

સ૦—એવું બધાં કેહેચ કે બલતી મસાલોથી લાગી.

બ૦—મસાલ! મસાલ શાની?

સ૦—તહમારી આમ્મેની પાએદશને સારૂં જે મસાલ સલગાવી હતી તે સાહેબ.

બ૦—શું! માહારાં માં ગુજરી ગયાં!

સ૦—હાજી, તહમારાં માં ગુજરી ગયાં.

બ૦—માહારા બાપનુ કાગલ તહમે કાંઈ લાવેઆમ?

સ૦—શું સાહેબ વાત કહું.

પેલી ખરાબ ખબર સાંભલેઆ પછી બે કલાકે તહમારા બાવા ગુજરી ગયા.

બ૦—ઓ બાવા માહારા૦! બોલ ભાઈ કેઈ ખરાબ ખબર?

સ૦—તહમારા બાવાની બેંક ભાગી તે; તહમારાં નાણાંની એક અરધીબી પાછી ફરે તેવું દીસતું નથી અને આ શઘલા માઠા સમાચાર તહમુને જણાવવા કાજ હું ઈંયાં જલદી દોડી આવેઓછું.

## રમુજે ફુરસત.

લું—નારી રૂપ સુંદર, ત્રણ અક્ષરનું નામ;
થાક નિવારણ કાજ, બેસે સૌ મુજ ઠાંમ.
ખડી રહું પાયે ચાર, નવ થાકું હું તોય;
પ્રોણાસાર મુજ વાળીને, માન હુંથીજ હોય.
હાથ સુધાં કોઈવાર, કોઈવાર રહું ઠુંઠી;
**ભટ** કહે સત માનજો, નજરે મેં દીઠી.

જું—જનમ પામી મીન ભણી, બેહોલ બહુ આકાર;
તોય પ્રખ્યાત એક ટોલાએ, આપ્યો મુજને ઠાર.
ચાંચ, પણ ખાઉં નહી, નીર હું નવ જોઉં,
કમઈ વના બોખું થઈ, ધણી માંથે પડી રહું.
વળી ઠાઠું, નહી માથું, પણ માન તણું તાજછે;
ભટનું આ કારનું, સૌ સ્ત્રિ પુરૂષ કાજછે.

જું—ઘર મધે આવેલો **પશાણો** બજાર મધેથી આવેલી **માછલી** જેવો કેમ ગણાયછે વારૂં ?

થું—"અસતરી" (સ્ત્રી) અને "અસતરો" એ બને એકસરખાં કેમ ગણાયછે ?

---

## ગઈ વખતનો ખોલાસો.

૧ લું—સીપ.
૨ જું—ખારક.
૩ જું—મોહોત અથવા જમ.

---

## ફુરસતે મનોરંનજન.

આવતી વખતનાં "સ્ત્રી બોધ" ને માટે જે કોઈબી સ્ત્રી ગાંમઠી સ્ત્રીઓનાં વેહેમ, તેનું પેદા થવું તથા લોકો ઉપ । તેથી થતી અસર, અને તેને નાબુદ કરવાનાં ઉપાય ઉપર એક ટુંક પણ સરવેથી સરસ રેસાલો અથવા વીષય લખશે તેને એક ઘણુંજ નાદર ઈનાંમ આપીઆમાં આવશે.

જો હમારી માંગણી મુજબ નહી બની શકેતો ફકત વેહેમો અને તેઓને લગતી કથા લખી મોકલશેતો તે થોડે દરજ્જે મનપતીજ થશે અને તેને પણ લાયક ઈનામ આપીઆમાં આવશે.

ગુજરાતી હીંદુ સ્ત્રીઓને આ બાબદમા ભાગ લેતા જોવાને હમો ઇછીએ છઇએ.

અધીપતીની ખાતરીને માટે દરએક લખનારે એક જુદાં કાગજ ઉપર પોતાનું તથા બાપનું નાંમ, ઓલખ તથા રેહઠાંન લખી મોકલવું, નહીતર તેઓનું લખાંણ સરસ હોવા છતાં પડત મુકવામાં આવશે.

લખનારની મરજી વગર તેનું નામ જાહેરમાં મુકવામાં નહી આવશે તે વીશે બેફીકર રેહવું.

---

## બાઈ સુનાબાઈ તે નામદાર શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈના ધણીઆંણીનું મરતીઊક.

પાપી જમડા રૂઠયો તુંબી કેમ, ગંજબ કેવો કીધોરે !
જગ જુઠી ત્રુઠી તુંબી કેમ, દગો કેવો દીધોરે !
પ્રાહાં રૂપે પેઠો પાપી જમ, આવી પીડમાં રહિયો;
દીન દશની ભરતી માહે, લેઈ પ્રાણ ચાલિયો.
સન એક આઠ ને સડસઠ, જુલાઈનો દિ આઠમો;
મધ્યાન ઉપર ઘડી તરણ, વખત અતિ કારમો;
સુના સરખી સુનાબાઈ નાર, સુતી સેલ[1] ઉપર:
જોતાં સેલ પડે જોતાર, તણી છાતી ઉપર.
વર્ષ ચાલીશ ઉપર એક, વખત ના કહેવાયરે;
સમે આવે વળી તેની સાથ, ખરે ન સહેવાયરે.
રૂવે હાતમ દોલનો નેક, ધણી પડી એકલો;
ઝુરે ભવનો સાથી થયો જોઈ, હમેશનો વેગલો.[2]
રૂવે બેટીઓ બેસી ત્રણ, આંસુ નવધારરે,
ગઈ કંચન[3] તોલની માએ, કરે તે પોકારરે.
રૂવે વળગી ગળે એકમેક, સરવ નાહના દોહીતરાં,[4]
કેવું જોતાં જીગર જળી જાય ! નિરદોષી તે બાપરાં.
રૂવે પૃથ્વિપતણ[5] સમાન, સાસુ કરે જારીરે:
રૂવે વૃધાવસ્થાની[6] માત, ખરે ઘાવ કારીરે.
રૂવે સરવ સગાંને સ્નેહિ, દીશે આંખ લાલરે:
રૂવે સેવક સરવે સાથ, ધીમી સહુની ચાલરે.
વળી શોક કરે ગામ લોક, દિલગીર બહુ થાયરે;
થાય પેહડીને પાટીઆં[7] બંધ, હરતાવ[8] પડાવરે.
બાઈ સદગુણ તારા સાર, ખુલ્લા આમાં દેખીયે,
બાઈ એના કરી મોટા જોખ, કીર્તિ તારી જોખીયે.
હતી ધણીઆંણી સાચી તું નેક, વાહલી ધણી તારાની;
દુખ સુખમાં સરખી એક, સ્નેહી દૈવ[9] આરાની.
અતિ ડાહી, હેતાળ તું માત, છોરૂ[10] મોટાં નાનાંની;
રૂડી સુબુદ્ધિવાળી[11] સાર, સાથી સદા સ્પાંનાંની.
ભળી, માયાળુ ચેડાણી બહુજ, સેવક તારા સરવની,
દીન,[12] દોલતવંતસે એક, સદા શત્રુ[13] ગરવની.[14]

---

૧, પથરની લાદી. ૨, દૂર ૩, સુનુ ૪, છોકરીનાં છોકરાં. ૫, પુરૂથવીની માલેક સરખી ૬, ખુજોરગ અવસથાની. ૭, દુકાનોના પાટીઆં. ૮, એ બાઈના મરણના શોકમા તારીખ ૯ મીને દીને પારસીઓએ પોતાની દુકાનો વગેરે બંધ રાખી હતી. ૯, નસીબ ૧૦, છોકરા. ૧૧, સારી બુધીવાળી ૧૨, ગરીબ. ૧૩, દુશમન. ૧૪, ખમરૂખી

એવી સકળ[૧૫] સુગુણવાળી[૧૬] નાર, સુનાબાઈ ગઈ ચાલી,
ખરે ખોટ એતો ન પુરાય, જગા તારી રહી ખાલી.
અરે દુખ ઉપર એતો ડાહામ, ઝઝેલાછે મોટારે;
લયે એથી શિખામણ સાર, વચન જગના ખોટારે.
નથી જોતી ખરે તે ધાર, ભલું કે ભુંડું કોઈ;
નથી જોતી સખી કે બખીલ, સરવને સંગ લેઈ;
નથી જોતી તે સાચ કે જુઠ, અધર્મી સુધર્મીને;
ફેંકી નીચે સુકર્મીને પેહેલ, ઉપરથી અકર્મીને.
એવો નીમ[૧૭] છે જગનો ભાઈ, સાવધ રહી ચાલવું;
પણ નેકીને છોડવી નહી, તે પર તન ગાળવું.
આ દુખી દુનીયાંમાં દુખ સદાનું, તેપર નવ ભુલવું;
પણ સુખ ભરયુંછ ત્યાં[૧૮] અખંડ, તેપર નીત ફુલવું.
થશે આખર સઘળો તોલ, તેની[૧૯] સનમુખરે;
નવ રહેશે, માનો સહું ધાર, તીઆં કોઈની રૂખરે.
એવો શોક અને સંતોષ મેળી સજ્જન આગળે,
નાનાભાઈ ધરી વીવેક, કહે બનવું[૨૦] ના ટળે.

---

## પોંહોંચ.

**ઈંગલંડમાં પ્રવાસ**--મી૰ કરસનદાસ મુળજીના "ઈંગલંડમાં પ્રવાસ" ની બીજી આવરતી જે હમણાંજ દફતર આશકારા છાપાખાનામાં છપાઈ બાહેર પડીછે તેની એક નકલ હમોને મલીછે તે મોટાં માંન સાથે કબુલ રાખીછે

એ ચોપડીની વીગતવારીને તપાસ લેવાને આ નાહાના ચોપાનીઆમાં હમારેથી બનતુ નથી, તોએ હમારા વાચનારાને આ ચોપડી વીશે કાંઈક વીચાર આપવાને માટે તેની ઉપલક તપાસ લેઈએછ.

આ ચોપડી "ફુલ સીલ્ક" ની સારી છપાઈ તથા બાંધણીનીછે અને તે ૪૨૪ સફાનીછે તેમા પલેટ તથા લીથોગરાફ તથા બીજી જાતનાં મળી ૧૩૧ ફદર અને સોભીતા ચીતરછે પેહેલી આવરતી કરતા આ ચોપડીમા કેટલાક નવા ચીતર અને ખોલાશો આપેલાછે એની ઇબારત સરવે કોઇને સમજ પડે એવી છે અને એ પુસતક મુબઈના માજી ગવરનર સર બારટલ ફરીઅરને અરપણ કીધુછે.

આ પુસતકના બનાવનારે બીજા લોકની મુસાફરીની ચોપડીઓમાંથી કાંઈબી ઉતારો કીધો નથી પણ પોતે જે કાઇ નજરે દીઠુ અને તે ઉપરથી જે જે વીચારો તેને આવીઆ તે લખીઆછે એથી વીલાયતની દરએક જગા, તાહાંના લોકોની રીતભાત તથા વીવેક, તાંહાના પ્રખીઆત કારખાના, લોકોની સંસાર સબંધી ઇતાઆદીનો આ લખનારે એવીતો સરસ રીતે ચીતાર આપીઓછે કે જેથી વાંચનાર ગોએઆ પોતે કેટલીકવાર ઇગલંડમા બેસી સરવે જોતો હોય એવું લાગેછે. વળી આ પુસતક વાંચવાથી વીલાયતના લોકની રીતભાત તથા વીવેક, વીદીઆ તથા હુનર, કળાકોશલ, વેપાર, કેળવણી, તથા રાજઅધીકાર, તથા અમન સાથે, આપણા દેશની રીતીઓ સરખાવાને બની આવેછે અને તે ઉપરથી આપણને ઘણીએક ખોલાશો તથા તેમાની ઉતમ રીતો ઉચકી લેઈ આપણા દેશને સુધારવાને બની આવેછે ઇગરેજો રાજ અધીકાર કેમ ચલાવેછે અને આજે એઓનુ રાજબળ કીઆં કીઆં સારફે માલુમ કેહેવાએછે અને તાંહાના લોકો જેઓ દોલત, વીદીઆ હુનર તથા બીજી ઘણીએક બાબદમાં આજે આગેવાની ધરાવેછે કયા ઉતમ ગુણોને લીધેછે તે સરવે આ પુસતક વાચવાથી ઠીક સમજ પડેછે.

મુખીઅ કરી આ પુસતક બનાવનાર વીલાયત અને બીજા દુર ધરેલાં મુલકો તરફ મુસાફરી કરવાને જે કોઇને બની આવે તેઓને તેમ કરવાને મારે ઉતેજન આપેછે, અને જેઓ લાંબી મુસાફરી કરવી ધરમથી ઊલટું સમજેછે તેઓના મનનો વેહેમ એક ઉમદા મીસાલથી તોડેછે તે મીસાલ, હમો નીચે ઉતારીએ છઈએ અને હમારા સરવે શકતીવાળાં વાચનારને આ ફદર પુસતક ખરીદી પોતાનાં પુસતકખાંનાને શોભા આપવાને ભલામણ કરીએ છઈએ

"સૈર જુમ ગેલા તકી, વામે અટક કહા,
જકે મનમેં અટક રહી સોહી અટક રહા."

મી૰ કરસનદાસે પોતાની મુસાફરીથી આપણા દેશને ખરો ફાયદો કીધોછે એકતો ગુજરાતી ભાષામા સારા અને વાચવા લાયક પુસતકોની જખરી ખુટછે તે આ પુસતકથી કેટલેએક દરજ્જે પુરીછે અને બીજુંનો ઇગલંડ સરખા માહાબળ અને વીદવાન મુલકનો કેટલોક આબેહુબ જે ચીતાર આપીઓછે તેનાં પગલાં પર ચાલી આપણા દેશને આબાદ કરવાનો આપણને સમજ મળેછે

---

**"સ્ત્રી મીત્ર"**—આ ચોપડીની એક નકલ તેને છપાવી રજુ કરનાર તરફથી મળીછે તે માંન સાથે કબુલ રાખીછે

આ પુસતક કાહડવાની પેહલી મતલબ નજર બાહેર પાડી છે તે પરમાણે કોઈ લખનાર નહી મળી આવીઆથી આગમાં "સ્ત્રી બોધ" "ગ્નાન પ્રસારક" તથા બીજા ચોપાનીઆમા મી૰ નારનદાસ રૂપચંદજી રાણીનાએ જે જે બાબદો લખી હતી તેમાંથી ચુટી કાહાડી આ પુસતક એવન પાશે રચાવીઓછે એવું તેનાં દીબાચા ઉપરથી માલમ પડેછે.

ગુજરાતી લખાંણનો આ રીતે સંગરહ થએલો જોઇ હમે ખુશી છઇએ અને સ્ત્રીઓને પોતાની ફુરસતના વખતમાં એવી ચોપડીઓ વાંચવાને ઉપઓગી થઇ પડશે એવી આશા રાખીએ છઇએ.

---

**"ચાવડા ચરીત્ર"** આ પુસતકની એક નકલ તેના બનાવનાર અમદાવાદના કવી હરજીવન કુબેરજીની તરફથી હમોને મલીછે તેની પોહોંચ માંન સાથે જાહેર કરીએ છઇએ

અસલ ગુજરાતમાં ચાવડા વંસના રાજાઓ થઇ ગયા તેઓએ પોતાના વખતમા રાજ કેવી રીતે ચલાવીઉં અને તેોનાં વખતમા શ શ મોટા બનાવો બનીઆ તથા તેઓનાં વંસનાં લોક કેટલા કાંહાં અને કેવી હાલતમાછે તેોની તવારીખ કવીતા રૂપી અવકારમાં આ પુસતકના લખનારે સમાવીછે

---

"સારી બાયડી" એ ઉરદ માંગેની મીસાલો કેટલીક જણીઓની તરફથી મળીછે."

"રાસત સખુની," "એક પરાક," "શીરીના" તથા "તમનાઇ" નાં પતરો પુગાછે. "દાસ" તમારી કવીતા પોહોંચીછે, આવતામાં તેની જગા કરીશું.

---

[૧૫], સઘળા. [૧૬], સારા ગુણવાળી [૧૭], ધારો. [૧૮], તે દુનીઆંમાં. [૧૯], ખોદાની. [૨૦], જે બનવાનું હોય તે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. | જુલાઈ ૧૮૬૭ | આંક ૭ મો.

## સેનાહ શેહેરનો કીલલો.

---

ભાગ ૫ મો.

જેવો મીનોચેહેર દરવાજામાં દાખલ થયો તેવાંજ પેલી લટાઈની તોપીના પીછાં ખુબ જોરથી હીચકા ખાવા લાગાં. નવી આ લટાઈની તોપી ગંજાવર હતી તેનેજ મલતી એક ગંજાવર તરવાર મીનોચેહેરના અસબાબમાં જોયાથી જુવાકના દીલમાં ધ્રુજારી છુટવા લાગી. પણ રખેને તેના ઠઠા થાય તેની દેહેસતથી તે બાહારથી હીંમત ધરી બોલીઓ કે "હે સરદાર બાહાદુર ગમે તે તાહારી તાખમ હોય પણ હું તુંહને મુબારકબાદી આપુંછું. જો તું ખરોજ લટવઈઓ હોયતો માહારી સાથે હાથ મસલજે. પણ હું તુંને સપત આપુંછું કે જાદુઈ કોતલ કરી તું માહારી ઉપર ફાવતો ના, કારણ, કે ખરો સીપાઈ મરદ તે કે જે પોતાની બાજુપર ઓસતવાર રેહે અને દેવ દેવીઓની મદદ તરફ કરે. કાલે આપણે રણમાં આપણી સમશેહેર પેંચશું પણ આજતો આ મેહેલમાં તું સુખે આરામ કર અને માહારો પાદશાહી કોલ હું તુંહને આપુંછું કે હીયાં કોઈ તાહારી સામે દગો ખેલનાર નથી."

મીનોચેહેરે મુતલગ જવાબ આપીયો નહી. પણ તે પોતાના રખ્શપરથી ઉતરીને જુવાક સાથે ચાલતો થયો. મીનોચેહેર પેલી લટાઈની તોપી આગલ ઘુંટણ મંડીએ પડીયો અને આંખો વીંચી એબાદતમાં મશગુલ રહયો. બંદગીમાંથી ફારેગ થયા બાદ મીનોચેહેર પાછો જુવાક સાથે મેહેલના દીવાનખાનામાં આવી પોંહોચેઓ. જુવાકે મીનોચેહેરને પોતાના હથીયાર છોડવાની દરખાસત કીધી પણ તે તેણે ઈસારતથી કબુલ રાખી નહી. જુવાકે કહયું કે "સરદાર, બાહાદુર માહારી માગણી નામનજુર રાખવી તુંને છાજે નહી, પણ જા તાહારૂં સુઝયું કર. સેનાહ ચેહેરના સેનશાહનો કોલ એકવાર આપેલો પાછો ફરતો નથી. હું તાહારી સાથે દગો રમનાર નથી તેથી તું તાહારાં હથીયાર છોડે કે નહી તેની મહને જુજ દરકાર છે. લે આ માહારી વીંટી (મીનોચેહેરને પેહેરાવેછે) અને આ મેહેલમાં બીન દેહેશતે ફર. તાહારાં માણસો માટે બંદોબસ્ત કરવા હું જાઉં છું અને થોડા વારમાં હું પાછો તુંહને મેટીશ." એમ કહી મીનોચેહેરના રસાલા સમેત જુવાક બાહાર નીકલીયો. પણ પેલી લઢાઈની તોપી આગલ જાહરે શધલા આવી લાગા તાહરે પેલી ગંજાવર તરવાર મીનોચેહેરના આદમીઓના હાથમાંથી છટકી ગઈ અને જમીનપર એવી રીતે પડી કે ફરીથી કોઈ પણ તેહેને ઉડાવી શકીઆ નહી જુવાકના હાડકાં પાછાં કડકડ થવા લાગાં. તેણે મીનોચેહેરના રસાલાને પાસેની એક ધરમશાલામાં ઉતારો આપેઓ અને પાછો પોતે મીનોચેહેરે આગલ આવીને ઉભો આ વખતે મીનોચેહેર તથા તેહેના ખાશ બે સરદારો મેજપર બેસી નેઆમત કરતા હંતા. પણ એક સરવેથી અજાએબ વાત એ હતી કે જાહારથી આ સરદારો આવેઆ હતા તાહારથી તેઓએ પોતાના મોહપરનો બુરખો ઉંચકેઓ ન હતો અને તેથી જુવાક તેઓના ચેહેરા જોઈ શકેઓ ન હતો. એટલુંજ નહી પણ આ સરદારોએ મેહેલમાં પગ મુકેઆ પછી મોહોમાથી એક હરફ પણ ઓચરેઓ ન હતો. જુવાક જોકે પેલી તરવારના તલેસમથી હેબતે અરધો મુઓ રહયો હતો તોયપણ આ સરદારોને કોઈ પણ રીતે બોલાવવાને ખંતી હતો. તે ઢોંગ રમુજ કરતો પણ પેલા સરદારો મુગા મંતર હતા. દરેક બુક ખાતી વખતે તેઓ પોતાનો બુરખો મોહો આગલથી ઉંચો કરતા પણ તેથી તેઓની શુરત કાંઈ જુવાકની નજરે પડતી નહી. અંતે લાઈલાજ થઈને જુવાક બોલીઓ કે "સરદારો આજ લગી આ મેહેલમાં મેં કોઈ શાનશાહને ઉતારો આપેઓ નથી જે મજ સાથે ગોફતેગો કરવાને લજવાય, અને તહમારી આટલી જીંદગીમાં તહમારા પણ શાંભલેઆમાં આવેયું ન હોશે કે કોઈ પણ પાદશાહ મુગા મંતર સરદારો સાથે સુફરાપર બીરાજીયોછે." મીનોચેહેરે એક હાએ મારી અને તે ઉઠીયો. જુવાક પણ ઉઠીયો અને તે ઈશારત કરી તરણે સરદારોને પોતાના ઓરડામાં લઈ ગયો, જાંહ નીરાંતે તેણે મીનોચેહેરને કહયું કે "સરદાર બાહાદુર તહમે હીયાં તહમારા મુરબી જાંહગીરશાહની બેટી પરીચેહેરને માહારા તાબામાંથી છોડવવા આવેઆછો એવું મેં જાંણીયુંછે. વલી તહમે મહને એવું ફરમાવોછો કે બેનાબીથી આ ગાદી તહમુને સપુરદ કરવી કારણકે એ ઉપર માહારો મુતલગ દાવો નથી. હવે એ સરદાર માહરે તહમુને બે બોલ કેહેવા છે તે ધીરજ અને સબુરીથી શાંભલો. તહમારે જાણવું જોઈએ કે આ ગાદી મહને માહારા બાપ ચેહેરીઆરથી મલી

છે. મરનાર પાદશાહ કેકાઉશને પેટે ફરજંદની મુતલગ વરખી હતી નહીં તેથી તે નામવર સેનશાહે સેનાહ શેહેરના રાજની લગામ માહારા મરનાર બાપ શેહેરીયારને બખશી હતી. પણ જાહરે નામવર જાંહાંગીરશાહ તરફથી તહમે એવું ગુમાન ધરાવોછો કે એ ગાદી તહમારા મુરબીને ઘટે છે તો પછી લડાઈના દરમેઆનમાં ઉતરી માહારો હક સાબેત કરવાની માહારી ફરજછે. ખરાંનું કદી પણ ખોટું થનાર નથી. સાચાને હંમેશ ઈશવર સાહેછે. હવે પરીચેહેરને માટે માહારે થોડું બોલવુંછે. જાણુ એ સરદાર કે સુખ પાછલ દુખ હંમેશ લાગેલુંછે. દુખ,-સુખનો દુંબાલો કદી પણ છોડતું નથી. પાદશાહોના મેહેલમાં ઈયા ફકીરની જીહુપડીમાં દુખના નગારાં હંમેશ શાંભલેઆમાં આવશે. આ મેહેલમાં ગઈ પરમ દીને ભારી ધુમ હતી. નોબતના સુંદર શરોદ કાણે પડતા હતા. હવામા સેનાહ શેહેરની ધજા ખુબ ધમધમાકથી તરફડતી હતી. આખાં શેહેરમાં રલીઆંમણા દેખાવો નજરે પડતા હતા અને એક નાકેથી તે બીજે નાકે વેર સુખ અને હરખ શીવાય બીજું કશું દીઠામાં આવતું ન હતું. તે દીને માહારા એકપુરા બેટા બેહેરામના પરીચેહેર સાથે વીવાહ હતા. પણ સાકરના સીરામાં સેહેતાને લીમનો ભેલ કીધો. શુખને બદલે દુખ, હરખને બદલે શોક, અને ઓચછવને બદલે શઘલે ગમગીની ફેલાઈ ગઈ. જે રાજકુંવર ગઈ પરમ દીને કુંવારાનું વરત મેલનાર હતો તેજ દીને બેજાન થઈ જમીનમાં જુંમીદા થયોછે. માહારા ઘડપણની બાજુ, માહારા ભીતરનો ચરાગ ગુમ થઈ ગયોછે. (રડેછે.) પણ આદમનું વમાસવું ને પરમેશવરનું કરવુંછે. જે પરાલબધમાં હોય તે જાય નહીં. લલાટમાં લખેલું કોઈ દીને ભુસરાય નહીં. પરીચેહેર હવે એખલી પડીછે." મીનોચેહેર પોતાની ચુપ કીદી છોડી બોલી ઉઠીયો કે "તાહારે હવે પરીચેહેરને હમુને સપુરદ કરવાને તહમુને હરકત શાની ?" જુવાક બોલીઓ કે "સેક જરા ધીરજ ધરો. હું ઘણો ખુશીછું કે હવે તહમારી જીભ છુટી થઈછે. હે સરદાર તહમો માહારા હાલ પર નેઘાહ પોંચાડો. દુનીઆથી હું હવે એકદમ નીરાશી થઈ હાપ ધોઈ બેઠોછું. માહારા એકપુરા બેટાના મરણથી હું દેવાનો બની ગયોછું. આ પાહાદશાહત હવે મહને અકારત થઈ પડીછે. માહારા બાપનું તાજ માહારો બેટો ઓલવે એવી માહારા દીલની ખાએશ હતી પણ હવે તે ભરચટ થઈછે. માહારી જીંદગીની મહને એટલીતો થોડી દરકારછે કે કાલે હું તહમારે હાથે મારીઓ જાંઉ તો ભલ અને જીતુંતો ભલ. ઈશવરની મરજી હશે તે થશે. પણ એ સરદાર માહારી બીજી વાતથી હું ધારૂંમ તહમે વાકેફ હોશો." શઘલાઓએ ડોકાં હીલવીયાં કે નહી. જુવાક બોલીઓ કે "શું તહમે સાહેબોએ માહરે અને માહારી રાણી માહાબાનું વીચે મુતલગ શાંભલીયું નથી ?"

શઘલાઓએ પાછાં 'નના' ના ડોકાં હીલવીયાં. જુવાકે પાછું લંબાવીયું. "તાહારેતો સાહેબો હું તહમુને વાસતવીક બેયાન કહું. જાહારથી હું માહાબાનું સાથે પરણેઓ તાહારથી માહારા મનમાં એક ખતરો હતો. માહાબાનું સાથે માહારી એવી સગાઈછે કે ધરમના કાંનુંન પરમાણે તેણીની સાથે માહારા નેકા થઈ શકાય નહી. મેં આ વાત માહારા દસતુરોના કાણુપર નાખીછે અને મહને દરપલે ધાસતીછે કે તેઓ માહારા માહાબાનું સાથે છુટા છેડા કરશે. હે ધરસયો માહાબાનું મહને એટલીતો વાહાલીછે, એટલીતો તેને માહારા દીલોજાનથી હું ચાહુંછું કે જાહારે મહને તેણીને માટે ખેઆલ આવેછે તાહારે હું ફોકેફોક રડુંછું (રડેછે.) મહને એવું થાએછે કે માહારૂં તાજ ધુલમાં ફેંકી દઈ જંગલમાં જઈ સાધુને તકીએ બેસું. પણ પછી માહારી ગરીબ રઈએતપર નેઘાહ કોણ રાખે ! માહારાં તાબેદાર લોકોના હાલ શું થાય ! ગમે એવી માહારીપર વીપતી પડે પણ માહારી રઈએતને રાજી રાખવા હું માહારો જાન આપવા તઈઆરછું. માહારી રઈએતની એવી મરજીછે કે માહારાજ લોહીનું ફરજંદ માહારી પછી ગાદીએ આવે. પણ માહારા કુંવરનો જાણુ ફના થઈ ગયોછે અને દુનીયાંમાં હું દોલતો રહી ગયલોછું. માહાબાનું પણ ધરમને માન આપી માહારી બાંહેધરી છોડશે તાહારે હવે માહારે કરવું કેમ ? જો એકબારગી જાંહાંગીરશાહ જીવતો હોય અને સેનાહ શેહેરનું તાજ હું તેહેને બખશું તોયપણ તહમે શું ધારોછો કે જરનદાબ શેહેરની રચના મેલી તે સેનાહ શેહેરમાં પગલું મેલે ! તાહારે હવે માહારી રઈએતને રાજી રાખવાનો બીજો કાંઈબી ઉપાય નહી પણ એજકે માહારે ફરીથી નેકા કરવા; અને માહારો અને જાંહાંગીરશાહનો વાંધો પતાવવો હોયનો સરવેથી ડાહાપણ ભરેલો રસતો એકે પરીચેહેર માહારી રાણી થાય."

પેલા સરદારો આ બોલો શાંભલી બહુ ઓચંબો પાંમેઆ. એટલાવારમાં એક ખીદમતગારે એવું આવી કહયું કે દસતુર ગુસતાસપ અને બીજા દાવરો પાહાદશાહનો તરત મેલાપ કરવાની ખાહેશથી બાહાર ઉભીછે. જુવાક આ કતાબમા હાડકું જોઈને ઘણોજ ચીરડાઈ ગયો. તેણે જેયુ કે જો ગુસતાસપ અંદર આવીને બધાંના દેખતાં પરીચેહેરના નાહાશવાનો પાતલો ફોડેતો સઘલો ગાહાન બગડી જાય, પણ બીજે દરે તેહેને એવો ખેઆલ દોડીયો કે ગુસતાસપ શાહજાદી પરીચેહેરને તેહેના હોકમ મુજબ મેહેલમા જરૂર લાવેઓ હોશે તેથી તે પેલા સરદારો પાસે એક ઘોડાવારની રજા લઈ બાહાર આવવા માટે બેઠકપરથી ઉઠીયો, પણ તે બાહાર નહી પડે એટલામાં વગર કેહેવે અને પુછવે ગુસતાસપ અંદર જોરથી દાખલ થયો અને મોટે અવાજે પોકારવા લાગો કે "પાહાદશાહ સલાંમત, હેબતનીમારી શાહજાદી પરીચેહેર મંદીરમાંથી કોણ જાણે કયે ખંટોલે જઈ ભરાઈછે અને હું સપત લઈને કહુંછું કે એમાં માહારી મુતલગ સામેલગીરી નથી." જુવાકે જેયુ કે સતીયાનાશ વલીયું. તે ફાટું ફાટું બોલવા લાગો અને ગુસતાસપ ઉપર ભુખેઆ વાઘની માફક ધુરવા લાગો. મીનોચેહેર જોરથી ખરો થઈને બોલીઓ કે "બોલ એ જુવાક પરીચેહેરને આ મેહેલમાંથી પેહેલાં મંદીરે નાહારાવાનું કારણ શું અને આ બુજરગ જે ખબર કેહેછે તેહેનો હમને તરત ખુલાશો કર !" જુવાકે ગુસતાસપને ચુપ રેહેવાની ઈશારત કરી મીનોચેહેરને ઘંડા મીજાજથી કહયું કે "એ સરદાર બેહેરામના મરણ પછી મેં પરીચેહેરને મંદીરે એવી મકસદથી મોકલી કે તે પાક જગેઆએ તે પોતાનો ઉકાવ થાય તાંહાંસુધી પોતાનો વખત

છે. તાંહાં વલી લે આસરો હોય પાપી, હોય ગુનેહગાર; પણ અસફંદીઆર ગુનેહગાર નથી. અસફંદીઆરનું હઈયું સાફછે. આપ બાનું મહને એક સમશેહેર અને પછી હું દેખાડું જુવાકને કે હું હીનપસતી ભરેલી રીતે માહારા બંદીખાનામાથી નાહો નથી." મેહેરબાનું બોલી કે "હે હુલડ છોકરા; માથામાં એટલો પવન રાખ નહી. શું તાહારી તાકાદછે કે માહારા બાપનીજ સાંમે માહારીજ આપેલી સમશેહેર તું ખેંચે ?" અસફંદીઆર બોલીઓ કે "માફ કર ઓ શાહજાદી હું ભુલી ગયો કે જુવાક તાહારો પીતાછે——પણ તાહારા રૂપાલા અને નીરદોશ ચેહેરાપરથી હું કદી પણ વીચારી શકું કે તું જાલમ જુવાકની પુતરી છે ? —પણ ગમે તે હોય; જુવાક તાહારો બાપછે અને તેથીજ ઓ સુંદર નાજનીન માહારો કરોધ હું દબાવુંછું." આ વેલાએ ઉપરથી કોઈ હાય મારતું હોય એવા શબદો બેહુ જણાએ શાંભલેઆ. મેહેરબાનું બોલી કે "ઈશવર ! કોઈએ આપણુને દીઠાં." પણ પાછું શઘલું ચુપાચુપ થઈ ગયું તેથી તેઓએ એવું ધારીયું કે એ પવન હશે. મેહેરબાનું અસફંદીઆરને પોતાના બાપના શીલેખાનામાં લઈ ગઈ જાંહાં અસફંદીઆરે એક બખતર પેહેરીયું. મેહેરબાનુંએ કહયું કે "હે જુવાન હવે તું આ પુરવ તરફના દરવાજાએ છટકી જા; અને આ પાછલનું જંગલ મુકી જો તું પુરવે જશેતો તાહારી નજરે પાહાડના ઘણાએક ગોફાઓ પડશે, જેમાં જો તું સંતાઈ રહયો તો બચેઓ એમ જાણજે. સામેજ દરીઆકીનારો લાગેલોછે તાંથી જો કોઈ બીજે બંદરે જતાં વાંહાંણને તું ઈશારત કરશે તો તુંહને કોઇ પણ ઉપાડી લેશે. જા, અશફંદીઆર જા, ઈશવર તાહારો રખેવાલ હોજો. કોઈ કોઈ દાહાડે તાહારી ગરીબ શાહજાદી મેહેરબાનુને ઈયાદ કરતો રેહેજે." અસફંદીઆર મેહેરબાનુંને પગે પડયો અને ખુબ આનાકાનીથી તેણીએ અસફંદીઆરને પોતાના હાથોપર બોસાઓ લેવા દીધા. એવામાં ભાજવીજ સાથે તોફાન થઈ આવેયું તેથી મેહેરબાનું અસફંદીઆરને સેતાબીથી જવાનો હોકમ કરી દોડતી મેહેલમાં આવી

અસફંદીઆર પોતાના બાપના મકાન તરફ ચાલેઓ; પણ તાંહાં તેહેને માલમ પડીયું કે ગુસતાસપ બાવા પાદશાહ જુવાક સાથે પરીચેહેરની શોધે ગયા હતા, પરીચેહેરની શઘલી હકીકતથી અસફંદીઆર વાકેફ થયો અને તેથી આ કંગાલ શાહાજાદીને તેણીના પડતા સખપમાં પોતાની બનતી મદદ આપવાને તેના દીલમાં જુસસો ઉજરાયો, પણ પરીચેહેરનું ઠેકાંણું અસફંદીઆરને ખબર ન હતું. અસફંદીઆર અંતે મેહેરબાનુંના કહયા મુજબ પેલા ગોફાઓમાં ગયો. એ ગોફાઓ વીશે એવી કાંહાંણીઓ હતી કે એ દેવોનું તથા ભુતોનું સથલછે તેથી એ વાત નકી કરવા અસફંદીઆર એક ઘણાજ બેહામના ગોફામાં દાખલ થયો. જેવો તે અંદર દાખેલ થયો તેવું તેને માલમ પડીયું કે કોઈ તેની આગલ નાહાસી ગયું. અસફંદીઆરે પોતાની સમશેહેર ખેંચી અને મજબુત પગલાં ધરતો આ શુરો પેહેલવાન અંદર વગર દેહેસતે ચાલીયો. જેમ જેમ તે આગલ વધીયો તેમ તેમ કોઈ તેની આગલ જલદી નાહાસતું હોય એમ અશફંદીઆરને લાગું. અસફંદીઆરે દોડવા માંડીયું અને એક થોડા પલકારામાં તેહેના પગ આગલ એક ખુબસુરત ઓરત ધાસતીથી આરધી બેશુધ થઈને પડી ગઈ. અસફંદીઆરે જોયું કે તે હમણા બેશુધ થઈ જશે તેથી તેણીને ઉંચકી પોતાના ખોલામાં મેલી અને તેને ધીરજથી ઘણાજ મીઠા અને નરમાસ ભરેલા બોલોથી કહી સંભલાવીયું કે "હે બાનું તું મુતલગ ફીકર કરતી માં. માહારો જાન જાશે તાંહાંશુધી હું તારો બચાવ કરીશ. હું તારો દોસતછું." પેલી બાઈએ ડોલા ઉપાડીયા અને ધ્રુજતા અવાજે કહયું કે "ઓ ઈશવર ! આ મીઠો અવાજ મેં આગલ શાંભલેઓછે." અસફંદીઆરે કહયું કે "હે નેક બાનું મહને ખબર નથી.પણ જો તું શાહાજાદી પરીચેહેર હોય તોજ તુંએ માહારો અવાજ શાંભલેઓ હોશે." પેલી ઓરત બોલી કે "હા ઓ નેક મરદ; માહારૂં નામ શાહજાંદી પરીચેહેરછે. હું વાખાની મારેલી હીયાં આવી છું. પણ ખોદા ખાતર માહારો હીંયાં જાન કબજ કરજે પણ જુવાકના હાથમાં મહને આપતોના." એટલાં બોલો બોલી શાહજાદી પરીચેહેર અતીઅંત રૂદન કરતી ધ્રુજતે દીલે અસફંદીઆરને પાયે લાગી. અસફંદીઆર બોલીઓ કે "હે શાહજાદી શું હું હેવો કરૂરછું કે તુંને જુવાકની જાલમાં મેલું ? તુંહને ઈયાદ નથી કે મેંજ તુંને ખુબ ફાલકું શોધી આપીયું ?" પરીચેહેર બોલી કે "હે અદલ ફેરેસતા; પાછો માહારી બાજુએ જોઇ મહને પુશકલ હરખ પેદા થયોછે. કાં નહીં હું નાનપણમાં મરણ પામી કે આવા દુખના સાગરમાં પડી અકુલાઈ મરૂંછું ! એક શાહજાદાની છોકરી, મંદીરે મંદીર મધરાતે એખલી ભટકે અને પોતાનો જાન પટકવા વાઘ અને વરૂના ગુફામાં આવી પડે ! ઓ ઈશવર માહારા હાલપર દયા કર ! અને આજ જગાએં માહારૂં મોહોતનું બીછાણું પાંથર." અશફંદીઆર બોલીઓ કે "હે શાહજાદી અમસથકો શોક કર નહીં. ઈશવરની પનાહથી જાંહાંશુધી હું જીવતોછું તાંહાંશુધી તું જુવાકના હાથમાં પડવાની ધાસતી રાખતીના. પણ શાહજાદી આપણા ગોફાની મોહોડાંની છેક નજદીક છઈયે. માહારી એવી ખાએશછે કે આપણ ગુફાને છેક નાકે ભરાઈ બેસીએ; અને જાંહાંશુધી હું તુંહને તે જગામાં જોઇશ નહીં તાંહાંશુધી મહને કલ પડનાર નથી." શાહજાદી બોલી કે "હે નેક જુવાન તાહારાં પરમાણીકપણાપર અને એકીનદારીપર મહને પુર એતેકાદછે, પણ આવી એકાંત જગામાં આપણ એકડાં રહીયે એ શું વાજબીછે ? જો માઠાં ભાએગે કોઈની નજર આપણીપર પડીતો પછી દુનીઆંની ગીબતને પોતાની જીભલી ફફરાવતાં વારછે ?" અસફંદીઆર બોલીઓ કે "હે નેકજાદ બાનું તું કેહેછે તે ખરહેકછે. આ ગુફાને છેક પેલે નાકે તુંહને લઈ જવાની માહારી મકસદ એટલીજ કે તાંહાં છેક અંદર આવવાને કોઇ પણ તાકાદ ધરાવે નહીં. અને એ રૂપાલી શાહાજાદી જાણ કે માહારો તમામ પેયાર એક નેક પરીજાદી સાથે લાગેલોછે તેથી તું વગર ફીકરે માહારીપર શઘલો આધાર રાખ." આ વેલાએ "પરીચેહેર પરીચેહેર, ઓ પરીચેહેર રે' એવા મોટા અવાજો બેહુ જણાને કાને પરગરા પડેયા. શાનશાહજાદી પરીચેહેર પાછી દેહેસતથી બેસુધ થવા લાગી. અસફંદીઆરે માહ મુશકેલીથી તેણીને ગુફાને છેક અંદરને નાકે મેલી અને પોતે ખોલલી તરવારે બાહાર નીકલીયો.

## ઓરતોની મીજલસ.

ભાશાણ ૨૧ મું.

### બચાંને ગાડીમાં ફેરવવા વીશે.

ગયા ભાશાણુમાં બચાંને બેસારતી અથવા ચલાવતી વખતે શી ગાવનત અને સંભાલ લેવી તે વીશે કહી સંભલાવીયું હતું.

૧. માએ બચાંને ખોલી હવામાં પોતે ચાલીને અથવા ગારીમાં બેસીને અથવા બચાંને નાહાની ગારીમાં બેસાડીને ફેરવવું.

જારે પોતે ગાડીમાં બેસીને ફેરવે, તારે ગાડીમાં ઘણા આંચકા નહી આવે તેની સંભાલ રાખવી.

૨. નાહાનાં બચાંને હાથમાં લેઈને ફેરવીયાનાં કરતાં નાહાની ગારીમાં બેસારીને અથવા સુવારીને ફેરવવું જોઈયે.

ગાડી એવી ખનાવવી કે તે ઉંધી વલી નહી જાયે; તેટલા માટે પઈડાં નીચાં અને જલદીથી બરાબર ફરી જાયે એવાં જોઈયે. ગાડીની ધરી પોહોલી જોઈયે કે જેથી ગાડી મોટા પાયા ઉપર રેહે. ગાડીનું ઓખું બચું લાબું સુઈ શકે એટલું લાંબું જોઈયે. તે ઉંડું જોઈયે, કે બચાને બાહેર પડી જવાની કાંઇ પણ ધાસતી નહી રેહે તેની ઉંચાઇ એટલી રાખવી કે જેથી સુરજનાં તડકાંથી બંચાવ થાયે કમાન નીચી અને મજબુત જોઈયે.

ગાડીને બરાબર એકસરખી હલવેથી ખેંચવી જોઈયે. તેને આંચકો નહી લાગવો જોઈયે, અથવા દોડાવવી પણ નહી જોઈયે. તેને સાફ રસ્તા ઉપરજ ફેરવવી. બચાને એવી રીતે બેસાડવું અથવા સુવાડવું, કે તે ઘણી સેહેલથી રહી શકે.

જે બચાં બેસી નહી શકે તેને સુવાડવું જોઈયે. તેનું માથું જરા ઉંચું રાખવું, તેને એક ગોદરી ઉપર સુવાડવું અને આસપાસ તકીયા મુકવા કે તે ગગરી નહી જાયે.

જારે બચું એખલું બેસી શકે, તારે તેને એવી રીતે બેસારવું, કે જારે ગાડી ચાલે તારે તેનું બદન ઘણું હીલે નહી.

જારે બચું એખલું ચાલી શકેછે તારે તેને ગાડીમાં આંચકા નહી આવે એવી ગોઠવણ કરવાની જરૂર નથી. બચું પોતાની મેળેજ પોતાનું બદન જાલવવાની કોશેશ કરશે.

ગરમ સુરજનાં તડકામાં ઘણોવાર લગી ગાડીને ઉભી રાખવી નહી. તેને છતરી નાખીને ચલાવીયા કરવી.

જો થંડી હોયેતો બચાંને સારી રીતે ગરમ કપડાં પેહેરાવવાં, અને અરધો કલાકથી વધારે વાર બાહેર ફેરવવું નહી.

જો બચું ગાડીમાંજ સુઈ જાયેતો તરત કાહાડી લેવું. ખોલા પવનમાં બચાંને સુવું નહી જોઈયે, અને વલી બચાંને ગાડીમાંજ સુઈ જવાની ટેવ પડી જાયેછે.

૩. બચાંને કદી પણ ઘણા જોરથી ઉછાલવું નહી.

બચાંને હાથમાં લેઈને આસતેથી ઉપર નીચે કરવું. જલદીથી, જોરમાં અને ઘણોવાર સુધી કદી પણ કરવું નહી, તેથી બચું ચોંકેછે અને બીહીને રહેછે. આસતેથી હીલવીયાથી લોહીનું ફરવું બરાબર ચાલેછે, ખોરાક પચેછે અને બચું સુખેથી સુવેછે. બચાંને ખોરાક લીધા પછી કદી પણ હીલવવું અથવા ઉછાલવું નહી, પણ તેને સુવા દેવું.

બચાંને કદી પણ જોરથી ઉછાલવું નહી. બચાંને ઉછાલીયાથી કેટલી વખત તેને ખુશી ઉપજેછે તે ખરી વાત છે, પણ તે સાથે ઘણો ગેરફાયદોછે. બચાંને ઉછાલતાં કોઈ વખત હાથ માહેથી સરી પડેછે, અને તેથી નુકસાંન થાયેછે. કેટલાએક લોકો બચાંને ઘણું ઉંચે ઉછાલીને નીચેથી ઝીલેછે. ઉંચે ઉછાલતાં બચાંના મગજને ધોકો લાગેછે, ઉપલીયું થઈ આવેછે, અને કેટલી વખતે બચું બેસુધ થઈ જાયેછે. વલી બચાને ઉછાલતો વખતે મજબુતથી છાતીએથી પકડવું પડેછે, અને જો બચાંની છાતી નબલી હોયેછે તો તે બેદોલ થાયેછે.

બચાંને કદી પણ જોરથી ચકરી નહી ખવરાવવી અથવા લેઈને ઘણું દોડવું અથવા કુદવું નહી અથવા દાદર ઉપરથી જોરથી જલદીથી ઉતરવું નહી.

૪. બચાંને હમેશાં તેના બદન ઉપર હાથ ફેરવીયા કરવો.

તેથી લોહીનું ફરવું બરાબર ચાલશે અને માંસને કુવત મલશે.

આવતા ભાશાણુમાં બચાંની ઉંઘ વીશે કહી સંભલાવીશ.

## હીમત.

### એક અસલી બરાંહમણે દીધેલી સીખામણ.

"આ દુનીયામાં દરેક માણસ પેદા થાયેછે, તેનાં નસીબમાં જોખમ, કમનસીબ, તંગી, દરદ અને નુકસાંની વધારે અથવા થોડી હોયેછે.

"તેટલા માટે તુંને લાયેકછે, અરે ગજબનાં બચાં! કે તારા મનને જલદીથી હીમત અને ધીરજથી મજબુત કરે, કે જેથી માણસનાં દુખનો જે તારે નસીબે ભાગ આવેલોછે, તેને તું દરસત દરાવેથી સહન કરે.

"જેમ ઊંટ રેતીનાં મેદાંનમાં મજુરી, ગરમી, ભુખ અને તરસ ખમેછે અને બેસુધ થતું નથી, તેમ માણસની હીમત તેને સઘલાં સંકટમાં ટકાવી શકેછે.

"એક નાદર જીવ નસીબનાં કીનાને ધીકારેછે, તેના જીવની મોટાઈ ઊદાસ થતી નથી.

"પોતાનું સુખ નસીબનાં પરસન ઊપરં આધાર રાખતો નથી, અને તેટલા માટે તેના ચીરડાવા ઊપર તે બીહી નથી જતો.

"દરીયે કીનારેનાં ખડકની મીસાલે તે મજબુત ઊભો રેહછે, અને મોજાઓનાં ધકારાથી તેને અલવલ થતી નથી.

"એક ટેકડી ઊપરનાં કીલાની મીસાલે તે પોતાનું માથું ઊંચું રાખેછે અને નસીબનાં તીર તેનાં પગ આગલ આવીને પડેછે.

"ધાસતીની વખતે, તેનાં દીલની હીમત તેને ટેકાવી રાખેછે; અને તેના મનની સાંતીથી તે પસાર થઈ જાયેછે.

"એક માણસ લડાઈમાં જાયે તેમ તે પોતાની જીંદગીનાં દુખોને મલેછે અને હાથમાં ફતેહ મેલવીને પાછો ફરેછે.

"કમનસીબનાં બોજા હેઠલ, તેની ધીરજ તેના વજનને હલકું કરેછે અને પોતાની સથીરતાથી તેઓની ઊપરવાલા થાયેછે.

"પણ એક હીચકારા માણસનો બીહીકનો જીવ તેને સરમમાં નાખેછે.

"ગરીબાઈની હેઠલ સંકોચાયાથી, તે નીચપણામાં ઊતરેછે; અને મુગો મુગો અપમાન ખમીયાથી તે નુકસાંનીને તેડું કરેછે.

"જેમ એક નેતર પવનનાં ઝપાટાથી હીલેછે, તેમ દુખનો છાયો તેને ધુજાવેછે.

"ધાસતીની વખતે તે ઘભરાયેછે અને ગુચવાયેછે; કમનસીબને દાહાડે તે નીચે પડેછે અને તેનાં જીવ ઊપર નાઊમેદી ગલબો કરેછે."

## ઘરનું કામ તે બાયડીજ કરે.

(એક વાત.)

એક શખસને વાસતે એવું કેહેછે, કે તે એવો તો ચીરડાઊ અને ખરાબ સવભાવનો હતો, કે બીચારી તેની બાયડી ઘરમાં જે કાંઈ કામ કરતી હતી, તે તેને મુદલ પસંદ પડતું હતુંજ નહી.

એક સાંજરે તે એવોતો ગેસાબર ઘરમાં આવીયો, કે આવતાંને વારજ ગાલબેલ દેવા લાગો.

તેવામાં તેની બીચારી બાયડી બોલી, "પેયારા ભરથાર, તમે એમ શું કરવા મારે કરોછો. ચાલો, આપણે કાલથી આપણી જગા અદલ બદલ કરીયે. હું બાહેર મેહેનત કરવા જવશ અને તમે ઘરનું કામ કરજો."

"હા તારે એમ કરીયે."

બીજી સહવારે પેલી બાહેર મેહેનત કરવા ગઈ અને મરદ ઘરમાં રહીને ઘરનું સઘલું કામ કરવા લાગો.

પેહેલાં તેણે માખન બનાવવાને માટે દુધને ઘોલવા માંડીયું; પણ તે દુધ ઘોલેછે તેવામાં તેને તરસ લાગી અને ભોંયરામાં બીર પીવાને માટે ગયો. જારે પીપ માહેથી બીર પડતો હતો, તેવામાં એક ડુકર બારણાની બાહેરથી માલા ઊપર ચહડી આવીયું અને તેનો ચાલવાનો આવાજ સંભલાયો. તે તરત ઊપર દોડી ગયો, કે રખેને ડુકર દુધનું વાસન ઊધું વાલે; પણ જાયેછે તેવામાંતો સઘલું ઊધું વલી ગયલું અને જમીન ઊપર રેલો ચાલેલો અને ડુકર મજાહથી ચાટતું હતું. તેને એટલો તો ગોસો આવીયો, કે બીરનાં પીપને તદન વીસરી ગયો અને સઘલા જોરથી ડુકરની પછવાડે દોડીયો. બારણા આગલ તે પકડાયું અને તેને એવીતો એક લાત મારી કે તરત મરી ગયું.

હવે, પેહેલ વેહેલાં પોતાનાં હાથમાં બીરનાં પીપની કુચી માલમ પડી તેથી પાછો ભોંયરામાં દોડીયો. જુવેછે તો પીપ ખાલી થઈ ગયલું અને બીર સઘલો જમીન ઊપર ઘોરાઈ ગયલો. એતો થયું તે થયું, પાછો ગાયને દોહીને બીજું દુધ લેઇ આવીયો અને ફરીથી તેને ઘોલવા માંડીયું. તે દુધ ઘોલેછે, એવામાં તેને યાંદ આવીયું કે સારો દાહાડો ગાએને કાંઇ ઘાસ, પાંણી મેલીયું નથી. તેણે વીચારીયું કે મેદાંનમાં તેને હવે લેઈ જવું ઘણું દુર પડશે અને ઘરનાં છાપડાં ઊપર ઘાસ પુશકલ ઊગેલુંછે તે ઊપર ગાએને ચહડાવી દેવાનો તેનાં મગજમાં ખેયાલ આવીયો. ઘર ટેકડીની બાજુએજ આવેલું હતું, તેથી એક પાટીયાંની મદદથી જલદીથી ઊપર જઈ શકશે. પણ દુધનું વાસન હવે પછવાડે રાખી જવાને ધાસતી લાગી કે રખેને વલી તેનું ડુકર તેને ઊધું વાલી નાખે; તેથી દુધનાં વાસનને પીઠ ઊપર બાંધીને એક વાસન લેઈ કુવા ઊપર પાંણી કાહાડવાને ગયો. કુવા માહેથી વાંકો વલીને પાંણી કાહાડેછે એવામાં સઘલું દુધ તેની ગરદન આગલથી પાણીમાં ઘોરાઈ ગયું.

હવે, બપોરનો વખત થવા આવીયો અને માખનનો તઈયાર થયું નહી; ચાવલ રાંધવા જોઈયે, તેટલા માટે એક વાસનમાં ચાવલ અને પાંણી મુકીને ચુલા ઊપર ઊકાલવા મુકીયું. એ કીધા પછી તેને વીચાર આવીયો, કે રખેને ગાએ છાપડાં ઊપરથી પડી જઈને ગરદન ભાંજે, તેટલા માટે તેને બાંધવાને માટે

ગયો. છાપડાં ઊપર ચહડીને તેને એક દોરડાંથી બાંધી અને દોરડાંનો બીજો છેડો ચીમનીને વાટે ઘરમાં નાખીયો. ઘરમાં જઇને તે છેડો પોતાનાં પગ સાથે બાંધીયો અને ચાવલને હીલવવા લાગો. તે ચાવલ હીલવેછે, તેટલામાં શું થયું ! છાપડાં ઊપરથી ગાએ તુટી પડી અને પોતે ચીમની ઊપર ઊંચકાઈ ગયા; ચીમની અંદર પોતે ધસી બેઠા અને બીચારી ગાએ જમીન અને આસમાનની વચે લટકતી રહી.

તેની બાયડીએ ઘણીવાર લગી તેની વાટ જોયા કીધી કે તેને ઘેર પ્રાણાને માટે બોલાવવાને આવે; પણ છેલે તે પોતેજ ઘર ગઇ. ઘર આગલ જઈને જુવેછે તો ગાએ હવામાં લટકેલીછે. તરત તેનું દોરડું કાપીયું; તેવામાં ધણીજી ચીમની માહેથી ધુમ દઈને જમીન ઊપર પડીયા. જારે બાયડી ઘરમાં જઈને જુવેછે તો ધણીજી ચાવલનાં તપીલામાં માથું નીચે અને પગ ઊપર કરીને પડેલાછે.

ઘરનું કામ તે બાયડીજ કરે.

(નારવેની વાતો ઉપરથી.

---

## સુરજની સ્તુતી.

પવીતર રોશણીના રોશણ ગોલા ! ગરમીના મુલ ! તને હું દરરોજ જોઊંછું—જોઈને વખાંણુંછું—પણ તારી ઘણીએક ખુબીઓથી હજુર અણજાંણોછું. તું આવો નુરાંનીછે તો તારો પેદાનો કરનાર પોતે કેવોક હશે !

પણ હું ભુલ કરૂંછું. તારા પેદાના કરનાર સાહેબની મોટાઈ હઇઆંજ અટકતી નથી. સુરજ મંડલમાં તું આવો બુલંદછે ખરો તોપણ આસમાંની આકાસમાં જે કરોડબંન કરોડ સેતારા ચંમકેછે તેઓ પોતેબી તારા જેવા એકએકા સુરજછે, કે જેઓ પોતાની આસપાસ આપણે વસીએછે તેના જેવી પુરૂથવી, ચંદરમાહ, તથા ઘરેઓનો બોજો બરદાસ કરીને ઠેડવેલાં મંડલોમાં ફરેઆ જાએછે !

તુંથી ઓગનીસ કરોડ અને પચાસ લાખ માઈલને તફાવતે ઊભેલો હું નાકેસ માનવી તારાં કદની મોટાઈનો કેઈ રીતે લાઊં મનમાં ખીઆલ ? મારી નજર એટલીતો નાકુવતછે કે કોઈ મોટા પાહાડને જોએઆથી મને તંમર આવેછે; ધરથી માતાનો આખો વીસતાર એકજ વેલાએ તપાસવાનીતો મારામાં મુતલગ તાકાદ નથી; તેવું હું નાહાનું પરાંણી વીદવાંનોને મોડેથી સાંભલુંછું કે પુરૂથવી પોતેબી તારાં કદ આગલ કાંઈ બીસાદ ધરાવતી નથી તેવારે મનથીજ સમજી લેઊંછું કે તું કોણછે, તારો બનાવનાર પોતે કેવો હશે, અને તેની આગલ હું કીસ ગીનતીમાંછું ?

મોટાં તારાં કદની સાથે મોટીછે તારી જડપ—તે જડપની કરૂં સું હું અનરે વખાંણ—વીચાર કરતાંજ થાએછે આએ ધીઆંન બેગીઆંન. કાંઈક જમાંના થાએઆ તારી સુંદર રથસે જોડાએલા રખસોને નથી મલી આસાએસ કે નથી મલીઓ વીસાંમો. ધરથી, ચંદરમાહ, તથા ઘરેઓની લગાંમ તારા હાથમાં આપેલીછે—ઈઆને તારી આકરશણ સકતીથી તેઓ તારી આસપાસ પોતપોતાના ઠેડવેલા મારગોમાં ઠેડવેલી ગતી અને જડપ મુજબ મંજલ કાપીઆ ચાલીઆ જાએછે. જેમ તું તારા બનાવનારને તાએબેદારછે તેમ તારા સેવકો તને તાએબેદારી આપેછે; માતર ઈનસાનનીજ દાંમનને નાફરમાનીનો ડાઘ લાગેલોછે.

ગરમીનુંનો તું મધીએ બીંદુ તથા મુલછે. વળી જોવો તે સાહેબની કેવી ભલી ગોઠવણછે કે તે ગરમી જાંહાં જોઇએ તાંહાં અને જેટલી જરૂર હોએ તેટલી લાગુ પડેલીછે. અતરેની સઘલી તાજગી તાહરાં કીરણોનાં પરતાપથીછે. સમુદરને ગાલીને તેની તું વરાલ બનાવેછે, તેજ વરાલનો વરસાદ વરસાવેછે, અને પછે જાંહાં પાંણી તાંહાં આબાદાંની. તાહરી ધકધકતી ભઠી જે ઘડીથી સલગેલીછે તીઆરથી તે આજ સુધી ઈસવરી તાપથી તપેછે. કોણે રે તેને સલગાવી હશે ? કીઆ હાથે તેમાં જલણ સીચીઆં હશે ? કોએ ફીરેસતો તેની જાલવણી કરતો હશે ?

ખોદાને ઘેરના ચેરાગ ! તાહરો ઝકઝકતો પરકાસ તે કીરનારના નુરનો ઓતમ નમુનોછે. તાહરી જોત ઊપરથી બીજા સંધા દીવા સલગેલાછે. તાહરી રોશણીથી ધરથી, ચંદરમાહ, તથા આખું ઘરે મંડલ રોશણ થાઈ રએલુંછે. તેવા તું ચેરાગને સલગાવનારા હાથ ઊપર હજારો હજાર દરૂદ હોજો. જંગલો અને ખેતરો, ટેકડા અને પરવતો, ખુશકી અને સાગર, હવા અને આસમાન એઓ સંધાં તાહરાં તેજી કીરણોનાં તેજાબથી ધોવાઈને સફાઈ તથા ચલકાટ પાંમેછે. ખરી બાંમદાદનો તે કીરણોનો ખુશ નરમાસ—

ફજરની વખતનો લેહેજતદાર પરકાશ—ખરી બપોરનો તેજી દીવો—સાંજીઆઈનો સાવાંમનો ચેહેરો—એઓ સંધાછે તાહરી રોશનાં અજાએબ ખેલો.

તુંને ઊગતો વધાવવા સારૂ ધરથી માએ ખુશરંગ રંગીન ચીર પેહેરેછે. તાહરાં દીદાર જોઇને ચોર અને ચાંચીઆ પોતાનાં કાલાં મોહોડાં લેઇને સીઆ અંધારાની સાથે નાહાસા નાહાશ કરેછે. તાહરાં દરસણ થાતાં વાર પાપી દીલોમાં દેહેસત પેદા થાએછે અને ધરમી મનમાં રૂડી બુધીનાં બીઆં વવાએછે. પરંદાંઓની નાજુક હલકોમાંથી ઈસવર સ્તુતીનાં ગાંનાં ગવાએછે—દુનીઆમાં એક ઓતમ મેલો બની રેહેછે. ઓ—હુંબી તાહરો—ઈઆને તું જેવા પરતાપી કે બલાને બનાવનારની સેફતમાં મશગુલ થાઉં.

---

## આશા.*

એક કવી કેહેછે કે જે ચીજ આ જીંદગીમાં આપણાથી વીચાર નહી થઈ શકે એટલી દુર હોય તેને માટે ખાલી આશા રાખવી નહી. આપણી જીંદગીનો મુતલગ ભરૂસો નથી તેથી એવી ટાલી આશા બાંધવી એમાં મુરખાઈછે. જે ચીજ પર આપણે તરાપ મારવા જાઈએછે તે ચીજ અને આપણી વચે બેમાલમ રીતે જમ ઊભો રેહેછે. એક માણસ જો દઇવજોગે જમના પાસમાંથી છટકીઓ તો દસ હજાર તેની જાલમાં સપડાઈ જાયછે.

કમનસીબે આપણી હાલત એવીછે કે એક આશા આપણા દીલમાંથી કરમાઈ જાંયછે કે બીજીને ખીલતાં વાર લાગતો નથી. આપણને એવું લાગેછે કે જો ફલાણી ચીજ આપણા હાથમાં આવેતો આપણ જેવા સુખી બીજા કોઈજ નહી; પણ એકવાર તે આપણા હાથમાં આવી કે બીજી ચીજ પર આપણું મન દોડે છે અને તે હાથમાં આવેતો આપણા સરખું બીજું કોઈ સુખી નહી એવો ખેઆલ દીલમાં ઊતપન થાયછે.

આ ઊપરથી સંભાલ લેવી જોઈએ કે આપણી આશાને ઘણી લાંબી મંજલ કરવા દેવી નહી. આપણને પુખત વીચાર કરવો જોઈએ કે જે આશા આપણ કરીએ છઈએ તે આ ટુંક જીંદગીમાં ફલદરૂપ થશે કે નહી, અને જો ફલદરૂપ થઈ તો તેનું આપણને ફલ મલશે કે નહી. જે ચીજો આપણાથી અતીઘણી દુર હોય તેને માટે ઊમેદ રાખીએતો એમાં થોડોજ શક છે, કે રસતામાંજ આપણને જમ કદાચ અચખુચ ખીંચી જાય. વલી અગરજો જે ચીજો જેની કીમતની આપણને થોડીજ પીછાન હોય, તે ઊપર આપણી ઊમેદ બાંધીએતો, તેનું સારૂં ફલ મલતાં જે આપણને ખુશી ઊતપન થાય, તે કરતાં તેનું માઠું ફલ મલતાં હજારઘણી વધારે નાઊમેદી ઊતપન થયા વીનાં રેહે નહી; અને વલી જે ચીજો જે આપણને કદી મલશેજ નહી એવી ખાતરી હોય તે ઊપરાંત તેઓની ઊપર આશા ધરવી એ ફોકટછે, અને જીંદગીનાં સપનામાંથી ફારેગ થયાને બદલે ઊલટા આપણ તેમાં વગર અરથની ગમત મેલવી બેમુલી વખતની ખુશ કરીએ છઈએ.

ઊપર કહેલી તરણ ચીજોનું બરાબર ધારણ નહી કરેઆથી માણસની જીંદગીપર અવદશા બેસે છે. એઓ પથરનાં ખરકછે.જેની ઊપર આશુક માશુકનાં જોડાં અથડીને કટક કટકા થાયછે; અને જેઓને દરેક સદીમાં દીવાલીઆઓ અને રાજકારભારીઓ, કીમીઆગરો અને નવા નવા બુગ શોધનારાઓ વલગી રેહેછે. જેઓ એવી ખોટી આશાપર પોતાની ઈમારત બાંધેછે તેઓ પગ આગલની લક્ષમીને છોડી દુરથી ચલકતા ખોટા હીરાપર મોહી પડેછે; તેઓ ખરાં સુખને મેલી ખાલી દમામપર દોડેછે; અને જે તેઓનાં મોહો આગલછે તેને મેલી આકાશનાં ચંદરગાહને પકડવા ધાયછે. આશા જે છે તે પોતાની મરણતરી જીંદગી અમરછે એવા ભરૂસાપર કરેછે; બેહેસતનું સુખ પરૂથવીપર માંગેછે; ચંદરમાહને હથેલીમાં જોવા માંગેછે; અને છેલે સરવાસે આદમને ભીખારી કરેછે, તેનું સતેઆનાસ વાલેછે, અને તેને બેઆબરૂ કરેછે.

તે માટે એક આરબ લોકોની કથા હું નીચે ટાંકુછું જેથી માહારા વાંચનારની ખાતરી થાય કે ટાલી આશા જો બાંધી હોયતો આલનાશકર જેવા બુરા હાલ થાય:—

આલનાશકર નામે એક ઈરાની વેપારીનો છોકરો હતો જે એટલોતો આખે હાડકેનો હતો કે તેના બાપની હઈઆતીમાં તે કોઈ પણ ધંધો કરેઆને બદલે આખો દાહાડો આલસથી આંગ મરડેઆ કરતો હતો.

---

* નોસર માહિકન

જારે તેનો બાપ સવરગવાશી થયો તારે તેને ૧૦૦ દ
રાકમાસ વારસામાં મલેઆ. આલનાસકરે પોતાની
પુંજી ઠેકાંણે પારવાનાં હેતુથી બીલોરકામની એક ના
ની દુકાંન ઊઘાડી. તેનો શઘલો સામાન એક મોટી
પાંતીમાં ખોલો ગોઠવીઓ હતો અને તેને પગ આગ
લ મેલીને પોતે દેવાલ સાથે અઢેલી ઘરાકની રાહ જો
તો બેઠો હતો. આવી રીતે બેઠો હતો તેવામાં તેના મ
નમાં તરેહવાર વીચાર આવવા લાગા જે તેને વીચા
ર કરતાં મોહોડે બોલવાની ટેવ હોવાથી એક પડોશી
એ શઘલા શાંભલી લીધા. તે બોલીઓ કે "આ ટો
પલીનો સામાન જે મેં થોકબંધ વેચાતો લીધોછે તેના
મહને ૧૦૦ દરાકમાસ પડેઆછે. આ વગર માહારી
પાસે બીજી મુતલગ પુંજી નથી. પણ હું માહારો સા
માન જો છુટક વેચી કાહાડીશ તો ૧૦૦ દરાકમાસનાં
૨૦૦ કરતાં મહને વાર કેટલી ? વલી ૨૦૦ ના ૪૦૦
થતાં વીલમ નહી, અને ૪૦૦ ના ૪૦૦૦ થતાંતો બ
ચાંની રમતછે. ૪૦૦૦ ના ૮૦૦૦ થાય તેમાંતો
શકજ નથી, પણ માહારી પાસે ૧૦૦૦૦ દરાકમાસ
નો અવેજ થયો કે આ દુકાંન કાહાડીને હું જહવેરી
થઈશ. પછી માહારી દુકાને હીરા ને મોતી ને રતન
નો પાર નહી. જાહારે જોઈતી દોલત થઈ કે હું સ
ઊથી શુંદર ઈમારત વેચાતી લઇશ અને પછી માહા
રે તાંહાં ઘોડા ને ગાડી ને ગુલામ ને દાસીમાંતો મ
ણાં નહી. પણ એટલામાં કાંઈ માહારૂં વલીયું નહી.
હું માહારો ધધોતો ચાલુ રાખીશ, અને જેહારે માહા
રી તીજોરીમાં ૧૦૦૦૦૦ દરાકમાસ રોકડા જોઈશ
તાહારે હું પાહાદશાહની બરોબરી કરીશ. પછી હું
વજીરની છોકરીનીં લગણમાં માંગણી કરીશ, અને
તેને કહીશ કે તાહારી છોકરીની વાત મેં શાંભલીછે કે
તે ઘણી ખુબશુરત, ડાહી અને શેઆનીછે તેથી હું તે
હેને દીલ બંખશું છું. વલી હું વજીરને કહીશ કે લ
ગનની રાતે હું તુંહને ૧૦૦૦ શુંનાના શીકકા આપ
વાને ચુકીશ નહી. વજીરની છોકરી સાથે માહારી
શાદી થઈ કે હું પાંચ હીજડાઓને વેચાતા લઈશ, અ
ને દામની કાંઈ કશુર કરીશ નહી, પણ જે સઊથી સાં
રા અને જુવાન હશે તેઓને માહારી મોહોરદારના
હથ તલે મેલીશ. પછી હું માહારા સસરાની મુલાકા
તે માહારા આખા રશાલા સમેત જઈશ વજીર મ
હને જમણા હાથપર બેસાડશે, અને પછી માહારી ક
બુલાત પરમાંણે તેને ૧૦૦૦ સુંનાના શીકકા આપી
શ. અને પછી વલી તેને અજાએબીથી બેશુધ કર
વા તેટલાજ સીકકાની એક બીજી કોથલી સપુરદ કરી
શ, અને વલી એમ કેહવાનેબી ભુલીશ નહી કે 'સાહે
બ' હું એક બોલનો આદમીછું હું હંમેશ કબુલું છું
તે કરતાં જાદા બખશુંછું."

"શાહજાદીને માહારે ઘરે લાવેઆ કે તેણીને
પેહલાં તો માહારા તાબામાંજ રાખીશ, નહીતો કે ત
વખતે છકી જશે. તેટલા વાસ્તે હું તેણીને પોતાના
ઓરડામાંથી બાહાર જવાની પરવાનગી આપીશ ન
હી; થોડોજવાર તેણીની મુલાકાત લઇશ અને બોલી
શબી માફકસર. તેણીની દાસીઓ વલી માહારી
પાસે રડતી અને તતરની આવશે અને કેહેશે કે મા
હારી ગેર મેહેરબાનીથી બાઇ સાહેબ ઘણાજ ખેદ પા
મેછે. પણ માહારા પેટમાંનુ પાણી હીલનાર નથી.
હું પેહેલી રાતે તો તેણીને કાંહું દેનારજ નથી.
હું થોડા દાહાડા પછી માહારા કોચપર લાંબો થઈને
પડીશ, અને માહારી સાસુ માહારી મોહોરદારનો હા
થ પકડી માહારી આગલ લાવશે. માહારી મોહોર
દાર આંખોમાં આંસુ લાવી માહારા પગપર માથું મેલ
શે અને માહારી મેહેરબાની ખેંચવાની આજીજી ક
રશે, પણ માહારો કાબુ બરાબર બેસાડવાને માટે
માહારા પગથી તેણીને એવીતો જોરથી લાત મારી,
શ કે તે પાંચ છ ગલોતીઆં ખાતી ખાતી દુર જઈ પ
ડશે."

આલનાશકર પોતાના ખેઆલમાં એટલો તો
ચકચુર હતો કે કમનશીબે તેણે ટોપલીને પોતાની
મોહોરદાર સમજી જોરથી લાત મારી, જેથી તેના
બીલોરકામના કટકે કટકા થઇ ગયા, અને વજીરની
છોકરી વરતાં પોતે ખાખાવરખો થઇ ગયો.

---

## બેરન ટરેનક—એક ઊમરાવની મુશીબત.

દુખના મોજાઓને ટકર મારી જેઓ પોતાનું શરીર
ઉપરનું ઉપર તેરવી રાખેછે તેઓના જનમારાઓના હેવાલ
ઘણાજ વાંચવાજોગ થઇ પડેછે, માટે આ વેલાએ ટરેનક ના
મના એક ઉમરાવની મુશીબતનું દાસતાન દાનેશમંદ વાંચ
નારી બાંનુઓ આગલ રજુ કરીએ છઈએ.

ફરેડરીક ટરેનક ઇશવી સન ૧૭૨૬ ના શાલમાં
ઈયુરપખંડ મધેના પરૂશીઆ દેશનાં કોનીગસબરગ નામ

તની પગની ઘુંટી મોરચાઇછે. શેલે ટરેનકના હાથમાં પોતાની તરવાર આપી કે મહને આ જગોએ ઠાર કર, પણ મહને પાહાદશાહના હાથમાં જવા દઈશ નહી. પણ ટરેનક પોતાના દોસતને પોતાનાં હાથમાં લીધો અને પછી તેને પીઠપર મારીને જેમ બંને તેમ દોડવા માંડીયું. સુરજ અસત પામેઓ હતો તેથી, અને આ મોટી દેવાલ કુદી જવાને કોઈની હીમત નહી થવાથી શઘલા અમલદારો ફાંફાંમાં પડેઆ. કીલલાપરથી આવે વખતે તોપ ફોડી શઘલાઓને જાહેર કરવાનો રેવાજ હતો તેમ કીધું અને નજદીકે અંરેધા કલાક બાદ પોહોરેગીરો બંધવાઓની શોધમાં નીકલેઆં.

હવે ટરેનકને વાટમાં 'નીસીસ' નદી મલી તેથી તેણે પોતાની પીઠ પરેના બોજા સમેત અંદર છીબલું નખાવીયું. ટરેનક ઘણોજ અચછો તરનાર હતો તેથી તે સાંમી પાર સહી સલાંમત પોતાના દોસત સાથે નીકલી આવેઓ. સંહવારે તેઓ એક ગામડાંમાં આવી લાગા, પણ ટરેનકે જોયું કે રખેને પાટલો ફુટી જાય તેથી તેણે એક હીકમત કીધી. તેણે પોતાનું આંગલું કાપીયું અંને મોહોપર અને કપડાં પર સારીપેઠે લોહી ચોપડીયું, પછી પોતાના માથાં પર પાટો બાંધીઓ અને પોતાના દોસત પાસે પોતાના હાથ પીઠ પર બંધાવીઆ. તેઓ પછી એક ગામડીઆની ઝુંપડીમાં ગયા અને શેલે પોતાની અગાઉથી ગોઠવેલી વાત કહી. તે બોલીઓ કે "આ કોઈ પાખંડી ચોરછે. વાટમાં એ મોહારી પર તુટી પડેઓ પણ મેં એને શેકસતે કીધો જોકે માહારી ઘુંટી મોરચાઈ ગઈ. જાઓ મેહેરબાંની કરી એક ગાડું લાવો કે આ ચોરને હું એને ઘટતે ફેજે પોંહોંચાડું". થોહોવારતો આ હીકમત ચાલી પણ રસતામાંથી એક બુટો આંદમી ચાલી આવતો હતો તેણે શેલને પીછાણીઓ અને તે શઘલી વાતથી વાકેફ હતો તેથી તેણે તેઓને ઉંઘાડા પાડેઆ. ટરેનકે જોયું કે પાછો પાસો ફરેઓ તેથી તે પાસે એક તબેલો હતો તાંહાં દોડી ગયો અને બે ઘોડાઓ લઈ આવેઓ. એક પુર પોતે અને બીજાપર શેલ ચહડી બેઠો અંને બેહુ જણા બોહીમીઆં શેહેરમાં સહી સલાંમત જઈ પુગા. બોહીમીઆંમાં પરૂશીઆનું રાજ ચાલતું ન હતું તેથી ટરેનક અને તેનો સોબતી છુટથી ફરતા હતા. તરેનકે પેલા બેહુ ઘોડાઓ તેઓના માલેકને પાછા મોકલી આપેઆ અને પછી પોતાના પાહાદશાહ ફરેડરીકને એક આજીજીનો કાગજ લખેઓ. શેલ બોહીમીઆંમાં પોતાના દોસતો સાથે રહયો, પણ ટરેનક આસતરીઆ દેશના પાએતખત શેહેર વીએનામાં ગયો, જાંહાં તેના સગાં વાહાલાંઓએ તેને અચછી મદદ કીધી. ઈસવી સન ૧૭૫૪ માં તેની મા મરી ગઈ, તેથી ટરેનકને કાંઇ નાણાંની બાબદસર ડેનટજીક નામના શેહેરમાં આવવું પડીયું. ડેનટજીકમાં પરૂશીઆનો કાબુ ચાલતો ન હતો તેથી ટરેનકે જોયું કે હું સહા સલામતછું, પણ કમનસીબે તે પાછો બંધાનમાં સપડાયો. પાદશાહ ફરેડરીકને આ વાત કાંણે પડતાંજ તેણે ડેનટજીકના સતાવાલાઓ સાથે બંદોબસત કીધો અને એકાએક ટરેનકને પરૂશીઅન સીપાઈઓએ એક દીને પકડેઓ. પાછો ટરેનકને મેગદીબરગના કીલલામાં કેદ કીધો. તેની ઉપર ખુબ જાસતી રાખેઆમાં આવી હતી. તેની ઓરડાની દેવાલ સાત ફીટ જાડી હતી, બારીઓને બાહારથી અને અંદરથી લોહોડાંના ગરારો જડી લીધામાં આવેલી હતી, બારણાઓ એક પછી એક એમ તરણ હતાં, અને તેના ઘોલીઆનાં પઈઆ જમીનની અંદર ચીણી લીધેલા હતા. ૧॥ રતલ બીસકોટ અને એક પાણીના કુજા સીવાય તેને બીજું ખાવાને મલતું ન હતું. પણ આ જગામાંથીબી નાહાસવાને ટરેનકે ગોઠવણ કીધી. તેની લોહોડાંની સગડીનો એક ખીલો તેણે કાંઇ હીકમત કરી કાહાડી લીધો અને તે વડે તેણે દેવાલ ખોદવાનું જારી કીધું. ઈટરડીનો જે ભુકો પડતો તે ગરાર વાટે ફુકી નાખતો અને જાહારે રખેવાલનો આવવાનો વખત થાતો તાહારે તે ઉપર કાંઈ પણ આરૂં કરતો. એક મહીનો શુધી તેણે મેહેનત કીધી અને તે પાસેના ઓરડામાં જવાને ફતેહ પામેઓ આ ઓરડામાંથી નાહાસી જવાને તેની પુર આશા હતી. તેણે એક પોહોરાગીરને હાથમાં લીધો હતો, જેણે પાસે નદી હતી તાંહાં એક હોડી તઈયાર રાખવાને કબુલાત આપી હતી પણ ટરેનકના નસીબે યારી આપી નહી. એવું થયું કે મેગદીબરગમા ટરેનકને કેદ કીધા પછી થોડે દાહાડે પાહાદશાહ ફરેડરીકનું આવવું થયું હતું, જેણે ટરેનકને મારે એક ખાશ બંદીખાનું બાંધવાને હોકમ આપેઓ હતો. જે રાતના ટરેનક બોટમાં બેસી નાસી જનાર હતો તેજ રાતે તાંહાંના રખેવાલે ટરેનકને નવું બંદીખાનું જે તઈઆર હતું તાંહા કેદ કીધો. આથી કરી ફરીથી વલી તેની આશા ભંગ થઈ. ટરેનકનું નવું બંદીખાનું ઘણુંજ ભય ભરેલું હતું તેના ઓરડામાં બરાબર અજવાલું પણ આવતું ન હતું. તેના બદનપરની બેડીનોતો શુમાર નહી હતો. તરણ સાકલો જે ભીત સાથે મજબુત જડી લીધેલી હતી તેની સાથે તેનો જમણો પગ સીકરી લીધો હતો, તથા તરણ સાંકલો જે તેના ગલાંમાં ઓરવેલી હતી તેઓની સાથે તેનો ડાબો પગ ભેરવેલો હતો, તેના બેહુ હાથે સાકલો પોએલી હતી અને વચમાં એક લોહોડાંનો દાનકો હતો જેથી તેઓ પોહોલા થઈ શકતા ન હતા. વલી તેની કમરે એક સાકલ બાંધેલી હતી જેની સાથે તેના જમના હાથની કાંડી સીકરી લીધી હતી, વલી તેની જમની તેમજ ડાબી બાજુએ સાંકલો લપેટેલી હતી જે બીતની સાથે કલાંમાં પેવસ કીધેલી હતી. વલી ટરેનકના પગ હેઠલ એક પથર મુકેલો હતો જે ઉપર ટરેકની ઘોર એવા શબદો લખેલા હતા. પણ આટલા બધા સંકટમાં તથા આટલાં બધાં બંધાણમાં છતાં આ હીમતી નરે હારી ખાધી નહી. તેણે ઘણીજ કલાથી પોતાના હાથ બેડીમાંથી મોકલા કીધા અને છુટો થવાને માટે ઘણાં ફાંફાં મારેઆં પણ તેનું વલીયું નહી. અંતે સાહાડા દસ વરસ શુધી સખત બંદીખાનું ભોગવેઆ પછી ૧૭૬૩ ના વરસમા તેનો છુટકારો થયો. તેને એવી સરતથી છોડેઓ કે ફરીથી પરૂશીઆમાં પગ મેલવો નહી. ટરનક પોતાના છુટકારા પછી આસતરીઆ દેશમાં ગયો જાંહાં ૧૭૬૬ માં તે એક ઉંચાં કુલની ઓરતની સાથે પરણયો. ઘણા વરસ શુધી તેણે વીદેઆ અભેઆસમાં પોતાનું મન રોકીયું. તથા દારૂ

નો વેપાર કીધો. ૧૭૮૬ માં પાદશાહ ફરેડરીક મરણ પાંમેઓ તેથી એકવાર ફરાથી પોતાનું વતન જોવાના હેતુથી તે પરૂશીઆ દેશ આવેઓ. તાહાંથી ટરેનક ફરાંસના પાએતખત શેહેર પેરીસમાં ગયો જાંહાં તે વખતે રઈઅતે પોતાના પાદશાહને તથા તેની રાણીને મારી નાખીને બલવો ઉઠાવીઓ હતો. બુલવાખોરો યુરપના દરેક દેશને પોતાના શતરૂ માફક ગણતા હતા, તેથી તેઓએ ટરેનકને માટે એવું વીચારીયું કે એ પરૂશીઆ દેશનો ભેદુ છે તેથી તેને તેઓએ કેદ કીધો અને વગર સાબેતીએ જુલાઈની તારીખ ૨૫-મીએ ઈસવી સન ૧૭૯૪ ના શાલમાં મારી નાખેઓ.

—∞∞—

## માણસ ખાનારા જંગલીઓ.

અગલ કેટલાએકોનો એવો વીચાર હતો કે જંગલીઓ જે માણસનો ભક્ષ કરેછે તેઓની માતર નેમ એટલીજ કે પોતાનાં દુશમનપર કીનો લેવો. પણ એ વીચાર ભુલ ભરેલો હતો એવું કહેવાને હાલ આપણને કારણ મલેછે. એક ઈંગરેજ મુસાફર જેણે 'ફીજી' નામના ટાપુનાં જંગલી લોકોમાં પોતાનો થોડો વખત કાહાડેઓછે તે કહેછે કે તાંહાંના જંગલીઓ માણસનાં ગોસને પોતાનો ખોરાક સમજેછે અને જેમ આપણે તરકી ઈયા મુરગી લેહેજતથી ખાઈએછે તેમ તેઓ માણસનાં ગોસથી લેહેજત લીએછે. તેઓ ઘણુંકરી માણસનું ગોસ 'રોસ્ટ' કરીને ખાએછે અને જેમ તે લાલી પકડે તેમ તેઓ તેને સરસ પકવાન ગણેછે જો કોઇ પારકો પુરૂષ તેમનાં મુલકમાં પગ મેલે તો તેને બોકડાંની માફક વેતરી નાખવાને આ જંગલીઓ વીલમ લગાડે નહી. આ જંગલીઓનો એક સરદાર એમ ગગરૂર થતો હતો કે મેં ૮૦૦ માણસનું લોહી પીધુંછે ' મુએલાં આદમીને પણ આં જંગલીઓ ખાએછે, અને તેથી તોફાનના દાહાડે કોઇ ભાગેલાં વાંહાણના મુરદાંની કાંઠે વાત જોતા ઊભા રેહેછે. એક દીવસે આ જંગલીઓએ એક ઘણીજ ખુદી પણ પુરતનદરોસ્ત ઓરતને ઘુમારાએ ગુંગરાવી મારી નાખી અને પછી તેઓએ તેની એક ઝીઆફત કીધી !

વલી 'નીઊઝીલાંડ' તરફનાં જંગલીઓ માણસને ખોરાક ગણીને ખાતા નથી, પણ તેઓ કોઇ ચંચલ, દીલા જોરાવર આદમીને ખાવાને ભુલતા નથી, અને તેનું કારણ તેઓ એમ જણાવેછે કે ખાનારનાં બદનમાં મરનારની ચંચલાઈ તથા જોર આવેછે !

પાસીફીક માહાસાગરમાં આવેલા ટાપુઓનાં જંગલીઓને ગોરાં આદમીઓ કરતાં કાલાં આદમીનું ગોસ વધારે પસંદ પડેછે. પાદરીઓ જેઓ આ જંગલીઓને વટલાવવાની કોશેશ કરેછે તેઓને જાણે ફીકર નહી !

બાઇઓ આ ઊપલો હેવાલ વાંચી આ જંગલીઓપર હસવું નહી. આપણા અસલી બાપદાદાઓ આજ હજારો વરસની વાતપર પણ એજ હાલતમાં હતા; એ જંગલીઓ પણ આપણા ભાઈબંધુઓજછે, પણ એઓનાં મગજમાં કેલવણીનો મુતલગ સંચાર નહી થવાથી એઓ આવી હેવાનીઅત હાલતમાં પડેલાછે. વખતનાં ચકરમાં આ જંગલીઓ પણ સુધરશે અને જે હેવાનીઅતી કામમાં આજ તેઓ મોજ લીએછે તે કામને તેઓની હજાર વરસ પછીની પેઢી તીરસકારથી જોશે. હેવાનનું તારે આદમ બનાવનાર તે કોણ ? બાઇઓ એજ જવાબ કે કેલવણી. કેલવણીથીજ કરી આજ આપણે આપણા બાપદાદાઓથી ડાહાયા ખપીએ છઇએ. આપણા વડવાઓ પગે ઈયા ઘોડે મુસાફરી કરતા હતા, તેઓ ઊપર આપણને હસવું આવેછે અને કાસદોની મારફતે તેઓની સંધેસા મોકલવાની રીત આપણને અગવડ ભરેલી જણાયછે. લોંહોડાંની સડકપર ઈંગરેજોનાં બાફનાં ઘોડા રૂસતમનાં ઘોડા કરતાં સરસ જહડપથી દોડેછે, અને નદી અને નાલાંપર તે વાત કરતાં ગોલાંટ મારી શકેછે. વલી અલાદીનનાં ફાંણસ વગર લંડન શેહેરનો એક ઈંગરેજ વેપારી પોતાનાં અમેરીકાનાં આડતીઆ સાથે મોહડે મોહોડું વાત કરી શકેછે, અને જામાસપીની પવન પાવડી કરતાં સરસ હવાઈ ફાણસો વાદલોનાં પેટાં ફોડી આકાશમાં શેહેલપાહ કરેછે. એ શું કેલવણીની થોડી ફતેહ ? કાંહાં એક યુરપનો ફીલસુફ અને કાંહાં એક અમેરીકાનો જંગલી !

—∞∞—

## તલેસમાતી વીટી—એક જોડી કાહાડેલી વારતા.

(ગયા આંકથી ચાલુ)

આ પરમાંણે શાહજાદીને પેલી લાકડ લેઈ આવી અને પોહોંક મંજલ કાપવા બાદ એક ઠેકાંણે ઉતારી પેલાં જુથ લાંબાંથી બાહેર કાહાડી. બાહેર નીકલતાંજ તેણીએ પોકેપોક રડવા માંડીઈ, અને આસપાસ જોયછે તો કેટલાંક લાકડીઓએ આનસ સલગાવેલો અને બે તરફ નાહાના તંબુ નાખી

તાંહાં પહેલાં હતાં. જે દાકેણ શાહજાદીને પકડી લેઈ ગઈ હતી તેણીએ તેને સમજાવા માંડીઉં કે તેના જીવને તેઓ કાંઈબી અલજાંમ આપનાર નથી, પણ તેણીને એક મોટાં શેહેરમાં લેઈ જઈ કોઈ શાહજાદી અથવા બાદશાહજાદીને વેચશે અને તાંહાં તેને સરવે રીતની એશઆંરાંમ, શાહેબી મલશે. પણ જો તે નાહસવાની વેતરણ કરશેતો તરત તેણીને ગરદન મારવામાં આવશે, તેથી ખુબ શાવચેત કીધી.

આ વખતે સરવે દાકણાંઓએ કુચ કરવાને મારે પોતાનાં તંબુઓ ઉખેડી ગધેડાંઓ ઉપર લાધીઆ અને તે સામાણુની ઉપર શાહજાદીને બેસાડી આગલ ચાલવા માંડીઉં. રસતામાં શાહજાદી પોતાનાં પંખીઓને જોવાને ચોતરફ નજર કરતી, પણ તેઓની જરાએ નીશાંન કેથે દેખાઈ નહી. પોતાની તલેસમાતી વીટી આ સમે કાંમ લાગશે અને જો કોઈબી જોશેતો તે છીણવી લેશે એવા વીચારથી તેણીએ પોતાનાં માંથાનાં બાલનાં જુંખંડા સાથે બાંધી લીધી, અને તેની ઉપર પોતાની શેઆલનો ફેંટો વીતાલીઓ. આખરે સાંજ પડી અને અંધારૂં થયું તેથી એકાંત જંગલમાં તેવોએ વાસો કરવાનો ઠેરાવ કીધો અને પોતાનાં તંબુ મારીઆ. આવી એકાંત જગા જાંહાં કાંનને ધું ધું કરતાં જાનવરોના આવાજ વગર બીજું કાંઈજ શંભલાય નહી, જાંહાં આંખને આસમાન ઉપર શેહા વાદલ સવાએ બીજું કાંઈ દીશે નહી, તેવાં બીઆબાંન જંગલમાં આ એકવાર મેહલમાં બીરાજનાર શાહજાદીને પોતાની મતરાઈને લીધે વાસો કરવો પડીઓ, તેથી તેને આ વખતે હજારો વીચાર આવવા લાગા, અને તેથી તેનું દીલ એક કરમાઇ જતી ગોલાબની કલીની માંફક કરમાવા લાગું. છેલે પેલાં દાકણાંઓએ શાહજાદીને સાથે બેસાડી કાંઈક ખાંનું કાહાડીઉં હતું તેમાંથી સરવેએ ખાધું અને ત્યારબાદ શાહજાદીને સુવાની એક તંબુમાં જગા કરી આપી હતી તાંહાં તે સુતી.

બીજે દીને બરીબાંમંદાદનાં શાહજાદી ઉઠી અને જોએછે તો સરવે તંબુમા સુનારાઓ ભર ઉંગમાં હતાં અને તંબુનો દરવાજો ખોલલો જોઈ તે નાહાસી જવાનો વીચાર કરી બાહેર નીકલવા ગઈ. બાહેર પગલું કાહાડી આગલ જાય શું કે એક મોટો કુતરો આગલ બેઠો હતો તેણે ઘુરકવા માંડીઉં. તરતજ શાહજાદી હટીને ઉભી રેહી અને કોઈએક પંખીનો શાહાદ શાંભલેઓ તેથી નજર ફેરવી જોવા લાગી એક ચલલીને જાહડની ડાલ ઉપર બેઠેલી જોઈ બાલમાંથી પેલી વીટી કાહાડી તેને દેખાડી, જે જોતાંજ તે ચલલી તેનાં હાથ ઉપર આવી બેઠી અને તેને શાહજાદીએ પેલા માછીમારનાં જુંપડાંમાં જઈ પોતાના પોપટ તથા કાગડાઓને સરવે હકીકત જાહેર કરવાને કહી અને પોતાની ઇધાંની તરીકે માછીમારને આપવાને વાસતે પોતાના થોડાક બાલ કાપી પેલી ચલલીને આપીઆ.

શાહજાદીનો પેગાંમ લેઈ ચલલી ઉડી ચાલી, અને તેણીએ પોતાની વીટી પાછી બાલમાં બાધી લેઈ અંદર આવી અને સુઈ ગઈ. થોડેંએક વારે પેલા દાકણાઓ ઉઠીઆં, નાંસતો તઈયાર કીધો અને પાછી કુચ કરી ચાલવા માડીઉં. શાહજાદીને જે દાકણ ચોરી લાવી હતી તેણે રસતામાં તેણીને કહી સંભલાવીઉં કે તેઓ લાહોર તરફ જાયછે અને તાંહાં તેને ગૌલાંમ તરીકે કોઈ અમીર ઉમરાવને વેચશે અને તેથી તે સુખમાં પડસે, એવી એવી વાતો કરવા લાગી. આખો દાહાડો કુચ કરી સુરજ આઠમવાની આગમચ તેઓ એક પાંણીના નાલાંની આગલ આવી પુગાં અને તાહાં તેઓએ તે રાતના વાસો કરવાનો ઠરાવ કીધો. સરવે કોઈ તંબુ ઠોકવા તથા બીજે કાંમકાજે લાગાં અને શાહજાદીને પેલાં મોહટાં કુતરાંને ઇસારત કરી શોપી આપી. આ લોક પોતપોતાનાં કાંમમાં પડીઆં એટલામાં શાહજાદી કુતરાની સાથે પાંણીનાં નાલાં તરફ જવા લાગી અને તાંહાંથી આગલ પગલાં ભરેછે એટલે પેલા કુતરાએ ઘુરકવા માડીઉ તેથી તે અચકીને ઉભી રેહી અને એક ઝાહાડનાં છાંએઆં તલે બેઠી. જે રસતેથી તેઓ આવેઆં તે તરફ નજર પોંહોંચાડતાં દુરથી એક મોટું પંખી ઉડી આવતું નજરે પડીઉં. જેમ જેમ તે આગલ આવતું ગયું તેમ તેમ તે એકને બદલે બે અને તાર પછે તરણ પંખીઓ દેખાવા લાગાં. છેક આગલ આવી લાગાં તેવાંજ તેવોને ઓલખીઆં અને તેથી પોકાર મારી તેવોને બોલાવીઆં. શાહજાદીનો શાહાદ શાંભલી પોપટે નજર દોડાવી અને એક જોશથી ઉડી આવી તેના ખભાં ઉપર બેશી ચુંમીઓં લેવા લાગો કાગડાઓએ પણ આવી નમસકાર કરી પેલી ચલલીનો પેગાંમ કેમ મલીઓ અને તેવાંજ તેઓ શાહજાદીની ખોલમાં નીકલેઆં અને બીજા પંખીઓને પુછતાં પુછતાં આ જંગલમાં કેમ આવી લાગા તે વીશે સરવે વાત કરવા લાગા બુધા માછીમારે બાલ જોતાંજ શાહજાદી હુયેઆતછે એવું વીચારી ખુશી થઇ તે ઇધાંની તરીકે રાખીઆછે એ વાત જારે તેણીએ શાંભલી તારે પોતાના દીલસે ખુશી થઈ આવી વાતો ચાલેછે તેવામાં ડાકણાઓના બે છોકરાઓ ઝાહાડની ઓઠે આવી ભરાઈ બેઠાં હતાં તેઓએ તરાપ મારી પેલા પોપટને રમત ખાતર પકડીઓ. પોપટને મુકાવી દેવાને શાહજાદીએ ઘણાબી ફાફાં મારીઆં પંણ પેલા છોકરાંઓ તેને લેઈ તંબુ તરફ નાઠાં. શાહજાદી પણ તેઓની પાછલ રડતી રડતી દોડી અને એ કલબલાતથી બીજાં ડાકણાઓ બાહેર નીકલી આવીઆં તેઓને શાહજાદી પોતાનો પોપટ છોડવવાને કેહેછે એટલામા પોપટે છોકરાના હાથને ચાંચ મારી તેના હાથમાથી ઉડી જઈ સાંમણે ઝાહાડ ઉપર બેઠો. શાહજાદીએ પેલી ડાકેણને કહેઉં કે આ પોપટ તેનો પોતાનો છે, તે કાઇ સંજોગથી અહીઆં આવી લાગોછે અને તેનો પરોસ તેને ઘણોછે તેથી મેરબાંની કરી એને મારી સાથે રેહવા દેવો એ તક લેઈ પેલી ડાકણે કહેઉં કે તું જો ખુશ અને ખુશાલ રેહે કે જેથી તુને વેચવાનો વખત આવે એટલે તું આંગે ભરેલી અને સુંદર થાયતો તુંને રાખવા દેઈશ, નહીતર હું તેને ઉડારી મેલસ. એવી કબુલાતથી પોપટને રાખવા દીધો અને પેલા કાગડાઓએ પણ થોડેક દુર પોતાનો વાસો કીધો.

રાતના સુવા જવાની આગમચ પેલી ડાકણ જંગલમાંથી એક જાતના પાતરાં લેઈ આવી હતી તે ઉકાલી તેનું પાંણી શાહજાદીના મોહોડાં તથા પગ.ઉપર લગાડીઉં જેથી તેની ચાંમરીનો ખુબસુરત રંગ ધંકાઈ જઈ ઘઉને રંગની ચામરી દેખાવા લાગી. એમ કરી પેલી ડાકણ બોલી

"હવે મારી છોકરી તું હમારી જાતમાં ચાલી જયે નહીતર રસતામાં હજારો લોક સાથે હમુને અકડવું પડતે." જારે શાહજાદી સુવા ગઈ તેવારે પોપટ પણ તેની બાજુએ સુઈ જતો અને તેને દીલાસો દેવા લાગો, કે આ ડાકણુંઓથી તેને કાંઈબી ઈજા થનાર નથી અને શેહેરમાં જઈ તેવો કોઈએક દવાથી તેની અસલ ખુબસુરતી લાવશે જેથી તેવોના હાથમાં સારૂં નાણું આવે.

બીજે દીવસે ઉઠી તેવોએ રોજની માફક કુચ કીધી અને રસતામાં પેલા કાગડાઓ પણ તેણીની પછવાડે ઉડતા ચાલતા હતા. એમ કરતે કેટલાએક દાહાડા તેવોએ મંજલ કાપી. એક દીવસે બપોરનાં તાપથી બેજાર થઈ તેઓ સરવે ઝાહાડનાં છાંયડા તલે જઈ ઉંઘાઈ ગયાં હતાં. એવામાં પોપટે આવી શાહજાદીનાં કાંનને ચાંચ મારી ઉઠાડી. તેણીની આંખ ઉઘડી એટલામાં જોયછેતો પેલા કાગડાઓ વાઘ, વાઘ, કરી બુમ મારતા સંભલાયા, તેવોજ તેને પોકાર કરી સરવેને ઉઠાડીઆં. વાઘ કુડકો મારી આંગ ઉપર આવવાને ધસે એટલામાં એક જણે ઘાસની પુરી લેઈ બાહેર આતસ સલગેલો હતો તેમાં સલગાવી બલતું કરી વાઘની સાંમે ધરી જેથી તે બીહીને ધુરતો ધુરતો પાછો ફરીઓ.


બીજે દીને સવારનાં તેવોએ જંગલ છોડી રેતીનાં એક રાંન તરફ રસતો લીધો, અને પાણીની તાણ પડસે એવું જાણી તેવો જલદી ચાલવા લાગાં. આખેર તેવો તથા જાનવરો વટીક એટલાંતો થાકી ગયા કે કોઈને આગલ ચાલવાની શકતી રેહી નહી કેમકે તેવો પાંણી વગર તરસથી છેક બતંગ આવી ગયા હતાં. એવી હાલતમા તેવો એકે એક મોહતનાં પંજામાં સપડાએલા હતાં, એવું જોઈ પોપટે શાહજાદીને ખાતર કાગડાઓને ઉલટ આપી કે આસપાસ કાંઈ પાંણી હોય તે જોઈ કાહાડે. થોડેક દુર તેવોને એક ઝાહાડ માલમ પડીઉં અને તેની પાસે એક કુવો આવેલોછે એવી તેઓને ખબર હતી તેથી તેવોએ શાહજાદીને ઉલટ આપી આગલ ચાલવા કહેઉં, તેની સાથે પેલાં જીવથી નીરાસ થએલા ડાકણુંઓએ પણ ઉઠી ચાલવા માંડીઉં. આગલ જઈ જોતાં માલમ પડીઉં કે કુવો તદન સુકોછે અને એક છાંટો પાણી મલે નહી. એવી હાલતમાં પેલા કાગડાઓ નીરાસ થયા નહી પણ ઉલટ રાખી આસપાસ ધુંડતા ફરતા એવામાં પાસે એક ખીજુ માલમ પડી તાંહાં જોયછે તો મોટાં તરબુચ તેમને નજર પડીઆં. તરત ઉડી જઈ તેવોએ ફરી એકવાર શાહજાદીને ઉલટ આપી તે તરબુચ ખાવાને કહેઉં. શાહજાદીએ જેમતેમ જીવ ઉપર ખેંચી આગલ ચાલવા માંડીઉં અને પેલાંઓ છેક અશકત થઈ ગયલાં તેથી તેને જવા દીધી અને પોતે તાંહાંજ પડી રહેઆં.

જેમ એક ભુખીઓ વાઘ જઈ પોતાનાં શેકાર ઉપર ધસી મુંઝાવ મારે તેમ આ શાહજાદી તરબુચની પાસે જઈ જલદપથી પોતાની મુંઝાલમાં લેઈ તે ખાઈ તથા તેમાંનું પાણી પી તુરૂપત થઈ. જોકે શાહજાદીને આ તક લેઈ નાશી જવાને ફાવતું હતું તોએપણ પેલાં મરવા પડેલાં ડાકણુંઓની દયા ખાઈ બે તરણ મોટાં તરબુચ લેઈ જઈ તેઓને આપીઆં. પેલી ડાકણે શાહજાદીને આવી દયાળુ જોઈ અને તેવોના સરવેના જાન બચાવીઆ તેથી હરખથી તેને વલગી ચુંમીઓ લેવા માંડી.

ડાકણુંઓ આ તરબુચ ખાધાથી પાછાં જીવદાર થયાં અને ઉઠી પેલી ખીન તરફ સરવેએ ચાલવા માંડીઉં. તાંહાં પેલાં ગવેડાં તથા કુતરો પણ ખાઈને તર થયાં, અને શાહજાદીના હેશાંનમંદ હોય એવો દેખાવ દેવા લાગા. આખી રાત તેઓએ આજ જગાએ વાસો કીધો અને બીજી સવારના ઉઠી ગવેડાંઓ ઉપર પુશકલ તરબુચો લાધી પાછી કુચ કરવા માંડી. રસતામાં પેલી ડાકણે શાહજાદીને કેહી સંભલાવીઉં કે તેઓ સરવે પોતાના જાનને વાસતે તેના હેશાંનમંદછે અને તેથી તેને છુટી મુકવાને તેઓ ઘણા ખંતીલ પણ તેનો વર ગાંમમાં ગયા બાદ તેમ કરવા દેશે નહી તેથી તે નાચારછે. એટલું છતાંબી તે પોતાની બનતી કોસેશ કરી તેને કોઈ ભલી ઉમરાવજાદીને વેચશે, જાંહાં તે સારી રવેસે ઉછરશે, કાંઈબી દુખ જોશે નહી એવી કબુલત આપી. આ વાત થયા પછે કેટલાક દાહાડા કુચમાં વહી ગયા, અને એક દીવસે દુરથી શેહેરના મીનારા તથા ઘુંબજો દેખાવા લાગા. આ વખતે તેવોએ શેહેરના દરવાજાની બાહેર વાસો કીધો અને તાંહાં પેલી ડાકણે એક જાતની સફેદ ભુકી પાંણીમાં મેલવી શાહજાદીની કાલી થઈ ગએલી ચાંમરી ઉપર લગાડી જેથી તેની ચાંમડી અસલની માંફક ખુબસુરત રંગની દીસવા લાગી.

બીજી સવારના પેલી ડાકણ શાહજાદીને લેઈને શેહેરના બજારમાં ગઈ. શાહજાદી રસતામાં પોતાના હાથ ઉપર પોપટને લેઈ ચાલતી, તેની ખુબસુરતી જોઈ તેની ઉપર હજારો જતાં આવતાં લોક નજર કરતાં હતાં. છેલે તેઓ ગોલાંમના બજારમાં જઈ લાગાં, જાંહાં એક હાલની વચોવચમાં એક બુઢો મરદ શેહાઈ ખરીઓ તથા ચોપડીઓ લેઈ બેઠો હતો, અને બાજુએથી હારેદાર વેચાવા આવેલા ગોલાંમો બેઠેલાં હતાં. પેલી ડાકણ શાહજાદીને પેલા બુઢા મરદ આગલ લેઈ ગઈ, અને તેના કાંનમાં કાંઈ વાત કરી, જાંહાં બીજી હબસનો તથા બીજે ગાંમની છોકરીઓ વેચવા બેસાડી હતી તેવોની સંફમાં તેને બેસાડી. આ ગોલાંમ સ્ત્રીઓનું ઉપરી પણું એક બુઢી, ચીરડાઉ સવભાવની સ્ત્રી ચલાવતી હતી, તેણીએ શાહજાદીને તેના પોપટ સુધાં જોઈ બરબરવા લાગી. અને પોપટ સુધા વેચવાનીછે એવું પેલી ડાકણે સમજાવીઉં તેને જો તે આજે નહી વેચાશેતો શાંજના આવી તેણીને લેઈ જશે એવું કહી ચાલતી પકડી.

થોડાક વારમાં ટોકો ગોલાંમ ખરીદવા આવીઆં, તેવોમાંથી ઘણાએકોએ આ ખુબસુરત શાહજાદીને જોઈ તેની માંગની કીધી, પણ પેલો બુઢો તેની ઘણીજ આકરી કીમત માંગતો તેથી તેવોએ પોતાનો રસતો લીધો. છેલે એક ઘરડી પણ પુવર જેવા દેખાવની અને પુરતા રોલાની શી ગોલાંમ ખરીદવાને વાસ્તે તપાસની તપાસતી છેક શાહજાદી સુધી આવી, અને તેને પસંદ કરી પેલા બુઢા પાસે માંગણી કરવા ગઈ. એટલામાં પેલી રખેવાળ બુઢી બોલી કે રેનેને આ દરા તને ખરીદે, કેમકે ગયાજ અઠવાડીઆમાં તેણીએ એક હબસન ગોલાંમ ઉપર એટલીનો જશ પાડી કે છેરે તે.




લન્ડન શહેરમાં જમીનની અંદરનો રસ્તો.

ઘરની ભીંટ ઉપર ચહડી નાહસવા માંગીઉં અને તે એક લાટમાં તાંહાંથી પડી મરણ પાંમી.

શાહજાદીએ આ વાત શાંભલી રડવા માંડીઉં અને પેલી રખેવાલને કહેઉં કે જાંહાંસુધી પેલી દાકણ આવે તાંહાં સુધી મને વેચે નહી કેમકે મેં તેનો તથા તેના શાથી સરવેનો જાંન બચાવીઓછે, અને જો તે આ હકીકત જાણશેતો * વચીતખી તેને વેચવા દેશે નહી. પોપટ જે ખોલામાં પડી સઘલું શાંભલતો હતો તેણે કહેઉં કે હું જલદીથી ઉડી જઈ પેલી દાકણને બોલાવી લાંઉં એમ કહી તે ઉડી ગયો અને શેહરનાં દરવાજા બાહેર જઈ પેલી દાકણની સારી ચાંચમાં પકડી ખેંચવા લાગો અને ઘણીએક ઈશારતથી તેણીને બજારમાં જવા જણાવીઉં. તુરત તેવોએ આગલ ચાલવા માંડીઉં. અને બજારનાં દરવાજા આગલ આવી પોહોંચે એટલામાંતો શાહજાદીનો હાથ પેલી બુઢી દદા પોતાનાં હાથમાં ઝાલી બાહેર જતી જોઈ તેવો નીરાસ થયાં.

આ શાહજાદી તથા બુઢી દદાની આસપાસ દરવાજા આગલ લોકોની ભારે ઠઠ મલી રેહી હતી અને કેટલાક લોક શાહજાદીનો દયા ઉપજાવનાર દેખાવ તથા હાલ જોઈ પેલી દદાને ગાલ દેવા લાગાં, અને કેટલાકોએતો તાંણાંતાણી કરી કહેઉં કે તારા હાથમાં કોણ ગેલાંમ જીવીઓછ કે વલી આ નાજુક છોકરી જીવશે.

---

## લનંડન શેહેરનો જમીનની અંદરનો રેલવે.

માંણસની અકલથી આગની ગાડી, વીજલીનો તાર અને બીજી અનેક પરકારની અજાએબ જેવી શોહધો થઇછે અને નવી નવી હીકમતો કાંમે લગાડવામાં આવીછે. તે મધે લનડન શેહેરની જમીનની અંદર ચાલતી રેલવેની ગાડી પણ એક નવો નમુનો છે. એ રેલવેનુ એક સમજ પડે એવું ચીત્ર પાસેનાં પાંણાં ઊપર આપવામાં આવીઊંછે. બોરઘાટ તથા ઠલઘાટ ઊપરનાં બુગડા અથવા "ટનલ" જોઈ આપણે અચરતીમાં પડીએ છઈયે, તારે આએ આખા લનડન શેહેરનાં જુદા જુદા ભાગોમાં જમીનની અંદર લાંબાને લાંબા બુગડાની અંદરથી ચાલતી રેલવેની ગાડી જોઈએતો આપણ કેટલાં અચરત થઈયે ?

જારે એ રેલવે વાશે લનડનમાં પેહલ વેહલાં જાહેર ખબર છપાઇ હતી તે વખતે ઘણાંએક ઈનજીનીઅરોનું પણ મત હેવું હતું કે એ કાંમ પાર પડવું મુશકેલછે. લનડનની મોટી મોટી ગટરો જે તે શેહેરની શુખાકારીનું એક મુખીઅ મુલછે તે ગટરો ઘણીએક જગોએ એ રેલવેને આડે નડશે—તથા પાંણીના મોહટા મોહટા નલો જેવોની આડે આવતાં અટકવું પડશે, તથા હવા વગર લાંબાને લાંબા બુગડાઓની અંદરથી રેલવેની ગાડીઓ તેહની અંદર બેઠેલાં હજારો પરાંણો શહીત શેહેરને એક છેડેથી બીજે છેડે શહી સલાંમત જઈ પુગશે એ સઘલું વીચારી જોતાં તે વખતે આ ગંજાવર કાંમ ઘણાએકોને અકલથી દુર દીસતું હતું. લનડનની બોહોલી વસતીની શોહલાઈ અને ફાયદાને માટે જમીનની સપાટી ઊપરથી પસાર થતી જેટલી રેલવેની લાઈનો હતી તે છતાં દર વરસે વધતી વસતીને માટે વધારે રેલવે ઊંઘાડવાને બીજી જગાઓ મેલવવી ઘણુંજ કઠણ થઈ પડીઊં હતું, તેથી જમીનની અંદર "ટનલ" અથવા બુગડા બાંધી તેહની અંદર ગાડી ચલાવવાનો ઊપાય સુજેઓ હતો. જમીનનો બંચાવ કરવાને માટે વલી એવોબી ઊપાય સુજેઓ હતો કે જમીનની ઊપર પુલો બાંધી તે ઊપર આગની ગાડી ચલાવવી અને નીચે આરકાંમાં માંણસોને રેહવાના ઘેરો બાંધવાં. આ બે ઊપાયમાંથી છેલો વધારે ખરચાલો તથા નુકશાંનકારક માલમ પડવાથી તે છોડી દીધો હતો અને પેહલોજ ઊપાય કાંમે લગાડી, સરવે મોહોટી મોહોટી અડચનો ટાલી આએ માહાભારત કાંમ શને ૧૮૬૩ નાં શાલનાં જાનેવારી મહીનામાં પરજાનાં ઊપયોગને માટે ઊંઘાડેઆમાં આવેઊં હતું.

જેમ દરએક એવાં નવાં અને મોટાં કાંમમાં કજા બનવીજ જોયે, તે મીશાલે આએ કાંમમાં પણ કેટલીક થઈ હતી, તોએ એ કાંમ સરનજામ ઊતરીઆ પછે એ રેલવે ઊપર પરજાને કેટલો ઇતબાર આવેઓ હતો તે આએ બીનો ઊપરથી માલમ પડસે, કે જે દાહાડે એ રેલવે ઊઘાડીઆમાં આવીઓ હતો તે દીવશે છતરીસ હજાર ટીકેટો ખપી હતી, અને તારપછેનાં તરણ દીવસમાં એક લાખથી વધારે માંણસોએ એ રેલવેમાં મુશાફરી કીધી હતી, અને પેહલાં તરણ અઠવાડીઆની દરરોજની ઊતારૂઓની સરાસરી શંખીઆ ઓગણતરીસ હજાર એકશો છનુંની થઈ હતી, અને દરરોજની કમાઇ તરણ હજાર ચારશોને શાહઠ રૂપીઆની થઈ હતી.

પાસેનું ચીત્ર ધ્યેઆંનથી જોયાથી ખબર પડશે કે જમીનની સપાટી ઊપર સાંમણે દાલી તથા જમણી બાજુએ ઘેરોની હાર લાગીછે અને વચમાં રસતોછે એ રસતાની હેઠલ રેલવેનાં બુગડાનું મોહોડું દીશેછે, તેને મથાલે આ ચીત્રમાં ઈંગરેજીમાં "મેટરા

પોલીટન રેલવે" ઈઆને રાજધાંનીનો રેલવે કરી લખેલુંછે, તથા એ ભોહોડામાંથી જતી રેલવેની ગાડીનું પછવાડેનું આંગ દેખાડેઆમાં આવેલુંછે. એ ભુગડાની બંધે બાજુએ લનડનની બે મોહોટી ગટરો બતલાવેલીછે. એ ગટરોને બરાબર માંથે જમીનની અંદરથી ટપાલ અથવા ડાક મોકલવાનાં નલ બતલાવેલાછે, જેનું બેઆંન આ ચોપાંનીઆનાં ૧૮૬૬ નાં ૧૦ માં આંક મધે આપેલુંછે. એ નલની ઊપર બેઊ બાજુએ પાંણી તથા ગેઆસનાં નલોછે, તે તરણ તરણ કાલાં ટીપકાં મુકી બતાવીઆછે.

એ રેલવેનું કામ પાર ઊતારવામાં ઘણીએક અડચણો નડી હતી. કેટલેએક ઠેકાંણે ગટરો શરાનાં સબબથી ઘણી નુકશાંની તથા મેહનત ખમવી પડી હતી; ઘણેએક ઠેકાંણે પાણીનાં મોટા તથા નાખલા નલોની હારની હાર બદલવી પડી હતી. અને નવા નલો નાખવા પડીઆ હતા, અને એક જગાએતો તરણ ફુટનાં એક મોહટા પાંણીના નલને શાંકલથી કેટલાક અઠવાડીઆં સુધી ટાંગી રાખવો પડીઓ હતો કે જે જરા બી શરતેનો કોઈબી માણસ જઈ તલાવ અથવા નદીમાંથી આવતું પાંણી અટકાવે તેહની આગમચ શેહેરનાં તે બાજુનાં ભાગને રેલથી કેટલું નુકશાંન થયું હોતે, તેનો વીચાર કરી શકાતો નથી. આ ભોગડાની ઊપરની કમાંનો બંધાઈ તઈઆર થાય તાંહાંસુધી ઊપરનાં રસતાઓને ઘણીજ મજબુત રીતથી ટેકાવી રાખવા પડેઆ હતા, અને કેટલેએક ઠેકાંણે ઘરોને નવેસરથી બાંધી આપવા પડીઆં હતાં. આપણા ખેરઘાટનાં ભુગડાઓ કે જે મધે માતર મટોડું અથવા ફતર ખોદી રસતોજ કરવો પડીઓ હતો તે કરતાં આએ ઘણુંજ દીકટ કામ હતું, કાંએજે એક મોટા શેહેરને ઊપર ટેકાવી નીચેથી રસતો કરવો પડીઓ હતો. જગો જગોએ ભુગડામાં હવા લાવવાને રસતા ઊપરથી નલો મુકવામાં આવેઆછે કે જેનો એક નમુનો આ ચીત્રમાં ભુગડાનાં માંથા ઊપર પાડેલો દીઠછે.

એ રેલવે શેહેરનાં જુદા જુદા ભાગોમાં મુસાફરી કરવાને વાસતે બાંધેલોછે, અને એનાં "ઇસટેસન" લંડનની જમીનની સપાટી ઊપરથી જતી રેલવેનાં "ઈસટેસન" સાથે જોડી નાંખવામાં આવીઆંછે; અને કેટલાંક ઈસટેસનો જમીનની અંદર આ ભુગડામાં પણ છે, જાંહાંથી દાદર ઊપર ચડી રસતા ઊપર આવવું પડેછે. આ ભુગડા તથા "ઇસટેસન" ને ગયાસની રોશનીથી શીંનગારવામાં આવેઆંછે અને એ રોશનીની સરવે જગાએ તારીફ થાયછે.

એક બે ઠેકાંણે એજ ભુગડામાંથી આગ ગાડી × આવી ચોકરીનાં આકારમાં એક મેકને પસાર કરી જાયછે, અને એવી જગાયે અકસમાત નહી બને એટલા માટે ઘણીએક શાવચેતી તથા સંભાલ રાખવામાં આવેછે. ઘણુંકરી એ રસતાની અથવા ભુગડાનાં આરકાંની પોહોલાઈ ૨૮॥ ફુટછે, અને ઊંચાઈ રેલથી તે કમાંનનાં માથાં સુધી ૧૬॥ ફુટનીછે. "ઈસટેસન" આગલથી પોહોલાઈ એથી વધારેછે અને ઘણુંકરી બે અથવા તરણ ગાડીઓ જવાને રેલ નાંખેલીછે.

ભુગડાની હેઠલ એક ગટર ખોધેલીછે અને ભુગડાની અંદર જે કાંઇ પાંણી થાય તે તે રસતે કાહાડી નાંખેછે. ભુગડાની અંદરનાં ઇસટેસનો જોકે નાનાં છે તોબી તેની બાંધણીને માટે તે વખાણાયલાછે. એનાં કદનો વીચાર આવે એટલા માટે જણાવીએ છઈએ કે ઊતારૂઓને ગાડીમાંથી ઊતરવાનો એક ઈસટેસન આગલનો ઓટલો ૨૧૭ ફુટ લાંબોછે, અને બીજો ૨૦૯ ફુટ લાંબોછે. આ ભુગડાનો રસતો બાંધતાં કુલે એક કરોર અને ચાલીસ લાખનો ખરચ થયો હતો, પણ પુલની ઊપરથી એટલોજ રેલવે બાંધતાં એથી ચોગણો ખરચ થાતે. એ રસતે દરરોજ એકશો ગાડી ચાલેછે.

## ખુશ મીઆજ.[1]

ગયા આંકમાં ખુશ મીઆજ મનની એક નીતી ભરેલી ચાલછે, એવું મેં જણાવીડું, અને આદમીજાતના રૂહમાં આ આનંદકાર મીઆજ તેજદાર અને જારી રાખવાને કયા કયા નીતી ભરેલા હેતુ લાયકછે તે વીષે બોલીઓ. હવે ખુશ મીઆજને પોતાની ખુદરતી હાલતમાં હું તપાશીસ અને તેને લગતા હેતુઓ, જેઓને નેકી તથા બદી સાથ સંબંધ નથી, તેઓની ઉપર વીચાર આપીશ.

સઉથી પેહલાં, ખુશ મીઆજ તનદરોસતીનો સઉથી સારસ વધારનારછે. મનમાં બળવું અને દીલમાં મુંજાવું, તેથી આપણી હઈઆતીને લગતા ભાગોના નાજુક તારો પર નહી માલમ પડે તેવી રીતે જપેટા પડેછે અને તેથી આપણ શરીર વગર જાણે ઘસાઈ જાએછે. તો જો કે તેથી

[1] આડીસન પરથી.

જે આપણા લોહીમાં જે જોરદાર જોસસા ઉભરાઈ આવેછે
અને આપણા શરીરની હોશીઆરીમાં આડી અવલી રીતે
અડચણ થાએછે તેનોતો આપણે વીચાર કરતા નથી. મા
રા અનુભવમાં, હું થોડાજ શખ્સો સાથ મળીઓ હોશ કે
જેઓ બુઢાપણામાં અથવા સુખાકારી ભરેલી તનદરોશતીમાં
હોવા છતાં મીઝાજમાં ધીરા ન હશે; એટલુંજ નહી પણ જે
ઓ દીલમા ખુશાલી ભરેલા તથા હશમુખા ન હશે. એ
નું કારણ એછે જે તનદરોશતી અને ખુશ મીઝાન એક
બીજાને પેદા કરેછે. ફરક માતર આટલોજ કે જેઓ સા
રી તનદરોશતી ભોગવેછે, તેઓમા ખુસ મીઝાન કવચીત
જ ન જોવામાં આવેછે; પણ વારેઘડીએ આપણે ખુશ મી
ઝાન જોઇએછે, કે જેની સાથે ઘણી તનદરોશતી જોવામાં
આવતી નથી.

ખુશ મીઝાન જે પરમાણે શરીરની સાથે દોસતીનો
હક રાખેછે, તેજ પરમાણે મનની સાથે પણ રાખેછે. તે મન
ની આતુર ચીંતા તથા અશંતોશ દુર કરેછે, આપણા જોસ
સાઓને નરમ પાડી ધીરજદાર કરેછે, અને આપણા આત
માને સદાની થંડી હાલતમાં રાખેછે. પણ એ બાબદશર
હું બોલી ચુકોછું વાસતે અહીંઆં હું જણાવવા માંગુંછું
કે જે દુનીઆમાં આપણને મેલવામા આવીઆછે, તે દુ
નીઆં અગણીત વસતુઓથી ભરેલીછે, કે જે વસતુઓ આ
પણા મનમા ખુશ મીઝાન ઉતપન કરેછે અને તેને તાજો
રાખેછે.

જો આપણે માણસના ઉપીઓગ સંબંધી દુનીઆનો
વીચાર કરીએ, તો તે જાણે આપણા કારણસરજ સરજી હો
ય એવું માલમ પડશે. પણ જો તેની ખુદરતી, ખુબસુરતી
અને ખુશ દેખાવ વીશે વીચાર કરીએતો, જાણે તે આ
પણી મોજને વાસતેજ બનાવી હોય એવું લાગશે. સુરજ,
જે બધી દુનીઆઓના રૂહ જેવોછે અને આપણી હઇઆતી
ને લગતી સરવે વસતુઓ પેદા કરેછે, તેનામાં એવીતો અસર
છે કે જેથી માણસનુ મન ખુશ થાયછે અને જેથી તેના દીલમાં
આનંદ ઉપજેછે.

જે જુદી જુદી જાતના પશુઓ તથા પંખીઓ આ
પણી ચાકરીને વાસતે અથવા ખોરાકને વાસતે સરજેલાં છે,
તેઓ વલી પોતાના સુંદર શરોદથી ખેતરોને ગજાવેછે, અ
થવા આપણને રમુજથી ભરેછે અથવા આપણી નજરને પો
તાના દેખાવની ખુબસુરતીથી રંગીલી કરી આપણામાં ખુ
શ વીચારો ઉતપન કરેછે. નદીઓ, સરોવરો, અને ઝરા
ઓ, જે જગામાથી પસાર થાયછે, તે જેવી તાજી કરેછે તે
જ રીતે આપણી કલપના શકતીને પણ કરેછે.

કેટલાક નામીચા લખનારા ખોદાની પરવરદેગારી
વીશે બોલતાં જણાવેછે, કે તે સાહેબે આખી દુનીઆને બી
જા રંગ કરતાં લીલાતરીથી ઢાંકીછે, તેનું કારણ એકે એ
રંગ રોશની અને છાયાની બરોબર મેલવણીથી એવોતો છે,
કે તે આંખને નાતવાન અથવા દુખી કરવાને બદલે ઓ
ર જોરાવર તથા તનદરોશત કરેછે. એજ કારણસર કેટ
લાક ચીતર પાડનારા પોતાની નજદીક લીલા રંગનુ કપડું
ટાંગી રાખેછે, કે જેની ઉપર પોતાની નજર નાખી ઘણી
વાર ઝલકતા રંગોપર થાકેલી આંખને આશાએસ આપેછે.
એક વખણાએલો ફીલસુફ (સર આઈઝાક નીઉટન) નીચે પ
રમાણે એ રંગ વીશે કારણ બતાવેછે. બધા તેજદાર રંગો
આપણી નજરને લગતા ભાગોને થાકવી નાંખેછે અને ન
બલા કરી નાંખેછે; તેથી ઉલટું, જેઓમાં પુરતું તેજ ન હો
તું તેઓથી તે ભાગો તણાયછે; પણ જે કીરણો આપણામાં
લીલા રંગ વીશે વીચાર ઉતપન કરેછે, તેઓ આપણી આં
ખની ઉપર એવાતો સરખી રીતે પડેછે, કે આપણી નજર
ને લગતા ભાગોને જોઈતુંજ જોર કરવું પડેછે અને તેઓ
સમતોલ રહેવાથી આપણામા મનગમતો તથા ખુશ જોસ
સો ઉતપન થાએછે. કારણ ગમે તે હોએ, પણ એ રંગ
ની અશરતો આપણે સારી પેઠે જાણીએ છે; અને એટલા
જ માટે કવીઓ એ રંગને ખુશી ભરેલો ગણેછે.

ખુદરતના કામોમાં આવી રીતની બમણી મતલબ
વીશે અને તેઓ કેવી રીતે જેમ ઉપયોગી તેમજ ખુશી ઉ
પજાવનાર થાયછે તે વીશે જો વીચાર કરીએ તો, આપણને
માલમ પડશે કે દુનીઆની વનસપતીમાં જે ચીજો સરવેથી
ખુબસુરત હોયછે તેજ ચીજો સરવેથી અગતીઅની પણ હો
યછે. એ ચીજો બીઆં છે, જેઓથી તરેવાર વનસપતીનો
વધારો થાયછે તથા જારી રેહછે; અને જેઓ હમેશા ફુલો
મા અથવા મોહરમાં પોતાનો વાસો કરેછે. ખુદરત જો કે
પોતાનુ મોટુ કરમ કરતી ચાલી જાએછે, અને પોતાના ર
ખશણ માટે આતુર હોયછે; તોએ તે પોતાની મુખીઅ મ
તલબ છુપાવતી હોય અને પુરૂથવીને ખુશ તથા દીલપસં
દ કરવામા મેહનત લેતી હોય તેમ દેખાયછે. તેજ પરમા
ણે ખેડુતો આખાં દેશ વાડીના રલીઆમણા આકાર આ
પવામાં તથા પોતાની આસપાસની સરવે ચીજ હસતી દે
ખાડવામાં ગુંતાએછે, તોપણ તેઓ પોતાના પાકનો અને
તેથી ઉપજતા પોતાના નફા શીવાએ બીજા કસસાંનો વ
ચાર કરતા નથી.

વલી વધારે વીચાર કરતાં આપણને માલમ પડશે કે
પરવરદેગારે માણસના મનમા આવી રીતનો ખુશ મીઝાન
જારી રાખવાને કેવી સંભાલ લીધીછે, કે જેથી તે સાહેબે
મનને એવી રીતે બનાવીઉંછે કે ગમે તેવી થોડાં ઉપયોગ
ની ચીજો જેવીકે ખડકો, પાહાડો, વેરાન જગાઓ, અને
બીજી ખુદરતના ડરામણા ભાગોમાંથી પણ ગમત અને ખુ
શી મેલવી શકે. જેઓ ફીલસુફીની માહીતગારી ધરાવેછે
તેઓ એ વીચારથી આગલ વધીને જોશે તો તેઓને માલ
મ પડશે કે જો દુનીઆમાની ચીજો પોતામા જે ખુદ ખરે
ખરા ગુણોછે, તેજ ગુણોમાં આપણી નજરે પડી હોત, તો
તેઓનો દેખાવ ઘણોજ અણગમતો તથા નાખુશ થઈ પડ
ત. પણ તે ચીજો આપણામાં ખેઆલી ગુણો જેવાકે સ
વાદ અને રંગો, અવાજ અને વાસ ગરમી અને થંડી,
પેદા કરી શકે એવી શકતી ખોદાવંદતાલાએ તેઓને બખ
શીછે કે જેથી માણસ ખુદરતની હલકી પદવીઓમાં પડવા
છતાં પણ તેનુ મન દીલપસંદ જોસસાઓથી ખુશી અને
આનંદ ભરેલું રેહે. ટુકામાં, આખી શરૂશટી જાણે એક
નાટકશાલા જેવીછે કે જે એવીતો વસતુઓથી ભરાયલી
છે કે જેથી આપણામાં મોજ, ગમત, તથા તાજુબી પેદા
થાયછે.

દીવસ અને રાતની આવ જાવ, રૂતુઓનો ફેરફાર, અને તેઓને લગતા તરેવાર દેખાવો, કે જે ખુદરતને સનગાર આપેછે, અને જે મનને સદા સુનદર તથા મનપસંદ આકારોથી ખુશી કરેછે, તેપર વાંચનારના પોતાનાજ વીચાર તેને ખેંચશે.

વીદીઆ હુનરથી જે રમુજ મલેછે; દોસતીથી, ચોપડીઓથી, અને વાતચીતથી જે મોજ મલેછે; અને જીંદગીની અંદર હજારો બીજી રીતની ગમતો મલેછે તેઓ વીશે હું અહીઆં બોલવા માગતો નથી; કારણ જે ઉનેજનોથી ખુશમીઝાજ દરએક સથીતીમાં તથા પદવીમાં માણસ સાધારણ રીતે મેલવી શકે અને જેથી સાફ માલમ પડેકે ખોદાતાલાએ આપે દુનીઆને બલાપો અને ફરીઆદથી ભરી નાખવાને અથવા માણસનુ દીલ હામે અફસોસમાં મુઝવાને મખસદ રાખી નથી તેવાંજ ઉનેજનો વીશે જણાવવા માંગુછુ.

હું આવી રીતના ખુશમીઝાજને મનમા ઠસાવવાની વધારે અગત એમ જોઊંછું કે બીજી પરજાઓ કરતાં આપણાં દેસીઓમાં † એ ગુણની વધારે ખુટ માલમ પડેછે. ગમગીની પુરવ તરફના પવનથી ઘસડાઈ આવી આપણા શાપુને એક પલીતની માફક ઘેરેછે. . . . . .

દરએક જણે પોતાના દેશની હવા તથા પોતાના જાતી ખવાસ સામને સંભાલ રાખવો જોઈએ, અને દર ઘડીએ એવા વાચાર કરવા જોઈએ કે જેથી તેના મનને શાનતી મલે અને જે આદમજાતને નાની પાડા તથા અવદશા વારેઘડીએ સાધારણ રીતે નડેછે તેઓની સામને થઈ તેઓને સેહલથી સાખવાને બની આવે, અને જેઓથી ભરપુર ખુશી, અને સદાની સુખાકારી પેદા થાય.

જોકે હું મારા વાંચનારનું ધીઆન આ દુનીઆંની ખુશી ભરેલી રંગતોમા રોકવાને ખુશી છેઉં, તોએ મારે કબુલ કરવુ જોઈએ કે આનણે વાસને સરજેલા સુખોમા કેટલીક હલાકો આવી પડેછે, પણ જો તેઓનો બરોબર વીચાર કીધો હોય તો તેઓથી મનને એકદમ દલગીરીમાં નાખી નહી શકાશે અથવા જે ખુશ મીઝાજની હું ભલામણ કરૂંછું તેનો નાશ નહી થઈ શકાશે. સારાંની સાથે ખોડાંની, તથા સુખની સાથે દુખની ભેલવણીનુ કારણ "મી૦ વાક" પોતાના ગરંથમાં નીચે પરમાણે નીતીને લગતું દેખાડેછે.

"આપણી આસપાસ તથા આપણી ઉપર અમર કરનારી સરવે ચીજોમાં ઈશવરે સુખ અને દુખનો ભાગ પાંથરી નાખીએોછે, અને આપણા વીચારો તથા આપણી ઈદરીઓના બધાં કામમાં પણ ભેલવી નાખીએોછે તેનુ બીજું કારણ એજ, તેની બનાવેલી વસતુઓથી જે સુખ મલેછે તેમા આપણે આપણી અધુરી હાલત, નાશીપાસી અને સંપુરણ સુખાકારીની કોતાઈ જોઈ, તે મોટા સાહેબનુ સુખ સાધવાને આપણે તજવીજ કરીએ કે જે સાહેબમાં સુખાકારી ભરપુરછે અને જેના જમણા હાથ ઉપર હમેશનાની મોજો એકઠીછે."

† "ખાલીદન" એન્ગરેજોને વાસ્તે એમ કેહછે, તારે હીંદુસથાનના દેશીઓને કેવી મહાબી કે કેહવ લાગુ પાડવી જોઈએ તેનો વાંચનારોજ વીચાર કરશે.

## ગુજરાત તરફની મુસાફરીનો હેવાલ.

પેઆરાં બેહેન બાઈજી,

ઈ૦ સ૦ ૧૮૬૫ ને છેડે હું ગુજરાત તરફ ફરવા ગયો હતો તેની મેં કેટલીકવાર તમારી આગલ ઉપર ટપકે વાત કીધી હતી અને તે તમુને મન પસંદ લાગાથી તમોએ મારી મુસાફરીનો ટુંક હેવાલ મારી પાસે લખી માંગાઓ હતો તે પરમાણે કરવાને અતીઆર સુધી બે કારણસર મારેથી બનીઊં નહી હતું તેથી મેહેરબાનોનો રાહે દરગુજર કરવું. એક કારણ તો એકે મારી પાસે એ મુસાફરીની ટુંક ટુંક નોધ હતી જે ઉપરથી વીગતવારીને લખવાને કામ ધંધાને લીધે મને અવકાશ પુરતો નહી હતો, અને બીજું એકે એવી ટુંક નોધ ઉપરથી ઘણોજ રસીલો હેવાલ હું આપી નહી શકશ એવી ધાસતી હું રાખતો હતો. પણ પેઆરાં બેહેન તમોએ જારે વાર ગવાર એ વીશેની ઊતરાંણી ચાલુ કીધી તારે આખરે તમારા તેમજ તમારી બીજી બેહેનપણીઓના ફાયદાને માટે મેં એ હેવાલ કટકે કટકે આપવાનો ઠેરાવ કીધોછે અને તે પરમાણે આ વખત આપુંછું.

હતો સુરતથી તા૦ ૧૨ મી ડીસેમબર ૧૮૬૫ની સાંજનાં કલાક ૬ ને સુમારે રાતનાંથ પોતાનાં દેહરાં આગલથી ઈસટીમર "જનરલ આઉટરાંમ" ઉપર ચડીઆ. એ ઈસટીમર મોહોટી હોવાથી નદીમાં છેક અંદર આવી શકી નહી. સઘલાં મલી આસરે ૨૫૦ માણસો આગબોટ ઉપર સવાર થયાં હતા રાતના કલાક ૧૧ વાગતે તેનું લંગર ઉંચકાયું, અને તેના ચક્કર ફરવા લાગા. પણ ખાડીનાં પાણી બસ નહી હોવાથી ડુમસ આગલ લંગર નાખવાની ફરજ પડી. તા૦ ૧૪ મીની બપોરે ડુમસ આગલથી પાછી હંકારી, પણ ભગવા આગલ ગએઆ નહી એટલામાં પાંણી પાછાં ખુટી ગએઆં અને ફરી એકવાર લંગર નાખવું પડીઉં. રાતનાં કલાક ૯ વાગતે આગબોટનો સાંચો પાછો ચાલવા લાગો અને આખરે કલાક ૧૨ વાગતે ઘોઘાની ખાડી સહી કીધી, પણ રાતના કીનારે ઉતરીઆ નહી.

તા૦ ૧૫ મીની સવારનાં ઘોઘાનો દેખાવ નજરે પડીઓ. કીનારાની નજદીક "બંદર" (ફુનો ઈમારત)નું મકાન તથા એક બંગલો છે તે સીવાએ ગાંમની વસતી દુરથી જોવામાં આવી, અને ઘરોનાં વચમાંથી હીંદુ દેહેરાંનાં રેહેરાંની નકાસીઓ ઉપર તરી આવતી સઘવાને ખુણે માલુમ પડી. કલાક ૭ વાગતે ઈસટીમરની જાલીબોટમાં બેસી કીનારે ઉતરીઆ. એ વેલા પાંણીની ઓટ હતી તેથી થોડુંને ભીંજેલી જમીન ઉપર ચાલવું પડીઉં, પણ તે રેતાલ જમીન હોવાથી કાદવ નડીઓ ન હતો. પછી ગાડીમાં બેસી બે હપીસીંગની ધરમશાલામાં ઉતારાની જગાપર ગએઆ.

ઘોઘા. ઘોઘા ગાંમ આસરે ૧॥ મઈલ લાંબુ અને ૩ મઈલ પોહોલુંછે. તેમાં આસરે ૨૦૦૦ ઘરો અને સઘલી મલી ૧૦૦૦૦ માણસની વસતીછે. ઘરો નીચાં, એક માલનાં અને ઘણુંકરી મટોડું તથા ફતરનાં બનેલાંછે, અને દેવાલો ઉપર સચો નહી ફેરવેલો તેથી તેની બાંધણી બાહેરથી ખુલી દીશેછે. ઘણાખરા રસતા સાંકલા અને ધુલથા ભરેલાછે. હમારા ઉતારો આગલનો રસતો જેને "કચેરી મોહોલો" કહેછે તે ઘણો પોહોલોછે.

ઘોઘામાં સાધારણ વનસપતી મલેછે. પીવાના પાંણીની જરા તંગી હોયે એવું જણાઈયું હતું, કારણ કે સઘલા લોકો એક તલાવ જેને "રાંમકુંડ" કેહેછે તેમાંથી પાંણી લઈ જાયછે. એ તલાવ ફતરનું બાંધેલુંછે અને તેનાંથી ૧॥ મઈલ ઉપર, બીજો મોહોટો તલાવછે તેમાંથી એ તલાવમાં પાંણી આંવેછે.

ઘોઘાનાં રેહેવાશીને ઘોઘારી કેહેછે. તેઓનો મોહોટો ભાગ ખારવાઓનોછે, જેઓમાંના કેટલાક મુસલમાન ધરમ પાલેછે, બીજા કોલીઓછે અને બાહેર દેશાવર જતાં વાંહાણોનાં ખલાસી દાખલ ચાકરી કરેછે. ઘોઘારીઓની ઈમાનદારી ઘણી વખણાએછે ! જમીન ઉપર ઉતરીઆ કે ચોતરફથી હમોને ખબર મલી હતી કે ઘણા લુચા ઘોઘારીઓ રસતે ફરતા ફરેછે, અને આંખ વીચે એટલા વારમાં દાગીનાઓ ગેબ કરી નાખેછે. આ વાત શાભલતાંજ ઘોઘાની અસલ તવારીખ હમોને ઈઆદ આવી. તવારીખના શોખીને ખબર હશે કે મોખરાજી ગોહીલે ઘોઘા અને પીરંબનો ટાપુ જે આસરે ૩ મઈલ દુરછે તે હાથ કીધા પછી કેટલીક મુદત શુધી લુટફાંટ માંડી હતી, અને એ બંદરની નજદીકથી જે વાંહાણો જાયે તેને લુટી લેતો હતો—તેવારથી ઘોઘારી ખારવાઓએ ચાચીઆનો ધંધો ઘણાક વરશો શુધી ચલાવીઓ હતો +. તેણે ઘોઘામાં પણ એક કીલો બાંધીઓ હતો, તેની નીશાન દક્ષણ તરફના દરવાજા આગલ હમોને બતલાવામાં આવી હતી.

ગોહીલ લોકના જવા પછી આ ગાંમ મોગલ રાજાઓના હાથમાં ઘણું આબાદાંનીમાં આવીઉં, પણ એ રાજનાં પડી ભાગવા પછી તેનો વેપાર બંધ પડીઓ. તેઆરબાદ ખંભાતનાં તાબામાં રહીઉં. પછી ગાએકુવાડ અને પેશવાનાં હાથમાં આવીઉં, અને જીઆરે એ બેઉ શરકારે ગામોની વેંહચણી કીધી તેઆરે તે પેશવાનાં તાબામાં આવીઉં. પેશવાની પછી તે અંગરેજ શરકારે તેનાં બીજાં ગામો શાથે પોતાને હસતક કરી લીધું.

ઘોઘાનો વેપાર આગલના જેવા જોશથી ચાલતો નથી. અસલની બંદરની ધાંમધુમ અને રચના બીલકુલ જોવામાં આવતી નથી, અને જીઆરથી ભાવનગરનું બંદર આબાદ થવા માંડીઉં તીઆરથી એ બંદર ભાગી પડીઉંછે. હાલમાં રૂની ચાર પાંચ હજાર ગાંસડી વરશ દાહાડે મુંબઈ તરફ જાએછે, અને મારવાડનું આસરે ૨૫ હજાર ગાંસડી ઉન આ બંદરથી વાંહાંણે ચહડેછે. આગલ ઘોઘા પરગણામાંથી બાજરીનો મોહોટો જથો મુંબઈ અને બીજાં દેસાવર ખાતે જતો હતો, પણ રૂની મોઘવારીને લીવે અનાજનો પક ક્રમ કરવા માંડીઓછે, તેથી ગાંમનાં ખપ જોગ પાકે છે.

ઘોઘામાં છોકરાઓની તથા છોડીઓની સરકારી નીશાલોછે, પણ એ ગાંમની વસતી પરમાણે પુરતા છોકરાઓ આવતા નથી. ઈનસાફ કરનારા તરણ હોદેદારો (મામલતદાર, મુનસફ, અને ફોજદાર) હીઆં રેહેછે.

**તા૦ ૧૭ મી ડીશેમબર ૧૮૬૫** બપોરના બે કલાકે હમો ઘોઘાથી ભાવનગર જવા સારૂં નીકલીઆ એ બેઉ ગાંમ વચે આસરે ૭ ગાઉનો તફાવતછે. રસતામાં બે ગાઉને છેટે "વડલો" નાંમે એક વડનું જાહાડ આવેછે, તેના વીશે એવું કેહેવાયેછે કે તેની ડાલ એવી રીતે હેડલ ઉતરેલીછે કે અસલ થડ કીઉ તે પરખાતું નથી. વડલાથી બે ગાઉ પછી "અકવાડા" ગાંમ આવીઉં હતું. પછી એક મીઠી નેહેર જેને "કસારા નદી" કેહેછે તેમાથી પસાર થયા પછી આસરે ૫ કલાકે હમો ભાવનગર પોહોંતા. રસ્તો ધુલ વાલો હતો પણ ઘણેર ઘણી ખરાબ હતી નહી; અને ઠેકાણે ઠેકાણે સપાટ રસતો મલતો હતો.

**ભાવનગર.** ભાવનગર ઘોઘા કરતાં મોહોટું ગાંમછે. ભાવનગરનુ બંદર તરતું અને શુરત કરતાં ઘણું સારૂં છે. ઓટની વેલા ખાડીમા આસરે ૨૪ થી ૨૫ ફુટ ઉંડું પાંણી રેહછે, જેથી કોઈ પણ વેલા વાંહાણોને બારામા આવતા અડચણ પડતી નથી. વેપાર મુખીઅ કરી રૂનોછે. વરશ દાહાડે આશરે ૫૦૦૦૦ ગાસડી આ બંદરથી વાહાંણમાં ચડેછે. બાજરીનો વેપાર હાલ ચાલતો નથી.

આ ગામની વસતી આસરે ૭૦ થી ૭૫ હજારનીછે, તેમાં હીંદુ અને મુસલમાન બે મુખીઅ જાતછે. હીંદુઓની પાઘડી એક ખાસ ઢપથી બાંધેલી હોએછે અને તેનું "ડોલ" સરખું કપાલ ઉપર આવવાને બદલે જમના કાનની ઉપર રાખવામાં આવેછે, તેને આપણે "ભાવનગરી પાઘડી" કહીએ છઈએ.

ઘરો ઘણુ કરી નીચાં, મટોડાં તથા ફતરનાં બાંધેલાં, અને ઘોઘાનાં ઘરોની બાંધણીને મલતાછે. રસતા સાકડા અને ઘોઘા કરતા વધારે ગલીચ હતા. ગલી ગલીએ કચરાના ઢગલા પડેલા એટલુંજ નહી પણ બીજી નજીસાટ કેટલાક રસતા ઉપર એટલીતો એકઠી થએલી કે તેમાં હમારાથી ફરાઈ શકાઈઉં નહી. શાભલવા પરમાણે હાલના કારભારી રસતાની હાલત શુધારવાને મેહનત લીએછે.

ભાવનગરના રાજ અધીકારી ઠાકોર જસમતસીંગ ભાવસીંગછે. તે જાતે રજપુતછે. તેની ઉમર આસરે ૨૫ વરશોનીછે, તે બાંધે મજબુત, રંગે ઘઉંલા, અને થંડા સવભાવનોછે. ભાવનગરની ગાદીને તાબે આસરે ૧૮૦૦ પાદર અથવા ૧૨૦૦ ગાંમડાંઓછે; એ માહેલાં કેટલાંક ઠાકોરનાં ભાઈઓ અને આગલનાં ઠાકોરની રાણીઓને આમદાની ખાવાને અપાએલાંછે. એ રાજની કુલે આમદાની આગલ ૮ થી ૧૦ લાખની હતી. પણ હાલની મોઘવારીનાં સબબથી ૪૦ થી ૫૦ લાખ રૂપીઆ દર વરશે ઉપજેછે તેમાંથી અંગરેજ સરકારને કાંઈ ખંડણી તરીકે આપવું પડેછે.

+ ખલાસીઓ પીરમના ટાપુ આગળથી હંકારતી વેળા નાળીએર તથા ફુલ હજુર પણ મોખરાજી ગોહીલને નામે સમુદરને ચડાવેછે. એ રાંજાએ પીરમમાં એક મજબુત કીલો બાંધીઓ હતો, તે પાછલથી કોઈ મુસલમાન રાજાએ તોડી નાખીઓ.

દીવસ અને રાતની આવ જાંવ, રૂતુંઓનો ફેરફાર, અને તેઓને લગતા તરેવાર દેખાવો, કે જે ખુદરતને સનગાર આપેછે, અને જે મનને સદા સુનદર તથા મનપસંદ આકારેથી ખુશી કરેછે, તેપર વાંચનારના પોતાનાજ વીચાર તેને ખેંચશે.

વીદીઆ હુનરથી જે રમુજ મલેછે, દોસતીથી, ચોપડીઓથી, અને વાતચીતથી જે મોજ મલેછે; અને જીંદગીની અંદર હજારો બીજી રીતની ગમતો મલેછે તેઓ વીશે હું અહીઆં બોલવા માગતો નથી, કારણ જે ઉતેજનોથી ખુશમીઝાજ દરએક સથીતીમાં તથા પદવીમાં માણસ સાધારણ રીતે મેલવી શકે અને જેથી સાફ માલમ પડેકે ખોદાનાલાએ આએ દુનીઆને બલાપો અને ફરીઆદથી ભરી નાખવાને અથવા માણસનુ દીલ હાએ અફસોસમાં મુજાવાને મખસદ રાખી નથી તેવાંજ ઉતેજનો વીશે જણાવવા માંગુછુ.

હું આવી રીતના ખુશમીઝાજને મનમા કસાવવાની વધારે અગત એમ જોઉંછું કે બીજી પરજાઓ કરતાં આપણાં દેસીઓમાં † એ ગુણની વધારે ખુટ માલમ પડેછે. ગરગીની પુરવ તરફના પવનથી ઘસડાઈ આવી આપણા ટાપુને એક પલીતની માફક ઘેરેછે. . . . .

દરએક જણે પોતાના દેશની હવા તથા પોતાના જાતી ખવાસ સામને સંભાલ રાખવો જોઈએ, અને દર ઘડીએ એવા વીચાર કરવા જોઈએ કે જેથી તેના મનને શાનતી મલે અને જે આદમજાતને નાની પાડા તથા અવદશા વારેઘડીએ સાધારણ રીતે નડેછે તેઓની સામને થઈ તેઓને સેહુલથી સાંખવાને બની આવે, અને જેઓથી ભરપુર ખુશી, અને સદાની સુખાકારી પેદા થાય

જોકે હું મારા વાંચનારનું ધીઆન આ દુનીઆંની ખુશી ભરેલી રોશનીમાં રોકવાને ખુશી છેઉં, તોએ મારે કબુલ કરવું જોઈએ કે આપણે વાસને સરજેલાં સુખોમા કેટલીક હલાકો આવી પડેછે; પણ જો તેઓનો બરોબર વીચાર કીધો હોય તો તેઓથી મનને એકદમ દલગીરીમાં નાખી નહી શકાશે અથવા જે ખુશ મીઝાજની હું ભલામણ કરૂંછું તેનો નાશ નહી થઈ શકાશે. સારાની સાથે માઠાંની, તથા સુખની સાથે દુખની ભેલવણીનુ કારણ "મી૦ લાક" પોતાના ગરંથમાં નીચે પરમાણે નીતીને લગતું દેખાડેછે.

"આપણી આસપાસ તથા આપણી ઉપર અસર કરનારી સરવે ચીજોમાં ઈશવરે સુખ અને દુખનો ભાગ પાંથરી નાખીઓછે, અને આપણા વીચારો તથા આપણી ઈંદરીઓના બધાં કાંમમાં પણ ભેલવી નાખીઓછે તેનુ બીજું કારણ એજે, તેની બનાવેલી વસતુઓથી જે સુખ મલેછે તેમા આપણે આપણી અધુરી હાલત, નાશીપાસી અને સંપુરણ સુખાકારીની કોતાઈ જોઈ, તે મોટા સાહેબનુ સુખ સાધવાને આપણે તજવીજ કરીએ કે જે સાહેબમાં સુખાકારી ભરપુરછે અને જેના જમણા હાથ ઉપર હમેશગીની મોજો એકઠીછે."

† "આડીસન" ઈંગરેજોને વાસતે એમ કહેછ, તારે હીંદુસથાનના રેહીઓને કહવી અસરથી એ દેહવન લાગુ પડવી જોઈએ તેનો વાંચનારેજ વીચાર કરવો.

## ગુજરાત તરફની મુસાફરીનો હેવાલ.

પેઆરૂં બેહેન જાઈજી,

ઈ૦ સ૦ ૧૮૬૫ ને છેરે હું ગુજરાત તરફ ફરવા ગયો હતો તેની મેં કેટલીકવાર તમારી આગલ ઉપર ટપકે વાત કીધી હતી અને તે તમુને મંનપસંદ લાગાથી તમોએ મારી મુસાફરીનો ટુક હેવાલ મારી પાસે લખી માંગોઓ હતો તે પરમાંણે કરવાને અતીઆર સુધી બે કારણસર મારેથી બનીઊં નહી હતું તેથી મેહરબાનીની રાહ દરગુજર કરવું. એક કારણ તો એકે મારી પાસે એ મુસાફરીની ટુક ટુક નોધ હતી જે ઊપરથી વીસતારીને લખવાને કાંમ ધંધાઆથે મને અવકાશ પુરતો નહી હતો, અને બીજું એકે એવી ટુક નોધ ઊપરથી ઘણોજ રસીલો હેવાલ હું આપી નહી શકસ એવી ધાસતી હું રાખતો હતો. પણ પેઆરાં બેહેન તમોએ જારે વારંમવાર એ વીશેની ઊઘરાંણી ચાલુ કીધી તારે આખરે તમારા તેમજ તમારી બીજી બેહેનપણીઓના ફાયદાને માટે મેં એ હેવાલ કટકે કટકે આપવાનો ઠેરાવ કીધોછે અને તે પરમાંણે આ વખત આપુંછું.

હમો સુરતથી તા૦ ૧૩ મી ડીજેમબર ૧૮૬૫ની સાંજનાં કલાક ૬ ને સુમસે રામનાંથ ઘેલાનાં દેહરાં આગલથી ઈસટીમર "જનરલ આઉટરાંમ" ઉપર ચડીઆ. એ ઈસટીમર મોહોટી હોવાથી નદીમાં છેક અંદર આવી શકી નહી. સઘલાં મલી આસરે ૨૫૦ માણુશો આગબોટ ઉપર સવાર થયાં હતાં. રાતના કલાક ૧૧ વાગને તેનું લંગર ઉંચકાયું, અને તેના ચકર ફરવા લાગા, પણ ખાડીમાં પાણી બસ નહી હોવાથી ડુમસ આગલ લંગર નાખવાની ફરજ પડી. તા૦ ૧૪ મીની બપોરે ડુમસ આગલથી પાછી હંકારી, પણ ભગવા આગલ ગએઆ નહી એટલામાં પાંણી પાછાં ખુટી ગએઆં અને ફરી એકવાર લંગર નાખવું પડીઉં. રાતના કલાક ૯ વાગને આગબોટનો સાંચો પાછો ચાલવા લાગો અને આસરે કલાક ૧૨ વાગને ઘોઘાની ખાડી સહી કીધી, પણ રાતના કીનારે ઉતરીઆ નહી.

તા૦ ૧૫ મીની સવારનાં ઘોઘાનો દેખાવ નજરે પડીઓ. કીનારાની નજદીક "ચકંદો" (રૂનો ઈસકર)નું મકાન તથા એક બંગલો છે તે સીવાએ ગાંમની વસતી દુરથી જોવામાં આવી; અને ઘરોનાં વચમાંથી હીંદુ લોકોનાં દેહરાંની નકાસીઓ ઉપર તરી આવતી સઘલાને ખુલી માલુંમ પડી. કલાક ૭ વાગતે ઈસટીમરની જાલીબોટમાં બેસી કીનારે ઉતરીઆ. એ વેલા પાંણીની ઓટ હતી તેથી હમુને ભીંજેલી જમીન ઉપર ચાલવું પડીઉં, પણ તે રેતાલ જમીન ન હોવાથી કાદવ નડીઓ ન હતો. પછી ગાડીમાં બેસી સેઠ હથીસીંગની ધરમશાલામાં ઉતારાની જગાપર ગએઆ.

**ઘોઘા.** ઘોઘા ગાંમ આસરે ૧॥ મઈલ લાંબુ અને ૩ મઈલ પોહોલુંછે. તેમાં આસરે ૨૦૦૦ ઘરો અને સઘલીં મલી ૧૦૦૦૦ માણુસની વસતીછે. ઘરો નીચાં, એક માલનાં અને ઘણુંકરી મટોડું તથા ફતરનાં બનેલાંછે; અને દીવાલો ઉપર સલો નહી ફેરવેલો તેથી તેની બાંધણી બાહેરથી ખુલી દીશેછે. ઘણાખરા રસતા સાંકલા અને ધુલેથાં ભરેલાછે. હમારો ઉતારા આગલનો રસતો જેને "કચેરી મોહોલો" કહેછે તે ઘણો પોહોલોછે.

ઘોઘામાં સાધારણ વનસપતી જલેછે. પીવાના પાંણીની જરા તંગી હોવે એવું જણાઈયું હતું, કારણ કે સઘલા લોકો એક તલાવ જેને "રાંમકુંડ" કહેછે તેમાંથી પાણી લઈ જાયછે. એ તલાવ ફતરનું બાંધેલુંછે અને તેનાથી ૧॥ મઈલ ઉપર બીજો મોહોટો તલાવછે તેમાંથી એ તલાવમાં પાંણી આવેછે.

ઘોઘાનાં રેહેવાશીને ઘોઘારી કેહેછે. તેઓનો મોહોટો ભાગ ખારવાઓનોછે, જેઓમાનાં કેટલાક મુસલમાન ધરમ પાલેછે, બીજા કોલીઓછે અને બાહેર દેશાવર જતા વાંહાણોનાં ખલાસી દાખલ ચાકરી કરેછે. ઘોઘારીઓની ઈમાનદારી ઘણી વખણાએછે ! જમીન ઉપર ઉતરીઆ કે ચોતરફથી હમોને ખબર મલી હતી કે ઘણા લુચા ઘોઘારીઓ રસતે ફરતા ફરેછે, અને આંખ વીંચે એટલા વારમાં દાગીનાઓ ગેબ કરી નાખેછે. આ વાત શાંભલતાંજ ઘોઘાની અસલ તવારીખ હમોને ઈઆદ આવી. તવારીખના શોખીને ખબર હશે કે મોખરાજી ગોહીલે ઘોઘા અને પીરંબનો ટાપુ જે આસરે ૩ મઈલ દુરછે તે હાથ કીધા પછી કેટલીક મુદત શુધી લુટફાંટ માંડી હતી, અને એ બંદરની નજદીકથી જે વાંહાંણો જાયે તેને લુટી લેતો હતો—તેવારથી ઘોઘારી ખારવાઓએ ચાચીઆનો ધંધો ઘણાક વરશો શુધી ચલાવીઓ હતો.† તેણે ઘોઘામાં પણ એક કીલો બાંધીઓ હતો, તેની નીશાન દક્ષણ તરફના દરવાજા આગલ હમોને બતલાવામાં આવી હતી.

ગોહીલ લોકના જવા પછી આ ગામ મોગલ રાજાઓના હાથમાં ઘણું આબાદાંનીમાં આવીઉં, પણ એ રાજનાં પડી ભાગવા પછી તેનો વેપાર બંધ પડીઓ. તેઆરબાદ ખંબાતનાં તાબામાં રહીઉં. પછી ગાએકુવાડ અને પેશવાનાં હાથમાં આવીઉં, અને જીઆરે એ બેઉ શરકારે ગામોની વેંહચણી કીધી તેઆરે તે પેશવાનાં તાબામા આવીઉં. પેશવાની પછી તે અંગરેજ શરકારે તેનાં બીજાં ગાંમો શાથે પોતાને હસતક કરી લીધું.

ઘોઘાનો વેપાર આગલના જેવા જોશથી ચાલતો નથી. અસલની બંદરની ધાંમધુમ અને રચના બીલકુલ જોવામાં આવતી નથી, અને જીઆરથી ભાવનગરનું બંદર આબાદ થવા માંડીઉં તીઆરથી એ બંદર ભાગી પડીઉંછે. હાલમાં રૂની ચાર પાંચ હજાર ગાંસડી વરશ દાહાડે મુંબઈ તરફ જાએછે, અને મારવાડનું આસરે ૨૫ હજાર ગાસડી ઉન આ બંદરથી વાંહાંણે ચહડેછે. આગલ ઘોઘા પરગણામાંથી બાજરીનો મોહોટો જથો મુંબઈ અને બીજાં દેસાવર ખાતે જતો હતો, પણ રૂની મોઘવારીને લીધે અનાજનો પાક કમ કરવા માંડીઓછે, તેથી ગાંમનાં ખપ જોગ પાકે છે.

ઘોઘામાં છોકરાઓની તથા છોડીઓની સરકારી નીશાલોછે, પણ એ ગાંમની વસતી પરમાણે પુરતા છોકરાઓ આવતા નથી. ઈનસાફ કરનારા તરણ હોદેદારો (મામલતદાર, મુનસફ, અને ફોજદાર) હીઆં રેહેછે.

**તા૦ ૧૭ મી ડીજેમબર ૧૮૭૫.** બપોરના બે કલાકે હમો ઘોઘાથી ભાવનગર જવા સારૂં નીકલીઆ એ બેઉ ગામ વચે આસરે ૭ ગાઉનો તફાવતછે. રસતામાં બે ગાઉને છેટે "વડલો" નાંમે એક વડનું જાહાડ આવેછે, તેના વીશે એવું કેહેવાયેછે કે તેની ડાલ એવી રીતે હેઠલ ઉતરેલીછે કે અસલ થડ કીઉં તે પરખાતું નથી. વડલાથી બે ગાઉ પછી "અકવાડા" ગાંમ આવીઉં હતું. પછી એક મીઠી નેહેર જેને "કસારા નદી" કેહેછે તેમાથી પસાર થયા પછી આસરે ૫ કલાકે હમો ભાવનગર પોંહોંતા. રસ્તો ધુલ વાલો હતો પણ ઘટેર ઘણી ખરાબ હતી નહી, અને ઠેકાણે ઠેકાણે સપાટ રસતો મલતો હતો.

**ભાવનગર.** ભાવનગર ઘોઘા કરતાં મોહોટું ગાંમછે. ભાવનગરનુ બંદર તરવું અને શુરત કરતાં ઘણું સારૂં છે. ઓટની વેલા ખાડીમા આસરે ૨૪ થી ૨૫ ફુટ ઉંડું પાણી રેહછે, જેથી કોઈ પણ વેલા વાંહાણોને બારામા આવતા અડચણ પડતી નથી. વેપાર મુખીઅ કરી રૂનોછે. વરશ દાહાડે આશરે ૫૦૦૦૦ ગાસડી આ બંદરથી વાંહાંણમા ચડેછે. બાજરીનો વેપાર હાલ ચાલતો નથી

આ ગામની વસતી આસરે ૭૦ થી ૭૫ હજારનીછે, તેમા હીંદુ અને મુસલમાન બે મુખીઅ જાતછે. હીંદુઓની પાઘડી એક ખાસ ઘપથી બાંધેલી હોએછે અને તેનું "ઢોલ" સરખું કપાલ ઉપર આવવાને બદલે જમના કાનની ઉપર રાખવામાં આવેછે, તેને આપણે "ભાવનગરી પાઘડી" કહીએ છઈએ.

ઘરો ઘણુ કરી નીચાં, મટોડાં તથા ફતરના બાંધેલાં, અને ઘોઘાનાં ઘરોની બાંધણીને મલતાછે. રસતા સાંકડા અને ઘોઘા કરતાં વધારે ગલીચ હતા ગલી ગલીએ કચરાનાં ઘગલા પડેલા એટલુંજ નહી પણ બીજી નઠારી કેટલાક રસતા ઉપર એટલીતો એકઠી થએલી કે તેમાં હમારાથી ફરાઈ શકાઈઉં નહી. શાંભલવા પરમાણે હાલના કારભારી રસતાની હાલત શુધારવાને મેહનત લીએછે.

ભાવનગરનાં રાજ અધીકારી ઠાકોર જસમતસીંગ ભાવસીંગછે. તે જાતે રજપુતછે. તેની ઉમર આસરે ૨૫ વરશાંનીછે; તે બાંધે મજબુત, રંગે ઘઉંલા, અને થંડા સવભાવનોછે. ભાવનગરની ગાદીને તાબે આસરે ૧૮૦૦ પાદર અથવા ૧૨૦૦ ગાંમડાંઓછે; એ માહેલાં કેટલાંક ઠાકોરનાં ભાઈઓ અને આગલનાં ઠાકોરની રાણીઓને આમદાની ખાવાને અપાએલાછે. એ. રાજની કુલે આમદાની આગલ ૮ થી ૧૦ લાખની હતી. પણ હાલની મોઘવારીનાં સબબથી ૪૦ થી ૫૦ લાખ રૂપીઆ દર વરશે ઉપજેછે તેમાંથી અંગરેજ સરકારને કાંઈ ખંડણી તરીકે આપવું પડેછે.

† ખલાસીઓ પીરંબના ટાપુ આગળથી હકારતી વેળા નાલીએર તથા ફુલ હજુર પણ મોખરાજી ગોહીલને નામે સમુદરને ચહડાવેછે. એ રાજાએ પીરંબમાં એક મજબુત કીલો બાંધીઓ હતો, તે પાછળથી કોઈ મુસલમાન રાજાએ તોડી નાખીઓ.

ઠાકોરનો સઘલો વહીવટ તેનાં કારભારીઓ ચલાવેછે; તેઓ રઈએત ઉપર સારી મેહરબાની રાખેછે, અને શુધારાનાં કાંમને ટેકો આપેછે.

પણ ભાવનગરનો ફોજદારી તથા દીવાની ઈનસાફ † અંગરેજ સરકાર તરફથી નેમાએલાં માણસો ચલાવે છે, અને ભારે મુકરદમાં ઘોઘાનાં મામલતદાર તથા મુનસફ પાસે મોકલવામાં આવેછે.

દરબારના ‡ મકાનમાં એક ઘડીઆલનો મનારોછે. તે આસરે ૧૦૬ ફીટ ઉંચોછે, અને ચારો તરફ ચંદાછે. તેમાં કલાક વાગેછે એટલુંજ નહી, પણ તારીખ, વાર, મહીનો પણ તેમાંથી જણાએછે એવું લોકો કેહતા હતા, પણ હમોએ જોયું તે વેલા તે ચાલતું ન હતું. એ ઘડીઆલમાં જાંણવાજોગ ફેરફાર એછે કે "કલાક" (અવર) અને "મીનીટ" ના બે કાંટાને બદલે તેમાં ફક્ત પેહેલો (અવર હેંડ) છે ! એનું કારણ તજવીજ કીધાથી એવું માલુંમ પડીઉં કે લોકોને મીનીટમા બરાબર સમજ નથી તેથી એકજ કાંટો તે બનેઉં તે દાહાડેથી રાખવામાં આવીઓ હતો, બરાબર બોલીએતો જે લોકો કે અફીણમા ચકચુર રેહે તેઓને મીનીટોના તફાવતની દરકાર રેહેતી નથી. વલી દરબારી ગામોમાં રવાજ છે કે મુકરર કીધેલા વખતમાં તરીસ, ચાલીસ મીનીટનો તફાવત પહેતો તે કાઇ છીવ જેવું નહી. બલકેઆગલના રાજાઓ સવારે કરવાનું કાંમ સાંજરે પણ કદાચજ કરી શકતા હતા, એ વાત કોઇ નાકબુલ કરશે નહી. એ ઘડીઆલ મીરજાનાં ખાનદાનનાં પારસી ઘડીઆલીએ બનાવીઉં હતું. તેને મહીનામાં બેવાર કુંચી આપવી પડેછે.

ઠાકોરના મકાનનાં એક માલ ઉપર કેટલાક વાઘો રાખેલાછે તે જોવાને હમો ગએઆ હતા. એક નીચી ઉભરણીના માલ ઉપર મજબુત લોટાનાં કટેરાના પાંચ મોહોટા પાંજરા બનાવેલાછે, અને દરએકનાં અંદરથી બીજામાં જવાઈ શકે એવા બારણાં રાખેલાછે. એમા એક વાઘ, તરણ વાઘણ અને એક ચીતાની માદા હતા. જેમ કોરવાઈમાં ઉંદર ફરતો હોએ તેમ એ જાણવરો પોતાના પાજરામા ફરતાં હતાં. હમોને જોઈ એક કુદવા મંડી ગઉં અને બુંમ પાડી, કુદકા મારી, જાને હમારા ઉપર હોમ્લો કરવા આવે તેમ જોશથી આગલ ધસીઉં, પણ બીચારૂં માણશના અખતીઆરમાં કેદ પડેલું તે શું કરે, બાપડું નીરાસ થઈને ઘુરકીઆ કરતું એ વાઘોની એક હોશી બરદાશ કરતી હતી. બાહેરથી તેઓને એક પીજરાંમાંથી બીજાં પીજરામાં બોલાવી શકતી, સેમને હાથથી પસવારતી, અને તેમને ગોશનો ખોરાક આપતી હમોએ જોઈ હતી. એ હોશી સઘલાં જાનવરો સોડે પણ જતી હતી એવું હમોએ ખાતરીથી શાંભલીઉં હતું, અને તેઓ તેને કશી ઈજા રેતા નહી. એક વાઘણે તરણ બચાં પાજરામાં જણીઆં હતાં, તેમાંનું એક હઈઆત હતું અને તેને બલાડીની પેઠે બાહેર ચાલ ઉપર ફરતાં અને છોકરાંઓ સાથે રમતાં હમોએ જોઈઉં હતું. માળ ઉપર વાઘના મુતર વીગેરેનો બદબો એટલોતો પસરતો કે રોમાલથી નાખ બંધ કરીઆ વીનાં ચાલીઉં નહી, માટે એ જાંનવરોને જોવા જનારાઓને બલામણ કરીએ છઈએ કે પોતાનાં રોમાલ ઉપર કાંઈ ખુશબો છાંટીને જવું.

"ભાવનગર" આસરે ૧૩૩ વરસ ઉપર રાવલ રતનસીંગનાં છોકરા રાવલ "ભાવસીંગે" વસાવીઉં હતું.

ગાંમથી આસરે બે માઈલ દુર રૂખાપુરી માતાનું દેહરૂં છે.

† હાલમાં ઠાકોરે રૂપયો અખતીઆર પોતાના સવાધીનમાં લેવાની સરકારને અરજ કીધીછે, અને તે ધારવામેલે કબુલ કરવામાં આવશે—એવું લોકો કેહતા હતા.

‡ "દરબાર" બોલ કાઠીઆવાડમાં પણો સાધારણછે, અને રૂપલી જાતનાં કાઠીઆવાડી રાજ કરતાઓને સાધારણ રીતે લગડાસા હમોએ શાંભળીઓ હતો.

---

## પરચુટણ.

**બંદુકના દારૂને માટે પાંણીમાં વખાર**—બંદુકનો દારૂ અને એવી બીજી જલદીથી સલગી ઉઠે એવી વસતુઓને સલાંમત રાખવાને માટે નવી યુકતી શોધી કાહાડીછે. પાંણીની હોજમાં તરતી વખારો બનાવેછે લોહોડાંના ૧૬ ફીટ ઉંચા અને સાત ફીટ વેપાસના લાંબા નલના આકારના બારકસો બનાવેછે. ઉપરથી અને નીચેથી ગોલ પતરાંથી બંધ કરી લેછે અને એક બાજુએથી લોક રાખેછે. એવાં પચીસ બારકસોને લોહોડાંના પાટી વટી મજબુત સાથે બાંધેછે અને પાંણીની સપાટી લગી હેઠેથી લાકડાના પાટીઆં જડી લેછે. એ બારકસોને મોહોટી હોજમાં તરતાં રાખેછે અને જારે તેવોમાં માલ ભરવા ઈયા તે માંહેથી કાહાડવો હોયે તારે તેવોને કીનારે ઘસડી લાવેછે જો પાંણી જેવી વસતુ કાહાડવાની હોયેછે તો બુમબા કામમાં લગાડેછે.

---

**ઓરતોની ખુબી**—લેડવાર્ડ નામનો એક પંકાયલો મુસાફર લખી જાયેછે કે "મને સઘલા દેશોમાં ઓરતો ઘણી અસરાફ, હેસાનમંદ, નરમ દીલની અને માયાલુ માલમ પડીછે. સુધરેલી ઈયા જંગલી ઓરતને જારે પણ મેં લાયકી અને મીલનસારીથી અરજ ગુજારી હતી તારે હમેશાં લાયકીવાલો અને મીલનસાર જવાબ મલીયા વગર રહેયો નથી. મરદ સાથે વારેઘડીએ એથી ઉલટું બનીયુંછે. બેમરવત દેનમારક દેશના જંગલમાં તથા વફાદાર સવીડન દેશમાં, તથા બરફથી પંઠરાઈ ગયેલું લાપલાનંડ, તથા જંગલી અને ગવાર ફીનલાનંડ, તથાં બદનઈયતનું રૂશીયા દેશ અને ભમતા તારતરના જંગલોમાં, જારે પણ હું ભુખો તરસીઓ, ઠંડીથી ધ્રુજતો તથા ભીજેલો તથા આજારી પડેલો ગયેલોછું, તાંહાંની ઓરતોએ મારી તરફ હમેશાં મીલનસારી બતલાવીછે; અને એ નેકીમાં વધુ એ હતું કે તે હમેશ ખોલા દીલથી અને પેયારથી દેખાડતાં હતાં; કે જેથી જારે હું તરસીઓ હતો તારે હરેક કાંઈ પીવાનું મને ઘણુંજ લેહેજતદાર લાગતું હતું અને ભુખો હોઉં તારે જાડો રોટલો બેવરા સવાદથી ખાતો હતો."

---

કોણ ભુખું રેહેછે ? ગરીબ માણસ ભુખો રેહેછે, કાંપેકે તેની પાસે કાઈ ખાવાનું નથી.

દોલતમંદ ભુખો રેહેછે, કાંપેકે તેનંથી ખવાતું નથી.

બખીલ લુખો રેહેછે, કે તેના લોભી જીવને મારે કાંઇ ફાલતું રેહે. એધી લુખો રેહેછે, કે તે એકદમ વધારે ખાએ.

મકરખોર લુખો રેહેછે, કે તેથી વધારે પવીતર માલ મ પડે.

ધરમી લુખો રેહેછે કે પાપ અને મુરખાઇની સજા થાયે.

---

નેક અને બદ—નેકને રાત નથી અંધારી.
બદને દીવસ નથી ઉજવાલો.

---

**આંધરાને ઉંઘ અરધી**—બે છોકરાઓ જમાનો એ ક જણ એક આંખે અપંગ હતો તેઓ પોત પોતાની ખબરાકીનું બાંકું કુકતા હતા. આંધરા છોકરાએ બીજાને કહયું કે "વારૂ ચાલ તું રાતે કેટલા કલાક ઉંઘાયછે?" દેખતાએ કહયું કે "હું આઠ કલાક સુવુંછું." આંધરો બોલી ઉઠીયો "બાપરે આઠ કલાકની ઉંઘ શી ધાર? હું તો માતર ચાર કલાકજ શુવુછુ" દેખતાએ ઉતર વાલીઓ કે "રે આંધલા માહારી વાત શાંભલ. તુંને તો એક આંખ વીંચવાની અને મહને તો બે; તારે તુંહને તરીરાશી આવડતી હોયતો ગણી કાહાડ કે જો એક આંખ બંધ કરીને ઉંઘ લેવાને ૪ કલાક લાગે તો બે આંખ બંધ કરીને ઉંઘ લેવાને ૮ કલાક લાગે કે નહી!"

---

**ભાગેલાં કોડી કામને સાંધવાની રીત**—એક ચકમકના કાચને ખાંડણીમાં ઘણોજ બારીક કુટવો અને તેમાં એક ઇડાંની સપેતી ભેલવી. આ લાહીથી કોડીના બે ભાગેલા કટકાઓ બેમાલમ રીતે ચોંટી જશે.

---

**કુતરાંના ચાંચર**—'કલોરાઇડ આવ લાઇમ' જે કોઇ પણ દવાખાનામાંથી મલી શકશે તેણે જો કુતરાંને સાફ કીધું હોયતો શઘલા ચાંચરો એકદમ નાબુદ થશે.

---

મકામાં એક મોહોટી કોરાનની ચોપડીછે તે લંબાઇમાં ૪ ફીટ ૮ ઇંચ અને પોહોલાઇમાં ૨ ફીટ ૮ ઇંચ છે. તેને લખતાં છ વરસ લાગાં હતાં.

---

## રમુજે ફુરસત.

૧ લું. હું ચાર અક્ષરનો બોલછું. જો કોઇબા ધણી મને લેઇ પોતાનું કાંમ કાહાડવા જાયછે તો સાંભે ધણી એક પીડા સમજી અખારા કરી નાહસવા માંડેછે. જો મારૂં માથું કાપી નાંખોતો હું અકારો લાગવાને બદલે દુનીઆનું એક મોટું કારન-સાધુંછું અને લોકોને જોડુંછું, અને જાંહાં હું તાહાં ખુશબખતીનાં નગારાં વાગેછે. જો વલી ફરીથી મારૂં માથું કાપી નાંખોતો હું શંખીઆં અથવા તોલું બતલાવનારો બોલ થાઉંછું. જો મારાં કાપી નાંખેલાં બેઉ માંથાંને સાથે જોડોતો હું તમારી ચીજોને એવીતો ગુંથવી નાંખુંછું કે કેટલીકવાર તમો કંટાલી જઇ તેને તોડી નાંખવા માંગોછો. હવે જો મારાં બે માંથાંની સામે મારી પુછડી જોડો અને જો તેને "સારી" બોલ પેહેલાં લગાડી તે પરમાંણે તમો ચાલોતો દુનીઆમાં તમો સારાં માણસ ગણાઓ, પણ જો તેને બદલે પેહલાં "ખરાબ" બોલ લગાડો અને તેમ ચાલોતો તમે પોતાને નુકશાંન કરશો અને દુનીઆની લેઆંનત લેશો;—ગોડા, ગાડી હાંકનારાબી જો મને લેતી વખતે સંભાલ નહી રાખેતો તેઓને હું ખતા ખવડાઉંછું. છેલે મારો ૩ જો ૧ લો, ૨ જો અને ૪ થો અક્ષર મલી એક કોમની સ્ત્રી થાયછે જે તમારે સારૂ એક ઉપયોગી વસતુ લેઇ દર સવાર સાંજ તમારે તાંહાં આવેછે. ચાલો બાઇઓ મારૂં નાંમ બોલો.

૨ જું. હું એક નાહાની ચીજછું અને મારાંમાં વીચીતર ગુણોછે કે જે કદાચ માણવામાંબી નહી આવે. જોકે મને જીભ નથી તોબી હું બોલી શકુંછ. મારી ભાશા શાફ અને સમજ પડે એવીછે. હું ગંમ, શોક ખુશી સુખ દુખ સરવે જણાઉંછું. જોકે મને સાધા અથવા અવયવ નથી તોબી મને તમે ડોડતાં જોવોછો. વલી હું ફુકા અથવા પાંખ વગર માંછલીની પેઠે તરી શકુછ. કેટલાંક તો મને હીરો, રતન અને ઉમદા ગહવેર કરી કેહેછે. મોટા મોટા તબીબો અને એોલમાંઓએ મારો અભીઆસ કીધો છે. હું તરેહવાર રંગથી પરકાશુંછ, હું ચલકતી છેઉં હું ઝાંખી છેઉં. હું હાલુંછ અને સુસત પડી પણ રેહુંછું અને જારે હું તપી જાઉંછું તારે વરસાત વટીક વરસાઉછું. જોકે એક કાયમ ઇમાને ચોકસ જગામાં રહુંછું તોબી હું ખુબ ભટકુંછું. હું અપટી ગોલ અને તરેહવાર આકારની છું. હુ તેજદારછું, નરમાસવાલી તેમજ ગુશાવાલીછું. હું સુકીછું, હું ભીંણીછું. હું ધીકાર તેમજ દયા બતલાઉછું. હું કાલાવાલા કરૂંછ, હું તીરસકાર કરૂંછ. મારા એક ઝપાટાથી હું સુરજ ચાંન તથા સેતારાની રોશનીને દુર કરી નાંખુછ-અને સરવે અંધકાર કરી મેલુંછ. સ્ત્રીઓ અકશર કરી મારાં હાલ પરમાંણે તમોને જેબ મલેછે. મારામાં શરમ રેહેછે પણ એક વાર તમો સરમને તાંહાંથી કાહાડી નાખોછો એટલે હું બેહા થાઉંછું. મારા વગર તમારૂં જીવતર ખોટુંછે. કવી અને ફીલસુફોએ મારી તારીફ ગાઇછે. પરદેશથી અથવા લાંબી મુદતે બાહેરથી આવતા માંબાપ ધણી તથા ભાઇ ભાંડુઓને મલવાને તમો મને પેહલાં આગલ પાડોછો અને હુંજ તેવોની ઓલખાંન તમોને આપુંછું. બોલો બેહની હું કોણ અને કહેઆ મુલકની રેહવાસણ અને સોવાસનછું!

૩ જો. એક સખશ થોડાક પઇસાની રકમ ગજવામાં લેઇ બજારમાં ગયો અને પેહલી દુકાંને જઇ તેણે કહેઉં કે જેટલા પઇસા આ વખતે તેનાં ગજવામાંછે એટલાજ બીજા પઇસા જો તે દુકાંનદાર પેહેલાં આપેતો તે ચાર આનાંનો માલ ખરીદવાને તઇઆરછે. દુકાંનદારે તેમ કીધાથી માલ ખરીદી તે સખશ બીજી દુકાંને ગયો અને તાંહાં પણ ઉપર મુજબજ કહેઉ અને તેની પાસેથી પેહેલાં પઇસા લેઇ ચાર આનાનો માલ ખરીદી તરીજી દુકાંને ગયો અને તાંહાં પણ તેજ પરમાંણે માલ ખરીદી ગજવામાં જોયછેતો ગજવું તદન ખાલી તારે તે સખશ કેટલા પઇસા લેઇ બજારમાં ગયો હતો તે કહો.

## ઓળખાસા ગઈ વેલાનો.

૧ લું—ખુરશી.

૨ જું—પારસીઓનું માંથે પેહરવાનું ખોખું.

૩ જું—કારણ તેઓ બંને લાંબો વખત રહેયાથી ગંધાયછે (એટલે પસંદ પડતા નથી.)

૪ થું—કારણ બંને એક સરખાં સીધાં અથવાં તીક્ષણ રેહેછે—છેડયાંતો જલદી જખમ કરતા વાર લગાડતાં નથી.

## બુરા લોકાના બોલવા થકી ડરીને સારાં કાંમથી પાછું નહી હઠવા વીશે.

દોહોરા.

હાથ ધરવું જો કદી, રૂડું હર કંઈ કાંમ,
હિંમત છોડવી નહી કદી, કરવું પુર તમાંમ.
ખારેલ કપટી અદેખા, હેવા બુરા જે જન,
નઈ દો તેમના બોલપર, રતી ભાર પણ ધ્યાન.
જાંગલા પાછળ ધાય જયમ, ભસતો ભુંડો સ્વાન,
રાખો ભસતા તેમને, એ કહેવત પ્રમાણ.
ચિંતા વગર આગળ વધો, રાખી મનને સ્થીર,
ધારેલ કામ પુરૂં કરો, રાખી દીલે ધીર.
બુરાઓના બોલવા થકી, કદી હાથ ધરેલું કાર્મ,
ડરી છોડયો નહિ પણ, લગ્યો ઉમંગ સ કામ.
સારાં કૃત્ય કરનારને, છે પ્રથમ પિડ નિધાન,
છોડો તે હણવા થકી, કેળવણી રૂપી બાણ
કષ્ટ મેળવેલા કિરતી, રહેછે જાવેદાન,
કષ્ટ ખાતર બીવું નહી, કષ્ટછે સુખ નિશાન.
ગાલેલિઓ પ્રખ્યાત થયો, પિડ ભોગવી અત્યંત,
ડર્યો ન દુષ્ટ લોકથી, વિચાર રાખી મક્કમ.
બુરા લોકના બોલથી, બિહ્ છોડત જો કાજ,
જાણત નહિ આપણ કદી, કોણ હતો તે આજ.
એ વતરોગ બિજા બહુ, પ્રખ્યાત છે કિર્તિવંત,
તે સઘળાનો ધડો લઈ, કરો સુ કામની ખંત.
અને બિહક છોડી બુરાઓની, ઉપર કહુંછે જેમ,
રાખો તેમજ તેમને, સ્વાન ભસેછે તેમ.
સમજો મશ્કરી તેમની, આપ વધારા કાજ,
ઉદ્યમિતું તેતો ખરે વળિ, છે ઉત્તેજન હથ્યાર.
કપટી ખારેલ બુરા અને, મતલબી વ્હેમી ન્યાત,
એ આદી બિજાઓથી, ડરત જો કરસનદાસ.
તો દેખત નહી કદી વળી, સ્વર્ગ સરીખું દેશ,
ને પામત નહી કદી પણ, આજ કિર્તી વીશેષ.
માટે કહું સઉ જન જોહે, ફરી ફરી એક વાર,
વાંન વિચારે ભસવા દો, સ્વાન સુખી ભસનાર.
આવે આગળ ધાઈ જો, યુક્તિ કરો આ સેલ,
ફેંકો એવી ચતુરાઈથી, શબ્દ રૂપી ગોફેલ.
કે ચટયુંછે જે આંખપર, અદેખાઈ રૂપી પર,
જાય ઉખડી તે ઝટ અને, આવે સુ રાહ ઉપર.
દાસ કહે ન હતે કદી, હિંમતવાન મનુષ,
નડે વિઘ્ન તેને ઘણાં, ગણકાવે નઈ ઉર.
ધીરજ સંગ પુરૂં કરી, આપ ધારેલું કામ,
ખુસી સંગ મેળવી ફતેહ, લે દીલે આરાંમ.

## ઈશ્વરથી ડરે, તો કપટથી કમાણી કેમ કરે ? તે વિષેનું પદ.

" જે કોઈ પ્રેમી અંશ અવતરે, પ્રેમરસ એના ઉરમાં ઠરે "

એ રાગતુછે.

દિલે દિલજાણુ થકી જોડરે, કમાણી કપટ કરી કેમ કરે. ટેક.
ખૂનીને બાંધી ખાંડાની ધાર તળે લઈ ધરે;
એ અવસર આપે સુખડી, તે કેમ ગળામાં ગરે, કમાણી૦
વાઘ મળે જનને વગડામાં, પંથ જતાં પાધરે;
ભય લાગે ને હિમતે ભાગે, ભૂપર પગ નવ ભરે, કમાણી૦
જળ પંથે જાતાં જગપીમાં, જર આવે નજરે;
પણ ત્યા કદિ કૂદી પડવાનુ, અંતર નહિ ઉતરે, કમાણી૦
ઘર બળતું દેખીને ઘરધણી, રૂદન અધિક આદરે;
પણ દોલત બળતી દેખીને, માહિ પડી નવ મરે, કમાણી૦
માયા કારણ ઉપજે મૃત્યુ, એવું ન કોઈ આચરે;
મોત થકી હરિનો ડર મોટો, એમ વિચારીઅરે, કમાણી૦
આ જગતુ સુખ અલપ અરે ભાઈ, અતિ દુખછે આખરે,
પછિ પીડાનો પાર ન પામે, સંહસ્ર જુગને સરે, કમાણી૦
આ સંસાર સ્વપનની સમૃદ્ધી, ભવ પછિ નહિ સાંભરે;
સુકરમ કુકરમ રહેશે સાંથે, ફેરા જ્યાં તું ફરે, કમાણી૦
સ્વપનામાં કૂટે કે રૂએ આંખોં, અને સૂ ઝરે;
જાગિ જુએ સ્વપનૂં તો જાઠું, કૂટ્યું ત્યાં ચરચરે, કમાણી૦
રે પ્રાણી તેં પ્યાર ન રાખ્યો પરમ પ્રભૂ ઉપરે;
દલપતરામ કહે દારૂણ દુખ, હરી વિના કોણ હરે, કમાણી૦

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. આગસટ ૧૮૯૭ આંક ૮ મો.


## સેનાહ શેહેરનો કીલલો.

ભાગ ૬ ઠો.

અસફંદીઆરે પેલા ગુફાના મોહો આગલ એક હથી
યારબંધ સરદારને કોઇ ખેડુત સાથે ગોફતેગો કરતાં જોયો;
જે ખેડુત મોહોટે અવાજે બોલતો હતો કે મેં એક ઓરત
ને આ ખડકોમાં ભટકતાં જોઇછે. પેલો સરદાર આ બો
લો શાંભલી પોતાની સામેનાજ ગુફામાં તલાસ કરવાને મા
થું મારતો હતો પણ એટલામાં બાહાદુર અસફંદીઆરે વ
ચમાં પડીને પેલા સરદારના માથાં આગલ પોતાની સમશે
હેર ધરી અને કહીયું કે "ખબરદાર, તાહારા જાનની કદ
ર હોયતો પગલાં પાછાં ફેરવ." પેલો સરદાર ગુસાથી
બોલીઓ કે "અને તું કોણ કે માહારા રસતાની વચમાં
પડે!" અસફંદીઆર બોલીઓ કે "હું એક શીપાઇછું
અને આ ગુફાની રખેવાલી કરૂંછું." પેલો સરદાર પાછો
ક્રોધથી બોલીઓ કે "હું પાહાદશાહજાદી પરીચેહેરને શો
ધુંછું અને મહને એવું માલમછે, કે તેણે આ ખડકોમાં
આશરો લીધોછે. ખીસ એ માથાં ફરેલ જુવાન નહીતર
માહારા ગુસાએ કરી તાહારી નરડીને સુતલીની માફક
એક ક્ષણમાં વલ દેઇ નાખીશ." અસફંદીઆર મીજાજ
ખોહીને બોલીઓ કે "જા જા; હીયાંથી નીકલ; લડાઇના ન
ગારાં તેંજ સાંભલીયાંચ એવો મનથી હરખાતો ના."

આ સરદાર મીનોચેહેર પોતે હતો. જુવાક રસતે ર
સતે પુછવા ઉભો રેહેતો હતો તેથી મીનોચેહેર પોતાના ઘો
ડાને દપટાવી આ જગોએ વેહેલો આવી પુગો હતો

મીનોચેહેરે અંતે પોતાની સમશેહેર અસફંદીઆર
ના મસતકપર ખેંચી, પણ તે શુરા છોકરાએ તરત પોતાની
ઢાલથી બંચાવ કીધો; અને પોતાના પુર બલથી મીનોચેહેર
પર ધસીયો. બેહુ જણા હાથોહાથ થઇ ગયા. મીનોચેહે
રે તરણ ગાહે જમીનપર બેશુધ પડેઓ. આગલ જે ખેડુ
ત હતો તે આ ભયંકર બનાવની ખબર આપવા આગલ
દોડીયો અને તરતજ જુવાકનો કેટલોએક રસાલો તે ભણી
આવેઓ. અસફંદીઆરને તરત ખબર થઇ કે તેનો જમી
ન દોસત હમનખુરદ તો જુવાકનો મીતર હોયાને બદલે
કટરો વેરી હતો. તરતજ અસફંદીઆરના મનમાં દયા
ના ઝરા ફુટવા લાગા. તે પોતે પેલા સરદારનું લોહી બં
ધ કરવાની કોશેશ કરવા લાગો. થોડા વારમાં મીનોચેહેર
ની જબાં ઉપડી. તે નરમ અને કાંપતા અવાજે બોલીઓ
કે "હે ભલા સીપાઇ, માહારે માટે તું જરાક શોક દીલથી
ધરતો ના. બેહુ જણા આપણ એકમેકને ઓલખી શકેઆ
નહી. હું તુંને જુવાકનો ચેલો સમજીયો; અને તેં મહને
જુવાકનો મીતર ગણેઓ. ગઈ વાત ગુજરી, પણ એ ભ
લા દોસત, જો પરીચેહેર હીયાં હોયતો માહારી આગલ ર
જુ કર, કે આ મરતી આંખે તેણીનો ચેહેરો હું જોઉં અને
મરંતી જીભે માહારા દીલના ભરમથી તેણીને વાકેફ કરૂં."
એક જુવાકના ચાકરને પાણી લાવવાનો અસફંદીઆરે હો
કમ કીધો અને પોતે પરીચેહેર આગલ દોડીયો. તેણે જ
ઇને પરીચેહેરને વાકેફ કીધી કે તેની ભુલથી તેણીના બાપ
નો એક દોસત ગાહેલ થઇ મરવાતોલ થયોછે અને તે ત
ની આગલ કાંઇક અગતનો ખુલાશો કરવા માગેછે. પ
રીચેહેર આ વાત શાંભલી ઘણીજ આશચરીય પાંમી. તે
અસફંદીઆરના ખભાંપર ટેકો લઇ હેમતથી ફીકકી થએ
લી બાહાર આવી. પણ તાંહાં જુવાકના ચાકરોને જોઇ
ને તેણીનું માથું ફરવા લાગુ. પણ અસફંદીઆરને મોં
હોડેથી હીમત તથા દેલાસાના શબ્દુંનો શાંભલીને તે ધુંટ
ણ મડીએ પેલા ગાહેલ થએલા સરદાર આગલ બેઠી. મી
નોચેહેર પોતાની આંખ ઉઘાડીને બોલીઓ કે "હે રૂપા
લી નાજની ખરૂં બોલ શું પાહાદશાહજાદી પરીચેહેર તુંજ
છે!" પરીચેહેર નમરતાથી બોલી કે "હા હું પરીચેહેરછું
ઇશવર તુંને આરામ કરો." મીનોચેહેરની જબાં લથરી
પણ ખેંચાતી જીભેથી તે બોલીઓ કે "ઓ પરી—ચેહેર
—હું તાહા—રો—બાપ—થાં—" મીનોચેહેર વધારે બો
લી શકીયો નહી. જુવાકના માણસોને ખબર થઇ કે જે
સરદાર મીનોચેહેરનું નાંમ લઇ જુવાકને બારણે આવેઓ
અને જે તેઓની નજરની હજુર પથરના બીછાણાપર પો
તાની જીંદગી ખતમ કરતો હતો તેનો જરનદાબ શેહેરનો
નામવર ઉમરાવ જાંહાગીરશાહછે. ગરીબ પરીચેહેરના
આ વખતે હાલનો શું વીચાર થઇ શકે. દેવાનીની માફક
તે બુમ મારવા લાગી. તે પોતાના બાપના થંડાં બદનને
પકડી બોલવા લાગી કે "ઓ, ગજબ, ગજબ. હે વાહા
લા પીતા એક બે હરફ બોલો. હો ખોદા ખાતર કોઇ મદ
દ કરો નહીતર માહારો બાપ આ જંગલમાં મરણ પાંમ
શે." જાંહાંગીરશાહ (મીનોચેહેર) ને પાછી હુશીયારી
આવી. તોતડી જબાંએ ફરી એકવાર હીમત ધરી તે બો

## ખૌલાસો ગઈ વેલાનો.

૧ લું—ખુરશી.

૨ જું—પારસીઓનું માંથે પેહરવાનું ખોખું.

૩ જું—કારણ તેઓ બંને લાંબો વખત રહેવાથી ગંધાયછે (એટલે પસંદ પડતા નથી.)

૪ થું—કારણ બંને એક સરખાં ચીંધાં અથવા તીક્ષણ રેહેછે—છેડવાંતો જલદી જખમ કરતાં વાર લગાડતાં નથી.

---

## બુરા લોકોનાં બોલવા થકી દરીને સારાં કાંમથી પાછું નહી હઠવા વીશે.

દોહોરા.

હાથ ધરવું જે કદી, રૂડું હર કંઈ કાંમ,
હિંમ્મત છોડવી નહી કદી, કરવું પુર તમાંમ.
ખારેલ કપટી અદેખા, હેવા બુરા જે જન,
નઈ દો તેમના બોલપર, રતી ભાર પણ ધ્યાન.
જંગલા પાછળ ધાય જ્યમ, ભસતો ભુંસે સ્વાન,
રાખો ભસતા તેમને, એ કહેવત પ્રમાણ.
ચિંતા વગર આગળ વધો, રાખી મનને સ્થીર,
ધારેલ કામ પુરૂં કરો, રાખી દીલે ધીર.
બુરાઓના બોલવા થકી, કદી હાથ ધરેલું કાર્મ,
દરી છોડશો નહિ પણ, લગો ઉમંગ સ કામ.
સારાં કૃત્ય કરનારને, છે પ્રથમ પિડ નિધાન,
છોડો તે હણવા થકી, કેળવણી રૂપી બાણ.
કષ્ટ મેળવેલી કિરતી, રહેછે જાવેદાન,
કષ્ટ ખાતર ખીવું નહી, કષ્ટછે સુખ નિશાન.
ગાલેલિઓ પ્રખ્યાત થયો, પિડ ભોગવી અત્યંત,
દર્યા ન દુષ્ટ લોકથી, વિચાર રાખી મક્કમ.
બુરા લોકના બોલથી, બ્હિ છોડત જે કાજ,
જાણત નહિ આપણ કદી, કોણ હતો તે આજ.
એ વતરોગ બિજા બહુ, પ્રખ્યાત છે કિર્તિવંત,
તે સઘળાનો ધડો લઈ, કરો સુ કામની ખંત.
અને બ્હિક છોડી બુરાઓની, ઉપર કહ્યુંછે જેમ,
રાખો તેમજ તેમને, સ્વાન ભસેછે તેમ.
સમજો મશ્કરી તેમની, આપ વધારા કાન,
ઉદ્યમિનું તેતો ખરે વળિ, છે ઉત્તેજન હથ્યાર.
કપટી ખારેલ બુરા અને, મતલબી વ્હેમી ન્યાત,
એ આદી બિજાઓથી, દરત જે કરસનદાસ.
તો દેખંત નહી કદી વળી, સ્વર્ગ સરીખું દેશ,
ને પામત નહી કદી પણ, આજ કિર્તી વીશેશ.
માટે કહું સઉ જન જોડે, ફરી ...
વાંન વિચારે ભસવા દો, સ્વાન ...
આવે આગળ ધાઈ જો, યુકિત કરે ...
ફેંકો એવી ચતુરાઈથી, શબ્દ રૂપી ...
કે ચહ્યુંછે જે આંખપર, અદેખાઈ રૂ...
જાય ઉખડી તે ઝટ અને, આવે સુ રા...
દાસ કહે ન હતે કદી, હિંમતવાન મનુ...
નડે વિઘ્ર તેને ઘણું, ગણકાવે નઈ ઉર.
ધીરજ સંગ પુરૂં કરી, આપ ધારેલું કામ,
ખુસી સંગ મેળવી ફતેહ, લે દીલે આરાંમ.

---

## ઈશ્વરથી ડરે, તો કપટથી કમાણી કેમ કરે ? તે વિષેનુ પદ.

" જે કોઈ પ્રેમી અંશ અવતરે, પ્રેમરસ એના ઉરમાં ઠરે "
એ રાગનુછે.

દિલે દિલજાણ થકી જોડરે, કમાણી કપટ કરી કેમ કરે. ટેક.
ખૂનીને બાંધી ખાંડાની ધાર તળે લઈ ધરે;
એ અવસર આપે સુખડી, તે કેમ ગળામાં ગરે, કમાણી૦
વાઘ મળે જનને વગડામાં, પંથ જતા પાધરે;
ભય લાગે ને હિમતે ભાગે, ભૂપર પગ નવ ભરે, કમાણી૦
જળ પંથે જાતાં જળધીમાં, મગર આવે નજરે;
પણ ત્યાં કદિ કૂદી પડવાનું, અંતર નહિ ઉતરે, કમાણી૦
ઘર બળતું દેખીને ઘરધણી, રૂદન અધિક આદરે;
પણ દોલત બળતી દેખીને, માંહિ પડી નવ મરે, કમાણી૦
માયા કારણ ઉપજે મૃત્યુ, એવું ન કોઈ આચરે,
મોત થકી હરિનો ડર મોટો, એમ વિચારીઅરે, કમાણી૦
આ જગતુ સુખ અલ્પ અરે ભાઈ, અતિ દુખછે આખરે;
પછિ પીડાનો પાર ન પામે, સહસ્ત્ર જુગને સરે, કમાણી૦
આ સંસાર સ્વપ્નની સમૃદ્ધી, ભવ પછિ નહિ સાંભરે,
સુકરમ કુકરમ રહેશે સાંથે, ફેરા જ્યાં તું ફરે, કમાણી૦
સ્વપનામાં દૂટે કે રૂએ આંખોં, અને સૂ ઝરે;
જાગિ જુએ સ્વપનું તો જૂઠું, કૃત્યું ત્યાં મરમરે, કમાણી૦
રે પ્રાણી તેં પ્યાર ન રાખ્યો પરમ પ્રભૂ ઉપરે;
દલપતરામ કહે દારૂણ દુખ, હરી વિના કોણ હરે, કમાણી૦

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. આગસટ ૧૮૬૭ આંક ૮.મો.


## સેનાહ શેહેરનો કીલલો.

ભાગ ૬ ઠો.

અસફંદીઆરે પેલા ગુફાના મોહો આગલ એક હથીયારબંધ સરદારને કોઈ ખેડુત સાથે ગોફતેગો કરતાં જોયો, જે ખેડુત મોહોટે અવાજે બોલતો હતો કે મેં એક ઓરતને આ ખડકોમાં ભટકતાં જોઈછે. પેલો સરદાર આ બોલો શાંભલી પોતાની સામેનાજ ગુફામાં તલાસ કરવાને માથું મારતો હતો પણ એટલામાં બાહાદુર અસફંદીઆરે વચમાં પડીને પેલા સરદારના માથાં આગલ પોતાની સમશેહેર ધરી અને કહીયું કે "ખબરદાર, તાહારા જાનની કદર હોયતો પગલાં પાછાં ફેરવ." પેલો સરદાર ગુસાથી બોલીઓ કે "અને તું કોણ કે માહારા રસતાની વચમાં પડે!" અસફંદીઆર બોલીઓ કે "હું એક શીપાઈછું અને આ ગુફાની રખેવાલી કરૂંછું." પેલો સરદાર પાછો ક્રોધથી બોલીઓ કે "હું પાહાદશાહજાદી પરીચેહેરને શોધુંછું અને મહને એવું માલમછે, કે તેણે આ ખડકોમાં આશરો લીધોછે. ખીસ એ માથાં ફરેલ જુવાન નહીતર માહારા ગુસાએ કરી તાહારી નરડીને ગુતલીની માફક એક ક્ષણમાં વલ દેઈ નાખીશ." અસફંદીઆર મીજાજ ખોહીને બોલીઓ કે "જા જા; હીયાંથી નીકલ; લડાઈના નગારાં તેંજ સાંભલીયાંચ એવો મનથી હરખાતો ના."

આ સરદાર મીનોચેહેર પોતે હતો. જુવાક રસતે રસતે પુછવા ઉભો રેહેતો હતો તેથી મીનોચેહેર પોતાના ઘોડાને દપટાવી આ જગોએ વેહેલો આવી પુગો હતો

મીનોચેહેરે અંતે પોતાની સમશેહેર અસફંદીઆરના મસતકપર ખેંચી, પણ તે શુરા છોકરાએ તરત પોતાની ઢાલથી બંચાવ કીધો; અને પોતાના પુર બલથી મીનોચેહેર પર ધસીયો. બેહુ જણા હાથોહાથ થઈ ગયા. મીનોચેહેર તરણ ગાહે જમીનપર બેશુધ પડેઓ. આગલ જે ખેડુત હતો તે આ ભયંકર બનાવની ખબર આપવા આગલ દોડીયો અને તરતજ જુવાકનો કેટલોએક રસાલો તે ભણી આવેઓ. અસફંદીઆરને તરત ખબર થઈ કે તેનો જમીન દોસત હમનબુરદ તો જુવાકનો મીતર હોવાને બદલે કટ્ટો વેરી હતો. તરતજ અસફંદીઆરના મનમાં દયાનો ઝરા ફુટવા લાગા. તે પોતે પેલા સરદારનું લોહી બંધ કરવાની કોશેશ કરવા લાગો. થોડા વારમાં મીનોચેહેરની જબાં ઉપડી. તે નરમ અને કાંપતા અવાજે બોલીઓ કે "હે ભલા સીપાઈ, માહારે માટે તું જરાક શોક દીલથી ધરતો ના. બેહુ જણા આપણ એકમેકને ઓલખી શકેઆ નહી. હું તુંને જુવાકનો ચેલો સમજીયો, અને તેં મહને જુવાકનો મીતર ગણેઓ. ગઈ વાત ગુજરી, પણ એ ભલા દોસત, જો પરીચેહેર હીયાં હોયતો માહારી આગલ રજુ કર, કે આ મરતી આંખે તેણીનો ચેહેરો હું જોઉં અને મરંતી જીભે માહારા દીલના ભરમથી તેણીને વાકેફ કરૂં." એક જુવાકના ચાકરને પાણી લાવવાનો અસફંદીઆરે હોકમ કીધો અને પોતે પરીચેહેર આગલ દોડીયો. તેણે જઈને પરીચેહેરને વાકેફ કીધી કે તેની ભુલથી તેણીના બાપનો એક દોસત ગાહેલ થઈ મરવાતોલ થયોછે અને તે તેની આગલ કાંઈક અગતનો ખુલાશો કરવા માગેછે. પરીચેહેર આ વાત શાંભલી ઘણીજ આશચરીય પાંમી. તે અસફંદીઆરના ખભાંપર ટેકો લઈ હેબતથી ફીકકી થએલી બાહાર આવી. પણ તાંહાં જુવાકના માકરોને જોઈને તેણીનું માથું ફરવા લાગુ. પણ અસફંદીઆરને મોંહોડેથી હીમત તથા દેલાસાના શખુંનો શાંભલીને તે ઘુંટણ મડીએ પેલા ગાહેલ થએલા સરદાર આગલ બેઠી. મીનોચેહેર પોતાની આંખ ઉંઘાડીને બોલીઓ કે "હે રૂપાલી નાજની ખરૂં બોલ શું પાહાદશાહજાદી પરીચેહેર તુંજ છે?" પરીચેહેર નમરતાથી બોલી કે "હા હું પરીચેહેરછું ઈશવર તુંને આરામ કરો" મીનોચેહેરની જબા લથરી પણ ખેંચાતી જીભેથી તે બોલીઓ કે "ઓ પરી—ચેહેર—હું તાહા—રો—બાપ—થાં—" મીનોચેહેર વધારે બોલી શકીયો નહી. જુવાકના માણસોને ખબર થઈ કે જે સરદાર મીનોચેહેરનું નાંમ લઈ જુવાકને બારણે આવેઓ અને જે તેઓની નજરની હજુર પથરના બીછાણાપર પોતાની જીંદગી ખતમ કરતો હતો તેતો જરનદાબ શેહેરનો નામવર ઉમરાવ જાંહાંગીરશાહછે. ગરીબ પરીચેહેરના આ વખતે હાલનો શું વીચાર થઈ શકે. દેવાનીની માફક તે બુમ મારવા લાગી. તે પોતાના બાપના થંડાં બદનને પકડી બોલવા લાગી કે "ઓ, ગજબ, ગજબ. હે વાહાલા પીતા એક બે હરફ બોલો. હો ખોદા ખાતર કોઈ મદદ કરો નહીતર માહારો બાપ આ જંગલમાં મરણ પાંમશે." જાંહાંગીરશાહ (મીનોચેહેર) ને પાછી હુશીયારી આવી. તોતડી જબાંએ ફરી એકવાર હીંમત ધરી તે બો

લીઓ કે "પીયારી છોકરી—હું—તાહારો બાપ—જાંહાંગીરશાહછું. તાહારો છુટકારો—કરતાં હીયાં—મરણ—અરે એક ચુંમી લે—અને ગપલી—જુદાઈનો ગમ—વીસરાવ." અસફંદીઆર બોલીઓ કે "હે નામવર સરદાર બોલવાની એટલી કોશેશ માં કરો. હમે તહમુને મેહેલમાં, લઈ જાઈએ છઈએ." પરીચેહેર છણકાઈને બોલી કે "શું મેહેલમાં! વલી માહારા પીતાને પેલા જાતના પંજામાં મેલવા! જો તહમો એવણને તાંહાં લઈ જાઓ તો હું કેમ આવી શકું? અને શું હું માહારા પીતાથી આવી વખતે જુદી પડું?" જાંહાંગીરશાહ પાછી શુધ ઠેકાણે લાવી બોલીઓ કે "પરીય બેટી જાંહાં હું જાઉં—તાંહાં—ઠીકજ છે. થોડા વારમાં—આ દુંનીઆંથી હું જુદો—પડીશ. જાંહાંશુધી માહારી હઈયા—તીછે તાંહાંશુધી તો—માહારાં બદનને વલગ—આ બાહાદુર સર—દાર જે તાહારી—પાસે ઉભોછે—અને—કોણ જાણે એ કોણ—છે તે તાહારો બચાવ કરશે.—હે બેટા (અસફંદીઆરને)—આ માહારી વાહાલી—એકપુરી બેટીને—તુંહને—સોંપુંછું—અને માહારા મરતા વચનો—ઈયાદ રાખી—એની શંભાલ કરજે." અસફંદીઆરે જાંહાંગીરશાહનો હાથ પોતાની છાતી આગલ ધરેઓ અને તેને પોતાના આંજુથી તરંકીપો. તે બોલીઓ કે "હે નામવર ઉમરાવ તહમારા બોલો મેં આ હઈયામાં કોતરી રાખેઆછે. જાંહાંશુધી આ છાતીનો ધપકારો જારીછે તાંહાંશુધી પરીચેહેરના બાલને કાંઈ થનાર નથી. હું નીશચય દીલગીરછું કે માહારે હાથે તહમારો જાન જોખમમાં પડેઓછે." અંતે જાંહાંગીરશાહને એક ઘોડાપર બેસાડીપો અને તેની પાસે જમણી અને ડાબી બાજુએ રડતે મોહોડે અસફંદીઆર અને પરીચેહેર ચાલીયાં. અંતે શઘલો રેસાલો મેહેલના દરવાજા આગલ આવી પુગો, અને પરીચેહેરે એક ખીદમતગારને આગલથી મોકલેઓ હતો તેથી માહાબાનું અને મેહેરખાનું તેઓને મલવાને આવેઆં; જાંહાગીરશાહને વઈદોનાં હાથમાં મેલીપો જેઓ તેના જખમ પુરવા લાગા. માહારાણી માહાબાનું, પોતાની બેટી તથા પરીચેહેરને લઈને એક ઓરડામાં આરજુમંદ બેઠાં હતાં. મેહેરબાંનું પરીચેહેરની સંગાથે અસફંદીઆરને જોઈ દીલ સાથે પજલતી હતી, પણ તે ભલાં દીલથી પોતાના મરનાર ભાઈની વીધવાને ગલે લાગી અને તેણીના બાપની હાલતને માટે પોતાની દીલગીરી જણાવી. થોડાવારમાં વઈદોએ હોકમ મોકલેઓ કે જાંહાંગીરશાહના ઘાહાની ધાસતી ન હોવાને લીધે શુખેથી શાહાજાદીઓએ તે નામવર ઉમરાવની ભેટ લેવી. અસફંદીઆર જે રીતે મેહેરખાંનું તરફ જોતો હતો અને જે રીતે મેહેરખાનું અસફંદીઆર પર જોતી હતી તે ઉપરથી પરીચેહેર દીલ સાથે ચેતી કે ગુફાની અંદર જે મોહોબત સારૂં અસફંદીઆરે નુકતેચીની કીધી હતી તે મોહોબત કોઈ સાથે નહી પણ મેહેરખાંનું સાથે હોવી જોઈએ. અસફંદીઆર પણ શાહાજાદીઓ સાથે જાંહાંગીરશાહના બીછાણા આગલ ઉભો. માહાબાંનુએ જાંહાંગીરશાહની હાલત પર પોતાની દીલગીરી જણાવી અને પોતાના ભરથાર તરફથી તેણીએ જાંહાંગીરશાહની દરગુજરી માગી. જાંહાંગીરશાહ જો કે જુવાકને સેતાન કરતાં બતેતર ગણતો હતો તોપણ તેની ફરેસતા ખસલતની બાનું તરફ તે ઘણાજ આદરમાનથી જોતો હતો, પણ બધા કરતાં મેહેરખાંનુની ખુબસુરતીથી જાંહાંગીરશાહ બહુજ સંતોશ પાંમેઓ.

જાંહાંગીરશાહે માહાબાંનુને પોતાની પડોસમાં બેસાડી પોતાની શઘલી હકીકત જાહેર કીધી. તે બોલીઓ કે "જારે કાફર લોકોના બંદીખાંનામાં માહારા હાથો સાંકલથી ઘસાતા હતા તારે મારી છોકરી માહારા ખેઆલમાંથી ખીશી ન હતી. એક દીવસે મહને સપનો આવેઓ કે મારી બેટી એક કીલલામાં પડીછે જાંહાં તેની ઉપર ઘણીજ જાસતી પાંડવામાં આવેછે; અને જો કોઈબી રીતે માહારો છુટકારો કરી હું શુશના જંગલમાં જાઉંતો મહને તેણીની વધારે ખબર મલે. આ ઉપરથી હું દેવાનો બની ગયો, પણ કીરતારની પીરોજગીરીથી માહારૂં દામ એક પાંહાદશાહે આપયું તેથી માહારો છુટકો થયો, અને હું લાગલોજ શુશના જંગલમાં આવી ઉભો. તરણ દાહાડા શુધી હું માહારા ખીદમતગારો સાથે જંગલમાં રખડયો પણ કમનસીબે કોઈ પણ આદમનો ચેહેરો માહારી નજરે પડયો નહી, પણ ચોથે દાહાડે હું એક ગુફામાં આવી લાગો જાંહાં એક સાધુ મરણના બીછાણા પર પડેલો હતો. હમોએ તેહેને હુશીયાર કીધો અને તેને બોલવાનો ટેકો મલીયો. તે બોલીઓ કે 'હે બેટાઓ હું તમારો ઘણો આભારીછું, પણ સઘલી તમારી કોશેશ બીનકારગત જનારછે. મારૂં મોહોતનું તેડું થઈ ચુકુંછે અને જેવું જમનું રણસીંગડું ફુકીયું કે મહને સઘલો અસબાબ હીયાં મેલી ચાલતો થયા વગર છુટકો નથી. આજ પચાસ વરસની વાતપર માહારાં દેશને છોડી હું આ તકીએ બેઠો હતો, કારણ કે ઈઆનદાંપરસતી ધરમ છોડી માહારા વતણીઓ ધુતમેપાતમમાં પડીયા હતા. આજ જંગલમાં મહને ફરેસતા જંમશેદે ખુવાબમાં આવી એક છુપી વાત કહીછે જે તેણે માહારાં મરણના બીછાણાપરજ ખુલવાને કહીયુંછે. માહારૂં મોહોત હવે ઘણુંજ નજદીકછે અને હું તહમુને માહારી છાતીનો ભરમ ઈશવરની મરજી પરમાણે જાહેર કરૂંછું. માહારી લાસને લુમીદા કરવા પછી તરતજ આ ગરીબ ગુફાના દાબા હાથ તરફના સાતમાં ઝાડ તલેની જમીન ખોડજો અને—' એટલા બોલો બોલી સાધુ બીછાણાપર પડી ગયો અને તેણે પોતાનો જાન જમને સવાધીન કીધો. સાધુનાં કહીયા મુજબ હમે જમીન ખોડી અને ચાર હાથ ખોડતાં હમુંને એક માહા ગંજાવર તરવાર મલી જે તહમોએ સામાં ચોકમાં પડેલી જોઈ હશે. તરવારના પાણાપર એમ લખેલુંછે કે—"અરે નહી માહાબાનું નહી, તહમારી હજીરમાં તે લેખ બોલી કદી પણ હું તહમારી છાતીને ખેદ પોહોંચાડનાર નથી." આ ભરમ ભરેલા બોલો જાંહાંગીરશાહને મોહોડેથી શાંભલી માહાબાનુનું દીલ કાંપવા લાગું. તેણીના આંખમાંથી આંસુની ધાર ચાલવા લાગી. અંતે હીમત ધરી માહાબાનું બોલી કે "એ નામવર ઉમરાવ શઘલી હકીકતથી મહને વાકેફ કર. ઈશવરની મરજી આગલ આપણે સર નમાવવું જોઈએ." જાંહાંગીરશાહે તે લેખ બોલવાને ના પાડી, પણ માહાબાનુના બજીદ ધરાના સબબથી તે ધુજતે અવાજે નીચે પરમાણે બોલીઓ:

"જાંહ જડે ટોપી મહની આ ગમગેહેર,
વાય ગુરે પડી જાણ બેટી પરીચેહેર,

ગુસતાસપનું લોહી જાલમી રાજ કરશે ખતમ,
કરશે જાલે ખધ તોડી દર્દે શેતમ"

અસફંદીઆર તુંદ મીજાજથી બોલીઓ કે "અને આ લેખ સાથે શાહજાદીઓને શું સંબંધ? શું મોટી છુપી વાત હતી કે આ રાંક બાનુઓના દીલ ખાલી પેહેલેથી દુખવીયાં!" જાંહાંગીરશાહ બોલીઓ કે "હે જુવાન અંદાજાંથી બોલ. એક વખત દઈવ જોગે ફાવીયો તેથી માથામાં એટલી ઘેન રાખ ના" પરીચેહેરે જોયું કે મેહેરબાનુંને માંટે અસફંદીઆરને લાગી આવીયું, તેથી તેણીએ કહયું કે "પેયારા પીતા એક ખેડુતના બેટાને કેટલી ખબર કે પાહાદશાહોને આદરમાન કેમ આપવું" એટલા વારમાં જુવાક અને બાવા ગુસતાસપ પોતાના રસાલા સમેત ધસારાબંધ ઓરડામાં દાખલ થયા. જુવાક જાંહાંગીરશાહને દીલાસો આપવા જાયછે એવામાં તે ચોંકીને પાછો હટયો અને પોકાર મારવા લાગો કે "બાપરે, હો, તું કોણ! બોલ એ—અરે, ઓ, શું માહારો વખત થયો? શું રાજ ફણા થયું!" જુવાકના મોહોપર ફીણ ચહડવા લાગાં. માહાબાનુએ ગભરાઈને પોતાના ભરથારની પીઠને ટેકો દીધો અને ઘણાજ થંડા અવાજે કહયું કે "પરીય ભરથાર શુંછે! તહમુંને શું દેખાયછે? જુવાક બોલીઓ કે "શું તાહારી આંખે દીસતું નથી? અરે આ સાંમો ભુત—ઓ બાપરે બાપરે—ઓ ખોદા ખાતર માહારીથી દુર જજે" માહાબાનું બોલીકિ "વાહાલા ભરથાર તહમે જરા ધીરજ પકડો આ ઓરડામાં હમો વગર બીજાં કોઈ નથી" જુવાક બોલીઓ કે "ઓ ખોદા શું આ સાહામો કેકાઉશ પાહાદશાહ ઉભો નથી? શું માહારી આંખ ફેરવાઈ ગઈ!" માહાબાનું બોલી કે "શું ખાવંદ આ સાંમો ઉભોછે તે! એતો પેલો ખેડુત છોકરો અસફંદીઆરછે." જુવાક કપાલ કુટીને બોલીઓ કે "શું અસફંદીઆર! પણ તે હીયાં કેમ અને એના દીલપર બખતર શાનું!" માહાબાનું બોલી કે "હું ધારૂં છું કે એ જુવાન પરીચેહેરની ખોલમાં ગયો હતો" જુવાકનું આંગ જે થંડું ગાર થયું હતું તે પાછું ઉકલવા લાગીયું. જે અંગારા થંડા પડી ગયા હતા તે પાછા તેજ પકડવા લાગા. પાહાદશાહ પીતતો ઉછલાવીને બોલીઓ કે "પરીચેહેર, પરીચેહેરની ખોલમાં! ખરેખર, ખરેખર એમજ હોશે, પણ એને બંદીખાંનામાંથી છુટક આપનાર મુજી કોણ! બોલ એ ચંડાલ બેડીમાંથી ફટકેઓ કેમ? તાહારા મકરપુર બાપ વગર એ કોઈ બીજાનું કામ નહી." અસફંદીઆર પરગરે સાથે બોલીઓ કે "અને માહારો છુટકારો માહારા બાપે કીધો હોય તો શું તેણે ગુનાહ કીધો?" બુટો ગુસતાસપ પાછો દંગ થઈ ગયો. કેઈ રીતે તેના બેટાએ રસતો લીધો તેનું તેને ગ્નાન ન હતું. ગુસતાસપે ચુપ કીદી પકડી, તેથી જુવાકની ખાતરી થઈ કે એ ઘરમ ગુરૂએજ તેનો હોકમ તોડયો. તે પોતાની હંમેશની ધપ પરમાણે પોકારીને બોલીઓ કે "હેઆનતી, ચશમચોર, નીરલાજ, મકરબાજ બુટા, ઉપકારને બદલે અપકાર એ શું તારા આચારની નીતી? માહારાજ રાજમાં રહી માહારીજ રાજનીની સાંમે લડવા તું નીકલેછે? અને વલી માહારા હુકમની વીરૂધ તાહારી હરાંમ ઈશ્રતના છોકરાને હથીઆરબંધ કરી માહારીજ સાંમે ધુરતો ઉભો કીધોછે!" અસફંદીઆરે, પોતાની વાહાલી મેહેરબાંનુને ખાતર અંદાજથી અને ધીરજથી કહયું કે "પાહાદશાહ જુવાક માહારા બાપ પર તું ખોટું આલ મેલેછે, હમો તાહારા રાજ સાંમે ટીકતા નથી. આ માહારી તરવાર પકડ (તરવાર ફેંકીને) અને માહારી છાતીમાં (બખતર ખોલું કરીને) પેવસ કર જે તુંને એવું માલમ પડે કે તાહારાં રાજ સાંમે ફીતુર ઉઠાવવાની માહારી મતલબછે. તુંને પાહાદશાહ દાખલ અને તાહારાં ફરજંદને માન આપવા હરદમ માહારી છાતી પર માહારા પીતાનો કોલ કોતરેલોછે." જે રીતે અસફંદીઆર બોલીઓ તેથી દરેક જણના મનમાં તેણે સારો વીચાર ઉતપન કીધો. જુવાકના મનપર પણ અસર થઈ, પણ પાદશાહ કેકાઉશને મલતી આબેહુબ અસફંદીઆરની સબી હોવાથી તે ધુજવા લાગો. જુવાકે કહયું કે "એ જુવાન તાહારી જીંદગી ખતમ કરવી જોકે માહારા હાથમાં છે તોય પણ તેમ હું હાલ કરવા માગતો નથી. બોલ મહને તાહારી તવારીખ ખરેખરી કેહે અને આ બુઢા લુતરા કંગાલ સાથે તુંને કાંથી સંબંધ થયો તે પણ મહને જણાંવ." ગુસતાસપ બોલીઓ કે "પાહાદશાહ સલાંમત માહારી એક અરજ——" જુવાકે રોડી પાડીને કહયું કે "ચુપકીદી પકડ એ નબાંદરાજ તાહારી વાત હું કોઈ કાલે શાંભલનાર નથી." અસફંદીઆર પોતાનો પીતતો મેહેરબાનુને ખાતર દબાવી બોલીઓ કે "પાદશાહ માહારી હકીકત ઘણીજ જુજછે. હું જાહારે પાંચ વરસની નાહાની વયનો હતો તારે મારી મા સંગાથે દરીયામાં મુસાફરી કરતો હતો, પણ કમનુસીબે હમારાં વાંહાંણપર ચાંચીઆઓએ લુટ પાડી અને મહને માહારી મા સાથે ગોલામગીરીમાં નાખેઓ. બાર માસના ટુકા અરસામાં માહારી મા દીલગીરી અને હાદેશાથી મરણ પાંમી. (ગુસતાસપની આંખમાથી આ બોલો શાંભલી આંસુની રેલ ચાલવા લાગી) તે મરણ પામી તેની અગાઉ તેણીએ માહારી બાજુપર એક કાગલ લપેટીયું હતું જે ઉપરથી મહને માલમ પડીયું કે હું શેહેરે શમનગાનના અમીર કોબાદનો બેટો થાઉં." ગુસતાસપ બોલી ઉઠીયો કે "ખરેપર હુંજ આ બાધુર જુવાનનો બાપ થાઉં." જુવાક બોલીઓ કે "બુટા તાહારી જબાં ફાંસ. હું તાહારો કુથલો શાંભલવા માગતો નથી" અસફંદીઆર આગલ ચાલીઓ કે "હું બે વરસની વાતપર માહારા ચાચીઆ સરદાર સાથે દરીયામાં ભટકતો હતો, પણ દઈવ જોગે હમારા વતનીઓનુ એક વાંહાંણ હમને મલીયું જેઓએ હમોને શેકસતે કીધા અને મહને છુટકારો આપેઓ. પણ સમનગાનમાં માહારા બાપની ગોદમાં જપાને બદલે મહને માલમ પડીયું કે લુટારાઓના હાથે માહારા બાપની મીલકત ફના થઈ ગઈ હતી, અને માહારો બાપ દુખનો મારીઓ પોતાની બીજી અશકેઆમત વેચી કેરા શેહેરમાં જઈ રહયો હતો. પણ તેહેનું બરાબર ઠેકાણું મહને કોઈએ કહયું નહી. હું લાચાર અને ખાખાવરખો થઈ ગયલો હતો. માહારી માનો અવાજ જો કાણે પડત તો મહને કેટલો સધીઆરો આવત? હું કેરા શેહેરમાં ગયો પણ તાંહાં ૭ દાહાડા ફાંફાં મારી હું આ શેહેરમાં આવેઓ. અ

ને હીયાં શું શું માહારી ઉપર આફત ગુજરી તે શઘલાંને ખબર છે. એજ પાદશાહ માહારી શઘલી હકીકતછે. ઈશવરની કુરૂપાથી માહારા બાપની ગોદમાં ફરીથી હું પડીયો પણ હું નીશચય દીલગીરછું કે માહારા પાદશાહનો કોપ હજુ શુધી માહારી ઉપરથી દફે થતો નથી." અસફંદીઆરનો ખુલાશો શાંભલી સઘલાઓના મન પાછાં તેની તરફેણમાં ઉશકેરાયાં. જાંહાંગીરશાહ બોલીઓ કે "પણ એ ભલા જુવાન હજુ તાહારી હકીકત બાકીછે. જે વાત તું છુપી રાખેછે તે વાત જો હું ન કહું તો મરતી વખત મારાં નામને જાંખછે. હું હીમતથી કહુંછું કે આપણી સરજમીનપર આ જુવાન સરખો બીજો બાહાદુર પુરૂશ એકે નથી; અને બાહાદુર મરદોની જીભ હરદમ સચાઈનોજ લેબાસ પેહેડેછે. પાહાદશાહ જુવાક ત્યા જાંહાંમરદને હું માહારા દીલોજાનથી માફી બખ્શુંછું અને હું ધારૂંચ કે તું માહારાં મતને એકમલતો થઈ આ સામાં બેહેલા ધુજતા પીતાની હાથ નરમ પાડશે. જો આ જુવાનને તુંએ પાદશાહ ગુસતાસપનો રૂહ ધારેઓ હોયતો એમાં તાજુબી નથી." આ પાછલા બોલોથી જુવાકને ખજાલત લાગી. તે તીરસકારથી બોલીઓ કે "આ જુવાનથી ! શું એક આવો કહોર શખશ પાદશાહ જુવાકની——" તરતજ માહાબાંનુએ રખે ફીશાદ વધે તેની ધાસતીથી પોતાના ખાવંદને મોહોડે હાથ દીધો અને તેને બગલગીરી કરી સઘલાં પાહાદશાહી કુટંબ સંગાથે જાંહાંગીરશાહની રજા લીધી. જુવાકે અસફંદીઆરને પોતાના પીતા સાથે મંદીરમાં જવાની રજા આપી, પણ તે એવા કોલથી કે તણે વલતે દીને પાછો પાહાદશાહની આગલ હજુર રેહેવું. મેહેરબાંનું અને પરીચેહેર જેઓ અસફંદીઆરને માટે અંદરખાંનેથી મોહોબતના આતસથી પજલતાં હતાં તેઓએ એક મેક સંગાથે ઘણી વાત કરવાનું મોકુફ કીધું, જે દોસતીનો ગાંઠ તેઓમાં બચગીથી બંધાએલો હતો તે આ વેલાએ છુટો પહેઓ અને બેહુ પાહાદશાહજાદીઓ ભીતરમાં કપટ રાખી બાહાર હસતો ચેહેરો દેખાડી એકમેકની રજા લઈ પોતપોતાને ઠાંમે ગઈ.

# ઓરતોની મીજલસ.

## ભાશાણ ૨૨ મું.

### બચાંની ઊંઘ વીશે.

આજ દીને બચાની માવજતની બીજી એક અગતની બાબદ ઉપર કહી સંભલાવુંછું બચાંને ઉંઘ કેટલી જોઈએ, બચાંને કેમ અને કાહા શુવારવું, એ સઘલી બાબદ જણવાજોગછે.

૧. બચું બે તરણ મહીનાનું થાયે તાંહાંશુધી માએ તેને શાથે લેઈને શુવું.

બચાંને સુવારતી વખતે તેને ગરમ રાખવાની જરૂરછે. બચું ઉંઘાયેછે તારે તેનામાં ગરમી લાવવાની શકતી કમતી થઈ જાયેછે, એટલા માટે તેને ગરમ રાખવાની અગતછે. જારે માએ બચાંને સાથે લેઈને સુવેછે, તારે પોતાના આંગની ગરમી બચાંને પોહોંચેછે. થંડીના દીવસ ઉપર તો ખચીતથીજ માએ બચાંને સાથે લેઈને સુવાની જરૂરછે.

માએ બચાંને સાથે લેઈને સુતી વખતે ઘણી સંભાલ રાખવી જોઈએ. માએની ઉંઘ ઘણી મસત હોવી નહી જોઈએ. બચું ઘણી વેલા બીછાનાના કપડામાં વીતલાઈને ગુંગરાઈ જાયેછે, અને જો તરત સંભાલ નહી રાખાતો નુકસાન થાયેછે. જો માએને બરાબર સંભાલ લેવાની સમજ નહી હોયેતો બેહેતર કે પેહેલેથીજ બચાંને પાલણામાં જુદુ સુવારવું, અને ગરમી આપવાને માટે ગરમ કપડાં પેહેરાવવાં અથવા ઓઢારવાં. કપડાં ઢીલાં રાખવાં અને સંભાલ રાખવી કે કસ દોરી બદનમાં ખુતે નહી.

૨. બે તરણ મહીના પછી બચાંને જુદું સુવારવું.

એ વખતે બચું પોતાની ગરમી સાચવી શકેછે. જો બચું ઘણું નબલું હોયેતો ચાર પાંચ મહીનાવેર માએની સાથેજ સુવા દેવું.

૩. બચાંને પાલણામાં સુવારવું સારૂંછે.

બીછાના ઉપર સુવારીયાના કરતાં પાલણું વાપડવું. પાલણું એક ગમથી બીજી ગમ ખીસરાઈ શકાયેછે. પવન અથવા ઘણા ઉજાસ માહેથી દુર કરવાને બની શકેછે. પાલણાનું બીછાનું નાહાનું હોવાથી તે જલદીથી સાફ અને વખાતું થઈ શકેછે.

બીછાનું પીછ અથવા ઉન અથવા નરમ રૂઆં અથવા બાલનું નહી હોવું જોઈએ. તેઓ બચાંને ઘણાં ગરમ પડેછે, અને વલી પીશાબ રહી જયાથી તે વારેઘડીએ ખરાબ થયાથી ફરીથી કામમાં આવતાં નથી. એટલા માટે બીછાનું અને તકીયો નરમ પેનડાનું ભરવું. તે ખરાબ થાયેતો કાહાડી નાખીને ફરીથી નવું ભરાઈ શકાયેછે.

આપણા લોકો પાલણા અને બીછાનાને બદલે ઝોરીઓ વાપરેછે. એક ચોરસ કપડાના કટકાના ચારે છેડા દોરીઓ વતે બાંધીને વચમાં ખોલો રાખીને એક લાકડાંની હીચ સાથે લટકાવી દેછે. એ ઝોરીના ઘણા ગેરફાયદાછે; બચાંને તેમાં ચતુ સુવારવામાં આવેછે અને સઘલો વખત તેવીજ હાલતમાં રેહેછે. તેનેથી કોર વલાઈ શકાતી નથી અને સકંજામાં પડીયું હોયે એવી રીતે પડી રેહેછે; એકજ જગા ઉપર અને એકજ રીતે સુઈ રહેયાથી બચાંના ભાગ ઉપર દબાન થાયેછે અને આસપાસની જગા ઉપર લોહી પાઈ આવેછે. વલી ઝોરીમાં બચાંનો ખરડો ગંડાયેલો રેહેછે અને માથું શરીર કરતાં ઘણું વધારે ઉંચું રેહેછે. વલી ઝોરીમાં બચાંને એકસરખી ગરમી મલી શકતી નથી. બીછાંના જેવું કાંઈ નથી અને જે ગોડરી મુકવામાં આવેછે તે થોડા ભાગ લગી આવેછે. જારે બચાંને ઝોરીમાં સુવારેછે તારે તેની છાતી અને પેટ ઉપર પુશકલ ગરમ કપડાં મુકવામાં આવેછે. એવી હાલતમાં બચાંની એક બાજુ ઘણી ગરમ અને બીજી બાજુ થંડી રેહેછે અને સમતોલ ગરમી નહી હોયાથી બચાંની તનદોરોસતીમાં ખલલ પાડેછે.

પાલણાના ઘણા ફાયદાછે અને આપણા લોકો માહેથી ઓરી નીકલી જવી જોઇયે.

બચાંને કદી પણ માએ પોતાના ખોલા ઉપર સુવા દેવું નહી. તે પાલણામાં વધારે ઠીક સુવેછે.

### ૪. બચાંન માથાં લગી ઓઢારીને સુવારવું નહી.

બેસમજથી માએ બચાંને સુવાડતી વખતે તેના માથાં સુધી ટાંકી નાખેછે, કે રખેને હવા લાગે અથવા ઘણા ઉજાસથી હેરાન થાયે, પણ માએને સમજવું જોઇયે કે બચું હવાનો દમ લીધા વગર જીવી શકતું નથી. બચાંમાં શકતી અથવા સમજ નથી કે તે ઓઢેલું કાહાડી નાખે, તે ગુંગરાઈ જાયેછે, તેનેથી દમ લેવાઈ શકાતો નથી અને ઘણી વેલા જાન પણ જાયેછે. ઘણી વેલા બચું રાતે ચીચીયારી પાડીને ઉઠેછે અને માએ જુવેછે તો બચાંને ઉપલીયું થઈ આવેલું. તેનું કારણ તેને સમજ પડતું નથી; પણ વારેઘડીએ તપાસ કરીને જોશેતો માલમ પડશે કે બચાંના માથાં લગી ઓઢારેલું હતું અને તેમાં ગુંગરાઈને ઉપલીયું થઈ આવીયું હતું.

જો માએ બચાંને પોતાના પાસાંમાં લેઈને સુવેતો સંભાલ રાખવી કે બચાંનું માથું પોતા તરફથી બીજી બાજુ ઉપર કરવું. તેને પીઠ ઉપર અથવા બરાબર બાજુએ સુવારવું અને તપાસવું કે તેના મોહોડાં ઉપર કપડાં આવી નહી જાયે.

જે તકીયા ઉપર બચાંનું માથું મુકીયું હોયે તેની પાસે બીજો તકીયો નહી રાખવો. જો બચું ગગરી જાયેતો તેનું માથું પાસેના તકીયામાં ડુબી તે ગુંગરાઈ જાયે.

વલી બીછાનું નરમ નહી હોવું જોઇયે. અને તકીયા જાડા અને નરમ નહી હોવા જોઈયે. તેમાં બચાંનું માથું જલદીથી ગલીને ઢંકાઈ જાયેછે.

### ૫. પાલણા ઉપર જાડી કુરટની નાખવી નહી.

જાડી કુરટનીથી હવા પાલણામાં જઈ શકતી નથી, બચાંથી દમ લેવાઈ શકતો નથી અને તેની તનદરોસતીમાં બીગાડો થાયેછે.

જો મછરથી બચું હેરાન થાયેતો જાડી નેટની કુરટની બનાવીને નાખવી, પણ કદી બીજા ઘટ કપડાની બનાવીને નાખવી નહી.

આવતા ભાશાણુમાં એજ બાબદ વીશે વધારે કહી સંભલાવીશ.

## ડાહાપણ.

### એક અસલી બરાહમણે દીધેલી સીખામણ.

"દાહાપણના સખુન સાંભલ, તેની સીખામણ ઊપર ધેયાન આપ, અને તારા દીલમાં તેનો સંઘરહ કર; તેની કેહેવત સઘલી ચીજોને લાગુ પડેછે અને સઘલી નેકી તેની ઊપર આધાર રાખેછે; તે માણસની જીંદગીનો ભોમીયો અને સરદારછે.

"તારી જીભ ઊપર લગામ રાખ, તારા હોટની આગલ એક નેઘેહબાન રાખ, નહીતો તારા પોતાના મોહોડાના સખુનો તારા ચેન સુખને તારાજ કરશે.

"જે લંગડાને ધીકારેછે, તેને ખબરદાર રેહેવું કે તે પોતે ઊભો રહી નહી જાયે; જે શખસ બીજાની કસુરની વાતો મજાહ લેઇને બોલેછે, તેને પોતાની કસુર દીલસોજીથી સાંભલવી પડશે.

"ઘણું બોલીયામાં પસતાવો કરવો પડેછે; પણ ચુપકીદીમાં સલામતીછે.

"બોલકનો માણસ મંડલીમાં ઊપદરવછે, તેની ભતાઈથી કાનને નાખુશ લાગેછે, તેના બોલના ઘોતથી વાતચીત ગરક થઈ જાયેછે.

"પોતાને વીશે બડાઈ ના કરતો, નહીતો તારી ઊપર લેયાનત આવશે; બીજાની મશકેરી ના કરતો કાંયેક તે ધાસતી ભરેલુંછે.

"એક કવડી મશકેરી દોસતીનું ઝેરછે; અને જે પોતાની જીભને વાલી શકતો નથી, તેને મેહેનતમાં પડવું પડશે.

"તારી અવસથા પરમાણે તારે માટે લાયેક સગવડ પુરી પાડજે; તોયપણ તારેથી જેટલું પેદા થઈ શકે તાંહાં તલક લગી ખરચ કરતોના; કે જેથી કરીને તારી જુવાનીની દુર અંદેશીથી તારા બુઢાપાને સુખ મલે.

"તારા પોતાના કાંમ પછવાડે તારૂં ધેયાન લગાડજે; રાજની કારકીરદી તાંહાંની સરકારને સોંપજે.

"તારી ફરસુદની વખતની મોજ ઘણી ખરચાલું થવા દેતોના, નહીતો તેની મોજની ખુસી કરતાં, તેને મેલવવાનું દરદ વધી પડશે.

"આબાદાનીને સાવચેતીની આંખોને ફોડવા દેતો ના, અથવા કુશકલ પણાને કરકસરના હાથ કાપવા દેતો ના. જે શખસ જીંદગીની ફાલતુ ચીજો મેલવવાને જેમ ગમે તેમ ખરચ કરેછે, તેને અગતની ચીજોની ગરજને માટે અફશોસ કરવો પડશે.

"બીજાઓની અજમાયશથી તું ડાહાપણ સીખ અને તેઓની ખાંપણ જોઈને તારા પોતાના વાંક સુધાર.

"પરીક્ષા કરીયા આગમજ કોઈની ઊપર વીસવાસ કરતો ના, તોયપણ કારણ વગરે બેવીસવાસી ના રેહેતો; તે કુરપાલુ કામ નથી.

"પણ જારે સાબેત થયું કે એક માણસ દેયાન

ના ધરમ તરફ ખેંચી લીધા. તોયપણ તેના પોતાના
અતલગના મલતીઆઓ તેની સાથે મારામારી કરવા લા
ગા, કાંપેકે તેઓને પણ મોટો અખતીયાર ભોગવવાનો લાલ
હતો અને તેમાં સમીઠ તે લોકોને ફાવવા દેતો ન હતો.
લોકોની દુશમનાઈ એટલીતો વધી પડી કે એક દીવસે મધ
રાતના તેના બીછાના ઉપરથી ખેંચી કાહાડીને, તેને નાગો
કરીને તેના બદન ઉપર તાર ચોપડીયો. હવે સમીઠને કર
ટલાંનડમાં રેહેવાને ભારી પડીયું તેથી મીસાઉરી પોતાની
ઠેરવેલી જગા ઉપર જવાને દરૂસત ધારીયું. મીસાઉરીમાં
પણ આસતે આસતે તોફાણ થવા માંડીયું. મારમન લો
કો ઉપર તરેહવાર બોહોતાનો જોરાયાં. તેઓ લોકોના મા
લમતા લુટેછે એટલુંજ નહી પણ લોકોની બાયડીઓની
આબરૂ ઉપર પણ હોમલો કરેછે એવાં ખોટાં તોહોમતો તે
ઓના દુશમનો મુકવા લાગા. જોકે મારમન લોકો એ ત
દન નાગુકર જાતા હતા તોયપણ લોકો તેઓના દુશમનોનું
કહેલું માણતા હતા અને આસતે આસતે એટલોતો કરો
ધ અને દુશમનાઈ વધી પડી કે મારમન લોકોને મીસાઉ
રી માહેથી હંકાલી કાહાડવાનો ઠેરાવ કીધો. એ ઉપર
'થી લડાઈઓ ચાલી અને આખરે મારમન લોકોને મીસા
ઉરી છોડીને નાહાસવું પડીયું. મીસાઉરી છોડીને તેઓ
ઈલીનાઈસ પરાંતમાં ગયા અને નાવુ નામનું શેહેર સથાપી
યું. એ શેહેરમાં તેઓની વસતી ઘણી વધી પડી અને
એક બે વરશના અરસામાં નજદીક ૨૦૦૦ ઘરો ઈસકુલો
અને જાહેર ઈમારતો બાંધી. એ વખતે પેહેલ વેહેલાં ઈં
ગલંડ દેશમાં એ ફીરકાની ખબર પોંહોચી. અને ઈ૦
સ૦ ૧૮૩૭ માં એ ફીરકાના બે પાદરીઓ ઈંગલંડ ગયા.
અને થોડા વખતમાં નજદીક ૨૦૦૦ લોકોને વતલાવીયા.
૧૮૪૩ માં એ સંખીયા વધી પડીને ૧૦૦૦૦ ની થઈ.
૧૮૪૪ માં સમીઠના હોકમથી રાંણી વીકટોરીયા અને પ
રીનસ આલબરટ ઉપર તેઓના ધરમ પુશતકની એક કાપી
મોકલાવી, કે તેઓ પણ મારમન તોલામાં સામેલ થાયે. રા
ણી અને તેના ભરથારે એ ચોપડીને કેટલું માન આપીયુ
તેની કાંઈ ખબર નથી; પણ તેઓએ તે તરફ ધીકારની ન
જરે જોઈ હશે તેમાં કાંઇ શક નથી. ૧૮૪૧ માં સમીઠે
નાવુમાં એક મોહોટું દેવલ બાધવાને લોકોને ફરમાવીયું,
કે ખોદા તરફથી તેને સુચના થઈછે, અને તે પરમાણે નાવુ
માં તેઓએ એક ઘણુંજ સોભીતું દેવલ બાંધીયું. એક જ
ણ લખી જાયેછે, કે એ વખતે નાવુ શેહેરનો દેખાવ ઘણો ર
લીયામનો હતો. લોકો ઘણા મેહેનતું અને કામકાજમાં રો
કાયેલા રેહેતા હતા, રસતામાં કોઈ પણ રઝડતો અથવા છાક
ટો માલમ પડતો નહી હતો અને કાંઈ પણ જાતની બદીની
નીશાંની માલમ પડતી ન હતી " નાવું શેહેરમાં મારમન લો
કો થોડું સુધી ઘણી આબાદાની અને સલાહ સંપનથી ર
હેયા, પણ વધારે આબાદાંનીથી તેઓ છગી ગયા અને એ
ક વખત સમીઠ યુનાઈટેડ સટેટસનો પરેસીડેનટ થવાને ઉ
મેદવાર થયો હતો, પણ તેમાં તેનું કાંઈ વલીયું નહી અને
ઉલટું લોકોના મનમાં તેઓ વીશે ખરાબ વીચારો ઉતપન
થવા લાગા અને દુશમનાઈ વધી પડી. એ વખતે. તેની ઉ
પર મોટી તવાઈ આવી પડી. સમીઠનો ચેલો સીડનીરીગ
ડન ઘણોજ લોભી તેમ બદખસલતનો હતો, તે પોતાની તર

ફથી વલી ગપ મારવા લાગો કે તેને ખોદા તરફથી આઘાહી
થઈછે અને તેમાં દરેક શખસને જેટલી બની આવે તેટલી
બાયડી કરવાનો હોકમછે એવું જણાવીયું. કેટલાએક આ
પ મતલબીઆ અને બદ માણસો તેવું કરવાને અને તેનો
ફેલાવો કરવાને ચુકીયા નહી: સમીઠ પોતે એ બાબદને ઘ
ણો ધીકારતો હતો અને જાહેરમાં કેટલાએકોને બેહોરમત
કરીને બરતરફ કીધા પણ બીજા આપ મતલબીઆઓ સમી
ઠની ઉપરજ એ બોહોતાણ લેઈ આવીયા કે તે પારકી ઓર
તોને ફુસલાવેછે, અને તેની સાહાદતમાંજ કેટલા દાખલા દ
લીલ અને સાહેદીઓ લાવીયા. એક મતલબીઓ તેઓની
બદ ચાલ વીશે આ પરમાણે જણાવેછે, " વદીલો માહેલા
થોડાએક જણની દશ અથવા બાર બાયડીઓ હતી. તેઓ
એક મોટી ચોપડીમાં પુશકલ ઓરતોના નામ દાખલ કરતા
હતા અને તે ચોપડી જોસેફ સમીઠના ભાઈ હાઈરમ. સમીઠને
તાંહાં મોહોરબંધ રાખી હતી; અને જારે એઓ માહેનો કોઈ
ઓરતને ફુસલાવા માગતો, તારે તે ચોપડી ઉઘાડીને તેણીને
દેખાડતા હતા, અને તેમાં પોતાનું નામ દાખલ કીધેલું જો
તી હતી; તારપછી તેઓ તેણીને કેહેતા હતા કે એવી ખો
દાની મરજી છે અને તે મરજીને તેણીએ તાબે થવું જોઈયે
અને તે ઓરત એ પરમાંણે તાબે થતી હતી." તેઓની સા
મણેવાલાઓએ એક છાપખાનું શથાપીયું અને "એખસ
પોજીતર" નામનું પતર કાહાડીયું. તેમાં સોલ ઓરતોનો
ઈકરાર છાપીયો, કે જોસેફ સમીઠ, સીડની રીગડન અને
બીજાઓએ તેણીઓને ઉપર જણાવીયા પરમાંણે તેઓ
ની બાયડી થવાને ઉસકેરી હતીઓ. એવી બાબદ
છાપીયાથી સમીઠને ગુસ્સો લાગો અને પોતાની ત
રફનાઓને ઉશકેરીને છાપખાનું તારાજ કરાવી ના
ખીયું. છાપખાનાંવાલાઓને ઈલનાઈસ માહેથી ના
હાસી જવું પડીયું અને પાસેનાં પરાંતમાં જઈને સ
મીઠ, તેનો ભાઈ અને બીજા સોલ જણ ઉપર વારંટ કાહા
ડીયાં. જે કાનસટેબલ વારંટ લેઈને આવીયો તેને મારમ
ન લોકોએ હંકાલી કાહાડીયો, કે તેનો ઈલાકો તેઓ ઉપર
ચાલતો નથી. એ ઉપરથી સાંમણેવાલાઓએ લડાઈ કર
વાની ધાંધલ કીધી. સાંમણેવાલા તરફનો ગવરનર પોતે લ
ડાઈનાં મેદાંનમાં આવીયો અને મારમન લોકોને જણાવી
યું કે જો સમીઠ અને બીજાઓ તેને તાબે થાયેતો તેઓનો
જાન સલાંમત રેહેશે અને જો તેઓ સાંમણે થયેતો પછી
જે કાંઈ નકામી ખુનરેજી થાયે તેનો દોશ તેઓને માથે ન
થી. સમીઠે અને બીજાઓએ તાબે થવાને દરૂસત ધારીયું
અને તેઓની તપાસ થાયે તાંહાંસુધી તેઓને બંદીખાને ના
ખીયા સમીઠનાં દુશમનોએ જારે જોયું કે સમીઠ એ માં
હેથી છટકી જશે, તેથી ગપ ઉરાડી કે સમીઠને અને તેનાં
સાથીઓને છોડી દેવાનો તેઓનો મનસુબોછે, તે ઉપરથી કે
ટલાએક લુચાઓએ ઠરાવ કીધો કે જો ધારાથી તેઓને શી
ક્ષા મલી શકે નહીતો દારૂગોરો ધારાને બદલે કામ કરશે.
એ પરમાંણે ૨૭ મી જુન ૧૮૪૪ ની સાંજરે નજદીક બસે
માણસ એકઠાં થયાં અને બંદીખાંનાં ઉપર હોમલો કીધો.
અને બંદુક વતે ગોલીઓ મારી. પેહેલાં હાઈરમ સમીઠને
ગોલી વાગી અને તે તરત નીચે પડીયો. જોસેફ સમીઠ બા
રી વાટે કુદાવા ગયો અને તેવામાં તેને એક ગોલી લાગી.



દક્ષીણ અમેરીકાનાં દેશનો માજી પરમુખ,
ધી હાનરએબલ જેફરસન ડેવીસ.

સમીઠ અદમુવો થયલો તોયપણ તેને તેઓ ઉચકી લઈ ગયા અને એક કુવાની પાર ઉપર અંઠીંગાવીને તેની ઉપર ગોળી ઓ મારીને તેનો જાન લીધો.

એ પરમાણે નજદીક વીસ વરસની જાહોજલાલી ભો ગવી અને જેહેમત ખેંચીને એક ઠગારો પણ સુરો અને મે હેનતુ મરદ ઓગણચાલીશ વરસની ટુંક ઉમરમાં પોતાનાં ઝનુન અને લોભનો ભોગ થઈ પડીયો. જોકે નીચ તોખમ નો, ગરીબાઈમાં ઉછરેલો, બદ ખશલતનો, વગર ભણેલો સી ખેલો અને કઠોર અને નીચ ચાલચલણનો, તોયપણ પોતા ની હુશીઆરી, અકલ અને ઝનુનથી એક ધરમ ઉભો કીધો અને તેનાં મરણની વખતે વીસ વરસની થોડી મુદતમાં તે ના ફીરકામાં પેહેલાં પાંચ છ માણસ માહેથી એક લાખ માણસની સંખીયા ગણાવા લાગી અને તેનાં ધરમનાં વટલે લ દુનીયાની ઓમેર થવા લાગા.

## મી૦ જેફરસન ડેવીસ—અમેરીકાનાં દક્ષીણ સંસથાનોનો પરેસીડનટ.

ભાઈઓ ! પરથવીનાં એક નકસા ઊપર જોયા થી તહમુને માલમ પડશે કે પરથવીનાં બે અરધા ગો લાઓમાંનો એક અમેરીકાખંડ તથા પાસીફીક માહા શાગરનાં ટાપુઓએ રોકેઓછે. અમેરીકાખંડ તથા તેનાં રેહેવાશીઓની હસતી ઈસવી સન ૧૪૯૨ ના શાલમાં કોલમબસે જાહેર કીધું તાંહાંસુધી કોઈને માલ મ હતી નહી. અમેરીકાખંડની શોધથી તાંહાં લો કોનું મન બહુ ખેંચાવા લાગું. એ ખંડનો ઊતર ભાગ ઘણુંકરી ઈંગરેજોથી તથા દક્ષીણ ભાગ વલંદા તથા ઈસપેનીઅરદોથી વસયો. ઈંગલંડનો રાજો ત રીજો જારજ જાંહાંસુધી તખતે આવેઓ તાંહાંસુધી અમેરીકા જઈ વસેલા ઈંગરેજોએ ઈંગલંડની હકુમ ત કબુલેલી હતી. પણ જારજ રાજાની કારકીરદી માં પરધાનોની હીલાઈ અને બેખબરીને લીધે ઈંગરે જી રાજનું એક જલકતું ગુવાહેર જપ કરી ઊડી ગ યું. અમેરીકાની અંદર ચાહ અને બીજી વસતુ ઊ પર ઈંગલંડે જગાત મેલી જેથી તાંહાંના વસેલા ઈં ગરેજોએ એ જુલમાત સાંમે ભારી પોકાર ઊઠાવયો. અંતે બેહુ બોરદુ એટલીતો જોશ ઊપર આવી કે હ થીઆરે કરી પોતાનો કાબુ બેસાડવાનો બેહુએ નીશ ચય કરેઓ. અમેરીકાનાં વાશીંગટન નામના એક શ વદેશ હીતકારી પુરૂશે પોતાના દેશીઓને માથે થઈ હીમતથી ઈંગરેજો સામે હથીયાર લીધીયાં અને બહુ વરશની ખુનખાર લડાઈ ચાલેયા પછી ઈ૦ સ૦ ૧૭૮૩ ના શાલમાં અમેરીકા દેશ ઈંગલંડની બાંહે ધરી છોડી એક સવતંતર રાજય ઊભું થયું. અમેરીકાના રાજયને પરજા સતતાક રાજય કેહેછે. પ રજા સતતાક એટલે જાંહાં પરજા પોતે રાજય ચલાવે છે. ઈંગલંડના રાજનો અધીકાર એક રાજા ઈયા રા ણીને હસતક હોયછે. અમેરીકામાં કોઈને પણ રાજા ની ગાડીએ બેસાડવામાં આવતો નથી. શઘલી પર જા એક મત અને એક ખુશીથી એક ધરસથને ચુંટી કાહાડેછે જે તેઓ તરફથી ચાર વરસ શુધી શઘલો કા રભાર ચલાવેછે. એ શખશને પરેસીડંટ કરી કેહેછે. પરેસીડંટને મદદ કરવાને માટે દરેક શેહેરમાંથી ચુંટી કાહાડેલા ધરસથોની મંડલી હોયછે. ઈંગલંડથી છુ ટા પડયા બાદ તાંહાંના વસેલા ઇંગરેજોએ પોતપોતાના જુદાં શેહેરોને લેગાં કરીને યુનાઈટેડ ઈસટેટસ ઈયાને એકંદર શેહેરો એવું નામ આપયું. યુનાઈટેડ ઈસટેટસપર પરજાની તરફથી કારોબાર ચલાવનાર શખસને યુના ઈટેડ ઈસટેટસના પરેસીડંટ એવે નામથી ઓલખવા લાગા. યુનાઈટેડ ઈસટેટસની એકંદર સંખેઆ ચોવી સછે. એ શેહેરોને ઊતર મધીયમ અને દક્ષીણ એમ તરણ ભાગોમાં વેહેચેલાંછે. અમેરીકાખંડ જાહાર થી યુરપ દેશની જાણમાં આવેઓ તાહારથી તાંહાં ગુ લાગગીરીનો માહા જબુન ધંધો ચાલવા લાગેઓ. ગ રીબ લાચાર અને હેવાન સરખા અપર હબસીઓની જંગલી જુંપડીઓને આગ લગાડી યુરોપીઅનો પોતા નો હરામ કસબ ચલાવવા લાગા. પણ ધનય ઈંગલં ડના માહા પરોપકારી બેટાઓ થામસ કલાર્કસન અ ને વીલીઅમ વીલબરફોરસને, કે તેઓની આગેવાની, કોશેશ, અને જાતી મેહેનતથી, ઈંગરેજી રાજમાંથી આ દોજખી ધંધાનુ બી જડમેખથી ઊખડી ગયું. અમેરીકા માં આ છેલલા દાહેકામાં જે ચાગતના ફેરફાર થયાછે, જે લોહીની નદીઓ ચાલીછે, તેનું મુલ કારણ આ ગુલા મી ધંધોછે. આ રીતે આસતે આસતે અમેરીકાના યુનાઈ ટેડ ઈસટેટસના ઊતર ભાગની ખાતરી થતી ગઈ કે આ દમજાતને જબરદસતીથી પકડી કપાસ અને ઊનની માફક તેઓનો વેપલો કરવો એ ઈશવરનો હોકમ તો ડી દોજખી ગારમાં ગરક જવા બરાબરછે. ઈંગલં ડે બેસાડેલા ધડા ઊપર ધેયાન આપેઆથી, અને કેલ વણીના તેજથી, ઊતર સંસથાનોમા રેહેનારા ભલા અ મેરીકનો, જેઓ પણ સખખતી ઈંગલંડ માતાના પુતો

છે, તેઓની ચશમપર ફરેલો અંધારાંનો પરડો નાબુદ થયો, અને તેઓએ પોતાના દેશમાં ગુલામગીરી તથા ગુલામના વેપારની સખત બંધી કરી. પણ દક્ષીણ સંસથાનો આ હુકમની સામે થયા. તેઓના દેશમાં રૂ તથા સેરડી તથા બીજી જીણસોનો પાક બહુ થાય છે તેથી ગુલામગીરી વગર તેઓ પોતાનો ધંધો ધુલ કરી નાખશે એમ તેઓને લાગું. બંધે બોરદુના વકીલોની તાંહાંની સેનેટ ઇયાને મોટી દરબારમાં જોસલર તકરાર નીકલી અને સેવટ એવું આવેયું કે દક્ષીણ સંસથાનોએ ઊતર સંસથાનોથી જુદાં પડી કનફેદરેટ ઈશટેટ ઇયાને એકસંપી સંસથાનો એવો એલકાબ લીધો. આ વીજોગથી અમેરીકામાં બલવો થયો. યુનાઈટેડ ઈસટેટસના પરેસીડંટની હકુમત તુટી અને તેથી ઊતર વાલાઓએ દક્ષીણવાલાઓને તાબે કરવા લડાઈની સવારી તઈઆર કીધી. દક્ષીણ વાલાઓ હથીયારબંધ થઇ પોતાના ઊતરવાલા ભાઈબંધો સામુ નીકલયા. ઊતરવાલાઓનો પરમુખ મી૦ લીનકન હતો, અને દક્ષીણવાલાઓનો પરમુખ મી૦ જેફરસન દેવીસ હતો જેનું ચીતર પાસેનાં સફા ઊપર જોવામાં આવશે. જેફરસન દેવીસ દક્ષીણ સંસથાનોમાનાં કેનટકી શેહેરનો રેહેવાસીછે, અને તે ઈસવી સન ૧૮૦૮ના શાલમાં તા૦ ૩ જી જુને જનમ પામયો હતો. દેવીસનો બાપ સેમીયુઅલ દેવીસ ઈંગલંડની સામે પોતાનાં દેશનાં સુતંતરપણાને માટે એક લશકરી ટુકડીમાં સીપાઈ દાખલ લડયો હતો, અને પોતાનાં દેશનો છુટકો કરી મીસીસીપી નામનાં એક બીજા દક્ષીણ સંસથાનનાં શેહેરમાં આવી રહી રૂની ખેતીવાડી કરતો હતો. જેફરસન દેવીસ આ વખતે એક નાનું બાલક હતો. જેફરસનને તેના બાપે ઊમદા કેલવણી આપી અને તેને કેનટકીની એક મોટી મદરેસામાં દાખલ કરાવયો. વીસ વરસની નાની વયમાં તે મોટાં માન સાથે એક લશકરી મદરેસામાં શીખી ફરાગત થયો. સાત વરસ સુધી તેણે લશકરી ચાકરી કીધી. તે અમેરીકાનાં જંગલી ઈનડીઅનો જેઓ યુનાઇટેડ ઈસટેટસનાં દક્ષીણ ભાગો ઊપર વારેઘડીયે ધસારો કરતા હતા તેઓ સામુ લડયો હતો. ૧૮૩૫ માં તે મીસીસીપી જઈ ખેતીવાડી કરવા લાગો; અને રાજદ્વારી બાબદોપર પુરતું લક્ષ આપવા લાગો. ૧૮૪૫ માં તેને પોતાનાં દેશ તરફથી યુનાઇટેડ ઈસટેટસની દરબારમાં બેસવાને ચુંટી કાહાડેઓ. આ દરબારમાં તેણે ઘણી કાબેલીઅતથી પોતાના દેશ તરફનો અધીકાર બજાવયો. પણ થોડો વખત પછી મેકસીકો સાથે લડાઈ ઊભી થઈ અને મીસીસીપીનાં વાલંટીઅરો ઈયાને પોતાની ખુશીથી વગર પગારે દુશમન સાથે લડનારા ઘરહસથોએ દેવીસને પોતાનો સરદાર ઠેરવવાથી તે દરબારીનો ઓધો છોડી વગર વીલમે પોતાના નવા ઓધા ઊપર આવેઓ. બુએનાં વેસટાની જંગમાં દેવીસે ઘણીજ બાહાદુરી દેખાડી તેથી તેનું નામ પરખેયાત થવા લાગું. એક વખતે યુનાઈટેડ ઇસટેટસનાં પગારદાર લશકરપર મેકસીકનોની એટલીતો મોટી સંખીઆએ ધસારો કીધો કે અમેરીકનોનાં નામને તે દીને ઝાંખ લાગેઆ વીના રેહેત નહી; પણ કરનલ દેવીસ જોકે ઘાયલ થયલો હતો તોપણ તેણે પોતાનાં વાલનટીઅરોને હીંમત આપી અને એવોતો હોમલો કીધો કે મેકસીકનોને સેકસતે કીધા. ૧૮૪૮ માં પાછો તે મીસીસીપી તરફથી યુનાઈટેડ ઈસટેટસની મોટી દરબારમાં બીરાજીઓ. તેણે ઘણીજ કાલજીથી દક્ષીણ સંસથાનોનાં હક તપાસયા. ૧૮૫૩ માં પરેસીડંટ પીઅરસે તેને લડાઈ ખાતાંના સેક્રેટરી ઈયાને મુનશીનો ઓધો બખશયો જે તેણે ચાર વરસ સુધી ઘણીજ બાહાદુરીથી બજાવયો. ૧૮૫૭ માં તે પાછો દરબારે બેઠો અને બેહુ રાજ જુદાં પડયાં તેની ગાંજગડમાં તેણે મુખીજ ભાગ લીધેલ. ૧૮૬૧ ની ૮ મી ફેબરવારીને દીને દક્ષીણ સંસથાનોએ પોતાનો જુદો વાવટો ઊરાડયો અને મી૦ જેફરસન દેવીસને એક વરસ સુધી કામચલાઊ પરેસીડંટ ઠેરવયો. ૧૮૬૨ માં દેવીસની પાછી નેમણુક થઈ અને તેને ૬ વરસ સુધી પરમુખની જગા આપી. ઊતર વાલાઓ દક્ષીણ વાલાઓ સાથે ચાર વરસ સુધી લડયા. ઘણીએક ખુનખાર લડાઈઓ થાઈ જેમાં એ બેહુ ભાઈબંધો એકમેક સાથે લડી ફણા થયા. યુરપ દેશ ગમત જોતું ઊભું રહયું અને અમેરીકામાં લોહીની રેલો ચાલવા લાગી. ઊતર વાલાઓ એકવાર જીતેતો બીજીવાર દક્ષીણવાલાઓ જીતતા. બેહુ તાણમાં છુટા હતા. વેપાર શઘલો ઠરીઠામ થયો અને અમેરીકામાં તોપના ગોલાના વરસાદ શીવાય બીજું કાંઈ થતું ન હતું. ઈંગલંડના કારખાના જેઓને ઘણું કરી અમેરીકાથી રૂ પુરો પડ

તો હતો તેઓને એ જીણસ હીંદુસતાનથી લેવી પડી. ભરૂચ, સુરત, ઊમરાવટી, ધારવાર, અને બીજાં રૂના મોટાં મથકોથી ધુમધોકાર રૂ ઈંગલંડ ખાતે ચહડવા લાગો અને રૂના વેપારીઓ આ નવા રોજગારથી ખુબ તાજા થયા. અંતે દક્ષીણવાલાઓથી ઊતર સામે થોભાઈ શકાયું નહી. તેઓ પરાજય પામયા અને જેફરસન દેવીસ ઊતરવાલાઓને તાબે થયો. બે વરસ સુધી દેવીસે એકાંત કેદખાનું ભોગવીયું જાહારે તેને હાથે તથા પગે બેડી થોકાઈ તાહારે તેણે ઘણોજ હીંમતથી પોતાનો બંચાવ કીધો પણ જાહારે ઘણા જણા તેની ઊપર તુટી પડયા તાહારે તેને લાચારે તાબે થવું પડયું. દેવીસની બાયડી પોતાના ભરથાર તરફ અનેક રીતે પરીત દેખાડેછે. તે પોતાના ભરથારની ખાવાની વીગટ તથા તેની હાલતના સમાચાર તેના વઈદો પાસેથી અનેક રીતે મેલવતી હતી; અને દરેક જણને આજીજી કરીને પોતાના ખાવંદની બતંગ હાલત દુર કરાવવાની તજવીજ કરતી હતી. દેવીસને હાલ તરત છોડગોછે એવી કબુલાતે કે બેસતે શાલે તેણે પાછો ઊતર અમેરીકાના પરમુખને તાબે થવું અને તેની તપાસ માટે હાજર રેહેવું. દેવીસને મારી નાખવામાં આવશે એમ શઘલાના ધારવામાં આવતું હતું પણ પરેસીડંટ જાનસનના બોલવા ઊપરથી તેમ થનાર નથી એવું માલમ પડેછે. દેવીસની ઈંગલંડ ખાતે જવાની બુમ હમણા મચી રહીછે. દેવીસનું કદ ઘણુંજ ઊંચુંછે. તે છ ફીટ લાંબોછે અને એકવરીયો દેખાયછે. તે સવભાવે ઘણોજ નમાનો તથા મીલનસારછે.

દક્ષીણ વાલાઓની હાર થવાથી ઊતર વાલાઓનો કાબુ પાછો બેઠોછે. ઊતરવાલાઓએ પુશકલ હબસી ગુલામોને છુટાપણું બખશીયુંછે. જે લોકો આપમતલબને લીધે પોતાના ભાઈબંધોને પોતાના પગ તલે નીરદયપણે દાબતા હતા તેઓની હાર થઇછે. લાચાર હબસીઓની હાય તેઓપર જાસતી ગુજારનારા હેવાનોઅતી ચોટોપર પડીછે. ઈનસાફ ખરે કાંટે જોખાયોછે. ઊતરવાલાઓની ફતેહ સાથે યુનાઇટેડ ઈસટેટ્સમાંથી ગુલામગીરી નાબુદ થઈછે.

## એક બીન તકસીરવાર કેમ ફાંસી ગયો ?

### ઈતિફાકી ગુવાહીનાં દાખલા.

દુનીઆમાં ઘણીવાર એવા બનાવો બનેછે જેથી એક બે તકસીરવાર માંણસની સાંમે, ઈતેફાકથી ફકટલીક ગુવાહી એવીતો બંધ બેસતી નીકલી આવેછે કે તે ઊપરથી દાહઆ અને અકલમંદ માણસો પણ તેની ઊપર તકસીર લાગુ પયલી ગણી તેને દુનીઆથી બાટલ કરેછે. એવો એકબી માંણસ બેતકસીર મારેઓ જાય તેનાં કરતાં દસ તકસીરવારો તેમાં પડેલા શકનો લાભ લેઈ છુટી જાય તે બેહનરછે. એટલા માટે આપણી ઈનસાફની દરબારમાં આપણા કાબેલ નીયાયધીસો એવા ગુનેહગારોની તપાસ કરતી વખતે ઘણીજ બારીકીથી શાખશીઓને તપાસેછે અને તે ઊપર કેમ અને કેટલો ભરોશો લાવવો તેનું તોલ મનમાં બરાબર કરી "જુરી" ને તે વજન સમજ પાડેછે. એવા બેતકસીરવાર માંણસો ઊપર ઈતેફાકી ગુવાહી અને શાખશીઓ પેહલાં કેવી બંધ બેસતી આવેછે અને પાછલથી જારે તેનો ખરો ખોલાસો થાયછે તારે તે ગુવાહીનું ચોકકું કેવું બેકું હતું તે આપણને માલમ પડી આવેછે. એવા બનાવનાં બે ખરા દાખલા હમારી વાંચનારી બાનુઓની સાંમે ધરીએ છઇએ.

એક ઇંગરેજ ડાકટર કેહેછે કે ઇંગલંડમાં તરીસ વરસની વાત ઊપર ટરનહામ ગરીન તરફથી હું જતો હતો તેવામાં રસતામાં લોકોનું એક ટોલું મેં ઊભેલું જોયું જેઓની વચે એક શખસ ઊભેલો હતો જેની ઊપર તેવો સરવે તાનાંજની કરતા હતા કે તેણે પોતાનાં ભાઈને આગલ મારી નાખીઓછે અને તે ખુન આજે કેટલાક શક ઊપરથી સાબેત થયુંછે. સાબેતીમાં આ શખસનાં ઘરની નજદીકમાંથી એક માંણસનાં હાડકાં મલી આવીઆં હતાં જે તપાસવાને માટે તેની ઊપર એક "જુરી" બેઠી હતી. ખબર કાહાડતાં મને માલમ પડીકે બે ડાકટરોને તેડીને આ હાડકાંની સરવે જાણવા જોગ કેફીઅતથી "જુરી" વાકેફ થઈ હતી; પણ મને વધારે જાણવાની ખાહેસ થવાથી હું ઓરડાની અંદર ગયો અને મેં જાણીઊં કે આ "જુરી" એક દાહાડે આગમચ તપાસ કરવા મલી હતી પણ તે તપાસ પુરી નહી થવાથી બીજે

દીને ફરી લેગી મલી હતી. તેવોની તપાસ ઊપરથી
મને નીચલો ખોલાસો મલીઓ હતો.

થોડાક વરસની વાત ઊપર સટન કોરટ ખાતે
એક ખેડુત અને તેનો એક નાહાનો ભાઈ સાથે રેહે
તા હતા અને એકજ જગા ઊપર સાથે કાંમ કરતા
હતા. નાહાનો ભાઈ બદફેલ અને ઊડાઊ હતો અને
કામસર બરાબર હાજર રેહતો નહી તેથી મોટોં ભા
ઈ તેની સાથે રોજ વહડવાડ કરતો. જેમ નાનો
ભાઈ ચાલચલણમાં ઘણો ખરાબ હતો તેમ બીજા હા
થ ઊપર મોટા ભાઇનો ગોશશો એટલોતો ખરાબ
હતો કે ઘણીવાર તેનો મીજાજ તેના હાથમાં રેહેતો
નહી હતો; એથી કરી તેવોમાં રોજ મારામારી થતી
અને તે સુખ ચેનથી સાથે રેહી શકતા નહી હતા.

એક શીયાલાની રાતના જારે જમીન બરફ
અને કરાંથી ધંકાઇ ગઇ હતી તે રાતનાં નાંનો ભાઇ
પોતાનાં ઓરડાની બારી કુડાવી નાશી ગયો હતો.
બીજે દીવસે તેનાં પગલાં રસતા ઊપર કરાં પડેલાં તે
ની ઊપર થોડેક છેટે સુધી દીઠામાં આવીઆં તારબા
દ તેનો કસો પટો લાગો નહી. પણ થોડાંક વરસ પ
છે જારે આ ખેડુતની જમીન બીજાએ ભારે લીધી
અને તેને ખોડી તારે તેમાંથી એક માણસનાં સરવે હા
ડકાં મલી આવેઆં તે ઊપરથી લોકોને શક ગયો કે
મોટા ભાઈએ નાનાને મારી નાંખી રાતોરાત તાંહાં દા
તેઓ હશે અને તેટલા ઊપરથી તેને પકડી તેની તપા
સ કરવાને એક "જુરી" બેસાડી હતી.

પેલો ડાકટર કેહેછે કે આટલી વાત જાંણી મેં
"કારોનર" ને દરખાસત કીધી કે મને પેલાં હાડકાં ત
પાસવા દેવાં તેણે હા કેહવા ઊપરથી મેં તે સંધ
લાં ગોઠવીને તપાસેઆં અને મેં એવો વીચાર બાંધી
ઓ કે તે એક ઢીંગણાં માણસનું પાંજરૂંછે અને માથા
ની ખોપડી તથા દાંતની હાલત ઊપરથી મેં અટકલે
ઊ કે તે ઘરડો માણસ હોવો જોયે. પણ ફરીથી ધે
આંન પોંહાંચાડી જોતાં મારી તાજુબીનો પાર રહે
ઓજ નહી કેમકે તે એક સ્રીનાં હાડકાં માલમ પડીઆં.
મેં મારો વીચાર જુરીને કહી સમઝાવીઓ અને પેહ
લાં જે બે ડાકટરો વીચાર આપી ગયા હતા તેવોને ફ
રી બોલાવી મંગાવાની દરખાસત કીધી. થોડાકવા
રમાં તેમાનો એક ડાકટર આવેઓ અને ફરીથી તેણે
ધેઆંન આપી જોવા ઊપરથી તે માહારા વીચાર સા
થે એક મલતો થયો અને હમારી શાહેદી ઊપરથી એ
કવાર નજદીક તકસીરવાર ઠરી ચુકેલો પણ બે ગુના
હ ખેડુત છુટી ગયો. પાછલથી એવું સાબેત થયુછે
કે તે જગા ઊપર "જીપસી" લોક ઘણાક વરસોની વા
ત ઊપર પોતાના મુરદાં દાતતા હતા.

નીચે એક બીજો દાખલો આપીએ છઈએ તેનું
પરીણાંમ માઠાં ભાએગે ઊપલાનાં જેવું નહી નીવડી
ઊં અને એ બનાવ ઇંગલંડનાં બીજા ચારલસ રા
જાની હાકેમીની આગમચ બનેઓ હતો.

એક મોહોટી દોલતવાલો ગરહેસથ પોતાની સ
રવે અશરફીઆમત પોતાની અઢાર વરસની એક પુ
રી છોકરીને વાસતે મુકી ગુજરી ગયો; અને તેનાં વા
લી તરીકે પોતાનાં ભાઇને નેમી ગયો હતો. જો આ
છોકરી પરણેઆ વગર અથવા પરણેઆ છતાં છોકરાં
વગર મરી જાયતો તેની સરવે અસરફીઆમત તથા દો
લત પેલા કાકાને મલે એવી રીતનું વસીયતનાંમું હતું.
આ પરમાંણે પોતાનાં ભાઈનાં મરણ પછે ભતરીજીને
પોતાને ઘેર લાવી રાખવાનો વીચાર કીધો. એ વખતે
તેઓનાં સગાં વાહાલાંઓમાં ચકચાર ચાલી રેહી કે
કાકાને ઘેર છોકરીને લેઈ જવું સારૂં નથી. આવી
અફવા ચલાવાનાં એકથી વધારે કારણો હોવાં જોઇયે.
એકતો એકે છોકરીનાં જીવની સલાંમતીની તેવોને ખ
રેખર ધાસતી હોય. બીજું એકે આવી માતબર છો
કરીને સરવે સગાં પોતાને તાંહાં લાવવાને ખંતી હોય
અને તેથી આવી અફવા ચલાવવામાં અદેખાઈથી
ઊશકેરાયાં હોય. તરીજું એકે માઠાં ભાએગે જો
છોકરીને કાંઈબી હુનારત બનીતો આ કાકો નકાંમો
દુનીઆની લેઆંનતમાં આવી પડે એવી ધાસતીથી
સગાંઓ બોલેઆં હોય. આટલું છતાં એટલુંતો કબુલ
કરવુ જોયે કે કાકા અને ભતરીજીનો દોલત સંબંધી
સંબંધ એકમેકનાં ફાએદાને ઊલટો નીવડે એવો હ
તો. આખરે પેલા કાકાએ આ છોકરીને એપીંગ
ફારેસતની નજદીક પોતાને ઘેર લાવી રાખી અને
થોડુંક પછે એ છોકરી એક દીવસે ગેબ થઈ ગઇ અને
તેનો કસો પટો લાગો નહી.

લોકોમાં અને સરવે સગાંઓમાં ખુબ ચકચાર
ચાલી રેહી અને જે દીવસે તે ગેબ થઇ તે દીવસે
કાકા ભતરીજી બાહેર ખેતરોમાં ફરવા નીકલેયાં હતાં
અને જારે કાકો ફરીને પાછો ઘેર આવીઓ તારે પેસી

છોકરી સાથે નહી હતી અને તારપછે તેની કશી નીશાંન માલમ પડીં નહી એવું જણાયા ઊપરથી પેલા કાકાને ચોકીમાં લેઇ ગયા. થોડાક દાહાડા પછે તેની તપાસ ચાલુ થઈ અને તેમાં તેણે જણાવીઊં કે ફરીને પાછા ફરતાં તે કાંઈ બાંહાંને પછવાડે પડી અને થોડાક વારમાં બેમાલમ થઇ ગઇ અને તેનો કસસો પટો લાગો નહી તેથી તે ઘર આવીઓ.

આ તેનો ખોલાસો નેઆયેધીસને મનપતીજ લાગો નહી અને છોકરીનાં મરણથી તેને જે ફાએદા થવાનો તથા આ બનાવથી તેનાં સરવે સગાં વાહાલાઓમાં પોકાર ચાલુ થઈ રહેઓ તેથી વધુ જુસતેજો થાય તાંહાંસુધી તેને કેદ રાખી મુકેઓ.

દરરોજ નવી નવી બાબદો તેની સાંમણે નીકલવા માંડી. એક શાખસી ઊપરથી એવું માલમ પડીઊં કે તેઓની નજદીક એક શખસ રેહેતો હતો તેણે, આ છોકરી પાસે તેની સાથે પરણવાની માંગણી કીધી હતી અને તેનાં જવાબમાં છોકરીએ એવું જણાવીઊં હતું કે તે શખસ ઊતર તરફ ફરવા જાયછે તાંહાંથી પાછો ફરવા પછે તેની સાથે તે પરણશે. આ શખસ વીશે પેલા કાકાનો સારો વીચાર નહી હતો તેથી તેણે ઘણીવાર પોતાની ભતરીજીને સાફ ના પાડી હતી જેથી તે કેટલીકવાર પોતાંના કાકા આગલ રડી હતી અને વાલી તરીકે તે આ બાબદમાં જુલમ ગુજારેછે એવા સખુન વટીક બોલી હતી.

એક ઓરતે વલી એવી શાખશી આપી કે જે દીવસે અને વખતે તે ગેબ થઈ ગઈ એવું કેહેછે તે દીવસે અને તે વખતે બેનરની ઝાહાડીમાંથી તે જતી હતી અને દુરથી કોઇક સ્ત્રી રકજક કરતી હોય એવું તેણીએ શાંભલીઊં તે ઊંપરથી તે તરફ જવા લાગી અને આગલ વધે શું એટલામાં તેજ આવાજ તેના કાંણે પરગડો પડીઓ કે "કાકા મને મારી ના નાંખ; મને મારી ના નાંખ"! એ ઊપરથી તે ઘણી ઘભરાવા લાગી અને એટલામાં એક બંદુક ફુટવાનો આવાજ શાંભલેઓ અને તરત બીહીને તેણીએ નાહાસવા માંડીઊ અને ઘર આવી પોતાનાં લાગતાં વલગતાં આગલ વાત કીધી તે ઊપરથી સરકારનાં માણસો તેને શાહેધી આપવા લાયાં.

આ શાખશી ઊપરથી લોકોનાં મન એટલાંતો બેચેન થયાં કે આવો એક માણસ જેણે પઈસાને ખાતર, વાલી હોવા છતાં પોતાની ભતરીજીને મારી નાખી તેને સજા કરાવવાને ઘણાજ ખંતી હતાં અને એજ શાખસીઓ ઊપરથી પેલા કાકાને ગુનેહગાર ઠેડવી ફાંસીદીધો.

ફાંસી દીધા પછે આસરે દસ દાહાડા રેહીને પેલી છોકરી ઘેર આવી. તોએ આટલુંતો ચોકસ હતું કે જેવોએ શાખસી આપી હતી તેવોએ શરવે હકીકત ખરેખરીજ કહી હતી અને તે આ બનાવને કેમ મલતી આવી હતી તેનો ખોલાસો નીચે આપીએછે.

પેલી છોકરીએ પાછલથી કબુલ કીધું કે જે શખસે તેને પરણવાને માંગણી કીધી હતી તેની સાથે તેણીએ પકો બંદોબસત કીધો હતો કે કેથેબી નીકલી જઈ પરણી આવવું તેથી તે શખસે ખાલી બુમ ઊરાડી કે તે ઊતર તરફ ફરવા જાયછે અને એમ કરી એક જગામાં છુપો જઈ રહેઓ અને જે દીવસે તે પોતાનાં કાકા સાથે ફરવા ગઇ તેજ દીવસે તે શખસની શાથે નીકલી જવાનો અને એક ચોકસ જગાએ મલવાનો ઠેરાવ કીધો. રસતામાં કાકા સાથે વલી એકવાર તે શખસની પાછી વાત ચલાવી અને તેના કાકાએ ના પાડવા ઊપરથી તે ચાલતાં ચાલતાં બોલી હતી કે જો તમે મને રજા નહી આપશો તો હું મરી જવશ અને તેથી **"કાકા મને મારી ના નાંખો મારી ના નાંખો"** એવા બોલ બોલી હતી. એટલામાં તેવોની નજદીક કોઇએ બંદુક ફોડી અને જોયછે તો એક શેકારી પક્ષીનો શેકાર કરતો માલમ પડીઓ. જે જગા ઊપર પેલા શખસ સાથે મલવાનો બંદોબસત કીધો હતો તે જગા નજદીક આવી એટલે તેણીએ કાંઈ બાહાનું કાહાડી પાછલ પડી અને તેનો કાકો આગલ ચાલવા લાગો. તરત પેલો શખસ ઝાડીમાંથી નીકલી આવીઓ અને ઘોડા તઈઆર હતા તે ઊપર બેશી તેવો એક ઠેડવેલે મુકાંમે જઈ લાગાં અને તેજ દાહાડે તાંહાં પરણેઆં અને એક અઠવાડીઆની અંદર ફરાંનસ તરફ રસતો લીધો.

થોડાક દાહાડા તાંહાં રેહી પાછાં પોતાને ઘેર આવીઆં અને આવતાં વારજ આ બનાવ શાંભલેઓ કે તેવોનો કાકો તેઓનો ભોગ થઈ ફાંશી ગયો.

હવે ખરી શાખશીઓ છતાં એક માણસની ઊપર ગુનાહ લાગુ પાડવા આગમચ કેટલો પુખત અને ઠંડા સવભાવથી વીચાર કરવો જોઇએ તે આ દાખલાં ઊપરથી આપણને ઢેડો મલેછે.

## પતેતીની રાત અને નારોજ—એક વારતા.

વરસ આખેર થવાનો છેલો દાહાડો આવીયો. ઈરાંન દેશની પાયતખ્ત જમીન ઉપર એક ખુશનુમા દેખાવ રચી રહેલો હતો. પતેતીની સહવાર ઘણી ખુશનુમા હતી. સુરજની રોશની ખુશ ગરમ અને હવા એવીતો મધુર હતી, કે લોકોના મન ઉપર એવી અસર થઈ હતી, કે હવે રૂત બદલાઈછે. ખુશ બાગ બગીચાઓમાં, શુ બુટા કે શું જુવાન, પોતાના કુટુંબ કબીલા, દર દોસતદારો, અને બચાં છોકરા સાથે એકઠા મલીયા હતા. જોબન છોકરીઓ એક એક સાથે વાત કરતી હતી. આ વરસના છેલા દીવસ ઉપર તેઓને શું ભેટ, નજરાતું અને બક્ષીસ મલી હતી અને કાલ નારોજને દીવસે તેઓ કેવા ભાંત ભાંતના સોભઈતા પોશાકો પેહેરશે, તેનાં વાતો કરીને મધન થતાં હતાં. જુવાન છોકરાઓ બાહેર મેદાનમાં નીકલીને તરેહવાર જાતના ખેલ રમત કરતા હતા. કામકાજનાં માણુસો અને વેપારીઓ, આએ દીવસે કામ માહેથી ફુરસત મલી, તેના વીચારથી ખુશાલ હતા, અને બુધા બુજોરગ લોકો પણ એટલાતો મોજીલા થઈ ગયા હેતા, કે તેવો જાણે પાછા નોજુવાન બની ગયા હોયે તેમ એક મેક સાથે હમાજોર લઈ ચાહાતા હતા, કે ખોદા કરેને એવોજ દાહાડો ફરીથી પાછો આવે અને પાછી એવીજ મોજ મજાહ કરે. પણ એ મુબારક દાહાડા સીવાએ તેવોને મધ ન થવાનું બીજું પણ કારણ હતું. ઈરાંન ભુમી ઉપર ગયાં તરણ વરસ થયાં લડાઈ અને ખુનરેજી ચાલી રહી હતી, અને માતરે હમણાંજ એક બે મહીના થયા સલાહ સંપનો દેખાવ દીસે હતો, તેથી તેઓ વધારે ખુશ હતા. એવા દીવસ ઉપર ધાધી (નિસતી), બાવરચી, અને મીડાઈવાલા સીવાએ દરએક જણ ઘર છોડીને વારી વંતર અને ખેતરોમાં મોજમા પડીયા હતા, અને એ દીવસ ઉપર તરેહવાર મીડાઈ ફરૂટ અને મેવાના ખપનો કાંઈ પારજ નહી હતો.

દરએક જણના મોહોડાં માહેથી એવા સખુન નીકલતા હતા, કે "આજે પતેતીની રાતે ખુબ મોજ મજાહ કરશું;" અને એવો ખુશ મેલાવરો ગયા તરણ વરસ થયાં કોઈપણ દીવસે થયો ન હતો.

એ પરમાણે મોજ મજાહ અને ખેલ રમતમાં સહવાર અને બપોર પસાર થઈ ગઈ. સાંજ પડવા માંડી. સુરજ અસત પામવા લાગો, અને તેના છેલા કીરણ પુરવ તરફની ઉંચી ટેકરીઓ ઉપરજ માલમ પડવા લાગાં. સાંજની હવા જરા ઘંડી વાગવા લાગી, અને આસતે આસતે રસતાઓ નવરા થવા લાગા. છેલે કોઈ પણ રાહાદારી નજરે પડીયો નહી. એ વખતે એક ઘંભીર દેખાવનો જઈફ માણુસ, લશકરી અમલદારનાં પોશાકમાં, લીંબુનાં ઝાડની હેઠે એખલો ચાલતો માલમ પડીયો. તેનાં જમણા હાથમાં એક મજબુત ગાંઠ ગાંઠની લાકડી હતી, અને તેની ડાબી કાખમાં એક કુબડી હતી, તેની મદદથી તે હલવે હલવે દગલાં ભરતો હતો.

તેની સાંમણે એક બીજો જઈફ મરદ આવી ઉભો. તેના બાલ સફેદ બરફ જેવા થઈ ગયા હતા, પણ તેનાં ચેહેરા ઉપર લાલી હતી અને તે એવી જડફથી ચાલતો હતો કે તેનું જુવાનીનું તેજ હજુર તેનામાં માલમ પડતું હતું. તેનો પોશાક સાદો અને તદન સફેદ હતો અને તે હાથમાં એક કીમતી રૂપાનાં માથાની લાકડી ગુમાવતો ચાલતો હતો, જાણે કે તેનો ટેકો લેવાને તે મગરૂર હતો. એ બેઉ જઈફ મરદો સાથે મલીયા, પણ બેઉ મરદોનાં મોહોડાં માહેથી એક સબદ પણ નીકલીયો નહી. બેઉ જણ જાણે વીચારમાં હોયે તેમ હાથ લાંબા કરીને સાથે મેલવીયા; પણ એ બેઉ હાથ મેલવવામાં જેટલું એકમેકનું દીલ મલીયું અને એકમેકનો ચેહેરો જોયાથી જેટલી તેઓ મતલબ સમજીયા, તેટલું એકમેકની જબાં કદી પણ કહી શકતે નહી.

છેલે સફેદ બાલ વાલો શખસ બોલીયો, "અમલદાર સાહેબ, તમે આજે રાતરે નવ વાગે આવશો ?" બીજાએ જવાબ દીધો, "હા, મારા પેયારા ભાઈ, હું તાંહાં આવશ." એ પછી બેઉથી એક સબદ પણ વધારે બોલાઈ શકાયો નહી અને બેઉ જણ એક એકથી ઉલટે રસતે ચાલતા થયા.

લશકરી અમલદારનું નામ ખોશરો કરીને હતું; અને તેનો દોસતદાર ઈસપાહાન શેહરમાં સઉથી માતબર વેપારી હતો; તેનું નામ ગોદરેજ કરીને હતું. એ બેઉ શખસો સારી સાલેસાઈનાં, બાહાદુર અને મોહોબા વાલા હતા. તેઓ બેઉએ પોતાનાં જુદા જુદા ખાતાંમાં પોતાનાં દેશની અછી સેવા બજાવી હતી અને તેથી પોતાના દેશીઓ તરફથી એકદીલી માન મેલવીયું હતું. બેઉની બાયડી ઘણા વરસ થયાં મરી ગઈ હતી અને તેથી તેઓ પોતાની જીંદગી એકાંત ગુજારતા હતા. ખોશરોનો એક પુરો છોકરો રૂસતમ નામનો હતો, તે પોતાના બાપનો દાખલો પકડીને લશકરમાં દાખલ થયો હતો, અને ગોદરેજનો છોકરો દારાબ જુદે જુદે દેશ મુસાફરી કરતો હતો, અને તે માહેથી તરેવાર ગ્નાન મેલવતો હતો. એ બેઉ જઈફ પુરૂષો વચે ઘણી મુદત થઈ ભાઈ સંબંધી મોહોબત પડી હતી, અને તેઓ જાતે સવભાવના ખુશ અને મોજના શોખીલા હતા, તેથી પોતાની સોબતીમાં ઈસપાહાન શેહેરના બીજા માતરે છ લાયેક બુજોરગ ઘરસયોને સામેલ કીધા હતા. આસતે આસતે એ આઠ દોસતોમાં એટલીતો મોહોબત પડી અને તેઓ એટલાતો વારંમવાર એક મેકને ભેટ કરતા હતા, કે તાંહાંનાં લોકો તેઓને "અજમેહુશત" (આઠ જણની ટોલી) કરીને કેહેવા લાગા. આએ એક સંપી ટોલી માતબર વેપારી ગોદરેજના મોહોટા ઘરમાં જમતી હતી. તેઓ હેમેશાં પતેતી અને નારોજને દાહાડે સધલા એકઠા મલતા હતા અને દરએક જણ નારોજની આતુરતાથી વાર જોતા હતા, અને જેમ જેમ એક એક વરસ જાતું ગયું તેમ તેમ જાંણે કે તેવોને ખુશી ઉપજતી હતી. એવાં ઘણાંએક વરસ ખુશીમાં ગુજરીયાં, પણ આખરે તેઓના દીલમાં ફીકરે ઘર ઘાલીયું આસને આસતે નારોજના દીવસો ઉપર એક એક પછી એક એક ખુરશી ખાલી થવા લાગી અને જારે તેની ખુરશી પુરવાને માટે કોઈ દોસતી કરવા લાયક પુરૂશ મલીયો નહી, તારે તેઓ ઘણાજ ફીકરમંદ રેહેતા હતા. તોપણ થોડા જે બાકી રેહેતા, તે દર વરસની આખેરીએ ભેગા થતા હતા, અને ખાઈ પીઈને ખુશીમાં દાહાડો ગુજારતા હતા.

હાલની પતેતીનો દાહાડો હમેશના જેવો ન હતો. ગ

ચા સાલમાં, એક એક પછી તરણ દોસતદાર આગ્એ દુનીયા
છોડીને ચાલતા થયા હતા, અને આઠ જણ માહેથી હાલ
માતરે બે જણ, ખોશરો અને ગોદરેજ રહેયા હતા. અને
એજ કારણને લીધે જારે આજ દાહાડાની સાંજરે તેઓ લી
બુંના ઝાડની નીચે સાથે મલીયા, તારે તેઓનું હઈડું એ
ટલુંતો ભરાઈ ગયું હતું, કે તેઓથી થોડા સખુન સીવા
એ વધારે બોલાઈ પણ શકાયું નહી.

નવ વાગાનો વખત નજદીક આવીયો અને પેલો બુ
ઢો અમલદાર ખોશરો, પોતાના ઘરમાહેથી બાહેર નીકલીયો;
ઘડીયાલમાં નવ વાગતા હતા તેવારે ખોશરોના પગલાનો
આવાજ ગોદરેજના ઘરના દાદર ઉપર સંભલાયો.* મેજવા
નીના ઓરડામાં ગોદરેજ તેને વાસતે ખોટી રહેયો હતો.
જેવો ખોશરો ઓરડામાં પેશેછે, તેવામાં તેની નજરે એવો
દેખાવ માલમ પડીયો, કે તેથી તે અચરત થઈ ગયો, અને
વલી ફરીથી બોલવાની કાંઈ પણ શકતી રહી નહી. મેજ
વાનીનો ઓરડો આગલની માફકજ રોશનીથી સીંગારેલો
હતો, અને પેલો વેપારી હમેશની માફક ખુશબોદાર શરબત
અને પંચ બનાવીને પોતાની હમેશની જગા ઉપર બેઠેલો
હતો. એવો દેખાવ જોવાને ખોશરો ધારતો હતો ખરો, પ
ણ તે સીવાએ તેણે બીજો એવો દેખાવ જોયો કે જેથી તે
તદન અચરત થઈ ગયો. ટેબલ તરેહવાર જાતના પકવાન
થી ભરી નાખેલી હતી અને ટેબલની આસપાસ બીજી સા
ત ખાલી ખુરશીઓ મુકેલી હતી, જાણેકે આગલની માફક
સઘળા આઠો જણ મલવાના હોયે તેમ. બીચારા બુધા ખો
શરોથી એવો દેખાવ ખમાઈ શકાયો નહી, કે મુવેલાને મા
રે ખુરશી મુકવી એ એક ખરાબ મશકરી જેવી હતી, ન
હીતો, કે તેવોની ખાલી થયેલી જગા ઉપર, બીજા નવા પરો
ણાઓને બોલાવવા, તેના દીલને એ કરતાં પણ વધારે ખરા
બ લાગું તેથી, તે ઓરડામાં પેઠો નહી, તેટલામાં પાછું ફર
વા માડીયું, અને બારણા તરફ જઈને બોલીયો—

"મારા પેયારા ભાઈ, તારા મનમાં તું કાંઈ પણ હી
ણું લાવતોના, પણ જો સાચું પુછાવેતો, અહીંઆં મોટી ટો
લી મલવાનીછે એવી મને ખબર કાંઈ નહી હતી, તેથી હવે
હું માંગી લેવુંછું, કે તું મુજને માફ કર," એમ કહીને ચાલ
વા માડીયું.

એવા સખુન સાંભલીને ગોદરેજ તરત ચોંકીને ઉઠી
યો અને ખોશરોને કહીયું કે, "અરે, જુના દોસત, તું ખો
ટો ખેયાલ ના લઇ જા, મેં કોઈ ટોલીને અહીયાં બોલાવી
નથી, તોયપણ તું જુવેછે કે આ ખુરશીઓ અહીયાં મુક
વામાં આવીછે, પણ તે ચોકસ કારણથીજ થયુંછે, તે હું તુ
ને કહી સંભલાવશ."

એ ઉપરથી, પેલો બુધો ખોશરો ગોદરેજની જમણી બા
જુની ખુરશી ઉપર જઈને બેઠો અને બીજી ખુરશીઓ તર
ફ, જાંણે તેનું કારણ પુછતો હોય તેમ જોવા લાગો. એ ઉ
પરથી ગોદરેજ બોલીયો—

"અરે, ખોશરો, તું હવે તારો ઘંભીર દેખાવ છોડી
દે; અને આજ રાતરે મારા જેવા બુઢા હેમકની અજબ ત
રેહની કલપણાનું બેયાન સાંભલીને તું પેટ પકડીને હસીયા
વગર રેહેશે નહી; હવે હું કહુંછું તે સાંભલ! તું અહીં
આવીયો તેની એક કલાક અગાઉ મેં સઘલું તઈયાર કરી
રાખીયું, અને તે પછી આ લાંબા ઓરડામાં એખલું પ
સાર કરતાં મને ઘણું નવરૂં લાગું અને આપણા ગુજરી ગ
યલા દોસતદારોની તસવીર જાણે કે દીવાલ ઉપરથી મારી
તરફ નજર કરેછે એવું મને લાગું. એકાએક મારા મન
માં તરેહવાર ખેયાલ આવવા લાગા. જુવાનીનાં વખતનો
વહી ગયલા દાહાડાનો, અને આપણી જીંદગીમાં હવે થો
ડોજ વખત રેહેયોછે, તેનાં વીચારો એક એક પછી આવ
વા લાગા. છેલે મારી નજરમાં એવું આવીયું કે આખી દુ
નીયા ઉપર એક કફન ફરી વલીયુંછે અને તેમાં હું, તું
અને સઘલી ચીજો વીટલાઈ ગઈછે; અને પેયારા ખોશરો
હું તારી આગલથી છુપાવા નથી માગતો, કે એવા ખેયાલ
માં મારી આંખો આંસુથી ભરાઈ આવી. તોયપણ, એવી
નાલાયેક નાજુક હાલતની સામણે મારો જીવ ઘણો કઠણ
કીધો, અને ઘણા જોશથી ઓરડામાં પગલાં ભરવા લાગો.
હવે તમે દીવાલ ઉપર આપણી ટોલીનાં વડાની તસવીર
ટાંગેલી જુવોછો, એ શખસથી આપણી ટોલીમાં પેહેલો ખા
ડો પડીયો હતો. હવે, ભાઈ, તમે ગમેતો હશજો, કાંયેકે,
મેં તમુને હસવાને છુટ આપીછે; પણ હું સાચેમાચ તમુને
કહુંછું કે, એ તસવીર માહેથી એક સાધ મરનારનાં જેવોજ
મારે કાને પડીયો. તે ખોલા આવાજે એ પરમાંણે બોલી
યો, "ગોદરેજ, મારે વાસતે એક ખુરસી મુક." એની પછી
બીજાઓએ પણ પોતાની તસવીર માહેથી એકએક પછી ખો
લે આવાજે પોતાને માટે ખુરસીઓ મુકવાને ફરમાવીયું,
"અને ગોદરેજ, મારે વાસતે પણ!"—"જુના દોસતદારો
ને ભુલી ના જતો!"—"એક બીજી ખુરસી મુક!" એ પ
રમાણેના આવાજો મારે કાને પડીયા. તમારે ગમેતો હસો,
પણ એવી રીતે નાવીસવાસી મોહોડું ના કરો, કાંયેકે મેં ખ
ચીતથી તેઓનાં આવાજ સાંભલીયાછે; અને તમારે ગમેતો
મારા જેવા બુઢા શખસનાં ધ્રુજરા જીવને ધીકાર કર
જો, પણ હું તમારી આગલ ખોલા દીલથી કબુલ
કરૂંછું કે તે વખતે મારા દીલમાં હીચકારાપણાથી નહી, પ
ણ માતરે તેના ડરથી ધ્રુજરાં ચહડી આવીયાં વગર શકે,
એ આવાજો મારા પોતાનાજ જોસમાં આવેલા ભેજાંમાંથી
ઉતપન થયા હશે, પણ તેણે શું થયું? મેં ખરેખર એ આ
વાજો સાંભલીયાછે, અને તેઓની ફરમાસ બરાબર ચાલવા
ને મેં મારી ફરજ જાંણીછે; અને તેટલા માટે ટેબલ અને
ખુરસી તમે જુવોછો તે માફક ગોઠવી મુકીછે; પણ હવે મારા
ખેયાલી ભુતો સાથેની વાત અને આએ જાગતો સપનો હવા
માં ગયોછે. જારથી તમો અહી આવીને બેઠાછો, તારથી મા
રી શુધ ઠેકાણે આવીછે, અને હવે જો, ભાઈ, તમે ઠીક ધા
રતા હોવોતો, આ ખુરસીઓ આપણે પાછી દીવાલ તરફ
ઢકેલીયે."

ખોશરોએ પોતાની આંગલી ચેતવણી દાખલ ઉપર ધ
રી અને પોતાનું માથું હીલવીયું; પણ થોડા વખત પછી
તેની સફેદ મુછની હેઠલથી તેનું મોહોડું હસતું માલમ પ
ડીયું અને તેનો ઘંભીર દેખાવ નરમ પડીયો. તે બોલીયો
"ખરેખર, ભાઈ, તમારે મોહોડેથી એવા જાગતા સપણા ખે
લી રીતે કબુલ કીધેલા સાંભલવાનો કદી પણ મને જરા વી

આર ન આવીયો હતો; અને હું જોઈને ખુશી થયોછું, કે જેમ હું તે સવપણાને હસી કાહાડુંછું; તેમ તમે પણ હસી કાહાડોછો, એટલું ઠીકછે; કાંયેકે આજનો આખો દાહાડો મેં ખુશીમાં ગુજારીયો નથી, તેથી મારી ખુશીછે કે ગમત દાખલ કોઈ બીજી નવી બાબદ ઉપર વાત કરીયે. પણ વારૂ, હાલતો ખુરસીઓને તો જાંહાં તેઓછે તાંહાંજ રેહેવાદો; અને આપણને ખોદા પાસે શુકરાના માગવા જોઈયે, કે તેણે પોતાની મેહેરબાનીની રાહે, આપણ બે જણને આ બે ખુરસી રોકવાને માટે અને એક બીજા નોરોજની મુબારકબાંદી ચાહાવાને માટે જીંદગી બખશીછે."

ગોદરેજ પણ ખુશીમાં આવીને બોલીયો. "વારૂ, જાણે કે એમ વીચારો, કે આપણા ગુજરી ગયલા દોસતદારો પોતાની જગા ઉપર આવીને ખરેખર બેશે, તોયપણ આપણને શું બીહીવાનુંછે ? શક વગરે, તેઓ જો આવે, તો પેયાર અને મોહોબતના લેબાસમાં અને મેરબાનીની રાહે દેખાશે; નહી કે બીહામના ખવીસની સીકલમાં, કાંયેકે જો તેઓ પેલી જેહાન છોડીને, આપણી આ ફાંની દુનીયામાં 'પાછા ભેટ લેવાને માટે આવેતો, ખરેખર આપણે માટે તેઓને ઘણોજ સાચો પેયાર હશે, તેથીજ આવતા હશે !"

ખોશરો, ગોદરેજના હાથનું શરબતનું પેહેલું ગલાસ કબુલ કરતાં બોલીયો—"એ સઘળું ખરૂં, તોયપણ દુનીયામાં એવા માણસો પણછે, કે જેવોના ભેજાં ભુતોની કલપીત વાતોથી અરધાં ફરી ગયલાંછે, અને તેઓ ગુજરેલાને માટે આએ તઈયાર કીધેલી ખાલી ખુરસીઓ જોઈને ધ્રુજવા મંડી જાયે."

ગોદરેજ બોલીયો, "એથી ઉલટું, આપણા મનસે દીલાસો લેવો જોઈયે, કે એક દાહાડે આપણું રૂહુ આ દુનીયાના જુના ફાટા લેબાસના બોજા માહેથી છટકીને મોકલો થઈ જાયેછે."

"અને તેઓ પોતાની કુબડી ફેકી દેછે." એટલે, જેમ આ દુનીયામાં ભાગેલા પગને માટે કુબડી જોઈયેછે તેમ પેલી દુનીયાંમા તેની ગરજ પડતી નથી. એ પરમાણે ખોશરો જોશમાં ઉઠીને અને એક બીજુ દારૂનું ગલાસ પીતાં પીતા બોલીયો

એ પરમાણે, એ બેઉ દોસતદારો એક વાત ઉપરથી બીજી વાત લંબાવા લાગા, અને છેલે માલમ નહી પડીયું કે રાત ઘણી મોડી થઈ ગઈછે. તેઓની ટોલીના ગુજરી ગયલાઓની, એક એક જણ ઈયાદ દેવારતા વાતો કરવા લાગા અને એ વાતો કરતાં તેઓને પોતાની જુવાનીનો વખત ઈયાદ આવતો હતો. ગોદરેજ વાત કરતાં કરતાં વારે ઘડીએ ઉભો રહીને બારણા તરફ મોહો ફેરવીને જાંણે કંઈ સાંભલતો હોયે એમ કાન કરતો હતો, અને છેલે ખોશરોને પણ બારણા આગલથી કાઈ આવાજ આવતા હોયે એમ માલમ પડીયું. છેલે ગોદરેજ બોલીયો—

"એમાં કાંઈ પણ શક નથી, કે કોઈ બારણા આગલ સંતાઈને આપણી વાતો સાંભલેછે. થોડે થોડે વારે, મારા કાન ઉપર, કોઈ હલવેથી ચાલતું હોયે એવો આવાજ આવેછે, અને હમણાંતો, કોઈ મોટી ટોલી એક મેકમાં ગુસગુસ વાતો કરતાં હોયે એવો ગુચવણ ભરેલો આવાજ સંભલાયો."

ખોશરો બોલીયો. "નહી; તારેતો જેવી હોયે તેનો શક કાહાડી નાખવો જોઈયે." એમ બોલીને ખુરસી ઉપરથી ઉઠીયો. પણ તેજ વખતે ઓરડાનું બારણું હલવેથી ઉઘડીયું, અને પેલા બેઉ બુઢાઓની નજરે એક અજબ જેવો દેખાવ માલમ પડીયો. ખુબસુરત, તેજના ભરેલા નુરાણી ચેહેરાના ફરેસતાઓનું એક ટોલું, પાક સફેદ પોશાક પેહેરીને, અને બેરંગી પાખ સાથે ઘણાજ ઘંભીર ભરેલા દેખાવ સાથે પેલા બેઉ તાજુબ થયલા બુઢાઓ આગલ આવી ઉભું. એ ટોલાંનો સરદાર આગલ ચાલતો હતો અને તેનો પોશાક પણ ઘણોજ નુરાણી હતો, તેના હાથમાં એક મોહોટું કમલફુલ હતું, તેણે તે ફુલ ચોબની મીસાલે દેખાડીને પોતાના બીજા પાંચ સોબતીઓને દરએક ખાલી ખુરસીની પછવાડે લઈ જઈને ઉભા રાખીયા. એવા મુગા અને ભેદવાલા પરોણાઓના પેહેલા દેખાવથીજ, પેલા બેઉ દોસતો, માતરે અચરત થઈનેજ નહી પણ ડરથી પોતાની મેલેજ એકેદમ ઉભા થયા. જારે તે ફરેસતાઓ આગળ આવીને ઉભા અને તેઓના ચેહેરા બારીકીથી તપાસતાં ઓલખીતા માલમ પડીયા, તારે તેઓ એક મેક સાથે હસીને સર નમાવીયું, અને પછી તેઓનો શું ભેદછે અને તેઓ શું કરવા માગેછે, તે જોવાને માટે મુગા મુગા ખોટી રહેયા.

હવે, તે ફરેસતાના સરદારે પોતાનું કમલફુલ પોતાના સોબતીઓ માહેથી બે જણ તરફ દેખાડીને ઈશારત કીધી, તે ઉપરથી તેઓ આગલ વધીયા. તેઓના હાથમાં લીલા પાતરાના હાર હતા. તે હાર તેઓ પોતાના નાહાના હાથમાં ઉંચે ધરીને પેલા બે બુઢા મરદો આગલ ગયા. એ વખતે પેલો સરદાર હલવેથી અને બરાબર ભાર મુકીને આ નીચેના સખુન બોલીયો—"જેવો દોસતીનો જાયુક ગાંઠ, જેવી દીનદારની ઉમેદ, જેવી મોહોબત પેયારની દુવા, તેવો ભાઈબંદનો સંપ હમેશાં લીલો રેહેછે." એ પછી પોતાના ફુલની ચોબ લાકડીથી બીજા ફરેસતાને ઈશારત કીધી, તે ઉપરથી તે આગલ વધીયો. તેના હાથમાં રંગીન બીલોરનો ઝલકાત ભરેલો મંબુ હતો. તેમાં ખીલેલો ગોલાબ ભરપુર ભરેલો હતો, તે લેઈને તે બુઢાઓ આગલ ગયો. એ વખતે પેલો સરદાર ફરીથી બોલીયો, "જોકે જીંદગીના શીયાલાના બાગમાં ગોલાબ કદી પણ ખીલતો નથી, તોયપણ નીમકહલાલ બચાઓએ તમારે માટે જતન લેઈને જાલવી રાખીયોછે."

વલી બીજી ઈશારત કીધી, તે ઉપરથી, એક ચોથો ફરેસતો આગલ વધીયો અને ગોદરેજની સાંમણે એક સોનાનું તાજ અને ખોશરોની સાંમણે એક ઉમદા હીરાની મુઠની શમશેર આગલ મુકી. તે પછી પેલો સરદાર ફરેસતો ગોદરેજ તરફ જોઈને બોલીયો, "ઈશપાહાન શેહેરના રેહેવાસીઓએ આ ભેટ તમુને તેવોના બાપ દાખલ આપીછે;" વલી ખોશરો તરફ જોઈને બોલીયો, "આપણી બાપોકી જમીન તેના બાહાદુર પેહેલવાન અને બચાવ કરનારને આ ભેટ આબરૂ તરીકે આપેછે." છેલે ઘણી નજાકથી પાંચમો ફરેસતો આગલ વધીયો અને બેઉ દોસતોને ફુલના હારથી વીટાલી લીધા. એ વખતે પેલો સરદાર ફરીથી બોલીયો, "એ પરમાંણે આ દુનીયા ઉપર ભાઈબંદનાં સંપમાં ગાઢ.

રેહેજો, અને જે લોકો બેહેસતમાં ફરેસતાઓ સાથે વેહેવાર રાખીને સઘલા સાથે મલીયાછે, તેવોને યાદ કરતા રેહેજો."

ખુધા ખુશ મીજાજના ગોદરેજથી હવે મુગું રેહવાઇ શકાયું નહી. તેણે પેલા ઢોંગી ફરેસતા સરદારને પોતાના હાથમાં ઉંચકીને છાતીએ દાબીને બોલીયો, "અરે, મારી પેયારી, ભલાં દીલની, હુશીયાર જરબાનું, તેં તારો સોંગ કેવો અછી રીતે બજાવીયોછે અને તેથી તેં હમુને કેટલા ગમત અને ખુશી કીધાછે.. એ પછી ખોશરોએ પણ દરએક જણ સાથે કોટી કીધી. વાંચનારે જાંણવું કે એ ઢોંગી ફરેસતાઓ માહેના પાંચ જણ ગુજરી ગયલા ઝીનજલસીઓના છોકરાના છોકરા હતા.

છઠાં છોકરાને જોઇને ગોદરેજ બોલીયો, "પણ મારા પેયારાં નોહાના બાલક, તું કોણછે ! શું તારી ઓલખાણ મને નહી થવી જોઇયે ?" એ ઉપરથી જરબાનું વચમાં બોલી ઉઠી. "એ બીચારી માબાપ વગરની છોકરીછે, અને બુઢા કાકા નોશીરવાનને કાંઇ છોકરાં નહી હતા, તેથી તેને બદલે માએ એને પસંદ કરી એક પોશાકની ભેટ કરીને અહીં મોકલીછે.

ગોદરેજ તે બચાંની કાલી આંખો તરફ ટાકીને જોઇને બોલીયો, "ઘણુંજ ઠીક કીધુંછે; પણ તું ફરેસતાની રૂપમાં, મારે માટે આશીરવાદ લાવી, તેટલા માટે કાંઇ પણ મારી તરફથી બક્ષીસ વગર તું જશે નહી, આજ દીનેથી હું તુંને મારી પાલક છોકરી કરીને રાખુંછું."

તેવામાં ખોશરો બોલી ઉઠીયો, "ભાઇ, પંતીયાલામાં કાંમ કરવું ! ખબરદાર, એ ફરેસતાની દુવા જેમ તારે માટે, તેમ મારે માટે પણ હતી."

ગોદરેજ બોલીયો "વારૂં તમે જેમ કેહો તેમ, હું એ પેયારાં બચાંને કેલવણી આપશ, અને તમે પછી તેને પેહેરામણી કરજો "

ખોશરો બોલીયો, "એ કરાર મારે કબુલછે, અને જો તેટલા વખતમાં આપણા બેહેસતી ભાઇબંધ આપણુને તેડી લેવાને ખાંહાંસ કરશે, તો મારો છોકરો રૂસતમ મારી જગા લેઇને મારી કબુલાતને જલદીથી માન આપશે."

પેલી બીચારી નાહાની મા બાપ વગરની છોકરી પોતાનું સારૂં નસીબ કાંહાંલગી ઉઠીયુ છે, તેની તેને કાઇ પણ સમજ પડી નહી; પણ તેનુ" વફાદાર હઇડું ભરાઇ આવીયું અને તે રડી પડી ગોદરેજે તેને પતાવી સતાવીને નોશીરવાનની ખુરશી ઉપર બેસાડી; અને એ પરમાણે બીજાં છોકરાંઓને પણ તેઓના બપાવાની ખુરસીએ બેસાડીયાં. એ પછી તેઓ સઘલાં ઘણાંજ ખુશીમાં ગીરફતાર થયાં. દરએક જણ આગલ એક નાહાનું જામલીયું મુકીયું; અને તેમાં થોડું થોડું ખુશબોદાર શરબત નાખીને તેવોને પાયું. પછી તેઓના મા બાપ, કાકાકાકી, અને પીતરાઇઓની ખબર અંતરના સવાલ જવાબ થયા. એવી મોજમજાહમાં બામદાદનો વખત નજદીક આવીયો, અને ઘડીયાલમાં પાંચ વાગતાં ઉજરડું પડવા માંડીયું. પાંચ કલાકના પેહેલા ટકોરા સાથે સઘલા જણ ખુરસી ઉપરથી ઉઠીયા; દરએકે પોતાંના હાથમાં શરબતનું ભરેલું પેયાલું પકડીયું અને છેલા ટકોરાને માટે ખોટી રહેયા. એટલાવારમાં રસતામાંતો કાંઇ હજારો લોકોના ખુશીના આવાજો નીકલવા લાગા. "નવું સાલ મુબારક હોજો." તે સાથે ટોપોના આવાજ અને વાજાં વજનતરનો આવાજો એક એક સાથે ભેલાઇને નીકલવા લાગા.

ઘડીયાલ વાગતું બંધ પડીયું અને સઘલાઓએ એક એક સાથે ગલાસો અથડાવીયાં. ગોદરેજ અને ખોશરો નવા વરસની મુબારકબાદી ચાહાવા જાયેછે, તેવામાં જરબાનું બાહેર નીકલી આવી અને પોતાના ફુલને ગોલ ગુમાવીયું, તે એવી મતલબથી કે તેને હજુર બીજું કાંઇ કેહેવું છે. એ ઉપરથી સઘલા જણ સાંભલવાને થોબીયા. ફરેસતાનો સરદાર એ પરમાણે બોલીયો—.

"ખુશાલ નવા વરસના આ પાક જામલીયાં સાથે હજુર એક આશીરવાદ ચાહાવાની રહીછે. આએ પલ જતી નહી રેહે, તેટલાં વીચાર કરો, કે તમારા દીલમા હજુર સઉથી મોહોટી ઉમેદ કેહી રહી ગયેલીછે; અને જે ઉમેદ બાપનો પેયાર માતરે તેવોના દીલમાં ઉતારશે, તે ઉમેદ ખોલી રીતે અને ખુશીથી બોલો, જે ચીજની ઉમેદ તમુને ઘણી હશે, તે ખોદાની મેરબાનીથી બક્ષીસ કરવામાં આવશે" ,

તારે એ ઉપરથી ગોદરેજ અને ખોશરોએ પોતાના ગલાસો ખુશીથી ઉચકીયાં અને પેહેલાં ગોદરેજ બોલીયો, "ખોશરો, આ સલામતી તારા છોકરા રૂસતમની". ખોસરો બોલીયો "જુના દોસંતદાર ગોદરેજ, આ સલામતી તારા પેયારા છોકરા દારાબની !"

એઓ એમ બોલેછે, એટલામાં બે જુવાન શખસો, એક બોલ બોલીયા વગર, ઓરડામાં ધસીયા આવીયા અને પોતાના બાપની સાથે કોટી વલગી પડીયા. રૂસતમ જારે ઘર છોડીને લશકરમાં ગયો, તારે માતરે એક સીપાહીની મીસાલે દાખલ થયો હતો, અને હાલ લશકરના શરદારની પદવી મેલવીને પાછો ફરીયો હતો. તેના કપાલ ઉપર એક મોહોટા ઘાહાના ચીરાનો ડાગ માલમ પડતો હતો, અને તેણે પોતાની છાતી ઉપર લાયકી દાખલ બખશેલો એક ચાન પેહેરેલો હતો. દારાબ પોતાની લાંબી મુસાફરીએથી મુસાફરના પોશાકમાં પાછો ફરીયો હતો, તે દુનીયાની ખુબસુરતી અને નેકી જોવા જતા પોતે ઉંચો, ખુબસુરત, કદાવર દીલનો બનીયો હતો. તેઓ એટલા જલદીથી પાછા ફરશે એવી તેઓના ઘરમાં કોઇને પણ આશા હતી નહી. રૂસતમ અને દારાબે એક મેક સાથે કાગલ પતરનો વેહેવાર રાખીયો હતો, અને તેઓએ એવો ઠરાવ કીધો હતો, કે બેઉ જણ એક ચોકસ જગા ઉપર મલે અને તાંહાંથી વગર જણાવવે નોરોજની સહવારના ઇસપાહાન શેહેરમાં દાખલ થાઇને પોતાના બાપને મલે તેઓ પતેતીની એક દાહાડો આગમજ ઇસપાહાન શેહેરમાં આવી પુગા. દારાબ પોતાના કુટંબના ઘણાએક દોસતદારોને મલવા ગયો અને તેઓ સાથે મસલત કરીને એક દાહાડાની અંદર ફરેસતાલાએક પોશાકો તઇયાર કરાવીયા અને જરબાંનુ અને પાંચ બીજી છોકરીઓને તેઓએ શું કરવું તે સીખવી મુકીયું અને દારાબની મેહેનતથી ઉપર જણાવેલો દેખાવ બનીયો હતો.

માણસની હાલત અજબ તરેહેની રેહેછે; જેનું હઇડું ભરાઇ ગયલું હોયેછે, તે પોતાનું સુખ કોઇને પણ કેહેવાને ચાહાતો નથી, અને ચુપકીદી પકડેછે. પણ તે પછી તરત હરખાઇને જેમ ગમે તેમ જાણીયા જોયા વગર બકે

છે, સમજ્યા વગર જુવેછે, અને સાંભલેછે અને જવાબને
માટે ખોટી રહેયા વગર સવાલો કરીયા જાયેછે; પણ છેલે એ
હરખ નરમ પડેછે, અને ખરી હાલત સમજ પડેછે, અને
દીવશના અજવાલાંની માફક તેના મન ઉપર ગોપાંની આ
વેછે, એ પરમાણે એ બેઉ બુધાઓ ઉપર અસર થઇ હતી.
જારે તેઓની સુધ ઠેકાણે આવી અને આસપાસ જુવેછે તો
ઓરડો નવા પરોણાઓથી ભરાઈ ગયલો હતો; તેમાં દેગી
ફરેસતા છોકરાંઓના મા બાપ, રૂસતમ અને દારાબના મ
કતબના સાથીઓ, ગોદરેજના અતલગ અને દુરના સગાં
વાહાલાં અને શેહેરના મોહોટા અમલદારો ભેગા થયા હતા;
દર એક જણ મોજમજાહમાં પડેલા હતા. સઘલી ગમ સ
લામ અકરામ, મુબારકબાદી, વાતચીત અને સવાલ જવા
બો ચાલતા હતા. બીચારા ગોદરેજને રાતનાં ગેબી આવા
જોની વાત સઘલા નવા આવનાર આગલ ફરીથી અને ફ
રીથી નવેસરથી કેહેવી પડતી હતી.

પણ આ વાતતો વીસરવી નહી જોઇયે, ખોશરોને મા
ટે જે શમશેર અને ગોદરેજને માટે જે સોનાનું તાજ મ
લીયું હતુ, તે કાંઈ ખોટું ન હતું, પણ ખરેખર તેવોને તાં
હાંનાં દેશીઓ તરફથી ભેટ થઈ હતી. જારથી ખોશરોએ
લશકરના ચાકરી છોડી, તારથી પોતાની હીમત, હોશીઆ
રી અને દાહાપણ ભરેલી સીખામણથી પોતાના દેશને સા
રો ફાયદો કીધો હતો, અને તે શેહેરના બાદશાહે ખોશરો
ના છોકરાનેજ પસંદ કરીને તેની પાસે તે સોનાના મુઠની
શમશેર તેના બાપને માટે ખરેખર ભેટ મોકલી હતી. એ
જ પરમાણે ગોદરેજને સોનાનું તાજ તેના વફાદાર દેશીઓ
તરફથી ખરેખર ભેટ મલીયું હતું, કાપેકે તેણે મરકી અને
મોઘવારીની વખતે પોતાની દોલત પોતાના જાતભાઈઓના
સુખને માટે ખોલે હાથે વેહેચી નાખી હતી.

એવી મોજ ખુશખુશાલીમાં નજદીક ચાર કલાક ની
કલી ગયા; ખોશરો પોતાની લાકડી અને કુબડી લેઈને ઉઠી
યો અને પોતાનો ઘેર જવાનો ઈરાદો કીધો. ગોદરેજે તેને
વધારે વખત રેહેવાને માટે કહીયું, પણ ખોશરોએ મકમ
ના પાડીયું અને બોલીયો, "નહી, નહી, આજ નોરોજનો
દાહાડો મેં પુશકલ મોજમજાહ કીધીછે, અને સીતેર વરસ
ના બચાંને માટે તે ઘણી પુશકલ થઈછે." તોપણ તેઓ
બેઉ જુદા પડતી વખતે, ગઈ રાતની આશીરવાદથી તેઓ
ના દીલ ભરાઈ આવીયાં, અને તેઓથી બોલાઈ શકાયું ન
હી. જેમ પેહેલાં લીંબુનાં ઝાડની હેઠલ મુગા મુગા મલી
યા હતા તેમ એક વખત વલી આ ઓરડામાં તેઓ મલી
યા, પણ હાલ તેવોનું હઈડું કેવું જુદીજ તરેહુથી વાગતું
હતું; તેઓએ એક મેકમાં ફરીથી હાથ મેલવીયા અને આ
વખતે જાણે કે નવા અને કાયમ સંપમાં તેઓ જોડાયા.
તેઓના ચેહેરા ઉપરથી માલમ પડતું હતું, કે તેઓ ખોદાને
ઈયાદ કરતા હતા, અને તેઓના ચીમરાઈ અને બેસી ગયલા
ગાલો ઉપર વફાદારી અને ખુશીના આંશું વેહેવા લાગાં.

---

## ગુજરાત તરફની મુશાફરીનો હેવાલ.

પેઆરાં બેહેન જાઈજી,

તા૦ ૨૧ મી ડીસેમબર ૧૮૬૫ ની સવારનાં ૫ કલા
કે ભાવનગર હમોએ છોડીઉં, અને તાંહાથી ૭ ગાઉને છેટે
સીહોરછે તાંહાં ૧૦॥ વાગતે પોહોતાં. એ ગાંમ જતાં રસ
તામાં હેઠલ પરમાણે ગાંમડાં વીગરે મલીઆં હતાં.

ભાવનગરથી ૨ ગાઉ ચીતરા.
ચીતરાથી.. ૧ ગાઉ વરતેજ.*
વરતેજથી.. ૨ ગાઉ રાજપુરા.
રાજપુરાથી.. ૨ ગાઉ શીહોર.

શીહોર, સીંગપુર, અથવા શીધપુર કાઠીઆવાડ ઈલાકા
નાં ગોહીલવાડ પરાતમાંછે, અને તે ભાવનગર સવસથાન
નું એક મુખીઅ શેહેર ગણાએછે. એ ગાંમ પાહાડની ના
હાની ટેકડીઓ વચે આવેલુંછે. તેમાં આસરે ૧૫ થી ૨૦
હજાર માણુરાની વસતીછે. એ ગાંમનો કારભાર ભાવનગ
રનાં દરબાર તરફથી નેમાએલા હોધેદારો ચલાવેછે. ગાંમ
ની આસપાસ ફરતો કોટછે.

ગુજરાતનાં પરાચીન ઈતીહાસમાં જે શીધપુર વીશે
લખાએલુંછે, તે હાલના ગાંમથી સેજ દુર ઉજડ પડેલુંછે,
અને તેને અસલનું શીહોર અથવા શીધપુર કેહેછે. સો
લંકી વંસનો મુલરાજ ગુજરાતમાં સંવત ૯૪૨ થી રાજ ક
રતો હતો, તેઆરે તેણે ઘણાંક પાપી કરમો કીધાં હતાં તેનો
પરાચાતાપ કરવા સારૂં ઘડપણમાં પોતાનાં છોકરાને રાજ
સોંપી પોતે શીહોરમાં આવી રહ્યો; તાંહાં કાસી અને બીજી
પવીતર જગાઓથી બરામણો બોલાવીઆ અને "રૂદરમાલા"
નું નાંમીયું દેરું બંધાવીઉં. બરામણોએ જે આસીરવાદ
દીધા તેનાં બદલામાં શીહોરનું ગાંમ તેમને બખશીશ આ
પીઉં. કેટલાક લોકો એમ કેહેછે કે મુલરાજને કોહોર હ
તો તે શીહોરમાંનાં "બરમકુડ" માં નાહેઆથી જતો રહ્યો,
તેથી બરામણો ઉપર મોહી પડી તેમને એ ગાંમ ઈનાંમ
આપીઉં. ગમે તેમ હોએ, પણ આટલી વાતતો ખરીછે કે
શીહોર ઘણા વરશો શુધી બરામણોનાં તાબામાં રહીઉં. એ
બરામણોની બે જાત હતી કેહેછે કે કોઈ "રણા" બરામણ
નો છોકરો "જાની" ગનીઆતના બરામણની છોકરી સાથે
પરણેલો હતો. તેણે એક દીવસે પોતાની સ્ત્રીને હુંગાડે માંથે
જોઈ, તેવોજ તે રીસે ભરાણો. તેણીને ખુબ મારો અને તે
ણીનું નાખ કાપી નાખીઉં. આ બનાવ ઉપરથી બંને ગ
નાતમાં જઘડો ઉઠીઓ, બેઉ વચે ભારે લડાઈ થઈ, હજારો
બરામણો કતલ થઆ, અને ગાંમ વેરાંન થઈઉં. બેઉ તરફ
વાલાઓએ પારકી મદદ માંગી, જેથી કોઈ રાવલ રાજાના
હાથમાં આખરે શીહોર ગએઉં, અને જાંહાંશુધી ભાવનગ
ર વસીઉં તાંહાંશુધી ગોહીલ રાજાઓની રાજધાની આ ગાં
મમાં (જુનાં સીહોરમાં) હતી.

બીજે દીને (તા૦ ૨૨ મીએ) શીહોરથી પાલીટાણા જ

---

* એની નજદીક "માપશરા" નામે D. વરતેજમાં શર[illegible],
વાજું દેરૂછે.

વા સારૂં પાછલી રાતનાં કલાક ૪ વાગતે પેહેલું ગાંમ છોડીઉં. રસતામાં હેઠલ પરમાણે ગાંમડાં દેખાએઆં હતાં.

શીંહોરથી .. ૩ ગાઉ કનાડ.
કનાડથી .. ૧ ગાઉ કાજાવદર.
કાજાવદરથી.. ૧ ગાઉ લીમબુરધાર.
લીમબુરધારથી ૧ ગાઉ મઠરૂં.
મઠરાથી .... ૧ ગાઉ રંહોલા.
રંહોલાથી .. ૨ ગાઉ પાલીટાણા.

---

૯ ગાઉ.

## પાલીટાણા.

પાલીટાણ એક નાહાનું ગાંમછે. તેમાં આસરે ૧૫૦૦ ઘરોછે, અને ૩૫૦૦ માણુશની વસતીછે. ઘરો સઘલાં માળ વગરનાં અને મટોડાનાં બાંધેલાંછે; રસતા ઘણા ગલીચી ભરેલા અને એટલાતો સાંકડાછે કે શાંબાશાંબી ગાડી આવી હોએતો પાછી ફેરવવી પડેછે. ગાંમમાં સરવેથી મોહોટાં મકાનો ધરમશાલાછે. તેમાં શેઠ મોતીશાની તથા શેઠ પરેમાભાઈની સરવેથી મોહોટી કેહવાએછે. સઘલી મલી આસરે ૨૬ ધરમશાલાઓછે એવું કેહવામાં આવેછે. અને જો એમ કહીએ કે ગાંમની વસતીનો ૦। ભાગ ધરમશાલાઓ તથા ધરમનાં મોહોટા વંદાઓથી રોકાએલોછે તો તે કાંઈ અલંકાર રૂપી કેહવાશે નહી

પાલીટાણાનાં ઠાકોર શુરશીંગજી પરતાપશીંગજી જાતે રજપુતછે. દેખાવમાં સારી બાધણીનાં, અને સવભાવે થંડાછે. બીજા પુરવ તરફનાં રાજાઓની પેઠે આંગને ઘરેણાથી સંગારવાની અને જુઠો દબદબો બતલાવવાની ટેવ આ દરબારમાં નથી. દરબારે અંગરેજી ધપ પરમાણે એક બંગલો બંધાવાને શરૂ કીધુંછે, દરબારને તાબે આસરે ૫૦ ગાંમડાંછે અને કુલે આએપત ૧૦ લાખનીછે.

પાલીટાણાની નજદીક "શેતરૂંજો" નાંમે નાહાનો પરવતછે જે જેન ધરમની જુની અને ઘણી પવીતર તીરથની જગા ગણાએછે. એ માંટે હજારો શરાવકો જાતરા કરવાને દર વરશે આવેછે. શાંભલવા પરમાણે કારતકી અને ચઈતરી પુનમ ઉપર ૩૦ થીતે ૪૦ હજાર જાતરાલુ લોકો આ જગા ઉપર એકઠા થાએછે. ઘણા જથાબંધ લોકોનો જમાવ થવાથી અને આસપાસ ગાંમમાં ગલીચી ઘણી હોવાથી જાતરાલુ લોકોમાં કાલેરાનો ભુંડો મરજ ઘણો ફેલાએછે. ગએ વરશે હજારો માણુશો એ દુશટ મરજથી મરણ પાંમીઆં હતાં. ગામનો રોજગાર મુખીઅ કરી જાતરાલુ લોકોનાં આવવા જવાથી ચાલેછે, અને તેની આબાદાની તેઓનાં ઉપર આધાર રાખેછે.

જાતરાલુ લોકો ઉપર ઠાકોરની નજર જરા કરડી દીશેછે. અને જો કે ઠાકોર પોતે દઆલુ અને સમજુછે, તોપણ ખરાબ સલાહને લીધે શરાવક લોકોને હરેક રીતે ઈજા દેવાને પેરવી થાએછે. અતીઆર શુધી શરાવક લોકોની તરફથી દર વરશે રૂ૪૦૦૦ ઠાકોરને પાહાડ વીગરેની રખેવાલો રાખવાનાં મલતા હતા. પણ ઉપર કહેલા કારણને લીધે આ ઠરાવને પોલીટીકાલ એજંટની મારફતે ફેરવાવીને જે શરાવક લોકો જાતરા કરવા પાલીટાણાંમાં આવે તેપર દર માથાં દીઠ રૂ૨) લેવા, એવો ઠરાવ કરાવીઓછે. આ રીતે ચાલીઆથી ગરીબ જાતરાલુ લોકો ઉપર તરેહવાર રીતનો જુલમ ગુજરશે એ દેખાઈતુંછે. અગર ઠાકોર પોતે જુલમ નહી કરે પણ તેનાં માણશો ગરીબ લોકોને દુખ દીએ એ સવભાવીકછે.

## શેતરૂંજો.

જેમ મુશલમાન મકે જાએછે, અને વઈશનવ કાશી જાએછે, તેમ શેતરૂંજા અથવા સીધાચલ પરવતનાં દેડાઓની જાતરા કરવાને હીંદુસથાનનાં સઘલા ભાગ તરફથી જેન ધરમ પાલનારા હીઆં આવેછે. અને જાંહાશુધી એ મોહોટા તીરથને મલીઆ નથી તાંહાંશુધી પોતાની જીંદગી મીથીઆછે, એમ સઘલા સરાવકો ગણેછે. એ ડુંગર પાલીટાણાનાં ગાંમથી ૧ ગાઉને છેટેછે. તે તરફ જવાનો રસતો થોડોક સપાટ સડક જેવોછે, અને તેની બેઉ બાજુએ વડ, પીપડા અને આંબા રોપેલાછે તેથી તેનો દેખાવ રલીઆમણો લાગેછે, પણ બાકીનો રસતો ઘણો ધુલવાલો અને ખાડા ખબોચીઆવાલોછે. "તલાટી" આગલ વીસામાં બાંધેલાછે અને પાહાડ ઉપર જઈ આવનારાંઓને લાડવા આપવામાં આવેછે તથા શાકરનું પાણી મલેછે જેથી તેઓની તરશ છીમાએછે. પાહાડની ટોચ ઉપર જવાનો રસતો આડો અવડો, કેટલેક ઠેકાણેથી ઘણો ચડાવવાલો, અને પથરનાં કટકાઓને ગોઠવીને બનાવેલોછે. તેની લંબાઈ આસરે ૪ માઈલનીછે. તે ઉપર ગાડી અથવા ઘોડા જઈ શકતા નથી. પણ ઉપર જનારા લોકોને ઉંચકી લઈ જવાને ડોલીઓ મલેછે એ ડોલી એક ચોખુંન લાકડાંના ચોકઠાંની બનાવેલી હોએછે અને તેને પાટી ભરેલી હોએછે. તેને ચારો છેડે દોરડી બાંધી એક વાસના ઉપર તેને બે માણુશ ઉચકી પાહાડની ટોંચ ઉપર લઈ જાએછે. આસરે રૂ૨) દર માણુશ દીઠ લીએછે. પાહાડ ઉપર ચાલીને જવાને ઘણા ધરમી શરાવકો પુન સમજેછે અને એવા વીચારવાલા લોકો હુંગાડે પગે ચાલીને ઉપર જાએછે! તલાટી દેડાંઓની નજદીક પાહાડ ઉપર ચડી જતાં ૧ કલાક થાએછે.

પાહાડની ટોચ ઉપર જતાં રસતામા ઠેકાણે ઠેકાણે વીસામાંઓછે તથા શરાવકોનાં "માહારાજ" નાં પગલાંછે, જે પુજતા પુજતા જાતરાલુ ઉપર ચડેછે. "હીનગલાજના હડા" આગલ રસતાની ચડ ઘણીજછે અને તાહાંથી ઉપર ચડતાં પગે ચડનારને થાક બહુ ચડેછે. તે ઉપરથી લોકોમાં કેહવત ચાલીછે કે—

> હીંગલાજનો હડો,
> અને કેડે હાથ દઈને ચડો.

પોણે રસતે ગઆ પછી બે રસતા જોવામાં આવેછે, તેમાનાં ડાબે રશતે હમો ઉપર ગઆ હતા. ઠેઠ ઉપર ગઆ તેઆરે એક કીલા જેવો ફરતો કોટ નજરે પડેછે, જેને પેહેલી "ટુંક" કેહછે. એનાં અંદર એક નાધલી બારી જેવાછે તેમાં પશાર થઈ અંદર ગઆ કે દેડાંઓની હાર આવેછે, તેમાનાં કેટલાંક દેડાં મેલીઆ પછી જેન ધરમનાં શરવેથી મોહોટા તીરથંકર આદીનાથ અથવા આદીસવર ભગવાનનું દેડુંછે.

આ દેરૂં ઘણું મોહોટુંછે. તેનાં થાંભલા પારસનાં બનાવેલાછે. પુરવ સાંમે મોહો કરીને મોહોટી મુરતીછે તે આદેશવરનીછે, તે પણ પારસની બનેલીછે, અને જરીઆ નથી સણગારેલીછે. મારવારથી અને હીંદુસથાનનાં બીજા ભાગો ઉપરથી હજારો શરાવકો આ તીરથકરની મુરતીની પુંજા કરવાને આવેછે, અને સેકડો રૂપીઆનાં ઘરેણા વીગરે તેને અરપણ કરેછે. "આદીશવર ભગવાનની જએ" આ શબદો વારંવાર તેઓ પુંજા કરીઆ પછી બોલેછે.

જે શીખર ઉપર આદીનાથનું દેરુંછે તેની આશપાશ કેટલીક દેરી અને નાથલાં દેરાંઓછે, અને તેને ફરતો કોટછે. એ સેઘલાં મલીને એક "આદેશવર ટુંક" ને નાંમે ઓલખાએછે. એવી શઘલી મલી નવ શીખરો ઉપર જુદા જુદા ધણીએ અને જુદે જુદે વખતે દેડાઓ બાંધેલાંછે. દેડાં દેડીઓ ઘણી હોવાથી તેની શંખીઆ શેહેલાઈથી નીકલી શકતી નથી. હમારી ગણતરી પરમાંણે હેઠલ લખેઆ પરમાંણે દેડાં દેડીઓછે.

૧—આદેશરની ટુંકમાં આશરે ૮૨ નાહાનાં મોહોટા દેડાછે.
૨—મોતીશાની ટુંકમાં ૧૦ દેડાં અને ૫૦ દેડીઓછે.
૩—બાલાભાઇની ટુંકમાં ૩ દેડાં અને ૧૫ દેડીઓછે. એ ટુંક આગલથી ઉપર ચડતાં પાહાડના અંદરથી એક કોતરી કહાડેલી પરતીમાં જોવામાં આવેછે. તે અદબદજીનું દેરૂંછે, તેનાથી શેહેજ છેટે તેની બેહન માણકબાઈની નાથલી પરતીમાં જુદા દેડામાંછે
૪—પરેમચંદ મોદીની ટુંકમાં ૬ દેહડાં, અને આશરે ૧૨ દેડાછે.
૫—"ઉજમવસી" (ઉજમબાઇની ટુંક) એક મોહોટાં દેરામાં ૫૨ પરતીમાછે અને ૯ જુદી દેડીછે.
૬—હેમાભાઈ ટુંકમાં ૪ દેડાં અને ૨૩ દેડીછે.
૭—શાકરશંગ પરેમશંગની ટુંકમાં ૫ દેડાછે.
૮—"શીપાવશી" માં ૮ દેડાં તથા દેડીછે.
૯—ચોમુખમાં ૨૬ દેડાં તથા દેડી મલીછે.

છેલી ટુંકમાં "શદા શોમજી" નું શરવેથી ઉંચામાં ઉંચું દેરૂંછે. તેને વીશે તરેહવાર દંત કથાઓ ચાલેછે તે ઘણું મોરોટંછે ખરૂં, પણ કેટલાકતો એમ કેહતા કે એને બાંધવાને શારૂં શામાન ઘસડવાને રૂ૮૦૦૦૦ (હુંશી હજાર) ના દોરડાં ખપીઆં હતા !! આશરે ૧૫૦૦ ફીટ ઉંચા પાહાડ ઉપર બે માઇલના સાકડે, આડે અવડે અને ચડાવવાલે રસતે શામાન લઇ જવાને અલબત ઘણો ખરચ મેહો હશે એમાં કશો શક નથી, પણ ઉપલી વાત જરા અકલમાં ઉતરવાને બીંટ લાગેછે.

પાહાડની ટોચ ઉપર એક તરફ મુશલમાંન લોકોનાં પીરની કબરછે તેને "અંગાશા પીરની દરઘા" કેહછે. એ વીશે એવી દંત કથા ચાલેછે કે કોઇ નવાબે પાહાડ ઉપર જઇ દેરામાં મુરતીને લાકડી મારી, તેવાજ તેને ફેર આવવા લાગા અને પછી એ દરગાની જગામાં આવીને પડીઓ અને "ઈંગારો" થઇ ગએઓ. તે ઉપરથી તેનું નાંમ ("ઇનગાર શાહા") "ઇનગાશા" પીર પડીઉં. ખરૂં ખોટું તો ઇશવર જાણે—પણ હાલમાં લોકો એ પીરને માણેછે; અને ઘણા જાતરાલુ લોકો પણ તેની કબરને ફુલની ચાદર વીગરે ચડાવેછે !

શેતરૂજાનાં સઘલાં દેડાંને લગતા આસરે ૪૦ પુંજારાઓ ઇઆને "ગોઠીઓ" છે. સઘલાં દેડાંઓની રખેવાલને વાસતે આસરે ૫૦ શીપાઇઓછે, અને દેડાંને લગતા માલી વીગરે ૩૬ ચાકરોછે. સઘલા મલી આશરે ૧૫૦ માણસો દેડાને લગતાં કામમાં નોકરીમાંછે. દેડાંઓને લગતું "કારખાનું" છે તેમાં શઘલો હશાબ વીગરે રાખવામાં આવેછે તથા તે કારખાનાનો ગુમાશતો સઘલી ચોકશી રાખેછે. સઘલો ખરચ વરશ દાહાડે આશરે ૩૦ હજારનોછે અને તે દેડાંની આમદાનીમાંથી ખરચવામાં આવેછે.

પાહાડનાં ઉપર શહવાર અથવા શાંજને વખતે ઘણો રલીઆંમનો દેખાવ નજરે પડેછે. તાંહાં સીતલ વાંઇઉ વાએછે, જેથી પાહાડ ઉપર ચહડતા થાકી ગએલા જાતરાલુને ઘણી આશાએશ મલેછે. જોકે પાહાડ ઉપર ઘણી લીલોતરી નથી તોપણ હેઠલનાં ગાંમના જાહાડ પાન આંખને તાજી રાખેછે. પાહાડની ઉપરથી "શેતરૂની" નદી બરાબર પુરવ તરફ વેહતી નજરે પડેછે. જાતરાલુ લોકો એક દીવશ એ નદીમાં નાહીને ઉપર જાતરા કરવા જાયછે.

પીઆરાં બેહન ધારવા કરતાં આ કાગજ લાંબુ થયું તેથી હાલ બંધ કરૂંછ અને બાકીનું આવતા અંક ઉપર રાખુછું.

---

# પરચુટણ.

**નમે તે જમે**—એક આઇરીશ સરદારે જેવો તોપનો ગોલો આવેઓ તેવુંજ પોતાનું સર નમાવીયું જેથી પછવાડે એક સીપાઇ ઉભો હતો તેનું મસતક ઉડી ગયું. આ ઉપરથી તે બોલીઓ કે "જુઓ જે નમનતાઈ પકડે તેનું જશ્યું કોઇ દીને ઉડે નહી."

---

**ભણેઆ પણ ગણેઆ નહી**—કોઇએક આગલા વખતમા પાદશાહ હતો, જેણે પોતાના એકપુરા શાહાજાદાને એક નામાકીત એ'લમાને હસતક નજુમ શીખવાને મેલીયો. એવું કેહેછે કે તે વખતે ફાલ જોઇ પંદીતો અગમચેતી કરતા હતા પંદીતજીએ થોડાંક વરસ શુધી તાલીમ આપી શાહજાદાને બાહોશ કીધો અને પાદશાહને જણાવીયું કે હવે તેની પરીક્ષા કરવી. પાદશાહે એક ભરકચેરી ભરી અને પોતાના હાથમાંની એક કીમતી પથરાની વીટી મુઠીમાં પકડી અને શાહાજાદાને પુછીયું કે હાથમાં શુંછે તે ફાલ નાખી જણાવવું. શાહાજાદાએ નજુમના હીસાબ પરથી કહયું કે પાદશાહા સલામત તહમારા હાથમાં એક પથરછે. પાદશાહે કહયું કે વારૂં, કેહેવો પથર ? શાહાજાદાએ વીચાર કરીને કહયું કે ઘટીનું પઈયુંછે. પાદશાહા આ શાંભલી હસી પડયો અને બોલીયો કે મુરખ મુઠીમાં તે કાંઈ ઘટીનું પઈયું પકડાતું હશે ! પંદીતજી આ છોકરો ભણીતો ખરો પણ ગણયો નહી માટે એને હજુ તરબીએત દીજો, એમ કહી પાદશાહે કચેરી બરખાસત કીધી.

**ટકા ઉપર ટકા**—એક ઈંગલંડના ગામડાંનો માજી સટરેટ હતો તેણે ટકા ચહડાવીયા વગર વાત કરવાના કસમ લીધેલા હતા. એક દાહાડે એક ઘરહસથ આગલ તેણે એમ દફાંસ હાંકી કે "માહારા બાગમાં એક સલગમ ઉગીયો હતો તે એટલો તો મોટો હતો કે પાંચ બકરાંઓએ આખો શીયાલો તે પર ગુજારો કીધો પણ જાંણે ખુટયો નહી." પેલા ઘરહસથે કહયું કે "સેઠ તહમારા કરતાં એક વધારે અજાએબ વાત હું કહું. થોડા દાહાડા ઉપર હું માહારે ગામથી આવતો હતો તેવામાં એક કંસારાની દુકાન જોઈ જેમાં એક મોટું ગંજાવર તપીલું બનાવવાને પચીસ માણસો કાંમે લાગાં હતાં. શું તે તપીલાંનું બેયાન કરૂં કે પચીસ જણા હથોરી ઠોકે પણ તે એટલું ગંજાવર કે એક બેકને સાધ સંભલાય નહી." માજીસટરેટ બોલીયા કે "સેઠ એ દફાંસછે એટલાં મોટાં તપીલાંને શું કરે!" સેઠ બોલીયા કે "મેહેરબાન તહમારો સલગમ રાધવાને માટે તે તપીલું બનાવતા હતા."

---

**વકીલનું વીલ**—એક વકીલે મરતી વખતે વશીઅતનામું કીધું તેમાં એવું જણાવીયું કે દેવાના આદમીઓને માહારી સઘલી પુંજી વેહેચી આપવી. જારે તેને પુછવામાં આવીયું કે એમ કરવાનું કારણ શું, તારે તેણે કહયું કે "જાંહાંથી આવેયું તાંહાંજ પાછું જવું જોઈએ."

## રમુજે ફુરસત.

૧ લું—હું ચાર અક્ષરનો બોલછું અને એક અચરત સરીખી ચીજ છું. મારી ઉતપંતી વીશે જુદા જુદા દેશવાલાઓ દાવો કરેછે. હું તરણ ચીજની મેળવણીથી બનુંછું. એ તરણમાંની એક ચીજ જે મારામા દર શો ભાગે ૭૬ ભાગ હોયછે તે બંગાલ પરાંતમાથી પુશકલ મલી આવેછે. બીજી ચીજ જે મારામાં દર શો ભાગે ૧૦ ભાગ હોયછે તેનો જહો ઈરોપખંડમાં પુશકલ મલી આવેછે અને તે જારે પોતાની માના ગરજ પેટામાથી ઉછલી નીકલેછે તારે કેટલીકવાર આસપાસ સતીઆનાશ વાલી નાંખેછે; ઘણું કરી ઇટાલી અને સીસીલી તરફ એનેથી થએલો નાશ દીઠામાં આવેછે. તરીજી ચીજ જે મારામાં દર શો ભાગે ૧૪ ભાગ હોયછે તે પણ યુરોપખંડમાં મલી આવેછે અને ઈંગલંડ તેને પોતાની મોહોટાઈનું એક મોતેબર કારણ ગણેછે.

મારૂં નાંમ સાંભલતાંજ ઘણુંએકો ચમકી ઉઠેછે અને અને ભારે સંભાલથી રાખેછે. હું લડાઈ અને ખુનરેજીમાં હમેશાં પેહેલી હરોલમાં રેહેવુંછું. હાલ મુંબઈથી આબીસીનીઆ ખાતે લડાઈને સારૂં સરવે સાંમાંન લેઈ જવાની તઈઆરી થાએછે તેમાં હું પેહેલોછું. મારા વગર લશકર નકાંમુંછે. માંણશો, બીઆબાન જંગલ અને ફાડી ખાનારાં જાનવરોનાં ગોફાઓ પસાર કરી જવાને, મારા વગર તમો કવચીતથી હીંમત નહી કરો. માંણસો, જવારે તમો ચાહોછો તેવારે જાત જાતનાં ચલીઆ અને પંખીઓ જેવો આકાશની બુલંદી ઉપર ઉડતાં હોયછે તેવોને એક પલકારામાં હું જમીનપર બોલાવી શકુંચ. સાબર, હરણ તથા સીસુરગની જડફ મારી આગલ કંઈ નથી, હું તેવોને એક ક્ષણમાં દોડી પકડી શકુંચ. આદમીએ પોતાની અકલનાં બલથી મારો આવાજ ગગડાટનાં જેવો, મારૂં તેજ આતસ જેવું, અને મારો ચમકાટ વીજલી જેવો બનાવીઓછે. જારે હું રૂઠુંચ તારે ખડક અને બુલંદ પાહાડોનાં ટુકડે ટુકડા કરી નાખુચ. બોલો એવો હું જોરાવર પેહેલવાંન કોણછું?

૨ જું—બદામ, અખરોટ પસતાં તથા બીજો એવો મેવો સરવે વનસપતીમાં ચહડતે દરજજેનો કેહવાઈ શકાય તેનું કારણ શું?

૩ જું—એક સખશે દીવારૂં કાહાડીઉં અને તેનું કુલે કરજ (૯૭૭૦) રૂપીઆનું નીકલેઉં અને તેની પાસેથી માલ તથા મીલકત મલી (૪૨૦૩) રૂપીઆ (૨) આના અને (૨) પઈ એકંદર અવેજ નીકલેઓ; તારે તેનાં માંગનારાઓને દર દસ રૂપીએ કેટલા મલીઆ તે કહો!

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—વલગણ.
૨ જું—આંખ.
૩ જું—૩૧ આંનાં.

## મોરની ગરબી.

(રીસાએલો ભરથાર પરગામ જાયછે, તે સમે તેની વહાલી, પોતાની સૈયરને કહેછે.)

"શંદલ સામલાં દેવ, રનારે" એને મળતા રાગનીછે.

જો સખી સરોવર તીર, કળાધર મોરલોરે;
નિરખેછે નિરમળ નીર, કળાધર મોરલોરે. ૧.
મોરનો મનોહર વેષ, કળાધર મોરલોરે;
મોર મને વહાલો વિશેષ, કળાધર મોરલોરે. ૨.
મોરનીછે ચંચળ ચાલ, કળાધર મોરલોરે;
મોર દેખી વાધેછે વહાલ, કળાધર મોરલોરે. ૩.
મોર મારા હઈડાનો હાર, કળાધર મોરલોરે;
મોર દિઠો દિલનો ઉદાર, કળાધર મોરલોરે. ૪.
મોર મારા નેણનુ નૂર, કળાધર મોરલોરે;
મોર મારા પ્રેમનુ પૂર, કળાધર મોરલોરે. ૫.
મોર મારી નણદીનો વીર, કળાધર મોરલોરે;
મોર મારા મોતીનુ નીર, કળાધર મોરલોરે. ૬.
મોર મારા દિલનો દિવાન, કળાધર મોરલોરે;
મોર મારા સુખનુ નિધાન, કળાધર મોરલોરે. ૭.
મોર ઘણો ડહાપણદાર, કળાધર મોરલોરે;
મોર મારા જીવનો આધાર, કળાધર મોરલોરે. ૮.
મોર મારા ચિતડાનો ચોર, કળાધર મોરલોરે;
મોર મારા કાળજાની કોર, કળાધર મોરલોરે. ૯.
મોર મારો જીવણ પ્રાણ, કળાધર મોરલોરે;
મોર મારા મનડાનો જાણ, કળાધર મોરલોરે. ૧૦.

મોર મારો સાચો સનેહી, કળાધર મોરલોરે;
મોર વિના વરતું વિદેહી, કળાધર મોરલોરે. ૧૧.
મોરને તું જાઈને મનાવ, કળાધર મોરલોરે;
મોર મારા મેહેલમાં લાવ, કળાધર મોરલોરે. ૧૨.
મોર કહે તે હું કરીશ, કળાધર મોરલોરે,
મોરને જમાડી જમીશ, કળાધર મોરલોરે. ૧૩.
મોરને તું જઈ કહે એમ, કળાધર મોરલોરે;
મોર તું રિસાયોછે કેમ, કળાધર મોરલોરે. ૧૪.
મોર તારી રીસ તું મેલ, કળાધર મોરલોરે;
મોર તારી ઝૂરેછે ઢેલ, કળાધર મોરલોરે. ૧૫.
મોર જશે જો પરદેશ, કળાધર મોરલોરે,
રહિશ હું રોતિ હમેશ, કળાધર મોરલોરે. ૧૬.
મોરમાં છે માહરૂં મંન, કળાધર મોરલોરે;
મોર વિના તલખેછે તંન, કળાધર મોરલોરે. ૧૭.
મોર વિના ભાવે ન અન્ન, કળાધર મોરલોરે;
મોર વિના દોહિલાછે દંન, કળાધર મોરલોરે. ૧૮.
મોરનોછે સુંદર સોર, કળાધર મોરલોરે;
મોર મારી જીવનદોર, કળાધર મોરલોરે. ૧૯.
મોર પેખિ પ્રગટેછે પ્યાર, કળાધર મોરલોરે;
મોર મારો ઘરશણગાર, કળાધર મોરલોરે. ૨૦.
મોર મને મળવાના કોડ, કળાધર મોરલોરે,
મોરછે માહરી જોડ, કળાધર મોરલોરે. ૨૧.
મોર મારા તનડાની નાડ, કળાધર મોરલોરે,
મોર મને લાવી દેખાડ, કળાધર મોરલોરે. ૨૨.
મોર જીવો જોડલા સોત, કળાધર મોરલોરે;
દિન દિન પામો ઉદયોત, કળાધર મોરલોરે. ૨૩.
પ્રભુ કરે પૂરણ કામ, કળાધર મોરલોરે;
દે દુવા દલપતરામ, કળાધર મોરલોરે. ૨૪.

---

## પુસતકોની પોહોંચ.

**ખરીસટીઓનાં** જુના તથા નવા બાઇબલનો ગુજરાતીમા તરજુમો કીધેલા બે વાલમ હમોને મુબઇની બાઇબલ સોસાઇટી તરફથી મળીઆછે તેની પોહોચ કબુલ કરીએ છઇએ

"**દોસલાં અથવા મુકતાર**" એ નાંમનુ એક નાહનુ ચોપાનીઉ કવીતા આકારમા તેના બનાવનાર, બહે બોદા તરફથી હમોને મળીઉછે તેની પોહોચ કબુલ કરીએ છઇએ

"**ફારબાસ વીરહ**" એ નામનુ એક નાહનુ ચોપાનીઉ જે અમદાવાદના કવી દલપતરામ ડાહ્યાભાઇએ રચીઉછે તેની એક નકલ ગુજરાત વરનાંકીઉલર સોસઇટીનો તરફથી મળીછે તેની પોહોચ કબુલ કરીએ છઇએ.

આ ચોપાંનીઉ ભરનાર આનરએબલ અલેકઝાંડર કીનલાક ફારબસ સાહેબ જેવને અમદાવાદમા, ગુજરાત વરનાકીઉલર સોસઇટી, અને મુબઇ આવી એક ગુજરાતી સભા સથાપી અને ગુજરાતી પુસતકો વધારવા સારૂ એક મોહોટૂ ફંડ ઉભુ કીઉં અને જે પાછળથી મુબઇની હાઇ કોરટનો એક નીઆએધીસ થએલ હતો અને તે ગાંમડીઓ તરફ ભમતા તથા ભીતરના રાજતા હતા. તેની યાદગારીનો નીસાન તરીકે કવી દલપતરામે તેના ગુણોની ના ખ અસરકારક કવીતામાં આ નહાંના ચોપાનીઆમાં નોધીઉછે. એ ચોપાનીઆમાંની કવીતા ઘોડી ઘોડી હમારા વાંચનારાને માટે નમુનાએ પરગટ કરતા જઇશું.

"**સવીતા કુરૂત કવીતા**" નાંમનું એક ચોપાંનીઉ મને મધુ હીંદુ સભા તરફથી હમોને મળીઉછે તેની પોહોચ કબુલ રાખીએ છઇએ

આ ચોપડીમાંની કવીતા તેના બનાવનાર સવીતા નારાયણ ગણપતી નારાયણે ઉપલી હીંદુ સભામાં એકવાર વાંચી હતી તે, તે સભાને પસંદ પડવાથી છપાવી પરગટ કરવાની તેઓએ પોતાની ઇચછા જણાવી હતી તે ઉપરથી આ ચોપાનીઉ છપાવીઉછે

આ ચોપાનીઆમાંની કેટલીક સરસ કવીતા જોગવાઇએ હમારાં ચોપાંનીઆમા લેતા જઇશ.

**ગુલીવરની મુસાફરી**, લીલીપટના વેહેંતીઆં, ભાગ ૧ લો. આ નામનું એક નાહનુ પણ સુદર પુસતક હમોને તેના બનાવનાર તરફથી મળીઉછે તેની પોહોચ કબુલ કરીએ છઇએ.

આ પુસતક તરફ જોતાં પેહેલાજ તેનુ પુઠું એક નવાઇ સરખો દેખાવ નજરે આપેછે. એવાં પુઠા ઇંગરેજી કાંહાની અને કથાની દરએક ચોપડીઓ ઉપર દીઠામા આવેછે આપણી તરફ આ તજવીજ પેહેલ વેહેલીજ દીઠીછે અને એટલુ છતાં તેને સોભીતું કરવાને અને તેની ઉપર લાયક ચીતર મુકવાને કાંઇ કસુર કીધેલી માલમ પડતી નથી, એ માટે હમો દફતર આશકારા પરેસ જાંહાંથી આ પુસતક છપાઇ પરસીધ થયુછે તેના માલેકોને તેઓની સુભ કોશેસને માટે સાબાશી આપીએ છઇએ.

આ પુસતક ડીન સ્વીફટ નાંમનાં પરખીઆત ઇંગરેજ ગરથકારનાં "ગુલીવરની મુસાફરી" એ નામની કથાના પુસતકનાં એક ભાગનો તરજુમોછે બનાવનારે એ મુસાફરીનો તરજુમો ચાર ભાગમા આપવા ધારીઓછે તેમાનો આ પેહેલો ભાગછે. એ પુસતકમા કેટલાંક એ કથાને લાયક રમુજી ચીતર આપેલાછે અને પારથી લોકોને ઉપયોગી થઇ પડવાને માટે પારથી ગુજરાતીમાં એ રચીઉછે જેથી સ્ત્રીઓ તેમજ જોડાઅખશર નહી જાણનારાઓ તેનો ઉપયોગ કરી શકે આ પુસતક ફુરસતને વખત વાચવા લાયકછે તેથી હમો હમારા વાંચનારાને એ પુસતકની ભલામણ કરીએ છઇએ

"**મનસુખ**" ની તરફથી તેવણનાં રચેલાં કેટલાક પુસતકો હમોને ભેટ મળીઆછે તેની પોહોંચ કબુલ રાખીએ છઇએ અને ગજનામા સરીખી મન રીજવનારી ચોપડી હમારે હાથ આવવાથી તેમાની અસરકારક બાબદોમાથી કેટલીએક, જોગવાઇએ હમારા વાચનારની સામે હમો ધરી શકશુ આ કીમતી ભેટને માટે હમો "મનસુખ" નો ઉપકાર માંનીએ છઇએ.

"**જરતોશતી અભીઆસ**" નો આંક ૭ મો હમોને મળીઓછે તેની પોહોચ કબુલ કરીએ છઇએ

આ આંકમા જરતોશતીઓમા વખતની વેહેંચણી એવાં મથાળા હેઠળ એક લાંબી બાબદ લખવામા આવીછે ખરેખર એ બાબદ જરતોશતીઓને ઉપયોગીછે તેમજ તેની પાછળ મહેનત કરી આ ચોપાનીઆના બનાવનાર અભીઆશીએ જેટલી રંજ અને મેહેનત લીધીછે તે પણ ખરેખર તારીફ લાયેકછે. અલબતાં એ બાબદ કદી સંપુરણ નહી હોએ કાએક લખનાર પોતે એક અભીઆશી છે અને તેવનનાં અભીઆશમા કાંસે કાંઇ નવુ નજર આવેતો તેવણ તરત પોતાનું આગલુ લખેલુ ફેરવશે, તોએ જેટલી શોધ અને મેહેનત એ ધણી કરેછે તેથી આકેમત આપમને શાએદોછે એ અગીકાર કરીઆ વગર રેહેવાનું નથી

હમો આ અભીઆશીને એક એસતેમાશ કરીએ છઇએ કે તેવણે પોતાનુ લખાણ અભીઆશી વગર બીજાઓને પણ પુરતુ સમજ પડતુ થઇ પડે એવુ કરવાની મેહેનત લેવી જેથી બીજા અભીઆશી આપણ ઉપર મોટો ઉપકાર થશે હમો કબુલ કરીએ છઇએ કે આવી બાબદ થોડી રીતે લખતાં તેવણને ભારે મેહેનત પડશે પણ તેથી જે અટલની આપમને શાએદો થશે તેમા તે વળી રેહેશે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. | સપટેમબર ૧૮૬૭ | આંક ૯ મો.

## સેનાહ શેહેરનો કીલલો.

---

ભાગ ૭ મો.

સુરજ ઉગતે બેહુ પાદશાહજાદીઓ એક મેકને પાછી ભેટવાને ઘણી આરજુમંદ થઈ. તેઓના મનની ચીંતાથી તેઓની ઉંઘ ઉડી ગઈ હતી. મેહેરબાનું મનથી દરીઆફત કરતી કે અસફંદીઆરે પરીચેહેરનો બે મરતબે છુટકો કીધો તેથી તેનું દીલ તેણીની ઉપર લાગું હશે. ખરો મરમ જાણવાને તેણીનું દીલ આહેથી ઉછરતું હતું. પરીચેહેર દરીઆફત કરતી કે ગુફામાં જે શબદો તેણીને કાણે પડયા હતા તે ઉપરથી અસફંદીઆરનું દીલ મેહેરબાનુંપર લાગેલું નીશચપજ હશે. પણ પરીચેહેર પાછી મનસે વમાસવા લાગી કે જો અસફંદીઆર આહારીજ મોહોબતમાં ભેલાયલો હોયતો મેહેરબાનુના દીલને ખરે જખમ લાગશે અને જે ભલી બાનુ તેના ખરા ખેરખાહ માફક તેની બરદાસત કરતી હતી તેને દીલગીરી તથા અદેખાઈનું કારણ આપવું એ નીમખ હરામીછે. વલી મેહેરબાનુએ પોતે જોગણનો વેશ લેવાને માટે પરીચેહેરને પોતાનો અભીપરાય જણાવયો હતો અને તેણીને પણ સામેલ થવા માટે એલતેમાશ કરી હતી તેથી પરીચેહેરે આ દરખાસત બાહાલ રાખી મેહેરબાનુને રાજી રાખવાનો ઠેરાવ કીધો, જે ઠેરાવ તેણીને જણાવવા માટે તે મેહેરબાનુના ઓરડા ભણી ચાલી. મેહેરબાનુ ખુરંશીપર પોતાના હાથપર માથું ટેકાવી દીલગીર બેઠી હતી. મેહેરબાંનુને આવી હાલતમાં જોઈ જે બોલાશો પરીચેહેર કરનાર હતી તે તેણીએ મોકુફ રાખેઓ. બેહુ જણા એકમેકને ભેટયાં પણ જે ખુશી તેઓમાં આગલ દેખાતી હતી તે હમણા ગેપ થઈ ગઈ. મેહેરબાંનુએ વાત છેરી અને પરીચેહેરને મેહેલમાથી નાહાશી જવાનુ કારણ પુછીયું. પરીચેહેર આ સવાલ બરાબર સમજી નહી. તેણે બીજોજ જવાબ વાલીપો. તે બોલી કે "બેહેન મેહેર હું મંદીરમાંથી નાહાશી ગઈ તેનું મુલ કારણ એજ કે આપણી ભલી માતા મેહેરબાનુંના મરણના દુખદાયક સમાચાર દસતુર ફરેદુનને મોહોડેથી સાંભલયા. પણ સુગરે તે દાદગરના કે તે અફવા ખોટી પડીછે." તરતજ મેહેરબાનું બોલી ઉઠી કે "હા બેહેન એ અફવા કેમ મચી રહી તેનો ખુલાશો દીલબરે માહારી આગલ કીધોછે. હું જાહારે બેશુધ થઇ ગઈ તાહારે દીલબરે પોકાર મારી મેહેલ મચાવી નાખીઓ કે પાદશાહજાદી મરણ પામીછે અને ફરેદુન આ વેલાએ મેહેલમાં હતો તેથી તેણે આ ખબર મંદીરમાં કહી હશે." પરીચેહેર બોલી કે "પણ બેહેન મેહેર તહમે શાથી બેશુધ થઈ ગયાં?" મેહેરબાંનુની જીભ લથરી. તે ધ્રુજતે અવાજે બોલી કે "માહારો પીતા એક ગુનેહગારની તપાસપર બેઠો હતો અને"—પરીચેહેર વચમાં બોલી ઉઠી કે "બેહેન કયો ગુનેહગાર?" મેહેરબાનુ ઘણાજ નાતવાન અવાજે બોલી કે "પેલો જે જેવાન—" પરીચેહેર બોલી કે "શું અસફંદીઆર?" મેહેરબાનું બોલી કે "હા અસફંદીઆર. મેં તેને આગલ દીઠો ન હતો. કોણ જાણે તેણે કેઇ પેરે માહારા પીતાને ગુસસે કીધોછે. પણ બેહેન પરીચેહેર જાહારે તહમારી તેણે આટલી બધી બરદાસત કીધી તાહારે હું ખરેખર મધન છું કે પાદશાહે તેને માફી બખશીછે" પરીચેહેર જરા ઉશકેરાઈને બોલી કે "બેહેન મેહેર શું માહારા પીતાને ઘાયલ કરી તેને મરેતોલ કરવો એ માહારી બરદાસત કેહેવાય? જો કે ગઈ કાલેજ મેં માહારા પીતાના દીદાર જોયાછે તો બી શું બેહેન મેહેર હું એટલીતો નગુણીછું કે આ ભેજાં ફાટેલ જુવાનનો સામો હું ઉપકાર માણું? નહી પેયારી મેહેર માહારા જીગરથી હું આ જુવાનને ધીકારૂંછું, અને જો તહમારી દોસતીનો ગાંઠ માહારી સાથે હજુર કાયમ હોયતો હું નહી ધારતી કે તહમે માહારૂં વેર લયા વગર બેસી રહો." મેહેરબાનું પોતાનું માથું નમાવીને બોલી કે "પેયારી પરીચેહેર હું નહી ધારતી કે તહમુંને માહારી દોસતીપર સબદ નાખવાને કારણ મલે. ગઈ કાલેજ આ જુવાનને મેં નજરે દીઠો. .પણ પેયારી પરીચેહેર જાહારે તહમારા બાપના જાનની સલામતીને માટે વઇદો પુર આશા બાંધેછે તાહારે આ જુવાન સામે નાહેક વેર રાખવું મહને દરૂસત લાગતું નથી. અને આ જુવાનને જો ખબર હોત કે એ તહમારો પીતાછે તો શું તહમે કદી પણ કહી સકશો એની તરવાર મેઆનમાંથી બાહાર પડત?" પરીચેહેર તાણો મારીને બોલી કે "બેહેન તે બેગાના સબબસે તહમારો ઉપકાર માનવો જોઈએ કારણ કે તેહેની તહમે બહુ તરફદારી કરોછો, પણ બેહેન મેહેર તહમારા પીતાએ આ જુવાનને શા સબબથી ભુત દાખલ ગણયો?" મે

હેરખાનું બોલી કે "શું પરીચેહેર તહમે કેકાઉશની સબી જોઇ નથી? જાહારે આ જુવાન પુર બખતર પેહેડી આપણી હજુરમાં ઉભો તાહારે મેં પણ તેને કેકાઉશ પાદશાહ ધારયો અને દીલબર કદાચ એ બાબદસર ગુવાહી પુરશે." પરીચેહેર બોલી કે "બેહેન મેહેર હું સબીઓને બારીકીથી તપાસતી નથી. અને જેવી બારીકીથી તહમે આ જુવાનને તપાસેલોછે તેવું તો માહારા ખેઆલમાબી આવે નહી. પણ સંભાલ બેહેન મેહેર એક ખરી મીતરાચારી ખાતર મહને કેહેવાની ફરજછે કે જે મોહોબત તહમે આ જુવાનપર બાધીછે તે આકેબત તહમને દગો દેશે. તહમારી ઇમારતનો પાયો મકકંમ નથી. ગઇ કાલે તે મહને કેહેતો હતો કે હું માહારી મોહોરદારને ચશમે જોવાને બહુ ઇનતેજાર છું. અને જાહરે તહમે કહોછે કે એ જુવાનને તહમે ગઇ કાલેજ જોયો તાહારે તહમે તેના ખેયાલમાં હોવો એ મહને લાગતું નથી." મેહેરબાનું ધ્રુજતે અવાજે વચમાં બોલી ઉઠી કે "સબર બેહેન સબર. હું તહમારૂં દીલ કદી દુખાડનાર નથી. તહમારી ખુબશુરતી અને નખરાં આગલ મજ સરખીનું રૂપ આ જુવાનની છાતીપર અસર કરે એવું ગુંમાન હું કદી પણ ધરાવતી નથી હું એટલુંજ કહુંછું બેહેન પરીચેહેર કે આ જુવાન સાથ તહમો હસતે મોહોડે રહો." પરીચેહેર બોલી કે "પેયારી મેહેર ખરૂં પુછોતો અસફંદીઆર તહમારો છે. અને કદી પણ હું તહમારી મોહોબતપર બદ નજરે જોનાર નથી." ગરીબ મેહેરબાંનુંના આંખમાંથી આંશુની ધાર ચાલવા લાગી. અદેખાઇના અંગારા બેહુની છાતીમાં થંડા થઈ ગયા; અને બેહુ પાદશાહજાદીઓ પાછાં પરીતીથી એકમેકની ગોદમાં ચંપાયા. બેહુ જણીઓએ એક મેક આગલ ખુલાશો દીધો ગઇ વાત ગુજરી ગઇ. પરીચેહેર મેહેરબાનુને અને મેહેરબાનુ પરીચેહેરને અસફંદીઆર સાથે નેકા કરવાને મીનતજારી કરતી હતી. અસફંદીઆરે બેહુની છાતીમાં મોહોબતના જહરા વેહેતા કીધા. આ જુવાનના રૂપ ઉપર બેહુ પાદશાહજાદીઓ ફીદા હતી પણ કોણ તેનું મન વધારે ખેંચે એ વાત જાણવાને રહી હતી. અંતે પરીચેહેરે મનથી ઠેરાવ કીધો કે મેહેરબાનુંની મોહોબતમાં કાંઈ પણ ખલલ કરવી નહી.

એટલામાં રાંણી માહાબાનું ઓરડામાં દાખલ થયાં. માહાબાનુંએ કહયું કે "બેટી પરીચેહેર મેહેરબાનું સાથે તું એટલી મીતરાચારી ધરાવેછે કે તુંને પણ હું માહારી બેટી સરખી ગણુંછું માટે જે વાત માહારી બેટીની આગલથી હું નહી છુપાઉં તે વાતથી તુંહને અણજાણી રાખી શકાય નહી. જાણો માહારી બેટીઓ કે ઇશવર, પાદશાહ જુવાકના રાજપર રાજી નથી, અને તે પરમ કુરપાલુ દાતારની એવીજ મરજી દેખાયછે કે રાજની લગામ નામવર જાંહાંગીરશાહના હાથમાં પડે માટે આપણી ધુલધાની નહી થાય માટે માહારી પુર મરજીછે કે નાંમવર જાંહાંગીરશાહનું તથા આપણું કુંટુંબ જોડાઈ જાય. અને એવા વીચારથી મેં માહારા પરીય ભરતાર પાદશાહ જુવાકને અરજ કીધીછે કે બેટી મેહેર તાહારા નામવર જાંહાંગીરશાહ સાથે નેકા થાય." મેહેરબાનું હાથ મારીને જરદ ચેહેરે તથા ધ્રુજતે અવાજે બોલી ઉઠી કે "પેયારી માં શું નામવર જાંહાંગીરશાહ સાથે માહારા નેકા થાય! એ ખુદા! બોલો માજી શું આ વીચાર તહમે માહારા પીતાને જણાવયોછે!" માહાબાનું બોલીઆં કે "હા બેટી હા. તાહારા બાપને માહારો વીચાર પસંદ પડયોછે અને નામવર જાંહાંગીરશાહની મરજીની બેટીછે." પરીચેહેર ગુસાની કેફમાં બોલી ઉઠી કે "અરે કંગાલ ઓરત! શું સતયાનાશ તુંએ વાલીયુંછે? તાહારી, માહારી, અને તાહારી બેટીની પાએમાલી તુંએ શોધીછે!" માહાબાનું બોલીઆં કે "બેટી જરા ધીરજ ધર. શું પાએમાલી મેં શોધીછે!" પરીચેહેર ધંડી પડીને બોલી કે "નામવર બાનુ! નામવર માતા. જો હું તુંદ મીજાજે બોલી હુંતો હું બેહદ્દ પશેમાની કરૂંછું; એ ભલી બાનું! તહમારી નેકીના તેજથી તહમારી ચશમ પર અંધારાનો પરદો ફરી વલીયોછે. બદ માણસોની બદી તહમને નજરે પડતી નથી. તહમારો ભરતાર જુવાક જે છે બદીએ ચકચુર—" માહાબાનું ગુસે થઈ બોલીઆં કે "ચુપકીદી પકડ નાદાન છોડી. માહારી હજુરમાં માહારા ભરતાર તરફ કેમ બદ શખુન ઓચરેછે! તે માહારો ખાવીંદ, માહારો ભરતાર, માહારો સેઠછે." પરીચેહેર બોલી કે "એ ભલી બાનું આ લગ્ણ જો બંધ બેઠાંતો પલકારામાં તહમારો ભરથાર પોતાની ગોદથી તહમને હંસેલી મેલશે." માહાબાનું બોલીઆં કે "પરીચેહેર, પરીચેહેર આજ હું એચંબામાં પડીછું. કયું થયું એવું કામ કે માહારા ભરતારને તું ખુંની અને કસાઈ ઠેરવેછે?" પરીચેહેર બોલી કે "એ નેક બાનું! હજુબી ચેત. તાહારા જાન સામે જુવાક તીકતો નથી—તાહારીથી છુટો થવાને તે યતન કરેછે—તાહારો લગણનો ગાંઠ તે તોડવા માગેછે." મેહેરબાનું બોલી ઉઠી કે "શું માહારી માંપર માહારો પીતા આવી જાસતી ગુજારનાર છે!" પરીચેહેર બોલી કે "હા હા અને હા; અરે એ એવો કસાઈછે કે એની હેવાનીઅતીનુ બેયાન કરતાં મજને શરમનો પરદો તરક કરવો જોઇએ." મેહેરબાનું બોલી કે "ઓ ઇશવર! અમપર શું ગજબ. પરીચેહેર કોણ જાણે તાહારા મનનો ભેદ શું છે?" માહાબાનુંની છાતી આ વાતો શાંભલી ચીપલાઈ ગઇ હતી. તેણીના ભરતારને મોહોડેથી જે તેણીએ આગલ ભેદ ભરેલા શબદો શાંભલેઆ હતા તેઓના આ વાતથી તેણીના મનપર અરથ બેઠા. પરીચેહેર માહાબાનુને પગે પડી અને આંસુની ધાર તેણીના હાથોપર રેડતી બોલી કે "પેયારી માતા, તહમારા કરપીણ ભરતારને રાજી રાખી તહમુંને માઠું લગાડું તે કરતાં હું હજાર મોહોતે મરૂં તે બેહેતર." માહાબાનું પોકે પોકે રડીને બોલીયાં કે "ઉઠ બેટી ઉઠ! તાહારી નેકીપર મહને પુર વીસવાસછે. અરે મેહેર! આ વાતોથી તાહારી કુમલી છાતી ફાટી જતી હશે. પણ ઇશવરપર એતેકાદ રાખ કારણકે બરગસને દાહાડે તેજ આપણને સાહે થશે. ઇયાદ રાખજે કે જુવાક આખરેબી તાહારો પીતાજ છે." મેહેરબાનું બોલી "પણ ઓ પેયારાં માતાજી શું આ તમપર પડતો ગજબ હું સહન કરી શકું?" માહાબાનું બોલીઆં "ધીરજ રાખ બેટી. ઇશવર આપણને સાહેછે. વખતના વાટમાં આસમાન પોતાનો ફેરો ફેરવશે. તાહારા બાઈના કમોહોતથી તાહારા બાપનું માથું ઠેકાણે નથી તેથી તે જે ભવતું બોલીઓ છ.

શે તે પરીચેહેરે સાંભલીયુંછે માટે તે બાબદનો મનથી અં
દેશો કરીશ નહી. તેનું દીલ ઘણુંજ રેહેમ વાલુંછે. બે
ટી શઘલી વાતથી તું માહેતગાર નથી. આપણી ઉપર
આકાશ રૂઠીયુંછે. જુવાકની પાદશાહીપર ઈશવર રાજી ન
થી. જો માહારા નેકા રદ થયાથી આપણી ગીરદેશી દુર થ
તી હોયતો હું મોટી ખુશીથી જોગણનો બુરખો ઓલવીશ.
હું માહારા બાકીના દાહાડા એબાદતખાણામાં ગુજારીશ અ
ને માહારા ભરતાર તથા બચાંઓની ઉપર ઈશવરની રેહેમ
દીલી માગીશ." પરીચેહેર બોલી કે "નામવર બાનું જેવી
તું નેકછે તેવો તારો ભરથાર કુકરમીછે. સાંભલો એ ફરે
સતાઓ હું તહમારા નામથી સોગંદ લઉંછું કે"———મા
હાબાનું બોલીઆં કે "સબર એ માથાંફરેલ છોડી. ઈયાદ
રાખજે. કે તાહારા પીતાનો કાબુ તાહારી ઉપર હજુછે."
પરીચેહેર બોલી કે "માહારો પીતા નેક અને પાકજાદછે
અને જુવાક સરખા અધરમી અને કમજાદ ને તે કોઈ કા
લે પણ ટેકો આપતો નથી. શું માહારો પીતા ઈશવરનો
ડર નહી કરશે? શું માહારો ભરતાર મરણ પામયો માટે
તેના બાપ સાથે નેકા કરી શકુ? ધીક એવી જીંદગી! ફીટ
કાર તે હેવાનપર જે એવું દોજખી કામ કરે! ઈશવર એવું
કામ જોનાર નથી. નહી બાઈ નહી. આતસની ચેહેમાં મ
હને ભશમ કરે, ગંજાવર પાહાડની ટોંચ પરથી મહને ઉંધે
મસતકે ફેંકે; દહરામના મોજાઓને માહારી સાથે લડતા
મુકે, પણ જુવાક ચંડાલ, જુવાકની ગોદમાં હું કદી પણ પડ
નાર નથી. હું એને માહારાં જીગરથી ધીકારૂંછું; હું એ
નો તીરસકાર કરૂંછું. નહી ઈશવર, નહી આદમ આ ગ
જબ સાંખે. અને શું હું આ માહારી બેહેનના દીલને
તીરથી વીંધુ? અને આ માહારી માતા સમ નેક બાનુંને
જખમ કરૂં? માહારી પોતાની માને, કરમે લેખ લખેલા તે,
ચશમે જોઈ નથી." મેહેર રડતે અવાજે બોલી કે "અરે
એ આપણની બેહુની માતાછે." માહાબાનું બોલીઆં કે
"માહારાં પરીય છોકરાંઓ તહમારે માટે માહારો જીવ બ
ળી ભશમ થઈ જાયછે. પણ આપણથી જે ઉમરે અને ડા
હાપણે વડા હોય તેઓના સબક કાણે ધરવા જોઈએ. આ
પણા પીતા અને ભરતાર જે કરે તે ધીરજથી ખમવું જોઈ
એ. જો નામવર જાંહાંગીરશાહ માહારી તથા માહારા ભ
રતારની મરજીને તાબે થાયતો મેહેર તુંહને હું કહુંછું કે તું
તાબેદારી પકડજે. મેહેર બોલી કે "પણ ઈશવર જો અંદર
ખતરો નાખેતો પછી———" મેહેરબાનું જે આ વખતે તે
ની માતાને પગે પડી હતી અને જાર બેજાર રડતી હતી તે
ણીને નરમાસથી માહાબાનુંએ ઉંચકીને ગોદમાં દાબી અ
ને તેના ગાલને ચુંમીઓથી ભરી નાખી કહયું કે "બોલ
બેટી તાહારા શબદોમાં ભરમછે. હું તહને વીનંતી કરૂંછું
કે તાહારા બાપની સામે એક દગલું પણ ભરતી ના." મેહે
ર બોલી કે "પેયારી માતા તહમારા હુકમને હું હરદમ તા
બે થતી આવીછું અને આ વખતે હું તહમારી શઘલી મ
મતા તથા આભાર ભુલી જઈ તહમને ખેદ પોંહોંચાડનાર
નથી. પેયારી માતા માહારા મનમા ઓર તરેહના વીચારો
રમત કરેછે અને તેઓની રમત તહમને દેખાડવાને હું ઘ
ણી ખુશીછું." પરીચેહેર થરથર કાંપતી બોલી ઉઠી કે "બોલ
બેહેન તું શું બોલવા માગેછે. ખુબ અંદેશાથી બોલજે,
કારણ હોઠથી બાહાર પડેલો બોલ પાછો આવતો નથી." મે
હેરબાનું બોલી કે "પેયારી પરીચેહેર માહારી માને મા
હારા મનથી વેગલી રાખવી એ ભલામણ કદી પણ હું ધા
રૂંછું કે તું કરશે નહી. માહારી માની રજા વગર મોહોબ
તને માહારી છાતી ધકધકાવા હું દેનાર નથી. પણ હી
મી પવનપર માહારી મોહોબતને ફેંકુંછું. ઈશવરના અને
માહારી નેક માતાના નામથી હું કસમ———" માહાબાનું
બોલી કે "કમબખત છોકરી સબર. બરગસતે દાહાડે તુંહ
ને શું સુજ પડેછે." મેહેર બોલીકે "મા તહમારૂં દીલ દુખે
છે તાહારે ઓ અસ———કદી કદી તાહારૂં મોહો જોઉં ન
હી." માહાબાનુ બોલીઆં કે "બેટી પરીચેહેર બોલ તાહારી
બેહેનના બોલોમાં શું ભેદછે!" મેહેર બોલી કે "શું પેયારા
માતાજી તહમારો માહારી પરથી વીશવાસ ઉડી ગયોછે? શું
હું તહમને જુદું સમજાવીશ" એમ બોલી મેહેરે શઘલી વા
ત માહાબાનુને કહી. માહાબાનુંએ આ બેહુ શાહજાદી
ઓને ઠપકો આપયો અને કહયું કે અસફંદીઆર સર
ખા એક ઉંચ તોખમના પણ દોલતે કંગાલ જુવાન સાથે
તેઓના સરખી પાદશાહજાદીના નેકાપર તેઓના પીતા
કદીપણ રાજી થાય નહી. માહાબાનુએ મેહેરને તાકીદે
હોકમ કીધો કે અસફંદીઆર સાથ વધારે સંદેશો ચલાવ
વો નહી. ભલી માહાબાનું બોલીયાં કે "બેટીઓ આ વાત
માહારી આગલ બોલીઆથી તહમોએ આપણા પાદશાહી
કુટંબને એક મોટા ઘાટમાંથી છોડવીયુંછે અને હું હમણા
મંદીરે જઈ હુકમ કરૂંછું કે આ બખશીશ માટે ઈશવરની પ
રારથના આપણી તરફથી દસતુરો કરે." મેહેર બોલી કે
"ઓ પયારી માતા! રખે તહમે મંદીરે જઈ બુરખો ઓ
લવી દ્યો. પણ તહમારી કંગાલ બેટીના હાલપર નેગા
કરજો. જાંહાંગીરશાહ સાથે મારા નેકા કરશોતો એમજ
જાણજો કે તહમારેજ હાથે તહમારી બેટીની ગરદનપર ફાં
સીની દોરી ચોપલાવોછો" માહાબાનુ બોલીયાં કે "સબર કર
બેટી. ધીરજ ધર અને ઈશવર તને સહાય થશે. હું હમણા
પાછી આવુંછું. જાંહાંશુધી ઈશવરની મરજી નહી હશે
તાંહાંશુધી હું તુંહને છોડનાર નથી." મેહેર આંખોમાંથી
પાછી આશુની ધાર ચલાવીને બોલી કે "પેયારી માતા મ
હને રખે ઠગતાં હોવો. જો તહમારી કંગાલ બેટીપર નજર
કરજો. એકગમ તહમે પીઠ ફેરવી કે બીજી ગમથી માહા
રો બાપ માહારીપર ગજબ ગુજારયા વીના રેહેનાર નથી.
કહોતો હું અસફંદીઆરને દીલથી વીસરી જાઉં. પણ
જાંહાંગીરશાહ સાથ હું કદી માહારો હાથ જોડનાર નથી.
ઓ માતા મહને પણ મઠમાં જઈ બુરખો ઓલવવાં દ્યોકે
એકાંતે અને નીરાતે હું માહારા અસફંદીઆર માટે ઈશ
વરની પરારથના કરૂં." માહાબાનું બોલીઆં કે "બેટી એ
વાત માહારા હાથમા નથી. તાહારા બાપની મરજીપર
તાહારાં નસીબનો આધારછે. જો તાહારા બાપના કરતાં
બીજા કોઈ બેગાના સખસપર વધારે તાહારો પયાર દોડતો
હોયતો બેટી જે જે શીખામણો મેં તુંને નાનપણથી તે આ
જશુધી દીધોછે તે શગલી ફોકટ ગઈછે. હાલ તરત તું હીયાં
બેસ. હું મંદીરે તે દાદગરની પરારથના કરવા જાઉંછું
કે તે હરદમ રેહેમદીલી સાહેબ તહમારાં કુમલાં મનપર જે
દુશટ અસર થઈછે તેથી તહમને વેગલાં કરે અને તહમુને

તહેમારા પીતા તરફ ફરજ-અદા કરવા માટે સામરથ આપે, અને જે આફતનું વાદલ આપણા કુટંબપર ઘેહેરાયુંછે તે તેની કરૂપાથી દફે થાય." આવા ધરમી બોલો બોલતી આહાબાનું મંદીરે પધારયાં અને પાદશાહજાદીએ પરીચેહેર અને મેહેરબાનું રડતી આંખોએ ઉંધે મસતક પડીયાં.

## ઈંગલંડના પાદશાહ ચોથા જારજની રાણી કેરોલાઇન.

લગણ સરખો પવીતર ગાંઠ તોડીયાથી જે મીનાકીઓ તથા કલેશ ગરીબ તેમજ તવંગર ઘરોમાં ઊતપન થાયછે તેનો એતેબર દાખલો ઈંગલંડનાં પાદશાહ જારજ તથા તેની રાણી કેરોલાઇન ઊપરથી મલેછે. જારજ રાજો પોતાના પીતા તરીજા જારજની હઇયાતીમાં ડીયુક આવ બરનસવીકની છોકરી એમીલીઆ ઇલીજાબેથ કેરોલાઇન સાથે ઇ. સ. ૧૭૯૫ના શાલમાં પરણ્યો હતો. પોતાની એક છુપી મતલબ પુરી પાડવા ખાતર જારજ રાજાએ આ નેકાકબુલ રાખયા હતા. પણ પેહેલેથીજ તે પોતાની બાનુ તરફ બેપરવાઈ દેખાડવા લાગો અને તેણીને પેટે એક છોકરી અવતરયા પછી જારજ તેણીને આડી નજરે પણ જોવા લાગો નહી. કેરોલાઇન પોતાના ધણીથી બલાકીથ નામની એક જગાએ જુદી રહી કે જાંહાં તેણીએ પોતાના ગજવાં કરતાં જાદે સખાવત કરવા માંડી. ૧૮૦૮ ની અંદર જારજે પોતાની બાનુની પાક દામાનપર મોટાં તોહોમત મેલીયાં, પણ જારજના પીતા તરીજા જારજ રાજાએ છુપી રીતે તેણીની તપાસ કેટલાએક પરમાણીક રાજ દરબારીઓ પાસે કરાવી જેથી કેરોલાઇનપર મુતલગ તોહોમત સાબેત થયું નહી. પણ જાહારે તેણીના ભરથાર અને તેના નીચ સોબતીઓ તરફના ખોટા જુમાટા હરદમ તેણીને કાણે પડવા લાગા અને તેણીથી તે સહન નહી થઇ સકયા તાહારે, ઈંગલંડ છોડી જવાનો તેણીએ ઠેરાવ કીધો અને તેણીના ખેરખાહ મીતરોની આજીજીની સામે તેણીએ પોતાના ઠરાવને અમલમાં આણ્યો. ૧૮૧૪ માં ઇટલી તથા ગરીસમાં મુસાફરી કરવા કેરોલાઇન બાહાર પડી. ઈંગલંડના રાજકુંવરની શાહાજાદી આવી રીતે બાહાર ભટકવા જાય એ વાતથી ઇંગરેજ લોકોની દીલસોજી એ બાનુ તરફ ઊશકેરાઇ. ૬ વરસ શુધી તે દેશનીકાલ રહી; પણ જાહારે તેણીનો ભરથાર તખતે આવેઓ તાહારે તેણે કેરોલાઈનને મોટી નાણાની રકમ આપવા કહી, જો તે રાણી થવાનો દાવો છોડી હરદમ ઈંગલંડથી બાહાર રેહે. પણ આ માગણી તેણીએ ધીકકારથી તરક કીધી અને ઈંગલંડ આવી પોતાના હક સાબેત કરવાને પકકો ઠરાવ કીધો. જેવો તેણીએ ઈંગલંડમાં પગ મેલયો કે રાજાના હોકમથી પરધાન ટોલીએ તેણીની ઊપર તોહોમત મેલયું કે તેણીએ પોતાના એક ઇટાલીઅન નોકર નામે બરગામી સાથે છીનાલું કરયું તેથી તેણીને ઘટતી સજાએ પોંહાંચાડી પાદશાહથી તલાક આપવો. વડા પરધાન લારડ લીવરપુલે ૧૮૨૦ ની ૫ મી જુલાઈએ ઊમરાવોની સભામાં રાણીની સામે બોહોતાન મેલયું. કેરોલાઈનનો બચાવ હાલમાં જીવતા નામીચા ઊમરાવ લારડ બરૂહામે ઘણીજ બાહોશી તથા ચંચલાઈથી કરયો. સરવે આલમ પાદશાહપર ફીટકાર નાખવા લાગી અને કેરોલાઇન તરફ સરવે મમતાથી જોવા લાગા. પાદશાહજાદીએ પોતાના ભરતાર તરફથી જે જે દુખો મુગે મોહોડે સેવયાં હતાં અને જે ધીકકાર ભરેલી રીતે તેણીની તપાસ થઈ હતી, અને જે બેશરમ, નીરલાજરા અને ખોટા કસમ ખાનારા સાખસીઓએ તેણીની સામે ગુવાહી પુરી હતી, તે ઊપરથી પરજા એટલી તો અધીરી બની ગઈ હતી કે જો કેરોલાઈન ફતેહ પામી ન હોત તો એક ભયંકર હુલડ પેદા થાત. ૧૦ મી નવેમબરે પાદશાહે કજીઓ માડી વાલીયો. ૧૮૨૧ ની જુલાઇએ જાહારે જારજ રાજાને તખતનશીન કરવાની કીરીયા થઈ તાહારે કેરોલાઈને પોતાનો વાજબી હક માગયો કે તેણીને પણ તેણીના ધણી સાથે તખતનશીન કરવી, પણ પરીવી કાઊનસીલે તેણીની વીરૂધ ચુકાદો કીધો. જે દાહાડે વેસટમીનીસટર એબીમાં કીરીઆ થનાર હતી તે દીને કેરોલાઇને અંદર દાખલ થવા માગયું પણ તેણીને અંદર જતાં અટકાવી બાહાર કાહાડી મેલી. પણ જારજ પાદશાહનુ ઘાતકીપણું વધારે દાહાડા ચાલી શકયું નહી. તા૦ ૨ જી આગસટને દીને પાદશાહજાદી બીમાર પડી અને પાંચ દાહાડા પછી તેણીએ પોતાના પેદા કરનાર તરફ રસતો ધરયો.

## ડેહોમી લોક અને તેમની ઘાટકી રશમ.

આફરીકા ખંડની અંદર ડેહોમી નામે એક મોહટો મુલકછે. એના રેહવાસીઓ ડેહામનસને નામે ઓલખાયછે. એ લોકની ઊપર રાજા રાજ કરેછે. એ લોકની તથા તેમના રાજાની કેટલીક રશમો ઘણીજ જંગલી અને ઘાટકીછે; તેમાં માણસના ભોગ આપવાની ઘણીજ કમકમાટ ભરેલીછે. એ રશમ એ જંગલી લોકમાં ઘણા વરસો થયાં ચાલતી આવેલીછે, અને તે હજુ પણ જેમની તેમ ચાલેછે એ લોકના રાજાના રેહવાના મકાનમાં મુખીઅ સીનગાર જોયો હોયતો તે માણસોનાં માથાંની ખોપરીઓ હોયછે. દર વરસે જેટલાં માણસોને એવી રીતે મારવામાં આવેછે, તેમનાં શરીરને જંગલી જનાવરોનો ભખશ કરાવી દેછે, પણ તેમનાં માથાંની ખોપરીઓને જાલવી રાખેછે. તે ઊપરનું માસ વગેરે કાહાડી નાખી હાડકાંના આકારને ખુલો કરી તેને બરાબર સાફ કરી તથા ખુબ ઘસીને ચલકતો કરી તેને દરેક વસતુના સીનગાર દાખલ વાપરેછે. તેમ ખોપરીઓને એકઠી બાંધી તોરણની માફક લાકડી ટાંગેછે, ચોકસ જગાઓમાં હારબંધ ગોઠવેછે; ભાલાઓની ઊપર જુલતી બાંધેછે; આવ જાવ કરવાના દરવાજાના મથાલાં ઊપર મેલેછે; અને એ વીગરે અનેક રીતનો સીનગાર તેમાંથી કરેછે. એવી રીતે ભોગ આપવા માટે દુશમની ધરાવનારા ટોલાઓનાં માણસોને પકડી લાવી મારવામાં આવેછે, જેથી તેમની ખોપરીઓને આ પરમાણે જાલવી રાખવામાં, અને તેમની મોહટી સંખીઆ બતાવવામાં તથા તેમના વડે પોતાનાં મકાન વગેરેને સીનગારવામાં ડેહામી રાજા અને લોક ભારે મોહટાઈ સમજેછે. એવી રીતે માણસોના ભોગ નહી કે ધરમ સંબંધી કીરીઆમાં તેઓ આપેછે; પણ દર વરસે લસકરનો પગાર વેંહેંચતી વેલાએ, અમલદારો, કામદારો વગેરેને ઈનામ આપતી વખતે અને એવાજ બીજા અવસરે આપેછે. એવી રીતે ભોગ આપવામાં રાજા, પોતે મોહટી બખશેશ કીધેલી અને પરજા, પોતાપર મોહટી બખશેશ થયલી ગણેછે. જેમ વધારે ભોગ અપાય તેમ વધારે બખશેશ ગણાયછે. એ લોકનો રાજા પોતાના લશકરને ચોકસ મુશારો આપતો નથી. પણ વરસમાં એકવાર તેમનો મોહટો મેલાવરો કરી તેમના વચે કોરીઓ, કપડાંનાં ટકડાઓ, રમ દારૂના નાહનાં પીપો અને તમાકુના કકડાઓ ફેંકેછે, જે જેમ જેના હાથમાં આવે તેમ તે લેછે. એમાં કોઇના હાથમાં ઘણુ અને કોઇનામાં થોડું આવેછે: કોઈ તદન ખાલી પણ રહી જાયછે. તે છતાં સઘલાઓ તેમાં સંતોશ માનેછે. એ વેંહેંચણી લેવાને થોડાં નહી પણ હજારો માણસો એકઠાં થાયછે, અને તેમનો મોહટો ભાગ તદન નાગો હોયછે. એ વેલાએ પણ રાજા કેટલાંક માણસોનો ભોગ, બખશીશ દાખલ પેલાં માણસોને આપેછે, જેથી તેઓ ભારે ખુશી થાયછે. ૧૮૪૯ અને ૫૦ નાં વરસમાં કેપટન ફારબસ નામના એક અમલદારને નામદાર રાંણીની (બરીટીશ) સરકારની તરફથી કાંઈ ચોકસ રાજદવારી કામસર એ ડેહોમીના મુલકના રાજા પાસે મોકલવામાં આવીઓ હતો; તેના જોવામાં એ કીરીઆ આવી હતી, જેનું વરણન તે નીચે પરમાણે કરેછે.

મે મહીનાની આખેરીએ બખશીશ આપવાની "એકુએનુઆહતોમેહ" નામની કીરીઆ શરૂ થઇ એ કીરીઆને માટે એક ખુલી જગાપર બાર ફુટની ઊંચાઇનો એક મોહટો માંચરો બાંધવામાં આવીઓ હતો. એ માંચરાનું નામ "આહગોહ" કરી હતું, અને તે ૧૦૦ ફુટ ચોરસ હતો. તેની એક બાજુએ જે માણસોને ભોગ આપવાને માટે તઈઆર કરેલાં હતાં, તેમને એક જાતની મછવાનાં ઘાટની ટોપલીઓમાં બાંધીને મેલેલા હતા, અને તેમની આસપાસ કાંટાદાર ઝાડનાં ઝાંખરાં નાખવામાં આવેલાં હતાં. એ માંચરાની ઊપર તરેહવાર રંગનાં કપડાં પાંથરેલાં હતાં અને તે ઊપર તરેહવાર રંગનાં વાવટાઓ ઊડતા હતા તથા છતરો ગોઠવેલાં હતાં. એની શાંમણી બાજુની ખાલી જગામાં હજારો નાગાં માણસો, રાજાની બખશીશ લેવાને જમાવ થયાં હતાં. એ સઘલાં માણસો રાજાના, તેના દીકરાનાં અને તેના ભાઈનાં લશકરી સીપાઈઓ હતા.

એ માંચરા ઊપર, એક મોહટાં છતર તલે અમોએ અમારી બેઠક લીધા પછે એક શોભીતી છતરી તલે રાજા તીઆં આવીઓ. તેનાં દીલમાં એક જુનું કાલું બદીઆન, માથે સફેદ નાઈટકેપ, અને કમરે એક લુગડું વીટાલેલું હતું. તેને જોતાંજ પેલાં માણસોએ ખુશાલીનાં મોહટા પોકારો ઊઠાવીઆ. તે પછે તે માણસોનાં જુદાં જુદાં ટોલાં થઈ ગયાં, અને દરેક ટોલાં

વાલાઓ પોતપોતાનાં સરદારોને પોતાની ખાંધ ઊપ
ર બેસાડી, આગલ રાજા અને પછવાડે તેઓ રહી, એ
ક મોહટાં સરઘસનાં આકારમાં તે માંચરા આગલ બે
તરણ આંટા ફરીઆ. પછે બધા એકદમ ઊભા રહીઆ
અને તે વેલાએ રાજાએ તેમને ભાપણ કરી સંભલાવી
ઊં કે જે વેલાએ બખશીશ વેંહુંચવામાં આવે તે વે
લાએ તેઓએ મારામારી કરવી નહીં. તે પરમા
ણે તેઓ ચાલશે કે નહીં તેની તપાસ કરવાને કેટલીક
કોડીઓ તેમની વચે ફેંકી, જે તેઓએ થોડીજ ગડ
બડે ઊંચકી લીધી. એ પછે રાજા તે માંચરા ઊપ
ર ચહડીઓ, અને તેની પાછલ અમોને પણ જવાને
કહીઊં. અમો ઊપર ગયા અને જોઈએછે તો તીઆં
-કોડીના, કપડાંના કટકાના, રમ દારૂના પીપના અને
તંમાકુના કકડાના જુદા જુદા ઢગ મારેલા હતા. એ
માંચરાની એક બાજુએ રાજાની સ્રીઓની જગા ક
રવામાં આવેલી હતી. તીઆં રાજા પણ પોતાના પ્ર
રધાનોની વચે આવીને બેઠો અને અમે પણ અમા
રી જગાપર બેઠા. થોડાવાર પછે રાજાએ પોતાની
બખશેશનું કામ જાગી કરીઊં. શામણી બાજુએ જે
હજારો નાગા હબસીઓનું ટોલું ઊભું હતું તેઓને કો
ડીઓ, કપડાં, દારૂનાં નાહનાં પીપો અને તમાકુ ફેંકવા,
માંડીઓ. એની ઊપર તેમની ભારે તુટાટુટ પડતી,
અને કોઈને વાંધો પડતાં તેમાંથી એવી ભયંકર મા
રામારી ઊઠતી, કે જે જોઈ નજર કાંપતી હતી. એ
પરમાણેની મારામાર અને દોડાદોડ કરતાં તે સઘ
લાઓ પરસેવામાં ગરકાવ થઈ ગયા હતા, જેથી તે
મની તરફથી એવો એક જાતનો ખરાબ વાસ આવ
તો કે, તે સહણ થઈ શકાતો ન હતો. . આવી રીતે
જેઓ રાજાની બખશેશ લેતા હતા, તેઓમાં બીજાં સં
સ્થાનોના બે રાજાઓ અને કેટલાક એલચીઓ પણ
હતા.

એ વેંહુંચણી થઇ રહીઆ પછે રાજા જરા
આરાએસને વખતે બીજી જગાપર ગયો. એટલો
વખત અહીંઆં સઘલું ચુપ થઈ ગયું હતું; પણ થોડા
જ વારમાં પાછી ગડબડ ઊઠી. તે એથી કે ભો
ગ આપવાને તઈઆર કરેલા ચઊદ કમનસીબ
માણસોને, આગલ લખવા પરમાંણે હાથ પગ
બાંધી હોડી જેવી ટોપલીમાં દરેકને બેસાડી માંચ
રાનાં બીજા ભાગ ઊપર લાવીઆ. એ ચઊ
દ માણસોની સાથે એક ટોપલીમાં એક મગર અ
ને એક ટોપલીમાં એક બીલાડો હતાં. એ બે જનાવ
ર અને દશ માણસો ઊપર રાજાનાં સીપાઇઓની ચો
કી હતી, અને બીજાં ચાર માણસો કેટલીક લડાયક
સ્રીઓનાં હવાલામાં હતાં. આ બાપડા કમનસીબોને
લાવીને એક જગાએ મેલીઆ. તેમનાં મોહડાં તરફ
જોતાં ભારે અચરતી લાગતી હતી કે, જોકે તેઓ મર
ણની કોરપર હતા, તોપણ તેમના ઊપર બીક અથવા
દલગીરીની જરા પણ નીશાની જણાતી ન હતી. એ
સઘલા પુરૂપો બાપડા ખેડુનો હતા, જેઓ દુશમની ટો
લાનાં હોવાથી તેમને પકડી લાવવામાં આવેલા હતા.
થોડેક વારે રાજા આવીઓ, અને અમોને ભોગ આપ
વાની કીરીઆની જગામાં આવવાને જણાવીઊં.
અમોએ કમકમીને ના પાડીઊં, અને તેઓ મધેનાં કે
ટલાકોને છોડી દેવાની અરજ કરી. આખરે ઘણીક
મેહનતે દર માણસ દીઠ એકસો ડાલર આપી તરણ જ
ણનો છુટકારો કરાવીઓ. બાકીનાં બીજા અગીઆ
ર જણને મારવાની તઈઆરી થવા લાગી. તેમને
માંચરાનાં એક ઊંચા ભાગ ઊપર લઈ જવામાં આ
વીઆ. તીઆં રાજા ગયો અને અમોને પણ બોહો
સ કરી સાથે લઈ ગયો. જે ઊંચી જગામાં પેલાઓ
ને લઈ ગયા, તેની નીચે જમીનપર કેટલાક ઘાટકી હબ
શીઓ હાથમાં તલવાર લઇને ઊભા હતા. પરથમમાં
તે અગીઆર જણને ટોપલી સુધાં ઊંચા કરી પેલાં
હજારોનાં ટોલાંને ઊકમાઈ તરીકે રાજાની તેમનાપર
કેવી મેહેરબાનીછે તેના નમુના તરીકે દેખાડીઆ. એ
જોઈ તે સઘલાઓ ભારે ખુશી થયા, અને રાજાની,
તેની એવી મેહેરબાનીને માટે સતુતી કરવા લાગા. એ
પછે જગતની અંદરની સઊથી હેવાનીઅત ભરેલી
અને સઊથી કરપીણ કીરીઆ શરૂ થઈ. પેલા અગી.
આર કમનસીબોને અગીઆર ચંડાલો પોતાનાં હાથ
માં પકડી માથાંપર ઊંચા રાખી હારેદાર ઊભા રહી
આ. પછે તે હરમાનો પેહેલો શખસ માંચરાની કોર
પર આવીઓ, અને પોતાનાં હાથમાનાં ભોગને નીચે
નાખી દીધો. જેવો તે બાપડો જમીનપર પડીઓ, કે
તીઆં તલવાર લઈને ઊભેલાઓએ તેનું ડોકું વાહડી
ને છુટું કરી નાખીઊં, પછે ડોકું એકગમ મેલી તેનાં
શરીરને પેલાં કરપીન ટોલાંની વચે ફેંકીઊં, જેઓ
તેની ઊપર ટુટી પડી સોટાથી, લાકડીથી, પથરથી,

અને એ વીગરે દરેક રીતથી તેને છુંદવા મંડી ગયા. એમ છુંદીને ધરાયા પછે તેને એક બીજીગમ ફેંકી દીધું જીઆં તેને પછવાડેથી જંગલી જનાવરો ખાઈ ગયાં હતાં. એજ પરમાંણે વારાફરતી બીજા દશ જણને પણ મારીઆ, ફેંકીઆ અને છુંદીઆ. એટલું થઈ રહીઊં કે આ નીરદયાલુ કીરીઆ અને ડેહાની રાજની દોજખી ખખરેશનો અંત આવીઓ. રાજા ઊઠીને પોતાને મકાને ગયો. રાજા ઊઠીઆ પછે પેલાં લોહી ગગડતાં ડોકાંઓને બે હારમાં એક ટોપલામાં ગોઠવીઆં, અને સઘલાને દેખાડતા તીઆંથી લઈ ગયા. એ જોઈ સઘલાં માણસો ખુશી થયાં, અને ભારે સંતોશ સાથે સઊ સઊ પોતાને મકાને ગયાં. આ કરચીનો જેઓ દર વરસે આવું કસાઈ કરમ કરેછે, તેમના ઊપર ખોદાનો કોપ કોણ જાણે કીઆરે ઊતરશે.

## એક દુરવેશી કીસસો.

મઊસલ દેશના રાજા બીન ઓરતોક પછી ફઝલા નામનો એક નેક શાહજાદો ગાદીએ આવેઓ. તે ઘણીજ અચછી રીતે પોતાનુ રાજ ચલાવવા લાગો અને પોતાની રાણી જમરૂદીની સાથે ઘણાજ પેયારથી રહેયો. થોડાંક વરસ ગુજરીયા બાદ તેના શેહેરમાં એક બાહોશ દુરવેશ આવેઓ જેની હુશીયારીની તારીફ જગેજગ ફેલાઈ ગઈ. અંતે આ દુરવેશની વાત પાહાદશાહને કાણે પડી જેણે તેની સાથે તરત મીતરાચારી માડી. પાદશાહને બધા દરબારીઓની વાત કુચા સરખી લાગી અને તે આખો દાહાડો દુરવેશની સાથે ભેલાવા લાગો. પાદશાહે દુરવેશને એક મોટો ઓધો બખશેઓ જે તેણે કબુલ રાખેઓ નહીં. આ ઊપરથી પાહાદશાહનું હેત દહાડે દહાડે દુરવેશપર વધારે બેસવા લાગું. એક દીવસે પાહાદશાહ અને દુરવેશ શેકાર કરતા હતા તે વેલાએ દુરવેશે ફદાલાને પોતાની જીંદગીની તરેહવાર વાતો કહી ચમન કીધો. એક વાત વલી તેણે એમ કહી કે 'જાહારે હું હીંદુસતાન તરફ ફરતો હતો તાહારે મહને એક શેકારી સાથે ઓલખ થઈ જે તલેસમ તરેહવાર જાતના કરી શકતો હતો. તે માહારાં દખતાં મરણ પામેઓ અને મરતી વખતે તેણે મહને એક તલેસમ શીખાડયો છે જે તેણે મહને કાંઈ પણ આદમીને દેખાડવાને સપત દીધાછે.' પાહાદશાહના પુછવા ઊપરથી દુરવેશે કહયું કે 'હું એક એવો તલેસમ જાણું છું કે એક મુવેલાં મુરદાંમાં માહારો આતમા મેલી તેને સજીવન કરૂં.'

એટલામાં એક હરણ તેઓ આગલ દોડતું આવયું અને પાહાદશાહે પોતાનો તીર આબાદ તેના બદનમાં પેવસ કીધો. હરણ તરત મરણ પામયું પણ દુરવેશે તરત પોતાનો આતમાં હરણમાં મેલી તેને સજીવન કીધું અને પોતાનું ખોખું પાહાદશાહ આગલ બેજાન પડી રહયું. હરણ દોડતું દોડતું પાદશાહ આગલ આવી તેની સાથે રમીયું પણ દુરવેશ પાછો પોતાનો આતમાં પોતાના બદનમાં મેલીયો અને હરણ પાછું મુરદું થઈ જમીનપર પડીયું. પાદશાહ દુરવેશપર ઘણોજ મોહી પડયો અને તેને સપત આપી આ તલેસમાત જણાવવાની વીનંતી કરી. દુરવેશે ઘણી કાકલુદી પછી પાદશાહને બે બોલો શીખાડયા જેથી તેને પણ તલેસમ આવડી ગયો. પાદશાહે તરત અખતરો કીધો. તે પોતાનું તન છોડી હરણના બદનમાં જઈ ભરાયો. પણ પેલો લુચો દુરવેશ તરત પોતાનું બદન છોડી પાદશાહના બદનમાં ભરાયો અને કામઠું લઈ હરણ તરફ ફેડવા જાયછે તેવામાંજ પાદશાહ જીવ લઈ નાઠો.

પેલો દુરવેશ મલકાનો મલકાતો મઊસલ ખાતે આવેઓ અને કોઈના પણ જાણેઆ વગર રાજનો શઘલો અધીકાર બજાવવા લાગો. રાણી જમરૂદી પણ આ લુચા દુરવેશને પોતાના ખરા ખાવંદ દાખલ ગણવા લાગી. દુરવેશે તરત એક ઢંઢેરો પીટાવયો કે જે કોઈ સખસ હરણને મારી લાવે તેને એક સરસ ઈનામ મલે. આ હુકમની મતલબ એજકે જો શઘલાં હરણ મારીયાં જાયતો તેમાં પાહાદશાહની પણ કાસર પટે. પણ પાદશાહે તરતજ હરણનું બદન છોડી પોતાનો આતમાં એક તરતનાં મુવેલાં સુંદર બુલબુલ પક્ષી મધે મુકીયો. આવા અવતારમાં પાદશાહ સહી સલામત ઊડીને પોતાના મેહેલમાં આવેઓ, અને તાંહાં ઝાડપર બેસી પોતાની રાણીનાં ઓરડા આગલ એવાંતો સુંદર ગીતો ગાવા લાગો કે આપોઆપ રાણી બારી આગલ આવી આ સુંદર પક્ષીનાં શરોદથી મલકાવા લાગી. પણ પાદશાહ રાણીને દીલગીર જોયાને બદલે ઊલટી તેને હસતે ચેહેરે જોવા લાગો. હરદમ બામદાદે પાદશાહ ગીતે

ગાય અને રાણી આ પક્ષીપર એટલીતો ફીદા થઈ કે તેને કોઇબી રીતે પકડી લાવવાને હોકમ કીધો. પાદશાહ આપોઆપ પકડાઈ ગયો. જેવો તે રાણીના હાથમાં ગયો તેવો તે તેની છાતી આગલ ભરાઇ ગયો. જો કોઈ દાસી તેને હાથ લગાડે તો તેને તે ચાંચ મારતો હતો. જમરૂદી આ પક્ષીને જોઇને ઘણીજ ખુશ હતી તેથી તેને એક ખુલ્લાં પાંજરામાં મેલવાને હોકમ કીધો. રાણી આખો દાહાડો બુલબુલ સાથે તરેહવાર રમત કરે. પેલો લુચો દુરવેશ પાદશાહી પોશાક પેહેરી જમરૂદીની સાથે ભરથાર માફક હશે બોલે તેથી બીચારા પાદશાહને ઘણોજ ગમ ઊતપન થાય. દુરવેશ બુલબુલને રમાડવા જાય પણ પાદશાહ પોતાની ચાંચો મારી તેને લોહી કાહાડે.


જમરૂદીની પાસે વલી એક નાનો કુતરો હતો જે એક દીવસે મરણ પામેઓ. પાદશાહે આ બનાવ જોઇ બુલબુલનું બદન છોડી કુતરાના તંનમાં પોતાનો આતમાં મેલયો. સહવારના ઊઠતાં રાણીને ખબર થઇ કે તેનું સુંદર બુલબુલ મરણ પામયું. રાણી જારબેજાર રડે અને ખાવા પીવા તેને ગમે નહી. દાસીઓએ દુરવેશને (પાદશાહ) બોલાવીયો જેણે આવી થોડેએક દીલાસો દીધો પણ રાણી તેનું પણ માને નહી. અંતે રાણીની કાકલુદી નહી ખમાયાથી દુરવેશે કહયું કે "વારૂં પેયારી તાહારૂં બુલબુલ દર સહવારે તાહારી આગલ નાચશે અને ખેલશે માટે હવે દીલથી ખેદ દુર ધર." રાણી અજાએબ થઈને જોવા લાગી પણ તરત દુરવેશ કોચપર ઊંઘાઈ ગયો હોય એમ લાગું. તેણે પોતાનો આતમાં બુલબુલમાં મેલીયો અને રાણી ખુશી થઇ પોતાના પક્ષીને રમાડવા લાગી.

પણ એવામાં પાદશાહ જે કુતરાના આકારમાં એક ખુણામાં પડી ઘુરતો હતો તેણે તરત પોતાનુ બદન જે દુરવેશે લુચાઈથી લઈ મેલીયું હતું તેમા પોતાનો આતમાં મેલીયો અને જઇને જોસથી પેલાં બુલબુલની ગરદન મરડી નાખી. જમરૂદી પાછી કાકલુદી કરવા લાગી પણ પાદશાહે તેને ધીરજ આપી પોતાની શઘલી હકીકત જાહેર કીધી. દુરવેસનું જંગલમાંથી જે ખોખું મલીયું તેથી અને તેણે જે હરણોનો નાશ કરવાનો હુકમ કીધો હતો તેથી પાદશાહની વાત જમરૂદીએ માની. પણ રાણી તે દીવસથી પોતાની પાકદામાનપર દુરવેશથી હુમલો થયો હતો તેના ગમમાં પીલાવવા લાગી અને ફદાલલાની ઘણીબી આજીજી હુવાં છતાં તે બલી ખાનું હરદમ દુખમાં ગીરફતાર થવા લાગી અને થોડા દીવસમાં મરણ પામી અને મરતી વખતે પણ તેણે પોતાના ભરથારની માફી માંગી. જોકે આ ગુનાહ કોઇપણ તેને શીરે ચોંટાડી શકે નહી.

પાદશાહ આ ગમગીન બનાવથી એટલોતો નાશીપાએશ થઇ ગયો કે તેણે પોતાનું રાજપાટ એક ખેશાવંદને સોંપીયું અને પોતે બાકીના દહાડા જંગલમાં જઈ કાહાડીયા.

## છતરી.

છતરી જે એક મુશાફરોનો "મુગો અને બેહરો શોબતી" છે, તે વરસાદથી અને સુરજનાં તડકાંથી માણશનો બચાવ કરેચ, જીઆરે ટાકટર કીટો "ઓરતીકાહી" નામનું ગામડું જે બોસફોરસ નદીપરછે તીઆંથી ઈસરમબોલ જે ઊપર કહેલાં ગાંમડાંથી ૭ માઈલ દુરછે તીહાં જવા નીકલીઓ, તીઆરે વરસાદ પડશે એવી ધારણાથી તેણે પોતાની સાથે એક છતરી લીધી. "ઓરતીકાહીથી" ઈસતમબોલ જવાને પગ રસતે કરતાં મછવામાં બેસીને જવાનું સેહલું પડેછે તેથી તેને મછવામાં બેસીને જવાનો ઈરાદો કીધો, પણ કીનારા આગલ મછવો ન હોવાથી તેને પગ રસતે જવું પડીયું. થોડુંએક દુર ચાલીઆ પછી વરસાદ પડવા માંડીયો તેથી તેણે પોતાની છતરી ઊંઘાડી અને આગલ ચાલવા માંડીયું. જીયારે તે તીહાંનાં બાદશાહના મેહેલ આગલ આવીઓ તીયારે એક સીપાઇ જે મેહેલના દરવાજા આગલ ચોકી કરતો હતો તેને પોતાની ભરેલી બંદુક સાથે તેનાં આંગપર ધસારો કીધો અને તેને છતરી બંધ કરવાને તરતજ હુકમ કીધો. આ બનાવ જોઈને તે ઘણો ગભરાવા અને અજાએબ થવા લાગો અને એક તુરક જે તેની પછવાડે ચાલતો હતો તેને આવી રીતની અણઘટતી ચાલને વાસતે પુછવા લાગો. તેણે જવાબ દીધો કે છતરી એ તરકી દેશમાં બાદશાહના રાજની નીશાણીછે અને તે માટે આ દેશમાં બાદશાહની હજુરમાં અથવા તેના મેહેલ આગલથી ચાલી જતી વખતે કોઈપણ પુરસે પોતાની છતરી ઊંઘાડવી નહી એવો



મુલતાન શેહેરમાં રૂકમ આલમ નામનું દેહેરૂં.

ધારેછે. કોઈપણ શખસ આ ધારો તોડેતો બાદશાહને અપમાન આપીઆ બરાબર ગણાએછે, અને તેને મોહોટી સજા કરવામાં આવેછે. આ સાંભલીને તે દાકટરે પોતાની ભુલ જોઇ અને પેલા તરકને કેહેવા લાગો કે આ બાબદથી હું આએ પલ સુધી અણજાણો હતો.

પરસીપોલીસમાં અસલનું એક નકશ કામછે જેમાં એક બાદશાહ અને તેના બે નોકરો પાડેલાછે, અને એમાનો એક નોકર બાદશાહને છતરી ઓઢારેછે. એવું કેહેય કે આ બાદશાહ શીકંદરના વખતમાં થઈ ગયો હતો: એ ઊપરથી એવું માલમ પડેય કે છતરી ઘણા અસલના વખતથી ઈરાનમાં વાપરવામાં આવતી હતી.

સાએમમાં રાજીય અધીકારીઓ શીવાએ બીજા કોઈને છતરી વાપરવાને મનાછે. સાએમની છતરીઓ યુરોપમાં બનાવેલી છતરીઓને ઘણી મલતી આવેછે.

આવા દેશના રાજાના ખીતાબમાં તેનો એક ખીતાબ "ચોવીશ છતરીનો હાકેમ" કરીનેછે આ ખીતાબ વાંચનારને હસવું આવવા જોગછે પણ તે એકલો ચોવીશ પરગણાની ઊપર રાજ કરેછે અને છતરી આ રાજની નીશાણીછે તે માટે આપવામાં આવીઓછે.

મોરોકકોના રાજની નીશાણી પણ છતરીછે અને તે દેશના રાજા તથા તેના છોકરા અને ભાઈઓ શીવાએ બીજા કોઇને છતરી વાપરવાનો હુકમ નથી. રાજા જો પોતાનો મેહેલ છોડીને બાહાર જાએ અને જો કદાચ પવનનાં જોસથી છતરી ભાગી જાએતો એવું ધારવામાં આવેછે કે દેશની ઊપર કાંઇ આફત આવી પડશે અને તે રાજાનું રાજીય જલદી પુરું થશે. યુરપખંડમાં પેહેલ વેહેલી છતરી ઈતાલી દેશમાં દાખલ કરવામાં આવી હતી. ઇંગલાંડમાં છતરી ઓઢવાની ચાલ પેહેલાં બઈરાંઓમાં હતી અને જો કોઈપણ પુરૂશ ઓઢીને બાહાર જાય તો લોકો તેને હશી નાંખતા હતા. પણ એક જોનાસ હેનવે નામના હીમતવાન શખસે લોકોની દરકાર ન રાખીઆ વગર છતરી વાપરવા માંડી અને તીઆરપછી સઘલા લોકોએ છતરીની છીત છોડી દીધી અને બધા લોકો આ "વરસાદની ઢાલ" નો શએદો લેવા લાગા.

આપણી દેશી સ્ત્રીઓ આ નકામી છીત કેવારે છોડશે અને કહી હીમતવાન સ્ત્રી એની પેહેલ કાહાડશે એ જોવાને સરવે સમજુ મરદો ઈનતેજારછે. (મલેલું.)

## મુલતાન શેહેરમાં રૂકમ આલમ નામનું દેહેરૂં.

મુલતાન શેહેરમાં રૂકમ આલમ નામનું એક મોટું દેહેરૂંછે જેનું ચીતર પાસેનાં સફાપર જોવામાં આવશે. એ દેહેરાનું બાંધકામ ઘણુંજ સુંદરછે. એ તરેહવાર રંગીન પથરોથી તથા ચીનીથી જડેલુંછે. લોકો ધારેછે કે એને બાંધીઆને એક હજાર વરસ થયાંછે અને તેની અંદર રૂકમ આલમ નામના એક સરદાર તથા તેના ખેશ કબીલાની સેંકડો ઘોરોછે. તાંહાંના દેશીઓ એ જગાને પવીતર ગણેછે અને હજારો માણસો તે ઠેકાણે જાતરા કરવા જાયછે. પણ એ દેહેરાંપર અચણુચ હોમલો નહી થઈ શકે તે બંદોબસતને માટે એકજ વખતે ઘણા પુરૂશોને અંદર જવાની બંધીછે. એ જગાથી થોડે દુર ઈંગરેજ લોકોની છાવણીછે. જાહારે પંજાબનાં રાજા રનજીતસીંગે મુલતાન શેહેર પોતાને તાએબે કીધું તારે તેણે તેની હકુમત એક શીખ સરદારને સોંપી. પણ તેને લોકોએ મારી નાખેઓ અને તેની ગાદીએ તેના બેટા મુલરાજને કબુલ કીધો પણ જાહારે લારડ ગફ અને હારડીનજે પનજાબને ઈંગરેજ સરકારને હસતક લીધું તારે મુલતાનની હકુમત તેઓએ મુલરાજને જ સોંપી. પણ ઈંગરેજોને માલમ પડયું કે મુલરાજ પંજાબનાં લસકર સાથે બલવો કરવા ધારેછે તેથી તેઓએ મી૦ એગનીઉ અને લફટેનંટ એનડરસન નામના બે ઈંગરેજોને મુલરાજ પાસથી હકુમત છીનવી લઈ એક બીજા સરદારને આપવા માટે મોકલયા. મુલરાજ પણ એ ફેરફાર ઊપર રાજી થયો પણ પાછલથી તેણે આ બેહુ ઈઊરોપીઅનને તથા બીજા ઈંગરેજોને ઘણાજ ઘાટકી રીતે ઠાર કીધા. મુલરાજ એ બાબદમાં સામેલ હતો કે નહી તે હજુર ખાતરી ભરેલી રીતે જાણવામાં આવયું નથી. પણ કેટલાએક ઈંગરેજો મુલરાજની ખટપટમાં મારયા ગયા એ વાત સંશય વગરનીછે. આ બે ઈંગરેજોની ઘોર પણ રૂકમ આલમનાં દેહેરામાંછે જેથી આ જગા જોવાને ઘણા ઈંગરેજો જાયછે. હીંદુસતાનનાં પાદશાહોમાં સુંદર અને રમણય ઘોરો બાંધવાનો શોખ દીઠામાં આવેછે. સુલતાન શાહજાહાને પોતાની મરનાર રાણી માટે એક તાજ મેહેલ નામની મોટી ઘોર જમના નદીને કાંઠે બાંધીછે. એ સુંદર મેહેલ તમામ સફેદ

સંગેમરમરનો બાંધેલોછે અને એ સુંદર બાંધણી આખાં હીંદુસ્તાનમાં પેહેલી ગણાયછે. વળી અરંગાબાદમાં અરંગજીબ પાદશાહે પોતાની બેટીની ઘોરપર એક નાદર મકબેરો ઊઠાવયોછે.

## હાથ.

ડાકટર વીલસન નામનો એક નામીચો તબીબ આ નીચે ટાંકેલા અસરકારક બોલોમાં આદમીનાં હાથ વીશે લખી ગયોછે.

"આંખ, કાંન અને નાખ બેઠાં બેઠાં પોતાનું કામ કરેછે. રોશની, અવાજ, અને ખુશબો એઓમાં દાખલ થાયછે અને આપણે જોઇએ છઇએ, સાંભલીએ છઇએ, અને સુંગીએ છઇએ. પણ હાથ જેછે તે તેને ખુશી પડતી ચીજો ઊપર પડેછે. જે ચીજોને તે ધીકારેછે તાંહાંથી તે પાછો ફરેછે અને જે ચીજો તેને પસંદ પડેછે તેને પોતાની તરફ તેડેછે. હાથ પોતાની મરજીપર ઓસતવારછે. આંખ અને કાંન અને નાખ એ બાબદમાં અશકતછે. વારેઘડીએ દરાંમનાં દેખાવો જોવા આંખને થોભવું પડેછે; બેતાલ અને બેશુર રાગો કાંનને સાંભલવા પડેછે; અને દુરગંધ વાસોથી નાખને મુશીબત ખેંચવી પડેછે.

"હાથને પોતાને માટેજ નહી પણ તેના બીજા ભાઈબંધોને માટે વેઠ કરવી પડેછે. આંધલાને આંખ નહી તેથી તેનો હાથ તેને ગલી ગલીએ સલાંમતીથી લઈ જાયછે, ચોપડીઓ ઊપર ફરી ફરીને તેના સેઠનાં બેચેન મનને રમુજ તથા જ્ઞાનથી મથન કરેછે, અને સામાં ધણીને તંતોશીને પોતાના સેઠને તેનાં દોસતનો હસતો મુખરો જણાવેછે. આવી અજાએબ હાથની કરાંમતછે.

"બેહેરાને કાન નહી, અને મુગાને જીભ નહી પણ હાથ પોતાનાં આંગલાંની હીલચાલથી બેહુની ગરજ સારેછે.

"ચારે ઇંદરીઓ હાથનાં ઘણા આભારીછે. ગગનપર ચલકતા તારાઓ નીરખવાને જારે આંખને થાક ચહડેછે, અને અંધારામાં ગોતાં ખાયછે, તારે હાથની બનાવેલી દુરબીનની સાહેનાથી તે પોતાની મરજી પુરી પાડેછે; અને એક પાણીનાં કતરામાં વસતાં લખો જીવજંતોને તે શુક્ષમ દરશક યંતરથી જોઈ શકેછે જે ગમત તથા જ્ઞાન મેલવવાને હાથ વગર તે આજ અશકત હોત. સુનો પડેલો કાન જે યંતરથી હોશમાં આવેછે તે પણ હાથનીજ કરાંમતછે. ઝાડ પર રમતું ગુલાબનું ફુલ નાખની આગલ ધરનાર હાથજછે અને તેજ હાથ તેનું તેલ કાહાડી શઘલી હવાને બેહેક બેહેક કરી મેલેછે. લેહેજતદાર પકવાનો જીભ પર મેલનાર હાથજછે અને ટુકમાં જે ઈંદરી હાથમાં છે તે શઘલી બેહેનોમાં પરમુખછે.

"પણ હાથ માતર શરીરને કારગત લાગે એટલુંજ નથી. અકલ અને ડાહાપણ, હીંમત અને પેયાર, કાબુ અને મરજી જણાવવાને હાથની ગરજ માણસને પડેછે. મુકો હાથમાં તલવાર અને તે લડશે; મુકો હોલ અને તે ખેડશે; મુકો સારંગી અને તે વજાડશે; મુકો પીછી અને તે રંગશે; મુકો કલમ અને તે બોલશે, લડશે, આજીજી કરશે. શું ચીજ તેનીથી નહી બને ? શું ચીજ તેણે નથી કીધી ? વરાલ યંતર એજ ગોયા એક મોટો હાથ જે આદમનાં હાથે બનાવયોછે ! વીજલીનો તાર એક ગોયા મોટી કલમ જે આદમનાં હાથે ઘડીછે ! વાહાણ કે લોહોડાંનો સડક, દીવાદાંડી કે પાદશાહનો મેહેલ, આખું શેહેર કે આખો ખંડ, પરૂથવીનાં શેહેરો કે પરૂથવી પોતે એ શઘલાપર કોણની નીશાન ? માતરે આદમનાં હાથની.

"ઓ માહારા હાથ !' કેટલા તાહારા ગુણ અને કેટલા તાહારા દુરગુણ ! સારો દાહાડો તું હીલતો ને ચાલતોછે. એક પણ એવું હથીયાર નથી કે તું ઊચકી ન શકે. હરદમ તાહારા હાથમાં કાંઈ નહી ને કાંઈબી યંતર જોઉંછું.

"કારીગર તે, જે યંતરોની મદદથી પોતાનાં હાથને કામે લગાડે; પણ દરેક પરમાણીક માણસ કારીગરછે અને એ બેતાબ રોશન જેનાં તાલે જે મેલવેછે. રાણીનાં હાથ સારૂં પાદશાહી ચોબ, શીપાઈનાં હાથ સારૂં તલવાર; સુંથારનાં હાથ માટે કરવતી, લુહારનાં હાથ માટે હથોડો; ખેડુતનાં હાથ માટે હોલ, ખોડનારનાં હાથ માટે પાવડો; રંગારીનાં હાથ માટે પીછી, નકશીગરનાં હાથ માટે ફરસી; કવીનાં હાથ માટે કલમ, અને ઓરતનાં હાથ માટે સોય. જો આમાનું કાંઈ પણ હથીઆર હાથે બંધ ન બેસેતો બેહેતર કે લોખંડની બેડીઓમાં આપણી પોંહાંચીઓ શીકરાય અને આપણો હાથ બંધવાઓથી ફરતાં ચકર સાથ ઘસડા

ચ. દરેક પરમાણીક મરદ ઈયા ઓરત, દરએકને હા
થ બેસતું લાયક યંતરછે; કારણ ઈશવરનો હોકમછે કે
'જે સારી ચીજ તાહારા હાથથી બની શકે તે કર'."

---

## તલેસમાતી વીટી—એક જોડી કાહાડેલી વારતા.

(ગયા આંકથી સાંધણ.)

પેલા કાગડાઓ પાસેથી ખબર સાંભલી લેઈ તરત શા
હજાદીએ જુલીખાંની માંને તે જણાવી અને તેણીએ તુર
ત પોતાનાં બરથારને દરબારમાંથી તેડાવી મંગાવી શરવે હ
કીકત કહી અને 'જણાવીઉં' કે આ ખબર જાદુથી મેલવી
છે. પેહેલાં કાદીએ તે માંનીઉં નહી પણ તેની શેઆંની
બાંનુને ધબરાટમાં પડેલી જોઈ તેનાં મનપર અસર થઈ તે
ચોજ તે દરબારમાં રાજાનાં દરબારીઓની સાથે મસલહત
કરવાને દોડી ગયો. કાદી એ દીને રાતનાં છેક અસુરેથી
ઘર આવીઓ અને પોતાની બાંનુને દરબારનાં હેવાલથી વા
'કેફ કીધી કે જો આ વાત ખરી પડશેતો શેહેરની ખરાબી
કરવા કરતાં રાંણીનાં લશકરને તાબે થવાનો ઠરાવ કીધોછે.
આ નેક બાંનુએ સેતાબીથી આ ખબર શીરીનને જણાવી
જેથી ધાસતી અને ગંમથી શીરીનનાં ખુશનમાં ચેહેરા ઉપ
રથી લોહી ઉડી ગયું અને તે સફેદ પુની જેવી દીસવા લાગી

એટલામાં શેહેરનો રાજા લડાઇનાં મેદાંનમાથી નાશી
આવેઓ તેણે કાદીને તાકીદથી દરબારમાં બોલાવીઓ અને
કેટલીએક કબુલાતો પરમાંણે દુસમેને સલાહા કરવાને રાજી
પણું દેખાડીઉં હતું તે ઉપર વીચાર કરવાને બધા દરબારી
ઓને ભેગા કીધા હતા. જલદીથી વીચાર કરી દરબાર બ
રખાસત થઈ અને કાદી ઘેર આવી બોલીઓ કે આપણાં
શેહેર તથા લોકોનું સરવે જર જહવેર, સુનુ રૂપું તથા સર
વે કીમતી ચીજો, ઘોડા તથા ગોલાંમ જેબી હોય તે આ
પી દુસમનનું મન મનાવાનો વીચાર નકી કીધોછે. જોકે
એથી આપણું શેહેર પાયમાલ થઈ જશે પણ એથી દુસમ
ન તરત પાછો ફરશે અને આપણી રઈએત ચેનથી રેહી
શકશે. જુહુલીખાં તુરત બોલી ઉઠી કે તારે આપણી શી
રીનતો આપણી પાસેજ રેહેશે અને એથી વધારે મને બી
જું કાંઈજ જોઈતું નથી. કાદીએ ગંભીર ચેહેરાથી પોતા
નું ડોકું હીલવીઉં અને કહયું કે માકાં ભાએગે આસ
પાસનાં સરવે લોક જાંણેછે કે તારી માતાએ શીરીનને મો
ટી કીમતે વેચાતી લીધીછે તેથી સરવેથી પેહેલાં એને માંગશે.
શેહેરનાં લોકોનાં ઘેરોનાં જાહારા લેશે અને જેબી કાંઈ મલ
શે તે સરકાર લેઇ લેશે તેથી શીરીનને છુપાવાનો કશો દીરગ
નથી રહેઓ, તેમજ બાહાર ગાંમ પણ નસાડી સકાય નહી
કેમકે દુશમનનું લશકર શેહેરને ચોમેરથી ઘેરો ઘાલી પડીઉંછે.

કાદી આટલી ખબર આપી તરણે બાંનુઓને ગંમ
અને ધાસતીમાં નાખી પાછો દરબાર ભણી ગયો. પેલો પો
પટ જે દુર બેસી આ સરવે વાત શાંભલતો હતો તેણે શી
રીનને ગમખાર જોઈ તેના ખભાં ઉપર આવી બેઠો અને
બોકી દેઈ બોલીઓ કે નેક શાહજાદી તારે ગભરાવું નહી.
આ મોહોલાની થોડેક છેટે એક જુની મસીદછે અને તેના
કેટલાક મીનારા ભાગી ગયલાછે પણ એક મીનારો હજુર
કાયમછે જેની ઉપર જવાનો દાદર વખતના અરસાથી અર
ધો ભાગી ગયોછે અને જાંહાં આપણા કાગડાઓ હાલ રે
હેછે તાંહાં એકાંતે આ આફત ગુજરી જાય તાંહાંસુધી તું
સુખે રેહી શકશે. માતર એક દાદરના જેવી નીસરાંણી બ
નાવાની જરૂરછે જેથી ઉપર જવા આવવાને બની શકે.
એ દાદર આપણા ઘરમાં રેશમી ડપોતાછે તેનો થઈ શકશે
અને તે કાહાડી લેવાઈ પણ શકાશે તેથી તુરત એ કાંમ પર
તમારે મંડી જવું. હું શુતલી લેઈ તેનું માંપ ભરી લાવું
છું, એમ બોલી તે શુતલી લેઈ ઉડી ચાલીઓ. જુહુલીખાં,
તેની માં તથા શીરીનને આ હીકમત પસંદ આવી તેથી
તેવો સીતાબીથી આ કાંમે લાગાં અને પોપટે મેજ લાવી આ
પીઓ તે પરમાંણે એક દાદર બનાવી તઈઆર કીધો અને
રાતના તે તરત પોપટ સાથે તરણડે જણ ચાલીઆં.

આ રેશમી દાદરના દુઆ મોહોડામાં લેઈ મીનારાની
ઉપર જઈ બાધી આવવાને પેલા કાગડાઓની શકતી ઉપરાંત
કાંમ થઈ પડીઉં તેથી તેઓ કેટલીકવાર તજવીજ કરી થા
કીઆ પણ કાંઇ વલયું નહી તેથી તેઓ સરવે નાચાર થઈ
પાછા ફરવાના વીચારમાં હતા એટલામાં પોપટે બુમ મારી
કે જલદીથી પેલી તલેસમાતી વીટી કાહાડો અને તે વીટી
મોહોમાં લેઈ મીનારાની ઉપર એક મોટું ઘુવર બેઠું હતું
તેને દેખાડી. તે જોતાંજ તેણે હોકમ પુછીઓ અને જલદી
થી પોપટની સાથે તે નીચે આવેઉં. પોપટે પેલા દાદરનો
દુચો ઘુવરની મારફતે મીનારાની ઉપર પોહોચડાવીઓ અને
કાગડાઓએ ઉપર જઈ તેના બેઉ છેડા એક થાંભલા શાથે
બરાબર અંતરે મજબુત બાંધીઆ શીરીને, જલદીથી જુહુ
લીખાં અને તેની માંની ભેટ લીધી અને તેવો એકમેકને ગ
લે લાગી બોકી દેઈ છુટાં પડીઆં. શીરીને ઉપર ચહડી રે
શમી દાદર ઉંચકી લીધો અને જે દગલો પોતે સાથે લાવી
હતી તે પાથરી અંધારામાં આરાંમ કીધો. પોપટે પેલાં ઘુ
વરને રાતના ચોકી કરવા કેહી પોતે પણ થાકી ગયો હતો
તેથી સુવા ગયો

બીજે દીને સવારના સુરજના કીમતી કીરણોએ આ
ભાગા તુટા મીનારામાં પોતાના નેક કદમ ધરીઆં અને શાહ
જાદીને જાગરૂત કીધી. ઉંધથી ફારેગ થઈ ચોતરફ આંખ
ફેરવી જોયછે તો તેને માલમ પડીઉં કે આ મીનારો ફરતો
ગોલ હતો અને તેની બાહેરથી એક ફરતી અગાસી કાહા
ડેલી હતી જેની ઉપર જવાને માટે મીનારામાં એક બારણું
હતું. શાહજાદી પોતાની સાથે જે કાંઇ લાવી હતી
તેમાંથી પોતાનો નાસતો કાહાડી ખાધો અને પોપટને ગાંમ
ની હકીગત લેઈ આવવાને વદીઆ કીધો. પોપટ જઈ જુ
વેછેતો કાદીનાં તથા બીજાં આસપાસનાં લોકોનાં ઘરનાં સ
રકારી માંણસો જાહાડા લીએછે અને કાદીનાં તથા બીજાં
ઘરોના સરવે કીમતી અશબાબ, ગાડી ઘોડા તથા ગોલાંમો.
ને બાહેર રસતા ઉપર કાહાડી જમા કરતા હતા. આ
મધે ગોલાંમોની એક હાર ઉભી કીધી હતી અને તેમાંથી
પસંદ કરવા જોગ ચુંટી કાહાડતા હતા. એ ચુંટી કાહા
ડેલાંમાંથી એક છોકરીએ સરકારનાં માંણસોને જણાવીઉં કે

કાદીનાં ઘરમાં હમારી સાથે એક બીજી છોકરી હતી જેને તે એઓએ ઘરમાં સંતાડીછે અને તે હમો પાંચ દસ કરતાંનેબી વધારે કીમતીછે. સરકારી અમલદારે પુછેઉ કે તેનું નાંમ શું. પેલી છોકરીએ કહયું કે હમો તેને પોપટ વાલી છોકરી કરી કહીએ છીએ અને આ તેણીનો પોપટ બેઠોછે તેથી તે આ જગેથી કેથે દુર હશે નહી. કાદીએ પેલા અમલદારને કહયું કે હા મારી જોડે તે હતી ખરી પણ તે કેથે નીકલી ગઈછે જેની તેને કશી ખબર નથી. કાદી શાચુંજ બોલીઓ હતો કેમકે તેને એ વીશેની કાંઈજ ખબર હતી નહી કેમકે જુલીખાં તથા તેની માએ કાદીથી આ હકીકત છુપાવી હતી. પેલા સરકારી અમલદારે આખું ઘર ખોલીઉં અને અંતે નાંઉમેદ થઈ બોલીઓ કે ઠીકછે જો તે છોકરી બાહેર નીકલી ગઈછે તો જરૂર કેથેની કેથે પકડેઆમાં આવશે એમ કહી ચાલતી પકડી.

આ બાદ જુહુલીખાંએ પોતાની માંને અરજ કીધી કે હવે સરવે વહી ગયું તેથી આપણે શીરીનને પાછી ઘરમાં લાવી છુપી રીતે રાખીએ; પણ આ દુરઅંદેશ માએ તેને નાં પાડી અને કહેઉં કે જાંહાં તે છે તાંહાંજ હશેતો શારૂં છે. એ ઉપરથી જુહુલીખાંએ તેણીને રાતનાં મલવા જવાની પરવાંનગી માંગી અને તેની માએ આનાકાંની કરવા ઉપરથી તે બોલી કે "માં તમે કશી ફીકર નાં કરો આપણા વીશવાશુ જાંનવરો ચોકી કરશે અને હું દુનીઆને બેમાલુમ અંદર જઈ મલી આવીશ." માંની રજા મલવાથી પોપટ જોડે શાહજાદી ઉપર એક ચોઠી લખી જણાવીઉં કે તે આ જે રાતનાં તેણીને મલવા આવનારછે અને સાથે ખોરાક પણ લેતી આવશે.

શાહજાદી મીનારામાં બેશી પોતાનો વખત પોપટ સાથે વાત કરવામાં તથા પોતાની પાસે એક ચોપડી હતી તે વાંચવામાં ગુજારતી અને આ વીશવાશુ પંખીઓ જે કાંઈ ખોરાક લાવતાં તે ખાઈ નીરાંત પાંમતી. જાંહાં તે બેશી વાંચતી હતી તાંહાં ભીતમાંનો એક પથરો અલગો થઈ રહેલો તેણીને માલમ પડીઓ જેને એક હનસેલો મારતાં તે બાહેર નીકલી પડીઓ અને ભીતની અંદર એક ચોરસ ભોક પડીઉં જેમાંથી તેણીને કાદીનું ઘર દેખાવા લાગું અને વધારે તપાસી જોતાં તેને માલમ પડીઉં કે જે ઓરડામા તે અને જુહુલીખાં સુતાં હતાં તે ઓરડો પરગટ દેખાવા લાગો.

રાત પડી અને જુહુલીખાં પોતાની માંની રજા લેઈ બાહેર પડી અને તેની આગમચ પોપટે કાગડાઓ તથા ઘુવરને સરવે રીતની ચોકાસી રાખવાને રાખીઆ હતા. જુહુલીખાં બીહતી બીહતી મીનારામાં જઈ લાગી અને શીરીને રેસમી દાદર નીચે નાખીઓ તેની મદદથી તે પોતાની સાથે એક તોપલી લેઈ આવી હતી તે લેઈ ઉપર ચહુડી ગઈ. ઉપર જતાંજ તેવો બંપો ઉઠીને એકમેકને વલગી પડીઆં અને વાતચીત કરી જુહુલીખાં જે ખાંણું લાવી હતી તે ખાવા તેઓ બંપો સાથે બેઠાં. શીરીને પેલી ભીતમાંનું ગભારૂં જુહુલીખાંને દેખાડીઉં અને કહેઉં કે તેમાંથી તેણીના ઓરડામા પાધરૂં દેખાયછે તેથી વારેઘડીએ તેણીએ ઓરડાની બારી આગલ આવી નીશાંનો કરવી જેથી ગોએઆ દુરથી વાત કરતાં રૂએ એટલો પરવ રેહેથે. ખાઈ ઉઠી એકમેકને ભેટી જુહુલીખાં ઘેર આવી.

શેહેર ઉપર ધસી આવનારા દુશમનોની માંગણી એટલીતો મોટી હતી કે તેટલા પઈસા એકઠા કરવાને ઘણાએક દાહાડા ગુજરી ગયા કેમકે લોકો પોતાનો માલ મતા છુપાવા લાગ્યં અને સરકારી માણુસોને તેની પુરતી ખોલ કરવી પડતી હતી.

આ બધો વખત શાહજાદી પોતાના પંખીઓની સંગતમાં ગુજારતી હતી અને કાગડાઓની મારફતે જુહુલીખાંને વારમવાર ચીઠી લખી મોકલતી હતી અને પેલા બગારાંમાંથી જુહુલીખાં સાથે તરેહવાર નીશાંનોથી વાત કરતી હતી. જુહુલીખાંની બીજી વખતની ભેટ એક રાતના છેક મોડેથી થઈ હતી કેમકે તે રાતરે ચંદરમાહ પરકાશતો હતો તે જાંહાંસુધી શીહા વાદલોમાં ગરક થાએ અને અસત પાંમે તાંહાંસુધી તેણીને ખોટી રેહેવું પડીઉં હતું આં વખતે છુટાં પડતાં નજદીક બાંમદાદનો વખત થવા આવીઓ હતો અને તેથી જેવી જુહુલીખાં ઉતરી ગઈ તેવીજ શીરીન બીછાના ઉપર સુવા ગઈ અને તેથી રાબેતા મુજમ પેલો દાદર ઉંચકી લેવાને ભુલી ગઈ.

સવારનાં પોપટે સકારેથી ઉઠી પેલા કાગડાઓને લડાઈના મેદાનમાં જઈ ખબર લેવાને ફરમાવીઉં અને પોતે પણ શાહજાદીના નાસતા માટે કાદીને ઘર ગયો. પોપટને જવાને સેહેજ વખત થયો એટલામાં કોઈ એકનાં હસવાના અવાજથી શાહજાદી ચોંકી ઉઠી અને જોયેછેતો જે ગોલાંમરીએ સરકારના માણુસોને તેને વીશે જાહેર કીધું હતું તે દાદર ઉપરથી ચહડી ઉપર આવેલી. તે બોલી કેમ મારી પોપટ વાલી છોકરી તમે અહીઆં ભરાઈ બેઠાંછો કે ! ખાશાં પકડાયાં હવે જેઓ તમને ઘુંડેછે તેવોના હાથમાં હું તને આપસ અને તેના અવેજમાં મને છુટાંપણું અને કદાચ કાંઈ ઈનામ પણ મલશે. એમ કહી પોતાના માંથા ઉપરનો ફેંટો કાહાડી શાહજાદીના હાથ તથા પગ બાંધીઆ અને સરકારના અમલદારોને બોલાવી લાવવા માટે નીચે ઉતરી. ઉતરેઆ બાદ પેલો રેશમી દાદર જોરથી ખેંચી તોડી નાખેઓ કે જેથી શાહજાદીને નીકલી જવાને કાંઈબી દીરગ રહેઓ નહી.

હવે આ ગોલામ છોકરી મીનારામાં આવી પોહોંચી તેનો ખોલાસો એમછે કે સરકારનાં માંણુસોએ જેટલા ગોલાંમો શેહેરનાં છુટાપણાને માટે એકઠાં કીધાં હતાં તેઓમાં એ છોકરી પણ હતી અને તેવો સઘલાંઓને એક સરકારી ઘરમાં રાખેઆં હતા તાંહાંથી ખાંનગી રીતે આ છોકરી નાહાસી આ ભાગી તુટી મસીદમાં આવી લાગી અને તાંહાં ભરાઈ બેસવાનો વીચાર કીધો હતો. જેવી તે અંદર આવી અને મીનારા આગલથી ચીમાતી ચીમાતી જાયેછે તેવી તેની નજર પેલા જુહુલતા રેસમી દાદર ઉપર પડી તેથી તે અંદર આવી અને તે દાદર ઉપર ચહડી જુવેછેતો શીરીનને સુતેલી દીઠી અને તેથી તેનાં અદેખાં દીલમાં આવેઉં કે જો હું એને પકડી આપીશતો મારી તકદીર માફ થશે અને મને છુટાપણું મલશે, એવા વીચારથી તેણીએ શીરીન ઉપર તરાપ મારી અને તેનાં હાથ પગ બાંધી સરકારી અમલદારને બોલાવા દોડી.

જે સરકારી ઘરમાંથી તે નાહાશી આવી હતી તેહાં તે પાછી ગઈ અને જેવી તેને ચોકીદાંને જોઈ તેવીજ પકડી, તાંહાંનાં એક અમલદાર પાસે લેઈ ગયો. તે અમલદારે તે

ણીને સજા કરવાનો ઠરાવ કીધો. એટલામાં તે બોલી ઉઠી કે અમલદાર શાહેબ જો હું તમોને એક નાહાશી ગએલી ગોલાંમ છોકરી પકડી આપું જેનાં એકસો દીરમ આવેતો પછે તમે મને શું કરશો. જો તું પકડી આપેતો તને છુટાપણું મલસે અને તે ઉપરાંત પાંચ દીરમ ઈનાંમ તરીકે મલશે, પણ જો એમાં તારી ઠગાઈ માલમ પડશેતો તારાં પગનાં તલીઆં ઉપર, તું ઉભી રેહી અથવા ચાલી નહી શકે તાંહાંસુધી ફટકા મરાવીશ. તેણીએ એક બે ચોકીબાંન તથા એક દાદર સાથે લેઈ પેલા મીનારા તરફ કુચ કીધી અને તાંહાં જઈ દાદર મુકી એક ચોકીબાંન ઉપર જઈ જોઈ આવીઓ પણ એકાદ બે તોપલી તથા ફેંટાના લોહીથી ખરડાએલા કટકા તથા કાંઈક સાંમન સીવાએ તેને બીજું કાંઈ દીઠું નહી તેથી તે નીચે ઉતરીઓ અને ઘર આવી વડા અમલદારને તે ખબર કીધી જેથી તે અમલદારે પેલીને તેને ઠગવાને માટે શીકશા કરવાનો આગલ મુજબ હોકમ કીધો. એ ઉપરથી આ છોકરી બોલી કે જોવો શાહેબ હું ખાતરીથી કેહુંચ કે એ છોકરી મીનારામાથી નાહાશી જઈ કાદીનાં ઘેર સીવાએ બીજે કેથે તે જનાર નથી તેથી કાદીનું ઘેર એકવાર ફરીથી ધુંહશોતો તે જરૂર તમને મલી આવશે અને હું આ સજામાથી બંચીશ. એવી રકઝક થાયછે એટલામાં શેહેરનો રાજા તપાસ કરવાને આવી લાગો, તેણે આ વાત સાંભલી ઘણો ઘુરુસો કીધો કે મારા આવા ચોકસ હોકમ છતાં કાદીએ પોતાની એક ગોલાંમ છોકરીને સંતાડી રાખી, તેથી જલદીથી ચોકીબાંનોને હોકમ કીધો કે ફરીથી એકવાર તેનું ઘર ખોલવું અને જો તાંહાંથી તે છોકરી નહી મલી આવેતો તેને બદલે કાદીની છોકરી જીહુલીખાને પકડી લાવવી.

રાજાના હોકમથી કેટલાએક અમલદારોએ દોડી જઈ કાદીનું ઘર તેની ઘેરહાંજરીમાં ખોલીઉં પણ તાંહાંથી શીરીન હાથ લાગી નહી. આ અમલદારોનાં બોલવા ઉપરથી કાદીની બઈરી તથા જીહુલીખાંને માલમ પડીઉં કે શીરીન મીનારો છોડી બાહેર નીકલી ગઈછે અને તેથીજ ફરીથી એકવાર કાદીનાં ઘરનાં જાહડા લેવાનો હોકમ થયોછે. આ રીતે નાશીપાશ થઈ અંતે તે અમલદારોએ જીહુલીખાંને પકડી અને તેની માંની તથા તેની કાકલુદી ઉપર જરાએ ધેઆંન આપેઆ વગર ગોલાંમોનાં ઘર તરફ તેને લેઈ ચાલીઆ. જાંહાં જીહુલીખાએ પેલી ગોલામ છોકરીને પગના તલીઆં ઉપર ફટકા ખાતી દીઠી.

## કરકસર.

એક મુરખ પોતાનું ધન અપટપણાથી ઉડાવી દીએછે; પછી પોતીકું કે બાપીકું. દુરંદેશાનો અને દાવશ માણસ જેમ વખતને સંભાલેછે તેમ પોતાના ધનનો પણ સંભાલ કેહેછે. મુરખ છે તે જે ચીજોનો ખપ ન હોય તે સંગરેછે, અને જે ચીજ જરૂરની હોય તે પર ફદીયું ખરચતો નથી. રમકડાંની દુકાનમાં તે ગયો કે તેનો જીવ ટપટપ થાયછે; અને ઘડીગાલો અને શોભઈતી લાકડીઓ અને એવી એવી બીજી ચીજોથી તે પાએમાલ થાયછે. તેના નોકરોના અને દુકાનદારોના ગજવાં તેની મુરખાઈથી તરજાં થાયછે; અને નકામા વીચીતર સામાનથી ભરેલી તેની વખારમાં જાહારે જરૂરીઆતની ચીજ તેને હાથ લાગતી નથી તાહારે તે ઓચંબો પામેછે. કરકસરથી નાની રકમ હોયતો જનમારો નીકલે; પણ ઉડાઉપણાથી પાદશાહી દોલત પણ વાત કરતાં ગુમ થઈ જાયછે. બને તાંહાંશુધી ઉધાર પઈસો રાખવો નહીં. ખરૂં તોલાવી રોકડા વેહેવારમાં દાહાપણછે. આપ જાતે ખરચ કરીએ કે લુચા નોકરોની હકસાઈ આપણાજ ગજવાંમાં પડે. જો ઉધાર સોદાની ગરજ પડીતો દર મહીને તેનો નીકાલો લાવીએ. ફલાણી ચીજ જોઈતી નથી પણ સસતીછે તેથી ખરીદું એમાં ખોટછે. ફલાણી ચીજ મોઘીછે તે લઉંતો માતબર જણાઉં એમાં ઉડાઉપણું અને દલીદરતાછે. જમે અને ઉધારપર હરદમ નેઘાહ રાખી તો પાએમાલ થઈ દીવાલીઆ થવાની ધાસતી રેહેનાર નથી.

(લા૦ ચે૦)

## નીમખ—તેનો ગુણ અને ઉપયોગ.

આપણા ખોરાક સાથે નીમખ લેવાની અતીશય અગતછે. નીમખથી ખોરાક પોચો થાયછે તેથી તે જલદીથી જરપત થઈ શકેછે. આપણા લોહીમાં તથા આપણા શરીરમાં નીમખનો થોડો ભાગ આવેછે. ખોરાકમાં નીમખ ભેલયું ન હોયતો પાચન શકતી દુરબલ થઈ જાયછે, શરીર નાતવાન થઇ જાયછે, અને પેટમાં કરમ પાકવાની ધાસતી રેહેછે. એ ઉપરથી દરેક જણે પોતાના ખોરાકમાં નીમખ લેવું જોઇએ અને બચાંના ખોરાકમાં પણ એ ઉપયોગી વસતુ બરાબર પરમાણ પરમાણે ભેલવી જોઇએ. પણ ખોરાક નીમખ સાથે ભેલીને ખાવો અને સુકી મીઠાંમાં આથેલી મછી અથવા ગોસ ખાવું, એ બે જુદી જુદી રીને આપણા શરીરપર અસર કરેછે. પાછલી રીત પરમાંણે નીમખથી કુરીને ખોરાક ઉપર અસર થાયછે જેથી તે ઘણો વેહેચો ઇસા મોડો પચી શકેછે. દવા માફક પણ નીમખને વાપડવામાં આવેછે. દુરખ

લ બાંધાને તે મજબુત કરેછે. એકથી તે બે આંઊંસ નીમખને અરધી પાઈનટ પાંણીમાં દોહાવીને પાયું હોયતો સારીપેઠે ઊલટી થઈ શકેછે. જો ઊલટી નહી લાગેતો જોલાબ લાગેછે. કરમને નાબુદ કરવાને માટે નીમખની પીચકારી મારવાની કોઈ વખત ગરજ પડેછે. અડી ગયલાં બદનને ખારાં પાણીએ ધોયાથી બહુ સારી અસર થાયછે, અને નાકવતીના દુખેપર ખારૂં પાણી અકસીરછે. મોરચાઈ ગયલા સાંધાઓપર ખારાં પાણીની ધારથી શયદો થાયછે. ઊપલાં કારણોને માટે ૧૫ બાટલીએ એક રતલ નીમખ પીગલાવયું હોયતો બસછે. જાનવરોને પણ નીમખ આપેલું ગુણગારૂંછે. ગાયને દુધ દોહોયાની એક કલાક અગાઊ જો દોહોડ આંઊંસ નીમખ કાંઈ પણ ખોરાક સાથે આપીયું હોયતો દુધ ઘણું તેમજ ચોખું મલી શકેછે. ઘોડાઓને જો દાહાડામાં બે તાર અરધો આંઊંસ નીમખ આપયું હોયતો તેઓ આશુદા રહી શકેછે. આખા દાહાડામાં જો મેંઢાંને પણ પાથી તે અરધો આંઊંસ સુધી નીમખ આપયું હોય તો ફાયદાકારકછે. નીમખ ખાતરમાં પણ કાંમ આવેછે. નીમખથી જમીન ભીણી તેમજ પોચી રહી શકેછે. રસ સુધરેછે અને કીડાઓનો નાશ થાયછે. ખાતરમાં નીમખ આવેઆથી ફલની લેહેજત વધેછે અને તે જલદી પાકપર આવેછે. આટલા બધા ગુણ નીમખમાંછે જે આપણે હરદમ જોઇએછે પણ જેની ઊપર આપણ જરાબી વીચાર કરતા નથી.

---

## ઓરતોની મીજલસ.

### ભાશાણ ૨૩ મું.

### બચાંની ઊંઘ વીશે.

ગયાં ભાશાણમાં બચાંને કેમ, કાંહાં અને કેવી રીતે સુવારવું તે સમજાવીયું હતું. આજ દીને એ વીશે હું વધારે બોલવાની રજા લેઉછું.

**૧. બચાંને પાલણામાં અથવા બીછાના ઉપર એક બાજુએ કોર વાલીને સુવારવું.**

બચાંના મોહોડામાં લબ એકઠી થાયેછે અને ચતુ સુવારીયાથી લબ મોહોડામાં એકઠી થઈને બચાંને ગુંગરાવી નાખેછે. એક બાજુએ કોર વાલીને સુવારીયાથી લબ અને બીજી વસતુઓ જલદીથી બાહેર નીકલી જાયેછે.

**૨. બચાંને કદી પણ હીંચકા ઘાલીને સુવારવાની ટેવ પાડવી નહી.**

બચાંને જાગતુંજ ઝોરીમાં મુકવું અને એમજ સુઈ જવાની તેવ પાડવી; કાંયેકે બચું હીંચ ઘાલીયા વગરજ સારીપેઠે ગાંઢી ઉંઘમાં સુવેછે, અને એક વખત હીંચ ઘાલી ને પછી હીંચ ઘાલીયા વગર તે સુંતુંજ નહી. જો બચું રાતરે જાગીયું તો માએ ઉઠીને તેને હીંચ ઘાલેછે તોજ બચું સુવેછે, નહીંતો રડીયા કરેછે. જો માએ કામમાં રોકાઈ હોયેછે તો કોઈ બીજું આવીને હીંચ ઘાલેછે તોજ સુવેછે. તેટલા કારણ માટે હીંચ ઘાલવાની ટેવ નહી પાડવી અને ટેવ પડી હોયેતો જેમ બને તેમ જલદીથી છોડી દેવી. બચું રડે તેની દરકાર નહી કરવી. બચું સમજેછે કે રડીયામાં કાંઈ વલતું નથી તારે પોતાની મેલે થાકીને ઉંઘાઈ જાયેછે. એમ બે તરણ દાહાડા ચાલેછે, પછી ઝોરીમાં મુકીયું એટલે તરત સુઈ જાયેછે. એવી ટેવ પાડીયાથી બચું હુસાલેસ થવા સીખેછે અને કોઈને ઈજા દેતું નથી.

બચું આજારી અને બેકરાર હોયતો આસતેથી હીંચ ઘાલવી કાઋનીછે. તેને મોહોટા હીંચકા ઘણા વખત લગી ઘાલવાથી નુકસાની થાયેછે.

હીંચ ઘાલીયાથી બચાને માતરે બેચેન ઉંઘ આવેછે, ખુબ ઉંઘ આવતી નથી. એટલા માટે પાલણાને હીંચકા જડાવવા નહી અથવા બચાંને હીંચકાની ખુરસી ઉપર પણ સુવારવું નહી; એવું આલસુ માએનેજ છાજેછે.

**૩. પેહેલાં બે તરણ મહીના બચાંને જેમ બને તેમ વધારે વખત લગી સુવા દેવું. રમાડવાને ખાતર વારેઘડીએ ઉઠારવું નહી.**

બચું પેહેલાં એક બે મહીના આખો દાહાડો, રાત સુવામાંજ કાહાડેછે અને જારે ભુખ લાગેછે તારેજ ધાવવાને ઉઠેછે. એવાં બચાંને કદી પણ જાગતું રાખવું નહી, તેને સુવાજ દેવું.

જે બચું ઘણું સુઈ રેહે તે સારીપેઠે ઉછરેછે અને જે બચું સુતું નથી તે વારેઘડીએ નબલું પડી જાયેછે. નબલું બચું ઉંઘાયાથી પુખત થાયેછે અને પુખત બચું વગર ઉંઘે નબલું થઇ જાયેછે. જો બચું સારીપેઠે ઉંઘાયે તારે સમજવું કે તેને કાંઈ પણ દરદ નથી, તેના બદનનું સઘડું કામ બરાબર ચાલેછે. જેને કાંઈ પણ દરદ હોયેછે તે બરાબર સુતું નથી.

બીજા મહીના પછી બચું આસતે આસતે વધારે વખત લગી જાગવા માંડેછે. એ વખતે આપણી ખુશી પરમાણે બચાંને જગારવું અથવા સુવારવું નહી. બચાંને પોતાને ઉંઘાવા ગમેછે કે નહી તે તપાસવું અને તે પરમાણેજ ચાલવું. આપણી સગવડને વાસતે બચાંની વલણ તોડવી નહી.

**૪. ચાર પાંચ મહીનાથી ઉંઘાવાનો અથવા જગવાનો વખત ચોકસ કરવાની જરૂરછે, કાંયેકે ઉંઘાવાનું આસતે આસતે કમતી થાયેછે.**

જો બચું ઉંઘાઇને બેચેન ઉઠેછે તો સમજવું કે તે

ચું ઉંઘાયું નથી અને તેને જલદીથી ઉઠારવાની કોશેશ કરવી નહી.

જો જાગતું બચું રમીયા કરે અને થાક મહડે નહી તો તેને જલદીથી સુવારવાની તજવીજ કરવી નહી.

બચું ઉંઘ માહેથી ઉઠીયું એટલે જો માંએ ધાવનું આપવાની ટેવ પાડી તો પછી બચાંને જારે ગમે તારે ઉઠવાની અથવા જાગવાની ટેવ પડેછે અને તેથી માએ અને બચું બેઉ હેરાન થાયેછે.

રાતનો વખત સુવાનોછે એટલા માટે જેમ બને તેમ એ વખતે બચાંને સુઈ રેહેવાની ટેવ પાડવી. રાતનાં સાત વાગતેથી તે સંહવારનાં ૬ વાગા સુધી ઉંઘાઈ રેહેવાની ટેવ પાડવી.

રાતનાં વખત સીવાએ બચાંને દીવસમાં પણ સુવાની જરૂરછે. એ વખત ચોકસ કરવો જોઈયે. પેહેલાં દશથી તે બાર વાગતાં સુધી સુવારવું અને વલી તરણ વાગતે અરધા અથવા એક કલાક લગી સુવા દેવું.

છઠે મહીનેથી અગીયારથી તે બે વાગતાં સુધી એકજ વખત સુવા દેવું.

બીજે વરસથી બચાંને દીવસમાં સુવા નહી દેવું.

ઘણા નાહાના બચાંને જો દીવસમાં સુવાડીયે નહીતો તે થાકી જાયેછે અને તંનદરોસત રેહેતું નથી. રાતનાં ઉંઘ બરાબર આવતી નથી. બચાંને થાક લેવાની વધારે જરૂરછે.

**૫. બચાંને જેમ બને તેમ અંધારામાં એખલું સુવારવાની ટેવ પાડવી.**

તેથી આસતે આસતે બચાંને હીમત આવેછે અને અંધારામાં બીહીથે પણ નહી.

તે સુતેલું હોયે તે વખતે તેના ચેહેરા ઉપર પુશકલ રોશની પડવી નહી જોઈયેં, તેથી બચું બેકરાર રેહેછે.

**૬. બચાંને ઘોંઘાટમાંજ સુવાની ટેવ પાડવી.**

જે બચાં આગલ સુતી વખતે જરા પણ ઘોંઘાટ થવા દેતાં નથી, તે બચું જરા પણ ઘોંઘાટથી ચોંકી ઉઠેછે. જે બચાંને ઘોંઘાટમાંજ સુઈ જવાની ટેવ પડેછે તે બચું ઘોંઘાટ થયાથી ચોંકી ઉઠતું નથી; તે સુઈ રેહેછે; તે માએને વારેઘડીએ મેહેનત આપતું નથી.

**૭. બચાંને ઉંઘાવાને માટે કાંઈ પણ જાતની કેફી વસત આપવી નહી.**

બચું ઉંઘાતું નથી તેનું કારણ જાણવું અને તે કારણ દુર કરવું; કેફી વસતુ એકદમ આપવી નહી. ડાકટરની સલાહ એવી વખતે લેવી જરૂરછે.

---

## અંદાજો.

### એક અસલી બરાહમણે દીધેલી સીખામણ.

"ઘોરની આએ બાજુએ (આએ દુનીયામાં) જો તું જરાક પણ સુખ મેલવવાને માગતો હોયતો ખોદાની બક્ષીશથી મન અને તન બેઉ ભોગવ.

"જો એ આશીરવાદો તુંને મલીયા હોયે અને બુઢાપણા લગી રાખવા માગતો હોયેતો મોજ મજાહના લોભથી દુર રેહેજે અને તેની લાંચથી નાહાસનો ફરજે.

"જારે તે ખાણા ઊપર પોતાની લેહેજત પાંથરેછે, જારે જામલીઆમાં વાઇન દારૂ ચલકાટ આપેછે, જારે તે તારી ઊપર હસતું મોહોડું કરીને તુંને ખુશી અને સુખી થવાને ઊશકેરેછે, તારે તે વખત ધાસતીનોછે અને તારે અકલને પોતાની હુશીયારીમાં મજબુત ઊભી રેહેવા દે.

"કાંએક જો અકલના દુશમનના સખુનને સાંભલશે, તો તું દગાઇને ફાંસમાં પડશે.

"જે ખુશી તે તુંને આપેછે, તે ઘેલાપણામાં બદલાઈ જાયેછે અને તેની મોજ, દરદ અને મોહોતમાં લઈ જશે.

"મોજ મજાહના ખાણા તરફ નજર કર, તારી આંખ તેના મેજબાનો તરફ ફેરવ અને તેની મોહોબતમાં લલચાએલાઓ તરફ નેધાહ કર.

"શું તેઓ કમીના નથી? શું તેઓ દુખી નથી? શું તેઓ મુરદાલ નથી?

"તેઓની મોજ અને ફીસાદના થોડા કલાકો પછી દરદ અને ઊદાસીના લાંબા દાહાડા આવેછે, તેઓની ભુખ બદકાર અને મરી ગયેલી હોએછે અને તેના લેહેજતદાર પકવાનો તેઓને સવાદ આપતાં નથી, તેના બંદાઓ તેનો ભોગ થઈ પડીયાછે, અને એ રાસત અને કુદરતી પરીણામ ખોદાએ દરેક ચીજના બાંધામાં મુકીલીછે, કે જે તેની બક્ષીશને ખરાબ મારગે વાપડે તેને શીક્ષા પુગે.

"પણ પેલી છબદાર પગલાં ભરીને, અને ખુશમીજાજથી પેલા મેદાનમાં ચાલી જાયેછે તે કોણછે?

"તેના ગાલ ઊપર ગોલાબની લાલીછે, તેના હોટ માહેથી બામદાદની મધુરતા વેહેછે, તેની આંખમાં ખુશી સાથે નરમાસ અને સાલેસાઈ ચલકેછે, અને ચાલતી ચાલની પોતાના ખુશ દીલથી ગાણું ગાયેછે.

"તેનું નામ **તંદરોસતી**છે, તે કસરત કે જેની બાયડી **અંદાજો** હતી તેઓની છોકરીછે; તેઓના છોકરાઓ સાનતાનહોના ઊતર પરાંતોના પાહાડોમાં વસેછે.

"તેઓ બાહાદુર, ચાલાક અને મેહેનતુછે અને પોતાની બેહેન (તંદરોસતી) ની મીસાલે ખુબસુરત તેમ નેકછે.

"જોરથી તેઓની નેસો મકમ થાયેછે, તેઓની હડીમાં જોર વસેછે અને આખા દાહાડાની મેહેનત તેઓની ખુશીછે.

"તેઓના બાપ- (કસરત) ના ધંધાથી તેઓને ભુખ લાગેછે, અને તેઓનો માએ (અંદાજા) ના પકવાનથી તેઓ તાજા થાયેછે.

"હવસને તોડવો તેઓની ખુશીછે, ખરાબ ઈલતને જીતી લેવી તેઓની કીરતીછે.

"તેઓની ખુશી ખુરમી અંદાજા ભરેલીછે અને તેથી તેઓ નીલેછે, તેઓનો વીસામો થોડો પણ પુખત અને બીન હરકતનોછે.

"તેઓનું લોહી ખાલેસછે, તેઓનું મન શાંત છે, અને તેઓના ઘરનો રસતો ડાકટરને ખબર નથી.

"પણ માણવીના છોકરાઓ સાથે કે નહી તેઓના દરવાજાની અંદર સલાંમતી રેહેતી અથવા મલતી.

"જુવો, તેઓને બાહેરથી નવા જોખમો ઘેરાંહાંયેછે, અને ઘરમાંજ એક ફીતુર તેઓને ફસાવવાને ફરીયા કરેછે.

"તેઓની તનદરોસતી, કુવત, ખુબસુરતી અને ચાલાકીએ લંપટ મોહોબતની છાતીમાં શોખ ઊતપણ કીધોછે.

"તે પોતાનાં માદલમાં ઊભી રેહેછે, તેઓનું લક્ષ પોતા તરફ ખેંચેછે, અને લાલચની જાલ પાંથરેછે.

"તેના હાથ પગ નરમ અને કુમલાછે, તેનો પોશાક ઢીલો અને દીલ ખેંચે એવોછે; તેની આંખમાં ઈશકબાજી બોલેછે, અને તેની છાતી ઊપર લાલચ બેઠેલીછે; તે પોતાની આંગલીથી તેઓને બોલાવેછે, પોતાનાં ચેહેરાનાં દેખાવથી તેઓને પેયાર દેખાડેછે, અને પોતાની મધુર જીભથી તેઓને ઠગવાને તજવીજ કરેછે.

"અરે! તેના ફંદા માહેથી તું નાહસ, તેનાં જાદુઈ બોલો આગલથી તારા કાન બંધ કર; જો તેની નરમ આંખને તારી આંખ મલશે, જો તેના નરમ મીઠા આવાજને તું સાંભલશે, જો તે તારી ઊપર પોતાનાં હાથ નાખશે, તો તે તુંને હમેશાં પોતાની જાલમાં વીંતાલી લેશે.

"તેની પછવાડે શરમ, દરદ, ગરીબાઈ, અંદેશો અને પસતાવો લાગશે.

"એશકબાજીથી દુબલો, મોજથી પુશટ અને આલસાઈથી નબલો થઈને, તારા હાથ પગ માહેથી કુવત-અને તારા બાંધાની તનદરોસતી જતી રેહેશે; તારા દાહડા થોડા અને તે પણ વગર કીરતીનાં રેહેશે; તારૂં દુખ ઘણું થશે, તોયપણ કોઇ તારી ઊપર દયા નહી લાવશે."

---

## થંડી રૂત.

દીવાલી ગઇ, હીંદુઓનો કારતક, પારશીનો અરદીબેહસત અને ઈંગરેજોનો નવેમબર મહીનો ચાલે છે. અકટોબર માસની ગરમીએ દુર થઈ પોતાની બેહનપણી થંડી બાઈને જગા આપીછે અને એ ખુશનમાં શરૂ થતી થંડીની ઝીની ઝીની લેહેકી ગરમીથી તવાઈ ગએલા અને કરચલી વલી ગએલા ગાલોને આવીને અઠડેછે અને રફતે રફતે તેને ખીલવેછે.

જેમ જેમ આગલ દાહાડા થશે તેમ તેમ થંડી બાઈ પોતાની ભર જુવાંનીમાં ખીલી નીકલશે અને જેવો હાલ ફકત સુતરાણ કપડાંનું એક બદીઆન પેહેરી ફરેછે અને શરૂ થતી નાજુક થંડીબાઈનો સાંમે ગોએઆ તીરસકારથી જુએછે તેવો તે વખને ઊનનાં એક ઊપર એક વસતરોથી શરીરનું ઢાંકણ કરવા જશે અને દાંતીઆં કકરાવતા અંગની અને આતસ જે વગર મનુશ જાતને એક ઘડીએ ન ચાલે તેને ચરણે જઈ પડશે.

દુનીઆમાં સરવે ચીજને શીરૂઆત હોએછે તેમજ થંડીની રૂતનેબી. શીરૂઆતછે. જો એમ ન હોત અને ગરમી જઇ થંડી તુરતજ પુર જોસથી બેસત તો આપણી દુનીઆની શી હાલત થાત વારૂં? જો રૂતો રફતે રફતે શીરૂ થએઆને બદલે એકદંમ પોતાનાં પુર બાહારમાં બેસતી હોઅતો એક રૂતમાંથી બીજી રૂતમાં એકદંમ આવી પડવાથી આપણી કાએઆ તુરત લકરી જાએ અને સેહેજમાં મોહોતને આધીન થવું પડે અને એ રીતે મનુશ જાતીનો નાશ એકદંમ થઈ જાએ.

ગરમીનાં દીવસો ઊપર આપણે જોઈએ છઈએ કે બપોરનાં શકત ગરમી પડયા પછે જો કાંઈ વખને સાંજના થંડી નીકલેછે અને તે વખને આપણે બાહેર ફરવા નીકલેઆ હોઈએતો તુરત આપણને સ

રકમ લાગુ પડેછે કેમકે આપણું શરીર શકત ગરમી માંથી જરા સરખા વખતમાં થંડીમાં આવી પડેછે. તારે જો આપણે અકટોબર અને મેહેની ગરમીમાંથી નીકલતાંજ કકરતી થંડીમાં આવી પડીએતો આપ ણાંથી કેમ જીવી શકાય તેનો શેહેજેજ વીચાર આવશે.

આપણી હાલતને એક કોરે મુકી ઝીનાં તથા મોટાં જાનવરો તથા પંખીઓ, આપણી વારી તથા બાગ બગીચા, અને આપણને સરવેથી વાહાલાં અને કીમતી ખેતરો જેની આબાદાંની વગર આપણે એક ઘડી પણ જીવી શકીએ નહી તેવોની હાલત તપાસી એ: જો ફકત ટપોરો જઇ પુરે થંડી એકદમ આવી પડેતો જાનવરો જેવા પુશકલ થંડી ખમી શકે નહી તેવો એકાએક કાંહાં ગરમ જગા શોધવા દોડે અને પં ખીઓ જેવા એવી વખતે હજારો કોશ દુર ગરમીનાં મુલકોમાં જઈ વેસનારાં અને પોતાનાં ગરમ માલા બ નાવનારાં તેવો એકાએક શું ઈલાજ કરે ? ઝાહાડ પાં ન અને ખેતરો જેવોની એથી કરી એકદમ ગરમી સુ સાઈ જાએ તેવો અને તેમાં અકશર કરી પરદેશી ઈ આને પરમુલકી રોપા તથા ઝાહાડ પાન જે આપણા દેશમાં લાવી રોપીઆં હોય તેવોનાં શા હાલ થાય ? ફુલ ફલ આપણે નામે જોઇએ નહી; ઝાહાડ પાન ટપો ટપ મરી જાય, ખેતરોનો નાશ થઇ જાય અને ટુકા માં આપણી દુનીઆનું બંધાન તુટી જાય. પણ તે કામેલ કીરતાર જેણે સરવે ચરંદાં પરદાંઓને પેદા કી ધાંછે અને આ શુરૂશતી રચીછે તેણે પોતાનાં અપરંમ પાર દાહાપણથી સરવે ચીજોને કાયદાસર ગોઠવીછે અ ને તે કાયદા મંડલમાં તેને રમતી મુકીછે જે પોતાનાં માસુલ પરમાંણે પોતાનો ચકરાવો બરાબર વખતસર પુરો કરેછે.

જો દુનીઆને પેદા કરનાર કોઇ નહી હને અને નાશટીકો કેહેછે તેમ દુનીઆ પોતાની મેલેજ મા તર ઈતિશકથીજ પેદા થઈ હતેતો આદમજાત, જાનવ રો અને ઝાહાડ પાનની હસતી જાલવવાનાં હેતુથી જેમ રૂતો આપણે એક પછે એક અને તેખી વલી શુ રૂશતીનાં બંધાંનને જાલવે એવી રીતે શુરૂ અને ખતં મ થતી જોઇએછે તેમ બનવું નહીજ જોઇએ. આપ ણે જે કાંઈ રૂતનાં ફેરફારો જોઇએ છઇએ તેમાં હજા ચો બુલંદ મતલબો માલમ પડેછે અને બેશક તેમાં કોઈ રચનારનો હાથ દીસેછે. ઓ ! ઈશવર હમારી આસપાસ બનતા બનાવો જોઈ હમો અજબ અને અજબજ રેહીએ છઇએ. આ જગાએ "મનસુખ" ની ખેતમાંથી ઈશવરની તારીફમાં થોડીએક સતરો નીં ચે મુકીએ છઇએ.

"ઝાહાડ—જાહાડ ને ખાકછે અજબ,
અજબછે સાગર પતાલજો,
અજબછે ધુપ—દીન ને શબ,
ને અજબ સુરીઅની ચાલજો."

"અજબ ગગન ને તારા અજબ,
અજબ ફુલ કુદરત અજબજો,
અજબછે રે ફુલ તાહારો કસબ,
ને ખરીજ અજબ તું રબ જો.

## આંધલા કેમ જુવે ? એક વારતા.

આંધલાઓની એક મંડલી મલી હતી, તેઓ પો ત પોતાના, તાંહાં વીચાર આપતા હતા અને તે ઊપર તેઓ સરવે મુસતકીમ અને મઘન દીસતા હતા.

એક બોલીઓ કે "ભાઈઓ આપણી દુનીઆં ચોરસછે." બીજાએ કહયું કે "ભાઇ એમાં કાંઇજ શક નથી." તરીજો બોલીઓ કે "અને ઘાસ—ન હી જરા મને વીચાર કરવા દેઓ—ઘાસ રાતુંછે." ચો થાએ ગુવાહી પુરી કે ભાઈ તું બરાબરજ બોલીઓ. પાંચમાએ પોતાનો વીચાર આપીઓ કે "દુનીઆંમાં હંમેશાં અંધારૂંજ હોયછે." તેને બીજા એક શખસે ટેકો આપીઓ કે "ભાઈ વલી એમાં નવાઈ જેવું શુંછે એ વીશે આખી દુનીઆ એકમતછે."

એ પરમાંણે બેહુંદી રીતે મત આપતા અને તે માં બીજાઓ તરત હોકારો પુરતા અને તે સઘલું અં ગીકાર કરતા હતા. પણ એકાએક એક જણ પાછો જોતો થયો અને પોતાની ગયેલી આંખ મલી આવ વાથી તેણે પોતાની ખાતરી કરી લીધી કે દુનીઆ ગો લછે; ઘાંસ લીલા રંગનું હોયછે; અને જાંહાં સુરીઅ પરકાશે તાંહાં અજવાલું થઈ રેહેછે. એ જાંણીઆ બા દ તે પોતાનાં આંધલા દોસતોની મીજલસમાં પોતાનાં એક જોતા સાથીને લેઇને ગયો અને બોલીઓ કે "ભા ઈઓ આપણે આગલ કેટલીએક બાબદોનો ચુકાદો કરી ચુકા છઈએ તે સરવે ગલત અને બેહુંદોછે, એ તો આપણે આંધલા હોવાની મોહોકાંનમાં સઘલો સુ

ફાદો ઊલટોજ કીધોછે, હવે હું જોતો થયોછું અને મારા અનુભવનો તમોને ફાયદો આપવા માંગુંછું તેથી હું કહું તેમ તમો ચાલો."

આવા બોલો સાંભલી બીજાઓને ઝનુન લાગી, તેથી એક ઠઠા કરતાં બોલીઓ કે, શાંભલો ભાઈઓ શાં ભલો " બીજો મોહડે મોહડે હશી પડીઓ. તરીજો બોલીઓ કે "એ હંકરાઈ ભરેલા ચોર"—ચોથો બોલીઓ કે "જુઇ, ઠગારા તારી ઠગ વીદીઆ તારી પાસે રાખ અને તારા અનુભવનો ફાયદો તુંજ લેઇને બેસ—ગરીબ બચારો હેમક કોઈનાં ભમાવા ઊપર થી એકદંમ ભમાઇ ગયોછે."

એ ઊપરથી પેલા જોતા થયેલા શખસે પોતાની સાથનાં જોતા સોબતી ગંમ જોઈ અચરત થઈ બોલીઓ કે શું આ તમો માંણસો ?

પેલો સાથી બોલીઓ માંણસો પુછોચ્ય ભાઈ! ખરેજ બેશક મેં બીજા કસા જવાબની વકી નહી રાખી હતી. જો તમે એવોને **તમારાં મત મણાવા** માંગતા હોવતો, પેહલાં એવોને આંખ આપોઃ તેઓ તમારી આંખમાંથી કેમ જુવે તેની મને સમજ પડતી નથી. તમે ભુલી જાવોછો કે જારે તમે પોતે આંધલા હતા તારે તમે કેવા હતા! ભાઈ આપણે કેળવણીનો ફાયદો લીધો તેથી સરવે બીન કેળવાએલાંઓએ આપણા મત તથા વીચાર તુરત પકડી લેવાજ જોઈએ એવો કવચીત વીચાર રાખવો નહી; પણ પુર કોશસ કરી તેઓનેબી તે મીઠાં ફલ ચખાડવાને તેઓ આગલ ધરવાં."

---

## જમતી વખતની બંદગી વીશે.

ધરમી વાંચનારાઓ તમો ભોજન જમતી વખતે તે કીરતારના સુકરાંના કરોછો તે ઘણીજ નેક આદતછે. આપણા પુરાતમ ઈરાંનીઓની બીજી ઘણીએક રૂડી કીરીઆઓમાની આએબી એક ખાસ કીરીઆછે, અને તે ઊપરાંત આજ લાંબી મુદત થાઈ સઘલાં સુધરેલાં દેશોમાં એ કીરીઆ માન શાથે કબુલ રાખવામાં આવેલીછે. એ ભલી કીરીઆને વીશ્રે બેદરકાર થાવું, અથવા તેને વીસરી જાવું તે શુધાચાને બદલે બીઆદ્રની નીસાંનછે.

સરવે કોઈ જાણેછે કે સરીરને નીભાવવા સારૂ ખોરાકની જરૂરછે. ખોરાક સરીર તથા મનના ઊદીઆગથી મલેછે. આએ મીસાલે મેલવેલો ખોરાક તેનો મેલવનાર પોતાના કુટુંબ પરીવાર તથા પોતાને આસરે રહેલાં આદમીઓ સંગાથે વેંચી વાંટીને ખાએછે. જમતી વખતે તેના મનમાં ખુદરતથીજ નીમખ હલાલીના વીચારો ઊતપણ થાએછે, અને હોટ ઊપરથી હાવા આવાજ નીકલેછે કે **ઓ પેદાના કરનાર સાહેબ! તારી બખશેશથી આએ નીઆંમત ખાંણુ મલીઊછે તેને સારૂ તારા સોકરાંના કરૂંછું**.

તમો જોશો કે ઊપર કહેલા સબદો ઘણા થોડા છે તોપણ, તેઓમાં ઘણીએક મતલબ સમાએલીછે. હવે તે મતલબને છુટી પાડીને ધીઆનપર લેઇએ. પેહલુતો ખાંનુ ખાનાર, જે સાહેબે, તેને તે ખાંનુ બખસીઊછે, તેને સુફરાપર બેસતી વખતે ઈઆદ કરેછે. તે પોતાના મનથી સમજેછે કે, તે સાહેએ તેને તંદરૂસતી બખસી હતી તેથી તેનો ઊદીઓગ ચાલુ રહેઓ અને તે ઊદીઓગના ફલ તરીકે નીમખ રોટી પાંમીઓ. તેને આએ વખતે ઈઆદ આવેછે કે, જો કે ખુદાતાલાના બરહક ફરમાનોને તે વારંવાર બેફરમાન થાએછે તો પણ તે કીરતાર ખાંમોશી પકડીને તેના જેવા નાકેસ બંદાની બરદાસ કરીઓ જાએછે. તે જાંણેછે કે તે સાહેબે બખશેલો ખોરાક અંદાજસર ખાધાથી તેનાં આંગને કુવત, મનને પોસણ, તથા ઈંદરીઓને મજાહ મલેછે. સું તેને માલુમ નથી કે તેનાં એવાં સુખને કીજે પરવરદેગારે પવન, પાંણી, જમીન, રોશણી, ગરમી તથા બીજી પેદાએસોને કાંમે લગાડેલીછે! એ સંધુ સમજીઆ છતાં નગુણો થાઈને જે બંદો **તારાં** નેક નામની ઇઆદ કરીઆ વગર જમતો હોએ તેનેબી તું માફી બખશજે ઓ માફીના ખાવંદ! કેમકે હુ જોઊછું કે આએ દુનીઆં તેવાઓથીબી ખાલી નથી.

જમતી વખતે ખુદાના સુકરાંના કરવા તે એક જાતની બંદગીછે, અને બંદગીનો તરીકો સુંછે તે ધીઆનમાં રાખતાં એવું દીસેછે કે ઊપર ટાંકેલા સબદો, અથવા તેઓના જેવીજ મતલબના બીજા વચનો સુફરા ઊપર બેઠેલાં દરેક આદમીએ ખામુખા પડવા જોઈએ એવું નથી. અગર એકાત વડુ આદમી ઊભુ થાઈને પડે અને બીજા સરવે તે પડવામાં સાંમેલ થાએતો દરેક જણે તે બંદગી કીધા બરોબરનુ પુન હાંસલ થાએ.

ખાંણા ઊપરથી ફારેગ થાએઆ પછેબી પાછી ઊપલી એબાદતને મલતી એક બીજી એબાદત કરવાની જરૂરછે, અને તે ઘણુ કરીને હાવી મતલબની હોવી જોઈએ—**ઓ પરવરદગાર ! તારી બખશેસથી મલેલુ ખાંણું ખાઈને હું તારા સુકરાંના કરૂંછું.** ખાંણુ ખાઇ રહેઆ પછે ઊપલી બંદગી કરનારના મનમા જે વીચારો ઊતપણ થાએછે તેઓનો સારાંસ એટલોજછે કે, તેને જે ખાંણું લીધુ તેથી તેનુ તન અને મન કુવત પાંમીને તેને ભલાં કાંમો કરવા પછવાડે સુસતકીમ રાખે, અને સરવે કુલ જીહાંનનુ ભલું થાએ.

---

## પારશી બાનુઓ અને સુધારો.

વાંચનારી બાઈઓ તમોએ આએ દુનીઆમાં જનમ લીધોછે તે કાંઈ ફકત અવતરી મમાઇ બપાઈ થઈ, સીવી સાંધી, રાંધવા સીખીને આ દુનીઆથી પાછાં ફરવાને ખાતરજ નહી; પણ જેમ એક ઝાહાડ ધરતી માતાનાં પેટમાંથી ફુટી નીકલી થોડા વખતમાં આસપાસ પોતાની ડાલો પાંથરી નાંખેછે અને તે ડાલોનું પોસણ કરી તે ઊપર લીલા કંજાર જેવાં પાતરાં અને છેલે તેવોજ નાંમીચો મેવો ઊગાડી આપેછે જેથી આ જગતને અગણીત ફાયદા પરાપત થાયેછે, તેમજ તમારૂ ઓરતજાતનુ કારજ આદમજાતનાં બચાંને ઊધારી, પુખત કરી તેવોને એવી વલાંણ આપવાનુછે કે જેથી તેઓ મોહટાં થવા બાદ દુનીઆને, બાલપણમાં ઊછારેલા પોતાના ભીતરના ખવાસથી નાંમીચો અને નાદર મેવો ચાંખાડે.

એવો મેવો ચખાડવાને ખાતર અને એવા આદમી રૂપી, રોપા તથા વેલાને બરાબર ઊછારવાને માટે તમારામાં (ઓરતમાં) નીતી રસ પુશકલ જોઇએ. જાંહાંસુધી એ નીતીરસ તમો ચાખો નહી અને તે તમારામાં પુશકલ હોય નહી તાંહાંસુધી તમારે હાથથી ઊછરેલા રોપા તથા વેલા દુનીઆને કાંઇબી રીતે કારગત લાગા વગર કરમાઈને મરણ પાંમશે. હવે એ નીતી રસ ચાખવાને ખાતર તમોએ પુરતી કેળવણી લેવી જોઈએ, ધરમ ઊપર તમારો પુર એતેકાદ જોઇએ અને ધરમ નીતી તથા રીતીને વેહમથી એકલી રાખી તે તમારાં હઇડાંમાં ઊતારવી જોઈએ. હાલમાં છોકરીઓ જેટલી કેળવણી લેઇ શકેછે તેટલી કેળવણી આ સઘલી અગતની ખુશે પુરી પાડવાને માટે પુરતી નથી.

જો તમોએ પકકી કેલવણી લીધી હોત અને નીતી રસ ચાખીઓ હોતતો આજે જેમ ચકલાઓ અને મોહોલાઓનાં ઓટલા ઊપર બેમહલાજે ઘણીએક સીઓ વગર સારી અને બંદીઆને ફકત સદરા ઊપર આવી બેસેછે અને રાહદારીઓને પોતાના ખોલલાં બદન ઊપર નજર કરવા દેએછે તેમ, કવચીતબી તેઓ કરત નહી. એવી વખતે રસતે ચાલનારા બદ ખસલતનાં માણસો અને નીતીભંગ ચાકરીઆઓ તમારી બેમલાહજા ભરેલી ચાલનો લાભ લેઈ તમારી ઊપર તરેહવાર શખુનોનો વરસાદ વરસાવતા ચાલેછે. પરકોમનાં સુધ્રુંલા લોકો તમુને એ હાલતમાં બેઠેલાં જોઈ કંમકમેછે અને તમારી ઊપર ગોશશો કરવાને બદલે ઓર એઆ કરેછે કે આ બાઇઓ નીતી ગનેઆંન થોડુજ ધરાવેછે અને પછે આપણી આખી કોમને માટે એવો હલકો વીચાર ધરાવી પોતાને મુલક જઈ તેવોજ વીચાર પસરાવેછે; જેથી આપણાં નાંમ તથા ણુની આદને ખરેજ ઝાંખ લાગેછે.

જારે તમો રસતામાંથી મરદોની મીજલસમાંથી ચાલી જાઓછો તારે તમારી સોર છેક મોંહોડાં સુધી તાંણી ઘભરાટમાં પડીઆં હોવ એવી રીતે ચાલોછો; જારે તમો શીગરાંમ તથા બીજી ગાડીઓમાં બેસોછો તારે તેનાં વીનીજન ધાંકોછો અને પરદાઓ ખેંચી મરદોની ચશમથી ગોએઆ દુર રેહેવા માંગોછો, અને એથી ઊલટું ચાલવાને તમો બેમલાહજા ભરેલું સમજોછો, તારે ઓટલા ઊપર ફકત નેટનાં તથા ઝીનાં સદરા પેહેરી બેસવું, પગ છેક ઊંચેવેરથી ઊઘાડા અને વલી બીજાં વસતરોનુંબી બરાબર થર ઠેકાંણું નહી. તારે તે કેટલું બેમલાહજા ભરેલું ગણાવવું જોઇએ તેનો તમોજ વીચાર કરો !

તમારાં ઊછરતાં બચાંઓ તમોને રાત દીન એવી રીતે જુએછે તેથી એ બાબદનો હલકો વીચાર તેવોને આવતો નથી; પણ એ એક સાધારણ વગર અડચણની રીત તરીકે ચાલુ અને જાએજ રેહછે. તમારા છોકરાઓ મોહોટા થઇ કેળવણી લેઇને આવી રસમ ઊપર ધીકાર નાંખશે કેમકે, કેળવણીની આરશીમાંથી સરવે ધોલા દીવસની માફક અજવાલું દેખાએછે, પણ તમારી છોકરીઓ જેવો આવતી ઓલાદ

ની માતાઓ થનારછે અને કમનશીબે તેઓને લાયક અને પુરતી કેળવણી મળે અને નીતી શાસતર સીખી તઇઆર થવાને, હાલ પુરતી જોગવાઈ દીસતી નથી તેથી તેઓની નજરમાં મરીયાદા અને મલાહજાપણાં વીશે તુરત ખરો વીચાર આવવો મુશકેલછે. વાસતે વાંચનારી બાઇઓ જો તમારી છોકરીઓને મહલાજો અને મરીયાદા સીખાડવાને રાજી હોવતો પેહેલાં આ માઠી રસમ તમો પોતે તરક કરો અને તમારી વહુ દીકરીને એવી રીતે ચાલતાં તુરત અટકાવો.

બીજી એક બાબદ સુધારવાને તમોને અલતે માસ કરીએ છઇએ કે ચાકરો સાથ જેટલી છુટથી વાતચીત કરવાનો ઘણેએક ઘર રવઈઓ થઈ પડીઓછે અને તે દેખાદેખીથી ઊધરતી છોકરીઓ ઊંચકી લેએછે તેનો અટકાવ કરો. અલબતાં તમો ખાલેસ અને પાક દીલથી એવી રસમ ચાલુ રાખોછો પણ તમારાં કાચા દીલનાં અને વગર અનુભવનાં ઊધરતાં બચ્ચાંઓને એ ઘણેએક દરજજે ઘેરશાયદા ભરેલુંછે તેથી એ અણઘટતી રસમ તરક કરો.

તરક કરો તમારાં મોહોમાનાં એબ લગાંમનાં બોલો કેમકે તમારૂં ઘર એ તમારાં ઊછલતાં બચ્ચાંઓની નીશાંલછે અને તે નીશાલના ઊપરીઓનાં મોહો માંથીજ, જારે એવા બેઅદબ સખુનો નીકલે અને તે ખી વલી રાત દીસનું થઈ પડે તારે તમારાં બચ્ચાંઓ તેને એક સાધારણ રીત તરીકે શું કાંમ નહી ઊંચકી લે ! એવા એબલગામનાં બોલો જેની નીચ મતલબ તમારાં પસુ અને પાખ દીલ બચ્ચાંઓનાં ખેઆલમાં નહી તે તમો વારંમવાર બોલી તેમનાં ધીઆંનમાં ઊતારોછો અને ગોએઆ મા બાપ થઇ નીતી અને સુભ રીતીને બદલે બદી અને બેહાઈ સીખારોછો જે સખુનો, તમારી છોકરીને કોઈબી મરદ આવીને ઓચરેતો તેનાં તમો દોલા કાહાડી લેવો, તેજ નીચ સખુનો કાંઇબી કંમકમાટ વગર તમારી નીરદોશ છોકરીઓને તમો વાપરોછો. ખરૂંછે કે તમો એવું બોલતી વખતે તેવોને તેવાં તકશીરવાર ગણનાં નથી અને તેમ ઈછોબી નહી, તોબી તેવું બોલવામાં તમો ઓછાં ગુનેહગાર નથી થતાં. તમારા નાજુક પંથની શીરીન અને નરમ જુબાનને એવી ભાશા બીલકુલ જેબ દેતી નથી.

ઘણીવાર તમારા ચાકરો મારામારી ઊપર આવી જઈ તમારી અને તમારી કુમલી વયની છોકરીઓની હજુરમાં એક એકને એબલગાંમનાં સખુનો ઓચરેછે તે વખતે કેટલીકવાર તમો વગર કંમકંમવે નીરાંત બેસોછો, એ ઊપરથીજ તમોને માલમ પડશે કે એવી ચીજો સાધારણ થતી જાયછે અને તેથીજ તમારાં મનમાં કાંઇ તે વખતે ખેદ થતો નથી.

તમારામાં બીજી રીતનો સુધારો દાખલ કરવા આગમચ આ ઊપર લખેલી બાબદોનો સુધારો પેહેલાં કરો કેમકે એ સુધારો તમારો મુખીઅ સીનગારછે જેનાં વગર તમારો બધો સુધારો ફોકટછે.

તમારી પેહેરવાની સારી અને બદીઆન તમારાં નાજુક દીલનુ ઢાંકણછે અને તે પેહેરી બાહેર નીકલી મરદોમાં આમેજ થવાથી તમો તમારી મરીયાદા અને મલાહજો જાલવોછો, તેમજ તમારૂં પતીવરતાપણું જાલવવાને માટે તમારાં મંનને નીતીની સારી અને ચીરની જરૂરછે. નીતીની સારી અને ચીર વગર જો તમો ફરેઆં તો કવચીતબી તમારૂં પતીવરતાપણુ જલવાશે નહી, તેથી, બાહેર તેમજ ઘરમાં એ રંગીન ચીર વગર જીનહાર ફરશો ના, અને એ સુંદર સારી જેના દીલ ઊપર નહી નાખેલી જોવો તેની સાથે બીલકુલ વેહવાર રાખશોના. ગરીબમાં ગરીબ અને તવંગરમાં તવંગર એ બંધોને એ કીમતી ચીર એકસરખી રીતે મુફત મલી આવે એવી રીત તે ખુદરતનાં સાહેબે વાપરીછે. જેની પાશે એ ચીર નથી તેની બધી દોલત, ઝવેરાત, અને માલ મીલકત સાથે તે કંગાલછે, જેની પાસે એ સુંરંગી ચીરછે તે પોતાની સરવે કંગાલીયત સાથે એક દીપતું ગહવેરછે.

## પરચુટણ

યુનાની ફીલસુફોની કેહેવતો—જુનામાં જુની ચીજ ખોદાછે. સઉથી ખુબસુરત દુનીયાછે. સઉથી દાહેપો વખતછે. સઉથી સાધારણ આશાછે. સઉથી ફાયદાકારક નેકીછે. સઉથી નુકસાનકારક બદીછે. સઉથી જડકવાલી ચીજ મનછે. પોતે પોતાને ઓલખવું ઘણું મુશકેલછે. બીજાના આંધાર ઉપર રેહેવું સેહેલ કામછે. પોતાના વીચાર પરમાણે માલવું ઘણુંજ મીઠાસ ભરેલુંછે. જે બીજામાં ઠપકા ભરેલું હોવે તેથી પરેહેજ રહેવાથી એક માણસ પોતે રાસત રહી શકેછે. સંસારી દુખ લોકોથી છુપાવજે. હાજર અને પેરહાજર બેઉ દોસતોની ખબર રાખજે. તારા ચેહેરાને નહી પણ તારા મનને સંગારવાને કોશીશ કરજે.

**ચામડાંને સારૂં વારનીશ**—પતલાં ગુંદરના પાની સાથે સરખા ભાગે ઈડાંની સપેતી ભેલી હોયતો ચાંમડાં સારૂં એક જાતનું વારનીશ બનશે. ચોપડીના પુઠાં માટે અને જે ચામડાંની ચીજોને વારેઘડીએ હાથમાં ઝાલવી પડે તેઓને માટે નીતરૂં પાણી અને ઈડાંની સફેતી સરખે ભાગે બસ છે.

---

**મીલક પનચ (દુધનું શરબત)**—૨ પાઈનટ (૧ બાટલી) લેમનજુસ (લીંબુનો રસ), ૮ પાઈનટ રમ દારૂ, ૮ પાઈનટ પાણી, ૪ પાઈનેટ દુધ અને ૩ રતલ લોફશુગર (સાકરીઆ ખાંડ) એટલું લેવું. લેમનજુસ, રમ, અને પાણીને લોફશુગર તેમાં પગલે તાંહાંશુધી ખુબ હીલવવું પછી અંદર ખખરતાં દુધને રેડવું અને ૪ લીંબુની છાલ નાખવી. એ શઘલાંને ખુબ હીલવીઆ પછી કપડાંએ કરી એક સોજી બાટલીમાં ગાલવું; પછી ખપ પડે તેમ પીધામાં લેવું. જો મજબુત બુચ મારી રાખપો હોયતો તે ઘણા દાહાડા શુધી બગડયા વગર રેહેછે.

---

**દાંતનું મંજણ**—કોયલાને બારીક કુટવો અને તે ઘારો થાય એટલું મધ ભેલવું. એ મંજણ દાંતને લગાડયાથી દાંત સાફ રેહેશે.

---

**કોણ સરસ?**—એક પાદશાહનાં બે શાહાજાદા હતા જેઓએ એક નામીચા ઉસતાદનાં હાથ તલે અછી તાલીમ લીધેલી હતી. વડો શાહાજાદો હરદમ પોથીનાં પાનાં ઉઠલાવીયા કરે પણ તેને દુનીયાદારીની ખબર બીલકુલ હતી નહી. નાનો સાહાજાદો વખતસર વાંચે પણ ચોમેર ફરીને પકો દુનીયાદાર બનયો હતો. પાદશાહનાં મરણ પછી એક દુશમને ચહડાઈ કીધી અને બેહુ શાહાજાદાઓને ગામ બાહાર નાહાસવું પડયું. ચાલતાં ચાલતાં કેટલાએક દીન થઈ ગયા, અને બેહુ ભાઈઓ વચે રગજીગ ચાલી કે હુશીયાર કોણ? અંતે કજીપાનું મોહો કાલું કરીને એવો ઠેરાવ થયો કે એક પાસેનાં ગામડાંના ભરવાડોને લવાદ સોંપવી અને તેઓ જે ચુકાદો કરે તે બેહુએ બાહાલ રાખવો. ભરવાડો આગલ વડો ભાઈ શલોકપર શલોક બોલવા લાગો પણ ભરવાડો બાપડા કાંઈ સમજયા નહી તેથી તેઓએ વડાને બોથર ઠેરવપો. નાના ભાઈની પરીક્ષા સરૂ થઈ; પણ નાનો ભાઇ ભરવાડોનાં ગીત ગાવા લાગો તથા તેઓની રૂઢી પર માંણે નાચવા લાગો જેથી ભરવાડો બહુ મઘન થયા અને તેઓએ નાના ભાઈ તરફ ચુકાદો કીધો પણ હજુ વડો ભાઈ કજીપો કરવા લાગો તેથી ફરી એવો ઠેરાવ થયો કે પાસેનાં ગામનાં રાજા પાસે ઈનસાફ કરાવવો. બેહુ જણા પાદશાહ પાસે ચાવયા. વડાની તપાસ પેહેલી થઈ. તે નાચવા લાગો અને ભરવાડોનાં ગીત ગાવા લાગો જેથી પાદસાહે તેને બોથરમાં કાહાડયો. નાનો ભાઈ પાદશાહ આગલ શલોકપર શલોક બોલવા લાગો જેથી પાદશાહ ફીદા થઈ ગયો અને તેન પોતાના વજીરનો ઓધો બખશેઓ. વડો ભાઈ જે પુસતકોજ વાંચતો હતો અને દુનીઆદારી શુંછે તે પરજુતલગજ ધેયાન આપતો ન હતો તે પોતાની ઈતરાજી છોડી નાના ભાઈની તે દીનથી આગ્નામાં રહો. કોણ સરસ પઢેલ કે કરેલ?

---

**એક બુધી ઓરત અને સેલરની વાત**—એક બુધી ઓરત એક દીવસે રસતામાં હાથમાં એક કાચનુ વાસન લેઈને પોતાના મારગસર જતી હતી. તેવામાં એક મોજીલો સેલર જરા દારૂ પીધાથી મસતીખોર થએલો હતો તેણે જોરમાં આવીને એક હાથના ઝપેટાથી પેલીના હાથમાનુ વાસન તોડી પાડીઉં. પછી તે ઓરત સું ગાવગલો ચી દેછે તે સાંભલવાને માટે ઉભો રહેઓ. પણ પેલી ભલી ઓરતે ભુગી ભુગી ભાગી ગએલા વાસનનાં કટકા ઉચકી કાંઈ પણ ગોશો કીધા વના તેની તરફ દલગીરી, માએઆ અને રેહેમ નજર કરીને કહીઉં જે "મારા છોકરા જેમ હું તુને માફ કરૂછું તેમ ખોદા તુને માફ કરે." બીચારો સેલર અજાએબ થઈ ગએો, તેના દીલમાં આ સબદો સાંભલીને લાગી આવીઉં; તેને સરમ પોહોચી અને પસતાવો કરવા લાગો. તેની આંખમાં આંશું ભરાઈ આવીઆં અને વીચારીઉં કે પાછી નુકશાની ભરી આપવી જોઈએ. પોતે દીલોજાણથી પોતાની ભુલ કબુલ કીધી અને પોતાના ગજવાં માહેથી પઈશા કાહાડીને તે ઓરતને જોરથી આપેઆ અને બોલીઓ "મારી પેઆરી મા, ખોદા તારૂ ભલુ કરે, હવે ફરીથી એવું હું નહી કરશ."

રેહેમ ભરેલા સબદોથી કેવો ફાએદો થએો!

---

સાઆમ દેશમાં દર ઘરમાં એક મોહોટો ઉંદર પાલવામાં આવેછે તે પોતાના ધણીની ઉપર ચહડેછે અને ધણી તેને રમાડેછે. તેને નાહાનપણમાથી પકડીને પાલેછે અને પુશકલ ખવરાવીને મોહોટો કરેછે. એ ઉંદરો પોતાની જાતના બીજા ઉંદરોને ખાઇ જાએછે તેથી કદાચજ ઘેરમાં બીજા ઉંદરો માલમ પડેછે.

---

**એક પાદરી અને એક હકીમ**—એક હકીમ જે ધરમપર એતેકાદ ન રાખતો હતો તેણે એક પાદરીને પુછીઉં કે "સાહેબ, તમે આતમા બંચાવાને વાએજી કરોછો!" પાદરીએ હા કહેઉં. પેલા હકીમે પુછીઉં "કોઈ દીવસે તમે આતમાને દીઠોછે?" "ના". "કોઈ દીવસે તેને સાંભલીઓછે?" "ના". "કોઇ દીવસે તેને તમે ચાખીઓ છે?" "ના". "કોઈ દીવસે તેને સુંગીઓ છે?" "ના". "કોઈ દીવસે તમને આતમા લાગોછે?" "હા ખોદાની મેહરબાનીથી." પેલા હકીમે કહેઉં "વારૂં, તારે પાંચ ઈંદરીઓમાની જારે ચાર ઈંદરીઓ આતમાને વાસતે કંઈ સાબેતી આપી શકતી નથી; તારે આતમા જેવી કંઈ ચીજ છેજ નહી." પેલા પાદરીને માલમ પડીઉં કે એ નાસતીક હકીમનો ધંધો કરતો હતો; તેથી તેને પુછીઉં કે "હકીમ સાહેબ, દુખ શું ચીજછે તે તમે જોઈઉંછે?" "ના". "કોઈ દીવસે સાંભલીઉંછે?" "ના". "કોઈદીવસેચાખીઉંછે?" "ના". "કોઇ દીવસે સુંગીઉંછે?" "ના". "કોઇ દીવસે તે તમને લાગું છે?" "હા". પેલા પાદરીએ જવાબ દીધો—"વારૂ, સાહેબ તારે દુખની હસતી સાબેત કરવાને મારૂ

ઈંદરીઓ ના પાડેછે; વાસતે દુખ જેવી ચીજ તમારા વીચાર પરમાણે હોવી નહી જોઈએ. પણ આપણે જાણીએ છે કે તે છે, તેમજ હું જાણઉં કે આતમા પણ છે."

બરફને જાલવવાના ઉપાય—આજારી માણસને વાસતે થોડું બરફ કેમ જાલવવું તેનો ઉપાય સઘલાને જાણવા જરૂરછે. એક ઉંડી રકાબી અથવા કુંજામાં આઈસ મુકવું, તેને એક રકાબીએ ઢાંકવું અને તે એક પીછથી ભરેલા તકીઆમાં મુકવું અને જથાલે બીજો પીછનો તકીઓ મુકવો. પીછ ગરમીને જલદીથી સુથી નથી લેતું તેથી બરફ જલવાઈ સકાએછે. ડાકટર સવારજ કેહેછે કે તે એ પરમાણે ૮ દીવસ લગી ૬ રતલ બરફ રાખી સકીઓ હતો.

## રમુજે ફુરસત.

૧ લું—એક રાખે દીવા—બીજી ભરે પાંની,
એક જાંને ચાકરડી—ને બીજી જાંને રાંણી,
સાંકરી સેરીમાં અથડી અથડી—જલદી થઈજાએ કાંની,
બંધે બેહેનનું નાંમ એક—તે શું કહો પીછાની.
૨ જું—હાડકું નથી માસ નથી—નહી નેસ કે લોહી,
તોબી મને પાંચ આંગલાંછે—તે લેજો તપાસી જોઈ.
૩ જું—તરણ જણ જો ન હોયતો—મહજ ઓછી થાય,
વગર છરીએ સરખું કપાય—પણ ખવાઈ નહીસકાય.
("રીરોઝ" ના મલેલા.)

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—દારૂગોલો.
૨ જું—કારણ તેઓ ઉતમ મગજ રાખેછે.
૩ જું—રૂપીઆ ૪, આના ૪ અને પઈ ૧૦.

(સવિતાકૃતમાંથી.)

### પદ.

દુખહર સુખકર કૃપાળ,
સમર મન સદાયે. દુખહર૦ ટેક.
જગકર કરૂણાનિધાન,
ભજ જન મન રાખિ ભાન,
નિશદિન કરિ ગુણગાન, જેથિ ભય પળાયે. દુખ૦ ૧
અઘનિકંદ જગતવંદ,
વંદ સકળ છાંડિ ફંદ,
કાપે કુડ કુમતિવૃંદ, જડ થકિ જગરાયે. દુખ૦ ૨
અજર, અમર, અજ ઉદાર,
અકળ સકળ કળ અપાર,
મુનિમતિગતિ રતિ ન પાર, પામે પણ ગાવે. દુખ૦ ૩
વિશ્વપાળ દિનદયાળ,
શાંતિકરણ સરવ કાળ,
વહિતું ત્રિવિધ તાપ ટાળ, સમજિને મનમાંયે. દુખ૦ ૪

### પદ.

હરિનૂં ચિન્તન કરિયે,
ભાવે, હરિનૂં ચિન્તન કરિયે. હરિનૂં. ટેક.
સત્ય સાર અંતરમાં સમઝી,
ટોંગ સદા પરહરિયે. ભાવે, હરિનૂં. ૧
જેહ કુકર્મ કરે હરિ કોપે,
તેહ કરતાં ડરિયે; ભાવે, હરિનૂં. ૨
કર્ત્તા છોડી અધિક કર્મનૂં,
મોટમ મન નવ ધરિયે, ભાવે, હરીનૂં. ૩
કહે સવિતો વિશ્વાધીપતિને,
ભજિ ભવસાગર તરિયે; ભાવે, હરિનૂં. ૪

## પોંહોંચ.

"સારી બાયડી" ને વીશે "નેકી" તમારૂ લખેલુ પોંહોંચુંછે જોકે કેટલેએક દરજજે મનપતીજછે તોબી છાપી પરગટ કરવા સરીખું હમો જોતા નથી. તમારે લાએક હમોએ જે ઈનાંમ મોકલીઊછે તે કબુલ રાખવુ

"પેહેમ" વીશે "જરતોસતી," "નેકી," "પતીવરતા" તથા બીજી બાઈઓની કલમથી લખાયલાં કાગજો મલેઆછે તે ઊપર આવતામા ધિઆંન આપીસુ.

"બેહેન"—જે ગુજરાતી ચોપડી વીશે તમો પુછોછો તે સ્રીઓએ કવચીતબી હાથમા ધરવી જોઈએ નહી એવો હમારો વીચાર છે તમોને વાંચવાને કેવી કેવી ગુજરાતી નવી ચોપડીઓ લાયકછે તે હમારી તરફથી ચોપડીઓની પોહોચ કબુલ કરતાં જે અભીપરાએ આપીએ છઈએ તે ઊપર ધિઆન આપેઆથી માલમ પડશે.

"રીરોઝ" તમોએ રમુજે ફુરસતમાં મુકવાને કેટલાએક ઊખીઆનાં લખી મોકલેઆછે તેમાંથી સુંરીને આ વખતે હમોએ પરગટ કીધાછે અને આશાછે કે જો તમો એ ઊપર વધારે ધિઆંન આપશોતો વધારે સારાં અને સલીસ લખી શકશો

ભાઈ માણેકજી કાવસજી ફોટોગરાફવાલાની તરફથી હમોને બે નાદર "ફોટોગરાફ" મલેઆછે તેની પોહોંચ માન સાથે કબુલ રાખીએ છઈએ. આપણાં કેઆણીઓની "આઈલપેનટ" ની ચીતારેલી ચીનારોને હાથની તસવીર ઊપરથી આ બે "ફોટોગરાફ" ભાઈ માંણેકજીએ લીધાછે. તેમા એક કેખશરૂ પાદશાહની દરબારનોછે, જાંહાં તે પોતે તખત ઊપર હાથમા માલા તથા માંથાં ઊપર તાજ મુકી બેઠેલોછે અને તેનાં જમણાં હાથ ઊપર ખુદા ખરેખર જેની સફેદ ફુલ જેવી દાહાડી તેની બુજરગીને ખરેખર જેમ આપતી હોય એવી દેખાયછે અને તે પોતાના હાથમાં તસવીર લેઈ ખુદા ઊપર ધેઆંન દોડાવતો બેઠેલો દીસેછે. તેની બાજુએ જાંહાં પેહેલવાંન રૂસતમ પોતાનાં ભારે ગરૂજ સાથે દબદબાવથી બેઠેલો દીસેછે, તેની પાસે ગેવ અને બેજન પોતાના પેહેલવાંની દબદબા સાથે બેઠેલાછે. કેખશરૂના દાવા હાથ ઊપેરે ખુદા જલેજર પોતાના નબીરાઓ ફરામરોજ, બરજોર તથા જાહાંગીરને લેઈ બેઠેલો દીશેછે. બીજા ફોટોગરાફમા જહાંપેહેલવાન રૂસતમ પોતાનાં કાબરચીતરા રખસ ઊપર સવાર થએલો દીશેછ

હમો ભાઈ માણેકજીને તેવણના "ફોટોગરાફ" નાં આ નમુનાં જોઈને શાબાશી આપીએ છઈએ કેમકે કેખશરૂની દરબાર જોતાંજ "ફોટોગરાફ" લેનારની ખુબી અનુભવવાની આંખને પુરેપુરી દીશેછે. આ ફોટોગરાફની કીમત રૂ૨) તથા ૧॥ રાખીછે તે આ તસવીરો નાદર જોતા પણી નહી કેહેવાય લોકોને મેળવવાને બની આવે એટલા માટે એ "ફોટોગરાફો" જનમાવાના કુવા આગેવ દાદાભાઈ અરદેશર ઘોહેરીની દુકાને વેચવા મુકીઆછે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. | અકટોબર ૧૮૯૭ | આંક ૧૦ મો.

## સેનાહ શેહેરનો કીલલો.

ભાગ ૮ મો.

ભલી માહાબાનુંની મતલબ મંદીરે જઈને દસતુર ગુસતાસપને ભેટવાની એ હતી કે, જો ગુસતાસપ રાજી થાય તો તે પોતાના ભરતારથી તલાક લીએ. પોતાના ધણીના ફલીઆણ માટે તે એટલીતો આરજુમંદ હતી કે પોતાના વગણ સરખો ગાંઠ તોડવાંને તે રાજી હતી.

ગુસતાસપે રાતરે મેહેલ છોડયા પછી અસફંદીઆરને બહુ ઠપકો દીધો કે તાહારો છુટકારા સાથે માહારૂં નામ જુવાક આગલ ફોકટ લેવામાં તાહારી મકસદ શી ? અસફંદીઆરે કહયું કે "પેયારા પીતા જો તહમારૂં નામ મેલી મેહેરબાનુનું નામ લેતું'તો તે પરીજાદના શા હાલ થાત ? તમ સરખા બુજરગ અને ધરમી મરદ સામું જો મજ સરખી હજાર જબાં બોલે તોપણ શું તહમારો એક પણ પાકેલો બાલ ખરે ?" ગુસતાસપે દીલગીરીથી પોતાના બેટાને મેહેરબાનુંપર મોહી પડેલો જોયો. તે જતી વખતે કહી ગયો કે "બેટા તાહારી આશુકથી હાથ ઉઠાવ, મહને બરી ફેજર પાદશાહ કેકાઉશની ઘોર' આગલ મલજે અને હું તુંહને સઘલાં કારણ જણાવીશ." અસફંદીઆર પોતાના બાપના આવા વચનો શાંભલી દગદગી ગયો. સારી રાત તેહેના મનમાં મેહેરબાનુનો ખેઆલ રમેઓ; અને સહવાર પડતાં સુધી તે એટલો તો પોતાના વીચારમાં મશગુલ રહયો કે સુરજ ઉગયા પછી તે પોતાના બાપને ભેટવા નીકલયો.

ગુસતાસપે અસફંદીઆરને જોતાં કહયું કે "બેટા તાહારા પીતાનો વચન તુંએ બરાબર પાલીપો નહી." અસફંદીઆરે માફ માગી કે રાતરે ઉજાગરાના સબબથી બરી ફેજરમાં તેનીથી બીછાણું છોડાઇ શકાયું નહી. ગુસતાસપે રોબથી પુછયું કે "બેટા શાના ખેઆલમાં રાતે તુંએ તાહારી ઉંઘ વેચી ?" અસફંદીઆર ફીકો પડી ગયો. ગુસતાસપ ફરી બોલીઓ કે "બેટા એમ બનશે નહી. એમ થનાર નહી. એમાં સાર નથી. તાહારા ખેઆલમાંથી તાહારી આશુકને તરક કર નહીતર ખતા પાંમશો." અસફંદીઆર ક્રોધથી બોલીઓ કે "શું બુજરગ પીતા, મેહેરબાનુંના પેયારથી હું ખતા પાંમીશ ? શું એક પરીજાદીની મોહોબત ધીકારવા જોગછે ?" ગુસતાસપ બોલીઓ કે "બેટા ઇશવરનો કોપ જેઓ ઉપર ઉતરનાર તેઓ સાથે મોહોબત રાખવી એ ગુનાહ ભરેલુંછે. એક જુલમગારની તરીજી ચોઠી પેહેડી સુધી ઇશવરનો કોપ ઉતરેછે." અસફંદીઆર બોલીઓ કે "ઇશવર શું એક બીન તકસીરવારને મારકાના ગુનાહ સારૂં ઠાર કરશે ? મેહેરબાંનું નેકીથી ભરપુર છે." ગુસતારાપ બોલીઓ કે "અને તેજ નેકીથી તું ઠાર થશે. શું બેટા તું ભુલી ગયો કે બે દફે જાલમી જુવાકે તાહારા જાનપર તરાપ મારી હતી ?" અસફંદીઆરે કહયું કે "અને એ બુજરગ પીતા, શું હું ભુલી જાઉં કે જુવાકના સપાટામાંથી તેની પરીજાદ બેટીએ માહારો છુટકો કીધો ?" ગુસતાસપ બોલીઓ કે "પણ જુવાકે જે તાહારી ઉપર જાસતી ગુજારીછે તેહેનો તુંને જરાબી ખેઆલ નથી. પકડ તાહારી જબાં અને આ સામી ઘોર તરફ નેઘાહ પોચાડ. એ ઘોરની નીચે નામાકીત પાદશાહ કેકાઉશના હાડકાં પહેલાંછે. તાહારાં ઘુંટણ પર પડ, એ માથા ફરેલ છોકરા, અને એક ડરામણી વાત તાહારા પીતાને મોહોડેથી શાભલ કે તાહારો બાલેબાલ ખરો થાય અને તાહારી છાતીમાં મોહોબતનો ઝહરો સુકાઈ જઈ કીના અને ખુનરેજીનો બલતો આતસ ધકધકે.—" પણ એટલાવારમાં સામેથી માહાબાંનુનો દેખાવ નજરે પડયો. "માહાબાંનુ બોલયાં કે "બાવા ગુસતાસપ શું તહમને ફુરસતછે ?——પણ આ છોકરો ઘુંટણમંડીએ કાંય ? અરે તહમો બેહુના ચેહેરા એવા જરદ કેમ ? અરે આ ઘોર આગલ ખરેખર તહમે કાંઇ જોયું હશે. બોલ પીતા ગુસતાસપ અને માહારાં મનનો ભરમ ભાંજ." ગુસતાસપ ગભરાઈને બોલીઓ કે "નામવર બાનું બરી ફેજરની ઇશવરની બંદગી હમો પાદશાહ કેકાઉશની ઘોર આગલ કરીએ છઇએ. નામવર બાનું આ બંદગીમાં હમારી સાથે ભેગી થા કે ઇશવરનો કોપ જે તાહારા ધણીના કુટંબપર ઉતરયો છે તે તાહારી ઉપરથી દફે થાય." માહાબાનું બોલયાં કે "હું માહારા જીગરથી આ બંદગીમાં સામેલ થાઉંછું, કે ઇશવરનો કોપ માહારા ધણીપરથી દુર થાય. ઓ દાવર તું સારીપેઠે જાણેછે કે માહારી તમામ જીંદગી મેં માહારા ધણી અને માહારાં છોકરાંને માટે બંદગીમાં તાવી નાખીછે. અરે ઇશવરની મરજી થઇ ને એ

ક માહારાં બચાને તેડી લીધુંછે ! ખોદા માહારી મેહેરપર રેહેમદીલી કરે ! બુટા ગુસતાસપ ઈશવર આગલ માહારી બેટીને માટે બંદગી ગુજાર." અસફંદીઆર હરખમંદ બોલી ઉઠયો કે "કુલ આલમનાં આશીરવાદ એ નાજનીપર હોજો." ગુસતાસપ બોલીઓ કે "માથાં ફરેલ જુવાન ચુપકીદી પકડ. એ કમ તાલેની બાનું આકાશ સાથ આદમથી લડાય નહી. ઈશવર આપે અને ઇશવર લીએ; મસતક નીચું કરી તેના હુકમને તાબે થા અને તેની બખશીશપર શુકર ગુજાર."

માહાબાનું બોલીઆં કે "હું માહારા છગરથી તેહેને તાબે થાઉંછું. પણ શું માહારાં એકપુરી છોકરીનેબી તે ખેંચી લેશે ? શું માહારી મેહેર પણ ઠાર થશે ! અરે ! બુટા દાવર ! હું હીઆં આવી—; પણ તાહારા બેટાને રખશુદ આપ. જે વાત હું તુંહને કેહેવા માંગુછું તે તાહારા વગર કોઈ આદમને હું જનાવનાર નથી." અસફંદીઆર વગર કેહેવે ઉઠયો અને જતી વખત બોલીઓ કે "નામેવર બાનું ઈશવર કરેને તાહારાં મનની હોંશ પાર પડે."

માહામાનુંએ અસફંદીઆરનાં ગયા પછી પોતાનાં તલાકનાં તથા મેહેરબાનુના જાંહાગીરશાહ સાથે નેકાનાં ઠરાવથી ગુસતાસપને વાકેફ કીધો. ગુસતાસપને એક પણ ઠરાવ પસંદ પડયો નહી. તે માહાબાનુંને સમજાવવા બેઠો કે ધરમના કાનુન પરમાંણે તેનીથી તેનો ધણી તલાક લઈ શકે નહી, અને જો લીએતો બેહુપર ઈશવરનો કોપ ઉતરે અને દોજખની ગારમાં બેહુનો આકેબતનો મુકામ થાય.

હવે જુવાક આ વેલાએ જાંહાંગીરશાહ સાથે ફરેબ રમતો હતો. તેણે જાંહાંગીરશાહ પાસેથી પરીચેહેરનો હાથ માંગયો અને તેના બદલામાં તેણે જાંહાંગીરશાહનાં મેહેરબાનું સાથે નેકા કરાવી આપવા કબુલાત આપી. જાંહાંગીરશાહ જે મેહેરબાનુંના નખરાંથી તેણીની ઉપર મોહીત થઈ પડયો હતો તેણે આ ઠરાવ પસંદ કીધો. તે વીચારવા લાગો કે પરીચેહેરને જુવાકથી ફરજંદ થનાર નથી અને જો તે પોતે મેહેરબાનું સાથ જોડાયલો હોયતો આખરે સેનાહ ચેહેરની ગાદી તેનેજ સવાધીન થશે. તેણે ઘણુ ઘણુ મન કરીને જુવાકને પોતાની ખુશી દેખાડી પણ એટલી કબુલાત માગી કે માહાબાનુની મરજી એ ઠરાવ પર પેહેલથી મેલવવી જુવાકે તે કબુલાત આપી. હરખમાનો હરખમાં તે પોતાની રાણીના ઓરડામાં દોડયો. પણ રાણીતો મંદીરેછે એવી જારે તેને ખબર થઈ તારે તે ગુસસામાં આવી ગયો. તેના મનની અંદર હજાર વીચાર આવવા લાગા. તે લાગલો મંદીર તરફ દોડયો અને જેવો ગુસતાસપ રાણીને તલાકની સાંમે થવા ઉશકેરતો હતો તેવો તાંહાં આવી લાગો. જુવાક બોલીઓ કે "બેવારી ઓરત હીંઆં આવવાનું શું કાંમ પડયું ? હું જાંહાંગીરશાહ પાસેથી આવતે તાંહાંસુધી માહારી રાહ જોવી હતી."—માહાબાંનુ બોલયાં કે "બેવારા ખાવીંદ તમારી ધારણામાં તમે પાર પડો તે માટે વીચાર કરવાના હેતુથી હું હીંયા આવી હતી." જુવાક બોલીઓ કે "પણ દીલદાર ઓરત શું સઘલા દાવરોમાં આ લુચો, આ મતલબીઓ, આ પાપી, આ ફીતુરી દાવરજ તુંને મલેય ? " ગુસતાસપ ગુસસે થઈને બોલયો કે "અધરમી જુવાક ! ખોદાના ઘરમાં શું ખોદાના નોકરનેજ તું અપમાન આપેછે ? પણ જાણ એ કુકરમી દેવ કે તું ઉંધાડો પડયોછે. ઈશવર અને આ ભલી ઓરત તારાં સઘલાં ફીતુરથી માહેરછે. દાંતીઆં પીસ ના જુવાક. હમો ધરમના વાલી છઈએ અને તારી ધમકીને હમો તુચછ કરીએ છઈએ. એકગમ તું લે તલાક અને બીજીગમ જો તારા હાલ કેવા બુરા થાયછે.——" જુવાક જોકે અંદરથી ડરયો હતો તોય પણ બાહારથી ટેક રાખીને બોલયો કે "જબાંદરાજ ફીતુરી ! શું તારા હકદાર પાદશાહને તું ધમકી દીએછે ?" ગુસતાસપ બોલીઓ કે "તું હકદાર પાદશાહ નથી. તું સેનાહ ચેહેરનો પાદશાહ નહી. જાંહાંગીરશાહનો હક ખોટો પાડ અને પછી આવાં નેત લઈ આ મંદીરમાં આવ." જુવાક બોલીઓ કે "ચુપકીદી પકડ ધુતારા; જાંહાંગીરશાહ મેહેર સાથે નેકા કરનારછે અને આ રાજપરથી તે પોતાનો હાથ ઉઠાવનારછે." જેવા આ બોલો જુવાકના મોહોમાંથી પડયા તેવાજ પાદશાહ કેકાઉશના પુતલાંના નાખમાંથી તરણ લોહીના ટીપાં પડયાં. જુવાક સફેદ ફુખ થઈ ગયો. અને માહાબાનું ધુંટણમંડીએ પડયાં. ગુસતાસપ બોલીઓ કે "ફોડ તાહારી ચશમ જુવાક, અને જો કે પાદશાહ કેકાઉશનું લોહી જુવાકનાં લોહી સાથ કદી ભેલનાર નથી." માહાબાનુ બોલીઆં કે "દીલદાર ખાવીંદ ઈશવરના હુકમને તાબે થા. ના ધારતો એમ કે તાહારી હકદાર ઓરત તાહારા પડતા વખતમાં તાહારા હુકમને તોડેછે. ધરમના કાનુન આપણાથી તોડાય નહી. થોડાંજ વરસ માહારે હવે જીવવાના રહયાંછે, અને આ મોતેબર મુકામ છોડી બીજું કયું મકાન પસંદ કરૂં કે જાંહાં માહારી બાકીની જીંદગી માહારા ભરતાર અને માહારી બેટીને માટે બંદગીમાં ગુજારૂં."

જુવાક બોલીઓ કે "પણ બેવારી ઓરત હીયાં તુંહને રાખવાની માહારી મરજી નથી. માહારી સાથે મેહેલમાં ચાલ અને તાંહાં પછી હું તુંહને શઘલી કેફીએતથી વાકેફ કરૂં. લુચા, મકરબાજ બુટા ! આજ પછી માહારા મેહેલની ઓસરીએ ચહડતે ના. આ પાક જગાના સબબથી માહારીથી તુંને કાંઈ થઈ શકતું નથી. તારા હરામઈલતના બેટાને હું દેશનીકાલ કરૂંછું; અને આજ પછી જો તે આ શેહેરમાં ફટકશે તો પલવારમાં તેની ગરદનના બે તુકડા થશે. તારો બેટો કાંઈ ધરમની રખેવાલીનો ઢોંગ વઈ બેઠો નથી; માટે માહારી સજા તેને આબાદ લાગુ પડશે માટે તું ચેતજે. સત માનજે, કે જો સુરજ પશ્ચમમાં ઉગેતો તારો નીચ બેટો પરીચેહેરને પરણનાર નથી." ગુસતાસપ બોલીઓ કે "જેઓ હકવાજબી પાદશાહને હંસેલી પોતે ગાદીએ બેસેછે તેઓ ઘાસના તંખાં મુઆફેક કરમાઈ જાયછે." જુવાકે માહાબાંનુને બગલગીરી કીધી અને બેહુ જણા મંદીર બાહેર ચાલયાં. જતી વેલાએ જુવાકે પોતાના ખીદમતગારોને હુકમ કીધો કે મંદીરમાં જગેજગ ચોકી રાખવી અને જો કોઈ પણ મેહેલમાંથી મંદીરમાં આવેતો તરત તેની ખબર કરવી.

# ખોરાક.

માણસ જાતનાં અને સઘળાં જીવતાં જાનવરોનાં બદનમાં હમેશ ફેરફાર થયા કરેછે. બદનમાંથી આંતરડાં, ચામડી, ગુરદો ઈતીયાદીને રસતેથી જુનો ખોરાક નીકલી જાયછે, તેમ પાછો ઓઝરીને રસતે નવો ખોરાક દાખલ થાયછે. બબરચી, ખાટકી, મૌલી, ખેડુત, મીઠાઈ વાલો, ભઠીઆરો, દારૂ ગાલનારો, દુધવાલો, અને આપણી દુનીઆની નજદીક આખી વસતી, માતર આટલીક નજીવી જેવી ઓઝરીને વાસતે રોજ બારે મેહનત કરેછે. ઓઝરીને રસતે આપણે ખોરાક આપણા પેટમાં નાખીએ છીએ. એક જુદો વીદવાન કહેછે કે માતર એક નાની ઓઝરી, જે ભાયગે એક બીલસખી લાંબી નથી, તેને વાસતે અજાએબ જેવુંછે કે, મોટી મોટી ભઠીઓ અને ચુલાઓ, દારૂની વખારો, અનાજનાં કોઠારો અને બબરચીઓની ફેજની ફેજો જોઈએછે; અને આટલાક નાના સરખાં વાસનની અંદર ઘણાક દેશોનાં દારૂ, મોટાં મોટાં શેહેરોની લુટ, અને ઘણાક મોટા મોટા દરીઆઓની માછલીઓ સમાએછે.

ખોરાક બે જાતનોછે. એકતો આપણા બદનને પુશટી આપેછે તે, અને બીજાતો આપણા બદનની અંદર આપણને જોઈતી ગરમી આપેછે તે. એક જીવતાં બદનની અંદર ગરમી પેદા કરવાની, અને બધેબધ, ઘણા ઠંડીના કે ઘણા ગરમીના દેશોની અંદર ઠંડી, ગરમીનું નજદીક એકસરખું પરમાંણ રાખવાની શકતી કેમ હોય એ આપણને જરા પેહેલાં ગુંચવણ ભરેલું લાગેછે. આ ભેદનો ખોલાસો રસાયણ શાસ્ત્રીઓએ કરીઓછે. તેઓએ દેખાડીયુંછે કે આકસીજન નામની હવા આપણા શરીરમાં જુદી જુદી રીતે દાખલ થાયછે. ઓઝરી ભઠીની માફક આપણા બદનની અંદર ચાલેછે, અને ફેફસાં, ધમણની માફક, હંમેશ આકસીજન હવા ફુંકેછે. આ આકસીજન હવાની સાથે આપણા ખોરાકમાંથી જે કારબોન નીકલેછે તે મલી જાયછે; અને એ રીતે આપણા બદનનાં દરેક ભાગની અંદર બધેબધ હમેશ એકસરખી ગરમી રેહેછે.

હવે આ એક કુદરતનો ધારોછે કે આસપાસની ચીજોની ગરમી અને આપણા દીલમાંની ગરમી નજદીક સમતોલ રેહેવી જોઈએ. ઠંડા દેશોની અંદર આપણા દીલમાંથી ગરમી વધારે જતી રેહેછે. એટલા માટે ગરમ દેશોમાં આપણા બદનની અંદર જેટલી ગરમી આપણે પેદા કરીએછે તે કરતાં વધારે ગરમી ઠંડીવાલા દેશોમાં આપણને પેદા કરવાની જરૂરછે, અને એટલા માટે ઠંડીવાલા દેશોની અંદર ગરમીવાલા દેશોનાં કરતાં આપણને વધારે ગરમી આપનારા ખોરાક લેવાની જરૂરછે, કાંકે તેમ કરીઆથી વધારે ગરમી નીકલેછે. ઠંડીનાં અને ગરમીનાં દેશોમાં માણસ જાતની જરૂરીઆત પરમાણે શરવે શકતીમાન ઈશવરે જુદી જુદી રીતે ખોરાક પુરો પાડીઓછે. ગરમીનાં મુલકોની અંદર એવો ખોરાક હોયછે કે જેમાં ઘણો કારબોન, કે જે આકસીજન હવા સાથે ભેલાઈને આપણા અંગમાં ગરમી પેદા કરેછે, તે નથી હોતો. ઠંડીનાં મુલકોમાં, ચરબી, તેલ વગેરે એવી ચીજો કે જેમાં કારબોન ઘણો હોય તેવી પુશકલ મલી આવેછે; અને આકસીજન અને કારબોન મલીને જે ગરમી આપણા આંગમાં બધેબધ પસરેછે તે ગરમીને આંગમાં રાખવા સારૂં ઠંડીવાલા દેશના લોકો ગરમ કપડાં પેહેરેછે. ગમે તેવીબી રીતે આપણું આંગ ઠંડું થાયછે તો તેની અંદર ગરમી પેદા કરવાને વધારે ખોરાકની જરૂરછે. મુસાફરી કરતાં આપણને ઘણું કરીને વધારે ભુખ લાગેછે અને વધારે ખવાએછે. તેનું કારણ એકે આગબોટની અંદર કે ખોલી ગાડીમાં બેઠાથી આપણા આંગમાંથી જે ગરમી બાહેર જતી રેહેછે અને ઠંડી લાગેછે એટલા માટે પાછી ગરમી પેદા કરવાને આપણને વધારે ખોરાક લેવો પડેછે. જેઓને ઠંડું પાંણી પીવાની ઘણી ટેવ હોયછે તેઓને પણ વધારે ખોરાકની જરૂરછે. કસરત કે પુશકલ મેહેનત કીધાથી પણ ભુખ ઘણી છુટેછે. જેમ એક બલતું સલગાવીને તેને જાલવી રાખવાને વાસતે લાકડાંનો અથવા કોલસાની જરૂરછે તેમજ જીંદગી, જે એક જાતનું બલતુંજછે તેને જાલવી રાખવાને માટે ખોરાકના આકારમાં તેને પોશન આપીએ છીએ. જો આપણે તેને પોશન નહી આપીએતો, એટલે કે આપણે ખોરાક નહી ખાઈએતો તે હોલવાઈ જાયછે, અને માંણસ ભુખમરાથી મરીજાયછે.

## ઈસમાયલ પાશા—મીસર દેશનો વાઈસરાય.

આ મોટો શખસ, ફરાનસ દેશનાં પાએતખત શેહેર પેરીસનું સન ૧૮૬૭ નું મોટું સંગરહસથાન જોવાને. જારે પારીસ ખાતે આવીઓ હતો, તારે પાછો પોતાને દેશ જતાં થોડા દાહાડા વેલાયત ખાતે રહયો હતો. વેલાયતની અંદર એને મોટાં માન સાથે લીધો હતો અને એને વાસતે મોટાં મોટાં ખાના આપીઆં હતાં.

ઈબરાહીમ પાશા, જેણે સન ૧૮૪૧ માં સીરીઆ દેશ ઘણી બાહાદુરીથી જીતીશે, તેના તરણ દીકરાઓમાનો આ ઈસમાયલ પાશા બીજો દીકરોછે. એ નામીચો શખસ સન ૧૮૩૦ માં મીસર દેશનાં પાએતખત કેરો શેહેરમાં જનમીઓ હતો. નાહનીવેએમાંથી એને એના ભાઈ સાથે લશકરી ખાતાંની નીશાલમાં કેલવણી લેવા વાસતે ફરાંનસ દેશમાં મોકલાવીઓ હતો; અને કેલવણી લીધાબાદ સન ૧૮૪૯ નાં સાલમાં પાછો તે મીસર દેશમાં આયો તે વખતે એ બંને શાહાજાદાઓ આબાસ પાશાની હકુમતની ઘણા ખામે થયા હતા, અને સન ૧૮૫૩ ની અંદર આ ઈસમાયલ પાશા ઊપર દરબારનાં કોઇ માણસને મારી નાખવાનુ તોહોમત મેલીઆમાં આવીયું હતું, પણ તે ભાગી પડીયું હતું.

તાર પછી સને ૧૮૫૫ માં એના કાકાની તરફથી ફરાનસના પાદશાહ નેપોલીઅન સાથે કાંઈ અગતના કાંમને વાસતે તે પાછો ફરાનસ ખાતે આવીઓ હતો. એના કાકા સઈએદ પાશાના હાથ નીચે કેટલાક જોખમ ભરેલા ઓધાઓ ચલાવીઆ અને સઈએદ પાશાની ગેરહાજરીમાં સને ૧૮૬૧ માં ઈસમાયલ પાશાએ થોડોક વખત તેની વતી મીસર દેશમાં રાજ ચલાવીશું હતું. તાર પછી ૧૪૦૦૦ માણસનું એક લસકર સાથે લઈ આસપાસના કેટલાક બલવાખોર લોકોનો દોર તોડી નાખીઓ અને તેઓને જેર કીધા.

ચાર વરસની વાત પર, એટલે સને ૧૮૬૩ ની અંદર મીસર દેશના રાજની લગામ એણે પોતાના હાથમાં લીધી. પોતાના દેશની અંદર એણે ઘણાક સુધારાઓ દાખલ કીધા, મોટા મોટા કારખાંનાઓ સથાપીઆં અને રૂનો પાક પુશકલ વધારીઓ. રૂઊના પાકથી એને બહુ ફાયદો થયો અને આજે દુનીઆંમાં એ ઘણો પઈસાવાલો ગણાયછે.

અંગરેજ સરકારને એણે ઘણીક મદદ કીધીછે. હીંદુસથાન અને વેલાયતની વચેનો મારગ એણે પોતાના દેશમાંથી ખુલો મુકીઓછે, અને અંગરેજ સરકારના ઊપયોગને વાસતે પોતાંના ગામની અંદર એ સરકારને એણે એક મેહેલ આપીઓછે. આવા આવા ઊપકારોને માટે ઈંગરેજ સરકાર એની આભારી થઈછે અને જારે આ સાલમાં તે વેલાયત ખાતે થોડા દાહાડા રહયો હતો તારે તેને આપણી માહા રાણીજીએ એક મોટો ખેતાબ આપીઓ હતો.

હીંદુસથાનથી વેલાયત જતાં હીંદી સમુદર અને ભુમદીઅ માહાસાગરની વચે જે સુવેઝની સંયોગી ભુમી નડેછે તે ખોદી કાહાડવાનું કામ ફરાંનસ દેશની સરકારે પોતાને માથે લીધુંછે અને એ કાંમની અંદર ઈસમાયલ પાશાએ એ સરકારને ઘણી મદદ આપીછે. એની મદદથી એ કામ નજદીક પુરું થવા આવીશુંછે અને એ મોટી નેહેરની અંદરથી હવે મોટાં મોટાં વાંહાંણો જવા આવવાં માંડશે.

મીસર દેશ અસલ યુરપની અંદરનાં ટરકી દેશના સુલતાનને તાબે હતું અને તેને ખંડની આપતું હતું પણ હાલ ટરકીનાં સુલતાને તેને સવતંતરપણું બખશીશુંછે.

આ દેશની અંદર લોકો પોતાનો ધંધો પોતે નથી કરતા. તેઓ સઘલાં સરકારને તાબે રેહેછે. બધાં કારખાનાઓ, ખેતીવાડીનું કામ, રૂશીની ખેતી અને દરેક ચીજ શરકારને સવાધીનછે, અને લોકો એ પાશાનાં આ સઘલાં જુદાં જુદાં ખાતાંઓમાં પગારદાર રહી મજુરી કરેછે.

એક બુઢા બાપે મરતી વખતે પોતાના છોકરાને સીખાંમણ દીધી કે બેટા મારી આખી જીંદગીના અનુભવનો સાર હું તને કહુછું તે એટલોજછે કે જેઓ કોઇ બીજાને ઠગવાની તજવીજ કરેછે તે પોતેજ ઠગાએછે, અને વળી તેની હાલત ઉપર વધારે અફસોસ એટલા માટે કરવો પડેછે કે ઠગાએઆ છતાંબી તે હરગેજ એમ નથી સમજતો કે તે પોતેજ ઠગાએઓછે.

## હવા ખાલી કરવાનું યંત્ર—"એર પંપ."

સરવે વાંચનારાઓને આટલુંતો સારી પેઠે રોશણ્છે કે આપણે દુનીઆંમાં જાંહાંબી ફરીએછ હરીએછ તાંહાં સંધે હવા હોયછે અને તે દંમમાં આપણે લેઈજીયેછ. તે વગર માણસ, પસુ પંખી, ઝાહાડ પાંન તથા સરવે જીવદાર ચીજો એક ઘડી પણ જીવી શકે નહી. હવે વીદવાંનોએ પોતાની કળાથી હવાને ચોકસ જગામાંથી ખાલી કરી નાખવાનું એક યંત્ર અથવા સાંચો બનાવીઓછે જેને ઇંગરેજીમાં "એર પંપ" એટલે હવાનો ખુંમખો કરી કેહેછે. જેમ ખુંમખા વડે પાંણી બાહેર કાહાડીઆમાં આવેછે તેમ આ યંત્ર વડે હવાને બાહેર કાહાડી નાખવામાં આવેછે. એ યંત્રની રચના એવી કીધીછે કે તેરો ખુંમખો ચાંપીઆથી તેમાંથી હવા આસતે આસતે નીકલી જાયછે, તે એટલા સુધી કે છેલે તેમાં એક રતીભાર હવા રેહેતી નથી. એવા સાંચામાંથી હવા કાહાડી નાખીને, નામીચા ડાકટર હટને કેટલાએક અખતરા કીધાછે તેનો રમુજી સાર હમો નીચે આપીએ છઈએ.

જે વાસનમાંથી એ સાંચાની મારફતે હવા તદન ખાલી કીધેલી તેમાં પક્ષીનું એક નાહનું પીછ અને સુનાંની ગીનીનો શીકકો ઊંચેથી નાખવામાં આવીઆ હતો તે બંધો એકજ વખતે નીચે પડીઆં હતાં. ખોલલી હવામાં પેલો શીકકો તુરત નીચે પડેને અને પક્ષીના પીછને પડતાં હવાને લીધે વીલંબ લાગતે. ઘણાખરાં જાંનવરો એ હવા વગરના વાસનમાં મુકીઆથી એક અથવા બે મીનીટમાં મરણ પાંમેછે; તોએપણ સાંપ અને ડેરકા જોકે એ વાસનમાં મુકીઆ પછે ખુબ ફુલાયછે તોબી એકથી બે કલાક સુધી જીવી શકેછે અને કેટલીકવાર તદન મુવેલા જેવા અંદર થઈ પડેછે, પણ પાછા ખોલલી હવામાં બાહેર કાહાડીઆ પછે સજીવન થાયછે. ગોકલગાય જે વરસાતના દાહાડાઓમાં આપણા છાપરાંઓ ઊપર રેહેછે તે એમાં દસ કલાક સુધી જીવી શકેછે, ઘળોરી અથવા સરડાની જાતનું જાનવર બેથી તરણ દાહાડા, અને જળો પાંચથી છ દાહાડા સુધી એમાં જીવી શકેછે. ઈલ માછલીનું હઈડું અથવા દીલગુરદો, તે માછલીને કાપી કાહાડીને તુરત એમાં મુકીઊં હોયછે તો નજદીક એક કલાક સુધી તે પોતાનો ધબકારો ચાલુ રાખી શકેછે અને તેબી વળી ખોલલી હવામાં હોયા કરતાં વધારે જ ડફથી ચાલેછે. ગરમ લોહી, દુધ અને પીત એઓને એમાં મુકીઆથી એવું માલમ પડીઊંછે કે તે ફુગાઈને મોટું થઇ આવેછે અને તે ઊભાયછે અને તેમાં જોશ આવેછે.

રેસમના કીડાના ઇંડાં એમાં સેવણ બેસી પેદા થાયછે—પણ ઝાડ પાંન એમાં મરણ પાંમેછે. આતશ હોલવાઈ જાયછે—મીણબતીનો દીવો એક પલમાં ગુલ થાયછે અને બલતો કોલસો પાંચ મીનીટમાં ઠંડો પડી જાયછે. તાતવીને લાલ કીધેલાં લોહોડાં ઊપર કાંઈ અસર થતી દીસતી નથી; પણ ગંધક અને બંદુકનો દારૂ એમાં સલગાવેલો સલગતો નથી પણ તે તવાઇ તથા પીગળી જાયછે. સલગાવેલી દીવાસલી બુજાઈ ગઈ હોય એવી થઈ જાયછે પણ તેને પાછી ખોલલી હવામાં લાવવા પછે તે પાછી સલગી ઊઠેછે. ચકમક તથા લોહોડાંને તેમાં ઘસેયાથી હવામાં જેમ તેનેથી આતસની ચીનગારી પડેછે તેમજ એમાં પણ પડેછે લોચુંબકની અસર જેમ હવામાં દીઠામાં આવેછે તેવીજ એમાં પણ દીસેછે.

કોઈબી ચીજને સલગાવીને એકદંમ બુજાવી નાખી એમાં મુકીઆથી તેમાંથી નીકલતો ધુંવો ઊપર ચહડવાને બદલે નીચે બેસી જાયછે અને એ વાસણને આણીમેર પેલીમેર હીલવવામાં આવેછે તોય તે નીચેજ થરી રેહેછે.

કપુર એમાં સલગતો નથી—બંદુકના દારૂના એક બે દાંણાને બલતાં ઊડાવનાર આએનાની મારફતે સલગાવીઆમાં આવે તોય તેથી આસપાસનો દારૂ સલગતો નથી. આગીયા કીડાને એમાં મુકી જો આસતે આસતે હવા ખાલી કીધી હોયતો તે પરમાણે તેની રોશની ઓછી થાયછે અને હવાને પાછી રફતે રફતે અંદર દાખલ કીધી હોયતો આસતે આસતે તેની રોશણી માલમ પડેછે.

ઘાંટ અંદર હીલવવાથી આવાજ થતો નથી;—પાંણી તેમાં બંધાઈ બરફ થાયછે. એક જાતનો કીડો તેમાં ચાલી શકતો નથી અને એ વગેરે બીજા વીચીતર બનાવો એમાં દીઠામાં આવેછે. હવા કેવી નાદર ચીજછે!

## પીંઢારા.

પીંઢારા કરીને કોઈએક ચોકસ જાત હતી એવું નથી, આગલા વખતમાં કોઈબી જાતના બેરોજગારી લોકો તેમાં જઈ ભરાતા અને ગાંમડી રાજાઓની રઈએતને લુટીને પેટ ભરતા. વલી હાલમાં જેમ કોઇ કોઈ મુલકમાં હલકા ધંધાના માણસો રાત અવાર અસુર પીંઢારાનો ધંધો કરેછે તેમ નહી હતું. ઈશવી શને ૧૮૧૬ માં હીંદુસ્તાંનમાં પીંઢારા લોકોનું મોહોટું ટોલું ઘોડેસવાર થઇને માહેલાં પરાંનોમાં ફરતા અને લોકોને ધોરે દીવસે લુટતા તેઓનાં હાથમાં જેઓ સપડાય તેઓને લોઢું તપાવીને ડામ દેતા; રાખના તોબરા મોહોડે બાંધતા; માથાં ઊપર પથરા મુકતા; સરીરે ચીંદરાં લપેટીને સલગાવી દેતા; ઘરબાર બાલી નાંખતા અને બીજી તરેહવાર નીચ યુકતીથી રયેત લોકને લુટતા હતા તેવો લુટારા છતે હીમતમાં ઘણાંજ કંમ અને જો કોઇ તેવા સુરા લોક સાંમને થાયતો તુરત નાંહાંસવા માંડતા હતા.

જેમ રાજા પોતાના રયેતની ખબર લેવાને પોતાની સવારી સાથે બાહેર પડે અને રાજનો બંદોબસત કરે, તેમજ રયેતની ખબર લેવાને આ પીંઢારાઓની સવારી નીકલતી અને તે પુરી થવા બાદ જે કાંઇ લુટ મલી હોય તેમાંથી સરદારોનો મોહોટો ભાગ કાઢી પોતપોતામાં સરખે હીસસે વેંહેંચી લેતા. લુટમાં જે કાંઈ ચીજો મલી હોય તેની વેંહેંચની કરવી મુસકેલ પડે તેથી તેઓ એક બજાર ભરતા અને તાંહાં આસપાસના ગામેગાંમનાં લોક સામન વેચાતો લેવાને આવતાં.

હીંદુસથાનનાં કેટલાએક રાજાઓએ એવા પીંઢારાઓને પોતાની પાસે રાખીઆ હતા અને તેમનાં પાપનાં પઈસામાંથી ભાગ લેતા હતા. રાજાઓ જેવોનો ધરમ રયેતને સંભાલવાનો તેવોજ જારે આવો પેસો હાથ ધરે તારે રયેત તે કેમ સુખી રેહે અને આએનદે તેવોનાં રાજ તે કેમ ટકે! હોલકર અને શીંદીઆએ એવા પીંઢારી સરદારોને હાથ કરી રાખીઆ અને તેવોને આસરે પીંઢારાઓએ છુટથી લુટ ચલાવી. થોડાએક વખતમાં પીંઢારાઓ પોતાની લુટથી એટલાતો શવી નીકલેઆ કે તેઓએ ઈંગરેજની છાવણી તરફ પગલાં ભરવાને હીમત કીધી. એકવાર તે તરફથી ભારે લુટ મેલવી નાહાટા તેથી લોભ લાગો અને ફરીથી આગલ દગલાં ભરવાને તેવોને હીમત થાઈ.

લારડ હેસટીંગ જે એ વખતે ઈંગરેજી રાજનો વડો હતો તેણે ઠેરાવ કીધો કે આ પીંઢારી લોકોને એકદમ તારાજ કરવા નહીતર ભારે ખરાબી કરતા ચાલશે. એવા વીચારથી કેટલુંક લશકર જમાવ કરી તેનાં ચાર ભાગ કરી ચોતરફ વેંહેંચી નાખી ઘેરો ઘાલીઓ. એવા વખતમાં બીજા રાજવાલાઓએ ઈંગરેજની સાથે થવાની તક હાથ ધરી અને તેથી પીંઢારીઓને એકદમ તારાજ કરવાને બનીશેં નહીં: પણ આ એક ઈંગરેજી ખવાસજછે કે જે કાંમ પાર ઊતારવાનો એકવાર ઠરાવ કીધો કે પછે કોઈબી રીતે તે અમલમાં લાવેછે તે પરમાંણે રફતે રફતે પીંઢારીઓનો નાશ કરી નાખીઓ. જાંહાં જાંહાં ઈંગરેજી ફોજ ગઈ તાંહાં તાંહાંથી પીંઢારીઓને મારી કાઢીયા અને કેટલાએકોનેતો રયેતનાં લોકો જેવોએ અતીઅંત દુખ અને પીડા ખમી હતી તેવોએ પકડી ઈંગરેજોને હવાલે કીધા; કેટલાએક નાહાશી જંગલમાં જઈ રહેઆ અને તાંહાં દુખ પાંમી મારગ લાગા. કેટલાએક સરદારોએ ઈંગરેજને શરણ જઈ જીવતદાન માંગી લીધું. તેઓનો એક મોહટો સરદાર જંગલમાં નાહાશી ભટકતો હતો તેને વાઘે મારી ખાંધો અને એ રીતે આ નાશકારક ટોલીનો પરાજય થઇ અંત આવીઓ.

## નવી નવાઈ—લોકોનાં વેહેમ.

યુરોપનું ઊતર તરફનું નારવે નામનું એક દેશ જાંહાં થંડી, હીમ, અને કરાંનો કાંઇ પારજ નહી તાંહાં જેવારે પેહલ વેહલી વખતે ગુલાબનાં ફુલ અને તેનું ઝાડ લેઈ ગયા તારે તાંહાંના લોકોમાં ભારે ઘોંઘાટ થઓ હતો અને એ ઝાડનાં ફુલ આગનાં જોરથી ફુટી નીકલેછે એવો તેવોને વીચાર આવીઓ હતો તેથી તેને તેઓ હાથ લગાડવાને બીહતા હતા. તેમજ અમેરીકાનાં વરજીનીઆ દેશનાં લોકોનાં હાથમાં ઈંગરેજોની જગામાંથી થોડાએક બંદુકનો દારૂ મલી આવીઆથી તેવોએ તેને અનાજનાં દાણાં સમજી તાંહાં વાવીઓ હતો અને તેમાંથી મોહોટો પાક મેલવવાની આશા રાખતા હતા. યુરોપમાં પેહલવેહલાં જારે રસીથી સીતલા મુકવા માંડીઆ તે વખતે

લોકોમાં વેહેમ હતો અને તેવો, તેથીજ સાંભળ્યુ થાતાં, એટલુંજ નહી પણ એક ડાકટરની ચેતવણી ઊપરથી તેવો એવું વીચારવા લાગા હતા કે એમ કીધાથી આ ખરે માણસ જાત અરધાં માણસ અને અરધાં બેલ બની જશે.

આપણને, ખુદરતનાં પેદા કીધેલાં માણસની સાદાઈ તથા તેઓનાં ભુલ ભરેલા વીચારો જોઇને કેટલી એકવાર હસવું આવીઆ વગર રેહેતું નથી; તોપણ જારે આપણે જોયેછે કે યુરોપખંડ જેવા સુધરેલા ભાગમાં જેવોનું કાંમ લોકોનાં વેહેમ છોડવવાનું અને વીદીઆ હોનરને મદદ કરવાનું તેવોજ ઘણીવાર લોકોનાં સાધારણ વેહેમની હીમાએત કરવા અને વીદીઆની મદદથી તે ખોટી રીતે પુરવાર કરવાને વારંમવાર હાલનાં જમાનામાં બાહેર પડતા માલમ પડીઆછે તારે આપણું હીંદુસતાંન દેશ જાંહાં વીદીઆએ ફરી પોતાનાં પગલાં કાંઈક જમાના પછે નાખીઆછે અને તેનીબી ફકત શીરૂઆતછે તાંહાંના લોકો વીદીઆ અલીઆસ વગર તરેહવાર વેહેમમાં પડેલા હોય તેમાં કાંઈજ નવાઈ જેવું નથી. એવા વેહેમોને તરક કરાવવાને માટે વીદીઆ હોનરનો પુશકલ ફેલાવો થવો જોઇએછે જેથી લોકો પોતાની મેલે ખરૂં શુંછે તે સમજવાને શકતીવાંન થાયછે.

આપણે જોયે છઈએ કે આપણા દેશમાં હોનર અથવા વીદીઆને લગતી કાંઈબી નવી બાબદ દાખેલ કરવા માંગેછે તેવારે ગાંમમાં મોટો શોર થઈ રેહેછે. જેવારે મુંબઈમાં પેહલવેહલી આગ ગારી ઊંઘાડી તે વખતે લોકોમાં જુદીજ તરાંહનો વીચાર ચાલતો હતો. કેટલાએકો એવી વકી રાખતા હતા કે ધંધો રોજગાર ડુબી જશે અને રોજગારની ખરાબી થઈ જશે. આજે તેજ લોકો એ બાફના બળનો લાભ મેળવી મોટો ધંધો રોજગાર ચલાવેછે અને એથી ગાંમમાં ઘણી રીતની સેહલાઈ થઈછે એવું તેવો આજ બોલેછે. વીજલીના તારને માટે પણ એવોજ વીચાર ફરાવતા હતા. છોકરીઓને શીખવવાને નીશાળો કાહાડવાનું કેટલાએક સપુત જવાંનોએ માંથે લીધું તેવારે પણ દેશીઓમાં ભાંત ભાંતના વીચારો હતા અને તેથી એ સુભ કાંમની શરૂઆત થતાં કેટલેએક વીલંબ લાગો હતો. આજે તેજ દેશીઓ પોતાની છોકરીઓને માટે સારી કેળવણી મળે એવી નીશાળો ઢુંડેછે.

જારે હમો કહીશું કે યુરોપખંડના સુધરેલાં દેશો જાંહાં વીદીઆ હોનરે પોતાના પગળાં લાંબી મુદતના નાખેલાં અને જાંહાંના સોક કેળવાએલા તાંહાંના વીદવાન તેમજ બીજાં લોકોએ તેવોના દેશમાં ચાહ, કાફી, તથા તંબાકુ પેહલવેહલાં દાખેલ કરતી વખતે ભારે ઘોંગાટ કીધો હતો અને પોતાની ઊપર એક આફત આવીને ગલગો કીધો હોય એવો દેખાવ દીધો હતો તો આજે આપણા લોકો તે કવચીતજ માંણશે.

વલંદા તથા ઈંગરેજ લોકો જેવારે વેપારી તરીકે હીંદુસતાનમાં આવીઆ તે વખતથી ચાહ ઈંગલંડમાં દાખલ થઇ અને શીરૂઆતમાં ૬૦ થોતે ૧૦૦ રૂપીએ રતલ વેચાઈ હતી ઈંગલંડમાં ચાહ દાખલ કરતી વખતે કેટલાએક ડાકટરો તથા વીદવાંનોએ ગોએઆ તેને પુરતી રીતે તપાસી હોય એવું દેલ ઘાળી મત આપવા લાગીઆ કે એતો આપણા મુલકમાં ઝેર દાખલ થયુંછે અને એથી આએનદે શેહરની ખરાબીછે. કેટલાએકતો એ ચીજનો, જેવો વેપાર કરતા હતા તેવોને નીતીમાન માણસોમાં ગણતા નહી હતા અને ટુકમાં એ ચીજ સાથે જેનેબી સંબંધ તે તેઓની નજરમાં ધીકારમા આવતા હતા.

એ ઊપરથી આપણને એક અછો ઢડો મળેછે કે કાંઇબી ચીજ આપણા દેશમાં નવીસવી દાખલ અથવા ઊભી કરવામાં આવતી હોય તેની સાબે તુરત વગર જાંણવે અને વીચારવે મત આપી દેવું નહી અને તેવાં કાંમનો અટકાવ કરવાને સાંમે થવું નહી. અલબતાં બધી ચીજો અને રીતો જે નવી દાખલ કરવામાં આવે તે સારીજ હોવી જોયે એવુંતો કોઇબી એકદમ કબુલ કરશે નહી તેથી જેબી કાંઇ રસમ, રીત અથવા હુનર આપણા દેશમાં દાખલ થાયતે જો આપણને નાશકારક હોયતો આપણને જરૂરનુંછે કે આપણા પુરબળથી તેની સાંમે થઈ તે દુર કરવી. બાકી કાંઈબી નવું દાખલ થતી વખતે ફકત જુઠો ભય દીલમાં રાખી તેના જે પરીણામો નહી તેવાંને ગોઠવી બેસાડી આપણા મનના વેહેમને ખાતર તેને તોડી પાડવું એ આપણ માણસ જાતને લાયક નથી.

## વેહેમ વીશે. †

આપણાં કેટલાએક દેશીઓ પોતાની છોકરીઓને વીદીઆ અલીઆશ કરવાથી બેનશીબ રાખેછે તે અતીઅંત ખાંમીને લીધે તેઓમાં કુદરતનાં કાયદાને શહન થવાની સમજ ન હોવાથી જેઆરે ફરતાં આશમાંની ચકરની જંજાલમાં તે આવી પડે તે વખતે ધીરજ છોડી એકદમ નીરાશ થઈ બાહાવરી બની જાએછે. તેથી તેહેની અધુરી અકલમાં જેવા ખેઆલ આવે તેવા ખેઆલ અમલમાં લાવેછે અને તેથી બેહદ ગેરફાએદા હાંશેલ થાએછે. એવા બેહુંદા ખેઆલો અમલમાં લાવવા તેહેને વેહેમ કરી કેહેછે, એવી અનઘટતી રશમ અખતીઆર કીધાથી તે પેદા કરનારની ગુનેહગાર થાએછે. પણ જો ઓરતોને કેળવણીનાં મીઠાં ફલો નાહાંનપણથી ચખાડેઆં હોએતો તેહને પોતાની મેલે પોતાનાં પેદા કરનારને તથા તેહેનાં દરએક ફરમાનો પીછાંનવાનો વીચાર આવેછે, તેથી તે વેહેમી રશમોથી દુર રહી શબુરી શાથે પરમેશવરની આરાધનાં કરી પોતાની મુરાદ ચાહેછે, તેથી તે ઘણુંકરી ફતેહમંદી શાથે પાર ઉતરેછે. વાશતે સ્ત્રી કેળવણી હોએતો વેહેમો તદન નાબુદ થઈ જાએ. એટલું લેખી હાલ ગાંમડી ઓરતોમાં ચાલતા વેહેમોનું બેઆંન આપુંછું.

પેહેલું—શીતલા એ એક રોગછે કે જે રોગ દરએક ઈનશાંનને તેહની હઈઆતીમાં એકવાર જરૂર થવો જોઈએ, પણ જો તેહનો ઘટતો ઉપાય નાહાનપણથી કીધો હોએ ઈઆને (ગઉશીતલા) કહડાવેઆ હોએતો પાછલથી એ રોગની કશી ધાસતી રેહતી નથી, પણ ભોલી ઓરતો એ રોગને દેવી શમજેછે તેથી તેહને નાહેકનું દુઃખ દેવા ચાહાતા નથી. તેવા ઈરાદાથી પોતાનાં બાલકોને શીતલા કહડાવતાં નથી. તીઆરબાદ જેયારે પોતાની મેલે શીતલા આવેછે તેયારે ઘણા બાલકો એ રોગની પીડાથી પોતાનો અમુલય પરાંણ ખોએછે, અને જો ઈશવરની રેહેમથી કોઈ બાલક મોહોતનાં પંજામાથી બનચેછે તોપણ તેમાં ઘણી તહરાંની ખોડ રેહછે. એવાં કમનશીબ બાલકોમાં કોઈને શહીએડ આવેછે તો તેહની માએ શીતલા દેવીને જેમ બને તેમ ખુશી રાખવાનાં ઉપાએ શોધેછે, તેથી તે બીમાર બાલક આગલ તરેહ તરેહની મીઠાઈ મંગાવી લોબાંન ધુપાવી સરવેને વેહેંચી આપેછે અને તેહની આગલ નાંકઘશની કરેછે. તયારબાદ તે બાલકને જરા જરા તફાવત પહેઆ પછે તેહને દુધે નહવડાવેછે અને દેવાલ ઉપર ખરપટં કરીને તોરણ બાંધેછે તથા એક મુરતીનો આકાર પાડી તેહની શામણે તે બાલકને બેસાડીને પગે પડાવેછે, પછે લાડવા ઓટેછે અને ભુલેશવરમાં જઈ તાંહાંના બરાંમણને રૂપાંનો દીકરો તથા દીકરી, કાગળ—કલમ—પાંન—સોપારી—ફુલ—શેરડી—થાળી તથા ઘીનો દીવો કરવા શારૂ દોહાડીઉં આપેછે તે એવા ખેઆલથી જે શીતલા દેવી આનંદ થાએ તો તેહેના બાળકને પુરો આરાંમ કરે. હવે શેઆંણી બાઈઓએ દરીઆફત કરવો જે ઉપર કહેલો વીચાર કેટલો અનઘટતો છે જેકે ઈશવરની રેહેમ વીનાં તે બાલકને આરાંમ થવો એ બીકટછે તીઆરે એ વીશે તેહેનીજ આરાધનાં કરી એ રોગને ટાલવાનાં ઘટતા ઉપાય કીધા તો તે ખરેખર વાજબી ગણાશે.

બીજું—કેટલીએક ઓરતો વાંજણી રેહેછે તીઆરે જુદી જુદી માનતા માનેછે તે એમજે જો તેઓને ફરજંદ થાએતો પોતે માનેલી માનતા પાલવાની ઓપા ફરજ શમજેછે, તે એમજે શુવાવડમાં થોડા દીવશ અન ખાધા વીનાં રેહેછે તે ક્રીઆને બેહેરાંમીની ગોત કરી કેહેછે, પણ બરાબર જોતાં માલુંમ પડશે કે એ બારીક વખતે ઓરતોને જેમ બને તેમ પુશટ ખોરાક આપી તેહેની નાતવાંન હાલતને શકતીવાંન કરવી જોઈએ. તેજ વખતે તેથી ઉલટી ચાલ ચલાવી તેહેને થોડા દીવશ ભુખની પીડાથી હેરાંન કરેછે તેથી તેહેને તથા તેહેના નાજુક બાલકને ઘણી હેરાંનગતી ભોગવવી પડેછે, વાશતે એવી રશમોને તરક કરી ઈશવર ઉપર એતેકાદ રાખશેતો ઘણુંકરી તેઓ પાર પડશે.

તરીજું—ઘણીએક ઓરતોને પોતાનું ધારેલું કાંમ પાર પાડવું હોએતો એક જાતની માનતા માંનેછે તેહને દરીઆઈ રોજો કરી કેહછે. તે એમજે એક જગા શાફ કરી તેહની ઉપર શોહોજી ચાદર બીછાવી તે ઉપર તરેહ તરેહનાં પકવાંનો પરીશેછે અને તાંહાં શુખડ, અગર, લોબાંન તથા બીજી શુગંધી વસતુઓ બાલેછે. તયારબાદ તે સરવે આકારને શેજદો કરી તાંહાં બીછાવેલી ચીજો રાતને શમએ શમુદરમાં નાખી દીએછે તે એવી ધારણાથી જે તેમાં પરીશેલી ચીજ કોઈથી ખવાએ નહી. માતર પેલી રોજો માનનારી બાઈ પોતાને ભાવતી વાંણીમાંથી થોડુંએક ખાએછે, બાકીનું શંધુ દરીઆને સવાધીન થાએછે. એ માતર અનઘટતો ખરચ કરી તે ઉપર એતેકાદ રાખવાનુંછે. બાકી એવી ક્રીઆથી કશું શારૂ ફલ નીપજવાનું નથી તે શત જાંણવું.

ચોથું—એવીજ કીશમનો બીજો રોજો કે જેહને વેલાતી રોજો કરી કેહછે. તેહની મકશદ એવી જે તે ભરેઆથી આશમાંની પરીઆં તેઓને મદદ કરશે—એવા ખેઆલથી તે રોજો માંનેછે તેમાં પણ ઉપર જણાવેલી રીતનાં ભાંતભાતનાં પકવાંનો પરીશેછે તથા શુગંધી વસતુ બાલેછે અને એક ઈરાંની ઓરત તે પકવાંન આગલ લોબાંન ધુપાવી કાંઈ બોલેછે; તયારબાદ તે ઘેરનાં માણશો તે બીછાવેલા આકારને શેજદો કરી ખાએછે. એવી એવી રશમોને જેમ બને તેમ નાબુદ કરવી જોઈએ.

પાંચમું—વલી કેટલીએક ઓરતો ધુલધાંણીનો રોજો ભરેછે તે એમજે એક બાજુ ઉપર ધુલ તથા એક બાજુ ધાંણીનો ટગલો કરેછે તથા તેહની આગલ પાંણીનો કરશીઓ—નાલીએર—ફુલ તથા ઘીનો દીવો મુકેછે, પછે એક કપડાંને હરધથી રંગીને તે પીલાં કપડાંના બે કટકા કરી એકકી નાંધલી નાંધલી લાકડીએ વાવટાની મીસાલે બાંધેછે અને તે વાવટા ઉપર કહેલા ટગલામાં મુકેછે, તયારબાદ વાલ—ખરીઆ—હોજરી એ શરવે પકવાનો તેહની આગલ મુકેછે પછે એક ઓરત લોબાંન ધુપાવી શેજદો કરી ખાંણું ખાએછે અને જમી રહેઆ બાદ ઉપર કહેલી ઓરત કેટલુંએક અનઘટતું ગીત ગવડાવેછે, તયારપછે સઘલી ઓરતોં તે

---

† એક સ્ત્રીનું લખી મોકલેલું

મેઉ ટગલાને પગે પગે ખોરી નાખેછે. ઈશવરે ઈનશાંનની મુશકેલી તાલવાનો આધાર પોતા ઉપરજ રાખેલોછે માટે તેહનીજ પાશે પોતાની મુરાદ ચાહાવી એ વાજબીછે.

છઠું—કેટલીએક ઓરતો શુવાવડી નાંહી ઉહેઆ પછે તે જગા ઉપર ચોખીઆર ભરેછે તે એવી રીતે કે તે જગા શાફ કરી તે ઉપર પાટલો મુકેછે અને તેહની ઉપર માંણીનો કરશીઓ, ફુલનો હારડો, ઘીનો દીવો તથા ચોખા અને દાલનો ટગલો કરેછે પછે એક ખુમચામાં પાંન, શોપારી, ફુલ, નાલીએર, કુંકું, મોધરેલ, તાંલી તથા નારૂં મુકેછે. તેયારબાદ ચાર કુમારી છોકરીઓનાં માથાં ઉપર નારાનાં કટકા મુકી તેઓને ધાંન, દુધ, તથા ખાંડ ખવડાવેછે પછે લોબાંન કરી ઉપર કહેલા આકારને શેજરો કરી પેલી છોકરીઓને તીલી કરી રવાંના કરેછે. ગોયા ચોખીઆરથીજ તેઓ તંદરોશતીથી નાહી ઉહેઆં હોએ એવો વીચાર રાખેછે, પણ ખરાખર નેગાહ પોહોંચાડતાં શાફ માલુંમ પડેછે જે તે અજીમ કુદરતનો શાહેબ પોતાના બેહદ દાહાપણ ભરેલા કાયદથી ઓરત જાતને ઘણી આશાંનીથી ઉપલી મુશકેલી માંથી તાલેછે. તીઆરે આપણને લાજમછે જે એ વીશે તેહેની ફરમાબરદારી કરી તેહેના ફરમાંનો મુજબ ચાલવું.

શાતમું—આગરજો કોઈ ઈનશાંન માંદગીથી અતીશએ બેચેની ભોગવતું હોએતો ભોલી ઓરતો તેહેના ઘટતા ઉપાય પરતા મુકી નાશમજુરીથી બરામણને તેડી તેહેના ઘરેહ જોવંડાવેછે. અને તે ભમાવીને દોરા, ચીઠી, તાવીજ તથા કેટલીએક અનઘટતી માનતાઓ કેહેછે તે રવેશે ચાલેછે. અને તેથી તે બીચારાંની માંદગીમાં વધારો થાએછે અને કોઈ પોતાનો અમુલ્ય પરાંણ ખોએછે. વાશતે શરવે ઓરતોની અગતીયની ફરજછે જે પોતાના દરએક કુટુંબીઓના માંદગીના વખતમાં જરૂર હોશીઆર તબીબને એ લાવી તેહેને આરાંમ થાએ તેવા ઉપાએ કાંમે લગાડવા જોઇએ કે તેથી ઈશવરની રેહેમથી તે તંદરોસત થાએ બાકી બરામણો ઉપર આધાર રાખી બેશવું એ ખોટું છે. કારણ એઓ અગમચેતી શમજવાનું હેલ ઘલી ઈનશાંનને ભમાવીને ઉંડા ગારમાં નાખેછે જેમાંથી એકદમ જલદીથી નીકલાવું નથી વાશતે ખચીતથી એવાઓને તેડીને નાહેક હેરાન થવું ઘટારત નથી.

આઠમું—વલી કોઈ ઓરતો પોતાની મુશકેલી પાર પાડવા શારૂં નેમ માનેછે તે એમજે આટાનાં તથા રૂપાંનાં કોડીઆં તથા રૂપાંનાં દીકરા દીકરી કરેછે અને પેલાં કોડીઆમાં ઘીનો દીવો કરેછે, પછે તાંહાં લાડવા, પોલી તથા ભાતભાતનાં પકવાંનો કરી લોબાંન મુકેછે અને તે શરવે વસતુ ચાંપાં વેહેંચી ખાએછે, તે એવી મતલબથી જે નેમ માતાએ તેઓની શરવે આફતોનું તાલણ કીધું. ખચીતથી એ વીચાર અનઘટતો અને માનવી જાતની અકલને શરમીંદગી પોહોંચાડે એવોછે.

નવમું—હોલીનાં દીવશો ઉપર હીંદુઓનાં ઘર આગલ શલગતી હોલીમાં ભોલી બીઓ નાલીએર તથા રૂપાંની આંખ, રૂપાંનાં દીકરા દીકરી, નારાં, શખડ, પાંણી તથા દુધ ચડાવેછે. હવે એ ઉપર કહેલી ચીજો માનવાની ધારનાં એવી જે કોઈ આંખે હલાક થતું હોએતો રૂપાંની આંખ તથા કોઈને તાંહાં ફરજંદ નહી હોએતો રૂપાંનો દીકરો તથા વાશાના દરદથી હેરાંન થતું હોએતો નારૂં નાખેછે અને ફુલ તથા નાલીએર તો માતર ખુશાલીને શારૂં નાખેછે—તેમજ કેટલીએક બાઇઓ પોતાની માનતાને શારૂ હોલીનાં દીવશ ઉપર આખો દીવશ અપવાશ કરેછે. પછે શાંજનાં નાહીને પોતે માનેલી ચીજો હોલીમાં ચહડાવી પગે લાગી માનતા ઉતારેછે. હવે વીચાર કરો કે આપણી ઓરતો એક તરફથી આતશને પોતાનો કેબલો ગણેછે અને તેહેની બનતાં શુધી માહાવજત કરેછે. અને બીજી તરફથી તે આતશની અંદર તરેહવાર ચીજો નાંખેછે એ નીશચએ દલગીરી ભરેલુંછે.

દશમું—જો કોઈ ઓરતના ઘણાએક ફરજંદો મરણ પાંમીયા બાદ પરમેશવરની રેહેમથી એકુ ફરજંદ જીવીને પુખત ઉમરે આવે તો તેહેના લગનને વીશે એક હરશૂા શરીખી માનતા માનેછે તે એમજે તેહેનાં લગનને દીવશે તેહેની માએ ઘોડાં ઉપર બેશી ચાર પાય આટા ફરી તે માનતા પુરી પાડેછે—એવી માનતાઓ ખરેખર શરમીંદગી ભરેલીછે, પણ લખવાને ખુશી છું જે હાલ એ વેહેમ તો તદન નાબુદ થાયોછે.

અગીઆરમું—કેટલીએક ઓરતો પોતાના ફરજંદોનાં લગન થયા પછે શંદલ ભરેછે તે એમજે દેવાલ ઉપર ખરપટું કરી તેહેની શામણે આર ચોરસ આકરના બાજઠ ગોઠવેછે અને તે ઉપર ધઉના ટગલા તથા કેલાં, ખારક, પાંન, શોપારી મુકેછે અને તે ટગલાની અંદર કેલના થડનો માડવો મુકેછે પછે તે ઉપર કાંઇ રેશમી કપડુ ઓઘાડી એક મુરતીનો આકાર કરી તેહેને ઘરેણાંથી શીણગારેછે અને તેહેની આશપાશ પાણીના કરવાઆ ભરી તે ઉપર નાલીએર મુકેછે અને દીવો કરી લોબાંન કરેછે, તંઆરબાદ એક ઓરત કેટલુંએક ધીકારવાજોગ ગીત ગવડાવેછે અને કેટલીએક ઓરતોને નોતરાં કરી તેઓને શવાદીશટ પકવાંનો જમાડેછે. તયારબાદ શઘલાં આવેલાં રૂખસત લીએછે પછે તરીજે દીવશે શરવે અશબાબ ઉઠાવેછે, અને ઉપર કહેલા અનાજનાં ટગલા પેલી ગીત ગવડાવનારી ઓરત લઈ જાએછે અને પાનશોપારી, નાલીએર તથા ખારક દરીઆમાં નાખી દીએછે, પણ જો એવી કીરીઆને બદલે નાવારેશોને આપેઆમા તથા બીજાં ધરમના કામોમા પઇશા ખરચે આ હોએ તો તેથી બેહદ ફાએદા હાંશેલ થાશે.

બારમું—વલી કોઇ ઓરતો પોતાના ફરજંદોનાં લગનની ખુશાલીમાં છઠી માનેછે તે એમજે શારીખા, પાપટ, વરા તથા ભાતભાતનાં પકવાંનોને મોહોટી ઝાપમાં મુકેછે. અને તે ઝાપ ઉપર તથા નાલીએર ઉપર શુતર લપેટેછે પછે તેહેની આગલ લોબાંન મુકેછે અને બે મરદો જીવતા બકરાને લાવી તેહેના કાન કાપીને તે લોહીની તીલી પેલાં પરણતાં જોડાંને કરેછે, પછે ઉપલા મરદો ઉંધાડે માંથે ખાએછે, અને તયારબાદ શઘલાંઓ જમેછે અને પેલા બકરાનુ ગોશ આશપાશનાંઓને વેહેંચેછે. એ વાત હેખાતીજ ધીકારવા જોગછે જો કે ઓરતો તો અગનાનપણાને લીધે અનજાંનપણે એવી ચાલ ચલાવેછે. પણ કેટલાએક મરદો પણ એવી કીરીઆમાં શાંમેલ થાએછે એ ઘણીજ ધીકારવા જોગ વાતછે.

એ શરવે વેહેમોને નાબુદ કરવાનો શરવેથી મોતેબર

ઉપાએ એજ કેલવણીથી શરવે ઓરતોનાં મન પુરણ કરવાં કે જેની મદદથી તેઓ કુદરતનાં બનાવને ધીરજથી શહન થઈ પેદા કરતારની આરાધના કરી પોતાના દુખોનું નીવારણ કરે કે તેથી ઈશવર તેઓ ઉપર રેહેમ લાવેઆ વના રેહેનાર નથી. શરવે ઈનશાન ઉપર કાંઈબી દુખ પડેઆ 'વગર રેહનાર નથી, એવું કોઈ ઈનશાંન નહી હશે જે તે તમામ વાતે શુખથી ભરપુર હોએ. તયારે આપણી ઉપર પડતાં દુખોને ધીરજથી તાબે થઈ શબુરી અખતયાર કરવી અને વેહેમી રશમોનો ઈનકાર કરી તેહેનાં દરીઆવમાં ગોતાં નહી ખાવાં—કે જેમાથી પછી એકદમ મોકલું થવાતું નથી. માટે શરવે ઓરતોની અગતપની ફરજછે જે ઈશવરનાં ફરમાંન શીવાએ બ જી કોઈબી મકરાદથી પોતાંની મુશકેલી ટલશે એવો અનઘટનો વીચાર નહી રાખવો અને બનતાં શુધી તેહેના હરએક ફરમ નોને માંન આપી અંતકરણથી તે માંફકજ ચાલવું અને પોતાની બેહેનપણીઓ જેઓ અનુજાંનપણે ઈશવરનાં ફરમાનોથી ઉલટી ચાલી ગુનાહ કરતી હોએ તેહેને અટકાવવાને બનતી કોશેશ કરવી કે જેથી તેહેનો ખરો બદલો આપણને મલેઆ વીના રેહેનાર નથી.

## ઘોડાઓની વારતા.

એક ચોરે પોતાના ઘોડાને કોઇ ઘોરી રસતા ઊપર કોઈ માણસ મલેનો તેની સાંમે તેના દીલ પર જઈ તેને જનો અટકાવવો એવી ટેવ પાડેલી હતી, કે જેથી તે ઊતરીને પેલાં માણસને લુટી લેએ. આ ટેવ એટલીતો ને ઘોડામાં વધી પડી હતી જે જયારે પેલા ચોરે તે ઘોડો કોઈ બીજાને વેચીઓ તારે તે બીચારાને તે ઘોડો કાહાડી નાખવાની ફરજ પડી હતી, કારણ કે જારેબી રસતા ઊપર કોઈ માણસ મલે તેવો તે ઘોડો તેની સાંમે થઈ તેને જતો અટકાવતો હતો.

ફુરનું નામની લડાઈ જેમાં ફરાંનસ દેશનો બાદશાહ આઠમો ચારલસ પોતાના જાનની ઘણી ધાસતીમાં આવી પડીઓ હતો તે પોતાના ઘોડાને લીધે બચીઓ હતો. જેવો તે ઘોડો કે જેની ઊપર બાદશાહ અસવાર થયલો હતો તેણે પોતાના શેઠને દુશમનોથી ઘેરાઈ ગયલો જોગો તેવોજ તે બધેમધ લાત પછાડવા લાગો અને એટલા જોસથી પોતાના પગ ફેંકવા લાગો કે કોઈ તેની આગલ જવાની હીમત ચલાવી શકીયું નહી. આમ કરીઆથી તેણે પોતાના શેઠનો અને પોતાનો જાન ઘણી ધાસતીમાંથી બચાવીઓ હતો.

ફ્રાનનેખલુ નામના શેહેરના ડાકના અધીકારી પાસે એક ઘોડો હતો, જેને દર સોમવાર અને શનીવારે બીજા દાહાડાઓને થાને વધારે કામ પડતું હતું એટલા માટે તેને તે દાહાડે થોડીક વધારે બાજરી આપવામાં આવતી હતી. દર શોમવાર અથવા શનીવારે જો તેને બીજા દાહાડાઓ કરતાં વધારે બાજરી નહી મલતીતો ને ખંખારવા અને પગ પછાડવા મંડી જતો હતો. આમ તે દર સોમવાર અને શનીવારેજ કરતો હતો અને બીજા દાહાડાઓ ઊપર તે જાણતો હતો તેથી ચુપ રેહેતો હતો.

સર સેમાઊીલ ગીલેસપી નામના એક નામીચા સરદાર પાસે ઘોડો હતો તે કેપ આવ ગુડહોપથી હીંદુસતાન ખાતે લાયો હતો. જારે તે સરદાર મરી ગયો તીઆરે તે ઘોડો લીલાંશીંમાં વેચવા મુકીઓ. ઘણાક સરદારોએ મોટી કીમત ચડાવીઆ કીધી અને અંતે તે ઘોડો તેના શેઠની રીજમીટના માણસો, જેઓ પોતાના સરદારની એક યાદગારી દાખલ તે ઘોડો લેવા માંગતા હતા, તેઓએ પાંચ હજાર રૂપીઆની મોટી કીમતે તેને ખરીદીઓ. જારે તે રીજમીટ કૈથે જતી તારે વાવટાની પાસે તેના સરદારની અસલી જગાએ તેને હમેશ ચલાવતા, અને હમેશ રીજમીટના માણસો તેને આબરૂ આપતા હતા. જયારે તેઓ સઘલા વેલાત પાછા ગયા તારે તેઓને મોટી દલગીરી સાથે આ ઘોડો એક ગરહસથ કે જે પોતાના બાગની અંદર તેને છુટો ફરવા દેઈ તેમે સુખમાં રાખવાનો ઈરાદો રાખતો હતો તેને વેચીઓ. પણ જેવો તેને છુટો મુકીઓ તેવોજ તે પેલી રીજમીટની જગાએ નાહસી ગયો, પણ તે એટલોતો થાકી ગયો હતો અને તેના ધણીના મોહોતથી તેને એટલીતો દલગીરી પેદા થઈ હતી કે તેથી તે તે જગાએ થોંહાંચીને મરણ પાંમીઓ.

ઘોડાઓની, ગુજરેલી વાત યાદ રાખવાની શકતીનો આ એક અછો દાખલોછે.

અઢારમો લુઈ બાદશાહ, મીલન નામના શેહેરની અંદર પોતાના થોડાક ભાલાવાળા લશકરની સાથે ફરતો હતો. એવામાં એક બુઢો ઘાંચી તેજ જગાએથી પોતાના એક બુઢા ઘોડાની પીઠ ઊપર અસવાર થઇ તેજ રસતે જતો હતો. આ ઘોડો અસલ પેલી રીજમીટની અંદર હતો, પણ તે બુઢો થયાના શબબથી તેનેથી મેહેનત નહી થયાથી, તેને વેચાં નાખીઓ હતો. ઘોડાએ આ રીજમીટની અંદર પેલાં અસલ જોયલાં માણસોને પોતાના લશકરી લેબાસમાં દે

લ દમોંમથી ચાલતાં જોઈને પોતાની પીઠ પરથી પે લા ધાંચીને નાખી દીધો અને પોતે રોજમીટની વચ માં ગયો.

ફરાનસના બાદશાહ ચોથા હેનરી પાસે એક ઘોડો હતો. આ બાદશાહ તેની ઉપર બેહદ પીઆર રાખતો હતો. એક વખત તે ઘોડો ઘણો આજારી પડીઓ અને બાદશાહ એટલોતો ચીરડાઈ ગયો કે જે ઓ આગલ બેઠેલા હતા તેઓને કયું કે જેબી શખસ મારા ઘોડાના મોહોતની ખબર માહારી આગલ લાવશે તેને હું ફાંસી દઈશ. થોડા દાહાડામાં ઘોડો મરણ પાંમીઓ અને એ ખબર રાજાને કહેવાને કોઈએ હીમત ચલાવી નહી. અંતે એક અમીર એ ખબર કહેવાને તઈઆર થયો. તેણે આ પરમાણે પેહલે કહીયું.

અરરર, મેહરબાન, તમારો ઘોડો!—અરે, પેલો શુંદર ઘોડો!—તમો શાહેબનો ઘોડો—ઓ ખોદા! પેલો તમારો બુલંદ ઘોડો!

એવામાં રાજા બોલી ઊઠીઓ, હું ખચીતછું કે તે મરી ગીઓ!

પેલા અમીરે તુરત કહીયું કે રાજા તમને ફાંસી દેવા જોઈએ, કાંયકે તમે પોતેજ તમારા ઘોડાના મરણની ખબર તમને કહી!

રશીઆ દેશની અંદર એક વખતે એક શીપાઈ પોતાના ઘોડાની ઊપર એક જંગલ જાંહાં બધું બરફ પડેલું હતું તાંહાં ફરતો ફરતો આયો. ઘોડો જરા પાછો હઠીઓ અને પેલો શીપાઈ ઘોડા ઊપરથી સરી પડીઓ અને તેનું ગુડણ ઘણુંજ લચકાયું. તે જમીન પર એખલો મરી જવાગ એવી ધાસતીમાં થોડો વાર પડી રહો. અંતે તેના ઘોડાએ જોયુ કે તેના ધણીને વાગાવી ઊઠાઈ શકાતું નથી તેથી પોતે જેમ બને તેમ લાંબો થઇ જમીન પર પડીઓ અને ઘણી મેહેનતને પેલો શીપાઈ તેની પીઠ પર ચહડીઓ પછી ઘોડો આસને આસને તેને બરાખમાં લઇ ગયો, જાંહાં તેની સારીપદે માવજત થયાથી તે શીપાઈ સારો થયો.

ઘોડાની જાત ઊપર આરબ લોકોનો બહુ પીઆર હોયછે. એક વખતે એક આરબ વેપારીને પોતાની ઘોડી વેચવી પડી હતી, પણ તે વારેઘડીએ તેની આગલ જતો હતો અને રડીને વીલાપ કરતો હતો. જારે તેને તે જોતો હતો તારે તે બોલતો, માહારી જીવ, મને કંગાલને તુને વેચવાની ફરજ પડીછે. મારી ઘોડી, હું ઘણો ગરીબ માણસ છું! મેં તને નાનપણેથી મારી પોતાની દીકરી દાખલ ઊછેરીને મારા ઘરમાં મોટી કીધી. તુને મેં મારીબી નથી કે, કોઈ દાહાડે ધમકાવી પણ નથી. મારી પીઆરી, ખુદા તને બચાવે; તું ઘણી ભલીછે! આ પરમાણે બીચારો તે વીલાપ કરી પાછો ફરતો હતો.

---

## તાપતી નદી ઊપરનો લોહોડાંનો પુલ.

મુંબઈ, વરોડરા રેલવે કુંપનીની આગ ગાડી મુંબઈના તારદેવના ઈસટેશનથી સુરત, ભરુચ, વરોડરા તથા અમદાવાદ ખાતે હલ જાયછે. ગરેટ ઇનડીઅન પેનીનસુલા રેલવે કુંપનીની આગ ગાડી મુંબઈના બોરીબંદરના ઈસટેશનથી કોકન તથા દખંન પસાર કરેછે. પેહલી કુંપની વાલાઓને વાટમાં મોટી મોટી નદીઓ મલીછે તેમ બીજાને મોટા મોટા ઘાટ વચમાં આડે આવીઆછે. વીદીઆબળ જે આજ માહરાજ બળ ગણાયછે તેને જોરે ઈંગરેજ બાહાદુરે ઘાટના પેટાં શેડી, અને જાહાં તેમ કરવાને નથી બનીઊં તાંહાં ઘાટના મથાલા ઊપર આગ ગાડીનો રસતો બનવીઓછે. વળી જાંહાં નદી નાલાં આડાં આવેઆંછે તાંહાં તેઓએ લાંબાને લાંબા પુલો બાંધી લીધાછે અને તેની ઊપરથી શેંકડો બલક લખો મણનો બોજો રાત દીસ વગર ધાસતીએ પસાર કરેછે.

હવે કોઈ સવાલ કરસે કે ઈંગરેજ બાહાદુરે વીદીઆ હોનરમાં વધારો કીધો તેની આગમચ દુનીઆમાં કૈયે પુલ હતા કે નહી? તવારીખ સાથે મસહલત કરતાં માલમ પડેછે કે અગલના જમાંનાના લોકોને પણ પુલની ગરજ જણાઈ હતી અને તેઓએ તે ગરજ પુરો બાંધી મટાડી હતી. ગરીક તવારીખ લખનારા કહેછે કે સેમીરામીસ, દારાયસ, ઝરકસેસ અને પીરસે મોટા મોટા પુલો બંધાવીઆ હતા. મીસર દેશમાંતો એ ખુદ પુલો પાડવાની તેઓને પેહેલાંથીજ ફરજજ થઈ પડી હતી. હવે તે વખતના પુલો વીદીઆ હોનરની ગણતરી પરમાણેના નહી તેમજ બીજી ઘણીએક બાબદમાં સંપુરણ નહી હતા; તોએ તેથી લોકોની મતલબ સરતી અને કાંમ ચાલતું હતું. એસીઆખંડની પુરાતન તવારીખ આપણી પાસે પુરેપુરી હાલતમાં

નથી જેથી આપણે ખાતરીથી કહી શકીએકે અસલી જમાંનામાં હાલના જેવા મોટા મોટા પુલો હતા.

તવારીખ જેટલું અજવાલું આપણી સાંમે ધરે છે તેથી આપણને માલમ પડેછે કે રોમના લોકોએ ક્રાઈસટની ૧૨૭ વરસ પુરવે પથરના પુલ બાંધવામાં સુધારો કીધો હતો અને તારથી આજદંન સુધી જેવી દીઆ હોનરમાં નવી નવી સોહધો થઈ તેથી તેમાં સુધારોજ થતો આવીઓછે. આજે પથર તથા લાકડાંને એક કોરે મુકી લોહોડાંના પુલો કાંમમાં લાવેછે.

પેહેલાં ગુજરાતથી મુંબઈ તરફ માલ લાવ લેઈ જાવ કરવાને માટે કઢંગા અને ખરાબ રસતાઓનો ઊપયોગ કરવો પડનો અને તેથી મેહેનત, ખરચ અને તે સાથે માલનો બગાડ થનો, પણ જેવારથી આ તરફ આગ ગાડી ઊંઘડીછે અને પુલો બંધાઈ તયાર થયાછે તારથી ગુજરાત જે પસચીમ હીંદુસતાનની એક મોટી વાડીછે તાંહાંથી હમા ચીજ અને વેપાર આપણે મુંબઈ લાવીએ છઈએ. મુંબઈથી ગુજરાત જતાં વાટમાં કેટલીએક ખાડી તથા નદીઓ આડી નડેછે, તેમાં મુખીઅ તરણ મોટી નદીઓ આવેછે, તાપી અથવા તાપતી, માહી અને નરબદા, એઓ ઊપરથી પસાર થવાને માટે પુલો બાંધવા પડીઆછે અને તે બાંધવા આગમચ મોટા મોટા ઇજનેરોનો એવો વીચાર હતો કે એ કાંમ સરનજામ ઊતરસે નહી કેમકે નદીની જમીન બધી પતલી અને બારીક રેતીની અને તેને જેમ જેમ નીચે ખોદતા તેમ તેમ નરમ જમીન સવાયે બીજું કાંઇ નજરે પડતું નહી હતું.

એ વખતે સરકારના ઇજનેર કરનલ કેનેડીએ વીચારીઊં કે પાએઆને માટે કાંઇબી બાંધકાંમ ઠીક પડસે નહી તેથી લોહોડાંના ઇસકોરૂં સાથના ભુંગડાં દાટી તે ઊપર પુલો ઊભા કરવાનો વીચાર કીધો. એ પરમાણે ખાડી અને નદીઓમાં બતેલાની મારફતે સરસાંમન લેઈ જઈ જમીનમાં ભુંગરાં ગારીઆં. એ લોહોડાંના ભુંગડાં પોકલ અને ઇસકોરૂના તેથી જમીનની અંદર જાંહાં સુધી નરમ જગા મલે તાંહાં સુધી નીચે જવા દીધાં અને એક ભુંગરાની ઊપર બીજું અને બીજા ઊપર તરીજુ એ પરમાણે જડી લેતા ગયા. છેલે જારે ઊંડાંનમાં ભુંગડાંને સકત જગા મળી એટલે તેની ઊપર તેનો આધાર રાખીઓ અને વલી તેને વધારે મજબુતી આપવાને માટે કાટખુંણે એક બીજું ભુંગડું જમીનમાં દાટટા અને ભુંગડાંની અંદર ચુનો તથા પથર ભરી તેને મજબુત કરતા ગયા. દરએક ઠેકાંણે તરણ તરણ ભુંગડાં પાસે પાસે દાટી તેનો એક થાંભ કરતા ગયા અને વચમાંની જગામાં લોહોડાંની જાલી બનાવી કે તેથી નદીના રેલમાં જે કાંઈ ઝાડ પાંન ઘસડાઈ આવે તે આ થાંભોની વચે આડા નહી પડે અને તેનો અટકાવ થાય.

પાસેના પાંના ઊપર તાપી નદી ઊપરના પુલનું એક આબેહુબ ચીત્ર આપેઊંછે તે જોતાંજ તેની બાંધણીની સમજ વાંચનારના ધેઆનમાં આવશે. આ કુંપનીને ૨૧૩ માઇલની લંબાઈમાં, છ માઇલના મોટા લોહોડાંના પુલો બાંધવા પડીઆછે, એવી રીતે નદી નાવાં દુનીઆની કોઈબી સડક બાંધતાં હજુર સુધી વચે આવેઆં નથી. આ પુલોની બાંધની દેખઈતી રીતે નબલી લાગેછે તોએ મજબુતીમાં તે બીજી બાંધણીઓના કરતાં વધારે સરસ માલમ પડેછે.

સાત વરસની વાત ઊપર જેવારે મુંબઈનો ગવરનર વરોડરે જવાને નીકલીઓ અને તે ગાડીમાં વરોડરાના રાજાનો વડો પરધાન હતો તેની સાથની હસદને લીધે કોઈ કરપીને એવા એક પુલની નજદીકમાં એક તારે રેલ લેઈ જઇ વચમાં મુકી કે તેથી ગાડી ઊંધી વળે અને પેલો પરધાન મરી જાય. આ રેલના આંચકાથી પચાસ ટનનું ઈનજીન તથા બે ગારોઓ પાટા ઊપરથી દુર ઊડી પુલની ઊપર જઇ પડીઓ અને સારાં ભાયગે કોઇના જીવને નુકશાન થયું ન હતું. આવા જબરદસત આંચકાથી પુલ પરના લાંકડાંના મોટા બીમ ભાગી ગયા અને લોહોડાંકાંમ થોડુંએક મંડાઈ ગયું; તોએ પુલને જરાએ નુકશાની થઈ નહી. એ ઊપરથી હીમતથી કેહેવાને બની આવે છે કે એ તરફનાં પુલો મજબુતછે.

આ પાસેના ચીત્રમાંનો તાપી નદી ઊપરનો પુલ જેના લોહોડાંકાંમનું વજન સુમારે બે હજાર ટંન ગણાયછે તે બતેલામાંથી ઊપાડી એ આખો પુલ તઈઆર કરવાને ફકત આઠ મહીના લાગા હતા.

આજે ગુજરાત તરફની મુસાફરી આ સેહેલાઈ થવાથી મુફલેસમાં મુફલેસ પણ કરેછે અને તાંહાંની ફલવંત જમીનમાંથી વેપાર તથા ખોરાકીનો પાક દરરોજ મુબઇ લાવી પોતાનો રોજગાર ચલાવેછે.

## ચોરીનું દેવાનાપણું.

કેટલાએક તદન સાજા લોકો, જેઓમાં ઘેલાપણાંની કાંઈપણ નીશાંનીઓ નહી દેખાય એવાઓને એક અજબ તરેહનું ચોરી કરવાનું દેવાનાપણું લાગેલું હોયછે. એવું કેહેછે કે સવીડનના પેહેલા બાદશાહને નજીવી ચીજો ચોરવાની ભુંડી ટેવ પડેલી હતી. એક જરમન, કાંઇબી ચીજ હમેશ ચોરતો હતો. બીજા એક જરમનને પણ એવી ખરાબ ટેવ હતી, અને તે પોતાની ચાલ સુધારવાની મતલબથી, લશકર ખાતામાં દાખલ થયો, કે તાંહાંની કઠણ શીક્ષાથી તેની ચાલ સુધરે; પણ તાંહાંબી તેણે એવીજ ચાલ ચલાવા માંડી, અને એક વખતેતો તે ફાંસી જતાં સેજ બચી ગયો. એજ મતલબથી તે સાધુ થયો; પણ તાંહાંબી તે નજીવી ચીજો ચોરવા લાગો. વળી એવું કેહેછે કે એક શખસને એમ ચોરી કરવાની ટેવ પડી હતી, તેથી તેણે ચોરેલો માલ એકઠો કરવાને એક ઘર ભારે લીધું. તે બધી ઘરગતુ ચીજો ચોરતો હતો. અને પછી વેચી નાખતો હતો. લંડન શેહેરના એક વખણાએલા ડાકટરની બાયડી કોઈબી દુકાનમાં કાંઈ લેવા જાય તાંહાંથી ચોરી કરીઆ વગર તે પાછી આવતી નહી હતી. એક અમીરજાદીને પણ એવીજ ટેવ હતી. એક ડાકટર પોતાના ઘરાકોને તાંહાંથી હમેશ કાંઈબી ચોરી લાવતો હતો, તેથી તેની બાયડી હમેશ સાંજના તેના ગજવાના જાહારા લેતી, અને જે ચીજ ચોરી લાવીઆ હોય તે ઘરાક ઉપર પાછી મોકલાવતી. એક શખસને ફાંસી દેવાનો હતો અને તે વખતે જે ધણી તેનો વાંક, જીંદગીની છેલી ઘડીએ, તેની પાસ કબુલ કરાવા આયો હતો, તેનીજ તેણે તપકીરની દાબડી ચોરી. એક ઘણાં મોટા ખાનદાનવાળાં અને મોટા આદમીને પણ નજીવી ચીજો ચોરવાની ટેવ પડી હતી, તેથી તેના બાપે તેને લશકરી ખાતાંમાં રાખીઓ હતો, પણ તાંહાં ચોરીને વાસ્તે તેને ફાંસી દીધો હતો. એક બીજા ઘણાં ભણેલા અને સારા આદમીને વાસ્તે પણ એવું કેહેવાયલુંછે. એવાં દેવાનાપણાંનાં ઘણાએક દાખલા મલી આવેછે, જે જોતાં માલમ પડેછે કે એકવાર આ ભુંડી ટેવ લાગુ પડી પછે રફતે રફતે તે ટેવ તે માણસનો ખવાસ થઈ જાયછે.

## ગુજરાત તરફની મુશાફરીનો હેવાલ.

---

પેઆરાં બેહેન જાઈજી;

શેતરૂંજાની જુની તવારીખ જૈઈન લોકોનાં પવીતર પુશતક મહાતમાં લખેલીછે, જે ચોપડી વીશે એવું કેહેવામાં આવેછે કે તે અસલના નામીચાં શેહેર વલભીપુરનાં શ્રી ધનેશવર શુરીએ બનાવેલાં પુશતકનું સારાંસછે. શેતરૂંજાની આગલની કેટલીક જાણવાજોગ વાત એક પુશતક ઉપરથી હેઠલ આપીએ છઈએ, તે જાતરાલુને થોડી અગતની નહી થઇ પડશે.

જૈઈન લોકોનો સરવેથી મુખીઅ અને પેહેલો તીરથકર આદીનાથ અથવા રીશભ દેવ નાભીરાજ અને મેરૂ દેવીનો પુતર હતો. રીશભી દેવને બે દીકરા હતા, તેમાંના ભરતને અઇઓધીઆનું રાજ મલીઉં હતું. તેણે શેતરૂંજાની ઉતર તરફ લશકર લઈ જઇને કોઈ જંગલી રાજા સાથે લડાઈ કીધી. એમા છેલે ભરત રાજા ફતેહ પાંમીઓ અને તેનો દુશમન નાશી ગએઓ. ભરત રાજાનાં ભતરીજા શામીઉશાએ રીશભ દેવનું દેરૂં બાંધીઉં; અને ભરતે તેનો ખરચ પુરો પાડવાને સોરઠ આપીઉં, તે દીવસથી સોરઠને "દેવ દેશ" એવું નાંમ મલીઉં પણ થોડા વખત પછી જંગલી લોકોએ શેતરૂંજાનાં દેડાંનો નાશ કરી સઘલું ઉજાડ કીધું.

વીકરમરાજા જે પરૂથવીને કરજમાંથી છોડવવાને પેદા થઓ હતો તેના રાજમાં ભાવડ અને ભાવલા નાંમે એક શરાવક અને તેની સી કમપીલીઆપુર નાંમે ગાંમમાં રેહતાં હતાં. તેઓએ બે સાધુઓની ઘણા ભાનથી નોકરી કરીઆથી તેઓને ઘણી નાંમીચી ઘોડી મલી; તેઆરથી ભાવડ ઘોડા ઉછેરનાર તરીકે પરખીઆત થઓ. તેણે વીકરમની પાએગામાં ઘણા નામીચા ઘોડા પુરા પાડીઆ, જેનાં બદલામાં રાજાએ તેને મધુમાવતી (મવા) ગાંમ ઇનાંમ આપીઉં. ભાવડને, જાવડ નાંમે એક પુતર હતો, તે પોતાના બાપ પછી મવાનો માલીક થએઓ. મવા ઉપર મોગલ લોકોએ ચડાઇ કરી ધન, માલ, વીગરે પોતાને દેશ લઇ ગએઆ; તેમા જાવડ પણ પકડાએઓ. પણ જાવડે પોતાનો ધરમ છોડીઓ નહી, અને મોગલોનાં દેશમાં પણ એક દેરૂં બંધાવીઉં. તાંહાં જૈઈન ગોરે આવીને જાવડને કહીઉં કે તું, શેતરૂંજો જે કવદ ઇઅકરી નામે દેવનું રેહેઠાણ થઇ પડીઉંછે, અને જે માસ અને લોહીથી અપવીતર થાએછે, તેની કીરતીને તું તાજી કરશે. આ વારતા સાંભલી જાવડે ચકરેસવરી માતાની મદદ માંગી, અને મેલા દેવોને નજરાના કીધાં તેઆરે તેઓએ આદીનાથની પરતીમાં બતલાવી. તે તકશસીલ નાંમે જગતમલ રાજાનાં ગાંમમાં છુપાવેલી હતી, જેની પાસેથી જાવડે માહા મેહેનતથી પતમાં લીધી, અને રાજાની મદદથી તે પોતાના મવા ગાંમમાં આવીઓ. આગલ જાવડે ચીન અને ભોટ દેશમાં વાંહાંણો મોકલીઆં હતાં, તે સારાં બાએરે બહુ ધન લઇ મવાનાં બંદરમાં આવી લાંગરીઆં હતાં. તેથી તેના દરવીઅમાં અતીશે વધારો થઓ. કવડ ઇઅકસ દેવ જેણે શેતરૂંજાને ઉજાડ કીધું હતું તેને વીર સવામીએ

પોતાનો જૈઈન ધરમ પાછો કબુલ કરાવીઓ અને તેને મવા ગાંમમાં જાવડ પાશે તેડી લાવીઓ.

પછી જાવડ, વીરશવાંમી બેઉ શેતરૂંજા તરફ ગયા, અને પેલા દેવ અને તેનાં લશકરની મદદથી આદીનાથની મુરતી પાછી પધરાવી. પણ ફરીને તેનો જંગલી લોકોએ નાશ કીધો (ઈ૦ શ૦ ૫૨) પછી ધનેશવર સુરીએ વલગી નગરનાં રાજાને જૈઈન ધરમ કબુલ કરાવીઓ અને તેની મદદથી શેતરૂંજાની પવીતર જગા જૈઈન ધરમ પાલનારના હાથમાં આવી.

પાલીટાણામાં ભાટ લોકોનો ઘણો દોરછે. જાતરાલુ લોકોની પુઠે પુઠે "ખમા," "ધણી ખમાં," "બાપાને ખમાં" એવા શબદો બોલતા બોલતા ફરીઆ કરેછે; પાહાડ ઉપર સાથે ચડેછે, દેડાંઓમાં જુકંદો થઈ હાથ લાંબા કરી ભીખશા માંગેછે, અને એટલીતો ગડબડ કરેછે કે વખતે પુંજા પણ બરાબર થઈ શકતી નથી. તેઓ એક વખત લીધાથી ધરાતા નથી, અને બેવડી તેવડી મારેછે.

પરાચીનકાલમાં જે વેલા ગોહીલી રાજાઓનુ જોર ચાલતું હતું તે વેલા પાલીટાણા ભાવનગરને તાબે હતું અને ભાવશીંગનાં ખાનદાનનો ઉમરજી ગોહીલ આ ગાંમનો રાજ કરતા હતો. પોતાના દુશમનથી બચાવ કરવાને ઉમરજીને ગાએકુવાડ સરકારની મદદ માંગવી પડી હતી અને તેઆરથી પાલીટાણાનાં ઠાકોરને એ શરકારને કાંઈ "મુલકગીરી" તરીકે આપવું પડતું હતું. પછી ધીમે ધીમે પાલીટાણામાં ઠાકોરો સવતંતર થવા માંડીઆ, અને હાલમાં ભાવનગરના ઈલાકાથી આ ઈલાકો તદન હેલાએદોછે.

તા૦ ૩૦ મી ડીસેમબર ૧૮૬૫ ની પાછલી રાતના કલાક ૪ વાગતે તલાજા જવા સારૂં પાલીટાણાથી નીકલીઆ. આસરે ૧ ગાઉ ચાલીઆ પછી હમોને એવું માલુમ પડીઉં કે ભોંમીઆઓ † રસતો ભુલી ગઆ હતા. તેથી હમોને પાછા ફરીને જવું પડીઉં. રસતામાં હેઠલ પરમાંણે ગામો મલીઆં હતાં.

| | | |
|---|---|---|
| પાલીટાણાથી | ૪ ગાઉ | પીંગલી. |
| પીંગલીથી | ૨ ગાઉ | ટીમણું. |
| ટીમણાથી | ૨ ગાઉ | માંખણીઉ. |
| માખણીઆથી | ૧ાા થી ૨ ગાઉ | .તલાજા. |

પાલીટાણાથી નીકલીઆ કે થોડેક દુર એક નાધલું નાલું મલેછે. તેને "પાલીટાણાનો ખાડો" કેહછે. અને તેનાથી આસરે તરણ ગાઉ દુર "શેતરૂંજી" નદીમાંથી ગાડીઓ ઉતારવી પડેછે. પીંગલી ગામ પસાર કરીઆ પછી "મલેમરી નદી" નાંમે એક નાલું ઓલંગવું પડેછે; ટીમણાં ગામના અંદર થઈને શેતરૂંજી નદી ફરીને ઉતરવી પડેછે, હીઆં એ નદીનો પટ ૩ થી ૪ ગજનો હોએછે અને કેટલેક ઠેકાણે ગુડણપુર પાણી ઉંડાં હોએછે. તલાજા આગલ એક નાધલું નાલું મીઠાં જીવતાં પાણીનુંછે, જેનું નાંમ "તલાજાની નદી" છે; એ નાલાને કીનારે હમોએ તંબુઓમાં ઉતારો લીધો હતો.

પાલીટાણાથી તલાજે આવવાનો રસતો ઘણો ખરાબ છે. ઠેકાંણે ઠેકાણે ફતર અને ખાડાઓ મલેછે એટલુંજ નહી પણ તે ગુંચવણ ભરેલો પણછે, જેથી એકથી વધારે વાર ઘોડા, ગાડી ગાડાઓ ભુલાં પડીઆ વના રેહતાં નથી. "ટીમણું" ગાંમડું મુકીઆ પછી એક મોહોટો ઘેરાવ આવેછે; તે એટલો તો બીકટ હતો કે ગાડીઓ મુશકેલાઈથી ચડી ગઈ, પણ ગાડાંઓ સારૂં તો તેને ખોદીને જરા સપાટ કરવો પડીઓ હતો. એ કારણોથી ઉપલો ૯ ગાઉનો રસતો કાપતાં હમોને પાછલાપોરનાં તરણ વાગા હતા, એટલે એ મુસાફરીમાં આસરે ૧૧ કલાક થએઆ હતા.

તલાજું ભાવનગરનાં ઠાકોરને તાબેછે. તેનો સઘલો વહીવટ કારભારી ચલાવેછે. એ ગાંમમાં નાધલાં, કાચી બાંધણીનાં અને વગર મારના આશરે ૫૦૦ ઘરોછે. મુખીઅ કરી હીંદુઓની વસતીછે. પાલીટાણાં કરતાં આ ગાંમની હવા સારીછે.

તલાજાનો પાહાડ એક નાહાની ટેકડીછે. તેને મથાલે જતાં આસરે ૦ા કલાક લાગેછે. ઉપર સરાવક લોકોનાં બે દેડાંછે; તેમાનું એક આસરે ૫૦ વરશનું બાંધેલું અને બીજું ઈ૦ શ૦ ૧૩૮૧ ના વરશનુંછે, એવું તજવીજ કીધાથી માલુંમ પડીઉં હતું. પાહાડનાં ઉપર કેટલાક ખો કોતરી કાહાડેલાછે. તે ઓરડા જેવાછે, તરણ બાજુથી બંધ અને એક તરફથી ખુલાછે. તેમાંનાં કોઈ કોઈમાં જોગી અને ફકીરો રેહછે. પાહાડનો પથર વાદલાં જેવો દીશેછે; તેની બાંધણી ઉપરથી અસૂલ "વાલકેનો" ઇઆને બલતો પાહાડ હોએ એવો શક .મનમાં આવેછે. પાહાડને મથાલેથી ગાંમ સઘલું હેઠલ એક નાધલા કોટથી ઘેરાએલું દીશેછે. પશચીમ તરફ દુરથી શેતરૂંજાનો પાહાડ તેની ઉપરનાં ઉંચા દેડાં સાથે ખુલો ઉભેલો દીશેછે; તેની નજદીકથી શેતરૂંજા નદી સાંકની મીસાલે આડી અવડી પુરવ તરફ વેહતી આવેછે. એ નદી ગાંમની નજદીક "તલાજા નદી" સાથે મલી જતી તથા બેઉતાં સંજોગથી થતી નદી આગલ ચાલી, ખંભાતનાં અંખાતમાં ખાલી થતી બરાબર દેખાએછે. આ નાહાની ટેકડી ઉપર હવા ઘણી સારી ફુકેછે અને આસપાસના ઉજડ પડેલાં ખેતરો સાથે સરખાવતાં તેની લીલોતરી આંખને તાજી રાખેછે.

તલાજાથી તરણ ગાઉ દુર દરીઆ (ખંભાતનો અખાત) આગલ બંદરછે તાંહાં થોડાંક જુપડાનું એક નાધલું ગાંમ (સુલતાનપરૂં) છે. એ બંદરમાં નાધલા બતીલાઓ આવેછે.

રાવલ ભાવસીંગે ભાવનગર વસાવીઆ પછી પોતાનો દસત આસપાસ સારી રીતે બેસાડીઓ હતો. તેના છોકરા રાવલ અખરાજીના વખતમાં લુટારાઓનું જોર ઘણું વધી પડીઉં હતું, જેથી વેપારને ઘણી હરકત પોહાતી હતી. તલાજા અને મવા ગાંમમાં પીંડારા કોલીઓ રાજ કરતા હતા. વેપારને વધારવાની મતલબથી મુંબાઈ સરકારે અખરાજીને ઈ. શ. ૧૭૬૪ માં મદદ કીધી અને તેઓએ તલાજા અને મવાના લુટારાઓનું જોર તોડીઉં; પણ અખરા

† મંજલે મંજલ હમોને ભોમીઆ લેવા પડતા હતા, કારણ કે ગાડીવાલાઓને રસતો બરાબર ખબર નઠી એ ભોંમીઆઓ પણું કરી ઘેરાઓ હોએછે, અને કેટલાક ગાંમમાંતો ભોમીઓ બોલ ફકત ઘેરાઓનેજ લગાડવામાં આવેછે, જે અગર ધીજી જાતવાલો રસતો બતલાવનાર હોએ અને તેને "ભોંમીઓ" કહી બોલો તેને બહુ દુખ લાગેછે

લોભી ન હતો તેથી એ ગાંમો પોતાના તાબામાં નહી રાખ્યાં, જેથી ખંભાતના નવાબના તાબામાં તલાજા સોંપાઈઉં. ઈ. શ. ૧૭૭૧ માં તેના છોકરા રાવલ વખતસીંગે તલાજામાંથી નુરમહમદ નાંમે હધીકારીને હાંકી કાહાડીએ અને તેઆરથી તલાજા ભાવનગરની દરબારને તાબે થઈઉં (ઈ. શ. ૧૭૮૦ થી તે આજ શુધી એજ ગાદી તલે કાંએમછે.

## ઈંગલંડ દેશની મોહોટાઈનું કારણ.

હાલની ઈંગરેજી પરજા જે અસલી નારમન અને સાકસન લોકના ભેલાવાથી બનેલીછે, તે બીજી પરજાઓની અંદર હાલ જે ઉંચે દરજજે ચઢેલીછે તે દરજજે આસતે આસતે તે કેમ ચઢી તે વીશે થોડુંક લખીએ છીએ.

જેમ હાલ હીંદુઓ જાતરા કરવાને માટે બનારસ અને કાસી તરફ જાયછે, અને મુસલમીનો હજ કરવાને માટે મકે જાયછે તેમ અસલ ઈંગરેજ અને યુરપની બીજી ખરીસટી ધરમ પાલનારી પરજાઓ પાલેસટાઈન ખાતે જતી હતી.

આ સઘલી યુરપની ખરીસટી ધરમ પાલનારી પરજાઓની મુસલમીન લોક સાથની લડાઈ, જેને કરૂસેડસ કરી કેહેછે, તેઓથી ઈંગરેજ લોકોનો બીજી પરજાઓ વચે વગ પેહેલ વેહેલો વધવા માંડીઓ. યુરપ ખાતેનું તુરકસતાન, જેની ઉપર અસલથી મુસલમાનો રાજ ચલાવેછે; તાહાંનાં મુસલમાન લોકોએ પાલેસટાઈન, જાંહાં ઈસુ ખરીસતની ઘોરછે, અને જાંહાં ઉપર કહયા પરમાણે યુરપના ખરીસટી ધરમ પાલનાંરાઓ જાતરા કરવા જતા હતા, તે પોતાને તાબે કીધું હતું, અને તે દેશમાં જાતરા કરવાને જનારા લોકોની ઉપર બહુ જુલમ ગુજારતા હતા અને દેશની અંદર દાખલ કરવાને માટે શુનાના શીકાઓનો કર માંગતા હતા, એટલા વાસતે એ સઘલી યુરપની પરજાએ તેઓની સાંમે આ લડાઈ ઉઠાવી હતી. એ મુસલમાન લોકોની આખાં યુરપ દેશને તાબે કરી ખરીસટી ધરમ ડુબાવી મહમદન ધરમ બધે ફેલાવાની મતલબ હતી.

અગીઆરમી સદીની આખેરીએ, પીટર ધી હરમીટ નામનો એક ફરાંનસ દેશનો રેહેવાસી પાલેસટાઈન ખાતે જાતરા કરવાને માંટે બીજા કેટલાકોની સાથે ગયો. તાંહાં મુસલમાન લોકો મુસાફરો ઉપર જે જુલમ પાડતા હતા તે પોતે સઘળો પોતાની નજરે જોયો અને યુરપ દેશના સઘળા લોકોને ઉસકેરીને પાલેસટાઈન મુસલમાન લોકોના હાથમાંથી છીનવી લેવાનો વીચાર કીધો. તે પાછો યુરોપમા આવીઓ અને શેહેરે શેહેર અને ગામે ગામ બધે ફરીઓ અને પેલેસટાઈન શેહેર મેલવવાને મુસલમાંન લોકોની સાંમે લડાઈ કરવાની અગતીઅ બધેબધ ઘણાએક અસરકારક ભાશણો કરી દેખડાવી આપી. લોકોના મન ઉપર આથી ઘણી અસર થઈ અને તેઓના દીલ પુરાકલ ઉસકેરાઆં. સઘલાઓ નાહાનાથી તે મોટા બધા પોતપોતાની અંદરના કજીઆ વીસરી જઈ આ લડાઈને માટે મુસાફરી કરવાને તયાર થયાં. તેઓના મનમાં એવું હતું જે આ લડાઈની અંદર જે કોઈબી મારીઆ જાએ તે ખચીત બેહેસતમાં જશે. થોડી થોડી ટોલીઓ થઈને એમ પાલેસટાઈન તરફ પોતાનો મારગ પકડી સઘલા ચાલતા થયા, અને રસતામાં જે કોઈબી ગાંમ મલે તે પાલેસટાઈન હશે એવું વીચારી પુછતા, એ ઉપરથી તેઓ તેં વખતે ભુગોલ વીદીઆની કેટલી માહીતી ધરાવતા હશે તેનો વીચાર શેહેલાઈથી આવેછે.

સન ૧૦૯૫ ની અંદર પેહેલ વેહેલાં આસરે ૧૫,૦૦૦ માણસની એક ટુકડીએ વાલટર ધી પેનીલેસ, નામના એક બાહાદુર સરદાર સાથે કુચ કીધી. એઓની સાથે એઓના બઈરી છોકરાં બલદના ગાડાંઓની અંદર પછવાડે ગએઆં. પણ તે ગાંમ પોંચે તેની અગાઉ રસતાની અને એવી બીજી અડચણોને લીધે તેમાંના ઘણા જણ મરણ પાંમેઆં અને બાકીનાં કોઈ પાલેસટાઈન પોહોંચેઆ નહી.

થોડોક વખત પછી એક બીજી ટોલકી પીટરની પોતાની સરદારી તલે અને એક તીજી ટોલકી એક જરમનીના પાદરીની સાથે ગઈ પણ તેઓનાબી એજ હાલ થયા. વલી એક ચોથી ટુકડી જે ઘણીજ ઉસકેરાએલી અને જુસામા આવી ગયલી હતી તે પણ એજ હાલતે મુગી.

પણ સન ૧૦૯૬ ના વરસમાં એક પાંચમી ટોલીએ ગાડફ્રે નામના એક અમીરની અને બીજા ઘણાક મોટા રાજાઓની સરદારી હેઠલ સારીપઠે ગોઠવાઈને પાલેસટાઈન તરફ પોતાનો રસતો ધરીઓ. બધાં માંણસો એસીઆ માઈનર નામના એક અસલી શેહેરમાં મલીઆં અને ગણતરી ઉપરથી એવું માલુમ પડીઉં કે તેમાં સઘળા મલીને ૧૦૦,૦૦૦ ઘોડેસવાર જેમા ઉચી પદવી વાલાં માણસો, અને ૬૦૦,૦૦૦ પેડલ સીપાઈઓ અને બીજાં ઘણાંક માંણસો હતાં, જેઓમાં ઘણીક સ્રીઓ મરદના પોશાકમાં મરદની માફક જ હથીઆરબંધ થઈ મરદાનગીથી લડવાને બાહાર પડી હતી. સઘલાંઓ ઘણા જોસામાં આવી ગયાં હતાં, અને તુરકી અને ખરીસટી લોકો સાંમાંસાંમી નીરદયપણે જેમ બને તેમ એક એકનો નાશ કરવા લાગાં. અંતે તરણ વરસ પછી ૧૦૯૯ ના વરસના જુલાઈ મહીનામાં ખરીસટી લોકોએ પાલેસટાઈન શેહેર ઉપર ઘેરો ઘાલીઓ, અને જોસામાં આવી જઈ કમકમાટ ભરેલી રીતે તીઆંના રેહેવાસીઓને કાપી નાંખેઆં. તેઆરપછે એ ટુકડીએ પોતાના સરદાર ગાડફરેને આખાં જરૂસેલમ શેહેરનો બાદશાહ ઠેડવીઓ, અને આસપાસ નાહના શેહેરો વસાવેઆં. પણ એ સઘલા શેહેરો મુસલમાનોએ આસતે આસતે પાછાં લીધાં અને એટલા માટે સન ૧૧૪૬ ની અંદર જરમનીના શેહેનશાહ કોનરાડ અને ફરાંનસના બાદશાહ લુઈનાં ઉપરીપણાં તલે એક બીજી ટુકડી લડાઈ કરવા માટે પાલેસટાઈન ગઈ. પણ એ બે બાદશાહો તદન હારી ગયા.

--સન ૧૧૮૭ ના સાલમાં સાલાદીન નામના એક ઘણાજ બાહાદુર અને શાહેઆ મુસલમાન સરદારે યુરપખંડ જીતી, ખરીસટી ધરમ જડએખથી ઉખેરી નાખી, મહમદન ધરમ ફેલાવાનો પોતાનો ઠેરાવ જાહેર કીધો.

સુલતાન સાલાદીનનો આ ઠેરાવ સાંભલી વેલાતનો બાદશાહ પેહેલો રીચરડ, જે થોડું થયુંજ ગાદીએ આવેલો હતો, તેણે પાલેસટાઈન જવાનો અને આ મોટી લડાઈમાં

ભાગ લઈ સાલાદીનની સાંમે લડવાનો વીચાર કીધો. રીચરડ ઘણો બાહાદુર અને ઉદાર દીલનો હતો અને એટલા માટે લોકો એને "સીંહી સરીખો" કરી કેહેતા હતા. એ લડાઈનો ઘણો શોખી હતો અને જોકે એણે વેલાતની અંદર દસ વરસ લગી રાજ ચલાવીયું, તોપણ તે એટલી મુદતમાં પુરા દસ મહીના પણ વેલાતની અંદર રહયો નહી હતો. તે ઘણું કરીને પોતાના આખા શરીરની ઉપર લોહોડાના બખતર પેહેડી રાખતો હતો. તે પાલેસટાઇન ગયો અને તાંહાં સુલતાન સાલાદીનને લડાઈની અંદર હરાવીઓ; આસકેલાન અને એકર નામના શેહેરો જીહીતીઆં, અને બીજાં ઘણાક બાહાદુરીના કાંમ કીધા પછી પાછો ચાર વરશે વેલાત આયો. આ બાદશાહ નારમન વંશનો હતો, અને અસલનાં અંગરેજો, જેઓ સાકસન વંશના હતા તેઓની ઉપર જુલમ પાડતો હતો, તોપણ અંગરેજ લોકો તેની બાહાદુરી ને હીંમતને વાસતે તેને ચાહાતા હતા. આ સાકસન વંશના ઈંગરેજો નારમન વંશથી ઉતરેલા ઈંગરેજ અમીરોના ગોલામો તરીકે રેહેતા હતા, એટલે જે તેઓ એ અમીરોની જગા ઉપર ખેતીવાડી કરતા હતા અને તેઓના શેઠો તેઓની ઉપર બહુ જુલમ ગુજારતા હતા, પણ આ લડાઈની અંદર જારે બાદશાહ પોતે જવા નીકલીઓ તારે તેના ઘણાક નારમન અમીરોએ પણ સાથે જવાનો ઠરાવ કીધો, કાંકે ઉપર કેહયું તેમ આ લડાઈની અંદર જે કોઈ મારીઆ જાએ તેઓ બેહેસતમાં જશે એવું તે વખતના લોકોના મનમાં ઠસીયું હતું. આ કારણને લીધે કેટલાક અમીરો જેઓ પાસે પઈસા નહી હતા તેઓએ પોતાની જગા વેચી, અને સાકસન વંશના કેટલાક ઈંગરેજો જેઓ પઈસાદાર હતા તેઓએ આ જગાઓ લીધી. કેટલાકોના શેઠો લડાઈમાં મારીઆ ગયા અને પાછા ફરી આવ્યા નહી. આ પરમાણે સાકસન વંશના ઈંગરેજો આસતે આસતે જરા પદવીમાં ચટતા ગયા, અને તેઓના શેઠોની તરફથી તેઓને જરા જરા માન મલવા લાગું. વળી આ સાકસન ગોલામોની અંદર એક જરા ચહતો વરગ હતો, અને તેઓ તીર કાંમઠાં મારવામાં ઘણા હોશીઆર ગણાતા હતા. લડાઈની અંદર એઓને સાથે લઈ જવાને માટે એઓને વધારે પગાર આપવામાં આયો અને તેઓની સારીપઠે બરદાસત લેવાઈ. આ લડાઈઓની અંદર વેલાતના રાજાઓ અને અમીરો, જેઓ વાંચતાં લખતાં પણ તે વખતે ન જાંણતા હતા, અને જેઓ પોતાની પરજા ઉપર ઘણો જુલમ ગુજારતા હતા, તેઓની ઉપર ભારે હાદેસા અને દુખ પડવાથી અને પાલેસટાઈન શેહેરના મુસલમાનો તરફથી તેઓને અપમાનો મલવાથી તેઓ દયાની કદર બુજવા લાગા અને તેઓની મગરૂરી નરમ પડતી ગઈ. આ લડાઈઓથી વાંહાંણ ચલાવાની વીદીઆને, વાંહાંણ બાંધવાની વીદીઆને, વેપારને, ખેતીવાડીના કામને, વીદીઆ હોનરને, બાંધકામની વીદીઆને, અને એવી એવી બીજી ઘણીક ચીજોને અગણીત ફાયદા થયા. પરાયા ગામના લોકો વેલાત આવવા લાગા અને પોતાના દેશની ચીજો લાવી વેચવાને દુકાનો ઉંઘાડી. આ સઘળાં કારણો સારીપઠે દખાડી આપેછે કે વેલાતના લોકો ધીમે ધીમે દરજજે વધવા લાગા. સઉથી મોટો ફાયદો અને સુધારાના કામને સઉથી મોહોટી હરકત આ લડાઈથી દુર થઈ. તે એકે અસલ જે નારમન વંશના ઈંગરેજો અને સાકસન વંશના ઈંગરેજો વચે મોહોટો ફરક હતો અને નારમન વંશ વાલાઓ સાકસન વંશ વાલાઓની ઉપર જે જુલમ ગુજારતા હતા અને અદેખાઈ કરતા હતા તે સઘલું આ લડાઈથી એકદમ નાબુદ થયું, અને હવે નારમન અને સાકસન વંશ વાલાઓ ભેલાઈ જઈને જેમ હાલછે તેમ બરાબર એક પરજા દાખલ, સાથે મલીને રેહેવા લાગા. એ બને તદાં સાથે મલી જઈ એક પરજા થઈને પેહેલા રીચરડનો ભાઈ જાન, જે તેની પછી વેલાતની ગાદીએ આયો, અને જે લોકોની ઉપર ઘણો જુલમ પાડતો હતો તથા પારકા લોકોને પોતાના દેશની અંદર લાવી મોટા ઓધાઓ આપવા માગતો હતો, તેની સામે એકમતથી થયા અને રની મીડ નામની એક જગા ઉપર "મેગના ચારટા" નામના એક વખણાએલાં લખત ઉપર જોર જુલમથી જાન રાજા પાસે સહી કરાવી, તેની શરતો મુજબ ચાલવાની કબુલાત કરાવી લીધી. આ "મેગના ચારટા" નામના મોટાં લખતની શરતો કેટલીક પરજાના છુટાપણાને વાસતે અને કેટલીક લોકોનાં માલ મીલકતના બચાવને લગતી હતી. આ લખતથી કરીને રાજાઓ અસલ જે જુલમ પોતાની પરજા ઉપર પાડતા તેનો પુરતો અટકાવ થયો, અને લોકોને છુટાપણુ મલીયું. વેલાતના લોકની હાલની મોટાઈનુ એ સઉથી મોટુ કારણછે. પારલામેંટ નામની પરધાનોની સભા એ વલી બીજું મોટું કારણછે. જાન રાજાનો છોકરો, જે તીજા હેનરી દાખલ વેલાતની ગાદી ઉપર તેના બાપ પછી આયો તે પણ પારકા લોકોને વેલાતમાં બોલાવી તેઓને ઉતેજન આપવા લાગો, અને "મેગના ચારટા" લખતની શરત પરમાણે ચાલવાને ના પાડી. તેથી કરીને સાઈમન ડી માનટફરટ નામના એક સરદારના ઉપરીપણા હેઠલ અમીરોએ રાજાની સામે હથીઆર બાંધીઆં. લુઈસ નામની લડાઈની અંદર રાજાને કેદ પકડીઓ અને માનટફરટે પરધાનોની અને લોકોની એક સભા બોલાવી હાલની "હાઉસ આવ કામનસ"—આંમ લોકની સભા જે ઈંગરેજી પરજાના છુટાપણાનો મોટો ટેકો તે આ માનટફરટે બોલાવેલી સભા ઉપરથી નીકલીછે. આથી કરીને પરજાના સાધારણ લોકો, અને ઉતરતા ધંધાવાલાઓબી રાજ ચલાવાની અંદર સામેલ થયા.

અંગરેજ લોકોની મોટાઈનું ચોથું કારણ એ પરજા અને એના પડોસી ફરેંચ લોકો વચેનો સંબંધછે.

અસલ ફરાંસ શેહેરના ઘણા ભાગ હતા અને જુદા જુદા ભાગમાં જુદા જુદા અમીરો રાજ ચલાવતા હતા અને એક મોટા રાજાને તાબે હતા. નારમન વંશનો વેલાતનો પેહેલો બાદશાહ પેહેલો વીલીઅમ, એક ભાગ, જેને નારમન નદી કરી કેહેતા હતા, તેની ઉપર રાજ ચલાવતો હતો. તેના દીકરાની દીકરીનો દીકરો બીજો હેનરી જારે વેલાતની ગાદીએ આયો તારે તેના બાપની, માની, અને બઈરીની, તરફથી તેને આસરે અરધું ફરાનસ અસતક થયું, પણ એ સઘલું જાન રાજાના વખતમાં ફરાંનસના બાદશાહે પાછું લઈ લીધું. આથી કરીને ઈંગરેજ અને ફરેંચ એ બે વચે દુશમની ઉઠી અને નારમનું વં

ચના ઈંગરેજો જેઓ ફરેંચ ઓલાદના હતા તેઓ હવે પોતાને ફરેંચ નહી પણ ઈંગરેજ દાખલ ગણવા લાગા. એ રીતે નારમન ઈંગરેજો સાકસન ઈંગરેજો સાથે ભેલાઇ ગયા. અંગરેજ અને ફરેંચ વચે મોટી દુશમની ચાલી પણ તેમાં ઘણું રમુજી આ હતું કે બધા ધંધાના ઈંગરેજ જારે ફરેંચ લોકો સાથે આ વખતે મરાયલા હતા તારે માતર એ બે પરજાના માછીઓમાં હંમેશના જેવીજ દોસતી કાએમ હતી. જારે એ બે પરજાઓ વચે ખુનામરકી ચાલતી હતી તીઆરે પણ એ બને તરફના માછીઓ હમેશના જેવાજ સંપીલા રેહેતા હતા અને વેલાત અને ફરાનસ વચે જે ખાડી આવેલીછે તેમાં એ બે જાતના માછીઓ પોતાની જાલ નાખતા અને એકએકને હરકત નહી કરતા હતા, પણ ઉલટા એકએકને મદદ કરતા હતા. વાહ ! કેહેવા બીચારા પોતાની રોટલી મલી એટલે જે ખરૂં સુખ અને ખરૂં ચેન તે ભોગવતા હતા, પણ થોડા વખતની અંદર ફરાંસ અને ઈંગલંડની લડાઈઓ બંધ પડી અને વેલાતના લોકની મોટાઇ અને દેશાલીમાની આ કારણોથી વધી.

## તલેસમાતી વીંટી—એક જોડી કાહાડેલી વારતા.

(ગયા આંકથી ચાલણુ.)

પેલી ગોલાંમ છોકરી જે શાહજાદીને પકડવાને આવી હતી અને તેને મીનારામાં સોહોથી કાહાડી તેનાં હાથ પગ બાંધી સરકારી અમલદારને બોલાવા ગઈ એટલામા, શાહજાદી દાદર વગર તથા હાથ પગ બાંધેલા તે સાથે કેમ નીકલી ગઇ, તેનું જાંણવું એવુંછે કે જેવી પેલી છોકરી તેને બાંધીને ગઈ તેવીજ શાહજાદીની નજર ભીંતના બગારામાંથી કાંઇ ચલકતી ચીજ ઉપર પડી અને બરાબર તપાસી જોયછે તો એક મોહોટું ધુવર બાહેર ભરાઇને બેઠેલું હતું. શાહજાદી માહાશકતીથી પોતાના બાંધેલા હાથ ઓંચા આગલ લેઈ ગઈ અને પેલી વીટી કાહાડી ધુવરને દેખાડી પોતે મદદ માહી. ધુવરે તુરત આવી સર નમાવી હોકમ પુછીઓ. તેણીએ પોતાના બંધ ખલાસ કરવાને કહેઉં અને ધુવરે પોતાની શકત માંસ વરે તે બંધ જોરથી તોડીઆં અને એમ કરતાં શાહજાદીનાં હાથને માંસ જોરથી લાગી જેથી તેનાં હાથ ઉપરથી લોહી નીકલવા લાગું. અને હાથના બંધ તેથી લોહીથી ખરદાયલા માલુમ પડીઆ હતા. જેવા તેણીના બંધ ખુલલા થયા તેવીજ મીનારામાંથી ઉતરવાની તે તદબીર કરવા લાગી પણ કાંઇજ ઉપાય નજર નહી આવીઓ અને કુડકો મારવાની તેણીની હીમત થઇ નહી કેમકે મીનારો ઘણો ઉંચો હતો. તેણીએ પેલાં ધુવરને અરજ કીધી કે કોઈબી રીતે તેનાં દુશમનો આવે તેની આગમચ તેને નીચે ઉતારવામાં મદદ કરવી.

પેલાં ધુવરે કહેઉં નામદાર શાહજાદી તારા સરવે હોકમને હું તાબેબુ પણ મજ એખલાથી આ કાંમ બને એવું નથી તેથી એક ક્ષણભાર તેણીએ થોભવું એટલામાં તે પોતાની બાયડી જે પાસેના ખેતરમાં હતી તેને બોલાવી લાવે અને તે બંધો મલી તેને મદદ કરે. ધુવરે જઈ પોતાની બાયડીને તુરત બોલાવી અને તેને તલેસમાતી વીટી દેખાડી. બંધો ધુવરોએ શાહજાદીને કહેઉં કે તેઓ બંધો તેની બેઉ બાજુએ રેહેશે અને તેણીએ પોતાને હાથે તેઓના પગ અલગા પકડવા અને પછે આસતેથી ઝોક લેવો તેવાંજ તેઓ પોતાની પાંખને જોરે તેનું વજન સંભાલશે.

શાહજાદી જે ઘાબરી પરી ગઇ હતી તેણીએ વગર ધાસતીએ તેમ કીધું અને નીચે ઝાહડ પાંનની અંદર પરી, તેવીજ ઉડી અને ઝાહડીમાં ભરાતી ભરાતી ચાલી. ઝાહાડીમાંથી તેણીએ કેટલાએક સીપાઇઓને મીનારા તરફ જતો દીઠા પણ તેઓની નજર તેની ઉપર પડી નહી. હીમત પકડી તેણીએ પોતાનો રશતો ઝાહડીઓમાંથી લીધો અને આગલ જતાં તેને એક દરવાજો દીઠો તેમા મુંડું ઘાલી જોતા અંદર મોહોટી વારી માલમ પડી તેથી તેણે પોતાના પગલાં અંદર ભરેઆ અને એક મોહરા ઝાહાડ ઉપર આસતેથી ચહડીને બેઠી.

આખો દીવસ તેણીએ જેમ તેમ તોડી કાહાડીઓ અને અંતે રાત પડી તોએ તેણીએ મધરાત શુધી બાહેર પડવાને હીમત નહી કીધી અને છેક મધરાતે બાહેર નીકલી જુલીખાંને ઘેર જવા ધારીઉં કેમકે તાહાં તેનું બીજું કોઈ ઓલખીતું નહી હતું. રસતામાં પેલું ધુવર ઉડીને જતું હતું તેને શાહજાદીએ વીટી દેખાડી બોલાવીઉં અને પોતાના પોપટ તથા કાગડાઓની હકીકત પુછી પોપટને બોલાવી મંગાવીઓ.

પોપટ આવતાંનેવાર તેને બોકીઓ લેઇ બોલીઓ વાહાલી શાહજાદી તારા એકાએક ગુમ થવાથી અને ઘણી ધાંસતી પેદા થઇ હતી અને મેં વીચારીઉં કે તું કોઇબી રીતે ભારે દુખમાં આવી પડી હશે તેથી હમોએ આખો દાહાડો તારી શોહોધ કીધી હતી. શાહજાદીએ પોતાનો તે દાહડાનો સઘરો હેવાલ કહેઓ અને બોલી કે તે હમણાં કાદીજે ઘેર જવા નીકલીછે. પોપટે તેણીને બોલતાં અટકાવી અને જુહુલીખાંને તેને બદલે પકડી લેઇ ગયા તેનો ખોલાસો કીધો. શીરીનની આંખમાં આંસુ આવીઆ અને તે બોલી કે શું મારે વાસતે જુહુલીખાં પકડાઇછે ! અને તેની આં જેનાં હેશાંનમા પુર ગરકાવ તેને આવું દુખ મેં કીધુંછે. અરે ખોદા મારેથી એવું કવચીત બને નહી તેથી જલદી જઈ હું જુહુલીખાંને છોડવું. પોપટે તેને ઘણી રીતે સમજાવી પણ તેણે નાથી હા પારી નહી અને તેઓ કાદીનાં ઘર ભણી ચાલતાં થયાં અને કાગડાઓને મીનારા તરફ રેહેવાને ભલાંમણ કીધી.

રાતોરાત તેઓએ જઈ કાદીના ઘરનું બારણું ઠોકીઉં અને જુહુલીખાંની દાસીએ આની તુરત પુછપરછ કરી શીરીનને અંદર લીધી. દાસી બોલી કે જુહુલીખાંને પકડી લેઇ ગયાછે અને ઘરમાં તેથી માહેતમ ચાલી રહીછે. શીરીને જવાબ દીધો કે તેને સરવે ખબર થઇછે અને તે જઈ તેને છોડવનારછે મારે તેં જુહુલીખાંની માએને મલવા આવીછે. દાસીએ પોતાની શેઠાણીને ઉઠાડી અને શીરીનને તેની આગલ પોતાના સરવે વીચાર જાહેર કીધા તેથી કાદીની બઈરીની છાતી ગજ્જેર થઈ અને શીરીનને પોતાની ગોદમાં લીધી.

શીરીન જે આખાં દાહાડાની ભુખી તરસી હતી તેને આ વખતે ફેર આવીઆ અને જમીન ઉપર તુટી પડી તેને ઉઠાડી દવાદારૂ સુંગાડી હુશીઆર કીધી અને તેને ખાવાને આપીઉં. ખાઈને શીરીન તથા સઘલાં ઘરના માણસો સુતાં. સવારના શીરીન કાદીની સાથે જાંહાં જુહુલીખાં તથા બીજા ગુલામો હતા તાંહાં ગઈ અને તાંહાંના અમલદારને કાદીએ સરવે હકીકતથી વાકેફ કરી જુહુલીખાંનો છુટકારો ચાહેઓ. તેજ વખતે રાજાનો વજીર તે તરફ ખબર લેવા આવીઓ હતો તેને પેલા અમલદારે આ વાત જણાવી પણ વજીરે જુહુલીખાંને છોડવા ના કહી અને બોલીઓ કે રાજાનો તેને ચોકસ હોકમછે કે જે કોઈબી મલી આવે તેને પકડી જાંહાં તાંહાંથી પઈસા પુરા કરી દુશમનને ભરવા.

કાદી શીરીનને મુકી રાજા પાસે ગયો અને તાંહાંથી પણ તેને રોકડો જવાબ મલીઓ કે તેની છોકરીને તો શું પણ કાદીનેબી કોઈ ખરીદવાને તઈઆર થાયતો તેને પણ તે પકડી વેચશે. આવા જવાબથી લાચાર થઈ કાદી પાછો ઘર ગયો.

શીરીન તથા જુહુલીખાંને પેલા અમલદારને અરજ કરવા ઉપરથી સાથે રાખીઆં હતાં અને તે ઓરડામાં એક બારી હતી તેના કટેરામાથી પોપટ આવજાવ કરતો હતો. બીજે દીવસે સાંજના પોપટ ખબર લેઈ આવીઓ કે જુહુલીખાને છોરવવાને માટે કાદી પુરતાં નાંણાં આપી શકતો નથી અને એકાદ બે દીવસમાં સઘલા ગોલાંમોને બાહેર મેદાંનમા જાંહાં કાશમીર ખાતેનું લશકર પડેલુંછે તાંહાં લેઈ જવામા આવશે અને તાંહાંથી તે લશકર સરવે અસબાબ, ગોલાંમ તથા બીજું બધું નજરાણું લેઈ કાશમીર ખાતે ઉપડી જશે અને તેથી શાહજાદી એકવાર ફરી પોતાની અંતરાઈ અને બાબુફનાં હાથમાં આવી પડશે. પોપટ બોલીઓ કે હવે ફકત એકજ આશા રહેલીછે તે એજ કે આ તલેસમાતી વીટી એક કાગડા પાસે તારા બપાવા ઉપર મોકલુંછું અને તે કોઈબી તલાવતથી તારો છુટકો કદાચ કરી શકસે. એજ વીટીથી મુજુફરે માહાભારત કાંમો કીધાંછે તેથી છેલી આશા એ પરછે.

પોપટે તુરત વીટી લેઈ જઈ એક કાગડાને આપી અને ગંગા નદીને કીનારે જઈ પેલા શાહધુને શાહજાદીની સરવે હકીકત જાહેર કરી આ વીટી આપવા કહી અને બીજા કાગડાને હોકમ કીધો કે જાંહાં લશકર સાહજાદીને લેઈને ચાલે તાંહા તેણે સાથેનું સાથે દુરથી રેહેવું.

બીજે દીને સવારના સઘલા ગોલાંમોને કાશમીરના લશકરનાં વડાને સવાધીન કીધા અને તાંહાંથી કુચ કરી તેઓ કાશમીર તરફ ચાલવા લાગા. કાશમીરથી એક દાહાડાનાં રસતા ઉપર આવી તેઓએ ઉતારો લીધો અને રાંણી તથા બાબુફ તેઓને સામાં લેવાને ગયાં.

રાંણી તથા બાબુફ હાથીની ઉપર અસવાર થઈ લશકર નજરાંણું તથા ગોલાંમોની તપાસ કરવા નીકલેઆં, ફરતાં ફરતાં તેઓ શાહજાદી તથા જુહુલીખાંની નજદીક આવી લાગાં અને શાહજાદીને જોતાંવારજ રાંણી ઉજરી ફગ થઈ ગઈ અને બાબુફનાં કાંનમાં કાંઈ કહેઉં. બાબુફ તરત હાથી ઉપરથી ઉતરીઓ અને શાહજાદીને જોઈ હેરત પાંમીઓ અને તેજ વખતે લશકરના સરદારને હોકમ કીધો કે રાંણીની મરજી આ ગોલાંમને પોતાની પાસે નોકરીમાં રાખવાનીછે તેથી તેને તુરત મોકલી આપવી એમ કહી શાહજાદીનું પાંખરૂં તાંણી બાહેર કાહાડી.

શાહજાદી આ બનાવ જોઈ ફગલાઈ ગઈ અને ઘભરાટમાં તેને કાંઈ શુજે નહી. એટલામાં કાંઈ ઓરજ તરેહનો દેખાવ નજરે પડીઓ. આશમાંન ઉપરથી મોહટાં ગરૂડ પક્ષીઓનાં ટોલાને ટોલાં સાથે આવતાં નજર પડીઆં. જેમ જેમ તેઓ નજદીક આવતાં ગયાં તેમ તેમ માલમ પડતું ગએઉં કે બે બાંમબુના કટકાને ચોકરીનાં આકારમાં ગોઠવી તે ઉપર કોઈ બુઢો પીરમરદ બેઠેલો અને તે બાંમબુનાં ચાર છેડા પેલાં પક્ષીઓએ પોતાના પંજામાં ધરેલા અને પાંખ વરે ઉડી તેનું વજન ટકાવેલું, તેમજ વલી બીજા છ પક્ષીઓએ બાંમબુને મજબુત દોરીથી બાંધી લેઈ તેનાં છેડા પોતાના પંજામાં લીધેલા અને એ રીતે પેલા પીરમરદનું વજન સંભાલી રાખેલું હતું.

જેવો આ પીરમરદ રાંણી તથા બાબુફ અને લશકરનો વડો જેનું નાંમ મોરાદ કરી હતું તેઓની નજદીક ઉડતો ઉડતો આવી લાગો તેવોજ તેણે ઉંચેથી પોકાર મારી પોતાનાં અસલ અને વફાદાર સરદાર મોરાદને બોલાવીઓ અને બાંગેબુલંદ બોલીઓ કે "વફાદાર સરદાર, તારા અસલી રાજા તરફ નેગાહ કર અને તુરત મારી બાજુએ થા કેમકે મને સારી રવેસ રોશણછે કે તુંને લાચારીને મારીએ મારી પછે સરદારીમાં રેહેવું પડીઉંછે પણ ઓ ! વફાદાર અને સાચા સરદાર હવે પાછો મારી સંફમાં આવી આ જુલમગારોનો સીતમ તાલ કે તેથી બંધો જેહાંનમાં તું સરફરાજ રેહેશે."

પેલા સરદારે આવાજ શાંભેલતાંજ અચરતી સામે પોતાનાં રાજાને ઓલખીઓ અને તુરત બુમ પાડી લશકરને કહેઉં કે "આપણો પેહેલો રાજા અને રયેતનો ખરો બાપ પાછો બેહેશતમાંથી આવીઓછે તેથી જેબી શીપાઈ મારી અને રાજાની તરફ હોય તેવોએ પોતાનાં હાથ ઉંચે દેખાડવા." લશકરમાં "બાદશાહ સલાંમત" એવા પોકાર ઉઠીઆ અને શીપાઈઓએ હથીઆરબંદ પોતાનાં હાથ ઉંચકી રાજાની ફરમાબરદારીમાં રેહેવાને ખુશી દેખાડી.

બાબુફ આવો માંમલો જોઈ હાથી ઉપર પાછો અસવાર થઈ રાંણી સાથે નાહસવા લાગો; પણ લશકરી સરદારનાં હોકમથી થોડાએક અસવારોએ દોડી જઈ તેવોનો કુંબાલો પકડી જલદીથી લેઈ આવીઆ અને તેવોને બંધવા દાખલ કેદ કીધાં અને તેઓનાં કરતુકની સજા દાખલ અને દુનીઆને નશીહત ખાતર તેઓને જબે કરાવીઆં.

રાજાએ જમીનપર આવી પોતાની છોકરીની છોકરીની ખબર કાહાડી એટલામાં શાહજાદીએ પોતેજ આગલ દોડી જઈ પોતાનાં મમાવાનાં પગ ઉપર માંથું મુકીઉં. તુરત રાજાએ તેણીને પોતાની ગોદમાં ઉઠાવી લેઈ હાથી ઉપર અસવાર થઈ જવા કહેઉં. શાહજાદીએ જુહુલીખાંને સાથે લેવાને મમાવાને અરજ કીધી તેણે મોહટી ખુશીથી તેણીને પણ સાથે લેઈ કાશમીર તરફ લશકર સાથે કુચ કીધી. પો

પટ આ વખતમાં વીસરાઈ ગયો ન હતો; પણ શાહજાદીનાં ખભાં ઉપર બેસી લોકોનાં માંન ભરેલા પોકારોને ડોક હીલવી આદરમાંનથી કબુલ રાખતો. કાગડાઓ પણ મેહેલમાં પોતાને અસલ થાંમે જઈ રેહવાને ખુશી થતા ઉડતા સાથે ચાલીઆ, અને પેલાં ગરૂડ પક્ષીઓએ રાજાને સતકાર કરી પોતાના પાહાડી મુલક તરફ જવાને રૂખશત લીધી.

શેહેરમાં આવી શાહજાદીએ જીહુલીખાનાં માંબાપને તેડી મંગાવાની દરખાસત કીધા ઉપરથી તેઓને બોલાવી આમાં આવીઆં અને તેવોને મેહેલની પાસે એક મોહટું ઘર આપી રાખીઆં, જાંહા શાહજાદી પોતાનો ઘણોખરો વખત તેવોની દોશતીમાં કાહાડતી.

બુધો માછી જેણે શાહજાદીને આટલી બધી મદદ કીધેલી તેને પણ તે વીસરી ન હતી અને તેને પાદશાહી બોટનો નાંખોદા કરી મોહટો મુસારો અપાવતો કીધો હતો. આ પરમાંણે કેટલાંએક સુખી તથા દુખી ચકરોમાં ફરીઆ પછે શાહજાદી આખેરે સુખી ચકરમા પાછી આવી પડી અને તલેસમાતી વીટીનો તલેસમાત પુરો થયો.

## ખાવાની વસતુ—લોકોનો સવાદ.

આ દુનીઆંની અંદર જે જે ચીજો પેદા થાયછે તે બધી ઘણુંકરીને માણસ જાતના ખાધામાં આવેછે. દખશીણ અમેરીકાની અંદરના લોકો કંઈબી જીવતું જાનવર ખાધામાં છીત નથી રાખતા. તેઓ સાંપ, ઘલોરી, કસારી ઈતીઆદી ખાઓછે, અને તે દેશમા છોકરાંઓ મોટા મોટાં કાનકચુરાઓ પકડીને તેઓને સવાદથી ખાઈ જાયછે. એમર એલડાઈ નામના એક દેશની અંદર ભુંજેલા વાંદરો એક સઊથી ઊચું પકવાન ગણાયછે, અને અમેરીકાના કેટલાંક દેશોની અંદર કુતરાનાં બચાંઓ ઘણાં ખાધામા આવેછે. અરેબીઆ દેશની અંદર ઘોડાનુ માસ પુશકલ ખપેછે. એ માસ હાલ ફરાનસમાં વેચવાને ફરાનસના સેહનશાહ નેપોલીઅને પરવાનગી આપીછે, અને એ પરવાનગી આપી તારે તાંહાં એક મોટુ ખાનુ થયું હતું, જેની અંદર બધા પકવાન ઘોડાના માસના બનાવેલાં હતાં. હીંદુસથાનનાં કેટલાંક લોકો હાથીનુ, અને મીસર દેશના લોકો ઊંટનુ માસ ઘણુ ખાયછે. ચીના લોકો પણ બીલાડી, કુતરા, ઊંદર, સાંપ, કસાગી વતરોગે બીજાં જાનવરો ખાયછે, અને બાલાબીછના પંજા, અને પખશીઓના માલા તેઓ ઘણા સવાદીશટ પકવાનો ગણેછે.

કોચીનના લોકો અને ચી[illegible] તાજા ઈડાં કરતાં કોહેલાં ઈડાં વધારે પસંદ કરેછે. આસતરેલીઆ દેશની અંદર સઊ કરતાં એક જાતનુ દરીઆઈ પખશી લોકોને ઘણું ગમેછે, અને વેસટ ઈંડીસ નામના ટાપુઓમાં એક નારીએરીપરથી એક સારો કીડો પકડી તેઓ મજાહથી ખાયછે. યુરપના કેટલાંક બજારોની અંદર ખાધ ખોરાકીની જનસમાં દેડકાઓ ઢગલે ઢગલે વેચાયછે. ડોલા લાનડ નામનો એક માહવીદવાન ફીલસુફ કરારીઆ ખાવાનો ઘણો શોખી હતો.

પણ વેલાત અને તેની પાસેનુ સકાટલંડ નામના દેશમાં લોકો વલી યુરપની બીજી બધી કોમના કરતાં એવી વાતમાં ચઢેછે. સકાટલંડની અંદર સડેલા મેંઢાનુ ગોસ ઘણું ખવાયછે. વલી શેકાર અને હરણનુ ગોસ જાહારે અંદર કીડા પાકેછે, અને તેમાથી એક ઘણુંજ ખરાબ જાતનુ જેહેર નીકલેછે, તાહારે ખાયછે. પનીરની અંદર પણ જારે કીડા પડેછે તારે ઘણા સવાદથી તેઓ ખાયછે. આવી રીતે જુદી જુદી કોમના લોકના સવાદ જુદી જુદી જાતનાછે.

## કેરબો—અંબર.

યુરપ ખંડના બાલટીક સમુદરના દખશીણ કાંઠાપર કેરબો મલેછે. સીસીલીના કોસતાપર તથા ઈંગલંડના નારફોક અને સફોકના કોસના ઊપર પણ કેરબો મલેછે. કેરબો દરીઆમાના અગણીત જહવાહેરોમાનું એક જવાહેરછે. મોટાં તોફાંનો પછી દરીઆના ઊછાછલા મોજાઓ કેરબાને કાંઠા ઊપર નાખી જાયછે. પણ કેરબો ઘણોજ થોડો મલી શકેછે તેથી તેની કીંમત હજી મોઘીજછે.

કેરબો જે આકારમાં મલેછે તે આકાર બેદોલ હોયછે. કેરબાનો રંગ જુદી જુદી જાતના રતાસપર હોયછે. કેરબો કાચની માફક જલદી ભાગી બારીક કટકા થઈ જાયછે; પણ ચાલની છરીથી તેના સેહેલાઈથી સરખા ભાગ થઈ શકેછે. કેટલાક વીદવાનો એવી અટકલ કરેછે કે કેરબો એ ઝાડના રસનો સેજાર છે. કેટલીએક વખતે કેરબો એટલોતો નરમ આવેછે કે મોમની મીસાલે તે ઊપર સીલ અથવા છાપ ઊઠારી શકાયછે.

કેરબાને જુદા જુદા ઊપયોગમાં લીધામાં આવેછે. નાની નાની નકસાદાર અને કોતરેલી ચીજો

કેરબાની બની શકેછે. ઈસટમબોલમાં હુકાની નલીના મોહોડાં કેરબાના બનાવવામાં આવેછે અને તાંહાંની ચોરતો કેરબાના હાર ગલામાં શણગાર દાખલ પેહેરે છે. તુરક અને અરમીનીઅન લોકોને કેરબાની અછી પરખછે.

ગાડીને મારવાના વારનીશમાં કેરબાની જો મેલવણી કીધી હોયતો સઊથી સરસ વારનીશ બનેછે અને તેનો ચલકાટ ઘણા વરસો શુધી ઝાંખ મારયા વગર રેહેછે.

કેરબાને જો હાથ ઊપર ઘસયો હોયતો અછી ખુશબો નીકલેછે. વળી કેરબાને જો ફલાનલના ટટકા ઊપર સારીપેઠે ઘસયો હોયતો કાગલના બારીક કુટકા જેમ લોહોચુમબક લોહોડાંને ખેંચેછે તેમ ખેંચે છે. એવું કેહેછે કે વીજલીનો પેહેલો અખતરો કેરબા ઊપરથી થયો હતો; અને કેરબાને અરબીમાં ઈલેકતરાન કેહેછે જે ઊપરથી ઇંગરેજી શબદ ઈલેકટરીસીટી ઇયાને વીજલી એ નીકલયોછે.

## નામીચા માણસોની નાંમીચી ખોડ.

કેટલાંક માણસો કોઈ ચીજ ઊપર અજબ તરેહનો ધીકાર બતલાવેછે. આવો ખવાસ તેઓમા એક ખુદરતી ખોડ ગણાયછે.

ફરાંનસ દેશનો બાદશાહ, તરીજો હેનરી બીલાડીઓને જોઈ શકતો નહી હતો ટાઈકો બરેહ નામનો એક સખશ સસાંને અને કોલાંને જોઇને ધ્રુજતો હતો. ઈરાસમસ નામનો એક વખણાયલો પુરૂશ માછલી ખાતો તો ખચીત તેને તાપ આવતી હતી. પોલાંડ દેશનો રાજા વાડીસલેઅસ સેપફલ જોનો કે નાસી જતો હતો, અને ફરાંનસના પાદશાહ પેહેલા ફરાંનસીસનો મુનસી, જોહાનસ કવરસેટો, સેબફલ જોતો કે તે લોહી ઓકતો હતો. કેટલાકો પનીર જોઈ નથી શકતા, અને વલી કેટલાકોતો કાકરી, મીઠી બદામ અને એવી એવી ચીજો જોઇ કમકમેછે. કારડાન નામનો એક ફીલસુફ ઈંડાંથી કમકમતો હતો; કરાસસ નામનો એક સખશ પાંણી તરફ ધીકારથી જોતો હતો; બીજો એક સખશ તીખી ભાજી જોતો કે તાનમાં પડતો હતો. કેટલાક લોકો મખમલને અડકે તો તેઓને ઓકારી છુટેછે અને કોઈ કોઈ વખતે તેઓ બેશુધ થઈ જાયછે. કારડીનલ બારડોન નામનો એક મોહોટો પુરૂશ ગોલાબના ફુલના વાસથી બેસુધીમાં પડતો. કેટલાંક લોકોના દેખતાં જો ભુરા રંગનું કાગજ ફારીઊ હોયતો તેઓના દાંતના પાડામાંથી લોહી ફુટેછે. આવી રીતે જે જે ચીજો ઘણાંકોને શોભીતી, સવાદદાર, ખુશનુમા અને દીલપસંદ લાગેછે, તેવી સારી સારી ચીજો ઊપર ખુદરતથીજ એક અજબ તરાંહનો ધીકાર કેટલાંક માણસો બતલાવેછે.

## નાના ફકરા.

જે મીસાલે ઉંદર ઘાંકણને પાડી સકેછે પણ પાછું ઘાંકી સકતો નથી તે મીસાલે હલકાં આદમીથી પોતાનું કે પરાએઆનું બુરું થાએછે પણ કબી ભલું થાતું નથી.

લખીને વીચારવું સારૂં, કે વીચારીને લખવું સારૂં ? વીચારીને લખવું, અને પછે વલી લખીને વીચારવું તે સરવેથી સારૂં; કેમકે વીચારીને લખતાંબી કોઈ પરકારની ભુલ રહી ગઈ હોએ તે લખીને વીચારીઆથી સુધારવાને બની આવેછે.

મન સાથે વીચાર કરશોતો તુરત સમજશો કે ઉછીનું લેવામાં અથવા કરજ કરવામાં જેટલો દર તમોને લાગતો હોએ તેથી વધારે દર બીજાની કીરતી ઓછી કરીને તમારી વધારવાની તજવીજ કરવામાં લાગવો જોઈએ.

સહવારે સકારાં ઉઠવું તે આવરદાની દોરી લાંબી કરીઆ બરોબરછે કેમકે તેમ કીધાથી બાંમદાદનો ખુશનમાં વખત નકાંમો જાતો નથી કે જેથી તેટલો વખત વધારે જીવીઆ બરોબરછે; અને બીજુતો તંદરોસતી વધેછે કે જે જીંદગીની લેહેજતમાં વધારો કરેછે.

આપણાથી કેહેવાઈ સકાતું નથી કે કેળવણી હાંસલ કરતી વખતે કેળવાતાં બાલકને વધારે મુસીબત ખમવી પડેછે કે તેને કેળવણી આપનારને પડેછે—બાળકનું કુમળું ભેજું પુખત થાએછે તેમ ઉસતાદને પોતાનું પુખત ભેજું કુંમળું કરીને ધીરજ અને સંભાલથી ગાનના કીરણો લાગુ કરવાં પડેછે.

નદી કીનારે ફરતા તમને બીજી ઘણીએક નસીએતામાં આએબી એક નસીએત મલશે કે નદીનાં પાંણી પાહાડોના પેટાં અને ખીણોના ખાડામાં ખરડાઈને ગદલાં થાએ આ છતાંબી ખોલાં મેદાન ઉપરથી વેહેતી વખતે ઠરીને નીરમલ, સફાઈદાર તથા ખુશનમાં બનેછે તે મુજબ ઘેરના કુઠલાને દાબી નાખીને મંડલીમાં સુઘડ અને સલુકવંતા થાઇને ફરવાની દરેક પુરૂશ સીની ફરજછે.

યુનાની ફીલસુફોની કેહેવતો—કામની સખી બોલી છે. જેનામાં કુવતછે તે બાદશાહ બરાબરછે. કાયદા કરોડીયાના જાલાંની મીસાલેછે; જે નબલાને ગુંચવાવી દેછે અને કુમકવાલો તેને તોડીને નીકલી જાયેછે. એક શેહેર સારા હાકમ તલે કેયારે કેહેવાયે કે જેયારે તાંહાંના લોકો જેમ પોતાની ઉપર તેમ પારકાની ઉપરના જુલમ મટાડવાને ખંતીછે. એક કુટુંબ કેયારે માનને લાયક ગણાયે, કે જારે તાંહાં દોલત ગેરવાજબી રીતે નહી મેલવી હોયે, બેઈમાનીથી કોઈની હજમ નહી કીધી હોયે, અને તે પસેમાન થયા વગર ખરચી હોયે. વાતચીતમાં સોગણના કરતાં પણ વધારે સખત રીતે ઈમાનદારી વાપડજે. જુઠું બોલતાના પણ હમેશાં સાચું બોલજે. અગતની બાબદ ઉપર વીચાર કરજે. દોસતદારો ઉતાવલથી મેલવતો ના, અને જારે મલીયા તારે ઉતાવલથી છોરી દેતોના. તારા મા બાપને માન આપજે. ખરાબ બદ આદમી સાથે વાત ના કરતો. સોલન.

# પરચુટણ.

ગુંદર—કાગલ ચોંટાડવાને માટે નીચે પરમાણે ગુંદર બનાવવામાં આવેછે.

એક પોહોલે મોહોડેની બાટલીમાં ૮ ઔંસ સારા ગુંદરના કટકા નાખવા અને તેમાં પા બાટલી પાંણી નાખવું. ગુંદર પગલે તાંહાંશુધી તેને લાકડી વડે ખુબ હીલવવો. પછી તેમાં આસતે આસતે હીલવી હીલવીને ૨ા ઔંસ નાઈટ્રીક એસીડ નાખવી. પછી બાટલીને બુચ મારવો અને જેમ ગરજ પડે તેમ ગુંદર કાંમમાં લેવો. આ રીતથી ગુંદર બગડાઈ જતો નથી તથા કોહીને વાસ મારતો નથી. નાઈટરીક આસીડ ચામડીને બાલી નાખેછે માટે તે ગુંદરમાં લેતાં સંભાલ લેવી.

કાલાં પક્ષી અને કાલાં કરતુક—એક નોકરે પોતાના સેઠના ઘરમાંથી ચોરી કીધી, પણ તે દયાલુ સેઠે નોકરને માફી બખશી અને તેની પાસેથી એવી કબુલાત લીધી કે ફરીથી તેણે એવું નીરલાજરૂ કાંમ કરવું નહી. નોકરે થોડા દીવસ પછી પોતના સેઠ પાસથી રૂખસદ લીધી અને થોડા પઈસા પેદા કરીને એક ગામમાં હોટલ બાંધયું. ઘણા વરસ પછી પેલા સેઠને બાહાર ગામ જવું પડયું અને એવો સંજોગ બનયો કે તેણે પોતાના આગલા નોકરના હોટલમાં ઉતારો લીધો. સેઠે પોતાના નોકરને ઓલખયો નહીં પણ નોકરે ઓલખાણ આપવાથી સેઠે પોતાના નોકરને પીછાણયો. નોકર સેઠ તરફ ઘણી મમતા દેખાડવા લાગો અને સેઠે પોતાના નોકર પર ઈતબાર મેલયો, પણ રાતે સેઠ સુતા તારે નોકરે જઈને સેઠને તલવારે ઠાર કીધો. નોકર પોતાના સેઠના બદનને એક ગાડાંમાં નાખી રાતોરાત નદી કીનારે લઈ ગયો. રખેને મુરદું પાંણી ઉપર આવે તે વાતથી ચેતીને પેલા નોકરે પોતાના સેઠના બદનને એક જાડી લાકડીએ આરપાર વીધયું અને એક છેડો મજબુત કીચડમાં ડાટયો, પણ તેના ભોગ જાગેલા તેથી લાકડીનો એક છેડો થોડો બાહાર દેખાતો રહી ગયો. આ વાતની નોકરને ભાન રહી નહી. થોડા દાહાડા પછી કેટલાક કાગડાઓ તે લાકડીના છેડાની આસપાસ ભમવા લાગા અને શોર મચાવા લાગા. આ તજેસબથી લોકો તરેવાર ગપ હાંકવા લાગા, પણ પક્ષીઓનો શોર જારીજ રહયો તેથી અંતે લોકોએ તે લાકડી ખેંચી કાહાડી અને તરતજ એક માણસનું મુરદું તરતું પાંણીની સપાટી ઉપર આવયું. તરતજ ખુંનીને માટે જોસતેજો થવા લાગી અને ગાડાંના પઈડાંની નીશાંની તથા લોહીના દાઘથી અંતે નોકર સપડાયો. નોકરે પોતાનો ગુનાહ કબુલ કીધો અને તેને ઘટતું સાશન થયું. આ પરમાણે કાલાં કરતુકો કાલા કાગડાઓએ આશકારા કીધાં.

શેખસાદી કેહેછે—કેટલાએક તાજા ફુલના તોરા ઘાસ વડે બાંધેલા હુંએ જોયા. તારે હુંએ કહેઉં કે આ એ નકામું ઘાંસ શું ખુબી ધરાવેચ કે એવી જઈને ફુલોની શંફમાં બેઠુંચ. તારે ઘાંસે રડીને મહને કહેઉં કે ખામોશ રેહે કાએકે બખશેસનો ધણી જે છે તે પોતાના શોહોબતીને ભુલતો નથી. અગરચે માહારામાં ખુબશુરતી અને રંગ અને ખોશબોતો નથી પણ આખરે હું ખોદાતાલાના બાગતું પેદા થએલું ઘાંસ છેઉં. હું પણ સખાવતના કરનાર હજરત પાક પરવરદેગારનો શેવક છેઉં અને તેની કદીમ નેઆમતથી પરવરશ પામેલો છેઉં. અગર હું હોનરમંદ છેઉં ઈયા બેહોનર છેઉં પણ તે પાક પરવરદેગારની મેહેરબાંનગીની ઉમેદ રાખુંછું. કાંઈ પુંજીતો માહારી પાસે છે નહી અને એબાદતનીંનો કશો પુછ ધરાવતો નથી. જારે કે કોઈનો વશીલો નહી રેહે તારે બેચારા બંદાઓનો ચારો તે પરવરદેગારથીછે. આઝાદ કરનારા ધણીઓની હેવો રશમછે કે બુઢા ગોલામોને આઝાદ કરેછે. એ બારે ખોદાએતાલા જાંહાનના શણગારનાર તું પોતાના જઈફ બંદા ઉપર બખશેશ કર.

અરે ઓ શાદી તુંબી રઝામંદીની રાશત રાહને પકડ, અરે ઓ મરદે ખોદા તુંબી ખોદાની રાહ પકડ. જે હકતાલાની દરગાહથી સર ફેરવે તે મોટો કંમબખતછે કાંએકે તેને ખોદા વનાએ બીજા કોઈનો દરગા મલવાની નથી.

"જે મીશાલે ધીમે ધીમે વરસતા વરસાદથી ખેતીવાડીનો બાહાર ખોલી રેહેછે, પણ જોરમાં પરેલું પાંણી પાકને ધોઇને તેનો નાશ કરેછે, તેજ મીસાલે ધીરજ અને સંભાલથી આપેલી કેલવણી બાલકોનાં ભેજાંમાં બરાબર પચેછે, પણ ઉતાવલ કીધાથી તે તેઓના મનમાં બદહજમી અને ઓરબી નાકઉતી ઉપજાવેછે."

સંનતોશથી કોઈ ચીજબી ખુબ તર નથી—
તંનદરોસતીના સરખો કોઈનો જર નથી—
એકીનથીજ કરસે જે તવકલ ખરી—
રજક આવસે દોરી તે પાસ તેજ ઘરી—
સંનતોસી પરજાછે રજક ફીલ,
છે. બેસબર પશાંણી રજકનો ગદા.

"મનસુખ."

## રગુજે ફુરસત.

૧ લું—તરણ અક્ષરનું નામ—તેને જાુહુલતો ઉભો ટાંગીઓ; નહીં ધુનો નહીં વાક, ચોપાસે જુગતીથી બાંધીઓ, માંનવી મલી બે ચાર ચટી છાતી પર બેસે, આયો પાછો જાય, તોએ ઠેકાંણેજ રેહેશે.

૨ જું—બે ચોરોએ (૮) ગાલન વાઈન દારૂનું ભરેલું એક પીપ ચોરીઉં અને આ દારૂ સરખે હીસસે વેંહેંચી લેવા ચાહેઉં; પણ તેઓની પાસે આ (૮) ગાલનનું પીપ, અને બીજી બે તરાંભરીઓ હતી તેમાં એક (૫) ગાલનની અને એક (૩) ગાલનની હતી તેથી વીચારમાં પડીઆ કે સરખે હીસસે એજ વાસનોથી દારૂ કેમ માંપી લેવાશે; એવામાં પેલા એક ચોરને એક યુકતી સુજી જેથી સરખે હીસસે બરાબર ચાર ચાર ગાલન દારૂ લેઇ ચાલતા થઆ તે કેમ?

૩ જું—સીઓમાં વપડાતી એક ગુજરાતી કેહેવતને તરેહવાર રીતે ઉલટાવી લખીછે તે બરાબર મુકી દેખાડો.

સાસ, પીયર, રાનીની પાલખી સારી પણ સુળી સારી નહી.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—હાંડી.
૨ જું—હાથનાં મોજાં,
૩ જું—રમવાના પાંનાં.

---

## સ્રીઓ કેલવણી વગર માંઠી હાલતમાં રેહેછે તે વીશે "ખેરખાહ" એ પોતાના ધણીને કહેલા સખુનો.

સરદ હાએ એક મારી બોલી "ખેરખાહા,"
રે-પરોપકારી પીતંમ રે-મારા "દીલખાહા."
સું કરૂં હું માહારાં દરદનું બેઆંન,
કે સેવટ જાસે તેથી આ માહારો જાંન
નહીં મલસે એ દુખની કોઈ પાસ દવા,
જર તે પર ખરચવો" નથી રવા.
તંન અને જાંનનુબી નથી તાંહાં કાંમ,
ફોકટ જાસે તાહારી મેહેનતો તમાંમ.
પણ ખરી હકીકત—તું સાંભલી લે,
પછે ઘટતો તેહેનો—તું જવાબ દે.
અકલની આંખે તું જો માહારો હાલ,
ધીરજથી ગણ માહારી જીંનદગીનાં સાલ.
થઈચ મારી તીસ અને તંણની ઉમર,
તું જેવા દીલબરની હું છેઉં સુંદર.
કીધી મહને જનંમથી બાંનુ તાહારી,
બાલપંણની હાલત—નકાંમી કાહારી.
જુવાંનીનું જેઆરથી ખીલીઉં જોબંન,
મોહોબતનો દીધો મેં તુંજને વચંન.
સુખ ચેનનાં સાએઆમાં પલીઉ આ તંન,
સંદા રેહી હું-તાહારાં ચલંનથી મથંન.
પણ એક ચીજથી અતીસે હું દુખી છેઉં,
તેહેનાં ખોલાસાની બહુ ભુખી છેઉં.
કે દુનીઆંનાં દરએક શેહેર અને દેશ,
હર જાતનાં ધરંમ ને હર જાતનાં વેશ.
નાં મનુશમાં ચોકસ એક રીતીબી છે,
ઈઆ તેમનાં ઈમાંનની ખાસ નીતીબી છે.
કે ઓરતની જાતને સીખવવો એલંમ,
કેલવવાનો તેમને મોટોછે ધરંમ.
તેથી કુલ વાંધેનાં ભાઈ અને બાપ,
તેવોનાં અગનેઆનનું સહમજેછે પાપ.
કંમબેશ સીખવવાની જાંણેચ ગરજ,
બનેચ તેમ—બજાવેચ એ મોટી ફરજ.
પણ આ દેશના લોકોની ચાલછે અજબ,
ગુજારેછે તેવો નારો પર ગજબ.
ભતરીજા-ને ભાનેજ-ભાઇ ને-ભરથાર,
માંમાં ને—કાકા—ને કુલનાં શરદાર.
તમાંમ વીધવા કાકી ને બુઢીઆ માસી,
અસતરી કેલવણીને—ગણેચ હસી.
તેમને સીખવવાનું જાંણેછે પાપ,
કરેચ તેમનાં એલંમ—હુનરનો સંતાપ.
પણ એ ચાલ કેવી રીતની દુરગુંણછે,
કેટલી જાતની બુરાઈનું એ બુંનછે.
કરેચ જેહેનો સાદી અકલ ધીકાર,
ન હાએ રાજી તેથી તે પરવરદેગાર.
બહુ મોટોછે માહારો આ દબદબો,
મોતબરછે માહારો અસલ મરતબો.
પણ હકીકતમાં હું એક હેવાંન છેઉ,
માતર તંનનાં આકારથી ઈનસાંન છેઉ.
ઈઆ પરંદાં—ચરંદાઓ જીવેછે જેમ,
જીવતર માહારૂં પણ હાલ ચાલેછે તેમ.
ખાંઉચ ને સુંઉચ હું—શાંમ અને બાંમ,
નહી જાંણુ નબીને—નહી જપું હું રાંમ.
સહમજતી નથી હું—જપની અગત,
જાંણતી હું નથી—ધરંમની બીગત.
છેઉં હું ખોદાનાં—કરોધથી નીદર,
તેની મેહેર—માએઆથી છેઉ બેખબર.
નેક કાંમની ખુબી—ને પાપનાં સંકટ,
મોહોતની પછેનાં—આરાંમ ને વીપત.
તું લગરીકબી નથી મુજમાં ગનેઆંન,
બેહેતર પસુથી નથી મુજમાં શાંન.
તેથી આ દીલ માહારૂં દલગીર રેહેચ,
અગનેઆનની મને મોટી પીર રેહેચ.
ઉદાસ ને-ગંમગીન-ને હેરાંન રેહેઉંચ,
વસવસા- વેહેમથી- પરેશાંન રેહેઉંચ,

"મંનસુખ."

# સ્ત્રીબોધ

પુસ્તક ૧૧ મું. | નવેમબર ૧૮૯૭ | આંક ૧૧ મો.

## સનાહ શેહેરનો કીલલો.

---

ભાગ ૯ મો.

જેમ જેમ જુવાક વીચાર કરતો ગયો તેમ તેમ તેહેને માલમ પડવા લાગુ કે પરીચેહેર અને અસફંદીઆરની મોહોબતમાં બુઢા ગુસતાસપની રાજી ખુશીછે. પણ જે બેઅદબ રીતે ગુસતાસપ બોલયો હતો તેથી વલી જુવાકને બીજો અંદેશો એ ઉતપન થયો કે રખેને એ બુઢાએ જાંહાંગીરશાહ સાથે સંપ કરીને તેને તખતેથી ઉઠારવાની પેરવી કીધી હોય. વલી કેકાઉશ પાદશાહનાં પુતલાંને આબેહુબ મલતો અસફંદીઆરનો ચેહેરો હોવાથી જુવાકને અંદરથી ધુજરી છુટવા લાગી. પણ તેના મનથી પકી ખાતરી હતી કે પાદસાહ કેકાઉશને પેટે છોકરાં જીવતાં હતાં જ નહી, અને વલી જાંહાંગીરશાહે પરીચેહેરનો હાથ તેને આપવાને કબુલ કીધું હતું. આવા આવા એકમેકથી ઉલટા વીચારોથી જુવાકનાં હાડકાં થરથર કાંપતાં હતાં. પોતાની આવી કઢંગી હાલતમાંથી નીકલી જવાને તેને બે રીતો નજર પડી. એકતો એકે પોતાનું તાજ અને તખ્ત જાંહાંગીરશાહને સોંપવું, પણ દીલની અભીમાની ઘણી તેથી આ રીત તેહેને મનગમતી થઈ નહી. બીજી રીત એ કે કોઈબી રીતે સમજુતીથી ઈયા કાવા દાવાથી પરીચેહેર સાથે નેકા કરવા. આવી અંનની કલપનાઓથી જાહારે તેહેને થાક ચહડી તારે તે અંતે માહાબાનું સાથે ગોફતેગોમાં પડયો. તેણે ઘણાજ કાકલુદી ભરેલા અવાજે માહાબાનુંને અરજ કીધી કે તેના કુટંબની પાએમાલી અટકાવવા તેણીએ રેહેમદીલી કરી પોતાનો તલાક કબુલ કરવો. નેક માહાબાનુંએ પોતાના કમબખ્ત ભરતારને રાજી રાખવા કહયું કે જાંહાંસુધી ધરમનાં કાનુન તોડાશે નહી તાંહાંસુધી તે તેના તલાક સારૂં એક હરફ પણ બોલશે નહી.

આવા લાગા તુટા જવાબથીબી જુવાક રાજી થયો. તેની ખાતરી હતી કે જો પઈસાનો રેલો ચાલતો મુકયો તો ચોહેરે ઈશફાનનાં મોટા ધરમગુરૂજી એ તલાક નકી કરી આપશે, અને એ કારણસંર જાંહાંગીરશાહને ઈશફાન મોકલવાનો તેણે ઠરાવ કીધો. જાંહાંગીરશાહ મેહેરબાનુંનાં, બેઆલમાં એટલોતો લપટાયલો હતો કે જુવાકે ધારયું કે માહારી લાકડી પરમાણે એ નાચશે, અને વલી જો જાંહાંગીરશાહ પરદેશ જાયતો થોડા દાહાડા કાસર પતે અને જુવાકને પોતાનો પુરતો બચાવ કરવાને ફાવે.

માહાબાનુને પોતાના ઓરડામાં રખશુદ કરીને જુવાક જાંહાંગીરશાહ આગલ જવા નીકલયો, પણ અગાસીપર જતાં તેહેને ચાકરડી દીલબર મલી. જુવાકે વીચારયું કે દીલબરને બેહુ શાહજાદીઓના મકર ખબરછે તેથી તેણીને પુછવા સારૂં ઉભી રાખી. એક બાજુએ લઈ જઈને જુવાકે દીલબરને મીઠા શખુનોથી અને લાલચ આપીને પુછયું કે પરીચેહેરનું દીલ કોણ સાથે લાગુંછે? દીલબર ગભરાતી બોલી કે "હું! પાદશાહ! નહી, પાદશાહ!——હા પાદશાહ! પરીચેહેર પોતાના બાપને માટે ઘણી ફીકર મંદછે; હુંતો તેહેને હરદમ દીલાસો આપુછું કે તે સારો થશે; શું પાદશાહ તહમે નહી ધારતા?" જુવાક બોલયો કે "હું તેહેના બાપ સારૂં પુછતો નથી, તું સઘલી રીતે વાકેફછે, બોલ કોણ જુવાનપર પરીચેહેરનું દીલ ફીદાછે? હવે સમજી."

દીલબર—ઓ ખુદા! એ મેહેરબાન નહી હું સમજી નથી. મેં પરીચેહેરને ફરમાવયું કે એક માહારી પાસે પાલોછે તેનો કાહાવો ઉકાલીને તહમારા બાપને આપો.

જુવાક—હું તેના બાપની હકીકત તુંહને પુછતો નથી. હું ધારૂંચ કે તે સારો થશે.

દીલબર—હું ઘણી મધનછું કે પરીચેહેરના પીતાને ધાસતી નથી.

જુવાક—લે આએ હીરાની વીટી. જો માહારી આગલ સાચું બોલશે તો તાહારે દરેક આગલે આવી વીટી સોભશે. બોલ પરીચેહેરની પરીતી કોણ ઉપરછે?

દીલબર—પણ મેહેરબાન જો એ વાત તહમારી પાસેથીબી બાહાર જાયતો?

જુવાક—કદીબી નહી.

દીલબર—તહમારા મરનાર બેટાપર પરીચેહેરની પરીતી બીલકુલ નહી હતી એટલું હું જાણુંચ, પણ હવે હું જાંઉંચ. જો માહારી બાઈ જાણશે કે મહને ઘણો વાર થયો તો મહને તરેહવાર સવાલો પુછશે અને પછી હું શું જવાબ આપીશ.

જુવાક—સબુર કર તેં માહારી આગલ ખુલાસો

કીધોજ નથી. તું કોઈબી દાહાડે કાંઇ કાગલ, ચીઠી પતરી કોઈને તાંહાં લઈ ગઇછે?

દીલબર—નહી મેહેરબાન નહી.

જુવાક—વારૂં પરીચેહેર સાથે અસફંદીઆરને કેટલા દીવસ થયા ઓલખાણછે?

દીલબર—મહને તેની મુતલગ ખબર નથી. પણ એટલું હું જાણુંચ કે આખા મેહેલમાં એકબી એવું માણસ નથી જે અસફંદીઆર પર ફીદા ન હોય.

જુવાક—દીલબર જા. કોઈને પણ આપણી મુલાકાતની ખબર પડે નહી. જા જા, અને અસફંદીઆર અને પરીચેહેરની મોહોબતનો જો મહને તું પુરતો હેવાલ લાવી આપશેતો તાહારા હાથ જુહુલાઈ પડશે એટલું જહવેરાત તુંહને બખશીશ કરસ. હું હમણા નામવર જાંહાંગીરશાની મુલાકાને જાંઉંછું. પણ જો તું ખબર લાવેતો આએ દાદરની નીચે ઉભી રેહેજે અને હું તાહારી મુલાકાત લઈશ.

જુવાક જાંહાંગીરશાહના ઓરડામાં પેઠો. ખેરઆફીઅત પુછીઆ પછી તેણે જાંહાંગીરશાહને અરજ કીધી કે તેના બે સરદારોને બાહાર જવાની વીનંતી કરવી. પેલા બે સરદારો ગયા પછી જુવાકે મેહેરબાંનુની વાત કાહાડી જે જાંહાંગીરશાહે ઘણીજ આતુરતાથી ઉંચકી લીધી, પણ એટલામાં બારણું ખુબ જોરથી ઉંઘડી ગયું અને ચાકરડી દીલબર પોતાના બાલો પીખતી અને રડતી તતરતી અંદર દાખલ થઈ. જુવાકે તેણીના ગભરાટનું કારણ પુછ્યું અને તે દચકા ખાતી ખાતી બોલી કે "ઓ! પાદશાહ મેહેરબાન! આપણું નખોદ વલશે! વલી મેં તેને જોયો! વલી મેં તેને જોયો!"——જુવાક ઓચબો પાંમીને અને કાંપનો કાપતો બોલીઓ કે "બોલ ડાકણ તેં કોણને જોયો? કોણ તુંને ભસવા આવેચ?" દીલબર બોલી કે "અરે! પેલો ભુત! પેલો રાખશ! ઓ ખુદા તું નેઘેહબાન થજે! મેહેલની અંદર લાલચની મારી લુમકો ખાવા રહી પણ હીંયાંનો આ ભુત મહને કાચીને કાચી ખાઈ જશે!" જાંહાંગીરશાહ બોલીઓ કે "એ છોકરી શાને માટે એટલી હેબત ખાયછે? તું હીયાં સલામતછે. કશી રીતે ફીકર ચીંતા રાખના." દીલબર બોલી કે "ઓ માહારા સરદાર! તહમારી નજરે જો તે પડયો હોતતો માહારી ધાસતીનો તહમુંને ખેયાલ આવત. નહી નહી ગમે તે થાઓ હું હીયાં હવે પાંણી પીવા ઉભી રેહેનાર નથી." જુવાક બોલીઓ કે "જા ડાકણ હીયાંથી નીકલ. તાહારી આગરી ખસીછે. હમો હીયાં છુપી વાતો કરતા હતા તાંહાં તુંએ કેમ આવવા હીંમત કીધી?" દીલબર બોલી કે "ઓ પાદશાહ સલાંમત હજુબી મહને માનો. થોડા દાહાડાની વાત ઉપર તહમારા નોકરે અગાસી ઉપર જે રાખશ જોયો હતો તેજ રાખશ આજે માહારી પોતાની નજરે મેં જોયો છે અને દસતુર ગુસતાસપ જેમ કેહેચ તેમજ બનશે એમાં શક થોડોછે." જુવાક ગુસાથી બોલીઓ, કે "છોકરી તું ફાતું ફાતું બોલીશ નહી. નીકલ હીયાંથી અને તારા સોબતી ચાકરોને એ વાતથી દભરાવ. હીયાં તાહારૂં કુચ વલનાર નથી." દીલબર બોલી કે "શું નામવર પાદશાહ તહમે એમ ધારોછો કે જે વાત હું કહુંછું તે માહારી પોતાનીજછે! તહમારી ખાતરી કરવી હોયતો આપણા મોટા દાદરની હેઠલ જઈને ઉભા રહો—ખોદા માહારો જાણેછે કે જે વાત હું તહમુમે કહુંછું તે સાચીછે." જાંહાંગીરશાહ બોલીઓ કે "બોલ છોડી બોલ, મહને તાહારી વાત સંભલાવ." જુવાક બોલીઓ કે "સરદાર એક ગાંડી છોકરી જે ફાતું ફાતું બોલે તે તહમે સાંભલશો?" જાંહાંગીરશાહ બોલીઓ કે "માહારા સરદાર હું નહી ધારતો કે એની વાત જો ખોટી હોયતો એનાં મનમાં આટલી બધી દેહેસત ઉતપન થાય. બોલ છોકરી તાહારી વાત મહને કેહે." દીલબર બોલી કે "નામવર સરદાર હું શાહજાદી પરીચેહેરનાં ઓરડામાં પાદશાહ જુવાકનાં હુકમથી——". જુવાક વચમાં બોલી ઉઠયો કે "કોણના હુકમથી-ને કોણનાં-નહી તે-તુંહને કોઇ પુછતું નથી. જે સાર હોય તે તુરત કેહે. હમુને એટલી બધી પરવાર નથી કે ઘેલાં માણસોની વાતો સાભલીએ." દીલબર બોલી કે "વારૂં સરદાર જોઈએતો મહને પેલામાં ખપાવો. જે ખરી હકીકતછે તેજ હું કહીશ. હું પાદશાહ જુવાકનાં હુકમથી શાહાજાદી પરીચેહેરનાં ઓરડા તરફ જતી હતી. પણ જયારે હું મોટા દાદરપરથી ઉતરતી હતી અને પાદશાહ જુવાકે આપેલી વીટી હોંસથી જોતી હતી તારે——" જુવાક વલી ચીરડાઈને બોલી ઉઠયો કે "ઓ ડાકણ જે સાર હોય તેજ કેહે. માહારી છોકરીની તુંએ સારી રીતે ચાકરી બજાવી તેનાં બદલામાં મેં તુંહને એક વીટી આપી તે વાતને હીંયાં શું લાગેચ વલગેચ?" દીલબર બોલી કે "હું વીટી જોતી જોતી નીચે ઉતરૂંછું તેવામાં મેં સમશેરનો અને બખતરનો એવોતો અવાજ સાંભલયો કે જાણે પરૂથવી ફાટી જતી હોય." જાંહાંગીરશાહ બોલીઓ કે "સરદાર એ શું બકેચ? શું આએ મેહેલમાં ચારોછે?" દીલબર બોલી ઉઠી કે "નામવર સરદાર શું તહમે આ મેહેલમાં એક રાખશછે તેને વાસતે નથી શાંભલયું? એક અગમચેતી પણ થઈછે તેબી આએ હસાબે તહમુને ખબર નહી હશે." જુવાક બોલીઓ કે "સરદાર આપણુને કામ બીજું ઘણું અગતનુંછે, અને આએ છોકરીની ગાંડી વાતોપર આપણુને ધેયાન આપવું લાજમ નથી." જાંહાંગીરશાહ બોલીઓ કે "સરદાર બેઅદબી માફ છે. આએ વાતો મહનેતો ગાંડી લાગતી નથી. જંગલમાં જે પેલી મહને મોટી તલવાર મલી અને જેની જોડ તોપી તહમારા મેહેલમાંછે એ વાતો આ ગાંડી છોકરીનાં મનમાં ઉતપન થઈ એમ કોઈ કહી શકશે નહી." દીલબર બોલી કે "સરદાર! બરજોર ચાકર મહને એવું કેહેતો હતો કે આવતી ચાંદરાતની અગાઉ મોટો ફેરફાર થશે. કોણ જાણે કાલેજ કાંઈ થાય અને તેમ થાય તેમાંબી નવાઈ નહી. કારણ કે મેં આજે એવાંતો રાખશનાં પગલાં ધમધમ થતાં સાંભલયાં કે હું પાણી પાણી થઇ ગઇ—અને ઉપર જોઉંચ તો—ઓ સરદાર તહમે માનશો નહી—એવોતો એક ગંજાવર હાથ મેં જોયો કે હુ નજદીક બેશુધ થઈ ગઈ. હું પછી તાહાંથી નાઠી તે એક તગરે દોડતી આ ઓરડામાં તહમારી સનમુખ આવી. માહારાં ભાઈ મહને આજ સહવારે કેહેવા લાગાં કે માહારાણી સઘલી વાતથી વાકેફછે." જુવાક બોલીઓ કે "ડાકણે હવે તાહારૂં વધારે લુતરૂં ચાલનાર નથી. સરદાર! મહને લાગેછે કે મહને જાંહાંજ ચહડાવવા કોઈ માહારા દુશમને જાણી જોઈને

આ નખાંદરાજ બાંડીને ઉશકેરીછે. સરદાર ! જોઈએતો હીંમત ધરીને બાહાર પડો અને આપણે આપણું બલ અજમાવીએ; નહીતો અરસપરસ આપણા આગલા ઠરાવ મુજબ શેહાદી કરી કજીઆનું મોહો કાલું કરીએ; બાકી સત માનજો સરદાર કે માહારાજ ચાકરોને માહારી સામે ઉશકેરવામાં પાદશાહી ખ્વાશ દેખાતો નથી." જાંહાંગીરશાહ બોલીઓ કે "જુવાક ! આ જે તોહોમત તું માહારી ઉપર ગોઠવેછે તે તાહારૂં પોતાનુંજ ફીતુરછે. મેં તાહારી છોકરીને કોઈ દીને સબદ કહયો નથી. મેં તેણીને એક દાહાડે સોગાદ કાંઈ પણ ચીજ કીધી નથી. તાહારી છોકરીને તાહારી પાસેજ રાખ; અને પરીચેહેરના ખેઆલથી હાથ ઉઠાવ, તાહારૂંજ હઈયું તુંને કરડેય અને તેથી તું માહારી ઉપર ખાલી બોહોતાન જોડેય. જે કોપ આકાશપરથી તાહારી ઉપર ઉતરયોછે તેથી માહારી છોકરીની કદખુદાઈ તાહારી સાથે હું જીતનહાર કરનાર નથી."

જુવાકે જોયું કે કાંમ બગડયું તેથી નરમાસ પકડીને તેણે જાંહાંગીરશાહને ઠંડો પાડવાની વેતરણ કીધી તેણે દીલબરને રૂખશુદ આપી અને પછી જાંહાંગીરશાહને એવી તો રીતે ફુલવયો કે તે પાછો સમજુતી પર આવયો. અંતે જાંહાંગીરશાહે પાછું પુછયું કે માહાબાનું પોતાના તલાક પર રાજીછે કે નહી. જુવાકે એ બાબદ જાંહાંગીરશાહની ખાતરી કીધી અને માહાબાનુની જાંહાંગીરશાહ સાથે મોહોડે મોહોડું મુલાકાત કરાવવાને તે કબુલ થયો.

એવામાં નોકરે આવી કહયું કે ખાણું તઈયારછે જેથી બેહુ જણા ઉઠયા. જુવાકે શુફરા ઉપર જાંહાંગીરશાહને મેહેરબાનુની પાસે બેસાડયો અને પોતે પોતાની રાણી માહાબાનુ અને પરીચેહેરની વચમાં બેઠો. બેહુ શાહાજાદીઓ દીલગીર હતી અને બેહુના ચેહેરા જરદ મારેલા હતા. જુવાકે જાંહાંગીરશાહને છાકટો કરવાની ખુબ તજવીજ કીધી, પણ જાંહાંગીરશાહ પોતાની તરબીએતનું બાહાનું કાહાડી છટકી ગયો. શુફરાપરથી ઉઠયાબાદ જાંહાંગીરશાહ પોતાના ઓરડામાં ગયો અને જુવાકને કહયું કે પોતાની ગેરહાજરીમાં તેણે પરીચેહેર સાથે ગોફતેગો કરવી. જુવાકે ખુશી સાથે આ ઠેરાવ કબુલ કીધો અને દીલગીર પરીચેહેર સાથે પોતાના ઓરડામાં રહયો. મેહેરબાનું પોતાની માતા સાથે સાંજની શીરીન લેહેકી ગુજારતી મેહેલનાં કમપાઉંડમાં રહી.

શઘલું સમશાન થયું કે જાંહાંગીરશાહ પોતાના ઓરડામાંથી બાહાર નીકલયો અને માહાબાનુનાં ઓરડામાં આસતે રહીને દાખલ થયો. જાંહાંગીરશાહ મેહેરબાનુંના ખેઆલમાં પાછો એટલોતો ચકચુર થઈ ગયો હતો કે તેની મતલબ એજ હતી કે જેમ બને તેમ માહાબાનુંના તલાક પર કોલ લેવો, કારણ કે જો જુવાકને પરીચેહેર ન મલેતો મેહેરબાનું તેને મલી શકે નહીં. માહાબાનુના ઓરડામા જાંહાંગીરશાને એક અજબ દેખાવ નજરે પડયો. એક સખસ અંધારામાં ઘુંટણ મંડીએ પડી આકાશ તરફ હાથ ઉંચાં કરી બંદગી કરતો હતો. જાંહાંગીરશાહ પાછલે પગે હટયો પણ સામો શખસ પોતાનાં પગપર ખરો થયો અને તેની સામે ટીકી ટીકીને જોવા લાગો. જાંહાંગીરશાહ બોલીઓ કે "ઓ નેકજાદ સાધુ ! હું દીલગીરછું કે તાહારી બંદગીમાં ખલલ થઈ. હુંતો રાણી માહાબાનુંને શોધુંછું." તરતજ તે સાધુ આગલ આવયો; તેનું બદન માતર હાડકાંનું પાંજરૂંજ હતું, અને તેના હાથમાં સાધુની કાટલી હતી. તે દામમના અવાજે બોલયો કે "શું માહાબાનુંને તું શોધેછે?" જાંહાંગીરશાહની આંખને ચકર આવવા લાગાં. "ઓ ઈશવર ! ઓ આકાશી ફરેસતાઓ મહને મદદ થજો" એમ જાંહાંગીરશાહે એક હાય મારી. પેલો લુત બોલયો કે "શુ ઈશવર અને ફરેસતાઓ તુંહને મદદ કરશે?" જાંહાંગીરશાહ ઘુંટણ મંડીએ પડયો અને પેલા લુતને આજીજી કરવા લાગો કે તેની ઉપર રેહેમદીલી કરવી. પેલો લુત બોલીઓ કે "શું તું મહને ઓલખતો નથી? શુનતું જંગલ ઈયાદ કર."——જાંહાંગીરશાહ ધુજતો ધુજતો બોલીઓ કે "ઓ શું તુંજ તે જંગલનો સાધુ?——બોલ તાહારા બંદાને ફરમાવ."—પેલો લુત બોલીઓ કે "શું તું બેડીમાંથી છુટો તે દુનીઆમાં મોજ મારવા?—પેલી ડારેલી શમશેહેર અને તે ઉપર કોતરેલો ઈશવરી કલામ શું તું ભુલી ગયો?". જાંહાંગીરશાહ કાકલુદી ભરેલા અવાજે બોલીઓ કે "ઓ નેક શાધુ હું તે ભુલયો નથી, પણ કેહે ઓ આકાશી રૂહ તાહારો હુકમ શું છે?—શું કરવાનું બાકી રહયુંછે?—". પેલો લુત બોલીઓ કે "મેહેરબાનુંને ભુલી જા." એટલા બોલો બોલી તે રૂહ હવા સાથે મલી ગયો અને જાંહાંગીરશાહ એકલો ઉભો રહયો.

જાંહાંગીરશાહનાં બદનમાં જાણે ફરતું લોહી બંધ થઈ ગયું. તે પથર માફક થંભ થઈ ઉભો રહયો. પછી તે લાંબો થઈ જમીનપર પડયો અને દરેક ફરેસતાની જનાબમાં બંદગી ગુજારવા લાગો. તેની આંખમાંથી આંસુની ધાર છુટી અને એકગમથી મેહેરબાનુનાં મીઠા બોલો અને બીજીગમથી પેલા સાધુનાં વચનો તેના કાંનપર પડવા લાગા: આ સમયે રાણી માહાબાનું હાથમાં એક બલતી મીણ લઈ પોતાનાં ઓરડામાં દાખલ થયાં. એક માણસને હીલચાલ વગરનો જમીનપર પડેલો જોઈ માહાબાનુંએ ચીચીઆરી પાડી. આ શાંભલી જાંહાંગીરશાહની શુધ ઠેકાંણે આવી. તે ઉઠયો તેવો દોડવા જતો હતો પણ માહાબાનુંએ તેને ફરેસતાઓનાં સપત આપી પોતાનો હેવાલ જણાવવા કહયું. જાંહાંગીરશાહ રડતો રડતો બોલીઓ કે "અરે ઓ નેક શાહજાદી !—". આટલા બોલો બોલી જાંહાંગીરશાહની છાતી ભરાઈ આવી. માહાબાનું બોલીઆં કે "ઓ નામવર સરદાર બોલ ! માહારા નામપર આટલી નીસોશ શાને મારે મુકેછે? ઓ ઈશવર હજી માહારી ઉપર શું શું વીતનારછે! આ માહારૂં માથું તાહારા પગપર મેલીને કહુંછું કે જે તાહારા દીલનો ભરમ હોય તે મહને કેહે શું કાંઈ માહારી છોકરીને થનારછે? જો એવુંજ હોયતો મહને બેલાશક વાકેફ કર". "ઓ મેહેર ! ઓ બાનું મેહેર !". એટલા શબદો બોલી જાંહાંગીરશાહ દોડી ગયો અને રાણી માહાબાનુ તરેહવાર અંદેશો કરતાં અને માથું કુટતાં ઉભાં રહયાં.

જાંહાંગીરશાહ પોતાનું બારનું ઉંઘાડે એટલામાં તેહેને જુવાક મલયો. જુવાક દારૂથી ચકચુર હતો તેથી તેણે જાંહાંગીરશાહને પાછો સુફરા પર ચાલવાને કહયું. જાંહા

ગીરશાહ જે અંદરથી દાહાજતો હતો તેણે આવું નોતરૂં
શાંભલીને જુવાકને હંશેલો મારયો અને જોસથી બારણું તે
ના મોહોપર અફાડીને અંદર ભરાઇ બેઠો. જુવાક બહુ
ગુસામાં હાથ પગ અફાડતો અને દાંત કકડાવતો આગલ
ચાલયો. એવામાં તેને જે નોકર અસફંદીઆર અને ગુસ
તાસપના મંદીરમાં ચારા જોતો હતો તે મલયો. આ નો
કરે જુવાકને જણાવયું કે પાદશાહ કેકાઉશની ઘોર આગલ
મેહેલમાંની એક નાજની અસફંદીઆર સાથે વાત કરેછે.
જુવાક જે જાંહાંગીરશાહે આપેલાં અપમાનથી હજુર કફા
જ હતો તે આ વાત શાંભલીને વધારે કરોધમાન થયો. પ
રીચેહેરે એક કલાક આગમચ તેણીના બાપના હુકમની વી
રૂધ માહારી સાથે બીલકુલ વાત કીધી નહી તે અસફંદીઆ
રને ભેટવાની અધીરાઇનેજ કાજે હશે એવી જારે જુવાકે
મનથી તરક કીધી તારે અસફંદીઆર ઉપર પુરતું વેર લે
વાને દરેક તેના બદનના બુરા હવસ ઉશકેરાયા. તે મુગો
મુગો પાદશાહ કેકાઉશની ઘોર તરફ ચાલયો. જારે તેના
કાનપર પરગરા શબદો આવવા લાગા તારે તે ઉભો, પ
ણ રાત અંધારી હતી તેથી વાતચીત કરનારાઓના ચેહેરા
પરખાઇ શકાયા નહી. એક જણનો અવાજ આવયો કે
"શું તે માહારી ઉપર આધાર રાખેચ ? જુવાક કદી પણ
આપણા નેકા કબુલ કરનાર નથી.—" "નહી, નહી, ન
હી અને નહીજ" એટલા શબદો બોલીને જુવાકે દોડતો
જઇ પોતાનું ખંજર જેના મોહોમાંથી તેણે પેહેલા શબદો
શાંભલયા હતા તેની છાતીમાં ભોકી દીધું. જમીન પર એ
ક મરઘાં માફક તરફડતી મેહેરબાંનુ બોલી કે "ઓ ખુદા
હું મરૂંચ, માહારા રૂહ પર રેહેમથી જોજે." અસફંદી
આર જુવાક પર ધસયો અને તેના હાથમાંથી ખંજર જુદુ
તાવીને બોલયો કે "ઘાટકી, સેતાનીઅતી દેવ, શું દોજખી
કાંમ તેં કીધું." મેહેરબાંનુ નાતવાન અવાજે બોલી કે
"સબર સબર વાહાલા અસફંદીઆર, એનો માહારો પો
તાનો પીતાછે" જુવાકના આ શબદો સાભલતાં હોશ
કોશ ઉડી ગયા. તે છાની કુટવા લાગો, હાથો પછાડવા લા
ગો અને જો અસફંદીઆરે અટકાવયો નહી હોતતો તેણે
પોતાનું ખંજર જુતવી લઇ આપઘાત કીધો હોત અસ
ફંદીઆરની કલાપીતથી પાસેના મઠમાંથી કેટલાએક જોગી
ઓ દોડી આવેયા; અને કમતાલેની મેહેરબાનુંનું લોહી બં
ધ કરવા ઉપાય કરવા લાગા. મેહેરબાંનું જાંહાં શુધી હોશ
માં હતી તાંહાંશુધી અસફંદીઆરને મીનતજારી કરતી હ
તી કે જુવાકને દીલાસો દેવો. બુટો ગુસતાસપ બોલીઓ કે
"જુલમગાર તાહારાં કરતુકનો બદલો આ દુનીઆમાંજ
જો. કેકાઉશ પાદશાહની હાપ ઈશવરની દરઘાહમાં પોહોં
તી અને તાહારૂંજ લોહી તેં આ ઘોર પર છાતયું એજ એક
ઈશવરના કોપની ઇધાંનીછે." મેહેરબાંનુ મરતા અવાજે બોલી
કે "એ ઘાટકી મા——ણુસ, કાં, મા——હારા——પી
તા——ને નાહે——ક——દુખ——દીએ——છે. ઈ
શ——વર——માહા——રા——પીતા——ને——
માફ——ક——રે." જુવાક બોલીઓ કે "ઓ પેયારી
દીકરી, પરીચેહેરને જાણી આ સેતાનીઅતી હાથે, તાહારી
નાજુક છાતી વીંધી નાખી. અરે મેહેર, શું તું મહને
માફ કરે !". મેહેર બોલી કે "પીર——ય——પીતા—
હું——દીલો——જાનથી——તહમુ—ને—માફ——
કરૂંછું.——અરે——પેયા——રીમાં !——તું હને—
કોણ——દીલા——સો——દેશે.——વાહાલા——પી
તા——માહારાં——માને——દીલા——સો——દે—
જો.——માહારાં——મા——ને——કાહા——ડી—
ના——મેલ——તા.——ઓ——હું——મ——રૂં
ચ;——માહારી——માને કોઇ——દે——ખા——ડો."
મેહેરબાનુંની ભારી આજીજીથી નજદીકનાં મંદીરને
બદલે તેણીને મેહેલમાં તેની મા આગલ એક ડોલીમાં લઇ
ગયા. અસફંદીઆર તેણીની પાસે ચાલતો હતો અને દી
લાસાનાં બોલોથી તેણીને જીવવાની આસા આપતો હતો.
ગુસતાસપ બીજીગમથી ધરમનાં શમકો કાહાડતો હતો અ
ને મેહેરબાનું આ દુનીઆ છોડયા આગમચ ઈશવરની
બંદગી કરતી હતી. કમ તાલેનો જુવાક રડતો રડતો ધ્રુજ
તા પગે પાછલ ચાલતો હતો, અને પોતાથી થયલા જબુન
પાપની તોબા કરતો હતો.

—∞∞—

# આશા અને ભય.

## એક આસલી બરાહમણે દીધેલી સીખામણ.

"આશાના વચન ગોલાબની કલી કરતાં વધારે
મધુરછે અને ઊમેદને વધારે ઊશકેરેછે; પણ ભયની ધ
મકી દીલને એક ધાસતીછે.

"તોય પણ, જે સાચુંછે તે કરવાથી આશાથી લ
લચાતોના અથવા ભયથી દરી જતોના; કે જેથી એક
સાન મનથી સઘલા બનાવોને ભેંટવાને તું તઈયાર રેહેશે.

"નેક માણસને મોહોતનો ભય કાંઈ પણ રીતે
ભય નથી, જે કોઈ બદી નહી કરે તેને કસાથી બીહી
વું નથી.

"તારા સઘલા કાંમમાં એક વાજબી મનપતી
જથી તારી મેહેનતને ઊશકેરજે, જો તું ફતેહ પાંમ
વાને નીરાશી થાયેતો તું કદી ફતેહ પાંમવાનો નથી.

"નકામી ધાસતીથી તારા જીવને બીહીવરાવ
તોના, કે ખેયાલી વીચારોથી તારા દીલને નીરાશ
કરતોના.

"બીહીકથી કમબખતી પેદા થાયેછે; પણ જે
આશા રાખેછે તે પોતાને મદદ કરેછે.

"જેમ શીહાસુરગ સેકારીઓથી નાહાસતાં પો
તાનું માંથું ઢાંકેછે, પણ પોતાનું બદનને ભુલી જાયેછે, તે
જ મીસાલે એક હીચકારાની બીહીક તેને ધાસતીમાં
નાખેછે.

"જો તું એવું માનતો હાયે કે એક ચીજ અં

નવી મુશકેલછે, તો તારી નાહીમતજ તેમ કરશે; પણ જે કોઈ પછવાડે લાગેછે તે સઘલી મુશકેલ આશાન કરેછે.

"નકાંમી આશા બેવકુફના દીલને ઊશકેરેછે, પણ જે દાનાવછે તે તેની પછવાડે જતો નથી.

"તારી સઘલી ઊમેદમાં સમજ સાથે રાખજે અને બની શકે તેની હદથી બાહેર તારી આશા બાં ધતો નાં; કે જેથી તારૂં કાંમ ફતેહ થશે અને તારા દીલને નાઊમેદીથી ચીરડાવું પડશે નહી."

## ઓરતોની મીજલસ.

### ભાશાણ ૨૪ મું.

### બચાંના ઓરડા વીશે.

જે ઓરડામાં બચાંને રાખવામાં આવે તે ઉપર તેની તનદરોસતી ઘણો આધાર રાખેછે, એટલા માટે એ બાબદ ઘણી અગતનીછે, અને એ ઉપર તમારૂં ધેયાન વધારે પોંહોંચાડશો એવી આશા રાખુંછું.

**૧. બચાંને માટે એક જુદો ઓરડો રાખવાની જરૂરછે.**

જે ઓરડામાં માં બાપ સુવે તે ઓરડામાં બચાને રાખવું નહી; તેઓની પાસેનો ઓરડો એક જુદોજ રાખવો સારોછે, કાંયેકે તેમાં તેની બરાબર મેનીજ થઈ શકેછે. વલી ગરદી વાલી જગામાં બચાં બરાબર ઉછરી શકતાં નથી. જુદો ઓરડો રાખવાનું સઘલાથી બની શકતું નથી, તોપણ જેઓથી બને તેઓને તે પરમાણે કરવું જરૂરછે.

**૧. ઓરડો ખોલો અને ઘણો સારો હોવો જોઈયે.**

સઉથી સારા ઓરડાનું બેયાન આ પરમાણે હોયેછે. તે મોટો કોશાદે, હોવો જોઈયે અને તેની સીલીંગ ઉંચી હોવી જોઇયે, કે જેથી બચાંને જેટલી જોઇયે તેટલી ચોખી હવાનો લાભ મલી શકે. ઓરડો સુકો હોવો જોઈયે, તે સરદ નહી થાયે તેની સંભાલ રાખવી; તેટલા માટે તે ભોયે તલીયે નહી હોવો જોઇયે, વલી તે આસપાસ ઝાડોથી ઢંકાઈ ગયેલો નહી હોવો જોઇયે, અથવા સુરજની રોશનીથી બંધીયાર નહી જોઇયે.

બારીઓ બંદબસત થાયે તેવી જોઇયે, અને દીવાલ સુકી હોવી જોઇયે કે સરદી અંદર પેવસ નહી થાયે. જમીન પાતીઆંની બનાવવી, કે જો ભીંગાયેતો જલદીથી સુકાઈ જાયે.

ઓરડાના બારણાં એવી રીતે નહી મુકવાં કે તાંહાં થીજ દાદર ઉપર ઉતરવું પડે. તેથી વારેઘડીએ બચાં પડી જાયેછે. જો એવું હોયેતો દાદરના મથાલા ઉપર એક આરસી, બારી ગરાર સાથની મુકવી.

ઓરડાની બારીઓને પાંચ પાંચ ઈંચને છેટેથી ગરાર મુકવી કે તેથી બચાંને કાંઈ પણ નુકસાન થાયે નહી; અને બારી વગર ધાસતીએ હવા આવવાને માટે ઉઘાડી રાખી શકાયે. બારીઓને ફરકાં હોવાં જોઇયે કે જેથી ઓરડામાં જોઇયે તારે અંધારૂં થઈ શકે અને હવા પણ આવી શકે. બારી આગલ ચલકતા રંગના પરદાઓ નહી મુકવા કાંયેકે તેથી બચાંની આંખને ઉજાસ વધારે લાગીને નુકસાન કરશે.

બને તેમ ઓરડા બે જોઇયે અને તે એક માહેથી બીજામાં જવાઈ શકાયે. એક ઓરડામાં બચાં સુએ અને બીજામાં આખો દાહાડો ખેલ કરે, અથવા જારે એક ઓરડો ઝરાએ અને સાફ થાયે તારે બચાં બીજા ઓરડામાં જઈને બેશે અને તેથી ધુલમાંથી બંચાવ થાયે. જારે એક ઓરડો ધોવાયે તારે સરદી નહી લાગે અથવા ઠંડી હવા આંગ ઉપર નહી ફુકે એટલા માટે બીજા ઓરડાનું કાંમ પડેછે. વલી બચા જાંહાં સુએછે તે ઓરડાની હવા બીગડેછે, તેથી તે સાફ થાયે તાહાંસુધી બીજો ઓરડો કાંમ લાગેછે.

ઉનની સેતરંજી તાહાડના દાહાડાઓ ઉપર ઓરડાંમાં પાંથરવી અને દર અથવાડીએ બાહેર કાહાડી ઝટકીને વખાતી મુકવી કે જેથી ધુલ સઘલી નીકલી જાયે અને વલી સુકાયે. એવી સેતરંજીથી બીજો ફાયેદો એછે કે જો બચું તે ઉપર પડી જાયેતો કાંઈ નુકસાન થાયે નહી. ખાલી જમીન રાખીયાથી બચાં વારેઘડીએ પડેછે તારે ઘણી નુકસાંની થાયેછે.

ગરમીના દીવસ ઉપર બચાં ઘણુંખરાં ખોલી હવામાં રેહેછે તેથી ઉનની સેતરંજી કાહાડી નાખવી અને તેને બદલે એક સરખી સાદરી પાંથરવી. ઉનની ગરમી ઘણી લાગેછે.

ઓરડામાં બચાંને જેઇતીજ સાંમાણ રાખવાની જરૂરછે. બચાંનું બીછાંનું, આયાનું બીછાંનું, એક બે ખુરશી, અને એક ટેબલ બસછે.

બીછાનું નરમ સુજનીનું જોઇયે.

બને તાંહાસુધી બચાને એક એકથી જુદાં સુવારવાં, તેઓ એકમેક સાથે વીતલાઈ જાયેછે, એકમેકની ગરમીથી બેકરાર રેહેછે. વલી ઓઢવાનું બરાબર રાખતાં નથી, તેથી તેઓ ઉપર ઠંડી હવા ફુકેછે.

બચાંને જેટલું ઓઢવાને માટે જોઇયે તેથી વધારે કપડાં મુકવાં નહી; તેથી ઉલટી ગરમી પડીને પસીનો પેદા કરેછે. વલી ગરમી પડી આવીયાથી ઓઢેલું કાહાડી નાખેછે; પસીનો પડેલો ઠંડા પવનથી જલદીથી બંધ થાયેછે અને તેથી નુકસાની થાયેછે.

### ચાહ, કાફી, અને તેઓનો ઊપયોગ.

જેવી રીતે ચાહ પીધામાં આવેછે તેવી રીતે તે શરીર ઊપર અસર કરેછે. તે માણસને હુશીયાર અને સજાગરૂ કરેછે ઇયા તેને સુસતીમાં અને ઊંઘમાં નાખેછે. જો મધમ રીતે ચાહ પીધી હોયતો જીવ ખુશ રહેછે; કારણ કે તેથી ખોરાક બરાબર પચેછે. જો ઘણી ચાહા "ઇસતરાંગ" કરીને પીધી હોયતો માં

ણસ જાગરૂત રહી શકેછે. કેટલાંએક માણસો ચાહા પીધા પછી પોતાની મનશકતી વધારે સારી રીતે વાપડી શકેછે. • જાગરૂત રાખવાનો લીલી (ગરીન) ચાહેમાં અને સુસતી લાવવાને કાલી ચાહેમાં વધારે ગુણછે. પણ ઘણીજ "ઈસતરાંગ" ચાહે પીધાથી ફાયદો નથી. પેહલે શરીરને એકદમ હુશીયારી આવે છે પણ આસતે આસતે તે સુસત થતું જાયછે અને અફીણની મુઆફેક માણસ ઊંઘમાં પડેછે. ખાધા પછી એક ચાહેનું કપ લીધાથી ખોરાક બરાબર હજમીઅત થઇ શકેછે. જેઓને પીતનો ઊછાલો હોય અને જેઓને બદહજમીઅતી થતી હોગ તેઓને મધમ ચાહે પીધાથી ફાયદો થાયછે. નબલાઈથી માથું દુખતુ હોયતો ચાહેથી નરમ પડેછે અને ઘણી થાક ચહડી હોયતો ચાહેથી ઊતરેછે. જે પુરૂશ રોજ સંગીન ખોરાક ખાતો હોય તે જો મધમ રીતે ચાહેનો ઊપયોગ કરેતો તેને બેશક ફાયદો થાય. ઘણી ચાહે પીધાથી શરીર નાતવાંન થઈ જાયછે. જો ચાહે માફક નહી આવેતો તરત બંધ કરવી. સહવાર અને સાંજ એક કપ વજનસર ચાહે નાખી પીધું હોય તો બસછે. ઘણી "ઈસતરાંગ" ચાહે ઊપર કહયું તેમ નાતવાની ઊતપન કરેછે, અને પાચન શકતી ઊતપન કરેઆને બદલે તે ઘટાડેછે. ચાહે ઘણી ગરમ પીવી જોઈએ નહી. આપણા લોકો જે છાતી શેકવાનો વીચાર રાખેછે તે સદનતર ખોટોછે. એમ કરેઆથી ઊલટી ખરાબી થાયછે. વલી ચાહે ઘણીજ થંડીબી પીવી જોઈએ નહી કારણ તેથી ઊલટી ધઇ આવેછે. વલી ઘણીજ કુમલી ચાહે પણ નાપસંદ કરવા જોગછે; કારણ તેથી ધુમ પીશાબ છુટી જાયછે. ગરીન ચાહે અથવા અરધી ગરીન અને કાલી કરતાં શુધ કાલી ચાહે સઊથી સરસછે. ચાહેમાં વજનસર સાકર અને દુધ ભેલયું હોયતો પીવાને લેહેજત આપેછે અને ચાહે પીવાલાયક થાયછે.

કાફીનાં પણ ચાહેને મલતાજ ગુણોછે. પણ કાફીમાં ચાહા કરતાં વધારે પઊશટીક ગુણછે. કેટલાએક લોકોને કાફી જેરવવી મુશકેલ પડેછે. તેઓને તેના ને તેના અટકાર આવયા કરેછે અને ખાવાની રૂચી કમતર થાયછે. એવી રોતે જેઓને કાફી સદે નહી તેઓએ લેતી બંધ કરવી. જો દુધ વગર એક નાનું કાફીનું કપ ખાધા પછી પીધું હોયતો ખોરાક જરપત થઈ શકેછે. રાતે પીધાથી ઊંઘ ઊડી જાયછે અને શરીરને સજાગરૂ રાખેછે. અભયાસીઓને મધમસર કાફી લીધાથી રાતે ચોપડી વાંચવાનું બરાબર સુજ પડેછે. પાણીમાં કાફી નાખી તેનો બાફ લીધાથી દુખતું માથું બંધ પડેછે. કેટલીએક વખતે પેટમાનાં ચુંકાપર કાફી લાગુ પડી જાયછે. તનની અથવા મનની થાક કાફીથી ઊતરેછે. તાપમાં જે કફ થઈ આવેછે તે કોઇ વખતે કાફીથી ચપેછે. કાફીનો મધમ ઊપયોગ ફાયદો કરેછે. ઘણી કાફી પીવીઆથી ગુણને બદલે અવગુણ થાયછે, અને કેટલીએક વખતે દરદપર નાખી દીએછે. ઘણી કાફી લોહીને બગાડેછે, નાતવાની પેદા કરેછે, કલેજું બગાડેછે, અને કોઇ કોઈ વખતે એક જાતનાં લકવાપર નાખેછે. કાઇને જો કાફી સદતી નહીતો ચાંમડાપર જીની જીની અરાઈ ઊઠારેછે. જો એક થંડાં પાણીનું ગલાસ પીધા પછી તરતજ કાફી પીધી હોયતો સેજ જોલાબ લાગેછે. કેટલીએક જાતનાં ચોકસ જેહેરપર લીંબુનાં રસની સાથે "ઈસટરાંગ" કાફી પાયાથી જેહેરની અસર ઊતરેછે.

---

## માણસની ઊંઘ ઊપર ટેવની અસર.

માહવરો પડયાથી ખલાસીઓ અને સીપાઈઓ ચાહે તે વખતે ખુશ નીંદમાં પડી શકેછે અને ચાહે તે વખતે ઊઠી શકેછે. શાનશાહ નેપોલીઅનને ઊપર મુજબ તબે હતી. કપટાંન બારકલે જેને વીશે એવું કેહેછે કે તે એક હજારે મઈલ એક ટગરે ચાલતો હતો તેને એવી તબે હતી કે જેવો સુવે તેવો ભર ઊંઘમાં પડતો હતો. કેટલાએક લોકોને એવી ટેવ હોયછે કે કલાકનાં કલાક શુધી ભર ઊંઘમાં પડી રેહે. કુઈન નામનો નામીચો ખેલાડી લાગત ૨૪ કલાક શુધી ઊંઘમાં પડતો હતો. ઈલીઝાબેથ ઓવન નામની સ્ત્રી પોતાની આખી જીંદગીનો માતર પા ભાગ જાગી હતી. ઈલીજાબેથ પરકીનસ નામની સ્ત્રી એક પખવાડયાં શુધી ઊંઘાતી હતી, અને મેરી લાએલ નામની સ્ત્રી છ અઠવાડયાં ઈયાને દોહોડ મહીના શુધી ઊંઘમાં પડતી હતી.

વલી કેટલાએક પુરૂશો ઘણોજ થોડો વખત ઊંઘમાં કાહાડેછે. ઈલીઅટ નામનો એક નામીચો

ઇંગરેજ સરદાર દાહાડાનાં ૪ કલાકથી વધારે સુતો ન હતો. જાન મેક નામનો એક શખસ જે ૯૧ વરસની લાંબી મુદતે મરણ પાંમયો તે દાહાડાનાં ૪ કલાકજ સુતો હતો. પરૂસીઆનો રાજ્ઞો નામાકીત ફરેડરીક અને ઈંગલંડનો નામીચો તબીબ જાંન હનટર દાહાડાનાં માતર પાંચ કલાક સુતા હતા. ફરાનસનો વખનાએલો સરદાર પીચીગરૂને વાસતે એવું કેહછે કે જાહરે તે એક વરસ લગી લડાઈમાં ગુતાયલો હતો તારે દાહાડામાં એક કલાકથી વધારે તે ઊંઘાતો ન હતો.

## ઈંગલંડ દેશના ભીખારીઓ.

ઈંગલંડ દેશમાં ભીખારીઓનું દુખ આપણા દેશ કરતાં વધારેછે. એવી ગનતરી થઈછે કે દરેક ૧૦૦ માણસે એક માણસ ઈંગલંડમાં ભીખારીનો પેશો કરેછે. જેઓ કમતાલે અપંગ હોય અથવા બીજી રીતે મજુરી કરવાને અશકત હોય તેઓજ ભીખ માગી પોષણ કરતા નથી, પણ જેઓને ઈશવરે હાથ પગ અને આંખો બખશી હોય અને જેઓમાં મેહનત કરવાને સામરથ હોય તેઓ પણ હરામખોરી કરી ભીખનો ધંધો લઈ બેસેછે; અને ઘણું કરીને પાછલા વરગના ભીખારીઓ ઈંગલંડમાં બહુ નજરે પડેછે. વરસ દાહાડે ભીખારીઓને ઈંગલંડમાં ૧૩૭૫૦૦૦૦ રૂપીયા ખેરાત આપવામાં આવેછે એવી અટકલ થઈ છે. ઘણાઓ ભીખારીઓનો ધંધોજ લઈ બેઠા હોયછે અને તરેહવાર યુકતીઓ લગાવી ધરમી પુરૂશોને ઠગી તેઓનુ નાણું મફત ખાઈ જાયછે. કેટલાએક હાથે પગે કપડાં વીટાલી ખોડાતા ખોડાતા ચાલેછે અને વીજલી લાગી તે આવી મુશીબતે પુગયો એમ કાકલુદી કરી લોકોના મનમાં દયા ઊતપન કરેછે. કેટલાએકે ફીફરૂં આવવું એમ પડી જાયછે અને મોહોમાં નાના નાના સાબુના કટકા રાખી બાહાર ફીણ ફીણ કાહાડેછે. કેટલાએક હાથને બલીસતરનું તેલ ચોપડેછે અને જે જાય તેહને અકસમાતે દાજી ગયો એમ કહી પઈસા માગેછે. કેટલાએક અકસમાતથી ઘાહ લાગા એવો પોંગ કરેછે અને લોકો પાસથી ફાટેલાં કપડાં અને દવાને માટે સીસીઓ માગેછે. એક દહાડાની અંદર એક ભીખારી આવી રીતે વીસ રતલ કપડાંના ચીથરાં અને છ ડજન બાટલી મેલવી શકેછે જેનો બજારમાં ખપ સારો હોયછે. વલી કેટલાએક આંધલાનો અને કેટલાએક મુગા બેહરાનો પોંગ લઈ બેસેછે. ભીખ માંગવામા બચાંઓનો ઘણોજ ઊપયોગછે. ગરીબ લોકો પોતાના નાના બાલકોને ભીખારીઓની સાથે દાહાડાનો પાવલો અથવા અરધો લઈને ભાડે ફેરવેછે. વારે ઘડીએ મોહોલાઓમાં એક ભીખારી સ્ત્રી પાંચ છ ભાડેના છોકરાંઓને ખોલામાં લઇ ભીખ માગેછે. જો છોકરાં મોટાં હોયતો તેઓને શીખવીને જુદે જુદે ઠેકાંણે ભીખ મંગાવવા મોકલવામાં આવેછે, અને જાંહાંસુધી ચોકસ રકમ પેદા થાય નહી તાંહાંસુધી છોકરાંને જવાની છુટ મલતી નથી. પણ વલી કેટલાએક લોકો ભીખારીઓને ખોટી ચીઠીઓ લખી આપવાનો ધંધો લઈ બેઠાછે. કાંમકાજને વાસતે રોજ તેઓની આશીસ વખતસર ઊઘડેછે અને ભીખારીઓ થોડાક પઈસા આપી જુઠી ચીઠીઓ લઈ જાયછે જે તેઓ લોકોને વંચાવી પોતાપર પડેલી મુશીબતોનાં ખોટા હેવાલથી પઈસા પેદા કરેછે. ચીઠી લખી આપનારાઓમાંથી કેટલાએક રોજનાં ૩૦ રૂપીઆ પેદા કરી શકેછે. કેટલાએક ભીખારીઓની ચીઠી તલે માન્યસ તરેકો અને મોટા મોટા માણસોએ ભરેલી ભપકાદાર રકમો જુઠી જુઠી જણાવવામાં આવેછે. કેટલાએક ભીખારીઓ તો લંડનથી બીજે ગામ મોસમે મોસમ પધારેછે. લંડનની અંદર અને ઈંગલંડનાં બીજા ઘણાખરા ભાગોમાં ભીખારીઓને વાસતે જુદાંજ હોટેલો હોયછે. આ હોટેલનાં માલેકો ભીખારીઓએ ભીખમાં મેલવેલી ઈયા ચોરેલી ચીજો વેચાતી લીએછે અને ભીખારીઓને દીવાસલી, ફીટ, અને એવી એવી નાની જીણસો વેચવા આપેછે જેથી પોલીસથી તેઓ પકડાઈ શકાતા નથી. કારણ ઈંગલંડમાં ધારોછે કે ભીખારીઓને પકડવા, પણ જો તેઓ હરેક ચીજ વેચવાનું બાહાનું કાહાડે તો કોઈથી તેઓને હાથ લગાડી શકાતો નથી. ભીખારીઓ લાગ ફાવે ચોરીનો ધંધો પણ કરેછે. વલી એ હોટેલનાં માલેકો પાસ એક ચોપડી રેહછે જેમાં દરેક રસતાનું બેઆન હોયછે અને જે ઘરમાંથી વારેઘડીએ ભીખ મલતી હોય તે ઘરો લખેલાં હોયછે. સનવારની રાત ભીખારીઓને ઘણી લાભકારકછે. વારેઘડીએ એક પુરૂશની સાથે એક ઓરત અને ચાર પાંચ છોકરાં નજર આવેછે જે

ઓ રાહદારી પાસે "કાલે આતવારે કંઈ ખાવાનું નથી" એમ કહી પઈસા ઓકાવેછે. રાતનાં ભીખારીઓ પીઠામાં અને એવી બીજી ખરાબ જગાએ દારૂ પીતા બેસેછે અને એકમેકની કુરતાજનાં હેવાલથી બહુ ગમત મેલવેછે, અને જે ધરમી પુરૂશો તેઓની કાકલુદીપર દયા કરી તેઓને ભીખ આપેછે, તેઓનાજ ઠઠા મશકરી કરેછે. દસ ભીખારીઓમાંથી નવ આવા ચપરખંધા હોયછે.

ભીખારીઓનો દોર ભાંજવા ભીખારીઓને માટે એક સભા ઊભી થઈછે જેઓ પોતાનાં પગારદાર માણસોથી જે ભીખારીઓ ઢોંગ કરેછે તેઓને સતાવાલાઓને હવાલે કરેછે. લુચા ભીખારીઓની ઠગાઈ જો સાબેત થાયતો તેઓને ૩ મહીના સખત મજુરી સાથે કેદ કરવાનો હુકમછે, પણ પોલીસની એ બાબદ પર સાહુચેતી નહી હોવાથી અને ભીખારીઓની ઠગવીદયાથી એ ધારો મુવો જેવો પડયોછે.

---

## રામશનીના દીવસો, તેહેવારોની રચના— લગણસરા ઈતીયાદી.

દરેક કોમમાં રામશનીના દીવસો તથા ચોકશ તેહેવારો હોયછે જે તેઓ પોતાની ગુંજાસ મુજબ અમન ચમનથી ગુજારવાને તજવીજ કરેછે. માણસ માણસની પરીતમાં ખુદરતી કાયદાથીજ જોડાયલુંછે. જેમ લોહચુંબક લોહોડાંને ખેંચેછે તેમ માણસ માણસને ખેંચેછે. એ ઉપરથી રામશનીના દહાડાઓ ઉપર જુદા જુદા દોસતો પોતપોતાનો મેલાવરો કરી એક મેકની પરીતમા લપેટાઈ રંગરાગમાં ખુશ રેહેછે. તેહેવારો આપણા બાપદાદેથી ઉતરેલાછે, અને શું હીનદુ કે મુસલમીન, પારશી કે ઈંગરેજ, પછી પુરૂથવીની કોઇ પણ કોમ પોતાના બાપીકા તેહેવારો આજ દીન શુધી પાલેછે તેહેવારોના દીવસ કાંઈજ ઓર હોયછે. જાંહા જુવો તાંહાં અમન ચમન અને રંગ રાગ એક માતબર દોસત પોતાના ગરીબરા રફીકો સાથે પરીતથી સુફરા ઉપર બેસેછે. એક ભરતાર પોતાની દીલચમન માશુક અને નાના બાલકો સાથે સેહેલગાહ કરેછે. ગરીબોને ખેરાત મલેછે. જાંહાં જુવો તાંહાં સુંદર કપડાં અને હસતા ચેહેરા; દોસતો અને ખેશાવંદોની ભેટ; હરખ અને પરીતના પોકાર. નાના બાલકો ભપકાદાર પોશાક પેહેરી એક મેકની આંગલીએ વલ દઈ રસતાપર દમદમાક ચાલેછે; શુંદર નાજનીઓ પોતાના મનોહર મુખરાનો ચકચકાટ આજુ બાજુ નાખતી પોતાના પીયુને ઘેર પધારેછે, ગાડી ઘોડાઓ સડકપર ધમધુકાર દોડેછે, કારણ કે તે રામશનીનો દીનછે. કબીલાઓમાં કજીઓ કંકાસ પોતાનુ નેહેસ મોહોડું કાલું કરેછે; ગઈ વાત ગુજરી થઈ જાયછે; તુટેલી દોસતી પાછી સંધાયછે; દીલથી ગમ દુર થાયછે, હાયને બદલે હરખ; દુખને બદલે સુખ જગેજગ દીસેછે. દુશમનોના હાથ દોસતીમાં મલેછે; જુદાં પડેલાં દીલ પરીતીથી જોડાયછે; અને કડવા સખુણોને બદલે મોહોમાથી ઈશવરની ભકતીના વચનો નીકલેછે. એ બાદતખાનાઓમાં પાપીઓ પોતાનો પશચાતાપ કરેછે; અસો માણસો પોતાની કીધેલી નેક કરણીપર આનંદથી જુવેછે, ધરમગુરૂ પરમેશવરને સમરવાના સદસબકો કાઢેછે; અદના કે આલા; પાદશાહ કે ફકીર એક ઠામે ભેગા મલેછે; નહી તાંહાં દોલતનો બાહાર કે ગરીબનો ઈનકારઃ એવું ઈશવરનું ઘર. તેહેવારની આવી મોતેબર મકસદછે. સુધરેલા લોકોના તથા જંગલી લોકોના તેહેવારોમાં આસમાન જમીનનો ફરકછે. બેહુની મકસદ એકછે; પણ બેહુ જુદે જુદે રસતે એકજ ઠામે પુગેછે. સુધરેલાઓના રસતા સાફ, અને સીધાછે. જંગલીઓના ગલીચ અને બેહુદાછે. અસલી જમાનાના જે હીનદુઓ પોતાની દેવી કાલી માતાની આગલ આદમીનો ભોગ આપતા હતા; જે ખુની તથા હેવાનીઅત રીતે તેઓ આદમ જાતના મસતકોની માલા પોતાની દેવીની ગરદનમાં ઓલવતા હતા, તે રીત તેહેવાર પાલવાની સુધરેલા યુરોપીઅનોના તેહેવાર પાલવાની રીતથી કેવી જંગલી, ઘાટકી, અને હેવાનીઅતી છે ? પણ જંગલીઓની રીતભાત અને કીરીઆઓનો આપણી રીતભાત અને કીરીઆઓ સાથે કદી મુકાબલો થઈ શકે નહી. પણ આપણા પારસી ભાઈબંદોનીરીત ભાતને જો કોઈ બીજી સુધરેલી કોમની રીતભાત સાથે સરખાવીએતો તે ઉપરથી આપણી રીતભાતો કેટલીએક બેહુંદીછે કે નહી તે આપણુને માલમ પડશે. યુરોપીઅનો અને અગતકરીને આપણા રાજ કરતા ઈંગરેજ લોકો આપણા કરતાં વધારે સુધરેલા છે એ કોઈથી ના પાડી શકાશે નહી. ઈંગરેજોની સઘલી રીતભાતો નકલ કરવા જોગછે એમ અમે કેહેતા નથી, પણ કેટલીએક ઘણી મોતેબર છે અને તે ઉપર ધેઆન પોંચાડયાથી આપણને લાભછે એમ અમે ધારીએ છઈએ. એક પારસી ગરહસથને તાંહાંના લગણસરાનો આપણે દાખલો લઈજીએ. બાલ લગન થવાં જોઈએ કે નહી, ઘણા લખલુટ ખરચ કરી કરજની ટોક ગલે ઓલવવી કે નહી તે બાબદ હાલ આપણે વીચાર કરવા બેઠા નથી. આપણી હાલની મતલબ આપણી રીતભાત તપાસવાનીછે. ઘણી વેલાએ હમારી નેક વાંચનાર બાંનુઓને હમોએ તેઓની તેડાં કરવાની જંગલી રીતપર સબક કહયાછે પણ તે ઉપર કોઈએ કવચીતબી લખશ દીધું હોય એમ દીસતું નથી. ભલે તહમારે તાંહાં વીવાહ હોય; ભલે તહમને ઈશવરે જર બખશયું હોય; ભલે તહમે તહમારાં ખેશાવંદોને અને સહીઓને રામશનીમાં ભાગ લેવાને નોતરૂં દીધું હોય, પણ જે રીતે તહમે તેડાં કરવા નીકલોછો તે તમ બાનુંઓને આ સુધરેલા વખતમાં છાજતું નથી. એક ઘરથી બીજે ઘર, એક મોહોલાથી બીજે મોહોલે રખડવું એ નોકરોનું અને ખીદમતગારોનું કામછે. ઘાંટું પડે તાંહાંશુધી બુમ મારવી, ચેહેરો જાંખ મારે તાંહાં શુધી શુરજના તડકામાં અને ધુલમાં ફરવું; માથે ધુમરી

આવે, તાંહાંશુધી પગે પડવું અને દાદર ઉતર ચહડ કરવા એ કેઇપેરે તહમારી બેહેનપનીઓ અને સહીઓને નોતરવાની રીત તે સહમજ પડી શકતું નથી, અને જાહારે આવી રીતે તહમુંને થાક ચહડે અને તહમારી તરબીએતમાં ખલલ થાય તાહારે તહમારી નોતરેલી સહીઓની તહમે કેમ મદારત કરી શકો ? આવી એક સેહેલી બાબદ તહમે મનપર નહી લઓ, એ ખરીજ અફશોશકારક બીનાંછે. ફલાણી બાઇ પેહેલ કાહાડે તો આપણે પુઠ પકડપે, એવો જો સરવે બાનુઓનો વીચાર હોયતો જમાનાના જમાના શુધી એ હીનપસતી ભરેલી રસમ તહમારામાંથી તરક થનાર નથી. ચીઠી પતરીથી નોતરૂં દેવાનો કાયદો રાખયાથી જે ફોકટ વેઠ તહમુંને કરવી પડેછે તે દફે થશે અને જે વખત અને મેહેનતનો બચાવ થશે તે તહમે તહમારી બેહેનપની અને સહીઓની વધારે અછી મદારત માં વાપડી શકશો. એવી કોઈ હીમતી બાઈ છે જે પોતાની બેહેનપનીઓને સીધો મારગ દેખાડે ?

વલી એક બીજી બાબદ ઉપર હમારી વાંચનારી બાઈઓનું ધેઆન ખેંચવા માગીએ છઈએ. તેહેવારના દીવસો ઉપર ઇયા બીજા રાજશનીના દાહાડા ઉપર તહમે તહમારાં ગજવાં મુજબ તહમારા ખેશાવંદોને ઇયા સહીઓને ઇજન કરો તેમાં હમે જરાબી અણઘટતું જોતા નથી. ઓર એવા દાહાડાઓ ઉપર તહમે તહમારી સહીઓની અરસ પરસ પરીતી વધારો એ ફાયદા ભરેલુંછે. પણ તહમારી નાણાની શકતી અને મદારત કરવાની શકતી ઉપર તહમોએ ખુબ ધેઆન આપવું ઘટેછે. તહમારો ગરીબરો ધણી મારવાડીને એકનાં બે લખી આપે અને તહમારે તાંહાં લંકાં લાગે એ શું કમબખતીની નીશાંન નથી ? કેટલા ભરતારો પોતાનાં ખુદ અંપટપણાથી અને તેઓની બેસમજ બાયડીઓની કલાપીતથી ખુવાર ખુવાર થઈ બુરે હાલે પોંહોંચયાછે તેનાં દાખલા શું તહમારી આંખ આગલ નથી ? ગરીબાંઈ કબુલ કરવી એમાં નીચપણું નથી; પણ ગરીબ છતા તાલેવંતનું ડોલ ઘાલવું એમાં નીચપણું અને એમાં હંકારછે, એજ હંકાર ખરાબી અને પાએમાલીનું મુલછે એજ હંકાર પાદશાહનો મેહેલ જોઈ ગરીબની જુહુપડી જહલાવી નાખેછે. માટે નેક બાનુંઓ દરીઆફત કરો અને ડાહાપણ અખતેઆર કરી સીધો રસતો ધરો.

વલી જે જજમાનો તહમારાં નોતરાંને માન આપી તહમારે તાંહાં આવે તેઓની જોઇતી બરદાસત જો તહમે ન કરોતો શું તેઓને અપમાન દીધા બરાબર નથી ? શું તેઓ ઘરે ભુખે મરેછે કે તહમારે તાંહાં અપમાન ખમવા આવે ? વારેઘડીએ પારસીઓને તાંહાંના લગનસરા અને એવા બીજા દીવસો ઉપર માઠો દેખાવ નજરે પડેછે. ભાએગે ખુલાશાથી બેસાઇ શકાય એવા કપડાંના લાંબાને લાંબા કટકા ઉપર જજમાનો, શું ઓરતો કે શું મરદોને બેસાડવામા આવેછે. હાથસે હાથ અને પગસે પગ અઠડે એમ શઘલા બેસેછે. જો, એક પંગત ઉઠી ગઈ હોયતો પછીનાં બેસનારાઓને ભીની અને ખરડાયલી જગા ઉપર બેસવું પડેછે. આખી જગામાં ઘોંઘાટ અને કરબલાટ મચી રહેલો હોયછે. નહીં કોઈ દીને ઓલખતા કે જોયલા માણસો જાહારે એકમેક સંગાથે બેસે તાહારે મોહોડાંને તાલું મારી તેઓને ખાવું પડેછે. ધુલથી ભરાયલાં, કાગડાના છેરથી ખરડાયલાં અને ફાટાં તુટા પાતરાંઓ જજમાનોનેજ વખતે સાફ કરવાં પડેછે. શરાબની જામો જો વગર કલાઇની માઠાં ભાએગે હોયતો પીનારને વલી બીજો કચવાટ લાગેછે. બાનુંઓનાં દેખતાં મેલાં ખાર કપડાં પેહેડી મજુરો બેમલાજે ચાલેછે અને ખાણું પરસેછે. તેવોના દીલ ઉપર ઉતરતા પરસેવાનાં રેલા કોણને નહી કમકમાવે. વલી તેઓનાં ખરાબ હાથ તેઓ વારેઘડીએ પરાંસાતી વસતુ ઉપર લગાડેછે જેથી ખાવાની રૂચી ખરેખર બંધ પડી જાયછે. પીવાનું પાણી જે કલસીઆમાં આપવામાં આવેછે તે કોઈ વખતે ઓકારી લાવવાને બસછે. હમે જે ચીતાર ઉપર દેખાડયોછે તે હમે દરેક મેજબાનીને લાગુ પાડતા નથી. પણ સાધારણ રીતે તે બધી મેજબાનીને લાગુ પડેછે. દરીઆફત કરો નેક બાનુંઓ, કે ચીઠી પતરીથી નોતરૂં દેવું એમાં અપમાન, અને ઉપલી રીતે તહમારી સહીઓની મદારત કરવી એમાં અપમાન નહી એ કેમ બને ? મોટા અરાબામાં મદારત એ બોલ હોયજ નહી. સઉથી સરસ રીત એકે થોડાં માણસને ઇજન કરવું. ઘણા ઘણા પકવાનો અને મોઘા દારૂઓની હમે ભલામણ કરતા નથી. હમારી કેહેવાની મતલબ એજછે કે તહમારા જજમાનોની બરાબર બરદાસત કરો. ઇંગરેજો હમેશ ટેબલ ઉપર જમેછે, અને એ રેવાજ બધી રીતે પસંદ કરવા જોગછે. બાર માણસથી વધારે માણસો એક ઇંગરેજનાં ઘરની ટેબલ ઉપર દીઠામાં આવતા નથી. જો હોયતો થોડા વધારે પણ બસો ઇયા તરણસો માણસનું ધારૂં કદીબી નહી પાર પડોશી, નોહોલાનાં, વેહેવાઈનાં, સહીના, નણંદનાં, ભોજાઇના, દેરાણીનાં, જેઠાનીનાં, ઇતીઆદીના સગાં વાહાલા, ખેશ કબીલા, ઓલખ નહી કે પાલખ નહી, જોયલા નહી કે બોલાચાલી નહી, શઘલાને તેડવાં એવો બુરો રસમ આપણી બાનુંઓમાં આમેજછે જે જેમ જલદીથી દુર થાય તેમ બેહેતર. ઇંગરેજો પોતાના જાણી દોસતોને અને અતલગનાં અને અછી રીતે વેહેવાર રાખનારા સગાઓનેજ તેડેછે, અને વલી એ નોતરાં પણ એકજ દાહાડે દીવામા આવતાં નથી. વારફરતી તક જોઇને શઘલાંને બોલાવવામા આવેછે; જેથી દરેક જજમાંનની મદારત બરાબર કરવાને શેહેલ પડેછે.

ઓલખ પાલખ વગર તહમે તેડાં કરો એજ બેહુંદુંછે, અને તહમારે તાંહા એમ આવનારાઓને પણ લાજછે. ખાવા બોલાવવાની શુભ મતલબ એજછે કે દોસતો અને સહીઓની એકેમેક સાથે પરીતી વધે, અને બસો તરણસો માણસો સાથે તહમે પરીતી બાધવા જાઓ એ કેમ બને ? માટે સેઆંની બાઈઓ, એ બાબદ ઉપર ખુબ દરીઆફત કરો. દસ બાર સહીઓની સાથે ખુશ વાતચીતમાં મશગુલ રેહેવું તે તહમારે મનશે રાજશનીનો દીવસ કે ઘાંટાં પાડી બાવરાં બની જઈ કુતરાંની માફક બમો તરણસો જણાને દાલભાત ખવરાવી રખશુદ કરવાં એ રાજશનીનો દીવસ ? જો વાંચનારી બાઈઓ ધીરજથી વીચાર કરશેતો હમારૂં બોલવું ખરૂંછે કે નહી તે તેમને માલેમ પડશે હજી ઘણી અંપટ રસમોપર હમારે બોલવુંછે, પણ તક જોઈ તે ઉપર

બોલવાને હમે ભુલશું નહી. હાલ તરત હમારી એજ વીનંતીછે કે રૂડી બાઈઓએ ઉપલી બેહુદી રસમો તરક કરવાને પોતાની બનતી કોશેશ કરવી અને પોતાની બેહેનપનીઓને રૂડાં દાખલા દેખાડવા.

## દીવાનાપણું.

તબીબો કેહેછે કે દીવાનાપણું એ સુધરેલા દેશોનો રોગછે. જંગલીઓ જેઓ પોતાના મનને બીલકુલ કસતા નથી તેઓના કરતાં જે શુધરેલા લોકો પોતાનાં મનને ખુબ કસરત આપેછે તેઓમાં દીવાનાપણું વધારે જોવામાં આવેછે. આફરીકાના જંગલીઓમાં દીવાનાપણું કદાચજ જોવામાં આવેછે. આફરીકાનો મોહો પરસીધ મુસાફર ડાકટર લીવીંગસટન જેની ખોલ કરવાને હાલ કેટલાક ઇંગરેજો નીકલેલાછે તેણે માતર એક ઇયા બે દાખલા દીવાનાપણાના આફરીકનોમાં જોયા. પણ એક જંગલી જેને ડાકટર લીવીંગસટન પોતા સાથે યુરપ લઈ જવા માંગતો હતો તેનું મન એ વાત શાંભલી એટલુંતો ગુંચવણમાં પડયુ કે તેની આગરી ખસી ગઈ અને થોડા દાહડામાં તે આપઘાત કરી મરણ પામયો. થોડાં વરસની વાત ઊપર ચીનમાં ઘેલાપણું ઘણુજ જુજ હતું, કારણ ચીનાઓને તે વખતે મન ખીલવવાની સખત બંધી હતી. અફીણની અસરથી ચીન દેશમાં ઘેલાપણું વધયુંછે. યુરપના જે રાજો પરજાને છુટાપણું આપેછે તાંહાં ઘેલાપણું વધારે દીસેછે. ફરાનસમા આસરે એક હજાર માણસે એક માણસ ઘેલું હોયછે, ઇંગલંડમાં ૭૮૩ માણસે એક ઘેલું હોયછે, ઈસકાટલંડમાં ૫૬૩ માણસે એક ઘેલું હોયછે, અને અમેરીકાના યુનાઇટેડ ઈસટેટસમાં ૭૫૦ માણસે એક ઘેલું હોયછે એવી ગણતરી કાહાડવામાં આવેછે.

## એક સંપીલું સુખી કુટુંબ.

વાંચનાર ઊપલું મથાળું વાંચી તું ઊમેદવાર હશે કે કીઆં સંપીલાં અને સુખી કુટુંબને માટે આ બીનાં લખેઆમાં આવીછે. તુરતજ તને જવાબ દીજીએછ કે, તારા પોતાનાં સંપીલાં અને સુખી કુટુંબને વાસતે, અને જો તારૂં કુટુંબ તેવું ન હોયતો તેવું થવાને ખાતર આ બીના લખીછે. જો તારૂં કુટુંબ તેવું ન હોયતો આ પાસેના પાના ઊપરના ચીતર તેવોને બતાવ અને ધીરજથી આ બીનાં વાંચી સંભલાવ:

માં બાપ તથા ભાઈબંદુઓ મલી એક કુટુંબ થાયછે. કુટુંબને હલીમલીને રેહેવાને માંટે ખુદરતથીજ કુટુંબીઓમાં માયા અને મમતાનો આતસ બાળપણથીજ તેઓના દીલમાં સલગેલો હોયછે. એ આતસ જે કુટુંબમાં હમેશાં રાતદીન જાગરૂત અને બળતો રેહેછે તાંહાં પાસેનાં ચીતરનાં જેવો ખુશનમાં દેખાવ નજર આવેછે. માયા અને મમતા એક જાતનું બંધાણછે જે એક મોહટાં કુટુંબને બરાબર બાંધી રાખેછે. જેઓનાં ઘરમાં એ બંધાણ નથી હોતું તેઓ સરવે જલદીથી વીખરાઈ જાયછે અને કલેશ અને કજીઆથી હેરાંન અને પરેશાંન રેહેછે.

નર નારી વચે ખુદરતીજ તફાવતછે. એ તફાવત તો અરસપરસનાં સંબંધથી પુરાએછે અને એકમેકની ખુટ પુરા પાડેછે. જેમ એક હાથ ઊપર પુરૂશ સકત, કદાવર તથા કુવતમંદછે તેમજ બીજા હાથ ઊપર સ્ત્રી, નાજુક, ખુબસુરત, તથા અદા ધરાવનારીછે જેમ મરદને પોતાની મરદાંનગી તથા હીમતથી લડાઈનાં મેદાનો કુડાવી ફતેમંદી મેલવવા અને માહાભારત કાંમો આરંભી તેને સરનજાંમ પોંહોંચાડવાને સરજાવીઓછે તેમજ, સ્ત્રીને તારીફલાએક ધીરજ અને સંતોશ રાખી, સાલેસાઇની લગામથી પોતાનો સંસાર ચલાવવા સરજીછે.

ઓરત, તારાં ખરાં પેઆરનાં નખરાં, એક પુર ખીલેલાં ગોલાબનાં મીઠાં ફુલની લપટ કરતાંબી મધુર અને મીઠાં, ખબુતરના રૂવાંદાર પીછ કરતાંબી નરમ, પવનની મીઠી મધુર લેહેર કરતાંબી ખુશનમાં; અને સુકાઈ ગયલી અને સુરજથી તપતી જમીનને તુરૂપત કરનાર વરસતા વરસાદની પેઠે તુરૂપત કરનાર અને રોજવી તાજાં કરનારાંછે.

ઓરતો, તમારાં આવાં જાદુથી તમો તમારી તરફ જેને ચાહોછે તેને ખેંચોછે. તમો લોહોચુંબકછો અને મરદો લોહાડુંછે, જેમ તમારી તરફ ખેંચાય અને વલાંણ આપોય તેમ તેઓ તમારી આગલ દોડતા ફરેછે. જો કે તેઓ લોહાડાંનાં જેવા સકતછે તોબી તમારા આ નખરાંદાર જાદુઇ પેઆર આગલ મોમ જેવા નરમ થઇ જઇ તાબે થાયછે. હવે બોલો કે તમારાં આટલાં જાદુઇ કુવત સાથે, તમો લોહોચુંબક, લોહાડાંને તુમા









એક સંપીલું સુખી કુટુંબ.





રા ઘોડાની લગાંમ છોડી તેને છુટો મુકી દઈ એક ઘરમનું કામ કરવાનો વીચાર કીધો. માહારી તરસ વધતી ગઈ, માહારી આંખે એકાએક તમર આવયાં, અને હું બળતી રેતીપર પડી ગયો હું વીચારવા લાગો કે હું જીવતા જંગલમાંજ મહને મુકી તું જાયછે!—પરૂથવી માહારીથી દુર ખસતી જતી હોય એવું મહને લાગું. પાછો હું હીમત પકડી ઊઠયો. માહારા પગ ધ્રુજતા હતા અને મારામાં ચાલવાની તાકાત ન હતી. માહારા ઘોડાની લગાંમ હું પડયો તાહારે માહારા હાથમાંજ હતી તેથી ઘોડાને આગલ ચલાવયો અને હું પાછલ ચાલવા લાગો. એક કલાક બાદ આકાશ વીજલીથી ચમકવા લાગું; અને થોડા વારમાં પવન જોરમાં ફુકવા લાગો. ઈશવરનાં હું શુકર ગુજારવા લાગો અને માહારૂં મોહો ઊંઘાડીને ઊભો કે વરસાદનાં છાંટાથી માહારી તરસ મટે. પણ એવાંમાં રેતીનો જથો ઊડીને માહારા મોહોમાં પડયો જેથી હું વધારે અકલાવા લાગો. હું માહારા ઘોડાપર ચઢડી બેઠો અને ગુંગરાઈ જવાની ધાસતીથી એક જાહાડીને ઓઠે ઊભો. વટોલીઆથી રેતીનાં ડુંગર ઊડવા લાગા અને કલાકેક ખોટી થયા બાદ હું પાછો રાતે દસ વાગતા લગી ચાલયો વલી આકાશ વીજલીથી ચમકી રહયું અને ઈશવરની કરૂપાથી થોડા છાંટા પડવા લાગા. આસતે આસતે રેતી ઊડતી બંધ થઈ અને મેં માહારા ઘોડાપરથી ઊતરી માહારા જે કાંઈ ધોતાં કપડાં હતા તે વરસાદમાં ભીંજાતાં મેલયાં. એક કલાક શુધી વરસાદ ધુમ વરસયો અને માહારાં કપડાં નીચવી નીચવીને મેં માહારી તરસ મટાડી."

## એક દુખીઆરૂં કુટુંબ—સર એડવરડ કોકની જીંદગીનો હેવાલ.

એક કંગાલ ઓરત પોતાનાં કરૂરપણાથી પોતાનાં ધણીને કેવો પાએમાલ કરેછે, તેને કેવી રીતે દુનીઆદારીથી રદ કરી શકેછે, અને કેવી રીતે તેની અમર કીરતીને ઝાંખ લગાડેછે તેનો મોતેબર દાખલો સર એડવરડ કોકની જીંદગાનીનાં હેવાલ ઊપરથી મલેછે.

ઈંગલંડનાં પાદશાહ પેહેલા જેમ્સનાં વખતમાં સર એડવરડ કોક નામે એક નામીચો ધારાનો હીમાયતી થઈ ગયોછે. ઈંગરેજી ધારાપર સર એડવરડનાં લખેલાં પુસતકોથી તેની કીરતી ઈંગરેજોમાં અમરછે. તે દોલતે ભરપુર હતો, અને તેનાં સરખું માન થોડાંજ માણસોએ ભોગવયું હશે. પણ એ કમતાલેનો શખસ પોતાનાં ઘરથી ઘણોજ દુખી હતો; અને પોતાની ઓરતનાં મકર અને દવેશે કરીને મરતી વખતે પોતાનાં રાજાની ગેરમેહેરબાંની અને પોતાનાં દોસતોની જુદાઈ કરી હેરાન હેરાન અને પરેશાન થઈ આ દુનીઆમાંથી ચાલતો થયો.

નાની ઊમરે સર એડવરડ એક નેક સ્ત્રી સાથે પરણયો હતો, પણ કમનસીબે તે થોડા વરસમાં મરણ પાંમી, અને સર એડવરડ કોકે ૧૫૯૮ નાં શાલમાં સર વીલીઅમ હાટન નામના એક નાઈટની વીધવા લેડી હાટન જે લારડ બરલે નામનાં એક નામીચા અમીરની છોકરી હતી તેની સાથે કદખુદાઈ કીધી. લેડી હાટનને પોતાનાં મરનાર ધણીનાં તરણ મોટાં રેહેવાનાં ઘરો અને બીજી પુંજી મલેલી હતી.

પરણવા અગાઊ લેડી હાટને એવી કબુલાત કીધી હતી કે લગણ છેક સમીસાંજે છુપાંછુપ કરવાં અને ધરમગુરૂનો કાયદા મુજબ પરવાંનો મેલવયો નહી. આવાં કઢંગાં લગણને કાજ લગનની એક બે દીન પેછી સર એડવરડ, લેડી હાટન અને તેનાં બાપ લારડ બરલેને અદાલતમાં ઊભું રેહેવું પડયું હતું. દાહાડે દાહાડે લેડી હાટન તુંદ મીજાજ દેખાડવા લાગી અને કોઈ પણ તેણીને તેણીનાં ખાવંદનાં નામે લેડી કોક કરી હાંક મારવાને હીંમત કરતું ન હતું, અને જાહારે લેડી હાટન પોતાનાં એક બાગમાં જઈ રહી હતી, તારે સર એડવરડને પાછલા બારણા સીવાય અંદર આવવાનો હુકમ ન હતો. એક દાહાડે લેડી હાટન પોતાના ભરતારની ગેરહાજરીમાં તેના ઘરમાં દાખલ થઈ અને વારી ગુરીને તેની શઘલી અશકેઆમત પોતા સાથે લઈ ગઈ. આથી કરી સર એડવરડને કોરટમાં જવાની ફરજ પડી.

લેડી હાટન કાવાદાવા કરતીજ રહી. તેણીનો વગ એટલો લાગો કે રાજાએ સર એડવરડને વડા જડજની પદવી ઊપરથી બરતરફ કીધો. સર એડવરડ કોક બહુજ ગુસે ભરાયો. તે ધારાને એક કોરે મુકી લેડી હાટનનાં ઘરમાં ગયો અને જોર જુલમથી પોતાનીજ નહી પણ પોતાની બાયડીની પણ થોડી અસકેઆંમત ઘસડી લાવયો.

ચી તરફ નહી ખેંચી શકો તો પછે કોણની ખાંમી અને કોણનો વાંક?

જોવો પાસેનાં ચીતરમાં એક સ્ત્રીએ પેઆરનાં બળથી પોતાનાં-ખાવીંદ અને બચાંઓનેં કેવાં પોતાની પાસે લાવી બેસાડીઆંછે! તેઓ તરણડે જણ કેવાં કાંમે લાગાંછે; તે સ્ત્રી બેસીને પોતાનું ગુંથેછે, તેની પાસે તેનો નાહાનો છોકરો પોતાનો પાઠ કરતો ઊભોછે, અને તેણીનો ખાવંદ, છોકરાનો બાપ વરતમાંન પતર હાથમાં ઝાલી બેઠોછે. તેઓ બંધોની નજર પેલાં લોહોચુંબકની તરફ કેવી ખેંચાઈછે તે જુવો! તેઓનું નાહાનું બાળક માએની બાજુએ જમીન ઊપર બેસી પોતાની નીરદોશ રમતમાં કેવું મશગુલ થઈ ગયું છે! અરે! એવાં કુટંબને તમો સુખી અને સંપીલું કેહેશો નહી તો પછે કોણને કહેશો?

વલી એ ચીતરની નીચે એક બાજુએ જુવો બે નાહાના બાલકો એકમેકની ખાંધ ઊપર હાથ મુકી સંપમાં લપેટાઈ ખુશી અને મઘન થતાં હાથમાં ખોરાકનું વાસણ ધરી પોતાની ગાયને ખવરાવવામાં કેવી મજાહ લેએછે? વાંચનાર, એ નાહાનો દેખાવ તુંને શું દેખાડેછે વારૂં? કાંઈજ નહી, પણ એક સંપીલું સુખી કુટુંબ, જાંહાં તેઓએ તાલીમ લેઇ પોતે સંપીલાં અને સુખી કેમ થવું તે શીખીઆંછે.

વલી એનાં બીજાં હાથ ઊપર જુવો, એક માતા પોતાનાં નાહાનાં ભુલકાંઓને સાથે ભેગાં કરી હલીમલી કેમ રેહેવું અને ઇંશવરને કેમ ઈઆદ કરવો તેની તરબીઅત તેઓનાં મન ઊપર ઠસે તેવી રીને આપેછે. નાંહાંનાં બાલકોને તરેહવાર મીઠી જુબાંનોથી તરબીઅત અપાએછે, અને તેઓને તરબીએત સાથે ગમત આપવાથી મઘન રેહેછે. વાંચનાર બાનુઓ તમોએ પોતે તમારાં નાહાંનાં ભુલકાંઓને આવી નાદર રીતે ભેગાં કરી કેટલીવાર સબક આપીઓછે! અને જો નહી આપીઓ હોએતો આ નાહાનું ચીતર તમોને શું શીખાડેછે? જે ખાવંદને આવી બઈરી મલે તેનો ભવ સુખમાં કાંએ નહી ગુજરે! એવી બાયડી ગોએઆ એક વેલોછે, જે એકવાર મોટાં ઝાડ ઊપર લપેટાઇ ઊગીઆ પછે જો કવચીત તે ઝાડ પડી ટુકડે ટુકડા થઇ જાય. તોબી તે સાચો વેલો તેના ટુકડે ટુકડાને લપેટાઈ વલગીજ રેહશે.

જાંહાં સંપ અને સુખછે તાંહાં ઊદીઓગ હમેશાં દોકાંબારી કરેછે, અને તેમજ તમો પાસેનાં ચીતરને મથાલે આજુબાજુ જોશો કે એક એક સ્ત્રી પોતાનો સીવવાનો સાંચો લેઈ કેવી ઊદીઓગથી કાંમે લાગી છે. બોલો હવે આં વહડવાડ તે કાંહાંથી આવે, આ સાંચાનો ઊદીઓગી આવાજ તે સંધાને ઢાંકી નાંખેછે અને આલશાઈ અને ખાલી ભટાઇની સઘલી જંજાલને દુર અને દફે કરી નાખેછે.

હવે આ એક કુટુંબ જે સંપીલું અને સુખી જાંહાં નાંહાંનાં બાલકો બાળપણથી તેવી તાલીમ લીએછે અ ભાઈબંધીનો સંપ રાખેછે અને જાંહાં ઊદીઓગ પોતાનાં પગલાં ભરેછે તાંહાં બંદગીનો જાએજ હોવીજ જોઈએ; તેમજ તમે પાસેનાં ચીતરમાં જોશો કે આ સંપીલા કુટુંબને મથાલે બંદગી ઊપર મવકલ ફરેસતો તેઓનાં સુખ, સંપ અને ઊદીઓગને બંદગીથી સંપુરણ કરેછે. હવે જે કુટુંબ એથી ભરપુર તેને બીજી શી ખુટ? જે કુટુંબમાં એમાના એકનીબી ખુટ તે ભરપુર અને સુખી કેમ થયું?

---

## રેતીનાં રણમાં એક મુસાફરની હાલત.

મંગો પારક નામનો નામીચો મુસાફર નીચે જણાવેલા શબદોમાં પોતાની અરેબીઆનાં રેતીનાં જંગલમાં કીધેલી મુસાફરીનું બેઆંન આપેછે:—

"હું જગલમાં આ વેલાએ ફરતો હતો. સાંજ પડવા આવી હતી તેથી રાત પડે તેની અગાઊ પાણી મલે તેની શોધમાં હતો. માહરી તરસનુ હું બેઆંન કરી શકતો નથી. માહરૂં મોહો સુકાઈને જીભ ટાલવે વલગી જતી હતી. માહારી આંખે જરા જરામાં અંધારાં આવી જતાં હતાં. માહારો ઘોડો પણ બહુ થાકી ગયો હતો તેથી અજલ આવી એમ મેં દીલ સાથે માનયું. જેબી પાલો મલે તે હુ ચાવતો હતો, પણ કમનંસીબે જે મલે તે કવડો જેહેર હતો.

"સમીસાંજે હું એક મોટાં ઝાડ ઊપર ચહડયો અને ચોગેર નજર ફેંકી પણ કોઈબી માણસની હસતી હોય એવું દેખાયું નહી. જાંહાં જોશું તાંહાં રેતી અને કડવા પાલા.

"દલગીર થઈને હું ઝાડપરથી ઊતરયો. માહારો ઘોડો શોધી શોધીને ઝાડનાં મુલીઆં ખાતો હતો. મેં માહારી અજલ આવેલી જોઈ તેથી માહા

રા ઘોડાની લગાંમ છોડી તેને છુટો મુકી દઈ એક ધર્મનું કામ કરવાનો વીચાર કીધો. માહારી તરસ વધતી ગઈ, માહારી આંખે એકાએક તમર આવયાં, અને હું બલતી રેતીપર પડી ગયો. હું વીચારવા લાગો કે હે જીવડા જંગલમાંજ મહને મુકી તું જાયછે!—પરૂથવી માહારીથી દુર ખસતી જતી હોય એવું મહને લાગું. પાછો હું હીમત પકડી ઊઠયો. માહારા પગ ધ્રુજતા હતા અને મારામાં ચાલવાની તાકાત ન હતી. માહારા ઘોડાની લગાંમ હું પડયો તાહારે માહારા હાથમાંજ હતી તેથી ઘોડાને આગલ ચલાવયો અને હું પાછલ ચાલવા લાગો. એક કલાક બાદ આકાશ વીજલીથી ચમકવા લાગું; અને થોડા વારમાં પવન જોરમાં ફુકવા લાગો. ઈશવરનાં હું શુકર ગુજારવા લાગો અને માહારૂં મોહો ઊંઘાડીને ઊભો કે વરસાદનાં છાંટાથી માહારી તરસ મટે. પણ એવાંમાં રેતીનો જથો ઊડીને માહારા મોહોમાં પડયો જેથી હું વધારે અકલાવા લાગો. હું માહારા ઘોડાપર ચહડી બેઠો અને ગુંગરાઈ જવાની ધાસતીથી એક જાહાડીને આઠે ઊભો. વટોલીઆથી રેતીનાં ડુંગર ઊડવા લાગા અને કલાકેક બેઠી થયા બાદ હું પાછો રાતે દસ વાગતા લગી ચાલયો. વલી આકાશ વીજલીથી ચમકી રહયું અને ઈશવરની કરૂપાથી થોડા છાંટા પડવા લાગા. આસતે આસતે રેતી ઊડતી બંધ થઈ અને મેં માહારા ઘોડાપરથી ઊતરી માહારા જે કાંઈ ધોતાં કપડાં હતાં તે વરસાદમાં ભીંગાતાં મેલયાં. એક કલાક શુધી વરસાદ ધુમ વરસયો અને માહારાં કપડાં નીચવી નીચવીને મેં માહારી તરસ મટાડી."

## એક દુખીઆરૂં કુટંબ—સર એડવરડ કોકની જીંદગીનો હેવાલ.

એક કંગાલ ઓરત પોતાનાં કરૂરપણાથી પોતાનાં ધણીને કેવો પાએમાલ કરેછે, તેને કેવી રીતે દુનીઆદારીથી રદ કરી શકેછે, અને કેવી રીતે તેની અમર કીરતીને ઝાંખ લગાડેછે તેનો મોતેબર દાખલો સર એડવરડ કોકની જીંદગાનીનાં હેવાલ ઊપરથી મલેછે.

ઈંગલંડનાં પાદશાહ પેહેલા જેમસનાં વખતમાં સર એડવરડ કોક નામે એક નામીચો ધારાનો હીમાયતી થઈ ગયોછે. ઈંગરેજી ધારાપર સર એડવરડનાં લખેલાં પુસતકોથી તેની કીરતી ઈંગરેજોમાં અમર રહછે. તે દોલતે ભરપુર હતો, અને તેનાં સરખું માન થોડાજ માણસોએ ભોગવયું હશે. પણ એ કમતાલેનો શખસ પોતાનાં ઘરથી ઘણોજ દુખી હતો; અને પોતાની ઓરતનાં મકર અને દવેશે કરીને મરતી વખતે પોતાનાં રાજાની ગેરમેહરબાંની અને પોતાનાં દોસતોની જુદાઈ કરી હેરાન હેરાન અને પરેશાન થઈ આ દુનીઆમાંથી ચાલતો થયો.

નાની ઊમરે સર એડવરડ એક નેક સ્ત્રી સાથે પરણયો હતો, પણ કમનસીબે તે થોડા વરસમા મરણ પાંમી, અને સર એડવરડ કોકે ૧૫૯૮ નાં શાલમાં સર વીલીઅમ હાટન નામના એક નાઈટની વીધવા લેડી હાટન જે લારડ બરલે નામનાં એક નામીચા અમીરની છોકરી હતી તેની સાથે કદખુદાઇ કીધી. લેડી હાટનને પોતાનાં મરનાર ધણીનાં તરણ મોટાં રેહેવાનાં ઘરો અને બીજી પુંજી મલેલી હતી.

પરણવા અગાઊ લેડી હાટને એવી કબુલાત કીધી હતી કે લગંણ છેક સમીસાંજે છુપાંછુપ કરવાં અને ધરમગુરૂનો કાયદા મુજબ પરવાંનો મેલવયો નહી. આવાં કઢંગાં લગણને કાજ લગનની એક બે દીન પછી સર એડવરડ, લેડી હાટન અને તેનાં બાપ લારડ બરલેને અદાલતમાં ઊભું રેહેવું પડયું હતું. દાહાડે દાહાડે લેડી હાટન તુંદ મીજાજ દેખાડવા લાગી અને કોઇ પણ તેણીને તેણીનાં ખાવંદનાં નામે લેડી કોક કરી હાંક મારવાને હીંમત કરતું ન હતું, અને જાહારે લેડી હાટન પોતાનાં એક બાગમાં જઈ રહી હતી, તારે સર એડવરડને પાછલા બારણા સીવાય અંદર આવવાનો હુકમ ન હતો. એક દાહાડે લેડી હાટન પોતાના ભરતારની ગેરહાજરીમાં તેના ઘરમાં દાખલ થઈ અને વારી ગુરીને તેની શઘલી અસકેઆમત પોતા સાથે લઈ ગઈ. આથી કરી સર એડવરડને કોરટમાં જવાની ફરજ પડી.

લેડી હાટન કાવાદાવા કરતીજ રહી. તેણીનો વગ એટલો લાગો કે રાજાએ સર એડવરડને વડા જડજની પદવી ઊપરથી બરતરફ કીધો. સર એડવરડ કોક બહુજ ગુસે ભરાયો. તે ધારાને એક કોરે મુકી લેડી હાટનનાં ઘરમાં ગયો અને જોર જુલમથી પોતાનીજ નહી પણ પોતાની બાયડીની પણ થોડી અસકેઆંમત ઘસડી લાવયો.

ભરતાર અને બાયડી બેહુ દરબારે ચહડયાં. પણ સેવટ એ આવયું કે લેડી હાટનની તરફ ચુકાદો થયો. પણ બેહુ બાજુનાં દોસતો વચમાં પડયા અને એ કમબખત જોડાં વચે સમજુતી થઈ.

પણ થોડા દાહાડામાં બેહુ વચે પાછું તડું પડયું. લેડી હાટનને પેટે સર એડવરડને એક છોકરી હતી જે ચઉદ વરસની ઊમરે પુગી તાહારે તેના સર જોન વીલીઅરસ નામના એક વગવાલા નાઈટ સાથે નેકા કરવા સર એડવરડે ઠેરવયું. પણ બેહુ માએ દીકરીઓને એ કાજ પસંદ પડયું નહી. એક સાંજે એ કારજ બાબદ સર એડવરડ અને લેડી હાટન વચે બહુ હોંસાતોંસી થઈ. પણ સર એડવરડની છોકરીએ પોતાનાં બાપનો બોલ માથે ચહડાવી એ કારજપર પોતાની મરજી જણાવી. સર એડવરડ ખુશી થઈ ગયો અને રાતે ખુબ ખુશ નીંદમાં પડયો. પણ સવારે ઊઠતાં આ કમબખત ભરથારને ખબર મલી કે લેડી હાટન પોતાની છોકરીને લઈ મધરાતે કયે જતી રહી હતી. ઘણીબી જોસતેજો થઈ પણ જેમ દાહાડા ગયા તેમ મા દીકરીની ખબર સર એડવરડને મળી નહી. છેલે સરવાલે તેહને માલમ પડયું કે લારડ આરગાઈલના ઘરમાં બેહુ જણા ભરાઈ બેઠાંછે. આ ખબર શાંભલી સર એડવરડ પોતા સાથે બાર ચપરખંધા ચાકરો લઈ લારડ આરગાઈલના ઘર તરફ ચાલયો. બારણાં બંધ હતાં પણ બે કલાક અશાડકુટ કરીને બારણાં ભાંજયાં અને સર એડવરડ પોતાની છોકરીને પોતાને ઘર લઈ ગયો.

સર એડવરડે પોતાની છોકરીને એક ઓરડામાં કેદ કીધી અને તેની કુંચી પોતાના ગજવામાં મેળી ફરયો. લેડી હાટને જબરદસતીથી પોતાની છોકરીને છોડવવાની કોશેશ કીધી પણ તે ફોકટ ગઈ. સર એડવરડનો વગ પાછો પોતાના રાજા સાથે ચાલવા લાગો જેથી તે પોતાની બાયડીને બંદીખાંને નાખી શકયો. અંતે લેડી હાટને પોતાની છોકરીના લગનપર પોતાની રાજીખુશી દેખાડી અને સર એડવરડની છોકરીના સર જાન વીલીઅરસ સાથે ધુમધામથી વીવાહ થયા જે જોવા રાજા, રાણી અને ઈંગલંડના બીજા અમીરો હાજર હતા. લેડી હાટને કેદખાંનેથી છુટા પછી પાદશાહા અને તેની રાંણી અને બીજા અમીરોને પોતાના બાગમાં ભારી ભપકાથી જીઆફત આપી; પણ તેણીએ પોતાના ખીદમતગારોને હુકમ કીધો હતો કે સર એડવરડ જો અંદર આવેતો તેને ધકા મારી બાહાર કાહાડવો.

લેડી હાટન પોતાના ભરતારને પોતાથી બને તેમ ધીકારતી હતી અને તેના મરણને માટે રોજ ખંતી હતી. એક દાહાડે તેણીએ પોતાના ભરતારના એકાએક મોહોતના સમાચાર સાંભલયા જેથી તેણીએ સઊથી ભપકાદાર પોશાક પેહેરયો અને સર એડવરડનો અશકેઆંમત લેવા ઊલટથી દોડી, પણ જારે તે સર એડવરડના રેહાણ આગળ આવી તારે તેણે પોતાના ભરતારના મરણના સમાચાર ખોટા જાણીઆ જેથી તે અતીઅંત દીલગીર થઈ.

સર એડવરડની છોકરી પણ પોતાની મા સરખી કમજાત નીકલી. લગણ પછી બે વરસે તે સર રાબરટ હાવરડ નામે એક નાઈટ સાથે નીકલી ગઈ. જે અનેઆએને માટે તે કેદખાંને પડી અને આલમની લેઆનત લઈ પોતાના બાપના મરણ પછી થોડે વરસે મરણ પાંમી.

બુઢાપાના વખતમાં સર એડવરડ લાચાર થઈ ગયો. પોતાની બેટીની મરજી ઊપરાંત તેણીને પરણાવવાના ફલનો કડવો સવાદ તેણે સારીપેઠે ચાખયો હતો. તેના દુશમનોની પાછી ચહડતી થઈ હતી. તે દુનીઆમાં એકલો પડી ગયો. પાદશાહની મેહેરબાંની અને તેના દોસતોનો ચાહા તેની ઊપરથી ઊઠી ગયો. તેની બાયડીના મકરે તે આલમમાં હલકો પડયો અને રહયોસયો તેની છોકરીની એબથી તે ફીટકારમાં આવી પડયો. આવી તેની દુઃખ ભરેલી અને કંગાળ હાલતમાં તેની છોકરી પોતાના ઈઆરને છોડી પોતાના બાપના દુખમાં ભાગ લેવાને આવી; અને સર એડવરડે પોતાની છોકરીને માફ કરી તેની વાતચીતમાં પોતાના રડવાના દાહાડા પુરા કીધા.

મરતાં મરતાંબી તે દુઃખી થયો. તરણ દાહાડા મરવા અગાઊ ગામમાં બલવો સલગાવવાનું બોહોતાંન તેની ઊપર મેલવામાં આવીયું અને મોટી દરબારના હુકમથી તેનાં સઘળાં કાગજીઆં લઈ મુકવામાં આવયાં જેમાં તેનું વશીઅતનામું પણ ગેપ થઈ ગયું.

આ મોટો માણસ દુખીઆરા દાહાડા પુરા કરી ૮૪ વરસની લાંબી ઊંમરે મરણ પાંમયો અને આવી રીતે સર એડવરડ કોક સરખા જગ પરસીધ માણસે

એક મકરબાજ ઓરતના કરતુકથી પોતાની આબરૂ અને હુરમત વેચી.

## પાપનો બદલો—એક વારતા.

આહમદ નામનો એક ઈશફાન શેહેરનો રેહેવાશી ઔડ પાનની વીદયામાં બહુ માહીતગારી ધરાવતો હતો, અને પોતાના છોકરા કાદરને પણ તેણે એ

ગીનો છેડો નજદીક આવતો હોય એવું આહમદને લાગું જેથી તેણે પોતાના દીકરા કાદરને પોતાની સાંમે બોલાવીને ગંભીરાઈથી કહયું કે "બેટા માહારી ઓલાદ જાલવવાની ફીકરમાં રાત અને દીન હું પડયો છું. પણ બેટા જે વાત હું તુહને કહુંછું તે ધેઆન ધરી શાંભલ. નવ માસ આ નાની સીસીમાં જે ઔશડછે તે બનાવતાં મહને લાગાછે. આ ઔશડમાં અને આ નાની દાબડીમાં જે મલમછે તેમાં એવો ગુણછે જે મુવેલાં માણસને સજીવન કરી શકેછે. બેટા તુહને સોગંદ આપી હું કહુંચ કે જેવો હું મરણ પામું તેવોજ આ મલમ માહારાં શઘલાં બદને ચોપડજે અને જેવો હું હીલુ તેવોજ આ સીસીમાંનો દારૂ માહારાં મોહોમાં રેડજે નહીતર માહારી ઊપર મલમ અસર કરી શકશે નહી. એમ કરેઆથી જેમ મેં તુંને અવતાર દીધો તેમ તું મહને દેશે, અને આપણે ભાઈબંધ માફક રહીને વલી એવી બીજી દવા બનાવશું" થોડા દાહડા પછી આહમદ મરણ પામયો. પણ કાદરને પોતાના બાપના મરણથી બહું ગમગીની ઊતપન થઈ; પણ તે મોજીલો અને દોલીઓ હતો તેથી તેણે વીચાર્યું કે મારો બાપ મોટી ઊમરે મરણ પામયો અને તેણે કાંઇ પાપો કીધાં નથી તેથી તેતો બેહેસતમાં મુકામ પામશે. પણ મેં આ જીંદગીમાં બહુ ખરાબ કરતુકો કીધાંછે જે સઘલાંનુ પાપ ધોઇ નાખવાને એક બીજી જીંદગી જોઈએ તેથી બેહતર કે આ દવા અને મ

લમ હું માહારી ઊપર ચપડાણી. આવો વીચાર કરીને તેણે પોતાના બાપને મરવા દીધો, પણ તે જાણતો હતો કે તેહેનો બેટો મહમદ તેને પાછો જીવતદાન બખશનાર નથી તેથી તેણે એક ફુરતાજ કરીને મહમદને બીજી રીતે સમજાવયો. કાદરે મહમદને પોતાની પાસે તેડયો અને તેને કહ્યું કે "બેટા જે મોજમજાહ અને એશઆરામ આપણે આપણા મરનાર મુરબી આહમદને પરતાપે ભોગવીએ છઈએ તે વીશે આ

...આપણા મુરબીએ મરતી
...આપયોછે કે કોઈ દાહાડે
...ડી. આ નાહાની સીસી
...એટલેતો ઊંમેરો કરશે
...દોલતની વાખવાખી થ
...ા ઊપર શરાબની જામે
...ઊપયોગ બરાબર કરવો

જોઈએ. જો મારાં મરણ પછી આ દાબડીમાંનો મલમ મારે દીલે ચોપડશો અને જેવું મારૂં બદન હીલે કે આ દારૂ મારાં મોહોમાં રેડશોતો મારૂં બદન તમાંમ સોનાનું થઈ જશે."

થોડા દાહાડામાં કાદર મરણ પાંમયો અને મહમદ-મધન થતો તેના બાપના બદનની પોહોલાઈ અને લંબાઈ માપવા લાગો. તે હરખનો મારયો તરત મલમ ચોપડવા લાગો. અને જેવું કાદરનું બદન હીલયું કે તે પેલી સીસીમાંની દવા મોહોડામાં રેડવા ગયો પણ તેવામાં કાદરનું બદન એટલુંતો ચોંકયું કે પેલી દવાની સીસી હાથમાંથી છટકી ગઈ અને ભોંયપર પડીને તેના ચાર તુકડા થઈ ગયા. કાદરનું પાપી બદન પાછું નીરજીવ થઈ ગયું અને પાદશાહી દોલત જતી રહી તેનો મહમદ શોક કરવા લાગો !!

## આરબો.

અરેબીઆ દેશ જે એશીઆ ખંડમાં તુરકસથાનની દક્ષીણે આવેલોછે તાંહાંના રેહવાશીઓને આરબ કરી કેહછે. આરબસતાનની જમીન ઘણુ કરી રેતાલછે. એ દેશમાં મકા અને મદીના નામના શેહેરો આવેલાંછે જે મુસલમીનોના પેશમબર મહમદની જનમ ભુમી અને મરણ ભુમી હોવાથી પરખેઆતછે. અરેબીઆના રેહેવાશીઓ ઘણા વરસથી વખણાએ

છે અને એઓની ચાલચલણ અને રીતભાત જાણવા જોગછે. આરબ લોકો અસલ ફીલસુફીમાં માહેર હતા. બીજ ગણીત અને રસાયણ શાસ્ત્ર વીદ્યા એઓ સાથે આરબોનુ નામ જોડાયલુંજછે. આરબ લોકોનો ફીરકો અને ઇઆહુદીઓનો ફીરકો એકજ ઠરમાંથી નીકલયોછે. પણ હાલ એ બે ફીરકા જુદાજછે.

આરબ લોકો પોતાના ગાય ઘોરોના દુધપર ગુજારો કરેછે. તેઓનું દેશ રેતાલ હોવાથી કોઈ કોઈ ઠેકાણેજ ચારો મલી શકેછે જેથી આરબો એકજ ઠેકાણે રહયાને બદલે એક ઠામેથી બીજે ઠામે ભટકેછે. રાત દીવસના માહાવરાને લીધે કીએ ઠેકાણે પાણી બરાબર મલી શકશે તે તેઓ કહી શકેછે અને જો તે ઠેકાણે ચારોબી મલી શકેતો તરત તે જગા ખોદી પાણી મેલવવાની વેતરણ કરેછે. જંગલમાં પડતા હાદેશાઓથી તેઓ એટલાતો ઘડાયછે કે તેઓ અજબ તરેહની સબુરી અખતેઆર કરી શકેછે. આરબ લોકોનો મોટો સોબતી ઊટછે જેની ઊપર તેઓ રેતીના જંગલોમાં મુસાફરી કરેછે. ઊટનુ દુધ આરબ લોકો ખોરાકમાં લીએછે. ઇશ્વરે ઊંટને ઘણીજ સબુરીવાલું પ્રાણી બનાવ્યુંછે. કાંટાની ઊપર એ જનાવર પોતાનું પોષણ કરેછે અને પાંચ દાહાડા શુધી તે પાણીની તરસ મારેછે. ઊટ પોતાની હોજરીમાં પાણીની ખરચી ભરી રાખેછે જે ખપ મુજબ તે જાહારે પાણી મલતું નથી તાહારે વાપડેછે. જાહારે આરબને બે દીવશ સુધી પાણી મલી શકતું નથી તાહારે તે રડતી આંખોએ પોતાના વાહલાં જાનવરની ગરદનપર છરી ફેરવેછે અને તેની હોજરીમાં ભરેલાં પાણીમાંથી તરસ મટાડી પોતાનો જાન ઊગારેછે.

ચોરી અને લુટફાટ એ આરબોનો પેશોછે. જાંહાંસુધી સાંમો ધણી હથીઆર ઊંચકે નહી તાંહાંસુધી આરબ ચોર ખુંનપર આવી જતો નથી. આરબ એકવાર આપેલો વચન ફેરવતો નથી; અને જો કોઈપર વેર લેવાને તે સોગંદ લીએછે તો કોઈબી રીતે તે મકસદ પાર પારવાને ભુલતો નથી. બાપનું વેર દીકરો લીએછે અને કોઈ વખતે ઓલાદની ઓલાદ તે વેર લેવાને ચુકતી નથી.

સેહેજ બોલાચાલીથી આરબ લોકોમાં ફીતનો ઊભો થાયછે. જો એક આરબને એમ કહયું હોય કે "તારી પાગડી ખરાબછે" તો તે બોલનારનો જીવલેન થઈ પડેછે.

નીબર નામનો એક તવારીખ લખનાર કહેછે કે એક આરબે બીજા આરબને પુછ્યુ કે "પેલી ખુબસુરત છોકરીનો બાપ તુંજ ?" આ ઊપરથી તે બાપને રીસ ચહડી અને પોતાની છોકરીને અપમાન મલ્યું એમ મનથી જાણી સામાં શખસને મારવા દોડયો. સાંમો શખશ હાથમાં આવયો નહી પણ તે આરબ એટલો હઈયાંમેલો કે પોતાના દુશમનની શોધે ઘણા વરસ ફરયો; પણ જારે તેનું કાંઈજે વલયું નહી તારે તેના દુશમનના બાપ મા અને સગાં વાહલાંને ફંદમાં લઈ જએ કીધાં અને તેના ગોલાંમો અને ગાય ઘોરોને ફનો કીધાં.

પણ આરબ લોકોના આટલા દુરગુણમાં એક નેક ખવાશછે. આરબ લોકો પારકાની અને મુસાફરોની મદારતને માટે બહુ વખણાયલાછે. કોઈ કોઈ શેહેરોમાં સરકારને ઇયા કોઈ તાલેવંત પુરશને ખરચે મોટાં મોટાં ઘરો બાંધેલાં હોયછે જાંહાં મુસાફરોને મુફત રાખવામાં અને ખવારવા પીવારમાં આવેછે. રેતીના મેદાંનોમાં જો કોઇ આરબો મળયા હોય અને કોઈ મુસાફર ખાવાનુ માંગેતો આરબો પાસ રેતીનો ગમે એવો નાહાનો તુકડો હોય તોય પણ તેમાનો થોડો ભાગ ખેરાત આપવાનો તેઓનો ગોયા ધરમછે. જો આરબોના તંબુની બે બાજુએ હાર લાગેલી હોય અને કોઈ મુસાફર પોતાના જમના હાથની હારના પેહેલા તંબુને મેલી બીજા કોઈ તંબુમાં જાયતો આરબ લોકો મોટું અપમાન ગણેછે.

કેટલાએક આરબો પોતાની સ્ત્રીઓને મુસાફરો સાથે કાપી પીવાની પરવાનગી આપેછે; અને કેટલીએક આરબની જાતોમાંનો પોતાના ધણીની ગેરહાજરીમાં ઓરત મુસાફરની પરોનાગત કરેછે. કોઈબી આરબને એમ કેહેવું કે તારા પરોનાની મદારત તું ભુલેછે તો તે ઘણુંજ મોટું અપમાન ગણેછે.

આરબોનું કદ વજનસર ઊંચુંછે. તેઓ આંગે પાતલા હોયછે પણ તેઓના ચેહેરાપરથી ઘણાંજ ચંચલ માલમ પડેછે.

આરબ લોકો ભાલા, તરવાર અને નાહાની વંકી છરીઓ હથીઆર દાખલ વાપડેછે. વારેઘડીએ તેઓના હાથમાં સોટાબી નજર આવેછે. રંજકની બં

વાં ના માંડ; તેં તારી મરજી પુરી પાડી હવે મારી મરજી મને પુરી પાડવા દે." એમ કહી કેટલાએક શીક્કાંની એક થેલી કાહાડી તેને લેવાની ફરજ પાડી અને કહેણું કે "ભાઈ હું મારૂં કરજ ગાયનથી નથી વાલતો તેથી આ પઈશા જોડે તારા પોશાકની કીમત કરતાં દુબરાલછે તોળી તે તું રાખ અને આજે બજીદ થઇ તેં મારી કીરતી ગાઇછે તેને માટે હું તારો ઊપકાર માંનુંછ તે કબુલ રાખ." આ ઊપરથી પેલો દરજી બેવરો ખુશી થતો પોતાને ઘેર ગયો.

## ગુજરાત તરફની મુશાફરીનો હેવાલ.

પ્યારાં બેહેન જાઈજી,

તા૦ ૧ લી જાનેવારી ૧૮૯૧—એ દીને તલાજાથી ડાઠા જવાં સારૂં સવારનાં કલાક ૫ વાગતે હમો નીકલીઆ. તલાજાનાં જેવો આ રસતો જોકે મેદાનમાંથી હતો તોપણ કેતરવાલો અને ખાડાવાલો ન હતો તેથી એ ૭ ગાઉની મુસાફરી ૯ વાગતે પુરી થઇ હતી. રસતામાં હેઠલ પરમાણે ગાંમડાં વીગરે આવીઆં હતાં.

તલાજાથી.... ૨ ગાઉ રાંમપરૂં.
રાંમપરાંથી .. ૧ ગાઉ પાધરી.
પછી એક મીઠાં પાણીની નેહેર.
પાધરીથી.... ૨ ગાઉ ગાધેસર.
પછી એક મીઠું નાલું.
ગાધેસરથી.... ૨ ગાઉ ડાઠા.

ડાઠાનાં ઘેરમાં "બગર નદી" નાંમે મીઠું નાલુંછે, તેનાં કીનારા ઉપર અને આંબાનાં છાંએઆ તલે, તંબુઓમાં વાસો લીધો હતો.

ડાઠા ગાંમ કાઠીઆવાડ ઇલાકાના ઉંડ સરવઈઆ પરગણામાંછે. તે સરવઈઆ ગરાશીઆ, જે ભાવનગરનાં ઠાકોરનાં કુટુંબી થાએ, તેને તાબેછે. આ ગાંમમાં આસરે ૫૦૦ નાખલાં ઘરોછે, અમે તેની ઉપજ આસરે ૪૦ હજાર રૂપીઆની થાએછે.

કાઠીઆવાડ જીલાનાં દરબારને કોઇ સારૂં માણસ મુલાકાત લેવાને તેડેછે તેઆરે અથવા તેને મલવા જતી વેલા રાજા આગલ કાંઇ નજરાનું મુકવું પડેછે. પણ ફકત એખલી એમાંજ આબરૂ ગણાતી નથી. પેલું સખત જેહેર અફીમ, જે હજારો જાનનું કવખતે મોહોત લાવેછે, તે જુદી જુદી રીતે દરબારને સારૂં ખાવાને મેલવું પડેછે. અને જો એ ચીજ ભુલી જવાતો ગમે એવું નજરાનું કીધું હોએ અને ઠાકોરની ગમે એટલી સેવા બજાવી હોએતો તે સઘલું વેથ ગણાએછે. ઘણુંકરી કાઠીઆવાડની દરબારોમાં "કોસંબો" સાધારણછે. એ ચીજ અફીમમાંથી બનેછે; એ જેહેરી વસાણાને ખરલમાં ખુબ પીસી તેને પાણીમાં મુકેછે, અને પછી ફલાનલનાં અથવા ઉનનાં કપડાંમાંથી ગાલી લેએછે, ટુંકામાં કોસંબાને "અફીમનું પાંણી" કહીએતો ચાલે. એ કોસંબાને આપવાની પણ એક ખાશ રીતછે. દરબારનો કોઇ મુખીઅ કારભારી પોતાનાં હાથની હથેલી સાફ કરી તેમાં આ જેહેરી પાણી લીએછે અને તે ઠાકોર આગલ ધરેછે એટલે ઠાકોર સાહેબ તેનો હાથ જાહાલીને "સલુપ" કરી તેની હથેલીમાંથી કોસંબો પી જાએછે. પછી તે કારભારી હાથ ધોઇ નાખી બીજાને એમજ રીતે પાએછે. પીધા પછી તરત કાંઇ મીઠાસ (જેવું કે શાકર) સઘલાને વેહેચવામાં આવેછે, અને જેવી કોસંબાની જરૂરછે તેવી મીઠાસની પણ જરૂરછે. હમો ધારીએ છઈએ કે અફીમનો જે જેહેરી કવડાસછે તેને ઓછો કરવાને આ ચીજ અગત્યની થઇ પડી હશે. એ કોસંબો બે તરણ દરબારોમાં પીતાં હમોએ જોએઓ હતો.

બીજે દીને હમેશનાં ધારા પરમાંણે સવારનાં કલાક ૫) વાગતે ડાઠા છોડીઉં અને મહુવા જે તાંહાંથી ૮ ગાઉછે તાંહાં જવા સારૂં પશ્ચીમ તરફનો રસતો લીધો, અને ૪ કલાકમાં મંજલે પોહોતા. હેઠલ પરમાણે ગાંમડાં વીગરે રસતામાં મલીઆં હતાં.

ડાકાથી..... ૧ ગાઉ "કવેલીઆ".
(એક મીઠું નાલું.)
કવેલીઆથી ૨ ગાઉ ઝાલવાવ.
(હીઆં એક વાવ પણછે.)
ઝાલવાવથી .. ૩ ગાઉ સતરા.
પછી "બારખરીઉં" નાંમે નાલું.
સતરાથી.. . ૧ ગાઉ વાઘનગર.
પછી બાદરોરી નદી (નાલું.)
વાઘનગરથી . ૧ ગાઉ મહુવા.

પાલીતાણું મુકીઆ પછીનો સઘલો રસતો ઉજડ મેદાંનોમાંથીછે અને જાહાડ પાન નજરે પડતાં ન હતાં. પણ વાઘનગર છોડીઆ પછી લીલોતરી દેખાવ દેવા માંડેછે અને જેમ જેમ ડાકાની નજદીક આવવા લાગીએ છઈએ તેમ તેમ ખેડાંન જમીન જણાવા લાગેછે અને આંબા અને બીજાં મોહોટાં જાહાડો, અને તરેહવાર વનસપતી દીશેછે.

મહુવા ગાંમ ગોહલવાડ પરાંતમછે. એ ભાવનગરને તાબાનું ગાંમછે. તેમાં આસરે પાંચ હજાર નીચાં, સાંકડાં ઘરોછે તેમાં બારથી પંદર હજાર માણસની વસતી ગણાએછે. ગાંમની આસપાસ કુમ્ભો કોટછે. આગલ કહેલા સઘલાં ગાંમો કરતાં મહુવા દેખાવમાં, તાંહાંની દુકાંનો અને રચનામાં ચડતુંછે, ફકત ભાવનગરથી ઉતરતુંછે. ઘણી જાતની તરકારી રૂતુ પરમાંણે અનરે મલી આવેછે

મહુવા પરગણાને તાબે આસરે ૧૦૦ ગાંમડાંછે. તેની આવક આગલ બે લાખ રૂપીઆની હતી, પણ હાલમાં પાંચ લાખ રૂપીએ એ પરગણું ઇજારે આપીઉંછે, અને શાંભલવા પરમાણે ઇજારદારને ૨ થી ૩ લાખ રૂપીઆનો નફો થાએ !! આ પરગણામાં બાજરી, જુઆર, ઘઉં, સેરડી, અને રૂ એ મુખીઅ ચીજો પાકેછે. પણ રૂનો ભાવ ગઓ બે ચાર સાલમાં ઘણો વધી પડવાથી બીજી વનસપતી વીગરે કાંઇજ રોપાતું નથી. આ તરફની જમીન ઘણી સારી, ખેડવા લાએક અને ફલદરૂપછે. આસરે ૧૫ થી ૨૦ હજાર ગાંસડી રૂ મુંબાઈ મોકલેછે, અને તે ધોલેરાનાં રૂને

નામે વેચાએછે. મહુવામાં રૂની ગાંસડી બાંધવાનાં ગાંમ ઠી આસરે ૧૬ ઇસકરૂછે તેમાં કાચી ગાંસડી બંધાએછે.

મહુવાની ખાડીમાં મુંબઈ, વલસાડ, ગંદેવી અને બીજા નજદીકનાં બંદરોનાં બતેલા આવેછે.

જે વેલા ગોહલવાડનાં મુખીઅ શેહેરોમાં ગોહીલો રાજ કરતા હતા તે વેલા કેટલીક મુદ્દત સુધી મહુવા (અને તલાજા) જંગલી અને લુટારા લોકોનાં હાથમાં હતું અને "ખશીઓ" કોલી નામે કોઇ પીંડારો રાજ કરતો હતો, તેને અખરાજી ગોહીલે હરાવીને હાંકી કાહાડીઓ અને મહુવા પોતાને તાબે કરી લીધું.

તા૦ ૫ મી જાનેવારી ૧૮૬૬ ને દીને વડાલ મુકાંમ કરવા સારૂં કલાક ૫ વાગતે મહુવા છોડીઉં.

પેહેલે માલણ નદી ઉતરીઆ પછી હેઠલ લખેલાં ગાંમો મલીઆં.

મહુવાથી...... ૧ ગાઉ ઉમનીઆવદર.
ઉમનીઆવદરથી.. ૧ ગાઉ ભાણાવાવ.
ભાણાવાવથી .... ૧ ગાઉ કુંભણ.
કુંભણથી ...... ૧ ગાઉ તાવીડા.
તાવીડાથી...... ૧ ગાઉ ગોરસ.
માલણ નદી ફરી ઓલંગી.
ગોરસથી ...... ૧ ગાઉ ખુંટવડા.
ખુંટવડાથી ...... ૨ ગાઉ એક વાવછે.
વાવથી ...... ૨ ગાઉ વડાલ.

મહુવાના નીકલેલા સાંજના છ કલાકે વડાલ પોહોંતા. વડાલ પણ ઉપલા સઘલાં ગાંમોની પેઠે ભાવનગરનાં દરબારનું ગાંમછે. તાંહાં હમો ફક્ત રાત રેહા હતા તેથી આ ગાંમકું જોવાને બનીઉં ન હતું, માટે તેનુ વીગતે બખાન આપી શકતા નથી.

બીજે દીને કુંડલા જવા સારૂં ઉતર તરફ ચાલવા લાગા, અને તે ગાંમ પોંહોંતા આગલ નીચે આપેલાં ગાંમો આગલથી ગઆ હતા.

વડાલથી...... ૧॥ ગાઉ હાડીડું.
હાડીડાંથી ...... ૧॥ ગાઉ વીજપરી.
વીજપરીથી ...... ૨॥ ગાઉ ધાધકરા.
ધાધકરાથી . ૪ ગાઉ સાવર, કુંડલા.

ધાધકરાને રાજગરા પણ કેહછે; તેને આસપાસ ફરતો કોટછે; તે જુનાધડનાં નવાબને તાબેછે, એ ગાંમમાં બે દરવાજાછે, તેમાં ઉતર તરફને દરવાજે હમો દાખલ થઆ હતા અને ગાંમમાં થઇ બીજે દરવાજે બાહેર પડીઆ હતા, કારણ હમારો રસતો એ ગાંમમાં થઇને જવાનો હતો. હીઆં હોરાઓની વસતી વધારેછે.

કુંડલું અને તેનું પાસેનું ગાંમડું સાવર વચે એક નાધલું જીવતું નાલુંછે તેને "નાવલી" કેહછે. બેહુ ગાંમમાં (સાવર કુંડલામાં) આસરે ૧૫૦૦ ઘરોછે. રસતા સોજા અને ઘણા ગલીચ નથી. સાધારણ તરકારી, મીઠાઈ વીગરે મલેછે. આ ગાંમમાં લોહોડાંનાં દાબડા વગરે લોહોડાંનાં વાસણો સારાં બનેછે.

કુંડલા પરગણાને તાબે આસરે ૯૬ ગાંમડાંછે; તે માહેલા કેટલાક, શીપાઈને તથા બીજાઓને આએપત ખાવાને આપેલાંછે; કેટલાંક કાઠીઓનાં તાબામાંછે, જેઓનો તે ગાંમની આએપતમાં ભાવનગરની દરબાર સાથે થોડો ઘણો લાગછે. એ સઘલું બાદ કરતાં ભાવનગરની દરબારનાં હાથમાં વરશ દાહાડે પાંચ લાખ રૂપીઆથી વધારે ઉપજ થાએછે. સેરડી અને રૂ એ બે જનસ આ પરગણામાં થાએછે. આ પરગણામાંથી ૫૦૦૦ ગાંસડી રૂ મહુવા, અને બીજા બંદરે જાએછે.

આ ગાંમમાં ૧૦૦ થી ૧૫૦ ઘોડાની પાએગા રેહછે. એક આસીસટંટ પોલીટીકાલ એજંટ પોતાની છાવણી નાખી કુંડલા આગલ પડેલો હતો, કેમકે વાઘર લોકોને ઉતરવાનું આ એક નાકું હતું.

નાવલી નદીની એક બાજુપર એક નાધલો બંદ બાંધેલોછે, જે એક કુંડ જેવોછે; તેમાં થઇને નદીનું પાણી આગલ વેહછે. એ કુંડમાં બરાહમણો વીગરે નાહેછે. કુંડની આગલ પુસતો પણ બાંધેલોછે; તેની આસપાસ લીલોતરી સારીછે. ગાંમમાં સરવેથી સરસ ફરવાની અને આશાએશની જગા આ કુંડ આગલછે.

કુંડલામાં છોડીઓની તથા છોકરાઓની ગુજરાતી નીશાલછે.

તા૦ ૯ મી જાનેવારી ૧૮૬૬ ને રોજે હમેશ પરમાણે સવારનાં ૫ કલાકે કુંડલાથી નીકલીઆ, અને અમરેલી જવા સારૂં ઉતર તરફ કુચ કીધી. એ બેઉ ગાંમ વચે ૧૦ ગાઉનો તફાવતછે. હેઠલ લખેલાં ગાંમ પસાર કીધા પછી અમરેલી બપોરનાં બે કલાકે પોહોતા.

કુંડલાથી...... ૨ ગાઉ મરખરીઉં.
મરખરીઆથી.. ૧ ગાઉ ઓલીઆ.
ઓલીઆથી. .. ૧ ગાઉ સેલનદી.
(હીઆંથી ભાવનગરની હદ પુરી થાએછે, અને ગાએકુવાડી શરૂ થાએછે.)
સેલનદીથી.. .. ૧ ગાઉ લાંપાલીઉં.
લાંપાલીઆથી .. ૧ ગાઉ ગોખરવાલું.
પછી શેતરંજી નદી (તરીજી વાર) ઓલંગી.
ગોખરવાલાથી .. ૧ ગાઉ દેવલીઉં.
દેવલીઆથી.... ૧ ગાઉ સકરઘડ.
સકરઘડથી.. . ૨ ગાઉ અમરેલી.

કુંડલાથી નીકલીઆ પછી જો પાધરા ઉપર લખેલા રસતામાં જરા ફેર કરવો પડીઓ હતો. પાધરા સેલ નદીપર જવાને બદલે ભાવનગરને તાબેનાં સીમરણ નામે ગામડામાં ગઆ હતા કારણ તાંહાં સઘલા નાસતો લેવાના હતા. તેથી આસરે ૧ ગાઉનો ફેરાવો ખાવો પડીઓ હતો. સેલ નદી શુધી ભાવનગરની હદછે, અને તે મેલીઆ પછી ગાએકુવાડી હદ શરૂ થાએછે. હમારો ઉતારો ગાંમ પાસે "થેબી" નદીનાં કીનારા ઉપર તંબુઓમાં હતો, અને તાંહાં ગાંમમાં થઇને જવું પડીઉં હતું.

## અમરેલી.

અમરેલી ગાએકુવાડ સરકારને તાબેનું આ તરફનું મુખીઅ મથકછે. તેની આસપાસ ફરતો મજબુત કોટછે. વરોદરાની પેઠે તેનાં ચાર બજાર અને ચાર દરવાજાછે. બજારના રસતા પોહોલા અને સફાઈમાં ઠીકછે; પણ બાકી

ના ઘણાં સાંકડા અને ગલીચીથી દુર નથી. અમરેલીમાં બે દેડાંછે; એક માહાદેવનુ દેહુંછે જે ઘણું મોહોટુંછે અને જેનુ શીખર અમોને ૨ાા માઈલ ઉપરથી દેખાઈઉં હતું. બીજું શરાવક લોકોનું દેહુંછે, તેની બાંધણી પણ સારીછે. ગાંમમાં આસરે ૨૫૦૦ ઘરોછે; અને આસરે દસ હજાર માણુશની વસતી ગણાએછે.

અમરેલી પરગણું અને બીજાં ગાએકુવાડ શરકારના ચાર પેરગણા મલી પંચમાહાલ કેહવાએછે. એ પંચમાહાલમાં આસરે ૫૦૦૦ ખાંડી રૂ પાકેછે; તે ઘણુ કરી ઘોઘા તથા ભાવનગરને બંદરે વાહાણુ ઉપર ચડેછે. એ માહાલેની કુલે આવક ૧૫ લાખને આસરેછે. અમરેલી માહાલમાં એખલામાં આસરે ૬૦ ગાંમડાંછે.

આ શેહેરમાં આસરે ૫૦૦ સવાર તથા પાએદલ મલીને રેહછે. હાલનું અમરેલી ગાંમ ૫૩ વરશ ઉપર રાવ સાહેબ દીવાને વસાવીઉં હતું; તેની આગલ તે એક ગામડું હતું અને તેની આવક વરશે આશરે ૧૦ હજાર રૂપીઆની હતી.

અમરેલીમાં રૂપાનાં વાસણો જેવુંકે કલશીઆ, વાટકા, પાનદાન, ગોલાબદાન, સારા ઘાટનાં અને ઘણી સરસ ઓપણીનાં બનેછે. વહોદરામાં, નગરમાં અને કાઠીઆવાડી દરબારોમાં હીઆંથી રૂપાનાં વાસણો જાએછે. કોઈ એક રાજાએ રૂપાનો હીચકો બનાવા આપીઓ હતો તેના પઈઆ તઈઆર થતા હતા તે હમોએ જોએઆ હતા. એ હીચકાની કીમત રૂ૫૦૦૦) ની ધારવામાં આવી હતી. ચોપાલ, સાડી અને એવું હાથનું વણેલું કાપડ આ ગાંમમાં ઉંચુ મલેછે; હીઆં ૧૦૦૦ સાલ કાપડ વણવાનાંછે. આ ગાંમનો તંબાકુ તથા તફકીર ઘણી વખણાએછે. લાકડાનાં નાંધલાં રમકડાં તરેહવાર ચીતાર તથા આકરૂતીનાં, અને ઘડેલી રંગીન લાકડીઓ પણ ઘણી સારી બનેછે.

## શીધ—કરાંચી.

ઈસવી સને ૧૮૪૩ માં સર ચારલસ નેપીઅરે શીંધનો આખો પરાંત જીતી લીધો તે વખતથી કરાંચી અંગરેજ સરકારના સંવાધીનમાં આવીઉં. આગલ એ એક ગામડાં જેવું હતું તે હાલે વધીને પોતાનું નામ એક શેહેરમાં ખપાવેછે. જેવુ એ અંગરેજ સરકારના હસતકમાં આવીઉં તેવુંજ તેના બારાંની તપાસ થવા માંડી અને તે આખા હીંદુસથાનના બારાંવો કરતાં ફકત મુંબઈથીજ ઊતરતું માલમ પડીઉં જેથી તેને સુધારવાને તથા દેશના વધારાને ખાતર એ બાહાદુર સરકારે લાખો રૂપીઆ ખરચીને એ નાધલાં ગાંમડાંને સઊથી સરસ બંદર બનાવી મુકીઊંછે, અને તેમાં રેલવે ચાંલુ કીધો, તાર લંબાવેઓ તથા વેલાતના તારનું હીંદુસથાંન ખાતેનું મુખય મથક પણ એજ સેહેરને બનાવી દીધું. એક ગાંમડું જાંહાં ફકત કોલી લોકોનું રેહઠાંણ હતું તે આજે હજારો સુધરેલી વરણના લોકોથી વશી ગીઊ તથા તેમાં જગો જગોએ વાડી, બંગલા, દેવલો વીગરે મજબુત અને મોટી ઈમારતોથી તે ઊભાઈ ગીઊંછે અને ફકત ગએઆંજ વરસમાં બે મોટી ઈમારતો એ સેહેરમાં બંધાઈને હાલ પુરી થઈઓછે. તેમાં એક "ફરીઅર હાલ" જે આપણા માનવંતા માજી ગવરનર સર બારટલ ફરીઅરની ઈઆદગારીમાં રઈઅતને ખરચે બાંધવામાં આવેઓછે, અને બીજી ઈમારત વેલાત અને હીંદુશથાન વચે તારનો સંધેસો ચલાવનારાવોનું હીંદુસથાન ખાતેનું મુખય મથકછે. એ ઈમારત ઘણીજ સોભઈતી તથા કુસાદે બાંધવામાં આવીછે. એ વતરોગે મુંબઈ બેંક, આગરા બેંક અને ચારટરડ બેંકની ઈમારતોભી ઘણીજ સુંદર અને સોભઈતી રીતે બાંધવામાં આવીછે. એ પરમાણે જોતાં પચીશ વરશની વાત ઊપર જે એક નાધલું ગાંમડું હતું તે આજે વધીને હીંદુસથાનના બીજાં સેહેરોની સંફમાં આવીઊં.

અંગરેજોની સાથેજ એ ગાંમમાં પારસીઓ પણ પેઠા અને જાંહાં પેહેલાં ૧૦—૧૨ દુકાંનદારો વસતા હતા તાંહાં હવડાં નાધલાં મોટાં મલી એક હજાર જરથોશતીઓની સંખેઆ ગણાવા લાગી તથા કેટલાકો ઘેરબાર માંડી કુટુંબ કબીલા સાથે અતરેના રેહેવાશી થઈ પડેઆ.

હીંદુસથાનના ઊતર દેશો જેવાંકે મુલતાન, લાહાર, રાવલપીંડની, પેશાવર વીગરે દેશોમાં જવાનો મુખીએ મારગ કરાંચીનું બંદર હોવાથી લોકોની જાંણમાં એ સેહેર વધારે આવીઊંછે અને વાંચનારી બાઈઓમાંની કેટલીક બાઈઓએ એ શેહેર જોએઊં પણ હશે, તોપણ બીજી અંણજાંણી બાઈઓને એ શેહેર ખાને કદાચ જવું પડે તેમની જાંણને માટે જણાવવું જરૂરનુંછે કે મુંબઈ અને કરાંચી વચે દર પખવાડીએ એક ઈસટીમર મેલ તથા ઊતારૂઓને લઈને જાઆવ કરેછે. તે ઈસટીમર વેલાતનો મેલ આપણાં બારાંમાં આવેઆબાદ બાર કલાકે ઊપડી જાએછે, તેથી કરાંચી ખાતે જનારાવોએ પોતાની સઘલી તઈઆરી આગમચથી કરી રાખવી જોઈએછે, અને જેવી વેલાતનાં મેલની ખબર પડી કે તેવુજ આગબોટપર ચહડી બેશવું. થોડા ક

લાક આગલથી ચહડેઆથી સારી જગા મલવાની આશા રેહેછે, પણ સંભાલ રાખવી કે તરણ ચાર દાહાડાનો શીધો ,અથવા ભાતીઊં સાથે લીધાં વગર ચહડવું નહી. કારણ એ આગબોટને કરાંચી પુગતાં નજદીક તરણ દીવશ લાગેછે, ને તેટલા સુધી તુતકપરનાં ઊતારૂઓને મીઠું પાણી શીવાએ આગબોટ વાલાવોબીજું કશું પુરૂં પાડવાને બંધાતા નથી—પણ પેહેલા અને બીજા વરગનાં ઊતારૂઓને તેઓ પઈસા લઇને ખાવાનું પુરૂં પાડેછે. આગબોટ ચાલવા માંડેછે એટલે નવાસવા બેસનારાને ભોર આવેછે ને તેઓ ઓકવા મંડી જાએછે તેથી આગમજથી સંભાલ રાખવી કે બીછાનું વીગરે ખરાબ થાએ નહી, કારણ તરણ દાહાડા તેજ બીછાનાંપર કાહાડવા પડેછે. ભોર ઘણા આવેતો મોહોડામાં ખટાસ રાખવાની તજવીજ કરવી તથા અમશથું પાંણી પીવું નહી પણ જરા બરાં નડી ભેરીને પીવું. એક બે દાહાડામાં ભોર આવતી બંધ પડેછે ને તીજે દાહાડે કરાંચી ખાતે પુગેછે. જે પછી કોઇને આગલ વધવું હોએ તેવો રેલવેમાં બેશી કોટરી જાએછે. જાંહાંથી ઇંડશ (શીંધું) નદીમાં ફરતી આગબોટોમાં સવાર થઈ જાંહાં જાવું હોએ તાંહાં જાએછે.

એ શેહેરનો વેપાર ગઓ દસ વરસમાં ઘણો વધી ગીઓછે જેથી અંગરેજ, પારશી, કચી, ખોજા, મેંમણ વીગરે ઘણાક વેપારીઓ તથા કામદારો અતરે આવીને વશાછે અને અમેરીકાની છેલી લડાઇને વખતે એ શેહેરનો વેપાર એકદમ ખીલી નીકલેઓ હતો, કારણ સીંધ, મુલતાંન, અમરસર, ફીરોજપોર વગરે દેશોનાં વેપારીઓએ પોતાની પેહેડી કરાંચી ખાતે હુગાડીને રૂ તથા કાપડનો બોહોલો વેપાર તેવો કરવા લાગેઆ. આપણને જાણીતો મુંબઈનો માજી ગવરનર સર બારટલ ફરીઅર મુંબઈનો ગવરનર થવાની અગાઊ સીંધનો કમીશનર હતો તેણે એ શેહેરનાં સુધારા તથા વધારા પાછલ ઘણી મેહેનત લીધેલી કેહેવાએછે, અને તેહેનીજ મુખીઅ કોશેશથી આ શેહેર આટલી ઊંચી પાએરીએ આવેલું ગણાએછે. એ શેહેરમાં રેલવે ચાલુ થવાની આગમચ વેપારની સઘલી જીનશો ગોરાબારીને મારગે લાવવા લઈ જાવામાં આવતી હતી. ગોરાબારીનું બંદર ઇંડશ નદીનાં મુખ આગલ આવેલુંછે તેને વીશે હેવી એક કેહેવત ચાલુછે કે કોઈએક વેપારીએ કોઈ અધ શીખાઊ પાંશે પોતાનાં કાગજપર ઇંગરેજીમાં સરનાંમું કરાવીઊં હશે તેમાં પેલા લખનારે ગોરાબારીને વાસતે "હારસ વીંડો" (એટલે કે ઘોડો બારી) કરીને લખી આપીઊં હતું.

એ શેહેરની આબોહવા શુખાકારી ગણાએછે પણ તાંહાં ચોમાસુતો મુદલ માલમ પડતું નથી: આખાં વરસમાં સેજસાજ વરસાદ થાએછે તેબી વલી કોઈ વખતે ડીસેમબર અને જાનેવારી માશમાં થાએછે. જેવેલા કકડતી ઠંડી પડેછે ને વરસાદનાં પડવાથી સરીરનાં સાંધા અકડી જાએછે. મે અને જુન માશમાં તાપ અતીસએ પડેછે. એ શેહેરની બાંધણીમાં કાંપની બાંણીપર સારૂં ધેઆંન આપવામાં આવેઊંછે. ઘણા ખરા સઘલા બંગલા છોંએબંધ બાંધણીનાછે ને છાપરાંપર નલીઆં ચહડાવેલાં હોએછે, તથા શીધા રસતા તથા બતી વીગરે શોભામાં વધારે ધેઆંન આપવામાં આવેઊંછે. ગાંમની બાંધણી ઇંગ્રેજો જેને "નેટીવ ટાઊન" કરી કેહેછે તે અસલી ઢબનીછે. સઘલાં ઘરો મટોડાનાં બાંધેલાંછે ને છાપરાંને બદલે અગાશી જેવાં ધાબાં બાંધી તે ઊપર મટોડીનો થેપ ચહડાવેલો હોએછે તથા હવા જવા આવવાને ઊપર મગરીઆં મુકેલાં હોએછે તેથી એ ઘેરોનો દેખાવ આંખોને દુખવે હેવોછે. રસતા ઘણા શાંકડા તથા ગલીગુચી ગલીચીથી ભરેલી હોએછે. પણ ગાંમનાં બીજા ભાગપર જાંહાં વેપારીઓની હાશીશો તથા બેંકો વીગરેછે તાંહાં રસતા કુશાદે તથા સફાઈ કાંપના જેવીજ રાખવામાં આવેછે એ ઠેકાંણે સઘલી મલીને ચાર બેંકોની સુંદર ઈમારતો બાંધેલીછે કારખાનાંઓમાં ચાર રૂ દાબવાનાં સાંચાછે તથા એક તેલ કાહાડવાની ગીરનીછે, તે શીવાએ રેલવેનું તથા હારબર વરકશનું કારખાનું ઘણું મોહોટુંછે. પરજાનાં વપરાશને વાશને કુશાદે ને ખુલી હવામાં ફરેઅર હાલ બાંધેલોછે. તેની ઊપર લગભગ બે લાખ રૂપીઆ ખરચવામાં આવેઆછે ફરવા હરવાને ગવરમેંટ ગારડંન બનાવેલીછે. ઊપવે એકો ઠેકાંણે અઠવાડીઆંમાં એકવાર જુદે જુદે દીવશે વાજું વાગેછે. પવંનચકીના જેવાં હવા ખાવાનાં બે નાકાં કીધેલાંછે, તેમાં એક બરીજપોઇંટ અને બીજું કલીફટંન. એથી થોડુંક દુર ચીજરી બંદર આવેલુંછે જાંહાંની હવા શીક માંણશોને વાશને ઘણીજ સારીછે. એ બંદ

રમાં થોડાંક વરસપર ચોમાશાંમાં માલ ઊતરતો હતો તથા આગબોટ લંગરતી હતી, કારણ-મુખએ બારાંમાં તોફાન ઘણું લાગતું હતું. બારાંની સાંભે ટેકડીઓની હારછે તેને મનોરો કેહેછે. તાંહાં દીવાદાંડીછે તથા વાંહાણના શેલરોને વાશતે દેવલછે તથા કેટલાક ઈંગરેજો એ ઠેકાંણે વશેછે. કરાંચીથી આશરે બાર માઈલ દુર મગરપીર કરીને ગાંમડુંછે તાંહાં કોઈ મંગાપીરની કબરછે તેની વેહેમી લોકો માનતા કરેછે. એ ઠેકાંણે ગરમ પાંણીના ઝરાછે, તેમાં લોકો નાહાવા જાએછે તથા એક તલાવછે તેમાં શેંકડો શુશવાટો રેહેછે તેની પણ લોકો માનતા કરેછે તથા બકરાં, મરઘાં ચહડાવેછે

(મલેલું.)

---

# પરચુટણ.

સઉથી દુઃખી કોણ? ઈરાનનો પાદશાહ ઓથરૂ એક વેલાએ બે ફીલસુફો અને પોતાના વજીર સાથે વાતો કરતો હતો; તેવામાં તેણે પોતાનાં સોબતીઓને સવાલ નાખયો કે "સઉથી દુખી કોણ !" એક ફીલસુફ બોલીઓ કે "પાદશાહ સલામત જે ઘડપણમાં પઈસે કંગાલ હોય તેના જેવો દુખી બીજો કોઈ નહી." બીજો ફીલસુફ બોલીઓ કે "પાદશાહ સલામત જે તનથી અને મનથી દુખી અને જે નસીબે કમજોર તેના સરખો દુખી કોઈએ નહી." વજીર બોલીઓ કે "પાદશાહ સલામત જે આ દુનીઆમાં અવતાર લઈ કોઈનું ભલું ન થાહે અને જેને મોહોત એકાએક ઉઠાવી લઈ ઈશવરની દરગાહમાં વગર બચાવે ઉભો રાખે તેના સરખો દુખીઓ બીજો કોઈ હોય નહી."

---

હાથીદાંત ઉપર રૂપાંનો ઢોર—૩ આંઉસ 'ડીસ ટીલડ વાટર' ઈયાને બાફના પાંણીમાં ૪ ગરેન 'નાઈટરેટ આવ સીલવર' પીગલાવવું, અને તેની અંદર હાથીદાંતનો કટકો નાખવો, જાહારે હાથીદાંત છેક પીલો રંગ પકડે તાહારે તેને બાહાર કાહાડવો અને તેને પાણીથી ધોઈને સૂરજના તડકામાં મેલવો. ૩ કલાકમાં હાથીદાંત કાલો થઈ જશે. પછી તેને સારીપેઠે કપડાંએ ઘસવો જેથી તે રૂપાંની માફક ચલકશે.

'નાઈટરેટ આવ સીલવર' હાથે નહી લાગે તેની સંભાલ લેવી કારણ કે તે ચાંમડી ઉપર કાલા દાઘ પાડેછે.

---

ઈંડાંના અથાર—ઈડાંને દસ મીનીટ શુધી સુહલાપર બાફવાં. પછી તેઓના કોટલાં કાહાડવાં અને જાહરે ઘણાંજ ઘંડાં પડે તાહારે એક બરણીમાં ભરવાં અને પછી ઉપર પુરતો સરકો નાખવો. સરકા સાથે મરમાં અને બીજો ગરમ મસાલો નાખીઓ હોયતો અથાર વધારે લેહેજદાર થશે.

---

નેતરની ખુરસીઓને ગરમ પાણીમાં સાબુનું ફીન કરી વાદલાએ ધોયાથી નેતર ખરાબ થતી નથી.

---

બાટલીઓને ઝીહીના કોલસાના કટકા અને ગરમ પાણી નાંખીને સાફ કરવી.

---

## રમુજે ફુરસત.

૧ લું—હું જોકે આ વખતમાં તમારી સાથે વસુચ અને હઈઆતણુ તોબી મારો સંબંધ પાછલા અને ગુજરેલા વખત સાથે વધારેછે. જે ચીજો મુગી થઈ જાય તેને હું પાછી બોલાતી કરૂંછ; જે મરણ પાંમેલા તેને હું સજીવન કરૂંછું, જે બીનાં ગુચવાઈ ગયલી તેને હું મોકલી કરી તમારી સનમુખ ધરૂછું. હું એક જાતની આરશીછું તેમાં જોયાથી દુનીઆના શેહેરે શેહેર અને મુલકે મુલક તમોને નજર આવેછે. મને બરાબર ધેઆનમાં લીધાથી નાંદાનો દાનાવ થાયછે; દાનાંવો પોતાનો અનુભવ વધારેછે અને સરવે સુધારાનું મુલ હુંછું કેમકે મારા વગર અગમ પછમ તમોને કોણ કેહે ? મારા પેટામાં હજારો લડાઈ, ખુનામરકી, જુંલમ જાસતી, આફત, બદી, લોભ, પાપ, તેમજ સખાવત, નેકી, નીતી, સચાઈ, નીમખહુલાલી વગેરે બધું એકંદર સમાવેલુંછે. ઉધરતા જવાંનોની સાથ વસુંછું, દાનાવ, પંડીત અને ફીલસુફ મારો ઉપયોગ કરતાં જરા અચકાતા નથી; તેઓનાં અનુભવની હું કુંચીછું. છેલે હું એક ચાર અક્ષરનો બોલછું અને મને પછવાડેથી વાંચયોતો મારી શચાઈ વીશે તમારી ખાતરી થશે.

૨ જું—હું અસલ ચીન દેશની રેહેવાસન છું અને મારો જનમ તે મુલકમાં થયેલોછે. જોકે એશીઆ ખંડનાં બીજા દેશવાલાઓ હમણાં મને ઉધારી મોહોટી કરેછે તોબી મારા ચીન દેશને દરજજે તેવો પુગતાં નથી. ચીનાવોને સુધરેલા લોક જંગલીમાં ખપાવેછે, તોબી મારે વાસતે શું ઈંગરેજ કે અમેરીકન, શું ફરેંચ કે રૂશીઆન અને ચારે ખંડનાં લોક મારે વાસતે ચીન તરફ ફાફાં મારેછે. બોલો હીંદુસતાનમાં મને કહી વાણ નથી ચાહાતી; મને પારશી, મુસલમાંન, એહુદીઓતો ચાહેતો ચાહે પણ ખાવા પીવામાં હઠીલા હીંદુઓને વાસતેબી કેહેછે કે, મને ચાહે. મારો ઉપયોગ નાના બાલકથી તે ઘરડાં માણસો સુધી કરેછે. તનદરોશત માણસ મારો ઉપયોગ કરી હા હા કરેછે, અને આજારી માણસ જરા ચેત ધરેછે. મારે ખાતર સવારનાં પોહોરમાં નાના છોકરાંઓ ખુદાં જમાઈ બપાઈની પછવાડે પછવાડે ફરી તેઓને કંટાલો આપેછે. કેટલીક વારતો લોકો ઘરમાં મલવા આવે તેને ઘર ધણી મારી મુલાકાત કરાવાની ચોહોય કરેછે. મારો ઉપઓગ કરતી દુનીઆ કરેછે તોબી મારી ઉપર તેઓ થોડી જાસતી કરતાં નથી. મને ખખરતાં અને કકરા આવતાં પાણીમાં નહવાડેછે જેથી મારી રગેરગમાંથી લાલ લોહી નીકળેછે અને જો મને અને મારાં લોહીને તેવી હાલતમાં લાંબો વખત રેહેવા દીધુંતો પછે આસતે આસતે તે કાલાસ મારનું જાયછે અને તે કાલું કાલુંબી લોકો કબુલ રાખેછે અને મને ગરી જાયછે. મા

રૂં નામ જે લેએ તેને સઉ કોઇ ચાહે;—હીંદુ ચાહે, પાર થી ચાહે, મુસલમાંન ચાહે, ચીના ચાહે, ઈંગરેજ ચાહે, અને આખી દુનીઆ ચાહેને ફર ચાહે.

૩ જું—સ્ત્રીઓમાં વપરાતી એક ગુજરાતી કેહેવતને તરેહવાર રીતે ઉલટાવી લખીછે તે બરાબર વાંચો.

આંસું જશે ભાઈની, બેહેન ઝેરી તે આવશે,
પેહેરી જશે ભાઈની શાડી, તે બેહેન આવશે.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—હીંદોલો (જેની ઉપર માણસો બેસી હીંચ ખાયછે.)

૨ જું.—પેહેલાં (૩) ગાલનની તરાંબરી ભરવી અને તે પેલાં (૫) ગાલન વાલી તરાંબરીમાં ખાલી કરવી; પાછી (૩) ગાલન વાલી તરાંબરી ભરી (૫) ગાલન વાલીમાં જેટ લો દારૂ સમાય એટલો ભરવો એટલે આ નાની તરાંબરીમાં બાકી બરાબર એક ગાલન, અને પીપમાં બે ગાલન રેહેશે. હવે પીપની અંદર પેલી (૫) ગાલનની ભરેલી તરાંબરી ખાલી કરવી એટલે પીપમાં (૭) ગાલન થશે, પછે પેલાં (૩) ગાલન ની તરાંબરીમા એક ગાલન બાકીછે તે પેલી મોહોટી તરાંબ રીમાં ખાલી કરવું, અને ફરીથી તે (૩) ગાલનની તરાંબરી ભરી તેમાંજ નાખવું જેથી (૪) ગાલન થશે અને પીપમાં (૪) ગાલન રેહેશે તે શરખે હીસસે લેઇ પેલા ચોરો ચાલતા થયા.

૩ જું—સાસરાંની સુખી સારી, પણ પીયરની પા લખી નહી સારી.

---

## એક પરદેશ ગયલા ભરથાર ઊપર તેની એકલી પડેલી સ્ત્રીએ લખેલો પતર.

(રાગ ધોલ.)

વહાલા બેસી ઝુરૂં ક્યાં લગ એકલી,
ક્યાં લગ જોઉં તારી વાટ; વહાલા વેહલો આવની.
શાને બનિયો કઠણ એવો દીલનો?
કેમ ચહડિયો તેપર એવો કાટ? પ્યારા વેહલો ચાલની.
તારો વીજોગ હવે સાલે મુજને:
થાય તને મને બહુ દુખ; વહાલા વેહલો આવની.
હવે વધુ ન ખમાયે તે મુજથી;
બળી ભસ્મ થયું સંધું સુખ. પ્યારા વેહલો ચાલની.
આ રાચ રચીલું સોહામણું
ઘર, મોટું મેહેલ સમાન; વહાલા વેહલો આવની.
વીના તુ મને લાગે બીહામણું,
જેવું સુનું સુનું સમસાણ. પ્યારા વેહલો ચાલની.
જોઉં કંઈક વસ્તુ પડી જોડીએ;
વળી કંઈક જોડા ચિત્રમાહે; વહાળા વેહળો આવની.
ઉભી શોક કરૂં જોઈ જોઈ તે;
શાને મારી જોડી ન દેખાય? પ્યારા વેહલો ચાલની.
ન ખમાય એવું જોઈ ઘરમાહે;
તર છોડી તે જાઉં હું બહાર; વહાલા વેહલો આવની.
પણ "કુદે કહડાથી જે માછલી;
થાય અગનીમાં અંતે ઠાર." પ્યારા વેહલો આવની.
તેમ થાય મનેતો વધું દુખ;
અપાર, ખરે ન ખમાય; વહાલા વેહલો આવની.
હોઠ કરડી પીસું મુખ દાંતને;
લાગે હમણા આ જીવડો જાય. પ્યારા વેહલો ચાલની.
ભર ચોમાસાંના દીન આ ચાલતા;
થઈ રહીછે સંધે લીલાલેહેર; વહાલા વેહલો આવની.
સૌપર થઇછે કૃપા હરીની કેવી!
કેમ મુજ ઉપરજ કેહેર? પ્યારા વેહલો ચાલની.
આ લીલું લીલું વન શોભતું!
વહે નીર ચકચકતું ચોપાસ! વહાલા વેહલો આવની.
જોઉં ઉભી ઉભી સ્થીર આંખથી;
જોઇ એકલી બોલું હું—હાસ! પ્યારા વેહલો ચાલની.
જોઉં ઝાડો ઉભા કંઈએક એકઠાં,
બની બેની જોડી મળી સાથ; વહાલા વેહલો આવની.
બહુ લાડે વાયુથી તે ડોલતાં;
જાણે ભેટી ભેટી કરતાં વાત! પ્યારા વેહલો ચાલની.
વલી જોઉં બેઠાં ડાલી ડાલીએ,
સુંદર પંખી, બની બેની જોડ; વહાલા વેહલો આવની.
બેસી સાથે ખાતાં મોટા હીંચકા;
પુરો કરતા સરવ મનનો કોડ. પ્યારા વેહલો ચાલની.
વળી જોઉં ઝરા બે હું વેહતા;
કરતા સુંદર નાદ અને નાચ; વહાલા વેહલો આવની.
જાણે સંગે મળી ગાઇ નાચતા;
બહુ લાડથી ભેળી આવાજ. પ્યારા વેહલો આવની.
જોઈ જોઈ, વહાલા, એવું હું સંધુ,
થાય દુખ મને બહુ મોટ; વહાલા વેહલો આવની.
જોઉં ચોમેર ફરી બની બહાવરી,
ક્યાંછે મારો તું પ્રેમનો કોટ? પ્યારા વેહલો ચાલની.
પછી મારી મને મોટી હાય હું,
બેસી જાઉં જમીનપર છેક; વહાલા વેહલો આવની.
છાતી ધડકે ધુજે અતિ તન સારૂં,
લાગે જીંદગી કડવી વેક. પ્યારા વેહલો ચાલની.
પછી રેલ ચહડે મોટી છાતીએ;
ચાલે આંખોથી આંસુની ધાર; વહાલા વેહલો આવની.
ગુંગળાઈ તેમાં બહુ વાર પછી;
વહાલા! વહાલા! કરૂં હું પોકાર. પ્યારા વેહલો આવની
થાય એમ કરતાં સંધ્યા કાળ;
ત્યારે ઉઠું મુકી હું નીસાસ; વહાલા વેહલો આવની.
બની લુલી, હુટેલી, હું ઘર જાઉં,
અતિ મનમાં થઇને નીરાસ. પ્યારા વેહલો ચાલની.
માટે વહાલા સાંભળ મારી વીનતી,
વધુ લખતાં ચહડે મને તાવ; વહાલા વેહલો આવની.
માટે થોડે લખે ઘણું માનીને.
નાનાભાઈ, વેહલો હવે આવ. પ્યારા વેહલો આવની.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૧ મું. | ડીસેમબર ૧૮૯૭ | આંક ૧૨ મો.


## સેનાહ શેહેરનો કીલલો.

ભાગ ૧૦ મો.

રાણી માહાબાનુને જેવી પોતાની કમનસીબ બેટીની ખબર પડી તેવીજ બાવરી પડી તે મેહેલની બાહાર દોડી, અને મેહેરબાનુને જાહારે નજરે નજર લોહીમાં ગરકાવ દીઠી તાહારે તે બેશુધ થઈને જમીનપર પડી. અસફંદીઆર, અને પરીચેહેર પણ દલગીરીનાં ડચકાં ખાતાં હતાં. મેહેરબાનુમાં પણ શુધ જેહેવું હતુંજ નહી. વારેઘડીયે તેના હોઠ હીલતા હતા અને "માહારી મા, માહારી મા" એવાં શબ્દો ધ્રુજતા અવાજે કાને પડતા હતા. જાહારે ઘણીજ કલાપીત થવા લાગી અને માહાબાનુએ હુશીયાર થઈ પોકાર મારયો તાહારે, મેહેરબાનુ એકવાર પાછી પોતાની જાવેદાનની ઉંઘમાંથી જાગરૂત થઈ. મેહેરે પોતાનાં પીતાને પોતાની પાસે બોલાવયો અને તેનો હાથ પોતાની માના હાથ સાથે જોડીને પોતાની છાતીએ મુકયો. પોતાની ફરેસતા ખસલતની બેટીનો આવો પેઆર જોઈ કસાઈ જુવાક જમીનપર પેલા માણસની મુઆફેક પગ પછાડવા લાગો. જુવાકને બીજા ઓરડામાં લઈ જવામાં આવયો. પણ જાહારે માહાબાનુનો હાથ પરીચેહેરે જાલયો તાહારે તે બલી રાણી પોતાની બેટીનાં બદનને મજબુત વલગી રહી અને એક દગલુંબી પાછી હટી નહીં. મેહેરબાનુની આંખો પાછી વીંચાતી ગઈ, નાડી ધીમી ચાલવા લાગી અને બદન હીમ સરખું થંડું પડવા લાગું. અસફંદીઆરને જાહારે વઈદોએ કહયું કે પાદશાહજાદી એક અરધા કલાકમાં મરણ પાંમશે તાહારે તે બાહાદુર જુવાન બોલી ઉઠયો કે "જીવતા જીવત નહી તો મરણ પછીબી મેહેર માહારીજ થશે. પીતા, માહારા, બુજરગ બાપ, શું તું હમારા નેકા હમણા ન કરે?" બુઢો ગુસતાસપ જે જાહાંગીરશાહ અને વઈદોની સાથે મેહેલમાં આવી લાગો હતો તે બોલયો કે "હે બેટા તાહારા મગજની લગામ કેમ છુટી? મોહોતનાં બીછાનાં આગલ શું શેહાદીનો કોલ હોય?" અસફંદીઆર બોલીઓ કે "હા, હોય, હોય અને હોય. આ પાદશાહજાદીની મુજ સાથે કદખુદાઈ થવી જોઈએ." જાહાંગીરશાહ બોલીઓ કે "એ માથા ફરેલ છોકરા તાહારી આંગરી ઠેકાંણે નથી. દખમાંની પાલપર નગારાંના શરોદ હોય નહીં, અને કઈ તોખમથી તું ઉતરેલોછે કે આ પાદશાહજાદીના હાથનો તું દાવો કરેછે?" અસફંદીઆર બોલીઓ કે "તોખમ! એ કંગાલ મરદ માહારી તોખમ પર શક નાખેઆ અગાઉ સાલ કર. હું તોખમે પાદશાહછું અને આ શેહેરની ગાદીનો હું હકવાજબી માલેકછું. માહારા બુજરોગ પીતા માહારી તોખમ તહમને કેહેશે." જાહાંગીરશાહ બોલીઓકે "ખરેખર આ એક દુખદાયક બનાવછે આ જુવાનનું માથું ઠેકાંણે નથી. એ કમનસીબ છોકરા આ શેહેરની ગાદીનો હું હક વાજબી માલેકછું કારણ આ કાલું કરતુક જુવાકે કીધું તેથી હવે સદનતર એનો દાવો ઉડી ગયોછે" ગુસતાસપ બોલીઓ કે "એ નામવર ઉમરાવ જે વાત આ જુવાન કેહેછે તે હરફે હરફ ખરીછે. જાન ઓ અમીર કે જારે પાદશાહ કેખાઉશ કાફરોને મારી હટાવવા નીકલયો તારે—" અસફંદીઆર બોલી ઉઠયો કે "વાહાલા પીતા શું વારતા લઈ બેઠાછો. ઉઠો અને માહારો આ મરતી સાહાજાદી સાથે હાથ જોડો. એ માહારીજ થશે ઓ વાહાલી મેહેર! માહારા જીગરના ચેરાગ! શું તું માહારી નથી?" મેહેરબાનુંની આંખ આસપાસ પોતાની માને માટે ફરી. માહાબાનું બોલીઆંકે "હે માહારાં કાલજાં હું તુંહને છોડનાર નથી." મેહેર રડતે પણ અતીશય ધીમે સાહાદે બોલી કે "ઓ મા તમારા કેટલા આભાર. મા માહારે માટે ચીંતાતુર રેહેશોના. જાંહા કદી દુખનું તડકું પડતું નથી તાંહાં હું પધારૂંછું. મહને હવે ઘુમરી આવેછે. ઓ માહારી મા, માહારી વાહાલી મા, ખોદા તારો વાલી થજો. રડ ના મારી મા; રડ ના. તારૂં હાલનું દુખ જોઈ બેહેસતનું સુખ પણ બનેતો તજું એવું મહને થાયછે. મા, મારો પીતા કાંહાંછે? પેઆરી મા તેહેને માફ કરજે— માફ કરજે તારી મરતી બેટીના વચન પર: ભુલથી તેણે તુંને દુખના દરયામાં ફેંકીછે,—અસફંદીઆરને તારા હુકમ ઉપરાંત બેટી તેથી કદાચ હું આ મરણ બીછાંને પડી હોઉં—માફ કરજે મા, તારા હુકમ મેં તોડયા—હજુરથી હું વધારે બોલું—પણ—હો—પરીચેહેર—અસફં—મા—મા" એટલું બોલી મેહેરબાંનુએં પોતાનો જાન જમને સવાધીન કીધો. શયલાઓએ જોર જુલમથી અધમુંઆ માહાબાંનુને એકમેરે બેસાડયાં પણ અસફંદીઆર એવોતો મજબુતીથી મેહેરબાંનુના મુરદાંને વલગયો કે તેને જુદો પાડવાને કોઈની

તાકાત રહી નહી. અસફંદીઆર મેહેરબાનુના ગાલને બોસાથી ભરી નાખવા લાગો. તરેહવાર કલાપીત અને રૂદન કરવા લાગો,' અને દરેક બોલોથી પોતાની મોહોરદાર તરફ વફાદારી દેખાડવા લાગો.

પરીચેહેર માહાબાનુંનો હાથ ધરી એકબીજા ઓરડામાં લઈ જતી હતી પણ તેટલામાં જુવાક સામો મલયો: બેહુનાં રડતા ચેહેરા ઉપરથી જુવાક પામી ગયો કે અંતે મેહેરબાનું મરણ પાંમી. તેણે પુછ્યું કે "શું હું ખુની ઠરી ચુકો ! " આ બોલો જેવા પાદશાહતાં મોહોમાંથી પડયા તેવોજ એક મોટો ધરાકો થયો જેથી સારો મેહેલ ધંમધમી રહયો; જમીન ધરતીકંપથી ઉછરવા લાગી અને બેખંતરૂનો ખખરાટ ચોમેર મચી રહયો. જાંહાંગીરશાહ અને ગુસતાસપે ધારયું કે પરથવીની હસતીનો છેડો આવયો. ગુસતાસપ પોતાનાં બેટા અસફંદીઆરને સાથે લઈ ચોકમાં ધસયો. જેવો અસફંદીઆર આવયો તેવીજ જુવાકની પાછલની દેવાલો લચક ખાઈને પડી ગઈ અને તે પડેલી દેવાલોની વચોવચમાં પાદશાહ કેકાઉશનો એક આબેહુબ પણ ગંજાવર આકાર દેખાયો. "અસફંદીઆર કેકાઉશથી ઉતરેલો હકવાજબી પાદશાહછે" એટલા બોલો તે ભુત બોલી.ગેપ થઇ ગયો. આ વેલાએ વાદલાં જોસથી છુટાં પડયાં અને કેકાઉશ આકાશે મહડયા પછી જોસથી તેઓ પાછા ભેગાં થયાં સઘલાઓ ધુંટણ મંદીએ પડયા અને તે પરમ કરૂપાલુ દાતારની બંદગી કરવા લાગા. માહાબાનું નાતવાન પણ ગંભીર અવાજે બોલયાં કે "વાહાલા ભરતાર માણસની તકોબરીનાં બુરા હાલ જો ! બેહેરામ મારયો ગયો ઇશવરનાં કોપે ! મેહેર જખે થઇ તાહારે પોતાને હાથે ! ફરજંદ ગયાં, પાદશાહાત ગઇ, અને આ જુવાન છોકરો ગાંદીનો ખરો માલેકછે. કયા મોજેજાથી એ વાત બની તે હું જાણતી નથી. ઇશવરે આપણને જે સજા કીધી તે ખમવી જોઇએ. શું તાહારે આપણી હસતીનાં જે થોડા દાહાડા રહયાછે તે ઇશવરનો પયાર મેલવવાને આપણે ન વાપડયે ? કયે પરૂથવીને ખુંને ભરાશે ? કયાં દરમાં તહને ઇશવરની લાકડીનો ગોદો વાગશે નહી ? ચાલ વાહાલા ખાવંદ ચાલ આપણે પાસેનાં મંદીરમાં જઈએ. અને ભજન ભકતી હરદમ કરી. તે હાકમની મેહેરબાંની મેલવીએ." જુવાક આંખમાંથી આંસુની ધાર ચલાવી બોલીઓ કે "એ નેકજાદ પણ કમનસીબ ઓરત ! માહારાં કરતુકે તું હલાક થઇછે ! તાહારા મધુર અને ધરમી બોલોએ માહારા કાલજાને તીર મુઆફેક વીધયુંછે. અફસોસે સદ હેંજારાં અફસોસ, કે તું માહારી સાથે જોડાઇછે. તહમે શઘલા વીચારમાં પડયાછો કે ઇશવર આટલો કોપાયમાન કેમ થયો, પણ તે રબનો ઇનસાફ રાસતછે. માહારાં કરતુક તમ આગલ હુજ કબુલ કરૂં એને ઇશવરની માફે માગયા બરાબરછે, પણ એક છોકરાનું પવીતર જગાએ થએલું ખુન અને એક ગેરવાજબી રીતે સીરે ઓરવેલું તાજ એ કરતુક એવાં કાલાંછે કે આ આંશુની ધારથી જો આખા મેહેલમાં બાગ ઉગી નીકલે તોબી તેઓ ધોવાઇ ધોલાં થાય નહી. શાંભલો સજનો માહારી વાત અને હવે પછી થતા એ જાલમી સાનશાહો માહારા બુરા હાલથી ધડો લેઓ.

"તહમો શઘલાઓને ખબરછે કે પાદશાહ કેકાઉશ કાફરો સામું લડતાં મારયો ગયો, પણ તે માહારા વડાવાના કરતુકથી ઠાર થયો, નહીતર આજ માહારૂં કુટુંબ એમ પાએમાલ થાત નહી. માહારા બપાવા જાલેજરે પાદશાહ કેકાઉશને વીખ દઈ ઠાર કીધો, અને એક બનાવટથી વશીઅતનામું ઉભું કરી તેમાં પોતાનું નામ ગાદીના માલેક દાખલ લખયું. પાપનો કરડેલો તેણે એવી માનતા કીધી કે જો હું સહી સલામત સેનાહ શેહેરમાં પગ મેલુંતો-જમસેદ દાવરના નામનું એક મંદીર બાંધું. જાલેજરને જમશેદ દાવર સપનામાં આવયો, એમાં તેને કહયું કે 'હે જાલેજર તાહારી શુભ નેમ પાર પડજો. પણ ખુબ ધેઆંન ધર કે તાહારાં ખાનદાનની અજલ નજદીકછે.

'ખુતનો બદલો ખુંનૂ એ પવીતર કલામ !
ફોકટ નાં કરતો તું સુંજને બેદનામ;
ખરો માલેક ઓરવે તુંજ નખીરાનું તાજ,
જો સેતારાઓ ફેરવે પોતાનું રાજ.'

"એટલા શબદો જાલેજરને કાને પડયા. અંતે પોતાની કબુલાત મુજબ આં પાસેનું મંદીર ઉભું થયું. પણ આગલી રાતનાં કરતુક કાંઇ પાછલી રાતનાં પુંનથી ધોવાયં ? અફસોસ, હું પણ જાલેજર. સરેખો કરૂંર ! વેન તેવાં ફલ, એ બુઢા ગુસતાસપની કેહેવત ખરીછે. એ બુઢા ગુસતાસપ માહારે માટે ભકતી કર. આ ભોગવેલી પાદશાહાત, આ ભોગવેલું સુખ, આં ગુજારેલો સેતમ, આં કીધેલાં કરતુક, દોજખે જવાની મંહને સેહરી થઇ પડીછે. અફસોસ, અફસોસ ! એ પાપી જીવડા તેને ધીકછે ! હે જુવાનિ છોકરા, કેકાઉશનાં હકદાર પુત, આં માંહારી પાદશાહતિ, માહારી દોલત, માંહારૂં તાજ, માહારૂં તખત એ શઘલું તાહારૂંછે. હું સપત લઇ કેહુંછું કે પાદશાહ કેકાઉશનો કોઇબી હકદાર નબીરોછે તેની મહને બીલકુલ ખબર ન હતી. હે પાદશાહો માહારાં કંગાલ હાલપર નેગાહ પોહોંચાડો અને સમજો સમજો, હેંજીબી સમજો કે તહમે અંતે આદમછો. તહમારૂં પાપ કદી પુંન થનાર નથી." આવા ખરા પશચાતાપનાં બોલો બોલી જુવાક બંધ થયો. તેની આંખમાંથી પાણીના રેલો વેહતો હતો અને શઘલા દલગીરીથી તેની બુરી હાલત જોતા હતા.

ગુસતાસપ બોલીઓ કે "હવે બાકીનું માહારે બોલવુંછે. જાહારે પાદશાહ કેકાઉશે કાફરો સામું લડવાની કંમર બાંધી તાહારે તોફાંની પવનનાં સબબથી તેનું વાંહાણ શેહેરે-સમનગાનનાં કીનારા તરફ ધસડાઇ ગયું હતું. સમનગાનમાં તે ગોરદાફરીદ નામની એક નાજનીની મોહોબતમાં ગરક થયો. બેહુ જણાનાં નેકા થયા; પણ કાફરો સામું લડવા અગાઉ તેણે કસમ ખાધા હતા કે કોઇ નાજનીની મોહોબતમાં પડવું નહી તેથી કાફરોને શીકશતે કરી પાછા ફરતી વખતે ગોરદાફરીદને પોતાની રાણી દાખલ કબુલ કરવાનો તેનો વીચાર હતો. કેકાઉશ જતી વખતે પોતાની રાણીને હંમેશ સાથે સમનગાનમાં મુકી ગયો હતો અને થોડા દાહાડા પછી ગોરદાફરીદે એક છોકરીને જનમ દીધો. પણ એટલામાં રાણીને તેણીનાં ખાવંદ પાદશાહ કેકાઉશનાં મરણનાં દુખદાયક સમા

આર મર્યા અને ગોરદાફરીદનો કોઇ વાલી નહી તેથી મેં લેજરની હાકમી સામે કોણ તુંકારો કરી શકે ? પણ માહારી પાસે ખુદ લખતછે જેથી માહારી બીનાં સાચી માલમ પડશે. બીજો કુઠલો હું કરવા માંગતો નથી પણ એટલુંજ છેલે કહુંછું કે જે છોકરીને રાણી ગોરદાફરીદે જનમ આપયો હતો તે છોકરીની વય પુગતે માહારી સાથે કદખુદાઈ થઈ, માહારી ઓરત મરણ પાંમી અને આજેસુધી આ વાત માહારાં દીલમાંજ તાળું મારી રાખી હતી. અશફંદીઆર માહારો પોતાનો બેટોછે અને એની તવારીખથી તહમો સઘલાં રોશન છઓ."

ગુસતાસપે પોતાની હકીકત ખતમ કીધી. સઘલાં જણાં રડતે ચેહરે માછાં મેહેલમાં ગયાં. ગમગીની અને જુરાપા શીવાય બીજું મેહેલમાં કાંઈ હતુંજ નહી. સહવાર પડતે પાદશાહ જુવાકે પોતાની ગાદી અશફંદીઆરને સવાધીન કીધી અને રાણી મોહાબાનું પોતાનાં ભરતાર સાથે જમશેદનાં મઠમાં સાધુનો પોશાક લઈ પોતાની બાકીની જીંદગી ભકતીમાં ગુજારવા ગયા. જાંહાંગીરશાહે પોતાની બેટીનો હાથ અસફંદીઆરને આપયો, પણ અસફંદીઆર પોતાનાં વીલાપેમાં એટલોતો ગીરફતાર હતો કે એ વાત તેણે પેહેલાં કબુલ કીધી નહી. પણ જેમ વખત દોડતો ગયો તેમ અશફંદીઆર દીલથી ગમ ભુલતો ગયો અને પરીચેહેર જે દોસતી મેહેરબાનું સાથે ધરાવતી હતી તે સંબંધથી અને એ બેહુ નાજનીઓએ પસાર કીધેલી એકસંપી જીંદગીથી અંતે અસફંદીઆર અને પરીચેહેરનાં નેકાં થયાં અને એ ખુશાલ જોડાંએ ઘણા વરસ આબાદાંનીથી સેનાહ શેહેરમાં રાજા અને રાણી દાખલ ગુજારયાં.

## ગોરીલા વાંદરા.

ઊપલી જાતનો વાંદરો પુછડી વગરનોજ નહી પણ તેનો ચેહરો એટલોતો આદમના ચેહરાને મલતો આવેછે કે ઘણા મુસાફરો વારેઘડીએ તઓથી ઠગાયાછે. એ વાંદરો ઘણોજ જોરેમંદછે અને માણસની ઊપર બાજી વખતે ફતેહ પણ મેલવી શકેછે. એ જાતના વાંદરાઓનું બયાન હમોએ એકવાર કરયું હતું, પણ એક મુસાફરે આફરીકામાં કીધેલી શોધોપરથી આપેલી બીજી હકીકત એટલીતો જાણવાજોગછે કે તે સદાખરી ઊતારી લેવાને હમે દરુસત ધારીએ છઇએ.

"મેં આસપાસના રેહેવાસીઓને કહયું કે હું જીવતા ગોરીલાને માટે મોહારું દામ આપીશ તેથી ઘણા જણાઓ પોતાની શોધમાં નીકલયા.

"એક દહાડે હું માહારા મીતર કપતાને હોલડર સાથે ખાનું ખાતો હતો તેવામાં માહારા ખીદમતગારે આવીને મહને ખુશ ખબર કહી કે તરણ ગોરીલા માંહારે માટે જીવતા પકડવામાં આવેયાં છે. તરતજ માહારી હજુરમાં મેં તે જાંનવરોને જોયાં. એક મોટી માદાં હતી જેનાં હાથ અને પગ મજબુત શીકેરેલા હતા; અને તેનું બચું તેની માને જોઈ રડતાં બચાંની મુઆફેક ચીસ પાડતું હતું. તરીજો નર હતો જેનાં પણ હાથ અને પગ મજબુત શીકરેલા હતાં. એવી રીતે આ જનાવરોને બાંધવામાં આવયાં હતાં કે તઓના દાંત વડે તેઓથી પોતાના બંધ તુટી શકયાં ન હતા. સુરજ અસતે પામયો હતો અને આ અંજાવર વાંદરાઓની હજુર ઊભેલા જોઈ હું મનથી હરખાયો હતો.

"પેલા નરને મેં સાંકલેથી બાંધયો અને પછી તેના બંધ છોડયા. પણ માહારો ઊપકાર તેણે બુરીજ રીતે વાલયો. પોતાના પુર બલથી ચીસો પાડતો તે માહારી ઊપર ધસયો, પણ સાંકલ ટુંકી હતી તેથી તેનીથી માહારી નજદીક આવી સકાયું નહી. પેલી માંદા ઘાહેલ થએલી હતી જેથી આખી રાત પોતાના દુખનું રદન કરતી હતી.

"બીજે દાહાડે મહને માલમ પડયું કે જાહારે પેલો નર માહારી ઊપર હુમલો કરતો અને પોતાની મુરાદમાં નીશફલ થતો તાહારે તાબરતોબ પાછો ફરતો હતો. ગોરીલા જાહારે જંગલમાં માણસ ઊપર હુમલો કરેછે તાહારે એકદમે ધસારો કરી પંજા વડે પોતાના સતરુનાં આંતરડાં બાહેર કાહાડેછે અને તરતજ જરા થોભીઆ વગર નાહાસી જાયછે.

"પેલી માદા આસતે આસતે દબાતી ગઈ. એક માણસ મોતના બીછાણા પર તરફડે તેમ તે તરફડવા લાગી, અને હું ધારતો હતો તેના કરતાં તેના મોતના બીછાણાએ માહારી ઊપર વધારે અસર કીધી. તેનું બચું અંત સુધી તેને વલગી રહયું અને દુધ ધાવવાની તેણે બેહદ કોશેશ કીધી. જારે તે બચું લાચાર થઇને પોતાની મુવેલી માના ખોલામાં સુતું તારે તેને આબેહુબ ચીતર મેં લીધું; તે બચાંને તરણ દહાડા સુધી હું જીવાડી શકયો. રાતના તે ઘણુંજ તવલવા લાગું. બકરીનું દુધ તે પીવા લાગું, પણ ચોથે દાહાડે તેબી તેણે મુકયું અને થોડેવાર રડયા પછી આખર થયું. પેલા નરનું ચીતર ઊતારવાને મેં એક દજન વખત કોશેશ કીધી પણ સઘલી ફોકટ ગઈ. સામે મારો કેમેરા (ફોટોગરાફ લેવાનું યંત્ર) મેલું કે તેને ભુત ચહડતો હતો અને આનીગમથી તેનીઅમ દોડતો હ

તો. બીજે દીને મેં બે ચીત્ર લીધાં જે જોકે આબેહુબ નહી તોય પણ ઠીક હતાં.

"હવે એ તરણ પરાંણીઓ કેમ પકડાયાં તેની હકીકત લખુંછું. એક પારોના ગામડામાં એક્ષી રેહેતી હતી, તેણીએ પોતાના માણસોને કહ્યું કે માહારાં કેલાંના ખેતરમાં આજ દીને મેં તરણ ગોરીલા જોયા. આ ખબર શાંભલી તેણીના માણસો પુર હથીઆરબંધ થઈ ગોરીલાની શોધે ગયા. આ શેકારીઓને અંતે એ જાનવરોની ભેટ થઈ પણ તેઓ દોડતાં દોડતાં છેક નદીને કાંઠે ગયાં. આ વેલા શેકારીઓએ ગોરો શોરો ઊડાવયો જેથી ગોરીલા ગભરાઈ ગયા. બંદુકની ગોલીઓ આસપાસ ઊડવા લાગી અને આઠ માદાઓ ઘવાઈ ગઈ. આ શઘલી માદાજ હોવાથી શેકારીઓએ વીચારયું કે આટલામાંજ નરો પણ હોવા જોઈએ. આવા વીચારથી તેઓ જરા આગલ વધયા અને માહારાં તરણ પરાણીઓની મુલાકાત તેઓને થઈ. માદા ઘાયલ થઈ અને તેના બચાંને બાંધવાને વખત લાગો નહી. નરને બધાઓએ ખુબ મારયો જેથી તેના ગુસકા સેહેલથી બંધાઇ શકયા.

"ગોરીલા આઠ દસ એકઠા મલી બાહાર ફરેછે. જારે ગોરીલા બુઢા થાયછે તારે પોતાની માદાને લઈ એકલો વસેછે અને કોઈતો માદાને પણ છોડી જાએછે. વલી મહને કેટલાએક હબસીઓએ કહયું કે બુઢા ગોરીલાના બાલ તદન સફેદ થઈ જાયછે. જેમ માણસની વયવસથા મોટપણમાં થાયછે, તેમજ ગોરીલાની પણ થાયછે. ગોરીલાનું બદન અને તેનો ચેહેરો સઘલી રીતે માણસને મલતો આવેછે. ફરક માતર એટલોજછે કે તેને બુધી નથી. ઘણીવાર જંગલોમાં મુસાફરો અને જંગલી હબશીઓ એ પરાણીના ભોગ થઈ પડતા હશે. જો કોઈ જાહાડીને ઓઠે એ પરાંણી ઊભું હોયતો કોઈ બુઢો માણસ લાકડી વીણેછે એમ ભોલાઇ કોઈ જયા વગર રેહેજ નહી. અને ગોરીલાને એવી ખરાબ ટેવછે કે પોતાના શતરૂનું પેટજ ફેડી નાહાશી જાયછે."

## કાગડા.

આ પક્ષીથી કોણ અનજાણયું છે? આખાં હીંદુસતાનની અંદર કાગડા મલી આવેછે. શઘલાં પક્ષીઓમાં એ પક્ષીનો અવાજ ઘણો કઠોર હોયછે. કાગડા પોતાના જુલમ અને ઘોંઘાટથી હીંદુસતાનમાં આશકારા થયલોછે. કાગડાનો રંગ કાલો હોયછે અને, તેની ગરદનપર જરા સફેદાઈ માલમ પડેછે, પણ કાગડીનો રંગ શુધ કાલો હોયછે જેથી તે તરત ઓલખાઈ આવેછે. કલકતા શેહેરમાં કાગડાની સંખયા વધારે દીઠામાં આવેછે. કાગડો કદી મરતો નથી એમ આપણી બાનુઓમાં ખેઆલછે; એતો તેઓની બોલવાની શરાગાતછે, પણ એટલુંતો જણાયલુંછે જે કાગડો ૧૦૦ વરસવેર જીવી શકેછે. એક છાપરેથી તે બીજે છાપરે, અને એક બારીએથી બીજી બારીએ આખો દાહડો વગર થાકવે કાગડાઓ ઊડેછે અને પોતાના કઠોર અવાજથી આદમીને હેરાન કરેછે. જો રોટલીનો કટકો અથવા ગોસનો તુકડો હોયતો નાચેતો નાચનો આવી તે જટ એક ચોરની મુઆફેક કામ ફતેહથી બજાવીને નાહાશી જાયછે અને તે લુટની ઊપર પછી બીજા કાગડાઓ લુટ મારેછે અને છાપરાંની ઊપર એક વાટ પાડાઓની ચપરખંધી ભેલી લુટ પછી માહેમાહે ફીશાદ કરતી હોય એમ લાગેછે. આપણી ઘણી બાનુંઓને અજમાએશ હશે કે જાહારે તેઓ કોઈ ઊઘાડી જગાએ ગોસ ધોવાં ઈયા બીજી વસતુ સમારવા બેસેછે તાહારે કેવો કંટાલો તેમને આ ચપરખંધાં પક્ષીઓથી મલેછે. કાગડો ઘણો સાવધ અને પકોછે. જરાં તહમારી આંખ બીજી કોરે ફરી કે તહમારાં તપીલાંમાથી ઈયા તહમારા હાથમાંથી તે પોતાની ચાંચનું બલ ફતેહથી વાપડવાને ચુકશે નહી. તહમારી દરેક હીલચાલ તે જુવેછે. લાકડીપર ઈયા બીજી વસતુપર જરા તહમારો હાથ લાગો અથવા તહમારો પગ જરાખી હીલીઓ તો કાગડો ચેતી જઈને તરત ઊડી જશે. તરણ માલની ઈયા પાંચ માલની હવેલી કાં નહી હોય પણ જો બારી ઊઘાડી હોયતો આ ખાહેશ ચોર તહમારી અભરાઈના જાહારા લેશે. ફેબરવારી અને મારચ મહીનામાં કાગડાની ઊતપતી ઘણી થાયછે તેથી સારાં સારાં ઝાડોની ડાહલીઓ પોતાના માલા બાંધવાના કામમાં લીએછે જેથી એઓ માલીઓને દાંતમાં ખાસડું આપેછે. આ વખતે કાગડાઓ જે કોઈ તેમના માલા આગલ આવે તેઓને પોતાની ચાંચો મારી જખમી કરેછે. વારે ઘડીએ કલકતામાં બાગોના માલેકો કાગડાઓના માં

ળાઓનો નાશ કરાવેછે, પણ એ પક્ષીઓ નવેસરથી ઝાડોનો નાશ કરી ફરી પોતાના માળા બાંધેછે. ફલ ફલાદીનો પણ કાગડાઓ ઘાન વાળેછે, જેથી માળીઓ ઝાડોની ઊપર જાળી નાખવાની મેહેનત લીએછે અને જગેજગ એક કાગડાને મારી નાખીને લાકડીપર ટાંગેછે. જો એક કાગડો મરી જાયતો કાગડાઓ તેની આસપાસ ટોળાંબંધ ફરી જાયછે અને શોર મચાવી રેહેછે. જો વળી ભોગ ચોઘડીએ કોઈ કાગડો માણસના હાથમાં કેદ પકડાઈને છુટી આવેછે તો શઘળા કાગડાઓ તેની ઊપર તુટી પડી તેને ચાંચે ચાંચે અધમુઓ કરી નાખેછે. બંદુકનાં અવાજથી તેઓ ગભરાઇને આસપાસ દોડેછે અને એવા ઊદીચાગીછે જે ખરીબામદાદથી તે છેક સમીસાંજ સુધી એઓ ઊડતા દેખાયછે. સહવારના પોહોરમાં એઓ આર તરેહનો ઘોંઘાટ કરેછે જેથી માલમ પડેછે કે સુરયનારાયણની સવારી નીકળવાની તઈયારીછે. વળી વખત જાણે અમુલો હોય તેમ કાગડાઓ થોડા વખતમાં ઘણુ કાંમ કરેછે. એક જગેથી બીજે અને બીજે જગેથી તરીજે તે પાંખો ફફડાવતો ફરેછે. કાગડાને નકાંમો કોઈએ જોયો હશે નહી. બેઠો હાશે તોબી તે ઘુમ મારતો હશે. હાથ, પગ અને મોહોડાંને તાળું મારવાંનો કાગડાનો ધરમ નથી. સાંજ પડે કે કોઈના ઘરના છાપરાંપર કાગડાઓની સભા મળેલી ઘણાઓએ જોઈ હશે. ભાશાણો થાયછે કે નહી તેની આપણને ખબર નથી પણ એકમેકની છેલી મુલાકાત લઈ એઓ પોતાને ઠામે જાયછે અને ખરા પરસેવથી મેળવેલી લુટ પછી સંતોશથી નીંદમાં પડેછે.

કાગડાઓની ચોર, ચપટ વીદયાના અછા નમુના માલમ પડેલાછે. લફટેનંટ બરજેસ નામે એક ઇંગરેજ સરદાર લખેછે કે "એક વેળાએ મેં એક નાહાના કુતરાને એક હાડકાંનો કટકો કરડતો જોયો. તેવામાં કેટલાક કાગડાઓ પોતાની હાથ ચલાકી ચલાવવા તાંહાં આવી લાગા. એકે કુતરાંની પુછડીપર ચાંચ મારી અને જેવો કુતરો ફરીને તેને મારવા ગયો તેવોજ બીજો કાગડો હાડકાંનો ધણી થઈ હવાપર ચાલતો થયો."

કાગડા એટલાસા બેઅદબછે કે ભેંસ છયા એવાં બીજાં મોટાં જાનવરની પીઠપર બેસી તેઓના ચામડાંમાં ભરાએલી કરજો પોતાની ચાંચ વડે ઊંચકવાને ડરતા નથી.

એક ઇંગરેજ હકીમ જેણે હીંદુસતાનના પક્ષીઓ વીશે એક પુસતક લખયુંછે તે કાગડાઓ વીશે નીચે પરમાણે લખેછે. "પોહોર ફાટવા અગાઊ કાગડાઓ પોતાનો રોજગાર શોધવાની તઇઆરી કરેછે. હીંયાંથી તાંહાં અને તાંહાંથી હીંયાં ઘોંઘાટ કરતા પોતાના રેઠાણ આગળજ ઊડેછે. શઘળાઓ જાણે એક મેક સાથે સંપ કરતા હોય એમ દેખાયછે. પછી વીસ ઇયા તરીસ કાગડાઓની ટોળકી થઇને જુદી જુદી ગમ કુચ કરેછે. જેઓ રેઠાણની આગળજ રેહેનાર હોય છે તેઓ સુરજ છેક આશકારા થાય તાંહાંશુધી માળામાં બેશી રેહેછે અને પોતાની ચાંચ વડે પોતાનો પોશાક સમારેછે.

"કાગડાઓનો ખોરાક તરેહવારછે, પણ ઘણું કરી માણસ જે ખોરાક ખાયછે તે કાગડાઓને પસંદ પડતોછે. જો એક કાગડાએ ખોરાકની શોધ કીધીતો તે પાંખો ફફડાવતો પોતાના બધા મીતરોને ચેતાવેછે જેથી થોડી પળમાં મોટી કાગડાની મીજલસ એકઠી થાયછે. જરાબી બળતું અને ધુમારો નજર આવયો તો કાગડો તાંહાં બેઠેલોજછે. સુકાઈ ગયલી નદીને કાંઠે કેટલાએક કાગડા મુવેલી માછલી પકડવાને અને કેટલાએક મુવેલા ઊંદર ખાવાને રંજ ખેંચતા માલમ પડેછે. ગરમીના દાહાડા કાગડાઓ બપોરના બે ઘડી ઊંઘાયછે. મોટાં ઝાડો ઊપર ઊનાળાનાં દીવસમાં મધ દાહાડે કાગડાઓ પોતાની ચાંચ ઊંઘાડી મેલી થંડી હવા મોહોમાં લીએછે અને આંખો મીચી સાંજની લુટના સપના જુવેછે."

આસામ દેશ શુધી કાગડાની વસતી જણાયલી છે. બરમાહાંના કાગડાઓનો અવાજ આપણા કાગડાઓના અવાજ કરતાં જુદોછે. હીંદુસતાનના અંદરખાનેનાં જંગલોમાં આપણા કાગડા કરતાં વધારે મોટા કાગડા નજર આવેછે.

મોટાં મોટાં તોફાનો અને જબરદસત વરસાદ કાગડાઓની અજલ નજદીક લાવેછે. ૧૮૫૨ ના મોટાં તોફાન પછી કલકતામાં જગેજગ મુવેલા કાગડા નજર આવતા હતા. કાગડા સરખા આપણા લાઓકીવાળા મીતરની નોંધ દરેક બાનુને પોતા પાસે રાખવી ઘટેછે.

## પાપનો બોજ.

એક પાંણીની નેહેરમાં મોહોટું લાકડું પડેલું હતું; તેને એક નાહાનો છોકરો ઘસડી લઇ જતો હતો. બે ગામડીઆ કીનારા આગલ ઊભેલા હતા. તેવો એકમેકમાં વાત કરેછે, કે આ લાકડું ઘણુંજ હલકું હશે કાંકેકે એક નાહાનો છોકરો તેને શેહેલથી ઘસડી લઈ જાયેછે. લાકડાનો ધણી તેવોથી જરા દુર ઊભેલો હતો; તે આ વાત સાંભલીને મનમાં હસવા લાગો અને તેવોને કહીયું જે જો તમો બેઊ જણ એ લાકડાને કીનારા ઊપર આવીયા પછી મારી વખારમાં મુકી આવો તો તમુને દશ રૂપીયા આપું; જો તમો નહી મુકી શકો અને તમારા બેલ જોડીને ઘસડી લઈ જાવું પડેતો છ રૂપીયા મહને આપો. એ સરત તેવોએ જડપથી કબુલ કીધી; પણ જારે લાકડું કીનારા ઊપર આવીયું તારે તેને જમીન ઊપરથી ઊચકતાં ઘણી મુશકેલી પડી. આખરે બેલ જોડીને લઈ જવું પડીયું અને છ રૂપીયા આપવા પડીયા. એ ઊપરથી એક નીતીનો ધડો મલી આવેછે.

"દુનીયાની મોહોટી નેહેરમાં આપણે તરીયેછ અને તે સાથે આપણું પાપ પણ તરેછે અને તે વખતે પાપનો બોજો આપણને કાંઈ પણ માલમ પડતો નથી. અરધુ પાપ બીજા માણસની નજર આગલથી ઠગ વીદીયાથી છુપાવીયેછ અને બીજુ અરધું વીસરી જઈને, નજર ફેર કરીને અને ગલાં તલાં કરીને આપણી પોતાની નજર આગલથી છુપાવીયેછ. વલી દુનીયાની ખોટી નીતી આગલ અને દેખાદેખીથી એ પાપ વધારે હલકાં માલમ પડેછે. પણ જારે એ પાપને આ દુનીયાની નેહેર માહેથી કાહાડીને તે કીરતારની ભણી ઊભાં કરીયેછ તારે જેવાં તે ખરેખર મોહોટાં અને ભારીછે તેવાંજ નજરે પડેછે. જારે આપણા શરમ ભરેલાં કાંમ, આપણી છુપી ઠગાઈ, બદગોઈ, આપણી ઊંધી ધારણા, પાંણી માહેથી બાહેર કાહાડીને દુનીયા અને દુશટ આદમી ભણી ધરવાને બદલે ખોદા તરફ ધરીયે તારેજ આપણને તેનુ અધમપણું અને તેનો ભાર નજરે પડશે. તારે શા માટે તે કીરતાર ભણી જયા અગાઊ, પસતાવો અને પાછું પાપ નહી કરીને, એ પાપનો નીવેડો નહા લાવવો જોઇયે?"

---

## ક્લોરોફોરમની ખાશીએતોનો શોધ કરનાર નામીચો ઈંગરેજ તબીબ સર જેમસ ઈયંગ સીમપસન બારોનેટ.

ક્લોરોફોરમ એબી આ જમાનાની એક મોટી શોધછે. દુર દેશોનો અંતર કાપવામાં જેમ આગગાડી અને વીજલીનાં કાશદની શોધ ઊમદાછે તેમ વાહાડ કાપની વીદીયામાં ક્લોરોફોરમ એ ઊતમમાં ઊતમ સોધછે. જે દરદી વઈદની છુરીથી રેંહસાતો હતો તેની કલાપીત અને તેના ઊછાલા ક્લોરોફોરમથી બંધ પડયાછે અને આદમ જાતની ઊપર પડતું દુખ ઘણે દરજે કમતર થયુંછે. હંમેલ છુટટી વખતે કશતાતી ઓરત ક્લોરોફોરમની મીઠી લપટથી ખુશ નીંદમાં પડેછે અને પોતાનાં પેટનો ભાર વગર વેદનાએ ઊતારેછે. આસતરેલીઆની ખાન કરતાં વધારે ઊમદા, ગોલકંદાનાં હીરાઓ કરતાં વધારે કીમતી ક્લોરોફોરમ સરખી ઊપયોગી વસતુનાં ગુણ આલમને પેહેલાં આશકારા કરવાનું માન મથાલે ટાંકેલા નાંમીચા ઈંગરેજ તબીબ સર જેમસ સીમપસનને ઘટેછે. એ માહાન પુરૂશની જીંદગીનો હેવાલ જાણવા જોગછે. ઈસવી સન ૧૮૧૧ ના શાલમાં ઈંગલંડનાં લીનલીથગો શાયરનાં બાથગેટ નામની શેહેરમાં સર જેમસ જનમ પામયો હતો. તેનાં મા બાપ આબરૂવાલાં હતાં, પણ તેઓ પાસે એટલું બધું જર ન હતું કે તેઓનાં છોકરાઓને ઊતમ કેળવણી આપી શકે. જેમસ ઈયંગની જાતી ચાલાકી ન હોત તો આજ તેને કોઈની દુકાનમાં ચાકરીએ જોત. સીમપસન એડીનબરોમાં તેના મા બાપનાં ગજવાં પરમાંણે શીખવાને કાજ ગયો અને થોડા વખતમાં તેણે એક પરીક્ષા ફતેહથી આપી જેથી તરણ વરસ સુધી તેને થોડો મુસારો મલવાનો નકી થયો.

૧૮૩૨ માં ઈયાને ૨૧ વરસની વયે તેણે 'ડાકટર આવ મેડીસીન' ઈયાને તબીબપણાની સઊથી મોટી પદવી મેલવી, અને પરોફેસર થામસન નામનો તબીબ જે કાલેજમાં રોગનાં ચીનહ જાણવાની વીદીયા છોકરાઓને સીખવતો હતો તેનો મદદનીશ થયો. કોઈ વખતે પોતાનાં ઊસતાદની ગેરહાજરીમાં તે પોતેજ શીખવતો હતો, અને એવી એવી નવી બાબદો બોલતો હતો કે તેનો ઘરડો શીક્ષક વારેઘડીએ

તેનીથી જુદું મત આપતો હતો. થોડા વરસ પછી તેણે તબીબપણાનું છુટું કામ ચલાવવા માંડયું અને હુંમેલ વીદીયાપર કાલેજમાં ભાષાણો આપવાં માંડયાં; અને ૧૮૪૦ માં એજ વીદયા શીખાડવા બીજા નામીચા તબીબોને મેલી એડીનબરો યુનીવરસીટીમાં એની નેમણુક થઈ. એ વીદયાપર તે દાહાડે દાહાડે વધારે લક્ષ દેતો ગયો અને નવી નવી બાબદો પોતાના ચેલાઓને દેખાડવા લાગો. યુરપના તમામ દેશોમાંથી સીમપસનની તારીફ શાંભલી ઓરતો પોતાની હકીકત કેહવા આવતી હતી, અને સીમપસનના ઘરમાં દરરોજ દરદીઓનો ધમાલ ચાલતી હતી. બબે દાહાડા શુધી દરદીઓની દાદ લાગતી ન હતી, અને યુરપના કેટલાક તબીબો પણ એ ઓલમાં સાથે વાત કરવાને દુરવેરથી આવતા હતા. પણ આટલાં બધાં દરદીઓને દાદ આપવા અને કાલેજમાં પોતાની વીદયા શીખાડવા છતાં આ મેહનતુ તબીબ હુંમેલ વીદયાપર જુદા જુદા રસાલા લખતો હતો અને આલમને પોતાની શોધોથી વાકેફગાર રાખતો હતો.

પણ કલોરોફોરમ વાહાડકાપમાં દાખેલ કીધાથી આ માહાપુરવીન તબીબનું નામ જગતમાં આશકારા થયુંછે; અને લોહીનું ફરવું શોધી કાહાડનાર ડાકટર હારવે અને સહીરડનો ઉપાય શોધી કાહાડનાર ડાકટર જેનર એ માહાન તબીબો સાથે એનું નામ જોડાયુંછે. પોતા ઉપર ભારી સંકટો ખેંચી કલોરોફોરમની ખાશીએતથી સીમપસન જાણીતો થયોછે. અમેરીકાથી એક વેલા એવી ખબર આવી કે એક દાંતના વઈદે 'લીથીઆન' નામની વસતુ વાપરી પોતાના ઘરાકને એવીતો રીતે બેહોશીમાં નાખયો હતો કે દરદ કરયા વગર તેણે તેનો દાંત ફનેહથી તોડી પાડયો હતો. 'લીથીઆન' શુંછે તેની તરત શોધ થઈ પણ તેમાં કેટલાએક અવગુણ હતા જેથી બધી વખતે વગર હરકતે વપડાય એવી કોઈ જીણસ શોધી કાહાડવામાં કેટલાએકનું ધેઆન મગગુલ થયું. પરોફેસર સીમપસન પણ એ શોધ કરવાને પુર ઉલટથી મંડયો. વારેઘડીએ એ શોધ કરતાં તે મોહોનમાંથી બનચયો હતો. એક વેલા તેનાથી બાલવાની ગાસ ખુબ દમમાં લેવાઈ હતી જેથી તે ધાસતીમાં આવી પડયો હતો. છેલે 'કલોરોફોરમ' નો તપાસ કરવાનું ઠરાવયું. એક દાહાડે મધરાતે જાહારે બીજા તબીબો ખુશ નીંદમાં દાહાડાની થાક ઉતારતા હતા, તાહારે ડાકટર સીમપસન જોકે સહવારની મેહેનતથી એકદમ પટકાઈ ગયચો તોયપણ પોતાના બે મદદનીશો સાથ તરેહવાર દવાઓ સુંગતો બેઠો. કલોરોફોરમની નાની બાટલી એક ખુંણામાંથી છેકી કાહાડી અને તેની તપાસ ચાલી. દરેક જણે એક નાના ટમબલરમાં થોડું કલોરોફોરમ રેડયું અને તેનો બરોબર ધુવો નીકલે તેથી તલે ગરમ પાણીની રકાબી રાખી. આ હીમતી પુરૂષો આસતે આસતે કલોરોફોરમનો ધુંવો લેતા ગયા. તરતજ તેઓની આંખો ચમકવા લાગી અને ગોયા રંગીલા થઇ ગયા. તેઓના કાનમાં સુતર વણવાના કારખાનાનાં જેવો ગોંધાટ થવા લાગો અને આસતે આસતે ધરાકા વધવા લાગા, પણ એક પંલ વધારે થઇ અને શયલાઓ બેશુધ થઇને જમીનપર પડયા. ડાકટર સીમપસન પેહલો જાગી ઉઠયો. ઉઠતાંનેવાર પાસે જોયછેનો તેનો મીતર ડાકટર ડનકન ખુરસીની તલે ડચકાં ખાતો હતો, તેની આંખની કીકી ચહડી ગઇ હતી, અને ઘણીજ ધાસતી ભરેલી રીતે ફુંફાડા મારતો હતો. બીજીગમ ડાકટર કીથ ટેબલની તલે પગના જોરથી પછાડા મારતો હતો.

થોડેવાર પછી શયલા જાગરત થયા અને તે રાતથી કલોરોફોરમની અજાએબ ખાશીએતની શોધ થઇ. 'રાયલ ઇનફરમરી' નામની ઇસપીતાલમાં એક દરદીને પેહલે વેહલું કલોરોફોરમ શુંગાડયું જેથી તેની ઉપર છરી વાપરયા પછી થોડેવારે તે ઘણો મઘંન અને કાંઈ થયું નહીં હોય એમ ઉઠયો. જે રાતે એડીનબરોમાં કલોરોફારમનો અખતરો થયો તે રાતે દરદીઓના શીરપરથી કેટલો દુખનો બોજો ઉતારી નાખયોછે તેની કોણ ગણતરી કરી શકશે ?

આ ઉતમ શોધને માટે ડાકટર સીમપસનને ૧૮૫૬ માં ફરેંચ એકેડમીએ ઈયાને ફરાંસના વીદવાનોની મંડળીએ ૨૦૦૦ ફરાંકનું એક ઈનામ આપયું. સ્વીડનનાં રાજાએ ડાકટર સીમપસનપર નાઈટનો ખેતાબ મોકલયો, અને ૧૮૬૬ માં માહારાણી વીકટોરીઆએ ડાકટર સીમપસનને બારોનેટનો ખેતાબ આપયો.

મોટી મોટી વીદવાંનોની મંડળીએ સર જેમસ સીમપસનને પોતાનો પરમુખ ઠરાવયોછે અને એ નામોચો તબીબ પોતાની અજમાએશ જુદા જુદા દેશો

લાનાં આકારમાં પોતાનાં ભાઈબંધ તબીબો આગલ મેલેછે. પુરાતન કાલે બનેલી ચીજો શોધી કાહાડવાને સર જેમસ સીમપસન ઘણી ચોજરખાઇ રાખેછે અને પુરાતન શોધ કરનારી મંડળીની સામું બે વરસપર એક ભાશાણ આપયું હતું તે ઊપરથી એ બાબદથી પણ તે કેહેવો જાણીતોછે એ સાબેત થયું હતું.

પોતાના સંધાં ઘરાકો અદના કે આલા શઘલાને સર જેમસ સીમપસન એક નજરે જોયછે. તે લાયકી વાલોછે અને દીલે એવો દયાલુછે કે દરદીઓની ઓરત મુઆફેક માવજત લીએછે. જાહારે સંધો ઊપાય આવી રેહે તાહારે દરદીઓ જેઓએ સર જેમસની તારીફ સાંભલીછે તેઓ તેને ઇઆદ કરેછે અને સર જેમસે પગલું મુકયું કે પોતાનું દરદ દરે થયું એમ મનમાં આશા લાવેછે. હજુ સર જેમસ ઇંગલંડમાં જીવતોછે અને પોતાની માહેતગારીથી હજારો દરદીઓનું નીવારણ કરી તેઓનાં આશીરવાદ લીએછે.

## જીભની લગામ.

જીભનેબી વલી લગામ હોય કે એવો સવાલ ઘણી બાનુંઓ પુછશે. જેમ ઘોડાને લગામની જરૂર છે તેમ જે નાની જીભલડી આપણા મોહોમાં હીલેછે તેનેબી લગામની જરૂરછે. વગર લગામનો રખશ જેમ મેદાનમાં જોસથી દોડી પોતાનાં સવારનાં બુરા હાલ કરેછે અને આસપાસ ફના ફાટયો કરેછે તેમ લગામ વગર છુટી મેલેલી જીભ પોતાનાં ઘણીને અને બીજા પારકાઓને હાંણી પોહોચાડયા વગર રેહેતી નથી. કમજાત ઘોડાનાં બુરાં લચછન દસ બીલસની લગામથી ગુમ થતાં નથી તેમજ ભુંડા માણસનો ભુંડો ખવાસ જીભને લગામમાં રાખવાથી અટકતો નથી. ભુંડાં માણસની જીભ હરદમ બુરીછે અને લગામની આડ તે હવાપર ઊરાડી દેછે. પણ જેઓ જાતે બુરા નથી, તેઓની કમનસીબે બાજી વખતે જીભ બહુ મસત રેહેછે અને એવી જીભને વધારે નાચતાં અટકાવવાની એક નાની લગામની ગરજછે. કેટલાંએક માણસોને સવભાવેજ એવી ખોડ હોયછે કે તેઓની જખાં એક ક્ષણવાર ઈસતંબ રેહેતી નથી. કોઇબી રીતે બોલવું, કોઇબી રીતે જીભને હીલચાલ કરાવવી એ તેમને અગતનુંછે. જોકે એવાં માણસોની જીભ ભાંડવાતો બાહાર ઊરાડતી નથી તોયપણ બીજી હરેક વાત તેમાંથી નીકલવી જોઇએ. પલવાર જીભને કેદ રાખવાથી એઓનો જીવ ગુંચવાઈ આવેછે અને જીભને ધ્રુજરી લાગુ પડી હોય એવું દેખાયછે. ઘરમાં કહો, બાહાર કહો, મીજલસમાં કહો, પણ એમની જીભને નીરાંત નથી. આવા રોગવાલા આદમીને આપણે ટકટકયો, લવલવતો, પટપટતો, બબરતો, એવા નામથી ઓલખીએ છઈએ. ગમે તેવી વાત હોય, જે વાતની તેને સમજ ન હોય, જે વાત તેણે કોઈ દીને શાંભલી ન હોય તે વાતમાં તાપસી પુરવા, તે વાતને ટેકો આપવા, પટપટયાની જીભ હમેશ તઈયારછે. જો લોગ ચોઘડીયે પોતાને કાંઇ વાત ખબર હોયનો તેને મરીમશાલો દઈ તે વાત ભર મીજલશમાં કેહેશે. નહી કે તેથી કાંઇબી પેરેનો તેને ફાયદો હોય, પણ એટલુંજ કે શઘલી મીજલશની નજર તેહેની તરફ ખેંચાય અને તેની જીભને કસરત મલે. બીજાને વાત કરતો જોઇ પટપટયાનો પરાણ શુલીએ ચહડેછે. કયાહરે પેલો વાત કરતો બંધ થાય, કે માહારી તોપ લગાઊં અને આખી મીજલશનું ધયાન માહારી ઊપર લગાડું એવો પટપટયાનો રોગ છે. કોઇ બીજાને તે બોલવા દેતો નથી. આખો વખત શઘલાનું માથું તેજ ખાઈ જાયછે. જો કાંઇ વાત નહીં મલી તો લોકોની ગીબતપર તેની જીભલી મંડેછે. જાહારે તે પણ ખલાસ થાય અને જીભલીને કામ ન મલે તાહારે બીજાઓની છુપી વાતનું તાલું તે ભાંગેછે અને તે ખજાનો ખલાસ થઇ રહયો કે પોતાની છુપી વાતો કરવાને તે ભુલતો નથી. ઘડીયાલનું લુલક જેમ જેમ 'ટીક ટીક' કરેછે તેમજ પટપટયાની જીભ 'ટક ટક' કરેછે. આવા ભુંડા રોગથી ઘડી ઘડીએ જુઠું બોલવાની, લોકોની ગીબત કરવાની, અને પારકાઓ આગલ બીજાનો વીશવાશ ભંગ કરી તેઓની છુપી અને પોતાની છુપી વાતો કહી દઇ પોતાનાજ પગમાં કોરાડો મારવાની માહા બુરી ટેવ પડી જાયછે, જે મોહોત લગી જવી કઠણ પડેછે. દોસતોમાં તે થોડા વખતમાં અનગમતો થઇ પડેછે અને તેની ઊપરથી વીશવાશ ઊઠી જાયછે. દર વખતે પોતેજ બોલયા કરવું, પોતાનીજ કીધેલી વાત શાંભલવાને માટે શઘલા એકઠા થયાછે એવું ગુમાન રાખવું એ સાંકડાં મગજની નીશાનીછે. એવાં માણસો મીજલસં

ની જુ ગણાયછે અને તેઓના ઠઠ્ઠા મશકરી થાયછે વખતસર અને વીચારીને બોલવું એ ડાહ્યા માણસોંનો ધરમછે. વગર વીચારના અને કવખતના બોલો મુરખોનાજ મનમાથી નીકલેછે. "ઇશવરે શાંભલવાને બે કાણ, પણ બોલવાને એક જીભ આપીછે" એમ એક પંડીતે કોઇને શીખ દીધી હતી. માટે કમતાલેથી જે મને એ બુરો રોગ લાગુ પડયો હોય તેમને માટે એક સેહેલ ઊપાયછે જે જર વગર મલી શકેછે. 'વખતસર અને વીચારીને બોલવું, અને ઘણું શાંભલી થોડું બોલવું' એટલી લગામ જો તેઓ પોતાની મસ્ત જીભને નાખેતો કેટલી બધી રીતે તેમને તેમજ બીજાને ફાયદો થાય ? ઇશવરે માંણસને જીભ આપીછે તે માતર ધંધા ધાપાનો વેહેવારજ બર લાવવાની મતલબથી નહી, પણ આપણને ગમત મેલવવા પણ આપીછે. દોસતોની ટોલકીમાં જો બધાજ જીભને કેદ કરીને બેસેતો કોઇનેબી ખુશ ગમત મલે ? વખતસર, વીચારીને, અને સારી વાતો કીધાથી આદમીઓને એકમેક સાથે મેહેનતની ઠાક પછી ગમત મલેછે અને તે જીભનો ખરો ઊપયોગછે; પણ અડગરાની મુઆફેક ખાલી બકબક કરવી એ જીભનો આડો ઊપયોગ છે. કોઈ ભુંડા માણસના દુરગુણ જાણવા છતાં આપણા મીતરોથી ઘાંકવા એ તેમની તરફની ફરજ અદા કરવા બરાબર નથી. ભુંડાઓની ચાલને ઊઘાડી પાડી સારાં માણસોને ચેતાવવાં એ જીભનો નાદર ઊપયોગ છે; પણ કોઈ સારાં માણસને ભુંડે ખપાવવાની પેરવી કરવી એ જીભનો અતીઘણો માઠો ઊપયોગછે. ભુંડાં માણસને સારૂં કેહેવું એમાં ઘણી ગેરઈનસાફી થતી નથી, પણ સારાં માણસને ભુંડું કેહેવું એ નીચ લોકોની બુધીછે. જો જીભપર ઊપર કહયા મુજબ આંકસ રાખયો અને લોકોની તાહારી મારીની અને ભુંડી વાતો તરક કીધીતો જીભને અવાર નવાર વાપડયાથી સંધાને ફાયદો થાયછે, ગમત મલેછે, અને ઈશવરે આપેલાં એક અમુલ્ય હથીયારનો લાયક ઊપયોગ થઈ શકેછે.

## ઈંગલંડનો રાજા આઠમો હેનરી અને તેની છ રાણીઓ.

ઈંગલંડ દેશનું તાજ ઈસવી સન ૧૦૬૬ થી તે આજ શુધી જે રાજાઓ માથે ઓલવી ગયાછે તેઓમાં સરવેથી પરબેઆત ૮ મો રાજા હેનરી થઇ ગયોછે. મોટી મોટી લડાઈઓ મારી ઈંગલંડ દેશને મોહોટાઈએ ચહડાવવા ઈયા રાસતી ધારા બાંધી પરજાનું કલેઆન કરવાનું માન હેનરીએ લીધું નથી; પણ ઓર એક બીજીજ રીતે એ પોતાનું નામ ઈંગલંડની તવારીખમાં મશહુર કરી ગયોછે. હેનરીનો બાપ તખતે આવેઓ તેની અગાઉ બે કુટુંબો ઈંગરેજી તખત ઉપર દાવો ચલાવતાં હતાં, અને જે ભયંકર જંગ તેઓએ જગાવયો હતો તેથી ઘણાક પુરાતમ અમીરોના લોહીથી ઈંગલંડની જમીન તર થઈ હતી. અંતે હેનરીનો બાપ ૭ મો હેનરી મેદાન પડયો, ઈયોરક ખાનદાનના છેલા રાજા ખુંની તરીજા રીચરડને પરાજય કીધો, અને લેનકેસટરીઅન ખાનદાનની પાદશાહાત ઈંગલંડ પર શીરૂ થઈ. લેનકેસટરીઅન ખાનદાનને ઈયાને ૭ માં હેનરીને તખતપર દાવો ન હતો પણ "મારે તેની તરવાર" એ કલામથી તે ઈંગલંડ પર કાબુ ચલાવવા લાગો. હેનરીના ઈયોરક ખાનદાનની એક રાણી નામે ઈલીજાબેથ સાથે નેકા થયા અને બે ફબીલા, એકવાર કટા વેરી, પાછા દોસતીમાં જોડાયાથી ૮ માં રાજા હેનરીએ જનમ લીધો. બધે ખાનદાનના લાગતા વલગતાઓ અને કુલ ઈંગલંડના લોકો હેનરીપર પોતાની આગલી હરીફાઈ મેલી દોસતીની નજરથી જોવા લાગા. ૭ મો હેનરી રાજા લોકો પાસથી જુવાકી દોર ચલાવી મોટી નાણાની રકમ પોતાના બેટા ૮ માં હેનરીને સોંપી દુનીઆમાંથી અસબાબ ઉડાવી ગયો; અને નાહાનો હેનરી ઈંગલંડ દેશની હકુમતે આવયો. તખતે આવતાંમાંજ પોતાના બાપના બે મલતીઆઓ જેઓએ લોકોને નાતરસ થઈ નાણાથી નીચવયા હતા તેઓને મોતની સજાએ પોંચાડયા. હેનરીનો આરથર નામે વડો ભાઈ હતો જે તેના બાપની હઈઆતીમાંજ મરણ પામયો હતો. આરથર ઈસપેનના રાજા અને રાણી ફરડીનાનડ અને ઈસાબેલાની છોકરી કેથેરાઈન સાથે પરણયો હતો, પણ આરથરના મોહોત પછી જારે ઈસપેનની દરબારે આપેલી રીત પાછી માગી તારે હેનરીએ પેતાના બેટા ૮ માં હેનરી સાથે કેથેરાઈનના નેકા કબુલ કીધા. હેનરીએ થોડાં વરશ શુધીતો કેથેરાઈનને પોતાની મોહોરદાર દાખલ કબુલ કીધી, પણ કેથેરાઈનની દાસી દાખલ એન બોલીન નામની એક ઈંગરેજ નાઈટની નખરાંબાજ છોકરી સેવા કરતી હતી તેથી રાજાનું મન પોતાની હકદાર બાનુ ઉપરથી ઉડી ગયું. પોતાનો બુરો હવસ પુરો પાડવાની મતલબથી તે એવું કેહેવા લાગો કે ભાઈની ઓરતને કરાઈસટના ધરમ પરમાણે કદીબી પરણી શકાય નહી, અને તેથી માહારાં લગણ રદ થવાં જોઈએ; પણ આ વેલાએ ઈટલી કરીશ્ચન ધરમનું મથક હતું, અને તાંહાં જે માહા ધરમગુરૂ રેહેતો હતો તેની આગલ યુરપના બડે બડે પાદશાહો ધ્રુજતા હતા. લોકો તે વેલાએ એટલા અગ્નાન હતા કે એ માહા ધરમગુરૂ જે પોપને નામે ઓલખાયછે તેની ખરૂં બોલીએતો, ઈશવરની માફક પુંજા કરતા હતા. પોપ જે કેહે તે ખરૂં એમ લોકો માનતા હતા. ચાહેતો પોપ હરેક પાદશાહને નીઆત બાહેર મેલી શકતો હતો અને પોપનાં મોહોમાંથી જો હરફ નીકલેતો તે પાદશાહનું તાજ છીણવી લેવાને આખું યુરપ કમર બાંધવાને તઈયાર થતું હતું. પોપની આપખુદ સ

તા સામે એક માર્ટીન લુથર નામના પંડીતે ભારી શોહોર જરમનીમાં મચાવયો હતો, તેની સામું હેનરીએ લખયું અને પોપની તારફેણ ખેંચી, જેથી હેનરીને 'દીફેન્ડર આવ ધી ફેથ' ઈયાને ધરમનો બચાવ કરનાર એ ખેતાબથી પોપે નવાજયો. આ ખેતાબ હજુ લગી ઈંગલાંડની માહારાણી વીકટોરયા વાપડેછે.

આવો પોપનો જાલમી દસત હતો તેથી હેનરીએ પોતાનો તલાક લેવાને પોપને વીનંતી કરી. પોપે હેનરીને તલાક આપયો નહી. આમન સામન ઘણી ચરચા થઈ પણ હેનરીનું વલયું નહી. હેનરીએ પોતાનાં એક વફાદાર પરધાન કારડીનલ ઉલસીને કાહાડી મેલયો કારણ **કેથેરાઈન**થી છુટા છેડા કરી અપાવવાને તેણે મેહેનત લીધી નહી. ઉલસી જોકે રઈયતનું કલયાણ ઈછતો ન હતો તોયપણ પોતાના પાદશાહનો એક એકીનદાર નોકર અને ખેરખાહ દોસત હતો. આ બુઢા પરધાનની હકુમત જાહારે પાદશાહે છીણવી લીધી અને તેની શઘલી દોલત જપત કીધી તાહારે તેનું દીલ ફાટી ગયું, અને મોટા મેહેલની અંદર રેહેનારો આ નાઝીયો અમીર આખર વખતે એક જોગીઓનાં મથમાં મરણ પાંમયો. મરતી વખતે તે બોલયો કે "માહારા પાદશાહને બદલે જો માહારા ઈશવરનીજ હું તેટલી નોકરી કરતતો આ બુઢાપાનાં વખતમાં તે મહને છોડી દેત નહી."

પોપે હેનરીની મરજી રાખી નહી તેથી અંતે હેનરીએ ઈંગલંડ દેશમાં જાહેર કીધું કે શઘલાઓએ પોપની નહી પણ માહારીજ સતા માંનવી. તે દીનથી ઈંગલંડ દેશ ઈટલીનાં પોપનાં કાબુમાંથી છુટું થયું. જેઓ બોહોસ ધરી પોપની સતાજ કબુલ રાખવા લાગા તેઓને હેનરીએ બેધરક ગરદન મરાવયા. આખાં યુરપમાં પોંગાર મચી રહયો ઈંગલંડ નેઆત બાહાર મેલાયું પણ હેનરીએ પોપનાં હુકમને તુચ્છ કરી ગણયા.

અંતે હેનરીએ પોતાને જોખમે **કેથેરાઈનથી** છુટા છેડા કીધા અને **એન બોલીનને** રાણીની પાહેરીએ ચહડાવી. જે દાહાડે કેથેરાઈન દુખથી અને જુરાપાથી મરણ પામી તે દાહાડે એન બોલીન ઘરેણા ગાહાં પેહેડી પોતાનાં બપકાદાર પોશાકની પુર બાહારમાં ફરી. કેથેરાઈનને પેટે એક છોકરીનો જનમ થયો હતો જે મેરીને નામે હેનરીનાં છોકરા એડવરડની પછી ઈંગલંડપર રાજ કરી ગઈ.

પણ **એન બોલાનની** સાહેબી થોડા દાહાડાનીજ હતી. હેનરીએક જેન **સેમોર** નામની નાજનીનાં નખરામાં ગીરફતાર થયો. તેણે એનબોલીનપર છીનાલાનું બોહોતાન મેલયું અને તેને ગરદન મરાવી. પોતાનાં મોહોતની અગાઉ એન બોલીને પોતાના ખાવંદપર એક પતર લખયો અને પોતે જુઠાં બોહોતાનથી મારી જાયછે એમ જણાવયું. "એક ગરીબ છોકરી પરથી પાદશાહ તુંએ મહને રાણી બનાવીછે અને જાહારે વધારે પાહેરીએ ચહડાવવાનું રહયું નથી તાહારે તું મહને આકાશે મોકલેછે" એમ ખીયારી એને પોતાનાં ધણીપર લખયું. એન એકગમ ગરદન મરાઈ કે બીજીગમ હેનરી **જેન સેમોર** સાથે પરણયો. **એન બોલીનને** પેટે **એલીજાબેથ** નામની શાહાજાદી જનમી હતી જે રાણી મેરી પછી ઈંગલંડની હકુમતે આવી ગઈ.

**જેન સેમોર** હંમેલથી છુટા પછી મરણ પાંમી. આ રાણીને પેટે **એડવરડ** નામના શાહાજાદાની વરધી થઈ હતી જે હેનરી પછી ઈંગલંડનો રાજા થયો.

તરીજી રાણી પછી ચોથી રાણી લાવવાનાં કારભારમાં રાજા હેનરી ગુંતાયો. જુદા જુદા પાદશાહોને તાંહાં માંગણી ગઈ, પણ અંતે પોતાના પરધાન થામસ કરામવેલની મદદથી એક કારજ નકી થયું. **એન આવ કલીવસ** નામની એક શાહાજાદીનું રાજાએ ચીતર જોયું જયાં તે તેણીની ઉપર મોહો થઈ પડયો. પણ જાહારે **એન આવ કલીવસે** બંદરપર પગ મુકયો તાહારે રાજાને પોતાની રાણી ઘણીજ બેશીકલ લાગી. તેણે પરણવાને ના પાડી પણ જાહારે તેને વધારે સમજાવયો તાહારે તે ફીરીઆમાં બેઠો. રાજાને આ નવી રાણી સાથે બાનયું નહી અને રાજાએ પરણવાનો કોલ આપયા અગાઉ રાણીને જોઈ ન હતી એવું બાહાનું કાહાડીને તરત તેણીથી તલાક લીધો. થામસ કરામવેલ જેણે પાદશાહને આ શાહાજાદી સાથે પરણવાની બલાંમણ કીધી હતી તેને હેનરીએ ગરદન મરાવયો.

પાંચમી રાણીપર પાદશાહની પસંદગી પડી તે **કેથેરાઈન હાવરડ** નામની એક અમીરજાદીપર હતી. પણ **કેથેરાઈનપર** પરણવા અગાઉ અને પરણવા પછી છીનાલું કરવાનું તોહોમત મેલયું અને તેને ગરદન મરાવી. આ તોહોમત કાઈ જુઠું ન હતું.

હેનરીને નસીબે છઠી રાણી **કેથેરાઈન પાર** નામની એક વીધવા આવી. પોપ વીશે તકરાર કરતાં આ રાણીથી હેનરીની વીરૂધ બોલાઈ ગયું જેથી હેનરીએ પોતાના પરધાનને હુકમ કીધો કે રાણીને દરબારમાં ફીતુર કરવાનાં અને આગ્રેસર ઘસડવી. **કેથેરાઈન પારને** ખબર પડતાં તેણીએ એક આછી તાલ લગાવી. રાજાનો ખુશ મીજાજ જોઈને તેણીએ કહયું કે "પયારા ખાવંદ, તહમો ધરમ શાસતરમાં એટલાતો પઢેલાછો કે તહમારી સામું બોલીને હું તહમુને ઉશકેરૂછું કે તહમારૂં ગ્નાન મહને માલમ પડે અને તેથી મહને ફાયદો થાય." આ બોલો શાંભલી રાજાએ મન ફેરવયું અને જે પરધાન સહવારે રાણીને કેદ પકડવા આવયો તેને લાત મુકી મારીને હેનરીએ મેહેલની બાહાર હાંકી કાહાડયો અને કેથેરાઈન પોતાનાં ધણીનાં મોહોત પછી સારાં નસીબે જીવવા પાંમી.

પોપની આપખુદ સતા ઈંગલંડપરથી કાહાડી નાખી વેહેમ અને અગ્નાનપણાનાં બંદો તોડી નાખવાનું માન જાંહાંસુધી ઈંગલંડ દેશની મોટાઈ રેહેશે તાંહાંસુધી ૮ માં રાજા હેનરીને મલશે. હેનરી જોકે સવભાવે કરૂર અને માથાફરેલ હતો, તોયપણ પોતાની રઈયતનાં કાયદાને માન આપતો હતો, અને જે વખતમાં હેનરી રહી ગયો તે વખતમાં પોપની સામે કમર બાંધવી એ થોડું દલેરીનું કામ ન હતું. પોતાની રાણીઓ ઉપર ગુજારેલા શેતમને માટે હેનરીનાં નામને જાંખ લાગીછે; પણ જાહારે ઈંગલંડ દેશને એ રાજાનાં હાથથી મલેલા ફાયદા ઉપર નીગાહ પોંચાડયેછઈએ તાહારે તે ઉપર અખાડા થઈ શકેછે. હેનરીએ વલી પોતાનાં જાની મીતર કારડીનલ ઉલસીને ઘડપણનાં વખતમાં જે કાહાડી મેલયો અને જે નજીવાં બાહાનાંસર સરંયા

મસ સુર, થામસ ક્રામવેલ અને બીજા પુરૂષોને બેધડક ગરદન મરાવયા*તેથી એનાં નામને બટો લાગોછે. હેનરીનાં વખતમાં ઈંગલંડ દેશ સારી જાહોજલાલી ભોગવવા લાગું અને એના રાજ પછી તે આસતે આસતે યુરપમાં પોતાનો દસત બેસાડવા લાગું. હેનરી ખાધા પીધામાં એટલોતો બીન પરેજી રાખતો હતો કે મરવા અગાઉ તેનું આંગ ઘણું ફુલી ગયું હતું, અને દસતાવેજોપર પોતાથી સહી થઈ શકતી ન હતી. થોડા દીવસ માંદગી ભોગવવા બાદ હેનરી મરણ પાંમયો અને તેનું રાજ તેનો છોકરો એડવરડ જે નાની વયનો હતો તેનાં વાલીઓનાં હાથમાં ગયું.

---

## ઈતિફાકી ગુવાહીનો અચરત સરીખો દાખલો.

માણસો જેવારે કાંઈબી છુપું અથવા બદ કરમ એકાંત અંધારી અને જાંહાં આદમજાતની નજર નહી પડે એવી જગામાં કરેછે તેવારે તેઓ એવો વીચાર રાખેછે કે તેવોનું કરપીણ કાંમ કોઈજ જોતું નથી. એક ચંડાલ પોતાનું કાળું ધોળું કરી આસપાસ નજર ફેરવેછે અને તપાસેચ કે કોઈએ તેના બુરાં કાંમોમાં તેને મશગુલ થયલો જોએઓછે કે નહી. આસપાસ કોઈ નજર નથી આવતું તેવોજ તે પોતાની જગો છોડેછે અને તાંહાંથી બાહેર નીકલી જીવને ધીરજ આપેછ કે હવે હું બનચીઓછું. આ ધીરજ તેનું હઈડું કેટલો વાર કબુલ રાખેછે ? જેવો તે આગલ ચાલેછ અને તેવામાં જો કોઈએ તેની તરફ તાકીને જોયુંતો તુરત તેની ધીરજનો અંત આવેછે અને તેનું દીલ ઘભરાટમાં પડેછે કે મારો ગુનાહ માલમ પડીઓછે. જો કોઈવાર ખરો ગુનેહગાર જલદીથી પકડાઈ આવતો નથી તો તેને આવી રીતની છુપી સજા કાંઈ કંમ થતી નથી.

આપણે તવારીખમાં તેમજ આપણી સાંમે ઘણાએક દાખલા જોએઆછે કે જેમાં ગુનેહગારો કેટલીક મુદત સુધી છટકી જવા પછે એક સેહેજ વાતમાં પકડાઈ આવીઆછે. એવા દાખલા ગુનેહગારોને તેમજ આસપાસના નીરદોશ માણસો જેવો કોઈવાર લોભની બુરી ચુંગાલમાં ફસી પડે તેઓને ઢડો સીખાડેછે કે પાપ ઓડે ઈઆ વેહલે ગુનેહગારને ઊંગાડો પાડી આપેછે. છુપાં ખુંન, ચોરી, તરકટ, છીનાલી ઈતીઆદી તે અજીમ કુદરતના શાહેબથી કદીબી છુપાં નથી અને ઘણુંકરીને માંણસોની સાંમે પણ તે જાહાંજોવાર છુપાં રેહી શકતાં નથી. એવે આડે રસતે ચાલનારાંઓને થતી કુદરતી સજા આપણ હમેશાં જોઈએ છઈએ અને બેહદ તે વીશે શાંભલીએ પણ છઈએ.

આસરે સો વરસની વાત ઊપરે લંડન શેહેરના એક આબરૂદાર પેહેડીવાલા વાઈન દારૂનો વેપાર કરતા હતા; અને મદીરા જાંહાંથી ઊંચો વાઈન આવતો તાંહાં તેઓની મોટી આડત હતી. એક વખતે મદીરેથી તેવોએ વાઈન મંગાવીઓ. તેમાં (૬૩) ગાલનનું એક મોટું પીપ આવીઉં હતું. આ પીપમાંનો વાઈન સારો નહી માલમ પડવાથી વાઈનના વેપારીઓ ખરાબ થએલા દારૂને સુધારવાની કેટલીએક ઈલીકતીઓ કાંમે લગાડેછે તે સરવે આ પેહેડીવાલા વેપારીઓએ કાંમે લગાડી પણ તેમાં તેઓનું કાંઈ વલેઉં નહી તેથી અંતે નીરાશ થઈ એ પીપમાંના દારૂની બાટલીઓ ભરવાનો હોકમ આપીઓ. એક કારભારી જેને હસતક વાઈનદારૂનું ભોએરૂં હતું તે નીચે ભોંએરામાં પેલાં પીપમાંનો દારૂ બાટલીઓમાં ભરવા ઊતરીઓ. તેણે આસરે એક ડજન બાટલી ભરી નહી એટલામાં કાકમાંથી દારૂ પડતો બંધ પડીઓ તેથી કાકમાં કાંઈબી કચરો આવી અટકીઓ હોએ તે કાહાડી નાખવા તેણે પોતાની આંગલી તેમાં ખોસી અને કાંઈ નરમ જેવી ચીજ ખેંચી કાહાડી. બાહેર કાહાડી જોતાં બાલ સુધાંની ચાંમડી માલમ પડી અને તેને એવું લાગું કે એ બાલ તથા ચાંમરી માણસના માંથાંની હશે તેથી તે તુરત ચોંકીઓ અને તે હાથમાંથી નાખી દેતો પોકાર મારી ઊપર દોડી આવીઓ. તેને આવા ઘભરાટમાં પડેલો જોઈ તેના શેઠ તથા બીજાઓ પરપુછ કરવા લાગા અને તેઓને ઊપલી હકીકત જાહેર કીધા ઊપરથી તેનો એક શેઠ તથા બીજાં કેટલાંક માણસો નીચે ઊતરીઆં અને પીપને ઊલું કરી તેનું મથાલું કાહાડી નાખી તેમાંનો સઘલો દારૂ બીજાં વાસણમાં ખાલી કીધો અને નીચે જોએશું કે તેઓની નજરે માણસના હાડકાનું એક પાંજરૂં ભઅંકાર હાલતમાં નજર પડીઉં.

આ વેપારીઓએ તુરત શેહેરમાં ખબર કરી મદીરા ખાતે પોતાના આડતીઆ ઊપર સઘલો હેવાલ લખી મોકલીઓ અને તે ઊપરથી મદીરા ખાતેની સરકારે તે ખુનની તલાસ કરવા માંડી અને એક કોપરને પકડી કાહાડીઓ. એ કોપર મદીરા ખાતેના વાઈનના કારખાંનામાં કાંમ કરવા જતો હતો અને તેના હાથ હે

ઠલ એક છોકરો કુપરનું કાંમ શીખતો હતો. એ છો કરો પોતાના કાંમમાં ચાલાક અને હુશીઆર નીવડી ઓ તેથી પેલા કુપરને ધાસતી પેઠી કે કોઈ દાહાડે તે છોકરો તેની જગા લેઈ લેશે અને કોપરનું દુકાંન કાહાડશે તેથી એક દીવસે એકાંત જોઈ તેની સાથે ન કાંમો કજીઓ ઊઠાડીઓ અને તેને વાંસલા વટે એક ફટકો મારી ખેજાંન કરી નાખીઓ, અને આ પોતાનું કરપીણ કાંમ છુપાવવાને માટે તે છોકરાને લંડન મો કલવા માટે જે દારૂના પીપો ભરાતાં હતાં તેમાના એ કમાં નાંખી તે બરાબર જડી લીધું અને તે પીપ લંન ડનમાં આવેઆ પછે આ પરમાણે પેલા કરપીણ કુપર નું પાપ જાહેર થયું અને તે પોતાની ફેજને પોંહોંનો.

## લગણ.

સુધરેલા તેમજ જંગલી લોકોમાં લગણનાં ગાં ઠને પવીતર ગણવામાં આવેછે. અસલી ગરીસ દેશ માં લગણો વધારવાને ખાશ ધારા બાંધવામાં આવયા હતા અને લગણ નહી કરનારાઓને શીક્ષા થતી હ તી. ગરીસની બે મોટી કોમો ઈસપારટનો અને એ થીનીઅનો જેઓ બીજી બીજી બાબદો ઊપર એકમે કથી હમેશ ઊલટા મતનાં હતા તેઓ લગણની બાબ દ ઊપર એકમત હતા. ઈસપારટમાં એવો ધારો હ તો કે એક ચોકસ ઊમર અગાઊ દરેક માણસે ખશુ શ લગણ કરવાં જોઇએ; અને એથીનીઅનોનો એ વો કાયદો હતો કે મોટા મોટા લશકરી અમલદારો, સ ભાશદો અને બીજાં રાજદ્દુવારી માણસોથી લગણ કી ધા વગર ઓધો રખાઈ શકાય નહી.

જાહારે માણસ પુર બલમાં આવે તાહારે તે પરણવાને લાયક થયો એવો ઇસપારટનોનો રેવાજ હ તો; અને પાંતરીસ વરસની અંદર નહી પરણવાને એથીનીઅનોનો રેવાજ હતો. ગરીસનાં રેહવાસીથી પોતાનાજ દેશી વગર બીજી પારકી ઓરત સા થે નેકા થઇ શકતા ન હતા અને બચાંના લગણ તેમ નાં મા બાપની મરજી વગર રદ બાતલ થતાં હતાં.

અસલી રૂમી લોકો લગનને એટલુંતો અગત નું સાધન ધારતા હતા કે પરણેલા પુરૂશોને તેઓ ઇ નામ આપતા હતા અને કુમારાઓને દંડ કરતા હતા. જુવાન પુરૂશો પાછલથી પોતાને મનપસદ ઓરત સા થે નેકા કરે તે માટે તેઓને રૂમી લોકો સપેત આપ તા હતા.

આગસટસ પાદશાહ જે જોડાંને પેટે ઘણાં ફર જંદ હોય તેઓને કીમતી ચીજો ભેટ કરતો હતો; અ ને રાજદરબારમાં છઇયાં છોકરાંવાલા મરદો ખુબ આબરૂ પાંમતા હતા. નાટકશાળાઓ અને એવીજ બીજી જાહેર જગાઓમાં પરણેલા પુરૂશો કુમારાઓ ની આગલ બેસતા હતા.

કેટલાએક જંગલી લોકોમાં મરદ કનયાનાં બા પને ચોકસ દામ આપી વેચાતી લીએછે અને આસ ટરેલીઆનાં જંગલીઓમાં જો એક કણયાને વરવાને બે જણા નીકલેતો તેઓ આમન સામન લડેછે અને જે જીતેછે તે કણયા સાથે નેકા કરેછે.


યુરપની ઊતરે લાપલાંડ દેશ આવેલુંછે જેમાં અતીઅંત થંડી પડેછે તાંહાં લગણની વલી અજાએબ રીત આમેજછે.

કોઈબી કણયાને તેણીનાં મા બાપની રાજી ખુ શી વગર જો કોઈ મરદ પરણેતો તેને ફાંસી દેવાની શીક્ષાછે. જાહારે એક જુવાનીઆનું દીલ એક તેનેજ લાયકની છોકરી ઊપર દોડેછે અને બેહુ અરસપરસ રાજીખુશી દેખાડેછે તારે બંધે/બારદુનાં દોસતો અને ખેશાવંદો એકઠાં થઈ છોકરા છોકરીને દોડવાની સરત રમાડેછે. જો ૩૦૦ વાર દુર દોડવાને સરત હોયતો છોકરીને મરદથી ૧૦૦ વાર આગલ ઊભી રાખેછે અને પછી સરત શીરૂ થાયછે. જો છોકરી જીતેતો મરદથી ફરી થી તેણીનું નામ લેવાતું નથી. પણ જો છોકરીની મ રજી હોયતો તે પોતાની ચાલ ધીમી કરી નાખેછે અને છોકરાને જીતવા દીએછે. છોકરો જીતે તોજ લગણ થઈ શકે એવો લાપલાંડરોનો રેવાજછે.

બીચારા લાપલાંડરો જાણતા નહી હશે કે હીં દુસતાંનની પશચમમાં એક મુંમઈ નામનો ટાપુછે તાંહાં ની રેહનારી એક કોમની બાનુંઓ તેઓનીજ મુઆફેક લગણસરાની રાતરે છોકરો જીતયો કે છોકરી જીતી એ સવાલ પુછતાં ફરેછે!!

## ડાકણને કોણ પરણે?

પુરાતન વખતમાં યુરપનાં જરમની દેશમાં એ વો ધારો હતો કે જો કોઈ ઓરતને મોહોતની શીક્ષા




વીલાયતનાં, ઉતરતી પદ્દીના ધંધાદારી.

નું સાધન ધ.
નામ આપતા હતા
જુવાન પુરૂષો પાછળથી પોતા

મલી હોય પણ તેને જો તેટલામાં કોઈ શખસ પરણે તો તેનો જાંન ઊગરે. વીએનાં શેહેરમાં એક ખુબસુરત છોકરીને ફાંસીનાં લાંકડાંપર ઊભી કરી હતી. સાંમે મલેલી ઠઠમાં એક ઘણોજ બદસીકલ અને કદરુપી હાંમનો માણસ ઊભેલો હતો તે આ છોકરીપર પરશન થયો. તેણે આવીને કહ્યું કે હું આ છોકરીને પરણવાને તઈયારછું જેથી તે નાજનીને તરત છુટી કીધી. પેલા બદશીકલ માણસે પેલી છોકરીને કહ્યું કે હું મોટી પુંજીવાલો માણસછું અને માહારી સાથે નેકા કરયાથી તાહારો જાન ઊગરશે, એટલુંજ નહી પણ તું આખરે શુખી થશે. પેલી છોકરી બોલી કે "હું ખચીત જે મેહેરબાંની તહમે કરોછો તેથી ઘણી ઊપકારી થઈછું. પણ તહમારા સરખા કદરૂપા માણસ સાથે કદબુદાઈ કરી સારો ભવ પજલયા કરૂં તે કરતાં ફાંસીને લાકડે તંગાઊં તે હું બેહેતર ધારૂંછું." પેલો કદરૂપો માણસ પાછો ફરયો અને પેલી છોકરીને ફાંસી દીધામાં આવી.

---

## વીલાયતનાં ઊતરતી પદવીનાં ધંધાદારી.

દુનીઆનાં સઘલાં ગાંમ અને દેશમાં જેમ ચઘતી પદવીનાં માણસોહે તેમજ ઊતરતી પદવીનાં પણ સઘલે ઠેકાંણે હોવાં જોઈએ. જો એમ નહી હોયતો આ દુનીઆઈ સંસાર કવચીન ચાલે નહી અને માણસો એકમેકની તુંબા રાખે નહી. આ બોહોલો સંસાર તે માહારાની સાહેબે એવીતો રીતે રચીઓછે કે તેથી આપણ માણવી જાત સેહેલાઇથી અને વગર હીલા હરખતે આપણું કારજ કરીઆ જઈએછે. જો એક શેહેરમાં બધાજ સરખી પદવીનાં અને પુંજીવાલા માંણસો વસતાં હોયતો પછે તેવોની કવી દશા થાય? મજુરી, ખેતીવાડી, વગેરે બીજા હલકા ધંધા કોઈ કરવા જાય નહી; તેથી ઘાંચી, મોચી, દરજી, ખેડુત વગેરેનું કામકાજ દરએક ધણીનાં પોતાનાં માંથા ઊપર આવી પડે અને સંસાર બરાબર ચાલે નહી અને આપણ જંગલી હાલતમાં રહી જઈએ.

દુનીઆમાં વલી કેટલાંક માણસો બળવાલાં અને જોરાવર રેહેછે તેઓ પોતાને માંફક આવે એવો ધંધો પકડી શકેછે; કેટલાંએક શરીરે નબળાં હોયછે, પણ તેઓની બુધી ચંચલ હોયછે તેથી જે કાંમમાં અંગબળ નહી જોઇએ તેવા ધંધાને તેવો લાયક થાયછે. એ પરમાંણે જુદાં જુદાં લોકો જુદા જુદા ધંધા તરફ ખેંચાયછે અને એક મેકની અરસ પરસની ખુટો પુરી પાડેછે. કેટલાએક ધંધા મોટે વાંધેના અને તેમજ કેટલાએક હલકે વાંધેનાં કુહેવાયછે, અને ચહડના ઊતરતા ધંધા ઊપરથી ચહડતી ઊતરતી પદવી ગણાયછે. ફેરીઆ, મજુર, ગાડી હાંકનાર, ધોબી, હજામ વગેરે હલકા ધંધા તથા પદવીવાલા, તેમજ વેપારી, કાયદા જાંણનાર, મીલકતનાં માલેકો, ડાકટર, ધરમગુરૂ વગેરે મોટી પદવી તથા ધંધાનાં માંણસો કેહેવાયછે.

જેમ આપણાં દેશમાં જાતી ભેદ ઈઆને નાત જાતનો ફરક રાખવામાં આવેછે અને એક કોમ બીજી કોમને હાથનું ખાયતો તે અભડાય એવું માણેછે તેવો જાતીભેદ યુરોપખંડનાં સુધરેલાં દેશોમાં જોવામાં આવતો નથી, પણ તેઓમાં પદવીભેદ ઈઆને ચહડતા ઊતરના દરજજાના ધંધાદારીઓનો ભેદ રાખવામાં આવેછે. પણ વલી તે ભેદ રાખવા છતાં જો કોઈ હલકા ધંધાવાલો પોતાનાં જાતી બળથી પરજાને ફાયદો મલે એવી પોતાના ઈઆ બીજા કોઈબી ધંધામાં નવી સોધ કરેછે અથવા સારૂં નાંમ મેલવેછે તો મોહટી પદવીનાં માંણસો તેની સાથનો પદવીભેદ વધારેવાર રાખતા નથી અને તેને લાયક ખેતાબ ઘણીવાર મલેછે. યુરોપખંડનાં સુધરેલાં દેશમાં તેમાં અગત કરી ઈંગલંડમાં, વલી ધંધાદારીઓમાં એવું જોવામાં આવેછે કે તેવો બાપદાદાનાં ધંધા ઊપરજ ધેઆંન આપી બેસી રેહતા નથી. કોલસા વેચનારનો છોકરો ધોબી થાયછે, ધોબીનો છોકરો ગાયણ સીખાડનાર થાયછે અને ઘણીવાર હલકા ધંધાનાં માંણસો મોહટી પદવીએ પોંહોચી આંછે. એક દુધ વેચનારીનો ચાંનટરે નાંમનો એક છોકરો પોતાની જાતી મેહેનતથી ઈંગલંડનો સરવેથી એક નાંમીચો ખોદ અથવા નકાસકાંમ કરનારો થઈ ગયોછે અને જેના હાથનાં કોતરેલાં બાવલાં આજે તે નાંમીચા કીસબીની શાહદત પુરતાં ઊભાંછે. એજ ઘણી જારે આ હુનરમાં પડીઓ તેવારે તેની પાસે કાંમ કરવાને એકથી બીજી મીનબતી નહી હતી કે રાતના રોશનીમાં તે બરાબર કાંમ કરી શકે, તેથી એક મીણબતીનો કટકો પોતાનાં માંથા ઊપરની તોપીમાં હીકમતથી ખોશી રાખતો જેથી જાંહાં ચાલે હાલે તાંહાં તેને રોશની મલે. આરકરાઈટ, જે હજાંમનો ધંધો

કરતો હતો તેણે સુતરવણવાનો શાંચો શોધી કાહાડી "સર" નો ખેતાબ મેલવીઓ હતો. નાંમીચો અને માહાવીદવાન "સર" આઈઝાક નીઊટન એક ભરવાડ નો છોકરો હતો. કારડીનલ ઊલસી જે એક કસાઈ નો છોકરો હતો તે મોટો વજીર થયો. એ પરમાંણે તવારીખ આપણને બેહદ સાહદત આપેછે કે હલકી પદવીનાં માણસો મોહટે દરજજે ચહડીઆછે અને મોટા રાજ અધીકારીઓ થઈ ગયાછે.

એથી ઊલટું આપણાં દેશનાં લોકો બાપદાદાનાં ધંધાને વલગી રેહેવા માંગેછે અને તેથી વધારે દુર તેઓની નજર પોહોંચતી નથી; પણ જેમ જેમ વખત જસે અને વીદીઆ હોનરનો વધારો થતો જશે તેમ તેમ એ આંઠી રસમ દુર થતી જશે એવી આશાં રાખવામાં આવેછે. વલી આપણા દેશમાં વીદીઆ હોનરનો ફેલાવો ચોતરફ થયો નથી તેથી હલકા ધંધાવાલા લોકોમાં વીવેક અથવા સુભ રીતભાંત દીઠામાં આવતી નથી. એ જો જોવું અને તપાસવું હોય તો એક વાંનીઆ અથવા મેમનની દુકાંને સામાંન ખરીદવા જાવો અને તારબાદ કોટમાં મી૦ રાજરસ, ટરીચર અથવા કેંમપની દુકાંને જાવો અને જોવો કે પેહેલાં તે તમુને કેવાં આદરમાંનથી બોલાવેછે, તમારી સાથે કેવી સભીયતાથી વાત કરેછે અને ભાવ તાલ કેહવામાં કેહવી સફાઈ અને માલ આપવા લેવામાં કેવી ઝટપ અને સારી રીત વાપરેછે, અને છેલે જતી વખતે તમારો ઊપકાર માંની કેવી રીતે રખશુદ કરેછે. એવી ઈગરેજોની દુકાંનમાં, દેખીતા તમો વધારે પઈસા આપી આવોછો તેનું કારણ એટલુજ કે તે દુકાંનદારોનાં વીવેક તમોને બહુ સારા લાગેછે, અને તેવો તમોને કંટાલો આપવાને અને કકલાવાને બદલે મોર રાજી ખુશી કરી મોકલેછે. વીલાયતમાં એવો વીવેક સરવે કોઈ ધંધાદારીઓમાં દીઠામાં આવેછે. હલકામાં હલકો ધંધો કરનારબી તમારી સાથે સારા વીવેકથીજ વાત કરશે અને તે પોતાની આસપાસ બનતા બીજા હજારો બનાવો ધેઆંન રાખી જુવેછે તેથી પોતાનાં ધંધા ઊપરાંત તમોને બીજી ઘણીએક ખબર આપી શકેછે. આપણા ધંધાદારી એટલોતો અઇઆની અને બેતુંબા રેહેછે કે પોતાના ધંધા ઊપરાંત બીજુ જાણવામાં "મારૂં શું વલીશે" એવું વારંમવાર તેમે મોહાડેથી આપણે સાંભલીએ છઈએ. વલી આપણા હલકી પદવીનો ધંધાદારી પોતાના અંગવસતર વીશે કેવો બેતુંબા, અને એકાદ લંગોટી ઊપર નચીત રેહેછે; અને વીવેક શું તેથી તે તદન અજાંણો અને બેનશીબછે એવું તેનાં વજનર ઊપરથી દેખાડી આપેછે. વેલાયતનો તેવોજ ધંધાદારી પોતાનાં અંગવસતર કેવાં રાખેછે અને વીવેક શુંછે તેની તે કેવી સમજ ધરાવેછે તે તેનાં દેખાવ ઊપરથીજ માલમ પડી આવેછે. પાસેનાં પાંનાં ઊપર વેલાએતના બે ધંધાદારીઓનાં ચીતરો આપીઆછે તે ઊપરથી વાંચનાર સેહેલાઈથી હમારાં ઊપલાં લખાંનનો ખેઆલ કરી શકશે.

---

## એક પાદશાહની સાલેસાઈ.

ઈંગલંડના પાદશાહ તરીજા જારજની સાલેસાઈ અને નમનતાઈના ઘણા દાખલા મોજુદછે. ઈંગલંડ સરખાં માહા બલવાન દેશનો પાદશાહ પોતાની પદવી ભુલી જઈ પોતાની ગરીબ પરજાની સાથે ભેલાઈ, જાય, અને પરધાનો પર ફોકટ આધાર રાખી એશઆરામમાં પડયા કરતાં જાતી મેહેનત લઈ પોતાની ગરીબ રઈયતનું દુખ હઈએ ધરે, એ તારીફ લાયક ગુણો ખરેખર તે નામાંકીત પાદશાહની ઇપાદદાસત સાથે જાવેદાન શુધી કાયમ રેહેશે; અને આ નીચે ટાકેલા એ પાદશાહની જીંદગીના બનેલા દાખલાઓ તકોનમરીઆં માણસો જેઓ ટુક પદવીના, મેલવી ઈપા કોઈ ઉંચી પાહેરીએ ચહડી પોતાના અગલા ગરીબ દોસનો તરફ ભવાંપર ભવાં ચહડાવેછે તેઓની છાલકી બુધીને ઠેકાંણે લાવશે.

### બડાઈનું બાંકું.

પાદશાહ ગાદીએ આવયા પછી થોડે દીવશે દેવલમાં ગયો, જાંહાંના પાદરી ડાકટર થામસે ભકની કરયા પછી પાદશાહ જારજની તારીફમાં એક ભાશાણ કીધું. જતી વખતે પાદશાહે ડાકટર થામસને કહયું કે "આ દેવલમાં નહી માહારી, પણ ઈશવરની ભકતી શાંભલવા હું, આવયો હતો."

### પાદશાહને જોયો.

વેમાઉથ નામના શેહેરમાં એક વખત પાદશાહ ફરવા કાજ ગયો. તાંહાંના પાસેના ગામડાંમાં એકલો ફરતાં તેની નજરે એક ઓરત પડી જે ઘાસની પુલીઆ બાંધતી હતી. પાદશાહે પુછયું "હે બાઈ તું એકલી કાંમ કરેછે તે બીજા મજુરો કયાંહાં ગયા?" પેલી ઓરતે કહયું કે "પાદશાહને જોવાને આજ તેઓ શેહેરમાં ગયાછે." પાદશાહે પુછયું "અને ભલી ઓરત તું કાં નહી ગઈ!" પેલી ઓરત બોલી કે "પાદશાહને જોવાને હું એક કદીયું બી આપું નહી. જે મુરખો ગયાછે તેઓ સારા દાહાડાનો રોજ ખોશે. માહારાં બચાંઓનું પોશાણફરૂં તે રાજાને જોયા કરતાં સરસછે." પાદશાહે પેલી ઓરતના હાથમાં થોડાક પઈસા મેલયા અને કહયું કે "ભલી ઓરત આ લે,

અને જારે તાહારા દોસતો પાછા ફરે તાહારે તેમને કેહેજે કે તમેતો પાદશાહને જોવા ગયા હતા, પણ મહનેતો પાદશાહ જોવા આવયા હતા." પેલી ઓરતને અચરતીમા નાખી પાદશાહ ચાલતો થયો.

ચેલટનહામ તરફ જતાં પાદશાહ જારે ટીઉક્સબરીમાંથી ઘોડાપર સવાર થઈ જતો હતો તારે તેણે લોકોને પુલની દેવાલ ઉપર ઉભેલા જોયા. રખેને બીચારા ગરીબડા લોકો દેવાલપરથી પડી જાય તેથી પાદશાહે મોટે અવાજે કહ્યું કે "ભલા માણસો હાડકાં ભાંજશો, નહીતર દેવાલપરથી ઉતરો; તમારા પાદશાહને જોવાને માટે શાંનો એટલો બધો જોખમ શીરે બેંચોછો ! તહમો જેમ કહો તેમ આસતે માહારો ઘોડો ચલાંઉ અને તમારા પાદશાહને નીરાંતે જુવો."

એક સહવારે ચેલટનહામમાં પાદશાહ એકલો ફરતો હતો તેવામાં એક ખેડુત જોરથી દોડતો જતો હતો. પાદશાહે તેને ઉભો રાખી કહયું "દોસત તું ઘણો હાફેછે. શું છે ક્યાંહાં જાયચ ?" ખેડુત બોલયો કે "હા સાહેબ, હું ઘણોજ દુરથી ચાલયો આંઉંચ અને પાદશાહને જોવાને ઈનતેજારછું તેથી દોડુંચ." પાદશાહે એક ગીની ખેડુતના હાથમાં મુકી અને કહયું કે "દોસત લે આએ તારી મુસાફરીનો બદલો; તું હવે પાછો ફરીને થંડો પડ કારણ તું ઘણો તપી ગયોછે." ખેડુત અચરત થઈને બોલયો કે "પણ સેઠ માહારા પાદશાહનેતો જોયો નથી ને તહમે કેહેજે પાછો ફર." પાદશાહ હશીને બોલયો કે "ભલા માણુસ પાદશાહ તુંહને પોતેજ આવી મલેછે અને તું તેહેને જીવેછે."

## બે નીશાલીયા.

એક દીવસે એક મેદાનમાં પાદશાહ પોતાના હંમેશના રેવાજ મુજબ સાદો પોશાકે પેહેડી ફરતો હતો તેવામાં તેની નજરે બે નીશાલીઆ પડયા. પાદશાહે પુછયું કે "કેમ બા નીશાલમાંથી ખલયાચ કે ?" છોકરાઓએ કહયું કે "નારે સેઠ આજે પાદશાહ સેકાર કરનારછે તે જોવાને હમે હીંયાં બેઠા છેઈએ." પાદશાહે કહયું કે "બેટાઓ પાદશાહ આજે શેકાર કરનાર નથી પણ જારે તે કરશે તારે હું તમુંને જણાવવાને ભુલીશ નહી; પણ તહમે એખલા આવતાના કારણ હીંયાં આસપાસ ઘાસતીછે." થોડા દાહાડા પછી પાદશાહે એ નીશાલીઆઓના ઘરમાં પોતાના એક ખીદમતગારને મોકલયો. છોકરાઓના મા બાપ ખાવા બેઠાં હતાં તેઓ પાદશાહના એક ખીદમતગારને ઘરમાં જોઈ અચરતીથી ઉઠયાં. ખીદમતગારે પેગામ કહયો કે પાદશાહે સલાંમ કેહેવડાવીછે અને પાસેના મેદાનમાં તેના બે જવાન મીતરોને જાંહાંશુધી જોય નહી તાંહાંશુધી શેકારને માટે બોટીછે.

## એક ખેડુતની ભેટ.

એક દીવસે ખેતરમાં એકલો ફરતાં પાદશાહને એક નાના દરવાજામાંથી પસાર થતાં આડો બેહેઠો એક ખેડુત છોકરો મલયો. ખેડુત ઉઠયો નહી તેથી પાદશાહે કહયું કે "તું કોણછે ?" ખેડુત બોલયો કે "હું ડુકર ચરાવનાર છું." પાદશાહ બોલયો કે "તું કાંથી આવયો અને કોણની ચાકરી કરેચ છોકરા ?" છોકરો બોલયો કે "હું પાસેમાં ગોંમડામાંથી આવયો છું પણ મહને ચાકરી નથી તે બેરોજગાર છું." પાદશાહ, બોલયો કે "શું હીંયાં તુંને નોકરી નહી મલશે ?" છોકરાએ જવાબ દીધો કે "કોણ જાણે પણ હીંયાં તો બધું જીઓરજીનાં હાથમાછે." પાદશાહ બોલયો કે "વલી જીઓરજી કોણછે પોરયા ?" ખેડુત બોલયો કે "જીઓરજી તે વલી આ ગામનો પાદશાહ; હીઆં પાસેજ તે કીલલામાં રેહેચ પણ જનમમાં મહને તેની અરધી મલી નથી." પાદશાહે તરત ચાલી જઈ પોતાના માણુસોને હુકમ કીધો કે તે છોકરાને ચાકરી રાખે અને પછી તેને કહયું કે "છોકરા સારી ચાકરી જો કરીગ તો જીઓરજીની અરધી તુંહને જરૂર મલશે."

## પાદશાહ અને વડો શાહુજાદો.

એક દાહાડે પાદશાહ વડા શાહાજાદા સાથે બરી બામદાદ શેલઘાહ કરતો હતો તેવામા વીનડસર તરફ જતું એક ગાડું ચીકલમાં દબાયલું જોયું જેને કાહાડવાને એક ખેડુત મેહેનત કરતો હતો. પાદશાહ અને શાહાજાદો તરત ગાડાં તરફ દોડયા અને ખભાંનો ટેકો આપીને ગાડાંને ચીકલમાંથી કાહાડયું. ખેડુત બહુ ખુશી થયો તેથી પાદશાહ અને શાહાજાદાને પીઠામાં એક ગલાસ દારૂ પીવાને અરજ કીધી; અને કહયું કે પીઠું જરા દુરછે અને રસતો ખરાબછે તેથી તેઓએ પણ ગાડાંપર ચહડી બેસવું. પાદશાહે આ અરજ ઉપકાર સાથે નામનજુર રાખી અને જતી વખતે પોતે એક ગીની અને શાહાજાદાએ બે ગીની ખેડુતનાં હાથમાં મેલી.

ખેડુત અચરતીમાં ગરક થયો અને વીનડસર પુગતાંજ પોતાની હકીકત સઘલાને જણાવી. સઘલાઓએ કહયું કે એ બે જણા પાદશાહ અને તેનો શાહજાદોજ હશે, પણ ખેડુત એ વાત કબુલ કરે નહી કારણ તે કેહેનો કે શું પાદશાહ એક ગીની અને શાહજાદો બે ગીની આપે ?

શઘલી વાત પાદશાહને કાંને આવી. ફરીથી એક બામદાદે પાદશાહની તેજ ખેડુત સાથે મુલાકાત થઈ. પાદશાહે તેને ઉભો રાખયો અને હસીને કહયું કે "દોસત માહારા સાંભલવામાં આવયુંચ કે મેં તુંહને એક ગીની અને માહારા બેટાએ તુંહને બે ગીની આપી તેથી માહારા કરતાં તે વધારે સખીછે એમ તું જાણેચ. ખરેખર તે માહારા કરતાં તારી તરફ વધારે ઉદાર હતો તે હું કબુલ કરુંછું; પણ જાણ ભલા ખેડુત કે ઉદારતાની સાથે મહને ઈનસાફબી ભેગો કરવો જોઈએ. માહારો બેટો પોતાનાં જીવનીજ ફકર હાલ તુરત રાખેછે, પણ માહારે તો લખો લોકોની ફકરછે. જે ચીજ તાહારાં છોકરાં તાહારી પાસે માંગે અને જે ચીજ તુંહને આપવી જોઈએ તેની જેમ તુંહને ફકરછે, તેમ માહારી લખો પરજા માહારી પાસથી જોઈતી ચીજ માંગે અને જે મહને આપવી જોઈએ તેને માટે મહને પણ ફકરછે."

## એક એકીનદાર સીપાઈ.

૧૭૮૭ નાં શાલમાં પાદશાહ ડીયુક આવ ઈઆરક સાથે વીનડસરનાં મેહેલની અગાસીપર ફરતો હતો તેવામાં પોતાનો હાથ વખત જોવાની એક સુરજની તખતી હતી તે ઉપર ટેકાવયો. ડીયુકે પણ પોતાનો હાથ ટેકાવયો અને બેહુ

જણા વાત કરવા પડયા. એવામાં એક સીપાઈ પાદશાહ આગલ આવયો અને તેહેને કહયું કે તહમારો હાથ આ તખતી ઉપરથી કાહાડો, કારણ એનેજ તપાસવા મહને હીંયાં નેમયોછે અને મહને માહારા વડાનો હુકમછે કે કોઈનેબી એ તખતીને હાથ લગાડવા દેવો નહી. તરતજ પાદશાહ ખસી ગયો અને તે સીપાઈનાં કરનલને લખી મોકલયું કે તાહારી ચાકરીમાં પોતાની ફરજ બજાવનાર એક એકીનદાર સીપાઈ છે માટે તેને તરત કાંઈ બીજી વધારે ચહડતી જગા આપવી.


### પાદશાહની સખાવત.

૧૭૮૯ માં જારે પાદશાહની તરબીએતમાં બગાડો થયો હતો તારે પારલીઆમેંટે એક કમીટીને પાદશાહનો ખાનગી હસાબ તપાસવા નેમી હતી; જેઓને માલમ પડયું કે વરસ દાહાડે પાદશાહની છ લાખ રૂપયાની આવકમાથી એક લાખ ચાલીસ હજારથી ઓછી રકમ તે સખાવતમાં આપતો ન હતો.

આવી રીતનો હાતમ દીલનો ઈંગલંડનો પાદશાહ તરીજો જારજ થઈ ગયોછે. જારજના વખતમાં જોકે ઈંગલંડ બીજાં રાજયો સાથે લડાઈમાંથી ફારેગ થયું નહી.તોય પણ તેની પાદશાહાતમાં ઈંગલંડ દેશ ખરી જાહોજલાલી અને મોટાઈએ પોંચયું. જારે પાદશાહી મેહેલમાંથી ઉદમી મજુરની માફક બીછાણું છોડી બરીબામદાદે દરબારીઓની સહરાગાત સાભલયાને બદલે ગરીબ ખેડુતો અને પોતાની રાંક પરજાની અસીલ અને નીરદોશ બોલી શાંભलवाने પાદશાહ ખંતી હતો તારે એવા હાતમ દીલના પાદશાહની પનાહ તલે લોકો ખીલી નીકલે એમાં શું શક ? જારજનાં સરખાજ ભલા ગુણ હાલની આપણી માયાકુલ માહારાણી વીકટોરીયામાં નજર આવેછે, જેનાં તારીફ લાયક દાખલા વીરંવાર હમોએ વાંચનારી બાનુંઓ સામું ધરયાછે. જો કોઈ મેહેરબાઈનાં ધણીને ઈશવરની કરૂપાથી ગાડી ઘોડો થયો ઈયા કોઈબી રીતે દુનીઆમાં વગ વધયો તો મેહેરબાઈનો મટકો તરત વધેછે, પણ જાહારે મોટે ઘરનાં મેહેરબાઈ સાંભલશે કે સારાં હીંદુસતાંનની પાદશાહજાદી અને ઈંગલંડ સરખાં પરૂથવીનાં માહા બલવાન દેશની રાંણી ખેડુત સરખા ગરીબ સાથે હાથસે હાથ ખુશીથી મેलवेछे તાહારે તેવણની તકોબરીનો તેવણનેજ કેવો ખેઆલ પેદા થશે ? જારજની સાલેસાઈનાં મોતેબર દાખલા તકોબરીઆઓને એક મોટો ધડો આપેછે. કેટલા સેઠો પોતાનાં ગરીબરા સેવકોનું દરદ દીલે ધરેછે ? પોતાનાં સેવક સાથે વાત કરવી ઈયા તેની મુશકેલીઅતમાં ભાગ લેવો એ તેમને અપમાન સરીખુંછે. ઘોરમાં ડટાયા પછી પાદશાહ અને ફકીર એક જ તકીએ સુવેછે. ઈશવરની નજરમાં શઘલા માનવી એક જ સરખાછે અને જે મોટા દીલનાં અને ઉદાર મનનાં હોયછે તેઓ સંધાને ભાઈબંધની મુઆફક ગણી તેઓનું દુખ પોતાને હઈયે ધરેછે. તકોબરી એ સાંકડાં મતની નીશાન છે; અને તકોબરીઆ માણસોનો હંકાર તેમનેજ ઠાર કરેછે. દેવજોગે જો બીજા માણસોપર સાહેબી તમને મલી હોયતો તેમને બચાવવા, તેઓનું રક્ષન કરવા, અને તેઓનું દુખ નીવારણ કરવા તમારે સીરે ઈશવરની ફરજ ઉતરીછે. તેના ધણીની સાથે તકોબરી પણ સાથેજ સુવેછે; પણ પારકાઓનું ભલું કરી મેલવેલો જસ, ઘોરની અંદરથી પણ પોતાનો સુગંધી પમરાટ પરૂથવીમાં ફેલાવેછે, અને જમાના પછી જમાને આવતા લોકોને કેહેછે કે માહારો ભલો સેક આ જગામાં ડટાયોછે.

---

## તનની કેળવણી—કસરતશાળા.



તનની કેળવણી વીશે જુદી જુદી રીતે ઘણીવાર લખાયુંછે અને એ બાબદ ઊપર જેટલું વધારે લખાય એટલું થોડુંછે કેમકે તંન જો કેળવાયલું હશે અને તેથી તંન તનદરોસત રેહશે તે ઊપર મંનનો બધો આધાર રેહેછે, અને જારે તંન અને મંન સારી હાલતમાં હશે તારેજ દુનીઆને બી મોટો ફાયદો પરાપત થશે.

વાંચનાર બાનુઓ તમો જારે બાહર ખોલી હવામાં ફરવા હરવા જાઓછ તારે ઇંગરેજોનાં નાનાં પણ આસુદાં બાલકોને જોઈ હેરત પાંમોછો અને તમારાં બચાં અને તેવો વચેનો તુરત ફરક સમજી જાવોછો. તમો તે નાનાં બચાંની આએઆને પુછોછ કે આ બાલક શું વરસ દાહાડાનુંછે ? તેનાં જવાબમાં તમોને વારંવાર કેહવામાં આવેછે કે નહી ભાઈ એ બચું ફકત પાંચ અથવા છ મહીનાનુંછે અને તે સાંભ

લી તમો હેરતમંદ રેહોછો તેનું કારણ શું ? તમારાં બ્ચ્
ચાં પીલાએલાં, ફીકાં અને દુરબલ રેહેછે અને ઈંગરે
જોનાં બચાં આસુદાં, લોહીઆર અને શરીરે મજબુ
ત દીશેછે તેનું મુખીઅ કારણ એજ કે તેઓનાં માંબા
પ શરીરે તંનદરોશત અને મજબુત હોયછે. ઈંગ
રેજોમાં કસરત કરવું એ ઘણુંજ સાધારણછે અને આ
પણામાં તે મુલગે છેજ નહી.

મથાલે આપેલું ચીતર ઈંગરેજી એક કસરતશા
ળાનો આબેહુબ દેખાવ આપેછે. એવી કસરતશા
ળામાં ઈંગરેજોનાં ઘણાંખરાં બચાંઓ જાયછે અને
તેનો લાભ લેએછે તથી તેવો શરીરે મજબુત, આસુ
દાં અને સુખવાસી નીવડેછે અને તેવોનાં બચાં પા
છાં તેવાંજ તંનદરોસત હોયછે. તેવો શરીરે મજબુ
ત હોવાથી તેવોનાં મંન પણ સારાં અને ચપલ રેહે
છે અને છેક ૮૦ થી ૯૦ વરસની ઊમર સુધી તેવો
સારી ચાલાકી અને હુશીઆરીથી રાજપાટનો કારો
બાર ચલાવવાને વટીક શકતીવાંન રેહેછે, તેનાં હ
એઆત દાખલા આપણી નજરે હાલ જોઇએ છઇએ.

મથાલે આપેલાં ચીતરનો દેખાવ આપણી મું
બઈની કસરતશાળાના દેખાવને મલતોજછે અને એ
જગાએ પણ સઘલી તેવીજ રીતની કસરતો કરાવવા
માં આવેછે. કેટલાએક ઊદાર દીલનાં અને આ
બરૂદાર વરગનાં સમજુ પારસીઓએ સને ૧૮૫૮
માં આપણી કસરતશાળા ઊભી કીધી હતી અ
ને તે આજ લગી તેવોની તથા બીજા શેઠીઆ
ઓની શુભ કોશેશથી ચાલુછે. મુંબઈમાં દસ વરસ
નાં અરસામાં અને તેબી વલી પારસી સરખી ચંચ
લ કોમનાં આસરા તલે એકજ કસરતશાળા ઊભી
થઈ રહીછે એ ખરેજ દલગીરીની વાતછે. એટલા
અરસામાં એ શુભ કાંમનો એટલોતો ફેલાવો થવો જો
ઈતો હતો કે આજે બીજી પંદર નહીતો દસ કસરત
શાળા જુદા જુદા લતા તરફ એજ ખાતાંમાંથી ઊભી
થવી જોઈતી હતી. એમ નથી બનીઊં તેનું મુખી
અ કારણં એકે એ ખાતાંને નાંણાંની પુરતી મદદ મ
લતી નથી. જે મુથીભર શેઠીઆઓ મદદ કરતા આ
વેઆછે તેવોજ મદદ કરીઆ જાયછે, પણ બીજા શેઠી
આઓ તથા પરજા તરફથી જોઈતો આસરો મલતો
નથી એ અફસોસ કરવા જોગ વાતછે.

હાલની કસરતશાળાં જે સરકારી જગા ઊપર
હતી તાંહાંથી ખાલી કરાવીછે અને એજ મેદાંનનાં બી
જા ભાગ ઊપર સરકારે જગા આપીછે. એક જગા
ઊપરથી ખાલી કરી જઈ બીજી જગા ઊપર છાપરૂં
બાંધવા જોગ વટીક નાંણાંની જોગવાઈ એ કસરતશા
ળામાં હાલ હતી નહી તેથી ભાગી પડવાની ધાસતી
માં હતી; પણ તેને ઊભી કરનારા સખીદીલ ગરહસ
થો જેવો હજુર તેનાં કારોબારમાં ઊલટથી ભાગ લે
એછે તેવોએ પાછું એક ફંડ ઊભું કરી તેને તકાવી
છે. અને એ ફંડ વધારવાની તેવોએ ચોતરફથી કો
શેશ જારી રાખીછે અને પરજા પાસેથી આસરો માં
ગેછે. એટલામાં કેટલાએક નાટક કરનારા કસાએલા
પારસી જુવાંનોએ નીકલી આવી નાટકશાળામાં એ ક
સરતશાળાના ફાયદાને માટે એકાદ બે નાટક કરી રૂપી
આ દોહોડ હજારની રકમ એ ખાતાંને કરી આપી
છે. એ ગરહસથોએ આપણી સ્રીઓને માટે પણ એ
ક નાટક દીધો હતો અને તાંહાં આવાં એક ધરમખા
તાંને મદદ કરવાને માટે સ્રીઓની ભારે ઠઠ એકઠી મ
લી હતી.

હજુર એ ખાતાંને નાંણાંની જરૂરછે અને જો
તે જરૂર પુરી પાડવામાં આવેતો આપણાં લોકોનાં બ
ચાંઓને માટે અગત જેટલી કસરતશાળાઓ જગા જ
ગાએ ઊભી કરવામાં આવે અને તેનો લાભ સરવે
કોઈને મલે. એટલા માટે હમો સરવે વાંચનારી બાં
નુઓને તથા મરદોને ભલાંમણ કરીએ છઈએ કે તેવો
એ સર અવસરે તેમજ હમણાં નાંણાંની મદદ કરી એ
અગતનાં ખાતાંને નીભાવવું અને તેનો પુરેપુરો ફાય
દો પોતાનાં બચાંઓને આપતો કરવો. હમો આ
શા રાખીએ છઇએ કે એ ખાતાંને મદદ કરવાની હ
મારી ભલાંમણ વીઅરથ જશે નહી. જેબી બાઈઓ
ને એ ખાતાંને માટે કાંઇબી નાંણું ભરવું હોય તેવોએ
સુખેથી હમારી ઊપર બીડવું અને હમો તેની પોંહોં
ચ કબુલ કરી એ ખાતાનાં સેકરેટરી ઊપર મોટી ખુ
શીથી મોકલી આપીશું.

નાંણાંની મદદ ઊપરાંત હમો સરવે માતાઓને
એક મજબુત ભલાંમણ કરીએ છઇએ કે તેવોએ પો
તાનાં છોકરાઓને એ ખાતાંનો લાભ જરૂર કરી આ
પતો કરવો જેથી આજે જે પીલાએલા અને જરદ ચે
હેરા દીસેછે તેની જગાએ થોડાં વરસમાં ખીલેલી છા
તીનાં અને મજબુત બાંધાના લોહીઆર ચેહેરા દીસ

માં આવે અને આપણી કોમનો અસલી તેજ પાછો આવતો જાય.


કેટલીએક ગરીબ લોકો કેહેછે કે વલી હમારા "ગરીબનાં છોકરાંઓને એ ઊંબરીઆની રમત શી" તેવોને હમો કહીએ છઈએ કે તમારાં ગરીબ ઘરમાં તનદરોસતીની વધારે જરૂરછે. જો તમારા છોકરાઓ મજબુત અને તનદરોસત નહી હશેતો, ડાકટરોની દવા અને "ફીઇ" આપતાં તમો કંટાલશો અને તમારા કમાતા છોકરાઓ અટકી પડવાથી તમારો સંસાર ચલાવવો ભારી થઈ પડશે. એથી તમોનેતો વધારે જરૂરનુંછે કે તમારાં બચાં કસાએ અને આંગલ ચાલતાં જે રગરમાં તેવો પડવાનાં તે બોજ શેહેલાઈથી ખમી શકે.

કસરત કાંઇ એકજ જાતની અથવા એકજ રીતની નથી હોતી. જુદી જુદી રીતે સેંકડો જાતની કસરત થાયછે. સરવેને કસરતશાળામાં જવાની અગત નેથી. માતબર તથા શકતીવાલા લોકોને લાયકછે કે ઘોડા ઊપર બેસી ફરવાની કસરત કરે. એ કસરત બી કાંઈ ઓછી નથી. એથી કંમર જોર પકડેછે, પગ મજબુત થાયછે અને આખાં શરીરનાં સાંધાઓને પુરતી હીલચાલ મલેછે. આપણા માતબર લોકો હજારો રીતનો આડો ખરચ કરવાને તઈઆર થાયછે પણ પોતાનાં બચાંની તંનદરોસતી ખાતર અને તેવોને ઘોડા ઊપર બેસી ફરવાનો સારો હોનર સીખાડવાને તેવો શરમ ભરેલું ગણેછે. તવંગરનાં છોકરા વીદીઆ હોનર સીખવામાં પછાત રેહેછે એટલુંજ નહી પણ અંગબલ સુધારવા અને વધારવામાં પણ ઘણાંજ પછાતછે. માતબર માતાઓ, શું તમારા અઢાર અને વીસ વરસનાં છોકરાઓ છેક એકવરીઆ, કમરમાંથી વલી ગયેલા અને લાલ લોહીઆરને બદલે ફીકા પીલા રંગના થઈ ગયલા જોઇ તમોને અફસોસ નથી લાગતો? તમારા એ પીલાએલા છોકરાંઓના છોકરાંઓ જુવો; તેવો એકદંમ સુકાઇ રહેલાં અને નાતવાન હોયછે જેથી તમારો વરસાંન ખાનારો ડાકટર દરરોજ તમારાં ઘેરમાં આવતો દીસેછે. હવે સમજુ માતાઓ, એ તમારાં બચાંઓની ઊતરતી ઓલાદ કેવી નીવડે તેનો ખેઆલ તમોજ કરો. જુવો નીચે ઘોડેઅસવાર થયલા શેકાર કરનારા ઈંગરેજોનું એક ચીતર આપીઊછે તે, અને વીચારો કે તમારા છોકરાઓ એવી




કસરત જો દરરોજ ચાલુ રાખેતો શું ઈંગરેજોના જેવા સંગીન અને મજબુત નહી થાય? નેક માતબર માતાઓ છોકરાંઓની તનદરોસતી પછવાડે જોવાનું કાંમ તમારૂંછે અને તમારા ધણીનું મન પગલાવી તમારા છોકરાઓને બેસી ફરવાને ઘોડો અપાવવાનુંબી કાંમ તમારૂંજછે.

માતબરોને માટે માતર ઘોડાનીજ કસરતછે એમ નથી. તેઓ પઈસાને જોરે ચાહે તેવી કસરત અને ગમત કરી શકે એવુંછે. તેઓ દરીઆમાં ચોખી અને ખોલલી હવામાં બેસી ફરવાને માટે બોટ રાખે અને હલેસાં મારવાની કસરત કરી પોતાના દંડ અને છાતી ખીલવે અને આખાં શરીરને તેથી કસરત આપે. બોટમાં ફરવાથી કસરત સાથે ગમત મલેછે અને ખુલી અને ચોખી હવા જેથી સુખાકારી મલે તેનો લાભ લેઈ શકાયછે. વલી બોટમાં ફરનારાઓને તરવા સીખવાની જરૂરછે અને એ હોનર કાંઈ જેવો તેવો નથી. એ કસરત સરખી આંગને ફાયદાકારક અને રગરનારી બીજી એકે નથી અને એ સબલ હોનર જાણવાથી ઘણીવાર આપણ માણસોનો જાંણ બચાવાને ઊપયોગી થઈ પડીએ છઈએ. બોટમાં બેસી હલેસાં મારવાની કસરતનુ બાજુમાં એક ચીતર આપીઊછે જેથી હમારાં વાંચનારાંઓને તેનો ખરો ખેઆલ આવે.



એ ઊપરાંત બીજી અનેક જાતની કસરતોછે પણ તેમાં એક વધારે ઊપયોગી કસરતને માટે આ બાબદ બંધ કરવા આગમચ બે બોલ લખીએ છઈએ. એ કસરત સીપાઇનીછે અને તેમાં બંદુક ફોડવાનું સી

રી રવેસે જાણવું જોઈએછે. આપણા ગાંમડીઆમાં તેમાં તવંગરોમાંતો હજારે એકબી બંદુકખાં સીપાહી બચો નજર પડતો નથી. એ હોનરથી, આખાં રાજપાર સંભાલી શકાયછે; શેહરની પાસબાંની થાયછે, ધુચા હુલ્લરૂઓનો જુલમ ટલેછે, શડી ખાનારાં જાંનવરોના વનમાંથી બનચાવ થાયછે અને જાંહાંબી જઈએ તાંહાં એ ઊપયોગી હોનર કાંમ આવેછે. પારસીઓના ઈરાંન તરફનાં વડાવાઓ પોતાનાં બચાંને સરવેથી પેહેલી તાલીમમાં ઘોડેઅસવાર થવા, સાચું બોલવા અને તીરકમાંન પકડવાને સીખાડતા હતા. તે વડવાઓની ઓલાદના ઘણાએક આજે નાંતવાંન, ઘોડેઅસવાર થવાને બદલે તેનેથી તરીસ કદમ બીહીને દુર ઊભા રેહેનારા, અને હથીઆર હાથમાં પકડી તેનો ઊપયોગ કરી શકવાને બદલે ચોર બંદુકનો આવાજ સાંભલી ધ્રુજનાર થઇ પડીઆછે એ કેટલું અફસોસ કરવાજોગછે. શીપાહ તરીકે બંદુક ફોડવાની અને નેમ તાકવાની કસરતનું એક ચીતર બાજુમાં આપીએ છઈએ અને આશા રાખીએછ કે એ નેક ઓલાદના જુવાંનો એ દેખાવ જોઈ પાછા સુરમાં આવે, અને આપણી ભલી અને આપણને છાંયડો આપનાર સરકારની તરફેણમાં અગતની વખતે હથીઆર પકડવાને તઇઆર થાએ.



આ બાબદ બંધ કરતાં હમો ફરી એકવાર હમારાં સરવે ઘરાકો તથા બીજાં વાંચનારાઓને એલતેમાસ કરીએ છઈએ કે આપણી કસરતશાળા સરખાં ખાતાંને તેવોથી બનતી મદદ કરવી અને પોતાનાં બચાંઓને એ ખાતાંનો લાભ જરૂર અપાવવો.

# ખુશી અને દીલગીરી.

## એક આસલી બરાહમણે દીધેલી સીખામણ.

"તારી ખુશી તારા મનને મગન કરી નાખે એટલી હદથી જેયાદા થવા દેનોના, કે નહી તારી દીલગીરી એટલી ભારી રેહે કે જેથી તારૂં દીલ નીરાસ થાએ. આએ દુનીયામાં તુંને અંધારાના તોલમાં ઊંચો ચહડાવી દે એવું અપાર સુખ મલતું નથી, ઇયા તુંને નીચે દુબારે એવું સકત દુખ પણ થાતું નથી.

"જો! પેલું ઘર ખુશીનુંછે, તે બાહેરથી રંગેલુંછે અને ખુશ દેખાયેછે; તેમાહેથી હમેશાં ખુશી અને ખુરમીના આવાજો બાહેર નીકલેછે તેથી તે તુંને માલમ પડી આવશે.

"તે ઘરની શેઠાંણી દરવાજા આગલ ઊભી રેહેછે અને આવતા જાતાને મોટેથી બોલાવેછે, તે ગાયેછે અને બુમ મારેછે અને અટકીયા વગર હસીયા કરેછે.

"તે તેઓને જીંદગીની મોજ મજાહ ચાખવાને અંદર બોલાવેછે, અને એમ કહેછે કે પોતાના ઘર વગર બીજે કહે તે મલી શકતી નથી.

"પણ તું તેણીના દરવાજામાં પેસતો ના, કે નહી જે લોકો તે ઘરમાં વારેઘડીએ જાયેછે તેનો સોબતી થતો.

"તેઓ પોતાને ખુશીના બેટા કરીને ગણેછે, તેઓ હસેછે અને મગન દેખાયેછે, પણ તેઓના સઘલા કામમાં ઘેલાપણું અને મુરખાઈછે.

"તેઓ હાથોહાથ ખરાબી સાથે જોડાયેલાછે અને તેઓના પગલાં બદીમાં લેઇ જાયેછે; જોખમ તેઓને ઘેરી લેછે અને નાશનો ખાડો તેઓના પગ આગલ વધારેછે.

"હવે બીજી બાજુ તરફ જુવો; અને પેલી ઝાડોથી ઢંકાઈ ગયેલી ખોનમાં અને માણસોની નજરથી ઢંકાયેલું દીલગીરીનું ઘરછે.

"તેણીની છાતી દસકાંથી ભરાઈ આવીછે, તેનું મોહોડું વીલાપથી ભરાઈ ગયુંછે, તે માણસોના દુખની વાતો ઊપર વાતચીત કરવાને ખુશી બનલાવેછે.

"તે જીંદગીના સાધારણ બનાવો તરફ જુવેછે અને રૂવેછે; તેના હોટ ઊપર માણસની એબ અને બદકારીની વાતો રેહેછે.

માંતો હું નાબુદ થઈ જાઉંછ તે એટલે સુધી કે ક્રિયેથીબી ઉડી જમીન ઉપર પડવા વટીક કેટલીકવાર પામતી નથી. પણ મને ન્હાની, નજીવી અને હલકી ચીજ સમજી ઘણીવાર વગર સંભાલે લોકો રેહેવા દેએછે તેથી હું સેંકડો બલકે હજારો માંણસો અને રૂપીઆનું નખોદ વાલી મુકુંછ. હું નાનીછું પણ જારે હું પવનથી ફુગાઉછ તારે તમે મારી આગલ વટીક આવવાની હીમત કરી શકતા નથી અને તારે મારૂં નાંમ પણ બદલાયછે.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—તવારીખ.

૨ જું—મોહે.

૩ જું—આવશે ભાઈની બેહેન; તે જશે આસું ઝેરી,
　　આવશે ભાઈની બેહેન તે જશે શાડી પેહેરી.

---

## સ્ત્રીઓને કેલવણી આપવાની જાહાજી અગત નથી એવું "દીલખાહ" નું આપેલું મત.

એ 'બેરખ્વાહ' એ પેઆરી, એ નેક મંનમોહંન,
આંનંદ રહેજો તાહારો જાંન અને તંન.
દેજો દાદાર તું જેવી સઉને મેહેબુબ,
તમાંમ તાહારા સખુંનછે નેક અને ખુબ.
દીલકશ છે તાહારા આ તમાંમ સવાલ,
છે દલગીરી ભરેઓ તાહારો હેવાલ.
પણ નથી એનો ઉપાએ નથી કંઈ ચારો,
નથી એમાં કોઈ રીતે ગુનાહ માહારો.
હીનદુસથાનને લગતાં સરવ ગાંમમાં,
ગણેઆત—સરવ ને— સરવ કોંમમાં.
રાજા—ને રજપુત ને—રઈએત—તમાંમ;
શ્રીમંત ને સાહુકાર—ગરીબ ને ગોલાંમ.
માં ચાલુ છે આએ મોટી પુરાતંમ રીત,
ગણેય તેવો અસતરી કેલવણીને છીત.
જણુંન હોએ ગમે એટલી એની અસર,
ગમે એટલાં નીપજે સેવટ બદતર.
પણ પાંમય જે રીતી બોહોલો રેવાજ,
નથી થાતી કોઈથી તે સેહેલથી તારાજ.
ગણુંએછે રેવાજ મનુંશનો સરદાર,
રેહેય ચાલુ રેવાજનાં સઉ તાબેદાર.
ચાલેછે રેવાજથીજ "રાજની" રીતી,
રેવાજથીજ ચાલેછે દીનની નીતી.
સુરખીછે રેવાજ ગાંમ—ગણેઆતનો,
છે રેવાજમાં ગુનાહબી હર જાતનો.
રેહેછે જાંહાં ફેલાએલો રેવાજનો દોર,
નાંચાર છે તાંહાં દાદ ને અકલનો ચોર.
આ માહારૂં કેહેવું તું દીલમાં પકર,
અછી રીતથી સાંભલી તું ધીરજ ધર.
નો થા તું હરગેજ એમ ...
તે દઆલુ દાદાર, ઉપર રા...
રૂપ-માલ-મોએઆ-માતર જાં...
રાખ તાહારાં દીલની, કોથરી
નાંખ તે સાહેબનાંનો, એ...
તેહેને તું જલતો તાંહાં હ...
રોશંન તેથી તાહારાં ચરી...
તમાંમ તાહારી કરણી પવી...
તે કાંમેલ કીરતારને એક...
એકનેજ નમી—ને—એકને...
તે છે એક, રેહેસે એક, ને એ...
સરવપર તે રહેમોચ—ને રે...
તેથીજ જાંણુ કુલે બનાવ ...
તેથીજ જાંણુ સંગલી પેદાસ...
હઈઆંની આરસી સદા રા...
હર બુડી દેઆંનતથી દુર રાખ ...
મનુંશોની ભલાઈમાં કોશે... ...
થઈ ગએલાં પાપની તું તે... ...
એટલીજછે ફરજ ને એટલુંજ ...ીન
એમાંજછે સંગલા—ધરંમો ને દીન.
એજ સુતરી રીતી-એજ રાહા સરીઆંમ,
થી મલેછે સવરગનો સુખી મુકાંમ.
કેહેય એથી ઉલટાં ચલંન ને ગુનાહ,
મલે નહી કરપીણુ એવા ને પનાહ.
રેહે તેપર જારી બલાનું તોફાંન,
રેહે બેહુ જગમાં સદા સરગરદાંન.
"મનસુ

---

## ઈશ્વરને ઓળખવા વીશે.

(રાગ કાફી.)

કાળ તારી કેડેરે, આયુષને ઓછિ કરે;
મમતામાં મૂરખરે, ખુંચ્યો તોય ખબર ન રહે. ટેક.
બાળપણું જોબન ગયું જોતાં, ઘરડો થયો તું ગમાર;
આજ કાલ કરતાં આવ્યો તારો વાયદો, માથે છે જમ.
વાર નથિ ગાઝીરે, દિલમાં ન હજી ડરે; કાળ તારિ. ૧
લવ નિમિષ ઘડી મૂરત માપે, પોર દિવસ પરમાણ;
પક્ષ માસ કરિ વર્ષ કહાવે, સઈકે જાગ સુજાણ;
માથે તારે મોટું'રે, ફરતું એવું ચક્ર ફરે; કાળ તારિ. ૨
ચારે જુગની એક ચોકડી, ઇકોતેર અલપાય;
ઇંદ્ર પડે અધિકારથિ ત્યારે, તું કોણમાત્ર કહેવાય;
ચોરાશીનુ લગડું'રે, માથે શિદ માગિ ધરે; કાળ તારિ. ૩
કરકર સંત સમાગમ સાચો, અવસર આવ્યો અમુલ્ય;
દેવાનંદ કહે દેખ વિચારી, અંતઃકરણ અનુકૂળ;
ભજ્યા વિના ભૂધરરે, જીવ બહુ જન્મ ધરે; કાળ તારિ. ૪

[library stamp]